

# વિવેક ચૂડામણિ

સ્વામી તદ્રૂપાનંદ

આદિ શંકરાચાર્ય કૃત

# વિવેક ચૂડામણિ

વિલેપાર્લે - અંધેરીના
શ્રોતાઓના શ્રેયાર્થે
સંકલિત

સ્વામી તદ્રૂપાનન્દ

SHREE ADI SHANKARACHARYAKRIT VIVEKACHOODAMANI

શ્રી આદિ શંકરાચાર્યકૃત વિવેકચૂડામણિ

श्री आदि शंकराचार्यकृत विवेकचूडामणि

BY

SWAMI TADRUPANAND

© SWAMINI TANMAYANAND

પ્રકાશક :

મનન અભ્યાસ મંડળ
સરદારપુલ પાસે,
ઝાડેશ્વર - ૩૯૨ ૦૧૧
જિલ્લો - ભરૂચ
ગુજરાત
ફોન : ૪૭૩૧૮

પ્રથમ આવૃત્તિ : પ્રત ૫૦૦૦
જન્માષ્ટમી, ૧૮-૮-૧૯૯૫

સંપાદક :
સ્વામિની તન્મયાનંદ

**COVERPAGE DESIGNER :**
SEEMA SHROFF, TEJAL SHAH

**COMPUTER COMPOSING :**
PARUL PAREKH
DP COMPUTERS, AMBAWADI, A'BAD. PH. 6620973

**COVERPAGE & PHOTOGRAPH PRINTING :**
SUBHASH VERMA
AARBEE CARDS & POSTERS,
2208/13&14 KALI MASJID, SITARAM BAZAR,
DEHLI-110006.

**PRINTED BY :**
GYANGANGA PRINTING INDUSTRIES PVT. LTD.
149/1, A-2, G.I.D.C. INDUSTRIAL ESTATE, BEHIND MIPCO,
NARMADA NAGAR, BHARUCH - 392 015 PHONE : 46087

# સાદર સમર્પણ

પિતાશ્રી : બુલાખીદાસ શંકરદાસ પટેલ
માતાશ્રી : કમળાબેન બુલાખીદાસ પટેલ

**સૌજન્ય**

| | |
|---|---|
| પ્રતાપભાઈ બુલાખીદાસ પટેલ | મુકુંદ પ્રતાપભાઈ પટેલ |
| શોભાબેન પ્રતાપભાઈ પટેલ | રાગીની મુકુંદ પટેલ |
| મુકુલ પ્રતાપભાઈ પટેલ | ઋતુ મુકુંદ પટેલ |
| મેધા મુકુલ પટેલ | ઋષિ મુકુંદ પટેલ |

# પ્રકાશકીય

પ.પૂ. સ્વામી તદ્રૂપાનંદજીની તેજસ્વી ધારદાર કલમનો પરિચય હવે આપને આપવાનો હોય નહીં. એકાંતે ચિંતન–મનનથી પોતાના વિચારોને પરિપક્વ બનાવતા અને ઈશ્વરદત્ત ભાષાશક્તિથી ભગવાન શંકરાચાર્યજીના "વિવેક ચૂડામણિ" જેવા ગ્રંથને, અન્ય ગ્રંથોની માફક, ગુજરાતી ભાષામાં સુલભ કરી આપનાર પ.પૂ. સ્વામીજીનો આભાર માનીએ તેટલો ઓછો છે.

જ્યારે પોતાના જાહેર વ્યાખ્યાનો તેમણે બંધ કર્યાં છે ત્યારે આપણે સૌ એટલું જરૂર ઇચ્છીએ કે તેઓ જીવનભર લખ્યા કરે, કલમ સાથેનો તેમનો સંબંધ અકબંધ અને અતૂટ રાખે અને એ રીતે પણ તેઓ આપણા સૌના અધ્યાત્મજીવનને સતત સીંચતા રહે, પોષતા રહે, સંવર્ધતા રહે, સંકોરતા રહે અને આપણી ભ્રમણાંઓમાંથી આપણને મુક્ત કરતા રહે.

અત્રે 'વિવેક ચૂડામણિ'ગ્રંથના વિવેચન વિવરણમાં પ.પૂ.સ્વામીજીની નિર્ભિક સત્યનિષ્ઠાનો, પ્રાણવંત અને પ્રમાણભૂત કલમનો અને હૃદયની વાણીના ઉપાસક તરીકેનો પરિચય થાય છે. તે જે કંઈ સમજે છે તેને તર્કથી તપાસે છે, ચકાસે છે અને પછી કલમને હૃદયની અનુભૂતિના રસમાં ઝબોળીને લખે છે. એમની ફકીરી વૃત્તિ, અલગારી મસ્તી અને વિલક્ષણ ખુમારીની ઝલક, જેમ અન્યત્ર તેમ આ ગ્રંથમાં પણ જોવા મળે છે.

એમનું સમગ્ર લખાણ એ તો પોતાના શિષ્યો કે મુમુક્ષુ સાધકો સમક્ષ પોતાનું હૃદય ખોલવાની કે પોતાની અનુભૂતિઓ અને રહસ્યોનું ઉદ્‌ઘાટન કરવાની જ પ્રક્રિયા છે. કોઈને પણ પ્રભાવિત કરવા તે ક્યારેય લખતા નથી અને તેથી જ એમના શબ્દોની અર્થછાયાઓ અને નિરૂપણની નિરાળી છટાઓ નોંધપાત્ર છે. એમના શબ્દો એમના સ્વભાવનું પ્રતિબિંબ પાડે છે. તેની સાથે જ તે એમના બલિષ્ઠ સ્વકીય અવાજ સાંભળ્યાનો આપણને આનંદ અર્પે છે.

આ પવિત્ર ગ્રંથ વાચકો અને મુમુક્ષુઓ સુધી પહોંચાડવાનો શ્રેય તથા યશ શ્રી પ્રતાપભાઈ પટેલને ફાળે જાય છે. તેઓશ્રીએ ગ્રંથ પ્રગટ

કરવાની સંપૂર્ણ આર્થિક જવાબદારી સ્વીકારી, પ્રાયોજક થવાનું પસંદ કર્યું અને સૌજન્ય પ્રદાન કર્યું તે અમારા સૌ માટે અવિસ્મરણીય બની રહેશે.

આ ગ્રંથપ્રકાશનની પશ્ચાત્ ભૂમિકામાં પ્રેરક પરિબળ તરીકે વિલેપાર્લેના તથા અંધેરીના શ્રોતાઓ અને મુમુક્ષુઓનો સિંહફાળો ગણનાપાત્ર છે. ગહન તત્ત્વજ્ઞાનને આત્મસાત કરવાની તેમની તાલાવેલી અને તેના પ્રચાર પ્રસારની સુખદ લાગણી નોંધપાત્ર છે.

વેદાન્તવિજ્ઞાનના આવા વિશિષ્ટ પ્રકરણ ગ્રંથનું સંપાદન કરવાની અમારી મીઠી મૂંઝવણનું સુખદ સમાધાન આપી, અમને નિશ્ચિંત કરી, શ્રોતાઓની અગણિત ભ્રાંતિઓ, શંકાઓ, વિટંબણાઓને તથા અંતઃકરણના દોષોને લઈ પ્રચંડ વંટોળ જેમ ઊડનારા પૂજ્ય સ્વામીજીના વેગવાન પ્રવચનોને થંભાવી, ઠારી, મઠારી તથા અર્થસભર શબ્દતરંગોમાં ગોઠવી ગ્રંથસ્થ કરવાનું ભગીરથ કાર્ય શીરે ધરી, સફળતાપૂર્વક પાર પાડનારા આદરણીય પૂજ્ય સ્વામિની તન્મયાનન્દજીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ ગ્રંથના પ્રકાશનમાં પ્રાણસંચાર કરવાનું મહત્ત્વનું કાર્ય સંકલનનું છે. પ્રવચનોનું નિષ્ઠાપૂર્વક શ્રવણ તથા સંકલન કરી, સુદૃઢ આયોજન કરવા બદલ પૂજ્ય સ્વામી નિજાનન્દજી તથા અમારા વર્ગ સેવક શ્રી જયંતભાઈ જોષીનો સહયોગ પ્રશંસનીય છે. અમે તેમની ગુરુભક્તિ બિરદાવીએ છીએ. ગ્રંથના તમામ સંસ્કૃત શ્લોકોનો શબ્દાર્થ ખૂબજ ચીવટપૂર્વક કરી, ગ્રંથના ગૂઢાર્થોનું સાતત્ય જાળવવા માટે અમારા સૌના વડીલ જ્ઞાનવૃદ્ધ શ્રી કેશુભાઈ શાહનો અમે લાગણી સભર આભાર પ્રગટ કરીએ છીએ.

આ ગ્રંથને ક્ષતિમુક્ત રાખવા મુદ્રણ દોષો તપાસવા અને કલાકો સુધી શ્રુતલેખન કરી તેના સુશોભનમાં અગ્રીમ ફાળો આપવા બદલ અમે પૂજ્ય સ્વામિની શ્રદ્ધાનન્દજીનો, બ્રહ્મચારી દિલીપભાઈ, બ્રહ્મચારિણી ચારૂબહેન, બ્રહ્મચારિણી સ્વાતિબહેનનો સ્નેહાદર તથા શાસ્ત્રનિષ્ઠાને અમે સન્માનીએ છીએ. ગ્રંથના મુખપૃષ્ઠ આવરણની સુયોગ્ય ગોઠવણી અને કલાત્મક સુશોભન માટે કુ. સીમા શ્રોફ તથા તેજલ શાહને

અમે અભિનંદીએ છીએ. આ સાથે મુખપૃષ્ઠનું સુંદર મુદ્રણ નિષ્કામભાવે કરી આપવા બદલ આર. બી. કાર્ડસ્ એન્ડ પોસ્ટર્સના શ્રી સુભાષ વર્માનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ખંત, ઉત્સાહ અને સદાય હસતા મુખે અમારી સાથે રહી ચોક્સાઈપૂર્વક કોમ્પ્યુટર કમ્પોઝીંગ કરી અમારા કાર્યને વેગ આપવા બદલ ડીપી કોમ્પ્યુટર્સના માનનીય પારૂલબહેન પારેખ તથા શ્રી કિશોરભાઈ માલવિયાની નિષ્ઠાપૂર્વકની સેવા અભિનંદનીય છે.

આ ગ્રંથનું મુદ્રણકાર્ય ક્ષતિરહિત તથા સમયસર પાર પાડવા માટે જેમણે શ્રદ્ધાપૂર્વક તથા પવિત્ર આત્મીયભાવે સહકાર આપ્યો છે તેવા જ્ઞાનગંગા મુદ્રણાલયના શ્રી હર્ષદભાઈ મહાદેવીયાનો તથા અન્ય કર્મચારીભાઈઓનો અમે હાર્દિક આભાર પ્રગટ કરીએ છીએ.

આ ગ્રંથના અભ્યાસ પછી મુમુક્ષુ વાચક આત્મા–અનાત્મા, નિત્ય–અનિત્ય, સત–અસત વગેરેનો જો વિવેક કરી જાણશે તો અમને અમારો આ સ્નેહશ્રમ સાર્થક લાગશે. મુમુક્ષુ સાધકો અમને શ્રોતાઓ અને વાચકો તરીકે મળ્યા છે, તે અમારો મોટો સંતોષ છે. પ.પૂ. સ્વામીજીને ગુરુ તરીકે જેણે સ્વીકાર્યા અને સ્થાપ્યા છે, એમને તો એમની ગુરુ તરીકેની યોગ્યતા જન્મજાત લાગ્યા વિના રહેશે નહીં. મૂળ પ્રતના (પાઠના) એકે એક શબ્દના મૂળ સુધીના મર્મને પામીને મુમુક્ષુઓની સંપ્રજ્ઞતા અને સંવિત્‌ને સંકોરનાર અને ઢંઢોળનાર આવા ગુરુ કેટલા? 'અપરોક્ષાનુભૂતિ'એ એમને ગુજરાતના આધ્યાત્મિક જગતમાં સીધો પ્રવેશ કરાવ્યો અને આપ સૌ એમના પ્રતિ 'અઢળક ઢળિયા' હોય એ રીતે એમને આવકાર્યા, સત્કાર્યા છે અને તેઓ પણ એમની વાણી દ્વારા આપણા સૌ પર અનરાધાર વરસ્યા છે. ગુજરાત એ માટે તેમનું સદા ઋણી રહેશે.

ટ્રસ્ટીગણ

**મનન અભ્યાસ મંડળ**



શ્રી નારાયણ આશ્રમ, કુમાઉ, હિમાલય ૧૯૭૫ થી પૂ. સ્વામીજીની તપોભૂમિ.



'મનન' રેવાતટ, ઝાડેશ્વર. વર્તમાનમાં પૂ. સ્વામીજીનું ચિંતન ક્ષેત્ર.



## સંપાદકીય

જેમના શેષ જીવનનો અદેશ્ય શિલાલેખ છે, **"જ્ઞાનામૃત પી પીને પરબ થાવું, સ્થિત રહેવું કે વહેવું, પણ 'ના' કદી કોઈને કહેવું, સ્વયં પીએ તો પીવા દેવું, 'પિવડાવો' કહેતાં જ દૂધની સેર જેમ સરી પડવું, પરબ થઈ નીતરતા રહેવું, સરિતા જેમ વહેતાં શીખી લેવું"**, તેવા પ.પૂ.ગુરુદેવ સ્વામી તદ્રૂપાનંદજી સમક્ષ મુમુક્ષુ સાધકો તરફથી 'વિવેકચૂડામણિ' ગ્રંથના પ્રવચનો તથા ટીકારચનાનો પ્રસ્તાવ રજુ થયો અને કરુણાવત્સલ પૂ.સ્વામીજીએ તેઓ ઉપર પ્રેમાભિષેકની જે અનરાધાર વર્ષા વરસાવી, તેનો પાવન પ્રસાદ એટલે જ આ ગ્રંથ.

જગદ્‌ગુરુ શંકરાચાર્યજી દ્વારા રચાયેલ આ ગ્રંથ વેદાંતના જિજ્ઞાસુઓ તથા મોક્ષની પ્રબળ આકાંક્ષાવાળાઓ માટે અતિ મહત્ત્વનો છે. માનવદેહની દુર્લભતા દર્શાવી, મનુષ્યને મોક્ષાભિમુખ કરી, જીવનસાફલ્યની જડીબુટ્ટી દર્શાવતાં આ ગ્રંથના મહત્ત્વના સોપાનો પૂ. સ્વામીજી દ્વારા સુસ્પષ્ટ અને સરળ બન્યા છે. આ ગ્રંથ દિશાશૂન્યને સાચી આત્મદશા દર્શાવી, ધ્યેયહીનને પરમ લક્ષ્યનું દર્શન કરાવે છે. જન્મ-મૃત્યુના ચક્રમાંથી મુક્તિ પ્રાપ્ત કરવી એ જ જેનું જીવનધ્યેય છે, તેના માટે આત્મવિચાર એ જ પરમ કર્તવ્ય છે, તેવું દર્શાવી આ ગ્રંથ આત્મવિચારણાના માર્ગે જે નિશ્ચિત નક્કર ડગલાં ભરે છે, તેના પ્રત્યેક પગલાંને પ.પૂ. સ્વામીજીની ટીકાએ સહજ અને સ્વાભાવિક દૃઢતા બક્ષી, લક્ષ્યપ્રાપ્તિની યાત્રા સુગમ બનાવી છે. ઇન્દ્રિયવિષયના વિચારોમાં વેડફાતા અમૂલ્ય જીવનકાળને થંભાવી, મુમુક્ષુને સત્યને પંથે વિચારતો કરી, વિચારોનું નવનીત એવો આત્મા-અનાત્માનો વિવેક પ્રદાન કરતાં ગ્રંથના કેન્દ્રબિંદુ જેવા પાસાંને પ.પૂ.સ્વામીજીની ચોટદાર વાણીએ એવો તો પકડ્યો છે કે વાચક તેમાં જકડાઈ, જીવનરાહને સન્માર્ગે વાળવા સહજ જ કટિબધ્ધ થઈ જાય. પામરની અજ્ઞાનદશાથી આરંભી જીવન્મુક્તની પરાકાષ્ઠા પર્યંતનું સવિસ્તાર પદ્ધતિસરનું વર્ણન આ ગ્રંથમાં થયું છે. જગદ્‌ગુરુ દ્વારા આ ગ્રંથરૂપે અભિવ્યક્ત થયેલાં શબ્દોને પ.પૂ. સ્વામીજીએ સ્વયંની સ્વાનુભૂતિની મહોરથી અલંકૃત કરી તેમને બળવંતા અને ચેતનવંતા બનાવ્યા છે, જે તેમની પ્રતિભાનો પરિચય કરાવે છે અને વાચકને અસરકારક પુરવાર થાય છે.

સમગ્ર ગ્રંથનો પરામર્શ કરતાં પ.પૂ. સ્વામીજીની ચોક્સાઈનો આગ્રહ નોંધપાત્ર છે. શબ્દોની પસંદગી, ગોઠવણી, તત્ત્વાર્થ, દૃષ્ટાંત વગેરે સહજ રીતે આવે છે, છતાં કશું જ ચકાસ્યા વિના આગળ વધવું નહીં તેમ સતત લાગ્યા કરે છે. એમને સંતોષ ન થાય તો ઘણીવાર કશુંક છપાતું અટકાવવું પડે અથવા ફરીથી છાપવું પડે. એ તો ઠીક પણ કવરપેજની ડિઝાઈન અને રંગને અનેકવાર ચકાસવા પડે, પરંતુ ગુણવત્તાને ભોગે તેઓ કશું જ દરગુજર કરવા ટેવાયેલા નથી. આ એક બાબતમાં તે કોઈની પણ સાથે સમાધાન કરવામાં માનતા નથી.

વેદાંતના અતિ વિસ્તૃત અને મહત્ત્વના ગ્રંથનું સંપાદનકાર્ય સાંપડવું, તે જ તો પ.પૂ. ગુરુદેવના આશીર્વાદનો પર્યાય છે, ઉત્સાહપૂર્વક કાર્ય થાય એ તેમણે પ્રદાન કરેલી પ્રેરણાનું વાચક છે અને કાર્ય દરમ્યાન પ્રાપ્ત થતી સ્વાત્મનિષ્ઠા, એ એમના અપરંપાર અનુગ્રહનો આવિર્ભાવ છે. સંપાદનકાર્યની નિર્વિઘ્ને સમાપ્તિ, એ જ ઈશ્વરની કૃપાપ્રાપ્તિનો સંકેત છે.

આ સત્કાર્યમાં નિમિત્ત બનવાથી મારા દ્વારા ગ્રંથના વિષયને કે ટીકાકારની ટીકાને જો યોગ્ય ન્યાય ન મળ્યો હોય તો મારી સૂઝ કે સમજને સહૃદયતાથી સહન કરવા નિવેદન છે. આત્મકલ્યાણને પંથે મદદરૂપ બની આ ગ્રંથ સૌ મુમુક્ષુઓને જીવનની કૃતકૃત્યતા ઉપલબ્ધ કરાવે, તેવી નમ્ર પ્રાર્થના સાથે પ.પૂ. ગુરુદેવને પ્રણામ કરી, મારું અહોભાગ્ય અભિવ્યક્ત કરું છું.

અસ્તુ.

તન્મયાનંદ

## વિષયસૂચિ


| ક્રમાંક | વિષય | શ્લોક ક્રમાંક | પૃષ્ઠક્રમાંક |
|---|---|---|---|
| ૧ | પ્રકાશકીય | | |
| ૨ | સંપાદકીય | | |
| ૩ | પ્રાક્કથન | | ૧ |
| ૪ | મંગલાચરણ | ૧ | ૧૨ |
| ૫ | આત્મજ્ઞાનની દુર્લભતા | ૨ - ૭ | ૧૫ |
| ૬ | જ્ઞાનપ્રાપ્તિના ઉપાય | ૮ - ૧૩ | ૪૨ |
| ૭ | અધિકારીવર્ણન | ૧૪ - ૧૭ | ૬૦ |
| ૮ | સાધનચતુષ્ટયવર્ણન | ૧૮ - ૪૨ | ૬૮ |
| ૯ | શિષ્યને અભયદાન | ૪૩ - ૫૨ | ૧૩૬ |
| ૧૦ | સ્વપ્રયત્નની અનિવાર્યતા | ૫૩ - ૫૭ | ૧૬૨ |
| ૧૧ | આત્મજ્ઞાનની મહત્તા | ૫૮ - ૬૩ | ૧૬૯ |
| ૧૨ | સ્વાનુભવની આવશ્યકતા | ૬૪ - ૬૮ | ૧૮૩ |
| ૧૩ | પ્રશ્નવિચાર | ૬૯ - ૭૩ | ૧૯૦ |
| ૧૪ | સ્થૂળશરીર વિવેચન | ૭૪ - ૭૭ | ૧૯૫ |
| ૧૫ | વિષયનિંદા | ૭૮ - ૮૪ | ૧૯૮ |
| ૧૬ | ઇન્દ્રિયવર્ણન | ૯૪ | ૨૨૩ |
| ૧૭ | અંતઃકરણના પ્રકાર | ૯૫ - ૯૬ | ૨૨૪ |
| ૧૮ | પાંચ પ્રાણ | ૯૭ | ૨૨૫ |
| ૧૯ | સૂક્ષ્મશરીર વિવેચન | ૯૮ - ૧૦૪ | ૨૨૯ |
| ૨૦ | અહંકાર | ૧૦૫ - ૧૦૭ | ૨૩૭ |
| ૨૧ | આત્મા જ પ્રિયતમ | ૧૦૮ - ૧૦૯ | ૨૩૯ |
| ૨૨ | માયાનું સ્વરૂપ | ૧૧૦ - ૧૧૨ | ૨૪૫ |
| ૨૩ | રજોગુણની વિક્ષેપશક્તિ | ૧૧૩ - ૧૧૪ | ૨૫૧ |
| ૨૪ | તમોગુણની આવરણશક્તિ | ૧૧૫ - ૧૧૬ | ૨૫૩ |
| ૨૫ | અભાવના,વિપરીતભાવના જેવી અનાત્મભાવના | ૧૧૭ - ૧૧૮ | ૨૫૬ |
| ૨૬ | સત્ત્વગુણ | ૧૧૯ - ૧૨૧ | ૨૫૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૭ | કારણશરીર | ૧૨૨ – ૧૨૩ | ૨૬૧ |
| ૨૮ | માયા અને તેના કાર્યો અસત છે | ૧૨૪ – ૧૨૫ | ૨૬૪ |
| ૨૯ | આત્માનું સ્વરૂપ | ૧૨૬ – ૧૩૩ | ૨૬૫ |
| ૩૦ | આત્મસંશોધન | ૧૩૪ | ૨૭૪ |
| ૩૧ | આત્માનું નિષ્ક્રિય અને નિર્વિકારીપણું | ૧૩૫ – ૧૩૮ | ૨૭૫ |
| ૩૨ | બંધનવિવેચન | ૧૩૯ – ૧૪૦ | ૨૮૧ |
| ૩૩ | આત્માને તમોગુણનું બંધન | ૧૪૧ – ૧૪૬ | ૨૮૫ |
| ૩૪ | સંસારવૃક્ષનું વર્ણન | ૧૪૭ | ૨૯૦ |
| ૩૫ | બંધનનું સ્વરૂપ | ૧૪૮ | ૨૯૨ |
| ૩૬ | આત્મજ્ઞાનની સ્તુતિ | ૧૪૯ – ૧૫૪ | ૨૯૪ |
| ૩૭ | વિવેકી જ મુક્ત છે. | ૧૫૫ | ૩૦૧ |
| ૩૮ | પંચકોશ વિવરણ | ૧૫૬ – ૨૧૨ | ૩૦૨ |
| ૩૯ | અન્નમયકોશ | ૧૫૬ – ૧૬૪ | ૩૦૪ |
| ૪૦ | આશીર્વચન | ૧૬૫ | ૩૧૩ |
| ૪૧ | દેહાત્મબુદ્ધિત્યાગનું ફળ | ૧૬૬ | ૩૧૪ |
| ૪૨ | પ્રાણમયકોશ | ૧૬૭ – ૧૬૮ | ૩૧૬ |
| ૪૩ | મનોમયકોશ | ૧૬૯ – ૧૭૨ | ૩૧૭ |
| ૪૪ | સંસાર મનોમય છે. | ૧૭૩ | ૩૨૬ |
| ૪૫ | બંધન અને મોક્ષનું કારણ મન છે. | ૧૭૪ – ૧૮૧ | ૩૨૮ |
| ૪૬ | ચિત્તશુદ્ધિ મોક્ષનું પ્રબળ સાધન | ૧૮૨ – ૧૮૫ | ૩૪૩ |
| ૪૭ | વિજ્ઞાનમયકોશ | ૧૮૬ – ૧૯૦ | ૩૪૭ |
| ૪૮ | આત્મવિચાર | ૧૯૧ – ૧૯૩ | ૩૫૨ |
| ૪૯ | મોક્ષ મળે કેવી રીતે | ૧૯૪ – ૧૯૫ | ૩૫૬ |
| ૫૦ | સમાધાન | ૧૯૬ – ૧૯૯ | ૩૫૭ |
| ૫૧ | જીવભાવ અનાદિ અને સાન્ત છે. | ૨૦૦ – ૨૦૪ | ૩૬૨ |
| ૫૨ | વિવેક દ્વારા સમ્યક્ જ્ઞાન | ૨૦૫ – ૨૦૮ | ૩૬૮ |
| ૫૩ | આનન્દમયકોશ | ૨૦૯ – ૨૧૨ | ૩૭૨ |

| | | | |
|---|---|---|---|
| ૫૪ | આત્મસાક્ષાત્કારનો સંદેશ | ૨૧૩ | ૩૭૭ |
| ૫૫ | ઉપદેશમાં શંકા | ૨૧૪ | ૩૭૮ |
| ૫૬ | શંકાનું સમાધાન | ૨૧૫ – ૨૧૯ | ૩૮૦ |
| ૫૭ | અજ્ઞાનીનું અનાત્મદર્શન | ૨૨૦ | ૩૮૫ |
| ૫૮ | વિવેકીનું આત્મદર્શન અને તેનું ફળ | ૨૨૧ – ૨૨૩ | ૩૮૭ |
| ૫૯ | આત્મજ્ઞાન વિના મુક્તિનો કોઈ માર્ગ નથી | ૨૨૪ – ૨૨૭ | ૩૯૦ |
| ૬૦ | બ્રહ્મ અને બ્રહ્માંડનું ઐક્ય | ૨૨૮ – ૨૩૮ | ૩૯૬ |
| ૬૧ | બ્રહ્મસ્વરૂપ નિરૂપણ | ૨૩૯ – ૨૪૨ | ૪૦૯ |
| ૬૨ | મહાવાક્ય વિચાર | ૨૪૩ – ૨૫૧ | ૪૧૮ |
| ૬૩ | બ્રહ્મભાવના | ૨૫૨ – ૨૬૭ | ૪૩૫ |
| ૬૪ | વાસનાત્યાગ જ મોક્ષ છે | ૨૬૮ – ૨૭૨ | ૪૫૮ |
| ૬૫ | વાસનાક્ષયમાં જ મુક્તિ | ૨૭૩ – ૨૭૬ | ૪૬૭ |
| ૬૬ | મનોનાશ જ વાસનાક્ષય છે | ૨૭૭ – ૨૯૩ | ૪૭૦ |
| ૬૭ | અહંકારાદિ ક્ષણભંગુર છે, સત્ય નહીં | ૨૯૪ – ૨૯૮ | ૪૯૪ |
| ૬૮ | અહંકાર જ સંસારનું મૂળ છે | ૨૯૯ – ૩૧૧ | ૫૦૦ |
| ૬૯ | કર્મ, વાસના અને વિષયત્યાગ | ૩૧૨ – ૩૨૧ | ૫૧૫ |
| ૭૦ | પ્રમાદ એ જ મૃત્યુ | ૩૨૨ – ૩૨૯ | ૫૨૬ |
| ૭૧ | ભેદ કે દ્વૈતદષ્ટિનો ત્યાગ | ૩૩૦ – ૩૩૮ | ૫૩૯ |
| ૭૨ | જીવન્મુક્તનું દર્શન | ૩૩૯ – ૩૪૩ | ૫૫૪ |
| ૭૩ | વિક્ષેપશક્તિનું વિઘ્ન | ૩૪૪ | ૫૬૨ |
| ૭૪ | આવરણશક્તિથી વિક્ષેપ | ૩૪૫ | ૫૬૫ |
| ૭૫ | વિવેકથી મુક્તિ | ૩૪૬ | ૫૬૭ |
| ૭૬ | યથાર્થ પારમાર્થિક જ્ઞાન | ૩૪૭ – ૩૫૩ | ૫૬૯ |
| ૭૭ | હૃદયગ્રંથિથી મુક્તિ | ૩૫૪ | ૫૭૯ |
| ૭૮ | સમાધિ | ૩૫૫ – ૩૬૭ | ૫૮૧ |
| ૭૯ | યોગ નિરૂપણ | ૩૬૮ – ૩૭૮ | ૬૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૮૦ | ધ્યાનની પ્રક્રિયા | ૩૭૯ – ૩૮૩ | ૬૧૪ |
| ૮૧ | આત્મદૃષ્ટિ | ૩૮૪ – ૪૦૭ | ૬૨૦ |
| ૮૨ | આત્મચિંતન | ૪૦૮ – ૪૧૩ | ૬૪૯ |
| ૮૩ | દૃશ્યવિલય | ૪૧૪ – ૪૧૮ | ૬૫૬ |
| ૮૪ | આત્મજ્ઞાનનું ફળ | ૪૧૯ – ૪૨૫ | ૬૬૩ |
| ૮૫ | જીવન્મુક્તની સ્તુતિ | ૪૨૬ | ૬૭૪ |
| ૮૬ | સ્થિતપ્રજ્ઞ દર્શન | ૪૨૭ – ૪૨૮ | ૬૭૬ |
| ૮૭ | જીવન્મુક્ત દર્શન | ૪૨૯ – ૪૪૫ | ૬૭૯ |
| ૮૮ | પ્રારબ્ધકર્મ વિવેચન | ૪૪૬ – ૪૬૪ | ૬૯૭ |
| ૮૯ | દ્વૈત નિષેધ | ૪૬૫ – ૪૭૧ | ૭૩૨ |
| ૯૦ | જ્ઞાનથી પરમ નિવૃત્તિ | ૪૭૨ | ૭૩૪ |
| ૯૧ | શિષ્યને શિખામણ | ૪૭૩ – ૪૭૯ | ૭૩૫ |
| ૯૨ | આત્મજ્ઞાનનું આશ્ચર્ય | ૪૮૦ – ૫૨૦ | ૭૪૩ |
| ૯૩ | અંતિમ ઉપદેશ | ૫૨૧ – ૫૭૬ | ૭૮૦ |
| ૯૪ | શિષ્યની વિદાય | ૫૭૭ – ૫૭૯ | ૮૩૬ |
| ૯૫ | ગ્રંથ અને ગ્રંથકારની સ્તુતિ | ૫૮૦ – ૫૮૧ | ૮૩૮ |

# પ્રાક્કથન

એક યુવાન સાધુ છે, શરીરે સુદૃઢ છે, તેજસ્વી બુદ્ધિ છે,ઉંમર ઘણી નાની છે. સ્વાંગમાં સાધુતા, બુદ્ધિમાં ચાતુર્ય, મનમાં દૃઢતા, શરીરમાં બળ અને સૌષ્ઠવ,ઉંમરમાં કોમળતા, મૂછના દોરાની અપરિપક્વતા દર્શાવતો બાળયોગી, છતાં મિજાજે યુવાન સંન્યાસી પ્રવાસમાં છે. પ્રવાસ કરતાં કરતાં, અત્યંત વિહ્વળ થઈ જવાય એવું દૃશ્ય એણે જોયું. એનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. જેના હાથમાં ઉગામેલું શસ્ત્ર છે એવા એક કાપાલિકને એ સાધુ જુએ છે. સામે દેવીની મૂર્તિ છે અને નીચે નમેલી એક અબળાનો સંહાર કરવા કાપાલિક તત્પર થયો છે. અબળા કરગરી રહી છે પરંતુ તેના ભાવ કાપાલિકના હૃદય સુધી પહોંચી શકતા નથી. અબળાના આંસુ પથ્થરદિલ કાપાલિકને પીગળાવી શકે તેમ નથી, એ તો તત્પર છે વધ કરવા. હવે તો શસ્ત્ર ઝીંકાય અને ધડથી મસ્તક ફંગોળાય એટલી જ વાર છે. અબળાને એવો અણસાર આવી ગયો છે કે પળવારમાં તે હતી નહોતી થઈ જશે, તેનો વર્તમાન ભૂતકાળમાં ફેરવાઈ જશે.

આ દૃશ્યને જોતાં જ પેલા યુવાન સાધુએ સિંહની જેમ ગર્જના કરી કહ્યું, ''ખબરદાર! થંભી જા! શું કરે છે તું? શું તું એવું માને છે કે આ જગતજનની લોહીની તરસી છે? હે મૂર્ખ કાપાલિક! હોશમાં આવ.'' સાધુએ અનેક તર્કયુકત દલીલો, અનેક યુક્તિઓ અને પ્રશ્નોની વણઝાર કાપાલિક સમક્ષ રજુ કરી. કાપાલિક માનવા તૈયાર નહોતો. તે એકનો બે ન થયો. કારણ એ સમય જ એવો હતો. યજ્ઞમાં પશુ હોમાતાં હતાં અને નરબલિ ચઢાવવાની પ્રથા પણ મોજુદ હતી. ઘણાં ઘણાં વક્તવ્ય દ્વારા યુવાન સાધુએ સમજાવવાનો પ્રયત્ન કર્યો છતાં પેલો કાપાલિક ન માન્યો ત્યારે સાધુએ દેવીની મૂર્તિને ઉપાડી, જમીન પર પછાડી અને મૂર્તિના ટુકડે ટુકડા કરી નાંખ્યા. કાપાલિક સામે જોઈને પુનઃ તેના હૃદયને કંપાવી દે તેવી ત્રાડ પાડી, ''શું સમજે છે તું દેવીને? દેવી જગતજનની કહેવાય, જે મા હોય તે કંઈ લોહીતરસી ન હોય. તે ન માગે વધ, ન માગે આહુતિ, છતાં તને સમજાતું ન હોય તો હે મૂર્ખ! કહે તારી લોહીતરસી દેવીને, મારું લોહી પીએ.''

એવું સાંભળતાની સાથે જ પેલો કાપાલિક શસ્ત્ર છોડી પળવારમાં પલાયન થઈ ગયો. અબળાને સબળ સહારો આપનાર યુવાન સાધુ તે સ્ત્રીને સંબોધીને કહેવા લાગ્યો કે,"દેવી તો જગતજનની છે, તે તો વાત્સલ્યમૂર્તિ છે, તે કંઈ લોહી તરસી નથી, માટે હે માતા! તું ભયમુક્ત થા અને દેવીના આશીર્વાદ માગ." યુવાન સાધુના આવા વચન સાંભળતાની સાથે જ અબળા જાણે સબળા થઈ, તેની આંખોમાં જાણે સૂર્યોદયના તેજ ઝળહળી ઊઠયાં, મસ્તક ગર્વથી ઉન્નત થયું, બલિનો બકરો બનેલી, નત મસ્તક ઊભેલી ભીરુ સ્ત્રી, છૂટા વાળને કેશવાળી જેમ ઊંચા કરી ગર્વથી અભય બની, પેલા યુવાન સંન્યાસીને મનોમન નમન કરી ચાલી નીકળી. એ યુવાન સાધુ અન્ય કોઈ નહોત્તો, એ હતા નાની ઉંમરે આખા બ્રહ્માંડને પોતાની અંદર પરિભ્રમણ કરવાની રજા આપનાર આદિ શંકરાચાર્ય.

આદિ શંકરાચાર્યજીના મનમાં ઉપરોક્ત પ્રસંગથી પ્રશ્ન ઉદ્ભવ્યો કે શું આ મૂર્તિ જગતજનની હોય? જેને મા કહેવાય તે શું ભોગ માગે? જગતજનની શું લોહીતરસી હોય? આવા અનેક પ્રશ્નો ઊભા થયા અને મનોમંથન શરૂ થયું. સાકાર, દશ્ય, જ્ઞેય તથા ઈન્દ્રિયગમ્ય મૂર્તિ શું પરમતત્ત્વ હોઈ શકે? એ મનોમંથનમાંથી જે તારતમ્ય, નિષ્કર્ષ અને નિચોડ, નવનીતની જેમ ઉપર તરી આવ્યો તેને શંકરાચાર્યજીએ સમાજના લોકો તરફ દષ્ટિ કરી જાહેર કર્યો. સત અને અસતનો, વ્યક્ત અને અવ્યક્તનો, નામી અને અનામીનો, સગુણ અને નિર્ગુણનો, નિરાકાર અને સાકારનો ભેદ પારખવાની જે શક્તિ છે તેને શાસ્ત્રની પરિભાષામાં વિવેક કહેવામાં આવે છે. ભગવાન શંકરાચાર્યજીએ આ વિવેકની સરિતાને વહેતી કરી અને સમજાવ્યું કે જે મૂર્તિ છે, અર્થાત્ જે દશ્ય,વ્યક્ત કે મૂર્ત છે, માત્ર તે જ ઈશ્વર નથી. ઈશ્વર નિરાકાર છે, અનામી છે, અવ્યક્ત છે, સચરાચર છે અને જડ-ચેતન સર્વનું અધિષ્ઠાન છે. સર્વવ્યાપ્ત ઈશ્વર, કયાંય ન હોય તેવું નથી. એવો કોઈ પદાર્થ નથી જેમાં તે ન હોય, અને જો સર્વત્ર હોય તો મૂર્તિમાં પણ હોય જ. પરંતુ 'મૂર્તિ એ જ પરમાત્મા', 'મૂર્તિ એ જ ઈશ્વર', 'મૂર્તિ એ જ પરબ્રહ્મ' એવી ભ્રાંતિમાંથી સમાજને બેઠો કરવા તેમણે સત્યાસત્યના વિવેકને જાગૃત કરી જાહેર કર્યું કે ' મૂર્તિમાં પરમાત્મા હોઈ શકે પરંતુ મૂર્તિ જ પરમાત્મા

નથી.'

આપણે મૂર્તિપૂજક હોત તો પુરાતત્ત્વ ખાતામાં જઈને, અજંટા-ઈલોરાની ગુફાઓમાં જઈને મૂર્તિઓની પૂજા કરતા હોત. પરંતુ પૂજા માટે આપણે તેવા સ્થળોમાં જતાં નથી પણ મંદિરોમાં જઈએ છીએ. મૂર્તિઓનો તો આ દેશમાં તોટો નથી, મૂર્તિઓને ઈશ્વર માની પૂજનારા પણ અનેક છે છતાં તેઓમાંથી કોઈ પણ અમૂર્ત પરમાત્માનો સ્પર્શ કરી શક્યા નથી. માટે કોઈએ એવી ભ્રાંતિમાં રહેવાની જરૂર નથી કે આપણે મૂર્તિપૂજક છીએ. એવી વાહિયાત ભ્રાંતિમાંથી આપણે સૌએ દૂર થવાની જરૂર છે. વાસ્તવમાં વૈદિકકાળમાં જે પંચાયતન પૂજા થતી હતી, તેમાં મૂર્તિ નહોતી. મૂર્તિપૂજા તો ઘણી પાછળથી આવી છે, માટે આપણે સમજવાની જરૂર છે કે મૂર્તિમાં પરમાત્મા છે પણ મૂર્તિ એ જ પરમાત્મા નહીં. આપણે નામસ્મરણ કરીએ છીએ કારણ કે તમામ નામ અંતે અનામી પરમાત્માનાં જ છે. તમામ આકાર નિરાકારના જ છે. આપણી સ્પષ્ટ સમજ છે કે કોઈ પણ નામ અને આકારનો સહારો અંતે અનામી અને નિરાકાર પરમાત્મા તરફ જ લઈ જશે. માટે એ અનામીના નામનું સ્મરણ કરીએ છીએ અને નિરાકારના આકારની પૂજા કરીએ છીએ. નામ અને આકારનો સહારો લઈ નામ અને આકારની ક્ષિતિજોની પેલે પાર જવાનો આપણે પ્રયાસ કરીએ છીએ.

નામ અને આકારની મદદથી શું નામ અને આકારની પેલે પાર જઈ શકાય? એવો પ્રશ્ન થાય તો ઉત્તર છે કે, 'જરૂર જઈ શકાય.' ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ. ચોમાસું હોય, કાદવ-કીચડ હોય અને ચાલતાં ચાલતાં જો લપસી પડાય, તો જે ધરતી પર પડી ગયા હોઈએ, તે ધરતીને સહારે જ ઊભા થઈએ છીએ. ધરતી પર જ પડી ગયા છીએ, માટે ધરતીનો સહારો લઈએ છીએ. એ જ પ્રમાણે, આપણે નામ અને આકારમાં અટવાયેલા છીએ. માટે નામ અને આકારનો આધાર લઈ નામ અને આકારની પેલે પાર જવાનું છે. તથા 'વિવેક દ્વારા સમજવાનું છે કે પ્રત્યેક નામ પેલા અનામીનું છે. પ્રત્યેક આકાર પેલા નિરાકારનો છે. વિચાર કરતાં સ્પષ્ટ જ છે કે કોઈ પણ આકાર, તે નિરાકાર વિના સંભવી શકે જ નહીં. તારા,

નક્ષત્રો, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી વગેરે સર્વ સાકાર પદાર્થોને અવકાશ આપનારું આકાશ નિરાકાર છે. જો નિરાકાર આકાશ ન હોય તો કોઈ આકાર રહી શકે નહીં, કારણકે આ નિરાકાર આકાશ જ, પોતાની અંદર રહેવા તેમજ પરિભ્રમણ કરવા માટે સર્વ સાકારોને અવકાશ આપે છે. તાત્પર્ય એ જ છે કે આકાર અને સાકારનું જે અધિષ્ઠાન છે તે આકાશ છે અને આકાશ નિરાકાર છે. નિરાકાર છે માટે તે ઇન્દ્રિયગમ્ય નથી અર્થાત્ તેને આંખથી જોઈ શકાય તેમ નથી. આપણે માનીએ કે આપણી ઉપરના આકાશને આપણે જોયું છે પણ ખરેખર આપણે આકાશ જોયું નથી, આકાશનો ટુકડો કે ભાગ માત્ર જોયો છે. અમર્યાદિત આકાશનું દર્શન શક્ય નથી કારણકે તે સર્વવ્યાપ્ત છે, એક છે, અખંડ છે, સૌનો આધાર છે. એવું અનંત અને સર્વવ્યાપ્ત આકાશ કે જેની સીમાઓ આંખે જોઈ ન શકાય, તેને સાપેક્ષતાની દષ્ટિએ સૌથી સૂક્ષ્મ કહી શકાય. પરબ્રહ્મ કે પરમાત્મા, જેમાંથી આકાશની ઉત્પત્તિ થઈ છે, તે આકાશનું પણ કારણ છે. આકાશનું કારણ હોવાને લીધે પરમાત્મા આકાશથી પણ સૂક્ષ્મ છે. આ પ્રમાણે વિચારવાનો પ્રયાસ કરીએ તો સમજાય કે, આકાશ નિરાકાર છે માટે સર્વ સાકાર પદાર્થોને આશ્રય આપે છે, તો પછી આકાશનું પણ કારણ, આકાશને પણ આશ્રય આપનાર પરબ્રહ્મ કે પરમાત્મા નિરાકાર જ હોય, એમાં શંકાને સ્થાન હોઈ શકે નહીં.

## મૂર્તિ સાધન છે સાધ્ય નહીં.

પરબ્રહ્મ, જે સર્વનો આધાર અને નિરાકાર છે, જે અમૂર્ત અને અવ્યક્ત છે, તેને વ્યક્ત દ્વારા સમજવાની કોશિશ કરી શકીએ, દૃશ્ય દ્વારા અદૃશ્ય પર પ્રવાસ કરી શકીએ, નામ દ્વારા અનામી તરફ ગતિ કરી શકીએ, સાકાર દ્વારા નિરાકારને પ્રાપ્ત કરી શકીએ, એટલા માટે મૂર્તિઓ આપણને સહારા તરીકે આપવામાં આવી છે. મૂર્તિ સાધન છે, અંતિમ લક્ષ્ય કે સાધ્ય કદાપિ નહીં. આપણે મૂર્તિપૂજક નહોતા અને નથી. આપણે આકારની પૂજા અવશ્ય કરી પરંતુ એવી સમજ સાથે કે તમામ આકાર, નિરાકાર પરમાત્માના જ છે. માનસરોવર અને કૈલાસ હિન્દુધર્મમાં મોટામાં મોટી યાત્રાના ધામ મનાયાં છે. ત્યાં કોઈ મંદિર નથી, કોઈ મૂર્તિ નથી, ત્યાં માત્ર એક પર્વત

છે. શિવલિંગ જેવો એનો આકાર છે અને ૨૨૦૦૦ ફૂટની એની ઊંચાઇ છે. એ પર્વતને જ શંકરભગવાન માની પૂજવામાં આવે છે. જે પર્વત દૃશ્ય છે, વ્યક્ત છે, મૂર્ત છે, ઇન્દ્રિયગમ્ય છે તેમાં અમૂર્ત અને અવ્યક્ત પરમાત્માનું આપણે આરોપણ કરીએ છીએ અર્થાત્ પર્વતને પરમાત્માનું પ્રતીક માની તેમાં પરમાત્માને જોવાનો પ્રયત્ન કરીએ છીએ. યાદ રહે કે ચેતન પરમાત્મા ઉપર જડ મૂર્તિ આરોપી દેવાની નથી, પણ જડ મૂર્તિની અંદર ચેતન પરમાત્માની પ્રાણપ્રતિષ્ઠા કરવાની છે. ભારતની જ પ્રજા એવી છે કે જેણે સાકાર અને નામીમાં, નિરાકાર અને અનામીને જોવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. માટે જ પર્વતોમાં આપણે પરમાત્મા જોયા, ગાયને માતાતુલ્ય માની તેની પૂજા કરી, નદીને દેવી તરીકે સંબોધી તેની પવિત્રતાનો મહિમા ગાયો. આટલેથી પણ આપણે અટક્યા નથી. પીપળાના ઝાડને પણ આપણી બહેનો ખૂબ ભાવનાથી સૂતરના આંટા ફરે છે. ખૂબ પ્રેમથી તુંલસીના નાના છોડ સામે દીવો પ્રગટાવે છે. અહીં તાત્પર્ય એ છે કે આપણી પાસે તાત્ત્વિક વિચારધારા છે. તુલસીનો નાનો છોડ હોય કે પછી પીપળાનું મોટું વૃક્ષ હોય, ગાય જેવું પ્રાણી હોય કે જડ પર્વત હોય, ગમે તે આકાર હોય પરંતુ આપણે સ્પષ્ટ જાણીએ છીએ કે સર્વ આકાર પરમાત્માના જ છે. ઉપરોક્ત સર્વમાં જો આપણે પરમાત્મા જોઇ શક્યા હોઈએ તો મૂર્તિમાં કેમ ન જોઈ શકીએ? અર્થાત્ મૂર્તિમાં પણ પરમાત્મા છે જ. આપણે માત્ર એવી ભ્રાંતિથી દૂર થવાની જરૂર છે કે 'મૂર્તિ એ જ પરમાત્મા છે.' આ ભ્રાંતિ દૂર કરવા વિવેક વિચારની આવશ્યકતા છે.

આપણા શાસ્ત્રમાં 'વિવેક' શબ્દનો અર્થ કંઈક વિશેષ છે. દરેક શાસ્ત્ર કે વિજ્ઞાનને તેની એક પરિભાષા હોય, તેનો પારિભાષિક શબ્દકોશ હોય. વિજ્ઞાનના વિદ્યાર્થીને જો આપણે પૂછીએ કે આલ્ફા, બિટા, ગામા, થીટા...ઇત્યાદિ શબ્દો એટલે શું? તો તે કહેશે કે એ વિજ્ઞાનની પરિભાષા છે. વિજ્ઞાનના સિદ્ધાંતોને સમજાવવા માટે આવા શબ્દપ્રયોગ કરવા પડે છે. એ જ પ્રમાણે શાસ્ત્રના સિદ્ધાંતો સમજાવવા માટે શાસ્ત્રની પણ પરિભાષા છે. જેમાં ઈશ્વર, બ્રહ્મ, ચૈતન્ય, માયા, માયા ઉપહિત ચૈતન્ય વગેરે અનેક શબ્દોનો ઉપયોગ થયેલો છે. આ શબ્દસંકેતોની મદદથી ગૂઢ અને ગંભીર

રહસ્યોને સમજાવવામાં આવેલાં છે.'વિવેક' પણ શાસ્ત્રનો એક પારિભાષિક શબ્દ છે. આપણા સમાજમાં આ શબ્દ ખૂબ જ ચૂંથાયેલો છે. કોઈને ઘરે જઈએ અને ચા-પાણી વિશે ન પૂછે, તો કહેવાય છે કે 'બહુ અવિવેકી છે.' અત્રે આવા વ્યાવહારિક વિવેકની વાત કરવાની નથી. પરંતુ શાસ્ત્રજન્ય પારિભાષિક શબ્દ 'વિવેક'ની ચર્ચા જ અત્રે થયેલી છે. અહીં એવો વિવેક સમજવાનો છે કે જેનો અર્થ સમજ્યા બાદ, શબ્દોને છોડી તેના અર્થના સંકેતો પકડવાના છે, શબ્દો દ્વારા શબ્દથી પર શબ્દાતીત તત્ત્વમાં પ્રવેશ કરવાનો છે. આ ગ્રંથનો સંપૂર્ણ વિષય 'વિવેક' શબ્દ ઉપર રચાયેલો છે માટે 'વિવેક ચૂડામણિ' એવું ગ્રંથનું નામ છે.

'વિવેક' એક શબ્દ છે, માટે વિવેક સમજતાં પૂર્વે શબ્દ એટલે શું? તે સમજવાનો પ્રયત્ન કરીએ. શબ્દ તો વાહન છે. જેમ વાહનમાં મુસાફરો મુસાફરી કરે છે તેમ શબ્દરૂપી વાહનમાં અર્થરૂપી સંકેતો મુસાફરી કરે છે. 'શ્રોતા' બસ-સ્ટેન્ડ છે અને વક્તા વાહન મોકલનાર છે. જ્યારે બસ, બસ-સ્ટેન્ડ પાસે જઈને ઊભી રહે છે ત્યારે તેમાંથી કેટલાક મુસાફરો ઉતરી જાય છે તેવી જ રીતે જ્યારે શબ્દરૂપી વાહન કાનરૂપી બસ-સ્ટેન્ડ પાસે આવે છે ત્યારે સંકેતરૂપી મુસાફરો ઊતરી જાય છે. આ શબ્દરૂપી વાહનમાંથી સંકેતો સરીને જ્યારે હૃદયગમ્ય બની જાય ત્યારે શ્રવણ કર્યું છે એવું કહી શકાય. આજે સમાજમાંથી શ્રવણ કરવાની પરંપરા નષ્ટપ્રાય થઈ ચૂકી છે. લોકોને સાંભળતા આવડે છે પણ શ્રવણ કરતાં આવડતું નથી. શબ્દરૂપી વાહન કાનરૂપી સ્ટેન્ડ પાસે આવે છે પણ સંકેતો હૃદયગમ્ય થતા નથી. તાત્પર્ય એ છે કે આવા 'વિવેક' જેવા પારિભાષિક શબ્દોનું જ્યારે શ્રવણ કરીએ ત્યારે એકાગ્રતાથી શ્રવણ થવું જોઈએ. પ્રતિક્રિયારહિત શ્રવણ જ શ્રેષ્ઠ શ્રવણ છે. આવું શ્રવણ કરતાં જો આવડે તો શ્રવણ કરતાં કરતાં સાક્ષાત્કાર થઈ શકે તેમ છે. શ્રવણ માત્રથી શિષ્યને જ્ઞાન થયું હોય એવા અનેક પ્રસંગો ઉપનિષદો અને શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યા છે. છાંદોગ્યોપનિષદમાં શ્વેતકેતુને तत्त्वमसि મહાવાક્યનો ઉપદેશ આપવામાં આવ્યો હતો. એકવાર ઉપદેશ આપ્યાથી શ્વેતકેતુને જ્ઞાન ન થયું માટે બીજીવાર ઉપદેશ આપવામાં આવ્યો. ત્રીજીવાર,ચોથીવાર એમ નવ-નવ વખત ગુરુએ સદૃષ્ટાંત ઉત્તર આપ્યો ત્યારે

શ્વેતકેતુની સૂક્ષ્મબુદ્ધિમાં શબ્દોના ભંડારમાંથી સંકેતની જાણે વીજળી ચમકી અને ગુરુના ઉપદેશનો તત્ત્વાર્થ, ગૂઢાર્થ, ગર્ભાર્થ કે લક્ષ્યાર્થ હૃદયગમ્ય થયો,આને જ ગુરુકૃપા દ્વારા થયેલ આત્મસાક્ષાત્કાર કહે છે. ગુરુ સાક્ષાત્કાર કરાવી આપે, એવી ભ્રાંતિમાંથી પણ આપણે વિવેક દ્વારા દૂર થવાની જરૂર છે. સમાજમાં એવી વાતો વહેતી થઈ ચૂકી છે કે શ્રી રામકૃષ્ણ પરમહંસે નરેન્દ્રનો અંગૂઠો દબાવ્યો અને તેને સાક્ષાત્કાર થયો. ભ્રાંતિની પરાકાષ્ઠા સિવાય આને બીજું કંઈ જ કહી શકાય નહીં. ગુરુ રામકૃષ્ણ પરમહંસ પાસે તો તેર શિષ્યો હતા અને ગુરુ માટે તો બધા જ સરખા હોય. શું ભારતદેશને એક જ વિવેકાનંદની જરૂર હતી? બધા શિષ્યોને કેમ વિવેકાનંદ ન બનાવ્યા? કારણ, પ્રત્યેકનો અધિકાર ભિન્ન ભિન્ન હોય છે. શિક્ષક એકના એક જ હોય પણ શિષ્યોમાં દૈવત જોઈએ. નરેન્દ્રમાં, નરેન્દ્રમાંથી વિવેકાનંદ સુધીની યાત્રા કરવાનું દૈવત હતું. વાલીયામાં પણ વાલીયાથી વાલ્મિકીની યાત્રા કરવાનું સામર્થ્ય હતું. સમજવાનું એ છે કે આત્મસાક્ષાત્કાર કંઈ સિદ્ધિ, ચમત્કાર કે ટૂંકા રસ્તાની વાત નથી અને યાદ રાખીએ કે કેટલીય વખત ટૂંકો રસ્તો લેવા જતાં યુગો અને જન્મો સુધી ચાલવું પડે છે. ગુરુના ઉપદેશને શ્રવણ દ્વારા આત્મસાત્ કરવામાં આવે, તો શ્વેતકેતુની જેમ શ્રવણ દ્વારા સાક્ષાત્કાર થઈ શકે તેમ છે. પરંતુ તે માટે પ્રતિક્રિયારહિત શ્રવણ થવું જોઈએ. અત્યારે તો જ્યારે વક્તા બોલતા હોય ત્યારે,'આવું કહે છે પણ પેલા પુસ્તકમાં તો આવું લખ્યું છે','હું આ વાતને સ્વીકારતો નથી','વેદ, શાસ્ત્ર, ધર્મ વગેરે અર્થલક્ષી ગપ્પા માત્ર છે, આપણને વ્યવસ્થિત રીતે છેતરવાનો પ્રયત્ન છે','હું કોઈનું બૂરું કરતો નથી, નીતિથી જીવન જીવું છું. મદદરૂપ ન થઈ શકું તો વાંધો નહીં પરંતુ કોઈને દુઃખ દેતો નથી, લાંચ લેતો નથી, સત્યવાદી છું, પછી મારે વળી શાસ્ત્રશ્રવણ કેવું? કેવી મારે કથાની વ્યથા? અરે! શા માટે મારે ગુરુનું શરણ કે સેવાનો અંચળો?' આવી અનેક પ્રકારની ભ્રાંતિમાં ડૂબેલા આપણને શ્રવણ કેવી રીતે કરવું એ સમજાયું નથી. શ્રવણ કરતી વખતે આપણું મન પ્રતિક્રિયા કરતું રહે છે. વક્તાને સાંભળતી વખતે મન પ્રતિક્રિયા કરતું રહે ત્યાં સુધી વક્તા સંભળાય નહીં પણ પ્રતિક્રિયા જ સંભળાતી રહે છે.'હું ઉપદેશક કે ઉપદેશને સ્વીકારવા તૈયાર નથી' એમ અંદરથી અહંકાર ધક્કો મારે છે.

કારણ કે અહંકાર એવો દૃઢ અને સઘન બની ગયો હોય છે કે એ કોઈને નમન કરી શકતો નથી, કોઈની વાત સ્વીકારી શકતો નથી, પ્રતિક્રિયારહિત શ્રવણના અભાવે જ આપણે વિવેક જેવા શબ્દોનો ગૂઢાર્થ સમજી શક્યા નથી.

શ્રીશંકરાચાર્યપ્રણીત જે ગ્રંથ ઉપર આપણે વિચાર કરી રહ્યા છીએ એનું નામ છે 'વિવેકચૂડામણિ.' મણિ અર્થાત્ રત્ન અને ચૂડા અર્થાત્ મુગટ. મુગટમાં જડેલા મણિને ચૂડામણિ કહેવાય છે. જેમ ઘોર અંધકારમાં પણ મણિ પોતાનું સાચું સ્વરૂપ કે પ્રકાશત્વ જાહેર કરી શકે અને અંધારાના ઓળા તળે હોવા છતાં આચ્છાદિત ન થાય અને સ્વયં પ્રકાશિત રહે તેમ જેની પાસે સ્વયંપ્રકાશિત સૂક્ષ્મબુદ્ધિ રૂપી ચૂડામણિ હશે તેવો વ્યકિત અજ્ઞાનના અંધકારમાં કે વિષયાસક્તિથી ઘેરાયેલો હોવા છતાં અજ્ઞાન કે આસક્તિથી આચ્છાદિત ન થતાં પોતાના આત્મસ્વરૂપનું પ્રકાશત્વ જાળવી અજ્ઞાનના આવરણ તળે દબાશે નહીં કે આસક્તિથી બંધાશે નહીં અને સૂક્ષ્મબુદ્ધિરૂપી ચૂડામણિના બળે જ તે અજ્ઞાન અને આસક્તિના બંધનથી અસંગ નિઃસંગ પોતાને જાણી અને જણાવી શકશે. આ વિવેકરૂપી મણિ જેના હાથમાં હશે તે જ મનની દિવાલોને મન દ્વારા ઓળંગી શકશે, દેશ અને કાળની ક્ષિતિજોની પેલે પાર પહોંચી શકશે, પોતાના અશુદ્ધ, અવિવેકી અને વિષયાસક્ત મનને શિષ્ય બનાવી શકશે અને પોતાનું જે વિવેકી મન છે, શુદ્ધ અને વિષયોની આસક્તિથી મુક્ત થયેલું મન છે, તેને ગુરુ બનાવી શકશે. પોતે જ 'ગુરુ' અને પોતે જ 'શિષ્ય' બનીને પોતે જ પોતાના વિષયાસક્ત મનને સમજાવવાનો પ્રયાસ કરી શકશે અને જે આવો પ્રયત્ન કરી શકશે તે જ સાચો શ્રોતા બની શકશે. ઉપનિષદ કહે છે કે ઘણું બધું સાંભળવા મળશે પણ આત્મતત્ત્વનું શ્રવણ પ્રાપ્ત થવું દુર્લભ છે. "**श्रवणायापि बहुभिर्यो न लभ्यः ।**" "મોટા ભાગનાને તો આત્મા વિશે સાંભળવા જ મળતું નથી." જેમને સાંભળવા મળે છે તેમની ટકાવારી કાઢીએ તો તે એટલી અલ્પ થાય, જાણે કે સાગરમાં બિંદુ સમાન. ઈશ્વરની રચના જ કંઈક એવી છે. પરમાત્મા દરેકને મોક્ષમાર્ગનો અધિકારી ગણતો નથી, કારણ કે દરેકના એવા કર્મો નથી, દરેકે એવો પુણ્યકર્મનો સંચય કર્યો નથી માટે તત્ત્વજ્ઞાનને સમજવા કે શ્રવણ કરવા ટોળાં હોતા નથી. તમાશા માટે જ ટોળાં હોય છે, શ્રવણ

માટે તો વિરલા શ્રોતા છે. જેમ ઘેટાં બકરાંના ટોળાં હોય, સિંહના નહીં. હંસ પંક્તિમાં, કતારોમાં વિહરતા નથી, કતારો તો બગલાની હોય છે. જો આપણને આત્મતત્ત્વનું શ્રવણ ઉપલબ્ધ હોય તો આપણે સૌ રાજહંસ કે સિંહ સમાન છીએ. પરમ ભાગ્યશાળી છીએ, પરમાત્માની પ્રીતિનું પ્રિયપાત્ર છીએ.

શ્રવણ કરવાથી મનન કે મનોમંથન થાય અને વિવેકરૂપી નવનીત પ્રાપ્ત થાય છે. ઉપાસના મૂર્તિની કરવી કે અમૂર્તની? દૃશ્યની કે અદૃશ્યની? વ્યક્તની કે અવ્યક્તની? સગુણની કે નિર્ગુણની? સાકારની કે નિરાકારની કરવી? આવા મનોમંથનના નિષ્કર્ષને જ વિવેક કહેવામાં આવે છે. તદુપરાંત જેને સૂક્ષ્મવિવેક પ્રાપ્ત થાય કે ગુરુકૃપાએ જેને વિવેકપ્રસાદી પ્રાપ્ત થાય તે જ આત્મા અને અનાત્માનો ભેદ પારખી શકે. તથા અનાત્મામાં દોષદર્શન કરી આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરી શકે. આમ વિચારતા આત્મા કે અનાત્મા અર્થાત્ જડ અને ચેતન, નશ્વર અને શાશ્વત, ક્ષર અને અક્ષર તથા નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચેનો ભેદ પારખી નિત્ય વસ્તુને જીવનનું અંતિમ ધ્યેય બનાવી તમામ અનિત્ય તરફ વૈરાગ્ય કેળવવા માટે વિવેકની અનિવાર્યતા છે. સાચા વિવેક વિના, ન તો નિત્ય-અનિત્યનું જ્ઞાન થાય કે ન તો અનિત્ય માટે વૈરાગ્ય જાગે. આવા નિત્ય આત્મવસ્તુ તરફ પ્રેરનારા અને અનિત્ય પદાર્થોથી વિમુખ કરનારા મનોવલણને જ શાસ્ત્રમાં વિવેક કહેવામાં આવે છે.

શંકરાચાર્યજીએ પ્રસ્તુત ગ્રંથમાં વિસ્તારપૂર્વક વિવેકની સમજણ આપી છે. માટે ગ્રંથનું 'વિવેકચૂડામણિ' નામ અત્યંત સાર્થક છે. આ ઉપરાંત શંકરાચાર્યજીએ આચાર્યને શોભે એવું સુંદર કાર્ય નિમિત્તભાવે કર્યું છે. 'આચાર્ય' એટલે જે ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર ઉપર ટીકા લખે. સૌ પ્રથમ ઉપનિષદો અને ભગવદ્ગીતા પર ઉત્તમોત્તમ ટીકા લખી, આ સમાજના ચરણે તત્ત્વજ્ઞાનના રહસ્યનું ઉદ્ઘાટન કરનાર ભગવાન શંકરાચાર્ય હતા. ઉપનિષદો, ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્ર પર ભાષ્યો લખી તેમણે વેદાંતના ગૂઢ રહસ્યોને સરળતાથી સમજાવ્યાં. તદુપરાંત લોકોની ભાવના પોષાય,

શ્રદ્ધા પ્રજ્વલિત થાય તે માટે અનેક દેવ-દેવીઓની સ્તુતિ અને સ્તોત્રો પણ તેમણે રચ્યાં. સામાન્ય વ્યક્તિ માટે મોહમુદ્‌ગર તથા ચર્પટપંજરિકા જેવા નાના, સરળ અને સમજાય તેવાં પ્રેરણાદાયી સ્તોત્રો પણ તેમણે રચ્યાં. તેમનું ભક્તહૃદય, બુદ્ધિચાતુર્ય, પ્રકાંડ વિદ્વત્તા અને તેની સાથે સાથે કર્મયોગની પરાકાષ્ઠા જેવું ધર્મપ્રચારનું કાર્ય, તેમની પ્રતિભા વ્યક્ત કરે છે.

શંકરાચાર્યજીને એવું લાગ્યું કે ભગવદ્‌ગીતા અને ઉપનિષદોના રહસ્યો સામાન્ય વ્યક્તિને સરળતાથી સમજાય તેવાં નથી. આમ હોવાથી ગીતા અને ઉપનિષદો સમજાય તે માટે જરૂરી એવાં નાના નાના ગ્રંથોની તેમણે રચના કરી. આવાં પૂર્વભૂમિકા તૈયાર કરવાવાળા પ્રારંભિક ગ્રંથોને શાસ્ત્રની ભાષામાં 'પ્રકરણગ્રંથો' કહેવામાં આવે છે. આ પ્રકરણગ્રંથોમાં શાસ્ત્રના પારિભાષિક શબ્દોની પ્રાથમિક સમજ, નવોદિત સાધકને સમજાય તેવી સરળતાથી આપવામાં આવી છે. વેદાંતના ગહન રહસ્યોને પામવા માટે, એ અવ્યક્ત તત્ત્વને સ્પર્શવા માટે, જે પારિભાષિક શબ્દોની જરૂર પડે છે તેની ઊંડાણપૂર્વક સચોટ સમજ માટે પણ આ પ્રકરણગ્રંથોનો અભ્યાસ કરવો જોઈએ. પરંતુ શાસ્ત્રાધ્યયનની પરંપરા નષ્ટપ્રાય થઈ છે. દા.ત. જેમ કોઈ પિતાને એવું થાય કે મારા પુત્રને શાળામાં ન ભણાવતાં સીધો જ મહાવિદ્યાલયમાં પ્રવેશ અપાવી દઉં તો ઝડપથી શિક્ષણકાર્ય પૂર્ણ કરી શકે, પરંતુ તે શક્ય નથી. તે જ પ્રમાણે પ્રકરણગ્રંથોના અભ્યાસ વિના ભગવદ્‌ગીતા કે ઉપનિષદનું અધ્યયન શક્ય નથી. તેમ છતાં એવા કેટલાક સાધકો જોવા મળે છે, જેમને પ્રકરણગ્રંથોને સ્પર્શ કર્યા વિના સીધા ભગવદ્‌ગીતા અને ઉપનિષદોનું અધ્યયન કરવું છે. તેમને પ્રકરણગ્રંથોના અભ્યાસમાં રસ હોતો નથી પણ ભગવદ્‌ગીતા કે ઉપનિષદ જેવા મોટા ગ્રંથોના જ શ્રવણની ઈચ્છા હોય છે. અરે! કેટલાક તો પ્રકરણગ્રંથ ન સમજ્યા હોય છતાં પણ ગીતા શીખવવા નીકળી પડે છે. આપણા આચાર્યોએ આ પરંપરામાં આવી વાત સમજાવી નથી અને આપણી વૈદિક પરંપરામાં પણ આવી વાત નથી. જેને પરંપરાનો સ્પર્શ ન હોય તે જ કદાચ આવું કરી શકે. ભગવદ્‌ગીતાને સમજવી હોય, ઉપનિષદોના રહસ્યો જાણવાં હોય, તો પ્રકરણગ્રંથને સ્પર્શ કર્યા વિના કોઈપણ તેનો અધિકારી બની શકે તેમ નથી. શંકરાચાર્યજીએ પ્રકરણગ્રંથો

દ્વારા શાસ્ત્રની પરિભાષાને સમજાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. આ દિશામાં સમાજે જાગૃત થવાની જરૂર છે, જો શંકરાચાર્યજી ન હોત તો કદાચ આ સમાજના અત્યારે કેવા હાલ હોત, તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. કાપાલિકોનું સામ્રાજય દેશ પર પ્રવર્તમાન હોત અને કર્મકાંડમાંથી શંકરાચાર્યજીએ આપણને બહાર કાઢ્યા ન હોત તો આજે પણ હજારો પશુઓનો વધ થતો હોત, નરબલિ ચઢાવાતા હોત. ખેદની વાત છે કે આજે તેમની એ વૈચારિક ક્રાંતિને સમાજ ભૂલી ગયો છે. આવી સામાજીક ઉત્ક્રાંતિ કરનાર શંકરાચાર્યજીએ શાસ્ત્રાધ્યયનનો રાહ ચીંધતા નિર્દેશ્યું છે કે ભગવદ્‌ગીતા તથા ઉપનિષદ જેવા મહાન ગ્રંથોના અધ્યયન પૂર્વે પ્રકરણ ગ્રંથોનું અધ્યયન અનિવાર્ય છે. પ્રકરણ ગ્રંથો ઘણા છે જે પાયાના સિદ્ધાંતોને સમજાવે છે. જે સાધકોને મોક્ષ મેળવવો હોય તેમણે પ્રકરણગ્રંથોનો અભ્યાસ કરવો જ જોઈએ. ભગવદ્‌ગીતા કે ઉપનિષદ જેવા ગ્રંથોના રહસ્યને આત્મસાત્ કરવા, પ્રકરણગ્રંથરૂપી પગથિયાંવાળા પંથે પ્રયાણ કરવું જોઈએ.

શંકરાચાર્યજીએ પોતાના શિષ્યો, જેઓ મુમુક્ષુ અને જ્ઞાનના અધિકારી હતા, તેઓને સમજાવવા માટે આ 'વિવેકચૂડામણિ' નામના મહત્ત્વના પ્રકરણગ્રંથની રચના કરી છે. આ ગ્રંથ વિવેકને જન્માવે છે અને વિવેક વિના કોઈ પણ પ્રકારનો વૈરાગ્ય જન્મી શકે તેમ નથી. વિવેક વિના જન્મેલો વૈરાગ્ય તો સ્મશાન વૈરાગ્ય હશે.એવો વૈરાગ્ય ન તો સ્વયંનું કલ્યાણ કરી શકે કે ન તો બીજાને કલ્યાણના માર્ગે દોરી શકે. માત્ર વિવેક દ્વારા જન્મેલો વૈરાગ્ય જ સાચા સંન્યાસની દિશામાં નહીં બલકે દશામાં લઈ જશે. તથા યોગ્ય જીજ્ઞાસુનું પળવારમાં મુમુક્ષુમાં રૂપાંતર કે પરિવર્તન કરશે. હૃદયપરિવર્તન, આંતરિક ઉત્થાન કે અંતઃકરણ શુદ્ધિ વિવેકના સહારા વિના શક્ય નથી. આ દિશામાં જનારા લોકોનો તોટો નથી પરંતુ વિવેક દ્વારા સંન્યાસની દશામાં સ્થિત થયેલા મહાત્મા શોધવા પણ મુશ્કેલ છે. તાત્પર્ય એ છે કે વિવેક વિના જ્ઞાનના પંથે લેશમાત્ર પ્રગતિ શક્ય નથી. તેથી પ્રકરણગ્રંથના સહારે,'તેના કિનારે કિનારે, તેના કૃપાપગથિયાં ચઢતાં ચઢતાં આપણે ગ્રંથગત વિવેકની વાતો આદિશંકરાચાર્યજી પાસેથી સાંભળીએ, વિચારીએ અને ચિંતવીએ એમાં જ આપણું અંતિમ શ્રેય છે.

# વિવેકચૂડામણિ

(છંદ-અનુષ્ટુપ)

**सर्ववेदान्तसिद्धान्तगोचरं तमगोचरम् ।**
**गोविन्दं परमानन्दं सद्गुरुं प्रणमाम्यहम् ।।१।।**

| | | | |
|---|---|---|---|
| **अगोचरम्** | = ઇન્દ્રિયો દ્વારા જાણી શકાય નહીં તેવા, | **गोविन्दम्** | = શ્રીગોવિંદપાદાચાર્યજીને (તથા) |
| **सर्ववेदान्तसिद्धान्त** | = ઉપનિષદોના બધા સિદ્ધાંતો દ્વારા | **परमानन्दम्** | = પરમઆનંદ સ્વરૂપ પરમાત્માને |
| **गोचरम्** | = જાણી શકાય તેવા, | | |
| **तम्** | = તે | **अहम्** | = હું |
| **सद्गुरुम्** | = સદ્ગુરુ | **प्रणमामि** | = પ્રણામ કરું છું. |

**મંગલાચરણ**

આ દેશની એક પરંપરા રહી છે કે કોઈ પણ શુભ કાર્ય શરુ કરતા પૂર્વે પ્રારંભમાં પ્રાર્થના કે સ્તુતિ કરવામાં આવે અને પછી જ કાર્યારંભ થાય. સત્સંગ, પ્રવચન કે અધ્યયન-અધ્યાપનના પ્રારંભમાં આપણે શાંતિપાઠ બોલીએ છીએ. તેમ આ ગ્રંથના શુભારંભમાં શંકરાચાર્યજી પણ મંગલાચરણ દ્વારા પ્રાર્થના કરે છે, સ્તુતિ કરે છે અને પછી ગ્રંથનો પ્રારંભ કરે છે. મંગલાચરણ કરતા તેઓ કહે છે કે **सर्ववेदान्तसिद्धांतगोचरं तमगोचरम् ।** પરમાત્મા અગોચર છે અર્થાત્ જાણવા અશક્ય છે અને છતાં વેદાંતના સર્વ સિદ્ધાંતોથી ગોચર થાય છે. અર્થાત્ જાણી શકાય છે. વેદાંત એટલે વેદનો અંત ભાગ. જેને શ્રુતિ કે ઉપનિષદ પણ કહે છે. તેની સહાયતા વિના તે પરમાત્માને જાણી શકાય નહીં. અન્ય અભિગમથી એવું પણ કહી શકાય કે તે પરમાત્મા વેદાંતના સર્વ સિદ્ધાંતોના એક માત્ર વિષયરૂપ છે. જેને શંકરાચાર્યજી પ્રણામ કરે છે તે પરમાત્મા જ સંપૂર્ણ વેદાંતશાસ્ત્રનું એકમાત્ર લક્ષ્ય છે. ઇન્દ્રિયો, મન અને

બુદ્ધિથી ન જાણી શકાય તેવા અગોચર છે, છતાં વેદાંતસિદ્ધાંતોના એકમાત્ર વિષયરૂપ છે. તેવા પરમાનંદસ્વરૂપ સદ્ગુરુ ગોવિંદને હું પ્રણામ કરું છું. આવો પ્રથમ શ્લોકનો ભાવાર્થ છે.

શંકરાચાર્યજી ગોવિંદ એવો શબ્દપ્રયોગ કરીને એક જ કાંકરે બે પક્ષી મારે છે. 'ગોવિંદ' શબ્દપ્રયોગ એવો સુંદર રીતે યોજવામાં આવ્યો છે કે તેમાંથી બે અર્થ ફલીભૂત થાય છે. તદુપરાંત 'ગોવિંદ' શબ્દ સાથે 'ગોચર' અને 'અગોચર' જેવા બે શબ્દોનો પ્રયોગ પણ વિચારણીય છે.

શંકરાચાર્યજીના ગુરુદેવનું નામ આચાર્ય ગોવિંદપાદ છે. માટે **'गोविंदं अहं प्रणमामि '** 'હું ગોવિંદને નમસ્કાર કરું છું.' આ વાક્યનો વ્યાવહારિક સત્યના દૃષ્ટિકોણથી વિચાર કરતાં, 'ગુરુ ગોવિંદપાદને પ્રણામ કરું છું' એવો અર્થ અભિપ્રેત છે. 'ગો' એટલે ઇન્દ્રિયો અને વિંદ અર્થાત્ ઇન્દ્રિયોનો જે પ્રકાશક છે તે ગોવિંદ છે. આ પ્રમાણે વિચારતાં ગોવિંદ શબ્દથી સર્વશ્રેષ્ઠ અવ્યક્ત તત્ત્વ જ કહેવાય છે. જે પ્રકાશસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પરમાત્મા, ઇન્દ્રિયોસહિત આખા બ્રહ્માંડને પ્રકાશે છે તેને નમસ્કાર કરવાનો ઉદ્દેશ છે.

ગોવિંદ શબ્દ સાથે પ્રયોજેલા **गोचरम्** અને **अगोचरम्** શબ્દો, વેદાંતનું રહસ્ય સમજાવે છે.

વેદાંતના રહસ્યરૂપી તાળાને ખોલીને, અગોચર પરમાત્માનો નિર્દેશ કરવારૂપી ચાવી ગુરુ પાસે જ છે, માટે સ્વયં શંકરાચાર્યજી નતમસ્તક થઈને પોતાના ગુરુ ગોવિંદપાદને નમસ્કાર કરે છે. આચાર્ય ગોવિંદપાદ નર્મદાનદીને કિનારે ઓંકારેશ્વર પાસે રહેતા હતા. તેમણે શંકરાચાર્યજીને સંન્યાસ દિક્ષા આપી હતી. ગોવિંદપાદ, જે ગોચર છે અર્થાત્ ઇન્દ્રિયોથી જોઈ શકાય તેવા છે, તેમને નમસ્કાર કરીને પછી જ તે અગોચર ગોવિંદ તત્ત્વનું સ્મરણ કરે છે. જેના માટે ઉપનિષદ કહે છે કે

**"यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।"**

(તૈત્તિરીયોપનિષદ-બ્રહ્માનંદવલ્લી)

"મનસહિત વાણી (સર્વ ઇન્દ્રિયો) જે પરમતત્ત્વને પ્રાપ્ત કર્યા વિના પાછી ફરે છે." જે મન, વાણી કે બુદ્ધિથી પામી શકાય તેવું નથી, ગોચર થાય તેવું નથી, ઇન્દ્રિયગમ્ય નથી અને છતાં સૂક્ષ્મબુદ્ધિ દ્વારા સમજી શકાય તેવું છે, તે ગોવિંદ તત્ત્વને નમસ્કાર કરું છું.

પરમતત્ત્વને સમજાવવા તેના બે સ્વરૂપ બતાવવામાં આવ્યા છે. પરમાત્માનું એક સ્વરૂપ જે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ થાય છે, ગોચર થાય છે તેને આપણે સાકાર અને સગુણ કહ્યું.એ જ પરમાત્માનું બીજું સ્વરૂપ જે ઇન્દ્રિયોની પકડમાં આવે તેવું નથી, અગોચર છે તેને આપણે નિર્ગુણ અને નિરાકાર કહ્યું. ગોચર અને અગોચર, સગુણ અને નિર્ગુણ, સાકાર અને નિરાકાર બન્ને અંતે પરમાત્માનાં જ સ્વરૂપો છે, આ વાત સમજાવવા માટે જ શંકરાચાર્યજીએ એક જ પરમાત્મા માટે ગોચર અને અગોચર, એમ બે વિરુદ્ધ શબ્દો કહ્યા છે. સગુણ અને નિર્ગુણ એવા બે પરમાત્મા નથી, પરંતુ જો આ વાત નહીં સમજાય તો, 'તું સગુણવાળો અને હું નિર્ગુણવાળો', 'તું સાકારવાળો અને હું નિરાકારવાળો', 'તું ભક્ત છે અને હું યોગી છું', આવા ઝઘડા, આવા વિતંડાવાદ અને આવા સંપ્રદાયના કુંડાળાઓમાંથી આપણે ક્યારેય બહાર નીકળી શકીશું નહીં. સગુણ અને નિર્ગુણ એક જ સીડીના બે પગથિયાં છે, માટે જ અત્રે એક કાંકરે બે પક્ષીને મારવાનો પ્રયાસ છે. સગુણ એ પ્રથમ પગથિયું છે અને નિર્ગુણ એ અંતિમ પગથિયું છે. અંતિમ પુરુષાર્થ સુધી પહોંચવા માટે પગથિયાનો સહારો લઈને આગળ વધીશું તો સરળતાથી પહોંચી શકીશું. જો પગથિયાનું આલંબન કે સહારો નહીં લઈએ તો નહીં પહોંચાય તેવું નથી, પણ તે કઠણ છે, કપરું છે, અઘરું છે. ગહનતા અને સરળતાના દૃષ્ટિકોણથી વિચાર કરીએ તો જેમ સીડીની સહાયથી ચઢવું સરળ છે તેમ સગુણનો આશ્રય લઈ આગળ વધવું સરળ છે. આ કારણથી જ શંકરાચાર્યજીએ સામાન્ય લોકો માટે, સ્તુતિ અને ભક્તિપ્રધાન સ્તોત્રો લખ્યાં અને આગળ વધેલા માટે ગહન એવા અદ્વૈતના ગ્રંથો પણ લખ્યા છે.

મંગલાચરણમાં ગુરુગોવિંદપાદ અને પરમાત્માને પ્રણામ કરીને હવે મુક્તિ કે દુર્લભ એવા મોક્ષનો નિર્દેશ કરે છે.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

जन्तूनां नरजन्म दुर्लभमतः पुंस्त्वं ततो विप्रता
तस्माद् वैदिकधर्ममार्गपरता विद्वत्त्वमस्मात्परम् ।
आत्मानात्मविवेचनं स्वनुभवो ब्रह्मात्मना संस्थितिः
मुक्तिर्नो शतजन्मकोटिसुकृतैः पुण्यैर्विना लभ्यते ।।२।।

**जन्तूनाम्** = જીવોમાં
**नरजन्म** = મનુષ્યજન્મ
**दुर्लभम्** = દુર્લભ છે.
**अतः पुंस्त्वम्** = તેમાં પૌરુષત્વ (દુર્લભ છે.)
**ततः विप्रता** = તેનાથી બ્રાહ્મણપણું (દુર્લભ છે.)
**तस्माद्** = તેનાથી
**वैदिकधर्ममार्गपरता** = વૈદિક ધર્મના રસ્તે તત્પરતા (દુર્લભ છે.)
**अस्मात् परम्** = આનાથી શ્રેષ્ઠ
**विद्वत्त्वम्** = વિદ્વત્તા (દુર્લભ છે.)
**आत्मा–अनात्म–विवेचनम्**=(તેનાથી) આત્મા-અનાત્માનો વિવેક (દુર્લભ છે.)
**स्वनुभवः** = (તેનાથી) અપરોક્ષાનુભૂતિ(દુર્લભ છે.)
**ब्रह्मात्मना–संस्थितिः** = (તેનાથી) બ્રાહ્મીસ્થિતિ (દુર્લભ છે.)
**मुक्तिः** = (તેનાથી પણ) મુક્તિ કે મોક્ષ (દુર્લભ છે જે)
**शतजन्मकोटि–सुकृतैः**= સો કરોડ જન્મોનાં સત્કર્મોનાં
**पुण्यैः विना** = પુણ્યો વિના
**नो लभ्यते** = પ્રાપ્ત થતી નથી.

## આત્મજ્ઞાનીની દુર્લભતા

તમામ પ્રાણીઓ કે જંતુઓમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરવો દુર્લભ છે. મનુષ્ય જન્મ પ્રાપ્ત થયા પછી પૌરુષત્વ પ્રાપ્ત થવું એ એનાથી પણ દુર્લભ છે. તેમાંય વિપ્રતા અર્થાત્ બ્રાહ્મણપણું મેળવવું એનાથીયે દુષ્કર છે. વેદોએ પ્રતિપાદિત કરેલા પંથે પ્રયાણ કરવું એનાથીયે વધારે મુશ્કેલ છે અને એના કરતાં પણ શાસ્ત્રના તત્ત્વને જાણવું કે વિદ્વત્તા પ્રાપ્ત કરવી અતિ મુશ્કેલ છે. આત્મા અને અનાત્માનો વિવેક સમજવો તે તો તેનાથી પણ કઠિન છે. આટલું

કર્યા પછી આત્માનો અનુભવ થવો અને બ્રાહ્મીસ્થિતિની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે. આ બ્રાહ્મીસ્થિતિની પ્રાપ્તિને મોક્ષ કે મુક્તિ કહે છે અને આવી મુક્તિ, સો કરોડ જન્મના સદાચારથી સંચિત કરેલા પુણ્યો વિના મળી શકે તેમ નથી.

ઉપરોક્ત મુશ્કેલીની હારમાળા અને દુર્લભતાની પરાકાષ્ઠા જોઈને હિંમત હારવાની જરૂર નથી. અનેક જન્તુઓમાં નરજન્મ દુર્લભ અવશ્ય છે પરંતુ જેઓ મનુષ્યયોનીમાં જ છે તેમને તો નરજન્મ મળી જ ચૂક્યો છે. મોક્ષ અતિ દુર્લભ છે એવું કહેવા પાછળનો શંકરાચાર્યજીનો ઉદ્દેશ મોક્ષને પરમ પુરુષાર્થ ગણાવી, મોક્ષની મહત્તા બતાવી મનુષ્ય માત્રને મોક્ષને માર્ગે પ્રેરણા પ્રદાન કરવાનો જ છે.

મનુષ્યજન્મ દુર્લભ છે, આમ કહેવાયાથી આપણને પ્રશ્ન થાય કે મનુષ્યોની સંખ્યા ઘણી મોટી છે તો મનુષ્યજન્મને દુર્લભ કેમ મનાય? દિન પ્રતિદિન માનવ વસ્તી તો સમગ્ર વિશ્વમાં અને વિશેષ કરીને ભારત અને ચીનમાં અગણિત રીતે વધતી જાય છે. તો પછી મનુષ્યજન્મની દુર્લભતા ક્યાં રહી? અત્રે સમજવાનું કે સમગ્ર જીવસૃષ્ટિના સંદર્ભમાં મનુષ્યજન્મને દુર્લભ કહેવામાં આવ્યો છે. સમુદ્રમાં નજર કરીએ તો બેસુમાર, આપણે કલ્પના ન કરી શકીએ એટલાં, અસંખ્ય માછલાંઓ હોય છે. અરે! સદીઓથી એને પકડતા આવ્યા છીએ છતાં ઓછાં થતાં નથી, તેને પકડવા મોટાં મોટાં ખાતાઓ ખોલાય છે. છતાં તેની સંખ્યામાં ઓટ આવતી નથી. ચોમાસામાં એક નાનો ખાડો ખોદતાં અળસિયાં જેવા નાનાં નાનાં અસંખ્ય જંતુઓ જોવા મળે છે. અવકાશમાં પણ અસંખ્ય બારીક જીવાત છે.આકાશ, પૃથ્વી, જળ બધે જ જંતુઓ છે. આપણા પેટમાં, ચામડી ઉપર, માથામાં ખોડારૂપે, સર્વત્ર જંતુ જ જંતુ છે. એક લસ્સીનો પ્યાલો પીવાથી લાખો બેક્ટેરિયા પેટમાં જાય છે તેથી અત્રે પ્રસ્તુત શ્લોકમાં સ્પષ્ટતા છે કે માત્ર મનુષ્ય જ જીવ નથી બલકે તમામ સજીવ, ચેતનવંતા પશુપંખી અને પ્રાણીઓને લક્ષ્યમાં રાખી અહીં અનંતકોટિ યોનિઓના સંદર્ભમાં તમામ જંતુઓને ગણી તેમાં મનુષ્યજન્મને શ્રેષ્ઠ માની

તેની દુર્લભતા કે દુષ્પ્રાપ્યતાનો નિર્દેશ કરાયો છે.

શાસ્ત્રના દૃષ્ટિકોણથી વિચાર કરતાં પણ મનુષ્યજન્મની દુર્લભતા જણાય છે. આપણે જીવનના ચાર રસ્તા પર ઊભા છીએ. એક રસ્તો મોક્ષમાર્ગે જાય છે તથા અન્ય સ્વર્ગલોકમાં જાય છે. બીજો એક રસ્તો નરકમાં જાય છે અને ચોથો રસ્તો મનુષ્ય જેવી કર્મયોનીનો છે. ચાર રસ્તા પર ઊભેલા આપણે ચાર રસ્તામાંથી ગમે તે રસ્તો પસંદ કરવા સ્વતંત્ર છીએ. જેના જીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષ હોય તે તો નિષ્કામ કર્મે ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરી જ્ઞાન પ્રાપ્ત કરે છે અને જ્ઞાન દ્વારા મોક્ષરૂપી પરમપદ મેળવે છે. જો પુણ્યકર્મનો સંચય કરીને સ્વર્ગના ભોગ ભોગવવા જવું હોય તો તેમાં પણ મનુષ્યની સ્વતંત્રતા છે તેવી જ રીતે ખરાબ કર્મો કરી અનાચાર, અનીતિ આદરી અવિવેકી પુરુષો જાણે અજાણે ભ્રષ્ટ બુદ્ધિયુક્ત થઈ નરક ગતિને પ્રાપ્ત થાય છે. ક્યાં જવું એ આપણી પોતાની પસંદગીનો વિષય છે. કોઈએ મોક્ષમાર્ગ પસંદ કર્યો હોય અને જ્ઞાનપ્રાપ્તિ પૂર્વે તેનું શરીર છૂટી જાય અને મોક્ષની ઇચ્છા બાકી રહી ગઈ હોય તો પુનઃ મનુષ્યયોનીમાં જ આવે છે. "**शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते** ॥ "(ભ.ગીતા. ૬-૪૧) "યોગભ્રષ્ટ પુરુષ પવિત્ર શ્રીમંતોના ઘરે જન્મે છે." આટલી સ્પષ્ટતા પછી સમજવાનો પ્રયત્ન કરીએ કે એવું શા માટે કહ્યું છે કે મનુષ્યજન્મ દુર્લભ છે? મનુષ્યયોનીમાં જ જીવને એવી સ્વતંત્રતા આપવામાં આવી છે કે તે ઇચ્છે તે રસ્તે પ્રયાણ કરી શકે. અન્ય યોનીમાં રહેલા જીવાત્માને તેવી સ્વતંત્રતા નથી. પોતાના ઇષ્ટ અને અનિષ્ટનો વિચાર કરવાની વિવેકબુદ્ધિ, ભગવાને સર્વ પ્રાણીઓને આપી નથી કે જેથી અનિષ્ટને છોડી ઇષ્ટ તરફ પ્રગતિ કરી શકે. પ્રાણી નક્કી ન કરી શકે કે એણે જડ અને નાશવાન તરફ ન જતાં, ચેતન અને અવિનાશી તરફ જવું જોઈએ. માત્ર મનુષ્ય જ નક્કી કરી શકે તેમ છે કે વિનાશીને છોડી અવિનાશીની દિશામાં મારે જવું છે. માત્ર મનુષ્ય જ સ્વતંત્ર છે કર્મ કરવામાં, માટે જ મનુષ્યયોનીને કર્મયોની કહેવામાં આવે છે, બીજી કોઈ પણ મનુષ્યેતર યોનીને કર્મયોની કહેવામાં આવતી નથી. મનુષ્યયોનીમાં જીવાત્મા કર્મ દ્વારા અંતઃકરણ શુદ્ધ કરી, જ્ઞાન સંપાદન કરીને જ્ઞાનનું ફળ મોક્ષ પ્રાપ્ત કરી શકે

તેમ છે, માટે જ મનુષ્યજન્મ અતિ દુર્લભ છે એમ કહેવું જરાયે અતિશયોક્તિ ભર્યું નથી.

મનુષ્યયોની સિવાયની યોનીઓ ભોગયોની છે. ભોગયોનીમાં જીવને સ્વતંત્રતા હોતી નથી, તેમાં તો માત્ર પૂર્વે કરેલાં કર્મોનાં ફળ જ ભોગવવાનાં હોય છે. બહુ પુણ્ય કરીને આપણે સ્વર્ગલાકમાં જઈ શકીએ, પણ એકવાર સ્વર્ગપ્રાપ્તિ થયા પછી આપણી પસંદગીનો હક્ક રહેતો નથી. એ તો એવું કહેવા જેવું છે કે " તમે પૃથ્વી પર આવી જાઓ અને પછી કહો કે મારે પૃથ્વી સાથે સૂર્યની પ્રદક્ષિણા નથી કરવી." પૃથ્વી પર રહેલાને સૂર્યની પ્રદક્ષિણા કરવી જ પડે તેમ એકવાર સ્વર્ગલોક પ્રાપ્ત થાય પછી ત્યાં રંભા, ઉર્વશી, મેનકાના નૃત્યો જોવાં જ પડે, ભોગ કરવો જ પડે, વૈભવ અને વિલાસમાં રહેવું જ પડે. ખૂબ ભોગ ભોગવ્યા બાદ, ભોગવિલાસ અને વૈભવ સુખદ લાગે કે ન લાગે, હવે તે છોડવાનું આપણું સ્વાતંત્ર્ય નથી. ભેગાં કરેલાં પુણ્યકર્મનાં ફળ, ભોગવતાં ભોગવતાં પુરાં ન થાય, ત્યાં સુધી કોઈ સ્વર્ગમાંથી છટકી શકે તેમ નથી, માટે દેવયોની પણ માત્ર ભોગયોની જ છે.

પુણ્યકર્મના ફળરૂપે જેમ દેવતા આદિ ઉત્તમયોનીની પ્રાપ્તિ થાય છે તેમ પાપકર્મના ફળરૂપે પશુ આદિ અધમયોનીની પ્રાપ્તિ થાય છે. તેમની ઉત્તમતા અને અધમતા, ભોગની દૃષ્ટિથી કહેવાય છે. ખરેખર તો મનુષ્યયોની જ શ્રેષ્ઠ છે. કર્મોના ફળ કૂતરાં, બિલાડાં જેવાં પ્રાણીઓની યોનીમાં જન્મ લઈને ભોગવીએ, પથ્થર બનીને પડી રહીએ કે વૃક્ષ થઈને ધરતી ઉપર વર્ષો સુધી ઊભા રહીએ, આ સર્વ એક પ્રકારની ભોગયોનિ જ છે. આપણા શાસ્ત્રોમાં સ્થાવરયોની અને જંગમયોની એમ બે પ્રકારની યોનીઓ કહેવાય છે. મનુષ્યયોની સિવાયની સર્વયોનીઓ, સ્થાવર હોય કે જંગમ, બધી જ ભોગયોની છે. બળદના મોઢે ફીણ આવે ત્યાં સુધી ગાડામાં માલ ભરવામાં આવે, ગમે તેવા ખરાબ રસ્તા પર માલ ભરેલું ગાડું ખેંચાવવામાં આવે, અને ઉપરથી અણીદાર પરોણો ભોંકાતો હોય, ભલે ગમે તેટલું દુઃખદ કેમ ન હોય, પણ હવે તે જીવ તેમાંથી છટકી શકે નહીં, એને પોતાનાં કર્મના ફળ ભોગવવાં જ પડે,

કારણ કે તે ભોગયોનીને પ્રાપ્ત થયો છે. સમય જતાં તે મરી જશે,ત્યારે આપણે કહીશું કે,'તે મરી ગયો.' પરંતુ ખરેખર તે મરી નથી ગયો, એનાં પાપકર્મ પૂરાં થયાં એટલે એની યોની બદલાઈ ગઈ. આપણે સમજવાનું એટલું જ કે પશુયોની, દુષ્કૃત્યના ફળરૂપે મળેલી સજા ભોગવવાની ભોગયોની છે તેમ દેવયોની પુણ્યકર્મના સંચયનું સુખ ભોગવવાની ભોગયોની જ છે, માત્ર મનુષ્યયોની જ કર્મયોની છે. મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે. માટે તે નરમાંથી નારાયણ થઈ શકવાની તાકાત ધરાવે છે, નરમાંથી દેવતા બની સ્વર્ગલોક પ્રાપ્ત કરવાનું તેનું સામર્થ્ય છે. વળી તેને સ્વતંત્રતા બક્ષવામાં આવી છે માટે ખરાબ કર્મ કરી, બુદ્ધિને ગેરમાર્ગે દોરી, પશુયોનીમાં પણ જઈ શકે તેમ છે. આવી સ્વતંત્રતા માત્ર મનુષ્યને જ આપવામાં આવી છે, માટે અહીં કહેવામાં આવ્યું છે કે, **जन्तूनां नरजन्म दुर्लभम् ।**

**ततः पुंस्त्वं दुर्लभम् ।**

'પુરુષપણું એનાથી પણ દુર્લભ છે.' એનો અર્થ કદાપિ એવો ન થાય કે બહેનોને મોક્ષ પ્રાપ્ત ન થઈ શકે, પરમાત્મા પ્રાપ્ત ન થઈ શકે. જે લોકો આપણી પરંપરાથી પરિચિત ન હોય, જે લોકો શાસ્ત્રોનાં રહસ્યોને પામ્યાં ન હોય, તેઓ જ એવું કહી શકે કે સ્ત્રીને મોક્ષનો અધિકાર નથી. આવું કહેનાર ભલે કોઈ ધર્મધુરંધર કેમ ન હોય, છતાં એટલું સ્પષ્ટપણે કહેવું પડે કે તેમને તત્ત્વ સમજાયું નથી, તેમણે શાસ્ત્રનાં ઊંડાણને સ્પર્શ કર્યા વિના સમાજમાં માત્ર ભ્રાંતિ જ ફેલાવવાનો પ્રયત્ન કર્યો છે.

**'पुंस्त्वम्'** પ્રયોગ અત્રે જાતિના સંદર્ભમાં નથી. કોઈ પણ શાસ્ત્રમાં આત્મા પુલિંગ છે, સ્ત્રીલિંગ છે કે નપુંસકલિંગ છે, એવી વાત કહેવામાં આવી નથી. આત્માને ત્રણે જાતિ લાગુ પડે અથવા એક પણ જાતિ લાગુ પાડી શકાય નહીં. આમ હોવાથી અત્રે **पुंस्त्वम्** શબ્દ દ્વારા પૌરુષત્વની વાત કરવામાં આવી છે. જેનામાં પૌરુષત્વ હોય તે મોક્ષમાર્ગનો અધિકારી છે. પુરુષનું શરીર હોય છતાં પૌરુષત્વ ન હોય તેવા કેટલાય હોય છે. માટે પૌરુષત્વ અર્થાત્ પુરુષ શરીર નહીં. શરીર પુરુષનું હોય કે સ્ત્રીનું, પણ જેનામાં ખુમારી

હોય, જે ઉહાપોહ કરી શકે તેમ હોય, તેવાને અહીં પુરુષ કહેવામાં આવ્યો છે. અત્રે વ્યાવહારિક રીતે કહેવામાં આવતાં સ્ત્રી કે પુરુષની વાત કરવામાં આવી નથી. સ્ત્રીને જો ખરેખર મોક્ષનો અધિકાર જ ન હોય તો પછી ઉપનિષદોમાં મોટામાં મોટી બ્રહ્મવાદિની તરીકે ગાર્ગી અને મૈત્રેયીના નામનો ઉલ્લેખ શા માટે છે? આથી સ્પષ્ટ છે કે ઉપનિષદોએ પુરુષ કે સ્ત્રીના શરીરને મહત્ત્વ આપ્યું નથી. એટલું જ નહીં, સુલભા પણ એક સ્ત્રી હતી. જનકરાજાને એવું કહેવામાં આવ્યું હતું કે તારે જ્ઞાન જોઈતું હોય તો સુલભાના શરણે જા. રાજા જનક પણ સુલભાના ચરણસ્પર્શ કરીને કહે છે, " હે દેવી! તારી કૃપાથી મને આ જ્ઞાન લાધ્યું." વાસ્તવિકતા આવી હોવાથી જો કોઈ પણ એવી વાત કરે કે ' સ્ત્રીને મોક્ષનો અધિકાર નથી તો એ મૂર્ખામીની પરાકાષ્ઠા સિવાય કંઈ જ નથી, સ્વયં મૂર્ખતામાં બહેકીને સમાજને બહેકાવવાનો પ્રયાસ માત્ર છે.

શંકરાચાર્યજી અહીં પુરુષ શરીરની વાત કરતા નથી, પણ પૌરુષત્વ-ખુમારીની વાત કરે છે. આત્મજ્ઞાનના પંથે ચાલવું હોય તો સત્ય માટે ફના થવાની ખુમારી જોઈએ, શૌર્ય જોઈએ, માટે જ કહ્યું છે કે,

" **क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति ।** "

(કઠોપનિષદ, ૧-૩-૧૪)

" તત્ત્વજ્ઞાનીઓ તે માર્ગને છરાની તીક્ષ્ણ કરેલી દુરસ્ત ધાર જેવો અત્યંત દુર્ગમ કહે છે " તત્ત્વજ્ઞાનનો રસ્તો છરાની ધાર જેવો છે, એવા રસ્તા ઉપર જે કોઈ નીકળી પડે તે પૌરુષત્વયુક્ત છે. શરીર પુરુષનું હોય પણ મોક્ષમાર્ગે ચાલતાં ડરતો હોય, સ્વપ્ન જેવા સાંસારિક પદાર્થોને સાચા માની આસક્તિયુક્ત થઈ વળગી રહેતો હોય, વળગણ સગપણનો ઉચ્છેદ કરવાની તાકાત જેનામાં ન હોય અને ભીરુ, કાયર કે બાયલા જેવો હોય તેવો વ્યક્તિ પુરુષ હોવા છતાં સ્ત્રૈણ વૃત્તિવાળો પૌરુષત્વહીન કહેવાય છે. સ્ત્રીને મોક્ષનો અધિકાર નથી, આવી ભ્રાંતિમાંથી સમાજે બહાર નીકળવાની જરૂર છે. અહીં 'પુરુષ' શબ્દથી જાતિ કે લિંગની વાત કરવામાં આવી નથી, માત્ર પૌરુષત્વની જ વાત કરવામાં આવી છે. આ પ્રમાણે શાસ્ત્રના તાત્પર્યને સાચા અર્થમાં ગ્રહણ કરીને, આપણે

આ શાસ્ત્રને, આ પરંપરાને, આ દેશની સંસ્કૃતિને નમન કરવાની જરૂર છે કે જેમાં કોઈ પણ ભેદભાવ વિના આત્મજ્ઞાનનો રસ્તો, સર્વ સમક્ષ સરિયામ ખુલ્લો મુકવામાં આવેલો છે.

**ततः विप्रता दुर्लभा ।**

'વિપ્રતા દુર્લભ છે અર્થાત્ બ્રાહ્મણ થવું મુશ્કેલ છે.' અહીં બ્રાહ્મણ કુટુંબમાં જન્મ લઈને બ્રાહ્મણ થવાની વાત નથી. કોણે ક્યાં જન્મ લેવો એ કંઈ કોઈના પોતાના હાથની વાત નથી. 'વિપ્રતા' શબ્દનો અર્થ તત્ત્વના સંદર્ભમાં જ થવો જોઈએ. વિપ્ર અર્થાત્ બ્રાહ્મણ, તેનો પર્યાય શબ્દ દ્વિજ છે. જેનો જન્મ બે વખત થયો છે તે દ્વિજ કહેવાય છે. માતાની કૂખે જન્મ થયો તે તેનો પહેલો જન્મ છે. ત્યારબાદ અવિદ્યાના ગર્ભમાંથી મુક્ત થઈને જ્ઞાનમાં પ્રવેશ કરે છે ત્યારે એનો બીજો જન્મ કહેવાય છે. ભગવદ્ગીતાએ ખૂબ જ સ્પષ્ટ કહ્યું છે કે જન્મથી કોઈ બ્રાહ્મણ છે જ નહીં. જન્મથી કોઈ ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર પણ નથી. જન્મથી કોઈપણ વ્યક્તિની જાતિ નક્કી થઈ શકે નહીં.

''**चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।**'' (ભ.ગીતા– ૪/૧૩)

''ગુણ અને કર્મના વિભાગ પ્રમાણે ચાર વર્ણોની રચના મારા દ્વારા થઈ છે.'' વર્ણવિભાગની રચના કરનાર સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન જ કહે છે કે, મેં વ્યક્તિના ગુણ અને કર્મને લક્ષ્યમાં રાખીને જ ચારે વર્ણોની રચના કરી છે. જે વ્યક્તિના જેવા ગુણ હોય તેવાં તેના કર્મ હોય છે અને કર્મ પ્રમાણે જ તેમનો વર્ણ નક્કી થાય છે. બ્રાહ્મણ કુટુંબમાં જન્મ લેનાર બ્રાહ્મણ જ હોય તેવું જરૂરી નથી, તેમ જ શૂદ્ર કુટુંબમાં જન્મ લેનાર શૂદ્ર જ હોય તેવું પણ નથી. માત્ર ગીતામાં જ નહીં ઉપનિષદોમાં પણ આવું જ કહેવાયું છે. બૃહદારણ્યક ઉપનિષદમાં ઋષિ યાજ્ઞવલ્ક્ય ગાર્ગીને સંબોધીને બ્રાહ્મણની વ્યાખ્યા આપે છે.

''**यो वा एतदक्षरं गार्गी विदित्वा अस्माल्लोकात् प्रैति स ब्राह्मणः ।**''

'' હે ગાર્ગી ! જે કોઈ આ અવિનાશી પરબ્રહ્મને જાણીને આ લોકથી જાય છે તે બ્રાહ્મણ છે.'' કોઈ પણ વ્યક્તિ ભલે ગમે તે કુળમાં જન્મી હોય, પણ જો મરતાં પહેલાં પરબ્રહ્મને જાણી લે તો તે બ્રાહ્મણ કહેવાય છે. આ શાસ્ત્રપ્રમાણ

પણ ઉપનિષદના મહાન ઋષિ યાજ્ઞવાલ્ક્ય પાસેથી મળે છે.

આપણી વર્ણવ્યવસ્થાની અંદર પણ ચારે ચાર વર્ણો સમાજના અવિભાજ્ય અંગો છે, એવું સમજાવવામાં આવ્યું છે. આપણા શરીરના હાથ, પગ, મગજ, ફેફસાં વગેરે અવયવોમાં, કોઈને શ્રેષ્ઠ કે કોઈને નિકૃષ્ટ કહી શકાય નહીં. જે એકબીજાના પૂરક છે તેમને એકબીજાથી છૂટા પાડી શકાય જ નહીં. બધા અંગો અવિભાજ્ય છે, એકબીજાના પૂરક છે અને માટે જ બધાં સરખાં જ મહત્ત્વનાં છે. બસ એ જ પ્રમાણે આ સમાજના અવિભાજ્ય અંગ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. તેમાંના કોઈને ઊંચો કહેવો એ તો ફેફસાંથી મગજને છૂટું પાડી, ફેફસાં વિનાના મગજને શ્રેષ્ઠ કહેવા તુલ્ય છે. ફેફસાં વિના મગજ ન ટકી શકે અને મગજ વિના ફેફસાં ન ટકી શકે, તેમને છૂટા પાડી તેમાંના કોઈને મહત્ત્વનું કહેવું, એ તો મૂર્ખતામાત્ર છે. ચારે વર્ણો અવિભાજ્ય છે અને માટે જ તેઓ સરખાં જ મહત્ત્વનાં છે. આવું શાસ્ત્રો દ્વારા સમજાવવામાં આવ્યું છે છતાં આપણે જો ન સમજ્યા હોઈએ, તો શાસ્ત્રોનો વાંક નથી, પણ સમજનારનો છે. શાસ્ત્રોમાં જે લખ્યું છે તે યથાર્થ સમજાયું નથી, માટે જ વર્ણના નામે સંઘર્ષ છે. વર્ણો વચ્ચેના સંઘર્ષને દૂર કરવા શાસ્ત્રોના અભિપ્રાયને સાચી રીતે સમજવાની જરૂર છે.

શંકરાચાર્યજીને પરમતત્ત્વ સમજાવવું છે માટે તેમના શબ્દો કદાપિ શરીરના સંદર્ભમાં હોઈ શકે નહીં. માત્ર યજ્ઞોપવિત (જનોઈ) પહેરનારને, આપણા શાસ્ત્રમાં બ્રાહ્મણ તરીકે સ્વીકારી શકાય તેમ નથી. સત્યના સંશોધન માટે જીવન સમર્પણ કરે તે બ્રાહ્મણ, જડ જગતની પરવા ન કરતાં જગતના મૂળનો વિચાર કરે તે બ્રાહ્મણ. જડ જગતના મૂળ શોધવાનો જેમણે જીવનભર પ્રયત્ન કર્યો, તેવા આઈન્સ્ટાઈન કે ગેલેલીયો, ભલે ભારતમાં ન જન્મ્યા હોય, છતાં તેમને બ્રાહ્મણ કહેવામાં આપણને વાંધો નથી. કર્મથી જ આપણે બ્રાહ્મણ, ક્ષત્રિય,વૈશ્ય કે શૂદ્ર બનીએ છીએ, જન્મથી નહીં. બ્રહ્મને પરમલક્ષ્ય બનાવીને પરબ્રહ્મના રસ્તે પ્રયાણ કરનારો હોય તે બ્રાહ્મણ છે. સર્વાધિષ્ઠાન બ્રહ્મને ખાતર સર્વ કર્મોનો સંન્યાસ કરનારો બ્રાહ્મણ છે. હજી

આગળ વધીને કહીએ તો નિરંતર, પરબ્રહ્મનું ચિંતન-મનન કરનારો, બ્રહ્મમાં રમણ કરનારો બ્રાહ્મણ છે. માટે અત્રે આપણે સમજવાનું કે વિપ્ર થવું અર્થાત્ વિદ્યાપરાયણ થવું. અવિદ્યાનો નાશ કરવા જ્ઞાનમાર્ગે પ્રયાણ કરનારો જ બ્રાહ્મણ કહેવાય છે. એવા બ્રાહ્મણ થવું દુર્લભ છે, એવો શાસ્ત્રનો અભિપ્રાય છે.

**तस्मात् वैदिकधर्ममार्गपरता दुर्लभा ।**

તેનાથી પણ વૈદિકધર્મપરાયણતા દુર્લભ છે. વૈદિકધર્મપરાયણતા અર્થાત્ વૈદિકધર્મનું અનુસરણ કરવું. આપણે આપણા ઘરની દીવાલો પર

**'अहिंसा परमो धर्मः ।', 'सत्यमेव जयते ।', 'मातृदेवो भव ।',**
**'आचार्यदेवो भव ।', 'पितृदेवो भव ।', 'अतिथिदेवो भव ।'**

ઇત્યાદિ વૈદિક સૂત્રો લટકાવીએ છીએ, પરંતુ માત્ર સૂત્રો લટકાવવાથી વૈદિકધર્મપરાયણ થઈ શકાય નહીં. મોટાભાગના લોકોના જીવનમાં આદર્શ અને આચરણ વચ્ચે બહુ મોટો સંઘર્ષ હોય છે. આદર્શ પ્રમાણે આચરણ કરવું સહેલું નથી એટલા જ માટે અહીં કહેવામાં આવ્યું છે કે વૈદિક ધર્મપરાયણ થવું દુર્લભ છે. આ એક એવો માર્ગ છે જ્યાં ધર્મથી વિમુખ થઈને ચાલી શકાય તેમ નથી. મોક્ષના અધિકારી બનવું હોય તો અહિંસાનું પાલન, સત્ય બોલવું, વિગેરે શાસ્ત્રોક્ત સિદ્ધાંતો જીવનમાં રાખવા જ પડશે. વેદો પ્રમાણે જીવન જીવવા માટે શંકરાચાર્યજીએ સાધનપંચકમાં બતાવેલા માર્ગને અનુસરવું પડશે.

**"वेदो नित्यमधीयतां तदुदितं कर्म स्वनुष्ठियतां**
**तेनेशस्य विधियतामपचितिः काम्ये मतिस्त्यज्यताम् ।"**

"વેદોનું નિત્ય અધ્યયન કરવું, તેમાં કહેલા કર્મોનું સારી રીતે આચરણ કરવું, તે કર્મો વડે ઈશ્વરની અર્ચના કરવી અને કામ્યકર્મોનો ત્યાગ કરવો." વેદપરાયણ થવા સૌથી પ્રથમ વેદોનું અધ્યયન કરવું પડશે અને ત્યારબાદ વેદોએ બતાવેલાં કર્મોનું અનુષ્ઠાન કરવાનું છે, અર્થાત્ વેદોએ જેને વિહિત કહ્યાં છે તે કર્મો કરવાના અને જેનો નિષેધ કર્યો છે તે કર્મોનો ત્યાગ કરવાનો છે. વેદોએ કહેલાં વિધિનિષેધોનું પાલન કરવું મુશ્કેલ અવશ્ય છે

પણ અશક્ય નથી. વેદે કહેલાં વિધિ અને નિષેધોનું પાલન કરતાં કરતાં ધાર્મિક જીવન જીવી શકાય તેમ છે અને એટલા જ માટે ચાર પુરુષાર્થોમાં ધર્મ પ્રથમ છે. વૈદિક આદર્શો પ્રમાણે જીવન જીવવનો જેનો નિશ્ચય છે તેને અહીં વૈદિકધર્મપરાયણ કહ્યો છે,તેનો જ મોક્ષમાં અધિકાર છે.

**विद्वत्वं अस्मात् परम् ।**

'વિદ્વત્તા એનાથી પણ પર છે.' વિદ્વત્તા પ્રાપ્ત કરવી એટલે માત્ર શાસ્ત્રના પોથાં કે થોથાં યાદ રાખવાં એવો અર્થ નથી. શાસ્ત્રોના શબ્દોને છોડી તાત્પર્યને ગ્રહણ કરનારો જ સાચો વિદ્વાન છે. શાસ્ત્રનું તાત્પર્ય સમજીને આવો વિદ્વાન દરેક વસ્તુને તત્ત્વથી જાણે છે માટે તે તત્ત્વદર્શી પણ કહેવાય છે. જે તત્ત્વદર્શન કરે છે તે જ સમ્યગ્દર્શી થઈ શકે છે.જે વિદ્વાન નામ અને આકારનો બાધ કરીને અંતરાત્માને જોનારો સમ્યગ્દર્શી છે તેને કૃષ્ણ ભગવાન પંડિત કે વિદ્વાન કહે છે. **पण्डिताः समदर्शिनः ।** (ભ.ગીતા-૫/૧૮) આવી સમદૃષ્ટિ જ તત્ત્વાર્થે વિદ્વત્તા છે, જેની પ્રાપ્તિ અત્રે દુર્લભ કહેવામાં આવી છે. **आत्मानात्मविवेचनम् ।**આત્મા અને અનાત્માનો વિવેક દુર્લભ છે. શરીરને હું માનવાને લીધે જ આપણે સંસારને પ્રાપ્ત થયા છીએ. ખરેખર શરીર અનાત્મા છે અને આત્મા શરીરથી જુદો જ્ઞાનસ્વરૂપ છે. આત્મા અને અનાત્માનો ભેદ ન જાણવાને લીધે અજ્ઞાનવશ આપણે પોતાને શરીર માની લીધું છે. હવે આ અજ્ઞાનનો નાશ કરવા સૂક્ષ્મબુદ્ધિ દ્વારા આત્માને અનાત્માથી જુદો કરીને જાણવો જોઈએ. સૂક્ષ્મબુદ્ધિ દ્વારા આત્મા અને અનાત્માને પૃથક જાણવાની શક્તિને અત્રે આત્માનાત્મવિવેક કહ્યો છે. વિવેક દ્વારા આત્માને અનાત્માથી જુદો જાણીને, સ્વસ્વરૂપનો અનુભવ કરવો એનાથી પણ દુર્લભ છે, માટે કહ્યું કે **स्वनुभवः दुर्लभः ।** સ્વસ્વરૂપનો અનુભવ કે સાક્ષાત્કાર અતિ દુર્લભ છે. અંતે જીવ-બ્રહ્મના ઐક્યરૂપી બ્રહ્મનિષ્ઠાની પ્રાપ્તિ દુર્લભતમ છે, દુર્લભતાની પરાકાષ્ઠા છે.

નિષ્કર્ષમાં અત્રે સમજવાનું કે જીવ બ્રહ્મ જ છે એવું જ્ઞાન નહીં થાય તો સો કરોડ જન્મો સુધી પણ મુક્તિ પ્રાપ્ત થાય તેમ નથી. અનેક

જન્મોના પુણ્યકર્મોથી જેનું અંતઃકરણ શુદ્ધ થયું નથી તેને આવું જ્ઞાન થઈ શકે તેમ નથી, માટે મોક્ષ કે મુક્તિ ખરેખર દુર્લભ છે.

(છંદ–અનુષ્ટુપ)

**दुर्लभं त्रयमेवैतद् देवानुग्रहहेतुकम् ।**
**मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ।।३।।**

| | | | |
|---|---|---|---|
| **मनुष्यत्वम्** | = મનુષ્યપણું | **एतद्** | = આમાં |
| **मुमुक्षुत्वम्** | = મોક્ષની ઇચ્છા | **देवानुग्रह–** | = પરમાત્માની |
| **महापुरुष–संश्रयः** | = મહાપુરુષોનો સમાગમ | **हेतुकं एव** | કૃપા જ કારણ |
| **त्रयं दुर्लभम्** | = (એ) ત્રણ દુર્લભ (છે) | | છે. |

મનુષ્યજન્મ, મોક્ષની ઇચ્છા અને મહાપુરુષનો સમાગમ; આ ત્રણેનું એક જ વ્યક્તિમાં હોવું અત્યંત દુર્લભ છે. અનેક જન્મોના પુણ્યકર્મોનો પરિપાક થાય ત્યારે ઈશ્વરની કૃપાથી જ, કોઈ ભાગ્યશાળીને આ ત્રણેની પ્રાપ્તિ થાય છે. મનુષ્યજન્મની દુર્લભતાનો પૂર્વે ઘણો વિચાર કરવામાં આવ્યો છે. જેમને મનુષ્યજન્મ પ્રાપ્ત છે, તેઓમાં પણ બધાને મોક્ષની ઇચ્છા હોતી નથી. જેમને મોક્ષની ઇચ્છા જ નથી તેમને સત્સંગપ્રેમી બનાવવા કઠિન છે અને કદાચ સત્સંગમાં લાવીશું તો પણ તેમનું મુમુક્ષુમાં રૂપાંતરણ કરવું તો અતિ કપરું છે. તેમ છતાં સજ્જનો અને સાત્ત્વિક સંસ્કારથી સભર સંતો નિમિત્તભાવે તેવો પ્રયત્ન કરવામાં કદી પાછા પડતા નથી. મોક્ષની ઇચ્છા થવામાં પૂર્વજન્મોના સંસ્કાર કારણ છે માટે જેમને પૂર્વજન્મોના સંસ્કાર નથી તેમને મોક્ષની ઇચ્છા થઈ શકતી નથી. જેમનામાં પૂર્વજન્મોના સંસ્કાર સુષુપ્ત હોય છે, તેઓ નાની ઉંમરે, કુમળી વયે પણ મોક્ષમાર્ગે નીકળી પડે છે. તેવા પુણ્યશાળી જીવાત્માઓનાં કાને સત્સંગનો શબ્દ પડતાં જ, તેમના સુષુપ્ત સંસ્કાર જાગૃત થઈ જાય છે અને પરવશ બનાવી તેમને મોક્ષમાર્ગે દોરી જાય છે.

"**पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।**" (ભ.ગી–૬-૪૪)
"પૂર્વના અભ્યાસ વડે અવશ બનીને તે મોક્ષ માર્ગ તરફ ખેંચાય છે." પૂર્વના

સંસ્કારો પ્રબળ હોય તો વ્યક્તિ ન ઇચ્છે છતાં પણ તેને મોક્ષમાર્ગે ખેંચી જાય છે. આપણે કોઈને મોક્ષમાર્ગે જતો અટકાવી પણ શકીએ નહીં. મોક્ષેચ્છા પૂર્વના પુણ્યકર્મોનું ફળ છે તેમાં ઈશ્વરનો અનુગ્રહ'જ કારણ છે.

મુમુક્ષુઓમાં પણ કોઈને માત્ર મોક્ષ જોઈએ છે અને અન્યને મોક્ષ તો જોઈએ છે પણ સાથે સાથે જીવનના ભોગ પણ જોઈએ છે. જેના જીવનનો એવો દૃઢ નિશ્ચય છે કે, 'મારે મોક્ષ સિવાય કંઈ જ જોઈતું નથી, મોક્ષથી વધુ ન જોઈએ, ઓછું પણ ન જોઈએ, તે જ સાચા અર્થમાં મુમુક્ષુ છે. આવી મુમુક્ષા જ, મોક્ષના અધિકારીનું લક્ષણ છે. બધા માણસોમાં આવી તીવ્ર મુમુક્ષા હોતી નથી, તે મંદ મુમુક્ષાવાળા એવું વિચારે છે કે, જીવન ઘણું લાંબુ છે, જીવનનાં અંતિમ દિવસોમાં મોક્ષ માટે પ્રયત્ન કરીશું. આવા લોકોને મોક્ષ તો જોઈએ છે, પણ જગતના ભોગ છોડવા તૈયાર નથી. શરીર યુવાન છે ત્યાં સુધી જગતના ભોગ ભોગવવા છે, જયારે શરીર ભોગ ભોગવવા માટે સમર્થ નહીં રહે, ત્યારે મોક્ષ માટે પ્રયત્ન કરવાનું તેઓ વિચારે છે. સત્સંગ માટે ખાસ સમય ફાળવવાની તેમને જરૂર લાગતી નથી, પરંતુ ભોગ ભોગવતાં ભોગવતાં વચ્ચે ક્યારેક સમય મળી જાય તો સત્સંગમાં જવામાં પણ તેમને વાંધો હોતો નથી. આવી મંદ મુમુક્ષા, મોક્ષરૂપી ફળ આપવા સમર્થ થતી નથી, જેને ખરેખર મુક્ત થવું છે તેણે મુમુક્ષાને તીવ્ર બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સત્સંગ જ તેનું ઓસડ છે, સત્સંગ કરતા રહેવાથી મુમુક્ષા તીવ્ર થતી જાય છે.

સત્સંગના ફળનો આધાર, સત્સંગમાં જવાના ઉદ્દેશ પર આધાર રાખે છે. બધા સત્સંગપ્રેમીઓનું લક્ષ્ય મોક્ષ હોતું નથી. કેટલાક જીવનમાં હતાશા, નિરાશા કે નિષ્ફળતાનું દુ:ખ ઓછું કરવાના પ્રયાસને લીધે સત્સંગમાં જોડાતા હોય છે તો કેટલાક જીવનની કંટાળાભરેલી પરિસ્થિતિથી મનને વાળવા માટે સત્સંગરત થતા હોય છે, તો વળી કેટલાક ભયને લીધે સત્સંગમાં જતા હોય છે. મૃત્યુ પાસે આવતાં દરેકને ભય રહે છે કે મારી સદ્ગતિ થશે કે અવગતિ? આવા ભયને લીધે સત્સંગમાં આવનારાની આપણા દેશમાં કમી

નથી.વળી, કેટલાક પ્રતિષ્ઠા માટે સત્સંગમાં જતા હોય છે, તેઓ એવું ઇચ્છે છે કે 'હું પણ ધાર્મિક છું, એવી સમાજને ખબર પડવી જોઈએ.' નિષ્કર્ષમાં, જેઓ જીવનમાં મળેલી નિષ્ફળતાથી પ્રેરાઈને, અવગતિના ભયથી પ્રેરાઈને, પ્રતિષ્ઠા માટે કે સમય પસાર કરવા માટે સત્સંગમાં જતા હોય તેમને શંકરાચાર્યજી મુમુક્ષુ કહેતા નથી. સાચો મુમુક્ષુ તે જ છે જે કેવળ મોક્ષ માટે સત્સંગમાં જાય છે. આવી મુમુક્ષા પ્રાપ્ત થતાં મોક્ષની પ્રાપ્તિ સરળ બની જાય છે. ઈશ્વરની અપાર કૃપા હોય તો જ આવી મુમુક્ષા પ્રાપ્ત થાય છે.

મનુષ્યજન્મની પ્રાપ્તિ બાદ મોક્ષપ્રાપ્તિની ઇચ્છા થવી તે બન્ને ઈશ્વરકૃપા વિના સંભવ નથી. જો કોઈને ઈશ્વરકૃપાથી મનુષ્યજન્મ અને મુમુક્ષા બન્ને પ્રાપ્ત હોય છતાં જો પથદર્શક ન મળે, તો બન્ને નકામાં અને નિરર્થક બની જાય છે. આત્મજ્ઞાનનું શ્રવણ કરાવે તેવા મહાત્મા કે ગુરુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સ્વસ્વરૂપનું જ્ઞાન થતું નથી. કેટલાક જ્ઞાનીગુરુની પાસે જ રહેતા હોય, છતાં તેમને મોક્ષની ઇચ્છા નથી હોતી માટે જ્ઞાન થતું નથી. માટે સંતોએ ગાયું છે,

દાયણ બિચારી શું કરે, મુદ્દે હમેલ રહ્યા નથી;<br>
જ્ઞાની ગુરુજી શું કરે, છતમાં જખમ લાગ્યા નથી.<br>
અજી કૌરવો જાતે મરે, પ્રીતિ ધર્મથી અવળા ફરે;<br>
ખુદ કૃષ્ણજી ત્યાં શું કરે, મદ મોહ કામ ગયા નથી.<br>
(સાગર મહારાજ)

જગદ્‌ગુરુ તરીકે સ્વીકારાયેલા હોવા છતાં ભગવાન શ્રીકૃષ્ણ કૌરવોના સાથ, સંગાથ અને સાંનિધ્યમાં રહીને પણ કૌરવોને જ્ઞાનદાન આપી શક્યા નહીં. કારણકે કૌરવોનું બુદ્ધિરૂપી પાત્ર જ કાણાવાળું અને ઊંધુ હતું. તેથી તેઓ ન તો જ્ઞાનગ્રહણ કરી શક્યા કે ન તો શિષ્યભાવે શરણાગતિનો સ્વીકાર કરી શક્યા. આમ, દુર્ભાગ્યે કેટલાંયને સંતસમાગમ ઉપલબ્ધ હોય છતાં સ્વયંની પાત્રતાના અભાવે ન મળે મોક્ષ કે ન થઈ શકે તે મુમુક્ષુ. મોક્ષની ઇચ્છા હોય, પણ ગુરુ ન મળે તો પણ નિરર્થક અને ગુરુ પાસે હોય, પણ મોક્ષની ઇચ્છા જ

ન હોય તો પણ જીવનમાં સરિયામ નિષ્ફળતા જ છે. જેમને મોક્ષની ઇચ્છા પણ છે અને ગુરુ પણ પ્રાપ્ત છે, તે ખરેખર પરમાત્માની પસંદગીનું પ્રિય પાત્ર બની ચૂકેલા છે. જે મુમુક્ષુઓને સંત કે મહાત્માનો સમાગમ ઉપલબ્ધ છે અને જેઓ સદ્ગુરુશરણ લઈ શક્યા છે તેમનું આ છેલ્લું મરણ છે અગર કહો કે તેમનો અંતિમ આ જન્મ છે.

(છંદ-ઇન્દ્રવંશા)

**लब्ध्वा कथञ्चिन्नरजन्म दुर्लभं**
**तत्रापि पुंस्त्वं श्रुतिपारदर्शनम् ।**
**यः स्वात्ममुक्तौ न यतेत मूढधीः**
**स आत्महा स्वं विनिहन्त्यसद्ग्रहात् ।।४।।**

**कथञ्चित्** = કોઈ પણ પ્રકારે કરીને
**दुर्लभम्** = દુર્લભ (એવો)
**नरजन्म** = મનુષ્યજન્મ
**लब्ध्वा** = પ્રાપ્ત કરીને
**तत्र अपि** = તેમાં પણ
**श्रुतिपारदर्शनम्** = વેદોના અર્થનો પાર (વેદોનું તાત્પર્ય) જાણી શકાય
**पुंस्त्वम्** = (એવા)પુરુષત્વને (પામીને)
**यः मूढधीः** = જે મૂઢમતિ
**स्वात्ममुक्तौ** = પોતાની મુક્તિ માટે
**न यतेत** = પ્રયત્ન નથી કરતો
**सः आत्महा** = તે આત્મઘાતી
**असद्ग्रहात्** = મિથ્યા સંસારમાં આસક્તિને કારણે
**स्वम्** = પોતાની જાતને
**विनिहन्ति** = હણે છે.

મનુષ્યજન્મ પ્રાપ્ત હોવા છતાં, શ્રુતિના તાત્પર્યને જાણી શકે તેવું પૌરુષત્વ હોવા છતાં, જે કોઈ આ જીવાત્માને બંધનમાંથી મુક્ત કરવા માટે પ્રયત્ન કરતો નથી, તે પોતાની જાતને હણનારો છે, આત્મઘાત કરનારો છે, આત્મહનન કરનારો છે. વાસનાથી પ્રેરાઈને, કર્તાભાવસહિત થયેલું કર્મ, જીવાત્માનું સૌથી મોટું બંધન છે. આવાં કર્મો આપણે માત્ર જાગ્રત અવસ્થામાં જ કરતાં નથી, સ્વપ્નાવસ્થામાં પણ ઉપચેતન મનનું માનસિક કર્મ ચાલતું જ હોય છે. અવસ્થાભેદથી મનનાં ચાર પ્રકાર છે; ચેતન મન, અચેતન મન,

ઉપચેતન મન અને પરાચેતન મન. જાગ્રત અવસ્થામાં સ્થૂળ શરીર અને ઇન્દ્રિયો દ્વારા જે કંઈ કર્મ કરીએ છીએ તે ચેતન મન દ્વારા થતાં હોય છે, અર્થાત્ જાગ્રત અવસ્થામાં આપણે ચેતન મન દ્વારા જ બોલીએ છીએ, સાંભળીએ છીએ, ચાલીએ છીએ, વિચારીએ છીએ. સ્વપ્નાવસ્થા સમયે સ્વપ્નસૃષ્ટિમાં આપણે જે વિહાર કરીએ છીએ, વ્યવહાર કરીએ છીએ, તેનું સંચાલન ઉપચેતન મન કરે છે. જાગ્રત અવસ્થામાં અતૃપ્ત રહેલી વાસનાઓ અચેતન મનમાં સંગ્રહિત થાય છે. અચેતન મન ભંડાર કે કોઠારનું કામ કરે છે. જેમ રસોડાની બાજુમાં રાખેલા ભંડારમાંથી, જરૂર મુજબની વસ્તુ કાઢીને રોજ આપણે ભોજન તૈયાર કરીએ છીએ, તેમ અચેતન મનરૂપી ભંડાર કે સંગ્રહસ્થાનમાંથી વાસનાઓ લઈને આપણું ઉપચેતન મન સ્વપ્નનું સર્જન કરતું રહે છે. જાગ્રત અને સ્વપ્ન બન્ને અવસ્થાઓમાં સતત કર્મ થતું રહે છે. શરીર જાગતું હોય કે ઊંઘતું હોય, સ્થૂળસૃષ્ટિમાં સ્થૂળશરીરનું કર્મ હોય કે સૂક્ષ્મ સ્વપ્નસૃષ્ટિમાં મનનું કર્મ હોય, પણ એક વાત નિશ્ચિત છે કે આપણે સતત કર્મ કરતાં હોઈએ છીએ.

કર્મ કરતી વખતે આપણને સતત એવું ભાન રહે છે કે 'હું કર્તા છું'. વસ્તુતઃ જે કર્મ શરીર દ્વારા થાય છે તે શરીરનું કર્મ છે આત્માનું નથી. જે માનસિક કર્મ થાય છે તે મનનું છે, નિર્ણય લેવાનું જે કર્મ થાય છે તે બુદ્ધિનું છે અને બોલવાનું જે કર્મ થાય છે તે વાણીનું છે. આમ, કર્મ મારાં નથી માટે હું કર્તા હોઈ શકું નહીં. હું શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર અને તેમના કર્મોને જાણનારો તેમનો સાક્ષી છું. હું સાક્ષી છું માટે જ બોલતાં બોલતાં વાણીથી જો ભૂલ થઈ જાય તો મને સમજાય છે અને હું ભૂલ સુધારી શકું છું. હું બુદ્ધિનો સાક્ષી હોવાથી જ એમ કહું છું કે 'મારી બુદ્ધિ બહેર મારી ગઈ છે,' 'હમણાં નિર્ણય લઈ શકું તેમ નથી'. આત્મસ્વરૂપથી હું શરીર અને ઇન્દ્રિયોનો સાક્ષી છું પણ જ્યારે પોતાને શરીર કે ઇન્દ્રિય માનીને કર્મ કરું છું ત્યારે હું કર્તા બનું છું. જો કર્તા બનીએ તો ભોક્તા પણ બનવું જ પડે, કારણ કે ફળ-પ્રાપ્તિના વિષયમાં આપણે પરતંત્ર છીએ. જ્યાં જ્યાં ક્રિયા છે ત્યાં ત્યાં પ્રતિક્રિયા છે અને કોઈ પણ ક્રિયા પ્રતિક્રિયા રહિત હોતી નથી. કર્મ થાય

એટલે ફળ અવશ્ય મળે અને કર્મનો કર્તા ફળથી કદાપિ છૂટી શકે નહીં. જો કર્મનું ફળ આ જન્મે ન મળે તો કર્મફળની પ્રબળ વાસના બીજું શરીર ધારણ કરવા પ્રેરે છે. નેવું વર્ષની ઉંમરે પહોંચેલું શરીર, અમુક કર્મફળ ભોગવવામાં સાથ આપી શકે તેમ ન હોય, તો તે કર્મફળનો ભોગ કરવા બીજું શરીર ધારણ કરવાની ફરજ પડે છે. નવા યુવાન શરીરને પ્રાપ્ત કરવા માટે આ વૃદ્ધ શરીર છોડીને, બીજું શરીર ધારણ કરવું પડે છે. અનેક પ્રકારના કર્મોના ફળ ભોગવવા, વારંવાર શરીર ધારણ કરવું પડે છે અને છોડવું પડે છે, અર્થાત્ જન્મવું પડે અને મરવું પડે છે. આમ, મોક્ષની પ્રાપ્તિ માટે પ્રયત્ન ન કરનાર વારંવાર પોતાની જાતને મૃત્યુના મુખમાં ધકેલી રહ્યો છે માટે તેને **'आत्महा'**અર્થાત્ પોતાને જ હણનારો કહ્યો છે.

અન્ય અભિગમથી વિચાર કરતાં, એક બીજો અર્થ અભિપ્રેત થાય છે. જ્યાં સુધી જ્ઞાન ન થાય કે હું સચ્ચિદાનંદ આત્મા છું ત્યાં સુધી અજ્ઞાનમાં આપણે પોતાને શરીર માનીએ છીએ. શરીર ચેતન નથી પરંતુ જડ છે. શરીરની જડતા સૌ કોઈ જાણે છે કારણકે પ્રાણ(જીવ) નીકળી ગયા પછી નિશ્ચેષ્ટ થયેલાં શરીરો બધાએ જોયા છે. જે જડ હોય તે કદી જીવિત ન હોઈ શકે. જેમ ટેબલ, ખુરશી, આદિ જડ છે માટે સદા મરેલાં જ છે તેમ જો શરીર જડ છે તો સદા મરેલું જ કહેવાય. જે ક્ષણે આપણે નિર્ણય કર્યો કે હું શરીર છું તે જ ક્ષણે આપણે જડ થયા અને આપણે આપણી જાતને મરેલી જાહેર કરી. આપણે ચેતન હોવા છતાં, જડ અને મરેલા દેહને 'હું' માન્યું એટલે આપણે આપણું હનન કર્યું કહેવાય.શરીરને માર્યા વિના પણ પોતાને મૃતદેહ માનવું એ આપણે આપણી કરેલી આત્મહત્યા જ છે.

અત્રે સમજવાનું છે કે જે કોઈ આ મિથ્યા જગતમાં, જુઠા જગતમાં આસક્ત બનીને, જડ અને અસત પદાર્થો દ્વારા ભોગ ભોગવીને, ' હું શરીર છું' એવી ભાવના દ્વારા જીવવાનો પ્રયત્ન કરે છે એવા સૌ આત્મહત્યા કરનારા છે. પરંતુ જેઓ શરીરને સ્વયંથી અન્ય માને છે અને પોતાને કર્મના બંધનમાંથી છોડાવવાનો પ્રયાસ કરે છે તેઓ જ ખરેખર પોતાનો ઉધ્ધાર કરે છે. મનુષ્યજન્મ

હોય, પૌરુષત્વ હોય, મોક્ષની ઇચ્છા હોય, સદ્‌ગુરુનો સમાગમ હોય છતાં જો આપણે આત્મજ્ઞાનના પંથે પ્રયત્ન ન કરીએ તો તે પોતાની જાતને હણવા તુલ્ય છે, પોતે જ પોતાના પગ પર કુહાડી મારવા જેવું છે.

(છંદ–અનુષ્ટુપ)

**इतः कोन्वस्ति मूढात्मा यस्तु स्वार्थे प्रमाद्यति ।**
**दुर्लभं मानुषं देहं प्राप्य तत्रापि पौरुषम् ।।५।।**

| | | | |
|---|---|---|---|
| **दुर्लभम्** | = દુર્લભ એવો | **स्वार्थे** | = (તત્ત્વજ્ઞાનરૂપી) સ્વાર્થ સાધવામાં |
| **मानुषं देहम्** | = મનુષ્ય દેહ | | |
| **तत्र अपि** | = તેમાં વળી | **प्रमाद्यति** | = પ્રમાદ કરે છે |
| **पौरुषम्** | = પૌરુષત્વને | **इतः** | = તેના કરતાં |
| **प्राप्य** | = પ્રાપ્ત કરવા | **मूढात्मा** | = મૂઢ બુદ્ધિવાળો |
| **तु** | = છતાં પણ | **नु कः** | = ખરેખર કોણ |
| **यः** | = જે | **अस्ति** | = હોઈ શકે? |

દુર્લભ મનુષ્યશરીરને અને તેમાં પણ પૌરુષત્વ પ્રાપ્ત હોવા છતાં, જે કોઈ સાચો સ્વાર્થ સાધવાનો પ્રયત્ન કરતો નથી તેનાથી મૂર્ખ બીજો કોઈ હોઈ શકે નહીં. જે પરાર્થ હોય અર્થાત્ બીજાને માટે હોય તેમાં પ્રમાદ થાય તે સ્વાભાવિક છે પણ જે પોતાનો સ્વાર્થ સાધવામાં પણ પ્રમાદ કરે છે તેનાથી વધારે મૂર્ખ કે મૂઢ બીજો કોણ હોઈ શકે? પોતાના સ્વરૂપને જાણવામાં જ આપણો સાચો સ્વાર્થ છૂપાયેલો છે કારણકે તેનાથી સર્વ દુઃખોની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

જે જાણે છે કે પોતે જાણતો નથી છતાં જેનામાં શિષ્ય થવાની અને અજ્ઞાન કબૂલાતની તત્પરતા છે તેવી વ્યક્તિએ સંતોની કે સત્પુરુષોની પ્રેરણાનું પાત્ર બનવું જોઈએ. જે જાણતો નથી પરંતુ પોતે જાણે છે તેવો દાવો કરે છે તેવા મૂઢબુદ્ધિ પણ જ્ઞાનીઓના કૃપાપાત્ર બનવા જોઈએ. જે પોતે સ્વયંના આત્મસ્વરૂપને નિઃશંક રીતે જાણે છે અને પોતાના સ્વરૂપજ્ઞાનમાં

સુદૃઢ અને નિઃસંદેહ છે, તેમનું સજ્જનોએ કે મુમુક્ષુઓએ અનુકરણ કરવું જોઈએ. પરંતુ જેઓ પોતે સ્વરૂપ વિશે કંઈ જાણતા જ નથી, ઉપરાંત નથી જાણતા તેવું પણ જાણતા નથી, તેમની સાથે કેવો વ્યવહાર કરવો એ પ્રશ્ન સદાકાળથી ઊભો છે.

જ્યાં સુધી આપણે 'મૂર્ખ' જ છીએ ત્યાં સુધી તો વાંધો જ નથી, પણ જો મૂઢતામાં પ્રવેશ થઈ જશે તો ખુદ પરમાત્મા પણઆપણો ઉદ્ધાર કરી શકશે નહીં. 'મૂર્ખ' અને 'મૂઢ' આ બે શબ્દોમાં થોડો ભેદ છે. જે મૂર્ખ છે તે અજ્ઞાની છે અને તે કબૂલવા તૈયાર છે કે 'હું મૂર્ખ છું', 'હું અજ્ઞાની છું', 'મને ખબર નથી'. ભગવાન પણ આવા મૂર્ખ અજ્ઞાનીનો સ્વીકાર કરે છે અને તેને જ્ઞાનપ્રદાન કરે છે. મૂર્ખ એટલે જે ખરેખર ઊંઘે છે. જેમ ખરેખર ઊંઘતા માણસને તેનું નામ લઈને બોલાવીએ એટલે તરત જાગી જાય, તેમ મૂર્ખ હોય તેને જ્ઞાન આપી કલ્યાણમાર્ગે પ્રેરણા પ્રદાન કરી શકાય. પરંતુ જે ખરેખર ઊંઘતો નથી છતાં ઊંઘવાનો ઢોંગ કરે છે તેને જગાડી શકાય નહીં. એવા ઢોંગીને મૂઢ કહેવાય, એને ખબર છે કે કોઈ એને જગાડી રહ્યું છે, એ પોતાનું નામ પણ સાંભળે છે અને છતાં ઊઠતો નથી. જેને સ્વયં જાગવું ન હોય તેને કોણ જગાડી શકે? જે મૂર્ખ છે, તે તો કહે છે કે,' હું અજ્ઞાની છું, કૃપા કરી મને જ્ઞાન આપો.' પણ જે મૂઢ છે તે પોતાનું અજ્ઞાન કબૂલવા જ તૈયાર નથી. મૂઢ તેને કહેવાય જે જ્ઞાની નથી પણ જ્ઞાની હોવાનો ઢોંગ કરે છે. આપણે પરમાત્માને પ્રાર્થના કરવી જોઈએ કે આપણને આવી મૂઢતામાં ન નાંખી દે, જેથી જ્ઞાન ન હોય છતાં આપણે જ્ઞાની હોવાનો દાવો કરીએ, ત્યાગનો લેશમાત્ર અંશ ન હોય અને છતાં ત્યાગની મૂર્તિ કહેવડાવવાનો પ્રયાસ કરીએ, એક રતિભર વસ્તુ હાથમાંથી છૂટે નહીં અને છતાં કર્ણ જેવા દાનવીર હોવાનો દાવો કરીએ.જેઓ ખરેખર પોતાનું કલ્યાણ ઇચ્છતા હોય તેમણે આવી મૂઢતાનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે જેનામાં પોતાનું અજ્ઞાન કબૂલવાની, તેમ જ પોતાની મર્યાદાઓ સ્વીકારવાની હિંમત હોય, તે જ જ્ઞાનમાર્ગે પોતાનું કલ્યાણ સાધી શકે છે.

(છંદ–ઉપજાતિ)

पठन्तु शास्त्राणि यजन्तु देवान्
कुर्वन्तु कर्माणि भजन्तु देवताः ।
आत्मैक्यबोधेन विना विमुक्तिः
न सिध्यति ब्रह्मशतान्तरेऽपि ॥६॥

| | | | |
|---|---|---|---|
| **शास्त्राणि** | = શાસ્ત્રો | **आत्म–ऐक्य–बोधेन** | = જીવ-બ્રહ્મની એકતાના જ્ઞાન |
| **पठन्तु** | = ભણે | **विना** | = વગર |
| **देवान्** | = દેવોનું | **ब्रह्मशतान्तरे** | = સો બ્રહ્મા થઈ જાય તેટલા કાળે |
| **यजन्तु** | = પૂજન કરે, | **अपि** | = પણ |
| **कर्माणि** | = કર્મો | **विमुक्तिः** | = મુક્તિ |
| **कुर्वन्तु** | = કરે (કે) | **न सिध्यति** | = પ્રાપ્ત થતી નથી. |
| **देवताः** | = દેવોને | | |
| **भजन्तु** | = ભજે. | | |

કોઈપણ વ્યક્તિ ભલે ગમે તેટલી મહાન હોય, ખ્યાતનામ હોય અને તે શાસ્ત્રોને ભણે કે ભણાવે, દેવોને ઉદ્દેશીને પૂજાપાઠ કરે કે કરાવે, સારાં નરસાં અનેક કર્મો કરે કે કરાવે પરંતુ જીવાત્મા અને પરમાત્માના એકત્વના જ્ઞાન વિના અર્થાત્ જીવ અને બ્રહ્મના અભેદજ્ઞાન વિના અગર જીવ એ જ બ્રહ્મ છે એવા તારતમ્યનો સાક્ષાત્કાર કર્યા વિના સો બ્રહ્માના કાળપર્યંત પણ મુક્ત થઈ શકે તેમ નથી. જો કોઈ એવી ભ્રાંતિમાં હોય કે શાસ્ત્રના પઠન, પાઠન કે કંઠસ્થ કરવા માત્રથી મોક્ષ મળશે, તો એ સત્ય નથી. કારણકે શાસ્ત્ર આપણને માત્ર પરોક્ષજ્ઞાન જ આપી શકે, તેનાથી અપરોક્ષજ્ઞાન કે અજ્ઞાનની આત્યંતિક નિવૃત્તિ થઈ શકે નહીં. ધારો કે આપને બદરીકેદાર જવું છે, તે માટે આપ પર્યટકમાહિતીકેન્દ્રમાં ગયા, ત્યાં માહિતી–અધિકારીને મળ્યા અને માહિતી પૂછી. માહિતી–અધિકારીએ આપની સમક્ષ બદરીકેદારનું સવિસ્તાર શબ્દચિત્ર રજુ કર્યું અને જરૂરી નકશાઓ પણ આપ્યા. માહિતી–અધિકારીએ કરાવેલું બદરીકેદારનું શબ્દદર્શન એટલું આબેહૂબ હતું

કે તેનું શ્રવણ કરતાં, આપ જાણે કે બદરીકેદાર જ પહોંચી ગયા! અત્યંત પ્રસન્ન થઈ આપ માહિતી–અધિકારીને પૂછો છો, ''સાહેબ! આપે બદરીકેદારની યાત્રા વિશે ખૂબ સુંદર અને સ્પષ્ટ માહિતી આપી; આપ બદરીકેદાર કેટલીવાર જઈ આવ્યા?'' માહિતી–અધિકારી આશ્ચર્ય સાથે ઉત્તર આપે છે, ''હું બદરીકેદાર એકપણ વાર ગયો નથી, મેં માત્ર માહિતીપુસ્તિકાઓ જ વાંચી છે, આટલી માહિતી હોવા છતાં બદરીકેદાર જવાની મારી ઇચ્છા હજી અપૂર્ણ જ છે.'' જેમ માહિતી–અધિકારી પાસે, માત્ર પુસ્તકો દ્વારા મેળવેલી માહિતી જ હતી, માહિતી ગમે તેટલી વિસ્તૃત કેમ ન હોય, પરંતુ તેનાથી બદરીકેદારની યાત્રાનો સંતોષ થઈ શકે નહીં, તેમ શાસ્ત્રો દ્વારા ખબર પડે કે 'હું સત્–ચિત્–આનંદ છું, નિરાકાર છું,અજન્મા છું,' પણ એવા શબ્દોના જ્ઞાનને આપણા આનંદ સ્વરૂપનો અપરોક્ષ અનુભવ ન કહેવાય. શંકરાચાર્યજી અત્રે એવું જ કહેવા માગે છે. શાસ્ત્રોથી મળેલા જ્ઞાનને પરોક્ષજ્ઞાન કે માહિતી કહેવાય. શાસ્ત્રોના પઠન–પાઠનથી પરોક્ષજ્ઞાન અવશ્ય પ્રાપ્ત થાય છે, પરંતુ આ માહિતીતુલ્ય પરોક્ષજ્ઞાનને,સ્વસ્વરૂપનું અપરોક્ષજ્ઞાન કહી શકાય નહીં. અપરોક્ષજ્ઞાન માટે શાસ્ત્રો દ્વારા પ્રાપ્ત થયેલી માહિતી કે પરોક્ષજ્ઞાન ઉપર ચિંતન–મનન કરી, તેને આત્મસાત્ કરવું પડે કે 'હું બ્રહ્મ છું.' 'હું બ્રહ્મ છું' એવા અપરોક્ષજ્ઞાનને જ મોક્ષ,મુક્તિ કે કહેવામાં આવે છે.

દેવોને ઉદ્દેશીને પૂજાપાઠ, યજન, યાગ, હોમ વગેરે કરવાથી પણ આત્મસાક્ષાત્કાર થઈ શકે તેમ નથી. આવાં કર્મો કરવાથી દેવો પ્રસન્ન થાય અને ભૌતિક પદાર્થોની ઉપલબ્ધિ થાય, પણ સ્વસ્વરૂપનું જ્ઞાન થઈ શકે નહીં. ઉપરોક્ત કથનથી સહેજે પ્રશ્ન થાય કે પૂજન, યજન વગેરે કરવાનો ઉપદેશ તો શાસ્ત્રોએ જ આપ્યો છે તો શું શાસ્ત્રો ખોટા માનીએ? ના વાત એમ નથી. પૂજન, યજન વગેરે કર્મો કરવાનો ઉપદેશ શાસ્ત્રોએ અવશ્ય આપ્યો છે પણ આપણે કર્મોની મર્યાદા નહીં સમજીએ તો આત્મસાક્ષાત્કારને પંથે એક ડગલું પણ આગળ વધી શકીશું નહીં. કર્મોની મર્યાદા અર્થાત્ કર્મો સાધકને ક્યાં સુધી પહોંચાડી શકે તેનો સ્પષ્ટ ખ્યાલ. આવાં પૂજન, યજન

વગેરે કર્મો વડે જે આપણને પ્રાપ્ત નથી તેવી અપ્રાપ્ય વસ્તુ કે પરિસ્થિતિની પ્રાપ્તિ થઈ શકશે, પરંતુ જે સૌને પ્રાપ્ત જ છે તે સૌનું આત્મસ્વરૂપ કંઈ યજ્ઞથી, કર્મથી કે હવનથી પ્રાપ્ત થઈ શકે તેમ નથી. માટે જો આપણે મોક્ષમાર્ગના પથિક બની ચૂક્યા હોઈએ તો આવી ક્રિયાઓ આપણને મદદરૂપ થઈ શકે નહીં. માત્ર શંકરાચાર્યજી જ નહીં, ઉપનિષદો પણ આવું જ કહે છે.

**"यो वा एतदक्षरं गार्ग्यविदित्वाऽस्मिँल्लोके जुहोति**
**यजते तपस्तप्यते बहूनि वर्ष सहस्राण्यन्तवदेवास्य तद्भवति ।"**

(બૃહદારણ્યકોપનિષદ ૩/૮/૧૦)

" હે ગાર્ગી! આ લોકમાં જે કોઈ આ અક્ષરબ્રહ્મને જાણ્યા વિના જ હવન, યજ્ઞ, વગેરે કર્મ તથા હજારો વર્ષપર્યંત તપ પણ કરે છે, તેનું તે સર્વ કર્મ નાશવાન જ થઈ જાય છે." કોઈ પણ અંતવાન અનંત આત્માની પ્રાપ્તિ કરાવી શકે નહીં. કોઈ પણ કર્મ નાશવાન વસ્તુ જ અપાવી શકે, કારણકે કર્મ સ્વયં અનંતકાળ સુધી ચાલતું નથી. કોઈ પણ કર્મ અમુક સમયે શરૂ થાય છે અને અમુક સમયમાં જ પૂરું થાય છે. આવાં કર્મો વડે જે તત્ત્વ સમયની પેલે પાર છે, સમયથી પર છે તેની પ્રાપ્તિ થઈ શકે નહીં.

કર્મ આત્મસાક્ષાત્કાર કરાવી શકે તેમ ન હોવા છતાં, શાસ્ત્રોમાં કર્મની જે સ્તુતિ કે પ્રશંસા કરવામાં આવી છે, તે કર્મના અધિકારીને લક્ષમાં રાખીને અધિકારભેદે અપાયેલો ઉપદેશ છે. કર્મ અદૃશ્ય ઈશ્વરમાં શ્રદ્ધા ઉત્પન્ન કરી શકે છે અને ઈશ્વરમાં શ્રદ્ધા, શ્રેયમાર્ગનું પ્રથમ પગથિયું છે. કર્મ નિર્ગુણ-નિરાકાર પરમાત્માને પામવાની પ્રેરણા આપી શકે છે. નરસિંહ મહેતાને સાકારની પૂજા કરતાં કરતાં એકવાર એવો પ્રશ્ન જાગ્યો કે,' હું અને જેની હું પૂજા કરું છું તે પરમાત્મા બન્ને જુદા છીએ કે અભિન્ન છીએ? જો પરમાત્મા સર્વવ્યાપક છે તો મારાથી ભિન્ન કઈ રીતે હોઈ શકે? પ્રશ્ન જાગ્યો અને પરમતત્ત્વને જાણવાની પ્રેરણા મળી. આવો જ પ્રશ્ન સ્વામી રામતીર્થને પણ થયો હતો. સ્વામી રામતીર્થ અને ભક્ત નરસિંહ એ બન્ને જ્ઞાની હતા છતાં શરૂઆતમાં તેઓ પણ આવી જ મૂંઝવણભરી અવસ્થામાંથી પસાર

થયેલા હતા. તાત્પર્ય એ છે કે સાધનાકાળમાં તેઓની પણ સંદેહયુક્ત સ્થિતિ હતી,તેમને પણ શંકા થઈ હતી કે, પરમાત્મા સાકાર છે કે નિરાકાર? પરમાત્મા અને મારો ભેદ છે કે અભેદ? આપણા જીવનમાં આવી જ મૂંઝવણભરી અવસ્થામાંથી બહાર નીકળવા આપણે સ્પષ્ટ સમજી લેવું જોઈએ કે મૂર્તિ અને તેનું પૂજન, યજન આદિ સર્વ કર્મો આપણને સાધન તરીકે આપવામાં આવ્યા છે. મૂર્તિપૂજા અંતિમ સાધ્ય નથી, તે કદાપિ જીવનનું અંતિમ લક્ષ્ય બની શકે નહીં. મૂર્તિપૂજા માટે આપણા સમાજમાં એવો ભ્રમ છે કે મૂર્તિપૂજા અંતિમ લક્ષ્ય છે. મૂર્તિપૂજા ખોટી છે કે મૂર્તિપૂજા ન કરવી જોઈએ એવું ક્યાંય લખ્યું નથી, પરંતુ એની મર્યાદા સમજવી જોઈએ. મૂર્તિપૂજા સાધન છે, તેનો ઉપયોગ કરી આગળ વધવું જોઈએ. આત્મસાક્ષાત્કાર કરવો હોય તો સાકારમાંથી નિરાકારમાં પ્રવેશ કરવા પ્રયાણ કરવું જોઈએ. સાકાર તો નિરાકારનું પ્રવેશદ્વાર છે. આપણને નિર્ગુણમાં પ્રવેશ મળે તે માટે પરમાત્માનું સગુણરૂપ દ્વાર માત્ર છે. શરૂઆતમાં આપણે એ દરવાજો ખટખટાવીએ એમાં કંઈ જ વાંધો નથી પરંતુ દરવાજા પાસે જ અટકી જઈએ તે યોગ્ય નથી. સગુણ સાકારરૂપ જો પ્રવેશદ્વાર છે તો તેમાં પ્રવેશ કરી આગળ વધવું જોઈએ.મૂર્તિની પૂજા કરતાં કરતાં એવું સમજવાનું છે કે આ મૂર્તિ, જે આકાર છે, તે ચેતન કે ભગવાન નથી, પરંતુ પ્રાણપ્રતિષ્ઠા દ્વારા તત્ત્વનું મૂર્તિમાં આવાહન કર્યું છે તે ભગવાન છે. જો એમ ન હોત તો આપણે ગમે તે મૂર્તિની પૂજા કરતા હોત, પરંતુ તેમ ન કરતાં માત્ર એવી જ મૂર્તિની પૂજા કરીએ છીએ જેમાં પરમાત્માની પ્રાણપ્રતિષ્ઠા કરેલી હોય.

આપણે માનીએ છીએ કે પ્રાણપ્રતિષ્ઠા કરવાથી મૂર્તિમાં પરમાત્માનો પ્રવેશ થાય છે. હવે વિચાર કરીએ કે પ્રાણપ્રતિષ્ઠાની વિધિ કરવાથી જો પરમાત્મા મૂર્તિમાં આવતા હોય, તો શું કોઈએ પરમાત્માને મૂર્તિમાં પ્રવેશ કરતાં જોયા છે? કોઈએ જોયા નથી અને છતાં પ્રવેશ થાય છે એવું આપણે માનીએ છીએ. માટે આપણે પરમાત્માને આંખે દેખાય તેવા માનતા નથી. આપણે તે પરમાત્માની પૂજા કરીએ છીએ જે પ્રાણપ્રતિષ્ઠા સમયે મૂર્તિમાં આવે છે. આવતા હોવા છતાં આંખે દેખાતા નથી, માટે આપણે નિરાકાર

પરમાત્માની જ પૂજા કરીએ છીએ. આપણે મૂર્તિની પૂજા અવશ્ય કરીએ છીએ પણ આપણે મૂર્તિપૂજક નથી, કારણ કે પરમાત્મા નિરાકાર છે.

જે જે સાકાર વસ્તુ હોય તે એક જ સ્થળમાં હોય છે જેમ આ શરીર એક જ સ્થળમાં છે. સાકાર શરીર એક જ સમયે મુંબઈમાં હોય અને અમદાવાદમાં પણ હોય તેવું કદાપિ બની શકે નહીં. આપણે જેની ઉપાસના કરીએ છીએ તે પરમાત્મા સાકાર હોય તો, પરમાત્મા પણ શરીરની જેમ એક જ સ્થળમાં હોવા જોઈએ. પરંતુ તેવું નથી કારણ કે આપણા દેશમાં અગણિત મંદિરો છે અને તેમાં અસંખ્ય મૂર્તિઓ છે. જો પરમાત્મા સાકાર હોય તો અનેક સ્થળે આવેલાં અનેક મંદિરોમાં અને અનેક મૂર્તિઓમાં કઈ રીતે હોઈ શકે? પરમાત્માના અનેક મંદિરો અને અનેક મૂર્તિઓ હોવાથી જ એવું સિદ્ધ થાય છે કે પરમાત્મા નિરાકાર છે. જેમ આકાશ નિરાકાર હોવાથી જ હજારો ઘડાઓમાં એક સમયે રહી શકે છે તેમ પરમાત્મા નિરાકાર છે માટે જ અનેક મૂર્તિઓમાં એક સમયે રહી શકે છે. ગીતાકાર શ્રીકૃષ્ણ ભગવાને પણ આ વિષયમાં સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે

**''मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।''**

(ભગવદ્‌ગીતા-૯/૪)

'' હું અવ્યક્તમૂર્તિ સ્વરૂપ છું, મારા વડે સર્વ સચરાચર જગત વ્યાપ્ત છે.'' શ્રીકૃષ્ણ ભગવાનના શબ્દો ન સમજાયા, સંતોનો ઉપદેશ પણ ન સમજાયો, અને શાસ્ત્રના સંકેતો પણ ન પકડાયા. માટે જ આપણે ભ્રાંતિમાં જીવી રહ્યા છીએ. શાસ્ત્ર અને સંતોએ મૂર્તિપૂજાનો વિરોધ નથી કર્યો, પણ તેની મર્યાદા સમજાવતાં કહ્યું છે કે 'મૂર્તિપૂજા મૂર્તમાંથી અમૂર્તમાં જવાનું સાધન માત્ર છે, તે કંઈ સાધ્ય નથી પરંતુ વિવેકની અપરિપકવતાને કારણે જ આવું સત્ય તથ્ય લોકોને સમજાયું નથી.'

પ્રકરણગ્રંથના અભ્યાસ માટે તત્પર થયેલા સાધકને શંકરાચાર્યજી સ્પષ્ટતાપૂર્વક જણાવવા માગે છે કે, જો જીવ અને બ્રહ્મ એક છે એવું જ્ઞાન પ્રાપ્ત નહીં થાય તો સો બ્રહ્માના શાસનકાળપર્યંત પ્રયત્ન કરવા છતાં પણ મુક્તિ

મળશે નહીં.

**आत्मैक्यबोधेन विना विमुक्तिः न सिध्यति ब्रह्मशतांतरेऽपि ।**

બ્રહ્માના શાસનકાળની ગણતરી ઘણી લાંબી છે. તેની વિશદ વિચારણા, સ્વામી તદ્રૂપાનંદજીના 'અપરોક્ષાનુભૂતિ' પુસ્તકમાં શ્લોક નંબર-૧૧૧માં કરવામાં આવેલી છે. જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે તેટલા કાળપર્યંત પણ હવન, પૂજા, પાઠ વગેરે કર્મો કરતાં રહીશું તો પણ મોક્ષ પ્રાપ્ત થશે નહીં. કર્મ કરનારને ' હું કર્મનો કર્તા છું ' એવો કર્તાભાવ હોય છે. આ કર્તાભાવની ભ્રાંતિ જ્યાં સુધી વિદ્યમાન છે ત્યાં સુધી ' હું અકર્તા છું ' એવું સ્વરૂપનું જ્ઞાન થઈ શકશે નહીં. હવન કરીશું તો 'હું હવન કરનારો છું ' જપ કરીશું તો ' હું જપ કરનારો છું ', પૂજા કરીશું તો 'હું પૂજા કરનારો છું'. આમ, કોઈ પણ કર્મ કરવાથી આ કર્તાભાવરૂપ અહંકારથી છૂટી શકાશે નહીં. અહંકારથી મુક્તિ જ મોક્ષ છે. માટે મોક્ષ, કર્મ દ્વારા પ્રાપ્ત થઈ શકે તેમ નથી. અજ્ઞાન જ જેનું કારણ છે તેવું બંધન, જ્ઞાન વિના દૂર થશે નહીં.

(છંદ-અનુષ્ટુપ)

**अमृतत्वस्य नाऽऽशास्ति वित्तेनेत्येव हि श्रुतिः ।**
**ब्रवीति कर्मणो मुक्तेरहेतुत्वं स्फुटं यतः ।।७।।**

| | | | |
|---|---|---|---|
| **यतः** | = કારણ કે | **हि** | = પણ |
| **अमृतत्वस्य** | = અમરતાની કે મોક્ષની | **कर्मणः** | = કર્મ |
| **वित्तेन** | = ભૌતિક ધનસંપત્તિથી | **मुक्तेः** | = મુક્તિનું |
| **आशा** | = આશા | **अहेतुत्वम्** | = કારણ નથી (એમ) |
| **न अस्ति** | = નથી | **स्फुटम्** | = સ્પષ્ટપણે |
| **इति एव** | = એમ જ (એવું જ) | **ब्रवीति** | = પ્રતિપાદન કરે છે. |
| **श्रुतिः** | = ઉપનિષદ | | |

ધનથી અમરતાની આશા ન રાખી શકાય. અમરતા એટલે જ આત્મસાક્ષાત્કાર, અપરોક્ષાનુભૂતિ, પોતાના સ્વરૂપનું જ્ઞાન, બંધનથી છૂટકારો,

જીવ-બ્રહ્મનું ઐક્ય, આ સર્વ શબ્દોનું તાત્પર્ય એક જ છે. શ્લોકમાં બીજી મહત્ત્વની વાત કહી કે કર્મ મુક્તિનું કારણ બની શકે નહીં અર્થાત્ કોઈ પણ જાતના કર્મથી મુક્તિ કે મોક્ષ થઈ શકે નહીં. મોટા ભાગના લોકો એવી ભ્રાંતિમાં હોય છે કે અમે સારામાં સારું પુણ્યકર્મ કરીશું તો અમને મોક્ષ મળશે. તેમની આ ભ્રાંતિને નિર્મૂળ કરવા શંકરાચાર્યજી જણાવે છે કે કર્મથી મોક્ષ કદાપિ મળી શકે તેમ નથી. આ કથનથી કોઈને પ્રશ્ન થાય કે," આવું કહેવામાં આવશે તો સારાં કર્મો કરશે કોણ ? લોકો શુભ કર્મો કરતાં જ અટકી જશે." આ પ્રકરણગ્રંથ મોક્ષનો સંદેશ આપે છે અને ધર્મ, અર્થ તથા કામથી ઉપરામતાની દૃષ્ટિ કેળવવાની સલાહ આપે છે. માટે જ શંકરાચાર્યજી શ્રુતિનો આશ્રય કરીને કહે છે કે, "કર્મનું મોક્ષમાં હેતુપણું કે કારણપણું નથી."

'अमृतत्वस्य तु नाऽऽशास्ति वित्तेनेति ।'

(બૃહદારણ્યકોપનિષદ, ૪-૫-૩)

"ધનથી અમર થવાની આશા ન રાખી શકાય."

આ સૂત્રાત્મક મંત્ર બૃહદારણ્યક ઉપનિષદના ઋષિ યાજ્ઞવલ્ક્યે, પોતાની પત્ની મૈત્રેયીને સંબોધીને કહ્યો છે. જેનું અવતરણ પ્રસ્તુત શ્લોકમાં જોવા મળે છે. યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીના સંવાદ દ્વારા, આ ઉપનિષદમાં શાસ્ત્રોના રહસ્યોને, ગૂઢ તત્ત્વને ખૂબ સરળતાથી ચર્ચવામાં આવ્યા છે. યાજ્ઞવલ્ક્યને બે પત્ની હતી, મૈત્રેયી અને કાત્યાયની. ધર્મ, અર્થ અને કામથી જેનું મન ઉપરામ થઈ ગયું છે એવા ઋષિ યાજ્ઞવલ્ક્યે, કોઈ આવેગથી નહીં પણ બૌદ્ધિક સમાધાનથી સંન્યાસ ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો. પત્નીની સંમતિ લઈને સંન્યાસ ગ્રહણ કરવાની પ્રણાલિકા છે, એમ વિચારી તેમણે સંન્યાસ લેતા પૂર્વે પોતાની પત્નીઓની રજા માગી. "તમે મને રજા આપો તો હવે મારે અંતિમ આશ્રમમાં પ્રયાણ કરવું છે, તમે બંને આ સંપત્તિના સરખા ભાગ કરી લો." કાત્યાયની સામાન્ય બુદ્ધિવાળી પત્ની હતી; તે ભૌતિક સંપત્તિથી સંતોષ પામી. પરંતુ મૈત્રેયી ભૌતિક પદાર્થોમાં આસક્ત ન હતી, તેને તો ધર્મ, અર્થ અને કામથી ઉપરામ થઈ, તેથી ઉત્કૃષ્ટ પરમ પુરુષાર્થ કે મોક્ષની જ કામના સતાવતી હતી તેથી તેણે ઋષિને કહ્યું, "તમારે આ ધન, વૈભવ વગેરે

છોડીને કેમ જવું છે? શું આ ધન વ્યર્થ છે? જો ધન નિરર્થક જ હોય, માટીના ઢેફાંતુલ્ય જ હોય, તો જે નકામું છે, નિરર્થક છે તે મને કેમ આપવા ઈચ્છો છો? આપ મને સ્પષ્ટ કહો કે ધન સાર્થક છે કે નિરર્થક? જો સાર્થક હોય તો મારી સાથે રહીને ભોગવો અને નિરર્થક હોય તો, જે કંઈક આપને ધન-વૈભવથી શ્રેષ્ઠ લાધ્યું છે, જે આપની દૃષ્ટિમાં સાર્થક છે તેમાં મને ભાગ આપો.'' તાત્પર્યમાં આ સંવાદમાં મૈત્રેયી આત્મસાક્ષાત્કારની અંતિમ વાત પૂછે છે, ''હે ભગવન્! ધારો કે મને સંપૂર્ણ ધન-ધાન્યથી ભરેલી, આખી પૃથ્વી મળી જાય, તો શું તે ધન પ્રાપ્ત કરીને હું અમર બની શકું?'' ઋષિ યાજ્ઞવલ્ક્ય ગમે તેમ સમજાવીને નાસી જાય તેવા ન હતા, તેમણે મૈત્રેયીને સત્ય કહ્યું, ''**अमृतत्वस्य तु नाऽऽशास्ति वित्तेनेति ।**'' ''હે મૈત્રેયી ! ધનથી અમરતાની આશા ન રાખી શકાય.'' ઉપનિષદની આ પ્રાસંગિક ચર્ચાથી આપણે સમજવાનું કે ધન દ્વારા વૈભવ મેળવી શકાય, વૈરાગ્ય મળી શકે નહીં; ધનથી વિટામિનની ગોળીઓ ખરીદી શકાય, શક્તિ નહીં; બંદૂક ખરીદી શકાય, હિંમત નહીં. શાસ્ત્રીય ગ્રંથોથી થોથાંપોથાંનો ભંડોળ ભેગો કરી શકાય રતિભર જ્ઞાનનો સંચય થઈ શકે નહીં. ટૂંકમાં ધનથી શારીરિક સુખાકારી મળે પરંતુ ન તો શરીરનું આયુષ્ય લંબાવી શકાય કે ન તો શરીરની અમરતાનો સંસ્પર્શ થઈ શકે. પુણ્યકર્મો કરવા માટે પણ ધનનો મોહ રાખવો યોગ્ય નથી. કારણ કે પુણ્યકર્મો કરવા ધન જોઈએ અને ધન પ્રાપ્ત કરવા જો પાપ કરવું પડે તો આ કેવું વિચિત્ર વિષચક્ર છે? માટે જ શાસ્ત્રોએ મુમુક્ષુઓને લાલબત્તી ધરી છે કે પુણ્યકર્મ કરવા જો ધનની આવશ્યકતા હોય અને તેવા ધન માટે જો અનૈતિક વ્યવહાર કે પાપાચરણમાં પડવું પડે તો તેવી અનાચાર વૃત્તિથી ચેતતા રહેજો. આમ, પાપકર્મને પુણ્યનો રંગ લગાડી સ્વર્ગમાં જવાનો પ્રયત્ન કરીશું તો કદાચ સ્વર્ગના ભોગ પણ કારાવાસ જેવા અસહ્ય લાગશે. નિષ્કર્ષમાં સમજવાનું કે મોક્ષ કે મુક્તિ માટે ધન કે તેથી થતાં પુણ્યકર્મોની આવશ્યકતા નથી.

કોઈ પણ કર્મ એ મુક્તિનું સાધન બની શકતું નથી. કારણ કે મુક્તિ મનુષ્યના પ્રયત્નથી પેદા થઈ શકતી નથી. જો 'આત્મા કર્મ દ્વારા પ્રાપ્ત થાય છે' એમ માનીશું તો આત્મા ભવિષ્યમાં પ્રાપ્ત થશે એવું સ્વીકારવું

પડશે. વર્તમાનમાં થતાં કર્મોનું ફળ ભવિષ્યમાં જ મળતું હોય છે. ભલે બહુ થોડા જ સમય પછી મળતું હોય, છતાં એ વાત નિશ્ચિત છે કે કર્મનું ફળ કર્મ પૂરું થયા પછી ભવિષ્યમાં જ મળતું હોય છે. કર્મ દ્વારા આત્મા મળે છે એમ માનતા આત્મા ભવિષ્યમાં મળનારી વસ્તુ થઈ જાય છે. જે ભવિષ્યમાં પ્રાપ્ત થવાનું હોય તેનો અત્યારે જ અભાવ હોવો જોઈએ માટે આત્માનો અત્યારે અભાવ સિદ્ધ થાય. પરંતુ આમ માનવું શાસ્ત્રસંમત નથી. આત્મા સત છે, તેનો કોઈ કાળે અભાવ હોઈ શકે નહીં.“**नाभावो विद्यते सतः ।**” (ભ. ગીતા-૨/૧૬) “ સતનો કોઈ કાળે અભાવ હોતો નથી.” આવું શ્રીકૃષ્ણ ભગવાનનું વાક્ય છે. કર્મ કરનારને આત્મા અપ્રાપ્ત નથી માટે કર્મ દ્વારા પ્રાપ્ત થઈ શકે નહીં. આત્મા સૌને પ્રાપ્ત જ છે. પ્રાપ્ત હોવા છતાં અજ્ઞાનને લીધે તે જણાતો નથી. અજ્ઞાન દૂર થતાં, જાણે કે પ્રાપ્ત થયો હોય એવું લાગે છે પરંતુ ખરેખર તો એ સદા પ્રાપ્ત જ છે. વાસ્તવમાં આત્મા મેળવવાની વસ્તુ નથી. આત્મા પ્રાપ્ત જ છે. માત્ર આપણે જાણવાનું છે કે ‘હું આત્મસ્વરૂપ છું.’ અજ્ઞાનનો નાશ કરનારું જ્ઞાન, કર્મથી પ્રાપ્ત થઈ શકે તેમ નથી કારણ કે કર્મ અજ્ઞાનનું વિરોધી નથી. જેમ અંધકારનો નાશ માત્ર તેનો વિરોધી પ્રકાશ દ્વારા જ થઈ શકે, તેમ અજ્ઞાનનો નાશ પણ જીવ-બ્રહ્મના ઐક્યજ્ઞાન દ્વારા જ શક્ય છે.

(છંદ-ઉપજાતિ)

**अतो विमुक्त्यै प्रयतेत विद्वान्**
**संन्यस्तबाह्यार्थसुखस्पृहः सन् ।**
**सन्तं महान्तं समुपेत्य देशिकं**
**तेनोपदिष्टार्थसमाहितात्मा ।।८।।**

| | | | |
|---|---|---|---|
| **अतः** | = એટલા માટે | **संन्यस्त सन्** | = ત્યાગીને |
| **विद्वान्** | = વિદ્વાને | **महान्तम्** | = મહાન |
| **बाह्य-अर्थ-** | = બાહ્ય વિષયના | **सन्तम्** | = સંત |
| **सुख-स्पृहः** | = સુખની ઇચ્છાઓ | **देशिकम्** | = ગુરુ |
| | | **समुपेत्य** | = સામે ઉપસ્થિત થઈને |

| | | | |
|---|---|---|---|
| **तेन** | = તેના દ્વારા | **समाहितात्मा** | = ચિત્તનું સમાધાન કરીને |
| **उपदिष्टार्थ** | = ઉપદેશાયેલા | **विमुक्त्यै** | = મુક્તિ માટે |
| | ઉપદેશથી | **प्रयतेत** | = પ્રયત્ન કરવો. |

## જ્ઞાનપ્રાપ્તિના ઉપાય

કર્મથી, પ્રજોત્પત્તિથી કે ધનથી હજી સુધી કોઈ પણ મુક્ત થયું નથી. અમરતાનો એક માત્ર ઉપાય ત્યાગ છે અને ત્યાગ વડે જ કેટલાક લોકોએ અમૃતત્વ પ્રાપ્ત કર્યું છે. આવો સંદેશ કૈવલ્યોપનિષદમાં, જગતરચયિતા બ્રહ્માજીએ, ઋષિ આશ્વલાયનને આપ્યો છે.

**न कर्मणा न प्रजया धनेन त्यागेनैके अमृतत्वमानशुः ।**

(કૈવલ્યોપનિષદ-૧/૩)

"કર્મથી નહીં, પ્રજાથી નહીં, ધનથી નહીં, કેટલાકો ત્યાગ વડે જ અમરતાને પામ્યા છે." મોક્ષ કે મુક્તિના અભિલાષીઓએ જીવતાં જ રચેલી પોતાની કબર જેવા, ધનના પિરામિડો ઊભા કરવાની જરૂર નથી., કારણ કે જડ-ધનથી ચેતન ખરીદી શકાય તેમ નથી. ધનનાં ઢગલાઓમાં પોતાને દાટવા કરતાં કોઈ ગુરુ પાસે જઈને જ્ઞાનની માગણી કરવી જોઈએ, મુક્તિનો માર્ગ પૂછવો જોઈએ અને તદનુસાર પ્રયત્ન કરવો જોઈએ.

ઉપનિષદોની દીવા જેવી સ્પષ્ટ વાતોને જાણવા છતાં, જો આપણને કોઈ, સંત-મહાત્માનું શરણ લેવાથી રોકતું હોય તો તે આપણો અહંકાર છે. આપણે જ્ઞાન તો પ્રાપ્ત કરવું છે પણ અહંકારને ઝુકાવવાની આપણી તૈયારી નથી. અહંકારને ઝુકાવ્યા વિના, ક્યારેય આત્મજ્ઞાન થઈ શકે તેમ નથી. આવા જ એક અહંકારી રાજાની વાત છે. આ રાજાના રાજ્યમાં અનેક વિદ્વાનો, પંડિતો નિવાસ કરતા હતાં. રાજાએ રાજ્યસભામાં, વિદ્વાન પંડિતોની જ નિમણૂંક કરેલી હોવાથી તેની સભા સર્વદા વિદ્વાનમંત્રીઓથી ભરેલી રહેતી. એકવાર રાજાએ પોતાના વિદ્વાન મંત્રીવર્ગ સમક્ષ પોતાની શંકા રજુ કરી, "આપ સૌ શાસ્ત્રના જ્ઞાતા વિદ્વાનો કહો છો કે ભગવાન સર્વત્ર

છે, કણ-કણમાં વ્યાપ્ત છે, કોઈ જગ્યા કે વસ્તુ એવી નથી જ્યાં ભગવાન ન હોય. જો આમ હોય તો, આપમાંથી કોઈ, મને ક્યાંક તો ભગવાન બતાવો?" સભામાં શાંતિ છવાઈ ગઈ. સમાધાન કરવા કોઈ ઊભું થયું નહીં માટે રાજાએ બીજા દિવસની સવાર સુધી તેમને વિચારવાનો સમય આપ્યો અને સાથે ધમકી પણ આપી, "જો કાલ પ્રાતઃકાળ સુધીમાં આપ મને ભગવાન નહીં બતાવી શકો તો કોઈના ધડ પર મસ્તક નહીં રાખું." બીજા દિવસે દરબાર ખાલી રહ્યો, મોતના મુખમાં કોણ જાય? ત્રીજા દિવસે રાજાએ સ્વયં બધા વિદ્વાનોને સભામાં ઉપસ્થિત રહેવાનો હુકમ કર્યો. રાજાના આદેશ પ્રમાણે બધા વિદ્વાનો સભામાં ઉપસ્થિત થયા, પરંતુ અનિચ્છાએ આવેલા વિદ્વાનોથી ભરાયેલી સભા, ઊંડા મૌનમાં ડૂબેલી હતી. રાજાએ પોતાના પ્રશ્નને પુનઃ પ્રગટ કરી સભાની શરૂઆત કરી. આજે રાજાનો અવાજ પહેલેથી જ ક્રોધપૂર્ણ હતો માટે વિદ્વાનોએ મૌન રહેવાનું ઉચિત માન્યું. વિદ્વાનોને નીચા મોંએ બેઠેલા જોઈને, આ પ્રસંગનો સાક્ષી દ્વારપાળ બોલી ઊઠ્યો, "હે રાજન્ ! આજ્ઞા આપો તો હું આપની શંકાનું સમાધાન કરવા તૈયાર છું." વિદ્વાનોને પણ મૌન ધારણ કરેલા જાણી રાજાએ દ્વારપાળની અવગણના કરી, પરંતુ દ્વારપાળ પુનઃ ઊભો થાય છે અને પોતાની સમર્થતા જાહેર કરે છે. વારંવાર કહેવાથી રાજાએ દ્વારપાળને આપવા ખાતર રજા આપી. અનુમતિ પ્રાપ્ત થતાં જ દ્વારપાળ, જાણે કે પોતે જ નરેશ ન થઈ ગયો હોય તેમ રાજાના સિંહાસન પાસે પહોંચીને રાજાને હુકમ કરે છે, "હે રાજા ! ભગવાન જોવો હોય તો સિંહાસન છોડીને શીશ નમાવીને ઊભો રહે." ઉત્તર મેળવવા આતુર રાજાએ આજ્ઞાનું પાલન કર્યું અને સિંહાસન ખાલી કર્યું. ખાલી થયેલા સિંહાસન પર દ્વારપાળ સ્વયં બેસી જાય છે અને પુનઃ રાજાને સંબોધીને કહે છે, "જ્યાં સુધી સમાધાન ન થાય ત્યાં સુધી તારે મસ્તક ઝુકાવીને ઊભા રહેવાનું છે." દ્વારપાળ સમક્ષ મસ્તક ઝુકાવી દીધા પછી રાજા ગુસ્સો પણ કરી શકે તેમ ન હતો માટે માથું ઝુકાવીને ઊભો રહે છે. થોડાં સમય પછી રાજા માથું ઊંચુ કરીને બોલે છે, "હે દરવાન! મને મારો ઉત્તર મળી ગયો, હવે મારે કંઈ જ પૂછવું નથી! મેં મારું મસ્તક ક્યારેય ઝુકાવ્યું ન હતું, મસ્તક ઝુકાવવામાં

કેટલો આનંદ છે તેનો આજે મેં અનુભવ કર્યો. મને સમજાયું કે જેની પાસેથી જ્ઞાન લેવું હોય તેની પાસે મસ્તક નમાવવું જ પડે. આજ્ઞા કરવાથી કદી જ્ઞાન ન મળી શકે." રાજા નમ્યો અને બોધ પામ્યો અર્થાત્ રાજાનો અહંકાર ઝૂક્યો અને તેની શંકાનું સમાધાન થયું કે નમ્રતા, શિષ્યભાવ અને નમન વિના ઈશ્વરદર્શન શક્ય નથી. પોતાની પામરતાનો સ્વીકાર કરવો અને ઈશ્વરની મહાનતાને અંગીકાર કરવી, આ ઈશ્વરદર્શનની મુખ્ય શરત છે. તેવું સૂત્ર સત્તાના સિંહાસન પર બેઠો બેઠો અને અહંકારના મદમાં ઊંચે ઊડવાથી રાજા સમજી શક્યો ન હતો. તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે જેમ પાણીનો સ્વભાવ ઉપરથી નીચે વહેવાનો છે. તેમ જ્ઞાનનો પણ ઉપરથી નીચે તરફ જવાનો નિયમ છે. વ્યાસપીઠ ઊંચી રાખવા પાછળ આ જ પ્રતીકાત્મક સંદેશ છે. માટે શંકરાચાર્યજી કહે છે કે અહંકાર છોડીને, સંતમહાત્મા એવા ગુરુના ચરણમાં શરણ લઈ તેમણે બતાવેલા માર્ગે જ મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઈએ. શંકરાચાર્યજીની વાત શ્રુતિ અને સ્મૃતિ સંમત છે. મુંડક શ્રુતિ કહે છે,

**"तद् विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ।"**

(મુંડક ઉપનિષદ-૨/૨/૧૨)

"તેને (પરબ્રહ્મને) જાણવા માટે તે (સાધક) હાથમાં સમિધા લઈને, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જ જાય." હાથમાં સમિધા લઈને જવાનો સંકેત પણ પ્રતિકાત્મક છે. યજ્ઞમાં હોમવાનાં એક પ્રકારનાં લાકડાંને સમિધા કહેવાય છે. સમિધાનો ભારો લઈને ગુરુચરણમાં ઉપસ્થિત શિષ્ય સાંકેતિક ભાષામાં ગુરુને પ્રાર્થના કરે છે કે, "હે ગુરુદેવ ! મારું અંતઃકરણ સૂકાયેલાં લાકડાં જેવું છે, એમાં વાસનાનો ભેજ નથી માટે ધુમાડો નહીં થાય. જ્ઞાનાગ્નિની એક જ ચિનગારીથી એમાં જ્ઞાનાગ્નિ પ્રજવલિત થઈ જશે." શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહેવાયું છે કે,

**"तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।**
**उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ।।"**

(ભ.ગી./ ૪-૩૪)

" તેને (પરબ્રહ્મને) પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવા વડે જાણ. તત્ત્વદર્શી જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ કરશે." પ્રણિપાત કરીને અર્થાત્ શરીર ઝુકાવીને નહીં પરંતુ અહંકાર ઝુકાવીને જ્ઞાનપ્રાપ્તિ માટે ઉપસ્થિત થવાનું છે. અહંકાર ઝુકાવીને ગુરુશરણમાં જવાથી જ્ઞાન પ્રાપ્ત થઈ શકે તેમ છે. જ્ઞાનપ્રાપ્તિનો આ સિવાય અન્ય કોઈ માર્ગ નથી.

(છંદ-અનુષ્ટુપ)

**उद्धरेदात्मनाऽऽत्मानं मग्नं संसारवारिधौ ।**
**योगारूढत्त्वमासाद्य सम्यग्दर्शननिष्ठया ।।६।।**

| | | | |
|---|---|---|---|
| **सम्यक्-दर्शन-** | = સમ્યક્ દર્શનમાં | **मग्नम्** | = મગ્ન થયેલી |
| **निष्ठया** | નિષ્ઠા વડે | **आत्मानम्** | = પોતાની જાતનો |
| **योगारूढत्वम्** | = યોગારૂઢપણું | **आत्मना** | = પોતાની જાતે જ |
| **आसाद्य** | = પ્રાપ્ત કરીને | **उद्धरेत्** | = ઉદ્ધાર કરવો. |
| **संसार-वारिधौ** | = સંસારસાગરમાં | | |

**संसारवारिधौ मग्नं आत्मानं आत्मना उद्धरेत् ।**

"સંસારસમુદ્રમાં ડુબેલા આત્માનો આત્મા વડે ઉદ્ધાર કરવો."

જે સંસારસાગરમાં ડુબેલો છે તેનો ઉદ્ધાર કરવાનો છે. ખરેખર સંસારમાં ડુબેલું કોણ છે? બંધન કોણ અનુભવે છે? તેનો સ્પષ્ટ નિર્ણય ન કરવામાં આવે ત્યાં સુધી તેનો ઉદ્ધાર કરવાનું શક્ય બની શકે નહીં. અહીં 'આત્માનો ઉદ્ધાર કરવો' એમ કહેવાયાથી સચ્ચિદાનંદ આત્મસ્વરૂપનો ઉદ્ધાર કરવાનું કહેવાયું નથી. સંસ્કૃતમાં 'આત્મા' શબ્દના સંદર્ભ પ્રમાણે ઘણાં અર્થ થતા હોય છે. સંદર્ભ પ્રમાણે 'આત્મા' શબ્દના સ્થૂળ શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, જીવાત્મા વગેરે અર્થ પણ થાય છે. સચ્ચિદાનંદ આત્મા નથી સંસારસાગરમાં ડુબેલો કે નથી બંધનનો અનુભવ કરતો, માટે તેના ઉદ્ધારનો પ્રશ્ન હોઈ શકે નહીં. આત્માને દેશનું બંધન નથી કારણ કે તે નિરાકાર છે. જે સાકાર હોય તે એક સમયે એક જ દેશમાં રહે છે માટે તેને દેશનું બંધન હોય છે. શરીર સાકાર હોવાને લીધે એક સમયે એક સ્થળે હોય છે. સર્વત્ર હોતું નથી માટે

શરીરને દેશનું બંધન છે. પરંતુ જેમ નિરાકાર આકાશ, સર્વવ્યાપક હોવાને લીધે દેશની મર્યાદાથી મુક્ત છે તેમ સચ્ચિદાનંદ આત્મા પણ નિરાકાર અને સર્વવ્યાપક હોવાથી દેશમાં બદ્ધ નથી. આત્માને કાળનું બંધન પણ નથી કારણ કે આત્મા જન્મેલો નથી. જે જે જન્મેલું હોય છે તે મૃત્યુ પામવાવાળા હોય છે, જેને આદિ છે તેને અંત હોય છે. જે જન્મ અને મૃત્યુવાળું છે, તે જન્મ અને મૃત્યુની વચ્ચેના કાળમાં સતત વિકાર પામતું રહે છે. શરીર કાળમાં જન્મે છે, કાળમાં મૃત્યુ પામે છે અને કાળક્રમે વિકાર પામતું રહે છે, માટે તે કાળમાં બદ્ધ છે. આત્માને આદિ નથી કે અંત નથી માટે તે અનાદિ અને અનંત કહેવાય છે. આત્મા સત્ય છે, તેમાં કાળાંતરે કોઈ પરિવર્તન પણ થતું નથી. જે સત્ય હોય તે સુધારા, વધારા અને ફેરફારથી પર જ હોય છે. સત્ય કદી નવું કે જૂનું પણ ન હોઈ શકે. તાત્પર્ય એ છે કે સત્યસ્વરૂપ આત્માને કાળનું બંધન પણ હોઈ શકે નહીં. દેશ અને કાળથી મુક્ત આત્માનો ઉદ્ધાર કરવાનું કહેવું યોગ્ય નથી કારણ કે આત્મા સદા મુક્ત જ છે, નિત્ય મુક્ત જ છે.

શરીર તેના ધર્મોથી મુક્ત થઈ શકે તેમ નથી, માટે તેનો ઉદ્ધાર કરવો પણ શક્ય નથી. શરીરનો ધર્મ છે જન્મ લેવો અને મૃત્યુની ગોદમાં વિરામ લેવો. જેને જન્મ અને મૃત્યુ હોય તેને જન્મ-મૃત્યુની વચ્ચે વિકાસ હોય, વિકાર હોય અને પરિવર્તનના પગથિયાં હોય. શરીરનાં સ્થિતિકાળમાં તેનાં છ વિકારો થાય છે; **"अस्ति, जायते, वर्धते, विपरिणमते, अपक्षीयते, विनश्यति "** " શરીર ગર્ભરૂપે છે, જન્મે છે, વૃદ્ધિ પામે છે, પરિણામ પામે છે, ક્ષય પામે છે અને નાશ પામે છે." આ છ વિકારો શરીરના ધર્મો છે. કોઈ પણ પદાર્થ પોતાના ધર્મથી વિરુદ્ધ વર્તી શકે નહીં. બરફ ગરમ ન થઈ શકે, અગ્નિ શીતળતા ન આપી શકે કારણ કે તે તેમનો મૂળભૂત સ્વભાવ છે. તેવી જ રીતે જન્મવું, વિકાર પામવું અને મરવું; શરીરનો સ્વભાવ છે તે તેનાથી કદી મુક્ત થઈ શકે નહીં. જે કદી મુક્ત ન થઈ શકે તેવા શરીરના ઉદ્ધાર માટેનો પ્રયત્ન પણ વ્યર્થ જ પુરવાર થશે.

સંદર્ભનો વિચાર કરતાં સ્પષ્ટ છે કે અહીં 'આત્મા' શબ્દનો અર્થ સચ્ચિદાનંદસ્વરૂપ કે સ્થૂળ શરીર ઘટી શકે નહીં. સચ્ચિદાનંદસ્વરૂપને બંધન નથી અને સ્થૂળ શરીરની મુક્તિનો પ્રશ્ન નથી છતાં બંધનનો અનુભવ તો છે જ. આ બંધનનો અનુભવ કરનારું મન છે અને તેથી અહીં 'આત્મા' શબ્દનો અર્થ મન લેવાનો છે, મનના જ ઉદ્ધારનો પ્રયત્ન કરવાનો છે. મનને જ એવું લાગતું હોય છે કે, 'મારામાં કંઈક ખામી કે ઊણપ છે,' 'હું અશાંત છું', 'હું અપૂર્ણ છું', 'હું ભયભીત છું', 'હું દુ:ખી છું'. આ બધા જ ભાવ મન અનુભવે છે અને માટે મનને બંધન જેવું લાગે છે. મન જ્યારે જ્યારે બહિર્મુખ થાય છે ત્યારે બંધનનો અનુભવ કરે છે. મનને બંધનનો અનુભવ થવામાં મુખ્ય કારણ, મને પોતે જગતના પદાર્થોમાં ઊભી કરેલી આસક્તિ છે. આ મને જ જગતનાં બધાં પદાર્થોની કિંમત ઊભી કરેલી છે, બીજા કોઈએ નહીં. આપણે જાણીએ છીએ કે, હીરો અને કોલસો બન્ને એક જ પદાર્થ છે, કાર્બનનું જ જુદું જુદું સ્વરૂપ છે. વસ્તુતઃ બન્નેમાં કાંઈ વિશેષતા નથી અને છતાં આપણા મને હીરાની કિંમત ખૂબ ઊંચી આંકી તેને મૂલ્યવાન બનાવી દીધો છે. 'મોતી' પણ માછલીના પેટનો કચરો માત્ર છે છતાં તેના દ્વારા આપણે પોતાને અલંકૃત કરીએ છીએ. એટલું જ નહીં તે કચરાને લટકાવવા માટે ભગવાને આપેલા શરીરમાં પણ કાણાં પાડીએ છીએ. વસ્તુતઃ જગતનાં પદાર્થો મૂલ્યવાન નથી પણ મન દ્વારા જ તેની ઊંચી કિંમત અંકાઈ છે. આપણું મન જ જડ, નાશવાન પદાર્થોની બહુ ઊંચી કિંમત આંકી તેમાં આસક્ત બને છે, તેમની પાછળ આકર્ષાય છે. આસક્ત બનેલું મન અનેક જાતની માગણીઓ ઊભી કરે છે. તેની માગણીઓ અસીમ છે અને આપણા પ્રાપ્તિના સાધનોની સીમા છે. માગ અનંત છે અને માગ પૂરી કરવાની આપણી શક્તિ મર્યાદિત છે. જ્યારે આપણી મર્યાદિત શક્તિ દ્વારા, મનની અમર્યાદિત માગણીઓ સંતોષાતી નથી ત્યારે મનને લાગે છે કે આ જગત જીવવા જેવું નથી, જીવનમાં ઊણપ છે. મન પોતે જ આવા વિચારો કરી વિક્ષિપ્ત બને છે. વિક્ષિપ્ત બનેલું અવિવેકી મન વિચારે છે કે, ''મેં જેની ઇચ્છા કરી હતી તે ન મળ્યું, મારે જ્યાં જવું હતું ત્યાં ન પહોંચાયું, જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી છે તે ન મળી,

પ્રતિષ્ઠાના પુષ્પને બદલે અપમાનના હાર મળ્યા, પ્રતિકૂળ સંજોગો પ્રાપ્ત થયા.'' આવા વિચારો કરનારું મન, પોતાને પરતંત્ર જાણી માને છે કે 'હું બંધનમાં છું.' ટૂંકમાં, જીવનમાં અનેક પ્રશ્નો, સમસ્યાઓ મન જ પેદા કરે છે માટે મન જ બંધનનું કારણ છે. કહ્યું પણ છે કે,

''मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।''

'મન જ મનુષ્યોના બંધન અને મુક્તિનું કારણ છે.' મનને બંધન છે કારણ કે તેને જગતના વિષયોમાં આસક્તિ છે, જગતની વ્યક્તિઓમાં આકર્ષણ છે, અનુકૂળ પરિસ્થિતઓને બદલવાની અપેક્ષા છે. પરંતુ જો મનને જગતના કોઈ વિષયમાં આસક્તિ ન હોય, જગતની કોઈ વ્યક્તિમાં આકર્ષણ ન હોય, જગતની પરિસ્થિતિઓને બદલવાની અપેક્ષા કે આકાંક્ષા ન હોય તો દુઃખ નામની વસ્તુ છે જ ક્યાં? અજંપો ક્યાં? નિષ્ફળતા ક્યાં? નિરાશા ક્યાં? હતાશા ક્યાં? તાત્પર્ય કે મન જ બંધન ઊભું કરે છે માટે મન જ બંધનમાંથી મુક્ત કરી શકે તેમ છે. સચ્ચિદાનંદ સ્વરૂપે આપણે નિત્યમુક્ત છીએ, પણ આપણે આપણું સ્વરૂપ છોડી જડ પાછળ દોટ મૂકી માટે બંધનનો ભાવ ઊભો થયો છે, માટે જ દુઃખ હતાશા, નિરાશા, ભગ્નાશાથી ઘેરાયા છીએ, દુઃખ અને દર્દના દરિયામાં ડૂબી ગયા છીએ. આપણે આપણા પોતાના જ ઘરમાં ભૂલા પડ્યા છીએ. ઘરની બારીઓ ખુલ્લી છે, દરવાજા ખુલ્લા છે, છતાં આપણે ઘરમાં કેદ છીએ. બીજે ક્યાંક ભૂલા પડેલાને કોઈક રસ્તો બતાવે, પરંતુ પોતાના ઘરમાં જ ભૂલા પડેલાને રસ્તો કોણ બતાવે? જો બંધન પોતાના મનથી જ ઊભું કરેલું હોય તો મુક્તિનો ઉપાય પણ મનથી અન્ય હોઈ શકે નહીં. મનનું બંધન શીર્ષાસન કરવાથી કે શરીરને આડું, ઊંધુ, ચત્તું કરવાથી ન છૂટે. સંપૂર્ણ ભારતની યાત્રા કરવાથી પણ ન છૂટે કારણ કે બંધન મનમાં છે. માટે શરીર સાથે કોઈ પણ ક્રિયા કરવાથી કે બહારની કોઈ પણ ભૂમિ પર પરિભ્રમણ કરવાથી આંતરિક મનનાં બંધન તૂટે તેમ નથી. આપણે શરીરની ખોટી ખોટી ક્રિયાઓમાં અટવાયેલાં છીએ માટે આદિ શંકરાચાર્યજી આપણને ખોટી ક્રિયાઓમાંથી મુક્ત થવા માટે સંદેશો આપે છે. બંધનથી મુક્ત થવું હોય તો મનને વિવેકવિચાર દ્વારા સમજાવી, મનની કરેલી

અપેક્ષાઓમાંથી છૂટવું જોઈએ. મને જગતના પદાર્થોનું જે મિથ્યા મૂલ્ય આંક્યું છે તેમાંથી છૂટવું જોઈએ, આપણા જીવનમાં આપણે મનની માગોનું કબ્રસ્તાન-સ્મશાન બનાવવું જોઈએ.

જે મન સંસારની વાસના અને સંકલ્પથી મુક્ત થઈ શકે છે તે જ સંસારના પદાર્થોની આસક્તિથી મુક્ત થઈ શકે છે. વાસના અને સંકલ્પ જ ન હોય તો મન ચંચળ ન હોય, ચંચળતા ન હોય તો મનમાં વિક્ષેપ ન હોય. વિક્ષેપ ન હોય તો અશાંતિ ન હોય અને મન શાંત હોય. આવું શાંત મન જ દૃઢ આત્મનિષ્ઠા દ્વારા જ્ઞાનયોગમાં આરૂઢ કરી, આરૂઢ થયેલા વિવેકી મન વડે આપણા અવિવેકી મનને સંસારસાગરમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરવો જોઈએ. વિવેકી મન વડે જ અવિવેકી મનનો ઉદ્ધાર કરવાનો છે માટે જ કહેવાયું છે કે, મન વડે મનનો ઉદ્ધાર કરવો. મન વડે જ મનની દીવાલોને પાર કરવાની છે અને મનથી પર તત્ત્વનો સાક્ષાત્કાર કરવાનો છે.

(છંદ-અનુષ્ટુપ)

**संन्यस्य सर्वकर्माणि भवबन्धविमुक्तये ।**
**यत्यतां पण्डितैर्धीरैरात्माभ्यास उपस्थितैः ।।१०।।**

| | | | |
|---|---|---|---|
| **आत्म-अभ्यासे** | = આત્મજ્ઞાનના અભ્યાસમાં | **कर्माणि** | = કર્મોને |
| | | **संन्यस्य** | = છોડીને |
| **उपस्थितैः** | = તત્પર થયેલા | **भवबन्ध–** | = સંસારરૂપી બંધનથી |
| **धीरैः** | = ધૈર્યશીલ | | |
| **पण्डितैः** | = સાધક વિદ્વાનોએ | **विमुक्तये** | = વિમુક્તિ માટે |
| **सर्व** | = બધાં | **यत्यताम्** | = પ્રયત્ન કરવો. |

આત્મચિંતનમાં તત્પર થયેલા ધૈર્યશીલ વિદ્વાનોએ બીજાં બધાં કર્મો અર્થાત્ આત્મચિંતન સિવાયના બધાં કર્મો છોડી માત્ર સંસારરૂપી બંધનથી મુક્ત થવા પ્રયત્ન કરવો જોઈએ. સર્વ કર્મોનો ત્યાગ કરવાનો અધિકાર પ્રાપ્ત કરવા માટે, અત્રે શંકરાચાર્યજીએ જે શરત મૂકી છે તે ખૂબ અગત્યની છે.

જેના જીવનનો દૃઢનિશ્ચય હોય કે ધર્મ, અર્થ અને કામમાંથી કંઈ પ્રાપ્ત કરવું નથી, માત્ર મોક્ષ જ જોઈએ છે તેને સર્વ કર્મના ત્યાગનો ઉપદેશ આપવામાં આવ્યો છે. વળી, આવો નિર્ણય વિદ્વત્તાપૂર્વક અને વિવેકપૂર્વક લેવાયેલો હોવો જોઈએ. જો સ્મશાન વૈરાગ્યથી પ્રેરાઈને કે આવેશમાં આવી જઈને આવો નિર્ણય લીધો હશે તો તે ચિરસ્થાયી નહીં હોય, માટે બૌદ્ધિક સમાધાન દ્વારા જ આવા નિર્ણય પર આવવું જોઈએ. આવા દૃઢ નિશ્ચયવાળો વિદ્વાન કે જેને કેવળ આત્મચિંતન જ કરવું છે તેણે સર્વ કર્મોનો ત્યાગ કરવો જોઈએ, એવું અત્રે કહેવામાં આવ્યું છે. બધા માટે કર્મ છોડવાની વાત નથી કારણ કે માત્ર કર્મ છોડવાથી મોક્ષ પ્રાપ્તિ થઈ જતી નથી.

ઘરબાર છોડીને પેટ માટે રખડનારાઓનો આપણા દેશમાં તોટો નથી, એવા તો કેટલાય હિમાલયમાં રખડતા હોય છે. તેઓ સંસારમાં રખડે કે હિમાલયમાં રખડે, તેથી કશો ફરક પડતો નથી. પૂર્વે તોફાની હોય, બહુ પ્રવૃત્તિ કરનારો હોય અને પછી કદાચ હિમાલયની ગુફામાં ચુપચાપ બેસી રહેનારો થાય, પરંતુ તેથી શું થયું? પહેલા એ મૂર્ખ હતો, હિમાલયમાં જઈને એ શાંતમૂર્ખ બન્યો, પરંતુ મૂર્ખતા ગઈ નથી. જો મૂર્ખતા જવાની ન હોય તો સ્થળની બદલી કરવાથી કે કર્મ છોડવાથી કંઈ ફાયદો થાય નહીં. જેનું મન આત્મવિચાર કે આત્મચિંતનમાં તત્પર થઈ શકે તેવું ન હોય, તેણે તો ક્યાંય ગયા વિના, કર્મ કરતાં કરતાં જ આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઈએ. અધિકાર ન હોવા છતાં કોઈ કર્મત્યાગનો પ્રયત્ન કરશે તો ખૂબ દુઃખી થવું પડશે, ખૂબ પસ્તાવું પડશે, એટલા માટે જ સંતો, જ્ઞાનીઓ કહેતા હોય છે કે, 'જ્યાં છો ત્યાં રહીને જ પ્રયત્ન કરો.' મનની અંદર કર્મનો સુષુપ્ત જ્વાળામુખી પડ્યો હોય, 'આ કરવું છે, તે કરવું છે, આ સિદ્ધ કરવું છે પછી પેલું પ્રાપ્ત કરવું છે.' આવી બધી અનેક વાસનાઓ પડી હોય, અને છતાં ક્યાંક ચાલ્યા જઈએ તો બે-પાંચ અઠવાડિયાથી વધુ ત્યાં રહેવાશે નહીં. આપણે જીવનનાં અનેક પ્રશ્નોથી કે રોજીંદા યાંત્રિક જીવનથી જ્યારે કંટાળી જઈએ છીએ, ત્યારે તેનાથી છૂટવા, થોડા દિવસ માટે ક્યાંક બહાર

જવાનું મન બધાને થાય છે. આવી પરિસ્થિતિ સર્જાય ત્યારે આપણે કોઈ હવાખાવાના સ્થળે જઈને, થોડા દિવસ વિશ્રામ કરવાનું નક્કી કરીએ છીએ. હવાખાવાના સ્થળે ગયા પછી થોડા જ દિવસમાં મન પુનઃ ફરિયાદ કરે છે કે આ નદી-પહાડના દૃશ્યો જોઈને હવે કંટાળો આવે છે, આનાથી છૂટીને પાછા ઘરે જવામાં મઝા છે. આ આપણા જીવનનો અનુભવ છે કે જયારે આપણે કંટાળીને ક્યાંક જઈએ છીએ ત્યારે થોડા જ દિવસમાં પાછા ફરવાનું મન થઈ જાય છે. માટે અત્રે શંકરાચાર્યજી સ્પષ્ટતા કરે છે કે જે આત્મચિંતનનો અધિકારી છે તેણે જ સર્વ કર્મોનો ત્યાગ કરવો જોઈએ, બીજાએ નહીં.

આત્મચિંતન તો જ થઈ શકે જો આપણી પાસે આત્મા-અનાત્માના વિવેકનું જ્ઞાન હોય. આત્મચિંતન કંઈ અર્થહીન દિવાસ્વપ્ન નથી, શેખચલ્લીનો સ્વપ્નવિહાર નથી કે પરિસ્થિતિથી હારેલા પામરની પરિકલ્પના નથી. આત્મચિંતન એટલે આપણા અભય, અજર, અમર આત્મસ્વરૂપનો વિચાર અને આવો વિચાર તે જ કરી શકે જેણે પર્યાપ્ત શ્રવણ કર્યું હોય. માટે અત્રે સમજવાનું કે જેની આત્મચિંતન કરવાની પૂર્ણ તૈયારી છે તેવા વિદ્વાને સર્વ કર્મોનો ત્યાગ કરી, મુક્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. કર્મત્યાગનો સંદેશ આપવા પાછળના કારણનો ઘટસ્ફોટ હવે પછીના શ્લોક દ્વારા કરવામાં આવશે.

(છંદ-અનુષ્ટુપ)

**चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये ।**
**वस्तुसिद्धिर्विचारेण न किञ्चित्कर्मकोटिभिः ।।११।।**

| | | | |
|---|---|---|---|
| **कर्म** | = કર્મ | **न** | = નહીં. |
| **चित्तस्य** | = અંતઃકરણની | **वस्तुसिद्धिः** | = આત્મજ્ઞાન |
| **शुद्धये** | = શુદ્ધિ માટે (છે) | **विचारेण** | = વિચારથી (થાય છે) |
| **तु** | = પરંતુ | **कर्मकोटिभिः** | = કરોડો કર્મોથી |
| **वस्तु** | = આત્મવસ્તુની | **किञ्चित्** | = લેશ માત્ર પણ |
| **उपलब्धये** | = પ્રાપ્તિ માટે | **न** | = થતું નથી. |

આ શ્લોકમાં કર્મની મર્યાદાનો સ્પષ્ટ ખ્યાલ આપવામાં આવ્યો છે. કર્મથી ચિત્તની શુદ્ધિ અવશ્ય થઈ શકે છે પણ આત્મવસ્તુની પ્રાપ્તિ કર્મ દ્વારા થઈ શકે તેમ નથી. આત્મા સૌને પ્રાપ્ત જ છે માટે આત્માની પ્રાપ્તિ 'પ્રાપ્તની જ પ્રાપ્તિ' છે. જે અપ્રાપ્ય હોય તેની પ્રાપ્તિ કર્મ દ્વારા થઈ શકે, પણ જે પ્રાપ્ત જ છે, તેની પ્રાપ્તિ કર્મ દ્વારા થઈ શકે તેમ નથી. આત્મા સૌને પ્રાપ્ત હોવા છતાં માત્ર અજ્ઞાનને લીધે જ જણાતો નથી, માટે અજ્ઞાનની નિવૃત્તિને જ આત્માની પ્રાપ્તિ કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ કહેવાય છે. આત્માને માત્ર જાણવાની જ જરૂર હોવાથી અત્રે કહેવાયું કે આત્મવસ્તુની પ્રાપ્તિ આત્મવિચારથી થાય છે.

**न किञ्चित्कर्मकोटिभिः** કરોડો કર્મો કરવાથી પણ આત્મજ્ઞાન થતું નથી. ખૂબ પુણ્યકર્મો કરીએ, ખૂબ રૂપિયા ખર્ચીને વિષ્ણુયાગ જેવા યજ્ઞો કરીએ કે ચારે ધામની યાત્રા કરીએ પણ તેનાથી મોક્ષ કે મુક્તિ મળી શકે તેમ નથી. એવું પણ નથી કે પૂજા-પાઠ, દેવદર્શન, યાત્રા વગેરે નકામાં છે. આ બધાં કર્મોની ઉપયોગિતા છે અને મર્યાદા પણ છે. ચિત્તશુદ્ધિ માટે આ બધાં કર્મો ઉપયોગી છે પરંતુ યાત્રા કરવાથી, પૂજા કરવાથી, પુણ્યકર્મો કરવાથી, દાન કરવાથી કે નદીઓમાં સ્નાન કરવાથી મોક્ષ મળી શકે નહીં. જો મુક્તિ મેળવવી હોય તો તે માટે આત્મવિચાર જ કરવો પડે, **वस्तुसिद्धिर्विचारेण ।** હું કોણ છું? તેની શોધ કર્યા વિના મુક્તિના દરવાજા ખૂલે તેમ નથી. આપણે મુક્ત છીએ પરંતુ 'હું મુક્ત છું' એવું આત્મવિચાર વિના જાણી શકાય તેમ નથી. પ્રથમ કર્મની ઉપયોગીતાનો વિચાર કરીએ. 'કર્મ' એ એક પ્રકારની હોડી છે. જેમ હોડી એક કિનારેથી બીજા કિનારા સુધી પહોંચાડી શકે તેમ આ કર્મ રૂપી હોડી ચિત્તશુદ્ધિરૂપી કિનારા સુધી પહોંચાડી શકે તેમ છે. જો તે કિનારાથી આગળ વધીને પોતાના ચૈતન્ય સ્વરૂપને જાણવું હોય તો હવે તે હોડીને પડતી મુકવી જોઈએ. ચિત્તશુદ્ધિરૂપી કિનારો જ કર્મની અંતિમ સરહદ છે, કર્મની આખરી મર્યાદા છે. ગમે તેવું પવિત્રમાં પવિત્ર કર્મ હોય છતાં તે આત્મસાક્ષાત્કાર સુધી પહોંચાડી શકે તેમ નથી.

આનો અર્થ કોઈ પણ અપરિપક્વ મુમુક્ષુએ એવો કરવાનો નથી કે કર્મો તદ્દન નકામા, નિરર્થક અને કનિષ્ઠ કક્ષાના છે. વાસ્તવમાં તો આપણે વિવેકબુદ્ધિ દ્વારા, કયા કર્મ ક્યાં સુધી ઉપયોગી છે, કયા કર્મો બંધનમાં નાંખનારા છે અને કેવાં કર્મો કરવાથી કર્મમુક્ત રહી શકાય તેમ છે તે જાણી લેવાનું છે. જો કોઈ પણ વ્યક્તિ સકામકર્મ કરે તો તેવા કર્મો કદાપિ નિત્યફળ આપી શકે નહીં, તે સ્પષ્ટ સમજી લેવાનું છે. ઉચ્ચમાં ઉચ્ચ કે ઉત્તમ કક્ષાના યજ્ઞ-યાગાદિ કે સ્નાન-દાનાદિ જેવા કર્મો પણ અંતે તો સ્વર્ગરૂપી અનિત્ય ફળની જ પ્રાપ્તિ કરાવી શકે. માટે જ શ્રીકૃષ્ણ પરમાત્માએ પણ ગીતામાં સ્પષ્ટ કર્યું છે કે,

**"ते पुण्यमासाद्य सुरेन्द्रलोकमश्नन्ति दिव्यान्दिविदेवभोगान् ।"**

(ગીતા-અ. ૯-૨૦)

"(સકામકર્મ કરનારા) પુણ્યરૂપ સ્વર્ગલોકને પામીને સ્વર્ગમાં દિવ્ય દેવભોગોને ભોગવે છે." આવા દિવ્ય ભોગ જે સકામકર્મોનું ફળ છે તે કંઈ શાશ્વત ફળ નથી, માટે જ લાંબો સમય તેવું ફળ ભોગવીને અંતે તો તે ફળભોગનો નાશ થતાં કે પુણ્યકર્મો ક્ષીણ થતાં તેવા સૌ સકામકર્મી પુણ્યશાળી લોકોને પુનઃ મૃત્યુલોકમાં પાછા ફરવું પડે છે અને જન્મ-મૃત્યુ-જરા જેવી ચક્રગતિ કે વમળમાં પડવું પડે છે. તેવું સમજાવતાં ગીતાકારે કહ્યું છે કે,

**"क्षीणे पुण्ये मर्त्यलोके विशन्ति ।"** (ભ. ગીતા-અ. ૯-૨૧)

"પુણ્યો ક્ષીણ થતાં (તેઓ) મૃત્યુલોકમાં પ્રવેશે છે." આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કોઈ પણ સકામકર્મ નિત્યફળ આપી શકે નહીં. જ્યારે મુક્તિ, મોક્ષ કે આત્મવસ્તુ તો નિત્યફળ છે. માટે જ અત્રે ઉલ્લેખ છે કે કરોડો સકામ-કર્મથી આત્મવસ્તુ પ્રાપ્ત ન થાય, અને નિષ્કામ કર્મથી પણ સીધે સીધો મોક્ષ, મુક્તિ કે આત્મવસ્તુ સિદ્ધ થઈ શકે નહીં કારણ કે નિષ્કામકર્મનું ફળ કે અંતિમ લક્ષ્ય અંતઃકરણની શુદ્ધિ છે અને અંતઃકરણની શુદ્ધિ એ આત્મજ્ઞાનની નિર્વિવાદ પૂર્વ શરત છે. આથી આત્મજ્ઞાનની ઇચ્છાવાળાએ અજ્ઞાનરૂપી

અંધકાર દૂર કરવાની અપેક્ષાવાળાએ કે જન્મમૃત્યુનો અંત આણવાની આકાંક્ષા-વાળાએ ચિત્તશુદ્ધિ કરવી અનિવાર્ય છે. આમ જોતાં શુદ્ધચિત્તવાળું અંતઃકરણ જ આત્મજ્ઞાનનું અધિકારી બને છે અને આવું શુદ્ધ ચિત્ત કે સૂક્ષ્મબુદ્ધિ જ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિ, મોક્ષ કે આત્મસાક્ષાત્કારનું નિત્યફળ મેળવે છે. આથી સ્પષ્ટ થાય છે કે કર્મ તદ્દન નકામા નથી પરંતુ મોક્ષમાર્ગે મુક્તિ માટે અને સાક્ષાત્કારમાં ક્રમે ક્રમે ઉપયોગી છે. તેથી કરીને અપરિપક્વ સાધકે ઉતાવળે આવેશમાં કે આવેગમાં ન તો કર્મ સામે બળવો પોકારવો કે કર્મોને કનિષ્ઠ ગણવા, કે તેનો ત્યાગ કરવો. પરંતુ વિવેક દ્વારા કર્મની સરહદો, લક્ષ્મણરેખા, મર્યાદા જાણી સમજી અને મોક્ષમાર્ગે પોતાના હિતાહિતનો વિચાર કરીને જ આ પંથે ધીરે પણ સાવચેતીથી પ્રસ્થાન કરવા જેવું છે. બાકી ઉતાવળે આગળ વધી પાછળ પડવા જેવું થશે. આવા સર્વાંગી વિકાસલક્ષી સૂચનો શંકરાચાર્યજીએ અહેતુક દયાસિન્ધુ તરીકે દર્શાવ્યા છે. બંધન મન સાથે જોડાયેલું છે. શરીર કે ઇન્દ્રિયોના કર્મ દ્વારા મનનું બંધન તોડી શકાય તેમ નથી. આ શરીરને ગંગાજીમાં હજારો ડૂબકાં ખવડાવીશું તો પણ મોક્ષ મળશે નહીં. અહીં કોઈને શંકા થાય કે શાસ્ત્રો તો એમ પણ કહે છે કે,

**"भगवद्गीता किञ्चिदधीता गंगाजललवकणिका पीता ।**
**सकृदपि यस्य मुरारिसमर्चा तस्य यमः किं कुरुते चर्चाम् ।।"**

(ચર્પટપંજરિકા સ્તોત્ર)

"જેણે ભગવદ્‌ગીતાનું થોડું પણ અધ્યયન કર્યું હોય, ગંગા-જળનું એક બિંદુ પણ પીધું હોય, અથવા મુરારિ ભગવાનનું એકવાર પણ પૂજન કર્યું હોય, તેની ચર્ચા યમદેવ શું કરી શકે? અર્થાત્ તે મૃત્યુના પાશથી છૂટી જાય છે." શાસ્ત્રો દ્વારા જ્યાં આવું કહેવાયું છે તે ખોટું નથી પણ તે શ્રદ્ધાળુ લોકોને શરૂઆતમાં પ્રોત્સાહન આપવા માટે કહેવાયું છે. સ્તુતિ અને હકીકતમાં મોટો તફાવત છે. જે સ્તુતિ માટે કહેવાય તે હકીકત હોય તેવું જરૂરી નથી. માટે ઉપરોક્ત કથનનો એવો અર્થ ન જ કરાય કે માત્ર ગંગાસ્નાનથી મોક્ષ મળી શકે તેમ છે. ગંગાસ્નાનનો મહિમા ગાવાનું તાત્પર્ય કંઈક બીજું

જ છે. ગંગા કિનારે અનેક જ્ઞાની મહાત્માઓ ફરતાં હોય છે. સ્નાનાર્થે ગંગાકિનારે ગયેલા શ્રદ્ધાળુને, અનાયાસે કદાચિત કોઈ મહાત્માનો ભેટો થઈ જાય, તો મહાત્મા સાથે વાતચીત થાય અને વાતચીતથી સત્સંગમાં જવાનું મન થઈ શકે છે. આવો કોઈ શ્રદ્ધાળુ સત્સંગમાં જાય અને થોડું ઘણું શ્રવણ કરે તો સત્સંગનો આશ્રય લઈને તે ધીરે ધીરે જીવન્મુક્તિ સુધીની યાત્રા કરી શકે છે.

**"सत्संगत्वे निःसंगत्वं, निःसंगत्वे निर्मोहत्वम् ।**
**निर्मोहत्वे निश्चलतत्त्वं, निश्चलतत्त्वे जीवन्मुक्तिः ।।"**

સત્સંગથી વૈરાગ્ય ઉત્પન્ન થાય, વૈરાગ્યથી મોહ દૂર થાય, મોહ દૂર થતાં અવિચળ આત્મતત્ત્વનું જ્ઞાન થાય અને આવું આત્મતત્ત્વનું જ્ઞાન જ જીવન્મુક્તિ આપનારું છે. આમ, ગંગાસ્નાનાર્થે ગયેલો શ્રદ્ધાળુ જીવન્મુક્તિ પામી શકે છે. માટે એવું કહેવાયું છે કે ગંગાસ્નાનથી મુક્તિ મળે છે. જો ખરેખર માત્ર ગંગાસ્નાનથી જ મુક્તિ મળતી હોત તો નદીમાં રહેનારાં માછલાં ક્યારનાંય મુક્ત થઈ ગયાં હોત! તેવી જ રીતે જો માત્ર ફળ ખાવાથી મુક્તિ મળતી હોત તો બધા વાંદરાઓ મુક્ત થઈ ગયા હોત! શાસ્ત્રના પુસ્તકો રાખવાથી અથવા ગોખવાથી જો ઉદ્ધાર થતો હોત તો ઊધઈ જે આખાને આખા શાસ્ત્રોના પુસ્તકો ખાઈને પચાવી જાય છે તેમનો ઉદ્ધાર થઈ ગયો હોત! ટીલાં-ટપકાં કરવાથી જો ઉદ્ધાર થતો હોત તો કેટલાય પથ્થરોનો ઉદ્ધાર થઈ ગયો હોત! પણ એવું બનતું નથી. માટે સત્ય એ જ છે કે કર્મથી માત્ર અંતઃકરણની શુદ્ધિ જ થાય. અંતઃકરણની શુદ્ધિ માટે જ કર્મ સાધન થઈ શકે છે, એ સિવાય કર્મ દ્વારા સીધે સીધો મોક્ષ મળી શકે તેમ નથી. કેવળ આત્મજ્ઞાનથી જ મોક્ષ થઈ શકે તેમ છે અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે આત્મવિચાર કરવાની જરૂર છે.

(છંદ-અનુષ્ટુપ)

**सम्यग्विचारतः सिद्धा रज्जुतत्त्वावधारणा ।**
**भ्रान्त्योदितमहासर्पभयदुःखविनाशिनी ।।१२।।**

| | |
|---|---|
| **भ्रान्त्या उदित** | = ભ્રાંતિથી પેદા થયેલ |
| **महा-सर्पभय-दुःख-विनाशिनी** | = સર્પના મહાભયના દુઃખનો નાશ કરનારો |
| **रज्जुतत्त्व** | = "આ તો દોરડું જ છે" |
| **अवधारणा** | = એવો નિશ્ચય |
| **सम्यक्-विचारतः** | = યથાર્થ વિચારથી જ |
| **सिद्धा** | = સિદ્ધ થાય છે. |

શંકરાચાર્યજી હવે એક દૃષ્ટાંત આપી સમજાવવાનો પ્રયત્ન કરે છે કે જે ભ્રાંતિ હોય, અજ્ઞાનજનિત હોય તે માત્ર વિચાર દ્વારા જ દૂર થઈ શકે. મંદ અંધકારમાં પડેલી દોરી પર, અચાનક દૃષ્ટિ પડતાં, 'આ સર્પ છે' એવી ભ્રાંતિ થઈ અને સર્પના ભયથી ડરીને આપણે નાસી ગયા હોઈએ. હવે વિચાર કરીએ કે આ સર્પના ભયને દૂર કરવા કયું કર્મ કરવું જોઈએ? શું નદીમાં નાહવાથી, જપ કરવાથી કે દાન કરવાથી સાપનો ભય દૂર થશે? ભ્રાંતિથી ઉદ્‌ભવેલા સર્પના ભયને દૂર કરવા તો વિચાર કરવો પડે કે, 'ખરેખર સાપ છે કે નહીં?' આવો વિચાર કરતાં કરતાં, જયાં સુધી આપણે એવા નિશ્ચય પર ન આવીએ કે 'દોરી જ સર્પરૂપે દેખાતી હતી' ત્યાં સુધી સર્પનો ભય દૂર થઈ શકે નહીં. તાત્પર્ય એ છે કે ભ્રાંતિથી પેદા થયેલાં સર્પના ભયનો અને દુઃખનો નાશ કરવો હોય તો વિચાર જ કરવો પડે.

દૃષ્ટાંતમાં દોરી અધિષ્ઠાન છે અને સર્પ, દોરી પર થયેલો આરોપ છે. જેમ્ 'દોરી' અધિષ્ઠાન છે તેમ 'આત્મા' અધિષ્ઠાન છે અને 'સર્પ' આરોપ છે, તેમ નામ અને આકારથી ભરેલું સમસ્ત 'જગત' આરોપ છે. અધિષ્ઠાન દોરીમાં વસ્તુતઃ સર્પ નથી છતાં ભ્રાંતિથી આપણે 'સર્પ' એવું નામ અને સર્પનો 'આકાર' આરોપી દીધો હતો. તે જ પ્રમાણે અધિષ્ઠાન આત્મા ઉપર જગતના તમામ નામ અને આકારોનું ભ્રાંતિથી આરોપણ થઈ ગયું છે. જેમ દોરી સર્પરૂપે દેખાય છે તેમ આત્મા અનામી અને નિરાકાર હોવા છતાં નામી અને સાકાર દેખાય છે. માટીને ખરેખર કોઈ વિશેષ આકાર નથી, છતાં માટીને જુદાં જુદાં આકારવાળી બનાવીએ તો તે માટી ઘડો, કોડિયાં, નળીયાં વગેરે નામ અને

આકારવાળી દેખાય છે. માટીને કોઈ જ વિશેષ આકાર નથી છતાં માટીમાં ઘડો વગેરે દેખાવાનું કારણ અજ્ઞાન અને ભ્રાંતિથી થયેલું આરોપણ માત્ર છે, તેમ બ્રહ્મમાં જગતના સમસ્ત નામ અને આકાર ભાસવાનું કારણ અધિષ્ઠાન બ્રહ્મનું અજ્ઞાનમાત્ર છે. જો અજ્ઞાન જગતરૂપી ભ્રાંતિનું કારણ હોય તો તેની નિવૃત્તિ વિચાર કરવાથી જ થાય. ખોટા સર્પનો ભય દૂર કરવો હોય તો દોરીનો વિચાર કરવો પડે. તેમ મિથ્યા સંસારનો ભય દૂર કરવો હોય તો સંસારના અધિષ્ઠાન આત્માનો વિચાર કરવો જોઈએ. દોરીનો વિચાર કરતાં સર્પનો ભય દૂર થયો તેમ આત્માના વિચારથી સંસારનો ભય જતો રહે છે. અધિષ્ઠાનના વિચારથી જ ભ્રાંતિજનિત ભય દૂર કરી શકાય છે. માટે શંકરાચાર્યજી કહે છે કે ભ્રાંતિથી પેદા થયેલા સર્પના ભય અને દુઃખનો નાશ કરનારી, વાસ્તવિક દોરીની ધારણા છે. અધિષ્ઠાનની ધારણા વિચારથી જ સિદ્ધ થાય છે, અન્ય કોઈ ક્રિયાથી થઈ શકતી નથી.

(છંદ–અનુષ્ટુપ)

**अर्थस्य निश्चयो दृष्टो विचारेण हितोक्तितः ।**
**न स्नानेन न दानेन प्राणायामशतेन वा ।।१३।।**

**हितोक्तितः**= હિતકારક વચનોનો
**विचारेण** = વિચાર કરવાથી જ
**अर्थस्य** = વસ્તુતત્ત્વનો (આત્મારૂપ વસ્તુનો)
**निश्चयः** = નિશ્ચય
**दृष्टः** = થયેલો જોવામાં આવ્યો છે
**स्नानेन न** = સ્નાન કરવાથીનહીં
**दानेन न** = દાન કરવાથી નહીં
**वा** = કે
**प्राणायामशतेन** =સેંકડો પ્રાણાયમ (કરવાથી નહીં)

અજ્ઞાનની નિવૃત્તિ કે ખોટા તાદાત્મ્યનો નાશ, ક્રિયા કરવાથી થતો નથી પરંતુ માત્ર જ્ઞાનથીં જ થાય છે. માટે શંકરાચાર્યજી કહે છે કે ચિંતન–મનનરૂપી વિચારથી જ વસ્તુતત્ત્વનો અર્થાત્ આત્મતત્ત્વનો નિશ્ચય થાય છે. તમારી પાસે એક કિંમતી રત્નજડિત વીંટી છે. તમે દરિયાકિનારે ફરવા ગયા,

ત્યાં ખૂબ ભીડ હતી, સૂર્યાસ્તનો સમય હતો, અને વીંટી હાથમાંથી સરી પડી. તમે વીટીને શોધવા લાગ્યા, ત્યાં એક મિત્ર જોઈ ગયો, તેણે પૂછ્યું, 'શું થયું?' તમે જવાબ આપ્યો 'ખૂબ કિંમતી વીંટી ખોવાઈ ગઈ છે તે શોધું છું.' મિત્રે ફરીથી પૂછ્યું, 'ક્યાં ખોવાઈ છે? ક્યારે ખોવાઈ છે?' મિત્રને આગળ બોલતાં રોકીને તમે ધીરેથી કહ્યું, 'અરે ભાઈ! ધીરેથી બોલ, હમણાં જ ખોવાઈ છે, આટલામાં જ ખોવાઈ છે.' આગંતુક મિત્ર શોધમાં જોડાયો અને, પુનઃ શોધ શરૂ થઈ. થોડીવારમાં વધુ બે મિત્રો શોધકાર્યમાં જોડાયા. શોધતાં શોધતાં થાકીને એક મિત્ર બોલ્યો, 'થોભો, મને મંત્રજપ કરી લેવા દો, જપ કરવાથી મળી જશે.' થોડીવાર પછી બીજો મિત્ર બોલ્યો, 'હું મંદિરમાં દર્શન કરી આવું, દર્શન કરવાથી મળી જશે.' ત્યારબાદ ત્રીજો મિત્ર બોલ્યો, 'હું સમુદ્રસ્નાન કરી આવું.' એટલે ચોથાએ કહ્યું કે 'થોડું દાન-ધર્મ કરીએ તેનાથી મળી જશે.' વીંટી શોધવાના ઉપાયરૂપે ઘણાં સૂચનો પ્રાપ્ત થયાં. હવે વિચાર કરીએ કે વીંટી શોધવાના વાસ્તવમાં ઉપાય કેટલાં? અને કયો ઉપાય સાચો? કોઈ પણ સમજુ વ્યક્તિએ એક જ નિષ્કર્ષ પર આવવું પડે કે નજીકમાં પડેલી વીંટી જો અંધારાને લીધે જ ન દેખાતી હોય, તો અંધારું જ દૂર કરવું જોઈએ. ઉપરાંત અંધારું દૂર કરવાના અનેક ઉપાય ન હોઈ શકે. અંધારું દૂર કરવાનો તો માત્ર એક જ ઉપાય છે. અંધારાનો પૂર્ણવિરોધી પ્રકાશ લાવીએ એટલે અંધારું આપોઆપ દૂર થઈ જાય. અર્થાત્ ખરેખર તો અંધારું અને પ્રકાશ અન્યોન્યના પૂર્ણવિરોધી હોવાથી એક જ સમયે એક સાથે અસ્તિત્વમાં ન હોઈ શકે. તેવું જ આપણા સ્વરૂપના જ્ઞાન વિશે છે. જેમ અંધારું દૂર ન થાય તો વીંટી ન મળે તેમ આત્માનું અજ્ઞાન દૂર ન થાય ત્યાં સુધી આત્મજ્ઞાન થઈ શકે નહીં અને અજ્ઞાન દૂર કરવા આત્મવિચારરૂપી પ્રકાશ જ જરૂરી છે. અન્ય સાધન નહીં.

આમ, ઉપરોક્ત દૃષ્ટાંતમાં અંધારાને લીધે નજીકમાં જ રહેલી વીંટી મળતી નથી, તેમ અજ્ઞાનને લીધે જ આપણું આત્મસ્વરૂપ, અત્યંત પાસે હોવા છતાં જણાતું નથી. આત્મા અન્ય દેશમાં હોય તો તેને પ્રાપ્ત કરવાના અનેક રસ્તા હોઈ શકે, પરંતુ આત્મા કંઈ આપણાથી દૂર કાશી, મથુરા કે

તિરૂપતિમાં જ નથી. આત્મા આપણી અંદર છે માટે આત્માને પ્રાપ્ત કરવાના અનેક રસ્તા હોઈ શકે નહીં. એટલું જ નહીં આપણે સ્વયં આત્મસ્વરૂપ જ છીએ. આત્મા તો સૌને પ્રાપ્ત જ છે. માટે, સ્નાન, દાન, પ્રાણાયામ જેવા કર્મની જરૂર નથી. છતાં તેવાં કર્મો ચિત્તશુદ્ધિરૂપી કિનારા પર જવા મદદરૂપ થશે. જેમ પેલી ખોવાયેલી વીંટી અનેક કર્મો કરવાથી મળવાની નથી, પરંતુ માત્ર અંધારું દૂર કરવામાં આવે, તો તે મળી શકે તેમ છે. વીંટી જોવા માટે અંધારું દૂર કરવા સિવાય બીજો કોઈ રસ્તો નથી, તે જ પ્રમાણે અંતરાત્માને પ્રાપ્ત કરવો હોય તો સ્નાન, દાન, પૂજાપાઠ કે યાત્રા મહત્ત્વનાં નથી કારણ કે તેવા સૌ કર્મો તો માત્ર ચિત્તશુદ્ધિના જ સાધન છે.

જો કર્મનું ફળ માત્ર અંતઃકરણની શુદ્ધિ જ છે તો મોક્ષ કે મુક્તિ કેવી રીતે થાય? આત્મસાક્ષાત્કાર કેવી રીતે થાય? અજ્ઞાન દૂર કરવાથી આત્મસાક્ષાત્કાર થતો હોય તો અજ્ઞાન દૂર કરવાના કેટલા રસ્તા? આવા અનેક પ્રશ્નોનું શ્રવણ અને વિચાર દ્વારા સમાધાન મેળવી, એવા નિષ્કર્ષ પર પહોંચવું જોઈએ કે સ્નાન, દાન, પ્રાણાયામ આદિ કર્મોથી, અજ્ઞાનનો નાશ થતો નથી કે આત્મસાક્ષાત્કાર થતો નથી. ચિત્તની શુદ્ધિ માટે અનેક કર્મો હોઈ શકે અને તેવાં કર્મો પણ સકામ ન હોવા જોઈએ. માત્ર નિષ્કામકર્મ જ ચિત્તશુદ્ધિનું ફળ પ્રદાન કરી શકે અને ચિત્તશુદ્ધિ જ જ્ઞાન માટે અધિકાર જન્માવી શકે. આમ સ્પષ્ટ થાય છે કે ચિત્તની શુદ્ધિ માટે અનેક રસ્તાઓ હોઈ શકે પણ અજ્ઞાનની નિવૃત્તિ માટે અનેક માર્ગો ન સંભવી શકે. અજ્ઞાનની નિવૃત્તિ માત્ર જ્ઞાનથી જ થાય છે, તે નિર્વિવાદ સત્ય છે.

અનેક જન્મોથી આપણે પોતાને દેહ માનતા આવ્યા છીએ. અગણિત જન્મોના ખોટા અભ્યાસથી અજ્ઞાન અત્યંત દૃઢ થઈ ગયું છે. હવે વિચાર કરીએ કે અનેક જન્મોથી દૃઢ થયેલા અજ્ઞાનની નિવૃત્તિ કરવામાં કેટલો સમય લાગે ? કોઈ એક ગુફામાં હજારો વર્ષોથી અંધારું હોય. આ હજારો વર્ષ જૂના અંધકારને દૂર કરવા કંઈ હજારો વર્ષ સુધી દીવો સળગાવવો પડતો નથી. દીપક પ્રગટાવીને એક ક્ષણ માત્રમાં હજારો વર્ષ જૂનો અંધકાર દૂર

કરી શકાય છે. તેમ હજારો જન્મથી આપણે અજ્ઞાનરૂપી અંધારામાં હોઈએ તો પણ, જ્ઞાનરૂપી દીપક પ્રગટાવવાથી ક્ષણ માત્રમાં અનેક જન્મોના અજ્ઞાનનો નાશ થઈ શકે તેમ છે. એક ક્ષણ માટે પણ જો આત્મસ્વરૂપમાં ચિત્ત સ્થિર થઈ શકે, તો હજારો જન્મોના સંચિત કરેલાં અનેક પુણ્ય-પાપરૂપ કર્મો ક્ષણમાત્રમાં ભસ્મીભૂત થઈ શકે છે. તેથી જ આત્મસ્વરૂપના જ્ઞાન માટે અને અજ્ઞાનની નિવૃત્તિ માટે મહાત્માના કે શાસ્ત્રના હિતકારક વચનોનો વિચાર કરવો જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**अधिकारिणमाशास्ते फलसिद्धिर्विशेषतः ।**
**उपायाः देशकालाद्याः सन्त्यस्यां सहकारिणः ।।१४।।**

| | | | |
|---|---|---|---|
| **फलसिद्धिः** | = આત્મજ્ઞાનરૂપી ફળની પ્રાપ્તિ | **अस्याम्** | = આમાં |
| **विशेषतः** | = ખાસ પ્રકારની પાત્રતાવાળા | **देशकालाद्याः** | = દેશ, કાળ વગેરે |
| **अधिकारिणम्** | = અધિકારીની | **उपायाः** | = સાધનો |
| **आशास्ते** | = અપેક્ષા રાખે છે | **सहकारिणः** | = સહાયક |
| | | **सन्ति** | = થાય છે. |

## અધિકારીવર્ણન

કોઈ પણ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય અને વિશિષ્ટ પ્રકારના સાધનની આવશ્યકતા રહે છે. રૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો આંખની અને શબ્દનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો કાનની જરૂર પડે. માટે રૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આંખને સાધન કહેવાય અને શબ્દનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં કાનને સાધન કહેવાય. આ જ પ્રમાણે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ; આ પાંચ વિષયોનું જ્ઞાન પ્રાપ્ત થવામાં અનુક્રમે કાન, ચામડી, આંખ, જીહ્વા અને નાક; આ પાંચ જ્ઞાનેન્દ્રિયો સાધન કહેવાય છે. કાન શબ્દનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે પણ એ કાન વડે રૂપ જોઈ શકાય નહીં, કારણ કે કાન રૂપને જોવા માટેનું યોગ્ય સાધન નથી. રૂપને જાણવું હોય તો આંખ જ જોઈએ. દરેક

ઇન્દ્રિય પોતાના ખાસ વિષયને જ જાણી શકે છે, એક ઇન્દ્રિય બીજી ઇન્દ્રિયના વિષયને જાણી શકતી નથી. તાત્પર્ય એ છે કે દરેક વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ભિન્ન ભિન્ન સાધન છે. માટે યોગ્ય અને વિશિષ્ટ સાધન હોય, તો જ તે વિષયનું જ્ઞાન થઈ શકે છે.

જો દરેક વિષયનું જ્ઞાન ખાસ પ્રકારના સાધનની અપેક્ષા રાખતું હોય તો આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કયા સાધનની જરૂર પડે? વિચાર કરતાં સ્પષ્ટ સમજાય છે કે નિરાકાર હોવાથી આત્માને રૂપ નથી માટે તેને આંખ વડે જોઇ શકાય નહીં. આ જ પ્રમાણે સમજી શકાય કે આત્મામાં નથી તો શબ્દ, નથી આત્માનો કોઈ વિશિષ્ટ સ્પર્શ, નથી તેમાં કોઈ પ્રકારની ગંધ કે નથી આત્માનો કોઈ સ્વાદ. માટે કોઈ પણ ઇન્દ્રિય દ્વારા આત્મા જાણી શકાય તેમ નથી. પાંચ વિષયોથી રહિત આત્મતત્ત્વ ઇન્દ્રિયગમ્ય નથી, ઇન્દ્રિયગોચર નથી, માટે જ તેને જાણવા માટે વિશેષ પ્રકારના અધિકારની જરૂર છે. યોગ્ય અધિકારીને આપેલો ઉપદેશ જ સાર્થક થાય છે. માટે આપણા શાસ્ત્રોમાં જે કોઈ ઉપદેશ આપવામાં આવ્યો છે તે અધિકારીને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યો છે. જેવો જેનો અધિકાર તેવો તેને ઉપદેશ. આમ, અધિકારભેદે ઉપદેશ આપવાની શાસ્ત્રની પરંપરાગત પ્રણાલિકા છે. એ પ્રણાલિકાનું દર્શન કરાવતાં શંકરાચાર્યજી કહે છે કે,

**'अधिकारिणमाशास्ते फलसिद्धिर्विशेषतः ।'**

'ફળની સિદ્ધિ ખાસ પ્રકારના અધિકારીની અપેક્ષા રાખે છે.' ગમે તેને ઉપદેશ આપવાથી જ્ઞાન થતું નથી, અધિકારી હોય તેને જ ઉપદેશ આપવાથી જ્ઞાન થાય છે.

આત્મજ્ઞાનના અધિકારીનું સ્વરૂપ આચાર્યશ્રીએ આ ગ્રંથમાં અતિ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. શંકરાચાર્યજી અધિકારીનું સ્વરૂપ સમજાવે, તે પૂર્વે આપણે આત્મજ્ઞાનના જિજ્ઞાસુની પ્રાથમિક લાયકાત વિશે વિચાર કરીએ. સત્સંગમાં ઘણાં લોકો આવતાં હોય, પરંતુ દરેક વ્યક્તિ એક સરખું ગ્રહણ કરતી નથી. કોઈને વધુ સમજાય અને કોઈને ઓછું, ગ્રાહકતાનો આધાર

વ્યક્તિની પાત્રતા પર રહે છે. જેવું જેનું પાત્ર તેવી તેની ગ્રાહકતા. કેટલાકનું પાત્ર સીધું હોય અને કેટલાકનું પાત્ર ઊંધુ હોય છે. સીધું પાત્ર તેને કહેવાય જેનામાં શરણાગતિ હોય, શિષ્યભાવ હોય. મનમાં શિષ્ય બનવાની તાલાવેલી હોય, તત્પરતા હોય તો પાત્ર સીધું છે એમ જાણવું. પરંતુ જેમને ગુરુ કે સંતના ચરણમાં અહંકાર ઝુકાવવો નથી, જેઓ ગુરુની પરીક્ષા કરવા કે ગુરુનું માપ કાઢવા અહંકારી થઈને આવે છે તેમનું પાત્ર ઊંધુ સમજવું. ઊંધા પાત્રમાં ગમે તેટલું નાંખીએ છતાં પાત્ર ખાલી જ રહે છે. જેટલા સીધાં પાત્રવાળા છે તેઓમાં પણ કોઈનું પાત્ર કાણાંવાળું હોય તો કોઈનું પાત્ર કાણાં વગરનું હોય છે. જે પાત્રમાં શંકા અને સંદેહના કાણાં હોય તે પાત્રમાં ભરાય ખરું પણ ટકતું નથી. જેમનું કાણાંવાળું પાત્ર છે-તેમને અંદરથી શંકા થયા કરે છે કે, 'મારા જેવાને કંઈ આત્મસાક્ષાત્કાર થાય? શાસ્ત્રો તો હજારો વર્ષ પુરાણા છે, તે વખતે કદાચ સાચા હશે પણ અત્યારે આધુનિક યુગમાં શાસ્ત્રોને સાચાં માનવા કે ખોટાં? શું આ સંતો બધું સાચું કહેતા હશે કે અડધાં ગપ્પાં?' આવી શંકાઓ ઉદ્ભવે તો વિચારવું કે ઘણી બાબતો એવી છે જે યુગો પહેલાં હતી, અત્યારે છે અને ભવિષ્યમાં પણ તેવી જ રહેવાની છે. શાસ્ત્રોએ પ્રતિપાદિત કરેલું સત્ય કાળથી પર છે. માટે શાસ્ત્રોની સત્યતામાં શંકા થાય તો સમજવું કે દોષ શાસ્ત્રોમાં નથી પરંતુ આપણા પાત્રમાં કાણું હોવું જોઈએ. જે પાત્રમાં આવી શંકાઓરૂપી કાણાં ન હોય તે પાત્રને ગ્રાહકતાવાળું પાત્ર કહેવાય. જો આપણું પાત્ર સીધું અને કાણાં વગરનું હોય તો આપણો જ્ઞાનમાં કંઈક અધિકાર છે એવું કહી શકાય.

**उपायाः देशकालाद्याः सन्त्यस्यां सहकारिणः ।**

'દેશ, કાળ આદિ ઉપાયો પણ જ્ઞાનપ્રાપ્તિમાં સહાયકારી બને છે.' જેનો સાધન તરીકે ઉપયોગ થાય અને ઉપયોગ થઈ ગયા પછી જેને છોડી દેવામાં આવે તેને ઉપાય કહેવાય. ઍરોપ્લેનને આકાશમાં જવા માટે રનવેની જરૂર પડે છે. રનવે વિના વિમાન આકાશમાં ઊડી શકે નહીં. રનવે પર દોડવાથી વિમાનમાં ઊડવા માટે પૂરતી ગતિ આવી જાય, પછી વિમાને રનવેનો ત્યાગ કરવો જોઈએ. હવે જો વિમાન રનવે ન છોડે તો તે આકાશમાં

ઊડી શકે નહીં. વિમાનને આકાશમાં ઊડવું હોય તો રનવે છોડવો જ પડે. દૃષ્ટાંતમાં રનવેને વિમાન માટે 'ઉપાય' કહેવાય કારણ કે તેનો ઉપયોગ કરી છોડી દેવાનો છે. રોગ મટાડવામાં દવા કે ઔષધિ ઉપાય કહેવાય. દવાની જરૂર હોય ત્યાં સુધી દવા લેવી જોઈએ, પરંતુ દવાના ઉપયોગથી સારું થઈ ગયા પછી દવા છોડી દેવી જોઈએ. આ પ્રમાણે જે દવાનો ઉપયોગ કરે તેણે દવાને 'ઉપાય' સમજીને ઉપયોગ કર્યો કહેવાય. શંકરાચાર્યજી કહે છે કે **देशकालाद्याः उपायाः** 'દેશ, કાળ, કર્મ, પૂજાપાઠ વગેરે ઉપાયો છે માટે તેનો ઉપાય સમજીને ઉપયોગ કરવો જોઈએ.

દેશ, કાળ વગેરે સહાયકારી ઉપાયો છે એવું આપણે સ્પષ્ટપણે જાણવું જોઈએ, જેથી તેનો યોગ્ય ઉપયોગ કરી શકાય અને ઉપયોગ કર્યા પછી છોડી શકાય. શરૂઆતમાં મન અપરિપક્વ હોય ત્યારે સાધના માટે અનુકૂળ દેશમાં જવું જોઈએ, ભૌતિક એકાંત પ્રાપ્ત કરીને ત્યાં રહેવું જોઈએ કારણ કે શરૂઆતમાં નવોદિત સાધકને ભૌતિક એકાંતની પણ જરૂર છે. પરંતુ જયારે જીવ અને બ્રહ્મનું ઐક્ય સમજાઈ જાય પછી કાયમ માટે એકાંત દેશમાં રહેવાની જરૂર નથી. શરૂઆતમાં એકાંત જરૂરી હતું માટે એકાંતમાં જઈ એકાંત દેશનો ઉપયોગ કર્યો અને પછી છોડી દીધો. તે જ પ્રમાણે શરૂઆતમાં સાધકે બ્રહ્મમુહૂર્તમાં ઊઠીને મનન વગેરે કરવું જ જોઈએ, કારણ કે મનન-ચિંતન માટે તે કાળ સારો ગણાય. પરંતુ હવે જો તે સમયનો સદ્ઉપયોગ કરી, જાણવાનું હતું તે જાણી લીધું હોય, તો કાયમ તેમ કરવું અનિવાર્ય નથી. જ્ઞાનપ્રાપ્તિ માટે અંતઃકરણની શુદ્ધિ આવશ્યક છે માટે અંતઃકરણની શુદ્ધિ માટે નિષ્કામકર્મરૂપી ઉપાય કરવો જોઈએ. ત્યારબાદ જો નિષ્કામકર્મ દ્વારા અંતઃકરણની શુદ્ધિ મેળવી લીધી હોય, તો હવે કર્મનો ભાર ઉપાડવાની જરૂર નથી. કર્મનો ઉપાય તરીકે ઉપયોગ કર્યા પછી, અમુક સમયે કર્મોને છોડી દેવાં જોઈએ. કર્મનો ઉપયોગ થઈ ગયા પછી કર્મસંન્યાસ થવો જ જોઈએ, આ જ કર્મની 'ઉપાય' તરીકેની સાચી સમજ છે.

મૂર્તિપૂજા વગેરે, સાકારની ઉપાસના પણ નિરાકાર આત્માને

સમજવા માટે ઉપાય છે. ઉપાય સમજીને વર્ષો પૂર્વે આપણે સાકારની પૂજા શરૂ કરી હતી, હવે જો નિરાકાર આત્મસ્વરૂપ સમજાયું હોય તો આપણે તેમાંથી મુક્ત થવું જોઈએ. હવે સાકારની ઉપાસના છોડી નિરાકારના ચિંતન માટે આગળ વધવું જોઈએ, સગુણની ઉપાસના છોડી નિર્ગુણના નિદિધ્યાસન માટે પ્રયત્ન કરવો જોઈએ. સગુણનો સહારો લઈને નિર્ગુણમાં પ્રવેશ મળી ગયો હોય, છતાં જેઓ નિર્ગુણમાં પ્રવેશવા ન માગતા હોય કારણ કે સગુણમાં આસક્તિ થઈ ગઈ છે તો તેવા આસક્ત લોકો, ઉપાયનો ઉપયોગ કરવાનું જાણતા નથી. જેને ખરેખર મુક્તિ જોઈતી હોય તેણે સગુણ–સાકારને ઉપાય તરીકે સમજીને, એક સમયે છોડી દેવા જોઈએ. ઉપાયનો ઉપયોગ કર્યા પછી તેને છોડી દેવામાં કોઈનું કંઈ જ અનિષ્ટ થતું નથી, જરાયે પાપ લાગતું નથી. ઉપાય કરતાં કરતાં ઉપાયમાં આસક્ત થઈ ગયા હોઈએ અને તેને છોડવાનું મન ન થાય, તો તે અજ્ઞાનીની દશા છે. તેઓ ઉપાયને ઉપાસ્ય સમજી બેઠા છે અને સાધનને સાધ્ય માની બેઠા છે. આ અજ્ઞાનીની જ વિચારધારા છે. તાત્પર્ય એ છે કે અનામીને સમજવા નામસ્મરણરૂપી કે મંત્રજપરૂપી ઉપાયનો ઉપયોગ કર્યો હોય અને પછી જો અનામીની સમજ આવી જાય, તો તે ઉપાય છોડી શકાય તેમ છે. સગુણ–સાકારમૂર્તિઓનો સહારો લીધો હોય અને પછી જો નિરાકાર તત્ત્વની સમજ આવી જાય તો સગુણ–સાકારની ઉપાસના છોડી શકાય તેમ છે. દેશ, કાળ, કર્મ, મૂર્તિપૂજા, મંત્રજપ આદિ ઉપાયો છે, એવા ઉપાયો દ્વારા અધિકાર પ્રાપ્ત કરીને, મોક્ષરૂપી ફળ લેવા માટે જે આગળ વધે છે એ જ ખરેખર અધ્યાત્મપંથનો સાચો અધિકારી છે.

(છંદ–અનુષ્ટુપ)

**अतो विचारः कर्तव्यो जिज्ञासोरात्मवस्तुनः ।**
**समासाद्य दयासिन्धुं गुरुं ब्रह्मविदुत्तमम् ।।१५।।**

| | | | |
|---|---|---|---|
| **अतः** | = એટલા માટે | **गुरुम्** | = ગુરુને |
| **दयासिन्धुम्** | = દયાના સાગર | **समासाद्य** | = શરણે જઈને |
| **ब्रह्मविदुत्तमम्** | = ઉત્તમ બ્રહ્મવેત્તા | **जिज्ञासोः** | = જીજ્ઞાસુએ |

| | | | |
|---|---|---|---|
| **आत्मवस्तुनः** | = આત્મતત્ત્વનો | **कर्तव्यः** | = કરવો જોઈએ. |
| **विचारः** | = વિચાર | | |

દેશ, કાળ વગેરે સહયકારી ઉપાયો છે, છતાં મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ મુખ્યત્વે અધિકારીની અપેક્ષા રાખે છે. માટે જેને પરમપુરુષાર્થની પ્રાપ્તિ કરવી હોય, તેણે પૂર્વોક્ત ઉપાયોમાં આસક્ત ન થતાં, ઉપાયોનો ઉપયોગ કરી અધિકારી બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. કર્મ વગેરે ઉપાયોથી માત્ર ચિત્તશુદ્ધિરૂપી ફળ જ મળે છે, મોક્ષ કે મુક્તિ મળતી નથી માટે શંકરાચાર્યજી કહે છે કે **अतः विचारः कर्तव्यः जिज्ञासोरात्मवस्तुनः ।** "માટે જિજ્ઞાસુએ આત્મજ્ઞાનનો વિચાર કરવો જોઈએ." કોઈ પણ કર્મથી આત્મતત્ત્વનું જ્ઞાન થઈ શકે તેમ નથી માટે જેણે ખરેખર આત્મસ્વરૂપને જાણીને મુક્ત થવું છે તેણે વિચાર જ કરવો જોઈએ. વિચાર તો આપણે નિરંતર કરતાં હોઈએ છીએ પરંતુ તેવા વિચારથી કંઈ સ્વરૂપનું જ્ઞાન થઈ શકે તેમ નથી. સ્વરૂપને જાણવા માટે આત્મવિચાર કરવો પડે અને આત્મવિચાર કરવા માટે બ્રહ્મવેત્તા ગુરુનું માર્ગદર્શન જોઈએ. આ કારણથી જ અત્રે કહેવાયું છે કે **समासाद्य दयासिंधुं गुरुं ब्रह्मविदुत्तमम् ।** "આત્મતત્ત્વના જિજ્ઞાસુએ દયાના સાગર એવા ઉત્તમ બ્રહ્મવેત્તા ગુરુના શરણે જઈ, પ્રારંભમાં તેમના સાંનિધ્યમાં રહી તેમના માર્ગદર્શન પ્રમાણે આત્મવિચાર કરવો જોઈએ." ચિત્તશુદ્ધિના અનેક રસ્તાઓ હોઈ શકે પરંતુ જ્ઞાનપ્રાપ્તિનો આ એક માત્ર રસ્તો છે. આત્મવિચાર સિવાય ગમે તેટલા ઉપાયો કરવા છતાં, ગમે તેટલો પુરુષાર્થ કરવા છતાં, અજ્ઞાનની લેશ માત્ર નિવૃત્તિ કે જ્ઞાનની પ્રાપ્તિ શક્ય નથી.

(છંદ-અનુષ્ટુપ)

**मेधावी पुरुषो विद्वानूहापोहविचक्षणः ।**
**अधिकार्यात्मविद्यायामुक्तलक्षणलक्षितः ॥१६॥**

| | | | |
|---|---|---|---|
| **मेधावी** | = બુદ્ધિશાળી | **उक्त-** | = (શાસ્ત્રે) કહેલાં |
| **ऊहापोहविचक्षणः** | = (શ્રુતિ-સ્મૃતિ-માન્ય) તર્ક-વિતર્કમાં ચતુર | **लक्षणलक्षितः** | = લક્ષણોવાળો |
| | | **विद्वान्** | = વિદ્વાન |

| | | | |
|---|---|---|---|
| **पुरुषः** | = પુરુષ | **आत्मविद्यायाम्** | = આત્મવિદ્યામાં |
| | | **अधिकारी** | = અધિકારી (છે.) |

(છંદ-અનુષ્ટુપ)

**विवेकिनो विरक्तस्य शमादिगुणशालिनः ।**
**मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासा योग्यता मता ॥१७॥**

| | | | |
|---|---|---|---|
| **विवेकिनः** | = વિવેકયુક્ત | **एव हि** | = તેની જ |
| **विरक्तस्य** | = વૈરાગ્યવાન | **ब्रह्मजिज्ञासा** | = બ્રહ્મનો વિચાર કરવામાં |
| **शमादिगुणशालिनः** | = શમ, દમ વગેરે છ સંપત્તિવાળો (તથા) | **योग्यता** | = યોગ્યતા |
| **मुमुक्षोः** | = મોક્ષની ઇચ્છાવાળો હોય | **मता** | = માની છે. |

મેધાવી અર્થાત્ ગ્રહણશક્તિવાળો. આત્મતત્ત્વના જિજ્ઞાસુનું પાત્ર ગ્રહણ કરે તેવું હોવું જોઈએ. લખતાં લખતાં અચાનક શાહી ઢોળાઈ જાય ત્યારે શાહી ચૂસવા માટે આપણે ગમે તે કાગળ શાહી ઉપર ન મૂકતા, શાહીચૂસ કાગળ જ મૂકીએ છીએ. કારણ કે શાહીચૂસ કાગળ જ શાહીને સારી રીતે ચૂસી લે છે, અન્ય કાગળ નહીં. તેવી જ રીતે, જે કંઈ ઉપદેશ આપવામાં આવે, તેને સારી રીતે ગ્રહણ કરી અને ધારણ કરે, એવી જેની મેધા હોય, તેને અત્રે મેધાવી કહ્યો છે. મેધા એટલે એવી બુદ્ધિ કે જે નિત્યને ગ્રહણ કરે અને અનિત્યને છોડી દે, સત્યને ગ્રહણ કરે અને અસત્યને છોડી દે, ચેતનને પકડી લે અને જડનો ત્યાગ કરે. કુતર્ક કરનારને અત્રે મેધાવી કહ્યો નથી પણ જે શાસ્ત્રસંમત તર્ક કરે તે મેધાવી છે. **ऊहापोह विचक्षणः** અર્થાત્ તર્ક કરવામાં કુશળ, આત્મવિદ્યાનો અધિકારી તાર્કિક વિચારણા કરનારો હોવો જોઈએ. આ ઉપરાંત શાસ્ત્રે જે જે લક્ષણો કહ્યાં છે, એવાં લક્ષણો જેનામાં હોય તે આ જ્ઞાન માટેનો અધિકારી છે.

જેની પાસે વિવેક હોય, વૈરાગ્ય હોય, ષટ્સંપત્તિ હોય અને મોક્ષ પ્રાપ્ત કરવાની અદમ્ય ઇચ્છા હોય, તે મોક્ષ પ્રાપ્ત કરવાનો અધિકારી

કહેવાય છે. જે લોકો આ માર્ગે જવાનો પ્રયત્ન કે પ્રયાસ કરતા હોય, તેમજ જે લોકો આ માર્ગે આવ્યા બાદ હવે નિષ્ફળતા અને નિરાશા અનુભવતા હોય, તેમણે અધિકારીના લક્ષણો સારી રીતે જાણવા જોઈએ. જેઓ મોક્ષ-માર્ગના પથિક થઈ ચૂક્યા છે તેવા સાધકોએ પોતાના અધિકારનો વિચાર કરવાનો કે આપણા અધિકારમાં ક્યાં ખામી છે? આપણી પાત્રતામાં ક્યાં દોષ છે? પોતાના દોષ જોવા એ સાચા સાધકનું લક્ષણ છે. જે પામર હોય તે જ અન્ય પર દોષારોપણ કરે છે કે, 'શાસ્ત્રોમાં ખામી છે', 'ગુરુમાં દોષ છે' 'પેલો ખરાબ છે.' સાચા સાધકે બીજા પર દોષારોપણ ન કરતાં પોતાના દોષ કે ત્રુટિ શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ. સિદ્ધની દૃષ્ટિમાં કોઈ દોષવાન નથી કે નિર્દોષ નથી, કોઈ સારો નથી કે કોઈ ખરાબ નથી, બધું એકવત છે. અન્યને દોષ દેવામાં પામરતા છે, અંતઃકરણની શુદ્ધિ ઇચ્છતા સાધકે તેનાથી દૂર રહેવું જોઈએ. જે પામર છે તે પોતાની પાત્રતાનો વિચાર કર્યા વિના, અન્યનો દોષ જુએ છે. સાધકે પોતાની પાત્રતાનો વિચાર કરવો જોઈએ અને શાંસ્ત્રમાં કહેલાં અધિકારીના લક્ષણો સંપાદન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સાચી દશા પ્રાપ્ત કરવા માટે સાચી દિશા શોધવી ખૂબ જરૂરી છે અને સાચી દિશા શોધવા માટે યોગ્ય અધિકાર પ્રાપ્ત કરવો અનિવાર્ય છે. અધિકારીની વાત કરતાં શંકરાચાર્યજી કહે છે કે જેનામાં વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્સંપત્તિ અને મોક્ષની પ્રબળ ઇચ્છા હોય તેવો મનુષ્ય બ્રહ્મજિજ્ઞાસાનો અધિકારી કહેવાય છે. ઉપરોક્ત ચાર સાધનોને સાધનચતુષ્ટય કહેવામાં આવે છે. સાધનચતુષ્ટય સંપન્ન અધિકારી હોય તે જ મોક્ષમાર્ગે સફળતાના શિખર પર આરોહણ કરી શકે છે, એવા અધિકારીને ઉત્તમ અધિકારી કહેવાય છે. ઉપરોક્ત સાધનોમાંથી જેની પાસે એકાદ ન હોય તો તે પણ અધિકારી કહેવાય, પરંતુ તે મધ્યમ અધિકારી છે. જેની પાસે એકાદ સાધન હોય અને અન્ય સાધન સંપાદન કરવા પ્રયત્નશીલ હોય તેને મંદ અધિકારી કહેવામાં આવે છે. જેની પાસે એક પણ સબળ સાધન ન હોય અને છતાં પ્રયત્નશીલ હોય તે કનિષ્ઠ અધિકારી છે. આ પ્રમાણે ચાર પ્રકારના અધિકારી હોય છે. હવે સાધનચતુષ્ટયની અનિવાર્યતા કહેવામાં આવે છે.

(છંદ-અનુષ્ટુપ)

साधनान्यत्र चत्वारि कथितानि मनीषिभिः ।
येषु सत्स्वेव सन्निष्ठा यदभावे न सिध्यति ॥१८॥

| | | | |
|---|---|---|---|
| मनीषिभिः | = વિચારવાન વિદ્વાનોએ | येषु सत्सु एव | = એ (સાધનો) હોય તો જ |
| अत्र | = અહીં | सन्निष्ठा | = બ્રહ્મનિષ્ઠા (થાય છે.) |
| चत्वारि | = ચાર | | |
| साधनानि | = સાધનો | यत् अभावे | = તે ન હોય તો |
| कथितानि | = કહ્યાં છે. | न सिध्यति | = સિદ્ધ થતી નથી. |

(છંદ-અનુષ્ટુપ)

आदौ नित्यानित्यवस्तुविवेकः परिगण्यते ।
इहामुत्रफलभोगविरागस्तदनन्तरम् ॥१६॥
शमादिषट्कसम्पत्तिर्मुमुक्षुत्वमिति स्फुटम् ।

| | |
|---|---|
| आदौ | = (સાધનોમાં) સર્વ પ્રથમ |
| नित्यानित्यवस्तुविवेकः | = નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક |
| परिगण्यते | = ગણાય છે. |
| तदनन्तरम् | = ત્યાર પછી |
| इह–अमुत्र–फलभोग–विरागः | = આ લોક અને પરલોકના કર્મફળના ભોગો પ્રત્યે વૈરાગ્ય |
| शमादि–षट्कसम्पत्तिः | = શમ આદિ છ સંપત્તિ |
| मुमुक्षुत्वम् | = મોક્ષની ઇચ્છા |
| इति स्फुटम् | = એમ સ્પષ્ટ (કહ્યું છે.) |

## સાધનચતુષ્ટયવર્ણન

બ્રહ્મજિજ્ઞાસાના અધિકાર માટે કે મોક્ષમાર્ગમાં સફળતા માટે, વિચારવાન વિદ્વાનોએ ચાર સાધનો કહ્યાં છે. સાધનચતુષ્ટય હોય તો જ

બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત થાય છે. 'હું પરબ્રહ્મ છું અને સર્વ કાંઈ પરબ્રહ્મ જ છે' એવી જ્ઞાનનિષ્ઠાને બ્રહ્મનિષ્ઠા કહેવાય છે. પરંતુ જે એવું માને કે 'માત્ર હું જ બ્રહ્મ છું કે હું જ મુક્ત છું અને બીજા બધા બંધનમાં છે, હું જ્ઞાની છું અને બીજા બધા મૂર્ખ કે અજ્ઞાની છે' એને જ્ઞાનનિષ્ઠા કે બ્રહ્મનિષ્ઠા ન કહેવાય. સ્વસ્વરૂપથી તો બધા જીવો મુક્ત છે પરંતુ કેટલાકે જાણવાનો પ્રયાસ કર્યો નથી, મુક્તિની દિશામાં જવાનો પ્રયત્ન કર્યો પણ હોય, છતાં સાચી દિશાના અભાવે કે અધિકારી ન હોવાને લીધે પોતાના મુક્ત સ્વરૂપને જાણતા નથી. અજ્ઞાની જીવો ભલે ન જાણતા હોય પરંતુ જ્ઞાનીની દૃષ્ટિમાં સર્વ કાંઈ બ્રહ્મ જ છે, માટે કોઈ બંધનમાં હોઈ શકે નહીં. તાત્પર્ય એ છે કે જેની દૃષ્ટિમાં હું અને સમસ્ત જીવસમુદાય સહિત જગત, નિત્યમુક્ત પરબ્રહ્મ જ છે, તેને બ્રહ્મનિષ્ઠ કહેવાય છે. આવી બ્રહ્મનિષ્ઠા પૂર્વોક્ત ચાર સાધનો હોય તો જ પ્રાપ્ત થાય છે.. આ સાધનોનાં અભાવમાં કોઈ પણ ઉપાય કરીને મોક્ષની પ્રાપ્તિ થતી નથી માટે જે કોઈ મોક્ષ મેળવવા માગતા હોય તેમણે સાધનચતુષ્ટય સંપન્ન અધિકારી બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

મોક્ષ માટે આ ચાર સાધનો સિવાય બીજો કોઈ અધિકાર મહત્ત્વનો નથી. આપણે ક્યાં રહીએ છીએ? શું કરીએ છીએ? આપણી જાતિ શું છે? ગોત્ર કયું છે? આ બધું મહત્ત્વનું નથી. વ્યાસજી માછણના પુત્ર હતા, કબીરજી વણકરનો ધંધો કરતા હતા, છતાં જ્ઞાની હતા. આપણી પાસે વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મોક્ષની ઇચ્છા હોય તો કુળ ગોત્ર, જાતિ, વર્ણ, ધંધો કે બીજી કોઈ પણ બાબત મોક્ષપ્રાપ્તિમાં નડતરરૂપ બની શકે નહીં. જેણે પોતાના સ્વસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી મુક્ત થવું હોય તેના માટે આ ચાર જ સાધનોની આવશ્યકતા છે. જો કોઈ એમ વિચારે કે, 'આ ચાર સાધનો પ્રાપ્ત કરવા ઘણાં મુશ્કેલ છે, એનાં કરતાં કોઈ સંતને ખુશ કરી માથા પર હાથ મુકાવી લઈએ કે શક્તિપાત કરાવી લઈએ તો સહેલાઈથી કલ્યાણ થઈ જાય પરંતુ માથા પર સંતનો હાથ મુકાવવાથી કે શક્તિપાત કરાવવાથી જ્ઞાન થઈ શકે તેમ નથી. શાસ્ત્રોની સ્પષ્ટ વાત છે કે એવું કંઈ કરવાની જરૂર નથી અને શંકરાચાર્યજી પણ કહે છે કે જે અધિકારી હોય તેને જ જ્ઞાન પ્રાપ્ત

થાય છે. માટે બીજા સર્વ પ્રયત્નોને પડતા મૂકીને માત્ર અધિકારી બનવાનો જ પ્રયત્ન કરવો જોઈએ. અધિકાર પ્રાપ્ત કરવા માટે આપણે સાધનચતુષ્ટય સંપન્ન બનવું પડે. સાધનોમાં સૌ પ્રથમ નિત્ય-અનિત્યનો વિવેક ગણાય છે, તે પછી આલોક અને પરલોકના ભોગો પ્રતિ વૈરાગ્ય કહેવાય છે, ત્યારબાદ શમાદિ છ ગુણોની પ્રાપ્તિ અને મોક્ષની અદમ્ય ઇચ્છાનો નિર્દેશ કરી, હવે શંકરાચાર્યજી પ્રત્યેક સાધનની વિશદ વિચારણા માટે પ્રયાણ કરે છે.

(છંદ-અનુષ્ટુપ)

**ब्रह्मसत्यं जगन्मिथ्येत्येवंरूपो विनिश्चयः ॥२०॥**
**सोऽयं नित्यानित्यवस्तुविवेकः समुदाहृतः ।**

| | | | |
|---|---|---|---|
| **ब्रह्म-सत्यम्** | =બ્રહ્મ સત્ય છે | **सः अयम्** | = એવો જે નિશ્ચય |
| **जगत्-मिथ्या** | =જગત મિથ્યા છે | **नित्यानित्यवस्तुविवेकः** | = એ નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક |
| **इति** | =એમ | | |
| **एवंरूपः** | =આ પ્રકારનો | **समुदाहृतः** | = કહેવાય છે. |
| **विनिश्चयः** | =દૃઢ નિશ્ચય | | |

## વિવેક

સાધનચતુષ્ટયમાં સૌથી પહેલું સાધન નિત્યાનિત્યવસ્તુવિવેક છે. નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચે ભેદ પારખવાની જે શક્તિ છે, બન્નેને છૂટા પાડવાની જે સૂક્ષ્મબુદ્ધિ છે, તેને શાસ્ત્રની પરિભાષામાં નિત્યાનિત્યવસ્તુ વિવેક કહે છે. આવો વિવેક જ્યારે ઉપલબ્ધ થાય ત્યારે સમજાય છે કે બ્રહ્મ સત્ય છે અર્થાત્ નિત્ય છે અને પરબ્રહ્મ સિવાય જે કંઈ છે તે બધું અનિત્ય છે માટે મિથ્યા છે. નિત્ય અને અનિત્ય વસ્તુનો ભેદ પારખવાની બુદ્ધિશક્તિ પ્રાપ્ત થાય પછી જ, શું છોડી દેવું અને શું ગ્રહણ કરવું તેનો નિર્ણય લઈ શકાય છે. વિવેક વડે જગતની અનિત્યતા જણાયાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે માટે જ્ઞાનપ્રાપ્તિનું પહેલું સાધન વિવેક ગણાય છે.

'**ब्रह्मसत्यम्**', 'બ્રહ્મ સત્ય છે', બ્રહ્મ નિત્ય છે. નિત્ય વસ્તુને

જાણવાથી જ બંધનનો નાશ થાય છે, છતાં જો નિત્યને જાણવું હોય તો પહેલાં અનિત્યને સમજવું પડે. સત્યને સમજવું હોય તો અસત્ય શું છે એ સમજવું પડે. આત્મા કે પરબ્રહ્મ નિરાકાર છે માટે તેને સીધે સીધું જાણી શકાય નહીં. નિરાકારને જાણવું હોય તો આકારને સમજવું પડે. જે ઇન્દ્રિયોથી જાણી શકાય તેને વ્યક્ત કહેવાય છે અને ઇન્દ્રિયોથી જાણી શકાય તેવું નથી તે અવ્યક્ત કહેવાય છે. જો અવ્યક્તને સમજવું હોય તો પહેલાં વ્યક્તને સમજવું પડે. જડ-ચેતન, સાકાર-નિરાકાર, નામી-અનામી, સગુણ-નિર્ગુણ, દશ્ય-અદશ્ય, વ્યક્ત-અવ્યક્ત, વિનાશી-અવિનાશી, સત્ય-અસત્ય, આવા દ્વંદ્વોના નિર્દેશાર્થે અહીં 'નિત્ય-અનિત્ય' શબ્દ વપરાયો છે. માટે નિત્ય અને અનિત્યનો વિવેક એટલે જ સાકાર અને નિરાકારનો વિવેક; એમ ઉપરોક્ત બધા જ દ્વંદ્વોમાંથી એકને સમજવું હોય તો બીજાને પણ સમજવું પડે, માટે બ્રહ્મને સત્ય જાણવું હોય તો જગતની અનિત્યતા અને મિથ્યાત્વ પણ જાણવાં પડે. સત્ય વસ્તુને સમજાવતાં શાસ્ત્રોમાં કહેવાયું છે કે **"त्रिकाले अपि तिष्ठति इति सत् ।"** 'જે ત્રણે કાળમાં રહે છે તે સત્ય કહેવાય છે.' ઘણી વસ્તુઓ એવી છે જે ભૂતકાળમાં હતી પરંતુ અત્યારે નથી માટે તેવી વસ્તુઓને સત્ય કહી શકાય નહીં. જે વસ્તુ વર્તમાનકાળે વિદ્યમાન છે, પરંતુ ભવિષ્યમાં રહેવાની નથી તો તેને પણ સત્ય કહી શકાય નહીં. આપણા સૌના શરીરો હાલ વર્તમાનકાળમાં છે, પરંતુ કોઈનું શરીર અનંતકાળ સુધી રહેવાનું નથી, એવું આપણે જાણીએ છીએ. માટે શરીર ગમે તેનું હોય, ગમે તેવું હોય, છતાં પણ તેને સત્ય કે નિત્ય કહી શકાય નહીં. તેવી જ રીતે જગતના જે જે પદાર્થો વર્તમાનમાં વિદ્યમાન છે, તે સૌ નાશ પામવાવાળા છે અર્થાત્ ભવિષ્યમાં રહેવાના નથી માટે તેને પણ સત્ય કહી શકાય નહીં. કોઈ પણ પરિસ્થિતિ પણ નિત્ય કે સત્ય હોતી નથી કારણ કે પરિસ્થિતિ હંમેશા બદલાતી રહે છે. ટૂંકમાં, જગતની કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ સત્ય નથી. કેવળ બ્રહ્મ કે આત્મા જ સત્ય છે કારણ કે તે ત્રણેય કાળે રહેવાવાળો છે. આ પ્રમાણે જગત અનિત્ય છે અને બ્રહ્મ નિત્ય છે આવો ભેદ સમજવો તેને નિત્યાનિત્યવસ્તુવિવેક કહેવામાં આવે છે.

ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે કે **"नाभावो विद्यते सतः"** (અ-૨/૧૬) "સત વસ્તુનો કોઈ કાળે અભાવ હોતો નથી." શ્રીકૃષ્ણ ભગવાનના વાક્ય પ્રમાણે વિચાર કરતાં સમજાય છે કે જેનો ક્યારેય અભાવ ન હોય તે સત્ય કે નિત્ય કહેવાય. અભાવ બે પ્રકારનો હોય છે. કોઈ પણ વસ્તુની ઉત્પત્તિ પૂર્વે વસ્તુનું જે ન હોવાપણું છે અર્થાત્ અભાવ છે તેને શાસ્ત્રની પરિભાષામાં પ્રાગભાવ કહે છે. જેમ વસ્તુની ઉત્પત્તિ પૂર્વે તે વસ્તુનો અભાવ હોય છે તેમ તેના નાશ પછી પણ તે વસ્તુનો અભાવ થાય છે. નાશ પછી થનારા અભાવને શાસ્ત્રમાં પ્રધ્વંસાભાવ કહેવામાં આવે છે. આમ, વસ્તુમાત્રનો બે પ્રકારનો અભાવ જાણવામાં આવે છે. દરેક વ્યક્તિની ચોક્કસ જન્મતારીખ હોય છે માટે તે વ્યક્તિનું શરીર તેની જન્મતારીખ પૂર્વે ન હતું એવું સિદ્ધ થાય છે. જો શરીર તેની જન્મતારીખ પૂર્વે ન હોય, તો એવું કહેવાય કે જન્મતારીખ પૂર્વે શરીરનો અભાવ હતો. જન્મ પૂર્વે અભાવ હોવાને લીધે શરીરને પ્રાગભાવ છે એવું જાણી શકાય છે. તેવી જ રીતે મૃત્યુ પશ્ચાત્ શરીરને બાળી નાંખવામાં આવે છે, દાટી દેવામાં આવે છે કે બીજી કોઈ પણ રીતે શરીરનો નાશ થઈ જાય છે. મૃત્યુ પછી શરીરનો અભાવ થતો હોવાથી શરીરને પ્રધ્વંસાભાવ પણ છે. શરીરને પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ છે. માટે શરીર નિત્ય કે સત્ય હોઈ શકે નહીં. તેવી જ રીતે દરેક પદાર્થ કે પરિસ્થિતિને પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ હોય છે. માટે તે સત્ય નથી. સત્ય તે જ કહેવાય જેને પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ ન હોય. બ્રહ્મ અનાદિ અને અનંત છે, સર્વદા ભાવવાળું ભાવસ્વરૂપ છે. માટે કેવળ બ્રહ્મ સત્ય છે, તેનાથી વ્યતિરિક્ત, તેનાથી અન્ય સર્વ કાંઈ અનિત્ય છે આવું જાણવું તે જ વિવેક છે.

અન્ય દૃષ્ટિકોણથી વિચાર કરતાં, સત્ય તેને કહેવાય જે દેશ, કાળ અને વસ્તુથી અપરિચ્છિન્ન હોય. દેશથી અપરિચ્છિન્ન હોવું અર્થાત્ દેશના બંધનથી રહિત હોવું કે દેશની સીમાઓથી પર હોવું. શરીરનો ચોક્કસ આકાર છે અને આકાર હોવાને લીધે શરીર એક જ જગ્યાએ રહેલું છે. શરીર એક જ સમયે સર્વ જગ્યાએ હોઈ શકે નહીં. એક જ જગ્યામાં અથવા

દેશમાં રહેનારું હોવાથી શરીર દેશમાં બદ્ધ છે, દેશથી પરિચ્છિન્ન છે એવું કહેવાય. તેવી જ રીતે જે જે જન્મેલું છે, જેને નામ અને આકાર છે તેવી દરેક વસ્તુ દેશથી પરિચ્છિન્ન છે. આત્મા કે બ્રહ્મનો જન્મ નથી, જન્મ નથી માટે આકાર નથી, બ્રહ્મનો આકાર નથી માટે તે નિરાકાર છે. જેમ નિરાકાર હોવાથી આકાશ સર્વવ્યાપ્ત છે તેમ બ્રહ્મ પણ નિરાકાર હોવાથી સર્વત્ર રહેલું છે. કોઈ દેશ એવો નથી જયાં બ્રહ્મ ન હોય, માટે બ્રહ્મને દેશની સીમા સીમિત કરી શકે નહીં. બ્રહ્મ દેશથી પરિચ્છિન્ન નથી પણ અપરિચ્છિન્ન છે. જગતના પદાર્થો એક કાળે જન્મે છે અને અમુક કાળ પછી નાશ પામે છે. આપણું શરીર પણ કાળમાં આવવાવાળું અને કાળમાં નષ્ટ પામવાવાળું હોવાથી કાળથી પરિચ્છિન્ન છે. બ્રહ્મ અજન્મા અને અવિનાશી છે, અનાદિ અને અનંત છે માટે બ્રહ્મ કાળથી પણ અપરિચ્છિન્ન છે.

બ્રહ્મની વસ્તુથી અપરિચ્છિન્નતા સમજવા માટે વિચાર કરીએ કે જગતમાં જેટલી વસ્તુઓ છે તેમાં ભેદ અને અનેકતા છે. દા.ત. ટેબલમાં લાકડાનું ટેબલ, લોખંડનું ટેબલ, એલ્યુમિનિયમનું ટેબલ, ચાર પાયાવાળું ટેબલ, ત્રણ પાયાવાળું ટેબલ; આવા અનેક પ્રકારના ભેદ છે. ટેબલ વસ્તુ છે માટે તેમાં ભેદ છે, અનેકતા છે. તેવી જ રીતે જેટલી વસ્તુઓ છે તેમાં ત્રણ પ્રકારના ભેદ હોય છે; સ્વગતભેદ, સજાતીયભેદ, અને વિજાતીયભેદ.

**સ્વગતભેદ**

સ્વગતભેદ એટલે વસ્તુની અંદર રહેલો ભેદ. પોતાના અવયવો સાથેનો ભેદ. વસ્તુની અંદર જ રહેલાં, વસ્તુના અવયવો સાથેના વસ્તુના ભેદને, સ્વગતભેદ કહેવાય છે. હાથ, પગ, ઇન્દ્રિયો વગેરે શરીરના અવયવો છે. આ અવયવો શરીરની અંદર જ રહેલાં હોવાથી શરીરનાં અંતર્ગત ભેદ છે. હાથ, પગ વગેરે પોતાના જ અવયવો સાથેના શરીરના ભેદને સ્વગતભેદ કહેવાય. વૃક્ષના મૂળ, થડ, ડાળાં, પાંદડાં, ફળ, ફૂલ વગેરે વૃક્ષમાં જ આવેલાં હોવા છતાં વૃક્ષના ભેદરૂપ છે. માટે મૂળ, થડ વગેરે સાથેના વૃક્ષના ભેદને સ્વગતભેદ કહેવાય.

**સજાતીયભેદ**

વસ્તુની પોતાની જ જાતિની જે અન્ય વસ્તુઓ છે તેમની સાથેના વસ્તુના ભેદને સજાતીયભેદ કહેવાય છે. જેમકે લીમડો, પીપળો, વડ, આંબો; આ બધાં વૃક્ષજાતિના છે. લીમડાને પોતાની જ જાતિના પીપળો, વડ વગેરે વૃક્ષો સાથે જે ભેદ છે તે સજાતીયભેદ કહેવાય. તેવી જ રીતે રમણ, મગન, છગન વગેરે મનુષ્યજાતિના જ છે, છતાં તેમનો એકબીજા સાથે જે ભેદ છે તે સજાતીયભેદ કહેવાય છે.

**વિજાતીયભેદ**

વસ્તુનો પોતાની જાતિથી અન્ય જાતિની વસ્તુ સાથેનો જે ભેદ છે તે વિજાતીયભેદ કહેવાય છે. વૃક્ષનો પથ્થર, નદી, પર્વત વગેરે સાથે જે ભેદ છે તે વિજાતીયભેદ કહેવાય છે.

શરીરને સ્વગત, સજાતીય અને વિજાતીય એમ ત્રણ પ્રકારના ભેદ છે માટે શરીરને વસ્તુથી પરિચ્છિન્ન કહેવાય. આત્મા નામ અને આકારવાળી કોઈ વસ્તુ નથી માટે તેને ઉપરોક્ત ભેદમાંથી કોઈ ભેદનો સ્પર્શ થતો નથી. આત્માને સ્વગતભેદ નથી કારણ કે આત્મામાં હાથ, પગ, નાક, એવા અવયવો નથી. આત્મામાં 'નાનો આત્મા', 'મોટો આત્મા' એવી વિશેષતાઓ નથી માટે આત્મામાં સજાતીયભેદ હોવાની પણ સંભાવના નથી. હાથીનો આત્મા મોટો કહીએ અને મચ્છરનો આત્મા નાનો કહીએ તો મોટા આત્માને, પોતાની જાતિના નાના આત્માથી સજાતીયભેદ થાય. પરંતુ તેવું માનવું હાસ્યાસ્પદ છે કારણ કે આ જન્મમાં જે હાથી છે, તે જો બીજા જન્મમાં મચ્છર બને, તો હાથીનો મોટો આત્મા મચ્છરના શરીરમાં કેવી રીતે રહી શકે! ખરેખર નાનો, મોટો, એવી કોઈ વિશેષતાઓ આત્માની નથી, માટે તે સજાતીયભેદ રહિત છે. આત્મા કે બ્રહ્મથી ભિન્ન એવું સંપૂર્ણ જગત મિથ્યા છે. માટે આત્માને વિજાતીયભેદ પણ સંભવતો નથી. આત્મા સજાતીય, વિજાતીય અને સ્વગતભેદ રહિત છે માટે વસ્તુથી અપરિચ્છિન્ન છે. દેશ, કાળ અને વસ્તુથી અપરિચ્છિન્ન હોવાથી કેવળ બ્રહ્મ સત્ય છે. બ્રહ્મથી ભિન્ન સર્વ કાંઈ

દેશ, કાળ, અને વસ્તુથી પરિચ્છિન્ન હોવાથી મિથ્યા છે આવો નિશ્ચય વિવેક કહેવાય છે.

નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેકના સંદર્ભમાં આપણે ત્રણ મુદ્દાનો વિચાર કર્યો. (૧) ત્રણે કાળે હોય તે નિત્ય કહેવાય અને જે ત્રણે કાળે ન હોય તે અનિત્ય કહેવાય. (૨) કોઈ પણ કાળે જેનો અભાવ ન હોય તે નિત્ય કહેવાય અને જેનો કોઈ પણ કાળે અભાવ જાણવામાં આવે તેને અનિત્ય કહેવાય. (૩) જે દેશ, કાળ અને વસ્તુથી અપરિચ્છિન્ન હોય તે નિત્ય કે સત્ય કહેવાય, અને જે દેશ, કાળ અને વસ્તુથી પરિચ્છિન્ન હોય તે અનિત્ય કહેવાય.

આ પ્રમાણે વિચાર કરીને, બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એવો જે વિચારપૂર્વકનો નિશ્ચય તેને વિવેક કહેવાય છે. આવો વિવેક પ્રાપ્ત થાય ત્યારબાદ આપણે નક્કી કરી શકીએ કે આપણે શું જોઈએ છે. પહેલાં હતું અને રહેવાવાળું છે એવું અવિનાશી બ્રહ્મ જોઈએ કે વિનાશી જગત જોઈએ છે? વિવેકપૂર્વક આપણે નક્કી કરવાનું છે કે આપણે વિનાશી દેહ છીએ, એવું સમજવું છે કે અજર, અમર, આત્મતત્ત્વ છીએ એવું સમજવું છે? આવા નિર્ણયો આપણે તો જ લઈ શકીએ જો આપણી પાસે વિવેક હોય. વિવેક ન હોય તો, કોનો ત્યાગ કરવો અને કોનું ગ્રહણ કરવું? કોની પાછળ જવું અને કોની પાછળની દોટ બંધ કરવી? તેનો નિર્ણય થઈ શકે નહીં. વિવેકના અભાવમાં આપણે સત વસ્તુનો રસ્તો છોડીને, અસત અને અનિત્યની પાછળ દોટ શરૂ કરી છે. વિવેક પ્રાપ્ત થાય તો, જડ અને અનિત્ય પદાર્થો તરફથી દોટ થંભાવીને, નિત્ય અને અવિનાશી એવા આત્મતત્ત્વની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ થઈ શકીએ. 'વિવેક' અધિકારીનો મુખ્ય આધાર છે, મુમુક્ષાનો મૂળભૂત પાયો છે, અને સાધકનું સૌથી મહત્ત્વનું સાધન છે.

(છંદ–અનુષ્ટુપ)

**तद् वैराग्यं जिहासा या दर्शनश्रवणादिभिः ॥२१॥**
**देहादिब्रह्मपर्यन्ते ह्यनित्ये भोग्यवस्तुनि ।**

| | | | |
|---|---|---|---|
| **दर्शनश्रवणादिभिः** | = જોયેલા કે સાંભળવામાં આવેલા | **भोग्यवस्तुनि** | = વિનાશશીલ ભોગ્ય પદાર્થોમાં |
| **देहादिब्रह्मपर्यन्ते** | = મનુષ્ય શરીરથી માંડીને બ્રહ્માના શરીર પર્યન્તના | **या** | = જે |
| | | **जिहासा** | = ત્યાગની ઇચ્છા, |
| | | **तद् हि** | = તે જ |
| **अनित्ये** | = અનિત્ય | **वैराग्यम्** | = વૈરાગ્ય (છે.) |

## વૈરાગ્ય

દર્શન અને શ્રવણથી જાણેલા, દેહથી લઈ બ્રહ્મલોક સુધી ફેલાયેલા સર્વ ભોગ્ય પદાર્થો પ્રત્યે ઘૃણાબુદ્ધિનું નામ વૈરાગ્ય છે. જે કોઈ વસ્તુ આંખથી જોવામાં આવે છે, તે વસ્તુ માટે આકર્ષણ જન્મે છે અને તે મેળવવાનું મન થાય છે. સૌનો અનુભવ છે કે દર્શનમાત્રથી વસ્તુને પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી હોય છે. શાસ્ત્ર અને ઇતિહાસમાં પણ એવા અનેક દાખલાઓ છે. અલાઉદ્દીને પદ્મિનીનું પ્રતિબિંબ જોયું અને રૂપ જોવાથી તેને પદ્મિનીને પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ. શૂર્પણખાએ રામનું રૂપ જોયું અને રામ સાથે લગ્ન કરવાની વાસના જન્મી. આપણા વ્યાવહારિક જીવનમાં પણ મોટા ભાગના લોકો, જે વસ્તુનું આકર્ષક પેકિંગ જોવામાં આવે કે ટેલિવિઝન પર સુંદર જાહેરાત જોવામાં આવે તેવી વસ્તુઓની વધારે ખરીદી કરતા હોય છે. માત્ર વસ્તુને જોવાથી જ તેની પ્રાપ્તિની ઇચ્છા થાય છે તેવું નથી, ઘણી વાર એવું પણ બને કે સાંભળવા માત્રથી જ મેળવવાનું મન થાય. આપણે અમેરિકા ગયા ન હોઈએ, કદી અમેરિકા જોયું ન હોય છતાં પણ અમેરિકાનું વર્ણન માત્ર સાંભળવાથી ત્યાં જવાની ઇચ્છા થાય છે. હિમાલયનાં સૌંદર્યનું દર્શન ન કર્યું હોય, છતાં વર્ણન સાંભળીને ત્યાં જવાનું મન થઈ જાય છે. શાસ્ત્રોમાં પુણ્યકર્મો કરવાથી પ્રાપ્ત થતા સ્વર્ગલોક વગેરેનું મનમોહક વર્ણન જોવા મળે છે. કેટલાય રાજાઓએ યજ્ઞકર્મ દ્વારા સ્વર્ગમાં જઈને સ્વર્ગના દિવ્ય ભોગો ભોગવ્યા છે, સ્વર્ગની અપ્સરાઓનું સુખ માણ્યું છે. એવી વાતો સાંભળવામાં આવે છે. આવી વાતો સાંભળવાથી મનુષ્યોને સ્વર્ગ માટે આકર્ષણ જન્મે છે, સ્વર્ગપ્રાપ્તિની ઇચ્છા થાય છે. સ્વર્ગની વાસનાથી પ્રેરાઈને જ ઘણાં લોકો

શાસ્ત્રોએ કહેલા મોટા મોટા યજ્ઞોનું અનુષ્ઠાન કરતા હોય છે. શાસ્ત્રમાં એવી વાત પણ સાંભળવામાં આવે છે કે એક વખત સ્વર્ગમાં રહેતા પુરુરુવાને પૃથ્વીલોકની ઇચ્છા થઈ હતી. સામાન્ય રીતે બધાને સ્વર્ગમાં જવાની ઇચ્છા થાય છે, પણ પુરુરુવાને પૃથ્વીલોકમાં આવવાની ઇચ્છા થઈ. તેણે દેવરાજ ઇન્દ્રને કહ્યું, ''અહીં સ્વર્ગમાં, જે અપ્સરાઓને હું વર્ષોથી જોતો આવ્યો છું તે આજે પણ એવી ને એવી જ છે. સ્વર્ગમાં કોઈ વ્યક્તિ કે વસ્તુમાં કાળક્રમે કંઈ ફેરફાર જ થતો નથી, માટે તે સાચી છે કે બનાવટી તેનો નિર્ણય થઈ શકતો નથી. મેં એવું સાંભળ્યું છે કે પૃથ્વીલોકમાં તો વર્ષો જતાં ઘડપણ આવે છે, ચામડીમાં કરચલી પડે છે અને આવા ચિહ્નોથી સાચી વસ્તુની પરીક્ષા થઈ શકે છે. સ્વર્ગલોકની અપ્સરાઓ માટે મને શંકા છે કે તે સાચી છે કે બનાવટી? માટે મારે પૃથ્વીલોકમાં જવું છે.'' પુરુરુવાએ પૃથ્વીલોક જોયો નથી, પણ એણે સાંભળ્યું છે કે પૃથ્વીલોકમાં કાળક્રમે વસ્તુઓ બદલાય છે માટે તેને પૃથ્વીલોકમાં આવવાનું મન થયું. જયારે આપણે, સ્વર્ગલોકના વર્ણનોનું શ્રવણ કર્યું છે માટે સ્વર્ગની વાસના ઊભી કરી છે.

શંકરાચાર્યજી કહે છે કે 'જે જે વાસનાઓ ઊભી કરી છે, જેને જેને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરી છે, તે દર્શનથી હોય છે કે શ્રવણથી હોય છે. દર્શન અને શ્રવણથી જાણવામાં આવનારી પ્રત્યેક વસ્તુ અનિત્ય, ક્ષણિક અને વિનાશી છે.' પૃથ્વીલોકની વસ્તુ કે વ્યક્તિનું વિનાશીપણું તો સારી રીતે જાણવામાં આવે છે, અને સ્વર્ગલોકના ભોગ પણ વિનાશી જ છે કારણ કે જે શાસ્ત્રોએ સ્વર્ગાદિનું વર્ણન કર્યું છે તે જ શાસ્ત્રોએ, સ્વર્ગના સુખની નાશવંતતા પણ કહી છે. દીર્ઘકાળપર્યંત રહેવાવાળું હોવાથી, સાપેક્ષતાની દૃષ્ટિથી જ સ્વર્ગના સુખને શ્રેષ્ઠ કહેવાય છે. જ્ઞાની અને મુમુક્ષુની દૃષ્ટિમાં તો, સ્વર્ગ પણ સુખમાં બાંધનારી સોનાની સાંકળતુલ્ય છે. માટે વિવેકી પુરુષો કદી સ્વર્ગપ્રાપ્તિની ઇચ્છા કરતાં નથી. આ પ્રમાણે વિવેકપૂર્વક વિચાર કરીને, જે કંઈ દર્શન તેમજ શ્રવણથી જાણવામાં આવે છે તેવી સમસ્ત વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રત્યે ઘૃણાબુદ્ધિને વૈરાગ્ય કહેવાય છે. વૈરાગ્યવાન એને કહેવાય જેને આંખે દેખાય તેમાં રાગ ન થાય, આસક્તિ કે આકર્ષણ ન થાય અને

આંખે દેખાતી વસ્તુ માટે જો આકર્ષણ કે રાગ ન જન્મે, તો સાંભળેલી વસ્તુ માટે તો તેને રાગ જન્મે જ ક્યાંથી? આવો વૈરાગ્ય જેની પાસે હોય તે મોક્ષમાર્ગે પ્રયાણ કરવાનો અધિકારી છે એવું કહી શકાય.

દર્શનથી જાણેલા ભોગોમાં જે દૃશ્ય છે તેવા આલોકના ભોગો અર્થાત્ પૃથ્વીલોકના ભોગોનો સમાવેશ થાય છે. જે કર્મફળ, શરીરના મૃત્યુ પૂર્વે પૃથ્વીલોકમાં જ મળે છે તે દૃષ્ટફળ કહેવાય છે. દૃષ્ટફળ જયાં મળે છે તે આલોક કે પૃથ્વીલોકને સંસ્કૃતમાં इह કહેવાય છે. જે કર્મોના ફળ આલોકમાં મળતાં નથી, આપણે જોયાં નથી પણ શાસ્ત્રો દ્વારા માત્ર સાંભળ્યા છે તેવાં શરીરનાં મૃત્યુ પછી મળનારાં કર્મફળને અદૃષ્ટફળ કહેવાય છે. મૃત્યુ પછી પ્રાપ્ત થનારા સ્વર્ગાદિ લોકને સંસ્કૃતમાં अमुत्र કહેવાય છે. વૈરાગ્ય એટલે **'इहामुत्रफलभोगविरागः ।'** 'આલોક અને પરલોકના ભોગરૂપી કર્મફળમાં રાગરહિતપણું.' જેણે આલોકમાં અર્થાત્ આ શરીરના મૃત્યુ પહેલાં મળનારાં દૃષ્ટકર્મફળની ઈચ્છાનો ત્યાગ કર્યો છે, તેમજ શરીરના મૃત્યુ પછી મળનારાં અદૃષ્ટફળની ઈચ્છાનો પણ ત્યાગ કર્યો છે તે વૈરાગ્યવાન કહેવાય છે. જયારે મનમાં વિવેક જાગે કે **'ब्रह्मसत्यं जगन्मिथ्या ।'** 'કેવળ બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે.' ત્યારે આવો વૈરાગ્ય જન્મે છે. જગતના જે જે પદાર્થો દૃશ્ય છે તે મિથ્યા છે એવું જાણવાથી, જોવામાં આવતી તમામ વસ્તુઓ પ્રત્યે અણગમો ઉપજે છે. કારણ કે બ્રહ્મથી અન્ય કંઈ પણ પ્રાપ્ત કરવાની તેને ઈચ્છા રહેતી નથી. તેને બ્રહ્મથી અન્ય સર્વ કાંઈ મિથ્યા જ છે. દેવલોક, ઈન્દ્રલોક, પિતૃલોક વગેરે તમામ લોક વિનાશી છે માટે મિથ્યા છે, એમ જાણવાથી કોઈ લોક પ્રાપ્ત કરવાની ઈચ્છા રહેતી નથી. આવા વિવેકીને મન કેવળ બ્રહ્મ સત્ય છે માટે બ્રહ્મથી અન્ય કંઈ પણ પ્રાપ્ત કરવાની તેને ઈચ્છા રહેતી નથી. તેને બ્રહ્મથી નિમ્નતર, બ્રહ્મથી ઉતરતું કંઈ ખપે તેમ નથી અને બ્રહ્મથી ઉચ્ચતર કે ચઢિયાતું કંઈ છે નહીં. માટે સત્ય અને નિત્ય એવા બ્રહ્મના સાક્ષાત્કાર સિવાય, જેના જીવનનું બીજું કંઈ પણ ધ્યેય નથી, તે જ શ્રેષ્ઠ વૈરાગ્યવાન છે.

(છંદ-અનુષ્ટુપ)

**विरज्य विषयव्राताद् दोषदृष्ट्या मुहुर्मुहुः ॥२२॥**
**स्वलक्ष्ये नियतावस्था मनसः शम उच्यते ।**

| | | | |
|---|---|---|---|
| **मुहुः मुहुः** | = વારંવાર | **स्वलक्ष्ये** | = પોતાના લક્ષ્યમાં (અધિષ્ઠાનરૂપ બ્રહ્મમાં) |
| **दोषदृष्ट्या** | = દોષદૃષ્ટિથી | | |
| **विषयव्रातात्** | = વિષયોના સમૂહથી | **नियतावस्था** | = (જે) નિરંતર સ્થિતિ |
| **विरज्य** | = વૈરાગ્ય પામીને | **शमः** | = (તે) શમ |
| **मनसः** | = મનની | **उच्यते** | = કહેવાય છે. |

## શમ

અધ્યાત્મના પંથે પ્રસ્થાન કરવા તત્પર થયેલા સાધકને અધિકાર બક્ષતા ચાર સાધનોમાંના ત્રીજા સાધન 'ષટ્સંપત્તિ'ના પ્રથમ અંગ 'શમ' વિશે સમજાવતાં અત્રે જગદ્‌ગુરુ શંકરાચાર્યજી જણાવે છે કે, ઇન્દ્રિયોના વિષયોમાં વારંવાર દોષદર્શન કરી, તે વડે વિષયોના સમૂહમાંથી વૈરાગ્ય પામી તે વિરક્ત મનને પ્રયત્નપૂર્વક પોતાના લક્ષ્યમાં સ્થાપવાથી પ્રાપ્ત થતી મનની નિશ્ચળ સ્થિતિને કે તેવી મનની સંયમી સ્થિતિને 'શમ' કહેવાય છે. અન્ય અર્થમાં 'મન' ઉપર નિયંત્રણ કે કાબુ મેળવવાની ક્રિયાને 'શમ' કહે છે.

'શમ' કેળવવા માટે મન ઉપર કાબુ લાવવો જરૂરી છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે મનને નિયંત્રણમાં લાવવું કઈ રીતે? આ સમસ્યાનો સુંદર ઉકેલ આપતાં અત્રે જણાવ્યું છે કે, 'मुहुर्मुहुः दोषदृष्ट्या ' અર્થાત્ ઇન્દ્રિયોના વિષયોમાં વારંવાર દોષદર્શન કરવાથી મન, વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવે છે. તેવા દોષદર્શનથી વિષયોમાં રહેલી આસક્તિ, રાગ કે આકર્ષણ છૂટી જાય છે.તેમ થવાથી મન ચંચળતા છોડી નિશ્ચલતત્ત્વમાં સ્થિતિ પ્રાપ્ત કરે છે. મનની આવી સ્થિર અવસ્થાને જ 'શમ' કહે છે.

વિષયોમાં દોષદર્શન કરવું અર્થાત્ જે જે પદાર્થો પ્રત્યે આકર્ષણ જણાય, જ્યાં જ્યાં સુખનો આભાસ વર્તાય, જે જે વસ્તુ પ્રત્યે ખેંચાણ

કે આકર્ષણ હોય, તે તે સુખપ્રદ જણાતા પદાર્થોની મર્યાદા જાણી, તેવા પદાર્થભોગને પરિણામે પેદા થતા દુઃખનો વિચાર કરી, વિષયોની તથા તેમાં રહેલા સુખાભાસની ક્ષણભંગુરતા તેમજ નશ્વરતાને જાણી, વિષયગત દોષોનો વારંવાર વિચાર કરી મનને વિવેકવિચારપૂર્વક પદાર્થોની આસક્તિમાંથી મુક્ત કરવું. મનને સંયમી બનાવવા વિષયોમાં દોષદર્શન કરવાનો ઉપદેશ આપતાં ભગવાન શંકરાચાર્યજીએ સાધનપંચક સ્તોત્રમાં જણાવ્યું છે કે,"भवसुखे दोषोऽनुसंधीयताम् ।" (સાધનપંચક-૧) "સંસારના સુખમાં દોષદૃષ્ટિ કરો." સંસારના અલ્પજીવી સુખાભાસમાં દોષદર્શનની કળા જો હસ્તગત થઈ જાય તો વૈરાગ્યની અમૂલ્ય મૂડી હસ્તામલકવત પ્રાપ્ત થઈ જાય. તેમ થવાથી આત્મસાક્ષાત્કારરૂપી લક્ષ્ય હાથવેંત જ બની રહે. ભવસુખમાં દોષદર્શન કરાવતી તેમની સુંદર રચનામાં આચાર્યશ્રી જણાવે છે કે,

**"नारीस्तनभरनाभिनिवेशं मिथ्यामायामोहावेशम् ।**
**एतन्मांसवसादिविकारं मनसि विचारय वारंवारम् ।।"**

(ચર્પટપંજરિકા સ્તોત્ર)

"સ્ત્રીનો સ્તનપ્રદેશ અને નાભિપ્રદેશ (ગુહ્ય ભાગ) બધું જ માંસ અને ચરબીનો વિકાર છે. તેથી તે માટેનો માયામોહ તથા આવેશ મિથ્યા છે, આમ તું વારંવાર મનમાં વિચાર કર." અત્રે પૂજ્ય આચાર્યશ્રી, વિષયોની વાસ્તવિકતા પ્રગટ કરતાં જણાવે છે કે પ્રત્યેક પુરુષે સ્ત્રીનાં શરીરમાં આસક્ત થવા કરતાં વિચારવું જોઈએ કે, શરીર અને તેના અવયવો આખરે છે શું? સ્ત્રીના સ્તન તો માંસના લોચા છે, તે તો સ્નાયુઓનો વિકાર માત્ર છે. શરીરમાં કોઈક જગ્યાએ ગુમડું થાય અને તે ફુલી જાય તેમ આ માંસના લોચા જો ફુલી જાય તો તેમાં આસક્ત થવા જેવું છે શું? અને તે જ પ્રમાણે પ્રત્યેક સ્ત્રીએ પણ પુરુષ શરીરમાં આસક્ત થવા કરતાં તેમાં રહેલા વિકારોનું જ દર્શન કરવું. શરીર માટે રહેલી આસક્તિ વિશે વિચાર કરીએ તો પણ જણાશે કે શરીર તો ચામડીના આવરણ દ્વારા ઢંકાયેલ મળ,માંસ,મૂત્ર,લોહી, પીયા,થૂંક વગેરેનું બંડલ છે. જઠર અને આંતરડા એટલે જ ગંદી ગટરો. વાળ, લીખ, જૂ તથા પરસેવાની ગંધથી ગંધાતા આ શરીરમાં આસક્ત થવા

જેવું કંઈ જ નથી. તેમ છતાં, આવા દુર્ગંધયુક્ત નશ્વર શરીરની વર્ષગાંઠ ઉજવી આપણે ખુશ થવાના વામણા પ્રયત્નો કરીએ છીએ. પરંતુ જન્મ પૂર્વે નવ–નવ માસ સુધી ઊંધા માથે મળ–મૂત્રની અંધારી કોટડી જેવા 'મા'ના ગર્ભમાં પુરાયા બાદ પ્રસૂતિ સમયે નાનકડા યોનિદ્વારમાંથી નીકળવાની યાતના જાણવા છતાં તે દુ:ખને ભૂલવા તથા વાસ્તવિકતાને વિસારે પાડવા જન્મદિનની ઉજવણી કરીએ છીએ. પરંતુ દુ:ખને ભૂલવાના ક્ષુલ્લક પ્રયત્નો કરવા કરતાં દુ:ખને નિર્મૂળ કરવા માટે દુ:ખદ દેહની આસક્તિમાંથી અને તે પ્રત્યેની મમતાથી મનને મુક્ત કરવું જોઈએ.દેહાસક્તિમાંથી મુક્ત થવા માટે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પણ જણાવ્યું છે કે,

**''जन्ममृत्युजराव्याधिदु:खदोषानुदर्शनम् ।''**

(ભ.ગીતા.અ–૧૩/૮)

'' જન્મ, મૃત્યુ તથા વૃદ્ધાવસ્થા જેવા વિકારની વ્યાધિમાં દુ:ખ અને દોષનું દર્શન કરવું.'' આમ કરવાથી દેહ પ્રત્યેનો મોહ દૂર થશે, જે મનને બહિર્મુખી થતું અટકાવી, વિષયગમન પ્રત્યેના ભ્રમણથી પાછું વાળી પોતાના લક્ષ્ય પ્રતિ સ્થિત કરશે. આમ મનને 'विषयव्रातात्'અર્થાત્ વિષયસમૂહથી પાછું વાળી 'स्वलक्ष्ये' અર્થાત્ 'બ્રહ્મપ્રાપ્તિ' રૂપી લક્ષ્ય તરફ વાળવું, તેને જ 'शम' અર્થાત્ મનોનિગ્રહ કહેવામાં આવે છે.

વારંવાર વિચારપૂર્વક વિષયોમાંથી પાછું વાળેલું મન તેની બહિર્મુખી પ્રકૃતિને કારણે પ્રયત્ન કરવાં છતાં ઈન્દ્રિયવિષય તરફ દોડ્યાં જ કરશે. આવા ભોગો પ્રત્યે ભાગનારા મનને સમજાવવું જોઈએ કે 'હે મારા મિત્ર મન! તું એમ માને છે કે તું ભોગ કરે છે પરંતુ ભોગ કરી કરીને અંતે તું થાકી જવાનું. ' ખરેખર તો આપણે ભોગ્ય પદાર્થોને ભોગવતા નથી પરંતુ ભોગ્ય પદાર્થ આપણને જ ભોગવે છે. ભર્તૃહરિ મહારાજ જણાવે છે તેમ, **''भोगा न भुक्ता वयमेव भुक्ता ।''** (વૈરાગ્ય શતક) '' અમે ભોગોને ભોગવ્યા નથી (પરંતુ) અમે જ ભોગવાયા છીએ.'' જીવનભર આપણે ભ્રાંતિમાં રહ્યા કે આપણે ભોગ્ય પદાર્થોને ભોગવીએ છીએ. પરંતુ જીવનની સંધ્યાએ સમજાયું કે ભોગોએ આપણને ખતમ કરી નાંખ્યા છે. ભોગ્ય પદાર્થો યથાવત

રહ્યા પણ ભોગવનારી ઇન્દ્રિયો જ આખરે ક્ષીણ થઈ ગઈ છે. શરીર નિર્બળ બની ચૂક્યું છે. જે દાંત દ્વારા ખોરાકના ચૂરેચૂરા કર્યા હતા, અંતે તે દાંતે જ સર્વેસર્વા મુખગુહામાંથી વિદાય લીધી. અન્નને જીવનભર ખાનારા આપણે જ અન્ન વડે ખવાઈ ગયા પરંતુ જીંદગીભર વિષયોની પકડમાંથી, વિષયો પ્રત્યેના રાગમાંથી કે વિષયવાસનાની આસક્તિથી વિમુક્ત થયાં નહીં. વિષયસુખ માણનારા આપણી દશા પેલા કૂતરા જેવી છે. સૂકાં હાડકાંનો ટુકડો લઈને પેલો કૂતરો ઝાડની ઓથે જાય છે. કોઈ તે છીનવીને લઈ ન જાય તેવા હેતુથી સંતાઈને હાડકું ચાવે છે. સૂકા હાડકાંમાં ખાવા યોગ્ય માંસનો કણ કે લોહીનું એક ટીપું પણ નથી. છતાંય કૂતરો પ્રેમપૂર્વક, બળપૂર્વક તેને ચાવે છે. આમ થતાં તેના પોતાના તાળવામાંથી જ લોહી નીકળે છે. લોહીનો સ્વાદ આવવાથી તે કૂતરું તેને વધુ બળપૂર્વક ચાવે છે અને ખોરાક મળ્યાનો આનંદ માણે છે. લોહીના સ્વાદથી તે હરખાય છે અને માને છે કે લોહી હાડકામાંથી આવે છે. જેમ જેમ લોહીનો મધુર સ્વાદ માણતો જાય છે તેમ તેમ હાડકું વધુને વધુ ચાવે છે, ચૂસે છે પરંતુ એ કૂતરાને ખબર નથી કે પોતે સ્વયંનું જ લોહી ચૂસી રહ્યો છે. વિષયભોગમાં સુખ માણનારા આપણી સ્થિતિ પણ પેલા કૂતરા જેવી જ છે. ઇન્દ્રિયો દ્વારા વિષયો ભોગવાય છે તેવું સમજનારા આપણને ખ્યાલ નથી કે આપણી ઇન્દ્રિયો જ ધીમે ધીમે ક્ષીણ થતી જાય છે. આજકાલ વધી રહેલા T.V.ના ઉપયોગને લીધે આંખો નબળી પડી જાય છે.આ સંદર્ભે આધુનિક વિજ્ઞાને તો અનુમાન પણ કર્યું છે કે, આજથી સાતમી પેઢી જન્મથી જ નબળી આંખોવાળી હશે તેથી તેઓને જન્મથી જ ચશ્મા પહેરવા પડશે. વધુ પડતો ઘોંઘાટ કાનની બહેરાશ લાવે છે. રોશની માટે કરવામાં આવતી લાઈટોનો ઝગમગારો આંખો ઉપર અસર કરશે. આમ વધુ પડતાં ભોગો ઇન્દ્રિયો, શરીર તથા મન ઉપર અસર પહોંચાડે છે. તેથી વિષયભોગથી દૂર રહેવા માટે ભર્તૃહરિ મહારાજ સ્પષ્ટતા કરતા જણાવે છે કે, **'भोगे रोग भयम् ।'** (વૈરાગ્યશતક) 'ભોગોમાં રોગનો ભય રહેલો છે.'

ક્ષણિકસુખનો આભાસ જન્માવનારા વિષયોના ભોગો આપણી

ઇન્દ્રિયોને જીર્ણ કરે છે, શરીરને વ્યાધિગ્રસ્ત કરે છે તથા મનને દુઃખત્રસ્ત કરે છે તેવું સમજાય તો ભોગ્યપદાર્થો માટેની આસક્તિ છૂટી જાય તેમજ વિષયેચ્છામાંથી મુક્ત થવાય.

આ પ્રમાણે વિષયભોગના સુખમાં દોષદર્શન કરવાની કળા જો હસ્તગત થઈ જશે તો વિષયભોગ પ્રત્યે મનનું સંતૃપ્તબિંદુ આવી જશે. તેમ થવાથી મનની ચંચળતા ઘટશે અને એકાગ્રતા વધશે. આવું વિરક્ત મન જ સંયમી બને છે. મનને વિષયગમન તરફથી પાછું વાળી તેના પર નિયંત્રણ લાવી પોતાના 'આત્મદર્શન' રૂપી લક્ષ્યમાં સ્થિર કરવાના પ્રયત્નને 'શમ' કહેવાય છે. આવું 'શમ'યુક્ત અર્થાત્ સંયમી મન જ બ્રહ્મવિચારમાં એકાગ્ર થઈ શકશે.

(છંદ–અનુષ્ટુપ)

**विषयेभ्यः परावृत्य स्थापनं स्वस्वगोलके ।।२३।।**
**उभयेषामिन्द्रियाणां स दमः परिकीर्तितः ।**
**बाह्यानालम्बनं वृत्तेरेषोपरतिरुत्तमा ।।२४।।**

**उभयेषाम्–इन्द्रियाणाम्**=કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો; બંનેને
**विषयेभ्यः** = (પોતપોતાના) વિષયોમાંથી
**परावृत्य** = પાછી વાળીને
**स्वस्वगोलके** = પોતપોતાના સ્થાનમાં
**स्थापनम्** = સ્થિર કરવી
**सः** = તે
**दमः** = દમ
**परिकीर्तितः** = કહેવાય (છે.)
**वृत्तेः** = ચિત્તવૃત્તિનું
**बाह्य–अनालम्बनम्** = બહારના (અનાત્મ પદાર્થોનું) આશ્રય ન લેવાપણું
**एषा उत्तमा** = તે શ્રેષ્ઠ
**उपरतिः**=ઉપરતિ (છે.)

## દમ

વિષયોમાં ભ્રમણ કરવું તે ઇન્દ્રિયોનો સ્વભાવ છે. વિષયોમાં

વિહાર કરવાના સ્વભાવવાળી ઇન્દ્રિયોને તેમનાં વિષયોમાંથી પાછી વાળી પોતપોતાના ગોલકમાં સ્થિર કરવાના પ્રયત્નને 'દમ' કહેવાય છે. ઇન્દ્રિયોને બાહ્ય વિષયોમાંથી પાછી વાળવા માટે વિવેકપૂર્વકની વિચારણા જરૂરી છે. આદિ અને અંતવાળા ક્ષણજીવી પદાર્થોમાં દોષદર્શન કરીને મનને જો દૃઢ વૈરાગ્યયુક્ત કર્યું હોય તો જ ઇન્દ્રિયો ઉપર નિયંત્રણ કરવું સરળ બને છે. વિષયભોગ દુઃખની યોની છે. તથા દૃષ્ટિગોચર થતાં તમામ પદાર્થો અસત કે મિથ્યા છે એવું વિવેકપૂર્વક વિચારી મનને જો વિષયોમાંથી પાછું વાળી શકાય તો તેવું વિવેકી મન વિષયગમન કરતી ઇન્દ્રિયોને પાછી વાળી શકે. ઇન્દ્રિયો પાછળ જો મન ન હોય તો માત્ર ઇન્દ્રિયો પોતાના વિષયને ગ્રહણ કરી શકે તેમ નથી. મન વગરની ઇન્દ્રિયો કશું જ જાણવા સમર્થ નથી.

એકવાર સુંદર પોશાકમાં સજ્જ એક બહેન વરઘોડામાં જોડાવા માટે ઉતાવળે પગલે જઈ રહ્યાં હતાં. ચાલતાં ચાલતાં ચંપલ તૂટી ગયું. ઉતાવળમાં હતાં તેથી હવે ચંપલ તૂટતાં તકલીફમાં મુકાયેલા બહેન મુંઝાયા. સમયસર વરઘોડામાં પહોંચવું હતું તેથી તાત્કાલિક ઉપાય શોધતાં તેમણે પોતાનો રૂમાલ કાઢી ચંપલને બાંધવાનો પ્રયત્ન કર્યો પરંતુ ફેશનવાળા ચંપલ હતાં તેથી રૂમાલ બાંધવાથી પણ ચાલી શકાય તેમ ન હતું. હવે ચંપલ સંતાડીને ચાલવાનો પ્રયત્ન કરતાં કરતાં બહેન ઘડીકમાં ચંપલ સામુ જુએ છે તો ઘડીમાં ફૂટપાથ પર બેઠેલા કોઈ મોચીને શોધવા આમતેમ નજર કરે છે. રસ્તા પર કોલાહલ હતો. અનેક માણસો પસાર થતાં હતાં પરંતુ બહેનનું મન તો મોચી, મોચી, મોચી એમ મોચીના નામની જ માળા જપતું હતું. એવામાં વરઘોડામાં જવા નીકળેલા એક ભાઈ સામેથી ચાલતાં ચાલતાં આવી રહ્યાં હતાં. ભાઈને જોઈ બહેને પૂછ્યું,'તમે પણ વરઘોડામાં જવા નીકળ્યાં છો? તે હજી કેટલે દૂર છે?' પેલા ભાઈએ ઉત્તર આપ્યો;' અરે! હું તો મોડો પડયો છું. પરંતુ તમારી સામેથી જ તો વરઘોડો હમણાં પસાર થઈ ગયો. હું તો એમ માનતો હતો કે તમે વરઘોડામાંથી જ બહાર નીકળ્યા છો.' ભાઈના ઉત્તર પ્રતિ આશ્ચર્ય અભિવ્યક્ત કરતાં બહેને પૂછ્યું, 'શું આપ સાચું કહો છો? મને તો વરઘોડાનો ઘોડો કે જાનૈયાનું ઢોલ, કંઈ જ જણાયું

નથી.' મોચીને શોધવા એકાગ્ર થયેલા ચિત્તવાળા બહેનને વરઘોડાના માણસો બેન્ડવાજા અને ફટાકડાંના અવાજ સાથે પસાર થયાં છતાં પણ તેમાંનું કશું જ તેમને દેખાયું નહોતું. બહેનના આંખ અને કાન તો ખુલ્લા હતાં છતાં તેમને ન તો કાંઈ દેખાયું કે ન તો ઢોલનો અવાજ સંભળાયો. કારણ કે બહેનનું મન મોચીની શોધમાં રોકાયેલું હતું. આમ, મન જો ઇન્દ્રિયોની પાછળ ન હોય તો વિષય આપણી પ્રત્યક્ષ હોવા છતાં તેનું જ્ઞાન થાય નહીં. જો વિષયની હાજરીની નોંધ જ ન લેવાય તો પછી વિષય પ્રત્યેનું આકર્ષણ તો જન્મે જ ક્યાંથી? મોચીના વિચારોમાં રોકાયેલું મન વરઘોડો પસાર થવા છતાં તેમાં આસક્ત થતું નથી તેમ જો મન પરબ્રહ્મના ચિંતનમાં રોકાયેલું હોય તો વિષયો સામે હોવા છતાં, તે વિષય પ્રત્યે રાગ કે આસક્તિ જન્મી શકે નહીં. આમ મનને જો આત્મચિંતનમાં પરોવી શકાય તો અનાયાસે જ બધી જ ઇન્દ્રિયોનું વિષયભ્રમણ અટકાવી શકાય.પરંતુ આત્મવિચારમાં મનને નિમગ્ન કરવા માટે ઇન્દ્રિયનિગ્રહ આવશ્યક છે.

ઇન્દ્રિયોને સ્વયંના ગોલકમાં સ્થિર કરવાની ક્રિયાને 'દમ' તરીકે વર્ણવતા શંકરાચાર્યજી અત્રે ઇન્દ્રિયનિગ્રહ વિશે સમજાવે છે. ઇન્દ્રિય અને ઇન્દ્રિયગોલક આ બંન્ને ભિન્ન વસ્તુ છે. સ્થૂળ શરીરમાં રહેલાં આંખ, નાક, કાન વગેરેને ઇન્દ્રિયગોલક કહેવાય છે. ઇન્દ્રિયગોલકની મદદથી જ ઇન્દ્રિયો જગતમાં રહેલાં વિષયોને ગ્રહણ કરે છે પરંતુ ઇન્દ્રિય સ્વયં વિષયને જાણી શકે તેમ નથી. અર્થાત્ ઇન્દ્રિયગોલક આંખ તે ચક્ષુ-ઇન્દ્રિય 'દૃષ્ટિ'થી ભિન્ન છે. એટલે કે,"Eye is different from vision." ઇન્દ્રિયગોલક તો મડદાંને પણ હોય છે. મડદામાં આંખ,નાક, કાન વગેરે હોવા છતાં મડદું જોતું, સૂંઘતું કે સાંભળતું નથી. કારણકે તેમાં ઇન્દ્રિયો હોતી નથી. આંખમાં રહેલી દર્શનશક્તિને ચક્ષુ-ઇન્દ્રિય, કાનમાં રહેલી શ્રવણશક્તિને જ કર્ણેન્દ્રિય કે શ્રોત્રેન્દ્રિય, તે જ પ્રમાણે નાકમાં રહેલી ગંધ પારખવાની શક્તિનેજ ઘ્રાણેન્દ્રિય કહે છે. મૃત્યુ સમયે આ સૂક્ષ્મ ઇન્દ્રિયો જીવાત્મા સાથે અન્ય શરીરની પ્રાપ્તિ માટે પ્રવાસ કરે છે જયારે ઇન્દ્રિયગોલક તો મડદામાં જ પડી રહે છે. આ વિષયમાં સ્પષ્ટતા કરતાં ભગવાને જણાવ્યું છે કે,

''मनः षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ।। ''

(ભ.ગીતા. અ-૧૫-૭)

''(ઉત્ક્રમણ સમયે) પ્રકૃતિમાં સ્થિત મનસહિત છ ઇન્દ્રિયોને (જીવાત્મા) લઈ જાય છે.''ઇન્દ્રિયોની અધૂરી રહેલી વાસનાની તૃપ્તિ માટે જ જીવાત્મા નવા શરીરની પ્રાપ્તિને પંથે પ્રયાણ કરે છે. આમ ઇન્દ્રિયોની અતૃપ્ત વાસના જ વ્યક્તિના પુનર્જન્મનું કારણ બને છે. અંત સમયે જે જે પદાર્થની વાસના કરવામાં આવે તે તે પદાર્થની પ્રાપ્તિ માટે જીવાત્મા તે તે યોનીને પ્રાપ્ત કરે છે. તેથી જો ઇન્દ્રિયસંયમરૂપી 'દમ' હાંસલ ન કર્યો હોય તો વિષયભોગની વાસના નષ્ટ નહીં થાય. વાસના અતૃપ્ત રહેતાં પુનર્જન્મ આરક્ષિત, સુરક્ષિત અને નિશ્ચિત છે. તેથી પુનર્જન્મનાં આગમનને જો અટકાવવું હશે તથા જન્મ-મૃત્યુના ચક્રને સમાપ્ત કરવું હશે તો ઇન્દ્રિયોને વિષયભોગની વાસનાથી મુક્ત કરવી અનિવાર્ય છે.માટે જ અત્રે પૂ.શંકરાચાર્યજી'**विषयेभ्यः परावृत्य**' અર્થાત્ વિષયોમાંથી ઇન્દ્રિયોને પાછી વાળી ઇન્દ્રિયો ઉપર નિગ્રહ કે સંયમ કરવાનું જણાવે છે. અને મોક્ષ માર્ગના પથિકને આવશ્યક એવા દમરૂપી સાધનને મુમુક્ષુની યોગ્યતા અને સુપાત્રતાનું અંગ ગણાવે છે. ઇન્દ્રિયનિગ્રહ જીવન્મુક્તિરૂપી ઇમારતનો પાયો છે. તે જેટલો મજબૂત હશે તેટલી જ ઇમારત દૃઢ થઈ શકશે.

મનનો સ્વભાવ છે ઇન્દ્રિયો પાછળ પ્રવાસ કરવો તેમજ ઇન્દ્રિયોનો સ્વભાવ છે વિષયોમાં આસક્ત થવાનો. કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો હંમેશા પોતપોતાનાં વિષયો પ્રત્યે પ્રવાસ કરવાની અભિરુચિ ધરાવે છે. આંખ રૂપ તરફ, કાન મધુર સંગીત તરફ, જીહ્વા વિવિધ સ્વાદ તરફ, નાક ગંધ તરફ તેમજ ત્વચા સુંવાળા સ્પર્શ પ્રત્યે જવા પ્રેરાય છે. પગ પ્રયાણાર્થે, હાથ ગ્રહણ અને ત્યાગ માટે, તેમ જ વાણી હંમેશા શબ્દોચ્ચારણ માટે થનગનતી હોય છે. આ તમામ ઇન્દ્રિયોને તેમના આવા વિષયભ્રમણમાંથી પરાવૃત્ત કરી સ્વયંના ગોલકમાં જો સ્થિત કરવામાં આવે તો જ વાસનામુક્તિના પંથે પ્રયાણ થઈ શકે. વાસના સમાપ્ત થાય ત્યારે જ જન્મમૃત્યુના ચક્રનો અંત

આવી શકે. પરંતુ વાસના સમાપ્ત ત્યારે જ થાય જયારે જીવનમાં વૈરાગ્ય પ્રાપ્ત થાય. વૈરાગ્યના અંકુર ત્યારે જ ફૂટે જયારે વિવેક ઉપલબ્ધ થાય. પરંતુ સત્સંગ વગર વિવેક જાગી શકે નહીં. જો વિવેક પ્રાપ્ત થઈ જાય તો મનોનિગ્રહ અર્થાત્ 'શમ' ઉપલબ્ધ થઈ જાય. 'શમ' આવતાંની સાથે જ 'દમ' અર્થાત્ ઇન્દ્રિયનિગ્રહ પ્રાપ્ત થઈ જાય. આમ ઇન્દ્રિય ઉપર નિયંત્રણ પ્રાપ્ત કરવું એ પ્રત્યેક મોક્ષાર્થીનું પ્રથમ કર્તવ્ય છે. જીતેન્દ્રિય હોવું તે જ જીવન્મુક્તનું લક્ષણ છે. અને તેથી જ સાધકનું સાધન છે. ગીતામાં પણ ભગવાને જણાવ્યું છે કે,

**"यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।**
**इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।"**

(ભ.ગીતા-અ-૨-૫૮)

" જેવી રીતે કાચબો(પોતાના) અંગોને (પોતાનામાં) સમાવી લે છે તેમ આ પુરુષ જયારે સર્વ ઇન્દ્રિયોના વિષયોમાંથી ઇન્દ્રિયોને પાછી ખેંચી લે છે ત્યારે તેની પ્રજ્ઞા(બુદ્ધિ) સ્થિર થાય છે."આમ ઇન્દ્રિયનિગ્રહ આત્મપ્રાપ્તિના પંથે આવશ્યક નહીં બલકે અનિવાર્ય છે. અર્જુનને સંબોધતાં ભગવાન આગળ પણ જણાવે છે કે,

**"तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।**
**वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।"**

(ભ.ગીતા-અ-૨-૬૧)

" તે સઘળી ઇન્દ્રિયોને વશ કરીને ચિત્તને સ્થિર કરી 'હું જ પરમાત્મા છું' તેવી બુદ્ધિયુક્ત થઈ સ્થિર બેસે છે આમ, ખરેખર જેની ઇન્દ્રિયો(પોતાના) વશમાં છે તેની જ બુદ્ધિ સ્થિર થાય છે."

ઇન્દ્રિયો ઉપર કાબૂ કરવાથી જ ઇન્દ્રિયો વિષયભ્રમણ કરતી અટકે છે. તેમ થવાથી વાસનાઓ સમાપ્ત થાય છે અને વાસના સમાપ્ત થવાથી જ વ્યક્તિ પોતાના આત્મસ્વરૂપમાં સ્થિત થઈ જીવન્મુક્ત થઈ શકે છે.

## ઉપરતિ

ઇન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળી, તેમના ગોલકમાં સ્થાપી ઇન્દ્રિયનિગ્રહ કર્યા બાદ હવે મનની વૃત્તિઓને વિષયભ્રમણ કરતી અટકાવવી તેને 'ઉપરતિ' કહે છે. દમ વડે ઇન્દ્રિયનિગ્રહ અને શમ વડે મનોનિગ્રહ થવાથી ઉપરતિ આપોઆપ આવી જાય છે. ઉપરતિ અર્થાત્ મનનું વિષયોમાંથી ઉપરામ થવું.એટલે કે મનનું વિષયભોગથી સંતૃપ્ત થઈ જવું. ઉપરામ થઈ ગયેલા મનમાં સંતૃપ્તિના, સંતોષના ઓડકાર આવી ગયા હોવાથી પુનઃ તેને વિષયોને ભોગવવાની ઇચ્છા થતી નથી.

જે વ્યક્તિ વિવેક-વિચારને પંથે પ્રયાણ કરી ચૂકી હોય, વિવેક-વિચારને પરિણામે તેને વૈરાગ્ય પ્રાપ્ત થયો હોય. વૈરાગ્યની ભાવના સાથે તેણે ઇન્દ્રિયનિગ્રહ દ્વારા 'દમ' અને મનોનિગ્રહ વડે 'શમ'નો અભ્યાસ કર્યો હોય તો તેવી વ્યક્તિ અંતર્મુખતાને પ્રાપ્ત થઈ જાય છે અને તેનું મન વિષયભ્રમણમાંથી મુક્ત થઈ જાય છે. વિષયવાસનાના વિચારથી મુક્ત થયેલું મન ઉપરતિને પ્રાપ્ત થાય છે. આમ મન વિવેક-વૈરાગ્ય અને 'શમ-દમ' જેવા સાધનોના અભ્યાસ દ્વારા વિષયોમાંથી પાછું ફરે ત્યારે તેવા બાહ્ય વિષયોના આલંબનથી પાછું વળેલું મન, વિષયવિચારથી મુક્ત થયેલું મન ઉપરતિને પામે છે. આવું અંતર્મુખ થયેલું પરિપક્વ મન જ ચિત્તશુદ્ધિને પ્રાપ્ત કરી આત્મકલ્યાણ માટે મદદરૂપ બની શકે તેમ છે.

(છંદ-અનુષ્ટુપ)

**सहनं सर्वदुःखानामप्रतिकारपूर्वकम् ।**
**चिन्ताविलापरहितं सा तितिक्षा निगद्यते ॥२५॥**

**अप्रतिकारपूर्वकम्** = કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા કર્યા વગર
**चिन्ताविलापरहितम्** = ચિન્તા કે વિલાપ કર્યા વગર
**सर्वदुःखानाम्** = આવી પડેલાં બધાં દુઃખોને
**सहनं सा** = સહન કરવાં તેને
**तितिक्षा निगद्यते** = 'તિતિક્ષા' કહેવાય છે.

## તિતિક્ષા

વિવિધ સંજોગોનો સરવાળો એટલે જ જીવન. અનુભવોની સતત હારમાળા એનું નામ જ જીવન. જીવનમાં અનેક પ્રકારની પરિસ્થિતિઓ પ્રાપ્ત થતી હોય છે. તેમાં પણ મુખ્ય બે પ્રકારની પરિસ્થિતિઓ જોવા મળે છે. એક છે ઇચ્છનીય અને સાનુકૂળ પરિસ્થિતિ જે મનુષ્યને સુખદ અનુભવ કરાવી જાય છે. જ્યારે બીજી અનિચ્છનીય અને પ્રતિકૂળ પરિસ્થિતિ. જે મનુષ્યને દુ:ખદ અનુભવાય છે. આમ જીવનમાં ક્યારેક આરામદાયી,આનંદદાયી કે સુખદ અનુભવ થાય છે. તો ક્યારેક કંટાળાજનક ત્રાસદાયી, હેરાનગતિયુક્ત, દુ:ખદાયી અનુભવ પ્રાપ્ત થાય છે.આમ ચઢતી અને પડતીનું નામ જ જીવન છે.

માત્ર અનુકૂળ કે માત્ર પ્રતિકૂળ સંજોગ જ પ્રાપ્ત થાય તેવું જીવનમાં કદાપિ હોઈ શકે નહીં. પરંતુ અનેક દુ:ખદાયી ઘટનાઓ બાદ જો સુખદ સંજોગ પ્રાપ્ત થાય ત્યારે જ વ્યક્તિ તેનો આનંદ માણી શકે છે. આખી રાત અંધકારમાં પસાર કર્યા બાદ જ ઉષાની લાલીમાના દર્શન થઈ શકે છે. ત્યારે જ તે આરામદાયી અનુભવાય છે. સતત પરિશ્રમ બાદ જો આરામની પળો મળે તો જ તે આરામની કિંમત થઈ શકે છે અને તેનો આનંદ અનુભવી શકાય છે. પરંતુ માત્ર આરામ જ હોય તો તેનો આનંદ યોગ્ય રીતે અનુભવાશે નહીં.

જેના જીવનમાં નિષ્ફળતા નથી તેને સફળતાનું સુખ એટલે શું તે સમજાતું નથી. ખરેખર તો જે સહન કરે તેનું નામ જ સાધુ છે. પ્રતિકૂળ સંજોગોને સહન કરવાની આવડત જીવનમાં કેળવવી જરૂરી છે. આવી પડેલ સંજોગને મિટાવી ન શકનાર તમામ માનવી દુ:ખદ કે વિકટ પરિસ્થિતિને સહન તો કરે છે પરંતુ પ્રતિક્રિયા સાથે સહે છે અર્થાત્ આવી પડેલા દુ:ખને ભોગવ્યા વિના બીજો કોઈ ઉપાય જ ન હોવાથી અસહાય, નિ:સહાય થઈને ચિંતા તેમજ વિલાપ કરતાં કરતાં એટલે કે રોદણાં રોતાં રોતાં પરિસ્થિતિનો વિરોધ કરતાં કરતાં તેને ભોગવે છે. જ્યારે કોઈ વ્યક્તિ કે

શ્રોતા તેમને મળે કે તુરત જ તેઓ પોતાના દુઃખનું, દર્દનું, સમસ્યાઓનું, મુશ્કેલીઓનું અને સ્વયંથી ન ઉકેલાયેલા પ્રશ્નોનું ગાણું ગાવાનું ચાલુ કરી દે છે. તેઓ જીવનની પરિસ્થિતિને હિંમતપૂર્વક વધાવતા નથી કે ધૈર્ય સાથે તેનો સામનો કરવાની તત્પરતા દાખવતા નથી પરંતુ ફરિયાદી થઈને પોતાના સંજોગને દુઃખ માટે જવાબદાર ગણાવી હંમેશા વિલાપ કરતાં હોય છે. તેવી વ્યક્તિને જીવનમાં જો કોઈ સંતને સમાગમ કે સત્સંગ પ્રાપ્ત થઈ જાય તો પણ દુઃખમુક્તિના કે મોક્ષના મૂળભૂત પ્રશ્નોને વિસારી તેઓ પોતાના સંજોગોને બદલવા માટે જ ઉપાય પૂછતા હોય છે. આવી રીતે વિકટ સંજોગમાં જીવન જીવનાર લોકોને તિતિક્ષાનો પરિચય નથી. સહનશીલતા એટલે શું તે સમજાયું નથી. ખરેખર તો સંજોગને હસતાં મુખે સ્વીકારે, પરિસ્થિતિને ઈશ્વરનો પ્રસાદ માની આવકારે તેમ જ જીવનના પ્રત્યેક પ્રસંગને પ્રસન્નતાથી પસાર કરે તેને જ સાચી તિતિક્ષા કહે છે. તિતિક્ષા સમજાવતા અત્રે પૂ.શંકરાચાર્યજી જણાવે છે કે તમામ દુઃખોને પ્રતિક્રિયા વિના, ચિંતા કે વિલાપ કર્યા વગર 'હું દુઃખી છું.', 'હું પાયમાલ થઈ ગયો.' વગેરે જેવાં નિઃસાસા નાંખ્યા વગર જે સહન કરે છે તેવી સહન કરવાની શક્તિને, તેવા સહનના સામર્થ્યને જ તિતિક્ષા કહેવામાં આવે છે. પરંતુ આ તિતિક્ષા પ્રાપ્ત થાય કઈ રીતે? પૂજ્ય સાગર મહારાજ જણાવે છે તેમ પ્રાપ્ત થયેલા સંજોગો પ્રત્યે જો ઈશ્વરના પ્રસાદનો ભાવ રાખવામાં આવે તો જ કદાચ જીવનના તમામ સંજોગોનો સામનો કરવાની કળા હસ્તગત થઈ જાય.

> "જેમ જયમ દરદ આવ્યા કરે,ખૂબ ખૂબ ખુશી ત્યમ માણવી,
> સમજી જવું કે દિલબરે, કંઈ ભેટ આપી અવનવી."

દિલબરે અર્થાત્ પ્રિયતમ પરમાત્માએ જો દર્દરૂપી ભેટ આપી હોય તો તેનો પ્રસાદની જેમ સ્વીકાર કરવાથી દર્દ એ દોલત બની જશે. જેવી રીતે સાનુકૂળ સંજોગ ઈશ્વરની કૃપા દ્વારા પ્રાપ્ત થાય છે તે જ પ્રમાણે વિચારવું કે પ્રતિકૂળ સંજોગ પણ ઈશ્વરે મોકલેલી ભેટ છે. આમ ભેટ શું છે તેની સામે દૃષ્ટિ કર્યા વગર ભેટ કોના દ્વારા પ્રાપ્ત થાય છે તેનો જો

વિચાર કરવામાં આવે તો મન સંજોગમાંથી હટીને સર્જનહાર તરફ દોરાશે અને તે પરમાત્માના વિચારમાં જ એવી પ્રસન્નતા પ્રાપ્ત થશે કે દર્દ અને દુ:ખ જીવનમાંથી લુપ્ત થઈ જશે. વિકટ સંજોગો પરમાત્માએ કસોટી અર્થે કે તપશ્ચર્યા શીખવવા માટે મોકલ્યા છે, તેમ માની પ્રતિક્રિયા રહિત થઈ ચિંતા, વિલાપ કે રુદનને જીવનમાંથી કાયમી વિદાય આપી પ્રસન્નતાપૂર્વક સમય પસાર કરવો જોઈએ. દુ:ખ કે દર્દ તરફ જો આવો અભિગમ પ્રાપ્ત કરી શકાય તો દર્દ પણ દોલત બની જાય.

પરમાત્મા દ્વારા જો સજા થાય તો સમજવું કે તે દંડ નથી પરંતુ દયા છે. ઈશ્વરનો કોપ નથી પરંતુ કરુણા છે. ભૌતિક સુખ-સંપત્તિ જો પ્રાપ્ત થાય તો જગતને માણવામાં અને ભોગોને ભોગવવામાં ભગવાન ભુલાઈ જાય છે. પરંતુ દુ:ખદ પરિસ્થિતિ જ પરમાત્મા પાસે જવાની પ્રેરણા પૂરી પાડે છે. જે સંજોગ પરમાત્માની પ્રાપ્તિ માટે પ્રેરણા પૂરી પાડે તેવા સંજોગની પ્રાપ્તિથી અન્ય કે ભિન્ન બીજી કઈ મોટી દોલત કે સંપત્તિ હોઈ શકે? આવી સમજ સાથે સંજોગોનો સામનો થાય તો તેને તિતિક્ષા કહે છે.જેની પાસે તિતિક્ષારૂપી ધન છે તે સુખદ કે દુ:ખદ પરિસ્થિતિમાં સમાન ભાવે રહે છે. તિતિક્ષા સંપન્ન વ્યક્તિ લોટરી લાગવા જેવા સુખદ સંજોગમાં આનંદનો અતિરેક થવા દેતા નથી, તેમ જ દેવાદાર પરિસ્થિતિમાં ભગ્નાશાથી ઘેરાઈ જતા નથી. આ પ્રમાણે સુખ આવે ત્યારે સફળતાના નશામાં છકી ન જાય અને દુ:ખ પ્રાપ્ત થાય ત્યારે નિરાશા કે હતાશાના સમુદ્રમાં ડૂબી ન જાય તે જ સાચો તિતિક્ષાવાન છે.

કેટલાક અજ્ઞાનીજનો પોતાને પ્રાપ્ત થયેલા દુ:ખ માટે બીજાને જવાબદાર ગણે છે. પોતાના વિકટ સંજોગો માટે અન્ય વ્યક્તિ ગુનેગાર છે તેવું માને છે. પરંતુ વાસ્તવમાં તો સુખ કે દુ:ખ કોઈ કોઈને આપી શકે નહીં. સ્વયંના કર્મોનું ફળ જ આપણને સુખદ કે દુ:ખદ પરિસ્થિતિ પ્રાપ્ત કરાવે છે. કર્મફળદાતા ઈશ્વર જ આપણને આપણા કર્મ પ્રમાણે ફળ પ્રદાન કરે છે. આમ પ્રાપ્ત સંજોગો આપણા પૂર્વ કર્મોનું ફળ છે અને આ કર્મફળ

ઈશ્વર દ્વારા આપણને પ્રાપ્ત થતું હોવાથી તે ઈશ્વરનો પ્રસાદ જ ગણાય. આમ હોવાથી આપણને પ્રાપ્ત થતા અનુભવો માટે સ્વયંથી અન્ય કોઈ વ્યક્તિને જવાબદાર ગણી શકાય નહીં.

માનવજીવનની વ્યાખ્યા જ કંઈક એવી છે કે જેમાં અલ્પ સુખ અને પછી દુ:ખની પરંપરા. વળી પાછું થોડું સુખ અનુભવો અને તરત જ સુખના પડછાયાની જેમ પાછળ રહેલું દુ:ખ ઘેરો ઘાલી દે છે.સુખદ અને દુ:ખદ સંજોગો તો ખેતરનાં કૂવામાંથી પાણી કાઢવા વપરાતા રેંટ જેવા છે. રેંટ ચાલતો હોય ત્યારે જેમ રેંટના ખાલી ઘડા કૂવામાં જાય અને કૂવામાંથી ભરાઈને ઘડા ઉપર આવે. તે વળી પાછા ઉપર ઊંધા થતા ઠલવાય અને ખાલી થઈ નીચે કૂવામાં જાય. ફરીથી તેમાં પાણી ભરાય અને પુનઃ તેઓ ઉપર આવી ઠલવાય. આમ નિરંતર ચક્ર ચાલુ રહે છે. તેવી જ રીતે મનરૂપી ઘડામાં પણ સુખ ભરાય, તે ખાલી થાય અને દુ:ખ ભરાય. એ પ્રમાણે હંમેશા ચાલ્યા જ કરતું હોય છે. ખરેખર તો સુખ કે દુ:ખ એકબીજાની અપેક્ષાથી જ અનુભવાય છે. આપણે જમીન ઉપર ચાલતા રહીએ તો અંતે જમીનનો જે અંત આવે છે તે જ દરિયાનો કિનારો બને છે. તેમજ જો દરિયામાં મુસાફરી કરીએ અને દરિયાનો જે અંત આવે છે તે વાસ્તવમાં અંત નથી. પરંતુ જમીનની શરૂઆત છે. આમ જમીનનો અંત તે જ દરિયાનો કિનારો છે અને દરિયાનો અંત એ જ જમીનનો પ્રારંભ છે. તે જ પ્રમાણે દુ:ખદ સ્થિતિનો અંત જ આપણને સુખ તથા સુખદ સંજોગોનો અંત જ દુ:ખ તરીકે અનુભવાય છે. આમ, સુખ અને દુ:ખ સાપેક્ષ છે તથા આવનારા અને જનારા છે. વાસ્તવમાં તો કાયમી સુખ કે દુ:ખ જેવી કોઈ વસ્તુ જ નથી. માટે જ અર્જુનને સંબોધતા ભગવાન જણાવે છે કે,

**''मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदु:खदाः ।**
**आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥''**

(ભ.ગીતા અ-૨-૧૪)

''હે કૌન્તેય, ઇન્દ્રિયોના વિષયસંયોગથી પ્રાપ્ત સુખ અને દુ:ખ

તો ઠંડી અને ગરમીની જેમ આવનારા અને જનારા હોવાથી અનિત્ય છે. માટે હે ભારત! તેમને તું સહન કર.'' આમ પ્રારબ્ધગત, સંજોગવશાત પ્રાપ્ત થનારા સુખ અને દુઃખ ઇન્દ્રિયજન્ય તથા ઉત્પન્ન થનારા અને નાશ પામનારા હોવાથી અનિત્ય છે તેમ જાણી પ્રતિક્રિયા રહિત થઈ જીવન જીવવું જોઈએ. જો આ ન સમજાય તો પોતાને પ્રાપ્ત અડધા રોટલાના દુઃખને ન ગણકારતાં, પોતાનાથી વધુ દુઃખી એવી વ્યક્તિની ખાલી થાળી ભણી નજર કરી, પોતાને પ્રાપ્ત સંજોગોને પણ ઈશ્વરનો ઉપકાર માની ફરિયાદ કે ચિંતામુક્ત થઈ જીવન જીવવું જોઈએ. એટલે કે પોતાના અલ્પ દુઃખ સામે અન્યના મહાન દુઃખને નજર સમક્ષ રાખવાથી પોતાનું દુઃખ એ દુઃખ જણાશે નહીં પરંતુ તેમાં પણ ઈશ્વરની મહાન કૃપાનો જ આભાસ વર્તાશે. આમ જીવનમાં સુખ કે દુઃખને સહન કરવાની કળા આવડવી જોઈએ.

ટૂંકમાં, જેની પાસે સુખ, સગવડ, સત્તા, સંપત્તિ કે ધનવૈભવ કે વિજયનો અપચો નથી તથા તેના અભિમાનમાં છકી જઈ સ્વચ્છંદી વર્તન નથી તેમજ નિરાશા, નિષ્ફળતા, હતાશા, ભગ્નાશા, દુઃખ કે હારનું દર્દ નથી તથા તેવા સંજોગો પ્રત્યે પ્રતિકાર, ફરિયાદ, ચિંતા, વિલાપ કે રુદન નથી પરંતુ તમામ સંજોગોમાં ચિંતામુક્ત થઈ શાંત ચિત્તે જે જીવન જીવે છે તે જીવન જ તિતિક્ષાથી અલંકૃત થયેલું જીવન છે.

(છંદ-અનુષ્ટુપ)

**शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्ध्यवधारणम् ।**
**सा श्रद्धा कथिता सद्भिर्यया वस्तूपलभ्यते ।।२६।।**

| | | | |
|---|---|---|---|
| **शास्त्रस्य गुरुवाक्यस्य** = શાસ્ત્રના | | **श्रद्धा** | = શ્રદ્ધા |
| (અને) ગુરુદેવના વાક્યોને | | **कथिता** | = કહે છે |
| **सत्यबुद्ध्यवधारणम्** = સત્યપણાની | | **यया** | = જે(શ્રદ્ધા) વડે |
| બુદ્ધિ વડે ધારણ કરવા, | | **वस्तु** | = આત્મવસ્તુ |
| **सा सद्भिः** = તેને સત્પુરુષો | | **उपलभ्यते** | = પ્રાપ્ત થાય છે. |

## શ્રદ્ધા

આત્મસાક્ષાત્કાર આપણા જીવનનું અંતિમ લક્ષ્ય છે. તેને પામવા માટે શાસ્ત્રના વચનોનું શ્રવણ તથા ગુરુના યુક્તિસભર આદેશ અને ઉપદેશ ઉપર વિચારણા જરૂરી છે. પરંતુ તે માટે સૌ પ્રથમ શાસ્ત્ર અને ગુરુના વચનોમાં શ્રદ્ધા હોવી આવશ્યક છે. તેથી મોક્ષમાર્ગના પ્રવાસીને શંકરાચાર્યજીએ અત્રે શ્રદ્ધારૂપી સાધનની વાત કરી છે.''**शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्धि अवधारणं श्रद्धा कथिता ।।**'' અર્થાત્ શાસ્ત્ર અને ગુરુના વાક્યો સત્ય છે તેવી શંકાવિહોણી દૃઢ બુદ્ધિને 'શ્રદ્ધા' કહે છે. ગુરુ અને શાસ્ત્રવચનો કદાપિ સત્યથી વેગળા ન જ હોય પરંતુ તેમના દ્વારા જે કંઈ ઉપદેશાય છે તે જ સત્ય છે. એવા દૃઢ નિશ્ચયવાળી બુદ્ધિને 'શ્રદ્ધા' કહે છે. જેની પાસે આવી અચળ શ્રદ્ધા છે તે જ સંસારસાગરને સરળતાથી પાર કરી જાય છે. પરંતુ શ્રદ્ધા વગરનો સાધક જીવનપર્યંતના શ્રવણ છતાં પણ જીવનના અંતિમ લક્ષ્યને અર્થાત્ આત્મસાક્ષાત્કારને પ્રાપ્ત કરી શકતો નથી. તેથી જ જ્ઞાનમાર્ગના પથિક માટે શાસ્ત્ર અને ગુરુમાં શ્રદ્ધા હોવી તે મહત્ત્વનું અને અનિવાર્ય અંગ છે.

આધુનિક શિક્ષિત ગણાતાં સમાજમાં વૈદિક પરંપરા જ્યારે નષ્ટપ્રાય થઈ રહી છે ત્યારે કેટલાક લોકો શાસ્ત્રને, ઋષિમુનિઓના ટાઢાપહોરના ગપ્પા માને છે. તથા ઈશ્વરને ઉપજાવી કાઢેલું તૂત સમજે છે. તેઓની દલીલ છે કે,'જે મૂર્તિને પથ્થરમાંથી મનુષ્યએ ઘડી કાઢી હોય અને તેના મંદિર બંધાવી જો તેની પૂજા કરતો હોય તો તેવા જડ પથ્થરને પૂજવા અમે તૈયાર નથી. તેમને નથી મૂર્તિમાં શ્રદ્ધા, મૂર્તિપૂજામાં વિશ્વાસ કે પછી તેમની વાત સમજાવતા શાસ્ત્રોમાં પણ શ્રદ્ધા. શાસ્ત્ર વિશે તેઓનું મંતવ્ય એવું છે કે હજારો વર્ષ પૂર્વે સામાજીક વિકાસને ધ્યાનમાં લઈ શાસ્ત્રોની રચના થઈ છે. તેવા જૂના ગ્રંથો આજના વિજ્ઞાનપ્રધાન આધુનિક યુગમાં કેવી રીતે ઉપયોગી થઈ શકે? એટલું જ નહીં તેવા વહેમ અને અંધશ્રદ્ધાયુક્ત માનસ વડે રચાયેલા તે ગ્રંથો આજના જમાનામાં સ્વીકાર્ય પણ થઈ શકે નહીં. અમારા જીવનના રોજબરોજના પ્રશ્નોનું સમાધાન તો વિજ્ઞાન વડે થઈ શકે છે.' આવી વિચારણા ધરાવતા લોકો ઘણી ભ્રાંતિમાં જીવે છે તથા અદ્ભુત અને અલૌકિક

આપણા વૈદિક વારસાથી વંચિત રહેલા છે. હકીકતમાં માનવજીવનના કેટલાંય મૂળભૂત પ્રશ્નો એવા છે કે જેની સામે વિજ્ઞાન નિરુત્તર છે. આપણી આસપાસ જો નજર કરવામાં આવે તો કેટલાંક લોકો પાસે, રહેવાને માટે મોટા મોટા મહેલો છે. ચાર વ્યક્તિના કુટુંબ માટે દસ રૂમોનાં પાંચ મકાનો હોય છે. વાપરવા માટે દસ-દસ ગાડીઓ હોય છે. જ્યારે કેટલાક લોકોને રાતવાસો કરવા માટે કોઈક ઘરનો ઓટલો પણ મળી શકે તેમ નથી. તેટલું જ નહીં, દસ માણસોનું કુટુંબ એક નાનકડાં ઝૂંપડામાં સમાવાનો પ્રયત્ન કરે છે. કેટલાંક લોકો પાસે અનાજના ભંડાર છે. વધેલું અન્ન કોને આપવું તે પ્રશ્ન છે જ્યારે કેટલાંય ગરીબોને પેટનો ખાડો પૂરવા જેટલું અન્ન પણ હોતું નથી.જગતમાં જોવા મળતી આવી અસમાનતાનું કારણ વિજ્ઞાન આપી શકે તેમ નથી. ઘણીવાર એક જ વાહનમાં મુસાફરી કરનાર મુસાફરોને અકસ્માત નડતાં કોઈ એક વ્યક્તિનો પ્રાણ ચાલ્યો જાય છે, તો વળી કોઈકનો માત્ર પગ કપાય છે, જ્યારે કેટલાંકને સહેજ પણ ઈજા થતી નથી. આવું થવાનું કારણ પૂછતાં કોઈ કહેશે કે, જેણે ખૂબ પાપ કર્યા હતા તેણે આ દુનિયામાંથી વિદાય લીધી. જેણે થોડાં પાપ કર્યાં હતા તેનો પગ ભાંગ્યો અને નીતિથી જીવનાર સદાચારી વ્યક્તિ બચી ગઈ. પરંતુ આવા પ્રત્યુત્તર સામે એક બીજો પ્રશ્ન જાગે છે કે જે બાળકો જન્મથી જ આંધળા, બહેરાં કે અપંગ જન્મે છે, તેમને કયા કર્મોની સજા થતી હોય છે? આવા અનેક પ્રશ્નો પ્રત્યે વિજ્ઞાન નિરુત્તર છે. હજુ જો પ્રશ્ન કરીએ તો એમ પણ પૂછી શકાય કે આપણો જન્મ શા માટે અમુક ચોક્કસ મા-બાપને ત્યાં ચોક્કસ સમયે અને કોઈ નિશ્ચિત સ્થળે જ થતો હોય છે? આ જગતની ઉત્પત્તિ કેવી રીતે થઈ હશે? જે નિયમિત ચાલતા કુદરતી પરિબળો છે તેનું સંચાલન કોણ, કેવી રીતે કરતું હશે? મૃત્યુ પછી મનુષ્યની ગતિ શું હશે? આવા તમામ વિજ્ઞાન દ્વારા વણઉકલ્યા પ્રશ્નોનાં સમાધાન માટે આપણે શાસ્ત્રોના શરણમાં ગયા વગર છૂટકો નથી. શાસ્ત્રમાં જો શ્રદ્ધા નહિ હોય તો જીવનના આવા મહત્ત્વના પ્રશ્નો આપણને મૂંઝવણમાં મૂકી દેશે. દૃશ્ય, જડ અને ભૌતિક જગતને સમજવા મથી રહેલું વિજ્ઞાન જ્યાં મૌન થઈ જાય છે ત્યાં જ અધ્યાત્મશાસ્ત્રનો ઉદય થાય છે.

જીવ-જગત, માયા કે ઈશ્વર વિશેની સાચી સમજણ કેવળ શાસ્ત્ર દ્વારા જ મળી શકે તેમ છે માટે શાસ્ત્રમાં શ્રદ્ધા હોવી અનિવાર્ય છે.

શ્રદ્ધા વિના જીવનવ્યવહાર પણ આગળ વધી શકે તેમ નથી. માટે જ કહ્યું છે કે,'વિશ્વાસ વિના વહાણ પણ ન ચાલે.' આપણા જન્મ સમયની નોંધણી ન તો આપણી માતા કરી શકે કે તે સમયે ગેરહાજર રહેનાર પિતા દ્વારા થઈ શકે. શસ્ત્રક્રિયામાં વ્યસ્ત વૈદ પણ ન કરી શકે. પરંતુ મદદનીશ તરીકે સેવા બજાવનાર નર્સ પોતાની નવરાશની પળોમાં જ સમય નોંધતી હોય છે. છતાં આપણે નર્સે લખેલા સમયને શ્રદ્ધા રાખી સ્વીકારીએ છીએ. એટલું જ નહીં, સ્વયંના પિતા કોણ છે તે પણ આપણે માતામાં શ્રદ્ધા રાખી તેની પાસેથી જ જાણીએ છીએ. આમ, શ્રદ્ધા વિના વ્યવહાર પણ આગળ વધી શકે તેમ નથી.

વિજ્ઞાનના વિકાસની સાથે સાથે રોજબરોજ નવા નવા અદ્યતન મશીનો બજારમાં આવતા જાય છે. આ મશીનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેનાથી અજાણ આપણે તે માટેની માહિતી-પુસ્તિકા મશીનની સાથે જ પ્રાપ્ત કરીએ છીએ. જો આ માહિતી-પુસ્તિકામાં શ્રદ્ધા રાખી તેનો અભ્યાસ ન કરીએ તો મશીનનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજી શકાય નહીં. એટલું જ નહીં, ડૉક્ટરે આપેલી દવાને કેવી રીતે લેવી તેની માહિતી પણ આપણે ડૉક્ટર પાસેથી પ્રાપ્ત કર્યા વિના દવાનો ઉપયોગ કરી શકીએ નહીં. આમ, સામાન્ય મશીનને સમજવા કે જીવનજરૂરીયાતની ચીજવસ્તુના ઉપયોગ માટે કોઈકને કોઈક પુસ્તક કે વ્યક્તિ ઉપર શ્રદ્ધા રાખવી પડતી હોય તો પછી અકળ બ્રહ્માંડને તથા અનંત પરમાત્માને શાસ્ત્રમાં શ્રદ્ધા રાખ્યા વિના કઈ રીતે સમજી શકાય? નિરંતર વહેતી નદીઓ, નિયમિત અસ્ત અને ઉદય પામતો સૂર્ય, સમયે સમયે બદલાતી ઋતુઓ, ઋતુ પ્રમાણે વૃદ્ધિ અને વિકાસને પ્રાપ્ત થતું વનસ્પતિજગત તેમજ અગણિત અસંખ્ય વિવિધ પ્રકારના પ્રાણીઓથી વ્યાપ્ત આ જગતને સમજવા શાસ્ત્રનો શ્રદ્ધાપૂર્વક જો આશ્રય લેવો પડે તો તેમાં અજુગતું શું હોઈ શકે? જ્યાં સુધી જીવ, જગત અને ઈશ્વરને સમજાવતા

શાસ્ત્રનો અભ્યાસ નહીં હોય ત્યાં સુધી જન્મ-મૃત્યુ કે પછી સુખ અને દુઃખની આંધીમાં ઝોલા ખાતાં જીવનમાંથી મુક્તિનો ઉપાય જડી શકે તેમ નથી. સંસારબંધનથી છૂટકારો પ્રાપ્ત કરવો હોય તો ગુરુની મદદ લઈ શાસ્ત્રને સમજવાનો પ્રયત્ન કરવો પડશે અને ગુરુ તેમજ શાસ્ત્રમાં અવિચળ શ્રદ્ધા રાખી તેઓએ ચીંધેલા રાહ ઉપર પ્રયાણ કરવું પડશે.

શાસ્ત્ર અતિ વિશાળ અને ગહન છે. ઘણાં બધાં વૈજ્ઞાનિકોનું નિરીક્ષણ, પ્રયોગ અને ચકાસણીના આધારે તારવેલો નિચોડ એટલે જ વિજ્ઞાન. તેવી રીતે અનેક ઋષિમુનિઓનો શ્રુતિસંમત, તર્કયુક્ત, યુક્તિપૂર્વકનો સ્વાનુભવનો નિષ્કર્ષ એટલે જ શાસ્ત્ર. શાસ્ત્ર અપૌરુષેય છે. તેમાં ઉપદેશાયેલ તત્ત્વ દેશ, કાળની મર્યાદાથી મુક્ત છે. મન, વાણી અને બુદ્ધિની ક્ષિતિજોની પેલે પાર છે. તેથી જ કોઈ પણ વ્યક્તિના માર્ગદર્શન વિના સ્વ-અધ્યયન વડે તેના ગૂઢાર્થને જાણી શકાય તેમ નથી. આવા શાસ્ત્રના રહસ્યને પામવા તો શાસ્ત્રના જ્ઞાતા તેમજ શાસ્ત્રમાં વર્ણવાયેલ તત્ત્વને જેમણે આત્મસાત્ કર્યું હોય તેવા ગુરુ પાસે જવું પડે. માટે ઉપનિષદ પણ આવી વિચારણાને સંમતિ આપતાં જણાવે છે કે, '**आचार्यवान्पुरुषो वेद**'(છાંદોગ્યશ્રુતિ-६/૧૪/૨) આમ, ઇન્દ્રિય અગોચર, મન-બુદ્ધિથી અગમ્ય એવા અપ્રમેય વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈ માર્ગદર્શક ગુરુની સમીપ જવું અનિવાર્ય છે. જો આમ જ હોય તો પણ ગુરુમાં શ્રદ્ધા રાખવી આવશ્યક છે. શાસ્ત્રમાં વર્ણવાયેલ પરમતત્ત્વ પ્રત્યક્ષ નથી અર્થાત્ પાંચ જ્ઞાનેન્દ્રિય દ્વારા જાણી શકાય તેમ નથી. તે જ પ્રમાણે તે પરમાત્મા મન, બુદ્ધિથી પણ અગમ્ય છે, અકલ્પ્ય છે, અજ્ઞેય છે તેથી પરોક્ષજ્ઞાનનો વિષય પણ નથી.માટે જ પરમાત્માને જાણવાનું એક જ પ્રમાણ છે અને તે છે 'શબ્દપ્રમાણ' અર્થાત્ શાસ્ત્ર. માત્ર શાસ્ત્ર પ્રમાણ દ્વારા જ ગુરુ પાસેથી જાણી શકાય તેમ હોવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિને પંથે નીકળી ચૂકેલા જીજ્ઞાસુએ ગુરુ અને શાસ્ત્રમાં શ્રદ્ધા રાખવી અનિવાર્ય છે.શિષ્ય જો સત્યને સમજવા સમર્થ ન હોય તો ગુરુ તેને તર્ક દ્વારા કે યુક્તિ દ્વારા પણ સમજાવવાનો પ્રયત્ન કરે છે અને કેટલીકવાર પોતાની સ્વાનુભૂતિનો

આશ્રય લઈને પણ શાસ્ત્રના રહસ્યને ઉકેલવાનો પ્રયત્ન કરતાં હોય છે. આમ, પોતે જે પદને પામી ચૂક્યા હોય છે તે પદની પ્રાપ્તિ શિષ્યને કરાવવાના ઉદ્દેશથી ગુરુ, શ્રુતિ, સ્મૃતિ જેવા શાસ્ત્રોનો સહારો લઈ યુક્તિ અને અનુભવ-સિદ્ધ જ્ઞાન પ્રદાન કરવાનો પ્રયત્ન કરતા હોય છે. તેથી જ ગુરુમાં શ્રદ્ધા રાખવી અનિવાર્ય છે. આ સંદર્ભે શ્રીકૃષ્ણ પરમાત્મા પણ જણાવે છે કે,

"**श्रद्धावाँल्लभते ज्ञानम्**" (ભ.ગીતા અ.૪-૩૯)

"શ્રદ્ધાવાન (પુરુષ) જ્ઞાન પ્રાપ્ત કરે છે." પરંતુ જે શ્રદ્ધાવિહીન છે, સંશયગ્રસ્ત છે, સંદેહયુક્ત છે તેવા કલ્યાણમાર્ગથી ભ્રષ્ટ થયેલાઓ માટે ભગવાને એમ પણ કહ્યું છે કે, "**संशयात्मा विनश्यति**" (ભ.ગીતા અ-૪-૪૦) "સંશયયુક્ત (વ્યક્તિ) વિનાશ પામે છે."અજ્ઞાનરૂપી અંધકારમાં ઘેરાયેલાં હોવાથી આપણે આપણા સ્વરૂપને અર્થાત્ અંતરાત્માને જાણતા નથી. આવા સ્વયંના સત સ્વરૂપથી અજાણ આપણે પોતાને જીવાત્મા માની બંધનનો અનુભવ કરીએ છીએ. અવિદ્યામાં ઘેરાયેલા હોવાથી જ આપણે દશ્ય, જડ અને સાકાર શરીરને પોતાની જાત માનીએ છીએ. જ્યાં સુધી અજ્ઞાનરૂપી અંધકારને જ્ઞાનરૂપી દીપક દ્વારા દૂર કરવામાં નહીં આવે ત્યાં સુધી ભ્રાંતિમાં જીવનારા આપણે દેહથી મુક્ત હોવા છતાં દેહતાદાત્મ્ય અનુભવી શરીરના સુખ કે દુઃખને પોતાના માની જીવનભર સુખી અને દુઃખી થતાં રહીશું. તેથી દુઃખને નિર્મૂળ કરવા તથા શાશ્વત સુખને ઉપલબ્ધ કરવા સ્વયંના આત્મસ્વરૂપનું અજ્ઞાન દૂર કરવું અનિવાર્ય છે. અજ્ઞાનને દૂર કરવા માટે શાસ્ત્ર અધ્યયન દ્વારા જ્ઞાનનો દીપક પ્રગટાવવો જરૂરી છે. પરંતુ જેમ દીપકને પ્રજ્વલિત કરવા તેલ આવશ્યક હોય છે તેમ જ્ઞાનરૂપી દીપકને પ્રગટાવવા શ્રદ્ધારૂપી તેલ હોવું અનિવાર્ય છે. સ્વસ્વરૂપના સાક્ષાત્કાર માટે ગુરુ અને શાસ્ત્રોના વચનો ઉપર વિશ્વાસ રાખી તેના ઉપર ચિંતન, મનન કરવું જરૂરી છે. આમ, સાક્ષાત્કારની દિશામાં પ્રયાણ કરવા શ્રદ્ધા ખૂબ જ મહત્ત્વની છે. શાસ્ત્ર અને ગુરુવચનોમાં રાખેલી શ્રદ્ધા જ આપણને શ્રદ્ધેય પરમાત્માની પ્રાપ્તિ કરાવી શકે તેમ છે.

(છંદ-અનુષ્ટુપ)

**सर्वदा स्थापनं बुद्धेः शुद्धे ब्रह्मणि सर्वथा ।**
**तत्समाधानमित्युक्तं न तु चित्तस्य लालनम् ।।२७।।**

| | | | |
|---|---|---|---|
| **बुद्धेः** | = બુદ્ધિને | **समाधानम्** | = સમાધાન |
| **सर्वदा** | = હંમેશા | **इति** | = એમ |
| **सर्वथा** | = સર્વપ્રકારે | **उक्तम्** | = કહ્યું છે. |
| **शुद्धे** | = શુદ્ધ | **तु** | = પરંતુ |
| **ब्रह्मणि** | = બ્રહ્મમાં | **चित्तस्य** | = ચિત્તના |
| **स्थापनम्** | = સ્થિર કરવી | **लालनम्** | = લાલનપાલનને |
| **तत्** | = તેને | **न** | =(સમાધાન કહ્યું) નથી. |

## સમાધાન

ષટ્સંપત્તિનું અંતિમ અંગ સમાધાન છે. તેને સમજાવતા શંકરાચાર્યજી ઉપદેશે છે કે,'સર્વ સમયે, સર્વ પ્રકારે બુદ્ધિને શુદ્ધ બ્રહ્મમાં જ સ્થિત કરવી તેને સમાધાન કહેવાય છે.' વાસનાગ્રસ્ત ચિત્ત જે ઇચ્છે, જેની કામના કરે તેવા પદાર્થો કે સંજોગોને પ્રાપ્ત કરી ચિત્તના અજંપાને વાસનાતૃપ્તિથી જો દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેવા પ્રયત્નને સમાધાન કહેવાતું નથી.

વાસનાગ્રસ્ત બુદ્ધિ કે મન જે માગે તે આપતા રહેવું, તથા તેની વાસનાઓને સંતોષવી કે પછી જેમાં તે સુખ માને તેનું ચિંતન કર્યા કરવું એ અવિવેકી મનનો સ્વભાવ છે. અવિવેકી મને જેના માટે પોતે મોટું મૂલ્ય આંક્યું હોય તથા જે વિષયો પ્રત્યે તેને રાગ હોય તે વિષયમાં જ ભ્રમણ કર્યા કરે છે. આવા અવિવેકી મન કે ચિત્ત ઉપર નિયંત્રણ કર્યા વિના તેની તમામ અપેક્ષાઓ પૂર્ણ કરવાના પ્રયત્નો કરવા તેને જ ચિત્તનું લાલનપાલન કે આળપંપાળ કહેવામાં આવે છે. આમ થવાથી ચિત્તમાં વિષયવાસનાની વૃદ્ધિ થાય છે. તથા બુદ્ધિ શુદ્ધ બ્રહ્મમાં સ્થિત થતી નથી. તેવી અસ્થિર અને અવિવેકી બુદ્ધિ દ્વારા સમાધાનની પ્રાપ્તિ થતી નથી. માટે જ શંકરાચાર્યજી

જણાવે છે કે **'चित्तस्य लालनं तु समाधानं न ।'**

અત્રે વપરાયેલો બુદ્ધિ, ચિત્ત કે મન શબ્દ અંતઃકરણનો જ નિર્દેશ કરે છે. અંતઃકરણ એક જ હોવા છતાં કાર્યભેદે ચાર પ્રકારનું કહેવાય છે. જ્યારે અંતઃકરણ સંકલ્પ-વિકલ્પ કરવાનું કે સંશય કરવાનું કાર્ય કરે છે ત્યારે તે 'મન' તરીકે ઓળખાય છે. આમ, **संकल्पविकल्पात्मिका अंतःकरणवृत्ति** તથા **संशयात्मिका अंतःकरणवृत्ति**ને 'મન' કહે છે. તે જ અંતઃકરણ જ્યારે નિર્ણય લેવાનું કાર્ય કરે છે ત્યારે તેને બુદ્ધિ કહેવામાં આવે છે. અર્થાત્ બુદ્ધિ એટલે નિશ્ચયાત્મિકા અંતઃકરણવૃત્તિ.અંતઃકરણ જ્યારે કોઈ વિષયનું અનુસંધાન કે ચિંતન કરે છે ત્યારે તે 'ચિત્ત' તરીકે ઓળખાય છે. આમ, ચિત્ત અર્થાત્ **अनुसंधानात्मिका अंतःकरण वृत्ति** તથા 'હું કર્તા છું', 'હું ભોક્તા છું' એવા કર્તાભાવ કે ભોક્તાભાવમાં રાચે છે ત્યારે તે અંતઃકરણ 'અહંકાર' તરીકે ઓળખાય છે. જેવી રીતે કોઈ એક બહેન શિક્ષણનું કાર્ય કરતા શિક્ષિકા, ગૃહકાર્ય કરતા ગૃહિણી,પુત્રીના સહવાસમાં માતા તથા ભાઈના સંદર્ભે બહેન અને જો પિતાની સેવામાં રત હોય તો દીકરી તરીકે ઓળખાય છે. તેવી રીતે એક જ અંતઃકરણ ભિન્ન ભિન્ન કાર્યના સંદર્ભે ભિન્ન ભિન્ન નામે ઓળખાય છે. તેથી અત્રે જયાં જયાં મન, બુદ્ધિ, ચિત્ત કે અહંકાર શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે ત્યાં ત્યાં તે શબ્દો દ્વારા અંતઃકરણનો જ નિર્દેશ થયેલો છે.

આ ચિત્ત કે બુદ્ધિને અર્થાત્ અંતઃકરણને પરબ્રહ્મમાં સ્થિત કરવાથી સમાધાન પ્રાપ્ત થાય છે. પરંતુ જગતના પદાર્થોમાં આસક્ત કે પછી સ્નેહીજનો પ્રત્યે પ્રીતિ કે મોહ ધરાવતું અશુદ્ધ અંતઃકરણ પરબ્રહ્મમાં સ્થિત થઈ શકે નહીં. તે માટે સૌ પ્રથમ અંતઃકરણને શુદ્ધ કરવું જરૂરી છે. સ્થૂળ પદાર્થોમાં અટવાયેલી બુદ્ધિને સૂક્ષ્મ કરવી આવશ્યક છે. અપેક્ષા કે આકાંક્ષાયુક્ત તથા વાસનાસંયુક્ત અશુદ્ધ મન પરબ્રહ્મને પામી શકે તેમ નથી. શ્રુતિ પણ જણાવે છે કે,

**"यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।"** (તૈત્તિરીયોપનિષદ-૨)

"(અશુદ્ધ) મન સહિત વાણી (અર્થાત્ સર્વ ઇન્દ્રિયો) ત્યાંથી (તે પરબ્રહ્મને) પ્રાપ્ત કર્યા વિના પાછી ફરે છે." પરબ્રહ્મ પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવનો વિષય નથી તેથી મન કે ઇન્દ્રિયો દ્વારા તે દર્શનીય નથી. આમ હોવાથી જડ વિષયોની વાસના ધરાવતું અશુદ્ધ મન કે જડ પદાર્થોના વિચારમાં મગ્ન રહેલી સ્થૂળબુદ્ધિ દ્વારા આ પરમતત્ત્વ પામી શકાય તેમ નથી. તેથી જ પરબ્રહ્મના સાક્ષાત્કાર સંદર્ભે શ્રુતિ જણાવે છે કે,

**"एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते**
**दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः।। "**

(કઠોપનિષદ-૧-૩-૧૨)

" સર્વ ભૂતોમાં રહેલો આ ગૂઢ પરમાત્મા(સર્વને સ્પષ્ટપણે) જણાતો નથી. પરંતુ સૂક્ષ્મદર્શીઓ વડે સૂક્ષ્મ, એકાગ્ર અને તીક્ષ્ણ બુદ્ધિ વડે જાણી શકાય છે."અત્રે તાત્પર્ય એ જ છે કે સૂક્ષ્મબુદ્ધિ જ પરબ્રહ્મના ચિંતનમાં સ્થિત થઈ શકે છે. આમ હોવાથી બુદ્ધિની સ્થિરતાને પ્રાપ્ત કરવા સૌ પ્રથમ તેને શુદ્ધ અને સૂક્ષ્મ કરવી આવશ્યક છે. ચિત્ત એ ઘડા જેવું છે. તેની અંદર વાસનાઓ સંગ્રહિત થવાથી જ તે અશુદ્ધ બને છે. પરંતુ જો વિવેકવિચારપૂર્વક વૈરાગ્યને સહારે 'શમ' કે 'દમ' વડે તેમાં રહેલી સર્વ વાસનાઓને છોડી દેવામાં આવે તો તે શુદ્ધ બ્રહ્મમાં સ્થિત થઈ શકે છે. આવી સ્થિતિને પ્રાપ્ત વ્યક્તિને જ ભગવાને સ્થિતપ્રજ્ઞ કહ્યો છે.

**"प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।**
**आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ।।"**

(ભ.ગીતા-અ-૨-૫૫)

" જ્યારે (પુરુષ) મનમાં રહેલી બધી વાસનાઓને ત્યજી દે છે અને પોતાના આત્મા વડે આત્મામાં જ સંતુષ્ટ થાય છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે."બુદ્ધિને સ્થિર કરવા માટે સૌ પ્રથમ ચિત્તને વાસનામુક્ત કરવું પડે. આમ, વાસનામુક્ત થયેલું ચિત્ત વિક્ષેપવિહોણું બને. વિક્ષેપો જેમ જેમ ઓછાં થતાં જાય તેમ તેમ શંકા અને સંદેહો ચિત્તમાંથી નિર્મૂળ થતાં જાય.

આવું સંદેહનિર્મુક્ત અને શ્રદ્ધાસંયુક્ત ચિત્ત જ પરબ્રહ્મમાં સ્થિર થઈ શકે તેમ છે. સંશય અને વિક્ષેપરહિત બુદ્ધિ જ એક નિશ્ચયયુક્ત બને છે. અર્થાત્ બુદ્ધિ મુમુક્ષા સિવાયની અન્ય એષણાઓથી મુક્ત થાય છે. તેમજ આત્મસાક્ષાત્કારથી અન્ય કે નિમ્ન કોઈ લક્ષ્ય તેના જીવનમાં રહેતું નથી. આવી એકાગ્ર થયેલી દૃઢ નિર્ણયવાળી શુદ્ધ બુદ્ધિ જ્યારે આત્મચિંતનમાં અનુરક્ત બને છે ત્યારે તેને સમાધાન કહેવામાં આવે છે. પરંતુ આ સમાધાન, સરળતાથી પ્રાપ્ત થાય ક્યારે? એવો જો પ્રશ્ન થાય તો તેના ઉત્તરમાં સમજી લેવું જોઈએ કે વિષયભ્રમણ કરતા મનને સૌ પ્રથમ દમ અને શમ દ્વારા અંતર્મુખ કરવું જોઈએ.

આ અંતર્મુખ થયેલા મનને વિવેકવિચાર દ્વારા તથા વિષયોમાં દોષદૃષ્ટિ કેળવી વિષયોથી પાછું વાળવું જોઈએ. વિષયભોગમાંથી ઉપરામ થયેલા મનને ગુરુ અને શાસ્ત્રના વચનોમાં શ્રદ્ધાયુક્ત બનાવવું જોઈએ. શ્રદ્ધાયુક્ત શ્રવણ દ્વારા મનને સંશયમુક્ત કરવું જોઈએ. આમ, સંશયમુક્ત થયેલું મન વિષયભ્રમણ અટકાવી ચિત્તમાં વિક્ષેપ, અજંપો કે અશાંતિ પેદા કરશે નહીં. જો ચિત્ત અશાંત નહીં હોય, અજંપો કે ચિંતાથી મુક્ત હશે તથા બાહ્ય વિષયોના વિચારથી ઉપરામ થયેલું હશે તો તેવી ઉપરતિને પામેલું ચિત્ત અંતે વાસનાવિહોણું બને છે. વાસનાઓ દૂર થતાં અંતઃકરણ કામના, ઈચ્છા કે ખોટી અપેક્ષાઓથી મુક્ત થાય છે. અપેક્ષા દૂર થતા, વાસના નિર્મૂળ થતા ચિત્તની અશુદ્ધિ દૂર થશે. શુદ્ધ થયેલું ચિત્ત તત્ સ્વરૂપ બ્રહ્મમાં એકરૂપ થઈ જશે. આવું તદ્રૂપ થયેલું ચિત્ત જ ચૈતન્ય બની જશે. ત્યારે જ ભક્ત નરસિંહે કહ્યું છે તેમ,

"ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે."

એવી બ્રહ્માનુભૂતિ થઈ જશે. આમ સમાધાનને પ્રાપ્ત થયેલું ચિત્ત ચૈતન્ય બની જાય છે. તેથી આત્મસાક્ષાત્કારને પંથે 'સમાધાન' પણ અતિ મહત્ત્વનું સાધન બની રહે છે.

(છંદ – અનુષ્ટુપ)

**अहंकारादि देहान्तान् बन्धानज्ञानकल्पितान् ।**
**स्वस्वरूपावबोधेन मोक्तुमिच्छा मुमुक्षुता ॥२८॥**

| | | | |
|---|---|---|---|
| **अहंकारादि देहान्तान्** | = અહંકારથી માંડીને સ્થૂળ દેહ સુધીના | **स्वस्वरूपावबोधेन** | = આત્મસ્વરૂપના જ્ઞાન વડે |
| | | **मोक्तुम्** | = છૂટવાની |
| **अज्ञानकल्पितान्** | = અજ્ઞાનથી માની લીધેલા | **इच्छा** | = ઇચ્છાને |
| | | **मुमुक्षुता** | = મુમુક્ષુતા |
| **बन्धान्** | = બંધનોથી | | (કહેવાય છે.) |

## મુમુક્ષુતા

અજ્ઞાનને કારણે કલ્પાયેલા બંધનોથી આત્મસ્વરૂપના સાચા જ્ઞાન દ્વારા છૂટવાની ઇચ્છાને 'મુમુક્ષુતા' કહેવામાં આવે છે. અત્રે બંધન વિશેની સ્પષ્ટતા કરતાં જગદ્ગુરુ શંકરાચાર્યજી જણાવે છે કે, બંધનનો અભાવ અજ્ઞાનને કારણે જન્મે છે તથા આવું અજ્ઞાનજન્ય બંધન માત્ર મનોકલ્પિત જ છે. વાસ્તવમાં તો બંધન નામની કોઈ વસ્તુ અસ્તિત્વમાં નથી. આમ બંધન અજ્ઞાનજન્ય હોવાથી તથા મનોકલ્પિત ભ્રાંતિ જ હોવાથી સ્વસ્વરૂપના જ્ઞાન સિવાય તેમાંથી છૂટવાનો અન્ય કોઈ ઉપાય હોઈ શકે નહીં. સાક્ષાત્કાર કે મોક્ષમાર્ગે પ્રયાણ કરનારા તમામ મુમુક્ષુઓએ આ વાત સ્પષ્ટપણે જાણી બંધનથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે જ્ઞાનપ્રાપ્તિનો જ ઉપાય કે પછી સ્વસ્વરૂપના અજ્ઞાનને દૂર કરવાનો જ ઉપાય વિચારવો જોઈએ.

બંધનના ઉપાય વિશે વિચારતા પૂર્વે સૌ પ્રથમ આપણે એ જાણી લેવું જોઈએ કે બંધનનો અનુભવ કરે છે કોણ? જડ શરીર કદાપિ બંધનનો અનુભવ કરી શકે નહીં. તથા મૃત્યુ સમયે પણ જડ શરીર તો યથાવત પડી રહે છે. તેથી તેના માટે બંધનનો પ્રશ્ન ઊભો થઈ શકે નહીં. જો જડ શરીર બંધનનો અનુભવ કરતું હોય તો પથ્થર જેવા પદાર્થોને પણ બંધનનો અનુભવ

થવો જોઈએ પરંતુ તેવું બનતું નથી.

તદુપરાંત આત્મા નિત્ય મુક્ત છે તેથી આત્માને પણ બંધન હોઈ શકે નહીં. છતાં પણ આપણો રોજબરોજનો બંધનનો અનુભવ છે તેથી સ્પષ્ટ થાય છે કે તે મન દ્વારા કલ્પિત છે. પોતાના આત્મસ્વરૂપના અજ્ઞાનને કારણે બંધનનો ભાવ મનમાં પેદા થાય છે. તેથી બંધનનું મૂળ અજ્ઞાન છે. તેથી જો અજ્ઞાનનો નાશ કરવામાં આવે તો તેના કાર્યનો અર્થાત્ તજજન્ય બંધનની કલ્પનાનો પણ નાશ થઈ શકે તેમ છે. જેવી રીતે અંધકારનો નાશ કરવા માટે તેનો અત્યંત વિરોધી એવો પ્રકાશ જ જરૂરી છે. પ્રકાશ સિવાય અન્ય કોઈ ઉપાય વડે અંધકારને દૂર કરી શકાય તેમ નથી. તે જ પ્રમાણે અજ્ઞાનનો નાશ કરવા માટે પણ તેનું પૂર્ણ વિરોધી એવું જ્ઞાન જ પ્રાપ્ત કરવું પડે. જ્ઞાનપ્રાપ્તિ સિવાય અન્ય કોઈ ઉપાય વડે અજ્ઞાન દૂર થઈ શકે નહીં. સિદ્ધાંત પણ એવું જ સમજાવે છે કે બે પૂર્ણ વિરોધી એક સાથે એક સ્થળે ટકી શકે નહીં; પ્રકાશ આવતા અંધકાર ટકી શકતો નથી તેમ જ્ઞાન પ્રાપ્ત થતાં અજ્ઞાન અનાયાસે જ દૂર થઈ જાય છે. તેથી જ અત્રે જણાવાયું છે કે અજ્ઞાનજન્ય કલ્પિત બંધનમાંથી આત્મસ્વરૂપના જ્ઞાન વડે મુક્ત થવાની ઇચ્છાને જ 'મુમુક્ષા' કહેવાય છે. **'अज्ञानकल्पितान् बन्धान् (बन्धनात्) स्वस्वरूपावबोधेन मोक्तुम् इच्छा मुमुक्षुता ।'**

હવે અજ્ઞાનને કારણે બંધન કેવી રીતે જન્મે છે તે સમજવાનો પ્રયત્ન કરીએ. મને મારા સત-ચિત-આનંદસ્વરૂપ નિરાકાર તત્ત્વનું જ્ઞાન નથી તેથી જ મેં દૃશ્ય, સાકાર અને જડ શરીરને પોતાનું સ્વરૂપ માની લીધું. હું સ્વરૂપે અદૃશ્ય, અવિકારી, અજન્મા, અવિનાશી આત્મા હોવા છતાં સ્વરૂપના અજ્ઞાનને લીધે મેં મને દૃશ્ય, વિકારી, નામી તથા જન્મેલું અને વિનાશશીલ શરીર માની લીધું. આમ, અજ્ઞાનને કારણે મને સૌ પ્રથમ 'હું શરીર છું' એવું ખોટું દેહ-તાદાત્મ્ય થઈ ગયું. અનેક જન્મોના અભ્યાસથી આ દેહ-તાદાત્મ્ય એટલું સઘન થઈ ગયું કે હવે તો શરીર જ 'હું' છું એવી મારી માન્યતામાંથી હું મુક્ત થઈ શકું તેમ નથી. શરીરને જ હું માનવાની દૃઢ માન્યતાને કારણે

શરીરની તમામ મર્યાદાઓને મેં મારી સીમા માની લીધી. શરીરના તમામ બંધનોને મેં મારા માન્યા. શરીરના વિકારોને પોતાના વિકારો જાણી શરીર સુખે સુખી અને શરીર દુ:ખે 'હું' દુ:ખ અનુભવવા લાગ્યો. શરીરના રોગથી હું રોગી બન્યો; શરીરના જન્મને મેં મારો જન્મ માન્યો અને તેથી જ શરીરના અંતને 'હું' મારું મૃત્યુ માનવા લાગ્યો. આમ, શરીરને વળગેલું કાળનું બંધન મેં મારું અનુભવ્યું. શરીર એક સાથે એક જ સ્થળે હોઈ શકે અન્ય સ્થળે નહીં. તેના આવા દેશના બંધનને અર્થાત્ સ્થળની મર્યાદાને મારી માની મેં ભ્રમણની ઇચ્છા ઊભી કરી, અન્ય સ્થળે વિહાર કરવાનું વિચાર્યું. એટલું જ નહીં; શરીરને જ 'હું' માનવાથી તેની યુવાનીને ટકાવી રાખવા મેં પ્રયત્ન કર્યા. પરંતુ તેમાં નિષ્ફળતા મળતાં 'હું' સ્વયંને અલ્પશક્તિમાન જાણી હતાશાથી ઘેરાઈ ગયો. યુવાનીને ટકાવી રાખવી છે છતાં તે ચાલી જાય છે અને વૃદ્ધાવસ્થા ઇચ્છનીય નથી છતાં તે પ્રાપ્ત થઈ જાય છે. તદુપરાંત જેવું ઇચ્છું તેવું શરીર મને મળતું નથી; તેવી મારી ઇચ્છા ન સંતોષાતા 'હું' દુ:ખ અને બંધન અનુભવું છું. શરીરને 'હું' માનવાથી તેના નિર્વાહ માટેની, રક્ષણ અને પોષણ માટેની જવાબદારીઓ મને ઘેરી વળે છે. તે માટે આવશ્યક સંપત્તિને પ્રાપ્ત કરવી મારે માટે અનિવાર્ય થઈ પડે છે. આમ ધનપ્રાપ્તિનું પણ બંધન તેમાંથી જ જન્મે છે. અંતે નિષ્કર્ષ રૂપે સમજવાનું એ જ છે કે સ્વસ્વરૂપના અજ્ઞાનથી જ દેહ-તાદાત્મ્ય થાય છે અને દેહ-તાદાત્મ્યને કારણે જ વિવિધ પ્રકારના અનેક બંધનો સર્જાય છે. વાસ્તવમાં તો શરીર સાથેનું તાદાત્મ્ય જ માત્ર નહીં પરંતુ સ્વયં શરીર પણ અજ્ઞાનથી જ જન્મે છે.

આપણને ત્રણ શરીરો પ્રાપ્ત થયા છે.

૧. **સ્થૂળશરીર** – જે માતાના ગર્ભમાંથી જન્મે છે. વૃદ્ધિ, વિકાસ અને વિકારને પ્રાપ્ત થાય છે અંતે મૃત્યુ પામે છે, જેને સ્નેહીઓ અગ્નિદાહ આપે છે.

૨. **સૂક્ષ્મશરીર** – મૃત્યુ પશ્ચાત્ જે શરીર પોતાના કર્મો પ્રમાણે અન્ય શરીરની પ્રાપ્તિ અર્થે સ્થૂળ દેહ છોડી ઉત્ક્રમણ કરે છે તેને સૂક્ષ્મશરીર કહે છે.

૩. **કારણશરીર –** આ કારણશરીર જ પૂર્વોક્ત સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને શરીરોની પ્રાપ્તિનું કારણ છે. આ કારણશરીરનો જ પર્યાય શબ્દ અજ્ઞાન છે કારણ કે અજ્ઞાન જ સ્થૂળ અને સૂક્ષ્મશરીરના જન્મનું કારણ હોવાથી કારણશરીર તરીકે ઓળખાય છે.

સ્થૂળશરીરનો પ્રતીત થતો જન્મ હકીકતમાં તો આત્મા ઉપર થયેલું આરોપણ માત્ર છે. તે ખરેખર સાચો જન્મ નથી. જેમ માટીના અજ્ઞાનથી માટી ઉપર ઘડો, ઈંટ, નળીયા વગેરે નામ અને આકારનું આરોપણ માત્ર થાય છે, તથા જેવી રીતે સોના ઉપર બંગડી, વીંટી, બુટ્ટી વગેરે પ્રકારના ઘરેણાંનું આરોપણ થાય છે તે જ પ્રમાણે સ્થૂળશરીરનો જન્મ પણ આત્મા ઉપર થયેલું આરોપણ માત્ર છે. અન્ય દૃષ્ટાંત જોતાં સ્પષ્ટ થશે કે દેહનો જન્મ તે વાસ્તવિક નહીં પરંતુ કલ્પિત છે. ચલચિત્રના પડદા પર અનેક અભિનય કરતા પાત્રોનું અને પદાર્થોનું આરોપણ થાય છે. ચલચિત્રમાં જેવી રીતે વ્યક્તિનો જન્મ, તેનું બાળપણ, યુવાની, વૃદ્ધાવસ્થા વગેરે દેખાય છે, તેમ છતાં તે બધું જ પડદા ઉપર માત્ર આરોપરૂપે છે. તેવી જ રીતે આત્મારૂપી પડદા ઉપર છગન, મગન વગેરે વિવિધ પાત્રોનું અજ્ઞાનને કારણે માત્ર આરોપણ થાય છે. સૌ પ્રથમ અજ્ઞાનથી આરોપણ થયું અને ત્યારબાદ આરોપને સાચું માની સ્થૂળદેહને 'હું' તરીકે સ્વીકારી શરીરને જ 'હું' સત્યતા આપવા લાગ્યો. આમ, શરીર સાથેના તાદાત્મ્યનો જન્મ થતાં જ જીવનમાં બંધનોની હારમાળા સર્જાય છે. શરીરને 'હું' માનવાથી સૌથી પ્રથમ અને મહાન ભય મારાં મનમાં મૃત્યુનો ઊભો થયો. શરીરના મૃત્યુથી મારો નાશ થશે, એવું સ્વીકારી આ મહાન ભયમાંથી મુક્ત થવા જીવનમાં હું અનેકવિધ ઉપાયો આચરતો રહ્યો. છતાં મને મૃત્યુમાંથી બચવાનો કોઈ ઉપાય આજ સુધી હસ્તગત થયો નહીં.

સૌ પ્રથમ શરીર સાથે તાદાત્મ્ય થયા બાદ શરીર દ્વારા થતાં કર્મોનો 'હું' કર્તા બન્યો અર્થાત્ શરીર દ્વારા જે જે કર્મો થયા તે તે કર્મો 'હું' કરું છું તેવા કર્તાપણાના અભિમાનથી 'હું' કર્મનો કર્તા બન્યો. તે જ પ્રમાણે કર્મના પરિણામે ઉત્પન્ન થતાં ફળને સ્વીકારી કર્મફળનો ભોક્તા પણ હું જ

બન્યો. આમ, શરીરના અભિમાનને લીધે હું કર્તા અને ભોક્તા બન્યો. આ કર્તા અને ભોક્તાભાવ એટલે જ અહંકાર. આમ, શરીરને 'હું' માનવાથી અનાયાસે જ અહંકારનો પણ જન્મ થયો. હવે તો 'જે કર્મ કરે તે ફળ ભોગવે' તે ન્યાયે કર્મના કર્તા એવા મને કર્મનું ઇચ્છનીય કે અનિચ્છનીય ફળ પ્રાપ્ત થયું. કર્મનું ફળ તો અવશ્ય મળ્યું, પરંતુ તે ક્યારે અને તે કેવું મળશે તેનાથી અજાણ હું ફળ વિશે ચિંતિત થયો અને અનિચ્છનીય ફળ પ્રાપ્ત થતાં હું દુઃખી થયો. ઇચ્છનીય ફળ પ્રાપ્ત થતાં તેવા ફળને પુનઃ પ્રાપ્ત કરવા હું વધુ કર્મ કરવા પ્રેરાયો. જીવનભર કરેલા જે જે કર્મના ફળ આ જન્મે ન મળ્યા તેને ભોગવવા મેં જ પુનર્જન્મને નિમંત્રણ આપ્યું, કારણ કે કર્મનું ફળ ભોગવ્યા વિના નાશ પામતું નથી. તાત્પર્યમાં શરીર સાથેના તાદાત્મ્યથી 'હું' કર્તા-ભોક્તા થયો. કર્તા-ભોક્તા થવાથી કર્મફળના બંધનને પ્રાપ્ત થયો અને તે કર્મફળનું બંધન જ મને જન્મ-મૃત્યુના ચક્રમાં સદીઓથી ધકેલતું રહ્યું છે.

જે ક્ષણે અજ્ઞાનથી શરીર સાથે હું તાદાત્મ્ય કરું છું, તે જ ક્ષણે શરીરગત ઇન્દ્રિયોની સાથે પણ સરળતાથી તાદાત્મ્ય સાધી ઇન્દ્રિયોને 'હું' માનવાની ભૂલ કરી બેસું છું. અજ્ઞાનથી સ્વયંને ઇન્દ્રિયો માની લેતાં ભોગના બંધનમાં હું બંધાઈ જાઉં છું. ઇન્દ્રિયોના ભોગ મારાં માની અનેક પ્રકારના ભોગ ભોગવવાની ઇચ્છા કરું છું. પ્રત્યેક ભોગ ઉપલબ્ધ ન થતાં તે વિશેનો અસંતોષ મનમાં પેદા થાય છે. બધાં જ વિષયો ઉપલબ્ધ ન થતાં હું સ્વયંને અપૂર્ણ અનુભવું છું. આમ, અપૂર્ણતાનું બંધન મને પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં, ભોગ ભોગવીને ક્ષીણ થતી ઇન્દ્રિયો જ્યારે કાર્યશીલ રહેતી નથી અર્થાત્ આંખ દ્વારા જોવાનું બંધ થાય કે કાન બરાબર શ્રવણ ન કરી શકે એમ હોય, ત્યારે તે ઇન્દ્રિયોના વિકારોને કે તેની મર્યાદાને પોતાની મર્યાદા માની 'હું' સ્વયંને બહેરો કે આંધળો માનવા લાગ્યો. આમ થતાં વળી પાછી અપૂર્ણતા અને અતૃપ્તિની ભાવના મનમાં સ્થિત થઈ ગઈ. આ અસંતોષ, અતૃપ્તિ કે અપૂર્ણતાનો ભાવ જ માનવજીવનમાં બંધન જન્માવે છે.

શરીર સાથે થયેલા તાદાત્મ્યથી જ શરીરમાં રહીને વિવિધ

અનુભવોને પ્રાપ્ત કરી સુખી-દુ:ખી થનારા મન સાથે પણ તાદાત્મ્ય થઈ જાય છે. મન સાથે તાદાત્મ્ય થતાં જ મનોગત વાસનાનું બંધન ઊભું થાય છે. મનનો સ્વભાવ છે સુખ અને દુ:ખનો અનુભવ કરવો. તેથી મન સાથેના તાદાત્મ્યથી 'હું' સુખી કે દુ:ખી બનું છું. જો હું મન સાથેનું તાદાત્મ્ય તોડી શકું તો હું સુખ કે દુ:ખના અનુભવોથી મુક્ત થઈ શકું. નિશદિન સુખી અને દુ:ખી થનારા આપણા મનમાં સ્વાભાવિક પ્રશ્ન જાગે કે શું હું સુખ અને દુ:ખના અનુભવોથી મુક્ત છું? અર્થાત્ સુખી અને દુ:ખી થનારા મનથી હું ભિન્ન છું? આ શંકાના ઉચ્છેદન માટે દૃષ્ટાંતને સહારે સમજવાનો આપણે પ્રયત્ન કરીએ. ધારો કે આપણા કોઈ પરદેશ રહેતાં સંબંધીને ખોટો- ખોટો તાર મોકલીએ કે તમારો દીકરો જે અહીં કોલેજમાં અભ્યાસ કરતો હતો તે અકસ્માત નડવાથી આ દુનિયા છોડી ગયો છે તેથી આપ જલ્દી સ્વદેશ આવો. આવો તાર પ્રાપ્ત થતાં જ આપણાં સંબંધી ઉપર શું વીતે તે આપણે કલ્પી શકીએ તેમ છીએ. તરત જ તેમનો ટેલિફોન આવશે કે તેઓ જે કોઈ ફ્લાઈટ સૌ પ્રથમ મળે તેમાં બેસી સ્વદેશ પાછા ફરે છે. આપણે જાણીએ છીએ કે તાર ખોટો છે. હકીકત તો તેનાથી ભિન્ન જ છે. તેથી સંબંધીને થયેલું દુ:ખ તે માત્ર માહિતીથી પ્રાપ્ત થયેલી કલ્પનામાંથી જ જન્મ્યું છે. તેઓએ પુત્રનો અકસ્માત કે તેનો દેહ આંખે જોયો નથી. છતાં તેઓ ઉપર જાણે કે દુ:ખના પહાડ તૂટી પડ્યાં હોય તેમ તેઓ હતાશ તથા ખૂબ જ ગંભીર અને દુ:ખી થઈ ગયા હોય છે. હવે આપણે જો બીજી વ્યવસ્થા કરીએ અને અન્ય સ્નેહીને તાર કરી જણાવીએ કે તેઓ એરપોર્ટ જઈ સ્વદેશ પાછા ફરી રહેલા આપણા સ્નેહીને સત્ય વાતની જાણ કરે અને જણાવે કે પુત્ર હેમખેમ તથા ખુશી મજામાં છે. ચિંતાનું કોઈ કારણ નથી. પૂર્વે મળેલો તાર ખોટો હતો. તો હવે આવા સુખદ સમાચાર પ્રાપ્ત થતાં સ્વદેશ પાછા ફરી રહેલાં સ્નેહી તેમની ટિકિટ કેન્સલ કરાવી ઘરે પાછા જાય છે. સારા સમાચાર લાવનાર સ્નેહીને પોતાને ઘેર આમંત્રિત કરી પુત્રની સુખાકારીના માનમાં મીઠાઈ ખવડાવે છે અને એમ વિચારે છે કે હાશ! મારો પુત્ર મોતના મુખમાંથી ઉગરી ગયો. હવે મને કોઈ ચિંતા નથી. તો તેમના તેવા વિચારમાં કેટલું તથ્ય રહેલું છે? આપણે

જાણીએ છીએ તેમ પુત્ર મૃત્યુના મુખમાં પ્રવેશ્યો જ નહોતો, તો પછી તેમાંથી ઉગરવાની વાત સત્ય કેવી રીતે હોઈ શકે? તેમ છતાં તેમના મનમાં હવે સુખનો ભાવ જન્મ્યો છે. આમ, માત્ર દુઃખદ સમાચાર પ્રાપ્ત થતાં મન દુઃખનો અનુભવ કરી દુઃખી થાય છે અને સુખના સમાચાર પ્રાપ્ત થતાં મન સુખી થાય છે. અર્થાત્ વિચારમાત્રથી મન દુઃખી કે સુખી થાય છે. આમ, કલ્પિત સુખ અને દુઃખનો અનુભવ મનમાં થતો હોવાથી મન પણ કલ્પનાથી ભિન્ન નથી. પરંતુ આ સુખી અને દુઃખી થનારા મનને જાણનાર હું તો વાસ્તવમાં મનથી મુક્ત તેનો દ્રષ્ટા કે સાક્ષી આત્મા છું. તેમ છતાં અજ્ઞાનને કારણે મનને મેં મારું સ્વરૂપ માન્યું અને સુખ અને દુઃખનું બંધન અનુભવ્યું.

તાત્પર્યમાં તમામ બંધનો અજ્ઞાન દ્વારા કલ્પિત છે. અજ્ઞાનથી દેહ સાથે તાદાત્મ્ય કરી મેં દેશ અને કાળનું તથા જન્મ–મૃત્યુ, જરા–વ્યાધિનું બંધન અનુભવ્યું. દેહના તાદાત્મ્યથી ઉત્પન્ન થયેલા અહંકારને લીધે મેં સ્વયં મને કર્તા–ભોક્તા જીવ માન્યો અને કર્મના ફળને જન્માવી પુનર્જન્મનું બંધન ઊભું કર્યું. પુનર્જન્મના વિચારોએ મારા મનમાં સદ્ગતિ અને અવગતિનો ભય જન્માવ્યો. આમ, દુઃખ અને ભયને નિમંત્રી મેં શરીરમાં રહેલી ઇન્દ્રિયો સાથે તાદાત્મ્ય કર્યું. સ્વયંને ઇન્દ્રિયો માની ઇન્દ્રિયોના વિકારોથી પોતાને વિકારી જાણી અપૂર્ણતાનું બંધન ઊભું કર્યું. તદુપરાંત મન સાથે તાદાત્મ્ય કરી હું સુખી અને દુઃખી થયો અને મનોગત વાસનાઓનો શિકાર બની વાસનાઓનું બંધન જન્માવ્યું. વાસના પ્રમાણે ઇચ્છિત પદાર્થો મળતાં સુખ અનુભવ્યું, વાસનાતૃપ્તિથી સંતોષ અનુભવી હું સુખી થયો. તેમજ વાસના પ્રમાણે અપેક્ષિત પદાર્થ પ્રાપ્ત ન થતાં કે પછી અપેક્ષાથી ઓછું પ્રાપ્ત થતાં અસંતોષ અનુભવી અતૃપ્ત વાસનાથી ઘેરાયેલો હું અજંપો અને અશાંતિને ભેટયો. આમ, સુખ અને દુઃખના ઝંઝાવાતમાં ફસાયો. કર્મનો કર્તા બની નિશ્ચિત ફળની અપેક્ષા જન્માવી મેં ભવિષ્યને મારી કલ્પનામાં કેદ કર્યું. પરંતુ ઇચ્છિત ફળની પ્રાપ્તિ માટે મનુષ્ય પરતંત્ર હોવાથી ઇચ્છિત ફળનાં સ્વપ્નો સાકાર ન થતાં કર્મફળનાં બંધનમાં મેં જીવન વીતાવ્યું. એટલું જ નહીં, અધૂરાં ફળને ભોગવવા

તથા અધૂરી ઇચ્છાઓને તૃપ્ત કરવા નૂતન કર્મો કરવાના સંકલ્પો ચિત્તમાં ભંડારી વાસનાતૃપ્તિ અર્થે પુનર્જન્મને આરક્ષિત કરી જન્મ અને મૃત્યુના ચક્રરૂપી બંધનને મેં સ્વીકાર્યું. આમ, શરીર સાથેના તાદાત્મ્યથી ઊભી કરેલી કેદમાં સપડાઈ હવે તેમાંથી મુક્તિનો ઉપાય જે કોઈ વિચારે છે અર્થાત્ આવી બંધનની કારમી ભીંસમાંથી મુક્ત થવા જે થનગને છે, અજ્ઞાનકલ્પિત તમામ બંધનમાંથી સદાને માટે મુક્ત થવાનો પ્રયાસ જે આદરે છે, તેવા મુક્તિ માટેના પ્રયત્નને કે પછી મોક્ષ માટેની તીવ્ર ઇચ્છાને જ મુમુક્ષા કહેવાય છે. ખાવાની ઇચ્છાને બુભુક્ષા તથા પીવાની ઇચ્છાને પિપાસા કે પછી જાણવાની ઇચ્છાને જીજ્ઞાસા કહેવામાં આવે છે તેમ મોક્ષની ઇચ્છાને જ 'મુમુક્ષા' કહેવાય છે. દૃઢ વૈરાગ્ય વિના અતિ પ્રબળ મુમુક્ષા પ્રાપ્ત થતી નથી. બળતાં ઘરમાંથી બહાર નીકળવા જેવી તત્પરતા હોય તેવી જ તત્પરતા સાચા મુમુક્ષુને આ સંસારરૂપી દાવાનળમાંથી બહાર નીકળવા માટે હોય છે.

આમ, વિવેક-વૈરાગ્યયુક્ત તથા તીવ્ર મુમુક્ષાસંયુક્ત વ્યક્તિએ શ્રદ્ધાપૂર્વક ગુરુનું શરણ ગ્રહણ કરી, શાસ્ત્રના સારને જાણી, ભવચક્રના બંધનમાંથી મુક્તિનો ઉપાય વિચારવો જોઈએ. જેના જીવનમાં આવી પ્રજ્વલિત મુમુક્ષા હશે તેને જીવનમાં વિવેક, વૈરાગ્ય કે ષટ્સંપત્તિ સરળતાથી પ્રાપ્ત થઈ જશે. તેમજ મુક્તિની ઝંખના જ તેના માટે મોક્ષના દ્વાર ખોલી આપશે. તેથી સાધનચતુષ્ટયના અંતિમ અને મહત્ત્વના સાધનને હસ્તગત કરવું તથા લક્ષ્યની પ્રાપ્તિ પર્યંત મોક્ષની તીવ્રતા ટકાવી રાખવી તે જ ઉત્તમ જીજ્ઞાસુનું મૂળભૂત કર્તવ્ય છે.

(છંદ-અનુષ્ટુપ)

**मन्दमध्यमरूपापि वैराग्येण शमादिना ।**
**प्रसादेन गुरोः सेयं प्रवृद्धा सूयते फलम् ॥२६॥**

| | | | |
|---|---|---|---|
| **वैराग्येण** | = વૈરાગ્યથી | **गुरोः** | =સદ્ગુરુની |
| **शमादिना** | = શમ, દમ વગેરે ષટ્સંપત્તિથી (અને) | **प्रसादेन** | = કૃપા વડે |
| | | **इयम्** | = આ (મુમુક્ષુતા) |

| | | | |
|---|---|---|---|
| **मन्दमध्यमरूपा** | = મંદ અથવા મધ્યમ પ્રકારની | **प्रवृद्धा** | = પ્રબળ બને છે. (અને) |
| | | **फलम्** | = (બ્રહ્મજ્ઞાનરૂપી) ફળ |
| **अपि सा** | = હોવા છતાં તે | **सूयते** | = આપે છે. |

બંધનથી છૂટવાની કે મોક્ષપ્રાપ્તિની ઇચ્છા કેટલીકવાર સાધકોમાં અન્ય ઇચ્છાઓથી મિશ્રિત હોવાથી અર્થાત્ મંદવૈરાગ્યયુક્ત હોવાથી મંદ પ્રકારની જોવા મળે છે. આમ, વિષયવાસનાયુક્ત ચિત્તમાં જન્મેલી મુમુક્ષા અન્ય અનેક પ્રકારની ઇચ્છાઓની જેમ જ રહેલી હોય છે. તેથી સાધકની પ્રવૃત્તિ અન્ય વિષયપ્રાપ્તિની સાથે સાથે મોક્ષને પ્રાપ્ત કરવાની રહે છે. અર્થાત્ તેવા સાધક માત્ર મોક્ષાર્થે જ નહીં; એટલે કે માત્ર પરમ પુરુષાર્થ, શ્રેયને માર્ગે જ પ્રવૃત્ત ન રહેતાં તેમનું મન અન્ય વિષયોની પ્રાપ્તિ અર્થે અર્થાત્ ધર્મ, અર્થ અને કામ જેવા પ્રેયપ્રાપ્તિ અર્થે પણ પ્રવૃત્તિશીલ બને છે. આમ હોવાથી અનેક સ્થળે વિચરનારા મનમાં મંદ પ્રકારની મુમુક્ષા રહેલી હોય છે. તો કેટલીકવાર જીવનનો અડધો સમય વિષયપ્રાપ્તિમાં તથા અડધો સમય મોક્ષાર્થે વ્યતીત થતો હોય છે. તેવા પ્રકારની મુમુક્ષાને મધ્યમ પ્રકારની મુમુક્ષા કહે છે. આવી મંદ કે મધ્યમ મુમુક્ષા મોક્ષમાર્ગે સફળતા અપાવી શકે નહીં. મુક્તિના માર્ગે તેમનું પ્રયાણ આંશિક હોવાથી દુર્લભ એવા આ મનુષ્યજન્મમાં નિર્વાણરૂપી ધ્યેય હાંસલ કરવો લગભગ અશક્ય બની જાય છે.

જગદ્‌ગુરુ શંકરાચાર્યજી આવા મંદ અને મધ્યમ પ્રકારના મુમુક્ષુ ઉપર કૃપા કરતા તેમની મંદ કે મધ્યમ મુમુક્ષા તીવ્ર અને પ્રબળ મોક્ષેચ્છામાં પરિણમે તથા તેઓ પણ આ જ જન્મમાં મોક્ષને પ્રાપ્ત કરે; જીવનસાફલ્યને પ્રાપ્ત કરી શકે તે હેતુથી ઉપાય દર્શાવે છે. તેઓ જણાવે છે કે, આવી મંદ કે મધ્યમ પ્રકારની મુમુક્ષા ગુરુની અપરંપાર કૃપા, વૈરાગ્ય અને શમ, દમ, ઉપરતિ, શ્રદ્ધા, તિતિક્ષા અને સમાધાન જેવા સદ્‌ગુણોના અભ્યાસ વડે થોડાં સમયમાં જ ઉત્કટ અને પ્રબળ મુમુક્ષામાં ફેરવાઈ જાય છે. મુમુક્ષા મંદ હોય છતાં જો ગુરુકૃપા પ્રાપ્ત થાય તો મોક્ષમાર્ગે અનહદ પ્રેરણા પ્રાપ્ત થાય છે. આ પ્રેરણાબળ જ મંદ મુમુક્ષુને તીવ્ર મુમુક્ષુ તથા મંદ અધિકારીને ઉત્તમ અધિકારી બનાવે છે.

તાત્પર્યાર્થે અત્રે એ જ સમજવાનું છે કે મંદ મુમુક્ષુઓએ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ગુરુની સેવા, સાંનિધ્ય અને સત્સંગ દ્વારા દૃઢ વૈરાગ્ય કેળવવાના તથા શમ-દમ...આદિ ષટ્સંપત્તિનો અભ્યાસ કરી અંતઃકરણને શુદ્ધ બનાવી ચિત્તમાં જન્મેલી મુમુક્ષાને તીવ્ર બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમ થતાં મુમુક્ષુની મોક્ષેચ્છા સાર્થક અને સફળ થાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**वैराग्यं च मुमुक्षुत्वं तीव्रं यस्य तु विद्यते ।**
**तस्मिन्नेवार्थवन्तः स्युः फलवन्तः शमादयः ॥३०॥**

| | | | |
|---|---|---|---|
| **तु** | = પણ | **तस्मिन् एव** | = તેનામાં જ |
| **यस्य** | = જે સાધકના | **शमादयः** | = શમ, દમ વગેરે ષટ્સંપત્તિ |
| **वैराग्यम्** | = વૈરાગ્ય | | |
| **च** | = અને | **अर्थवन्तः** | = સાર્થક (અને) |
| **मुमुक्षुत्वम्** | = મુમુક્ષા | **फलवन्तः** | = (બ્રહ્મજ્ઞાનરૂપી) ફળ આપનારી |
| **तीव्रम्** | = તીવ્ર (સુદૃઢ) | | |
| **विद्यते** | = હોય છે. | **स्युः** | = થાય છે. |

(છંદ-અનુષ્ટુપ)

**एतयोर्मन्दता यत्र विरक्तत्वमुमुक्षयोः ।**
**मरौ सलिलवत् तत्र शमादेर्भासमात्रता ॥३१॥**

| | | | |
|---|---|---|---|
| **यत्र** | = જે પુરુષમાં | **शमादेः** | = શમ, દમ વગેરે |
| **एतयोः** | = આ બંને | **मरौ** | = મરુભૂમિમાં, (રણપ્રદેશમાં) |
| **विरक्तत्वमुमुक्षयोः** | = વૈરાગ્ય અને મુમુક્ષુતાનું | **सलिलवत्** | = જળની જેમ |
| **मन्दता** | = મંદપણું (હોય) | **भासमात्रता** | = દેખાવ માત્રની જ બને છે. |
| **तत्र** | = ત્યાં | | |

જીવન્મુક્તિના પંથે પ્રયાણ કરવા માટે વૈરાગ્ય અને મુમુક્ષાનું હોવું અનિવાર્ય છે. જગતના પદાર્થોમાં ભ્રમણ કરવાં ટેવાયેલ અને આધ્યાત્મ–માર્ગે પા–પા પગલી ભરનારા સાધકોમાં અત્યાર સુધી ચર્ચી ગયેલા ચાર સાધનો સંપૂર્ણપણે સંપન્ન ન થયા હોય તે સ્વાભાવિક છે. આવા મંદ અધિકારીમાં રહેલા વૈરાગ્ય કે મુમુક્ષા અત્યંત મંદ હોવાને પરિણામે આત્મકલ્યાણને માર્ગે તેની પ્રગતિ નહિવત થતી હોય છે; આવા સાધકમાં જો શમ, દમ વગેરે જેવી સંપત્તિ રહેલી હોય અથવા તો તેને પ્રાપ્ત કરવા વ્રત, જપ, તપ આદિ પ્રવૃત્તિ તેણે આચરી હોય તો પણ તેવા મંદ અધિકારીને આત્મકલ્યાણાર્થે બિનઉપયોગી જ પૂરવાર થાય છે. તેવા મંદ વૈરાગ્યવાન અધિકારીની ષટ્સંપત્તિનું મૂલ્ય જણાવતાં શંકરાચાર્યજી અત્રે જણાવે છે કે તેનામાં રહેલી સદ્ગુણસંપત્તિ માત્ર પ્રતીતિરૂપે જ રહેતી હોય છે. જેવી રીતે મરુભૂમિમાં જળનો મિથ્યાભાસ થાય છે કે પછી છીપોલીમાં ચાંદી માત્ર પ્રતીત થાય છે વાસ્તવમાં હોતી નથી. તેવી જ રીતે મંદ અધિકારીમાં રહેલી ષટ્સંપત્તિ પણ ઝાંઝવાના જળ જેવી માત્ર દેખાવ પૂરતી કે પછી કહેવા પૂરતી જ રહેલી હોય છે. આવો સાધક જીવનપર્યંત મોક્ષરૂપી ફળથી વંચિત રહી જાય છે.

જીવનમાં ક્યારેક દુઃખદ પ્રસંગ આવી પડે ત્યારે ઘણાં લોકોને સંસાર અસાર અને શુષ્ક જણાય છે. તેમાં પણ ખાસ કરીને કોઈ યુવાન પુરુષની પત્ની મૃત્યુ પામી હોય કે પછી કોઈ નવપરણિત સ્ત્રીનો પતિ અકસ્માતથી મૃત્યુ પામ્યો હોય, ત્યારે તેવી વિપત્તિને સમયે જગત નશ્વર ભાસે, તેમજ પદાર્થોમાંથી રાગ ચાલ્યો ગયેલો જણાય. જીવનમાં એકાએક શાન્તિ પ્રસરાતાં જીવન સ્મશાનવત, સૂમસાન તથા ભયાનક જણાય. આવા સંજોગોમાં ઘણાં માણસોને સ્મશાનવૈરાગ્ય જાગે. બધું જ છોડી ક્યાંક એકાંતમાં ચાલ્યા જવાની ઇચ્છા થાય. પરંતુ સંજોગજન્ય આવો વૈરાગ્ય દૂધના ઊભરા જેવો હોય છે. આમ, સંપત્તિ લૂંટાતા કે પ્રિયજનના વિયોગ જેવાં સંજોગોમાં પ્રાપ્ત થતો વૈરાગ્ય સ્મશાનવૈરાગ્ય કહેવાય છે. આવા મંદ વૈરાગ્ય કે મંદ મુમુક્ષા ધરાવનાર વ્યક્તિના જીવનમાં પણ અન્ય શમ–દમાદિ સાધનો માત્ર

દેખાવ પૂરતાં જ હોય છે. અર્થાત્ તેઓમાં રહેલી ષટ્સંપત્તિ મોક્ષરૂપી ફળપ્રાપ્તિ માટે નિરર્થક કે બીનઉપયોગી પુરવાર થાય છે.

જે મનુષ્યોમાં વિવેકવિચારપૂર્વક જાગેલો વૈરાગ્ય હોય, તથા સતત અનુભવાતા બંધનમાંથી છૂટવા માટેનો જેઓનો સંન્નિષ્ઠ પ્રયત્ન હોય તેવા તીવ્ર વૈરાગ્યવાન અને ઉત્કટ મુમુક્ષા સંપન્ન અધિકારી મનુષ્યો, અન્ય સાધનો જેવાં કે વિવેક, શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા વગેરેને સરળતાથી, સહજતાથી હસ્તગત કરી લે છે. જેવી રીતે ટેબલનો એક પાયો જો મજબૂતાઈથી પકડીને ખેંચવામાં આવે તો બાકીના ત્રણ પાયા આપોઆપ ખેંચાઈ આવે છે. તે જ પ્રમાણે વિવેક દ્વારા જન્મેલા પ્રબળ વૈરાગ્યને જો પ્રાપ્ત કરી લેવામાં આવે તો બાકીના ત્રણ સાધનો અનાયાસે ઝડપથી પ્રાપ્ત થઈ જાય છે. તેથી જ અત્રે જણાવાયેલા શ્લોકમાં પણ આચાર્યશ્રીએ સૌપ્રથમ વૈરાગ્ય શબ્દપ્રયોગ કરી વૈરાગ્યને અગ્રતા આપી છે. તેમના અપરોક્ષાનુભૂતિ ગ્રંથમાં પણ તેમણે વૈરાગ્યને સૌ પ્રથમ વર્ણવ્યું છે, તેને પ્રાધાન્ય આપી મહત્ત્વનું પુરવાર કર્યું છે. આવા પ્રબળ વૈરાગ્ય તથા તીવ્ર મુમુક્ષા ધરાવનાર ઉત્તમ અધિકારી પ્રત્યે ગુરુકૃપા સહજ રીતે જ વરસતી હોય છે. તેને પરિણામે નિત્યાનિત્યનો વિવેક પળવારમાં સમજાય છે. તેથી શમ-દમ આદિ ષટ્સંપત્તિ પણ વગર પ્રયત્ને સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થઈ જાય છે. આવા ઉત્તમ અધિકારીના સાધનો જ સાધકને સાધ્યની પ્રાપ્તિ કરાવી સિદ્ધ જાહેર કરે છે. આમ, જીવનનું પરમ લક્ષ્ય તથા પરમ પુરુષાર્થ મોક્ષની પ્રાપ્તિ દ્વારા મુમુક્ષુ કૃતાર્થ થાય છે. તેથી જ અત્રે જણાવાયું છે કે તેવા ઉત્તમ વૈરાગ્યવાન વ્યક્તિમાં રહેલા શમ-દમ આદિ ગુણો સાર્થક થાય છે, સફળ થાય છે. "**तस्मिन् एव शमादयः अर्थवन्तः फलवन्तः (च) स्युः ।**" જ્યાં આવો ઉત્તમ વૈરાગ્ય નથી પરંતુ સ્મશાનવૈરાગ્ય છે ત્યાં શમ-દમ વગેરે અનર્થકારી પુરવાર થાય છે. મૃગજળ ન તો સ્નાનાદિ માટે ઉપયોગી નીવડે કે પછી ન તો તે તૃષાતૃપ્તિનું સાધન બની શકે. તે જ પ્રમાણે સ્મશાનવૈરાગ્યસંપન્ન કે મંદમુમુક્ષાયુક્ત સાધકની ષટ્સંપત્તિ પણ ફળશ્રુતિ વિહોણી મૃગજળ સમાન આભાસ માત્ર જ બની રહે છે. "**तत्र मरौ सलिलवत् शमादेः भासमात्रता ।**"

(છંદ-અનુષ્ટુપ)

**मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।**
**स्वस्वरूपानुसन्धानं भक्तिरित्यभिधीयते ॥३२॥**
**स्वात्मतत्त्वानुसन्धानं भक्तिरित्यपरे जगुः ।**

| | |
|---|---|
| **मोक्षकारणसामग्र्याम्** | = મોક્ષપ્રાપ્તિના સાધનોમાં |
| **भक्तिः एव** | = ભક્તિ જ |
| **गरीयसी** | = સર્વોત્તમ (છે.) |
| **स्वस्वरूपानुसन्धानम्** | = પોતાના સ્વરૂપનું અનુસંધાન |
| **भक्तिः इति** | = ભક્તિ |
| **अभिधीयते** | = કહેવાય છે. |
| **स्वात्मतत्त्वानुसन्धानम्** | = સ્વયંના આત્મતત્ત્વના અનુસંધાનને |
| **अपरे** | = બીજાઓ |
| **भक्तिः जगुः** | = ભક્તિ કહે છે. |

સાધનચતુષ્ટયની વાત સમજાવ્યા બાદ હવે પૂ. આચાર્યશ્રી આપણને મોક્ષના સાધનોમાં ભક્તિનું સ્થાન તથા ભક્તિ એટલે શું તે સમજાવતાં જણાવે છે કે મોક્ષ માટેની સામગ્રીમાં ભક્તિ સૌથી શ્રેષ્ઠ છે. '**भक्तिः एव गरीयसी**' આ ભક્તિ એટલે જ સ્વસ્વરૂપનું અનુસંધાન. સ્વસ્વરૂપનું અનુસંધાન અર્થાત્ ચિત્ત દ્વારા આત્મતત્ત્વનું સતત ચિંતન કરવું. '**स्वस्वरूपानुसन्धानं भक्तिः इति अभिधीयते ।**' તદુપરાંત કેટલાક લોકો આત્મતત્ત્વના તાત્ત્વિક સ્વરૂપને પણ ભક્તિ કહે છે. '**स्वात्मतत्त्वानुसन्धानं भक्तिः इति अपरे जगुः ।**'

આત્મતત્ત્વનો વિચાર કરવો અર્થાત્ આત્માના સ્વરૂપનો વિચાર, ચિંતન, મનન કે મનોમંથન કરવું. આત્મા શું છે? તે ક્યાં છે ? કેવો છે? વગેરે પ્રશ્નો ઉપર વિચાર કરી તેને ઓળખવાનો પ્રયત્ન કરવો તેને 'આત્મતત્ત્વવિચાર' કહેવામાં આવે છે. આત્મતત્ત્વ વિશે વિચારણા

કરી તેની પ્રાપ્તિ માટે ચિત્તને આત્માના વિચારોમાં જ પરોવવાની ક્રિયાને સ્વસ્વરૂપાનુસંધાન કહે છે. આવા અનુસંધાનને જ શંકરાચાર્યજીએ ભક્તિ તરીકે ઓળખાવ્યું છે. ભગવદ્ગીતામાં પણ આ પ્રકારની ભક્તિને અનન્ય ભક્તિ અથવા અવ્યભિચારિણીભક્તિ કહેલી છે. વ્યભિચાર અર્થાત્ એકને છોડી અન્યમાં રસ દાખવવો. પોતાના પતિને છોડી અન્ય પુરુષ પ્રત્યે આસક્તિ ધરાવતી સ્ત્રીને પણ વ્યભિચારી સ્ત્રી તરીકે ઓળખવામાં આવે છે. અત્રે વ્યભિચાર એટલે પોતાનો પરમ સ્વામી કે પતિ એવા પરમેશ્વર સિવાય અન્ય વિષયોમાં આસક્તિ કે પ્રીતિ ધરાવવી અર્થાત્ આત્મરતિ છોડી અનાત્મામાં આસક્ત થવું તેને જ વ્યભિચારી કહેવાય છે. પરંતુ જે માત્ર આત્મતત્ત્વના વિચારમાં સંલગ્ન છે. પરમાત્માની પ્રીતિયુક્ત પરમાત્માના જ વિચારોમાં અનુરક્ત છે તેવા એક જ પરમતત્ત્વમાં રમમાણ ચિત્ત દ્વારા થઈ રહેલી ભક્તિને અવ્યભિચારિણીભક્તિ કહે છે. તેને જ અનન્યભક્તિ પણ કહેવાય છે. અન્ય અર્થાત્ બીજું. જ્યાં અન્ય નથી એટલે કે જેના મનમાં કે ચિત્તમાં પરમાત્માથી અન્ય કે ભિન્ન વસ્તુનો વિચાર નથી તેવા ભક્તને અનન્યભક્ત કહેવાય. ભક્ત એટલે જ જે પોતાના સ્વરૂપવિચારથી વિભક્ત થતો નથી. વિભક્ત થયા વિના આત્મસ્વરૂપના વિચારોમાં સતત વ્યસ્ત રહેવું તેને સાચો ભક્ત કહે છે અને તેવી ભક્તિને જ અનન્યભક્તિ કહે છે. આવી સતત આત્મવિચારણારૂપી ભક્તિ એટલે કે સતત સજાતીય વૃત્તિપ્રવાહ દ્વારા થતાં અખંડ આત્મચિંતનને અત્રે શંકરાચાર્યજી ભક્તિ તરીકે ઓળખાવે છે. વાસ્તવમાં તો જે જે કંઈ દૃશ્ય છે તે માત્ર પરમ તત્ત્વ બ્રહ્મનું જ વિવર્ત છે અર્થાત્ સ્વયં બ્રહ્મ જ બ્રહ્માંડરૂપે ભાસી રહ્યું છે. આવું સમજી જ્યાં જ્યાં નજર કરીએ ત્યાં ત્યાં બ્રહ્મનું જ દર્શન કરી પરમતત્ત્વના વિચારોમાં જ મગ્ન રહેવું, તેને સાચી 'ભક્તિ' કહે છે. આમ, બ્રહ્મથી ભિન્ન કે અન્ય કંઈ ન હોવાથી બ્રહ્મ સિવાય અન્યનું દર્શન ન કરતાં માત્ર તેનું જ ચિંતન કરવું તે જ સાચી ભક્તિ છે.

સર્વ કાંઈ પરમાત્મા જ છે તો પછી આવી ઐક્યની દૃષ્ટિમાં

દ્વૈત ટકી શકે તેમ નથી અર્થાત્ જ્યાં સર્વ ભગવાન જ છે ત્યાં ભક્તથી ભિન્ન ભગવાનનું અસ્તિત્વ હોઈ શકે નહીં. એમ જાણી ભક્ત, ભગવાન અને ભક્તિની ત્રિપુટીનો આત્મતત્ત્વરૂપી તત્ત્વાનુસંધાનમાં લય કરવો તે જ સાચી ભક્તિ છે. આમ થવાથી હકીકતમાં ભક્તની અંદર સુષુપ્ત ભગવાન અભિવ્યક્ત થશે. બીજની અંદર જ વૃક્ષ રહેલું છે. બીજ અને વૃક્ષ અભિન્ન છે. તેથી જ બીજ એક દિવસ અંકુરિત થઈ વૃક્ષ દ્વારા અભિવ્યક્ત થાય છે, તે જ પ્રમાણે ભગવાન અને ભક્ત વાસ્તવમાં એક જ હોવાથી આત્મચિંતન દ્વારા કે અનન્ય ભક્તિભાવ દ્વારા ભક્ત સ્વયં ભગવાનરૂપે અભિવ્યક્ત થાય છે. આવું સમજાતાં જણાય છે કે, વ્યક્તિ એ જ વિરાટ છે. વ્યષ્ટિ એ જ સમષ્ટિ છે. તથા જીવ એ જ પરબ્રહ્મ છે. આમ, આત્માનુસંધાન અંતે જીવ અને બ્રહ્મના અભેદજ્ઞાનમાં પરિણમે છે. આવું ઐક્યનું, અભેદનું જ્ઞાન કરાવે તેવી આત્મવિચારણાને જ કે આત્મતત્ત્વાનુસંધાનને જ તથા સ્વસ્વરૂપાનુસંધાનને જ અત્રે 'શ્રેષ્ઠ ભક્તિ' તરીકે ઓળખાવી છે.

(છંદ–અનુષ્ટુપ)

**उक्त साधनसंपन्नस्तत्त्वजिज्ञासुरात्मनः ॥३३॥**
**उपसीदेद् गुरुं प्राज्ञं यस्माद् बन्धविमोक्षणम् ।**

| | |
|---|---|
| **उक्त साधनसंपन्नः** | = ઉપર કહેલા સાધનચતુષ્ટય સંપન્ન |
| **आत्मनः तत्त्वजिज्ञासुः** | = આત્મતત્ત્વને જાણવા ઈચ્છતા પુરુષે |
| **प्राज्ञं गुरुम्** | = જ્ઞાની સદ્ગુરુ |
| **उपसीदेत्** | = પાસે જવું |
| **यस्मात्** | = કે જેથી |
| **बन्धविमोक्षणम्** | = સંસારરૂપ બંધનથી છૂટકારો (થાય.) |

## ગુરૂપસત્તિ

સાધનચતુષ્ટય સંપન્ન થયેલા અધિકારીએ તીવ્ર જિજ્ઞાસા પ્રબળ વૈરાગ્ય, ઉત્કટ મુમુક્ષા તથા અનન્ય શ્રદ્ધા અને ભક્તિ સંયુક્ત થઈ બંધનમાંથી

મુક્તિ અર્થે ગુરુ સમીપ જવું જોઈએ. આવું ગુરુ-ઉપસદનનું મહત્ત્વ અને તેની ઉપયોગીતા કે અનિવાર્યતા જણાવતાં કહ્યું છે કે મોક્ષમાર્ગે પ્રયાણ કરવા ઇચ્છનારે સૌ પ્રથમ અત્યાર સુધી વર્ણવવામાં આવેલા સાધનોને આત્મસાત કરવાં જોઈએ. સાધનોની પ્રાપ્તિ કરી મોક્ષનો અધિકાર પ્રાપ્ત કરવો જોઈએ. અધિકાર પ્રાપ્ત કર્યા બાદ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે ગુરુના શરણે જવું જરૂરી છે. સ્વયંના 'વ્યષ્ટિ અહમ્' ને અર્થાત્ અહંકારને ગુરુના ચરણે ધરી ગુરુનો આશ્રય સ્વીકારવો જોઈએ. આમ કહી અધ્યાત્મમાર્ગે ગુરુની આવશ્યકતા ઉપર જ પૂ. શંકરાચાર્યજીએ ભાર મૂક્યો છે.

આચાર્યશ્રીના આવા વચન પાછળ ગુરુની મહત્તા વધારવાનો હેતુ નથી પરંતુ અદૃશ્ય અને અગોચર એવા આ આગમ અને નિગમના પંથે કોઈ સાચો પથિક માર્ગ ભૂલી અટવાઈ ન પડે તે હેતુથી ભવરણના તરણ માટે ભોમિયા જેવા ગુરુની મદદ લેવાનું સૂચન જ માત્ર કર્યું છે. આવા સૂચન પાછળ રહેલું અન્ય રહસ્ય તો એ છે કે, વાસ્તવમાં બંધન જેવું કંઈ છે જ નહિ. છતાંય બંધનનાં અનુભવમાંથી આપણે મુક્ત થયા નથી. તેથી અનુભવાઈ રહેલું બંધન તો માત્ર કલ્પનામય જ પુરવાર થયું છે. આ અજ્ઞાનકલ્પિત બંધન હકીકતમાં અસ્તિત્વ ધરાવતું હોત તો તો દૂર કરવાના અનેક ઉપાયો હોત, અનેક રીતે તેને સરળતાથી દૂર કરી શક્યા હોત. પરંતુ બંધન માત્ર કલ્પનાજન્ય અર્થાત્ ભ્રાંતિમય છે. આવી ભ્રાંતિમાંથી મુક્ત થવા માટે, મુક્તિને પ્રાપ્ત સદ્ગુરુનો આશ્રય લેવો અનિવાર્ય છે.

આમ, જ્ઞાનપ્રાપ્તિને પંથે પ્રયાણ કરતાં પૂર્વે ગુરુના ચરણમાં શરણ ગ્રહણ કરવાની અતિમહત્ત્વની વાત કરવામાં આવી છે.

(છંદ-અનુષ્ટુપ)

**श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तमः ॥३४॥**
**ब्रह्मण्युपरतः शान्तो निरिन्धन इवानलः ।**
**अहेतुकदयासिन्धुर्बन्धुरानमतां सताम् ॥३५॥**

तमाराध्य गुरुं भक्त्या प्रह्वप्रश्रयसेवनैः ।
प्रसन्नं तमनुप्राप्य पृच्छेद् ज्ञातव्यमात्मनः ॥३६॥

| | | | |
|---|---|---|---|
| **यः श्रोत्रियः** | = જે શ્રોત્રિય | **बन्धुः** | = બંધુ; (એવા) |
| **अवृजिनः** | = નિષ્પાપ | **तम्** | = તે |
| **अकामहतः** | = કામનાઓથી રહિત | **गुरुम्** | = ગુરુની |
| **ब्रह्मवित्तमः** | = ઉત્તમ બ્રહ્મવેત્તા | **भक्त्या** | = ભક્તિપૂર્વક |
| **ब्रह्मणि** | = બ્રહ્મમાં | **आराध्य** | = આરાધના કરીને |
| **उपरतः** | = રમણ કરનાર | **प्रह्वप्रश्रयसेवनैः** | = વિનય, નમ્રતા અને સેવાથી |
| **निरिन्धनः** | = ઈંધણ વગરના | | |
| **अनलः इव** | = અગ્નિ જેવા | **प्रसन्नम्** | = પ્રસન્નતાને |
| **शान्तः** | = શાન્ત | **अनुप्राप्य** | = પ્રાપ્ત થયેલા |
| **अहेतुकदयासिन्धुः** | = કોઈ પણ કારણ વગર દયાના સાગર | **तम्** | = તેમને |
| | | **आत्मनः** | = પોતાને |
| **आनमताम्** | = શરણે આવેલા | **ज्ञातव्यम्** | = જે જાણવું હોય તે |
| **सताम्** | = સદાચારીઓના | **पृच्छेत्** | = પૂછવું. |

પૂર્વોક્ત શ્લોકમાં ગુરુસમીપ જવા વિશે જણાવ્યા બાદ હવે ગુરુચરણમાં શરણ સ્વીકારવા તત્પર શિષ્યે કોને ગુરુ તરીકે જાણવા? અર્થાત્ કેવા ગુરુના ચરણમાં પોતાની જાત સમર્પિત કરવી? ગુરુ કેવા હોય? ક્યાં હોય? તેવા ગુરુ વિશેની મૂંઝવણને દૂર કરવા અત્રે પ્રસ્તુત શ્લોકમાં આદિ શંકરાચાર્યજી ગુરુની ઓળખ આપતાં જણાવે છે કે, જે નિષ્પાપ હોય, નિષ્કામ હોય, શ્રોત્રિય તેમજ ઉત્તમ બ્રહ્મવેત્તા હોય, બળતણ વગરના અગ્નિ સમાન શાંત હોય, અકારણ દયા દાખવનારા કરુણામૂર્તિ સ્વરૂપ હોય તેવા ગુરુ પાસે જઈ શરણાગતિ સ્વીકારવી જોઈએ.

અજ્ઞાનની નાબૂદી ઇચ્છતા મુમુક્ષુએ પરમ તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે. પરમ તત્ત્વના જ્ઞાનની પ્રાપ્તિ અર્થે વેદાંત શ્રવણ તથા વેદાંતવિચાર અનિવાર્ય છે. આવા વેદાંતશાસ્ત્રના શ્રવણ માટે તથા તેવા

ગહન, ગૂઢાર્થ શાસ્ત્રોના રહસ્યોને ઉકેલવા માટે કોઈ માર્ગદર્શક ગુરુ પાસે જવું અનિવાર્ય છે, જે શાસ્ત્રોના રહસ્યોને ઉકેલી શિષ્યની શંકાનું નિરસન કરી શકે છે. તે માટે ગુરુ એવા હોવા જોઈએ કે જેમણે શાસ્ત્રનું અધ્યયન કરેલું હોય, એટલું જ નહીં, પરંતુ જેમણે શાસ્ત્રોના રહસ્યોને ઘોળી-ઘોળીને પચાવ્યા હોય; વેદાંત જેવા મોક્ષશાસ્ત્રમાં જેમનું જીવન ઓતપ્રોત હોય. શાસ્ત્રોના ગૂઢાર્થને માત્ર બુદ્ધિથી જ નહીં પરંતુ જીવનમાં અપનાવી તેને આત્મસાત્ કરી તે પ્રમાણેનું જીવન જીવતા હોય તેવા શ્રોત્રિય ગુરુ પાસે વિધિપૂર્વક જવું જોઈએ. આવા શાસ્ત્રવેત્તા તેમજ શાસ્ત્રની અટપટી આંટી-ઘૂંટીને ઉકેલી શકે તથા શાસ્ત્રના શબ્દો પાછળ છૂપાયેલા અક્ષર પરમાત્માનો નિર્દેશ કરી શકવાની ક્ષમતા જેમનામાં હોય તેવા સમર્થ ગુરુને શ્રોત્રિય કહેવાય છે. આવા શ્રોત્રિય ગુરુ જ તત્ત્વની સ્પષ્ટતા પ્રાપ્ત કરી આત્મતત્ત્વમાં સ્થિત થયા હોય છે. જેમણે શાસ્ત્રના રહસ્યો ઉકેલી તેમાં દર્શાવેલા અભેદ તત્ત્વમાં નિષ્ઠા પ્રાપ્ત કરી હોય તેવા નિષ્ઠાવાન ગુરુને બ્રહ્મનિષ્ઠ કહે છે. જેની પાસે શાસ્ત્રના માત્ર શબ્દો કે પછી વાક્પટુતા કે માત્ર પાંડિત્ય જ હોય તેવું નહીં પરંતુ શાસ્ત્રમાં નિર્દેશાયેલા તત્ત્વના આત્મસાક્ષાત્કાર દ્વારા સ્વયંના આત્મસ્વરૂપમાં જેમણે નિષ્ઠા પ્રાપ્ત કરી છે તેવા તત્ત્વવિતને બ્રહ્મનિષ્ઠ કહેવામાં આવે છે. આમ, શંકરાચાર્યજી અજ્ઞાનને નિર્મૂળ કરવા, જ્ઞાનની જયોતને પ્રજવલિત કરવા તીવ્ર મુમુક્ષાયુક્ત થઈ શ્રોત્રિયબ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જવાનો જ ઉપદેશ કરે છે. તેમનો આ ઉપદેશ શ્રુતિસંમત અને શાસ્ત્રસંગત છે. મુંડકોપનિષદમાં પણ ઋષિ અંગિરસ શૌનક મુનિને ઉપદેશ આપતા જણાવે છે કે,

**''तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्**
**समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥''**

[મુંડકોપનિષદ-૧-૨-૧૨]

''તે (પરબ્રહ્મ)ને જાણવા માટે તે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની પાસે હાથમાં સમિધા લઈને જવું જોઈએ.'' જીજ્ઞાસુએ રાગ-દ્વેષના ભેજ વિનાના સૂકા કાષ્ઠવત અંતઃકરણ સાથે ગુરુ સમીપ ઉપસ્થિત થવાના લક્ષ્યાર્થને

સમજાવવા માટે જ ઉપનિષદમાં જણાવ્યું છે કે ગુરુ પાસે આત્માના જ્ઞાનની પ્રાપ્તિ માટે હાથમાં સમિધા=સૂકાં લાકડાં લઈ ઉપસ્થિત થવું અને અહીં પણ ગુરુનો પરિચય આપતાં જણાવાયું છે કે ગુરુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ. તેવા ગુરુ સમીપ હાથમાં સમિધા લઈ ઉપસ્થિત થઈ શિષ્ય સંકેત દ્વારા જણાવે છે કે, "હે ગુરુ! હું મળ અને વિક્ષેપ અર્થાત્ રાગ-દ્વેષ અને ચંચળતાથી મુક્ત થઈ આ સૂકાં કાષ્ઠવત થઈ આપ સમીપ આવ્યો છું. અગ્નિમાં જેમ સૂકાં લાકડાં ઝડપથી પ્રજવલિત થઈ જાય તેમ આપના સત્સંગ સાંનિધ્યથી આપના જ્ઞાનાગ્નિમાં મારા અજ્ઞાનને હોમી સત્ત્વ, રજસ અને તમસ એવા ત્રણ ગુણોથી મુક્ત કરી મને ભસ્માંકિત કરવાની કૃપા કરો." આવા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ એટલે કોણ? તેની સ્પષ્ટતા માટે દૃષ્ટાંત દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.

રસ્તે જતાં એકવાર અમારી મોટર બગડી ગઈ. રસ્તાની બાજુમાં આવેલા ગેરેજમાં ગાડીને ધક્કો મારી સમારકામ માટે લઈ ગયા. ત્યાં કારીગરે દસ મિનિટમાં જ ગાડી ચાલુ કરી દીધી. સરળતાથી ઓછા સમયમાં ગાડી રીપેર કરી આપનાર મિકેનિકને પૂછ્યું કે, 'ભાઈ! તેં આ ગાડી આટલી ઝડપથી કેવી રીતે રીપેર કરી આપી?' ઉત્તર આપતાં તેણે કહ્યું, "કાર્બ્યુરેટરમાં કચરો આવી ગયો હતો," તેને સાફ કરી નાંખ્યો એટલે ગાડી ચાલુ થઈ ગઈ. તેને કહ્યું, 'તું મને પદ્ધતિસર આકૃતિ દોરીને ગાડીમાં થયેલ ખરાબી વિશે સમજાવ. આમ કહેતા તેણે જણાવ્યું કે ગાડી બગડે તો સાહેબ ફરીવાર મારી પાસે આવજો પરંતુ મને તેની યાંત્રિક ગોઠવણી વિશે સમજાવવાનું ફાવશે નહીં. ગાડીમાં ગમે તે ખરાબી હશે તેને હું તાત્કાલિક સરળતાથી દૂર કરી શકીશ પરંતુ તે કેમ થયું? કેવી રીતે થયું? અથવા તો તેને કેવી રીતે રીપેર કરવું તેવા તમારા પ્રશ્નોના ઉત્તર હું આપી શકીશ નહીં. ગાડીમાં બેસીને પ્રવાસ કરનારા અમને અમારા યંત્ર વિશેની વિશેષ માહિતી જાણવાની ઇચ્છા હતી, તેથી અમે તેની ઓફિસમાં બેઠેલા ઑટોમોબાઇલ એન્જિનીયરને મળ્યા; નવી ગાડીમાં આવું કેવી રીતે થાય તે સમજવા પ્રશ્નો કર્યાં. એન્જિનીયર સાહેબે

તો પુસ્તિકા મંગાવી પેન અને પેપર લઈ આકૃતિઓ દોરી અમને ગાડીના યંત્રની તમામ માહિતી આપી. એટલું જ નહીં, ગાડીમાં કયા કયા પ્રકારની ખરાબી (Fault)થઈ શકે તેમ છે? તે શાથી થાય છે? ખરાબ થતી ગાડીને અટકાવવાના ઉપાયો તથા ખરાબ થઈ ગયા બાદ તેને રીપેર કેવી રીતે થાય તે બધું અમને કાગળ ઉપર દોરીને ઊંડાણપૂર્વક સમજાવ્યું. ત્યારબાદ અમે તેમને ગાડીમાં થયેલી ખરાબીને દૂર કેવી રીતે કરવી તે પ્રયોગ કરી સમજાવવા જણાવ્યું. બહાર આવી ગાડીનું બૉનેટ ખોલ્યું, પરંતુ યંત્રનિષ્ણાત તે ઈજનેર સાહેબ અમને પ્રયોગ કરી સમજાવી શક્યા નહીં. તે માટે તેમને મિકેનિકને જ બોલાવવો પડયો. આવા વિદ્વાન ઈજનેરને યંત્ર વિશેની ઘણી ઊંડી સમજ હોવા છતાં આ સામાન્ય વાત શા માટે નહીં સમજાઈ હોય? તેવું પૂછતાં તેમણે જણાવ્યું, ‘હું નવી ગાડી કેમ બનાવાય; તેમાં ખરાબી કેવી રીતે થાય તથા તેનો ઉપાય શું? તેનો સિદ્ધાંત સમજાવી શકું. પરંતુ અનુભવી મિકેનીક બગડેલી ગાડીના દોષો ઝડપથી દૂર કરી શકે. અહીં કારીગરને રીપેર કેવી રીતે કરવું તે આવડે છે પરંતુ રીપેર કેવી રીતે થાય તેનો સિદ્ધાંત સમજાવતા આવડતું નથી. આ ઉદાહરણમાં વાહનશાસ્ત્રના સિદ્ધાંતને જાણનાર આ ઈજનેરને શ્રોત્રિય કહેવાય. જયારે વાહનના યંત્રમાં રહેલી ખામીને દૂર કરી વાહનનું યંત્ર યથાવત (રીપેર) કરનાર, ભાગોને ખોલીને પાછા જોડી દેનાર કારીગર (મિકેનીક)ને બ્રહ્મનિષ્ઠ કહેવાય. કારણ કે તેને યંત્ર વિશેનો પ્રાયોગિક અનુભવ છે. તે જ પ્રમાણે જે કોઈ વ્યક્તિ શાસ્ત્રોમાં પારંગત હોય, વેદના મંત્રો તેની જીભના ટેરવે રમતાં હોય છતાં પણ જો તે આત્મદશામાં સ્થિર ન હોય અગર બ્રાહ્મીસ્થિતિમાં નિષ્ઠાવાન કે સ્થિતપ્રજ્ઞ ન થયો હોય તો તેને શ્રોત્રિય અવશ્ય કહી શકાય પરંતુ બ્રહ્મનિષ્ઠ ન કહી શકાય. જયારે ભલે કોઈ શાસ્ત્રમાં નિપુણ ન હોય પરંપરાગત પદ્ધતિએ શાસ્ત્રોનો અભ્યાસ ન કર્યો હોય, કોઈ જીજ્ઞાસુ કે મુમુક્ષુની શંકાનો તે શાસ્ત્રોના સંદર્ભમાં ભલે ઉત્તર ન આપી શકે કે કોઈને શાસ્ત્રો ન ભણાવી શકે. છતાં પણ જો તે આત્મસ્થિતિમાં દૃઢ હોય કે તેની પ્રજ્ઞા સ્થિર થયેલી હોય તો તેવી આત્મસ્થિત વ્યક્તિને બ્રહ્મનિષ્ઠ કહી શકાય, પરંતુ તે શ્રોત્રિય ન કહેવાય. તેથી જ શાસ્ત્રો અને આચાર્યો

ઉપદેશે છે કે આત્મજ્ઞાનને પંથે પ્રસ્થાન કરવાની ઈચ્છાવાળા મુમુક્ષુ માટે માત્ર શ્રોત્રિય ગુરુ કામ ન આવી શકે અને તે જ પ્રમાણે કોઈ શાસ્ત્રજ્ઞાનથી વંચિત હોય અને માત્ર બ્રહ્મનિષ્ઠ હોય તેવા ગુરુનું માર્ગદર્શન પણ ઉપયોગી થઈ શકે નહીં. માટે જ કહ્યું છે કે, 'અજ્ઞાન નિર્મૂળ કરી આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવું હોય તો શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુના શરણે જવું જોઈએ કે જેથી અધ્યાત્મને માર્ગે આગળ વધવા શાસ્ત્રને સહારે યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે અને જે ઉચ્ચતમ સત્યને ગુરુ પામી ચૂક્યા હોય તે અંતિમ લક્ષ્ય સુધી શિષ્યને પણ પહોંચાડી શકે.

ગુરુનો પરિચય આપતાં શંકરાચાર્યજી આગળ વર્ણવે છે કે ગુરુ '**अवृजिनः**' અર્થાત્ નિષ્પાપ હોવા જોઈએ. અત્રે પ્રશ્ન એ થાય છે કે ગુરુ તો પાપી હોઈ શકે જ નહીં તો પછી તેમને નિષ્પાપ હોવાનું શા માટે જણાવ્યું હશે ? અત્રે પાપનો અર્થ દુષ્કૃત્ય નહીં પરંતુ મોટામાં મોટું પાપ એ અજ્ઞાન છે તે અર્થમાં નિષ્પાપ અર્થાત્ અજ્ઞાનરહિત જણાવાયું છે. ગુરુનું અન્ય લક્ષણ દર્શાવતા જણાવાયું છે કે ગુરુ '**अकामहतः**' અર્થાત્ કામનાઓથી મુક્ત હોવા જોઈએ. જેની પાસે જે હોય તે જ બીજાને આપી શકે. જે વ્યક્તિ સ્વયં કામનાથી મુક્ત થયો હોય તે જ અન્યને પણ નિષ્કામ બનાવી શકે તથા જે સ્વયં મુક્ત હોય તે જ બીજાને મુક્તિનો સંદેશ આપી શકે. માટે જ કહ્યું છે કે '**स्वयं तीर्णः परान् तारयति ।**' જે પોતે તરેલો હોય તે જ બીજાને તારી શકે. આમ, જે અશાંત હોય તે બીજાને અશાંતિ સિવાય કંઈ પણ આપી શકે નહીં પરંતુ જે વ્યક્તિ શાંત હોય તે અન્યને પણ શાંતિ બક્ષે છે. તેથી જ અત્રે જણાવ્યું છે કે ગુરુ નિષ્કામ હોવા જોઈએ કે જેથી શિષ્યની વાસનાને પણ નિર્મૂળ કરી શકે. આવા નિષ્કામ, નિષ્પાપ, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુના સ્વભાવને જણાવતાં તેમને બળતણ વગરના અગ્નિની ઉપમા આપી જણાવ્યું છે કે, "**सः निरिन्धनः अनलः इव शान्तः ।**" તે ગુરુ બળતણ વગરના અગ્નિ જેવા શાંત સ્વભાવના હોય છે. બ્રહ્મનિષ્ઠ ગુરુનું મન બ્રહ્મચિંતનમાં જ રમણ કરતું હોય છે. તેવા આત્મરત નિર્ગુણ બ્રહ્મમાં સ્થિત હોવાથી, ચિત્ત

નિર્વિકાર અવસ્થાને પ્રાપ્ત થયેલું હોવાથી, શાંત સ્વભાવવાળા હોય છે. પરંતુ તેમના શાંત સ્વભાવને ઈંધણ વગરના અગ્નિ સાથે સરખાવી અત્રે શંકરાચાર્યજી સંકેતે છે કે બળતણ વગરનો અગ્નિ ઉપર–ઉપરથી રખિયાવાળો પરંતુ અંદરથી પ્રજ્વલિત તથા દાહ પમાડે તેવો હોય છે. તેવી રીતે જ્ઞાની ગુરુ પણ ઉપર–ઉપરથી સૌમ્ય અને શાંત દેખાતા હોવા છતાં તેના અંતરમાં જ્ઞાનની જ્વાળા પ્રજ્વલિત હોય છે. આ જ દૃષ્ટાંતને અન્ય રીતે વિચારતાં એમ પણ કહી શકાય કે ઉપર–ઉપરથી શાંત છતાં અંદરથી દઝાડે તેવા અગ્નિ જેવો સ્વભાવ અર્થાત્ તે જ્ઞાની ગુરુની એક આંખમાંથી જ્ઞાનામૃતની સરિતા વહેતી હોય અને જરૂર પડે તો શિષ્યના અંતઃકરણમાં રહેલાં દોષોને નિર્મૂળ કરવા બીજી આંખમાંથી શિસ્તપાલનનો અગ્નિ પણ ઝરતો હોય. ત્રીજા દૃષ્ટિકોણથી વિચારતાં સમજી શકાશે કે બહાર દેખાતાં આરોપિત સત્ત્વ, રજસ અને તમસ એમ ત્રણે ગુણોને ઉપાધિ સહિત જેણે ભસ્મીભૂત કરી નાંખ્યા છે, તેની રખિયા બહાર આવે છે તથા જેના વડે ત્રણે ગુણોને ભસ્મ કર્યા છે તેવા જ્ઞાનનો દીપક તેની અંદર પ્રજ્વલિત છે. આવા જ્ઞાની ગુરુ અહેતુક, નિષ્પ્રયોજન કે અકારણ અન્ય મુમુક્ષુ કે જિજ્ઞાસુ પ્રત્યે દયા વરસાવતા હોય છે. જે સ્વયં પરમાત્માની કૃપાનું પાત્ર બની ઈશ્વરની કૃપાથી નીતરતો હોય છે તે અન્યને પણ પ્રભુના પ્રેમનો અભિષેક કરાવતો, અકારણ દયા દર્શાવતો હોય છે. આવા, દયાના સાગર તરીકે ગુરુને વર્ણવી શંકરાચાર્યજી એવું પણ ઉદ્બોધે છે કે, ગુરુ પાસે દયાની કમી હોતી નથી પરંતુ સાગરમાં જેમ પાણી કદાપિ સૂકાતું નથી તે હંમેશા પાણીથી છલકાતો જ રહેતો હોય છે. તેવા અંદરથી ઊંડાણમાં ધીર–ગંભીર છતાં બહારથી મોજાંઓનું હલનચલન દર્શાવતા સાગર સાથે ગુરુને સરખાવે છે. તેનું તાત્પર્ય તો એ છે કે, ગુરુનું જીવન સદાને માટે અન્ય ઉપર કરુણા કરવા તત્પર હોય છે. આમ, અન્યના કલ્યાણાર્થે ક્રિયા કરતાં દેખાવા છતાં અંદરથી કર્તાભાવરહિત અક્રિય તથા શાંત હોય છે. સંસારબંધનથી ત્રાસેલા, દુઃખના દાવાનળથી દાઝેલા તમામ અબુધજનોના અજ્ઞાનના નિવારણ માટે આવા જ્ઞાની હંમેશા નિઃસ્વાર્થભાવે તત્પર રહે છે.

આ પ્રમાણે શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, નિષ્પાપ, નિષ્કામ, શાંત અને અકારણ દયાના સાગર એવા ગુરુ સમીપ વિનમ્રભાવે જઈ તેમની ભક્તિપૂર્વક સેવા-શુશ્રૂષા કરી, તેમને પ્રસન્ન કરી, તેમની શરણાગતિ સ્વીકારી પોતાને મૂંઝવતા કે પછી પોતાનું અજ્ઞાન દૂર થાય તેવા પ્રશ્નો પૂછવા જોઈએ. ગુરુની સેવા કરી સૌ પ્રથમ તેમની સાથે આત્મીયતાનો નાતો જોડવો આવશ્યક છે. જો આમ થશે તો જ ગુરુ સાથેનો સંવાદ શક્ય બનશે. સેવા દ્વારા તેમના સાંનિધ્યમાં આવવાથી જ ગુરુને શિષ્યના અધિકારની જાણ થાય છે અને તો જ તેવા શિષ્યના અધિકારને ધ્યાનમાં લઈ તે પ્રમાણેનો ઉપદેશ ગુરુ તેને આપી શકે. પરંતુ ગુરુની સેવા એટલે શું તે સ્પષ્ટપણે જાણી લેવું જોઈએ. માત્ર બાહ્ય આચાર કે પછી વાક્પટુતા દ્વારા ગુરુને પ્રસન્ન કરી શકાશે નહીં. તેમની આગળ-પાછળ રહી માત્ર તેમને ખુશ કરવાના પ્રયત્નો જો થશે તો ગુરુને છેતરતાં પૂર્વે સ્વયં શિષ્ય જ પોતાના અજ્ઞાનજન્ય અહંકારથી જાતે જ છેતરાઈ જશે. તેમ ન થાય તે માટે શિષ્યે, ગુરુ જે કંઈ ઉપદેશે, જે કંઈ આદેશ આપે અથવા તો જે કંઈ વાત કરે તેને બ્રહ્મવાક્ય સમજી, ગુરુઆજ્ઞા જાણી, તેમના દ્વારા અપાયેલા આદેશો તથા ઉપદેશોને શિરોમાન્ય કરી, તે પ્રમાણેનું વર્તન કરવું તે જ સાચી ગુરુસેવા છે. તત્ત્વાર્થે તો સાધનચતુષ્ટય સંપન્ન અધિકારી બની મોક્ષમાર્ગે પ્રયાણ કરી આત્મસાક્ષાત્કારને પ્રાપ્ત કરવું તે જ ગુરુની સાચી સેવા છે. પરંતુ જ્યાં સુધી મોક્ષપ્રાપ્તિનો અધિકાર પ્રાપ્ત ન થાય, ચિત્તશુદ્ધિ ઉપલબ્ધ ન થાય, ત્યાં સુધી ગુરુ જેમ કહે તેમ કરવામાં જ શિષ્યનું શ્રેય રહેલું છે. આમ, ગુરુસેવા દ્વારા ગુરુ સાથેના સંવાદનો નાતો પ્રસ્થાપિત કરી સ્વયંનું અજ્ઞાન દૂર થાય તે સંદર્ભે પ્રશ્નો પૂછવાનો પ્રયત્ન કરવો. આ જ વાત પોતાના ભક્ત અને શિષ્ય એવા અર્જુનને ઉપદેશતાં ભગવાને જણાવ્યું છે કે,

**"तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।**
**उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥"**

[ભ. ગીતા અ-૪-૩૪]

"તે જ્ઞાનને દંડવત પ્રણામ કરી સેવા વડે તથા વિવિધ પ્રશ્નો

પૂછીને જાણ. તત્ત્વને જાણનારા જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ આપશે.'' જે કોઈ ઉપર જણાવ્યા પ્રમાણે શ્રદ્ધાયુક્ત થઈ, સંદેહમુક્ત બની, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુના શરણમાં પોતાનું જીવન સમર્પિત કરશે, તો તેવો વ્યક્તિ ગુરુકૃપાનું પ્રિય પાત્ર બનશે. કૃપાપાત્ર શિષ્ય સાચા હૃદયથી ગુરુસેવામાં રત રહેશે તેમજ ગુરુભક્તિમાં સંલગ્ન હશે તો તેના અજ્ઞાનનો ઉચ્છેદ કરી ગુરુ તેને સ્વયં એક દિવસ ગુરુ તરીકે જાહેર કરશે. આવી શ્રેષ્ઠ ગુરુકૃપા પ્રાપ્ત કરવા માટે ગુરુ પાસે જઈ કેવી નમ્રતા, પ્રાર્થના કે ભાવના સેવવી જોઈએ તથા કેવા પ્રકારનો વાર્તાલાપ કરવો જોઈએ તે કરુણાસાગર એવા સદ્દગુરુ શંકરાચાર્ય હવે પછીના શ્લોકમાં આપણને જણાવે છે.

(છંદ–ઇન્દ્રવજ્રા)

**शिष्य उवाच**

**स्वामिन् नमस्ते नतलोकबन्धो**
**कारुण्यसिन्धो पतितं भवाब्धौ ।**
**मामुद्धरात्मीय कटाक्षदृष्ट्या**
**ऋज्व्यातिकारुण्यसुधाऽभिवृष्ट्या ॥३७॥**

શિષ્ય બોલ્યો

| | | | |
|---|---|---|---|
| **स्वामिन्** | = હે સ્વામી! | **अतिकारुण्यसुधाऽभिवृष्ट्या** | = અત્યંત કરુણારૂપી અમૃત વરસાવતી |
| **नतलोकबन्धो** | = શરણે આવેલા લોકના બંધુ | **ऋज्व्या कटाक्षदृष्ट्या** | = સરળ અને કટાક્ષદૃષ્ટિથી |
| **कारुण्यसिन्धो** | = હે દયાના સાગર | **भवाब्धौ** | = ભવસાગરમાં |
| **नमः ते** | = તમને નમસ્કાર હો | **पतितम्** | = પડેલા |
| **आत्मीय** | = તમારી | **माम् उद्धर** | = મારો ઉદ્ધાર કરો. |

વિનમ્રતાપૂર્વક, ભક્તિભાવ સાથે, શ્રદ્ધાસભર મન વડે ગુરુચરણે મસ્તક ઝુકાવી ભવસાગરને પાર કરવા ઇચ્છનાર મુમુક્ષુએ પ્રાર્થના કરવી જોઈએ કે, ''હે પ્રણતજનબંધુ! હે દયાસિંધુ! આપને નમસ્કાર હો. હે મારા

જીવનનાં સ્વામી! હું સંસારસાગરમાં ડૂબકાં ખાઉં છું. ભવવ્યાધિમાં તપ્ત મારો આપ ઉદ્ધાર કરો. હે શિષ્યવત્સલ, મુક્તિપ્રદાતા ગુરો! આપના શરણે આવેલા એવા મને આપની જ્ઞાનરૂપી, સરળ છતાં કટાક્ષદષ્ટિથી મુક્તિ પ્રદાન કરો. મારા અનાદિ અજ્ઞાનનું નિવારણ કરો. મને શ્રેયની પ્રાપ્તિ કરાવી મુક્તિના પંથે પ્રયાણ કરવા પ્રેરણા આપી જન્મોજન્મનાં દુ:ખમાંથી છોડાવો. શોકસાગરમાં ડૂબેલાં એવા મને કરુણા દાખવી ઉગારો.''

ગુરુ પાસે જઈ, નતમસ્તક પ્રણામ કરી સાચા શિષ્યે લૌકિક નહીં પરંતુ અલૌકિકની પ્રાપ્તિ માટે માર્ગદર્શન મેળવવું જોઈએ. જે વ્યક્તિ પોતાના ઉદ્ધાર માટે કે આત્મકલ્યાણ માટે ગુરુની શરણાગતિ સ્વીકારે છે તે જ સાચો મુમુક્ષુ છે. ગુરુ પાસે જઈ પ્રણામ તો થાય, પરંતુ જો અહંકાર ન ઝૂકે તથા ગુરુ પ્રત્યે શ્રદ્ધા કે પ્રેમ ન પ્રગટે તો પણ ગુરુનું સાંનિધ્ય નિષ્ફળ નીવડે છે. આથી ગુરુચરણમાં શરણ શોધનાર તમામ મુમુક્ષુએ અહંકાર ઝુકાવી, શ્રદ્ધાપૂર્ણ થઈ, આત્મકલ્યાણના માર્ગે પ્રયાણ કરવાનો ઉપાય જ શોધવો જોઈએ. સાચા જીજ્ઞાસુની આંતરિક સ્થિતિ કેવી હોય છે તથા શરણાગતિ એટલે શું તેને વધુ સ્પષ્ટ કરતાં હવે પછીના શ્લોકમાં શંકરાચાર્યજી કહે છે.

(છંદ–ઉપજાતિ)

**दुर्वारसंसारदवाग्नितप्तं दोधूयमानं दूरदृष्टवातैः ।**
**भीतं प्रपन्नं परिपाहि मृत्योः शरण्यमन्यं यदहं न जाने ॥३८॥**

| | | | |
|---|---|---|---|
| **दुर्वार–संसार–** | = અટકાવી ન શકાય એવા સંસારરૂપ | **मृत्योः** | = મૃત્યુમાંથી |
| | | **परिपाहि** | = બચાવો. |
| **दवाग्नितप्तम्** | = દાવાનળથી તપેલાં, | **यत्** | = કારણ કે |
| **दूरदृष्टवातैः** | = દુર્ભાગ્યરૂપી પવનની | **अहम्** | = હું |
| **दोधूयमानम्** | = આંધીથી કંપતા, | **अन्यम्** | = અન્યને |
| **भीतम्** | = ભય પામેલા | **शरण्यम्** | = શરણ યોગ્ય |
| **प्रपन्नम्** | = શરણે આવેલા (મને) | **न जाने** | = જાણતો નથી. |

સંસાર એક વન છે. આ સંસારરૂપી વનમાં દુઃખનો દાવાનળ પ્રગટ્યો છે. હવે આ દાવાનળ એવો તો ફેલાયો છે કે જે અટકાવી શકાય તેમ નથી. તેવા દુર્વાર, દુર્જય દાવાનળમાં સંતપ્ત થયેલો, પરિતાપ પામેલો હે ગુરો! 'હું આપની શરણમાં આવ્યો છું. પ્રારબ્ધરૂપી પવન વડે આમતેમ ફેલાતો આ દુષ્ટ દાવાનળ મને ભરખી જવા તૈયાર થયો છે. તેથી તેનાથી ડરેલો, ધ્રુજતો, કાંપતો હું આપનું શરણ ઇચ્છું છું. આ સંસારરૂપી દાવાનળના દુઃખોથી ત્રસ્ત મોહરૂપી વાવાઝોડું અને પ્રારબ્ધ રૂપી પવનથી ફંગોળાઈ દર્દગ્રસ્ત થયેલા મને આપ મોહરૂપી કાળથી તથા જન્મ-મૃત્યુરૂપી ચક્રથી બચાવો.

**'भीतं प्रपन्नं दुरदृष्टवातैः दोधूयमानम्**
**दुर्वारसंसारदवाग्नितप्तं मां शरणागतं मृत्योः परिपाहि ।'**

આપના શરણે આવેલાં એવા મને આપ સંપૂર્ણપણે દુઃખમાંથી મુક્ત કરો. આપ સિવાય મારો ઉદ્ધાર કરે તેવું અન્ય કોઈ મને જણાતું નથી. આવા ઘોર સંસારમાંથી મને બચાવે તેવો અન્ય કોઈ આપ સિવાય સમર્થ હોય તેવું હું માનતો નથી. આપ જ મારા તારણહાર છો. આપ જ મારા રક્ષક છો. શરણપ્રાણપ્રદ એવા આપ જ મને આ મોહરૂપી મૃત્યુમાંથી ઉગારી શકો તેમ છો.' આમ, ગુરુની શરણમાં નમ્રતાપૂર્વક ઉપસ્થિત થઈ ગુરુ પ્રત્યે એવી અનન્ય શ્રદ્ધા જન્માવવી જોઈએ કે જેથી ગુરુ કે સંત સહજતાથી જ આપણા અજ્ઞાનને દૂર કરવા તત્પર થાય. જ્યાં સુધી ગુરુમાં આવી અવિચળ શ્રદ્ધા જન્મે નહીં ત્યાં સુધી ગુરુના ઉપદેશામૃતની અસર આપણા જીવનમાં થાય નહીં.

પોતાની દુર્દશાનું વર્ણન કરી સ્વયંના આગમનનો ઉદ્દેશ ગુરુ સમક્ષ અભિવ્યક્ત કરી પોતાના અધિકારને ગુરુ પ્રત્યે પ્રગટ કરી શિષ્ય હવે પછીના શ્લોકમાં ગુરુની સ્તુતિ કે પ્રશંસા કરે છે.

(છંદ-ઉપજાતિ)

**शान्ता महान्तो निवसन्ति सन्तो वसन्तवल्लोकहितं चरन्तः ।**
**तीर्णाः स्वयं भीमभवार्णवं जनानहेतुनाऽन्यानपि तारयन्ति ॥३६॥**

| | | | |
|---|---|---|---|
| **शान्ताः** | = અત્યંત શાંત | **भीमभवार्णवम्** | = ભયંકર સંસાર-સાગરને |
| **महान्तः** | = મહાન | **तीर्णाः** | = પાર કરી ગયેલા હોઈ |
| **सन्तः** | = સંત પુરુષો | **अहेतुना** | = કોઈ પણ કારણ વગર |
| **वसन्तवत्** | = વસંતઋતુની જેમ | **अन्यान्** | = બીજા |
| **लोकहितम्** | = લોકકલ્યાણ માટે | **जनान्** | = મુમુક્ષુજનોને |
| **चरन्तः** | = વિહાર કરતા | **अपि** | = પણ |
| **निवसन्ति** | = વસી રહેલા છે | **तारयन्ति** | = તારે છે. |
| **स्वयम्** | = (જેઓ) સ્વયં | | |

દુસ્તર સંસારસાગરમાંથી કે પછી દુર્ભેદ્ય અજ્ઞાનવનમાંથી તથા જન્મ-મૃત્યુના ચકરાવામાંથી મુક્ત કરનાર ગુરુ સિવાય અન્ય કોઈ હોઈ શકે નહીં. આવા ભવવ્યાધિને મિટાવનાર વૈદ સમાન ગુરુને વર્ણવતા પૂ. શંકરાચાર્યજી જણાવે છે કે આવા જ્ઞાનીજનો કે મહાન સંતો અત્યંત શાંત સ્વભાવવાળા તથા વસંતઋતુની જેમ લોકહિતાર્થે રત રહેનારા હોય છે. ભયાનક સંસારસાગરને તરેલા એવા તેઓ નિઃસ્વાર્થરૂપે અન્ય શરણાગત મુમુક્ષુઓને પણ તારે છે.

સંતો કે જ્ઞાનીઓ મહાસાગર જેવા હોય છે. મહાસાગર ઉપરથી ખળભળાટયુક્ત, અનેક મોજાંઓ અને તરંગોથી સતત પ્રવૃત્તિમાન દેખાતો હોય છે. પરંતુ તેના પેટાળમાં જોવાનો પ્રયત્ન જો કરવામાં આવે તો ભીતરથી એકદમ શાંત અને ગંભીર જણાય છે. આ જ પ્રમાણે અહેતુક દયાસિંધુ એવા જ્ઞાનીજનો પણ કરુણાના સાગર હોવાથી બાહ્ય દૃષ્ટિએ લોકહિતના કાર્યમાં રત તથા પ્રવૃત્તિયુક્ત જણાય છે. સતત નિષ્કામભાવે લોકહિતના કાર્યો કરતા હોવા છતાં આંતરિક રીતે તદ્દન નિવૃત્ત હોય છે. અર્થાત્ ઉત્તમ પ્રકારની જનસેવા કે અજ્ઞાનનાબૂદીના કાર્યમાં સતત અભિરત હોવા છતાં તેમના તેવા કાર્યો અકર્તાભાવે, નિમિત્તભાવે કે સાક્ષીભાવે થતા હોય છે. તેથી સ્વયંના અક્રિય સ્વરૂપમાં સ્થિત કર્તાભાવમુક્ત તેઓ વાસ્તવમાં તો નિવૃત્ત જ હોય

છે. તેમ છતાં અનાયાસે વસંતઋતુની માફક તેમના આગમનથી જ કે પછી તેમની હાજરી માત્રથી જ તેમના સાંનિધ્યમાં રહેલા સર્વ જીજ્ઞાસુઓની જીજ્ઞાસા સંતોષાય છે. તેમની વાસનાઓ પરિપૂર્ણ થાય છે અને તેઓ સંતોષ કે તૃપ્તિને અનુભવતા હોય છે.

વસંતઋતુના આગમનથી વૃક્ષો ઉપર પુષ્પો ખીલે છે. નવી નવી કળીઓ ફૂટે છે. છોડ પાંગરે છે તેમજ બાગોમાં બહાર આવે છે. તેના આગમનથી વાતાવરણ આલ્હાદક બને છે. આમ વસંતઋતુ પોતે અક્રિય હોવા છતાં તેના આગમનથી જ વાતાવરણ બદલાઈ જાય છે. આબોહવા ખુશનુમા બની જાય છે. જે પ્રાણીમાત્રને આનંદ, ઉલ્લાસ, શાંતિ કે સંતોષ પ્રદાન કરે છે. તે જ પ્રમાણે સંતોના આગમનથી જ તેમની આસપાસનું વાતાવરણ ખુશનુમા બને છે. તેવા જ્ઞાનીજનોની હાજરી માત્રથી જ અનેક મનુષ્યો પ્રેરણા પ્રાપ્ત કરે છે, ત્યાગ અને શાંતિનો અહેસાસ માણે છે, અને અનાયાસે જ વાસનામુક્તિ તરફ જવાની પ્રેરણા પ્રાપ્ત કરે છે. આમ, વસંતઋતુની જેમ જ્ઞાની કંઈ ન કરે તે છતાં ઘણું બધું તેમની હાજરીમાત્રથી થઈ જતું હોય છે.

આ પ્રમાણે વાસનામુક્ત અત્યંત શાંત એવા મહાન સંત જયાં જયાં ભ્રમણ કરે છે, વિચરણ કરે છે, ત્યાં ત્યાં અનાયાસે શરણાગત મુમુક્ષુઓને મોક્ષાર્થે પ્રેરી તેમના અજ્ઞાનને દૂર કરવાનો પ્રયત્ન અકર્તાભાવે કરતા રહે છે. તેવા આત્મનિષ્ઠ સંતોના ચરણકમળમાં વંદન કરી આપણે પણ અજ્ઞાનનાબૂદીનો માર્ગ શોધવા પ્રવૃત્ત થઈએ.

(છંદ–વંશસ્થવિલ)

**अयं स्वभावः स्वत एव यत्परश्रमापनोदप्रवणं महात्मनाम् ।**
**सुधांशुरेषः स्वयमर्ककर्कशप्रभाभितप्तामवति क्षितिं किल ॥४०॥**

**एषः** = (જેમ) આ
**सुधांशुः** = ચંદ્રમા
**स्वयं किल**= પોતે જ

**अर्क–कर्कश–प्रभाभितप्ताम्** = સૂર્યના આકરા તાપથી સંતપ્ત થઈને

| | | | |
|---|---|---|---|
| **क्षितिम्** | = પૃથ્વીને | **यत्** | = તે, |
| **अवति** | = રક્ષણ આપે છે. (તેમ) | **अयम्** | = આ |
| **परश्रमापनोदप्रवणम्** | = પારકાંના દુ:ખને દૂર કરવાની તત્પરતા હોવી | **महात्मनाम्** | = મહાત્માઓનો |
| | | **स्वतः एव** | = સહજ જ |
| | | **स्वभावः** | = સ્વભાવ (હોય છે.) |

રસ્તે ચાલતાં વટેમાર્ગુઓને છાયા આપવી એ વૃક્ષનો સહજ સ્વભાવ છે. આ પરોપકારાર્થે વૃક્ષ કોઈ વિશેષ પ્રવૃત્તિ કરતું નથી પરંતુ તેની ઉપસ્થિતિ જ વટેમાર્ગુને ઉનાળાની ભરબપોરે છાયો તેમજ શીતળતા બક્ષે છે. આ તેનો સહજ સ્વભાવ છે. તદુપરાંત શીતળતા પ્રદાન કરી ઉજાસ પાથરવો એ ચંદ્રનો સહજ સામાન્ય સ્વભાવ છે. તે જ પ્રમાણે દુ:ખી મનુષ્યોના દુ:ખને દૂર કરવા પ્રવૃત્ત થવું તે મહાત્માઓનો, સંતોનો કે જ્ઞાનીજનોનો સ્વભાવ હોય છે.

સૂર્ય જયાં હોય ત્યાંથી અંધારું દૂર કરી પ્રકાશ ફેલાવે છે. પ્રકાશ પાથરવા સિવાય સૂર્ય અન્ય કંઈ જ કરી શકે નહીં, કારણ કે પ્રકાશ રેલાવવો એ સૂર્યનો સહજ સ્વભાવ છે. તેવી જ રીતે અન્યના સંતાપને દૂર કરવા સિવાય સંતો અન્ય કાંઈ કરી શકે નહીં. કારણ કે તે તેમનો સ્વભાવ છે. ગુલાબના પુષ્પો પાસે જઈએ તો હંમેશા તે ખુશબો જ આપે છે, સુગંધી જ રેલાવે છે તથા નદી, કોઈ ધક્કો ન મારે તો પણ ઉપરથી નીચે તરફ વહેતી જ હોય છે. આમ, સુવાસ પ્રસરાવવી તે પુષ્પનો સ્વભાવ છે. જયારે વહેતા રહેવું તે દેવી સરિતાનો સ્વભાવ છે. તે જ પ્રમાણે અન્યને પીડાતો ન જોવો પરંતુ તે પીડાને દૂર કરવા પ્રવૃત્ત થવું અને અન્યના આંસુઓને સૂકવી નાંખવા કાર્યશીલ થવું તે સંતોનો સહજ સ્વભાવ હોય છે.

નદી કે તળાવને કિનારે ઊભા હોઈએ અને જો સ્નાન કરવા અંદર પડેલી વ્યક્તિ ડૂબવા માંડે તો તે ડૂબતાંને બચાવવા તરવૈયો વગર કહે કૂદી પડે છે. ડૂબતાંને જોતાંની સાથે જ કિનારો છોડી પાણીમાં પડી ડૂબી રહેલી વ્યક્તિની મદદે કોઈ પણ જાતના વિચાર કર્યા વગર પહોંચી જાય

છે. બસ આ જ પ્રમાણે તરવૈયાની જેમ મહાત્માઓ પણ સંસારસાગરમાં, અજ્ઞાનના અંધકારમાં ડૂબી રહેલા અજ્ઞાનીજન તથા દુ:ખી અને ભયભીત લોકોના ભયને, અજ્ઞાનને કે દુ:ખને દૂર કરવા ચંદ્રવત્ બની સદાય શીતળ પ્રકાશ પાથરે છે.

આમ પ્રખર સૂર્યના તાપ સમાન સંસારની વ્યાધિથી સંતપ્ત થયેલા તમામ અજ્ઞાનીજનોને ચંદ્રમા સમાન શીતળ પ્રકાશરૂપી આત્મજ્ઞાન પ્રદાન કરી તેમના તાપને તોષમાં બદલનાર મહાત્માઓનો સહજ સ્વભાવ જ પરોપકારનો હોય છે.

આવા સંતની અપરંપાર કૃપાને પામવા ઇચ્છતો શિષ્ય હવે પછીના શ્લોકમાં ગુરુની સ્તુતિ કરી તેમની કૃપાદૃષ્ટિના સદ્ભાગી થવા પ્રાર્થના કરે છે.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**ब्रह्मानंदरसानुभूतिकलितैः पूतैः सुशीतैः सितैः**
**युष्मद्वाक्कलशोज्झितैः श्रुतिसुखैर्वाक्यामृतैः सेचय ।**
**सन्तप्तं भवतापदावदहनज्वालाभिरेनं प्रभो**
**धन्यास्ते भवदीक्षणक्षणगतेः पात्रीकृताः स्वीकृताः ॥४१॥**

**प्रभो** = હે પ્રભો!
**ब्रह्मानंद–रसानुभूति–कलितैः** = બ્રહ્માનંદરૂપી રસની અનુભૂતિ વડે સંપન્ન
**पूतैः** = પવિત્ર
**सुशीतैः** = અતિશીતલ
**सितैः** = સ્વચ્છ (અને)
**युष्मद्** = આપની
**वाक्कलशोज्झितैः** = વાણીરૂપી કળશમાંથી નીકળતાં
**श्रुतिसुखैः** = કર્ણને આનંદ દેનારા
**वाक्यामृतैः** = અમૃતરૂપી વાક્યોથી
**भवतापदावदहनज्वालाभिः** =સંસારરૂપી દાવાનળની દાહક જવાળાઓ વડે
**सन्तप्तम्** = બહુ તપેલા

| | | | |
|---|---|---|---|
| **एनम्** | = એવા મને | **पात्रीकृताः** | = (જે) પાત્ર બન્યા છે. |
| **सेचय** | = સીંચો | **स्वीकृताः** | = (અને) સ્વીકારાયા છે |
| **भवदीक्षण–क्षणगतेः** | = આપની કૃપા- દૃષ્ટિની ક્ષણમાત્ર પ્રાપ્તિ માટે | **ते** | = તેઓ |
| | | **धन्याः** | = ધન્ય (છે.) |

જીવનમાં કોઈ સાચા સંતનો સમાગમ થવો તે તો ઈશ્વરકૃપાનું કે દેવના અનુગ્રહનું પરિણામ છે. ઘણીવાર એવું બને છે કે, ગુરુ આપણને પ્રાપ્ત થાય પરંતુ ગુરુ દ્વારા આપણે સ્વીકૃત ન થઈએ અર્થાત્ આપણે કોઈ સાચા સંતને ગુરુ તરીકે માની લીધા હોય, સ્વીકાર્યા હોય પરંતુ ગુરુ જયાં સુધી આપણને ન સ્વીકારે ત્યાં સુધી તેમની કરુણાદૃષ્ટિ આપણને પ્રાપ્ત થતી નથી. આમ, ગુરુ દ્વારા અસ્વીકૃત અને તેમની કૃપાદૃષ્ટિથી વંચિત એવા શિષ્યને ગુરુસમાગમનું સત્સંગરૂપી ફળ પ્રાપ્ત થતું નથી. પરંતુ સદ્ભાગ્યે જો આપણે ગુરુ દ્વારા સ્વીકૃત થઈ ચૂક્યા હોઈએ, જો ગુરુની કૃપાપાત્ર બની ચૂક્યા હોઈએ તો ગુરુ સમક્ષ અહંકારમુક્ત થઈ ઉપસ્થિત થવું જોઈએ. શરણાગત ભાવથી શિષ્યભાવે નમ્રતાપૂર્વક તેમની સમક્ષ આપણા હૃદયને ખુલ્લું મૂકી, આપણી મર્યાદા છતી કરવી જોઈએ તથા મોક્ષ માટેની આપણી તત્પરતા તેમજ ઉત્સુકતાને અભિવ્યક્ત કરવી જોઈએ. આમ જો નહીં થાય તો ગુરુ તો મળશે પરંતુ મોક્ષના દ્વાર આપણા માટે બંધ રહેશે. તેથી જ ગુરુનું સાંનિધ્ય મેળવ્યા બાદ પોતાના ધ્યેય પ્રત્યે સજાગ એવા શિષ્ય દ્વારા ભવતાપમાંથી છૂટવા માટે ગુરુકૃપાની યાચના કરતા પ્રસ્તુત શ્લોકમાં જણાવાયું છે કે, 'હે ગુરુ ! બ્રહ્માનંદમાં નિમગ્ન એવા આત્મરસાનુભૂતિથી સંપન્ન આપ મારા પર કૃપા કરો. આપની પવિત્ર શીતળ સ્વચ્છ વેદાંતવાણીરૂપી કળશ દ્વારા મારી કર્ણેન્દ્રિયને પાવન કરો. સંસારના દાવાનળથી દાઝેલા, દારુણ તાપમાં સંતપ્ત એવા મને આપની પ્રજ્ઞાનવાણીરૂપી કળશથી સંસારતાપના દાહને શાતા અર્પે તેવા અમૃતરૂપી અજ્ઞાનનાશક વાક્યોથી અનુગ્રહિત કરો. જ્ઞાનામૃતરૂપી વાક્યોનું સિંચન કરી અજ્ઞાનજન્ય સંસારદાવાનળમાં સંતાપ પામેલા મને ભવવ્યાધિના દુ:ખમાંથી ઉગારો. ક્ષણમાત્ર માટે જે આપની આવી કૃપાથી અનુગ્રહિત થયા છે તેઓ પણ ધન્ય છે. મને પણ આપની કૃપાના પાત્ર તરીકે સ્વીકારી, મારા

જન્મોજન્માંતરના આ દુઃખમાંથી, આપની કૃપાવાણી વરસાવી જ્ઞાનામૃતરૂપી વાક્યોથી અભિસિંચિત કરી, મારા અનાદિ અજ્ઞાનને મિટાવી, બ્રહ્માનંદરસનું પાન કરાવી સંતૃપ્તિ બક્ષો, કે જેથી આપની કૃપાસંપન્ન થઈ હું જીવનને ધન્ય બનાવું, સફળ બનાવું, કૃતકૃત્યતા પ્રાપ્ત કરું.'

ગુરુ પ્રત્યેની ભક્તિભાવના તથા અવિચળ શ્રદ્ધાને અભિવ્યક્ત કરી કૃપાની યાચના કર્યા બાદ હવે પછીના શ્લોકમાં શિષ્ય, પોતાની શંકા અભિવ્યક્ત કરી મુક્તિના ઉપાય વિશે પ્રશ્ન પૂછે છે.

(છંદ-ઉપજાતિ)

**कथं तरेयं भवसिन्धुमेतं का वा गतिर्मे कतमोऽस्त्युपायः ।**
**जाने न किञ्चित् कृपयाऽव मां प्रभो संसारदुःखक्षतिमातनुष्व ॥४२॥**

| | | | |
|---|---|---|---|
| **एतम्** | = આ | **उपायः** | = ઉપાય |
| **भवसिन्धुम्** | = સંસારસાગરને (હું) | **अस्ति** | = છે? |
| | | **किञ्चित्** | = (હું) કંઈ પણ |
| **कथम्** | = કેવી રીતે | **न जाने** | = જાણતો નથી. |
| **तरेयम्** | = તરું? | **प्रभो** | = હે પ્રભુ ! |
| **वा** | = વળી | **माम्** | = મને |
| **मे** | = મારી | **कृपया** | = કૃપા કરીને |
| **का** | = શી | **अव** | = બચાવો.(મારા) |
| **गतिः** | = ગતિ (થશે?) | **संसारदुःख–आतनुष्व** | =સંસારરૂપી દુઃખનો |
| **कतमः** | = (સંસારસાગરને તરવાનો) કોઈ | **क्षतिम्** | = નાશ કરો. |

ભવવ્યાધિમાં સંતપ્ત શિષ્ય હવે ગુરુની સ્તુતિ કર્યા બાદ, અત્યંત વિનયપૂર્વક, નમ્રતાયુક્ત થઈ ભવભયમાંથી મુક્ત થવા પ્રશ્ન કરે છે. દુસ્તર ભવસાગરને પોતે કેવી રીતે તરી શકે તેનો ઉપાય પૂછે છે. સાગરનો અંત પ્રત્યક્ષ નથી.તેમ અજ્ઞાનીને ભવસાગરનો અંત અદૃશ્ય છે. તેથી સુખ અને

દુઃખની આંધીમાં અટવાયેલા, ડૂબતાં ડૂબતાં તરવાની કોશિશ કરતાં અધવચ્ચે ડૂબી જવાની ભીતી હોવાને કારણે ભવસાગરના તરણનો ઉપાય અત્રે શિષ્ય પૂછે છે. '**एतं भवसिन्धुं कथं तरेयम् ।**' અગાધ ભવસાગરમાં ડૂબી રહેલો, અને દિશાશૂન્ય બનેલો, કિનારો શોધતો શિષ્ય વિચારે છે કે મારી ગતિ શી થશે? હું સંસારસાગરમાં અધવચ્ચે અટકી મરણને શરણ થઈશ? કે પછી દિશાભ્રાંત હું વમળમાં સપડાયેલા તણખલાંની જેમ ભવચક્રમાં ઘુમ્યા કરીશ? મુજ અબુધનો પ્રવાસ ઘાંચીના બળદની જેમ તેની તે જ જગ્યાએ તો નહીં રહે? મારી પ્રગતિ કઈ દિશામાં થશે, તે હું જાણતો નથી. હે દયાસિન્ધો! આપ મને મારી ગતિ વિશે જણાવો. '**का मे गतिः ।**' એટલું જ નહીં પરંતુ આ ભવસિન્ધુ પાર કરવાની કળા મને વિદિત નથી. મારી હાલની સ્થિતિ કે ભાવિની ગતિથી હું અજાણ છું. કૃપા કરી આપ મને આ ભયમાંથી મુક્ત કરો. મને સંસારસાગરના તરણનો અને મારી ઉન્નતિનો પથ પ્રદર્શિત કરો. હે શરણાગતવત્સલ! મારા સંસારદુઃખને હવે નિર્મૂળ કરો. ભવતાપનું હરણ કરી સંસારસાગરનું મરણ પૂર્વે તરણ કરાવી મારું રક્ષણ કરો.

(છંદ–ઉપજાતિ)

**तथा वदन्तं शरणागतं स्वं**
**संसारदावानलतापतप्तम् ।**
**निरीक्ष्य कारुण्यरसार्द्रदृष्ट्या**
**दद्यादभीतिं सहसा महात्मा ॥४३॥**

| | | | |
|---|---|---|---|
| **महात्मा** | = મહાત્માએ | **ताप–तप्तम्** | = તાપથી તપેલા(મુમુક્ષુને) |
| **तथा** | = ઉપર પ્રમાણે | **कारुण्यरसार्द्र–दृष्ट्या** | = કરુણારસથી નીતરતી દષ્ટિથી |
| **वदन्तम्** | = બોલતા, | **निरीक्ष्य** | = જોઈને |
| **स्वम्** | = પોતાને | **सहसा** | = તરત જ |
| **शरणागतम्** | = શરણે આવેલા | **अभीतिम्** | = અભયદાન |
| **संसारदावानल–** | = સંસારરૂપી દાવાગ્નિના | **दद्यात्** | = આપવું. |

## શિષ્યને અભયદાન

સાચા સંનિષ્ઠ શિષ્ય પ્રત્યે ગુરુનો વ્યવહાર તથા તેમનું કર્તવ્ય સૂચવતા પ્રસ્તુત શ્લોકમાં જણાવ્યું છે કે તેવા સંતપ્ત મુમુક્ષુ પ્રતિ કરુણાસભર દૃષ્ટિ દાખવી પ્રેમ ભર્યો વ્યવહાર કરી વિલંબ વિના સૌ પ્રથમ તેને અભયદાન આપવું જોઈએ.

સંસારસાગરમાં ડૂબતો, જગતના કાવાદાવામાં સબડતો, સંતપ્ત થયેલો શિષ્ય જો ખરેખર મુક્તિ માટે તત્પર થયો હોય અને પોતાનું અજ્ઞાન કબૂલી તેની નાબૂદી માટે ખુલાસો માગે તો ગુરુએ સૌ પ્રથમ તેને ભયમુક્ત કરી વાત્સલ્યભર્યું વર્તન દાખવી, તેના પ્રશ્નનું સમાધાન અવશ્ય થશે જ, તેવી ખાત્રી આપી તેને સાંત્વના આપવી જોઈએ. એ જ પ્રમાણે શિષ્યએ પણ નમ્રતાપૂર્વક સદ્‌ગુરુને પ્રાર્થના કરી આત્મજ્ઞાનપંથે પ્રસ્થાન કરવા અભયદાનની માગણી કરવી જોઈએ. અર્થાત્ પોતે શિષ્ય બનવાનું અને સદ્‌ગુરુએ આશ્રયદાન અને જ્ઞાનદાનથી પોતાને અલંકૃત કરવો એવી યાચના કરવી જોઈએ. જ્યાં સુધી શિષ્યના મનમાં અસુરક્ષાની કે અસલામતીની ભાવના હશે, ત્યાં સુધી તેનું ચિંતાગ્રસ્ત મન ન તો સત્યનો ઉપદેશ શ્રવણ કરી શકશે કે ન તો નિરાલંબ સ્થિતિમાં કૂદી શકશે. માટે સદ્‌ગુરુનું પરમ કર્તવ્ય છે કે શરણે આવેલાને જ્ઞાનદાનનું અખંડ વચન આપી શિષ્યની સાથે સ્નેહ અને આત્મીયતાનો સેતુ તૈયાર કરવો કે જેથી જ્ઞાનસંવાદ શક્ય બને અને અજ્ઞાનતિમિર સદાને માટે ટળી શકે.

(છંદ-ઉપજાતિ)

**विद्वान्स तस्मा उपपत्तिमीयुषे**
**मुमुक्षवे साधुयथोक्तकारिणे ।**
**प्रशान्तचित्ताय शमान्विताय**
**तत्त्वोपदेशं कृपयैव कुर्यात् ॥४४॥**

| | | | |
|---|---|---|---|
| **सः विद्वान्** | = આ આત્મજ્ઞાની મહાત્માએ | **शमान्विताय** | = શમાદિથી યુક્ત |
| **उपपत्तिम् ईयुषे** | = શરણે આવેલા | **मुमुक्षवे** | = મુમુક્ષુને |
| **साधुयथोक्तकारिणे** | = સદાચારી અને કહ્યા પ્રમાણે કરનારને, | **तस्मा एव** | = તરત જ |
| **प्रशान्तचित्ताय** | = શાંતચિત્તવાળા | **कृपया** | = કૃપા કરીને |
| | | **तत्त्वोपदेशम्** | = આત્મજ્ઞાનનો ઉપદેશ |
| | | **कुर्यात्** | = કરવો. |

મહાન દાન એવું અભયદાન આપી ગુરુએ હવે શું કરવું જોઈએ તે જણાવતાં અહીં કહ્યું છે કે, '**कृपया तत्त्वोपदेशं कुर्यात् ।**' અર્થાત્ તે શિષ્ય ઉપર કૃપા કરી તેને તેના આત્મસ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ કરવો.

શરણે આવેલા મુમુક્ષુને તેના અધિકારની કસોટી કરી જ્ઞાનોપદેશ કરવો જોઈએ. પ્રસ્તુત શ્લોકમાં તેવા મુમુક્ષુના લક્ષણો જણાવતાં કહ્યું છે કે, તેવા પ્રશાંત ચિત્ત શમ-દમ આદિ ગુણયુક્ત તથા રાગ-દ્વેષથી મુક્ત ગુરુના આદેશનું પાલન કરનારા શિષ્યને કૃપા કરી તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપવો. અત્રે શિષ્યના દર્શાવેલા લક્ષણો ખૂબ જ મહત્ત્વના છે. પૂર્વે સાધનચતુષ્ટય અધિકારીનું વર્ણન કર્યું હોવા છતાં વિવિધ વિશેષણો વાપરી પુનઃ શિષ્યનો અધિકાર વર્ણવ્યો છે. સામાન્યતઃ ચાર પ્રકારના શિષ્યો જોવા મળે છે. (૧) કનિષ્ઠ (૨) મંદ (૩) મધ્યમ (૪) ઉત્તમ.

કનિષ્ઠ શિષ્ય અડિયલ ટટ્ટુ જેવો હોય છે. ગમે તેવું કહેવા છતાં શિક્ષા કરવા છતાં તેનામાં કોઈ પણ જાતનો ફેરફાર જોવા મળતો નથી. અડિયલ ટટ્ટુને ગમે તેટલું ફટકારવામાં આવે તો પણ તે સીધો ચાલતો નથી. રસ્તે ચાલતાં આજુબાજુ ડાફડિયા મારે છે અને જે કંઈ દેખાય તે મોંમાં નાંખી ખાવા જાય છે. જયાં પોતે ઇચ્છે ત્યાં ઊભો રહી જાય છે. રસ્તામાં પણ સીધો ન ચાલતાં કૂદાકૂદ કરતો હોય છે. ચાબૂકોના ફટકા પડે છતાં તેની વાંકીચૂકી ચાલ બદલતો નથી. તેવી જ રીતે કનિષ્ઠ અધિકારવાળો શિષ્ય પણ ગુરુના

ઉપદેશને ધ્યાનમાં લેતો નથી. તેટલું જ નહીં પણ તેના આદેશોનું પાલન પણ કરી શક્તો નથી. ગમે તેટલું કહેવા છતાં જે કહેવાય તેનાથી ઊંધુ જ કરવું, ન કરવાનું કરવું અને કરવાનું હોય તે પ્રત્યે દુર્લક્ષ સેવે છે. છતાં તેવાને પણ કૃપા કરી ગુરુ તેની શરણમાં રાખે છે. તોફાની ઘોડાને કે અડિયલ ટટ્ટુને સીધા રસ્તે ચલાવવા માટે આંખે દાબડાં તથા મોંમાં ચોકઠું મૂકવામાં આવે છે. ઘોડેસ્વાર એક હાથમાં ચાબુક રાખી બીજા હાથમાં લગામ પકડીને તેવા ઘોડાને મારી મચડીને કાબૂમાં રાખે છે. આટલું કર્યા બાદ તે સીધા રસ્તે ચાલે છે. આમ, ઉપરોક્ત લક્ષણવાળા અડિયલ ટટ્ટુ જેવા કનિષ્ઠ અધિકારીને પણ ગુરુ, મહેણાં, ટોણાં અને ઉપાલંભ જેવી શિક્ષા કે પછી કર્માનુષ્ઠાન કે ભક્તિ દ્વારા ફળની લાલચ આપી તેને પ્રેરણા પ્રદાન કરી, પ્રોત્સાહિત કરતાં કરતાં દંડ અને ઇનામ જેવી સંયુક્ત પદ્ધતિનો ઉપયોગ કરી ઉત્તમ અધિકારી બનાવવાની નિઃસ્વાર્થ મથામણ નિશદિન કર્યા કરે છે.

મંદ પ્રકારનો શિષ્ય મંદ પ્રકારના ઘોડા જેવો હોય છે અર્થાત્ કેટલાક ઘોડા એવા હોય છે કે માત્ર ચાબુક વડે ફટકારી ચોકઠાં કે દાબડાંની મદદ વિના કાબૂમાં લઈ શકાય છે. તે જ પ્રમાણે મંદ અધિકારવાળા શિષ્યને પણ કટાક્ષ દ્વારા, વ્યંગ દ્વારા કે પછી કઠોર વાણી દ્વારા કહ્યા બાદ જ તે સાચા માર્ગે આગળ વધે છે. આવા પ્રકારના શિષ્ય હંમેશા ચંચળ કે ચિંતાગ્રસ્ત સ્વભાવવાળા હોય છે. ગુરુ ઉપદેશ આપે ત્યારે તેનું ચંચળ મન અહીં-તહીં ભટકતું હોય છે. તેવા લોકો શાસ્ત્રશ્રવણ વખતે કોઈક અન્ય પુસ્તક વાંચતા હોય કે પછી નોટબુકમાં આડાં-અવળાં લીટા કરી વિચિત્ર ચિત્રો દોરતાં હોય છે. તેવા શિષ્યોને મોક્ષમાર્ગે પ્રગતિ કરતાં ઘણો સમય નીકળી જાય છે.

મધ્યમ પ્રકારનો શિષ્ય ગુરુને સાચી રીતે સમજી શકે છે. થોડા શબ્દની અભિવ્યક્તિ થતાં જ ઘણી બધી વસ્તુ તે આપોઆપ સમજી લે છે. અર્થાત્ થોડામાં ઘણું સમજવાની તેની તાકાત હોય છે. આવો શિષ્ય સમજુ ઘોડા જેવો હોય છે. તેને ચાબુક ફટકારવી ન પડે પરંતુ ચાબુકનો માત્ર અવાજ થતાંની સાથે જ તે સમજી જાય છે કે હવે પ્રયાણ કરવાનું છે. આમ, મધ્યમ

અધિકારી પણ ગુરુના ચાર વાક્યોમાં ચાલીસ વાક્યો જેટલો ગૂઢાર્થ આપોઆપ સમજી લે છે. જ્યારે કેટલાંક શિષ્યો ઉત્તમ કક્ષાના હોય છે. ઉત્તમ પ્રકારના ઘોડાઓ તો ચાબુકના અવાજની રાહ પણ જોતા નથી, પરંતુ ચાબુકના પડછાયા માત્રથી જ પોતાનો રથ હંકારી જાય છે. આમ, ઉત્તમ અધિકાર ધરાવતા મુમુક્ષુ શિષ્ય પણ ગુરુના ઉપદેશ-આદેશની રાહ જોતા નથી. પરંતુ ગુરુના આંખના પલકારે કે દષ્ટિસંકેતથી જ ગુરુ શું ઇચ્છે છે તે કળી જાય છે. ગુરુની મુખમુદ્રા પરથી જ તેમની આવશ્યકતા શું છે તે તથા ગુરુ, શિષ્ય પાસેથી શેની અપેક્ષા રાખે છે તે પણ સમજી જાય છે. આવા ઉત્તમ શિષ્યોને ગુરુના શબ્દોની અભિવ્યક્તિની જરૂર હોતી નથી. આવો ઉત્તમ શિષ્ય અને શ્રોત્રિય-બ્રહ્મનિષ્ઠ ગુરુનો સમન્વય થવો સુલભ નથી.

શરણે આવેલા અધિકારી મુમુક્ષુને યોગ્ય માર્ગદર્શન આપી, બિનઅધિકારી હોય તો ગુરુ તેમની ઉપર અપરંપાર કૃપા કરી, સૌ પ્રથમ તેમને અધિકાર પ્રદાન કરે છે. અધિકાર પ્રાપ્ત થયા બાદ જ જ્યારે તે જ્ઞાનપ્રાપ્તિનો અધિકારી બને છે ત્યારે જ્ઞાન પ્રદાન કરે છે. એમ કહેવાય છે કે સિંહણનું દૂધ તો સોનાના પાત્રમાં જ ટકી શકે, ગમે તે પાત્રમાં નહીં. તે જ પ્રમાણે આત્મજ્ઞાનનો ઉપદેશ પણ એવા સુયોગ્ય, સુપાત્ર, અધિકારી જ ઝીલી શકે. તથા તેને જીવનમાં આત્મસાત્ કરી જીવન સાર્થક કરી શકે. કરુણાસભર ગુરુ તો તમામ શરણાગતને જ્ઞાનોપદેશ આપવા તત્પર હોય, પરંતુ કાગળમાં અગ્નિ લઈ જનારો વ્યક્તિ પોતાને સ્થાને પહોંચે તે પૂર્વે અગ્નિનું પાત્ર એવો કાગળ જ બળીને ભસ્મ થઈ જાય છે. તે જ પ્રમાણે બિનઅધિકારી શિષ્ય, જ્ઞાનાગ્નિને પ્રાપ્ત કરી, ચિત્તમાં ચૈતન્યની જ્યોતિ પ્રગટાવવાને બદલે ચિંતારૂપી આગને સળગાવી આસપાસના સુરમ્ય વાતાવરણમાં પણ દાહ તેમજ ભડકાં પ્રસરાવે છે. તેથી જ અત્રે પુનઃ શિષ્યના અધિકારને દોહરાવતાં જણાવ્યું છે કે તેવો મુમુક્ષુ પ્રશાંતચિત્ત અર્થાત્ ચંચળતાથી મુક્ત, રાગ-દ્વેષરહિત હોવો જોઈએ, તેમજ શમ-દમ વગેરે ઉપાયો વડે મનોનિગ્રહ તથા ઇન્દ્રિયનિગ્રહથી સંયુક્ત હોવો જોઈએ. મોટામાં મોટો

સદ્‌ગુણ તો તેનામાં એ અપેક્ષિત છે કે તે ગુરુ તથા શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરનારો હોવો જોઈએ. આજ્ઞાપાલનથી ચ્યૂત થયેલી કોઈ પણ વ્યક્તિને કોઈ પણ સંત કે સ્વયં ભગવાન પણ બચાવી શકે નહીં; તેથી અત્રે તે મહત્ત્વના મુદ્દાને જણાવતાં કહ્યું છે કે, શિષ્ય '**यथोक्तकारी**' અર્થાત્ '**यथा उक्तम् तथा करोति इति यथोक्तकारी ।**' એટલે કે, જે પ્રમાણે કહેવામાં આવે તે પ્રમાણે કરનારો યથોક્તકારી, આજ્ઞાંકિત હોવો જોઈએ.

કરુણાવત્સલ ગુરુ સંસારદાવાનળમાં સંતપ્ત થયેલાં શિષ્યને અભયવચન દ્વારા અભિસિંચિત કરતાં અભયદાન આપે છે, જે સ્વયં ગુરુના શબ્દોમાં હવે પછી વર્ણવવામાં આવેલું છે.

(છંદ-ઉપજાતિ)

**श्रीगुरुरुवाच**

**मा भैष्ट विद्वंस्तव नास्त्यपायः**
**संसारसिन्धोस्तरणेऽस्त्युपायः ।**
**येनैव याता यतयोऽस्य पारं**
**तमेव मार्गं तव निर्दिशामि ॥४५॥**

**श्रीगुरुः उवाच** = શ્રીગુરુ બોલ્યા

| | | | |
|---|---|---|---|
| **विद्वन्** | = હે વિદ્વાન! | **येन एव** | = જે (ઉપાય) વડે |
| **मा भैष्ट** | = તું ભય પામીશ નહીં, | **यतयः** | = યતિઓ |
| **तव** | = તારો | **अस्य** | = આ(સંસાર)ને |
| **अपायः** | = નાશ | **पारं याताः** | = પાર કરી ગયા |
| **न अस्ति** | = થશે નહીં. | **तम् एव** | = તે જ |
| **संसारसिन्धोः** | = સંસારરૂપી સાગરને | **मार्गम्** | = માર્ગ |
| **तरणे** | = તરવાનો | **तव** | = તને |
| **उपायः अस्ति** | = ઉપાય છે. | **निर्दिशामि** | = બતાવું છું. |

શિષ્યને અભય પ્રદાન કરતા, શાતા બક્ષતા, વાક્યોની ઉદ્‌ઘોષણા હવે ગુરુ કરી, તેને નિશ્ચિંત બનાવે છે. અજ્ઞાની હોવા છતાં શરણમાં આવેલા, સન્માર્ગે આગળ વધવાની તાલાવેલી ધરાવતા વિવેકી મુમુક્ષુને ઉદ્‌બોધતા ગુરુ તેને વિદ્વાન તરીકે સંબોધી ચિંતામુક્ત કરે છે. ગુરુ જણાવે છે, ''હે વિદ્વાન! તું ભય રાખીશ નહીં, તારો કોઈ કાળે નાશ નથી. તેથી મૃત્યુ જેવા મહાભયમાંથી પણ તું મુક્ત થા. સંસારના તાપથી તપેલા તારા સંતાપનો ઉપાય પણ છે. તું નિશ્ચય સંસારસાગરની પેલે પાર પહોંચી શકે તેમ છે.'' આમ, સૌ પ્રથમ ભયમુક્ત કરી શિષ્યને સન્માર્ગે જવાનું પ્રોત્સાહન પૂરું પાડે છે. ત્યારબાદ ભવપાર જવાના ઉપાય વિશે જણાવતાં ગુરુ કહે છે કે, ''હે વિદ્વાન્ ! આ જગતમાંથી અનેક યોગીઓ સંસારને તરી ગયા છે એટલું જ નહીં, કરુણાસાગર તેવા તે સંતોએ, ઋષિમુનિઓએ સૌ કોઈ મુમુક્ષુને એ માર્ગે તરી જવા માટે રસ્તો બતાવ્યો છે. જે નૌકા દ્વારા તેઓ સંસારસાગરને તરી ગયા છે તે ઈશ્વરકૃપા, ગુરુકૃપા તથા શાસ્ત્રકૃપારૂપી નૌકા આજે તને પણ ઉપલબ્ધ થઈ ચૂકી છે. આથી સંસારસાગરના તરણના માર્ગે આગળ વધવા પરંપરાગત પ્રાપ્ય એવો મોક્ષમાર્ગ હું તને બતાવું છું. દિશાભ્રાંત થયેલો, ભવાટવીની આંધીમાં આમથી તેમ અથડાતો તું ભયમુક્ત થઈ સમજી લે કે આ દુસ્તર ભવસાગરનો અંત છે, તદુપરાંત તેને પાર કરવાનો ઉપાય પણ છે. તું મારે શરણે આવ્યો છે તેથી તે માર્ગ હું તને બતાવું છું.'' ઉપરોક્ત અભયવચન દ્વારા ગુરુ અભયદાન પ્રદાન કરી શરણે આવેલા મુમુક્ષુને મોક્ષમાર્ગ પ્રદર્શિત કરે છે.

સર્વ પ્રકારના મનુષ્યને અભયદાન આપતા આવા વચનોનું શ્રવણ કરીએ ત્યારે એક શંકા સ્વાભાવિક થાય છે કે પૂર્વે કહેવાયું હતું કે સાધનચતુષ્ટય સંપન્ન અધિકારી જ મુમુક્ષુ બની શકે, જ્યારે અહીં તો સર્વને ગુરુ અભય પ્રદાન કરે છે. આ શંકાના સમાધાનમાં સમજી લેવું જોઈએ કે જો સાધનચતુષ્ટય સંપન્ન અધિકારી મોક્ષમાર્ગે પ્રયાણ કરે તો તે ઝડપથી આગળ વધી શકે છે. પરંતુ જે અધિકારી નથી અર્થાત્ વિવેક, વૈરાગ્ય વગેરેના સંસ્કારોથી સંપન્ન નથી, તેઓને આ માર્ગ ઘણો કઠિન પ્રતીત થાય છે, તથા તેવાની ગતિ અત્યંત

મંદ હોય છે. જો કોઈ મુમુક્ષુ જીવનમાં પરમ સાધન એવા વૈરાગ્યને જ પ્રાપ્ત કરી લે તો પણ બાકીના સાધનો આપોઆપ તેને અનાયાસે ઉપલબ્ધ થઈ જાય છે. વૈરાગ્ય પ્રાપ્ત કરવો અશક્ય જણાય તો તેવાઓએ વધુને વધુ શ્રવણ કરી અંતઃકરણશુદ્ધિ દ્વારા હૃદયમાં વિવેકાગ્નિને પ્રજવલિત કરવો જોઈએ. વિવેક પ્રાપ્ત થતાં કાળક્રમે તેના પરિણામે ચિત્તમાં વૈરાગ્ય જાગશે. આમ કરવામાં જીવનનો સમય જો સમાપ્ત થાય તો પણ ચિંતિત થયા વિના પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. કારણ કે આ જન્મે અધૂરું રહેલું કાર્ય પુનર્જન્મે પુરુષાર્થ દ્વારા સંપન્ન થશે જ તેમાં કોઈ શંકા નથી, કારણ કે ભગવદ્ વચન છે કે,

**"शुचिनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ।"**

[ભ. ગીતા. અ. ૬-૪૧]

"યોગભ્રષ્ટ પુરુષ સદાચારી શ્રીમંતોના ઘરમાં જન્મે છે." આમ, શ્રેય માર્ગે કરેલો પુરુષાર્થ કદાપિ એળે જતો નથી બલકે પુનર્જન્મે તે ચરિતાર્થ થાય છે. તેથી જ સર્વને અભય પ્રદાન કરતાં ગુરુ અત્રે જણાવે છે કે હે શિષ્ય! તારી તમામ સમસ્યાઓનો ઉકેલ અવશ્ય છે. તારા પ્રશ્નોનું સમાધાન ચોક્કસ થશે. તું ચિંતામુક્ત થઈ તને ચીંધ્યા માર્ગે આગળ વધવાનો પ્રયત્ન કર. હવે ભયમુક્તિના ઉપાયના અસ્તિત્વની દૃઢતાપૂર્વક ઉદ્‌ઘોષણા કરે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अस्त्युपायो महान् कश्चित् संसारभयनाशनः ।**
**तेन तीर्त्वा भवाम्भोधिं परमानन्दमाप्स्यसि ॥४६॥**

| | | | |
|---|---|---|---|
| **संसारभयनाशनः** | = સંસારના ભયનો નાશ કરવાવાળો | **तेन** | = તેનાથી (તું) |
| | | **भवाम्भोधिम्** | = ભવસાગરને |
| **कश्चित्** | = કોઈક | **तीर्त्वा** | = તરી જઈને |
| **महान्** | = મહાન | **परमानन्दम्** | = પરમ આનંદને |
| **उपायः अस्ति** | = ઉપાય છે. | **आप्स्यसि** | = પામીશ. |

(છંદ-અનુષ્ટુપ)

**वेदान्तार्थविचारेण जायते ज्ञानमुत्तमम् ।**
**तेनात्यन्तिकसंसारदुःखनाशो भवत्यनु ॥४७॥**

| | |
|---|---|
| **वेदान्तार्थविचारेण** | = ઉપનિષદોના અર્થનો વિચાર કરવાથી |
| **उत्तमम्** | = ઉત્તમ |
| **ज्ञानं जायते** | = જ્ઞાન થાય છે. |
| **अनु तेन** | = પછી તેનાથી |
| **आत्यन्तिक–संसारदुःखनाशः** | = સંસારના દુઃખોનો આત્યન્તિક નાશ |
| **भवति** | = થાય છે. |

અભય પ્રદાન કર્યા બાદ સંસારદુઃખના નાશનો મહાન ઉપાય અત્રે વર્ણવવામાં આવ્યો છે. દુઃખમુક્તિનો એક માત્ર ઉપાય દર્શાવતા ગુરુ જણાવે છે કે વેદાંતના વાક્યોનો વિચાર કરી તેના ઉપર ચિંતન મનન કરવાથી ઉત્તમ તત્ત્વનું જ્ઞાન થાય છે અને તેનાથી સંસારના દુઃખનો આત્યંતિક નાશ થાય છે.

સંસારદુઃખના નાશનો ઉપાય શોધતા આપણે એવું માની લીધું છે કે દુઃખના નાશ માટે કોઈક પ્રયત્ન કરવો આવશ્યક છે. પુરુષાર્થ વિના દુઃખમુક્તિ શક્ય નથી. પરંપરાના જ્ઞાનથી વંચિત એવા આપણે દુઃખને દૂર કરવા બાહ્ય જગતમાં પ્રવૃત્તિ આદરી અને મનમાં દૃઢ કર્યું કે બાહ્ય સંજોગોમાં ફેરફાર કરવાથી તેમ જ સાધનસંપત્તિની પ્રાપ્તિ કરી દુઃખમાંથી ઉગરી જવાય છે. આમ વિચારી સંજોગોને સુધારવા પ્રવૃત્ત થયેલા આપણે દુઃખમુક્તિના ઉપાયને આપણી બહાર માની લીધો. દુઃખમુક્તિનો ઉપાય આપણી બહાર હોય તો તો એક વસ્તુ સ્પષ્ટ થઈ ગઈ કે દુઃખ પણ આપણી બહાર જ છે. દુઃખ જો આપણી બહાર જગતમાં હોય તો જ બાહ્ય જગતમાં કરેલા ફેરફારો કે પુરુષાર્થ દ્વારા તેનો નાશ થઈ શકે. પરંતુ સદીઓથી બાહ્ય કર્મોમાં પ્રવૃત્ત આપણે હજી પણ દુઃખનો અંત લાવી શક્યા નથી. તો પછી હવે આપણે

વિચારવું રહ્યું કે દુઃખ છે ક્યાં?

દુઃખમુક્તિના ઉપાય વિશે વિચારતાં પૂર્વે દુઃખ ક્યાં રહેલું છે? ક્યાંથી ઉત્પન્ન થાય છે? ક્યાં ટકી રહે છે? ક્યારે જાય છે? કેવી રીતે જાય છે? દૂર થાય છે ખરું? દુઃખાનુભૂતિથી મુક્તિ ક્યારે અનુભવાય છે? આવા પ્રશ્નો ઉપર વિચારણા કરવી આવશ્યક છે. સર્વ પ્રથમ આપણે વિચારીએ કે દુઃખ છે ક્યાં? આપણી અંદર કે બહાર? સાથે-સાથે સ્વયંને એવો પણ પ્રશ્ન કરીએ કે સુખ ક્યાં છે? જો સુખ આપણને આપણી અંદર અનુભવાતું હોય તો, તે વાત સિદ્ધ થઈ ગઈ કે દુઃખ પણ આપણને અંદર જ અનુભવાય છે. દુઃખનો અનુભવ જો આપણી અંદર થતો હોય, તો દુઃખને દૂર કરવાના પ્રયત્નો પણ આપણી ભીતર જ થવા જોઈએ. **દુઃખ આપણી બહાર નથી તેથી દુઃખમુક્તિ માટે આપણી બહાર જગતમાં કરેલા કોઈ પણ પ્રયત્નો નિરર્થક અને નકામા નીવડે છે.** આ જ વાત અજ્ઞાનના વિષયમાં પણ સ્પષ્ટપણે સમજી લેવી જોઈએ કે કોઈ પણ વસ્તુનું અજ્ઞાન આપણી અંદર જ રહેલું છે. અને તેથી જ જ્ઞાન પણ આંતરિક છે.

દુઃખ આંતરિક છે, એવું સ્પષ્ટપણે સમજ્યા બાદ હવે વિચારીએ કે દુઃખનું મૂળ શું છે? શેના કારણે દુઃખનો ઉદ્ભવ થાય છે? દુઃખનો પ્રકાર કયો છે? આપણે દુઃખી શા માટે છીએ? આપણા પૂર્વેના પાપને કારણે? ના, તે વાત સત્ય નથી. આપણી સંસ્કૃતિ, શાસ્ત્રો, સંતોની અનુભૂતિ, ઋષિમુનિઓનો ઉદ્ગાર તથા જ્ઞાનીજનોની પ્રબુદ્ધ વાણી તો આપણને જણાવે છે કે, **આપણે દુઃખી અજ્ઞાનને લીધે છીએ.** પાશ્ચાત્ય સંસ્કૃતિમાં તો ભગવાન સ્વર્ગમાં છે કે ઉપર રહેલો છે એવું જણાવાયું છે, પરંતુ આપણી અમર, અજર, અલૌકિક, અદ્વિતીય સંસ્કૃતિમાં તો ભગવાન સર્વવ્યાપ્ત છે, તેવું સમજાવ્યું છે. પરંપરા લુપ્ત થઈ ચૂકી હોવાથી આપણી વૈદિક સંસ્કૃતિથી વંચિત રહેલો આધુનિક સમાજ વિવેકવિચારપૂર્વકના નિર્ણયના અભાવમાં અનેકવિધ લોકોના સંપર્કમાં આવી, તેઓનું કહ્યું સાચું માની, દુઃખમુક્તિના વિષયમાં અનેક પ્રકારની ભ્રાંતિ ધરાવે છે. તેથી જ અત્રે આપણી સંસ્કૃતિના અમર સંદેશની સ્પષ્ટતા

મેળવી લઈએ.

સમગ્ર વિશ્વના મુખ્ય બે ભાગ પડેલા છે. (૧) પૂર્વીય સંસ્કૃતિ અને (૨) પાશ્ચાત્ય સંસ્કૃતિ. પાશ્ચાત્ય દેશોની માન્યતા છે કે આપણે પૂર્વે કરેલા પાપથી પીડા અનુભવીએ છીએ. આદમ અને ઈવે ફળ ખાધું હતું અને તેથી થયેલા પાપને કારણે આજે પણ આપણે દુઃખી છીએ. તેથી તેવા પાપકર્મોને દૂર કરવા પુણ્યકર્મો કરવાં જોઈએ. પુણ્યકર્મ અને પ્રવૃત્તિમાં કાર્યરત રહેલા તેઓએ ચંચળતાને વધારી છે અને જીવનની શાંતિને ખોઈ નાંખી છે. પુણ્યની પ્રવૃત્તિ, જેવી કે દાન, સેવા કરવી, અસ્પતાલો બંધાવવી, શાળાઓ ખોલવી વગેરે જેવા કાર્યો કરવા માટે ધનની આવશ્યકતા રહેલી છે. તેથી પુણ્યકર્મ માટે ધન ભેગું કરવાં તેઓએ અનીતિનો માર્ગ આચરવો શરૂ કર્યો. અર્થાત્ અન્યને દુઃખી કરી, તેમના ગળા રહેંસી ધન પ્રાપ્ત કરી અને તે ધનને, પુણ્યકર્મ કરી અન્યની સેવાર્થે વાપરવાનું વિચાર્યું. અર્થાત્ વાસ્તવમાં તો પાપને કાપવા પુણ્ય પ્રવૃત્તિ આદરી. પરંતુ પુણ્યની પ્રાપ્તિ માટે વળી પાછો પાપકર્મનો આશરો જાણે-અજાણે જ લેવાઈ જતો હોય છે અને આવા વિષચક્રનો અંત આવતો નથી. તેમ છતાં પાપમાંથી મુક્ત થવા પુણ્ય કર્મો કરવા તેઓએ સેવાનો માર્ગ અપનાવ્યો. સેવાકાર્ય કરવામાં કર્તાભાવ રહેલો હોય છે. સેવાની પ્રવૃત્તિ થતાં સમાજમાં તેઓ પ્રતિષ્ઠા પામે છે. પરંતુ આમ થતાં તેમનો અહંકાર જ પોષાતો હોય છે. દુઃખમુક્તિ માટે પાપોને દૂર કરવા અનિવાર્ય છે તથા પાપમાંથી મુક્ત થવા સેવાની પ્રવૃત્તિ કરનારી પાશ્ચાત્ય સંસ્કૃતિ 'ACTION ORIENTED' કહેવાઈ. આવી કર્મપ્રધાન વિચારસરણી ધરાવનાર પાશ્ચાત્ય સંસ્કૃતિ મૂળમાં તો યહુદી ધર્મને અનુસરનારી છે. વાસ્તવમાં જોવા જઈએ તો આખા જગતના મુખ્ય બે જ ધર્મો છે. એક હિંદુ અને બીજો યહુદી. યહુદી ધર્મના મુખ્ય બે ફાંટા પડયા. તેમાં એક છે ઇસ્લામ અને બીજો ખ્રિસ્તી. ત્યારબાદ તેમાંથી શિયા, સુન્ની, કેથૉલિક, પ્રોટેસ્ટન્ટ વગેરે અનેક ફાંટાઓ પડયા. આ યહુદી ધર્મ અને તેના વિભાગો પશ્ચિમના દેશોમાં પ્રચાર પામ્યા, પ્રસાર પામ્યા. જ્યારે પૂર્વના દેશોમાં વૈદિક ધર્મનો ફેલાવો થયો. આ વૈદિક ધર્મમાં પણ કાળક્રમે બુદ્ધ, જૈન, શીખ, વગેરે જેવા ધર્મો પ્રચલિત થયા.

વૈદિક ધર્મની તત્ત્વવિચારણા એવી છે કે દુ:ખનું મૂળ અજ્ઞાન છે. સ્વસ્વરૂપના જ્ઞાનના અભાવે આપણે દુ:ખી છીએ. જયાં, 'મેં પાપ કર્યું છે' તથા 'મારે પુણ્ય કર્મ કરવું છે', ત્યાં તેવા વિચારોના પાયામાં કર્તાભાવ રહેલો છે. કર્તાભાવ જયાં મોજૂદ છે ત્યાં જ પાપકર્મો કે પુણ્યકર્મ જેવી પ્રવૃત્તિ છે. હિંદુ ધર્મના શાસ્ત્રો કે આપણી વૈદિક પરંપરામાં તો કર્તાની કબર પરથી વક્તવ્યો અપાયેલા છે. 'હું કર્તા નથી પણ તેનાથી મુક્ત છું', તેવા જ્ઞાનમાં જ પુણ્ય કર્મ કે પાપ કર્મની નાબૂદી છે. જો હું 'કર્તા' જ નથી તો પછી મને ફળ મળે ક્યાંથી? જો ફળ મને ન મળે તો પુણ્યકર્મના સારા ફળથી સુખી કે પાપકર્મના ખરાબ ફળથી દુ:ખી થનારો હું હોઈ શકું નહીં. આવી ગહન તત્ત્વવિચારણામાં જ દુ:ખમુક્તિનો ઉપાય રહેલો છે તથા સ્વસ્વરૂપના અજ્ઞાનમાં જ દુ:ખ સમાયેલું છે. આપણી સંસ્કૃતિ તો ગર્જના કરી ઘોષણા કરે છે કે સ્વરૂપનું અજ્ઞાન એ જ મોટામાં મોટું પાપ છે. તેથી પાપમાંથી મુક્ત થઈ દુ:ખનો નાશ કરવા માટે જ્ઞાનપ્રાપ્તિ એક માત્ર ઉપાય છે. આમ, પૂર્વની સંસ્કૃતિનો પાયો જ્ઞાનપ્રધાન છે. માટે આપણી પૂર્વની સંસ્કૃતિ KNOWLEDGE ORIENTED છે.

જ્ઞાનપ્રાપ્તિમાં જ દુ:ખમુક્તિ રહેલી છે. એટલે કે અજ્ઞાનનાબૂદીમાં જ જીવનની આબાદી સમાયેલી છે. તેવું સ્પષ્ટપણે વિચારી ગયા બાદ, હવે સમજવાનો પ્રયત્ન કરીએ કે આત્મસ્વરૂપના અજ્ઞાનની નાબૂદી તથા સ્વસ્વરૂપના જ્ઞાનમાં સર્વ દુ:ખોની નિવૃત્તિ કેવી રીતે થઈ શકે છે? તેનો એકમાત્ર ઉત્તર શંકરાચાર્યજી જણાવે છે કે,

**'वेदांतार्थ विचारेण जायते ज्ञानमुत्तमम् ।'**

વેદાંતવાક્યોના સાર્થક અને મોક્ષપ્રેરક અર્થો પર વિચારણા કરવાથી જ અજ્ઞાન દ્વારા ઉત્પન્ન થયેલી બરબાદીથી બચી શકાય અને આત્મવિચાર દ્વારા ઉત્પન્ન થનારી પરમપદ જેવી આબાદી હસ્તગત થઈ શકે. તેથી હવે આત્મવિચાર કેવી રીતે કરવો તેના ઉપર વિચારણા કરીએ, જેથી અજ્ઞાન અને તેના કાર્યની આત્યંતિક નિવૃત્તિ થઈ શકે. વિચાર કરતાં આપણને સમજાશે કે જે જે કંઈ દૃશ્ય છે, તે દૃશ્ય, **इदम्** પદાર્થોથી 'હું' **अहम्** ભિન્ન

છું. આ 'હું' એટલે કોણ? શરીર હું છું? જો શરીર હું, તો શરીર મને દશ્ય છે. દશ્ય હંમેશા દૃષ્ટાથી ભિન્ન હોય, તેથી સ્વયંને શરીર માનનાર 'હું' ' આ' શરીરથી જુદો છું. દશ્ય શરીરને હું માનવાની ભૂલ કરીશું તો સર્વ દશ્ય પદાર્થો, જોતાંની સાથે જ 'હું' માં ફેરવાઈ જાય. પરંતુ તેમ થતું નથી. તેથી એક વાત સ્પષ્ટ છે કે દશ્ય શરીર હું નથી, પરંતુ શરીરનો દષ્ટા, સાક્ષી, 'હું' જડ શરીરથી મુક્ત છું. આટલું જ જો સ્પષ્ટ થઈ જાય તો પણ ઘણાં બધાં દુ:ખો જીવનમાંથી દૂર થઈ જાય. હવે વિચારીએ કે આ શરીર 'હું' નથી તો પછી મૃત્યુને આધીન થનારા શરીરના મોતથી 'હું' મરતો નથી. મારે મૃત્યુ હોઈ શકે નહીં. મૃત્યુ મારે નથી તો પછી મને ભય શાનો? ભય નથી તો દુ:ખ કેવું? શરીર 'હું' નથી તેથી તે વાત પણ સત્ય છે કે શરીરને લાગુ પડેલો રોગ મારો નથી. શરીરમાં રહેલી વ્યાધિ સાથે મારે કોઈ નિસ્બત નથી. તે જ પ્રમાણે 'હું' શરીર નથી તો વૃદ્ધિ, વિકારને પ્રાપ્ત થઈ વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થનાર 'હું' નથી. તેથી આસક્તિ શરીરમાં હોય પરંતુ સર્વના આધાર એવા શરીરથી ભિન્ન મુજ સાક્ષી ચૈતન્યમાં ન હોય. શરીર કદરૂપું હોય કે પછી રૂપાળું હોય, હું શરીરથી ભિન્ન છું માટે કદરૂપાપણાના દુ:ખથી કે પછી રૂપના અભિમાનથી હું મુક્ત છું. શરીર, તેમાં રહેલી ઇન્દ્રિયો તથા અવયવો દ્વારા કર્મમાં પ્રવૃત્ત થાય 'હું' શરીર ઇન્દ્રિયો કે અવયવોથી મુક્ત છું એટલું જ નહીં, પરંતુ તેની પાછળ કાર્યરત રહેલા મન અને બુદ્ધિથી પણ ભિન્ન છું તેથી શરીરના કર્મો સાથે મારે કોઈ સોબત નથી. કર્મ શરીર દ્વારા થાય તો, 'જે કર્મ કરે તે ફળ ભોગવે', એ ન્યાય પ્રમાણે શરીર દ્વારા થયેલા કર્મોનું ફળ શરીર ભોગવે. તેવા ભોગમાં મારો કોઈ ભાગ હોઈ શકે નહીં. આમ, 'હું' કર્તા નથી તેથી જ 'હું' ભોક્તા પણ નથી. આ વાત જો સ્પષ્ટ થઈ જાય તો સમજી જવાય કે કર્મફળ, ઇચ્છિત મળતાં સુખ જન્મે તથા અનપેક્ષિત ફળ મળતાં દુ:ખી થવાય. પરંતુ 'હું' કર્તા ન હોવાને લીધે કર્મફળ મને મળી શકે નહીં, તેથી ઇચ્છિત કે અનિચ્છિત ફળથી જન્મતાં સુખ કે દુ:ખ મને પ્રાપ્ત થાય નહીં. આમ, સ્વસ્વરૂપનું જ્ઞાન થતાં સ્વયંને શરીર, મન, બુદ્ધિ વગેરેની ઉપાધિથી ભિન્ન સમજી શકાય. આમ થતાં જ અજ્ઞાનની નાબૂદી

થાય છે. જેના પરિણામે દુઃખનો આત્યંતિક બાધ સર્જાઈ જાય છે. સર્વ દુઃખોનો આત્યંતિક બાધ થવો, તેને જ આચાર્યશ્રી શ્લોકમાં ઉત્તમજ્ઞાન કહે છે. ''**जायते ज्ञानमुत्तमम्**'' તેન ''**दुःखनाशो भवत्यनु ।**''

(છંદ–શાલિની)

**श्रद्धाभक्तिध्यानयोगान्मुमुक्षोः मुक्तेर्हेतून् वक्ति साक्षात् श्रुतेर्गीः ।**
**यो वा एतेष्वेव तिष्ठत्यमुष्य मोक्षोऽविद्याकल्पिताद् देहबन्धात् ॥४८॥**

| | | | |
|---|---|---|---|
| **श्रद्धा–भक्ति–ध्यानयोगात्** | =શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગ; | **वक्ति** | = કહે છે. |
| | | **यः वा एव** | = જે કોઈ પણ |
| **मुमुक्षोः** | = મુમુક્ષુના | **एतेषु** | = આનું |
| **मुक्तेः** | = મુક્તિનાં | **तिष्ठति** | = અનુષ્ઠાન કરે છે |
| **साक्षात्** | = સાક્ષાત્ | **अमुष्य** | = તેનો |
| **हेतून्** | = કારણો છે (એમ) | **अविद्याकल्पितात्** | =અવિદ્યાથી કલ્પિત |
| **श्रुतेः** | = શ્રુતિની | **देहबन्धात्** | = શરીરના બંધનથી |
| **गीः** | = વાણી | **मोक्षः** | = મોક્ષ (થાય છે.) |

શાસ્ત્રવિચાર એ જ દુઃખમુક્તિનો મહાન ઉપાય છે. તેવું વર્ણવ્યા બાદ અન્ય સાધનોનું વર્ણન અત્રે કરવામાં આવ્યું છે. જે કોઈ મુમુક્ષુ અહીં દર્શાવ્યા પ્રમાણેના શાસ્ત્રસંમત અને શ્રુતિસંયુક્ત સાધનોનું અનુષ્ઠાન કરે છે તે અજ્ઞાનજન્ય કલ્પિત દેહાદિના બંધનથી મોક્ષ કે મુક્તિ પામે છે.

મુક્તિના સાક્ષાત્ સાધનને વર્ણવતાં અત્રે સૌ પ્રથમ શ્રદ્ધાને વર્ણવી છે. પૂર્વે સમજાવી ગયા પ્રમાણે ગુરુ અને શાસ્ત્રના વચનોમાં દૃઢ સત્યબુદ્ધિ કરવી તેને શ્રદ્ધા કહે છે. શ્રદ્ધા ખૂબ જ મહત્ત્વનું તથા પાયાનું સાધન હોવાથી તેને સૌથી પ્રથમ વર્ણવી, પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

દ્વિતીય સાધન તરીકે ભક્તિ દર્શાવી છે. સ્વસ્વરૂપના અનુસંધાનને ભક્તિ કહેવામાં આવે છે. આ ભક્તિ એટલે જ અવ્યભિચારિણી ભક્તિ અથવા અનન્ય ભક્તિ. આવી ભક્તિ અભેદભાવે કરવામાં આવે છે. અર્થાત્ 'હું અને

ભગવાન એક જ છીએ', એવી ઐક્યબુદ્ધિ દ્વારા અભેદભાવે કરવામાં આવેલી ભક્તિને જ મોક્ષના સાધન તરીકે વર્ણવાય છે. તદુપરાંત આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે અનુરાગ હોવો, એ પણ મુમુક્ષુનું મહાન કર્તવ્ય છે. તે સંદર્ભે આત્મજ્ઞાનમાં રતિ, કે પ્રીતિને પણ ભક્તિ કહે છે.

આત્મજ્ઞાનને પંથે ધ્યાન પણ અતિ મહત્ત્વનું સાધન છે. પ્રારંભમાં સગુણ અને સાકાર પરમાત્માનું ધ્યાન કરી, ચિત્તશુદ્ધિ અને એકાગ્રતા પ્રાપ્ત કરી, અંતે નિર્ગુણ નિરાકારના ચિંતનમાં પ્રવેશ કરવો, તેને જ સાચું ધ્યાન કહે છે. છેવટે ધ્યાન તો ધ્યાન, ધ્યાતા અને ધ્યેયની ત્રિપુટીના એકાકારમાં પરિણમે છે અને એમ થતાં તમામ ત્રિપુટીઓ જ્ઞાનમાં લય પામી જાય છે.

અંતિમ મહત્ત્વના સાધન તરીકે અત્રે 'યોગ' શબ્દપ્રયોગ કરેલો છે. યોગ વિશે પણ સમાજમાં અનેકવિધ ખ્યાલો પ્રવર્તમાન છે. સામાન્યતઃ 'આસનો કરવા', તેને યોગ કહે છે. તો વળી કેટલાક લોકો 'પદ્માસનમાં સ્થિર થઈ પ્રાણાયામ દ્વારા મનનો કરવામાં આવેલો નિરોધ તે યોગ છે', એવું માને છે. મહર્ષિ પતંજલિ, ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહે છે. યોગ શબ્દનો અર્થ મિલન તરીકે થતો હોય છે. સંસ્કૃતમાં **युज्** ધાતુ પરથી બનેલો આ 'યોગ' શબ્દ છે. **युज्**નો અર્થ છે જોડવું. તેથી યોગ શબ્દનો અર્થ મિલાપ કે જોડાણ થાય છે. વ્યાવહારિક વાતચીતમાં પણ આપણે કહેતા હોઈએ છીએ કે, 'આજે યોગ સાંપડ્યો તેથી જ સત્સંગમાં અવાયું'; કે પછી 'બધાં મિત્રો યોગાનુયોગ એક જગ્યાએ ભેગા થઈ ગયા.' આમ વિભિન્ન અર્થમાં, વિભિન્ન સંદર્ભમાં યોગ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. પરંતુ અત્રે મોક્ષના સાધન તરીકે વર્ણવાયેલ યોગ શબ્દનો અર્થ મોક્ષશાસ્ત્રોમાં કરવામાં આવેલી વ્યાખ્યા પ્રમાણે જ થાય છે.

ભગવદ્‌ગીતામાં યોગની વ્યાખ્યા આપતાં જણાવાયું છે કે,

**"तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ।"**

[ભ. ગીતા-અ-૬-૨૩]

"તે દુ:ખરૂપ સંસારના સંયોગથી વિયોગ (રૂપી) સંજ્ઞાવાળો યોગ જાણવો."

દુ:ખ સાથે થયેલાં સંયોગનો વિયોગ કરવો તેને જ યોગ જાણ. આમ, ભગવાન શ્રીકૃષ્ણના મતે તો વિયોગ એ જ સાચો યોગ છે. આપણને જન્મતાની સાથે જ, જગતના જડ પદાર્થોનો, અનાત્માનો, પ્રપંચનો યોગ તો થયેલો જ છે. તથા આત્મા તો આપણું સ્વરૂપ છે. તેથી તેની સાથે યોગ કરવાનો પ્રશ્ન અસ્થાને છે. માટે જ અત્રે જે અનાત્માના સંયોગથી દુ:ખ જન્મે છે તેની નિવૃત્તિ માટે પરમાત્માએ અનાત્માનો, સંસારનો કે દશ્યપ્રપંચનો વિયોગ કરવો અર્થાત્ તેની સાથે થયેલા તાદાત્મ્યને તોડવું, તેને જ 'યોગ' કહ્યો છે.

આમ, શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન તેમજ યોગને મોક્ષમાર્ગના સાધન તરીકે અત્રે વર્ણવવામાં આવે છે. શ્રુતિની વાણીને જ અત્રે શંકરાચાર્યજીએ દર્શાવી છે. કૈવલ્યશ્રુતિમાં જણાવાયું છે કે.

"**श्रद्धाभक्तिध्यानयोगादवैहि** ।" [કૈવલ્ય શ્રુતિ-૩]

"શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન તથા યોગ દ્વારા જાણવાનો પ્રયત્ન કર."

આમ, શંકરાચાર્યજી પણ શાસ્ત્રને સહારે તેમ જ શ્રુતિસંમત પરંપરાગત ઉપદેશને જ પ્રાધાન્ય આપી આપણને શ્રુતિનો જ પરિચય કરાવે છે, તથા એમ પણ સૂચવે છે કે શાસ્ત્રને સહારે મોક્ષમાર્ગે આગળ વધી શકાય છે. પ્રત્યેક આચાર્યોએ શ્રુતિગત વચનોને આધારે જ મુમુક્ષુને ઉપદેશવો જોઈએ. મુમુક્ષુએ પણ સમજી લેવાની જરૂર છે કે પરંપરાગત, શાસ્ત્રસંમત જ્ઞાન પ્રાપ્ત થાય તેવા સદ્ગુરુને શરણે જઈશું તો જ મોક્ષનો સરિયામ, સરળ માર્ગ આપણને ઉપલબ્ધ થશે. જો તેમ નહીં કરવામાં આવે તો શબ્દોના અરણ્યોમાં આપણે પંથ ભૂલેલા પથિકની જેમ અહીં-તહીં ભટક્યા કરીશું.

(છંદ-ઉપજાતિ)

**अज्ञानयोगात् परमात्मनस्तव ह्यनात्मबंधस्तत एव संसृतिः ।**
**तयोर्विवेकोदितबोधवह्निरज्ञानकार्यं प्रदहेत् समूलम् ॥४६॥**

| | | | |
|---|---|---|---|
| **परमात्मनः तव** | = પરમાત્મ-સ્વરૂપ તને | **तयोः** | = (આત્મા અને અનાત્મા) બન્નેના |
| **अज्ञानयोगात्** | = અજ્ઞાનને કારણે | **विवेकोदित** | –= વિવેકથી ઉપજેલો |
| **हि** | = જ | **बोधवह्निः** | = જ્ઞાનરૂપી અગ્નિ |
| **अनात्मबन्धः** | = અનાત્માનું બંધન છે. | **अज्ञानकार्यम्** | = અજ્ઞાનના કાર્યને |
| **ततः एव** | = તેના લીધે જ | **समूलम्** | = મૂળ સહિત |
| **संसृतिः** | = સંસાર (છે) | **प्रदहेत्** | = બાળી મૂકશે. |

દુઃખદ સંસારવૃક્ષના ઉચ્છેદન માટે પ્રબળ હથિયારનું નિર્દેશન કરતાં ગુરુ, શિષ્યને ઉપદેશે છે કે અજ્ઞાનને કારણે જન્મેલા દેહાદિરૂપ અનાત્મસંબંધથી તું સંસારને પ્રાપ્ત થયો છે તેથી, હે વત્સ! હું તને આત્મા અને અનાત્માનો ભેદ પારખવારૂપી વિવેકજ્ઞાન પ્રદાન કરું છું. જે વિવેકજ્ઞાનરૂપી અગ્નિ, અજ્ઞાનજન્ય તારા સંસારવૃક્ષને મૂળ સાથે બાળી, દુઃખદ સંસારના દાવાનળથી તને ઉગારી લેશે.

અત્રે ગુરુ, શિષ્યને તેના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન કરાવતાં કહે છે કે, 'હે શિષ્ય ! વાસ્તવમાં તો તું પરમાત્મા જ છે. તારા સાચા સ્વરૂપમાં અજ્ઞાન નથી. તેથી દુઃખનો સ્પર્શ પણ તને થતો નથી. છતાં પણ તારા આત્મ-સ્વરૂપના જ્ઞાનથી વંચિત એવા તેં, અનાત્મા સાથે તાદાત્મ્ય કર્યું છે. જેને કારણે દેહાદિનું કલ્પિત બંધન તને દુઃખી કરે છે. સ્થૂળ દેહને 'હું' તરીકે સ્વીકારવાની ભૂલ થતાં જ રાગ અને દ્વેષનું બંધન પ્રાપ્ત થાય છે. જ્યાં જ્યાં રાગ કે આસક્તિ રહેલી હોય ત્યાં ત્યાં મન વારંવાર ગમન કરે છે. જે જે પદાર્થોમાં રાગ રહેલો હોય છે તે તે પદાર્થોને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થાય છે તથા જે જે પદાર્થોમાં દ્વેષ રહેલો હોય છે તે તે પદાર્થોથી દૂર જવાનું મન થાય છે. આમ, અજ્ઞાનજન્ય રાગ અને દ્વેષ, પ્રવૃત્તિ તથા નિવૃત્તિના કાર્યમાં પ્રત્યેકને સંયોજે છે. આવી ક્રિયાઓ જ પુનર્જન્મનું કારણ બને છે. તેનાથી જ સંસારચક્ર ચાલ્યા કરે છે. જે તને સતત બંધનનો અનુભવ કરાવે છે.' આમ, સંસારનો જન્મ અજ્ઞાનથી થાય છે. આવી સમજનો નિષ્કર્ષ તો એ

જ છે કે, **'સંસાર છે માટે આપણે સંસારી નથી પરંતુ આપણે સ્વયંને સંસારી માનીએ છીએ તેથી સંસાર સર્જાય છે.'** ખરેખર તો સંસાર જ નથી તો સંસારી ક્યાં? તેમજ સંસાર નથી, સંસારી નથી તો દુઃખ ક્યાં છે? કોને છે? સંસારી જ સંસારના દુઃખોથી દુઃખી થાય. પરંતુ વિવેકજ્ઞાનરૂપી અગ્નિ વડે સમજી શકાય કે, 'હું દેહ નથી, દેહસંઘાત મારે નથી તો સંસાર કેવો? જ્યાં સંસાર જ નથી તો સંસારી કેવો?' આવા આત્મા–અનાત્માના વિવેકાગ્નિ દ્વારા અજ્ઞાનને દૂર કરવામાં આવે તો અજ્ઞાનજનિત દૃશ્યપ્રપંચનો, સંસારનો, તેના મૂળ 'અજ્ઞાન' સહિત નાશ થાય છે. માટે જ અત્રે જણાવાયું છે કે, '**विवेक–उदित–बोध–वह्निः समूलं अज्ञानकार्यं प्रदहेत् ।**' 'વિવેકાગ્નિ અજ્ઞાનજન્ય સંસારને મૂળ સાથે સળગાવી દેશે.'

અજ્ઞાનને લીધે સંસાર જન્મે છે તેથી અજ્ઞાન સંસારનું કારણ થયું અને સંસાર કે જગત તેનું કાર્ય થયું. અર્થાત્ અજ્ઞાનરૂપી બીજમાંથી જ સંસારરૂપી વૃક્ષનો જન્મ થાય છે. આમ હોવાથી જ અજ્ઞાનનો નાશ કરવામાં આવે તો તેના કાર્ય તેવા સંસારનો પણ નાશ થઈ જાય. બીજને બાળી નાંખીએ તો વૃક્ષ આપોઆપ બળી જાય છે.

"**कारणनाशे कार्यं नास्ति ।**"

અજ્ઞાનના નાશમાં જ સંસારનો સમૂલ નાશ રહેલો છે. આત્મા–અનાત્માનો વિવેક જ અજ્ઞાન નિર્મૂળ કરી સંસારનો બાધ કરે છે. તેથી સંસારજન્ય દુઃખની નિવૃત્તિ માટે અજ્ઞાનનાશનો ઉપાય એવા વિવેકજ્ઞાનની પ્રાપ્તિ કરવી અનિવાર્ય છે. અર્થાત્ આત્મજ્ઞાન જ સર્વ દુઃખોની નિવૃત્તિનો શ્રેષ્ઠ ઉપાય છે. સંસારતાપથી ત્રાસેલા તમામ મનુષ્યોએ પણ દુઃખમુક્તિની પ્રાપ્તિ માટે અજ્ઞાનનાબૂદીનો જ મહત્ત્વનો માર્ગ અપનાવવો આવશ્યક છે.

અજ્ઞાનનિવૃત્તિ એ જ પરમાનંદની પ્રાપ્તિનું એક માત્ર ઉત્તમોત્તમ સાધન છે, તેવું જાણતાં જ શિષ્ય હવે, અજ્ઞાનનાબૂદીને પંથે પ્રયાણ કરવા તત્પર બને છે. અભયદાન પ્રાપ્ત, ગુરુની કરુણાના પાત્ર બનેલો શિષ્ય હવે નિખાલસતાપૂર્વક પ્રશ્ન રજૂ કરવા તૈયાર થાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**शिष्य उवाच**

**कृपया श्रूयतां स्वामिन् प्रश्नोऽयं क्रियते मया ।**
**तदुत्तरमहं श्रुत्वा कृतार्थः स्यां भवन्मुखात् ॥५०॥**

**शिष्यः उवाच** = શિષ્ય બોલ્યો.

| | | | |
|---|---|---|---|
| **स्वामिन्** | = હે સ્વામી ! | **उत्तरम्** | = ઉત્તર |
| **कृपया** | = કૃપા કરીને | **भवन्मुखात्** | = આપના મુખથી |
| **श्रूयताम्** | = આપ સાંભળો. | **श्रुत्वा** | = સાંભળીને |
| **मया** | = મારા દ્વારા | **अहम्** | = હું |
| **अयम्** | = આ | **कृतार्थः** | = કૃતાર્થ |
| **प्रश्नः क्रियते** | = પ્રશ્ન કરાય છે. | **स्याम्** | = થઈશ. |
| **तत्** | = તેનો | | |

અધિકારી મુમુક્ષુ અને વિવેક-વિનયયુક્ત શિષ્ય પ્રશ્ન પૂછવાની પૂર્વભૂમિકા તૈયાર કરતો હોય તેમ ગુરુને કહે છે કે, 'આપની કૃપાદૃષ્ટિથી સંપન્ન થયેલો હું હવે આપને નમ્રતાપૂર્વક પ્રશ્ન પૂછવાની ચેષ્ટા કરું છું. અજ્ઞાનવિંનાશક આપ જ મારા પ્રશ્નનો ઉત્તર આપવા સમર્થ છો. આપના પવિત્ર મુખથી જ્ઞાનામૃતરૂપી ઉત્તર પામી હું કૃતાર્થ થઈશ, ધન્ય બનીશ.'

પ્રશ્નોત્તરીના સંવાદ માટે તૈયાર થતી પાર્શ્વભૂમિકા ગુરુને ઉપદેશ આપવા પ્રેરણા પ્રદાન કરે છે આપણી પરંપરામાં પ્રશ્નોત્તરી દ્વારા જ જ્ઞાન હસ્તાંતરિત થયું છે. પ્રશ્નરૂપી પ્રેરકબળ જ ગુરુને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપવા વિવશ કરે છે. પ્રશ્નરૂપી નિમિત્ત ઊભું ન થાય તો જ્ઞાનીજન હોય, સભા માનવમેદનીથી ભરેલી હોય છતાં પણ જ્ઞાનામૃતની સરિતા વહી શક્તી નથી. તેથી જ જ્ઞાનમાર્ગે પ્રશ્નો પૂછવા તે પણ અતિ મહત્ત્વનું પાસુ છે.

શિષ્ય હવે ગુરુને ઉપદેશ આપવા વિનંતી કરતાં પોતાનો મૂળભૂત પ્રશ્ન રજૂ કરે છે.

(છંદ-ઉપજાતિ)

**को नाम बन्धः कथमेष आगतः कथं प्रतिष्ठास्य कथं विमोक्षः ।**
**कोऽसावनात्मा परमः क आत्मा तयोर्विवेकः कथमेतदुच्यताम् ॥५१॥**

| | | | |
|---|---|---|---|
| **बन्धः** | = બંધન | **असौ** | = આ |
| **कः नाम** | = કોને કહેવાય? | **अनात्मा कः** | = અનાત્મા શું છે? |
| **एषः** | = આ | **परमः** | = પરમ |
| **कथम् आगतः** | = (બંધન) કેવી રીતે આવ્યું? | **आत्मा** | = આત્મા |
| | | **कः** | = કોણ છે? |
| **अस्य** | = આની | **तयोः** | = (આત્મા અને અનાત્મા) બન્નેનો |
| **प्रतिष्ठा** | = સ્થિતિ | | |
| **कथम्** | = કેવી છે? | **विवेकः** | = વિવેક |
| **कथम्** | = કેવી રીતે | **कथम्** | = કેવી રીતે થાય? |
| **विमोक्षः** | = (તેમાંથી) છૂટકારો થાય. | **एतत्** | = તે |
| | | **उच्यताम्** | = કહો. |

શરણાગત શિષ્ય હવે કરુણાસાગર ગુરુને સંસારચક્રના બંધનમાંથી અને ભવવ્યાધિના સંતાપથી મુક્ત થવા માટે અત્યંત મહત્ત્વના, મૂળભૂત પ્રશ્નો પૂછે છે. શિષ્ય દ્વારા પૂછાયેલા સાત પ્રશ્નો આ પ્રમાણે છે.

(૧) બંધન એટલે શું?
(૨) આ બંધન કઈ રીતે આવ્યું?
(૩) તે કઈ રીતે સઘન બની ટકી રહ્યું છે?
(૪) આ બંધનમાંથી મુક્તિ કેવી રીતે મળે?
(૫) અનાત્મા શું છે?
(૬) પરમ પાવન આત્મા કોણ છે?
(૭) આત્મા અને અનાત્માનો વિવેક કેવી રીતે થાય?

ઉપરોક્ત નાના દેખાતા છતાં તત્ત્વાર્થે મોટા અને સરળ લાગવા

છતાં ગહન પ્રશ્નો શિષ્ય દ્વારા અત્રે પૂછાયા છે. શિષ્યના પ્રશ્નને જો સારી રીતે સમજી શકાય તો જ તેના અપાયેલા ઉત્તરો આપણને મદદરૂપ થઈ શકે. શિષ્યના પ્રશ્નો ઉપર વિચાર કરતાં આપણને તેમાં છૂપાયેલા રહસ્યનો, તેમાં રહેલા ગૂઢાર્થોનો ખ્યાલ આવશે.

બંધન છે શું? તેવો શિષ્યનો પ્રશ્ન સંકેતે છે કે બંધન શેનું બનેલું છે? તથા 'તે ક્યાં રહેલું છે?' તે સંદર્ભે આપણે વિચારીએ કે, 'બંધન કોને હોય?' શરીરને કે આત્માને? વિચારતા સમજાશે કે **'नित्यशुद्धबुद्धमुक्तस्वभावः आत्मा'** આત્મા તો નિત્ય, શુદ્ધસ્વરૂપ, બુદ્ધ અર્થાત્ ચૈતન્યસ્વરૂપ તથા દેશ, કાળ, વસ્તુના બંધનથી મુક્તસ્વભાવયુક્ત છે. કાળથી મુક્ત એવો આત્મા અજન્મા તથા અવિનાશી છે. અજન્મા હોવાથી તે તમામ વિકારોથી મુક્ત નિર્વિકાર સ્વરૂપ છે. આમ, જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુના ચક્રથી સદા મુક્ત હોવાથી આત્માને બંધન હોઈ શકે નહીં. સર્વવ્યાપક હોવાથી નિરાકાર એવા આત્માને દેશનું પણ બંધન હોતું નથી. તેથી એક વાત નિશ્ચિત અને સ્પષ્ટ છે કે આત્માને કોઈ પણ પ્રકારનું બંધન હોઈ શકે નહીં. તો હવે વિચારીએ કે બંધન શું શરીરને હોય? જન્મ લેવો અને મૃત્યુની ગોદમાં વિરામ લેવો તે તો શરીરનો સ્વભાવ છે. પ્રકાશ આપવો એ સૂર્યનો સ્વભાવ છે. ઠંડક પ્રદાન કરવી એ બરફનો સ્વભાવ છે. તે જ પ્રમાણે શરીરનો સ્વભાવ છે જન્મવું અને મૃત્યુને પ્રાપ્ત થવું: કોઈ પણ વસ્તુ તેના સ્વભાવથી વિરુદ્ધ જઈ શકે નહીં. તેનો અર્થ એ જ કે પર્વતથી સાગર ભણી પ્રયાણ કરવાના સ્વભાવવાળી સરિતા કદાપિ સાગર તરફથી પર્વતની દિશામાં જતી નથી, ગઈ નહોતી કે ક્યારેય જઈ શકે પણ નહીં. ગરમી પ્રદાન કરવાના સ્વભાવવાળો અગ્નિ ક્યારેય કોઈ પણ સ્થળે શીતળતા આપી શકે નહીં. આમ, મૂળભૂત સ્વભાવથી વિરુદ્ધ કોઈ પણ વર્તી શકે નહીં. પ્રકૃતિનો આ અવિચળ સિદ્ધાંત છે. પ્રકૃતિના નિયમથી બદ્ધ શરીરનો સ્વભાવ છે કે જન્મ લેવો, વૃદ્ધિ અને વિકાસને પ્રાપ્ત થવું, ત્યારબાદ ધીરે-ધીરે ક્ષય પામી વિનાશ અર્થાત્ મૃત્યુને આધીન થવું. આથી એક વાત સ્પષ્ટ છે કે શરીરને પણ બંધનનો

પ્રશ્ન હોઈ શકે નહીં. તો પછી 'બંધન' છે શું? તે કોને હોય છે? આ જ શિષ્યની મૂંઝવણ છે. સાચા જિજ્ઞાસુનો પ્રશ્ન છે.

બંધન ક્યાંથી આવ્યુ? સતત બંધનનો ભાવ અનુભવતો શિષ્ય હવે આગળ પૂછે છે કે **આ બંધનનું ઉદ્‌ગમસ્થાન કયું છે? બંધન ક્યાંથી આવ્યું છે?** આ બંધન ક્યાં ટકી રહ્યું છે? જન્મજાત અનુભવાઈ રહેલું આ સઘન બંધન કેવી રીતે ટકી રહ્યું છે?

બંધનમાંથી છૂટવાનો પ્રયત્ન કરી રહેલો શિષ્ય, કાદવમાંથી નીકળવા મથતી વ્યક્તિની જેમ વધુને વધુ મુશ્કેલીમાં મુકાતો જાય છે. સંસારરૂપી કાદવમાં ખદબદતો મનુષ્ય રાગ-દ્વેષના કીચડમાંથી નીકળવા મથતાં તેમાં વધુને વધુ ફસાતો હોય તેમ અનુભવે છે. વાસ્તવમાં થાય છે પણ કંઈક એવું જ. બંધનમાંથી છૂટવાના પ્રયત્નને બદલે દિવસે-દિવસે આપણે રેશમના કીડાના કોશેટાની જેમ એક તાર ઉપર બીજો, તેની ઉપર ત્રીજો, આમ ઉપરા ઉપરી સંબંધોના, સગપણના તાર દ્વારા પોતાને બાંધીએ છીએ. જન્મ સમયે આપણને કંઈ જ ખબર નહોતી. વાસનાગત કર્મના ફળરૂપે શરીર પ્રાપ્ત કર્યું. વૃદ્ધિ પામતાં બાલ્યાવસ્થાને પ્રાપ્ત થયા. આગળ જતાં તરુણાવસ્થામાં પ્રવેશ કર્યો. જગતને ઓળખવા, સમજવામાં સમય પસાર કર્યો. પરંતુ યુવાનીમાં પ્રવેશતાં જ જગતના પદાર્થોની પ્રાપ્તિની ઇચ્છા સેવી અનેક પ્રકારના મનસૂબા કર્યા. પદાર્થોના ભોગની ઇચ્છા કરી તેની પ્રાપ્તિ માટે પ્રવૃત્ત થયા. પદાર્થો પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાં કર્તા બન્યા અને તેને ભોગવવાની ક્રિયાથી ભોક્તા બન્યા. ભોગમાં સુખનો ભાસ જન્માવ્યો. છેવટે તેમાંથી ઉપરામ થવા યોગ આદર્યો. આવી અનેક પ્રક્રિયાઓમાં સ્વયંને પ્રયોજી કર્તા-ભોક્તા, ભોગી-યોગી તથા રોગી બની, સુખ અને દુ:ખના અનુભવોની પરંપરા સર્જી, જન્મથી મૃત્યુ પર્યંત અનેક કર્મો કર્યાં. પરંતુ તે ન સમજાયું કે પ્રત્યેક ક્રિયાનો કર્તા બની મેં પોતે જ રેશમના કીડાની જેમ કર્તા-ભોક્તા- ભાવનો તાર વીંટવાનો જ પુરુષાર્થ કર્યો. જેમ જેમ કર્મો થતાં ગયાં તેમ તેમ મારી આસપાસ બંધનના તાંતણા રચાતા ગયા અને હું જ મારી કેદનો રચયિતા બન્યો. આમ, બંધન વિશેનો

શિષ્યનો પ્રશ્ન પ્રત્યેક માટે વિચારણીય છે.

બંધનની ભીંસમાં મુંઝારો અનુભવતો મુમુક્ષુ, બંધનની પકડમાંથી છૂટવા માટે આગળ પૂછે છે કે, આવા દૃઢ બંધનમાંથી છૂટવાનો ઉપાય શું છે? જ્યાં સુધી બંધનનું મૂળ સમજાયું ન હોય ત્યાં સુધી તેમાંથી મુક્ત થવું અશક્ય છે. તેથી જ પૂર્વે પૂછાયું હતું કે 'બંધન આવ્યું ક્યાંથી?' જેની જડો મજબૂત થઈ ગઈ છે તેવા આ બંધનમાંથી મુક્ત થઈ શકાશે ખરું? આ બંધન અનાદિ હોવાનું જણાઈ રહેલું હોવાથી તેનો અંત હશે કે નહીં? તેવી શંકામાં ચિંતિત થતો શિષ્ય અત્રે પૂછે છે કે, તેમાંથી મુક્તિ કેવી રીતે પ્રાપ્ત થાય? વાસ્તવમાં તો કર્તા–ભોક્તાભાવની ભ્રાંતિને કારણે જ બંધનનો જન્મ થાય છે અને ત્યારબાદ જડ એવા દેહને 'હું' માની સતત કર્મો કરવાથી જ શિષ્યને હવે પ્રશ્ન સતાવે છે કે તેમાંથી મુક્તિ કઈ રીતે મળે?

અનાત્માના ચિંતનથી બંધનની દૃઢતા પ્રાપ્ત થતી હોય તો સ્વાભાવિક પ્રશ્ન થાય કે આ અનાત્મા છે શું? '**कः असौ अनात्मा ।**' આત્માથી વિરુદ્ધ સ્વભાવવાળું જે કંઈ જણાય છે તે સર્વ અનાત્મા છે, એવું જો જણાવવામાં આવે તો સંદેહ જાગે કે, 'આત્મા છે કોણ?' '**परमः आत्मा कः ।**' શ્રુતિમાં સમજાવાયેલો તથા વેદોમાં વર્ણવાયેલો આત્મા નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવવાળો છે. કાળથી મુક્ત અજન્મા અને અવિનાશી એવો આત્મા નિરાકાર છે. નિરાકાર હોવાથી તે સર્વવ્યાપ્ત છે. અજન્મા અને વ્યાપક એવો સૂક્ષ્માતિસૂક્ષ્મ આત્મા દેશ અને કાળના બંધનથી પર છે. અદૃશ્ય છે તથા ચૈતન્યસ્વરૂપ છે. આવા સચ્ચિદાનંદસ્વરૂપ આત્માથી ભિન્ન જે કંઈ દૃશ્ય, જડ, સાકાર, જન્મેલું, નાશ પામનારું તથા સ્થૂળ છે તે સર્વ કાંઈ અનાત્મા છે. ચેતનવંતા પ્રાણીઓ કે વનસ્પતિસૃષ્ટિને જોતાં આત્મા અને અનાત્માનો ભેદ પારખવો મુશ્કેલીભર્યું જણાય છે. તે હેતુથી શિષ્ય આત્મા અને અનાત્માને છૂટાં પાડી આત્માનું સચોટ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પૂછે છે કે, **तयोः विवेकः कथम् ।** અર્થાત્ આત્મા અને અનાત્માનો ભેદ પારખવાનો વિવેક વિચાર કયો છે? આ આત્મા અને અનાત્માનો વિવેક કેવી રીતે પ્રાપ્ત થાય? આ બધું જ મને કૃપા કરી

હે ગુરો! સવિસ્તાર સમજાવો.

સાત વિભિન્ન પ્રશ્નો દ્વારા રજૂ થયેલી શિષ્યની મૂંઝવણ દૂર કરવા માટે ધીરજની આવશ્યકતા છે. એક વાક્યમાં તાત્કાલિક કે પૂર્વરચિત કોઈ ઉપાય આપવો શક્ય નથી. તદુપરાંત આ પ્રકરણ ગ્રંથ હોવાથી, આચાર્યશ્રી આવા મૂળભૂત પ્રશ્નોના ઉત્તરો સમગ્ર ગ્રંથરચના દ્વારા આપે છે. હવે પ્રશ્ન પૂછનારને પ્રોત્સાહિત કરવા, સૌ પ્રથમ તેને અભિનંદન-ધન્યવાદ પાઠવી ગ્રંથસરિતાને વહેતી મૂકે છે.

(છંદ-અનુષ્ટુપ)

**श्री गुरुरुवाच**

**धन्योसि कृतकृत्योऽसि पावितं ते कुलं त्वया ।**
**यदविद्याबन्धमुक्त्या ब्रह्मीभवितुमिच्छसि ॥५२॥**

**श्री गुरुरुवाच** = શ્રી ગુરુ બોલ્યા

| | | | |
|---|---|---|---|
| **धन्यः असि** | = (હે વત્સ) તું ધન્ય છે, | **पावितम्** | = પવિત્ર થયું. |
| | | **यत्** | = કારણ કે |
| **कृतकृत्यः असि** | = તું કૃતકૃત્ય છે. | **अविद्या** | = અવિદ્યાના |
| **त्वया** | = તારાથી | **बन्धमुक्त्या** | = બંધનથી છૂટીને(તું) |
| **ते** | = તારું | **ब्रह्मीभवितुम्** | = બ્રહ્મરૂપ થવા |
| **कुलम्** | = કુળ | **इच्छसि** | = ઇચ્છે છે. |

શિષ્યના પ્રશ્નોથી પ્રસન્ન થયેલા ગુરુ, શિષ્યને શાબાશી આપતાં જણાવે છે કે, 'હે શિષ્ય ! તું ધન્ય છે. તું કૃતકૃત્ય છે. તેં તારું કુળ પવિત્ર કર્યું છે. અવિદ્યાના બંધનથી મુક્તિ પ્રાપ્ત કરવા તું બ્રહ્મજ્ઞાન ઇચ્છે છે, તેથી માત્ર તું જ નહીં પરંતુ તારો સમગ્ર પરિવાર ધન્ય છે.

જીવનમાં પ્રત્યેક વ્યક્તિ વારંવાર એક અથવા બીજી વાતે દુઃખ અનુભવતી હોય છે. પ્રત્યેકના જીવનમાં એવાં કેટલાંક પ્રસંગો બને છે કે જયારે તે હતાશ કે નિરાશ થઈ જાય છે. તેને જગત સારહીન જણાય છે. તો કેટલીકવાર

બધું જ હોવા છતાં પોતે કંઈક એવી મૂંઝવણ અનુભવે છે કે તેમાંથી બહાર નીકળવાનો રસ્તો તેને જણાતો નથી. આવા સમયે મોટાભાગના લોકો પોતાના પ્રશ્નોનું સમાધાન બાહ્ય જગતમાં શોધે છે. પોતાના દુઃખનો ઉપાય પદાર્થોની પ્રાપ્તિમાં કે પછી મિત્રો સાથેની ચર્ચામાં શોધે છે. પરંતુ કોઈક પુણ્યશાળી, પૂર્વ કર્મોના પ્રતાપે દુઃખમાંથી મુક્તિનો કે બંધનમાંથી છૂટવાનો ઉપાય શાસ્ત્રશ્રવણ દ્વારા, ગુરુના ચરણમાં શરણાગતિ સ્વીકારી, આત્મજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા શોધે છે. આવો સદ્વિચાર પ્રાપ્ત થતાં ગુરુચરણમાં મસ્તક નમાવી દુઃખને નિર્મૂળ કરવા ઉદ્યમી બનેલા શિષ્યને ખરેખર ધન્યવાદ ઘટે છે. માટે જ ગુરુ જણાવે છે કે, 'હે વત્સ! બંધનમાંથી છૂટવા માટે તેં જે સાહસ કર્યું છે તથા તારા સ્વરૂપને જાણવાની તને જે પાવન જિજ્ઞાસા જાગી છે તે માટે તું ખરેખર ધન્ય છે. તું કૃતકૃત્ય છે એટલું જ નહીં તારા હૃદયમાં આવો ભાવ જાગવો તે તારા પવિત્ર પૂર્વસંસ્કારનું પરિણામ છે. તેથી પ્રિય વત્સ! તારું કુટુંબ પણ ધન્ય છે. દુઃખમાંથી ક્ષણિક મુક્તિના ઉપાય માટે કોઈ ખોટાં માર્ગે, અધઃપતનના પંથે પ્રયાણ ન કરતાં જ્ઞાનપ્રાપ્તિની સાત્ત્વિક ઇચ્છા પ્રાપ્ત કરી તું ભવોભવનું બંધન કાપવા તત્પર થયો છે, તેથી કૃતકૃત્ય થવા તત્પર થયેલા તને હું હાર્દિક અભિનંદન પાઠવું છું. ખરેખર તેં તારા કુટુંબપરિવારને, આ સમાજને, તારી માતૃભૂમિને તથા દેશને ઋણમુક્ત કરવાનો પ્રયાસ કર્યો છે.

જ્ઞાનપંથે આગળ વધવાનો વિચાર ધરાવતો શિષ્ય, જો ધન્યવાદને પાત્ર હોય તો જ્ઞાનને પામી ચૂકેલા જ્ઞાની માટે તો કહેવું જ શું? શિષ્યનું અજ્ઞાન નિવૃત્ત કરવા કૃપા વરસાવતા, તેમજ સમાજમાં ઘર કરી ગયેલી ખોટી પ્રથા કે કુરિવાજોને નાબૂદ કરી ગેરમાર્ગે દોરાયેલા સમાજને સન્માર્ગે વાળવાનો પ્રયત્ન કરતાં સાચા સર્વજનહિતકારી સંતો વિશે તો બોલવું જ શું? તેમ છતાં સાચી સેવા શું? તેની હકીકતથી અજાણ સમાજ, શાળાઓ ખોલવી, અસ્પતાલો બંધાવવી, કૂવા-વાવ ખોદાવવા, મંદિરો ઊભા કરવા તથા ચીજવસ્તુઓની વહેંચણી કરવી, તેવી પ્રવૃત્તિને જ સેવા સમજે છે. તદુપરાંત બ્રહ્મવિદ્યા પ્રદાન કરી, અજ્ઞાન નિર્મૂળ કરી, તે દ્વારા સમાજમાં શાંતિ સ્થાપી આત્મીયતા

કેળવી; દયા, પ્રેમ; સત્યના બીજ રોપી; પરમ સત્યની ઝાંખી કરાવી; જીવનના ઉત્કૃષ્ટ લક્ષ્યની પ્રાપ્તિ પ્રતિ પ્રયાણ કરાવનારા સંતોની મહાન સેવાને સમયની બરબાદી સમજે છે. તેઓ વિચારે છે કે આવા પ્રવચનો કે વ્યાખ્યાનોથી કોની ભૂખ સંતોષાશે? તે તો માત્ર વાણીનો વિલાસ તથા સમયની બરબાદી છે. વાસ્તવમાં તો અજ્ઞાનની નાબૂદી એ જ સાચી અને ઉત્તમ સેવા છે. અજ્ઞાનમાંથી પોતે મુક્ત થવું અને સમાજને પણ તે માર્ગે દોરી જવો તે જ સમાજની અને દેશની, આપણા દ્વારા થયેલી અપરંપાર સેવા છે. કારણ કે આપણે પૂર્વે જોઈ ગયા હતા, તેમ બંધનનું કારણ અને દુઃખનું મૂળ તો અજ્ઞાન જ છે. અજ્ઞાન જ સર્વ સમસ્યાઓની જડ છે. તેથી અજ્ઞાનનાબૂદીનો પુરુષાર્થ કરવો એ જ દુઃખમુક્તિનો સહજ ઉપાય છે. જીવનની તમામ સમસ્યાઓનું નિરાકરણ આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં સમાવિષ્ટ છે. માટે જ શાસ્ત્ર કહે છે કે જ્ઞાનમાર્ગે પ્રવૃત્ત થનાર પ્રત્યેક વ્યક્તિ ધન્ય છે. શાસ્ત્રમાં જણાવ્યું છે કે,

"कुलं पवित्रं जननी कृतार्था
वसुंधरा पुण्यवती च तेन ।
अपारसंवित्सुखसागरेऽस्मिन्
लीनं परे ब्रह्मणि यस्य चेतः ॥"

"જેનું મન અનંત આનંદસ્વરૂપ પરબ્રહ્મમાં (એક ક્ષણ માટે પણ) લીન થયું હશે તો તેમના વડે આ વસુંધરા પુણ્યવતી (કૃતકૃત્ય) થઈ છે. તથા (જન્મ આપી) માતા પણ કૃતાર્થ થઈ છે. (અર્થાત્ પ્રસવની પીડા સહન કરી, યોગ્ય સંસ્કાર સીંચી પુત્રને આત્મકલ્યાણને પંથે પ્રવાસ કરવા નિમિત્ત બનેલી જનની કૃતાર્થ છે.) અને તેનું કુળ પવિત્ર બન્યું છે."

આત્મજ્ઞાન માટેની પ્રેરણા પ્રાપ્ત કરવી તે તો સદ્ભાગ્ય છે જ પરંતુ તે વિશેનું શ્રવણ પ્રાપ્ત કરવું, તે તો એથી પણ વિશેષ ધનભાગ્ય છે. શાસ્ત્રશ્રવણ જ મનના પ્રશ્નવંટોળનું શમન કરી સમાધાન સર્જે છે, પરોક્ષજ્ઞાન પ્રદાન કરે છે. સંશયયુક્ત ચિત્તમાં આત્મચિંતનની એક ફૂંકથી જ્ઞાનાગ્નિ પ્રજવલિત કરે છે. તેથી આત્મતત્ત્વનો શ્રોતા પણ ધન્ય છે. શ્રવણ, જ્ઞાનપ્રાપ્તિનું

પ્રથમ અને મુખ્ય સાધન છે. માટે જ શ્રુતિ જણાવે છે કે,

**"श्रवणायापि बहुभिर्यो न लभ्यः**
**शृण्वन्तोऽपि बहवो यं न विद्युः ।**
**आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा**
**आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ॥"**

[કઠોપનિષદ-૧-૨-૭]

"જે (આત્મતત્ત્વ) ઘણાઓને તો સાંભળવા માટે પણ મળતું નથી, જેને ઘણાં માણસો સાંભળીને પણ સમજી શક્તા નથી. તેવા આ ગૂઢ આત્મતત્ત્વનું વર્ણન કરનાર (મહાપુરુષ) આશ્ચર્યમય છે. તેને પ્રાપ્ત કરનાર પણ અતિકુશળ કોઈક જ હોય છે, અને જેને તત્ત્વની પ્રાપ્તિ થઈ ગઈ છે એવા જ્ઞાની મહાપુરુષ વડે શિક્ષણ પામેલો, આત્મતત્ત્વને જાણનારો પણ આશ્ચર્યમય છે."

સ્મૃતિ પણ આજ વાતનું અનુમોદન કરતાં જણાવે છે કે,

**"आश्चर्यवत्पश्यति कश्चिदेनम्**
**आश्चर्यवद्वदति तथैव चान्यः ।**
**आश्चर्यवच्चैनमन्यः शृणोति**
**शृत्वाऽप्येनं वेद न चैव कश्चित् ॥"**

(ભગવદ્ગીતા અ-૨-૨૯)

"કોઈ મહાપુરુષ આ આત્માને આશ્ચર્ય જેવો જુએ છે. (જાણે છે.) અને તે જ પ્રમાણે બીજો કોઈ મહાપુરુષ જ આશ્ચર્ય જેવા (આત્મા વિશે) કહે છે અને બીજો કોઈ આ (આત્માને) આશ્ચર્ય જેવો સાંભળે છે. તથા કોઈ સાંભળીને પણ આ આત્માને જાણતો નથી જ." આ જ સંદર્ભે આગળ વધીને ઉપનિષદ ઉદ્ઘોષે છે કે,

**"स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव**
**भवति नास्याब्रह्मवित्कुले भवति ।"**

(મુંડકોપનિષદ-૩-૨-૯)

"જે કોઈ તે પરબ્રહ્મ પરમાત્માને ખરેખર જ જાણી લે છે તે

મહાત્મા બ્રહ્મ જ થઈ જાય છે. એના કુળમાં બ્રહ્મને ન જાણનારો થતો નથી.''

સ્મૃતિ, શ્રુતિના રહસ્યોને પચાવનાર ગુરુને, ચેલાની વણઝાર ઊભી કરવામાં રસ છે તેવું નહીં, પરંતુ સત્યને જીવનમાં પચાવવા, છૂરાની ધાર ઉપર ચાલવાના પ્રયત્નો કરવા જેવા દુર્ગમ પથ ઉપર પ્રયાણ કરવા પ્રવૃત્ત થયેલા, શૂરા બનેલા શિષ્ય ઉપર પ્રસન્ન થઈ, સદ્‌ગુરુ તેને પ્રોત્સાહન પ્રદાન કરવા તથા અનન્ય પ્રેરણા આપવા માટે અત્રે પરંપરાગત શિક્ષણપ્રણાલિકા પ્રમાણે શિષ્યને જ્ઞાનમાર્ગે પ્રોત્સાહિત કરે છે. અજ્ઞાનનિવૃત્ત કરવા તત્પર થયેલા શિષ્યને સ્વપ્રયત્નની આવશ્યકતા વિશે દૃષ્ટાંતો આપી હવે પછીના શ્લોકો દ્વારા સમજાવે છે.

(છંદ–અનુષ્ટુપ)

**ऋणमोचनकर्तारः पितुः सन्ति सुतादयः ।**
**बन्धमोचनकर्ता तु स्वस्मादन्यो न कश्चन ।।५३।।**

| | | | |
|---|---|---|---|
| **पितुः** | = પિતાને | **बन्धमोचनकर्ता** | = (સંસારરૂપી) બંધનમાંથી છોડાવનાર |
| **ऋणमोचनकर्तारः** | = ઋણમાંથી છોડાવનાર | **स्वस्मात्** | = પોતાની જાત સિવાય |
| **सुतादयः** | = પુત્ર વગેરે | **अन्यः** | = બીજું |
| **सन्ति** | = હોય છે | **कश्चन** | = કોઈ પણ |
| **तु** | = પરંતુ | **न** | = નથી. |

## સ્વપ્રયત્નની અનિવાર્યતા

મુક્તિ માટે પ્રયત્નશીલ શિષ્યને પ્રોત્સાહિત કરી હવે ગુરુ અત્રે સમજાવવાનો પ્રયત્ન કરે છે કે, પોતાને બંધનમાંથી છોડાવનાર પોતાનાથી ભિન્ન કોઈ પણ વ્યક્તિ હોઈ શકે નહીં. ગુરુ પાસેથી મોક્ષની ઇચ્છા રાખનાર, કે પછી કોઈ અન્ય વ્યક્તિ પાસેથી મુક્તિની અપેક્ષા રાખનાર સર્વ કોઈ મુમુક્ષુએ સ્પષ્ટ સમજી લેવું આવશ્યક છે કે જગતની કોઈ પણ વ્યક્તિ કોઈને પણ મોક્ષ આપી શકે નહીં. મુક્તિનો કે મોક્ષનો ઉપાય કોઈ સૂચવી શકે,

બંધનમાંથી છૂટવાનો માર્ગ ગુરુ કે કોઈ પણ માર્ગદર્શક ચીંધી શકે, પરંતુ કોઈ પણ વ્યક્તિ મોક્ષ આપી શકે નહીં.

પિતાએ જો દેવું કર્યું હોય, કોઈની ઉધાર વસ્તુઓ લીધી હોય તો તેવું પિતૃઋણ પુત્ર ભરપાઈ કરી શકે. પિતાની ઉધાર લીધેલી ચીજો પુત્ર કે અન્ય સંતાનાદિ કુટુંબીજનો પરત કરી શકે, પરંતુ જો પિતા બંધનનો અનુભવ કરતાં હોય, અવિદ્યાગ્રસ્ત હોય, તો તેવા અજ્ઞાનરૂપી બંધનમાંથી મુક્તિનો ઉપાય તો તેમણે સ્વયં કરવો પડે છે. દેવાદારનું દેવું તો મિત્રો પણ મદદ કરી ચૂકવી શકે છે. પરંતુ સ્વયંના અજ્ઞાનમાંથી છૂટકારો મેળવી જ્ઞાનપ્રાપ્તિ તો પોતે જાતે જ કરવી પડે છે. અજ્ઞાનનાબૂદીના ભગીરથ કાર્યમાં કોઈ ભાગીદાર થઈ શકે નહીં.

આ ઉપરથી આપણે સૌએ સમજી લેવાની જરૂર છે કે ધનના કે ભોગના ભાગીદાર ગમે તે થઈ શકે, પરંતુ પુણ્યના કે પાપના ભાગીદાર કોઈ થઈ શકે નહીં. ઘરની એક વ્યક્તિ ધન ભેગું કરીને લાવતી હોય તો તે ધનનો ઉપયોગ ઘરની પ્રત્યેક વ્યક્તિ કરી શકે છે પરંતુ ઘરની એક વ્યક્તિ જો સત્સંગ, સેવા-પૂજા, તપશ્ચર્યા કરતી હોય તો તેના સત્કાર્યનું ભાગીદાર કોઈ અન્ય વ્યક્તિ બની શકે નહીં. તે જ પ્રમાણે ઘરની એક વ્યક્તિ જો પાપકર્મ કરી દુષ્કૃત્યો દ્વારા ધન એકઠું કરતી હોય તો તેના ધનની ભાગીદાર કોઈ પણ વ્યક્તિ; તેના પાપકર્મની ભાગીદાર બનતી નથી. આવું પૌરાણિક દૃષ્ટાંત વાલિયા લૂંટારાનું આપણા શાસ્ત્રમાં જોવા મળે છે. તેની લૂંટના ભાગીદાર સૌ કુટુંબીજનોને તેના એ પાપકર્મ સાથે કોઈ પણ નિસ્બત નથી તેવું સમજાતાં જ તેના જીવનમાં પરિવર્તન આવ્યું અને નારદમુનિના ઉપદેશ પ્રમાણે તેમણે તે પાપમાંથી મુક્તિ માટે રામનામનું શરણ લીધું અને તેઓ વાલિયા લૂંટારામાંથી ઋષિ વાલ્મિકી બન્યા.

પાપ કે પુણ્યકર્મના આપણા ભાગીદાર કોઈ અન્ય વ્યક્તિ બની શકી હોત તો રાજા કંસનો ભગવાન શ્રીકૃષ્ણે સંહાર કર્યો ન હોત અને પુણ્યકર્મ પ્રદાન કરી પાપનો ક્ષય કરી પોતાના મામા કંસનો સંહાર થતો

અટકાવી શક્યા હોત. એ જ પ્રમાણે રામાવતારમાં પણ ભગવાને રાવણનો સંહાર કરવાને બદલે તેના તમામ કર્મોમાંથી તેને મોક્ષ પ્રદાન કર્યો હોત. સ્વયં અવતારી પુરુષ હોવા છતાં તેઓએ દુષ્ટોને તેમના દુષ્કર્મનું જ ફળ આપ્યું છે.આમ કર્મના કાયદામાંથી કોઈ મુક્ત થઈ શકે તેમ નથી. તેથી જ અત્રે જણાવવામાં આવ્યું છે કે બંધનમાંથી છૂટવા માટે વ્યક્તિએ પોતાની જાતે જ પ્રયત્ન કરવો પડે છે.

અન્ય દૃષ્ટાંત દ્વારા હવે પછીના શ્લોકમાં આ જ મુદ્દાને ભગવાન શંકરાચાર્યજી વધુ સ્પષ્ટ કરે છે.

(છંદ-અનુષ્ટુપ)

**मस्तकन्यस्तभारादेः दुःखमन्यैर्निवार्यते ।**
**क्षुधादिकृतदुःखं तु विना स्वेन न केनचित् ।।५४।।**

**मस्तकन्यस्तभारादेः** = (પોતાના) માથા ઉપર રાખેલા ભાર વગેરેનું
**दुःखम्** = દુઃખ
**अन्यैः** = બીજાઓથી
**निवार्यते** = નિવારણ કરી શકાય.
**तु** = પણ
**क्षुधादिकृतदुःखम्**= ભૂખ તરસ વગેરેથી ઉપજેલું દુઃખ
**स्वेन विना** =પોતાની જાત સિવાય
**न केनचित्**=કોઈનાથી પણ નિવારી શકાતું નથી.

જીવનમાં ઘણી બાબતો એવી છે કે જેના માટે માત્ર સ્વપ્રયત્ન જ ઉપયોગી નીવડી શકે. સ્વપ્રયત્ન વિના બીજા કોઈ પણ ઉપાય વડે તેવી સમસ્યાઓ હલ થતી નથી. બંધનમાંથી મુક્તિ કે અજ્ઞાનનિવૃત્તિ પણ સ્વયંના સભાનપણે કરાયેલા ચોક્કસ પ્રમાણેના પ્રયત્નથી જ થઈ શકે તેમ છે. તેથી તેવા જીવનના મૂળભૂત પ્રશ્નના ઉકેલ માટે સ્વપ્રયત્નનું મહત્ત્વ તેમજ તેની અનિવાર્યતા સમજાવવા માટે ભગવાન શંકરાચાર્યજીએ અત્રે અન્ય દૃષ્ટાંત આપેલું છે.

કોઈ વ્યક્તિ જો માથા ઉપર ભાર લઈને જતી હોય તો તેને ભારમાંથી મુક્ત કરવા કે પછી ભારને થોડો હલકો કરવા માટે અન્ય કોઈ

વ્યક્તિ કે વટેમાર્ગુ મદદરૂપ થઈ શકે છે. પરંતુ જો તે વ્યક્તિ ભૂખી હોય, તેને તરસ લાગી હોય તો તેની ભૂખ કે તરસની તૃપ્તિ અન્ય કોઈના ભોજન કરવાથી કે પાણી પીવાથી થતી નથી. ભૂખ અને તરસ મિટાવવા માટે તો તે વ્યક્તિએ જાતે જ ખોરાક ખાવો પડે છે. કોઈ પરોપકારી કે હિતેચ્છુજન ભૂખી અને તરસી વ્યક્તિને અન્ન-જળ આપી શકે પરંતુ ખોરાકને ચાવીને પેટમાં ઉતારવાનું કાર્ય તો ભૂખી વ્યક્તિએ પોતે જ કરવું પડે છે. તેવી જ રીતે સંસારના બંધનમાંથી કે દુઃખના દાવાનળમાંથી મુક્તિ માટેનો પ્રયત્ન તો વ્યક્તિએ જાતે જ કરવો પડે છે.

કોઈ માર્ગદર્શક ગુરુ પાસે વ્યક્તિને લઈ જઈ શકાય, પરંતુ જ્ઞાનમાં અભિરુચિ તો વ્યક્તિએ જાતે જ કેળવવી પડે છે. જેમ કે કોઈ ઘોડાને તબેલામાંથી તળાવ સુધી આપણે પહોંચાડી શકીએ પરંતુ પાણી પીવડાવી ન શકીએ. તેવી જ રીતે કોઈ પણ વ્યક્તિને શાસ્ત્રના ગ્રંથો આપી શકાય, પરંતુ તેમાં રસ કેળવતો ન કરી શકાય. જેમ ભૂખી વ્યક્તિને જ જમાડી શકાય, તેમ સંસારના દાવાનળથી દાઝેલી વ્યક્તિને જ દુઃખમુક્તિનો ઉપાય બતાવી શકાય. એટલું જ નહીં જે વ્યક્તિ ભૂખી હોય તે જ નક્કી કરી શકે કે,પોતે શું ખાવું છે? ક્યારે ખાવું છે? તથા તે કેટલું ખાઈ શકે તેમ છે. આમ, અધ્યાત્મમાર્ગે સર્વ કોઈને બળજબરીથી ધકેલી શકાય નહીં. જે જ્ઞાનપિપાસુ હોય, સાચા અર્થમાં, જેને જ્ઞાનની ભૂખ લાગી હોય તે જ આત્મજ્ઞાનના વિષયમાં વિચારી શકે. તેવી વ્યક્તિને જ શાસ્ત્રશ્રવણ ઉપયોગી બની શકે.

અત્રે જણાવવામાં આવ્યું કે જેવી રીતે માથા પરના ભારને દૂર કરવા માટે અન્ય કોઈ મદદરૂપ થઈ શકે, પરંતુ ક્ષુધાદિથી મુક્ત થવા માટે તો વ્યક્તિએ જાતે જ પ્રયત્ન કરવો પડે છે. તેવી જ રીતે સંસારબંધનમાંથી છૂટવા માટે પણ વ્યક્તિએ સ્વયં જ પુરુષાર્થ કરવો પડે છે. આ જ સંદર્ભમાં વધુ એક દૃષ્ટાંત દ્વારા શંકરાચાર્યજી હવે પછીના શ્લોકમાં સમજાવે છે.

(છંદ-અનુષ્ટુપ)

**पथ्यमौषधसेवा च क्रियते येन रोगिणा ।**
**आरोग्यसिद्धिर्दृष्टास्य नान्यानुष्ठित कर्मणा ।।५५।।**

**येन** = જે
**रोगिणा** = રોગી
**पथ्यम्** = પથ્ય(પરેજી) અને
**औषधसेवा च** = ઔષધોનું સેવન
**क्रियते** = કરે છે,
**अस्य** = એને
**आरोग्यसिद्धिः**=આરોગ્યની પ્રાપ્તિ(થતી)
**दृष्टः** = જોવામાં આવે છે.
**अन्यानुष्ठितकर्मणा** = અન્યના સેવેલા (પથ્ય અને ઔષધસેવનરૂપી) કર્મ વડે
**न** = (આરોગ્યપ્રાપ્તિ) થતી નથી.

વ્યાધિગ્રસ્ત વ્યક્તિ અથડાતી કૂટાતી લોકો પાસે પોતાના દુઃખના ગાણા ગાતી હોય તો તેમ કરવા માત્રથી તે વ્યાધિમુક્ત થઈ શકે નહીં. તે માટે તો તેણે વૈદ પાસે જઈ પોતાનું દર્દ બતાવી દવા લેવી પડે છે. ધારો કે કોઈ વ્યક્તિ માથાના દુઃખાવાથી પીડિત થતી હોય તો તે ડોક્ટર પાસે જઈ દવા માટેનું સૂચિપત્ર મેળવે છે. તે પત્ર ચોવીસ કલાક ખીસામાં મૂકી સતત બૂમો પાડે છે કે મને પુષ્કળ માથું દુઃખે છે. પણ આમ કરવાથી તેનું શિરદર્દ મટતું નથી. પરંતુ ડોક્ટરે લખી આપ્યા પ્રમાણેની દવા તેને પ્રાપ્ત કરવી પડે છે. ઘણીવાર એવું બને કે દવાના ઢગલા ઘરમાં ભેગા કર્યા હોય અને દર્દી રોગમુક્ત ન થતી હોય તો એક મુદ્દો સ્પષ્ટ છે કે તેણે દવા તો ભેગી કરી છે, પરંતુ દવા તેણે આરોગી નથી. આમ, દવા હોય પરંતુ રોગી તેને ન આરોગી શકે તો તે નિરોગી બનતી નથી. આવા રોગીની દવા જો કોઈ નિરોગી વ્યક્તિ લે તો તેનો ફાયદો રોગીને થતો નથી અને રોગી વ્યક્તિ રોગગ્રસ્ત જ રહે છે. રોગી વ્યક્તિ જો રોગમુક્ત થવા ઇચ્છતી હોય તો તેણે પોતે જ દવા લેવી પડે છે. આ જ પ્રમાણે દુઃખમાંથી મુક્તિનો ઉપાય પણ વ્યક્તિએ સ્વયં જ કરવો પડે છે. રોગીએ જેમ વૈદ પાસેથી દવાની સૂચિ મેળવવી પડે તેમ મોક્ષાર્થીએ શાસ્ત્ર-અધ્યયનાર્થે શાસ્ત્રો પ્રાપ્ત કરવા પડે. ત્યારબાદ રોગીને દવા પ્રાપ્ત કરવી પડે તે પ્રમાણે મુમુક્ષુએ પણ શાસ્ત્રોની

સમજ, તેના ગૂઢ સંકેતો સમજવા પડે.તેમ કર્યા બાદ રોગીએ દવા આરોગવી પડે, તે જ પ્રમાણે સંસારવ્યાધિથી ગ્રસ્ત રોગીએ પણ શ્રુતિના સંકેતોને આત્મસાત કરવા પડે. દવાને પચાવવા જેમ પાણીનો ઉપયોગ કરવો પડે તેમ શાસ્ત્રને પચાવવા ચિંતન, મનન અને નિદિધ્યાસન કરવા પડે. એકાંતમાં રહી જ્ઞાનમાં નિષ્ઠા પ્રાપ્ત કરવી પડે અને તો જ કદાચ ભવરોગમાંથી છૂટી શકાય.

પરમ પુરુષાર્થ એવા મોક્ષમાર્ગે સ્વપ્રયત્ન જ કામ લાગી શકે, તે મહત્ત્વની બાબતને વધુ દૃઢ બનાવવા એ જ સંદર્ભમાં જગદ્ગુરુ આગળ સમજાવે છે.

(છંદ-ઉપજાતિ)

**वस्तुस्वरूपं स्फुटबोधचक्षुषा स्वेनैव वेद्यं न तु पण्डितेन ।**
**चन्द्रस्वरूपं निजचक्षुषैव ज्ञातव्यमन्यैरवगम्यते किम् ।।५६।।**

| | | | |
|---|---|---|---|
| **चन्द्रस्वरूपम्** | =(જેમ) ચંદ્રનું સ્વરૂપ | **वस्तुस्वरूपम्** | = આત્મસ્વરૂપ |
| **निजचक्षुषा एव** | =પોતાની જ આંખોથી | **स्फुटबोधचक्षुषा** | = સમ્યક્ જ્ઞાનનેત્ર વડે |
| **ज्ञातव्यम्** | =જાણવા યોગ્ય છે, | **स्वेन एव** | =પોતાનાથી જ |
| **अन्यैः** | =બીજાઓ વડે | **वेद्यम्** | =જાણવા યોગ્ય (છે) |
| **किं अवगम्यते** | =શું જાણી શકાય? (તેવી રીતે) | **तु** | =પરંતુ |
| | | **न पण्डितेन** | =પંડિત વડે નહીં. |

ચંદ્રના રમણીય રૂપનું દર્શન કરવું હોય તથા તેનું માધુર્ય માણવું હોય તો વ્યક્તિ સ્વયંના ચર્મચક્ષુ દ્વારા જ જાણી કે માણી શકે છે. અન્ય દ્વારા થયેલા દર્શનથી તે આહ્લાદનો આનંદ માણી શકતો નથી. તે જ પ્રમાણે કોઈ વિદ્વાન હોય, ગમે તેવો પંડિત હોય, પરંતુ તેનું જ્ઞાન આપણને આત્મદર્શન માટે મદદરૂપ નીવડી શકે નહીં. અન્ય દ્વારા થયેલો પુરુષાર્થ આત્મજ્ઞાનના માર્ગમાં આપણને મદદરૂપ થઈ શકે નહીં. પરમાત્માના સાક્ષાત્કારમાં કોઈ દલાલ રોકી શકાય તેમ નથી. આડતિયાની ભગવાનને ખપ નથી. તેના

દર્શનાર્થે તો વ્યક્તિએ જાતે જ પુરુષાર્થ કરી અજ્ઞાનને દૂર કરવા માટે ચર્મચક્ષુ નહીં, પરંતુ જ્ઞાનચક્ષુની પ્રાપ્તિ કરવી પડે છે. જ્ઞાનચક્ષુ વિના અન્ય કોઈ ઉપાય વડે આત્મદર્શન શક્ય નથી.

અજ્ઞાન આવરણને દૂર કરવાના પુરુષાર્થ માટે દરેકે જાતે જ જ્ઞાનપ્રાપ્તિનો કે અજ્ઞાનનિવૃત્તિનો પુરુષાર્થ કરવો પડે છે, તેવું હવે પછીના શ્લોકમાં શંકરાચાર્યજી સ્પષ્ટપણે જણાવે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अविद्याकामकर्मादिपाशबन्धं विमोचितुम् ।**
**कः शक्नुयाद् विनात्मानं कल्पकोटिशतैरपि ।।५७।।**

| | |
|---|---|
| **अविद्याकामकर्मादिपाशबन्धम्** | = અજ્ઞાન, કામનાઓ અને કર્મ વગેરેના પાશના બંધનમાંથી |
| **आत्मानं विना** | = સ્વપ્રયત્ન વિના |
| **कल्पकोटिशतैः अपि** | = સો કરોડ કલ્પો સુધી પણ |
| **विमोचितुम्** | = છૂટકારો |
| **कः** | = કોણ |
| **शक्नुयात्** | = મેળવી શકે? |

અત્યાર સુધી ચર્ચાઈ રહેલા સ્વપ્રયત્નના મુદ્દાને પુનઃ દર્શાવતા શંકરાચાર્યજી અત્રે સ્પષ્ટપણે જણાવે છે કે અનાદિકાળથી ચાલ્યું આવેલું આ અજ્ઞાન, તેમાંથી જન્મતી કામનાઓ અને તેની પ્રેરણાથી થતાં કર્મોના બંધનમાંથી કરોડો કલ્પો સુધી પણ સ્વયંની જાત સિવાય અન્ય કોઈ છોડાવી શકે તેમ નથી. '**आत्मानं विना विमोचितुं कः शक्नुयात् ।**' આપણા અજ્ઞાનજનિત કાલ્પનિક બંધનમાંથી આપણને અન્ય કોઈ છોડાવી શકે નહીં.

આ જ વાત અન્ય શબ્દોમાં જણાવતાં ભગવાન શ્રીકૃષ્ણ જણાવે છે કે "**उद्धरेदात्मनात्मानम् ।**"(ભ.ગીતા.અ.૬-૫). આમ, સ્વપ્રયત્નની આવશ્યકતા જણાવ્યા બાદ હવે શંકરાચાર્યજી, સ્વપુરુષાર્થ એટલે શું? બંધનમાંથી

છૂટવા માટે કરવો પડતો સ્વપ્રયત્ન કોને કહેવાય? કેવો પુરુષાર્થ મુક્તિ માટે જરૂરી કે ઉપયોગી છે, તે જણાવે છે.

(છંદ–અનુષ્ટુપ)

**न योगेन न सांख्येन कर्मणा नो न विद्यया ।**
**ब्रह्मात्मैकत्वबोधेन मोक्षः सिध्यति नान्यथा ।।५८।।**

**न योगेन** = યોગથી નહીં,
**न सांख्येन** = સાંખ્યદર્શનના જ્ઞાનથી નહીં,
**न कर्मणा** = કર્મથી નહીં,
**न विद्यया** = ઉપાસનાથી(પણ)નહીં,
**ब्रह्मात्मैकत्वबोधेन**= જીવ અને બ્રહ્મના એકત્વના જ્ઞાનથી
**मोक्षः** = મોક્ષની
**सिध्यति** = પ્રાપ્તિ થાય છે
**न अन्यथा** = બીજા કોઈથી (ઉપાયથી) નહીં.

## આત્મજ્ઞાનની મહત્તા

પુરુષાર્થ વિશે સ્પષ્ટતા કરતાં આ શ્લોકમાં ભગવાન શંકરાચાર્યજી ખૂબ સુંદર વાત જણાવે છે. અત્રે જણાવ્યા પ્રમાણે મોક્ષ કે મુક્તિ યોગથી, સાંખ્યથી, કર્મથી કે કોઈ પણ પ્રકારની વિદ્યાથી પ્રાપ્ત થતી નથી. પરંતુ તેને પ્રાપ્ત કરવા માટે તો માત્ર એક જ ઉપાય છે, જીવ અને બ્રહ્મનું ઐક્ય. જીવાત્મા અને પરમાત્માના ઐક્યના જ્ઞાન સિવાય અન્ય કોઈ પણ ઉપાય દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત થઈ શકે તેમ નથી. '**मोक्षः ब्रह्म–आत्मा–एकत्वबोधेन सिध्यति । न अन्यथा ।**'

યોગ દ્વારા મોક્ષની પ્રાપ્તિ નથી. તે સમજવા માટે યોગ શબ્દ શું છે તે વિચારી લેવો આવશ્યક છે. અત્રે યોગનો અર્થ છે યૌગિક ક્રિયાઓ. પતંજલિ મહારાજનું યોગદર્શન ક્રિયાસભર છે. સાધક જો સ્વયંને યોગ કરનાર કર્તા સમજશે તો કદાપિ બંધનમાંથી છૂટી શકશે નહીં. તેથી જ અત્રે શંકરાચાર્યજીએ '**मोक्षः योगेन न सिध्यति ।**' 'મોક્ષની પ્રાપ્તિ યોગ વડે શક્ય નથી.' એમ જણાવ્યું છે.

સાંખ્ય દ્વારા અર્થાત્ કપિલમુનિ પ્રણીત સાંખ્યશાસ્ત્રથી પણ મોક્ષ સિદ્ધ થતો નથી. આમ, વિવિધ પ્રકારના જ્ઞાન વડે મુક્તિ શક્ય નથી. તદુપરાંત વેદના કર્મકાંડ વિભાગમાં બતાવાયેલા યજ્ઞ-યાગાદિ ક્રિયાઓ દ્વારા પણ મોક્ષ મળતો નથી. એટલું જ નહીં, **'न विद्यया'** અર્થાત્ વિદ્યા વડે પણ આ આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. અત્રે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શાસ્ત્રો જો સાધન હોય, તો તે દ્વારા પ્રાપ્ત કરેલી વિદ્યા વડે આત્મજ્ઞાન પ્રાપ્ત શા માટે નહીં થાય? અહીં શંકરાચાર્યજી સ્પષ્ટ કરવા માંગે છે કે ઉપનિષદગત હોવા છતાં પણ સગુણ ઉપાસના વડે કૈવલ્યપ્રાપ્તિરૂપી મોક્ષ સિદ્ધ થતો નથી. **'उपनिषद्विहितयापि विद्यया सगुणोपासनया कैवल्यरूपमोक्षो न सिध्यति ।'** પરંતુ જીવ અને બ્રહ્મના ઐક્ય સંબંધી જ્ઞાન દ્વારા જ મોક્ષ ઉપલબ્ધ થઈ શકે છે.

યોગ તથા સાંખ્યશાસ્ત્ર દ્વારા ઉપલબ્ધ થતું જ્ઞાન ભેદયુક્ત છે. એટલે કે યોગ તથા સાંખ્યશાસ્ત્રોમાં જીવાત્મા અને પરમાત્માના ભેદને સ્વીકાર્યા છે. જયારે તે વિષયે શ્રુતિ જણાવે છે કે **''यदाह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते । अथ तस्य भयं भवति ।''** (તૈત્તિરીય શ્રુતિ-બ્રહ્માનંદવલ્લી) ''જયારે જે કોઈ આ(પરમાત્મા અને જીવાત્મા)માં જરા સરખો પણ ભેદ કરે છે અર્થાત્ તસુમાત્ર પણ ભેદબુદ્ધિ રાખે છે તેને (તે ભેદદર્શનને કારણે) ભય થાય છે.'' એટલું જ નહીં, શ્રુતિમાં તો ઠેર ઠેર જણાવાયું છે કે કોઈ પણ કર્મ દ્વારા અમરત્વ કે મોક્ષપ્રાપ્તિ શક્ય નથી. શ્રુતિ પણ જણાવે છે કે, **''अमृतत्त्वस्य नाशास्ति वित्तेन''**(બૃહદારણ્યકોપનિષદ-૨/૪/૨) ''અમૃતત્વની આશા ધનથી રાખી શકાય તેમ નથી.'' અર્થાત્ ધન વડે પ્રાપ્ત કોઈ પણ વસ્તુથી અમરતા પ્રાપ્ત થતી નથી. આમ, કર્મ દ્વારા મોક્ષ શક્ય નથી તેવું અન્ય શ્રુતિ પણ જણાવે છે.''**न कर्मणा न प्रजया धनेन त्यागेनैके अमृतत्वमानशुः ।**'' (કૈવલ્યશ્રુતિ – ૩) ''કર્મ દ્વારા, પ્રજોત્પત્તિ દ્વારા કે ધન વડે નહીં પરંતુ ત્યાગ દ્વારા જ કેટલાકે અમરતા(મોક્ષ) પ્રાપ્ત કરી છે.'' આમ જણાવી, જગદ્ગુરુ શંકરાચાર્યજીએ અત્રે શાસ્ત્રના શાબ્દિક જ્ઞાનની મર્યાદા દર્શાવી છે. શાસ્ત્રના મંત્રોની સમજથી પ્રાપ્ત પરોક્ષજ્ઞાન જિજ્ઞાસુને બ્રહ્મલોકની પ્રાપ્તિ કરાવી શકે, પરંતુ કૈવલ્યરૂપી મોક્ષ અપાવી શકે નહીં.

બ્રહ્મલોકમાં બ્રહ્માજી દ્વારા તારક વિદ્યા પ્રાપ્ત કરી જ્યારે તે મુમુક્ષુ જીવ અને બ્રહ્મના ઐક્યનો સાક્ષાત્કાર કરે છે ત્યારે જ તેને મોક્ષ પ્રાપ્ત થાય છે તેથી જ જણાવાયું છે કે "**ते ब्रह्मलोकेषु परान्तकाले परामृतात्परिमुच्यन्ति सर्वे ।**" (કૈવલ્ય શ્રુતિ- ૪) "તેઓ સર્વે મરણકાળે (શરીર છોડીને) બ્રહ્મલોકમાં જાય છે અને ત્યાં સર્વથા મુક્ત થઈને પરમ અમૃત સ્વરૂપ થઈ જાય છે." "**तेन ब्रह्मलोकं गतानां तत्रैव कृतसाक्षात्काराणां कैवल्यरूप मोक्षः ।**" "તેઓ બ્રહ્મલોકમાં ગયેલાઓ ત્યાં (બ્રહ્મલોકમાં) જ સાક્ષાત્કાર કરીને કૈવલ્યરૂપ મોક્ષ પામે છે."

આમ, અત્રે પુરુષાર્થ સંબંધી સમજ આપતાં શંકરાચાર્યજીએ જણાવ્યું છે કે યોગ, સાંખ્ય, કર્મ, ઉપાસના કે વિદ્યા વડે મોક્ષ પ્રાપ્ત થતો નથી. પરંતુ જીવાત્મા અને પરમાત્માના એકત્વના જ્ઞાનથી જ મોક્ષ થાય છે.

મુક્તિ માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્યક છે પરંતુ આત્મા કોઈ વિષય નથી અર્થાત્ તે મુજથી ભિન્ન કે અન્ય કોઈ પદાર્થ નથી. તેમજ દેશ, કાળ અને વસ્તુની મર્યાદાથી પર એવો આત્મા નિત્ય મુક્ત છે. સર્વવ્યાપક આત્મા વાસ્તવમાં તો મારું નિજસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ આ આત્મા પોતે જ પ્રકાશસ્વરૂપ છે તેથી પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રમાણો દ્વારા પ્રમાણિત થઈ શકે તેમ નથી. તેથી જ તે અપ્રમેય કહેવાય છે. કોઈ પણ સાધન વડે સિદ્ધ ન થઈ શકે તેવો આ આત્મા કઈ રીતે પ્રાપ્ત થાય? તેના ઉત્તરમાં આપણે સમજી લેવું જોઈએ કે આત્મા જો મારું નિજસ્વરૂપ હોય અને તે સર્વવ્યાપ્ત હોય તો મુજને પ્રાપ્ત જ હોય. મારાથી દૂર આત્મા હોઈ શકે નહીં. તેથી તેની પ્રાપ્તિનો પ્રશ્ન તો કંઈક '**प्राप्तस्य प्राप्ति**' જેવો છે. અર્થાત્ જે પ્રાપ્ત છે તેને જ 'છે' એમ જાણવું.

પોતાના જ ગળામાં લટકતો હાર ન દેખાવાથી જો આપણે તેની શોધ સર્વત્ર ચલાવીએ તો, ઘરના કોઈ પણ ખૂણામાંથી તે હાર પ્રાપ્ત થતો નથી. કુટુંબની અન્ય વ્યક્તિ જ્યારે હાર ખોવાઈ ગયા વિશે જાણે છે

ત્યારે હાર શોધનાર બેનના ગળામાં તે લટકતો જોઈ તે બેનને હારની પ્રાપ્તિ કરાવે છે. ગળામાં લટકતાં હાર પ્રત્યે સ્વજનના કહેવાથી દૃષ્ટિ નાંખવાથી બેનને ખોવાયેલો હાર પાછો મળે છે. આ ક્રિયામાં વાસ્તવમાં હાર ખોવાયો નહોતો, તે છતાં તેની શોધ હતી. તેવી જ રીતે આત્મા મુજથી ભિન્ન નથી છતાં પણ તેનાથી અજ્ઞાત આપણે તેની પ્રાપ્તિના પ્રયત્નો આદરીએ છીએ. સ્વજનના કહેવાથી ખોવાયેલો હાર પોતાની પાસે જ, પોતા વડે જ, પોતાને જ પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે આપ્તજન એવા ગુરુવચનો જેવાં કે, '**तत् त्वम् असि**' 'તે તું છે.', વગેરે દ્વારા જીવાત્મા અને પરમાત્માની એકતા સંબંધી ઉપદેશ દ્વારા 'તે આત્મા હું જ છું' એ પ્રમાણે બોધ થાય છે. અર્થાત્ '**अहम्**(હું = જીવાત્મા) એ જ **तत्** (તે = પરમાત્મા) છું', એવી અભેદાનુભૂતિને જ આત્મસાક્ષાત્કાર એટલે કે બ્રહ્મ અને આત્માના એકત્વનું જ્ઞાન કહે છે. આવા જીવાત્મા અને પરમાત્માના ઐક્યનું જ્ઞાન થતાં જ મોક્ષ કે મુક્તિ પ્રાપ્ત થાય છે તેવું જગદ્ગુરુ શંકરાચાર્યજી અહીં સ્પષ્ટપણે સમજાવે છે. જીવ-બ્રહ્મ ઐક્યના જ્ઞાન વિના મુક્તિ કે મોક્ષ મળી શકે નહીં તે વિચારને વધુ સ્પષ્ટ કરવા તેમજ તેને દૃઢ કરવા માટે હવે પછીના શ્લોકોમાં શંકરાચાર્યજી વિવિધ ઉદાહરણ દ્વારા તેની વિશદ છણાવટ કરે છે.

(છંદ–અનુષ્ટુપ)

**वीणायाः रूपसौन्दर्यं तन्त्रीवादनसौष्ठवम् ।**
**प्रजारञ्जनमात्रं तद् न साम्राज्याय कल्पते ॥५९॥**
**वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।**
**वैदुष्यं विदुषां तद्वद् भुक्तये न तु मुक्तये ॥६०॥**

| | |
|---|---|
| **वीणायाः रूपसौन्दर्यम्** | = (જેમ) વીણાના રૂપનું સુંદરપણું |
| **तन्त्रीवादनसौष्ठवम्** | = તેના તાર વગાડવાની કુશળતા |
| **तत्** | = તે (આ બધું) |
| **प्रजारंजनमात्रम्** | = લોકોની પ્રસન્નતા માટે છે. |
| **साम्राज्याय** | = સામ્રાજ્યની પ્રાપ્તિ માટે |
| **न कल्पते** | = (તેને સાધન) ન કહેવાય. |

| | |
|---|---|
| **तद्वत्** | = તેવી રીતે |
| **वैखरी वाक्** | = કર્ણપ્રિય વાણી |
| **शब्दझरी** | = શબ્દોનો અસ્ખલિત પ્રવાહ |
| **शास्त्रव्याख्यानकौशलम्** | = શાસ્ત્રના વ્યાખ્યાનો કરવામાં કુશળતા |
| **विदुषाम्** | = વિદ્વાનોની |
| **वैदुष्यम्** | = વિદ્વત્તા (વગેરે) |
| **भुक्तये** | = ભોગને માટે છે |
| **न तु मुक्तये** | = પણ મોક્ષને માટે નથી. |

મોક્ષને માર્ગે પ્રયાણ કરતા કરતા પ્રશંસા કે પ્રતિષ્ઠામાં અટવાઈ ન જવાય તે હેતુથી, ભગવાન શંકરાચાર્યજી હવે મુમુક્ષુને સુંદર દૃષ્ટાંત દ્વારા શાસ્ત્રવ્યાખ્યાન કે પ્રવચનની મર્યાદા વિશે સમજાવે છે.

વીણાની સુંદરતા કે તંત્રી અર્થાત્ તાર દ્વારા વગાડવામાં આવતા સાધનો (STRING INSTRUMENTS)ને વગાડવાની કુશળતા લોકોમાં મનોરંજનનું સાધન બની શકે. રાજસભામાં જો આવા વાજિંત્રો વગાડવામાં આવે, તો ખુશ થઈને રાજા તથા અન્ય સભાજનો વાહ! વાહ! પોકારે. પ્રસન્ન થયેલા રાજા તે વાદકને પોતાનો મોતીનો હાર ભેટ આપે, તથા વારંવાર તેનું વાદન સાંભળવા નિમંત્રણ આપે. આમ મનોરંજન કરાવવા માટે કે પ્રશંસા તથા ઇનામ મેળવવા માટે આવી વિદ્યાઓ ઉપયોગી નીવડે છે. પરંતુ તેથી કાંઈ ખુશ થયેલો રાજા વાદકને રાજગાદી આપી દેતો નથી. તેવો વાદક ઘણાં પ્રયત્નો કરી ઉત્તમોત્તમ સંગીત રેલાવે તો પણ કદી તે રાજા બની શકતો નથી. તે જ પ્રમાણે કર્ણપ્રિય, અવિરત, અસ્ખલિત, શબ્દપ્રવાહયુક્ત તથા ચાતુર્ય અને વિદ્વતાપૂર્ણ વાણી વિદ્વાનને પ્રતિષ્ઠા તથા પ્રશંસા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થઈ શકે. તેને સમાજમાં સારા પ્રવક્તા તરીકેની ખ્યાતિ કે પ્રખ્યાતિ અપાવી શકે. પરંતુ તેના વડે તે મુક્તિ કે મોક્ષને પ્રાપ્ત કરી શકે નહીં. આમ, અત્રે વ્યાખ્યાનકાર્યની મર્યાદા સમજાવી શંકરાચાર્યજી તમામ વક્તાઓ, મુમુક્ષુ સાધકોને સુંદર સૂચન આપે છે.

જિજ્ઞાસુ માટે સાધનચતુષ્ટય સંપન્ન અધિકારી બનવાનું આવશ્યક

હોય તો ગુરુ, આચાર્ય કે માર્ગદર્શક બનેલા વ્યાખ્યાતાને માટે અત્રે સૂચન છે કે વક્તાએ સજાગ રહેવું જરૂરી છે. લોકકલ્યાણની મહાન ભ્રાંતિ જેવી અન્ય ભ્રાંતિ અસ્તિત્વમાં નથી, તેથી તેવા ખોટા ખ્યાલમાં રાચી વાક્ચાતુર્ય દ્વારા અન્યને પ્રભાવિત કરવાના પ્રયત્નોથી વક્તાએ મુક્ત રહેવું જોઈએ. વક્તાની વાણીમાં સરિતા જેવી વાક્ધારા હોય, અનાયાસે તેમના મુખ દ્વારા શબ્દોનો પ્રવાહ વહી રહ્યો હોય તેમ છતાં પણ તેઓ આવા સરલ શબ્દપ્રવાહ દ્વારા લોકોને પ્રભાવિત અવશ્ય કરી શકશે પરંતુ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા મોક્ષ સિદ્ધ કરી શકશે નહીં. પ્રત્યેક પ્રવક્તાએ હૃદયમાં કોતરી રાખવા જેવો આ સંદેશ છે, કરુણાપૂર્ણ આચાર્યનો આદેશ છે. સુંદર વક્તવ્યના પ્રભાવને કારણે સમાજમાં લોકો માન આપશે, આદર આપશે એટલું જ નહીં વારંવાર વ્યાખ્યાનોનું આયોજન કરી વ્યાખ્યાન માટે નિમંત્રણ આપશે. તેમની વાહ વાહ બોલાવી અભિનંદન આપી વારંવાર તેમનો અહંકાર પોષાય તેવી યોજનાઓનું આયોજન કરશે. પરંતુ તેવા આયોજકને કે પછી પેલા પ્રવક્તાને ખ્યાલ પણ નહીં હોય તેમ, તેમનો આ સદ્ગુણ અર્થાત્ વાક્ચાતુર્ય જ તેમને લોકેષણાથી ઘેરી લેશે.

લોકો દ્વારા થતી પ્રશંસામાં આવી જઈને, 'સ્વયં લોકકલ્યાણ કરે છે' તેવા વહેમમાં આવો પ્રવક્તા જીવતો હોય છે. અંતે લોકકલ્યાણની ભ્રાંતિમાં ડૂબેલો તે આત્મકલ્યાણના માર્ગથી ચલિત થઈ જાય છે.

શ્રુતિ જણાવે છે કે,"પ્રવચન દ્વારા આત્મસાક્ષાત્કાર શક્ય નથી." "**नायमात्मा प्रवचनेन लभ्यः**" (મુંડકોપનિષદ-૩/૨/૩) પરબ્રહ્મ મન, વાણી તથા ઇન્દ્રિયથી અગોચર છે. તેથી વાણી એટલે કે વક્તવ્ય દ્વારા તે પ્રાપ્ત થઈ શકે તેમ નથી. વાણી તેને વર્ણવવા અસમર્થ હોય તો પછી તે વાણીના ઉપયોગ દ્વારા આત્મસાક્ષાત્કાર કઈ રીતે થઈ શકે? માટે જ કહ્યું છે, "**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।**"(તૈત્તિરીયોપનિષદ-બ્રહ્માનંદવલ્લી)

"જ્યાંથી વાણી(પરબ્રહ્મને) સ્પર્શ કર્યા વિના પાછી ફરે છે તે (પરમાત્મા) મન દ્વારા પણ અપ્રાપ્ય છે." વાણી કે ઇન્દ્રિય કરતાં મન સૂક્ષ્મ હોવા છતાં પણ તે પરમાત્માને પામી શકતું નથી. તેથી તેવા મન અને ઇન્દ્રિયથી

અગોચર પરમાત્મા પ્રવચન દ્વારા જાણી શકાય નહીં; તો પછી વક્તાંનું અભિમાન સેવી વાક્ચાતુર્યને જીવનમાં પ્રાધાન્ય આપી જીવનને નિષ્ફળ શા માટે બનાવવું જોઈએ? વાસ્તવમાં તો પ્રત્યેક વ્યક્તિ જે કંઈ ભોગવે છે તે તો તેને પ્રાપ્ત તેના ગતજન્મોના કર્મોનું જ ફળ છે. પૂર્વે કરેલા કર્મોના માપ મુજબ પ્રાપ્ત કર્મફળની ચાવી ભરી કર્મફળદાતાએ સર્વને આ ધરા પર મોકલ્યા છે. ચાવીવાળા રમકડાં થઈ આપણે જીવનભર પરમાત્માના હાથના રમકડાં બની તેમણે ભરેલી ચાવી ખલાસ ન થાય ત્યાં સુધી આ જગતમાં રમતા રહેવાનું છે. પ્રતિક્રિયાથી મુક્ત થઈ જે કોઈ પાત્ર ભજવવા માટે પરમાત્માએ આપણને જેવી જેવી ઉપાધિની વેશભૂષા આપી હોય, તે પ્રમાણે તેવા વેશમાં ઈશ્વર દ્વારા પૂર્વયોજીત અને પૂર્વનિશ્ચિત પાત્રને જગતના મંચ ઉપર ભજવ્યા કરવાનું છે. નાટકના સંવાદોની જેમ શાસ્ત્રવચનોના વક્તવ્યો ભલે બોલાતા જાય પરંતુ પોતે તો પરમાત્મા દ્વારા પૂર્વનિશ્ચિત સંવાદોનું જ ઉચ્ચારણ માત્ર કરે છે અર્થાત્ પોતે તો માત્ર પાત્ર જ ભજવે છે એમ સમજી, પ્રવચનકાર તરીકેના સ્વયંના અહંકારને ત્યાગવો જોઈએ. વક્તાના અભિમાનથી મુક્ત રહેવું જોઈએ. જો તેમ સમજવામાં નહીં આવે તો તેવા પ્રવચનો, આત્મચિંતનનું ફળ એવી મુક્તિ અપાવી શકશે નહીં. માટે જ સાચો ઉપનિષદનો વક્તા તો એવું સ્પષ્ટપણે સમજે છે કે પોતે બોલતો નથી પરંતુ ઉપનિષદની વાણી એના દ્વારા બોલાવાઈ રહી છે. પરંપરાને પ્રાપ્ત એવા સાચા સંતો પરંપરાને જીવંત રાખવા માટે જ નિમિત્તભાવે વ્યાખ્યાનો આપતા હોય છે છતાં પોતે, વ્યાખ્યાતાના મિથ્યાભિમાનથી મુક્ત હોય છે. તેવો સાચો વક્તા જાહેરમાં સ્પષ્ટપણે જણાવે છે કે આ જે કંઈ વાણી દ્વારા અભિવ્યક્ત થઈ રહ્યું છે તેમાંનું કશું જ પોતાનું નથી. આ કર્ણપ્રિય વિદ્વતાપૂર્ણ અસ્ખલિત વાણી દ્વારા જે કંઈ જણાવાઈ રહ્યું છે તે સર્વ કંઈ પરંપરાગત પ્રાપ્ત છે. આ જે કંઈ ઉપલબ્ધ છે તે સર્વ કંઈ ભગવાન વ્યાસની જ વાણી છે. "**व्यासोच्छिष्टं जगत् सर्वम् ॥**" અન્ય કોઈ વક્તા તો શું સ્વયં ભગવાને પણ ભગવદ્ગીતામાં જાહેર કર્યું છે કે સર્વ કંઈ પરંપરાગત પ્રાપ્ત થયું છે.

**"एवं परंपरा प्राप्तमिमं राजर्षयो विदुः ।"**

(ભ.ગીતા અ.૪–૨)

"આ પ્રમાણે પરંપરાથી પ્રાપ્ત થયેલા આ(જ્ઞાનયોગને) રાજર્ષિઓ

જાણતા હતા." સાચા સાધકે, વક્તાએ કે શ્રોતાએ સમજવાની જરૂર છે કે ખરેખર વક્તા એટલે કોણ? અને શ્રોતા એટલે કોણ? વાસ્તવમાં તો આપણું મન જ વક્તા અને આપણું મન જ શ્રોતા છે. ગુરુ કે શિષ્ય તથા વક્તા કે શ્રોતા આપણી બહાર નહીં પરંતુ આપણી અંદર છે. ગુરુજનો પાસેથી પર્યાપ્ત શ્રવણ કર્યા બાદ એકાંતમાં રહી જો આપણે વિચારીશું તો આપણા દ્વારા જ આપણને સાચું શ્રવણ સંપન્ન થશે. અધ્યાત્મના માર્ગે શ્રવણ દ્વારા શુદ્ધ બનેલું વિવેકી મન જ આપણો વક્તા કે ગુરુ છે અને આપણું અવિવેકી મન જ શ્રોતા કે શિષ્ય છે. વિષયવાસનામુક્ત મન વક્તા છે અને વિષયવાસનાગ્રસ્ત મન જ શ્રોતા છે. આમ જ્યારે પોતાના મનમાં જ શ્રોતા કે વક્તા અર્થાત્ શિષ્ય કે ગુરુ જન્મશે ત્યારે જ એકત્વના જ્ઞાન દ્વારા અભેદ આત્માની પ્રાપ્તિ થઈ શકશે. પરમાર્થે તો શિષ્યના કાલ્પનિક અજ્ઞાનને નાબૂદ કરવા માટે પોતે ઉપાધિમુક્ત હોવા છતાં શિષ્યના કલ્યાણાર્થે ગુરુની ઉપાધિ ધારણ કરી વક્તા નાટક રચે છે. માત્ર અજ્ઞાનકાળમાં જ ગુરુ અને શિષ્ય જેવા ભેદ વ્યવહારમાં ઊભા કરે છે. જ્ઞાનપ્રદાન કર્યા બાદ શિષ્ય જ્યારે સંશયમુક્ત બને છે, તેનું અજ્ઞાન નાબૂદ થાય છે ત્યારે સ્વયં ગુરુ જ જાહેર કરી તેને જણાવી દે છે કે અજ્ઞાનની નાબૂદી અર્થે વ્યવહારમાં ગુરુ અને શિષ્ય જેવા ભેદ ઊભા કરી અત્યાર સુધી આપણે બંનેએ માત્ર નાટક જ કર્યું હતું. પરંતુ હવે અભેદદૃષ્ટિ પ્રદાન કર્યા બાદ, હું સ્પષ્ટપણે જણાવું છું કે નથી તું કોઈનો શિષ્ય કે નથી હું કોઈનો ગુરુ. વાસ્તવમાં તો એક અને અદ્વિતીય પરબ્રહ્મ માત્ર સર્વત્ર વ્યાપીને રહેલું છે.

**"न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्यः चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ॥"**

"નથી કોઈ બંધુ કે નથી કોઈ મિત્ર, નથી હું ગુરુ કે શિષ્ય પણ નથી. હું તો ચિદાનંદસ્વરૂપ શિવ છું, હું શિવ છું." આમ આત્મષટ્ક દ્વારા પણ સમજાવવામાં આવ્યું છે કે વ્યવહારમાં દેખાતા ભેદ, માત્ર અજ્ઞાનનું જ પરિણામ છે. એક અને અદ્વિતીય આત્મજ્ઞાનમાં ભેદ તમામ સમાપ્ત છે. આમ હોવાથી, સૌ વિદ્વાન વક્તાએ યાદ રાખવું જોઈએ કે પોતે મોક્ષમાર્ગનો પ્રવાસી છે તેથી પ્રવચન ભોગનું માધ્યમ નહીં પરંતુ મોક્ષનું સાધન છે. આવું જો સમજાશે તો જ પ્રવચન પ્રતિષ્ઠાપ્રાપ્તિના પ્રયોજનાર્થે નહીં પરંતુ પ્રમાદત્યાગનું સાધન બની પરમાર્થે મદદરૂપ થશે.માટે જ શ્રુતિમાં પણ જણાવાયું છે કે,

"**स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ।**"

(તૈત્તિરીયોપનિષદ-શિક્ષાવલ્લી)

"સ્વાધ્યાય અને પ્રવચન માટે પ્રમાદ કરવો જોઈએ નહીં."

આમ પ્રવચનની વાત તો શાસ્ત્રગત છે, શ્રુતિનો આદેશ છે. પરંતુ મા શ્રુતિએ કૃપા કરી આરુરુક્ષુ સાધકને તેના સાધનરૂપે વર્ણવ્યું છે. પરંતુ આત્મનિષ્ઠ વ્યક્તિના વક્તવ્યો તેમના માટે સાધનરૂપે નહીં પરંતુ તેમના આત્મરમણ અર્થે કે નિજાનંદની મસ્તી માટે હોય છે. બ્રાહ્મી સ્થિતિમાં રહેલી આવી બ્રહ્મજ્ઞાની વ્યક્તિ પ્રવચન કરે કે ન કરે તેવી વ્યક્તિ માટે પ્રવચનાર્થે કોઈ પણ પ્રકારનો આદેશ, સંદેશ કે ઉપદેશ શાસ્ત્રોએ આપેલો નથી.

તાત્પર્યમાં સાધનચતુષ્ટયસંપન્ન થયા બાદ ગુરુ ચરણમાં શરણ પ્રાપ્ત કર્યું હોય અને મોક્ષાર્થે જીવન વ્યતીત કરતા હોય તેવા કોઈ પણ સાધકે સ્પષ્ટપણે સમજી લેવું કે પ્રવચન તો સ્વયંની સાધનાનું માધ્યમ માત્ર છે. વાંચવા માટે પેટાવેલી બત્તી વાચકને શબ્દો ઉકેલવા મદદરૂપ થાય છે તેથી કંઈ વાચક બત્તીને કે પ્રકાશને મહત્ત્વ આપી તેની સામે જોયા કરતો નથી, પરંતુ બત્તીના ઉજાસમાં વાંચનરૂપી પોતાનું ધ્યેય સિદ્ધ કરી લે છે. તેવી જ રીતે પ્રવચનકાર્ય સાધનાપથમાં બત્તીરૂપી સાધન જેવું પુરવાર થયેલું છે. પ્રવચનકાર્યની મદદથી પ્રમાદ છોડી સાધકે આત્મચિંતન કરી આત્મજ્ઞાનની પ્રાપ્તિરૂપી સાધ્ય સિદ્ધ કરી લેવું જોઈએ. આવા પોતાના પ્રયત્નમાં કે પોતાની સાધનામાં, પોતે જો પ્રવચનકાર્યરૂપી દીવો પ્રગટાવ્યો હોય તો તેવા દીપકના ઉજાસમાં શ્રોતા બની કોઈ મુમુક્ષુ આવે અને પોતાની જીવનકિતાબના પાનાં વાંચવા પ્રેરાય અને ઉકેલવા મથે તો તેવો જિજ્ઞાસુ શ્રોતા ભલે આપણા દ્વારા થતા પ્રવચનકાર્યના ઉજાસનો લાભ લે. પરંતુ કદાપિ એવું ન વિચારવું કે સ્વયં જ્ઞાની છે, સિદ્ધ છે અન્યથી જુદો અને મહાન છે. શ્રોતા બની સન્મુખ બેઠેલો વ્યક્તિ અબુધ, અજ્ઞાની અને પોતાનાથી નિમ્ન છે એવો ભાવ જો પેદા થશે અને પ્રવચનકાર તરીકે સાધક જો સ્વયંને ઓળખશે તો પછી પ્રવચનકાર્ય તેના માટે ધર્મ નહીં પરંતુ ધંધો બની જશે. આથી જ સૌએ યાદ રાખવું કે પ્રવચનરૂપી **ધર્મકાર્યને ધંધો બનાવાય નહીં પરંતુ સ્વયંનો ધંધો ધર્મયુક્ત હોવો જોઈએ.**

નિષ્કર્ષમાં શંકરાચાર્યજીએ સર્વ ગુરુ, શિષ્ય, સાધુ, સંન્યાસી, વક્તા તથા શ્રોતાને સ્પષ્ટ માર્ગદર્શન આપતાં અત્રે જણાવ્યું છે કે કોઈએ પોતાના અંતિમ ધ્યેયથી વિચલિત ન થવાય તે માટે સજાગ રહેવું જરૂરી છે. પ્રવચનને ધંધાનું કે મનોરંજનનું માધ્યમ ન બનાવતાં સિદ્ધિનું સાધન બનાવવું જોઈએ. મોક્ષમાર્ગના તમામ પથિકે સરિતા પાસેથી દૃઢ નિર્ધારનો બોધ લેવો જરૂરી છે. સરિતા એકવાર પોતાના પિતા પર્વતરાજ પાસેથી દૃઢ નિર્ણય કરી વિદાય લે છે, રસ્તામાં અથડાય છે, કૂટાય છે, અવરોધાય છે તેમ છતાં પોતાના વહેણને અટકાવ્યા વગર ધ્યેયની દિશામાં વહ્યા કરે છે. માર્ગમાં રોકાયા વગર સાગરને મળવા પ્રતિપળ ઉત્સુક રહી વહ્યા કરે છે. સાગરને મળે છે ત્યારે નામ અને આકારને ગુમાવી જળમાં એકાકાર થઈ જાય છે. બસ, આ જ પ્રમાણે સર્વ મુમુક્ષુએ પ્રશંસા કે નિંદાના,પ્રતિષ્ઠા કે ધનના લોભમાં આડાં-અવળાં ન જતાં અંતિમ ધ્યેયની પ્રાપ્તિ સુધી, સરિતાની જેમ અવિરતપણે મથતાં રહી, નામ અને આકારનું સમર્પણ કરી, નિરાકાર અને અનામી એવા પરમાત્મા સાથે એકાકાર થઈ, જીવનનું ધ્યેય પ્રાપ્ત કરવું જોઈએ. પરમાત્માના મિલન દ્વારા જીવન સાર્થક બનાવી કૃતાર્થતાને પ્રાપ્ત કરવી જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**अविज्ञाते परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ।**
**विज्ञातेऽपि परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ॥६१॥**

| | | | |
|---|---|---|---|
| **परेतत्त्वे** | = (જેવી રીતે) પરમતત્ત્વ | **परे तत्त्वे** | = (તેવી રીતે) પરમતત્ત્વ |
| **अविज्ञाते** | = ન સમજાયું હોય તો | **विज्ञाते** | = સમજાઈ ગયું હોય |
| **शास्त्राधीतिः** | = શાસ્ત્રનું અધ્યયન | **अपि तु** | = તો પણ |
| **तु** | = પણ | **शास्त्राधीतिः** | = શાસ્ત્રનું અધ્યયન(હવે) |
| **निष्फला** | = ફળરહિત(નકામું છે.) | **निष्फला** | = નકામું છે. |

પ્રસ્તુત શ્લોકમાં શાસ્ત્રોની મર્યાદાનું દર્શન કરાવતા જગદ્‌ગુરુ શંકરાચાર્યજી જણાવે છે કે ધ્યેયસિદ્ધિ પ્રાપ્ત કર્યા બાદ શાસ્ત્રો નિરર્થક છે. તથા શાસ્ત્રનો સાર એવા આત્મતત્ત્વનું જ્ઞાન ન થાય તો પણ શાસ્ત્રનું અધ્યયન નકામું

નીવડે છે.

જીવનભર પુરુષાર્થ કરી અનેક શાસ્ત્રોનું અધ્યયન કર્યું હોય, વેદવેદાંતપારંગત થયા હોઈએ, પરંતુ વેદના રહસ્યને જાણી શક્યા ન હોઈએ તો માત્ર શાસ્ત્રોના શબ્દો આપણે માટે ભારરૂપ જ પુરવાર થાય છે. શાસ્ત્રના અધ્યયનનો હેતુ તો આત્મજ્ઞાનની પ્રાપ્તિ કે આત્મસાક્ષાત્કાર છે. હેતુની પ્રાપ્તિ માટે અનેક પુસ્તકોનું અધ્યયન થાય, પઠન-પાઠન થાય, એટલું જ નહીં પરંતુ શાસ્ત્રો જીભને ટેરવે રમતા થઈ જાય છતાં હેતુ સિદ્ધ ન થયો હોય તો આરંભેલું વેદાધ્યયનનું કાર્ય નિષ્ફળ જાય છે. પઠનપાઠન અર્થે ઉપયોગમાં લીધેલો જીવનનો સમય તથા શક્તિનો વ્યય થાય છે. તેટલું જ નહીં, પરંતુ તેવા વિદ્વાનો માટે તો શાસ્ત્રો ભારરૂપ જ પુરવાર થાય છે. તેમની દશા ભારવાહી ગર્દભ જેવી છે. ચંદનના લાકડાં ઉપાડીને લઈ જનાર ગધેડાંને ચંદનની સુવાસ ઉપયોગી થતી નથી તદુપરાંત કિંમતી લાકડું હોવા છતાં તે ભાર હળવો કરવામાં મદદરૂપ થતું નથી. અન્ય પદાર્થોની જેમ ચંદનનું લાકડું પણ તેને તો માત્ર બોજારૂપ જ બને છે. તેવા કિંમતી લાકડાંનો ઉપયોગ તો તેનો માલિક જ કરે છે. અર્થાત્ ગર્દભે ઉપાડેલો ભાર સ્વયંને ઉપયોગી ન બનતાં તેના માલિકને મદદરૂપ બને છે. તે જ પ્રમાણે વિદ્વાનોએ કરેલું શાસ્ત્રાધ્યયન જો ધ્યેયની સિદ્ધિ ન કરાવે તો તે પણ ગર્દભે ઉપાડેલા ભાર જેવું જ પુરવાર થાય છે. માટે જ પૂ. શ્રીરંગઅવધૂતજીએ જણાવ્યું છે કે,

જ્ઞાની ખપ્યો પોથાં પઢી, ખોલો વહી ચંદન મૂવો!<br>
માંહે ખજાનો જે ભર્યો હા! અન્યને તે સાંપડ્યો!!

(અવધૂતી આનંદ)

આમ, પરમતત્ત્વનું જ્ઞાન ન થાય તો ગમે તેટલી વિદ્વત્તા પણ નકામી અને નિરર્થક નીવડે છે. એ જ પ્રમાણે જેને તત્ત્વનું જ્ઞાન થઈ ગયું છે, જે વેદોના સારને સમજી ચૂક્યો છે, ઉપનિષદના રહસ્યને આત્મસાત કરી શક્યો છે, પ્રવચનોને સાધન બનાવી સાધ્ય આત્મવસ્તુને માણી ચૂક્યો છે તેવા આત્મજ્ઞાનીને પણ શાસ્ત્ર-અધ્યયનની આવશ્યકતા રહેતી નથી. છતાં આત્મરમણ માટે તેવો જ્ઞાની, શાસ્ત્ર વાંચે, વંચાવે, તેનો અભ્યાસ કરે કે તેનું અધ્યયન કરે અગર પ્રવચન કરે

તો તેની જ્ઞાનનિષ્ઠાને કોઈ હાનિ પણ પહોંચતી નથી.

નિષ્કર્ષમાં શાસ્ત્ર–અધ્યયન કરવાં છતાં જો અસંગશસ્ત્ર ન સાંપડ્યું તો અધ્યયન નિરર્થક અને નકામું છે. જેને આત્મચિંતનથી અસંગશસ્ત્ર ઉપલબ્ધ છે અને તેવા શસ્ત્રથી જેણે સંસારવૃક્ષનો ઉચ્છેદ કર્યો છે તેવા તત્ત્વજ્ઞાનીને માટે હવે શાસ્ત્રાભ્યાસ નિરર્થક છે. જેવી રીતે અનેક તીર્થોની યાત્રા કર્યા પછી પણ જો અંતઃકરણ શુદ્ધ ન થાય તો યાત્રા નકામી છે અને જેનું અંતઃકરણ શુદ્ધ થયેલું જ છે તેને માટે તીર્થાટનની કોઈ આવશ્યકતા નથી.

(છંદ-અનુષ્ટુપ)

**शब्दजालं महारण्यं चित्तभ्रमणकारणम् ।**
**अतः प्रयत्नाज्ज्ञातव्यं तत्त्वज्ञात्तत्त्वमात्मनः ॥६२॥**

**चित्तभ्रमणकारणम्** = ચિત્તને ભમાવવામાં કારણરૂપ
**शब्दजालम्** = શબ્દોનો સમૂહ
**महा–अरण्यम्** = મહાવન (જેવો છે)
**अतः** = માટે(શબ્દજાળમાં ન ફસાતાં)
**तत्त्वज्ञात्** = તત્ત્વજ્ઞાની પાસેથી
**आत्मनः** = આત્માનું
**तत्त्वम्** = તત્ત્વ
**प्रयत्नात्** = પ્રયત્નપૂર્વક
**ज्ञातव्यम्** = જાણવું જોઈએ.

શ્રદ્ધાવાન મુમુક્ષુને કરુણાસભર સદ્‌ગુરુ જણાવે છે કે શાસ્ત્રના ગ્રંથોમાં જે તર્કવિતર્ક, વાદવિવાદ કે માથાના વાળની પણ ચામડી ખેંચી લે તેવી વિદ્વાનોની સૂક્ષ્મ ચર્ચાઓ કે ચપળ વક્તાની પ્રભાવિત કરનારી મોહક વાણી અન્ય કંઈ નહીં પણ શબ્દજાળનું મહાન અરણ્ય છે. એ શબ્દજાળમાં ભ્રમિત થયેલા ઘણા શ્રોતા, સાધકો કે મુમુક્ષુઓ શબ્દને અવશ્ય પકડે છે પરંતુ તેના સાર્થક અર્થો કે શબ્દસંકેતો તેમને હૃદયગમ્ય થતાં નથી. તેથી શાસ્ત્રનો અભ્યાસ કરવા છતાં તેઓ ન તો અંતઃકરણશુદ્ધિને પ્રાપ્ત કરી શકે છે કે ન તો તત્ત્વાનુસંધાન કરી સાક્ષાત્કારાર્થે પ્રયાણ કરી શકે છે. બલકે શબ્દોની મોહજાળમાં અટવાઈ માત્ર પંડિતાઈનું બિરુદ પ્રાપ્ત કરે છે. તેઓ સર્વાત્મદૃષ્ટિ પ્રાપ્ત કરી શકતા નથી કે આત્મજ્ઞાની થઈ શકતા નથી. માટે સાચા મુમુક્ષુએ ન તો શાસ્ત્રોના વાદવિવાદમાં પડવું કે ન તો

ગુરુ કે આચાર્યની મદદ વિના, પોતે જાતે જ શાસ્ત્રોના અર્થ ઉકેલવા પ્રયત્ન કરવો. કારણકે તેવું કરવામાં તો નિશ્ચિત તેઓ શબ્દોના મહારણ્યમાં એવા તો ખોવાઈ જશે કે જન્મોજન્મ સુધી ભટકવા છતાં, માત્ર શબ્દોના થોથાં કે પોથાં જ હાથમાં આવશે અને શબ્દમાં સંતાએલો અક્ષર પરમાત્મા તેમના જીવનમાંથી સદાને માટે ગુમનામ થઈ જશે. માટે અત્રે શંકરાચાર્યજીનું સૂચન છે કે શ્રદ્ધાવાન અને નિષ્ઠાયુક્ત મુમુક્ષુએ કોઈ સાચા તત્ત્વવેત્તાનું શરણ સ્વીકારી પોતાનામાં શિષ્યભાવને જાગ્રત કરી, અહંકાર ઝુકાવી, પ્રશ્ન પૂછી આત્મતત્ત્વને જાણવા પ્રયત્ન કરવો જોઈએ. તેમાં જ તેનું શ્રેય છે.

(છંદ-અનુષ્ટુપ)

**अज्ञानसर्पदष्टस्य ब्रह्मज्ञानौषधं विना ।**
**किमु वेदैश्च शास्त्रैश्च किमु मन्त्रैः किमौषधैः ॥६३॥**

**अज्ञानसर्पदष्टस्य** = જેને અજ્ઞાનરૂપી સાપ કરડ્યો હોય તેને
**ब्रह्मज्ञान–औषधम् विना** = બ્રહ્મજ્ઞાનરૂપી ઔષધ વગર
**किम् उ वेदैः च शास्त्रैः च**=વેદો અને શાસ્ત્રોથી શું?
**किम् उ मन्त्रैः** = મંત્રોથી શું? (અને)
**किम् औषधैः** = (અન્ય) ઔષધોથી શું?

જે તરસ્યો હોય તેને પાણી સિવાયના પીણાં કે પેય નિરર્થક અને નકામા છે, ભૂખ્યાને અન્ન સિવાયની કોઈ પણ સામગ્રી તૃપ્તિ આપી શકે નહીં. તે જ પ્રમાણે જેને અજ્ઞાનરૂપી સર્પનું ઝેર ચઢ્યું છે તે માત્ર આત્મજ્ઞાનરૂપી દવાથી જ ઉતરી શકે તેવું છે. જ્ઞાન વિનાનું ઔષધ તેને અજ્ઞાનના ઝેરથી મુક્તિ અપાવી શકે તેમ નથી. તેથી સ્પષ્ટ થાય છે કે માત્ર શાસ્ત્રના મંત્રોનું રટણ, ગોખણપટ્ટી કે સમજ્યા વિનાનું ઉચ્ચારણ અગર શાસ્ત્રવાક્યોનો તત્ત્વાર્થ કે રહસ્ય જીવનમાં ઉતાર્યા વગરનું શાસ્ત્રનું અધ્યયન માત્ર પંડિત બનવા માટે કે કોઈ પદવી ધારણ કરવા માટે કરેલું હોય, તો તેવું અધ્યયન અજ્ઞાનની નાબૂદી કરવા માટે કદાપિ કામ આવતું નથી. માટે શાસ્ત્રના અભ્યાસથી જો આત્મજ્ઞાન પ્રાપ્ત ન થાય તો સંસારસાગર તરવાનો, ન મળે ઉપાય કે બંધનથી મુક્ત થવાનો ન જડે કોઈ

કીમિયો. આમ, વસ્તુ સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોના અભ્યાસ બાદ જો જ્ઞાન ન થાય તો શાસ્ત્રોને નકામા વળગી રહેવું નિરર્થક અને નકામું છે અને જો વેદનું મૂળ કે શાસ્ત્રોનો સૂર પકડાયો હોય અગર ગીતા જેવા મોક્ષશાસ્ત્રથી અસંગશસ્ત્ર ઉપલબ્ધ થયું હોય કે જેના સહારે સંસારવૃક્ષનો ફરી ઉદય ન થાય તેમ ધ્વંસ કરવામાં સફળતા મળી હોય તો જ શાસ્ત્રોનું અધ્યયન, વાંચન કે મનન સાર્થક થયું કહેવાય. જેમ સિગારેટના ડબ્બા ઉપર લખેલું હોય છે કે સિગારેટ પીવી સ્વાસ્થ્યને હાનિકારક છે.'CIGARETTE SMOKING IS INJURIOUS TO HEALTH' તે પ્રમાણે હાલમાં તમાકુના કેટલાંય પ્રકારના મસાલાના પેકેટ ઉપર પણ સૂચના લખી હોય છે કે તમાકુ ચાવવી હાનિકારક છે.'TOBACCO CHEWING IS HARMFUL FOR HEALTH' આવી સૂચના કે સાવચેતી કેટલાંય સિગારેટ પીનારા કે તમાકુ ચાવનારા નિશદિન વાંચે છે છતાં તેવી સૂચના ન તો તેમના વિચાર કે વર્તનમાં પરિવર્તન લાવે છે કે ન તો તેમને સિગારેટ પીતા કે તમાકુ ખાતા અટકાવી શકે છે. તેથી સ્પષ્ટ થાય છે કે તેમણે આવી સૂચના વાંચી અવશ્ય છે પરંતુ તેઓ આંધળા છે. તેમણે આવી સૂચના આંખે જોઈ છે છતાં તેમની બુદ્ધિ કે મને તે સૂચના સ્વીકારી નથી. તેથી સિગારેટના ધુમાડાથી કે તમાકુના વ્યસનથી તેમને ચઢેલું ઝેર કદાપિ આવી સૂચનાથી ઉતરી શકે નહીં. તેવી જ રીતે સમજવાનું કે અજ્ઞાનરૂપી સર્પ જેને કરડયો હોય અને જે અજ્ઞાનઝેરથી મુક્ત થવા તરફડિયાં મારતો હોય તેને અર્થસમજણ વગરના મંત્ર રટણથી કે યાંત્રિક રીતે શાસ્ત્રોનું અધ્યયન કરવાથી અગર પૈસા આપી ભાડૂતી પૂજાપાઠ કરનારા રાખવાથી કે તેમની પાસે મંત્રોચ્ચાર કરાવવાથી કદાપિ અજ્ઞાનનું ઝેર ઉતરશે નહીં. માટે જ મુમુક્ષુએ કોઈ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ પાસે જઈ અજ્ઞાનનું મારણ (ANTIDOTE), જ્ઞાન જેવી દવા લઈ અજ્ઞાનરૂપી ઝેરથી મુક્ત થવા સલાહ-સૂચન માગવી જોઈએ. સદ્‌ગુરુના ઉપદેશનું શિષ્યભાવે શ્રદ્ધા દ્વારા અનુકરણ કરવું જોઈએ કારણકે ગુરુ દ્વારા ઉપદેશાયેલા આત્મજ્ઞાનના ઉપદેશના શ્રવણ સિવાય અજ્ઞાનરૂપી ઝેર ઉતારવાનો અન્ય કોઈ ઉપાય વાસ્તવિક હોતો નથી.

(છંદ-અનુષ્ટુપ)

**न गच्छति विना पानं व्याधिरौषधशब्दतः ।**
**विनाऽपरोक्षानुभवं ब्रह्मशब्दैर्न मुच्यते ॥६४॥**

| | | | |
|---|---|---|---|
| **पानं विना** | = (જેવી રીતે) (ઔષધ) પીધા વગર | **अपरोक्षानुभवम्** | = (તેવી રીતે) અપરોક્ષાનુભૂતિ |
| **औषधशब्दतः** | = દવાના નામનું રટણ કરવાથી | **विना** | = વગર |
| **व्याधिः** | = રોગ | **ब्रह्मशब्दैः** | = બ્રહ્મશબ્દનું રટણ કરવાથી |
| **न गच्छति** | = નાબૂદ થતો નથી, | **न मुच्यते** | = મોક્ષ થતો નથી. |

## સ્વાનુભવની આવશ્યકતા

શંકરાચાર્યજી ભવમુક્તિ કે આત્મસાક્ષાત્કાર સંદર્ભે એક માર્મિક સૂચના આપે છે કે જેમ કોઈ પણ વ્યાધિગ્રસ્ત દર્દીને રોગમુક્ત થવા માટે રોગનાબૂદીની દવા આરોગવાનું કર્મ કરવું પડે છે તેમ જ દવા લીધા છતાંય રોગ પ્રમાણે ચરી પણ પાળવી પડે છે. ઉપરાંત દર્દથી મુક્તિ માટે અને પુનઃ સ્વાસ્થ્યપ્રાપ્તિ માટે જરૂરી ઊંઘ, આરામ અને ખોરાક પણ લેવા પડે છે. તેમ ન કરતાં હઠીલા રોગ ઝડપથી દૂર થતા નથી. ઉપરાંત જો ચેપી રોગ અગર જીવલેણ રોગ હોય તો દવા, ઉપચાર બધું જ ખૂબ તાત્કાલિક અને અસરકારક રીતે લેવું પડે છે, નહીં તો જીવન નષ્ટ થવાની પણ સંભાવના રહે છે. આમ, જો સામાન્ય શરીરના રોગ માટે પણ સાવધાનીપૂર્વકનો તાત્કાલિક ઇલાજ જરૂરી હોય છે તો પછી જન્મોજન્મનાં સંસારબંધનરૂપી ભવરોગને નિર્મૂળ કરવા માટે તો સાવધાની અને અસરકારક ઉપાયની જરૂર પડે તેમાં ક્યાં આશ્ચર્ય હોય? આવા શારીરિક રોગ માટે જો કોઈ ભણેલો માણસ એવું સમજે કે પોતાને રોગની દવા ખબર છે, એક નહીં પણ અનેક દવાના નામ મોઢે છે. અરે! ડોક્ટરની ચકાસણી બાદ તેણે આપેલા તબીબી સલાહસૂચનપત્રો (PRESCRIPTIONS) પોતાના ખિસ્સામાં લઈને ફરનારો જો એવી ભ્રાંતિમાં હોય કે ડોક્ટરના સૂચનાપત્રો કે દવાના નામો પાસે હોવાથી કે મોઢે યાદ રાખવાથી દર્દ મટી જશે અને સ્વાસ્થ્ય પ્રાપ્ત થશે તો તે મહાન ભ્રાંતિ છે. તેવી જ રીતે સ્મૃતિ, શ્રુતિ કે શાસ્ત્રોના મંત્રો મુખપાઠ હોય, આખી ગીતા કોઈ કડકડાટ બોલી શકે તેમ હોય, અગર સમજ્યા વિના 'બ્રહ્માસ્મિ', 'હું બ્રહ્મ છું', એવું રટણ કરવાથી કંઈ ભવરોગ દૂર થતો નથી કે દેહ–તાદાત્મ્ય તૂટતું નથી, અગર બ્રહ્મસાક્ષાત્કાર પણ થઈ શકે નહીં. તે માટે

તો દવા લેવાનું કર્મ અને પાળવાની ચરી જેવી ક્રિયામાં ઉતરવું જ પડે. માટે ભવરોગથી પીડાતા સાધકે સાધનચતુષ્ટય જેવી પ્રક્રિયામાં પડી, શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક સાધનારૂપી ચરી પાળી, તેવા સાધનો હસ્તગત કરવાં પડે. ઉપરાંત શિષ્યભાવે સદ્‌ગુરુશરણમાં શરણાગતિ સ્વીકારી, ચિત્તશુદ્ધિના પ્રયોગો પણ આદરવા પડે. ત્યારબાદ, સેવા–સુશ્રુષા દ્વારા ગુરુકૃપા સંપન્ન કરી, સૌ પ્રથમ શાસ્ત્રગત પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરવું પડે. ત્યાબાદ ચિંતન,મનન અને નિદિધ્યાસન દ્વારા પાત્રતા મુજબ અપરોક્ષ આત્મજ્ઞાન જાતે જ મેળવવું પડે. તેવા અપરોક્ષજ્ઞાન વિના પાસે રાખેલા અનેક ગ્રંથો, શાસ્ત્રોના સાંનિધ્યથી કે યાંત્રિક 'હું બ્રહ્મ છું' તેવા રટણથી ભવબંધન તૂટશે નહીં, દશ્યપ્રપંચની નાબૂદી થશે નહીં અને આત્મસાક્ષાત્કારના પડછાયાને પણ સ્પર્શ પામી શકાશે નહીં. માટે દરેક મુમુક્ષુએ યોગ્ય અને વિશિષ્ટ સાધનનો ઉપયોગ કરી, જાતે જ ભવરોગ નાબૂદી કે આત્મજ્ઞાનની પ્રાપ્તિની પ્રક્રિયામાં પડવું પડશે.

(છંદ–અનુષ્ટુપ)

**अकृत्वा दृश्यविलयमज्ञात्वा तत्त्वमात्मनः ।**
**बाह्यशब्दैः कुतो मुक्तिरुक्तिमात्र फलैर्नृणाम् ॥६५॥**

| | | | |
|---|---|---|---|
| **दृश्यविलयम्** | =દશ્યપ્રપંચનો વિલય | **उक्तिमात्र फलैः** | =કથન માત્ર ફળવાળા |
| **अकृत्वा** | =કર્યા વગર, | **बाह्यशब्दैः** | =બહારના શબ્દોથી |
| **आत्मनः तत्त्वम्** | =આત્માનું વાસ્તવિક સ્વરૂપ | **नृणाम्** | =મનુષ્યોની |
| | | **मुक्तिः** | =મુક્તિ |
| **अज्ञात्वा** | = જાણ્યા વગર, | **कुतः** | =ક્યાંથી થાય? |

અપરોક્ષાનુભૂતિ માટેની અપૂર્વ શરતનો નિર્દેશ કરતાં આચાર્યશ્રી અત્રે જણાવે છે કે, જેનું મન દશ્યજગતના ભૌતિક પદાર્થોની આસક્તિમાં સપડાયેલું છે તેવું મન હંમેશા ચંચળ હોય છે. તેવા ચંચળ મન દ્વારા ન તો આત્મચિંતન થાય કે ન બ્રહ્મવિચારમાં એકાગ્રતા અનુભવાય. માટે જગતના દશ્યો કે ભૌતિક પદાર્થોની પદાર્થાકાર વૃત્તિમાંથી મનને નિવૃત્ત કરવું ખૂબ જરૂરી હોય છે. જ્યાં સુધી તેવા ચંચળ મનનું વૃત્તિભ્રમણ કે પદાર્થોમાં પરિભ્રમણ અટકતું નથી, ત્યાં સુધી તે મન શાંત થઈ શકે નહીં. મનને પદાર્થોની આસક્તિથી અટકાવવા

માટે નિત્ય-અનિત્ય વસ્તુનો વિવેક જરૂરી છે. એટલું જ નહીં ,પરંતુ તેવા વિવેક દ્વારા મનને પદાર્થોની અનિત્યતા અને નશ્વરતાનો ખ્યાલ હોવો જોઈએ. તો જ મન તેવા દૃશ્ય પદાર્થોમાંથી મુક્ત થઈ, દૃશ્ય પદાર્થોમાં દોષદૃષ્ટિ કરી, તે પ્રત્યેના રાગનો નાશ કરી શકે. રાગદ્વેષાદિથી શાંત થયેલું ચિત્ત જ આત્મચિંતનમાં એકાગ્ર થઈ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે. તેવી આત્માનુભૂતિ પ્રાપ્ત કર્યા પૂર્વે કે દૃશ્ય પદાર્થોની આસક્તિનો નાશ કર્યા પહેલાં અગર કહો કે ભૌતિક પદાથોમાં મનના પરિભ્રમણને અટકાવ્યા વિના, માત્ર યાંત્રિક રીતે 'હું બ્રહ્મ છું' તેવા શબ્દોનું ઉચ્ચારણ કરવાથી બ્રહ્મસાક્ષાત્કાર થતો નથી, તેવું પૂર્વના શ્લોકમાં જણાવ્યું છે, તે વિચારની અત્રે પુષ્ટિ કરવામાં આવી છે.

(છંદ-અનુષ્ટુપ)

**अकृत्वा शत्रुसंहारमगत्वाखिलभूश्रियम् ।**
**राजाऽहमिति शब्दान्नो राजा भवितुमर्हति ॥६६॥**

**शत्रुसंहारम्** = શત્રુઓનો સંહાર
**अकृत्वा** = કર્યા વિના
**अखिल-भूश्रियम्** = (અને) સમસ્ત પૃથ્વીની સંપત્તિ
**अगत्वा** = પ્રાપ્ત કર્યા વગર
**"अहम् राजा"** = ''હું રાજા છું''
**इति शब्दात्** = એમ શબ્દોચ્ચારણ કરવાથી
**राजा** = રાજા
**भवितुम्** = બનવાની
**नो अर्हति** = યોગ્યતા આવતી નથી.

પૂર્વના વિચારનું દૃઢીકરણ કરવાના હેતુથી શંકરાચાર્યજી એક લૌકિક દૃષ્ટાંત આપી સમજાવે છે કે, કોઈ પણ માણસે જો રાજયસત્તા પ્રાપ્ત કરવી હોય તો સૌ પ્રથમ પોતાના આંતરશત્રુઓને જાણવા જોઈએ અને તેમને મહાત કરવા જોઈએ. ત્યારબાદ રાજયના નાગરિકોમાં પોતાની પ્રતિષ્ઠા સ્થાપી વિશ્વાસ સંપાદન કરવો જોઈએ. રાજયના સૈનિકબળમાં પણ પોતાનું મહત્ત્વ વધારી રાજયનો ખજાનો સંપાદન કરવો જોઈએ. તે

પછી જ રાજ્યસત્તા પોતાના હાથમાં લઈ જાહેર કરવું જોઈએ કે,"હું રાજા છું." જો કોઈ મનુષ્ય પાસે સત્તા આંચકી લેવાનું સામર્થ્ય ન હોય, શાસનની કુનેહ અને મુત્સદ્દીગીરીનો અભાવ હોય, પ્રજાને પોતાના પક્ષે દોરવણી આપવાની કુશળતા ન હોય અને માત્ર કપોળકલ્પનામાં રાજ્યની ગલીઓમાં રખડતો સંન્નિપાત કરતો હોય કે,'હું રાજા છું,' 'રાજા હું જ છું'; તો તેવા પ્રલપનથી કંઈ તે રાજા થઈ શકતો નથી. તે જ પ્રમાણે જો કોઈ પિંડ અને બ્રહ્માંડના સામ્રાજ્યની સત્તા ભોગવવા માગતો હોય અર્થાત્ પોતાને અખિલ બ્રહ્માંડમાં એક અધિષ્ઠાન તરીકે સ્થાપવાની મહેચ્છા રાખતો હોય, કે 'હું જ પરબ્રહ્મ છું, બ્રહ્માંડ મારા પર આરોપિત છે. હું સર્વનો આધાર અને અધિષ્ઠાન છું' તો તેવી અતૂટ નિષ્ઠાની સ્થાપના માટે મુમુક્ષુએ ઉપરોક્ત જણાવેલા, રાજા બનવાની મહેચ્છાવાળા મનુષ્યની જેમ, પ્રથમ પોતાના આંતરશત્રુઓ જેવાં કે કામ, ક્રોધ, મોહ, અવિદ્યા, આસક્તિ, અવિવેક, રાગ જેવા શત્રુઓને હણીને પોતે પરંતપ થવું જોઈએ. ત્યારબાદ સાધનચતુષ્ટય રૂપી સંપત્તિ કે લક્ષ્મીને એકત્ર કરી તેવી સંપત્તિ મળ્યા બાદ અંતઃકરણ-શુદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ અને તેના બળે 'હું જીવ છું', તેવું અજ્ઞાન દૂર કરી, 'હું બ્રહ્મ છું', તેવું જ્ઞાનરૂપી સિંહાસન પ્રાપ્ત કરવું જોઈએ. એવા જ્ઞાનાસન પર સન્નિષ્ઠ થઈને મુક્તિ કે મોક્ષ જેવા ફળના અધિકારી થઈ શકાય છે. તેવા અધિકાર વિના તે જાહેર કરી શકે નહીં કે 'હું બ્રહ્મ છું', 'બ્રહ્માંડ-રૂપી સામ્રાજ્યનો આધાર કે અધિષ્ઠાન હું છું.' ત્રણેય કાળે રહેનારો હું પરબ્રહ્મરૂપી સત તત્ત્વ છું. જડ અને ચેતનમાં સર્વત્ર મારી જ સત્તા રહેલી છે. આમ, જેવી રીતે શત્રુસંહાર, રાજ્યલક્ષ્મીનું ઉપાર્જન કે સત્તાનું હસ્તાંતરણ તથા પ્રજાનો વિશ્વાસ મેળવ્યા વિના કોઈ પરાક્રમી યોદ્ધો જાહેર કરી શકે નહીં કે, 'હું રાજા છું.' તે જ પ્રમાણે રાગ-દ્વેષાદિના કીચડમાં રહેલો, કામક્રોધાદિ જેવા આંતરશત્રુનો શિકાર બનેલો, સાધનચતુષ્ટયસંપત્તિ વિહોણો, જીવભાવમાં જીવનારા અજ્ઞાનીને 'હું બ્રહ્મ છું ', તેવું કહેવાનો કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી. તેની અત્રે સ્પષ્ટતા કરવામાં આવી છે.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

आप्तोक्तिं खननं तथोपरिशिलाद्युत्कर्षणं स्वीकृतिम्
निक्षेपः समपेक्षते न हि बहिः शब्दैस्तु निर्गच्छति ।
तद्वद् ब्रह्मविदोपदेशमननध्यानादिभिर्लभ्यते
मायाकार्यतिरोहितं स्वममलं तत्त्वं न दुर्युक्तिभिः ॥६७॥

**निक्षेपः** = (જેવી રીતે) જમીનમાં દાટેલું ધન
**आप्तोक्तिम्** = આપ્તજનના વચન પ્રમાણે
**खननम्** = ખોદકામની
**तथा** = તથા
**उपरिशिलादि–उत्कर्षणम्**= ઉપર રહેલા પથ્થર વગેરેને ખેંચી કાઢવાની
**स्वीकृतिम्** = (અને) હાથથી ગ્રહણ કરવાની
**समपेक्षते** = સારી રીતે અપેક્ષા રાખે છે.
**बहिः शब्दैः तु** = (પણ) ઉપરછલ્લા શબ્દોથી જ(તે ધન)
**हि न निर्गच्छति** = ખરેખર, બહાર નીકળતું નથી.
**तद्वत् तु** = તેવી રીતે જ
**मायाकार्य–तिरोहितम्** = માયા અને તેના કાર્યથી ઢંકાયેલું
**स्वं अमलं तत्त्वम्**= પોતાનું નિર્મળ સ્વરૂપ
**ब्रह्मविदोपदेश–मनन–ध्यानादिभिः** = બ્રહ્મજ્ઞાની ગુરુના ઉપદેશ, મનન તથા નિદિધ્યાસન વગેરેથી
**लभ्यते** = પ્રાપ્ત થાય છે.
**दुर्युक्तिभिः** = (પણ) કુયુક્તિઓ વડે
**न** = (પ્રાપ્ત થતું) નથી.

જેવી રીતે તલમાં તેલ, દૂધમાંથી ઘી અને પુષ્પમાં મકરન્દ સંતાયેલા છે અને બીજમાં વૃક્ષ અવ્યક્ત રીતે રહેલું છે. તેવી જ રીતે બ્રહ્માંડમાં બ્રહ્મતત્ત્વ સર્વત્ર હોવા છતાં અવ્યક્ત અને સંતાયેલું છે, માટે

સર્વવ્યાપી હોવા છતાં સૌ કોઈને જણાતું નથી. શ્રુતિ પણ એવું જ ઉપદેશે છે કે, "**एष सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते ।**"

(કઠોપનિષદ- ૧/૩/૧૨)

" તમામ પ્રાણીમાત્રમાં રહેલો હોવા છતાં આ ગૂઢ આત્મા સર્વને જણાતો નથી." પૃથ્વીમાં રહેલું ગુપ્ત ધન કંઈ "હે ધન! ઓ સંપત્તિ! હે ચરુ! મને મળી જાઓ, મને પ્રાપ્ત થાઓ." એવું બોલવા માત્રથી કંઈ ધન આપોઆપ બહાર નીકળી ધનનો પોકાર કરનારને વિના પ્રયત્ને પ્રાપ્ત થતું નથી. તેને માટે તો સૌ પ્રથમ ગુપ્તધનની જાણકારી હોય તેવા લોકોનો સંપર્ક કરવો પડે છે. ગમે ત્યાં ખાડો ખોદવાથી પાણી મળતું નથી, પરંતુ વિશેષ જાણકારની મદદથી જમીનમાં ખાડો ખોદવામાં આવે તો પાણી સરળતાથી ઉપલબ્ધ થાય છે. તેમ ધરતીમાં રહેલું સોનું, ચાંદી, અકીકના પથ્થરો કે હીરા જેવી કિંમતી ચીજો અગર ગુપ્તધન ધરતીમાં હોય પરંતુ વિશેષ તજજ્ઞની મદદથી જ તેની ભાળ મેળવી શકાય. તેવી ભાળ મેળવ્યા બાદ પણ, કંઈ ધન હાથમાં આવતું નથી. પરંતુ તેવા તજજ્ઞની શિખામણ અનુસાર જમીન ખોદવાનો પુરુષાર્થ કરવો પડે છે. ધીરે ધીરે પથ્થર, માટી, કાંકરા વગેરે દૂર કરવા પડે છે. ત્યારબાદ જ દાટેલું ધન હાથમાં આવી શકે છે. ઉપરાંત આવું ગુપ્ત ધન સ્વયંના પુરુષાર્થથી જ પોતાને મળે છે. જો તેવા ધનની પ્રાપ્તિ માટે અન્યની મદદ લેવામાં આવે તો તેમાં ભાગલા પડવાની અગર ધનઉચાપતની શંકા રહે. તેથી જાતે જ સ્વાશ્રય કરીને જ જો કોઈ પ્રયત્ન કરે તો તે ધનનો માલિક બને છે. તે જ પ્રમાણે બ્રહ્માંડમાં સંતાયેલું આત્મતત્ત્વરૂપી ધન ક્યાં છે તેની ભાળ આપનારને તજજ્ઞ નહીં પરંતુ સદ્‌ગુરુ કહેવામાં આવે છે. તેવા સદ્‌ગુરુની મદદથી, તેના ઉપદેશરૂપી સૂચનથી આત્મધન મેળવવાનો પુરુષાર્થ, શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક જાતે જ કરવો પડે. 'મને આત્મા પ્રાપ્ત થાઓ' એવા પોકાર માત્રથી આત્મતત્ત્વની પ્રાપ્તિ થતી નથી. ઉપરાંત ધન મેળવવા જેમ માટી, પથ્થર અને કાંકરા બહાર કાઢેલાં, એવી જ રીતે આત્મધન માટે વિવેકરૂપી સાધનો વડે રાગ-દ્વેષરૂપી કીચડ, કામ-ક્રોધરૂપી પથ્થરો અને લોભ-મોહરૂપી માટીને

દૂર કર્યા બાદ જ સર્વત્ર સંતાયેલું આત્મધન દેશ્ય થવું , એ જ ગુરુ અને શાસ્ત્રોની મદદથી થયેલું પરોક્ષ જ્ઞાન છે. ત્યારબાદ સદ્ગુરુના સંકેતો દ્વારા ચિંતન, મનન અને નિદિધ્યાસન જેવા પુરુષાર્થની એકાંત સ્થળે આવશ્યકતા રહેલી છે. તેવા બ્રહ્મવિચાર દ્વારા જ આત્મતત્ત્વનો પરોક્ષ પછી અપરોક્ષ અનુભવ થાય છે. આવો અપરોક્ષ અનુભવ સ્વયંના પુરુષાર્થથી જ મળે છે. જેમ તલમાં છૂપાયેલું તેલ પોતાની જાતે તલ સાફ કરવાથી, તેને ઘાણીમાં પીલવાથી પ્રાપ્ત થાય છે અને દૂધમાં સંતાયેલા ઘીને પ્રાપ્ત કરવા પણ પુરુષાર્થ કરવો પડે છે, તેમ આત્મતત્ત્વની પ્રાપ્તિ માટે પણ શ્રેયરૂપી પરમપુરુષાર્થ કરવો પડે છે. આ ઉપરથી સુસ્પષ્ટ થાય છે કે, સદ્ગુરુના ઉપદેશથી જે કોઈ ચિંતન, મનન કે નિદિધ્યાસનરૂપી પુરુષાર્થ ન કરે તેને આત્મતત્ત્વરૂપી ધન સર્વત્ર હોવા છતાં પ્રાપ્ત થતું નથી.

(છંદ–અનુષ્ટુપ)

**तस्मात् सर्वप्रयत्नेन भवबन्धविमुक्तये ।**
**स्वेनैव यत्नः कर्तव्यो रोगादाविव पण्डितैः ॥६८॥**

| | | | |
|---|---|---|---|
| **तस्मात्** | = તેથી | **भवबन्धविमुक्तये** | = સંસારના બંધનમાંથી છૂટવા માટે |
| **रोगादौ इव** | = જેમ રોગ વગેરે (થાય ત્યારે કરીએ છીએ તેમ) | **सर्वप्रयत्नेन** | = સર્વ પ્રયત્નો વડે |
| | | **स्वेन एव** | = પોતાની જાતે જ |
| **पण्डितैः** | = પંડિતોએ | **यत्नः** | = યત્ન |
| | | **कर्तव्यः** | = કરવો જોઈએ. |

આચાર્યશ્રીએ આત્મસાક્ષાત્કાર રૂપી ધનની પ્રાપ્તિ માટે સ્વાશ્રય અને સ્વપુરુષાર્થ ઉપર ભાર મૂકી તેનું મહત્ત્વ અનેક શ્લોકો દ્વારા સમજાવ્યું. હવે તેનું તારણ કે નિષ્કર્ષ સમજાવતાં કહે છે કે, જેવી રીતે રોગનાબૂદી માટે સ્વયં રોગીને જ દવા ખાવી પડે છે અને ચરી પાળવાનું કર્મ કરવું પડે છે. રોગી સિવાય તેના અન્ય સગાવહાલાં ચરી પાળે કે દવા ખાય તો રોગીનો રોગ દૂર થતો નથી. તેમ અધ્યાત્મ માર્ગે પણ ચિત્તશુદ્ધિ માટે

જપ-મંત્ર મુમુક્ષુએ પોતે જ કરવાના હોય છે. દક્ષિણા આપી અન્ય બ્રાહ્મણની પાસે મંત્રાદિ કરાવવાથી સાધક મુમુક્ષુ એવા તે શેઠને, ચિત્તશુદ્ધિનું ફળ મળે નહીં. તે જ પ્રમાણે જે કોઈ નિષ્કામકર્મ જાતે કરે તેને જ ચિત્તશુદ્ધિનું ફળ મળે, અન્યને નહીં. તે જ રીતે, પૈસાપાત્ર કે શ્રીમંતોને ઘેર રામાયણ, ભાગવત કે ગીતા વાંચવા માટે પગારદાર પંડિત રોકવામાં આવે છે. તેથી કંઈ શ્રીમંતોની ચિત્તશુદ્ધિ થાય નહીં. ઘરમાં માત્ર સાત્ત્વિક વાતાવરણ ઉત્પન્ન થશે, તેવી ભ્રાંતિરૂપી શાંતિ જ તેમને મળતી હોય છે. આમ, ચિત્તશુદ્ધિનું નાનું કાર્ય પણ જાતે જ કરવાની સલાહ આપવામાં આવે તો પછી આત્મસાક્ષાત્કાર માટે તો વ્યક્તિનો પોતાનો પુરુષાર્થ આવશ્યક નહીં બલકે અનિવાર્ય હોય તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તેવા સ્વપ્રયત્ન વિના આત્મજ્ઞાન કે મુક્તિરૂપી નિત્ય ફળ કોઈને કદાપિ હસ્તગત થઈ શકે નહીં.

(છંદ-અનુષ્ટુપ)

**यस्त्वयाऽद्य कृतः प्रश्नो वरीयाञ्छास्त्रविन्मतः ।**
**सूत्रप्रायो निगूढार्थो ज्ञातव्यश्च मुमुक्षुभिः ॥६६॥**

**यः** = જે
**त्वया अद्य प्रश्नः कृतः** = તેં હમણાં પ્રશ્ન કર્યો
**वरीयान्** = (તે) શ્રેષ્ઠ
**शास्त्रविन्मतः** = શાસ્ત્રવેત્તાઓને માન્ય
**सूत्रप्रायः** = સૂત્ર જેવો (અને)
**निगूढार्थः** = અત્યંત રહસ્યમય અર્થવાળો, (છે.)
**च** = અને (તે પ્રશ્ન)
**मुमुक्षुभिः** = મુમુક્ષુજનોએ
**ज्ञातव्यः** = સમજવા જેવો (છે.)

## પ્રશ્નવિચાર

અત્રે સદ્‌ગુરુની કરુણાસભર દૃષ્ટિ શિષ્યને પ્રોત્સાહિત કરતાં અનંત શ્રદ્ધામાં દૃઢીભૂત કરવા જણાવે છે કે, હે શિષ્ય! તેં સર્વોત્તમ પ્રશ્ન પૂછ્યો છે. તત્ત્વજ્ઞાનીઓ આવા પ્રશ્નને જ શ્રેષ્ઠ અને અધિકારીનો પ્રશ્ન ગણાવે છે. તારા પ્રશ્ન દ્વારા જ તેં તારો જ્ઞાનપ્રાપ્તિનો અધિકાર કે ભૂમિકા અભિવ્યક્ત કરી છે. વાસ્તવમાં તો તારો પ્રશ્ન ગહન-ગંભીર અર્થોથી સભર

છે અને છતાં તર્ક-વિતર્કની કડાકૂટથી મુક્ત છે. જીવનના અંતિમ લક્ષ્યનું વેધન કરવા માટે જ જાણે પ્રશ્નબાણ છોડ્યું હોય, તેવા તારા પ્રશ્નથી હું તો પ્રસન્ન છું જ, પરંતુ વિદ્વાનો અને મોક્ષની ઇચ્છાવાળા તમામ મુમુક્ષુઓને પણ પ્રસન્નતા ઉપજાવે તેમ છે. ગૂઢ અર્થવાળા આ સૂત્રાત્મક પ્રશ્નને સમજી સૌ મુમુક્ષુઓએ પણ તેનો ઉત્તર મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. માટે હવે તારા આ પાયાના પ્રશ્નના ઉત્તરને આત્મસાત કરવા તું તત્પર અને તૈયાર થા.

(છંદ-અનુષ્ટુપ)

**श्रृणुष्वावहितो विद्वन् यन्मया समुदीर्यते ।**
**तदेतच्छ्रवणात् सद्यो भवबन्धाद् विमोक्ष्यसे ॥७०॥**

**विद्वन्** = હે વિદ્વાન ! **श्रृणुष्व** = સાંભળ,
**यत् मया समुदीर्यते** = જે મારા વડે કહેવાય **एतत्** = એ
**श्रवणात्** = સાંભળવાથી
**तत्** = તે **सद्यः** = તરત જ (તું)
**अवहितः** = સાવધાન થઈને **भवबन्धात्** = સંસારના બંધનથી
**विमोक्ष्यसे** = છૂટી જઈશ.

(છંદ-ઉપજાતિ)

**मोक्षस्य हेतुः प्रथमो निगद्यते वैराग्यमत्यन्तमनित्यवस्तुषु ।**
**ततः शमश्चापि दमस्तितिक्षा न्यासः प्रसक्ताखिलकर्मणां भृशम् ॥७१॥**

**अनित्य वस्तुषु** = અનિત્ય વસ્તુઓમાં
**अत्यन्तं वैराग्यम्** = અતિદૃઢ વૈરાગ્યને
**मोक्षस्य** = મોક્ષનું
**प्रथमः हेतुः निगद्यते** = પ્રથમ કારણ કહેવાય છે.
**ततः शमः दमः तितिक्षा च**= ત્યાર પછી શમ, દમ અને તિતિક્ષા, (તથા)
**प्रसक्त–अखिल–कर्मणाम्** =મોહ અને મમતા ઉપજાવનારા સમસ્ત કર્મનો

**भृशम्** = સદંતર
**न्यासः अपि** = ત્યાગ પણ (જરૂરી છે.)

આચાર્યશ્રી હવે સમગ્ર ગ્રંથ દ્વારા જે કંઈ ઉપદેશ આપવાના છે તેની પ્રતિજ્ઞાનો સંદેશ બે શ્લોક દ્વારા જણાવે છે કે, ''હે વિદ્વાન! હે વિચારક! હે મુમુક્ષુ ! હવે હું જે કંઈ ઉત્તર તારા પ્રશ્નના અનુસંધાનમાં આપુ છું તેનું તું સાવધાન થઈને શ્રવણ કર. હું તને ખાત્રી આપું છું કે જો તું ચિત્તૈકાગ્રતાથી મારા ઉપદેશ-ઉત્તરનું શ્રવણ કરીશ અને ઉપદેશાનુસાર શ્રદ્ધાયુક્ત થઈ તેનું પાલન કરીશ, જણાવ્યા પ્રમાણે ચિત્તશુદ્ધિ અને આત્મસાક્ષાત્કારાર્થે અધિકારી થઈ પુરુષાર્થ કરીશ તો નિશ્ચિત માનજે કે કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના તું ત્વરાથી ભવબંધન કાપી મુક્ત થઈ શકીશ.'' ''**सद्यः भवबन्धात् विमोक्ष्यसे ।**''

ઉપરોક્ત, આત્મજ્ઞાન દ્વારા પ્રાપ્ત થતી મનુષ્યજન્મમાં જ અહીં અને અત્યારે મળનારી '**सद्यो मुक्ति**'ના સંદર્ભમાં અત્રે જણાવ્યું છે કે, આવી મુક્તિ પ્રાપ્ત કરવાનું પ્રથમ અને મોખરાનું સાધન વૈરાગ્ય છે. અર્થાત્ આલોક અને પરલોકના અનિત્ય પદાર્થોમાં સુખભોગની ઇચ્છાનો આત્યંતિક ત્યાગ કરવો જરૂરી છે. તેવા સાધનની પ્રાપ્તિ થતાં અન્ય ત્રણ સાધન જેવાં કે, વિવેક, ષટ્સંપત્તિ અને મુમુક્ષતા તો આપ મેળે જ પાછળ ખેંચાઈ આવશે. તેમ થવાથી મોહ અને મમતા ઉપજાવનારાં કર્મો કે ક્રિયાઓ ક્રમે ક્રમે આપોઆપ જ શમી જશે અને પ્રતિકૂળ સંજોગો કે પ્રારબ્ધગત આવેલાં દુઃખ સામેની પ્રતિક્રિયાઓ પણ અટકી જશે.

(છંદ-ઉપજાતિ)

**ततः श्रुतिस्तन्मननं सतत्त्व-**
**ध्यानं चिरं नित्यनिरन्तरं मुनेः ।**
**ततोऽविकल्पं परमेत्य विद्वान्**
**इहैव निर्वाणसुखं समृच्छति ॥७२॥**

| | | | |
|---|---|---|---|
| **ततः** | = ત્યારપછી | **ततः** | = ત્યાર પછી |
| **मुनेः** | = મુનિએ | **विद्वान्** | = વિદ્વાન |
| **श्रुतिः** | = ઉપનિષદનું શ્રવણ | **अविकल्पं परम्** | = નિર્વિકલ્પ બ્રહ્મને |
| **तत् मननम्** | = તેનું મનન,(અને) | **एत्य** | = પામીને |
| **नित्य–निरन्तरम्** | = નિત્ય નિરન્તર, | **इह एव** | = અહીંયા જ (વર્તમાન શરીરમાં) |
| **चिरम्** | = દીર્ઘકાલ સુધી | **निर्वाणसुखम्** | = મોક્ષનું સુખ |
| **सतत्त्वध्यानम्** | = આત્મતત્ત્વનું નિદિધ્યાસન (કરવું જોઈએ.) | **समृच्छति** | = સારી રીતે અનુભવે છે. |

પૂર્વે મોક્ષના પ્રથમ સાધન જેવા વૈરાગ્યનો ઉલ્લેખ કર્યા બાદ તે સંદર્ભમાં આચાર્યશ્રી આગળ જણાવે છે કે દૃઢ વૈરાગ્ય પ્રાપ્ત કર્યા પછી મોહ ઉપજાવે તેવા તમામ કર્મોનો ત્યાગ કે સંન્યાસ કર્યા બાદ, સદ્‌ગુરુના મુખે શ્રુતિ, સ્મૃતિ કે શાસ્ત્રના વચનોનું શ્રવણ કરવું જોઈએ. શ્રવણ દૃઢ થતાં શ્રવણ દ્વારા પ્રાપ્ત કરેલાં સત્યના સંકેતો કે આત્મસ્વરૂપના લક્ષણો ઉપર મનન કરવું હિતાવહ છે. મનન કરતાં કરતાં જે આત્મતત્ત્વ કે બ્રહ્મતત્ત્વની સ્પષ્ટતા થઈ હોય અને સ્થિર રીતે જે તત્ત્વ ગ્રાહ્ય થયું હોય તેવા આત્મતત્ત્વનું સજાતીયવૃત્તિપ્રવાહ દ્વારા અખંડાકાર વૃત્તિની મદદથી નિરંતર ધ્યાન કે નિદિધ્યાસન કરવું જોઈએ. તેમ કરતાં કરતાં અનાત્મવૃત્તિઓ કે વિજાતીયવૃત્તિપ્રવાહ ધીરે ધીરે શમી જશે અને નિર્વિકલ્પ સમાધિ જેવી વૃત્તિવિહીન દશા પ્રાપ્ત થશે. આ દશાને જ નિર્વાણ, અતિન્દ્રિય સુખ, મોક્ષ, મુક્તિ, અપરોક્ષાનુભૂતિ કે સાક્ષાત્કાર કહેવાય છે. આમ, શ્રદ્ધાવાન શિષ્ય કે મુમુક્ષુનું વૈરાગ્યપ્રાપ્તિ પછીનું અંતિમ કર્તવ્ય સદ્‌ગુરુએ જણાવીને શિષ્યને અત્રે ખ્યાલ કરી નાખ્યો છે.

(છંદ–અનુષ્ટુપ)

**यद् बोद्धव्यं त्वयेदानीमात्मानात्मविवेचनम् ।**
**तदुच्यते मया सम्यक् श्रुत्वाऽऽत्मन्यवधारय ॥७३॥**

| | | | |
|---|---|---|---|
| **त्वया** | = તારે | **यद्** | = જે |

| | | | |
|---|---|---|---|
| **इदानीम्** | = હવે | **सम्यक्** | = સારી રીતે |
| **आत्मा–अनात्म–विवेचनम्** | =આત્મા-અનાત્માનું વિવેચન | **उच्यते** | = કહેવાય છે |
| | | **श्रुत्वा** | = (જે) સાંભળીને |
| **बोद्धव्यम्** | = જાણવું જોઈએ | **आत्मनि** | = અંતઃકરણમાં |
| **तत् मया** | = તે મારા વડે | **अवधारय** | = ધારણ કર. |

સ્થૂળશરીર અને જ્ઞાનેન્દ્રિયોના વિષયોનું તાત્ત્વિક વિવેચન કરતાં પૂર્વે શિષ્યની માનસિક ભૂમિકા તૈયાર કરવા માટે અત્રે માત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આત્મામાં સ્થિર થવા માટે અને અનાત્મા કે ભૌતિક જડ પદાર્થોમાંથી ચિત્તને પાછું વાળવા માટે નિત્યાનિત્ય વસ્તુનો વિવેક અગર જડ અને ચેતનનો કે આત્મા અને અનાત્માનો વિવેક જ અતિ મહત્ત્વનો છે. હવે આચાર્યશ્રી શિષ્યને જણાવે છે કે, ' હે શિષ્ય, આવો વિવેક જ હું તને વિસ્તારવિવેચન દ્વારા સમજાવવાનો છું. જો તું તેવા વિવેક-વિવેચનને સ્થિરબુદ્ધિ અને એકાગ્રતાપૂર્વક પ્રતિક્રિયારહિત થઈને સાંભળીશ તો, નિશ્ચિત તું તારા આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકીશ. તેમજ ભૌતિક પદાર્થોની આસક્તિના બંધનથી પણ છૂટી શકીશ. માટે મારા દ્વારા જે કંઈ કહેવાય તે ધ્યાનપૂર્વક સાંભળ.' આમ, સ્થૂળ શરીરને આત્માથી છૂટું પાડવાની પૂર્વ તૈયારી રૂપે અત્રે આ સદ્‌ગુરુનું સહાયક સૂચન માત્ર છે.

(છંદ-ઉપજાતિ)

**मज्जास्थिमेदः पलरक्तचर्म–**
**त्वगाह्वयैर्धातुभिरेभिरन्वितम् ।**
**पादोरुवक्षोभुजपृष्ठमस्तकैः**
**अङ्गैरुपाङ्गैरुपयुक्तमेतत् ॥७४॥**
**अहं ममेति प्रथितं शरीरम्**
**मोहास्पदं स्थूलमितीर्यते बुधैः ।**

**मज्जा–अस्थि–मेदः–पल–रक्त–चर्म–त्वक्–आह्वयैः** = મજ્જા, હાડકાં, મેદ, માંસ, લોહી, ચર્મ(સૂક્ષ્મ ચામડી) અને ત્વચા(સ્થૂલ ચામડી)

**एभिः धातुभिः अन्वितम्** = આ (સાત) ધાતુઓથી યુક્ત
**पाद–उरु–वक्षः–भुज–पृष्ठ–मस्तकैः** =પગ,સાથળ,છાતી,હાથ, પીઠ અને માથું
**अङ्गैः उपाङ्गैः उपयुक्तम्** = આ બધા અંગો–ઉપાંગોથી ઉપયુક્ત બનતું
**अहं मम इति प्रथितम्** = 'હું' અને 'મારું' એવા ભાવથી પ્રસિધ્ધ
**एतत् मोहास्पदं शरीरम्** = (અને) મોહના આશ્રયરૂપ આ શરીરને,
**बुधैः** = જ્ઞાનીઓ વડે
**स्थूलम्** = સ્થૂલ (શરીર)
**इति ईर्यते** = એમ કહેવાય છે.

## સ્થૂળશરીર વિવેચન

હવે સ્થૂળ શરીરના વિવેચનનો પ્રારંભ કરતાં જણાવાયું છે કે, મજ્જા, અસ્થિ, મેદ,માંસ, રક્ત તથા સ્થૂળ અને સૂક્ષ્મ ત્વચા એવી સાત ધાતુ વડે બનેલું આ સ્થૂળ શરીર છે. આ સપ્ત ધાતુઓથી સંયુક્ત સ્થૂળ શરીરમાં જ પગ, સાથળ, છાતી, હાથ અને પીઠ વિગેરે અંગ–ઉપાંગો રહેલાં છે. આશ્ચર્ય તો એ છે કે, હું આત્મસ્વરૂપે શરીરથી અસંગ અને ન્યારો છું. છતાં શરીરને અજ્ઞાનમાં મમભાવે મારું કહું છું અને અહંભાવથી હું મને શરીર માનું છું. આમ, શરીરની મોહભ્રાન્તિ પેદા કરનારું સ્થૂળ દેહનું તાદાત્મ્ય જ બંધનનું કારણ છે, એવું જ્ઞાનીઓ સમજાવે છે. આ દેહતાદાત્મ્યથી મુક્તિ માટે જ આવા સદ્ગ્રંથો ઉપર આપણે વિચાર કરવો જોઈએ.

(છંદ–ઉપજાતિ)

**नभोनभस्वद्दहनाम्बुभूमयः**
**सूक्ष्माणि भूतानि भवन्ति तानि ॥७५॥**
**परस्परांशैर्मिलितानि भूत्वा**
**स्थूलानि च स्थूलशरीरहेतवः ।**

मात्रास्तदीया विषया भवन्ति
शब्दादयः पञ्च सुखाय भोक्तुः ॥७६॥

**नभः–नभस्वद्–दहन–अम्बु–भूमयः** = આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી
**सूक्ष्माणि भूतानि भवन्ति** = (પ્રથમ તો) એ ભૂતો સૂક્ષ્મરૂપે ઉત્પન્ન થાય છે.
**तानि परस्परांशैः** = તેઓના અંશો એકબીજામાં
**मिलितानि भूत्वा** = મિશ્રિત થઈને
**स्थूलानि च** = સ્થૂળ બની
**स्थूलशरीरहेतवः भवन्ति** = સ્થૂળશરીરનું કારણ બને છે.
**तदीयाः मात्राः** = તેમની જ માત્રાઓ
**भोक्तुः** = ભોક્તાના
**सुखाय** = સુખ માટે
**शब्दादयः** = શબ્દ વગેરે
**पञ्च विषयाः** = પાંચ વિષયો
**(भवन्ति)** = (બને છે.)

આ સ્થૂળશરીર સંદર્ભે અત્રે જણાવાયું છે કે તે પંચમહાભૂતનું કાર્ય છે અર્થાત્ આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી જેવા સૂક્ષ્મ ભૂતો એકબીજાના અંશો સાથે મળતાં પંચીકરણની પ્રક્રિયા દ્વારા સ્થૂળ શરીર માટે કારણ બન્યાં છે. તે પાંચ મહાભૂતોની જીવ રૂપી ભોક્તાના ભોગ માટે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા પાંચ જ્ઞાનેન્દ્રિયોના વિષયો બને છે.

(છંદ–ઉપજાતિ)

य एषु मूढा विषयेषु बद्धाः
रागोरुपाशेन सुदुर्दमेन
आयान्ति निर्यान्त्यध ऊर्ध्वमुच्चैः
स्वकर्मदूतेन जवेन नीताः ॥७७॥

| | | | |
|---|---|---|---|
| **ये मूढाः** | = જે અજ્ઞાનીઓ | **स्वकर्मदूतेन** | = પોતાના કર્મોરૂપી દૂતો દ્વારા |
| **एषु विषयेषु** | = આ વિષયોમાં | | |
| **सुदुर्दमेन** | = તોડવા મુશ્કેલ (એવા) | **नीताः** | = ઘસડાતા |
| **रागोरुपाशेन** | = રાગરૂપી મજબૂત બંધનથી | **अधः–ऊर्ध्वमुच्चैः** | = ઉપર (સ્વર્ગમાં) નીચે અધમ (યોનીઓમાં) |
| **बद्धाः** | = બંધાયેલા છે | **आयान्ति** | = આવે છે (જન્મે છે) |
| **जवेन** | = (તેઓ) વેગથી | **निर्यान्ति** | = અને જાય છે (મરે છે.) |

પૂર્વેના શ્લોકમાં આચાર્યશ્રીએ પાંચ જ્ઞાનેન્દ્રિયોના પાંચ વિષયો જેવાં કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનો ઉલ્લેખ કર્યા બાદ તે સંદર્ભે જણાવે છે કે, આવા પાંચ વિષયોમાં જે કોઈ મૂઢ પુરુષ આસક્તિ કે રાગ અનુભવે છે તેની ઇન્દ્રિયો જ્યારે, તેવા વિષયભોગ માટે સંસારમાં પ્રયાણ કરે છે ત્યારે, બળાત્કારે સાધકના મનને પણ તેવા વિષયભોગમાં ઢસડી જાય છે. તેથી ચિંતન, મનન કે નિદિધ્યાસન કરવામાં ચિત્ત કે મનને વિક્ષેપ કે વિઘ્ન ઉદ્ભવે છે. આવું ચંચળ બનેલું મન, પરબ્રહ્મના વિચારથી ચ્યુત થાય છે. એટલું જ નહીં પણ નિરંતર વિષયભોગમાં આસક્ત રહેતાં તેની વિષયવાસના અતૃપ્ત રહે છે અને જો શરીર છૂટી જાય તો તેવી અતૃપ્ત વિષયવાસનાની તૃપ્તિ અર્થે તે પશુ–પક્ષી જેવી કનિષ્ઠ યોનીમાં જાય છે. જો કોઈ સદ્ભાગી સાત્ત્વિક કર્મમાં રાગી થયો હોય તો સ્વર્ગાદિ જેવી ઉચ્ચયોનીમાં પણ પ્રવેશ પામે છે. પરંતુ તેવા બહુ ઓછા હોય છે. મોટાભાગના લોકો તો શબ્દાદિ વિષયપાશમાં બંધાઈ જન્મ–મૃત્યુના ચક્રે ચઢે છે અને વિષયબંધનમાં પડે છે. આવી વિષયાસક્તિ જ વાસ્તવમાં બંધન કહેવાય છે. તેવું જણાવતાં બ્રહ્મબિંદુશ્રુતિ ઉચ્ચારે છે કે,

**"बन्धाय विषयासक्तं मुक्त्यैर्निर्विषयं स्मृतम् ॥२॥ "**

(છંદ–ઉપજાતિ)

**शब्दादिभिः पञ्चभिरेव पञ्च**
**पञ्चत्वमापुः स्वगुणेन बद्धाः ।**

कुरङ्गमातङ्गपतङ्गमीन–
भृङ्गा नरः पञ्चभिरञ्चितः किम् ॥७८॥

| | |
|---|---|
| शब्दादिभिः पञ्चभिः एव | =શબ્દ આદિ પાંચ વિષયોથી જ |
| स्वगुणेन बद्धाः | =પોતપોતાના ગુણ પ્રમાણે બંધાયેલા |
| पञ्च | =પાંચ |
| कुरङ्ग–मातङ्ग–पतङ्ग–मीन–भृंगाः | = હરણ, હાથી, પતંગિયું, માછલી અને ભમરો |
| पञ्चत्वम् आपुः | =મરણ પામે છે |
| पञ्चभिः | =(તો પછી) પાંચેય (વિષયોમાં) |
| अञ्चितः | =ફસાયેલા |
| नरः | =મનુષ્યનું |
| किम् | =શું કહેવું? |

## વિષયનિંદા

આગળના શ્લોકનું અનુસંધાન સાધતા અત્રે શબ્દાદિ પાંચ વિષયો કેવું બંધન સર્જે છે અને જીવનને અધોગતિ કે વિનાશના માર્ગે લઈ જાય છે તેનું સદૃષ્ટાંત વર્ણન કરતાં આચાર્યશ્રી જણાવે છે કે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા ઈન્દ્રિયોના વિષયો, વ્યક્તિને માટે સુંવાળા રેશમના તાર જેવું ભોગરૂપી બંધન એવી રીતે સર્જે છે કે તે પોતાના આત્મસ્વરૂપથી વિમુખ થઈ, આત્મવિચારથી દૂર જઈ વિષયચિંતનમાં રાચે છે અને જાતે જ વિનાશના મુખમાં પ્રવેશે છે.

હરણ, હાથી, પતંગિયું , માછલી અને ભ્રમર, આ પાંચ પ્રાણીઓ તો માત્ર એક, એક વિષયની પાછળ આકર્ષાઈ, વિષયભોગને આધીન થઈ સ્વવિનાશને નોતરે છે. તે જોઈ આચાર્યશ્રી પ્રશ્ન કરે છે કે આવા પ્રાણીઓને મૃત્યુના મુખમાં ધકેલવા માત્ર એક એક વિષયની આસક્તિ જ જો સમર્થ છે તો પછી પ્રાણીઓમાં ઉત્કૃષ્ટ મનુષ્યને જો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવાં પાંચ પાંચ વિષયો પોતપોતાની દિશામાં બળાત્કારે ખેંચે

કે ઢસડી જાય તો તેવા મનુષ્યનો કેવો કપરો વિનાશ થાય? તેની તો કલ્પના જ થઈ શકે તેમ નથી.એક વિષયની આસક્તિથી પ્રાણી વિનાશને પ્રાપ્ત થાય, તો પાંચ વિષયોની આસક્તિથી ઘેરાયેલો મનુષ્ય કઈ રીતે વિનાશના મુખમાંથી બચી શકે? **पञ्चभिः अञ्चितः नरः किम् ।**

હરણને શબ્દમાં રાગ છે, અર્થાત્ તેને વાંસળી જેવા વાજીંત્ર પ્રિય હોય છે. જે દિશામાંથી સૂરીલો અવાજ આવતો હોય તે દિશામાં તે કાન ઊંચા કરી સાંભળવા ઊભું રહે છે. સંગીતના સૂરમાં થોડી ક્ષણો માટે ઊંચા કાને એકતાનતા અનુભવે છે. તેટલો સમય શિકારીઓ માટે હરણને જાળમાં ફસાવવા કે તીક્ષ્ણ હથિયારથી તેનું હનન કરવા માટે પૂરતો હોય છે. આમ, શબ્દસંગીતમાં આસક્તિને લીધે હરણ જીવનભરની કેદ કે મૃત્યુને આધીન થાય છે. આમ, શ્રવણેન્દ્રિયનો વિષય, માત્ર એક શબ્દ જ જીવનવિનાશને નિમંત્રણ આપે છે. તો માનવી રોજબરોજ સંગીતના જેલસા, ટેપરેકોર્ડર, ટી.વી., રેડિયો કે નૃત્યના નૂપુર-ઝંકાર વચ્ચે જીવતો હોય તો તેને શબ્દાસક્તિમાંથી કોણ કેવી રીતે બચાવી શકે? માટે જ કવિએ કહ્યું છે કે,

"બજે જ્યાં બીન મીઠું ત્યાં હરણ તું દોડી ના જાતું
વીંધાવું બાણના કરતાં મજા છે દૂર રહેવામાં."

હરણની જેમ હાથી સ્પર્શાનુભૂતિ માટે ગાંડો, ઘેલો અને આસક્ત બને છે. ઋતુકાળે તે હાથિણીના સંગ અને સાથમાં પોતાનું મહાકાય શરીર રગડતો, ઘસતો ચાલે છે અને અન્યોન્યના સ્પર્શથી બન્ને સ્પર્શસુખમાં નિમગ્ન બને છે. માટે જ નદી કે તળાવ તરફ જતાં, રસ્તે તેમના માટે શિકારીઓએ ખાડા ખોદી ઉપર બિછાવેલા પાંદડા કે ડાળાનું તેમને ભાન રહેતું નથી અને ઓચિંતા જ બન્ને ખાડામાં પડે છે. તેમ થતાં જ શિકારીઓ દોડી આવે છે અને ઘણાં દિવસ સુધી તે ખાડામાં તેમને ભૂખ્યાં રાખવામાં આવે છે. ભૂખ અને તરસથી અશક્ત બનેલા હાથીઓને અંતે સાંકળ અને દોરડાથી બાંધી પૂર્વે તૈયાર કરેલા રસ્તે શિકારીઓ બહાર લાવે છે. અંતે આપણે

જાણીએ છીએ તેમ સ્પર્શસુખમાં આસક્ત અને રાગી બનેલા હાથીઓ પાસે જીવનભર લાકડાં ઊંચકવાનું કે સરકસમાં ખેલ કરવાનું કામ કરાવવામાં આવે છે. આમ, નિરંકુશ મહાકાય હાથી જંગલમાં મુક્તવિહાર કરનારો હોવા છતાં સ્પર્શેન્દ્રિયના સુખમાં ઘેલો કે ગાંડો થવાથી જ જીવનભરની કેદને જાતે જ નિમંત્રણ આપે છે. તો મનુષ્ય પળે પળે જે સુખદ સ્પર્શ માટે ફાંફા મારતો હોય, રેશમી વસ્ત્રો, ગાલીચા, ડનલોપનાં ગાદલાં કે સુંવાળા શયનખંડ માટે અનુરાગી થતો હોય અને ત્વચાસ્પર્શનો ઘેલો બન્યો હોય તેને તો લગ્નની લોખંડી બેડી પહેરતાં કે કાંટાળી સામાજીક જવાબદારીઓને વહન કરતાં અગર રૂપયૌવનાના ભોગ માટે પરાક્રમો કરતો, લડતો, મરતો કે કજીયા-કંકાસ કરતો કોણ અટકાવી શકશે?

હરણ 'શબ્દ' માટે, હાથી 'સ્પર્શ' માટે ખુવાર થાય છે તેમ માછલી રસનેન્દ્રિયના કે જીભના સ્વાદમાં તરફડિયાં મારે છે. માછલાને સ્વાદનું એક અજબનું આકર્ષણ હોય છે. નદી, તળાવ કે સાગરમાં ખાદ્ય પદાર્થ નાંખતાં જ માછલાં પાણીની સપાટી ઉપર આવે છે. તેટલું જ નહીં, પરંતુ ખાદ્યપદાર્થને પકડવા એકબીજા ઉપર પડતુ મૂકી કૂદાકૂદ કરે છે. માછીમાર કે મત્સ્યશિકારના શોખીનો માછલીની સ્વાદ-આસક્તિને સારી રીતે જાણી તેની કમજોરીનો મોટો લાભ ઉઠાવે છે. તેઓ માછલા પકડવાના વિવિધ યંત્રો, અનેક પ્રકારની જાળ અને વાંકો વળેલો સોય જેવો અણીદાર આંકડો (HOOK) વાપરે છે. આવા અણીદાર આંકડા ઉપર લોટની ગોળી કે જમીનમાંથી ચોમાસામાં નીકળતાં અળસિયાંને પરોવવામાં આવે છે. તેવા આંકડાને દોરી દ્વારા નદી કે તળાવમાં ફેંકતાં જ સોય જેવા ધારદાર આંકડાની અણી ઉપર મૂકેલા ખાદ્ય પદાર્થને માછલી ગળી જાય છે અને તે ખાદ્ય પદાર્થ પેટમાં ઉતારે ન ઉતારે ત્યાં તો તળાવની પાળ કે નદીકિનારે બેઠેલો માછીમાર દોરી ખેંચે છે અને આંકડો, માછલીનું તાળવું વીંધી આરપાર થઈ જાય છે અને ક્ષણવાર માટે માછલી પાણીની બહાર તરફડિયાં મારતી જોવા મળે છે. ભોગ્યપદાર્થનું ભક્ષણ કરવા તત્પર થયેલી માછલી જાતે

જ મૃત્યુને શરણ થઈ અન્યનું ભક્ષ્ય બની જાય છે. તો માનવી, ફળ, ફૂલ કે દાળ–ચોખા જેવા અનાજ માત્રને ભક્ષ્ય બનાવવાથી અટકતો નથી પરંતુ જળચર, ભૂચર અને ખેચર જેવા તમામને પોતાનું ભક્ષ્ય બનાવવા આજે સર્વત્ર ભટકી રહ્યો છે અને નવા નવા ખાદ્યપદાર્થોની શોધખોળમાં નિમગ્ન થયો છે. માટે જ તેણે કપાસિયાં અને સૂરજમુખીના પુષ્પમાંથી પણ તેલ કાઢવાનો પ્રયત્ન કર્યો. ડૉલ્ફીન, વ્હેલ અને શાર્ક જેવી માછલીનો શિકાર કરવા તે પાણીમાં પડ્યો, સસલાં, હરણ જેવા પ્રાણીઓને પકડવા જંગલ ભણી દોડ્યો. અરે! શાસનકર્તાઓએ પણ મત્સ્ય-ઉદ્યોગ, મરઘાં- ઉછેર, ઘેંટા–બકરાં અને પશુપાલન જેવા કેન્દ્રો ઊભા કર્યાં અને યાંત્રિક કતલખાનાઓની વણઝાર ઊભી કરી. તે વિશેના પ્રધાનો નિમાયા. આ બધું માત્ર સ્વાદેન્દ્રિયને સંતોષવા થયેલી હિંસાનો આધુનિક વૈજ્ઞાનિક પ્રયાસ નથી તો અન્ય શું? આમ વિચારતા સ્વાદ અને રસમાં આસક્ત બનેલા માનવીએ જે ઘોર હિંસા આદરી છે તેથી સર્જાતો તેનો અધોગતિ કે વિનાશનો પંથ કોણ રોકી શકશે!

હરણ શબ્દથી, હાથી સ્પર્શથી અને માછલી રસ કે સ્વાદ દ્વારા આસક્ત થઈ 'સ્વ'ના જીવનને હણે છે કે પોતાની સદાકાળ બંધ રહેનારી કારાવાસ સર્જે છે તો ભ્રમર પોતાની સુંવાળી મૃત્યુગોદ માટે ઘ્રાણેન્દ્રિયના વિષય ગંધનો આધાર લે છે. જે ભ્રમરમાં લાકડાંના મોટા થાંભલા કોતરી અને કાણું પાડવાનું સામર્થ્ય રહેલું છે તે જ ભ્રમર કમળના કોમળ પાંદડામાં કમળપત્રની સુગંધથી સુગંધનો આસ્વાદ લેતો લેતો એવું તો શયન કરે છે કે એને ખ્યાલ નથી આવતો કે સંધ્યા થવા આવી છે અને કમળની પાંદડીઓ બીડાઈ જશે. તેથી સુગંધમાં આસક્ત ભ્રમર કમળપુષ્પની સુગંધ છોડીને ઊડી જતો નથી. કારણ કે તે કમળની ખુશબોનો બંધાણી થઈ ચૂક્યો છે. તેના રૂપનો માદક થઈ ચૂક્યો છે.માટે જ કોમળ કમળપત્રને તે શયનખંડ બનાવે છે અને જોતજોતામાં કમળ બિડાઈ જાય છે. સૂર્યાસ્ત થાય છે પરંતુ કોમળ કમળપત્રનું ભેદન કરી ભ્રમર બહાર નીકળી શકતો

નથી. કમળ બિડાતાં જ તેમાં હવાની અવરજવર બંધ થવાથી તે ગૂંગળાઈને મરે છે. પ્રાતઃકાળે પુનઃ સૂર્યોદય સાથે કમળની પાંખડીઓ સોળે કળાએ ખીલી રૂપ અને સુગંધનું સામ્રાજ્ય સર્જે છે ત્યાં તો ભ્રમરના જીવનનો અંત આવી ચૂક્યો હોય છે અને જાણે ખુદ કમળ જ ભ્રમરના જનાજા ઉપર અત્તર અને પુષ્પપાંદડીઓ બિછાવી દે છે. આવું રૂપ અને સુગંધીસભર મૃત્યુનું નિમંત્રણ ભ્રમર જાતે જ સુગંધની આસક્તિ દ્વારા પાઠવે છે.

હરણ શબ્દાસક્તિથી, હાથી સ્પર્શાનુરાગથી, માછલી રસાસ્વાદથી અને ભ્રમર સુગંધાકર્ષણથી જીવનવિનાશને પંથે પ્રસ્થાન કરે છે, તો પતંગિયું માદક રૂપની મસ્તીમાં મોતને ભેટે છે. સ્નેહ અને સ્નેહી, સત્તા અને સિંહાસન, ધન અને યૌવનને આલિંગન કરનારા તો અનેક દીઠાં છે પરંતુ રૂપના રાગમાં જીવન ન્યોચ્છાવર કરનાર અને હસતે મુખે જૌહર કરનારી રજપૂતાણીઓ જેમ અગ્નિ કે દીપકના પ્રકાશમય આંખને આંજી નાંખે તેવા રૂપની જવાળાઓમાં જાતે જ કૂદી જીવનજૌહર કરનારા પતંગિયાનો જોટો જડે તેમ નથી. કેટલું સઘન રૂપનું આકર્ષણ! કેવી છે પતંગિયાની ઉદ્દીપ્ત રૂપવાસના! કે તેને જીવતાં ભસ્મ થવાનો ભય નથી. તેને તો રૂપની જવાળાઓ, સુંવાળા આકર્ષણનો આનંદ પમાડે છે. સ્વયં પોતે જ રંગબેરંગી મેઘધનુષ્યનું હરતું, ફરતું અને ઊડતું પ્રતીક હોય, ઉષા અને નિશાની રંગોળીના રંગોને શરમાવે તેવું તેનું રૂપ હોય, ઈન્દ્રની અટારીઓમાં લટાર મારતી અપ્સરાઓને આંજે તેવું જેનું સૌંદર્ય હોય અને છતાં પતંગિયું દીપકની જવાળામાં કે અગ્નિના પ્રકાશમાં રૂપ શોધે તો આંખ નીચે આવેલા સોજાવાળો, પર્વતોમાં પડેલી તિરાડો કે ખાઈઓ જેવી મોઢા ઉપરની કરચલીવાળો, ખીલ જેવા ગૂમડાવાળો પોતાને કદરૂપો સમજી રોજબરોજ મોઢા ઉપર રંગના લપેડા થપેડા કરતો માનવી પોતાનાથી દૂર અન્ય સ્થળે મળ-મૂત્ર, થૂંક અને પીયાના નશ્વર હાડકાં અને ચામડાના પેકેટ કે પેકિંગ જેવા દેહમાં રૂપ શોધે અને તેની પાછળ ખુવાર થાય, ખોખલો થાય, ખતમ થાય તો તેમાં છે કયાં આશ્ચર્ય! માટે જ કવિએ ગાયું છે કે,

"પતંગા એ નહીં સમજે અગર સમજે તો કહી દેજે
દીપકથી દાઝવા કરતાં મજા છે દૂર રહેવામાં."

નિષ્કર્ષમાં હરણ, હાથી, પતંગિયું , માછલી અને ભ્રમર જો એક એક વિષયમાં આસક્ત છે અને માત્ર એક જ વિષયની આસક્તિ તેમની શક્તિ હીણ કરી તેમને વિનાશના માર્ગે ખેંચી જઈ અત્યંત શોચનીય પરિણામ પેદા કરે છે તો મનુષ્ય કે જે જ્ઞાનેન્દ્રિયોના પાંચે પાંચ વિષયો, જેવાં કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં મોહાસક્ત બન્યો હોય, પાગલ અને પાપી બન્યો હોય તો તેવા મનુષ્ય માટે આપણે શોક કરવો કેટલો? દયા સંચિત કરવી કેટલી? સહાનુભૂતિ એકત્ર કરી દાખવવી કેટલી?

(છંદ-અનુષ્ટુપ)

**दोषेण तीव्रो विषयः कृष्णसर्पविषादपि ।**
**विषं निहन्ति भोक्तारं दृष्टारं चक्षुषाप्ययम् ॥७६॥**

**विषयः** = વિષય
**कृष्णसर्पविषात् अपि** = કાળા સાપના વિષથી પણ
**दोषेण तीव्रः** = અધિક દોષવાળો છે.
**विषम्** = (કારણ કે) વિષ
**भोक्तारम्** = ખાનારને જ
**निहन्ति** = મારે છે.(જયારે)
**अयम्** = આ (વિષય તો)
**चक्षुषा** = નજરથી
**दृष्टारं अपि** = જોનારને પણ (મારે છે.)

પૂર્વે શબ્દાદિ પાંચ વિષયોથી ઉત્પન્ન થતું બંધન સદૃષ્ટાંત સમજાવામાં આવ્યું. ત્યારબાદ તે જ વિષયનો વિસ્તાર કરતા અત્રે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા ઈન્દ્રિયોના વિષયો ઝેરી સર્પના ઝેર કરતાં પણ વધુ ઝેરી અને ઘાતક હોય છે તેવું જણાવતાં દર્શાવ્યું છે કે કાળા ઝેરી સર્પનું ઝેર તો જેને સર્પ કરડે તેને જ ચઢે છે. જયારે શબ્દ આદિ વિષયોનું ઝેર તો તેના સમાગમ કે સ્પર્શ વિના જ ચઢે છે. શબ્દાદિ વિષયનો સીધે સીધો સ્પર્શ ન થાય પરંતુ માત્ર દૂરથી તે દૃશ્ય થાય કે જો તેવા શબ્દનું દૂરથી શ્રવણ થાય તો પણ વ્યક્તિ વિષયસ્પર્શ પૂર્વે ઘાયલ થઈ,

મૃત્યુ પૂર્વે મરે છે. દા.ત. કોઈ દુશ્મન, દુર્જન કે અસામાજિક તત્ત્વ જેવો પુરુષ, કોઈ સજ્જનને દૂરથી ઊભો ઊભો અપશબ્દ સંભળાવે, ગાળો દે કે તેનું અપમાન કરે તો અપશબ્દ બોલનાર દૂર હોય, સર્પ જેમ નજીક આવી કરડ્યો ન હોય છતાં તેના શબ્દો દૂરથી જ સજ્જનના અહંકારને હણે છે. તેમ થતાં શબ્દોનું એવું તો ઝેર પ્રસરે છે કે મામલો મારામારી, તકરાર કે કોઈ વાર કરપીણ હત્યા સુધી પહોંચે છે. આ બાબતમાં દ્રૌપદી અને દુર્યોધનનું દૃષ્ટાંત ખૂબ જ ખ્યાતનામ પામેલું છે. દ્રૌપદીએ મ્હેણું માર્યું કે, 'આંધળાના છોકરા આંધળા જ હોય છે' આ શબ્દબાણ દૂરથી જ દુર્યોધનના હૃદયને એવું તો ઘાયલ કરી ગયું, દ્રૌપદીના શબ્દોનું ઝેર એટલું બધું દુર્યોધનના વિચારોમાં વ્યાપી ગયું કે તેણે વેરની વસૂલાતનો તકતો ગોઠવ્યો અને અંતે આપણે સૌ જાણીએ છીએ તેમ દ્રૌપદીને ભરસભામાં નિર્વસ્ત્ર કરવામાં આવી, ચોટલો ખેંચીને દુઃશાસને દ્રૌપદીને અપમાનિત કરી, ભરસભામાં ઊભી કરી. કૌરવોએ દ્રૌપદીને પોતાની સાથળ થાબડી ઉપર બેસાડવાની કુચેષ્ટા પણ કરી અને છતાં વેરનું ઝેર ઉતર્યું નહીં. અરે! આ શબ્દબાણનું ઝેર કેવું હશે એ તો વિચારો! જો સર્પનું ઝેર ચઢયું હોય તો ઝેરના મારણ જેવી દવાઓ (ANTIVENOM) આપી ઝેર ઉતારી શકાય અગર કોઈ મદારી કે ગારુડીની મદદ લઈ મંત્રોચ્ચાર દ્વારા પણ સાપ કરડ્યો હોય તેને સાંત્વન આપી શકાય પરંતુ દ્રૌપદી જેમ જો કોઈએ શબ્દબાણ છોડયું હોય તો તેવા બાણની કોઈ દવા હોતી નથી. સ્વયં શ્રીકૃષ્ણ પરમાત્મા શાંતિદૂત થઈને મહાભારતનું યુદ્ધ અટકાવવા પ્રયાસ કરી ચૂકયા હતા, છતાં દુર્યોધનના ઝેરનું શમન થયું નહીં અને અંતે શબ્દબાણનું પરિણામ મહાભારતના યુદ્ધમાં પરિણમ્યું. તે જ દર્શાવે છે કે કાળા સર્પના ઝેર કરતાં પણ શબ્દાદિ વિષયનું ઝેર અતિ ભયંકર હોય છે અને ઘણે દૂરથી જ તેની ઘાતક અસર થાય છે.

તે જ પ્રમાણે જો કોઈ સ્વરૂપવાન લલના દૂર ઊભી રહીને પોતાના નયનબાણથી જો કોઈ પુરુષને ઘાયલ કરે તો ઝખમી થયેલા તે પુરુષનું ઝેર ઉતારવા મંત્ર, તંત્ર કે દવાદારુ કોઈ જ સમર્થ હોતું નથી. માત્ર પેલી રૂપવતી સૌંદર્યસભર નવયૌવના જ ભોગાસક્ત પુરુષને શાતા

આપી શકે છે. આથી સ્પષ્ટ છે કે દષ્ટિનો વિષય, 'રૂપ' તો માત્ર જોવાથી જ વ્યક્તિને ઘાયલ કરે છે, હણે છે અર્થાત્ પાસે આવ્યા વિના પણ રૂપ કે સૌંદર્યનું ઝેર ચઢતું હોય છે. માટે જ કહ્યું છે કે સર્પનું ઝેર તો કરડે તેને જ ચઢે પરંતુ રૂપ કે સૌંદર્યનું ઝેર કે નશો તો જોનારને પણ ચઢે છે અને નડે છે. તેથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા વિષયો કાળા નાગના ઝેર કરતાં પણ વધુ ઝેરી ગણી સાધકે કે મોક્ષમાર્ગના પથિકે તેવા વિષયોથી દૂર રહેવા પ્રયત્ન કરવો જોઈએ. મણિરત્નમાળામાં એવો પ્રશ્ન છે કે 'ઝેરથી વધુ ઝેરી કોણ? અને નિત્ય, નિરંતર દુઃખી કોણ?' એના જવાબમાં ઉત્તર છે કે 'ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયો ઝેરથી પણ ઝેરી છે અને વિષયોમાં જે અનુરાગી કે આસક્તિવાળો છે તે સદા સર્વદા દુઃખી જ છે.'

**विषाद्विषं किं ? विषयाः समस्ताः ।**
**दुःखी सदा को ? विषयानुरागी ॥१३॥** (મણિરત્નમાળા)

આવું હોવાથી જ અષ્ટાવક્રગીતામાં પણ ઉપદેશ અપાયેલો છે કે

**'मुक्तिमिच्छसि चेत्तात विषयान् विषवत् त्यज ।'**

જે કોઈ મુક્તિની ઇચ્છા રાખતો હોય તેણે શબ્દાદિ વિષયોને વિષની જેમ ઝેરી સમજી દૂરથી જ છોડી દેવા જોઈએ.

(છંદ–અનુષ્ટુપ)

**विषयाशामहापाशाद्यो विमुक्तः सुदुस्त्यजात् ।**
**स एव कल्पते मुक्त्यै नान्यः षट्शास्त्रवेद्यपि ॥८०॥**

**सुदुस्त्यजात्** = જેનો ત્યાગ અતિ કઠિન છે એવી
**विषयाशामहापाशात्** = વિષયની આશાના મહાન બંધનમાંથી
**यः** = જે
**विमुक्तः** = છૂટ્યો
**सः एव** = તે જ
**मुक्त्यै** = મોક્ષને માટે
**कल्पते** = યોગ્ય થાય છે.
**अन्यः** = બીજો કોઈ
**षट्शास्त्रवेदी** = છ શાસ્ત્રને જાણનારો
**अपि न** = (હોય) તો પણ નહીં.

ઇન્દ્રિયોના વિષયોની આસક્તિ કે રાગને બંધન તરીકે વર્ણવી તેવી વિષયાસક્તિ જ મોક્ષમાર્ગે અનુલ્લંઘનીય વિઘ્ન છે, તેવું જણાવી હવે ઉપરોક્ત ચર્ચાના નિષ્કર્ષમાં જણાવે છે કે શબ્દાદિ વિષયોનો રાગ જ બંધનનું મૂળ કારણ છે. તે જ મહાન દુ:ખ છે. તેથી સ્પષ્ટ છે કે જેનો ત્યાગ કરવો કપરું કાર્ય છે તેમ છતાં જો કોઈ ઉપાયે દુષ્કર વિષયત્યાગ શક્ય બને તો જ બંધનમાંથી મુક્તિ મળે છે. આ જ શાસ્ત્રોનો સંદેશ છે. શ્રુતિઓનો ઉપદેશ છે કે અઢાર પુરાણોનો સાર છે. વિષયોના ત્યાગ વિના ભલેને કોઈ ષડ્દર્શનાચાર્ય કે છ એ છ શાસ્ત્રનો વિદ્વાન, પારંગત કે આચાર્ય બન્યો હોય પરંતુ તે જીતેન્દ્રિય ન થયો હોય કે તેણે વિષયોને વિષવત સમજી તેનો ત્યાગ ન કર્યો હોય તો તેવો વિષયોનો દાસ શાસ્ત્રવેત્તા હોવા છતાં વિષયોના પાશમાં બધ્ધ છે. તેવા વિષયાસક્તને તો મુક્તિના પડછાયામાં પણ પ્રવેશ મળતો નથી.

(છંદ-ઉપજાતિ)

**आपातवैराग्यवतो मुमुक्षून्**
**भवाब्धिपारं प्रतियातुमुद्यतान् ।**
**आशाग्रहो मज्जयतेऽन्तराले**
**निगृह्य कण्ठे विनिवर्त्य वेगात् ॥८१॥**

**भवाब्धिपारम्** = સંસારસાગરને
**प्रतियातुम्** = પાર કરવાને
**उद्यतान्** = તૈયાર થયેલા
**आपातवैराग्यवतः** = આપાત વૈરાગ્યવાળા
**मुमुक्षून्** = મુમુક્ષુને
**आशाग्रहः** = આશારૂપી મગર
**वेगात् विनिवर्त्य** = વેગથી પાછો ફરી
**कण्ठे निगृह्य** = ગળેથી પકડી
**अन्तराले** = વચ્ચે જ
**मज्जयते** = ડુબાડી દે છે.

ઉપરોકત વિચારને વિસ્તરતા જણાવે છે કે જે વિષયાસક્ત પુરુષો માત્ર સ્મશાનવૈરાગ્ય દ્વારા સંસારસમુદ્રને પાર કરવા તૈયાર થયા છે તેવા ભીરુ, રાગી પુરુષોને વિષયાસક્તિરૂપી મગર સંસારસમુદ્રની વચ્ચે જ ગળું પકડીને ડૂબાડી દે છે. તેઓ મોક્ષના કિનારા સુધી પહોંચી શકતા

જ નથી. તાત્પર્યમાં, વૈરાગ્ય વિના ન તો સંસારસાગર તરી શકાય, ન તો શાસ્ત્રોમાં છુપાયેલું અસંગ શસ્ત્ર પ્રાપ્ત થઈ શકે. માટે મોક્ષના અનેક સાધનોમાં જે મહત્ત્વનું છે તે વૈરાગ્ય છે અને વૈરાગ્યનો મહિમા દર્શાવવા માટે અત્રે અનેક દૃષ્ટાંતો દ્વારા તેની સઘન ચર્ચા કરવામાં આવી છે.

(છંદ–અનુષ્ટુપ)

**विषयाख्यग्रहो येन सुविरक्त्यसिना हतः ।**
**स गच्छति भवाम्भोधेः पारं प्रत्यूहवर्जितः ॥८२॥**

| | | | |
|---|---|---|---|
| **येन** | = જેણે | **हतः** | = મારી નાંખ્યો છે, |
| **विषयाख्य–ग्रहः** | = વિષય નામના મગરને | **सः** | = તે |
| | | **प्रत्यूहवर्जितः** | = નિર્વિઘ્નતાથી |
| **सुविरक्ति–असिना** | = દૃઢ વૈરાગ્યરૂપી તલવારથી | **भवाम्भोधेः** | = સંસારસાગરને |
| | | **पारं गच्छति** | = તરી જાય છે. |

શાસ્ત્રોમાં અને વિશેષ કરીને ભગવદ્‌ગીતાના પંદરમા અધ્યાયમાં જે અસંગ શસ્ત્રની વાત કરવામાં આવી છે , તે અસંગ શસ્ત્ર એટલે જ વૈરાગ્યરૂપી તલવારની વાત છે. સંગ એટલે રાગ અને રાગનું જે છેદન કરે, રાગને જે કાપી નાંખે, રાગને જે નિર્મૂળ કરી તેની આત્યંતિક નિવૃત્તિ જીવનમાં આણે, તેવા શસ્ત્રને અસંગ શસ્ત્ર કહ્યું છે અને તેવા અસંગ શસ્ત્રને જ અત્રે શંકરાચાર્યજી વિરક્તિ કે વૈરાગ્યની ધારદાર તલવાર તરીકે જણાવે છે. "**सुविरक्तिः एव असिः तेन हतः**"= જે તીવ્ર વૈરાગ્યરૂપી તલવાર વડે હણાયો છે, જેણે વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે કે તલવાર દ્વારા વિષયાસક્તિરૂપી મગરને હણ્યો છે, તે જ સંસારસાગરને તરવા વિઘ્નરહિત થયો છે. તેને માટે જ ભવસાગરનું તરણ સરળ અને સુગમ છે. વાસ્તવમાં તો વિષયાસક્તિની આત્યંતિક નિવૃત્તિ કરવી એટલે જ બંધનની આત્યંતિક નિવૃત્તિ ગણાય છે. મોટામાં મોટું બંધન કે મહાન વિઘ્ન જ વિષયાસક્તિનું હોય છે. તેને જે દૂર કરી શકે છે તે જ

પોતાના આત્મસાક્ષાત્કારને અજાણતા પાસે લાવી શકયો છે.

(છંદ-માલિની)

विषमविषयमार्गैर्गच्छतोऽनच्छबुद्धेः
प्रतिपदमभिघातो मृत्युरप्येष सिद्धः ।
हितसुजनगुरूक्त्या गच्छतः स्वस्य युक्त्या
प्रभवति फलसिद्धिः सत्यमित्येव विद्धि ॥८३॥

**विषम–विषयमार्गैः** = વિષયોરૂપી વિકટ માર્ગોથી
**गच्छतः** = જનાર
**अनच्छबुद्धेः** = મલિન બુદ્ધિવાળાને
**प्रतिपदम्** = ડગલે ને પગલે
**अभिघातः** = ઠોકરો વાગતાં (અંતે)
**मृत्युः अपि** = મરણ (પતન) પણ
**एषः सिद्धः** = ચોક્કસ થાય છે. (પરંતુ)
**हित–सुजन–गुरु–उक्त्या** = હિતેચ્છુ, સજ્જન અને સદ્‌ગુરુની આજ્ઞાનુસાર
**स्वस्य युक्त्या** = (અને) પોતાની યુક્તિથી
**गच्छतः** = જનાર મનુષ્યને
**फलसिद्धिः** = (મોક્ષરૂપ)ફળની સિદ્ધિ
**प्रभवति** = થાય છે.
**इति सत्यं एव** = આ સત્ય જ છે
**विद्धि** = (તેમ) જાણ.

જે પુરુષોની બુદ્ધિ વિષયાસક્તિને લીધે મલિન કે દૂષિત થયેલી છે તેમનો વિષયભોગ કોઈ રીતે અટકતો નથી. એટલું જ નહીં, ધીમે ધીમે તેઓની ભોગેચ્છા અતિ તીવ્ર બને છે અને તેમ થતાં તેઓ વિનાશ કે કાળના મુખ પ્રતિ નિરંતર આગળ ધપે છે. એવું સત્ય, હે શિષ્ય! તું સમજી લે. પરંતુ જે કોઈ સદ્‌ગુરુના ઉપદેશનું નિષ્ઠાપૂર્વક શ્રવણ કરીને તે પ્રમાણે વર્તન કરનારો હોય છે, ગુરુના આદેશ અનુસાર મનન તથા નિદિધ્યાસન કરવાવાળો હોય છે, તેને આત્મજ્ઞાનના ફળરૂપી મોક્ષની સિદ્ધિ અવશ્ય થાય છે. આ સત્યનો તું નિઃસંદેહ સ્વીકાર કર અને તેવા સ્વીકારમાં જ તારું અંતિમ શ્રેય સમજ.

(છંદ-ઉપજાતિ)

मोक्षस्य काङ्क्षा यदि वै तवास्ति
त्यजातिदूराद् विषयान् विषं यथा ।
पीयूषवत्तोषदयाक्षमार्जवः
प्रशान्तिदान्तीर्भज नित्यमादरात् ॥८४॥

**यदि वै**= જો ખરેખર,
**तव** = તને
**मोक्षस्य काङ्क्षा** = મોક્ષની આકાંક્ષા
**अस्ति** = હોય તો,
**विषं यथा** = ઝેરની માફક
**अतिदूरात्** = દૂરથી જ
**विषयान्** = વિષયોને
**त्यज** = છોડી દે.
**तोष–दया–क्षमा–आर्जवः–**
**प्रशान्ति–दान्तीः** = સંતોષ, દયા, ક્ષમા, સરળતા, શમ (અને) દમનું
**पीयूषवत्** = અમૃતની જેમ
**नित्यम्** = દરરોજ
**आदरात्** = આદરપૂર્વક
**भज** = સેવન કર.

હવે સદ્ગુરુ શબ્દાદિ વિષયોનો ત્યાગ સૂચવી, સદાચારને અમૃત જણાવી, તેનું સેવન કરવાની સલાહ આપતા સમગ્ર વિષયચર્ચાની પૂર્ણાહુતિ કરે છે અંને અંતિમ આદેશ આપી શિષ્ય પર જાણે સ્નેહવર્ષા કરતા હોય તેવું જણાય છે.

હે શિષ્ય! વાસ્તવમાં જો તને પરમપુરુષાર્થ એવા મોક્ષની જ ઈચ્છા હોય, જો તારું મન ધર્મ, અર્થ અને કામમાંથી ઉપરામ થઈ ગયું હોય તો તું ઇન્દ્રિયોના ભોગ જેવા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા વિષયોને વિષ સમાન ગણી દૂરથી જ ત્યાગી દે, એટલું જ નહીં પરંતુ તારા પરમ કલ્યાણ માટે નિશદિન પ્રમાદ વિના સંતોષ, દયા, ક્ષમા, સરળતા, શાંતિ અને ઇન્દ્રિયોના નિગ્રહને અમૃત સમાન ગણી તેનું પાન કર. અર્થાત્ નિત્ય સદાચારનું સેવન કરવું અને વિષયભોગ જેવા દૂરાચારનો ત્યાગ કરવો તે જ મુમુક્ષુ માટે મેળવેલી મહાન સિદ્ધિ ગણાય છે. આમ, અત્રે આચાર્યશ્રીએ જણાવ્યું કે મુમુક્ષુએ શેનો સ્વીકાર કરવો જોઈએ અને કોનો ત્યાગ કરવો જોઈએ. આવો જ ઉપદેશ

આપતાં શ્રી ભોલેબાબા જણાવે છે કે,

"जो मोक्ष है तू चाहता विष सम विषय तज तात रे
आर्जव क्षमा संतोष शम दम पी सुधा दिनरात रे ।
संसार जलती आग है इस आग से झट भागकर
आ शांत शीतल देश में हो जा अजर हो जा अमर ।"

(છંદ-ઉપજાતિ)

अनुक्षणं यत् परिहृत्य कृत्य-
मनाद्यविद्याकृतबन्धमोक्षणम् ।
देहः परार्थोऽयममुष्य पोषणे
यः सज्जते सः स्वमनेन हन्ति ॥८५॥

**अनादि–अविद्या–कृत–बन्ध–मोक्षणम्** = અનાદિ અવિદ્યાથી ઉપજેલા બન્ધનમાંથી મુક્તિ

**यत् कृत्यम्** =(મેળવવા માટેનું) જે કર્તવ્ય કર્મ છે

**परिहृत्य** =તેનો પરિત્યાગ કરીને

**परार्थः अयं देहः** = બીજાના ઉપયોગવાળું આ સ્થૂળશરીર છે.

**अमुष्य पोषणे** = તેના પોષણમાં

**यः** =જે (મનુષ્ય)

**अनुक्षणम्** =પ્રતિક્ષણ

**सज्जते** =રચ્યોપચ્યો રહે છે

**सः** =તે

**अनेन** =આમ કરવાથી

**स्वं हन्ति** =પોતાની જાતની જ હત્યા કરે છે.

શ્રી શંકરાચાર્યજી વિષયાસક્તિનો વિચાર પૂરો કરી હવે નવા વિષય-વિવેચનનો પ્રારંભ કરતાં જણાવે છે કે સ્વસ્વરૂપનું અજ્ઞાન કે અવિદ્યા અનાદિ કાળથી ચાલી આવી છે એટલું જ નહીં પરંતુ અવિદ્યા કયારે ઉત્પન્ન થઈ તેનું જ્ઞાન ન હોવાથી તેને અનાદિ અવિદ્યા કહેવામાં આવે છે. તાત્પર્યમાં

આવી અવિદ્યા કે આત્મસ્વરૂપનું અજ્ઞાન જ વાસ્તવમાં બંધનનું કારણ છે. તત્ત્વાર્થે તો પ્રત્યેક વ્યક્તિ નિરાકાર, અજન્મા, અશરીરી આત્મા છે, એટલું જ નહીં પરંતુ તે શરીરથી અસંગ અને ન્યારો છે. શરીરમાં હોવા છતાં તેને શરીરનો સ્પર્શ નથી. છતાં શરીર સાથેના ખોટા તાદાત્મ્યથી તે માની બેસે છે કે શરીર મારું છે અને હું જ શરીર છું. આવો અહંભાવ કે મમભાવ જ, બંધન કહેવાય છે. આવું બંધન અનાદિ અવિદ્યા દ્વારા જ ઉત્પન્ન થયું છે તેવો સંકેત આપી અત્રે સમજાવ્યું છે કે તેવા બંધનથી છૂટવાનું કાર્ય ક્ષણે ક્ષણે પ્રત્યેક મુમુક્ષુ દ્વારા થવું જોઈએ. જેને મનુષ્યદેહ મળ્યો છે તેણે જો કંઈ કરવા જેવું ઉત્કૃષ્ટ કર્મ હોય તો તે કાર્ય માત્ર બંધનથી મુક્તિનું જ કાર્ય છે. તેવા શ્રેયયુક્ત કર્તવ્યનો ત્યાગ કરીને જે પુરુષ માત્ર પોતાના દેહના પોષણમાં જ તત્પર અને આસક્ત રહે છે, શરીરની સુખાકારી અને ઈન્દ્રિયભોગો માટે જ સમય વ્યતીત કરે છે, તે પોતાના આવા દુષ્કૃત્યો વડે પોતાનું હનન કરે છે. એટલું જ નહીં, તેવા કૃત્યોથી તે પોતાના દુ:ખમાં નિત્ય નિરંતર વૃદ્ધિ જ કર્યા કરે છે. તે સમજે છે કે દેહ, ઉત્થાન માટે નથી, મુક્તિ માટે તો જરા પણ નહિ, બલકે રંગ રાગ અને ભોગ માટે જ છે. તેની આવી ભ્રાંતિ જ તેના જીવનની શાંતિને હણી લે છે અને પોતે પોતાના આત્મસામ્રાજયનો માલિક હોવા છતાં અવિદ્યાએ કરીને પાયમાલીના રસ્તે દેહના પોષણમાં જાતે જ ખુવાર થઈ ખતમ થઈ જાય છે.

જેમ કોઈ ટાઈફૉઈડના રોગીને ખોરાક લેવાની મના કરવામાં આવી હોય અને મધુપ્રમેહના દર્દીને સાકર કે ગળ્યા પદાર્થોની મના ફરમાવવામાં આવી હોય, છતાં તેવા દર્દીઓ તબીબી સૂચનાની પરવા કર્યા વિના શર્કરાયુક્ત ગળ્યા પદાર્થો વારંવાર આરોગે , તો અંતે તેઓ રોગના ભયંકર આક્રમણથી ઘેરાઈ મૃત્યુને શરણ થાય છે. તેવી જ રીતે વિષયભોગની ઈચ્છાથી પીડાતો કે વાસનારૂપી રોગનો શિકાર બનેલો રોગી મનુષ્ય, જો વાસનાનો ત્યાગ કરવાને બદલે નિત્ય નવી નવી વાસનાઓનો વંટોળ ઊભો કર્યા કરે અને તે વાસનાને સંતૃપ્ત કરવા ભોગ ભોગવ્યા જ કરે, વિષયોનો સાથ કે સંગાથ છોડે જ નહીં તો ઉપર જણાવેલા દર્દીની જેમ તે પણ વાસનારૂપી રોગના

આક્રમણથી શરીરને પુષ્ટ કરવાના પ્રયત્નોમાં અંતે શરીરનો નાશ સર્જે છે. કારણ કે કોઈ પણ વસ્તુ કે ભોગની અતિને જ વાસ્તવમાં ઝેર કહેવામાં આવે છે. ''ANYTHING IN EXCESS IS POISON.'' આમ, દેહના પોષણમાં રત રહેલો અજ્ઞાની જાતે જ પોતાનો વિનાશ નોંતરે છે. તેનું મુખ્ય કારણ પૂર્વે સમજાવેલી અવિદ્યા જ છે. વાસ્તવમાં તો તેવા અજ્ઞાનીએ દેહની અનિત્યતા અને વિષયભોગની નશ્વરતા સમજવી જોઈએ. જ્યારે તેને, દેહ અને તેના ભોગ્યપદાર્થો નાશવંત છે તેવું સમજાશે ત્યારે જ તેની વિષયદોટ બંધ થશે. નહિ તો તે શરીરના પોષણ માટે, દેહની સુખાકારી માટે, કે વિષયભોગ માટે જીવનનો અમૂલ્ય સમય બરબાદ કરશે કે વિષયદોટમાં રત રહેશે. ભોગજન્ય દુઃખ દૂર કરવાને બદલે તે નિત્ય તેની વૃદ્ધિ જ કર્યા કરશે. માટે મુમુક્ષુએ દેહાસક્તિ કે દહેતાદાત્મ્ય તોડી આત્મચિંતનાર્થે તત્પર થવું જોઈએ.

(છંદ–અનુષ્ટુપ)

**शरीरपोषणार्थी सन् य आत्मानं दिदृक्षति ।**
**ग्राहं दारुधिया धृत्वा नदीं तर्तुं स इच्छति ॥८६॥**

| | | | |
|---|---|---|---|
| **शरीरपोषणार्थी** | = સ્થૂળ દેહના લાલન-પાલનમાં રચ્યો પચ્યો | **सः ग्राहम्** | = તે મગરને |
| | | **दारुधिया** | = લાકડું માની |
| **सन्** | = હોવા છતાં | **धृत्वा** | = તેને પકડીને |
| **यः** | = જે (મનુષ્ય) | **नदीम्** | = નદી |
| **आत्मानम्** | = આત્માનો | **तर्तुम्** | = તરવાની |
| **दिदृक्षति** | = સાક્ષાત્કાર ઈચ્છે છે | **इच्छति** | = ઈચ્છા કરે છે! |

પ્રસ્તુત શ્લોકમાં અવિદ્યાગ્રસ્ત અજ્ઞાની માટે એક માર્મિક કટાક્ષ જોવામાં આવે છે. તત્ત્વાર્થે તો હું શરીર નથી જ, છતાં અજ્ઞાની કે જેણે શરીર સાથે તાદાત્મ્ય કરી, 'હું દેહ છું', તેવો નિર્ણય કર્યો છે તેવો જડ દેહમાં આત્મબુદ્ધિ રાખનારો કે નાશવંત શરીરને અવિનાશી આત્મા માનનારો કદાપિ આત્મસાક્ષાત્કાર કરી શકે નહીં. જે પોતાને શરીર સમજે છે તે તો શરીરના મૃત્યુ સાથે જ મરણ પામે છે પછી તે કઈ રીતે 'હું અજર અમર આત્મા છું' તેવું

જ્ઞાન પ્રાપ્ત કરીને આત્મસાક્ષાત્કાર કરી શકે? આમ છતાં, જો કોઈ અજ્ઞાની શરીરને જ પોતાનું સ્વરૂપ માનતો હોવા છતાં આત્મસાક્ષાત્કારની ખેવના કરે કે અજર અમર થવાની અપેક્ષા રાખે, તો તેનો તેવો પ્રયત્ન એટલો જ હાસ્યાસ્પદ નીવડશે, જેટલો કોઈ મનુષ્ય નદી પાર કરવા માટે શક્તિશાળી મગરમચ્છને લાકડું સમજી તેના પર સવાર થઈ નદીની પેલે પાર જવા પ્રયત્ન કરતો હોય. હકીકતમાં, નદી પાર કરવાની ઇચ્છાવાળા મૂઢનો તો પાણીમાં પડતાની સાથે જ મગરમચ્છ કોળિયો કરી જશે, પછી નદી પાર કરવાનો પ્રશ્ન જ પતી જશે. તેવી રીતે, 'હું શરીર છું' તેવી દેહાત્મબુદ્ધિ રાખનારો જો દેહાસક્તિથી મુક્ત થયા વિના, દેહના પોષણમાં જ રત હોવા છતાં, દેહના ભોગમાં ગળાડૂબ હોવા છતાં, આત્મસાક્ષાત્કારને પંથે અવિદ્યા સાથે જો સંસારસાગરમાં પડતું મૂકશે, તો નહીં પહોંચે પેલે પાર કે નહીં પકડી શકે પુનઃ પોતાનો કિનારો. તે તો ભવસાગરમાં જ ડૂબકાં ખાતો, વિષયાસક્તિના વમળમાંથી બહાર ન નીકળતાં, મૃત્યુને શરણે જશે. માટે જ વિવેકી પુરુષે દેહાસક્તિ છોડી, તેમાં રહેલો અહંભાવ કે મમભાવ તોડી, અવિદ્યાનું શરણ ત્યાગી બ્રહ્મવિદ્યાનું શરણ સ્વીકારવું જોઈએ.

(છંદ–અનુષ્ટુપ)

**मोह एव महामृत्युर्मुमुक्षोर्वपुरादिषु ।**
**मोहो विनिर्जितो येन स मुक्तिपदमर्हति ॥८७॥**

| | | | |
|---|---|---|---|
| **मुमुक्षोः** | = મુમુક્ષુનો | **मोहः** | = મોહને |
| **वपुः आदिषु** | = શરીર વગેરે પદાર્થોમાં | **विनिर्जितः** | = જીતી લીધો (છે.) |
| **मोहः एव** | = મોહ જ | **सः** | = તે (જ) |
| **महामृत्युः** | = મહામૃત્યુ (છે.) | **मुक्तिपदम्** | = મોક્ષપદને |
| **येन** | = જેણે | **अर्हति** | = યોગ્ય છે. |

(છંદ–અનુષ્ટુપ)

**मोहं जहि महामृत्युं देहदारसुतादिषु ।**
**यं जित्वा मुनयो यान्ति तद् विष्णोः परमं पदम् ॥८८॥**

| | | | |
|---|---|---|---|
| **यम्** | = જેને | **तत्** | = તે |
| **जित्वा** | = જીતીને | **देहदारसुतादिषु** | = દેહ, સ્ત્રી, પુત્ર વગેરેમાં |
| **मुनयः** | = મુનિઓ | | |
| **विष्णोः** | = વિષ્ણુના | **महामृत्युम्** | = મહામૃત્યુરૂપ |
| **परमं पदम्** | = પરમ પદને | **मोहम्** | = મોહનો |
| **यान्ति** | = પામે છે | **जहि** | = નાશ કર. |

દેહાત્મબુદ્ધિવાળા માટે સંસારતરણ અતિમુશ્કેલ છે અને તેઓ મુક્તિરૂપી કિનારે ન પહોંચતા, અધવચ્ચે ડૂબે છે તેવું જણાવી હવે પછીના બે શ્લોકમાં શંકરાચાર્યજી મોહનું સ્વરૂપ અને મોહથી મુક્ત થનારો જન્મ-મૃત્યુના ચક્રને કાપી કેવી રીતે પરમપદને પામે છે તે દર્શાવે છે.

અત્રે દેહ કે શરીર તો અનેક પ્રકારના મોહનું પ્રતીક માત્ર છે. જેમ અજ્ઞાનીને પોતાના શરીરમાં રાગ, આસક્તિ કે મોહ જન્મે છે અને માટે જ તે શરીરમાં, અહંભાવ અને મમભાવ ઉત્પન્ન કરી, 'શરીર મારું છે' તેવું માની, શરીરનાં પોષણાર્થે, ભોગાર્થે સમય બરબાદ કરી, દુઃખ અને દર્દમાં પડે છે. 'હું શરીર છું', એવા અહંભાવથી જ કર્તાભાવે કર્મ કરી, કરેલાં કર્મનાં ફળ ભોગવવા વર્તમાન શરીર છોડી પુનઃ નવું શરીર પ્રાપ્ત કરવા માતાના ગર્ભમાં પ્રવેશ કરે છે. મળ અને મૂત્ર વચ્ચે ગર્ભની અંધારી કોટડીમાં નવ મહિના યાતના સહન કરે છે અને પુનઃ જન્મે છે. આમ, શરીરનાં કર્મોને પોતાના માની, કર્મ ભોગવવા માટે જન્મ અને મૃત્યુનાં ચક્રમાં પડે છે. તેનું કારણ માત્ર શરીરનો મોહ, ખોટું શરીરતાદાત્મ્ય અને શરીરમાં રહેલો અહંભાવ જ છે. જે કોઈ પોતાને શરીર માને છે તે જ ક્ષણે તે મૃત્યુને આધીન થાય છે, કારણ કે શરીર તો જડ છે ચેતનહીન છે. જન્મમૃત્યુના ચક્રને વરેલું છે. જ્યારે આત્મા તો અશરીરી અને અજન્મા છે, છતાં પોતાને શરીર માનવારૂપી મોહ જ તત્કાળ મૃત્યુ છે. શરીરનું મૃત્યુ તો પ્રારબ્ધ પૂર્ણ થતાં નિશ્ચિત થવાનું જ છે. પરંતુ શરીરનાં મોહમાં પોતાને શરીર માનનારો તો દેહ છૂટતાં પૂર્વે જ મૃત્યુને પામે છે. માટે જ આચાર્યશ્રીએ જણાવ્યું છે કે **"मोहः एव मुमुक्षोः महामृत्युः"**

મોહ એજ મુમુક્ષુઓ માટે મહાનમૃત્યુ છે.

મોહને મહામૃત્યુ તરીકે જણાવી આચાર્યશ્રી ઉપદેશે છે કે જેણે આવા મોહ ઉપર જીત મેળવી તેનો નાશ કર્યો છે અર્થાત્ જેણે દેહતાદાત્મ્ય, અહંભાવ, મમભાવ વિગેરેનો ત્યાગ કર્યો છે અગર જ્ઞાનમાં તેવા અજ્ઞાનનો બાધ કર્યો છે તેવો મનુષ્ય જ મોક્ષ કે મુક્તિરૂપી પદને પ્રાપ્ત કરે છે. એવો મોહનિર્મુક્ત થયેલો જ આત્મજ્ઞાનનો અધિકારી થઈ આત્મજ્ઞાનના ફળરૂપે પરમપદ જેવી મુક્તિને પ્રાપ્ત કરે છે.

શિષ્યને મોહના ત્યાગ માટે અને પરમપદની પ્રાપ્તિ માટે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડવા આચાર્યશ્રી તે પછીના શ્લોકમાં શિષ્યને જણાવે છે કે સ્થૂળ શરીર, સ્ત્રી, પુત્ર વિગેરેમાં જે મહામૃત્યુ જેવો મોહ છે તેને તું દૃઢતાપૂર્વક જ્ઞાનની તલવાર દ્વારા કાપી નાંખ કે આત્મજ્ઞાન કે વિવેકના બળે તેવા મોહ ઉપર વિજય પ્રાપ્ત કર. કારણ કે પૂર્વે અનેક ઋષિમુનિઓએ મોહ પર વિજય મેળવીને જ ભગવાન વિષ્ણુના પરમપદની પ્રાપ્તિ કરેલી છે. માટે તારા જેવા શ્રેયાર્થીએ પણ ઋષિમુનિઓની જેમ પ્રયત્ન કરવો જોઈએ. કઠશ્રુતિ પણ વિષ્ણુના પરમપદની પ્રાપ્તિ માટે આવો જ ઉપદેશ આપતાં જણાવે છે કે,

**"विज्ञानसारथिर्यस्तु मनः प्रग्रहवान्नरः ।**
**सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम् ॥"**

(કઠશ્રુતિ-૧-૩-૯)

"જે કોઈ માણસ વિવેકશીલ બુદ્ધિરૂપ સારથિથી સંપન્ન અને મનરૂપ લગામને વશમાં રાખનારો છે તે સંસારમાર્ગની પાર પહોંચીને પરબ્રહ્મરૂપ (વિષ્ણુના) પરમાત્માના તે પરમ પદને પામે છે."

(છંદ-અનુષ્ટુપ)

**त्वङ्मांसरुधिरस्नायुमेदोमज्जास्थिसङ्कुलम् ।**
**पूर्णं मूत्रपुरीषाभ्यां स्थूलं निन्द्यमिदं वपुः ॥८६॥**

**त्वक्–मांस–रुधिर–स्नायु–मेद–मज्जा– अस्थिसङ्कुलम्** = ચામડી, માંસ, લોહી, સ્નાયુ, મેદ, મજ્જા અને હાડકાંનો સમૂહ

| | |
|---|---|
| मूत्रपुरीषाभ्यां पूर्णम् | = (અને) મળ–મૂત્રથી પૂર્ણ |
| इदं स्थूलं वपुः | = આ સ્થૂળ શરીર |
| निन्द्यम् | = નિન્દાને પાત્ર છે. |

મોહને મહામૃત્યુ તરીકે વર્ણવ્યા બાદ આચાર્યશ્રી, જે દેહાસક્તિથી, દેહતાદાત્મ્યથી કે દેહાત્મબુદ્ધિથી મોહ જન્મે છે તેવા સ્થૂળ શરીરનું હવે પાંચ શ્લોક દ્વારા નિરૂપણ કરે છે. તે ક્રમશઃ વિચારીએ.

અત્રે સ્થૂળશરીરની નિંદા કરવાનો વિષય ઉપાડીને સ્પષ્ટતા કરવામાં આવી છે કે તે મોહાસક્તિનું કારણ છે. ઉપરાંત અશુદ્ધિ અને વિષ્ટાથી પૂર્ણ છે. ચામડી, માંસ, લોહી, નસો, ચરબી, મજ્જા અને હાડકાંનું પીંજર માત્ર છે. આવા અપવિત્ર ગણાતાં શરીરમાં જ અજ્ઞાની મોહ પામી તેમાં અહંભાવ, મમભાવ ઊભો કરે છે અને પોતે ચેતન હોવા છતાં સ્થૂળ શરીરના તાદાત્મ્યથી ષડ્‌વિકારી અને જન્મ–મૃત્યુવાળો સ્વયંને માને છે. આમ, પોતે ચેતન આત્મા હોવા છતાં શરીરની આસક્તિથી જડ બને છે અને શરીરના સુખભોગમાં રચ્યોપચ્યો રહી, આત્મસ્મરણથી વિમુખ થાય છે. આવું આત્મવિસ્મરણ જ મૃત્યુ સમાન છે. માટે જ અત્રે સ્થૂળશરીર નિંદાને પાત્ર છે તેવું જણાવ્યું છે. વિદ્વાનો પણ શરીરને નિંદે છે કારણ કે તે આત્મસાક્ષાત્કારમાં વિઘ્ન છે. ઉપરાંત જ્ઞાનીઓ, સાધકને દેહાસક્તિથી બચાવવા શરીરમાં દોષનું દર્શન કરાવી દેહાસક્તિથી દૂર રહેવામાં મદદ કરે છે. જ્ઞાનીઓને કંઈ સ્થૂળ શરીર માટે દ્વેષ, નફરત કે પૂર્વગ્રહ નથી. પરંતુ તેમની કરુણાદૃષ્ટિ જ તેમને સ્થૂળદેહની નિંદા કરવા પ્રેરે છે. તેથી વિપરીત અભિગમ જોઈએ તો સમજાય કે જો સ્થૂળ શરીરનો સદુપયોગ આત્મજ્ઞાનાર્થે કે મોક્ષાર્થે થાય તો જે શરીરની નિંદા થાય છે તે જ શરીરને મોક્ષનું શ્રેષ્ઠ સાધન માની, ધર્મપ્રાપ્તિનું ઉત્કૃષ્ટ સાધન સમજી તેની સ્તુતિ પણ થાય છે. માટે જ કહ્યું છે કે,

**"शरीरमाद्यं खलु धर्मसाधनम् ।"**

"ખરેખર શરીર ધર્મનું પ્રથમ સાધન છે."

(છંદ–અનુષ્ટુપ)

**पञ्चीकृतेभ्यो भूतेभ्यः स्थूलेभ्यः पूर्वकर्मणा ।**
**समुत्पन्नमिदं स्थूलं भोगायतनमात्मनः ॥**
**अवस्था जागरस्तस्य स्थूलार्थानुभवो यतः ॥६०॥**

| | | | |
|---|---|---|---|
| **पञ्चीकृतेभ्यः** | = પંચીકરણ પામેલાં | **स्थूलम्** | = સ્થૂળ (શરીર છે.) |
| **स्थूलेभ्यः** | = સ્થૂળ | **तस्य** | = તેની |
| **भूतेभ्यः** | = પંચમહાભૂતોમાંથી | **अवस्था** | = અવસ્થા |
| **पूर्वकर्मणा** | = પૂર્વકર્મો વડે | **जागरः** | = જાગ્રત છે. |
| **समुत्पन्नम्** | = ઉત્પન્ન થયેલું | **यतः** | = જેનાથી |
| **आत्मनः** | = જીવાત્માના | **स्थूलार्थानुभवः** | = સ્થૂળ પદાર્થોનો અનુભવ (થાય છે.) |
| **भोगायतनम्** | = ભોગના સ્થાનરૂપ | | |
| **इदम्** | = આ | | |

(છંદ–ઉપજાતિ)

**बाह्येन्द्रियैः स्थूलपदार्थसेवां**
**स्रक्चन्दनस्त्र्यादि विचित्ररूपाम् ।**
**करोति जीवः स्वयमेतदात्मना**
**तस्मात्प्रशस्तिर्वपुषोऽस्य जागरे ॥६१॥**

| | |
|---|---|
| **जीवः** | = જીવ |
| **स्वयं एतद् आत्मना** | = પોતે 'આ શરીર છે', તેવી બુદ્ધિ વડે |
| **बाह्येन्द्रियैः** | = નેત્ર વગેરે બહારની ઇન્દ્રિયો વડે |
| **स्रक्–चन्दन–स्त्री–आदि** | = માળા, ચંદન, સ્ત્રી વગેરે |
| **विचित्ररूपाम्** | = નાના પ્રકારના રૂપવાળા |
| **स्थूलपदार्थसेवां करोति** | = સ્થૂળ ભોગ્ય પદાર્થોને ભોગવે છે. |
| **तस्मात्** | = તેથી |
| **अस्य वपुषः** | = આ (સ્થૂલ) શરીરનું |

जागरे = જાગ્રત અવસ્થામાં
प्रशस्तिः = પ્રાધાન્ય (હોય છે.)

સ્થૂળશરીરની ઉત્પત્તિ કેવી રીતે થઈ અને તેના કારણો કયા કયા છે તેવું જાણવા મોટાભાગના સાધકો કે શ્રેયાર્થીઓને તીવ્ર જિજ્ઞાસા હોય છે. તેઓના સમાધાનાર્થે અત્રે પંચીકરણની પ્રક્રિયાનો ખ્યાલ આપી સમાધાન કરવામાં આવ્યું છે.

અધ્યાત્મમાર્ગના પ્રવાસીઓને એટલું તો સુસ્પષ્ટ હોય છે કે પિંડ અને બ્રહ્માંડની ઉત્પત્તિ પાંચ મહાભૂતથી થઈ છે. તેમાં પણ અપંચીકૃત પંચમહાભૂતો દ્વારા કે તન્માત્રાઓ દ્વારા પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો પાંચ પ્રાણ, મન–બુદ્ધિ–અહંકાર અને ચિત્ત જેવું અંતઃકરણ ઉત્પન્ન થયું અને ત્યારબાદ પાંચેય મહાભૂતોના તમસ ગુણના સરવાળામાંથી સ્થૂળ શરીરની ઉત્પત્તિ થઈ. અર્થાત્ સ્થૂળ કે પંચીકૃત થયેલા પાંચ મહાભૂતો દ્વારા પૂર્વ જન્મના કર્મ અનુસાર સ્થૂળ દેહ ઉત્પન્ન થાય છે. [આ બાબતની વિશદ વિવેચના પૂ. સ્વામી તદ્રૂપાનંદજીના અપરોક્ષાનુભૂતિ ગ્રંથના શ્લોક નં–૨૦ ના સંદર્ભમાં અપાયેલી છે.] આવા સ્થૂળ દેહ માટે અત્રે એવું કહેવાયું છે કે, સ્થૂળ દેહ જીવાત્માના સુખભોગનું સાધન છે. **'आत्मनः भोगायतनम् स्थूलम् शरीरम् ।'** આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જીવાત્માએ કરેલાં કર્મનું ફળ, જો આ જન્મે ન મળે તો બીજા જન્મે પણ, કર્મના સિદ્ધાંતાનુસાર ભોગવવાનું જ હોય છે. ઉપરાંત ગત જન્મે જીવાત્માએ જે શરીર દ્વારા કર્મ કર્યા હતા તે શરીર તો મૃત્યુને આધીન થઈ, સ્મશાનમાં રખિયા થઈ ગયું હતું, તો પછી જીવાત્માએ કરેલા પુણ્ય–પાપરૂપી કર્મોનું ફળ ભોગવવા માટે જીવાત્મા શરીર લાવે ક્યાંથી? ઉપરાંત, જીવ પોતે તો નિરાકાર હોવાથી ન ભોગવી શકે ઇન્દ્રિયોના ભોગ કે અવયવ રહિત હોવાથી ન કરી શકે નવું કર્મ. માટે જ પુનર્જન્મે જીવાત્મા નવું શરીર ધારણ કરે છે. એટલું જ નહીં, પરંતુ શરીરનો અભિમાની પણ બને છે. અર્થાત્ શરીરમાં અહંભાવ કે મમભાવ ઊભો કરી સુખ–દુઃખને ભોગવ્યા કરે છે. માટે, સ્થૂળશરીરને જીવાત્માનું સુખ–દુઃખ ભોગવવાનું સાધન

કહેવામાં આવે છે.

આચાર્યશ્રી અહીં સ્પષ્ટતા કરે છે કે, સ્થૂળ શરીરના અભિમાની જીવની જાગ્રત અવસ્થા ગણાય છે, કારણ કે સ્થૂળ પદાર્થોનો ભોગ માત્ર જાગ્રત અવસ્થામાં જ થઈ શકે છે. ગાડી, લાડી, વાડી કે બંગલો, આવા ભૌતિક સુખોનો ઉપયોગ કોઈ પણ વ્યક્તિ, સ્વપ્ન દરમ્યાન કરી શકે નહીં. આ સ્થૂળ શરીર ષડ્‌વિકારી છે. તે જ્યારે ગર્ભપ્રવેશ કરે છે ત્યારે, 'ગર્ભમાં છે' – **'अस्ति'**; 'જન્મે છે' – **'जायते'**; 'વધે છે' – **'वर्धते'**; 'પુખ્ત થાય છે' **'विपरिणमते'**; 'વૃદ્ધ બને છે' – **'अपक्षीयते'**; 'નાશ પામે છે' – **'विनश्यति'**, આમ, જે વિકારી છે તે નાશ પામનારું છે. એવા સ્થૂળ શરીરના જ્ઞાનથી જ મુમુક્ષુ સમજી શકે કે હું અવિકારી અને અવિનાશી છું. માટે જ સ્થૂળ દેહનું વિવેચન આવા સદ્‌ગ્રંથોમાં અનિવાર્ય થઈ પડે છે.

(છંદ-અનુષ્ટુપ)

**सर्वोऽपि बाह्यसंसारः पुरुषस्य यदाश्रयः ।**
**विद्धि देहमिदं स्थूलं गृहवद् गृहमेधिनः ॥६२॥**

| | | | |
|---|---|---|---|
| **गृहमेधिनः** | = ગૃહસ્થના | **पुरुषस्य** | = જીવનો |
| **गृहवत्** | = ઘર જેવું | **सर्वः अपि** | = બધો જ |
| **इदम्** | = આ | **बाह्यसंसारः** | = બહારનો સંસાર |
| **स्थूलं देहम्** | = સ્થૂળશરીરને | **यत् आश्रयः** | = તેને (શરીરને) આશ્રયે થાય છે. |
| **विद्धि** | = જાણ (કારણ કે) | | |

જેવી રીતે આપણે વસવાટ કરવા અને રહેવા માટે પથ્થર, ઈંટ, સિમેન્ટ કે લાકડાંનું મકાન જોઈએ છે અને તેવા ઘરમાં રહીને જ આપણે આપણો જીવનવ્યવહાર ચલાવીએ છીએ. તે જ પ્રમાણે જીવાત્માને પણ પોતાનો સમગ્ર બાહ્યસંસાર ચલાવવા હાડકાં, માંસ, મજ્જા, લોહી વગેરે સપ્તધાતુનો બનેલો સ્થૂળ દેહ જોઈએ છે. જીવાત્મા આ સ્થૂળ દેહમાં, 'હું' અને 'મારું' એવી ભાવના કરી સ્થૂળ દેહનો અભિમાની બને છે. સ્થૂળ દેહને પોતાનો

માનીને જ કે અજ્ઞાનમાં, 'હું શરીર છું' તેવી ભ્રાંતિમાં જ શરીરના સઘન તાદાત્મ્યથી જીવાત્મા પોતાનો બધો જ વ્યવહાર સ્થૂળ શરીર દ્વારા ચલાવે છે. કર્તા-ભોક્તાભાવે કે શરીરતાદાત્મ્યથી દેહસંબંધો બાંધવા, ઇન્દ્રિયો અને અવયવો દ્વારા કર્મો કરવાં, મનથી સુખી-દુઃખી થવું, વિગેરે કર્મો સ્થૂળ શરીર વિના જીવાત્મા કરી શકે નહીં. માટે જ સ્થૂળ દેહ જીવાત્માની કર્મભૂમિ કે ભોગભૂમિ છે.

(છંદ-વસંતતિલકા)

**स्थूलस्य सम्भव जरामरणानि धर्माः**
**स्थौल्यादयो बहुविधाः शिशुताद्यवस्थाः ।**
**वर्णाश्रमादिनियमा बहुधा यमाः स्युः**
**पूजावमान बहुमानमुखा विशेषाः ॥६३॥**

| | |
|---|---|
| **स्थूलस्य** | = સ્થૂળ શરીરના |
| **सम्भव–जरा–मरणानि** | = જન્મ, ઘડપણ, મરણ |
| **स्थौल्यादयः धर्माः** | = સ્થૂળતા વગેરે ધર્મો છે. |
| **बहुविधाः शिशुताद्यवस्थाः** | = શૈશવ વગેરે બહુ પ્રકારની અવસ્થાઓ છે. |
| **वर्णाश्रमादि नियमाः यमाः** | = વર્ણ, આશ્રમોના યમો-નિયમો |
| **बहुधाः स्युः** | = ઘણાં પ્રકારના છે. |
| **पूजा–अवमान–बहुमानमुखाः** | = પૂજા-અપમાન-બહુમાન વગેરે |
| **विशेषाः** | = વિશેષતાઓ પણ છે. |

પ્રસ્તુત શ્લોકમાં જન્મ, ઘડપણ, મરણ, જાડા કે પાતળા થવું, તેવા સ્થૂળ દેહના ધર્મો, તેમજ બાલ્યાવસ્થા, યુવાની જેવી શરીરની બદલાતી અવસ્થા, વર્ણાશ્રમ જેવી સ્થૂળ દેહને લાગુ પડતી વ્યવસ્થા તથા આધિ-વ્યાધિ જેવા રોગો સ્થૂળ શરીરને જ લાગુ પડે છે. નથી તે જીવને સ્પર્શતા કે સચ્ચિદાનંદ આત્માને અડતા. તે જ પ્રમાણે શરીરની પૂજા, સ્તુતિ કે અપમાન થવું અને તેમાંથી મનને સુખ-દુઃખ થવું, તે બધું શરીરને મળેલા આવકાર કે તિરસ્કારથી જ ઉત્પન્ન થાય છે. આવી બધી ચર્ચા અત્રે તત્ત્વાર્થે એટલું જ સૂચવે છે કે,

શરીર અને શરીરમાં રહેનારો આત્મા, બન્ને જુદા છે. તેવું જ્ઞાન જો વ્યક્તિને થાય અગર આત્મજ્ઞાન દ્વારા મુમુક્ષુ પોતાને સ્થૂળદેહથી ભિન્ન સમજી શકે, તો તે માન અને અપમાનની સુખ-દુઃખ ભરેલી સમસ્યાથી કાયમને માટે પાર ઊતરી શકે. આવા શરીર અને આત્માના ભેદને જણાવવા માટે શાસ્ત્રમાં દેહ અને દેહી (જીવાત્મા), શરીર અને શરીરી (જીવાત્મા), ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ (જીવાત્મા), નામ અને નામી (જીવાત્મા) જેવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલો છે. તેથી સ્પષ્ટ છે કે દેહ પંચમહાભૂતોથી ઉત્પન્ન થયેલો દૃશ્ય, જડ, વિકારી, અનિત્ય, અશુચિ અને અનાત્મા છે. જ્યારે આત્મા અજન્મા, અદૃશ્ય, ચેતન, અવિકારી, નિત્ય અને પવિત્ર છે. આ ઉપરથી મુમુક્ષુ સમજી શકે કે સ્થૂળ શરીરના ધર્મો મુજ સચ્ચિદાનંદ આત્માના હોઈ શકે નહીં. વાસ્તવમાં હું અજાત અને અધર્મા છું, એટલું જ નહીં, 'હું જીવ છું' એ પણ ભ્રાંતિ છે. દેહાભિમાનથી મુક્ત હું, નથી કર્તૃત્વ-ભોક્તૃત્વવાળો જીવાત્મા, પણ અકર્તા-અભોક્તા આત્મા જ છું. આવું જ્ઞાન કરાવવાના હેતુથી જ સ્થૂળ શરીરના ધર્મોનું વિવેચન કરવામાં આવ્યું છે. પરંતુ આવું તત્ત્વ તો આત્મજ્ઞાનના પંથે પ્રસ્થાન કરી ચૂકેલા ઉત્તમ અધિકારીને જ સમજાય છે. મધ્યમ અધિકારી તો દેહમાં મમભાવ ઊભો કરી, 'દેહ મારો છે' અને તેથી 'દેહના ભોગ પણ મારા જ છે,' તેવું સમજે છે. જ્યારે કનિષ્ઠ અધિકારી તો સ્થૂળ દેહમાં અહંભાવ જોડી પોતાને જ દેહ ગણે છે અને હું જાડો, પાતળો, ગોરો, કદરૂપો વિગેરે છું, તેમ માને છે. પરંતુ આચાર્યવાન શિષ્ય અને હસ્તામલક જેવો ઉત્તમ અધિકારી લલકારે છે કે,

''नाहं मनुष्यो न च देवयक्षौ
न ब्राह्मणक्षत्रियवैश्यशूद्राः ।
न ब्रह्मचारी न गृहीवनस्थौ
भिक्षुर्न चाहं निजबोधरूपः ॥'' (હસ્તામલક સ્તોત્ર-૨)

''હું મનુષ્ય, યક્ષ કે દેવ નથી. હું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર (એવી કોઈ જાતિવાળો) નથી. ન તો હું બ્રહ્મચારી, ગૃહસ્થી, વાનપ્રસ્થી કે સંન્યાસી (એવો કોઈ આશ્રમધારી) છું, પરંતુ હું તો જ્ઞાનસ્વરૂપ

(આત્મતત્ત્વ) છું.''

આપણે સૌએ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ કે, સ્થૂળ દેહ સાથેના મમભાવમાં જ મોહ રહેલો છે અને મોહ એ જ મહામૃત્યુ છે, કારણ કે જે શરીરને પારકું સમજે છે, તેને શરીરનો ભાર જણાતો નથી. જે ક્ષણે મમભાવથી, 'શરીર મારું છે' તેવો ભાવ જન્મે છે તે જ ક્ષણે શરીરનો ભાર, તેની જવાબદારી, તેની આધિ-વ્યાધિથી ઉત્પન્ન થયેલી ચિંતા સતાવે છે. શરીરના કુરૂપનો ખ્યાલ કોરી ખાય છે અને મોતનો ડર પ્રત્યેક પળે બિહામણાં ડોકિયાં કરતો દેખાય છે. જે કનિષ્ઠ અધિકારી શરીરમાં અહંભાવ ઊભો કરી, 'હું શરીર છું' તેવું માને છે તેને જ દેશ, કાળનું બંધન સતાવે છે. માટે ખરેખર સ્થૂળ શરીરના વિવેચન ઉપર વિચાર કરી તેમાંથી 'અહંભાવ' અને 'મમભાવને' નાબૂદ કરી દેશ-કાળના બંધનથી અને મોતના ભયથી દરેક મુમુક્ષુએ છૂટવા પ્રયત્ન કરવો જોઈએ. બાકી તો આવા વિવેચનો વાંચવા છતાંય આપણે અનંત જન્મો સુધી અંધ જ રહેવાના.

(છંદ-ઉપજાતિ)

**बुद्धीन्द्रियाणि श्रवणं त्वगक्षि**
**घ्राणं च जिह्वा विषयावबोधनात् ।**
**वाक् पाणिपादौ गुदमप्युपस्थः**
**कर्मेन्द्रियाणि प्रवणेन कर्मसु ॥६४॥**

**विषयावबोधनात्** = (શબ્દાદિ) વિષયોનું જ્ઞાન થાય છે તેથી
**श्रवणं–त्वक्–अक्षि–घ्राणं–जिह्वा च** = શ્રોત્ર, ત્વચા, નેત્ર, નાસિકા અને જીભ
**बुद्धि–इन्द्रियाणि** = જ્ઞાનેન્દ્રિયો (કહેવાય છે)
**कर्मसु प्रवणेन** = કર્મોમાં પ્રવૃત્ત થવાથી
**वाक्–पाणि–पादौ–गुदं–अपि–उपस्थः** = વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ
**कर्मेन्द्रियाणि** = કર્મેન્દ્રિયો (કહેવાય છે.)

## ઇન્દ્રિયવર્ણન

સ્થૂળ શરીરના વિવરણ બાદ, હવે સૂક્ષ્મ શરીરનું નિરૂપણ કરવામાં આવે છે. તેમાં જણાવ્યું છે તેમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ વિગેરે વિષયોનું જ્ઞાન અનુક્રમે કર્ણેન્દ્રિય, ત્વચા-ઇન્દ્રિય, દૃષ્ટિ-ઇન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને રસનેન્દ્રિય દ્વારા થાય છે. તેથી વિષયોનું જ્ઞાન કરાવનારી આ ઇન્દ્રિયોને જ્ઞાનેન્દ્રિય કહે છે. તે જ પ્રમાણે વાણી, હાથ, પગ, ઉપસ્થ અને ગુદા જેવી ઇન્દ્રિયો અનુક્રમે બોલવું, ગ્રહણ કરવું, પરિભ્રમણ, મૂત્રવિસર્જનની અને મળત્યાગની ક્રિયાઓ કરે છે, તેથી તેઓને કર્મેન્દ્રિય કહેવાય છે. આમ છતાં, મુમુક્ષુએ સમજવું કે પોતે તો નથી કર્મ કરનારો કર્તા કે ઇન્દ્રિયોના વિષયોને ભોગવનારો ભોક્તા. આત્મસ્વરૂપે તો પોતે ઇન્દ્રિયોની ભોગક્રિયા અને કર્મેન્દ્રિયોની બોલવું, ચાલવું કે ગ્રહણ કરવા જેવી ક્રિયાઓનો સાક્ષી માત્ર છે. માટે તે કર્તા-ભોક્તાથી અને કર્મફળના બંધનથી મુક્ત છે. માત્ર કોઈ અજ્ઞાની જ ઇન્દ્રિયો સાથે તાદાત્મ્ય કરી કર્તા-ભોક્તાભાવથી બંધનમાં પડે છે અને દુઃખી થાય છે.

(છંદ-ઉપજાતિ)

निगद्यतेऽन्तःकरणं मनोधी-
रहंकृतिश्चित्तमिति स्ववृत्तिभिः ।
मनस्तु सङ्कल्पविकल्पनाभि-
र्बुद्धिः पदार्थाध्यवसायधर्मतः ॥६५॥
अत्राभिमानादहमित्यहंकृतिः
स्वार्थानुसंधानगुणेन चित्तम् ॥६६॥

| | |
|---|---|
| अन्तःकरणम् | = અંતઃકરણ |
| स्ववृत्तिभिः | = પોતાની વૃત્તિઓના ભેદથી |
| मनः–धीः–अहंकृतिः–चित्तम् | = મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર |
| इति निगद्यते | = એમ કહેવાય છે. |
| सङ्कल्प–विकल्पनाभिः तु | = સંકલ્પો અને વિકલ્પોને કારણે |

| | |
|---|---|
| **मनः** | = 'મન'(કહેવાય છે.) |
| **पदार्थ–अध्यवसाय–धर्मतः** | = પદાર્થના નિશ્ચયરૂપ ધર્મને લીધે |
| **बुद्धिः** | = બુદ્ધિ (કહેવાય છે.) |
| **अत्र** | = અહીં (સ્થૂળ શરીરમાં) |
| **अहं इति अभिमानात्** | = 'હું પણું' આવા અભિમાનને કારણે |
| **अहंकृतिः** | = અહંકાર (કહેવાય છે.) |
| **स्वार्थ–अनुसंधानगुणेन** | = પોતાની ઇચ્છેલી વસ્તુનું ચિન્તન કરવાના ગુણને લીધે એને |
| **चित्तम्** | = 'ચિત્ત' (કહેવાય છે.) |

## અંતઃકરણના પ્રકાર

અંતઃકરણ તો એક જ છે પરંતુ જેમ એક જ હીરાના ચાર પાસા હોય તેમ મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત ભેગા મળી અંતઃકરણ બને છે. અગર એવું પણ કહેવાય છે કે અંતઃકરણની ચાર જુદી જુદી વૃત્તિઓ અને તેમની ક્રિયાઓ ભિન્ન ભિન્ન હોવાથી તેમના જુદાં જુદાં નામ અપાય છે. નામ જુદાં હોવા છતાં અંતઃકરણ તો એકનું એક જ હોય છે. અંતઃકરણની સંકલ્પ–વિકલ્પ કે સંશય કરનારી વૃત્તિને 'મન' કહેવામાં આવે છે. તે જ પ્રમાણે અંતઃકરણની નિર્ણય કે નિશ્ચય કરનારી વૃત્તિને, 'બુદ્ધિ' એવું નામ આપવામાં આવે છે અને તે જ પ્રમાણે જે વૃત્તિ, 'હું કર્તા કે ભોક્તા છું', તેમ કર્તૃત્વ અને ભોકતૃત્વ નક્કી કરે છે તેને અહંકાર કહેવામાં આવે છે. તે જ પ્રમાણે, અહંકારથી જ 'હું કર્તા', 'હું ભોક્તા', 'હું શરીર' એવી વૃત્તિ કરી તેના ઉપર ચિંતન કરનારી વૃત્તિનું નામ ચિત્ત છે. અગર કોઈ પણ વિષય કે ધ્યેય વસ્તુ પર ચિત્ત એકાગ્ર કરી સતત તેનું ચિંતન કરનારી વૃત્તિને ચિત્ત કહેવામાં આવે છે. આમ, એક જ અંતઃકરણના જુદી જુદી ક્રિયાઓને લીધે મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એવા કાલ્પનિક ભેદથી ચાર નામ અપાય છે. તેને કાર્યગત ભેદ કહેવામાં આવે છે. (FUNCTIONAL DIFFERENCES) જેમ કે એક જ સ્ત્રી ઘરમાં કોઈની પત્ની, શાળામાં શિક્ષિકા, વળી કોઈ સંસ્થામાં સભ્ય અને તેના જમાઈની સાસુ તરીકે કાર્યભેદથી

ઓળખાય છે. તે સ્ત્રીની ઉપાધિ કે કાર્ય બદલાય તેમ તેનું નામ પણ બદલાય છે. તે જ પ્રમાણે કાર્યભેદને લીધે જ મોટા જમણવારમાં એકનો એક જ માણસ દાળ પીરસવા નીકળે ત્યારે લોકો તેને 'દાળવાળો' અને ભાત પીરસવા આવે ત્યારે 'ભાતવાળો', લાડુ પીરસે ત્યારે 'લાડુવાળો' અને શાક પીરસે ત્યારે 'શાકવાળો' વગેરે કહીને બોલાવે છે. અંતઃકરણનું પણ તેવું જ છે. આમ છતાં સમજુ મુમુક્ષુએ, તાત્પર્યમાં એટલું જ સમજવાનું છે કે પોતે મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્તથી ન્યારો છે, અસંગ છે અને તે સૌનો દ્રષ્ટા છે.

(છંદ-ગીતિ)

**प्राणापानव्यानोदानसमाना भवत्यसौ प्राणः ।**
**स्वयमेव वृत्तिभेदात् विकृतिभेदात् सुवर्णसलिलादिवत् ॥९७॥**

| | |
|---|---|
| **सुवर्णसलिलादिवत्** | = સુવર્ણ અને જળની જેમ |
| **विकृतिभेदात्** | = વિકારોના કારણે |
| **असौ प्राणः** | = આ પ્રાણ |
| **स्वयं एव** | = પોતે જ |
| **वृत्तिभेदात्** | = વૃત્તિભેદ અર્થાત્ કાર્યભેદના કારણે |
| **प्राण–अपान–व्यान–उदान–समानाः** | = પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન |
| **भवति** | = બને છે. |

## પાંચ પ્રાણ

અંતઃકરણ સંબંધી વિવેચના બાદ હવે પાંચ પ્રાણનું નિરૂપણ કરવામાં આવે છે. અંતઃકરણની જેમ જ મુખ્ય પ્રાણ તો એક જ છે પરંતુ કાર્યભેદને લીધે (FUNCTIONAL DIFFERENCES) તેમના નામ (૧) પ્રાણ (૨) અપાન (૩) વ્યાન (૪) ઉદાન (૫) સમાન વગેરે આપવામાં આવ્યા છે. આ પાંચ નામોને પાંચ વૃત્તિભેદ પણ કહેવાય છે. પ્રાણવાયુ તો એક જ છે છતાં તેના જુદા-જુદા ધર્મ કે કાર્યક્ષેત્રના લીધે જુદી જુદી રીતે ઓળખવાનો પ્રયત્ન થાય છે. તેની આપણે વિગતે ચર્ચા જોઈએ.

(૧) **પ્રાણ** : પ્રાણીમાત્રને ભૂખ લાગવી એ પ્રાણવાયુનો ધર્મ છે. જ્યારે જઠરાગ્નિ ઉદ્દીપ્ત થાય છે ત્યારે પ્રાણી ખાવાની ચેષ્ટા કરે છે અને તે સમયે પ્રાણવાયુ પણ ગરમ થાય છે. આમ, પ્રાણવાયુ જઠરાગ્નિ સાથે ભળી જઈને જ ખોરાકનું ભક્ષણ કરે છે. એવું પણ કહેવાય છે કે દિવસ દરમિયાન ૨૧,૬૦૦ વાર પ્રાણ, શ્વાસોશ્વાસની ક્રિયા કરે છે. પ્રાણવાયુની આવી ક્રિયામાં ખામી થવાથી જઠરાગ્નિ મંદ પડે છે અને તેના લીધે પાચનશક્તિ પણ ધીમી થાય છે તેમજ ભૂખ ઓછી લાગે છે. આવી આહારની મુખ્ય ક્રિયાનું નિયંત્રણ પ્રાણ દ્વારા થાય છે. તદુપરાંત પ્રાણ, સ્થૂળ અને સૂક્ષ્મ શરીરના જોડાણનું કાર્ય પણ કરે છે અને સંપૂર્ણ શારીરિક ક્રિયાઓની જવાબદારી ઉપાડે છે. તેમ છતાં વિશેષ કરીને પ્રત્યક્ષીકરણ(PERCEPTION)ની સંપૂર્ણ ક્રિયા પ્રાણ દ્વારા જ થાય છે. જેમ કે જોવું, શ્રવણ કરવું, સ્પર્શ, સ્વાદ અને સૂંઘવાની ક્રિયાઓનું નિયંત્રણ કરવામાં પ્રાણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

(૨) **અપાન** : અપાન વાયુ જીવનની મહત્ત્વની ક્રિયા, જેને મળ-મૂત્ર વિસર્જનની ક્રિયા કે ઉત્સર્ગતંત્ર કહેવામાં આવે છે, તેનું નિયમન કરે છે. જ્યારે અપાન વાયુની ગતિ મંદ પડે છે, તેની ક્રિયા શિથિલ થાય છે, ત્યારે મળ-મૂત્રના વિસર્જનમાં અવરોધ ઉત્પન્ન થાય છે અને ગેસ, અપચો બંધકોષ જેવી તકલીફ થતી હોય છે. આમ, એનો એ જ પ્રાણ જ્યારે ઉત્સર્ગતંત્રનું (EXCRETORY SYSTEM)નું નિયંત્રણ કરે છે ત્યારે તેનું નામ અપાન થઈ જાય છે અને આ અપાન વાયુ મુખ્યત્વે દ્વારપાળની જેમ ગુદાદ્વાર પાસે વસે છે.

(૩) **વ્યાન** : વ્યાન વાયુ શરીરમાં સર્વવ્યાપ્ત રહે છે. પરંતુ વિશેષ કરીને શરીરના દરેક અંગના સાંધાઓ વાળવાની જવાબદારી તેના માથા ઉપર છે. આ વ્યાન વાયુની ગતિ મંદ પડી જાય ત્યારે ગઠીયો વા (ARTHRITIS), સાંધા જકડાઈ જવા, ઢીંચણ, કોણી અને ગરદન જેવી અંગ વાળવાની જગ્યાઓએ સાંધા વાળતા દર્દ થવું અને સાંધા ઝલાઈ ગયા છે તેવી તકલીફ જોવા મળે છે. તદુપરાંત વ્યાન વાયુ પાચનતંત્ર (DIGESTIVE

SYSTEM)ને પણ મદદગાર થાય છે.

(૪) **ઉદાન :** આ ઉદાન વાયુ આપણા વિચારો અને ચિંતનની ક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તદુપરાંત કંઠમાં રહીને તે અન્ન અને જળને છૂટાં પાડે છે. તેમ જ જળને મૂત્રાશયની કોથળી (URINARY BLADDER) તરફ રવાના કરે છે, જ્યારે અન્નને મોટાં આંતરડાની નીચેના ભાગમાં રહેલા મળાશય (RECTUM) તરફ મોકલી આપે છે. આવી મહત્ત્વની કાર્યવાહી દરમ્યાન આહાર લેતી વખતે જો કોઈ વિચારે ચઢી જાય અને ઉદાન વાયુ સાવધાની ચૂકી જાય તો કોઈ વાર અન્ન, અન્નનળીમાં જવાને બદલે શ્વાસનળીમાં જવાથી અંતરસ જાય છે, આંખે ઝળઝળિયાં આવી જાય છે. વ્યક્તિ ગભરાઈ જાય છે, અચાનક છીંકો શરૂ થાય છે. ઘણીવાર આ ઉદાન વાયુની જો મંદ ગતિ થાય તો વારંવાર હેડકી પણ આવે છે. આ ઉપરાંત ઉદાન વાયુ, જીવાત્મા જયારે શરીર છોડે છે ત્યારે તેના ઉત્ક્રમણની ગતિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જો ઉદાન વાયુ અંત સમયે ઉદાસીન થાય તો શરીર છોડવાની અને નવા શરીરને પ્રાપ્ત કરવાની જીવાત્માની પ્રક્રિયામાં ખલેલ પહોંચે છે. આ ઉપરથી ઉદાન વાયુનું મહત્ત્વ આપણે સમજી શકીએ છીએ.

(૫) **સમાન** : સમાન વાયુ અનેક નાડીઓ દ્વારા ખાધેલા પદાર્થોનો રસ અને કસ શરીરના પ્રત્યેક અંગમાં, માથાના વાળથી પગના રુવાટાં સુધી મોકલી આપે છે અને પ્રત્યેક અંગને સ્ફૂર્તિ અર્પી કાર્યશીલ અને સતેજ રાખે છે. ટૂંકમાં અન્નરસને સમગ્ર શરીરમાં ફેરવવાનું કાર્ય સમાન વાયુ શરીરના કેન્દ્ર ભાગે અર્થાત્ નાભિમાં નિવાસ કરીને કરે છે. આ સમાન વાયુ જ આપણા લોહીના ચાપનું કે રુધિરાભિસરણ જેવી પ્રક્રિયાનું (BLOOD CIRCULATORY SYSTEM)નું નિયંત્રણ કરે છે.

ઉપરોક્ત ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે એકનો એક પ્રાણ, ભિન્ન ક્રિયાઓના લીધે ભિન્ન ભિન્ન નામે ઓળખાય છે અને વિભિન્ન ક્રિયાઓની

જવાબદારી સંભાળે છે. આમ છતાં, મુમુક્ષુએ તો સ્પષ્ટ જ સમજવું કે આત્મસ્વરૂપે પોતે પ્રાણની ક્રિયાઓથી ભિન્ન છે. તેની ક્રિયાઓનો સાક્ષી છે અને પ્રાણની ક્રિયાઓથી સુખી-દુઃખી થતો નથી.

(છંદ-ઉપજાતિ)

वागादिपञ्च श्रवणादिपञ्च
प्राणादिपञ्चाभ्रमुखानिपञ्च ।
बुद्ध्याद्यविद्यापि च कामकर्मणी
पुर्यष्टकं सूक्ष्मशरीरमाहुः ॥६८॥

| | |
|---|---|
| **वाक्–आदि पञ्च** | = વાણી વગેરે પાંચ (કર્મેન્દ્રિયો) |
| **श्रवण–आदि पञ्च** | = શ્રોત્ર વગેરે પાંચ (જ્ઞાનેન્દ્રિયો) |
| **प्राण–आदि पञ्च** | = પ્રાણ વગેરે પાંચ (પ્રાણ) |
| **अभ्रमुखानि पञ्च** | = આકાશ વગેરે પાંચ (મહાભૂત) |
| **बुद्ध्यादि** | = બુદ્ધિ વગેરે(નું બનેલું અંતઃકરણ) |
| **अपि च** | = અને વળી, |
| **अविद्या कामकर्मणी** | = અવિદ્યા, કામ અને કર્મ |
| **पुरी–अष्टकम्** | = (જીવના આ) આઠ નિવાસસ્થાનોને |
| **सूक्ष्मशरीरम्** | = સૂક્ષ્મ શરીર |
| **आहुः** | = કહે છે. |

(છંદ-ઉપજાતિ)

इदं शरीरं श्रृणु सूक्ष्मसंज्ञितं
लिङ्गं त्वपञ्चीकृतभूतसम्भवम् ।
सवासनं कर्मफलानुभावकं
स्वाज्ञानतोऽनादिरुपाधिरात्मनः ॥६९॥

| | |
|---|---|
| **श्रृणु** | = (હે શિષ્ય!) સાંભળ |
| **इदं सूक्ष्मसंज्ञितं शरीरम्** | = આ 'સૂક્ષ્મ' નામનું શરીર |

| | |
|---|---|
| **लिङ्गं तु** | = લિંગ (શરીર) પણ (કહેવાય છે.) |
| **अपञ्चीकृतभूतसंभवम्** | = અપંચીકૃત મહાભૂતોમાંથી ઉત્પન્ન થયેલું, |
| **सवासनम्** | = વાસનાવાળું, |
| **कर्मफलानुभावकम्** | = કર્મફળનો અનુભવ કરાવનારું (અને) |
| **स्व–अज्ञानतः आत्मनः** | = પોતાના સ્વરૂપના અજ્ઞાનથી આત્માની |
| **अनादिः उपाधिः** | = અનાદિ ઉપાધિ છે. |

## સૂક્ષ્મ શરીર વિવેચન : (SUBTLE BODY)

સ્થૂળ શરીરની, અંતઃકરણની અને પ્રાણની વિચારણા બાદ હવે સૂક્ષ્મ શરીરનો વિચાર બે શ્લોક દ્વારા કરવામાં આવે છે. (૧) પાંચ કર્મેન્દ્રિયો (૨) પાંચ જ્ઞાનેન્દ્રિયો, (૩) પાંચ પ્રાણ, (૪) પાંચ આકાશાદિ સૂક્ષ્મ ભૂતો, ઉપરાંત (૫) મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત જેવી અંતઃકરણની ચાર વૃત્તિઓ (૬) અવિદ્યા કે અજ્ઞાન, (૭) કામના કે ઇચ્છા, (૮) કર્મ કે ક્રિયા જેવા જીવના આઠ નિવાસ-સ્થાનો-**पुरीणाम् अष्टकम्–पुर्यष्टकम्**ને જ અત્રે સૂક્ષ્મ શરીર કહેવામાં આવ્યું છે. આવું સૂક્ષ્મ શરીર જ સ્થૂળ શરીરના મૃત્યુ પછી નવા શરીરની પ્રાપ્તિ માટે ઉત્ક્રમણ સમયે અદશ્ય રહીને પોતાની વાસના પ્રમાણે પૂર્વનિર્ધારિત યોનિને પ્રાપ્ત થાય છે. જીવરૂપે જનારા આ શરીરની સાથે જ, તેમાં રહેલી વાસના અને સંસ્કાર પણ પ્રયાણ કરે છે.

આ સૂક્ષ્મ શરીરને જ લિંગ શરીર પણ કહેવામાં આવે છે. આ સૂક્ષ્મ કે લિંગ શરીર આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી જેવા મહાભૂતોનું પંચીકરણ થતાં પૂર્વે શુદ્ધ પંચમહાભૂતો કે જેને 'તન્માત્રા' અગર 'અપંચીકૃત પંચમહાભૂત' કહેવામાં આવે છે, તેવા પંચમહાભૂતોથી જ સૂક્ષ્મ, લિંગ (SUBTLE BODY)ની ઉત્પત્તિ થયેલી છે, તેવું વિદ્વાનો જણાવે છે. આ સૂક્ષ્મ શરીરમાં જ મનુષ્યની સારી-નરસી સૂક્ષ્મ વાસનાઓનો સંગ્રહ થાય છે અને અંત સમયે અતૃપ્ત વાસનાઓ તૃપ્તિ અર્થે જીવાત્મા સાથે પ્રયાણ કરે છે. તદુપરાંત આપણા પુણ્ય અને પાપ કર્મોનું સુખ-દુઃખ પણ આ સૂક્ષ્મ શરીર દ્વારા જ અનુભવાય છે. જ્યાં સુધી વ્યક્તિને પોતાના આત્મસ્વરૂપનું અજ્ઞાન

હોય છે ત્યાં સુધી આ સૂક્ષ્મ શરીર વ્યક્તિને પોતાના આત્માની ઉપાધિરૂપે અનુભવાય છે અને આવી ઉપાધિનું અજ્ઞાન અનાદિ કહેવાય છે. છતાં આત્મજ્ઞાન થાય ત્યારે જ આવી આધિ, વ્યાધિ અને ઉપાધિની આત્યંતિક નિવૃત્તિ થાય છે.

(છંદ-ઉપજાતિ)

स्वप्नो भवत्यस्य विभक्त्यवस्था
स्वमात्रशेषेण विभाति यत्र ।
स्वप्ने तु बुद्धिः स्वयमेव जाग्रत्-
कालीननानाविधवासनाभिः ।
कर्त्रादिभावं प्रतिपद्य राजते
यत्र स्वयंज्योतिरयं परात्मा ॥१००॥

| | | |
|---|---|---|
| अस्य | = | આ (લિંગ શરીરની) |
| विभक्त्यवस्था | = | પૃથક્ અવસ્થા |
| स्वप्नः भवति | = | સ્વપ્નાવસ્થા છે. |
| यत्र स्वप्ने तु | = | જે સ્વપ્નાવસ્થામાં |
| बुद्धिः स्वयं एव | = | બુદ્ધિ પોતે જ |
| जाग्रत्-कालीन | = | જાગ્રત અવસ્થાની |
| नानाविध-वासनाभिः | = | જાત જાતની વાસનાઓ વડે |
| कर्त्रादिभावं प्रतिपद्य | = | કર્તા-ભોક્તાભાવને પ્રાપ્ત થયેલી |
| राजते | = | જણાય છે. |
| यत्र | = | જેમાં |
| अयं परात्मा | = | આ પરમાત્મા |
| स्वमात्रशेषेण | = | માત્ર પોતે જ શેષ રહી |
| स्वयंज्योतिः | = | સ્વયંજ્યોતિ સ્વરૂપે |
| विभाति | = | પ્રકાશે છે. |

(છંદ-ઉપજાતિ)

**धीमात्रकोपाधिरशेषसाक्षी**
**न लिप्यते तत्कृतकर्मलेशैः ।**
**यस्मादसङ्गस्तत एव कर्मभिः**
**न लिप्यते किञ्चिदुपाधिना कृतैः ॥१०१॥**

| | | |
|---|---|---|
| **धीमात्रक** | = | કેવળ બુદ્ધિ જ (જેની) |
| **उपाधिः** | = | ઉપાધિ છે. (તેવો) |
| **अशेषसाक्षी** | = | સર્વનો સાક્ષી (આત્મા) |
| **तत्कृतकर्मलेशैः** | = | તેણે (બુદ્ધિએ) કરેલાં કર્મોથી જરા પણ |
| **न लिप्यते** | = | લેપાતો નથી. |
| **यस्मात् असङ्गः** | = | કારણ કે (આત્મા) અસંગ (છે.) |
| **ततः** | = | માટે |
| **उपाधिना कृतैः कर्मभिः** | = | (બુદ્ધિરૂપી) ઉપાધિથી કરાતાં કર્મોથી |
| **किञ्चित् एव** | = | જરા પણ |
| **न लिप्यते** | = | લિપ્ત થતો નથી. |

સૂક્ષ્મ શરીરનો ઉલ્લેખ કર્યા બાદ હવે તેની અવસ્થાનો વિશેષ વિચાર બે શ્લોક દ્વારા કરવામાં આવતા જણાવાયું છે કે જેમ સ્થૂળ દેહની અવસ્થાને જાગ્રત કહેવામાં આવે છે તેવી જ રીતે સૂક્ષ્મ દેહની પૃથક અવસ્થાને સ્વપ્ન કહેવામાં આવે છે. આ સ્વપ્નાવસ્થામાં બુદ્ધિ પોતે અવશેષ રહીને જાગે છે અને અનેક પ્રકારની અતૃપ્ત વાસનાઓને કારણે કર્તા અને ભોક્તાપણું સ્વીકારીને અનેક પ્રકારના રૂપ ધારણ કરે છે. આત્મા તો જાગ્રત અને સ્વપ્ન બંને અવસ્થાઓથી ન્યારો અને અસંગ છે. આવી અવસ્થાઓનો તે સાક્ષીમાત્ર છે. છતાં બુદ્ધિની ઉપાધિ દ્વારા તે સ્વપ્ન અવસ્થામાં કર્મ કરે છે કે ભોગ ભોગવે છે. તેમ છતાં પોતે નિરુપાધિક હોવાથી સ્વપ્નાવસ્થા દરમ્યાન બુદ્ધિ દ્વારા થયેલાં કર્મોથી તે બંધાતો નથી અને કર્મફળના બંધનમાં પડતો નથી. પરંતુ સાક્ષીભાવે બધું જોયા અને જાણ્યા કરે છે. આમ, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ

કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, ઉપરાંત મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એવા સમગ્ર સમૂહના બનેલા સૂક્ષ્મ શરીરનો અને તેની ક્રિયાઓનો, આત્મા સાક્ષી બને છે. એટલું જ નહીં, ઉપરોક્ત સૂક્ષ્મ શરીર જડ છે, અનાત્મા છે જયારે આત્મા તો તે સૌને સત્તા અને સ્ફૂર્તિ પ્રદાન કરવા છતાં તેમનાથી ન્યારો અને તેમનો દ્દષ્ટા રહે છે.

સૂક્ષ્મ શરીર સ્વપ્નાવસ્થા દરમ્યાન સૂક્ષ્મ ભોગોને ભોગવે છે તે જ પ્રમાણે સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ દેશમાં પ્રસ્થાન કરે છે અને સ્વપ્નકાળના સૂક્ષ્મ સમયનો પણ અનુભવ કરે છે. આ સૂક્ષ્મ શરીર જ વાસ્તવમાં સ્થૂળ શરીરોને બદલે છે. પરંતુ જે કોઈ આત્મસાક્ષાત્કાર કરે છે કે જીવન્મુક્ત થાય છે તેના સૂક્ષ્મ શરીરનો જ્ઞાનમાં બાધ થાય છે. શાસ્ત્રો જણાવે છે કે તેવા આત્મજ્ઞાનીનો પ્રાણ સ્થૂળ શરીર છૂટતાંની સાથે ઉત્ક્રમણ કરતો નથી, પરંતુ બ્રહ્મને જાણી બ્રહ્મસ્વરૂપ જ થઈ જાય છે અને તેવા જ્ઞાનીનું સૂક્ષ્મ શરીર ઉત્ક્રમણ અને સંક્રમણના ચક્રમાંથી સદાને માટે આત્યંતિક મુક્તિને પામે છે. સામાન્ય અજ્ઞાનીજનના સંદર્ભમાં તો સૂક્ષ્મ દેહ, જાણે સ્થૂળ દેહરૂપી વાહનનો ડ્રાઈવર હોય, તેવું કાર્ય કરે છે. વાહનચાલક કે ડ્રાઈવર જેમ વાહન હંકારે. તેમ જ વાહન ગતિ કરે છે, તેવી જ રીતે સૂક્ષ્મ શરીરરૂપી ચાલક નક્કી કરે તેવી દિશામાં સ્થૂળ શરીરરૂપી વાહન પ્રયાણ કરે છે. જેમ ડ્રાઈવર વાહનને એક સ્થળે ઊભું રાખી કે પાર્ક કરી વિહાર કરવા જાય તેવી જ રીતે સૂક્ષ્મ શરીરરૂપી ડ્રાઈવર અંત સમયે સ્મશાનમાં વાહન પાર્ક કરીને વાહન સાથેની આસક્તિ તોડીને, તાદાત્મ્ય છોડીને ચાલ્યો જાય છે અને પછી કદી તે સ્થૂળ શરીર તરફ જોતો નથી. હવે તે અતૃપ્ત વાસના પ્રમાણે નવું શરીર પ્રાપ્ત કરે છે અને પૂર્વ સંસ્કારના બળે નવા શરીર દ્વારા કર્મફળ કે સુખ-દુઃખ ભોગવે છે. તાત્પર્યમાં સૂક્ષ્મ દેહ, લિંગ શરીર, વાસના શરીર કે (SUBTLE BODY) અંતવાહક એ બધાં જ અન્યોન્યના પર્યાય છે. માટે મુમુક્ષુએ મુંઝાવું નહીં. આત્મજ્ઞાની કે જીવન્મુક્ત પુરુષનો સૂક્ષ્મ દેહ જ્ઞાનમાં જો બાધિત થઈ જાય તો તે જીવે કેવી રીતે? તેવી શંકાના સમાધાનમાં સમજવું કે જીવન્મુક્ત કંઈ જ્ઞાન થતાં સ્થૂળ દેહે મૃત્યુ પામતો નથી. પરંતુ તેને સ્થૂળ દેહ સાથે લેશમાત્ર

સંગ કે આસક્તિ રહેતી નથી. અર્થાત્ તે પોતાના શરીરને અન્યશરીરવત જુએ છે, જાણે છે અને તે પ્રમાણે સાક્ષીભાવે વ્યવહાર કરી જીવન વ્યતીત કરે છે. તેથી સમજવું કે જીવન્મુક્તનો સૂક્ષ્મ દેહ, સ્થૂળ શરીરમાં રહે છે તો ખરો, પરંતુ અનાસક્ત થઈને રહે છે. તેથી સ્થૂળ શરીરના કર્મોથી તે બંધાતો નથી. જેવી રીતે કાથીની બળેલી દોરીમાં વળાંકો અને વળ એવાંને એવાં જ દેખાય છે, પરંતુ તેવી બળેલી દોરીથી કંઈ જ બંધાતુ નથી, તેમ આત્મજ્ઞાનના પ્રજવલિત અગ્નિમાં જેણે જીવતાં જ સૂક્ષ્મ શરીરને ખાખ કર્યું છે, તેની કોઈ પણ ક્રિયા કે કર્મ તેવા જીવન્મુક્તને બંધનમાં નાંખી શકે નહીં.

(છંદ-આર્યા)

**सर्वव्यापृतिकरणं लिङ्गमिदं स्याच्चिदात्मनः पुंसः ।**
**वास्यादिकमिव तक्ष्णस्तेनैवात्मा भवत्यसङ्गोऽयम् ॥१०२॥**

| | | |
|---|---|---|
| **तक्ष्णः इव** | = | જેવી રીતે સુથારને |
| **वास्यादिकम्** | = | વાંસલો વગેરે (સાધન છે) (તેવી રીતે) |
| **इदं लिङ्गम्** | = | આ લિંગ (શરીર) |
| **चिदात्मनः पुंसः** | = | ચેતનરૂપ પુરુષને |
| **सर्वव्यापृतिकरणम्** | = | બધી ક્રિયાઓનું સાધન |
| **स्यात्** | = | થાય છે. |
| **तेन एव** | = | તેથી જ |
| **अयं आत्मा** | = | આ આત્મા |
| **असङ्गः भवति** | = | અસંગ છે. |

સૂક્ષ્મ શરીરના વિવેચન બાદ હવે નિષ્કર્ષમાં જણાવે છે કે, સૂક્ષ્મ શરીરના ધર્મો આત્મામાં નથી. આત્મા તો તે સૌથી ન્યારો અને અધર્મી તથા અસંગી છે. જે મોક્ષપ્રાપ્તિનું સાધન હોય તે કદી સાધ્ય થઈ શકે નહીં. જેમ સુથારનો વાંસલો અને સુથાર, બન્ને જુદા છે, શિલ્પીની હથોડી અને શિલ્પી એક બીજાથી ન્યારા છે, લેખકની કલમ અને લેખક ભિન્ન ભિન્ન છે, તેવી જ રીતે સર્વ વ્યાવહારિક, લૌકિક કે વૈદિક કર્મ કરનારું સૂક્ષ્મ શરીર અને

તેનો દૃષ્ટા કે સાક્ષી આત્મા તેનાથી ભિન્ન છે. સૂક્ષ્મ શરીરનો નવા શરીરને ધારણ કરવા રૂપી કે યોનિપરિભ્રમણરૂપી ધર્મ આત્માને હોતો નથી. એ જ પ્રમાણે સૂક્ષ્મ શરીર, તેના લિંગ દ્વારા દૃશ્ય છે, જ્યારે આત્મા અદૃશ્ય અને તેનો દૃષ્ટા હોવાથી સૂક્ષ્મ શરીર કે તેની સ્વપ્નાવસ્થાથી અસંગ અને અધર્મી છે.

(છંદ-ઉપજાતિ)

अन्धत्व–मन्दत्व–पटुत्वधर्माः
सौगुण्य–वैगुण्य–वशाद्धि चक्षुषः ।
बाधिर्य–मूकत्व–मुखास्तथैव
श्रोत्रादिधर्मा न तु वेत्तुरात्मनः ॥१०३॥

सौगुण्य–वैगुण्य–वशात् = સદોષપણાથી કે નિર્દોષપણાથી થતો
अन्धत्व–मन्दत्व–पटुत्व धर्माः = અંધાપો, ઝાંખું દેખાવું કે સ્પષ્ટદર્શન વગેરે ધર્મો
हि चक्षुषः = નેત્રના છે.
तथा एव = તેવી જ રીતે
बाधिर्य–मूकत्व–मुखाः = બહેરાપણું અને મૂંગાપણુ વગેરે
श्रोत्रादि–धर्माः = શ્રોત્રેન્દ્રિય વગેરેના ધર્મો છે.
न तु वेत्तुः आत्मनः = પરંતુ સર્વસાક્ષી આત્માના નથી.

(છંદ-ઉપજાતિ)

उच्छ्वास–निःश्वास–विजृम्भण–क्षुत्
प्रस्पन्दनाद्युत्क्रमणादिकाः क्रियाः ।
प्राणादि कर्माणि वदन्ति तज्ज्ञाः
प्राणस्य धर्मावशनापिपासे ॥१०४॥

उच्छ्वास–निःश्वास = શ્વાસ લેવો, ઉચ્છ્વાસ બહાર કાઢવો,
विजृम्भण–क्षुत्–प्रस्पन्दनादि–= બગાસું, છીંક, કંપવું વગેરે

| | |
|---|---|
| **उत्क्रमणादिकाः क्रियाः** | = મરણકાળે ઉત્ક્રમણ વગેરે ક્રિયાઓ |
| **प्राणादि कर्माणि** | = પ્રાણાદિના કર્મો છે. (તેમ) |
| **तज्ज्ञाः वदन्ति** | = વિશેષજ્ઞો કહે છે. (તથા) |
| **अशना–पिपासे** | = ભૂખ અને તરસ |
| **प्राणस्य धर्मौ** | = પ્રાણના ધર્મો છે. |

પૂર્વોક્ત ચર્ચા મુજબ હવેના બે શ્લોકમાં ઇન્દ્રિય અને પ્રાણના ધર્મના વિવરણ દ્વારા આત્માનું અધર્મીપણું સમજાવવામાં આવ્યું છે. જેથી સાધક કે મુમુક્ષુ સાવચેતીપૂર્વક આત્મચિંતન કરી સ્વયંને અધર્મસ્વરૂપ આત્મા જાણી શકે.

વ્યક્તિ જયારે ઝીણાંમાં ઝીણી વસ્તુને પણ સ્પષ્ટપણે જોઈ શકતી હોય ત્યારે તેવી સતેજ દૃષ્ટિવાળી આંખના ધર્મને 'પટુત્વ' કહે છે. જયારે આંખે ઝાંખુ દેખાય છે અથવા તો દૃશ્યને જોવા માટે તેને ચશ્માની આવશ્યકતા રહે છે ત્યારે તેવી આંખને મંદદૃષ્ટિવાળી આંખ કહે છે. આંખના આ ધર્મને 'મંદત્વ' કહે છે. તથા જયારે દૃશ્યને જોવા માટે આંખ અસમર્થ બને છે ત્યારે દૃષ્ટિવિહીન આંખના ધર્મને 'અંધત્વ' કહે છે. આમ, અંધત્વ, મંદત્વ અને પટુત્વ વિગેરે આંખના ધર્મો છે. આ જ પ્રમાણે ઇન્દ્રિયોના સતેજપણાના, મંદપણાના તથા નિસ્તેજપણાના લીધે કર્ણેન્દ્રિયમાં ઓછું સાંભળવું કે બહેરાશ આવવી, ઘ્રાણેન્દ્રિયમાં દૂરથી જ પુષ્પોની સુગંધને પારખવી કે ગંધનો ખ્યાલ ન આવવો વિગેરે જેવા ગુણો, સ્વાદની સમજ ન પડવી અથવા સ્વાદનો સચોટ ખ્યાલ આવવો તથા સ્પર્શેન્દ્રિયને સ્પર્શનો તત્કાળ ખ્યાલ આવવો કે પછી લકવા જેવા રોગીને સ્પર્શનો અનુભવ ન થવો અર્થાત્ ચામડી જૂઠી પડી જવી વિગેરે જે તે ઇન્દ્રિયોના ધર્મો છે. ઉપરોક્ત તમામ ઇન્દ્રિયોના ધર્મોને જાણનાર આત્મા, તે સૌનો જ્ઞાતા હોવાથી, તે સૌથી ભિન્ન છે, તેથી તે બધા ધર્મો સાક્ષી આત્માના નથી. આ જ પ્રમાણે કર્મેન્દ્રિયોની કમજોરી કે ખામીઓથી આત્મા તેવી ખામીવાળો બનતો નથી. તે જ કારણે ઇન્દ્રિયધર્મોથી અલિપ્ત આત્મા બહેરો, મૂંગો, આંધળો કે લંગડો બનતો નથી. તેમ છતાં અજ્ઞાનીજન

સ્વયંના આત્મસ્વરૂપથી અનભિજ્ઞ હોવાથી, ઇન્દ્રિયના ધર્મ સાથે તાદાત્મ્ય કરી, સ્વયંને તેવી ખામીવાળો મૂંગો, બહેરો કે અપંગ સમજે છે, તથા દુઃખ અનુભવે છે. આ ભ્રાંતિને દૂર કરી, ઇન્દ્રિયો સાથેના ખોટા તાદાત્મ્યથી મુમુક્ષુને મુક્ત કરવાના શુભ આશયથી જ અત્રે ઇન્દ્રિયોના ધર્મોની ચર્ચા કરી છે.

ક્રિયા કે કર્મ કરવાનું જડ શરીરનું સામર્થ્ય નથી. શરીરમાં થતી કોઈ પણ ક્રિયાઓ કે શરીર દ્વારા થતી કોઈ પણ પ્રકારની ચેષ્ટાઓ પ્રાણને આધીન છે. શ્વાસ લેવો, ઉચ્છ્વાસ બહાર કાઢવો, બગાસું ખાવું, છીંક ખાવી, પરસેવો તથા મળ, મૂત્રને શરીરની બહાર કાઢવા તેમજ શરીરના અંત કાળે એક શરીર છોડી અન્યને ધારણ કરવા ઉત્ક્રમણ કરવું વિગેરે ક્રિયાઓ પ્રાણને લીધે જ થાય છે. તેથી આ સર્વ કર્મો પ્રાણના છે. તેવું પ્રાણવિજ્ઞાનને જાણનારા પ્રાણના વિશેષજ્ઞો કહે છે. ભૂખ અને તરસ પ્રાણના ધર્મો છે. માટે મુમુક્ષુએ પ્રાણના ધર્મો અને કર્મોને પણ પોતાના ન માનતા, પોતાના આત્મસ્વરૂપને અક્રિય, નિષ્ક્રિય તથા ભૂખ-તરસથી મુક્ત જાણવું જોઈએ તથા પ્રાણ અને તેની ક્રિયાઓ સાથેના તાદાત્મ્યથી છૂટવું જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**अन्तःकरणमेतेषु चक्षुरादिषु वर्ष्मणि ।**
**अहमित्यभिमानेन तिष्ठत्याभासतेजसा ॥१०५॥**

**वर्ष्मणि** = શરીરમાં (અને તેમાં રહેલા)
**एतेषु** = આ
**चक्षुः आदिषु** = ચક્ષુ વગેરેમાં
**'अहं' इति अभिमानेन** = 'હું' એવા અભિમાનથી
**आभासतेजसा** = ચિદાભાસવાળું
**अन्तःकरणम्** = અંતઃકરણ
**तिष्ठति** = રહે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अहंकारः स विज्ञेयः कर्ताभोक्ताऽभिमान्ययम् ।**
**सत्त्वादिगुणयोगेन चावस्थात्रयमश्नुते ॥१०६॥**

| | | | |
|---|---|---|---|
| **सः** | = તે | **अभिमानी** | = અભિમાની (બને છે) |
| **अहंकारः** | = અહંકાર | **च सत्त्वादिगुणयोगेन** | = અને સત્ત્વ આદિ ગુણના સંબંધથી |
| **विज्ञेयः** | = નામે ઓળખાય છે. | | |
| **अयम्** | = આ (અહંકાર) | **अवस्थात्रयम्** | = ત્રણ અવસ્થાઓ |
| **कर्ताभोक्ता** | = કર્તા–ભોક્તાપણાનો | **अश्नुते** | = પામે છે. |

(છંદ–અનુષ્ટુપ)

**विषयाणामानुकूल्ये सुखी दुःखी विपर्यये ।**
**सुखं दुःखं च तद्धर्मः सदाऽऽनन्दस्य नात्मनः ॥१०७॥**

| | | | |
|---|---|---|---|
| **विषयाणाम्** | = વિષયોની | **तत्** | = તેના (અહંકારના) |
| **आनुकूल्ये** | = અનુકૂળતામાં | **धर्मः** | = ધર્મ છે. |
| **सुखी** | = સુખી | **सदा** | = સર્વદા |
| **विपर्यये** | = અને પ્રતિકૂળતામાં | **आनन्दस्य** | = આનંદસ્વરૂપ |
| **दुःखी** | = દુઃખી (થાય છે.) | **आत्मनः** | = આત્માના |
| **सुखं दुःखं च** | = સુખ અને દુઃખ | **न** | = નથી. |

## અહંકાર

પંચમહાભૂતના સત્ત્વગુણમાંથી બનેલું અંતઃકરણ વાસ્તવમાં જડ છે. પરંતુ નિર્મળ સપાટી જેવી કે કાચ, જળ વિગેરેમાં પ્રતિબિંબ પડે છે તેમ ચૈતન્યનું અંતઃકરણમાં પ્રતિબિંબ પડે છે. આ પ્રતિબિંબને ચિદાભાસ કહેવામાં આવે છે. ચિદાભાસના પ્રકાશથી યુક્ત અંતઃકરણ જાણે કે ચેતન હોય તેવો વ્યવહાર કરે છે અને આ શરીરમાં 'હું શરીર છું', તેવું અભિમાન કરી, 'હું જોઉં છું', 'હું સાંભળુ છું', 'હું ચાલુ છું' એવું માને છે. આવા શરીર અને તેમાં રહેલી ઇન્દ્રિયો ઉપર 'હું' પણાનું અભિમાન કરવાવાળા અંતઃકરણને અહંકાર જાણવો જોઈએ. **अहंकारः स विज्ञेयः ।** આ અહંકાર, શરીર તથા ઇન્દ્રિયોના કર્મો સાથે તાદાત્મ્ય કરી સ્વયંને કર્તા માને છે તથા ઇન્દ્રિયભોગ સાથે તાદાત્મ્ય કરી ભોક્તાભાવને ધારણ કરે છે. આમ, તે કર્તા અને ભોક્તા

બને છે.

આ અહંકાર જ સત્ત્વગુણ, રજોગુણ અને તમસગુણના યોગથી સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થાય છે. જયારે અંતઃકરણમાં રજોગુણ પ્રધાનપણે રહેલો હોય ત્યારે અહંકાર, જાગ્રતાવસ્થાને પ્રાપ્ત થઈ જાગ્રતાવસ્થાના સ્થૂળ પદાર્થો સાથે વ્યવહાર કરે છે. સત્ત્વગુણ પ્રધાન થતાં પોતે જ પોતાની સૃષ્ટિ રચી, સ્વરચિત સૃષ્ટિના સૂક્ષ્મ પદાર્થો સાથે વ્યવહાર કરે છે. આને અહંકારની સ્વપ્નાવસ્થા કહેવાય છે. તમોગુણ દ્વારા જયારે અંતઃકરણ આચ્છાદિત થઈ જાય છે ત્યારે અહંકાર, સ્વપ્ન કે જાગ્રતના પદાર્થોને જાણતો નથી પરંતુ સ્વપ્ન વિનાની ગાઢ નિદ્રામાં સૂઈ જાય છે. આ તેની સુષુપ્તિ અવસ્થા કહેવાય છે. આમ, ત્રણેય ગુણના યોગથી અહંકાર જ ત્રણ અવસ્થાને પ્રાપ્ત થાય છે. ચૈતન્યસ્વરૂપ આત્મા જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થતો નથી.

જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં વ્યવહાર કરતાં કરતાં જો પોતાને અનુકૂળ પરિસ્થિતિ, ઇચ્છેલા પદાર્થો કે અપેક્ષિત વ્યક્તિનું સાંનિધ્ય સાંપડે તો અહંકાર સુખી થાય છે. તેનાથી વિપરીત સંજોગો, પદાર્થો કે વ્યક્તિ પ્રાપ્ત થતાં તે દુઃખનો અનુભવ કરે છે. આમ, સુખી કે દુઃખી થવું તે પણ અહંકારના જ ધર્મો છે. પરંતુ અવિવેકીઓ અહંકારના આ ધર્મોને પોતાના માની 'હું સુખી છું' અર્થાત્ આત્મા સુખી છે કે 'હું દુઃખી છું', અર્થાત્ આત્મા દુઃખી છે તેવું માની બેસે છે. વાસ્તવમાં આત્મા આનંદ સ્વરૂપથી કદાપિ ચ્યૂત થતો જ નથી. નથી તેને કદી સંસારની પ્રાપ્તિ થતી કે નથી તે બંધનનું દુઃખ અનુભવતો. આમ, મુમુક્ષુએ સૂક્ષ્મશરીરગત અહંકારમાં 'હું' બુદ્ધિ ન રાખતાં 'આનંદસ્વરૂપ આત્મા હું છું,' એવું સર્વદા ચિંતન કરવું જોઈએ.

(છંદ–અનુષ્ટુપ)

**आत्मार्थत्वेन हि प्रेयान् विषयो न स्वतः प्रियः ।**
**स्वत एव हि सर्वेषामात्मा प्रियतमो यतः ॥१०८॥**

| | | | |
|---|---|---|---|
| विषयः | = વિષય | यतः | = કારણ કે |
| स्वतः | = કોઈ કારણ વગર | सर्वेषाम् | = સૌને |
| न प्रियः | = પ્રિય નથી | आत्मा | = આત્મા |
| आत्मार्थत्वेन हि | = પણ આત્માના પ્રયોજનપણાના કારણે | स्वतः एव हि | = પોતાની મેળે (કોઈ કારણ વગર) જ |
| प्रेयान् | = પ્રિય છે. | प्रियतमः | = સૌથી વધુ પ્રિય છે. |

## આત્મા જ પ્રિયતમ

સ્થૂળ અને સૂક્ષ્મ દેહના વિવેચન દ્વારા તે બન્નેની આસક્તિ કે તાદાત્મ્યથી મુક્ત રહેવા માટે મુમુક્ષુને સંકેતો અપાયા બાદ હવે તમામ શરીરો પોતાનાં હોય કે અન્ય સ્નેહીજનોનાં, પણ તેવા શરીરો કે જગતના તમામ ભૌતિક પદાર્થો જડ અને નશ્વર છે અને પોતાના અત્માની સરખામણીમાં તેવા સૌ નામ-આકારવાળા શરીરો કે પદાર્થો દરેકને સ્વાર્થ કે ખપ પૂરતાં જ પ્રિય હોય છે. તેમનું પ્રયોજન કે જરૂરિઆત સમાપ્ત થતાં તે સૌ અપ્રિય, અરુચિકર અને અળગાં જ જણાય છે. પ્રાણીમાત્રને સૌથી વધુ પ્રિય તો અંતે પોતાનો આત્મા જ અનુભવાય છે. આમ, આત્મા પ્રિય કે પ્રિયતર નહીં પરંતુ પ્રિયતમ ગણાય છે. માટે જ લૌકિક ભાષામાં ભલે પ્રેમિકા પોતાના પ્રેમીને પ્રિયતમ કહે, પણ વાસ્તવમાં તો કોઈ પણ મનુષ્ય માટે માત્ર એક જ પ્રિયતમ છે અને તે પોતાનો અંતરાત્મા. આ નગ્ન સત્યને શ્રુતિસંમત સત્ય સાથે આચાર્યશ્રીએ અત્રે રજુ કર્યું છે. તેઓ જણાવે છે કે, પ્રાણીમાત્રને પોતાનો આત્મા સૌથી વધુ પ્રિય છે. "**आत्मा स्वतः एव सर्वेषां हि प्रियतमः ।**" ભલે, મનુષ્ય ભોગરત હોય કે વિષયદોડના નશામાં મશગુલ હોય, તેમ છતાં પણ તેને કંઈ પોતાના આત્માથી વિષયો વધુ પ્રિય હોતા નથી. તદુપરાંત વિષયભોગની ઈચ્છા પૂર્ણ થતાં તેને તેવા વિષયો અરુચિકર અને અપ્રિય જ લાગે છે. ખરેખર તો આત્માની સરખામણીમાં કે આત્મસુખના ભોગે તો કોઈને પણ વિષયો પ્રિય હોતા નથી. જેમ કે ગળપણ, મહદ્અંશે સૌને પ્રિય હોય છે. તેમ છતાં ગંભીર બિમારી જેવા સંજોગમાં જ્યારે પોતાના જીવન માટે ગંભીર સમસ્યા ઊભી થાય છે ત્યારે જીવલેણ વિષયો આપોઆપ અપ્રિય

અને અરુચિકર થઈ જાય છે. તે જ દર્શાવે છે કે, વિષયો કરતાં આત્મા વધુ પ્રિય છે. વિદ્યારણ્ય સ્વામી પણ આવા જ સત્યને સમર્થન આપતાં જણાવે છે કે,

**"वित्तात् पुत्रः प्रियः, पुत्रात् पिंडः, पिंडात्तथेन्द्रियम् ।**
**इन्द्रियाच्च प्रियः प्राणः, प्राणादात्मा प्रियः परः ॥"**

(પંચદશી/૧૨-૬૦)

ધનથી પ્રત્યેક માતા-પિતાને પુત્ર વધુ પ્રિયકર લાગે છે. માટે જ મહેનત મજૂરી કે પરસેવો પાડીને પણ ઘણીવાર મા-બાપ પુત્રને ભણાવે છે. બિમારીમાં તેને બચાવવા દેવું પણ કરે છે. પોતાનું સઘળું ધન વાપરે છે. અરે ! દાગીના વેચે છે કે પછી ઘણીવાર ઘર પણ ગીરવે મૂકે છે. જ્યારે પુત્રની ઉન્નતિ માટે ખેતરો વેચીને પણ મા-બાપ તેમને વિદેશ ભણવા મોકલે છે. પરંતુ સત્ય કંઈક કડવા ઘુંટડા જેવું છે. પુત્ર કરતા મા-બાપને પોતાનો સ્થૂળ દેહ વહાલો લાગે છે કે વધુ પ્રિયકર જણાય છે. તેથી જ કારમી ગરીબીથી બચવા કે ભીષણ દુષ્કાળ સમયે જ્યારે પોતાના પ્રાણની રક્ષા મહત્ત્વની બને છે ત્યારે માતા-પિતા બાળકોને વેચી દેતા પણ જોવા મળે છે. અરે ! ધરતીકંપ કે આગ ફાટી નીકળવાના બનાવો સમયે અગર એક જ કુટુંબના સભ્યો નૌકામાં વિહાર કરતા હોય અને અચાનક નૌકા ડૂબવા જેવા સમયે સૌ પોતપોતાનો પ્રાણ બચાવવા કોઈની પણ રાહ જોયા વિના સુરક્ષા માટે કૂદી પડે છે. તે જ દર્શાવે છે કે, પુત્ર કરતાં પ્રત્યેકને પોતાનો પિંડ કે સ્થૂળદેહ વધુ પ્રિય હોય છે. તદુપરાંત દેહ કરતાં ઈન્દ્રિયો વધુ પ્રિયકર જણાય છે. જો મનુષ્યને દેહ સૌથી વધુ પ્રિય હોય તો, સ્થૂળદેહને અનુકૂળ ન હોય તેવા ભોજનોને તે કદી આરોગે નહીં. પરંતુ આપણે જોયું અને જાણ્યું છે કે મધુપ્રમેહના રોગવાળી વ્યક્તિ પોતાના દેહને પ્રતિકૂળ એવા ખાંડવાળા ખાદ્યપદાર્થોને આરોગે છે. શરીરનું વધતું વજન રોકવા ઈચ્છનાર વ્યક્તિ પણ, દેહના સ્વાસ્થ્યને અવગણી પોતાની સ્વાદેન્દ્રિયને પ્રિય એવા પદાર્થો આરોગે છે. મનુષ્યનો આવો વ્યવહાર તો જ સંભવ બને જો તેને દેહ કરતાં પોતાની ઈન્દ્રિયો વધારે પ્રિય હોય. આ ઈન્દ્રિયો દેહ કરતાં અવશ્ય વધુ પ્રિય છે પણ તે કંઈ સૌથી વધુ

પ્રિય નથી. ઇન્દ્રિય કરતાં પણ દરેકને પોતાનો પ્રાણ (જીવ) વધુ પ્રિય હોય છે. જો ચોરને શિક્ષાર્થે આંખ ફોડી નાંખવાનું, કાન કે જીભ કાપી નાંખવાનું કહેવામાં આવે તો તેના કરતાં તે લાંબા ગાળાની જેલ ભોગવવાનું વધુ પસંદ કરે છે. જો તેને મૃત્યુદંડ આપવાનો હોય, તો તેની સરખામણીમાં આંખ, જીભ કે કાન કપાય અને પ્રાણ બચે તેવું તે ઇચ્છે છે. તેથી સ્પષ્ટ છે કે, ઇન્દ્રિયો કરતાં પ્રાણ વધુ પ્રિયકર છે. અંતે તો પ્રાણ કરતાં પણ પોતાનો આત્મા સૌથી વધુ પ્રિયતમ છે. માટે જ તપસ્વી, સાધકો કે મુમુક્ષુઓ ઘણીવાર આત્મસાક્ષાત્કાર માટે કે અંતરાત્માની પ્રાપ્તિ માટે પ્રાણની પરવા કર્યા વિના ઘોર તપશ્ચર્યા આદરે છે. અનેક પ્રકારના તપ કે વ્રતો કરે છે. અન્ન અને પાણીનો પણ ત્યાગ કરી કેટલાક લાંબા ઉપવાસ આદરે છે. જ્યારે સાચો મુમુક્ષુ તો શરીર અને પ્રાણને પોતાનાથી ભિન્ન ગણી તેના ભોગે પણ આત્મસાક્ષાત્કાર ઇચ્છે છે. આ ઉપરથી આત્માનું પ્રિયતમપણું સ્વાભાવિક રીતે સુસ્પષ્ટ થાય છે. આ સત્ય હકીકતનું અનુમોદન બૃહદારણ્યક શ્રુતિમાં જોવા મળે છે. યાજ્ઞવલ્ક્ય ઋષિ પોતાની ભાર્યા મૈત્રેયીને આત્માના પ્રિયતમપણા વિશે સમજાવતાં જણાવે છે કે,

**न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवति ।**
**आत्मनस्तु कामाय पतिः प्रियो भवति ॥**
**न वा अरे जायायै कामाय जाया प्रिया भवति ।**
**आत्मनस्तु कामाय जाया प्रिया भवति ॥**
**न वा अरे पुत्राणां कामाय पुत्राः प्रिया भवन्ति ।**
**आत्मनस्तु कामाय पुत्राः प्रिया भवन्ति ॥**
**न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवति ।**
**आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति ॥**

[બૃહદારણ્યક ઉપનિષદ-૪/૫/૬]

"પતિના સુખને અર્થે પતિ (સ્ત્રીને) વ્હાલો હોતો નથી, પણ (સ્ત્રીના) પોતાના સુખને અર્થે (સ્ત્રીને) પતિ પ્રિય લાગે છે. પત્નીના સુખને અર્થે પત્ની (પતિને) પ્રિય હોતી નથી, પણ (પત્નીના) પોતાના સુખને માટે જ (પતિને) પત્ની

પ્રિય લાગે છે. (તથા) પુત્રોના સુખને માટે પુત્રો (પિતાને) કદાપિ પ્રિય હોતા નથી. (પરંતુ) પોતાના સુખને માટે જ (પિતાને) પુત્રો પ્રિય હોય છે. (તે જ પ્રમાણે જગતના) તમામ પદાર્થો કે પ્રાણીમાત્ર તેઓના સુખને માટે પ્રિય હોતા નથી પરંતુ પોતાના સુખને માટે જ (સર્વને) સર્વ પદાર્થો કે પ્રાણીઓ પ્રિય હોય છે.'' આમ, ઉપરોક્ત શ્રુતિ તથા યુક્તિ પુરઃસર થયેલી વિચારણાથી સ્પષ્ટ થાય છે કે જગતના તમામ વિષયો કે વ્યક્તિ તથા પ્રાણીમાત્ર સ્વતઃ પ્રિયરૂપ નથી. પરંતુ પોતાને માટે જ સુખકર પ્રતીત થાય છે. તેથી પોતાનો આત્મા જ સર્વને સૌથી વધુ પ્રિય છે.

(છંદ-અનુષ્ટુપ)

**तत आत्मा सदानन्दो नास्य दुःखं कदाचन ।**
**यत्सुषुप्तौ निर्विषय आत्मानन्दोऽनुभूयते ।**
**श्रुतिः प्रत्यक्षमैतिह्यमनुमानं च जाग्रति ॥१०६॥**

| | | | |
|---|---|---|---|
| **ततः** | = આથી | **निर्विषयः** | = વિષય રહિત |
| **आत्मा** | = આત્મા | **आत्मानन्दः** | = આત્માનંદ |
| **सदा** | = સર્વદા | **अनुभूयते** | = અનુભવાય છે. |
| **आनन्दः** | = આનંદરૂપ (છે.) | **श्रुतिः** | = (આ બાબતમાં) ઉપનિષદ, |
| **अस्य** | = આ (આત્મા)ને | **प्रत्यक्षम्** | = પ્રત્યક્ષ, |
| **कदाचन** | = કદી પણ | **ऐतिह्यम्** | = ઇતિહાસ |
| **दुःखं न** | = દુઃખ નથી. | **च अनुमानम्** | = અને અનુમાન |
| **यत्** | = કારણ કે | **जाग्रति** | = જાગ્રતઅવસ્થામાં |
| **सुषुप्तौ** | = સુષુપ્તિ અવસ્થામાં | | (પ્રમાણરૂપ છે.) |

અત્યાર સુધી આચાર્યશ્રીએ સ્થૂળ શરીર તથા સૂક્ષ્મ શરીરનું વિવેચન પૂર્ણ કર્યું અને અંતે આત્માનું પ્રિયતમપણું જણાવી તે વિચારની પૂર્ણાહુતિ કરતાં અને કારણ શરીર વિશેની વિવેચનાનો પ્રારંભ કરતાં પૂર્વે અત્રે જણાવ્યું છે કે આત્મા આનંદસ્વરૂપ છે. તેને દુઃખનો સ્પર્શ જ નથી. આવા વિચારનો વિસ્તાર કરતા સ્પષ્ટતા કરવામાં આવી છે કે સુષુપ્તિની

અવસ્થામાં અવયવો કાર્યરહિત હોય છે, બુદ્ધિ નિર્ણય લેતી નથી, મન સંશય કરતું નથી, ઇન્દ્રિયો ભોગ કરતી નથી. તેથી સ્પષ્ટ છે કે સુષુપ્તિની અવસ્થામાં શબ્દ, સ્પર્શાદિ વિષયોનો ત્યાં અભાવ હોય છે અને તે જ પ્રમાણે ભોક્તા અને ભોગ્યપદાર્થની પણ અનુપસ્થિતિ હોય છે. તેમ છતાં સુષુપ્તિમાં રહેલો પુરુષ જાગતાની સાથે જ કહે છે કે 'હું સુખચેનથી સૂતો હતો.' **'मयेन सुखेन निद्रा अनुभूयते ।'** આમ, સુષુપ્તિમાં જે આનંદ અનુભવાય છે તે નિર્વિવાદ વિષયાનન્દ તો નથી જ. તો પછી પ્રશ્ન થાય છે કે તે અવસ્થામાં મન બુદ્ધિ અને અવયવો પણ ક્રિયાશૂન્ય હતાં, તો આનંદ કે સુખ અનુભવાયું શેના લીધે? આથી સ્પષ્ટ થાય છે કે આત્મા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણે અવસ્થાનો સાક્ષી છે. ત્રણે અવસ્થામાં ચેતનસ્વરૂપ થઈને હાજરાહજૂર હોય છે અને સુષુપ્તિમાં જયારે સૌ કોઈ નિદ્રાદેવીને આધીન થઈ ક્રિયાશૂન્ય હોય છે અર્થાત્ ઇન્દ્રિયો મનમાં, મન બુદ્ધિમાં અને તે બધું જ પ્રગાઢ અવિદ્યા જેવી સ્થિતિમાં આત્માના આશ્રય નીચે વિલીન થઈ જાય છે ત્યારે પણ આત્મા તો જ્ઞાનસ્વરૂપ ચેતનમય હોવાથી ત્રણે અવસ્થામાં, ત્રણે કાળે જાગતો જ હોય છે. તેથી સુષુપ્તિમાં અનુભવાયેલો આનંદ આત્માનો જ છે તેવી ખાત્રી થાય છે. આ ઉપરથી સમજાય છે કે આત્મા સદા આનંદસ્વરૂપ છે. તેને લેશમાત્ર દુઃખનો સંસ્પર્શ નથી.

આપણે સૌએ સદા યાદ રાખવું જોઈએ કે જેનો આપણે ત્યાગ કરવા ઇચ્છીએ છીએ તે વસ્તુ કે પરિસ્થિતિ કદાપિ આપણું સ્વરૂપ હોઈ શકે નહીં. દા.ત. પ્રત્યેક માનવી સુખ-પ્રાપ્તિ માટે અને દુઃખમુક્તિ માટે પ્રયત્નશીલ હોય છે, તેથી અતીન્દ્રિય સુખ એ જ આપણું સ્વરૂપ છે. દુઃખનો ત્યાગ કરવાની ઇચ્છા પ્રાણીમાત્રમાં અતિ પ્રબળ હોવાથી દુઃખ આપણું આત્મસ્વરૂપ કદાપિ હોઈ શકે નહીં. તે જ પ્રમાણે આપણે સૌ ભય કે મૃત્યુને હંમેશા દૂર રાખવા પ્રયત્ન કરીએ છીએ. કોઈ પણ ભય કે મૃત્યુને નિમંત્રણ આપતું નથી. સૌ કોઈ ભયભીત સ્થિતિનો ત્યાગ ઇચ્છે છે. તેથી સમજાય છે કે, ભય કે મૃત્યુ આપણું સ્વરૂપ નથી. પરંતુ અભય અને અમરતા જ આપણું સાચું સ્વરૂપ છે. માટે જ આચાર્યશ્રીએ જણાવ્યું છે કે **"आत्मा सदानन्दो नास्य दुःखं**

**कदाचन ।"**

આત્મા સદા આનંદસ્વરૂપ છે. તે વાતની સત્યતા પુરવાર કરતાં આચાર્યશ્રી જણાવે છે કે આવી વાત ચાર પ્રમાણોથી પ્રમાણિત થયેલી છે. જેમાં સૌ પ્રથમ (૧) શ્રુતિ પ્રમાણ છે. તૈત્તિરીય શ્રુતિ જણાવે છે કે, **'आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चनेति ।'** જે કોઈ વિદ્વાન, બ્રહ્મને આનંદસ્વરૂપ જાણીને બ્રહ્મ સાથે અભેદભાવ અનુભવે છે, તે પોતાના આનંદસ્વરૂપને જાણી ક્યારેય કોઈથી પણ ભયભીત થતો નથી. બ્રહ્મ અર્થાત્ સ્વયં આનંદસ્વરૂપ છે. પછી કેવું દુ:ખ કે કેવો ભય ! અમર આત્માને કેવું મૃત્યુ કે કેવો વિનાશ? આમ, આત્મા આનંદસ્વરૂપ છે તેમાં શ્રુતિ કે શાસ્ત્ર અનેક સ્થળોએ આવા પ્રમાણો પૂરાં પાડે છે. (૨) આ વિષયમાં પ્રત્યક્ષ પ્રમાણ પણ છે. આપણે ઉપર ચર્ચી ગયા તેમ, આપણા સૌનો પ્રત્યક્ષ અનુભવ છે કે સુષુપ્તિની અવસ્થામાં સર્વ ભોગ્ય વિષયોનો અભાવ હોય છે. અરે ! તેવી અવસ્થામાં ધન, સત્તા, સ્ત્રી, પુત્રો, ઘર, સ્નેહીઓ વગેરે સૌ થોડા સમય માટે ત્યજાઈ જાય છે. કંઈ જ સાથે હોતું નથી, છતાં અકલ્પ્ય આનંદ સુષુપ્તિમાં અનુભવાય છે. આવા પ્રત્યક્ષ અનુભવથી પણ સ્પષ્ટ જ છે કે આત્મા આનંદસ્વરૂપ છે. (૩) આ ઉપરાંત ઇતિહાસ પુરાણો અને યાજ્ઞવલ્ક્યાદિ જેવા ઋષિઓના સંવાદમાં પણ આત્માની આનંદસ્વરૂપતા વિશે વર્ણનો જોવા મળે છે. તેથી આ બાબતમાં ઇતિહાસ પણ પ્રમાણ છે. (૪) અનુમાન પ્રમાણ–છાંદોગ્યશ્રુતિમાં જણાવાયું છે **यद् अल्पं तद् मर्त्यम् ।** જે અલ્પ કે અનિત્ય છે તે નાશવાન છે. આમ, નાશવાન હોવું એટલે જ દુ:ખસ્વરૂપ હોવું. તેથી એવા તારણ ઉપર આવી શકાય છે કે જે જે અનિત્ય છે તે સર્વ દુ:ખમય છે. આવા તારણ ઉપરથી જ અનુમાન કરી શકાય કે જે જે અનિત્ય છે તે જો દુ:ખમય હોય તો જે નિત્ય હોય તે સદા સુખમય કે આનંદસ્વરૂપ હોવું જોઈએ. આત્મા નિત્ય છે. **'अजो नित्यः शाश्वतोऽयम् पुराणः ।'** (ભ.ગી–૨/૨૦) 'આત્મા અજન્મા, નિત્ય અને શાશ્વત છે.' આમ, આત્મા નિત્ય હોવાથી તે આનંદસ્વરૂપ છે. એવા અનુમાન પ્રમાણથી પણ આત્માની આનંદસ્વરૂપતા સિદ્ધ થાય છે.

(છંદ-ઉપજાતિ)

**अव्यक्तनाम्नी परमेशशक्ति-**
**रनाद्यविद्या त्रिगुणात्मिका परा ।**
**कार्यानुमेया सुधियैव माया**
**यया जगत्सर्वमिदं प्रसूयते ॥११०॥**

| | |
|---|---|
| **अव्यक्तनाम्नी** | = 'અવ્યક્ત' નામવાળી |
| **अनादि अविद्या** | = અનાદિ, અવિદ્યા |
| **त्रिगुणात्मिका** | = (સત્ત્વ, રજસ અને તમસ) ત્રણ ગુણોયુક્ત |
| **परा परमेशशक्तिः** | = પરમેશ્વરની ઉત્કૃષ્ટ શક્તિ (છે.) |
| **यया** | = જેનાથી |
| **इदं सर्वं जगत्** | = આ બધું જગત |
| **प्रसूयते** | = ઉત્પન્ન થાય છે. (અને જે) |
| **सुधिया** | = વિવેકબુદ્ધિવાળાઓ દ્વારા |
| **कार्यानुमेया** | = જગતરૂપી કાર્ય ઉપરથી અનુમાન કરાતા જણાનારી, |
| **एव** | = (તે) જ |
| **माया** | = 'માયા' (કહેવાય છે.) |

## માયાનું સ્વરૂપ

આચાર્યશ્રીએ સ્થૂળદેહ, સૂક્ષ્મદેહ અને આત્માનું પ્રિયતમપણું તેમજ આનંદસ્વરૂપ સમજાવી દીધા બાદ હવે કારણશરીરનું વિવેચન કરવાની યોજના વિચારી છે. પરંતુ કારણદેહનું મૂળ અવિદ્યા કે અજ્ઞાનમાં જ છે માટે કારણદેહ સમજાવતા પૂર્વે તેવા દેહનું મૂળ કે કારણ, અવિદ્યાને જ પ્રથમ ત્રણ શ્લોક દ્વારા તેઓએ સમજાવવાનો પ્રયત્ન અત્રે કર્યો છે. આ અવિદ્યા પરમાત્માની જ માયારૂપી શક્તિ છે તેવો નિર્દેશ પ્રસ્તુત શ્લોકમાં સુસ્પષ્ટ કરી તેનું વિવેચન કરવામાં આવે છે.

માયા કે અવિદ્યાને અત્રે અવ્યક્ત નામવાળી પરમાત્માની શક્તિ કહેવામાં આવી છે. તે અવ્યક્ત એટલા માટે કહેવામાં આવે છે કે માયા

પોતાના સત્ત્વ, રજસ અને તમસ ગુણ દ્વારા સમગ્ર સૃષ્ટિનું સર્જન કરે છે છતાં પોતે અદશ્ય રહે છે. અભિવ્યક્ત થતી નથી. આમ, તેના નામ અને રૂપ અપ્રગટ રહે છે છતાં તે સૃષ્ટિ જેવા કાર્યને પ્રગટ કરે છે. માટે તેને પરમાત્માની અવ્યક્ત શક્તિ કહી છે. **अव्यक्तनाम्नी परमेशशक्तिः ।** આ માયા, સૃષ્ટિની ઉત્પત્તિનું કારણ છે, છતાં તેનો જન્મ, આરંભ કે શરૂઆત ક્યારે થઈ તે અજ્ઞાત છે, માટે તેને અનાદિ અવિદ્યા કહી છે. આમ, તે અનાદિ છે. અજ્ઞાત છે અને અજ્ઞાનસ્વરૂપ છે. વાસ્તવમાં તો તે છે ખરી પણ જણાતી નથી માટે જ તેનું નામ 'માયા' છે. તત્ત્વાર્થે **'मा'** અર્થાત્ 'નથી' અને **'या'** એટલે 'જેણી', આમ, જે નથી જણાતી તે જ માયા છે. આમ છતાં, શુદ્ધ કે સૂક્ષ્મ બુદ્ધિવાળા માયાનું કાર્ય અર્થાત્ ઉત્પન્ન થયેલી સૃષ્ટિરૂપી કાર્યને જોઈ, તે કાર્ય ઉપરથી કારણરૂપી માયાનું અનુમાન કરી શકે છે અને આવી રીતે માયાના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. તદુપરાંત સ્મૃતિ પણ જણાવે છે કે પરમાત્મા પોતાની માયાશક્તિ વડે જ સમગ્ર જગતની ઉત્પત્તિ કરાવે છે પરંતુ પોતે સર્જનના કાર્યમાં ભાગીદાર થતાં નથી છતાં અધ્યક્ષ કે સાક્ષીરૂપે હાજર રહે છે. **'मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।'** (ભ.ગીતા-૯/૧૦) આમ, શબ્દ કે શાસ્ત્ર દ્વારા પણ અજ્ઞાત અને અજ્ઞેય માયાને સુજ્ઞ પુરુષ જાણી, સમજી તેને તરી શકે છે અથવા જ્ઞાનમાં તેનો બાધ કરી શકે છે. માટે જ માયા અનાદિ હોવા છતાં **'सान्त'** કહેવાય છે.

(છંદ-ઇન્દ્રવજ્રા)

**सन्नाप्यसन्नाप्युभयात्मिका नो**
**भिन्नाप्यभिन्नाप्युभयात्मिका नो ।**
**साङ्गाप्यनङ्गाप्युभयात्मिका नो**
**महाद्भुताऽनिर्वचनीयरूपा ॥१११॥**

**सत् न अपि** = (માયા) સત પણ નથી,
**असत् न अपि** = અસત પણ નથી,
**उभयात्मिका नो** = સત-અસતરૂપ બે પ્રકારની પણ નથી;

| | |
|---|---|
| **भिन्ना अपि** | = ભિન્ન પણ (નથી), |
| **अभिन्ना अपि** | = અભિન્ન પણ (નથી), |
| **उभयात्मिका नो** | = ભિન્ન-અભિન્નરૂપ બે પ્રકારની પણ નથી. |
| **साङ्गा अपि** | = સાવયવ પણ (નથી), |
| **अनङ्गा अपि** | = નિરવયવ પણ (નથી), |
| **उभयात्मिका नो** | = (સાવયવ-નિરવયવ એમ) બે પ્રકારના રૂપવાળી પણ નથી (પરંતુ) |
| **महा–अद्भुता** | = મહા અદ્ભુત, (અને) |
| **अनिर्वचनीयरूपा** | = અનિર્વચનીયરૂપવાળી છે. |

જગતકારણ માયા નથી સત કે અસત. એવા કથનથી સમજવાનું કે માયા જો સત હોય તો ત્રણે કાળે રહેવી જોઈએ. અરે ! એક કાળે પણ તેનો અનુભવ તો થવો જ જોઈએ. છતાં માયા તો સદા અજ્ઞેય, અજ્ઞાત અને અવ્યક્ત રહીને જ સૃષ્ટિનું સર્જન કરે છે. એક પણ કાળે જણાતી નથી. તદુપરાંત જ્ઞાનકાળે તેનો બાધ થઈ જાય છે, અંત આવે છે, વિનાશ થાય છે, તેથી તેને ત્રણ કાળે રહેનારી પણ ન કહેવાય. માટે જ તે સત નથી. જે સત હોય તેનો કોઈ પણ કાળે અભાવ ન થવો જોઈએ. પરંતુ માયાનો જ્ઞાનકાળે અભાવ થતાં સમજાય છે કે તે સત નથી અને આવી જ રીતે જો માયા તદ્દન અસત હોય તો કોઈ પણ કાળે તેનો અનુભવ ન થવો જોઈએ અને તે જણાવી પણ ન જોઈએ. તેમ છતાં શાસ્ત્રો જણાવે છે કે માયા, પ્રાણી પદાર્થો અને સૃષ્ટિની ઉત્પત્તિ માટે ઉપાદાન કારણ છે. આમ, ઉપાદાન કારણ તરીકે તો તે જણાય છે, તેથી તેને તદ્દન અસત પણ ન કહેવાય. આમ હોવાથી માયા માટે કહ્યું છે કે નથી તે સત કે ન હોઈ શકે અસત.

શાસ્ત્રો જણાવે છે કે **'स्वकाले सत्यवद्भाति प्रबोधे सत्यसद्भवेत् ।'** (આત્મબોધ-૯) અજ્ઞાન દશામાં માયા સત્ય જેવી જણાય છે જ્યારે આત્મજ્ઞાન સમયે અસત જેવી સમજાય છે. આમ, તે સત અને અસત બન્ને પ્રકારે જણાય છે, પરંતુ કોઈ પણ વસ્તુ એક સાથે સત અને

અસત હોઈ શકે નહીં. કારણ કે સત અને અસત બન્ને એક બીજાના પૂર્ણ વિરોધી છે. બે પૂર્ણ વિરોધી સ્વભાવવાળી માયા એક સમયે હોઈ શકે નહીં. એ ન્યાયે જ અત્રે જણાવ્યું છે કે તે એક સાથે સત્ અને અસત હોઈ શકે નહીં.

આત્મા એક અદ્વિતીય અને અખંડ હોવાથી માયા, આત્માથી ભિન્ન અને અભિન્ન પણ હોઈ શકે નહીં. જેવું અત્રે જણાવ્યું છે કે **'भिन्नापि न अभिन्नापि न'** કારણ કે માયા પરમેશ્વરની જ શક્તિ હોવાથી પરમેશ્વરથી જુદી હોઈ શકે નહીં. જેમ અગ્નિથી ગરમીરૂપી તેની શક્તિ કે સૂર્યથી પ્રકાશરૂપી તેની શક્તિ જુદી થઈ શકે નહીં, તેમ માયા પરમાત્માથી ભિન્ન હોઈ શકે નહીં. તદુપરાંત માયા પરમાત્માથી અભિન્ન પણ હોઈ શકે નહીં. પરમાત્મામાં ભેદ કે દ્વૈત તો છે જ નહીં તો પછી માયા અભિન્ન કેવી ? તદુપરાંત જ્ઞાનકાળે માયાનો બાધ કે અભાવ થઈ જાય છે તેથી જ સાબિત થાય છે કે માયા પરમાત્માથી અભિન્ન હોઈ શકે નહીં. જો બન્ને અભેદ હોય તો તો જ્ઞાનકાળે પરમાત્માનો પણ બાધ કે અભાવ થવો જોઈએ, પણ તેવું થતું નથી. માટે માયા નથી ભિન્ન કે અભિન્ન. જો કોઈ એમ કહે કે માયા ભિન્ન–અભિન્ન બન્ને પ્રકારની છે તો અત્રે જણાવાયું છે કે તેવું પણ હોઈ શકે નહીં. **'उभयात्मिका नो'** અર્થાત્ માયા એક સાથે બે પરસ્પર વિરોધી ધર્મોવાળી એટલે કે ભિન્ન અને અભિન્ન એક જ સમયે હોઈ શકે નહીં. ભિન્ન અને અભિન્ન એવા બે વિરોધી વિશેષણો એકસાથે માયાને લાગુ પડી શકે નહીં.

આ ઉપરાંત અત્રે જણાવ્યું છે કે માયા અંગવાળી કે અંગ વગરની પણ નથી. **'साङ्गापि न अनङ्गापि न'** એટલે કે માયા અંગોવાળી નથી. શાસ્ત્રોમાં કે સંતોના ઉપદેશમાં ક્યાંય માયાના અવયવોનું વર્ણન કરેલું જોવા મળતું નથી. તે જ પ્રમાણે તેને અંગ વિનાની પણ કહેવાય નહીં. કારણ કે સત્ત્વ, રજસ અને તમસ જેવા ત્રણ ગુણ માયામાં ઓત પ્રોત છે, તેવું કહેવાય છે. આ જ સંદર્ભમાં માયા અંગવાળી અને અંગ વગરની એવી એક સાથે, એક સમયે અસ્તિત્વમાં હોઈ શકે નહીં. આવી સૂક્ષ્મ ચર્ચાનો નિષ્કર્ષ એટલો

જ છે કે આ માયા અદ્ભુત છે. તેનું વર્ણન કષ્ટમય અને કપરું કાર્ય છે. તેથી તે અવર્ણનીય અને અનિર્વચનીયરૂપવાળી કહેવાય છે. અર્થાત્ શબ્દ, વચન કે વાણીથી જેને ન સમજાવી શકાય, પ્રમાણોથી જેને ન પ્રમાણિત કરી શકાય. ઉપરાંત જે નથી સત કે નથી અસત, એવી મિથ્યારૂપવાળી માયા જાણવી, સમજવી કે તેનો તાગ મેળવવો કપરું કાર્ય છે. માટે જ માયા સંદર્ભે ગીતામાં શ્રીકૃષ્ણ પરમાત્માએ પણ જણાવ્યું છે કે, **'मम माया दुरत्यया'** 'મારી માયા તરવી દુસ્કર છે.'

(છંદ-ઉપજાતિ)

**शुद्धाद्वयब्रह्मविबोधनाश्या**
**सर्पभ्रमो रज्जुविवेकतो यथा ।**
**रजस्तमः सत्त्वमिति प्रसिद्धा**
**गुणास्तदीयाः प्रथिताः स्वकार्यैः ॥११२॥**

| | |
|---|---|
| **यथा** | = જેમ |
| **रज्जुविवेकतः** | = દોરડીના જ્ઞાનથી |
| **सर्पभ्रमः** | = સર્પની ભ્રાન્તિ (નાશ પામે છે તેમ માયા) |
| **शुद्ध–अद्वय–ब्रह्म–** | = શુદ્ધ અદ્વૈત બ્રહ્મના |
| **विबोधनाश्या** | = જ્ઞાનથી નાશ પામનારી છે. |
| **स्वकार्यैः प्रथिताः** | = પોતાના કાર્યોથી જણાતા |
| **सत्त्वं रजः तमः इति** | = સત્ત્વ, રજસ અને તમસ; એ |
| **तदीयाः** | = તેના |
| **प्रसिद्धाः गुणाः** | = પ્રસિદ્ધ ગુણો છે. |

માયાનું તરણ કરવું, તેને પાર ઉતરવું અર્થાત્ માયા દ્વારા સર્જાયેલા જગતના પદાર્થોની આસક્તિથી મુક્ત થવું અતિ કપરું કાર્ય છે, તેવું કહેવાયું. છતાં એક વસ્તુ સ્પષ્ટ છે કે માયા તરવી અઘરી છે પણ અશક્ય નથી. માટે જ અત્રે સ્પષ્ટતા કરી છે કે અદ્વિતીય બ્રહ્મના નિઃસંદેહ કે શુદ્ધજ્ઞાન દ્વારા માયાનો બાધ, નાશ કે અભાવ સર્જાય છે. આમ, માયા ભલે અનાદિ છે છતાં જ્ઞાનમાં

તેનો અંત છે. માટે જ તે અનાદિ હોવા છતાં સાન્ત કહેવાઈ છે. તેની સ્પષ્ટતા કરતાં પ્રસ્તુત શ્લોકમાં સમજાવાયું છે કે જેમ દોરીના યથાર્થ જ્ઞાનમાં સર્પની ભ્રાંતિનો બાધ થાય છે, તે જ પ્રમાણે શુદ્ધ અદ્વિતીય બ્રહ્મનું શંકારહિત યથાર્થ જ્ઞાન થાય, ત્યારે મિથ્યા માયાની ભ્રાંતિ પણ બાધ પામે છે. અર્થાત્ સત્ત્વ, રજસ અને તમસ જેવા માયાના જે ત્રણ ગુણો દ્વારા સૃષ્ટિનું સર્જનકાર્ય થાય છે અને તેવું કાર્ય જ માયાના અસ્તિત્વનું સૂચક હોય છે. તેમ છતાં જ્ઞાનકાળે જ્ઞાનીને જગતરૂપી સર્જન, દૃશ્યપ્રપંચ કે માયાકાર્ય સ્વપ્નવત જણાય છે અને જ્ઞાની સંસારને મિથ્યા જાણી, નથી તેનાથી પ્રભાવિત થતો કે નથી તેવા સ્વપ્નવત પદાર્થોથી બંધનમાં પડતો. રજ્જુ ઉપર થયેલો સર્પનો આરોપ કે ભ્રાંતિ રજ્જુનું જ્ઞાન થતાં જ દૂર થાય છે. તે જ પ્રમાણે સૃષ્ટિસર્જનના કાર્યનો આત્મા ઉપર મિથ્યારોપ જાણી, જ્ઞાની આરોપ પ્રત્યે રાગથી નથી આકર્ષાતો કે દ્વેષથી દૂર ભાગતો. આવી અભેદ અધિષ્ઠાનમય બુદ્ધિથી જ જ્ઞાની, માયા અને તેના કાર્યોને જ્ઞાન દ્વારા તરી જાય છે. એવો જ સંકેત અત્રે છુપાયેલો છે.

(છંદ-ઉપજાતિ)

**विक्षेपशक्ति रजसः क्रियात्मिका**
**यतः प्रवृत्तिः प्रसृता पुराणी ।**
**रागादयोऽस्याः प्रभवन्ति नित्यं**
**दुःखादयो ये मनसो विकाराः ॥११३॥**

**रजसः** = રજોગુણની
**विक्षेपशक्तिः** = 'વિક્ષેપ' નામની શક્તિ
**क्रियात्मिका** = ક્રિયારૂપ છે.
**यतः** = જેમાંથી
**पुराणी** = પુરાતન
**प्रवृत्तिः** = પ્રવૃત્તિ
**प्रसृता** = પ્રસરી છે.
**अस्याः** = આના (વિક્ષેપશક્તિ) દ્વારા
**मनसः ये** = મનના જે
**रागादयः** = રાગ-દ્વેષ વગેરે(અને)
**दुःखादयः** = દુઃખ વગેરે
**विकाराः** = વિકારો
**नित्यं प्रभवन्ति** = નિત્ય ઉત્પન્ન થાય છે.

(છંદ-શાલિની)

कामः क्रोधो लोभदम्भाद्यसूया-
हंकारेर्ष्या मत्साराद्यास्तु घोराः ।
धर्मा एते राजसाः पुम्प्रवृत्तिः
यस्मादेषा तद्रजो बन्धहेतुः ॥११४॥

**कामः–क्रोधः–लोभः–दम्भादि** = કામ, ક્રોધ, લોભ, દંભ વગેરે,
**असूया–अहंकार–ईर्ष्या–मत्साराद्याः** = અસૂયા, અહંકાર, અદેખાઈ, મત્સર વગેરે
**घोराः एते धर्माः** = આ ભયંકર (દોષ) ધર્મો
**राजसाः तु** = રજોગુણમાંથી જ (ઉત્પન્ન થયેલા છે.)
**यस्मात्** = જેમાંથી
**एषा** = આ
**पुम्प्रवृत्तिः** = પુરુષની કર્મોમાં પ્રવૃત્તિ (થાય છે.)(માટે)
**तत् रजः** = તે રજોગુણ
**बन्धहेतुः** = બંધનનું કારણ છે.

## રજોગુણની વિક્ષેપશક્તિ

પૂર્વે સમજાવેલું છે કે માયા ત્રણ ગુણવાળી છે. આ ત્રિગુણાત્મિકા માયા પરમેશ્વરની શક્તિ છે અને તે માયા જ જગતની ઉત્પત્તિ માટે ઉપાદાન કારણ છે. તેથી સત્ત્વ, રજસ અને તમસ જેવા ત્રણે ગુણો, ત્રિગુણાત્મિકા માયાનું કાર્ય એવા આ જગતમાં પણ વધતે-ઓછે અંશે જોવા મળે છે. આથી પ્રાણી, પદાર્થ કે મનુષ્યો, જે કંઈ માયાનું સર્જન છે, તેમાં આવી ત્રણ ગુણવાળી, શક્તિ રહેલી છે. તેનો સવિસ્તાર ખ્યાલ બે શ્લોક દ્વારા આપતાં અત્રે પ્રથમ રજોગુણની ચર્ચા કરવામાં આવે છે.

શાસ્ત્રોમાં રજોગુણને માયાની વિક્ષેપશક્તિ તરીકે ઓળખવામાં આવે છે. જે કોઈ મનુષ્યમાં રજોગુણ વધારે હોય તે ક્રિયા કે કર્મમાં વધુ આસક્ત હોય છે. તેની પ્રકૃતિ કે સ્વભાવ, આવા રજોગુણના લીધે જ વધુ

પડતું કર્મ કરનારી હોય છે. રજોગુણના પ્રભાવમાં આવી વ્યક્તિ ઝંપીને, શાંત, ક્રિયા વિના બેસી શકે જ નહીં. તેવાઓને ક્રિયા-કર્મ ન મળે તો જ બેચેની કે અજંપો થાય. કારણ કે રજોગુણ તેમનામાં ક્રિયા માટે રાગ ઉત્પન્ન કરે છે. માટે જ આવો 'રજોગુણ જીવાત્માને કર્મના રાગ દ્વારા ક્રિયા સાથે બાંધી તેને માટે બંધન ઊભું કરે છે.' **'रजो रागात्मकं विद्धि . . . . . तन्निबध्नाति कौंतेय कर्मसंगेन देहिनम् ।'** (અ-૧૪/૭) આમ, રજોગુણ જીવ પાસે કર્મો કરાવી બંધન ઊભું કરે છે. રજોગુણની વૃદ્ધિ થાય ત્યારે લોભની પ્રવૃત્તિ અને કર્મનો નશો ચઢે છે. આ કર્મો પ્રતિકૂળ ફળ આપે કે તત્કાળ ફળ ન આપી, અશાંતિ ઊભી કરી, દુ:ખ જન્માવે છે. આવી અશાંતિ કે દુ:ખ બ્રહ્મપ્રાપ્તિ કે આત્મજ્ઞાનમાં વિઘ્નરૂપ છે. માટે જ રજોગુણના પ્રભાવને વિક્ષેપશક્તિ તરીકે ઓળખવામાં આવે છે.

આવી, રજોગુણથી ઉત્પન્ન થયેલી વિક્ષેપશક્તિ જ ચિત્તની બ્રહ્મવિચાર સંબંધે એકાગ્રતાને ખંડિત કરે છે. મનને ચંચળ બનાવી બ્રહ્મવિચારથી દૂર કરી વિષયભ્રમણ કરાવે છે. કામ, ક્રોધ, લોભ, દંભ, અદેખાઈ, મત્સર અને અહંકાર જેવા અવગુણ પેદા કરી જીવની સંસારપ્રવૃત્તિનું ચક્ર અવિરત ચાલુ રાખે છે. આમ, રજોગુણ જ વિક્ષેપશક્તિને લીધે બંધનરૂપ ગણાય છે.

(છંદ-ઉપજાતિ)

**एषावृत्तिर्नाम तमोगुणस्य**
**शक्तिर्यया वस्त्ववभासतेऽन्यथा ।**
**सैषा निदानं पुरुषस्य संसृते**
**र्विक्षेपशक्तेः प्रसरस्य हेतुः ॥११५॥**

| | | | |
|---|---|---|---|
| **यया** | = જેનાથી | **तमोगुणस्य** | = તમોગુણની |
| **वस्तु** | = વસ્તુ | **आवृत्तिः नाम** | =આવરણ નામની |
| **अन्यथा** | = વિપરીત | **शक्तिः** | = શક્તિ છે. |
| **अवभासते** | = દેખાય છે | **सा एषा** | = તે આ |
| **एषा** | = એ | **पुरुषस्य** | = જીવના |

**संसृतेः** = સંસારનું **विक्षेपशक्तेः** = (અને) વિપેક્ષશક્તિના
**निदानम्** = મૂળ કારણ છે. **प्रसरस्य हेतुः** = વિસ્તારનું કારણ છે.

## તમોગુણની આવરણશક્તિ

જીવાત્માને રજોગુણ દ્વારા વિક્ષેપ થવાનું તેમજ સંસારરૂપી બંધન પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ તમોગુણ દ્વારા ઉત્પન્ન થયેલી આવરણશક્તિ જ છે. આવી આવરણશક્તિના પ્રભાવથી જ વસ્તુ, મૂળ સ્વરૂપે જેવી હોય તેના કરતાં અન્યસ્વરૂપે કે વિપરીતરૂપવાળી જણાય છે. માટે જ તેને આવરણશક્તિ એવું નામ અપાયું છે. તમોગુણથી ઉત્પન્ન થયેલી આવરણશક્તિ આત્મવસ્તુના મૂળસ્વરૂપને આચ્છાદિત કરે છે કે ઢાંકી દે છે. માટે જ આત્માનું સાચું સ્વરૂપ ન જણાતાં કે આત્મજ્ઞાન ન થતાં, ભ્રાંતિ જન્મે છે. માટે જ કહ્યું છે કે તમોગુણ, સર્વ જીવોમાં મોહ ઉત્પન્ન કરે છે. એટલું જ નહીં, પરંતુ આત્મજ્ઞાન મેળવવામાં વિઘ્ન ઊભું કરવા માટે પ્રમાદ, આળસ અને નિદ્રા વધારે છે. આમ, પ્રમાદ જ આત્મજ્ઞાનથી મનુષ્યને વંચિત રાખી અનાત્મા સાથે કે જડ શરીર સાથે તાદાત્મ્ય કરાવી, જીવતાં જ અજ્ઞાનીને મૃત્યુને શરણ કરે છે. માટે જ આવા પ્રમાદને મહામૃત્યુ કહ્યું છે. '**प्रमादो वै मृत्युः ।**' (સનત સુજાતનો ઉપદેશ-૨/૪) આવો આત્મજ્ઞાન સંદર્ભેનો પ્રમાદ, આળસ કે આવરણ જ વ્યક્તિને બંધનમાં નાંખે છે.

'**तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।**
**प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥**' (અ.૧૪-૮)

"હે અર્જુન! અવિદ્યાથી ઉપજેલા તમોગુણને, સર્વ જીવોમાં ભ્રાંતિ ઉપજાવનારો જાણ. તે (જીવાત્માને) પ્રમાદ, આળસ અને નિદ્રા વડે બાંધે છે.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**प्रज्ञावानपि पण्डितोऽपि चतुरोऽप्यत्यन्त सूक्ष्मार्थदृक्**
**व्यालीढस्तमसा न वेत्ति बहुधा सम्बोधितोऽपि स्फुटम् ।**
**भ्रान्त्यारोपितमेव साधु कलयत्यालम्बते तद्गुणान्**
**हन्तासौ प्रबला दुरन्ततमसः शक्तिर्महत्यावृतिः ॥११६॥**

| | |
|---|---|
| **प्रज्ञावान् अपि, पण्डितः अपि** | = (મનુષ્ય) બુદ્ધિમાન, પંડિત, |
| **चतुरः अपि, अत्यन्त सूक्ष्मार्थदृक्** | = ચતુર અને અત્યન્ત સૂક્ષ્મ દૃષ્ટિવાળો હોય તો પણ |
| **तमसा व्यालीढः** | = (જયારે) તમોગુણથી વ્યાપ્ત થયો હોય (ત્યારે) |
| **बहुधा स्फुटं सम्बोधितः अपि** | = બહુ પ્રકારે સારી રીતે સમજાવ્યા.છતાં |
| **न वेत्ति** | = સમજતો નથી. |
| **भ्रान्त्या आरोपितं एव** | = (તે) ભ્રાંતિ વડે આરોપિતને જ |
| **साधु कलयति** | = સત્ય માને છે. |
| **तत् गुणान् आलम्बते** | = અને તેના ગુણોનું આલંબન કરે છે. |
| **हन्त** | = અહો ! ખરેખર |
| **दुरन्ततमसः** | = મુશ્કેલીથી દૂર કરી શકાય એવી તમોગુણની |
| **असौ महती आवृतिः शक्तिः** | = આ મહાન આવરણ શક્તિ |
| **प्रबला** | = બળવાન છે. |

તમોગુણથી ઉત્પન્ન થયેલી આવરણશક્તિનું ગંભીર પરિણામ સમજાવતા અત્રે જણાવાયું છે કે મનુષ્ય ભલે બુદ્ધિમાન, વિદ્વાન, ચતુર, પંડિત, સૂક્ષ્મ આત્મદૃષ્ટિવાળો કે વ્યવહારકુશળ હોય, છતાં પણ જો તે તમોગુણથી વ્યાપ્ત હોય કે તમોગુણના પ્રભાવમાં હોય અગર તેનામાં તમોગુણની અતિવૃદ્ધિ થયેલી હોય તો તેના સર્વ ગુણો કે જ્ઞાન, તમોગુણની આવરણશક્તિથી ઢંકાયેલું કે આચ્છાદિત થયેલું હોય છે, તેની વિવેકશક્તિ હણાયેલી હોય છે, માટે જ તેને સત્ય સમજાવવા છતાં તે સમજતો નથી. આત્માના વાસ્તવિક સ્વરૂપને શાસ્ત્રો કે સંતો સમજાવે તો પણ તે સ્વીકારતો નથી. પરંતુ તેથી ઊલટું જે સત્ય તેણે અજ્ઞાન, અવિદ્યા કે ભ્રાંતિથી ખોટે ખોટું પકડ્યું હોય, તેનો ગુણાકાર જ કર્યા કરે છે. એ તો ઠીક, પરંતુ આત્માને ન સમજતા સતને છોડી અસત, મિથ્યા અને અનિત્ય પદાર્થોને સાચા માને છે. તેમજ તેવા મિથ્યા પદાર્થના અનિત્ય ધર્મો કે અવગુણોને જ ગ્રહણ કરે છે. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પ્રબળ પરિશ્રમથી

પણ દૂર ન થાય તેવી આ તમોગુણથી ઉત્પન્ન થયેલી આવરણશક્તિ ભયંકર પરિણામ લાવનારી અને અતિપ્રબળ છે.

(છંદ-ઉપજાતિ)

**अभावना वा विपरीतभावना**
**सम्भावना विप्रतिपत्तिरस्याः ।**
**संसर्गयुक्तं न विमुञ्चति ध्रुवम्**
**विक्षेपशक्तिः क्षपयत्यजस्रम् ॥११७॥**

| | | | |
|---|---|---|---|
| **अस्याः** | =આના (આવરણશક્તિના) | **ध्रुवम्** | =ચોક્કસ |
| **संसर्गयुक्तम्** | =સંસર્ગમાં આવેલાને | **न विमुञ्चति** | =છોડતાં નથી. |
| **अभावना** | =અભાવના | **विक्षेपशक्तिः** | =વિક્ષેપશક્તિ |
| **विपरीतभावना** | =વિપરીત ભાવના | | (પણ એને) |
| **सम्भावना वा** | =સંભાવના (અને) | **अजस्रम्** | = નિરંતર(વારંવાર) |
| **विप्रतिपत्तिः** | =વિપ્રતિપત્તિ, | **क्षपयति** | =(પરમાર્થથી) ભ્રષ્ટ કરે છે. |

(છંદ-ઉપજાતિ)

**अज्ञानमालस्यजडत्वनिद्रा-**
**प्रमादमूढत्वमुखास्तमोगुणाः ।**
**एतैः प्रयुक्तो न हि वेत्ति किञ्चिन्-**
**निद्रालुवत् स्तम्भवदेव तिष्ठति ॥११८॥**

| | |
|---|---|
| **अज्ञानं-आलस्य-जडत्व-** | = અજ્ઞાન, આળસ, જડપણું, |
| **निद्रा-प्रमाद-मूढत्वमुखाः** | = નિદ્રા, પ્રમાદ, (અને) મૂઢપણું જેવા |
| **तमो गुणाः** | = તમસના ગુણો છે. |
| **एतैः प्रयुक्तः** | = આ ગુણોથી ઘેરાયેલો (મનુષ્ય) |
| **किञ्चित् हि न वेत्ति** | = કંઈ જ સમજતો નથી. |
| **निद्रालुवत्** | = ઊંઘણશી જેવો |

| | |
|---|---|
| **स्तम्भवत् एव** | = અને થાંભલા જેવો જ |
| **तिष्ठति** | = રહે છે. |

## અભાવના, વિપરીતભાવના જેવી અનાત્મભાવના

હવેના બે શ્લોક દ્વારા અનુક્રમે વિક્ષેપ અને આવરણશક્તિનું સમાપન કરતાં જણાવાયું છે કે ઉપરોક્ત બે શક્તિના લીધે જ મનુષ્યમાં અભાવના, વિપરીતભાવના, સંભાવના, વિપ્રતિપત્તિ, અજ્ઞાન, આળસ, મૂઢતા વગેરે જન્મે છે, અને તેના લીધે જ મનુષ્ય, અધોગતિ કે વિનાશને પંથે જાય છે. તેમજ આવી શક્તિથી ગ્રસિત થયેલો પુરુષ તેવી શક્તિને લીધે જ જન્મ–મૃત્યુ જેવા ચક્રમાં અથડાયા કરે છે.

(૧) <u>અભાવના :</u> ઈશ્વર, બ્રહ્મ કે આત્મા જેવી કોઈ પણ વસ્તુ વ્યક્ત કે દૃશ્ય નથી માટે તેમનું અસ્તિત્વ સંભવ જ નથી. આવી નકારાત્મક મનોવૃત્તિને અસંભાવના કે અભાવના કહેવામાં આવે છે.

(૨) <u>વિપરીતભાવના :</u> રજોગુણની વિક્ષેપશક્તિના લીધે મનુષ્ય જે આત્મા નથી તેને આત્મા માની બેસે છે. આત્મભાવના દ્વારા ચિંતન કરવાનું છોડી અનાત્માનું અર્થાત્ જડ, જન્મેલા અને નાશવાન શરીરનું જ આત્મભાવે ચિંતન કરે છે અને શરીરને જ ભ્રાંતિમાં આત્મા માની બેસે છે. આવી અનાત્મભાવનાને વિપરીતભાવના કહેવાય છે.

(૩) <u>સંભાવના :</u> શાસ્ત્રના જ્ઞાનમાં સંશય રાખવો તેને સંભાવના કહે છે. દા.ત. શાસ્ત્ર કહે છે કે જીવ અને બ્રહ્મ એક જ છે. છતાં અનેક જીવોને સુખી દુઃખી થતાં જોઈને કોઈ એવું વિચારે કે જીવ અને જગતનો નિયંતા ભિન્ન હોવાનો સંભવ છે, અર્થાત્ જુદા પણ હોઈ શકે છે. આવી મનોવૃત્તિને સંભાવના કહે છે.

(૪) <u>વિપ્રતિપત્તિ :</u> જ્ઞાની કે સંતોનો ઉપદેશ સાચો હશે કે કેમ? જ્ઞાન માટે સદ્ગુરુ કે આચાર્ય આવશ્યક હોઈ શકે? વેદ, સ્મૃતિ કે શ્રુતિની વાતો સત્ય કે પ્રામાણિક છે? તેની સત્યતા સંભવી શકે? હજારો વર્ષો પૂર્વે અપાયેલ ગીતોપદેશ

મોક્ષાર્થે ઉપયોગી થાય તે શું સંભવિત છે? આવી, શંકાયુક્ત મનોવૃત્તિને વિપ્રતિપત્તિ કહે છે. આવી વિપ્રતિપત્તિ કે શંકાયુક્ત વ્યક્તિને જ્ઞાન તો થતું નથી, પરંતુ તે વિનાશને પામે છે.**"संशयात्मा विनश्यति"** (ભ.ગીતા-૪/૪૦)

આ પ્રમાણે અભાવના, વિપરીત ભાવના, સંભાવના અને વિપ્રતિપત્તિ જેવી વિઘ્નકારક મનોવૃત્તિ તથા વિક્ષેપશક્તિ, રજસગુણના પ્રભાવથી ગ્રસિત થયેલી વ્યક્તિનો વિનાશ સર્જે છે.

જેમ વિક્ષેપશક્તિ મુમુક્ષુનો વિનાશ સર્જે છે તે જ પ્રમાણે તમોગુણની આવરણશક્તિ પણ વ્યક્તિને અજ્ઞાન અને પ્રમાદ દ્વારા મોક્ષમાર્ગે ક્રિયાશૂન્ય બનાવી આળસુ બનાવે છે. એટલું જ નહીં પરંતુ આત્મસ્વરૂપે ચેતનવંતા મનુષ્યને પણ જડ થાંભલા જેવો બનાવી દે છે. આમ, વિક્ષેપ અને આવરણ, બંને અનુક્રમે રજોગુણ તથા તમોગુણનું કાર્ય છે. તેવી બંને મહાપ્રબળશક્તિઓ વ્યક્તિ માટે બંધન ઊભું કરી તેમનું જીવન નષ્ટ કરે છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ અત્રે જણાવાયો છે.

(છંદ-ઉપજાતિ)

**सत्त्वं विशुद्धं जलवत्तथापि**
**ताभ्यां मिलित्वा सरणाय कल्पते ।**
**यत्रात्मबिम्बः प्रतिबिम्बितः सन्**
**प्रकाशयत्यर्क इवाखिलं जडम् ॥११६॥**

**सत्त्वम्** = સત્ત્વગુણ
**जलवत्** = જળના જેવો
**विशुद्धम्** = અતિ નિર્મળ છે,
**तथा अपि** = છતાં પણ
**ताभ्याम्** = બન્ને (રજોગુણ અને તમોગુણ) સાથે
**मिलित्वा** = ભળી જઈને
**सरणाय** = સંસારનું
**कल्पते** = કારણ બને છે.
**यत्र** = તે (સત્ત્વગુણનું કાર્ય બુદ્ધિ)માં
**आत्मबिम्बः** = આત્મારૂપી બિમ્બ
**प्रतिबिम्बितः सन्** = પ્રતિબિમ્બિત થયેલું હોવાથી
**अर्कः इव** = સૂર્યની માફક
**अखिलम्** = સમસ્ત
**जडम्** = જડ પદાર્થોને
**प्रकाशयति** = પ્રકાશિત કરે છે.

## સત્ત્વગુણ

રજસ અને તમસના વિવેચનો બાદ હવે સત્ત્વગુણની વિવેચનાનો પ્રારંભ ત્રણ શ્લોક દ્વારા કરવામાં આવે છે. ત્રણે ગુણમાં સત્ત્વગુણ જળ જેવો શુદ્ધ અને પવિત્ર ગણવામાં આવે છે. આમ હોવાથી જ, જ્યારે સત્ત્વગુણ વધારે ઉદિત થયેલો હોય એ વખતે સત્ત્વગુણસભર અંતઃકરણ કે બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ સ્પષ્ટ જણાય છે. જેમ અરીસામાં સૂર્યનું પ્રતિબિંબ પડતાંની સાથે જ અરીસો પ્રકાશને પરાવર્તિત કરી, અન્ય વસ્તુને પ્રકાશિત કરે છે, ઉપરાંત આકાશમાં રહેલો સૂર્ય પણ પદાર્થોને પ્રકાશિત કરે છે, એવી જ રીતે સાત્ત્વિક બુદ્ધિ કે સત્ત્વસંયુક્ત અંતઃકરણ પણ જડ જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ તથા જડ દેહના તમામ અવયવોને પ્રકાશિત કરે છે અર્થાત્ સર્વ પ્રથમ અંતઃકરણ કે બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડવાથી, બુદ્ધિ ચેતનમય અને જ્ઞાનના ગુણવાળી બની, અન્યને સત્તા અને સ્ફૂર્તિ પ્રદાન કરે છે. આમ, સત્તા અને સ્ફૂર્તિ પ્રદાન કરવી અને તે દ્વારા સર્વ કાંઈ ઇન્દ્રિયો અને મન-બુદ્ધિ દ્વારા પ્રકાશવું તેને જ શાસ્ત્રમાં 'જાણવું' કહ્યું છે. આમ, સત્ત્વગુણથી પ્રભાવિત અંતઃકરણ જાણવાના ધર્મવાળો છે, જળ જેમ નિર્મળ છે. તેમ છતાં જ્યારે તે રજોગુણ અને તમોગુણના સંગમાં આવે છે ત્યારે બન્નેની સાથે મળીને જીવાત્માને માટે સંસારરૂપી બંધન ઉત્પન્ન કરવામાં પણ કારણ બને છે. આમ, માયાના સત્ત્વ, રજસ અને તમસ જેવા ગુણોની વ્યક્તિગત અસર ભિન્ન ભિન્ન હોવા છતાં ત્રણે ગુણો બંધન પેદા કરવામાં એક સાથે એક જ જેવું કાર્ય કરે છે. માટે જ મુમુક્ષુએ ત્રણે ગુણોથી મુક્ત થઈ ગુણાતીત થવાનો નિરંતર પ્રયત્ન કરવો જોઈએ.

(છંદ-ઉપજાતિ)

**मिश्रस्य सत्त्वस्य भवन्ति धर्माः**
**त्वमानिताद्या नियमा यमाद्याः**
**श्रद्धा च भक्तिश्च मुमुक्षुता च**
**दैवी च सम्पत्तिरसन्निवृत्तिः ॥१२०॥**

**अमानित्वाद्याः यमाद्याः नियमाः** = અમાનીપણું વગેરે, યમ, નિયમ વગેરે,

श्रद्धा च भक्तिः च = શ્રદ્ધા અને ભક્તિને
मुमुक्षुता च = મોક્ષની ઇચ્છા તથા
दैवी सम्पत्तिः च = દૈવી સંપત્તિ અને
असत्–निवृत्तिः = અસતની (આસુરી સંપત્તિની) નિવૃત્તિ (આ બધા)
मिश्रस्य सत्त्वस्य तु = મિશ્ર સત્ત્વગુણના જ
धर्माः भवन्ति = ધર્મો થાય છે.

(છંદ–ઉપજાતિ)

विशुद्धसत्त्वस्य गुणाः प्रसादः
स्वात्मानुभूतिः परमा प्रशान्तिः ।
तृप्तिः प्रहर्षः परमात्मनिष्ठा
यया सदानन्दरसं समृच्छति ॥१२१॥

प्रसादः = અંતઃકરણની પ્રસન્નતા
स्वात्मानुभूतिः = પોતાના આત્માનો અનુભવ,
परमा प्रशान्तिः = પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મનની શાન્તિ,
तृप्तिः प्रहर्षः = તૃપ્તિ, રોમાંચ (અને)
परमात्मनिष्ठा = પરમાત્મામાં એકનિષ્ઠપણું (એ)
विशुद्धसत्त्वस्य = વિશુદ્ધ સત્ત્વગુણના
गुणाः = ગુણો છે.
यया सदा = જેનાથી (મનુષ્ય) સર્વદા
आनन्दरसं समृच्छति = આનન્દરસ પ્રાપ્ત કરે છે.

સત્ત્વગુણ જ્યારે રજસ અને તમોગુણના સંગથી સંયુક્ત હોય, તેમ છતાં ત્રણેમાં સત્ત્વગુણનું પ્રાધાન્ય કે પ્રભાવ સૌથી વધારે હોય ત્યારે વ્યક્તિમાં દૈવી સંપત્તિનો ઉદય થાય છે અને તેની સાથે જ આસુરીસંપત્તિનો અસ્ત થાય છે. તેવા સમયે જે સાત્ત્વિક લાભ થાય તેમાં મુખ્યત્વે નિરહંકારપણું, યમ, નિયમ, શ્રદ્ધા, ભક્તિ, મુમુક્ષુત્વ કે મોક્ષની ઇચ્છા, અંતઃકરણની પ્રસન્નતા, સ્વ–સ્વરૂપાનુભવ,

વિક્ષેપનિવૃત્તિરૂપી પરમ શાંતિ, સંતોષ, પરમાત્મનિષ્ઠા અને તે દ્વારા પ્રાપ્ત શાશ્વત કે ઉદય અસ્ત રહિત આનંદની રસાનુભૂતિ જેવા સદ્‌ગુણોનો પણ ઉદય થાય છે. માટે જ મુમુક્ષુને સત્ત્વગુણ વધારવાનું અને રજસ તથા તમસ દૂર કરવાનું જણાવાય છે. ભગવદ્‌ગીતા પણ જણાવે છે કે સત્ત્વગુણ સુખ અને જ્ઞાનનો અનુભવ કરાવે છે.

**सुखसंगेन बध्नाति, ज्ञानसङ्गेन चानघ ॥१४–६॥**

(છંદ–ઉપજાતિ)

**अव्यक्तमेतत् त्रिगुणैर्निरुक्तम्**
**तत् कारणं नाम शरीरमात्मनः ।**
**सुषुप्तिरेतस्य विभक्त्यवस्था**
**प्रलीनसर्वेन्द्रियबुद्धिवृत्तिः ॥१२२॥**

| | |
|---|---|
| **त्रिगुणैः निरुक्तम्** | = ત્રણ ગુણવાળી અવિદ્યાનું જે વર્ણન કર્યું |
| **एतत् अव्यक्तम्** | = તે 'અવ્યક્ત' છે. |
| **तत्** | = તે (જ) |
| **आत्मनः** | = જીવાત્માનું |
| **'कारणं' नाम शरीरम्** | = 'કારણ' નામનું શરીર છે. |
| **एतस्य विभक्त्यवस्था** | = આની ભિન્ન અવસ્થા |
| **सुषुप्तिः** | = સુષુપ્તિ છે (જેમાં) |
| **प्रलीन–सर्वेन्द्रिय–बुद्धिवृत्तिः** | = બધી ઇન્દ્રિયો તથા બુદ્ધિની વૃત્તિ અત્યંત વિલીન થઈ જાય છે. |

(છંદ–ઉપજાતિ)

**सर्वप्रकारप्रमितिप्रशान्ति**
**बीजात्मनावस्थितिरेव बुद्धेः ।**
**सुषुप्तिरेतस्य किल प्रतीतिः**
**किञ्चन्न वेद्मीति जगत्प्रसिद्धेः ॥१२३॥**

**सर्वप्रकार–** = (જયાં) બધી જાતનું **सुषुप्तिः** = સુષુપ્તિ(અવસ્થા) છે.
**प्रमितिप्रशान्तिः** = જ્ઞાન શમી જાય છે, (કારણ કે)
**बुद्धेः** = (અને) અંતઃકરણની **"किञ्चित् न वेद्मि"**= "હું કાંઈ પણ જાણતો નથી"
**बीजात्मना एव**= બીજરૂપે જ
**अवस्थितिः** = અવસ્થિતિ (હોય) તે **इति जगत्प्रसिद्धेः** = એવી જગપ્રસિદ્ધ
**एतस्य** = આ(જીવાત્મા)ની **किल प्रतीतिः** = પ્રતીતિ (સર્વને) થાય છે.

## કારણશરીર (CAUSAL BODY)

પૂર્વે સ્થૂળશરીર, સૂક્ષ્મશરીર, અંતઃકરણ, પ્રાણ, માયા તથા સત્ત્વ, રજસ અને તમસ જેવા ત્રણે ગુણોનું વિવેચન થઈ ગયા બાદ હવે બે શ્લોક દ્વારા કારણ શરીર પર વિવેચન કરવામાં આવે છે. સ્થૂળ અને સૂક્ષ્મ દેહ તો તેનું નામ શ્રવણ કરતાં જ એક પ્રકારની વિભાવના (CONCEPT) ઊભી કરે છે અને કોઈ અર્થ ગ્રહણ થાય છે. પરંતુ 'કારણ' શબ્દ, તે કેવો દેહ હશે તેની કલ્પના પણ પૂરી પાડતો નથી. 'કારણદેહ', એવું શ્રવણ કરતાં કોઈ વિશેષ અર્થ પકડાતો નથી. તેથી સમજવાનું કે શા માટે તેને કારણદેહ એવું નામ અપાયું છે?

પૂર્વે ત્રણ ગુણવાળી અવ્યક્ત અવિદ્યાનું જે વર્ણન કરવામાં આવ્યું હતું તે જ જીવાત્માનું 'કારણ' નામનું શરીર છે. જેમ સ્થૂળદેહની જાગ્રત અવસ્થા તથા સૂક્ષ્મદેહની સ્વપ્ન અવસ્થા છે તેમ કારણશરીરની સુષુપ્તિ અવસ્થા કહેવામાં આવે છે. આ સુષુપ્તિ અવસ્થામાં જાગ્રત અવસ્થા જેવા સ્થૂળ પદાર્થો સાથેનો વ્યવહાર જોવા મળતો નથી. તાત્પર્યમાં, સુષુપ્તિમાં ઇન્દ્રિયો અને તેની ભોગવૃત્તિઓ શૂન્ય થઈ જાય છે અને તે મનમાં લય પામે છે. મન પોતાની શંકા–કુશંકા સાથે મનથી સૂક્ષ્મ એવી બુદ્ધિમાં લય પામે છે. બુદ્ધિ, મન, ઇન્દ્રિયોને અને અંતઃકરણની તમામ વૃત્તિને સાથે લઈ કારણદેહ અર્થાત્ ગાઢ અજ્ઞાનમાં લય પામે છે. માટે ત્યાં નથી વિષયજ્ઞાન, નથી મન કે બુદ્ધિજનિત અનુમાનજન્ય જ્ઞાન. આમ, સુષુપ્તિની અવસ્થામાં નથી કોઈ વૃત્તિ કે નથી વિષય કે ભોગને લગતું કોઈ પણ પ્રકારનું જ્ઞાન, કારણકે ઇન્દ્રિયો તથા મન–બુદ્ધિ બધાં જ આવી અવસ્થામાં ક્રિયાશૂન્ય થઈ જાય છે. માટે

જ સુષુપ્તિની અવસ્થામાંથી જાગતાં જ વ્યક્તિ કહે છે કે, "મને સુખદ ગાઢ નિદ્રા આવી ગઈ. અરે! તે દરમ્યાન શું થયું તે કંઈ જ હું જાણતો નથી. રાત ક્યાં પસાર થઈ તે પણ હું જાણતો નથી. મને એટલી જ ખબર છે કે હું સુખથી સૂતો હતો." **'अहं किमपि न जानामि । मयेन सुखेन निद्रा अनुभूयते ।'** આ ઉપરથી ફલિત થાય છે કે સુષુપ્તિમાં બહારની સૃષ્ટિનું કે અંદરની સ્વપ્ન જેવી સૂક્ષ્મ પ્રવૃત્તિ વગેરેનું કોઈ પણ પ્રકારનું જ્ઞાન હોતું નથી પરંતુ તેથી વિપરીત, જ્ઞાનની (જાણવાની) કે વ્યવહારની તમામ પ્રવૃત્તિની નિવૃત્તિથી ત્યાં અજ્ઞાનજન્ય શાંતિ અનુભવાય છે. બીજા અર્થમાં જગતની કે સંસારની નિવૃત્તિરૂપી શાંતિનો આ અનુભવ છે. આને ગાઢ અજ્ઞાનદશા જ કહેવાય છે. આવી અજ્ઞાનદશાને જ સુષુપ્તિ કહેવાય છે. જેનો પ્રસિદ્ધ અનુભવ ઉપર જણાવ્યા મુજબ 'હું કંઈ જાણતો નથી' એવો છે. આમ, સ્પષ્ટ થાય છે કે કારણશરીર એટલે જ તદ્દન અજ્ઞાનદશા. આમ સમજતાં, કારણદેહનો અર્થ અજ્ઞાનદશા જેવો થાય છે. તે અજ્ઞાનદશામાં આત્માનું જ્ઞાન હોતું નથી. નહીં તો સુષુપ્તિ અને સમાધિ એક જ થઈ જાય. પરંતુ સુષુપ્તિ એ અજ્ઞાનદશા છે. તેનો અર્થ ત્યાં પોતાના સ્વ-સ્વરૂપનું અજ્ઞાન છે. માટે જ અજ્ઞાની પુરુષ પણ સ્થૂળ શરીરને આત્મા માની 'હું શરીર કે શરીર મારું' એવો અનુભવ કરે છે. આવા અજ્ઞાનમાં ખોટા તાદાત્મ્યથી જ સ્થૂળશરીરનો જન્મ થાય છે અને તે જ પ્રમાણે જયારે સ્વરૂપને ન જાણનારો મન, બુદ્ધિ, અહંકાર કે ઇન્દ્રિયો જેવા સૂક્ષ્મશરીર સાથે તાદાત્મ્ય કરે ત્યારે સૂક્ષ્મશરીર જન્મે છે. આમ, સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને શરીરો અજ્ઞાનમાંથી જન્મે છે. તેથી જ તે બન્ને શરીરોનું કારણ, કારણદેહની અજ્ઞાનદશા જ છે. માટે બન્ને દેહને જન્માવનાર શરીરને 'કારણદેહ' એવું નામ આપવામાં આવ્યું છે. આવી ચર્ચાથી કારણદેહનો તત્ત્વાર્થ સમજાયો અને 'કારણદેહ' એવા નામનો લક્ષ્યાર્થ પણ પકડાયો.

સુષુપ્તિની અવસ્થામાં જ્યાં ઇન્દ્રિયો, મન, બુદ્ધિ સર્વ કાંઈ અજ્ઞાન અથવા કારણમાં લીન પામે છે ત્યાં, જગતને કે આંતરબાહ્યવૃત્તિઓને જાણવાવાળું કોઈ હોતું નથી. છતાં સુષુપ્તિ અવસ્થાનો અનુભવ કહે છે કે 'હું કંઈ જાણતો નથી.' આવું કંઈ ન જાણવાપણું કોણે જાણ્યું? એવો પ્રશ્ન ઊભો થાય છે અર્થાત્ ત્યાં નિશ્ચિત કોઈ જાણનારો હોવો જ જોઈએ. તેથી અનુમાને અને અનુભવે

સ્પષ્ટ થાય છે કે સુષુપ્તિનો જાણનારો, સાક્ષી કે દૃષ્ટા આત્મા સિવાય અન્ય કોઈ હોઈ શકે નહીં. ઉપરાંત આત્માનો કદી અભાવ થતો નથી. તેથી સુષુપ્તિમાં પણ તે જ્ઞાનસ્વરૂપ આત્મા હોવો જ જોઈએ. આમ વિચારતાં સ્પષ્ટ થાય છે કે આત્મા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવી ત્રણે અવસ્થાનો સાક્ષી છે, જ્ઞાતા છે અને જ્ઞાનસ્વરૂપ પણ છે.

(છંદ–ઉપજાતિ)

**देहेन्द्रिय प्राणमनोऽहमादयः**
**सर्वे विकारा विषयाः सुखादयः ।**
**व्योमादिभूतान्यखिलं च विश्व-**
**मव्यक्तपर्यन्तमिदं ह्यनात्मा ॥१२४॥**

| | |
|---|---|
| **देह–इन्द्रिय–प्राण–मनः–** | = દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, મન, |
| **अहं–आदयः** | = અહંકાર વગેરે |
| **सर्वे विकाराः** | = બધા વિકારો |
| **सुखादयः विषयाः** | = સુખ–દુઃખ વગેરે વિષયો |
| **व्योमादि भूतानि च** | = આકાશ વગેરે પાંચ મહાભૂતો અને |
| **अव्यक्तपर्यन्तम्** | = અવ્યક્ત સુધીનું |
| **इदं अखिलं विश्वम्** | = આ સમસ્ત વિશ્વ |
| **हि अनात्मा** | = જડ(અનાત્મા) જ છે. |

( છંદ–આર્યા )

**माया मायाकार्यं सर्वं महदादिदेहपर्यन्तम् ।**
**असदिदमनात्मकं त्वं विद्धि मरुमरीचिकाकल्पम् ॥१२५॥**

| | |
|---|---|
| **माया** | = માયા અને |
| **महदादिदेहपर्यन्तम्** | = મહત્તત્ત્વથી માંડીને સ્થૂળદેહ પર્યન્ત |
| **इदं सर्वं मायाकार्यम्** | = આ સઘળું માયાનું કાર્ય |
| **त्वम्** | = તું |

| | |
|---|---|
| **मरुमरीचिकाकल्पम्** | = ઝાંઝવાના જળની જેમ |
| **अनात्मकं असत्** | = જડ (અને) મિથ્યા |
| **विद्धि** | = જાણ. |

## માયા અને તેના કાર્યો અસત છે.

આચાર્યશ્રી હવે બે શ્લોક દ્વારા માયા અને તેના કાર્યોનું અનિત્યત્વ, જડત્વ કે અસત્ત્વ જણાવતાં સમજાવે છે કે શરીર, ઇન્દ્રિય, પ્રાણ, મન, અહંકાર અને વિકારો તથા વિષયોના અનિત્ય સુખ-દુ:ખો, આકાશ, જળ, પૃથ્વી, અગ્નિ, વાયુ જેવા પંચમહાભૂતો, પંચમહાભૂતોના કારણ જેવી માયા અને મહત્તત્ત્વથી શરૂ કરી દેહ સુધીનું પ્રાણીપદાર્થોવાળું જે કંઈ જગત ઉત્પન્ન થયેલું છે તે સર્વ કાંઈ અસત કે મિથ્યા છે. ઝાંઝવાના જળ જેવું ભ્રાંતિમય છે. તેમાંથી કોઈ પણ વસ્તુ વાસ્તવમાં સનાતન આત્મા નથી. તાત્પર્યમાં, સ્વયં માયા અને તેનું કાર્ય જગત, બધું જ ચેતનહીન અને જડ છે, ભ્રાંતિમય અને મિથ્યા છે, એવું જ્ઞાન પ્રાપ્ત કરી, મુમુક્ષુએ ન તો અસત માયાના પ્રભાવ નીચે દબાવું જોઈએ કે ન તો મિથ્યા જગતના પદાર્થોમાં આસક્ત થવું જોઈએ. એવો સંદેશો આપવા માટે જ અત્રે માયા અને તેનાં કાર્યોના મિથ્યાત્વનું દર્શન કરાવવામાં આવ્યું છે.

(છંદ-અનુષ્ટુપ)

**अथ ते सम्प्रवक्ष्यामि स्वरूपं परमात्मनः**
**यद् विज्ञाय नरो बन्धान्मुक्तः कैवल्यमश्नुते ॥१२६॥**

| | | | |
|---|---|---|---|
| **अथ ते** | = હવે તને | **विज्ञाय** | = જાણીને |
| **परमात्मनः** | = પરમાત્માનું | **नरः** | = મનુષ્ય |
| **स्वरूपम्** | = સ્વરૂપ | **बन्धात्** | = (સંસારના) બંધનમાંથી |
| **सम्प्रवक्ष्यामि** | = હું (તને) સારી રીતે કહું છું | **मुक्तः** | = મુક્ત થઈને |
| | | **कैवल्यम्** | = મોક્ષને |
| **यत्** | = જેને | **अश्नुते** | = પામે છે. |

## આત્માનું સ્વરૂપ

જગતનું ઉપાદાન કારણ માયા અને તેના કાર્ય, એવા સંસારની અનિત્યતા સમજાવી હવે તેર શ્લોક દ્વારા આચાર્યશ્રી આત્મતત્ત્વનું નિરૂપણ કરે છે.

અત્રે આત્મસ્વરૂપનું નિરૂપણ કરતાં પૂર્વે આચાર્યશ્રી શિષ્યને પ્રોત્સાહિત કરવા માટે પોતાની પ્રતિજ્ઞા જાહેર કરતાં જણાવે છે કે, ''હે શિષ્ય! હવે હું તને પરમાત્માનું સ્વરૂપ સારી રીતે સમજાવું છું. જેને જાણવાથી મનુષ્ય સંસારબંધનથી મુક્ત થાય છે અને મુક્તિને પ્રાપ્ત કરે છે.'' આવી પ્રતિજ્ઞામાં આચાર્યશ્રીના શબ્દો ''**यद् विज्ञाय**'' અર્થાત્ 'જેને જાણવાથી', આપણા માટે બહુ મહત્ત્વના છે. કારણ કે તેથી સ્પષ્ટ થાય છે કે આત્મસ્વરૂપ કે જેનાથી સાક્ષાત્કાર થાય છે તે કંઈ પ્રાપ્ત કરવાની વસ્તુ નથી: અગર નથી તે કોઈ કર્મનું ફળ. કારણ કે આત્મા તો સૌને પ્રાપ્ત જ છે. જે કંઈ અપ્રાપ્ત હોય તેની જ પ્રાપ્તિ થાય. તદુપરાંત, આત્મા કોઈ પણ કર્મ કરવાથી તેના ફળરૂપે પણ પ્રાપ્ત ન થાય. જો તેવું માની લઈએ તો એવો અર્થ થાય કે કર્મ કરતી વખતે વર્તમાનમાં આપણે આત્માથી વિખૂટા છીએ અને કર્મના ફળરૂપે ભવિષ્યમાં આપણને આત્મતત્ત્વ પ્રાપ્ત થશે. આવી ભ્રાંતિ, શાસ્ત્રના ઉપદેશથી વિરૂદ્ધ છે તેથી સ્વીકારી શકાય તેમ નથી. ઉપરાંત આત્મા તો ત્રણે કાળે અસ્તિત્વમાં જ છે તેનો કોઈ કાળે અભાવ નથી. તેથી વર્તમાનના કર્મ વખતે ન તેનો અભાવ થાય કે આત્મા અજન્મા હોવાથી કર્મના ફળરૂપે ન તો પેદા થઈ શકે. તો પછી પ્રશ્ન છે કે આત્મપ્રાપ્તિ થાય કેવી રીતે? તેનો ઉત્તર આચાર્યશ્રીએ આપ્યો છે કે માત્ર આત્મતત્ત્વને, સદ્ગુરુ શરણે જઈ પ્રથમ શાસ્ત્ર દ્વારા અને સદ્ગુરુના ઉપદેશથી પરોક્ષ રીતે જાણવું જોઈએ. પરોક્ષ જ્ઞાન બાદ અપરોક્ષ જ્ઞાન માટે ચિંતન, મનન કે નિદિધ્યાસન દ્વારા જાતે પ્રયત્ન કરી આત્મતત્ત્વ જાણવું જોઈએ. જે કોઈ 'હું સત-ચિત-આનંદ સ્વરૂપ આત્મા છું', તેવું અપરોક્ષ રીતે જાણે છે તે સ્વયં આત્મસ્વરૂપ થઈ મુક્ત થઈ જાય છે. આમ, જાણવાનો પ્રશ્ન મુખ્ય છે અને જાણવાથી જ મુક્તિ મળે છે, બંધન

છૂટે છે અને સાક્ષાત્કાર થાય છે, તેવો ઘટસ્ફોટ શ્લોકની દ્વિતીય પંક્તિમાં કરવામાં આવ્યો છે.

(છંદ-અનુષ્ટુપ)

**अस्ति कश्चित्स्वयं नित्यमहंप्रत्ययलम्बनः ।**
**अवस्थात्रयसाक्षी सन् पञ्चकोशविलक्षणः ॥१२७॥**

| | |
|---|---|
| **अहं प्रत्ययलम्बनः** | = 'હું છું' એવી પ્રતીતિનો આધાર |
| **कश्चित् स्वयं नित्यं अस्ति** | = કોઈ સદા રહેનારો સ્વયં (આત્મા) છે. |
| **अवस्थात्रयसाक्षी सन्** | = જે ત્રણેય અવસ્થાનો સાક્ષી છે |
| **पञ्चकोशविलक्षणः** | = (અને) પંચકોશથી જુદો છે. |

(છંદ-અનુષ્ટુપ)

**यो विजानाति सकलं जाग्रत्स्वप्नसुषुप्तिषु ।**
**बुद्धितद्वृत्तिसद्भावमभावमहमित्ययम् ॥१२८॥**

| | |
|---|---|
| **यः** | = જે |
| **जाग्रत्–स्वप्न–सुषुप्तिषु** | = જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં |
| **बुद्धि–** | = બુદ્ધિ, |
| **तत्–वृत्ति–सद्भावम्** | = તેની વૃત્તિના સદ્ભાવને તથા |
| **अभावम्** | = અભાવને; |
| **सकलम्** | = સર્વને |
| **विजानाति** | = સારી રીતે જાણે છે (તે) |
| **'अहं' इति** | = 'હું' |
| **अयम्** | = આ (આત્મા) છે. |

પ્રસ્તુત બે શ્લોકમાં જણાવાયું છે કે મનુષ્યને નિશદિન અસંખ્ય પ્રસંગે જીવનવ્યવહારમાં વારંવાર "હું છું" એવો જે અનુભવ કે જ્ઞાન થાય છે તેમાં **'अहम्'** કે 'હું' એવા પ્રત્યયનું અવલંબન લઈને થનારા જ્ઞાનનો નિત્ય આધાર કે અધિષ્ઠાન જરૂર કોઈ હોય છે અને તે આધાર

કે અધિષ્ઠાન આત્મા જ છે. ટૂંકમાં, 'હું' અને 'છું', તેમાં 'હું' આત્માના ચેતનમય કે જ્ઞાનસ્વરૂપનો નિર્દેશ કરે છે. અને 'છું' તે સત કે અસ્તિત્વ સૂચવે છે. આમ, 'હું' થી ચિત્ત અને 'છું' થી સત એવો ભાવ સમજાય છે. તેથી સ્પષ્ટ થાય છે કે આત્મા સત અર્થાત્ નિત્ય છે. **'अहम्'** અર્થાત્ જ્ઞાન અને ચૈતન્ય સ્વરૂપ છે. આ આત્મા સ્વતંત્ર, સ્વયંપ્રકાશિત અને અન્યના આલંબનથી મુક્ત છે. ઉપરાંત જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવી ત્રણે અવસ્થાનો સાક્ષી છે. જાગ્રતમાં તે સ્થૂળ પદાર્થો અને તેના ભોક્તાનો સાક્ષી છે. સ્વપ્નમાં સૂક્ષ્મ ભોગોનો સાક્ષી છે. જ્યારે સુષુપ્તિમાં સર્વ વ્યવહારશૂન્યતા સમયે તે **"अहं किमऽपि न जानामि"** તેવી રીતે **'अहम्'** અર્થાત્ 'હું' પ્રત્યયના અધિષ્ઠાનરૂપે ત્યાં હાજર રહી પ્રકાશે છે. **'अहम्'** કે 'હું' એવો પ્રત્યય આત્માનો પર્યાય કે બીજું નામ છે. જેમ તે ત્રણે અવસ્થાનો સાક્ષી છે તેવી જ રીતે તે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય જેવા પાંચે કોશોથી ન્યારો છે અને સૌથી અસંગ કે વિલક્ષણ છે.

આ પ્રમાણે આત્મા અવસ્થાત્રયસાક્ષી કે ત્રણે અવસ્થાઓનો દ્રષ્ટા હોવાથી આવી અવસ્થાઓમાં કાર્યશીલ રહેલી બુદ્ધિની વૃત્તિના સદ્ભાવને અને સુષુપ્તિ સમયે લય પામેલી બુદ્ધિવૃત્તિના અભાવને પણ જાણે છે. આવી રીતે બુદ્ધિના અભાવને કે સદ્ભાવને "આ હું" એવી રીતે જાણનારો અન્ય કોઈ નહીં પરંતુ આત્મા જ છે. આ પરથી નિશ્ચિત જણાય છે કે આત્મા ત્રણે અવસ્થામાં સહુને જાણનારો અને જ્ઞાનસ્વરૂપ છે.

(છંદ–અનુષ્ટુપ)

**यः पश्यति स्वयं सर्वं यं न पश्यति कश्चन ।**
**यश्चेतयति बुद्ध्यादिं न तु यं चेतयत्ययम् ॥१२६॥**

**यः स्वयम्** = જે પોતે
**सर्वं पश्यति** = બધાને જુએ છે
**कश्चन यम्** = (પણ) કોઈ જેને
**न पश्यति** = જોતું નથી,
**यः** = જે
**बुद्ध्यादिम्** = બુદ્ધિ વગેરેને
**चेतयति** = ચેતનવાળી કરે છે
**तु** = પણ

**यं न चेतयति**= જેને (અન્ય કોઈ) **अयम्** = (તે) આ(આત્મા) છે.
ચેતનવંતુ કરતું નથી

આત્મા જ્ઞાનસ્વરૂપ હોવાથી તથા ત્રણેય અવસ્થાઓમાં હાજરા-હજૂર કે સાક્ષી હોવાથી અત્રે જણાવાયું છે કે તે સર્વને જુએ છે પણ તેને કોઈ જોતું નથી. તેનો તત્ત્વાર્થ તો એવો જ છે કે તે સહુને જાણે છે, છતાં તે સહુથી અજ્ઞેય રહે છે. આત્મા તો અવયવ અને ઇન્દ્રિયો વગરનો છે, નિરાકાર અને અદૃશ્ય છે તેથી આંખ વગરનો આત્મા કંઈ અન્યને જોઈ શકે તે વાત વાસ્તવિક નથી. પરંતુ શાસ્ત્રના અને પ્રસ્તુત શ્લોકના શબ્દો જેવા કે **"यः पश्यति- यं न पश्यति"** વાંચીને શાસ્ત્ર ન જાણનાર કે સદ્ગુરુ પાસેથી પરંપરાગત વૈદિક શિક્ષણ પ્રાપ્ત ન કર્યું હોય કે પછી પરંપરાથી જેણે આત્મજ્ઞાનનો અભ્યાસ નથી કર્યો તેવો અબુધ અને અપરિપક્વ સાધક એવું જ સમજે છે કે આત્મા સહુ કોઈને જોતો હશે. પરંતુ શાસ્ત્રની શિક્ષણપ્રણાલિકા મુજબ **'पश्यति'** નો અર્થ માત્ર જોવું એવો નથી પરંતુ 'જાણવું,' એવો પણ થાય છે. જેમ કે 'દર્શન'નો અર્થ પણ 'જાણવું' એવો થાય છે માટે જ મહાશાળાઓ કે યુનિવર્સિટીમાં તત્ત્વજ્ઞાન કે ફિલસૂફીના વિષયને 'દર્શનશાસ્ત્ર વિભાગ' (DEPARTMENT OF PHILOSOPHY) એવું નામ અપાય છે. આમ હોવાથી, સ્પષ્ટ સમજવું કે આત્મા, જ્ઞાન કે ચૈતન્યસ્વરૂપ હોવાથી તે સર્વમાં ચૈતન્યરૂપે રહી સહુ કોઈને જાણે છે. પરંતુ પોતે નિરાકાર અને અદૃશ્ય હોઈ સૂક્ષ્મ બુદ્ધિ સિવાય કોઈ તેને જાણી શકતું નથી. જેવી રીતે જગતના વ્યવહારમાં પણ સહુ કોઈ પદાર્થો સૂર્યપ્રકાશની મદદથી જ જણાય છે. પરંતુ પ્રકાશ પોતે અરૂપ હોવાથી કોઈ પણ રૂપે તે કોઈને જણાતો નથી. આમ, સહુને જણાવનાર પ્રકાશ પોતે અદૃશ્ય રહે છે તેમ ઇન્દ્રિયો, તેનાથી અનુભવાતું જગત, મન, બુદ્ધિ કે તેના દ્વારા અનુમાન થઈ શકે તેવા સર્વ પદાર્થોને ચૈતન્યમય આત્મા જાણે છે ખરો, પરંતુ પોતે સર્વમાં ગૂઢ તત્ત્વ તરીકે અદૃશ્ય રહે છે. તેથી તેને કોઈ જાણતું નથી. આમ હોવાથી સમજાય છે કે જણાતા પદાર્થો કે સૃષ્ટિ, પ્રત્યક્ષ કે ઇન્દ્રિયોનો વિષય છે પરંતુ આત્મા ઇન્દ્રિયોથી જણાતો

નથી તેથી તે પ્રત્યક્ષ નથી તેમજ અનુમાન કે તર્કનો વિષય ન હોવાથી તે પરોક્ષ પણ નથી. આમ, પ્રત્યક્ષ કે પરોક્ષ-જ્ઞાનથી જણાય તેવો નથી. માટે અત્રે જણાવ્યું છે કે **"यं न पश्यति कश्चन"**, તેવા જ સંદર્ભમાં શ્લોકમાં કહ્યું છે કે બુદ્ધિ, મન અને ઇન્દ્રિયો આદિ સર્વને આત્મા પ્રકાશ આપે છે તેનો અર્થ કોઈએ એવો નહીં કરવાનો કે આત્મા કોઈ પ્રકારનો જનરેટર કે સર્ચલાઈટ છે કે જેથી તે બુદ્ધિ વગેરેને પ્રકાશ આપી શકે. પરંતુ મન, બુદ્ધિ કે ઇન્દ્રિયોને આત્મા પ્રકાશ આપે છે તેનો અર્થ, તેવા સહુને સ્ફૂર્તિ કે ચેતનતા અર્થાત્ ચૈતન્ય પ્રદાન કરે છે. માટે જ મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો આદિ જડ હોવા છતાં, અન્યને જાણી શકે છે. પરંતુ બુદ્ધિ આદિ સ્વયં જડ હોવાથી તેઓ કંઈ આત્માને જાણી શકતાં નથી. કારણ કે તેઓ સૌ પાસે જાણવાની સ્વતંત્ર શક્તિ નથી. માટે જ કહ્યું છે કે આત્મા સહુને જાણે છે પરંતુ તેને કોઈ જાણતું નથી.

(છંદ-અનુષ્ટુપ)

**येन विश्वमिदं व्याप्तं यं न व्याप्नोति किञ्चन ।**
**आभारूपमिदं सर्वं यं भान्तमनुभात्ययम् ॥१३०॥**

| | | | |
|---|---|---|---|
| **येन** | = જેનાથી | **इदं सर्वम्** | = આ બધું |
| **इदं विश्वम्** | = આ વિશ્વ | **आभारूपम्** | = આભાસરૂપ છે. |
| **व्याप्तम्** | = વ્યાપ્ત છે (પણ) | **यं भान्तम्** | = તેના પ્રકાશવાથી |
| **यं किञ्चन** | = એને કોઈ | **अयम्** | = આ (બધું) |
| **न व्याप्नोति** | = વ્યાપી શકતું નથી. | **अनुभाति** | = પ્રકાશે છે. |

આત્મતત્ત્વ સૌથી સૂક્ષ્મ છે માટે જ આંખોથી જોઈ કે જાણી શકાતું નથી. સિદ્ધાંત એવો છે કે જે કંઈ જેટલું વધારે સૂક્ષ્મ હોય તેટલું વધારે વ્યાપક હોય. એ ન્યાયે પૃથ્વી સ્થૂળ છે માટે તેનો વ્યાપ ઓછો છે અને પાણી તેનાથી સૂક્ષ્મ છે, માટે પાણીનો વિસ્તાર પૃથ્વી કરતાં વધારે છે તેથી પાણી વધુ વ્યાપ્ત છે. પરંતુ પાણી કરતાં વાયુ વધુ સૂક્ષ્મ છે.

તેથી વાયુનો વ્યાપ કે વિસ્તાર પાણી કરતાં વધારે છે. તે જ પ્રમાણે, વાયુ કરતાં આકાશ વધુ સૂક્ષ્મ છે માટે આકાશનો વ્યાપ કે વિસ્તાર વાયુ કરતાં પણ વધારે છે. આકાશ, પૃથ્વીની ઉપર-નીચે, પૃથ્વીમાં,સર્વત્ર તેમજ અખિલ બ્રહ્માંડમાં સર્વવ્યાપ્ત છે પરંતુ આકાશ જેમાંથી જન્મ્યું છે તે આત્મા તો આકાશનું પણ કારણ હોઈ આકાશથી સૂક્ષ્મ છે અને માટે જ તેનો વ્યાપ કે વિસ્તાર આકાશથી પણ બૃહદ્ કે મોટો છે. આમ, આત્મા કે બ્રહ્મતત્ત્વ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે માટે જ સર્વવ્યાપ્ત છે. જે સૌનું કારણ છે તેવો આત્મા જ સર્વવ્યાપ્ત છે. એટલું જ નહીં તે સૌથી મહાન છે. તેનું અન્ય કોઈ કારણ છે જ નહીં કે જે આત્મા કે બ્રહ્મને વ્યાપી શકે કે આચ્છાદિત કરી શકે. માટે જ અત્રે જણાવાયું છે કે જે આત્માથી સમગ્ર જગત વ્યાપ્ત છે એને કોઈ વ્યાપી, આંબી કે આચ્છાદિત કરી શકતું નથી. એ આત્મા પ્રકાશે છે અર્થાત્ જણાય છે ત્યારબાદ જ સર્વ કાંઈ જણાય છે કે પ્રકાશે છે, અર્થાત્ આત્મા સ્વયંપ્રકાશ કે સ્વંભૂ ચૈતન્ય છે. તેના જણાયા પછી જ, તેના આધારે જ અન્ય કંઈ જાણી શકાય છે. આત્મા વિના કે તેની મદદ વિના કંઈ પણ જાણી શકાય નહીં. એવો ગૂઢ સંકેત અત્રે દૃશ્ય થાય છે. આવો સંકેત જ ઉપનિષદોમાં પણ જોવા મળે છે.

**"तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति"**

(કઠોપનિષદ-૨-૨-૧૫)

"તે (પરબ્રહ્મ)ના પ્રકાશવાથી જ (સૂર્યાદિ) સર્વ પ્રકાશિત થાય છે. તેના પ્રકાશથી જ આ સમગ્ર જગત પ્રકાશિત થાય છે."

(છંદ-અનુષ્ટુપ)

**यस्य सन्निधिमात्रेण देहेन्द्रियमनोधियः ।**
**विषयेषु स्वकीयेषु वर्तन्ते प्रेरिता इव ॥१३१॥**

**यस्य** = જેના
**सन्निधिमात्रेण** = સાંનિધ્ય માત્રથી
**देह-इन्द्रिय-मनः-धियः** = દેહ, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ

| | |
|---|---|
| **स्वकीयेषु विषयेषु** | = પોતપોતાના વિષયોમાં |
| **प्रेरिताः इव** | = જાણે પ્રેરણા પામ્યાં હોય તેમ |
| **वर्तन्ते** | = પ્રવર્તે છે. |

આ આત્મા, પૂર્વે જણાવ્યું છે તેમ ચૈતન્યસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે. માત્ર તેની સંનિધિ, સંપર્ક, સાંનિધ્ય કે સામીપ્યથી જ દેહ, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ જેવા સૌ જડ હોવા છતાં પણ ચેતનતા અને પ્રેરણા પ્રાપ્ત કરી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા પોતપોતાના વિષયોમાં પ્રવર્તે છે. તેથી સ્પષ્ટ થાય છે કે દેહ, ઇન્દ્રિયો કે મન-બુદ્ધિને આત્માની સન્નિધિ વિના પોતપોતાના વિષયોમાં વર્તવાની સ્વતંત્રતા હોતી નથી. કારણ કે તે સૌ જડ છે અને વાસ્તવમાં તો આત્માની જ સત્તા, સ્ફૂર્તિ કે ચેતનતા દ્વારા તેઓ કાર્ય કરતાં હોય છે. દેહ, મન-બુદ્ધિ કે ઇન્દ્રિયોને આત્મા વિના સ્વતંત્ર રીતે જ્ઞાતૃત્વ, પ્રકાશત્વ કે આગવું અસ્તિત્વ હોતું નથી. તેવા સૌ તો સત્તા અને સ્ફૂર્તિ અર્થાત્ અસ્તિત્વ અને ચેતનતા આત્મા પાસેથી જ મેળવીને જીવનભર કાર્ય કરે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अहंकारादिदेहान्ता विषयाश्च सुखादयः ।**
**वेद्यन्ते घटवद् येन नित्यबोधस्वरूपिणा ॥१३२॥**

| | | | |
|---|---|---|---|
| **येन** | = જે | **देहान्ताः** | = દેહ સુધીના પદાર્થો, |
| **नित्यबोधस्वरूपिणा** | = નિત્ય જ્ઞાનસ્વરૂપ વડે | **विषयाः** | = વિષયો, |
| | | **सुखादयः च** | = અને સુખ વગેરે |
| **अहंकारादि** | = અહંકારથી માંડીને | **घटवत्** | = ઘડાની જેમ |
| | | **वेद्यन्ते** | = જણાય છે. |

આત્માનો નિત્યજ્ઞાન સ્વરૂપ સ્વભાવ હોવાથી તે સર્વ કાંઈ જાણી શકે છે. તેવું સમજાવતાં અત્રે જણાવાયું છે કે જેવી રીતે કોઈ સ્થળે ઘડો પડેલો હોવા છતાં પ્રકાશ વિના જણાતો, અનુભવાતો કે દેખાતો

નથી, તેવી જ રીતે અહંકારથી માંડીને શરીર સુધીના તમામ પદાર્થો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને તેના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા વિષયો, તદ્દુપરાંત મન અને મન દ્વારા અનુભવાતું સુખ અને દુ:ખ વગેરે આવું જે કંઈ છે, તે જ્ઞાનસ્વરૂપ આત્માની અનુપસ્થિતિમાં કે તેના અભાવમાં જાણી શકાય તેમ નથી. આત્માને લીધે જ ઉપરોક્ત સર્વનું અસ્તિત્વ જણાય છે. એટલું જ નહીં, તેમના દ્વારા થતાં અનુભવોનું જ્ઞાન પણ આત્માને જ આધીન છે. આમ સ્પષ્ટ છે કે આત્મા સિવાયના તે સૌને તેમના વિષયોને જાણવાની કે અનુભવવાની સ્વતંત્ર રીતે સત્તા કે સ્વતંત્રતા હોતી નથી.

(છંદ-ઉપજાતિ)

**एषोऽन्तरात्मा पुरुषः पुराणो**
**निरन्तराखण्डसुखानुभूतिः ।**
**सदैकरूपः प्रतिबोधमात्रो**
**येनेषिता वागसवश्चरन्ति ॥१३३॥**

**एषः** = આ
**अन्तरात्मा** = અંતરાત્મા
**पुराणः** = અનાદિ
**पुरुषः** = પુરુષ (છે)
**निरन्तर–** = (તે) નિરંતર
**अखण्डसुखानुभूतिः** = અખંડ સુખની અનુભૂતિ સ્વરૂપ
**सदैकरूपः** = સદા એકરૂપ (અને)
**प्रतिबोधमात्रः** = માત્ર જ્ઞાનસ્વરૂપ છે.
**येन** = જેનાથી
**इषिताः** = પ્રેરાઈ
**वाक्** = વાણી(વગેરે ઇન્દ્રિયો)
**असवः** = (અને) પ્રાણો
**चरन्ति** = ચાલે છે.

આ આત્મા પ્રાણીમાત્રના શરીરમાં અદૃશ્ય અંતરાત્મા તરીકે રહેલો છે. તે અખંડ, અનંત સુખસ્વરૂપે અનુભવી શકાય તેવો છે અર્થાત્ ઇન્દ્રિયગમ્ય કે ઇન્દ્રિયભોગથી જન્મીને નાશ પામનાર અંતવાન સુખ જેવું તે આત્મસ્વરૂપનું સુખ નથી. પરંતુ આત્મસુખમાં તો નથી ઉદય કે અસ્ત, નથી પ્રારંભ કે અંત, માટે તે આત્મસુખ તો નિરંતર, અખંડ અને અનંત છે. માટે જ તેને અતીન્દ્રિય, શાશ્વત સુખ કે પરમાનંદ "ETERNAL BLISS"

કહેવામાં આવે છે. આમ, અખંડ સુખસ્વરૂપ આત્મા અનાદિ કે પુરાણ પુરુષ તરીકે પ્રખ્યાત છે. શરીરને પુર(શહેર-નગર) કહેવાય છે. માટે શરીરરૂપી પુરમાં રહેનારા ચૈતન્યમય આત્માને પુરુષ કહેવામાં આવે છે. આવો શરીરમાં રહેનારો પુરાણ પુરુષરૂપ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેમજ સદા એકરૂપે રહેનારો અર્થાત્ અપરિવર્તનશીલ 'CHANGELESS ENTITY' તરીકે વિખ્યાત છે. આવા ચૈતન્યમય જ્ઞાનસ્વરૂપ આત્માની પ્રેરણાથી જ વાણી આદિ કર્મેન્દ્રિયો તથા ચક્ષુ આદિ જ્ઞાનેન્દ્રિયો પ્રેરણા, ચેતના કે સ્ફૂર્તિ પામીને પોતપોતાના વિષયોમાં પ્રયાણ કરે છે. આત્માની પ્રેરણાથી જ પ્રાણ, વ્યાન, ઉદાન, સમાન અને અપાન વગેરે ક્રિયાશીલ થઈ, શરીરમાં પોતપોતાના તન્ત્રોનું નિયમન કરી, જીવનવ્યવહાર ચલાવે છે. તાત્પર્યમાં આત્માની અનુપસ્થિતિમાં જીવનવ્યવહાર સ્વતંત્ર રીતે ચલાવવા પ્રાણ, ઇન્દ્રિયો કે મન-બુદ્ધિ સમર્થ નથી. એટલું જ નહીં, પરંતુ આત્માના આલંબન દ્વારા જ તેઓ જગતવ્યવહાર કરી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે.

(છંદ-ઉપજાતિ)

**अत्रैव सत्त्वात्मनि धीर्गुहाया-**
**मव्याकृताकाश उरुप्रकाशः ।**
**आकाश उच्चै रविवत्प्रकाशते**
**स्वतेजसा विश्वमिदं प्रकाशयन् ॥१३४॥**

**अत्र एव** = આ (મનુષ્ય શરીર)માં જ
**सत्त्वात्मनि** = સત્ત્વગુણપ્રધાન
**धीः गुहायाम्** = બુદ્ધિરૂપી ગુફામાં
**अव्याकृत-आकाशे** = અવ્યક્ત આકાશમાં(કારણ શરીરમાં)
**उरुप्रकाशः** = (જ્ઞાનરૂપી) પ્રચંડ પ્રકાશવાળો (આત્મા)
**आकाश उच्चैः** = ઊંચે આકાશમાં (રહેલા)
**रविवत्** = સૂર્યની જેમ,
**स्वतेजसा** = પોતાના જ્ઞાનરૂપી પ્રકાશથી

इदं विश्वम् = આ વિશ્વને
प्रकाशयन् = પ્રકાશતો રહીને
प्रकाशते = પ્રકાશે છે.

## આત્મસંશોધન

આત્માની સઘન વિવેચનાથી સ્વાભાવિક પ્રશ્ન ઉદ્ભવે છે કે જો આત્મા સર્વવ્યાપ્ત હોય, શરીરસ્થ હોય, તેનાથી જ મન, બુદ્ધિ કે ઇન્દ્રિયો પ્રેરણા અને ચૈતન્ય પ્રાપ્ત કરતાં હોય તો તેવા આત્માને શોધવો ક્યાં? તેવા પ્રશ્નના ઉત્તરમાં શંકરાચાર્યજી સમજાવે છે કે સર્વવ્યાપ્ત આત્મા કયાંય નથી તેવું નથી. છતાં તે દરેક સ્થળે જણાય તેવો પણ નથી. માટે જ તે આત્માને અન્ય સ્થળ કરતાં સત્ત્વગુણવાળા અંતઃકરણમાં અર્થાત્ શુધ્ધ અંતઃકરણરૂપી ગુફામાં કે સૂક્ષ્મ બુદ્ધિરૂપી ગુફામાં શોધી કે જાણી શકાય છે. કારણશરીરસ્થ જે અવ્યાકૃત આકાશ છે તેમાં રહેલું સ્વયંપ્રકાશ કે ચૈતન્ય જ આત્મસ્વરૂપ છે, એવી રીતે આત્મસંશોધન થઈ શકે તેમ છે. જેવી રીતે ઊંચે આકાશમાં રવિ પ્રકાશે છે અને પોતાના પ્રકાશથી જ સંપૂર્ણ જગતને પ્રકાશિત કરે છે તેવી રીતે મનુષ્ય દેહના અવ્યાકૃત આકાશમાં રહેલો ચૈતન્ય આત્મા દેહ, ઇન્દ્રિયો, મન-બુદ્ધિ તથા સર્વ કાંઈ અસ્તિત્વમાં છે તેને પ્રકાશિત કરે છે અથવા જણાવે છે. તેવો જ તત્ત્વાર્થ અત્રે આચાર્યશ્રીને અભિપ્રેત છે.

(છંદ-ઉપજાતિ)

ज्ञाता मनोऽहंकृतिविक्रियाणां
देहेन्द्रियप्राणकृतक्रियाणाम् ।
अयोऽग्निवत्ताननुवर्तमानो
न चेष्टते नो विकरोति किञ्चन ॥१३५॥

अयः अग्निवत् = તપાવેલા લોઢામાં રહેલા અગ્નિની જેમ
मनः-अहंकृतिविक्रियाणाम् = મન તેમજ અહંકારના વિકારોનો

| | |
|---|---|
| **देह–इन्द्रिय–प्राणकृत–** | = તથા શરીર, ઇન્દ્રિયો અને પ્રાણોની |
| **क्रियाणाम्** | = ક્રિયાઓનો |
| **ज्ञाता** | = જ્ઞાતા (આત્મા) |
| **तान् अनुवर्तमानः** | = તેમનું(મન વગેરેનું) અનુસરણ કરતો હોવા છતાં |
| **न चेष्टते** | = (વાસ્તવમાં) કાંઈ ક્રિયા કરતો નથી (કે) |
| **किञ्चन नो विकरोति** | = (લેશમાત્ર) વિકાર પામતો નથી. |

## આત્માનું નિષ્ક્રિય અને નિર્વિકારીપણું

આત્મા અવિકારી અને અક્રિય છે તેવું સમજાવતાં અત્રે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે કે, જેવી રીતે લોખંડના ગોળાને જો અગ્નિની ભઠ્ઠી(FURNACE)માં તપાવવામાં આવે તો પૂર્વે જે લોખંડનો ગોળો સ્પર્શ થાય તેવો ઠંડો અને કાળા રંગનો વજનદાર જણાતો હતો તે અગ્નિની ભઠ્ઠીમાં અગ્નિના સંસ્પર્શથી હવે, ગરમ થઈને તેવા જ આકારનો પરંતુ સ્પર્શ ન કરી શકાય તેવો અને લાલચોળ દેખાય છે. અર્થાત્ અગ્નિ, લોખંડના ગોળામાં સર્વવ્યાપ્ત થયેલો છે. તેમાં ક્યાંય અગ્નિ નથી તેવું નથી. તેમ છતાં લોખંડનો ગોળો જમીન ઉપર દોડવાની ક્રિયા કરતો હોય તો તેમાં રહેલો અગ્નિ ક્રિયા કરે છે તેવું કહેવાય નહીં. તપ્ત ગોળામાં રહેલો અગ્નિ નથી તો દોડવાની ક્રિયા કરતો કે નથી ગોળા જેમ થંભી જતો. પરંતુ, ગોળા સાથેના તાદાત્મ્યથી અજ્ઞાનીને,'અગ્નિ ક્રિયા કરે છે', એવું જણાય છે. તેવી જ રીતે, તપેલા ગોળાને જો ઘણના ઘા પડે તો ગરમ થયેલા લોખંડના ગોળાના આકારમાં પરિવર્તન થાય છે. તેથી કરીને કોઈ મૂર્ખ જ એવું કહી શકે કે, અગ્નિના આકારમાં પરિવર્તન થયું છે. આવી રીતે, લોખંડના ગોળામાં રહેલો અગ્નિ ન તો ક્રિયા કરે છે કે ન તો પરિવર્તન પામે છે. તે જ પ્રમાણે શરીરમાં રહેલો આત્મા શરીરમાં સર્વવ્યાપ્ત છે. શરીરમાં રહેલી ઇન્દ્રિયો, મન-બુદ્ધિ અને સ્વયં શરીરને તે ચેતના પૂરી પાડે છે. જેના દ્વારા દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ વગેરે સૌ કોઈ ક્રિયાશીલ થાય છે, કર્મ કરે છે, ફળ ભોગવે છે, તેથી તેમાં રહેલો સાક્ષી આત્મા

કંઈ કર્મ કરે છે, ફળ ભોગવે છે તેવું કહેવાય નહીં. તે જ પ્રમાણે શરીર વૃદ્ધિ, વિકાસ, યુવાની, ઘડપણ જેવા વિકારોને પ્રાપ્ત થાય છે. ઇન્દ્રિયો પણ બહેરી, આંધળી, લૂલી વગેરે વિકારોને પ્રાપ્ત થાય છે. મનમાં પણ રાગ–દ્વેષ કે સંશય જેવા વિકારો જોવા મળે છે. છતાં, દેહમાં રહેલા આત્માને કોઈ પણ વિકારનો સ્પર્શ થતો નથી અને આત્મા વિકારી પણ બનતો નથી. નિષ્કર્ષ એટલો જ છે કે આત્માને નથી તો ઇન્દ્રિયો કે અવયવની ક્રિયાઓ ક્રિયાશીલ કરતી કે ન આત્મા કર્મનો કર્તા બને છે. આમ, આત્મામાં નથી ક્રિયા, કર્મ, તેથી તે નિષ્ક્રિય છે. તેને નથી કોઈ વિકારો, તેથી તે નિર્વિકારી છે. વિકારરહિત આત્મા મૃત્યુ પામતો નથી અને નિષ્ક્રિય હોવાથી કરેલાં કર્મના ફળ ભોગવવા માટે પુનઃ જન્મ લેતો નથી. આથી સ્પષ્ટ છે કે આત્માને જન્મ–મૃત્યુ જેવા વિકારોનો સ્પર્શ માત્ર નથી. તેથી આત્મા જન્મ–મૃત્યુના બંધનથી મુક્ત છે અને ઇન્દ્રિયોના કર્મ કે ભોગથી. અસંગ છે.

(છંદ–ઉપજાતિ)

**न जायते नो म्रियते न वर्धते**
**न क्षीयते नो विकरोति नित्यः ।**
**विलीयमानेऽपि वपुष्यमुष्मिन्न**
**लीयते कुम्भ इवाम्बरः स्वयम् ॥१३६॥**

**नित्यः** =(આત્મા) નિત્ય હોવાથી
**न जायते** = જન્મતો નથી,
**नो म्रियते** = મરતો નથી,
**न वर्धते** = વૃદ્ધિ પામતો નથી,
**न क्षीयते** = ઘટતો નથી,
**नो विकरोति**=અને વિકાર પામતો નથી.
**अमुष्मिन् वपुषि** = આ સ્થૂળ શરીર
**विलीयमाने अपि** = નાશ પામે ત્યારે પણ
**कुम्भे अम्बरः इव** =ઘડામાંના આકાશની જેમ
**स्वयम्** = પોતે
**न लीयते** = નાશ પામતો નથી.

પૂર્વના શ્લોકમાં આત્માનો નિર્વિકારી ધર્મ દર્શાવ્યો હોવા છતાં

અત્રે તે જ વિચારના દૃઢીકરણ માટે બીજા શબ્દો વાપરી જણાવાયું છે કે આત્મા જન્મતો, વૃદ્ધિ પામતો, ક્ષીણ થતો કે વૃધ્ધાવસ્થાને પ્રાપ્ત કરી મરણ પણ પામતો નથી. તેથી સ્પષ્ટ છે કે આત્મામાં જન્મથી માંડી મૃત્યુ સુધીના કોઈ પણ વિકારો નથી. વિકારરહિત આત્મા સદા અપરિવર્તનશીલ રહે છે. માટે જ આત્મા નથી જૂનો થતો કે ન તો તે નવો થાય છે. આમ હોવાથી આત્મા સદા સર્વદા અફર, નિત્ય અને અવિનાશી છે. તે શરીરમાં રહેવા છતાં શરીરથી અસંગ રહે છે માટે શરીરના નાશમાં આત્માનો નાશ થતો નથી. જેવી રીતે ઘડો નષ્ટ થતાં તેમાં રહેલું ઘટાકાશ મહાકાશમાં વિલીન થઈ જાય છે પરંતુ નષ્ટ થતું નથી. ન તો ઘટાકાશ તે પ્રમાણે જન્મે છે, મરે છે કે આવ-જા કરે છે. પણ તેવું સર્વ કંઈ સાકાર અને નામી ઘડામાં જ જણાય છે. તેવી જ રીતે સ્થૂળ શરીરમાં જન્મ-મૃત્યુ અને આવાગમનના આંટાફેરા હોય છે પરંતુ આત્મામાં હોતા નથી.

(છંદ-માલિની)

**प्रकृतिविकृतिभिन्नः शुद्धबोधस्वभावः**
**सदसदिदमशेषं भासयन्निर्विशेषः ।**
**विलसति परमात्मा जाग्रदादिष्ववस्था–**
**स्वहमहमिति साक्षात् साक्षिरूपेण बुद्धेः ॥१३७॥**

| | |
|---|---|
| **प्रकृतिविकृतिभिन्नः** | = પ્રકૃતિ(કારણ) તેમજ વિકૃતિ(તેનાં કાર્યથી) ન્યારો |
| **शुद्धबोधस्वभावः** | = શુદ્ધ જ્ઞાનસ્વરૂપ |
| **सत् असत् इदं अशेषम्** | = સત અને અસત આ સર્વને |
| **भासयन्** | = પ્રકાશતો |
| **निर्विशेषः परमात्मा** | = નિર્વિશેષ પરમાત્મા |
| **जाग्रदादिषु अवस्थासु** | = જાગ્રત સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાઓમાં |
| **'अहं अहं' इति** | = 'હું, હું' એવી રીતે |

**बुद्धेः** = બુદ્ધિના
**साक्षात्** = સાક્ષાત્
**साक्षिरूपेण** = સાક્ષીરૂપે
**विलसति** = વિલસી રહ્યો છે.

આત્મતત્ત્વના વિવેચનનું સમાપન કરતાં આદિ શંકરાચાર્યજી જણાવે છે કે આત્મા, પ્રકૃતિ અને વિકૃતિથી વિલક્ષણ કે ન્યારો છે. અહીં પ્રકૃતિનો અર્થ જગતનું ઉપાદાન કારણ માયા સમજવું અને વિકૃતિનો અર્થ માયારૂપી કારણથી ઉત્પન્ન થયેલું જગત સમજવાનું છે. તાત્પર્યાર્થે એટલું જ કહેવું છે કે આત્મા, માયારૂપી કારણથી કે જગત જેવા કાર્યથી અસંગ, વિલક્ષણ, જુદો કે ન્યારો છે. એટલું જ નહીં, પરંતુ પ્રકૃતિ કે વિકૃતિ અર્થાત્ કારણ અને કાર્યને પોતાનું સ્વતંત્ર પ્રકાશત્વ કે જ્ઞાતૃત્વ નથી. જ્યારે આત્મા તો શુધ્ધ બોધ સ્વભાવવાળો છે. અર્થાત્ જ્ઞાનસ્વરૂપ છે. ઉપરાંત તે નામ, રૂપ, ગુણ, જાતિ, કુળ, ગોત્ર, દેશ, કાળ વગેરે વિશેષોથી રહિત છે. માટે તેને નિર્વિશેષ કહેવામાં આવે છે. આત્મા, જે કંઈ સત કે અસતરૂપે રહેલું છે તે સર્વને અર્થાત્ અવ્યક્ત કે વ્યક્તરૂપે રહેલું અગર કહો કે અવ્યક્ત માયા અને વ્યક્ત જગત આદિ સર્વને પ્રકાશે છે અર્થાત્ જાણે છે અગર તે સર્વને સત્તા અને સ્ફૂર્તિ પ્રદાન કરે છે એવું પણ કહી શકાય. આવો સર્વને પ્રકાશનારો કે સર્વને ચૈતન્ય પ્રદાન કરનારો આત્મા સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિ જેવી ત્રણે અવસ્થાઓમાં "**अहम् अहम् इति**" "'હું' 'હું'– એ પ્રમાણે" બુદ્ધિના સાક્ષીરૂપે રહીને સાક્ષાત્ પ્રકાશે છે કે અવસ્થાત્રયમાં 'હું' 'હું' રૂપે વિલસે છે.

આત્મતત્ત્વના વિવેચનમાં લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. તેના ગૂઢ સંકેતો એવા છે કે આત્મા કે બ્રહ્મ એક અને અદ્વિતીય છે, અનંત, અખંડ અને પરિપૂર્ણ છે. સૂક્ષ્મ, સર્વવ્યાપ્ત, નિષ્ક્રિય અને અતીન્દ્રિય સુખરૂપે રહેલો છે. શાશ્વત શાંતિ અને મોક્ષસ્વરૂપ જ આત્માનો સાચો ધર્મ છે. આત્મા મન, ઇન્દ્રિયો, બુદ્ધિ અને વાણીથી અગોચર છે. તે દેશ-કાળ અને

વસ્તુથી અપરિચ્છિન્ન છે. સગુણ અને નિર્ગુણ બંને રૂપે રહેલો છે. સત્ય, જ્ઞાન અને અનંત એ જ બ્રહ્મ કે આત્માનું સાચું સ્વરૂપ છે. આત્મા પ્રાણીમાત્રના હૃદયાકાશમાં કે બુદ્ધિરૂપી ગુફામાં રહેલો છે. તે સ્વયં નથી મરતો કે નથી કોઈને મારતો. પોતે નિષ્ક્રિય, નિર્વિકારી હોઈ, સ્વરૂપે સદા સર્વદા મુક્ત જ છે. એવો પરમ આત્મા અવયવ વિનાનો હોવા છતાં ગ્રહણ કરી શકે છે, પગ નથી છતાં ચાલી શકે છે, આંખ નથી છતાં જોઈ શકે છે, કાન વિહોણો છતાં સાંભળે છે. પોતે સર્વને જાણે છે, જણાવે છે છતાં સર્વથી અજ્ઞેય અને અજ્ઞાત રહેનારો આત્મા સાક્ષાત્કાર કરવાને યોગ્ય છે.

(છંદ-માલિની)

**नियमितमनसामुं त्वं स्वमात्मानमात्म-**
**न्ययमहमिति साक्षाद् विद्धि बुद्धिप्रसादात् ।**
**जनिमरणतरंगापारसंसारसिन्धुं**
**प्रतर भव कृतार्थो ब्रह्मरूपेण संस्थः ॥१३८॥**

| | |
|---|---|
| **बुद्धिप्रसादात्** | = અંતકરણની શુદ્ધિરૂપી પ્રસાદથી |
| **नियमितमनसा** | = (તેમજ) વિવેકી મન વડે |
| **त्वं स्वम्** | = તું પોતે જ |
| **आत्मनि** | = અંતઃકરણમાં |
| **अमुं आत्मानम्** | = આ આત્માને |
| **अयं अहं इति** | = આ 'હું' એમ |
| **साक्षात्** | = સ્પષ્ટ |
| **विद्धि** | = જાણ. |
| **ब्रह्मरूपेण संस्थः** | = બ્રહ્મરૂપે સારી રીતે સ્થિત થઈને (તું) |
| **जनि–मरण–तरंग–** | = જન્મ-મરણરૂપી તરંગોવાળા |
| **अपार–संसार–सिन्धुम्** | = અપાર સંસારસાગરને |
| **प्रतर** | = તરી જા |
| **कृतार्थः भव** | = (અને) કૃતકૃત્ય થા. |

આત્માનું વિવેચન લગભગ બાર શ્લોકમાં જણાવી હવે સદ્ગુરુ શિષ્યને ઉપદેશાર્થે જણાવે છે કે, "હે પ્રિય શિષ્ય! તું એકાગ્ર ચિત્ત દ્વારા અંતઃકરણ કે શુધ્ધ બુદ્ધિના પ્રસાદથી (અંતઃકરણ શુદ્ધિ કે સૂક્ષ્મબુદ્ધિની પ્રાપ્તિને જ તત્ત્વાર્થે પ્રસાદ કહેવામાં આવે છે કારણકે શુદ્ધ અંતઃકરણ કે સૂક્ષ્મબુદ્ધિ જ આત્મજ્ઞાન માટે અધિકારી છે.) શ્રવણ, મનન કે આત્મવિચાર જેવા નિદિધ્યાસનમાં સંલગ્ન થઈ જા અને તે દ્વારા જેને તું **'अहम्' 'अहम्'** કે 'હું' 'હું' એવું કહે છે એ **'अहम्'** પ્રત્યયના અધિષ્ઠાન જેવા આત્માને અપરોક્ષ રીતે જાણી લે. એટલે કે, 'હું' 'હું' એવું કહેનાર આત્મા જ મારું સાચું સ્વરૂપ છે.' અગર, 'હું શરીરમાં રહેલો અસંગ, નિષ્ક્રિય, નિર્વિકારી, અજન્મા અને અવિનાશી આત્મા જ છું, તેનાથી લેશમાત્ર ભિન્ન નથી', એવું અપરોક્ષજ્ઞાન મેળવી આત્મા સાથે અભેદાનુભવ કે સાક્ષાત્કાર કર. આવા આત્મસાક્ષાત્કાર પછી નિશ્ચિત તું જન્મમરણરૂપી અનેક તરંગોવાળા અપાર સંસારસાગરને તરી જઈશ. આમ હોવાથી, સંસાર-સાગરને તરવા માટે બ્રહ્મમાં સારી રીતે તારી સ્થિતિ કરીને કે બ્રહ્મવિચાર દ્વારા બ્રહ્મનિષ્ઠ થઈને સંસાર પાર કરવા કૃતાર્થ થા, ભાગ્યશાળી થા અને જન્મમરણરૂપી સંસારસાગરને તરી જા."

(છંદ-મંદાક્રાન્તા)

**अत्रानात्मन्यहमिति मतिर्बन्ध एषोऽस्य पुंसः**
**प्राप्तोऽज्ञानाज्जननमरणक्लेशसंपातहेतुः ।**
**येनैवायं वपुरिदमसत्सत्यमित्यात्मबुद्ध्या**
**पुष्यत्युक्षत्यवति विषयैस्तन्तुभिः कोशकृद्वत् ॥१३६॥**

| | |
|---|---|
| **अत्र अनात्मनि** | = અહીં અનાત્મામાં |
| **'अहं' इति मतिः** | = 'હું' એવી બુદ્ધિ |
| **अस्य पुंसः** | = આ પુરુષને |
| **अज्ञानात्** | = અજ્ઞાનથી |
| **प्राप्तः एषः बन्धः** | = પ્રાપ્ત થયેલું આ બંધન છે. |

**जनन–मरण–क्लेश–संपातहेतुः**=(અને તે) જન્મ-મરણ વગેરે ક્લેશોનું કારણ છે

| | |
|---|---|
| **येन एव** | = એનાથી જ |
| **अयम्** | = આ (જીવ) |
| **इदं असत् वपुः** | = આ મિથ્યાભૂત શરીરને |
| **आत्मबुद्ध्या** | = પોતાની બુદ્ધિથી |
| **सत्यं इति** | = સાચું માનીને |
| **कोशकृद्‌वत्** | = કોશેટો બનાવનાર કીડો જેમ |
| **तन्तुभिः** | = તાંતણાઓથી (પોતાને સાચવે છે) |
| **विषयैः** | = (તેમ) વિષયોથી (શરીરને) |
| **पुष्यति** | = પુષ્ટ કરે છે, |
| **उक्षति** | = સજાવે છે |
| **अवति** | = (અને) સાચવે છે. |

## બંધનવિવેચન

મનુષ્યમાત્રને જન્મોજન્મના અનાદિ અજ્ઞાન કે અવિદ્યાને લીધે સંસ્કારગત દેહતાદાત્મ્ય થાય છે. તેવા ખોટા અનાત્મતાદાત્મ્યને લીધે પોતે શરીરસ્થ આત્મા હોવા છતાં, દેહમાં રહેનારો દેહી હોવા છતાં, જેમ કોઈ મૂઢ સિમેન્ટ-કોંક્રીટના ઘરમાં રહેનારો, ઘર બદલનારો, ઘરનો નાશ થવા છતાં પોતે નાશરહિત રહેનારો હોવા છતાં, સિમેન્ટ કોંક્રીટ કે લાકડાંના ઘરને પોતાનું સ્વરૂપ માની બેસે, તેમ અજ્ઞાની જીવ શરીર કે દેહને જ આત્મા માને છે. આવી રીતે 'હું શરીર છું' તેવા અજ્ઞાનમાં બુદ્ધિ સ્થિર કરે છે, જેને દેહાત્મબુદ્ધિ કહેવામાં આવે છે. આવી દેહાત્મબુદ્ધિ કે દેહને આત્મા માનવારૂપી અજ્ઞાન જ જીવાત્મા માટે બંધનરૂપ બને છે. અને તેને પોતાના આત્મજ્ઞાનથી વંચિત રાખે છે. એટલું જ નહીં, તેના લીધે જ તેને જન્મ-મરણરૂપી દુઃખ ઉત્પન્ન થાય છે. આમ, જડ, નાશવાન, અસત, અનિત્ય દેહને જ અજ્ઞાનીઓ સત્ય માને છે. શરીરને પોતાના અંતિમ

સુખનું સાધન માને છે. માટે જ શરીરને પુષ્ટ કરવામાં, તેને ભોગપ્રધાન કરવામાં, શ્રેષ્ઠ સુખ અને આહાર આપવામાં, તેને સુગંધીવાળા તેલ, અત્તર કે ચંદન જેવા પદાર્થોનું લેપન કરવામાં, કિંમતી.અલંકારો વડે અલંકૃત કરવામાં, તેનાં રક્ષણમાં જીવનનો સમય બરબાદ કરી દેહના સુખ-ભોગ માટે જ કોશેટાની જેમ આંટાફેરા કર્યા કરે છે. જેવી રીતે રેશમનો કીડો કે કોશેટો અત્યંત પરિશ્રમે રેશમના તાર પોતાની ઉપર વીંટવામાં જ સુખ સમજે છે અને માટે જ પોતાની આજુબાજુ તાર વીંટતો જાય છે પરંતુ આખરે પોતે તેમાં જ વીંટાઈ જાય છે અને તેની અંદર જ ગૂંચવાઈ, ગૂંગળાઈ મરી જાય છે. તેવું જ અજ્ઞાની મૂઢનું છે. મૂઢ પણ વિષયભોગમાં, દેહપુષ્ટિમાં રત થઈ દેહના ભોગ માટે જ દોડાદોડ કરે છે.ઇન્દ્રિયોના સુખ-ભોગ ભોગવી ભોગવી, પૌષ્ટિક આહાર ખાઈ ખાઈ, અંતે ખતમ થાય છે. ભોગ ભોગવી ઇન્દ્રિયોને ક્ષીણ કરે છે અને ભ્રાંતિરૂપી શાન્તિ પાછળ દોડતો કે નશ્વર સુખમાં આળોટતો, આળોટતો સ્મશાન સુધી પહોંચી આત્મસ્વરૂપને જાણ્યા વિના મૃત્યુને શરણ થઈ જન્મ અને મૃત્યુના ચક્રમાં વીંટાતો જાય છે. આને જ જીવની અધોગતિ કે અજ્ઞાનથી ઉત્પન્ન વિષય-ભોગરૂપી બંધન કહેવામાં આવે છે.

(છંદ-શિખરિણી)

**अतस्मिंस्तद्बुद्धिः प्रभवति विमूढस्य तमसा**
**विवेकाभावाद्वै स्फुरति भुजगे रज्जुधिषणा ।**
**ततोऽनर्थव्रातो निपतति समादातुरधिक-**
**स्ततो योऽसद्ग्राहः स हि भवति बन्धः शृणु सखे॥१४०॥**

**अतस्मिन् तत्बुद्धिः** = અતતમાં **प्रभवति** = ઉત્પન્ન થાય છે.
તદ્બુદ્ધિ **विवेकाभावात् वै** = વિવેકના અભાવથી જ
**विमूढस्य** = વિમૂઢ મનુષ્યને
**तमसा** = તમોગુણને લીધે **भुजगे** = સર્પમાં

**रज्जुधिषणा** = દોરીની બુદ્ધિ
**स्फुरति** = ઉદય પામે છે.
**ततः** = પછી
**समादातुः** =(સર્પમાં દોરીની બુદ્ધિ) ગ્રહણ કરનારને
**अधिकः अनर्थव्रातः** = ઘણા પ્રકારના અનર્થો
**निपतति** = પ્રાપ્ત થાય છે.
**ततः** = તેથી
**सखे** = હે મિત્ર!
**शृणु** = સાંભળ,
**यः असत्ग्राहः** = જે અસત્યનું (સત્યરૂપે) ગ્રહણ
**सः हि** = તે જ
**बन्धः भवति** = બંધન છે.

ગ્રંથપ્રારંભે શ્લોક એકાવનમાં શિષ્ય દ્વારા અત્યંત ગૂઢ અને વિચક્ષણ પ્રશ્ન પૂછાયેલો કે "**को नाम बन्धः । कथमेष आगतः ।**" બંધન એટલે શું? અને તે ક્યાંથી આવ્યું છે? તેવા પ્રશ્નનો ઉત્તર અત્રે આચાર્યશ્રી આપતાં જણાવે છે કે બંધન આત્માના અજ્ઞાનથી જન્મે છે અર્થાત્ તે અજ્ઞાનમાંથી આવ્યું છે. બંધનનો સર્વસામાન્ય અર્થ એવો છે કે અસત્યને સત્ય માની લેવું અગર અનાત્મામાં આત્મબુદ્ધિ કરવી. અગર અવસ્તુમાં વસ્તુબુદ્ધિ કરવી. અથવા **अतत्** જે 'તત્' બ્રહ્મ નથી તે **अतत्** છે અને તેવા'**अतत्**'માં '**तत्**' બુદ્ધિ કરવી. પ્રસ્તુત શ્લોકમાં વ્યાખ્યા આપતા જણાવ્યું છે તેમ '**अतस्मिन् तत् बुद्धिः ।**' જે શરીર ચેતન, અવિનાશી, બ્રહ્મ વાસ્તવમાં નથી તે શરીરમાં '**तत् बुद्धिः**' એટલે કે '**तत् ब्रह्म**' તે બ્રહ્મ જ છે તેવી બુદ્ધિ કરવી. આવી ભ્રાન્તિ, અવિદ્યા, અજ્ઞાન કે અધ્યાસને જ બંધન કહેવામાં આવે છે. પરંતુ શાસ્ત્રમાં ઉપદેશાર્થે સૂત્રાત્મક કે સમાસશૈલીનો પ્રયોગ કરવાની પદ્ધતિ હોવાથી ઉપરોક્ત સમગ્ર વ્યાખ્યાને સૂત્રાત્મક રીતે શ્લોકમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે '**अतस्मिन् तत् बुद्धिः**' કહેવામાં આવે છે.

જેવી રીતે તે(સર્પ)માં= **अतस्मिन्** કે જે દોરી નથી છતાં **तत्** = તે, સર્પને બદલે, તે દોરી છે તેવી '**तत् बुद्धि**' કરવી તેને જ **अतस्मिन् तत् बुद्धिः** તેવું સમજાવવા માટે કહ્યું છે. તે જ પ્રમાણે **अतस्मिन्** અર્થાત્ તે (શરીર)માં, **तत्** થી નિર્દેશાયેલ બ્રહ્મ કે આત્મા નથી છતાં તેવા દેહ

કે શરીરમાં **तत्** (બ્રહ્મ) **बुद्धिः** અર્થાત્ તે શરીર જ આત્મા છે તેવું માનવું, તેવી ભ્રાંતિ કે જેના દ્વારા અનાત્મવસ્તુને આત્મા તરીકે ગ્રહણ કરાય છે અને 'અસત'ને સત્ય તરીકે માની લેવાય છે. એ જ મોટામાં મોટું બંધન છે. આવી દેહાત્મ, અસત કે અનાત્મ બુદ્ધિવાળાને અત્રે ઉપદેશાયું છે કે, "**अतस्मिन् तत् बुद्धिः ।**" જેમ કોઈ સર્પને દોરી સમજીને પકડે એને અનેક અનર્થો અને દુઃખો પ્રાપ્ત થાય છે, તેમ હે શિષ્ય! હે મિત્ર! હે સખા! યાદ રાખ, કે જે અસત્યને સત્યરૂપે, અનાત્માને આત્મા રૂપે કે જડ, નાશવાન દેહને ચેતન આત્મારૂપે ગ્રહણ કરે છે અને દેહમાં '**अहं**' ભાવ અને '**मम**'ભાવ ઊભો કરી, 'હું જ દેહ' કે 'દેહ મારો છે', એવું માને છે તેને અનેક પ્રકારના અનર્થો અને દુઃખ પ્રાપ્ત થાય છે. એને જ બંધન કહેવાય છે.

(છંદ-ઉપજાતિ)

**अखंडनित्याद्वयबोधशक्त्या**
**स्फुरन्तमात्मानमनन्तवैभवम् ।**
**समावृणोत्यावृतिशक्तिरेषा**
**तमोमयी राहुरिवार्कबिम्बम् ॥१४१॥**

**राहुः** = રાહુ
**अर्कबिम्बं इव** = સૂર્યને ઢાંકી દે છે તેમ,
**तमोमयी** = તમોગુણથી પૂર્ણ
**एषा आवृतिशक्तिः** = આ આવરણશક્તિ
**अखंड–नित्य–** = અખંડ,નિત્ય(અને)
**अद्वयबोधशक्त्या** = અદ્વૈત જ્ઞાનશક્તિથી
**स्फुरन्तम्** = સ્ફુરી રહેલા
**अनन्तवैभवम्** = અવિનાશીપણું જેનો વૈભવ છે (તેવા)
**आत्मानम्** = આત્માને
**समावृणोति** = સારી રીતે ઢાંકી દે છે.

## આત્માને તમોગુણનું બંધન

અત્રે જણાવાયું છે કે મહાન પ્રચંડ સૂર્યને જેવી રીતે રાહુ ઢાંકી દે છે અગર સૂર્ય અને મનુષ્યની આંખ વચ્ચે જો એક નાનકડું વાદળું આવે તો પણ આંખ આગળનું વાદળું, આવરણ ઊભું કરી સૂર્યને ઢાંકી દે છે. તેવી જ રીતે એક, અખંડ, સર્વવ્યાપ્ત, નિત્ય અવિનાશી અને પોતાની બોધ કે જ્ઞાનશક્તિથી ઝળહળતાં અનંત વૈભવવાળા આત્માને પણ તમોગુણની આવરણશક્તિ અંતઃકરણને પ્રમાદી, આળસુ અને ક્રિયાશૂન્ય બનાવી ઢાંકી દે છે કે આચ્છાદિત કરે છે. આમ, શુદ્ધ અંતઃકરણ કે બુદ્ધિને આત્મતત્ત્વનું યથાર્થ જ્ઞાન ન થવા દેવું અને મુમુક્ષુને સ્વરૂપથી અજ્ઞેય અને અજ્ઞાત રાખી તેનો આત્મજ્ઞાનનો પંથ રૂંધી નાંખવો. તે જ તમોગુણથી ઉત્પન્ન થયેલું બંધન છે. આવા બંધનને જન્માવનાર શક્તિને આવરણશક્તિ કહેવામાં આવે છે.

(છંદ-શિખરિણી)

**तिरोभूते स्वात्मन्यमलतरतेजोवति पुमान्**
**अनात्मानं मोहादहमिति शरीरं कलयति ।**
**ततः कामक्रोधप्रभृतिभिरमुं बन्धनगुणैः**
**परं विक्षेपाख्या रजस उरुशक्तिर्व्यथयति ॥१४२॥**

**अमलतरतेजोवति** = અતિ નિર્મલ તેજવાળું
**स्वात्मनि तिरोभूते** = આત્મતત્ત્વ ઢંકાઈ જાય છે ત્યારે
**पुमान्** = પુરુષ
**मोहात्** = મોહને લીધે
**अनात्मानं शरीरम्**=અનાત્મા શરીરને
**'अहं' इति**='(આ)હું જ છું' એમ
**कलयति** = સમજે છે.
**ततः** = તેથી
**विक्षेपाख्या** ='વિક્ષેપ' નામની
**रजसः** = રજોગુણની
**परं उरुशक्तिः** =મહાન શક્તિ
**कामक्रोधप्रभृतिभिः**=કામ, ક્રોધ જેવા
**बन्धनगुणैः** = બંધનમાં નાંખનાર ગુણો વડે
**अमुम्** = એને
**व्यथयति** = બહુ હેરાન કરે છે.

પૂર્વે જણાવ્યા મુજબ તમોગુણની આવરણશક્તિથી આત્મતત્ત્વ ઢંકાઈ જાય છે. અર્થાત્ મુમુક્ષુ, આત્મજ્ઞાન પ્રાપ્તિમાં આળસુ અને પ્રમાદી બને છે. તેમ હોવાથી જ પોતાના આત્મસ્વરૂપનું અજ્ઞાન ઊભું થાય છે. આવું અજ્ઞાન જ શરીર સાથે તાદાત્મ્ય કરી શરીરમાં અહંભાવ કે મમભાવ પેદા કરી 'હું શરીર' કે 'શરીર મારું' એવા ભાવથી મોહને કારણે પીડાય છે. આમ, તમોગુણના આવરણથી પ્રભાવશાળી અને પ્રબળ બનેલો મોહ તથા અજ્ઞાન જ કામ અને ક્રોધ જેવા બંધનકારક ગુણોને વિકસાવે છે. કામ અને ક્રોધ બન્ને મુમુક્ષુને આત્મસ્વરૂપથી વિમુખ કરી ઇન્દ્રિયભોગના વિષયો તરફ જગતમાં ખેંચી જાય છે અને ક્ષણભંગુર સુખ અપાવી તેવા સુખનો નાશ થતાં ભોગીને પુનઃ દુઃખમાં નાંખે છે. આમ, સુખદુઃખરૂપી વિક્ષેપ ઊભો કરી મુમુક્ષુને બંધનમાં નાંખે છે. આવી ચિત્તની ચંચળતા કે સ્વરૂપજ્ઞાનમાં વિક્ષેપ કરનારી રજોગુણની વિક્ષેપશક્તિ જ બંધનકારક છે તેવું સમજવું જોઈએ. આવી વિક્ષેપશક્તિ બળવાન થઈ મુમુક્ષુને દુઃખી કરે છે. આ વિક્ષેપશક્તિ આવરણશક્તિનું જ પરિણામ છે. માટે પ્રત્યેક મુમુક્ષુએ વિક્ષેપ અને આવરણશક્તિથી બચવા પ્રયાસ કરવો જોઈએ.

(છંદ-શિખરિણી)

**महामोहग्राहग्रसनगलितात्मावगमनो**
**धियो नानावस्थाः स्वयमभिनयंस्तद्गुणतया ।**
**अपारे संसारे विषयविषपूरे जलनिधौ**
**निमज्योन्मज्यायं भ्रमति कुमतिः कुत्सितगतिः ॥१४३॥**

**महामोहग्राह–ग्रसन–गलितात्मावगमनः** = મહામોહરૂપી મગરનો કોળીયો થઈ,ગળી જવાયાથી આત્મજ્ઞાન રહિત બનેલો

**अयं कुमतिः** = આ ભ્રાન્તબુદ્ધિવાળો

**तत्गुणतया** = બુદ્ધિના ગુણોથી તદાકાર બનીને

**धियः नाना अवस्थाः** =બુદ્ધિની (કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપી ખોટા તાદાત્મ્યથી ઉત્પન્ન) વિવિધ અવસ્થાઓને

**स्वयं अभिनयन्** = પોતાની માની વર્તતો
**अपारे** = અપાર
**विषयविषपूरे** = વિષયોરૂપી ઝેરથી ભરેલા
**संसारे जलनिधौ** = સંસારસમુદ્રમાં
**निमज्य उन्मज्य** = ઉપર નીચે ડૂબકીઓ ખાતો ખાતો
**कुत्सितगतिः** = હીનગતિને પામીને
**भ्रमति** = ભમ્યા કરે છે.

(છંદ–ઉપજાતિ)

**भानुप्रभासंजनिताभ्रपंक्तिः**
**भानुं तिरोधाय विजृम्भते यथा ।**
**आत्मोदिताहंकृतिरात्मतत्त्वं**
**तथा तिरोधाय विजृम्भते स्वयम् ॥१४४॥**

**भानु–प्रभा–संजनिता–** = સૂર્યના તેજથી ઉત્પન્ન થયેલી
**अभ्रपंक्तिः** = વાદળાંની હારમાળા
**यथा भानुम्** = જેમ સૂર્યને
**तिरोधाय** = ઢાંકી દઈને
**विजृम्भते** = દેખાયા કરે છે,
**तथा** = તેમ
**आत्मोदिताहंकृतिः** = આત્મામાંથી જન્મેલો અહંકાર
**आत्मतत्त्वम्** = આત્મતત્ત્વને
**तिरोधाय** = ઢાંકી દઈને
**स्वयम्** = પોતે
**विजृम्भते** = પ્રતીત થાય છે.

હવેના બે શ્લોકમાં આવરણ અને વિક્ષેપશક્તિની વિપરીત અસરનું વર્ણન કરતાં જણાવાયું છે કે, તમોગુણની આવરણ શક્તિથી ઉત્પન્ન થયેલા મહામોહ દ્વારા જે કોઈ અજ્ઞાનીનું આત્મજ્ઞાન હણાઈ ગયું છે કે મોહરૂપી મગર દ્વારા જ્ઞાન ગ્રસિત થયું છે તેવો ભ્રાંત કે કુબુદ્ધિપુરુષ વિષયોરૂપી ઝેરથી ભરેલા અપાર સંસારસમુદ્રમાં ડૂબકાં ખાય છે અને ઉર્ધ્વગતિ કે અધોગતિ જેવી યોનીઓમાં ભટક્યા કરે છે. આત્મસ્વરૂપથી વંચિત થયેલો

અગર આત્મારૂપી અધિષ્ઠાનનાં અજ્ઞાનથી જન્મેલો જે અહંકાર છે, તે અહંકારને વળગીને અજ્ઞાની 'હું કર્તા', 'હું ભોક્તા', 'હું બળવાન શરીર છું', એવી ભ્રાંતિને અભિવ્યક્ત કરે છે અને સચ્ચિદાનંદ આત્માને આચ્છાદિત કરે છે. જેવી રીતે સૂર્યના તેજથી ઉત્પન્ન થયેલું વાદળું જ સ્વયં સૂર્યને આચ્છાદિત કરી કે ઢાંકી દઈ પોતાના સ્વરૂપને જ અભિવ્યક્ત કરે છે; અગર કેરોસીન કે તેલથી પ્રકાશતું ફાનસ કે દીવો લાંબો સમય પ્રકાશે છે ત્યારે તેના પ્રકાશથી જ ઉત્પન્ન થયેલી કાળી મેશ ચીમની ઉપર આવરણ ઊભું કરે છે અને અંતે પ્રકાશમાન દીપકને જ આચ્છાદિત કરી દઈ કાળી મેશનું જ પ્રદર્શન કરે છે. તેવી જ રીતે અહંકાર, આત્માને આચ્છાદિત કરી, 'હું કર્તા', 'હું સુખી', 'હું ધનવાન', 'હું સત્તાધીશ', 'હું રૂપાળો', 'હું વિદ્વાન', 'હું ભોક્તા','હું દાની', 'હું પુણ્યશાળી', વગેરે અભિવ્યક્તિથી અહંકારનું જ પ્રદર્શન કરે છે.

(છંદ-માલિની)

**कवलितदिननाथे दुर्दिने सान्द्रमेघै–**
**व्यर्थयति हिमझञ्झावायुरुग्रो यथैतान् ।**
**अविरततमसात्मन्यावृते मूढबुद्धिं**
**क्षपयति बहुदुःखैस्तीव्रविक्षेपशक्तिः ॥१४५॥**

**यथा** = જેમ
**सान्द्रमेघैः दुर्दिने** = ઘાટાં વાદળાંને કારણે છવાયેલા અને અંધારાવાળા દિવસે
**कवलितदिननाथे** = સૂર્ય ઢંકાઈ જતાં
**उग्रः** = તોફાની
**हिमझञ्झावायुः** = ટાઢો વંટોળીયો
**एतान्** = લોકોને
**व्यथयति** = હેરાન કરે છે (તેમ)
**अविरततमसा** = ગાઢ તમોગુણથી
**आवृते आत्मनि** = આત્મા ઢંકાઈ જતાં
**तीव्रविक्षेपशक्तिः** = રજોગુણની બળવાન વિક્ષેપશક્તિ
**बहुदुःखैः** = બહુપ્રકારનાં દુઃખોથી
**मूढबुद्धिम्** = વિવેકહીન મૂઢને
**क्षपयति** = હેરાન કરે છે.

(છંદ-અનુષ્ટુપ)

**एताभ्यामेव शक्तिभ्यां बन्धः पुंसः समागतः ।**
**याभ्यां विमोहितो देहं मत्वाऽऽत्मानं भ्रमत्ययम् ॥१४६॥**

**एताभ्याम्** = આ બે
**शक्तिभ्यां एव**=(અવિદ્યાની વિક્ષેપ અને આવરણ નામની) શક્તિથી જ
**पुंसः** = જીવને
**बन्धः समागतः**= બંધન આવ્યું છે.
**याभ्याम्** = જેના વડે
**विमोहितः** = અત્યંત મોહિત થઈને
**अयम्** = આ (જીવ)
**देहम्** = સ્થૂળ દેહને
**आत्मानं मत्वा** = આત્મા માનીને
**भ्रमति** = (સંસારચક્રમાં) ભટક્યા કરે છે.

હવે પછીના બે શ્લોકમાં આચાર્યશ્રી, શિષ્યના પૂર્વે એકાવનમાં શ્લોકમાં પૂછાયેલા પ્રશ્નનો '**बंधः कथम् आगतः**' અર્થાત્ બંધન આવ્યું ક્યાંથી? તેનો ઉત્તર આપતા અત્રે જણાવે છે કે બંધન તમોગુણની આવરણશક્તિ અને રજોગુણની વિક્ષેપશક્તિથી જ પેદા થયું છે. તેથી સ્પષ્ટ સમજવું કે, આવરણ અને વિક્ષેપશક્તિ જ બંધનની જનની છે.

જેવી રીતે ચોમાસામાં ઘનઘોર વાદળાંથી સૂર્ય ઢંકાય છે, ઠંડો અને ઝંઝાવાતી વાયરો કે વંટોળ ફૂંકાય છે અને તે વાયરો વાદળોને અહીંથી ત્યાં ઘસડે છે, એક સ્થળેથી અન્ય સ્થળે ફેંકી તેમને છિન્નભિન્ન કરી દે છે. તે જ પ્રમાણે, ઘોર અજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપ ઢંકાઈ જતાં રજોગુણની બળવાન વિક્ષેપશક્તિનો વંટોળીયો મંદબુદ્ધિવાળા પુરુષને સુખ અને દુઃખના વિક્ષેપ અને અહંકારના વંટોળમાં ફેરવી અનેક પ્રકારના દુઃખ દે છે અને વાદળો જેમ અહીંથી ત્યાં અનેક યોનીઓમાં ભ્રમણ કરાવી બંધન પેદા કરે છે.

અત્રે '**एतान् व्यथयति**'નો એવો અર્થ પણ કરી શકાય કે, ઠંડો ઉગ્ર વંટોળીયો, '**एतान्**' અર્થાત્ વટેમાર્ગુ કે પ્રવાસીઓને વ્યથા ઉપજાવે છે કે દુઃખ દે છે. જેમ ઠંડો ઉગ્ર વંટોળીયારૂપી પવન યાત્રી કે પથિકોને

દુ:ખ દે છે, તેવી જ રીતે તમોગુણની આવરણશક્તિ કે રજોગુણની વિક્ષેપશક્તિ મૂઢબુદ્ધિ પુરુષને કે મોહગ્રસ્ત પુરુષને દુ:ખ દે છે. નિષ્કર્ષ એટલો જ છે કે, આવરણ અને વિક્ષેપશક્તિમાંથી જ બંધન આવ્યું છે અને તેવા બંધન કે મોહમાં સપડાયેલો પુરુષ, દેહને આત્મા માની સંસારસાગરમાં કે જન્મમૃત્યુના ચક્રમાં ભટકયા કરે છે.

(છંદ–શાર્દૂલવિક્રીડિત)

**बीजं संसृतिभूमिजस्य तु तमो देहात्मधीरंकुरो**
**रागः पल्लवमम्बु कर्म तु वपुः स्कन्धोऽसवः शाखिकाः ।**
**अग्राणीन्द्रियसंहतिश्च विषयाः पुष्पाणि दुःखं फलं**
**नानाकर्मसमुद्भवं बहुविधं भोक्ताऽत्र जीवः खगः ॥१४७॥**

**संसृतिभूमिजस्य बीजं तु तमः** = સંસારરૂપી વૃક્ષનું બીજ અજ્ઞાન જ છે.
**अंकुरः देहात्मधीः** = અંકુર, સ્થૂળ શરીરમાં આત્મબુદ્ધિ છે.
**पल्लवं रागः** = પાંદડા રાગ છે,
**अम्बु कर्म** = જળ કર્મ છે,
**स्कन्धः तु वपुः** = થડ શરીર છે,
**शाखिकाः असवः** = શાખાઓ પ્રાણો છે,
**अग्राणि इन्द्रियसंहतिः च** = ઇન્દ્રિયોનો સમુદાય ટોચો છે અને
**पुष्पाणि विषयाः** = પુષ્પો વિષયો છે,
**फलं नानाकर्मसमुद्भवं बहुविधं दुःखम्** = અનેક કર્મોથી ઉત્પન્ન થયેલું ઘણા પ્રકારનું દુ:ખ 'ફળ' છે,
**अत्र** = આ સંસારરૂપી વૃક્ષમાં
**भोक्ता जीवः** = ફળનો ભોગવનારો જીવ
**खगः** = પક્ષી (છે.)

## સંસારવૃક્ષનું વર્ણન

ભગવદ્ગીતાના પંદરમાં અધ્યાયમાં તથા કઠોપનિષદમાં

સંસારને વૃક્ષની ઉપમા આપી વર્ણન કર્યું છે અને મુંડક શ્રુતિમાં એક જ વૃક્ષ ઉપર બેઠેલા જીવ અને પરમાત્મારૂપી પક્ષીની વાત કરી છે. તેનો સમન્વય કરી પ્રસ્તુત શ્લોકમાં, સંસારવૃક્ષનું વર્ણન કર્યું છે.

આ સંસારરૂપી વૃક્ષનું બીજ અર્થાત્ ઉપાદાન કારણ અજ્ઞાન છે એવું સમજાવવામાં આવ્યું છે. અજ્ઞાનરૂપી બીજથી જન્મેલો સંસાર ભલે અનાદિ હોય, પરંતુ અંતવાન હોવો જ જોઈએ. કારણકે તેનું 'કારણ' કે બીજ, જે અજ્ઞાન છે તે પોતે જ અનાદિ અને સાંત છે. આવા અજ્ઞાનરૂપી સંસારવૃક્ષમાં જે ફણગો કે અંકુર ફૂટે છે તે અંકુર એટલે દેહને જ આત્મા માનવો, એવી ભ્રાંતિરૂપી ફણગો કે અંકુર છે. તે જ પ્રમાણે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા વિષયોમાં રાગ, આસક્તિ કે મોહ થવો, તેને વૃક્ષના પાંદડાં ગણાવ્યા છે. જીવાત્મા દ્વારા સંસારમાં જે કોઈ કર્મ થાય છે તેને જળ કહ્યું છે અર્થાત્ કર્મરૂપી જળથી જ સંસારવૃક્ષ પુષ્ટ થાય છે અને વૃદ્ધિ પામે છે. શરીરને એ જ વૃક્ષનું થડ ગણાવ્યું છે, પ્રાણ એ વૃક્ષની અનેક ડાળીઓ છે અને ઇન્દ્રિયોનો સમુદાય એ ડાળીઓનો અગ્ર ભાગ છે. તે જ પ્રમાણે ઇન્દ્રિયોના વિષયો એ પુષ્પો છે. તદુપરાંત વિવિધ કર્મોથી ઉત્પન્ન થયેલાં અનેક પ્રકારનાં દુઃખો એ જ જુદાં જુદાં ફળ કહેવામાં આવે છે. આવા કર્મોથી ઉત્પન્ન સુખ–દુઃખરૂપી ફળને વૃક્ષ ઉપર રહેનારું જીવરૂપી પક્ષી ભોક્તાભાવે ભોગવે છે.

આવા વર્ણનથી સ્પષ્ટ થયું કે જીવાત્મારૂપી પક્ષી સંસારવૃક્ષ ઉપર બેસી, કર્મના સુખ–દુઃખરૂપી ફળને ભોગવે છે. પરંતુ તે જ સંસારવૃક્ષ ઉપર અન્ય પક્ષી કે જે કર્મના ફળ ચાખતું નથી પણ સાક્ષીભાવે જોયા કરે છે તેને જ અભોક્તા પરમાત્મા કહેવાય છે. સુજ્ઞ મુમુક્ષુએ સંસારવૃક્ષના જીવરૂપી પક્ષી સાથે તાદાત્મ્ય ન કરતા સાક્ષીરૂપી પક્ષી, પરમાત્મા સાથે ઐક્ય સાધવું જોઈએ અને 'હું સાક્ષી પરમાત્મા છું', એવું જ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. તો જ સંસારરૂપી વૃક્ષનું છેદન થઈ શકે અને તેની આસક્તિથી બચી શકાય.

(છંદ-ઉપજાતિ)

अज्ञानमूलोऽयमनात्मबन्धो
नैसर्गिकोऽनादिरनन्त ईरितः ।
जन्माप्ययव्याधिजरादिदुःख-
प्रवाहपातं जनयत्यमुष्य ॥१४८॥

| | |
|---|---|
| **अज्ञानमूलः** | = અજ્ઞાનરૂપી મૂળવાળું |
| **अयम्** | = આ |
| **अनात्मबन्धः** | = અનાત્માનું બંધન |
| **नैसर्गिकः** | = સ્વાભાવિક |
| **अनादिः अनन्तः** | = અનાદિ અને અનન્ત (છે એમ) |
| **ईरितः** | = કહેવાય છે. |
| **अमुष्य** | = (જે) આ જીવને |
| **जन्म-अप्यय-व्याधि-जरादि** | = જન્મ,મરણ,વ્યાધિ, ઘડપણ વગેરે |
| **दुःखप्रवाहपातं जनयति** | = દુઃખપ્રવાહમાં પાડયા કરે છે. |

## બંધનનું સ્વરૂપ

પૂર્વે બંધનની વ્યાખ્યા, તે ક્યાંથી આવ્યું? તેનુ કારણ શું છે? વગેરે વિષયોની વિવેચના થઈ ગયા બાદ હવે તેનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે કે, અજ્ઞાન જ બંધનનું 'કારણ' કે 'મૂળ' છે. આ સંસારરૂપી બંધન સહજ સ્વાભાવિક અને નૈસર્ગિક છે. જેમ અજ્ઞાન સંસ્કારગત, અનાદિ અને સહજ છે તેવી જ રીતે બંધન પણ કોઈ વિશેષ પ્રયત્ન વિના આપોઆપ કે અનાયાસે જ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. માટે જ તેને સંસ્કારગત કે સ્વાભાવિક કહ્યું છે. કોઈ પણ વિશેષ પ્રયત્ન વિના જે જન્મે તે સહજ કે નૈસર્ગિક કહેવાય. બંધનનું પણ તેવું જ છે. માટે જ તેના સ્વરૂપને નૈસર્ગિક કહેવાય છે. આવું નૈસર્ગિક બંધન ક્યારે ઉત્પન્ન થયું?, તેની શરૂઆત, પ્રારંભ અથવા આદિ કોઈ જાણતું નથી, માટે જ તેને અનાદિ કહેવાય

છે. તેવો ઘટસ્ફોટ અત્રે સરળતાથી સમજાય તેવો છે. પરંતુ શ્લોકમાં જણાવ્યું છે કે બંધન '**अनादिरनन्त ईरितः**' અર્થાત્ બંધન અનાદિ અને અનંત છે એમ કહેવાય છે. આથી મૂંઝવણ થાય છે કે જો બંધન અંત વિનાનું અનંત હોય તો તો બંધનથી કોઈ પણ પ્રયત્ને કોઈનો છૂટકારો થઈ શકે નહીં અને બંધનથી મુક્તિ તો મળે જ નહીં. તો પછી મોક્ષાર્થે આપણાં પ્રયત્નો વ્યર્થ અને નકામા થઈ જાય. મોક્ષ કે મુક્તિ માટેના શાસ્ત્રના વચનો મિથ્યા ઠરે. આમ હોવાથી વ્યાખ્યાનો વિવેકયુક્ત ઘટસ્ફોટ કરવો અનિવાર્ય છે.

બંધનને અત્રે અનંત કહ્યું, તેનો અર્થ એવો નથી કે તેનો અંત જ ન આવે. પરંતુ બંધનથી છૂટવું કષ્ટમય, અઘરું અને દુષ્કર છે તેવું જણાવવા માટે જ તેને અનંત કહ્યું છે. તત્ત્વાર્થે તો બંધન કોઈ પણ પ્રકારે, કોઈ પણ કર્મથી તૂટે તેમ નથી; આત્મજ્ઞાન માત્રથી જ બંધનનો અને તેના કારણ, અજ્ઞાનનો એક સાથે બાધ થઈ શકે તેમ છે. અર્થાત્ જ્ઞાન વિના બંધનનો અંત આવે તેમ નથી માટે કહ્યું છે કે તે અનંત છે. બાકી તત્ત્વાર્થે બંધન અનાદિ અવશ્ય છે છતાં સાંત છે. ઉપરાંત અજ્ઞાનના લીધે જ બંધન ઉત્પન્ન થાય છે અને અજ્ઞાનરૂપી બંધનમાં જ જન્મ, જરા અને મૃત્યુરૂપી પ્રવાહનિત્યત્વ રહેલું છે. ગીતા પણ જણાવે છે કે જેનો જન્મ છે તેનું મોત નિશ્ચિત છે અને જેને મૃત્યુ છે તેનો પુનર્જન્મ અવશ્ય થાય છે.

" **जातस्य हि ध्रुवो मृत्युः ध्रुवं जन्म मृतस्य च** " (ભ.ગીતા-૨/૨૭)

આવા જન્મમૃત્યુરૂપી બંધનના ચક્રમાં પ્રવાહનિત્યત્વ જણાય છે માટે પણ અત્રે તેવા બંધનને અનંત કહેવાયું છે. પણ સુજ્ઞ મુમુક્ષુ તેનો શબ્દાર્થ ન લેતા લક્ષ્યાર્થે સમજી શકશે કે બંધનનો બાધ કરવાની દુષ્કરતાને લીધે જ તેને અનંત કહેવાયું છે. વાસ્તવમાં તે અનાદિ હોવા છતાં જ્ઞાનમાં અંત પામે તેવું છે. ઉપરોક્ત બંધન જ જીવાત્માને જન્મ, મરણ, વ્યાધિ અને ઘડપણ જેવા દુઃખના પ્રવાહમાં નાંખી, સંસારરૂપી બંધન પેદા કરી, તેને ભવસાગરમાં ફસાવે છે.

(છંદ-ઇન્દ્રવંશા)

नास्त्रैर्न शस्त्रैरनिलेन वह्निना
छेत्तुं न शक्यो न च कर्मकोटिभिः ।
विवेकविज्ञानमहासिना विना
धातुः प्रसादेन सितेन मञ्जुना ॥१४६॥

**धातुः प्रसादेन** = (આ બંધન) સર્જનહારની કૃપાથી પ્રાપ્ત થયેલ,
**सितेन** = ધારદાર (અને)
**मञ्जुना** = સુંદર
**विवेकविज्ञान-** = વિવેકજ્ઞાનરૂપી
**महासिना विना**= મોટી તલવાર વિના
**छेत्तुं न शक्यः** = છેદવું શક્ય નથી.
**न अस्त्रैः** = અસ્ત્રોથી નહીં
**न शस्त्रैः** = શસ્ત્રોથી નહીં
**अनिलेन वह्निना** =પવન, અગ્નિ(કે)
**कर्मकोटिभिः च न** = કરોડો કર્મોથી (પણ) નહીં.

## આત્મજ્ઞાનની સ્તુતિ

બંધનના વિસ્તૃત વિવેચન બાદ જે બંધન માટે કહેવાયું કે તે નૈસર્ગિક તથા અનાદિ અને અનંત છે અર્થાત્ તેને તોડવું કે બાધ કરવો દુષ્કર છે. કારણ કે બંધનમાં જન્મ, જરા અને મૃત્યુરૂપી પ્રવાહનિત્યત્વ છે. તે જ બંધનથી મુક્ત થવાનો અજોડ ઉપાય માત્ર આત્મજ્ઞાન છે. તેવું જણાવી આત્મજ્ઞાનની પ્રશંસા અત્રે કરી છે અને આત્મજ્ઞાન જ બંધનથી મુક્ત થવાનો ઉપાય છે, તેવું પ્રસ્થાપિત કરેલું છે.

બંધનનો બાધ કરવો એ કેટલું દુષ્કર છે તેવું સમજાવતાં જણાવાયું છે કે માત્ર બુદ્ધિબળે કે પંડિતાઈથી ન તો બંધનનું મૂળ સમજી શકાય કે ન તો તેને નિર્મૂળ કરી શકાય. તેથી જો કોઈ તર્ક-વિતર્ક, બુદ્ધિચાતુર્ય, વિદ્વતા અગર સ્નાન-દાન, યજ્ઞ-યાગ, તીર્થયાત્રા, વ્રત કે ઉપવાસ, તપશ્ચર્યા કે યોગ જેવા કરોડો કર્મોથી, કરોડો જન્મો સુધી પણ બંધનથી મુક્ત થવા કે તેનો નાશ કરવાનો પ્રયત્ન કરશે, તો તેમાં સરિયામ નિષ્ફળતા જ મળશે.

સ્થૂળ શરીર દ્વારા થતા બાહ્ય પ્રયત્નોથી સંસારબંધનનો નાશ કરી શકાય તેમ નથી, તેથી સમજાવવા અત્રે શંકરાચાર્યજી કહે છે કે, અજ્ઞાનજન્ય આ બંધન શસ્ત્ર કે અસ્ત્ર વડે છેદી શકાય તેમ નથી.'**नास्त्रैः न शस्त्रैः**' ઉપરાંત બંધનનું મૂળ તો અજ્ઞાન છે. તેથી તેને દૂર કરવા તેનું પૂર્ણવિરોધી જ્ઞાન માત્ર જ આવશ્યક છે. જેમ અંધારતિમિર ટાળવા માત્ર પ્રકાશની જ આવશ્યકતા છે. ભલેને પછી કોઈ ગુફામાં હજારો વર્ષોથી અંધારું હોય, છતાં ક્ષણમાત્રના પ્રકાશથી જ તે દૂર થઈ શકે તેમ છે. તેને માટે વર્ષો સુધી દીપક ઝળહળતો રાખવાની જરૂર હોતી નથી. તેવી જ રીતે જન્મોજન્મનું મોહ કે અજ્ઞાનરૂપી બંધન, આત્મજ્ઞાનના પ્રકાશમાં વીજળી વેગે પલાયન થઈ ધ્વસ્ત થઈ જાય છે. પરંતુ પ્રશ્ન એ છે કે, આવું આત્મજ્ઞાન પ્રાપ્ત થાય કઈ રીતે? તો તેની એક પૂર્વશરત પ્રસ્તુત શ્લોકમાં જણાવવામાં આવી છે કે,'**धातुः प्रसादेन विना छेत्तुम् न शक्यः ।**' અર્થાત્ મુમુક્ષુત્વ હોય, બુદ્ધિ હોય, શાસ્ત્રો અને અધ્યયનની સગવડતા ઉપલબ્ધ હોય, છતાં પણ ઈશ્વરના કૃપાપ્રસાદ વિના બંધનનું છેદન કરવું શકય નથી. આવી સ્પષ્ટતા ઉપર ભાર મૂકતાં આચાર્યશ્રીએ જણાવ્યું કે ઈશ્વરની કૃપા વગર અસ્ત્ર કે શસ્ત્ર, પવન કે અગ્નિ, કરોડો કર્મો કે ઉપાસનાઓ, બંધનનો ઉચ્છેદ કરવામાં સમર્થ નથી.

તાત્પર્યમાં, મુમુક્ષુને સંદેશ છે કે, પરમાત્માની પાવન કૃપાનું પ્રિય પાત્ર બની, તેવી કૃપાના બળે સૂક્ષ્મ બુદ્ધિરૂપી તીક્ષ્ણ તલવાર પર આત્માનાત્માવિવેકનું પાણી ચઢાવી તેવી વિવેકવિજ્ઞાનરૂપી તલવાર દ્વારા દૃઢતાપૂર્વક સંદેહ-મુક્ત થઈ, એક જ ઝાટકે સંસારબંધનને તેના અજ્ઞાનરૂપી મૂળ સહિત કાપી, સુખથી વિહાર કર.

(છંદ-ઉપજાતિ)

**श्रुतिप्रमाणैकमतेः स्वधर्म–**
**न्निष्ठा तयैवात्मविशुद्धिरस्य ।**
**विशुद्धबुद्धेः परमात्मवेदनं**
**तेनैव संसारसमूलनाशः ॥१५०॥**

| | |
|---|---|
| **श्रुतिप्रमाण–एकमतेः** | = વેદના પ્રમાણોમાં પરિપક્વ બુદ્ધિવાળાને |
| **स्वधर्मनिष्ठा** | = પોતાના ધર્મમાં નિષ્ઠા(પ્રાપ્ત થાય છે) |
| **तया एव** | = તેનાથી જ |
| **अस्य** | = આ(સાધક)ની |
| **आत्मविशुद्धिः** | = અંતઃકરણની શુદ્ધિ થાય છે. |
| **विशुद्धबुद्धेः** | = જેની બુદ્ધિ અત્યંત શુદ્ધ થઈ છે તેને |
| **परमात्मवेदनम्** | = પરમાત્માનું જ્ઞાન થાય છે. |
| **तेन एव** | = તેના વડે જ |
| **संसार–समूलनाशः** | = સંસારનો મૂળસહિત નાશ સંભવ છે. |

ઈશ્વરકૃપાને જેમ આત્મજ્ઞાનમાં અનિવાર્ય પૂર્વશરત ગણવામાં આવી તેવી જ રીતે અત્રે જણાવ્યું છે કે શ્રુતિ કે ઉપનિષદના વાક્યોને જે અંતિમ નિષ્કર્ષ કે પ્રમાણ સમજે અર્થાત્ વેદ કે શાસ્ત્રોના શબ્દને જે પ્રમાણ તરીકે સ્વીકારે છે અને શ્રુતિના ઉપદેશમાં શંકા કરતો નથી કે તેના આદેશો પ્રત્યે પ્રતિક્રિયા દાખવતો નથી, તેવી શબ્દપ્રમાણને સ્વીકારવાની બુદ્ધિવાળા પુરુષોને જ પોતાના ધર્મમાં શ્રદ્ધા કે નિષ્ઠા ઉત્પન્ન થાય છે. આથી સ્પષ્ટ થાય છે કે આત્મજ્ઞાન માટે શ્રુતિવાક્ય કે વેદના શબ્દપ્રમાણનો સ્વીકાર કરવો ખૂબ મહત્ત્વનું છે. કારણ કે આત્મા નથી ઇન્દ્રિયગમ્ય, તેથી તે પ્રત્યક્ષ થઈ શકે નહીં. તેમજ નથી તે અનુમાનગમ્ય, તેથી તર્ક કે બુદ્ધિનો વિષય પણ થઈ શકે નહીં. આમ, તે પરોક્ષ નથી. આવું હોવાથી આત્મજ્ઞાન સંદર્ભે જો ઇન્દ્રિયો કે મન-બુદ્ધિ પ્રમાણ ન થઈ શકે તો આત્માને પ્રમાણિત કરવો કઈ રીતે? માટે જ અત્રે શ્રુતિવાક્ય કે શબ્દપ્રમાણનું મહત્ત્વ સૂચવ્યું છે. પંચદશીકારે પણ "**त्वं दशमोऽसि ।**" (પંચદશી-૭/૫૮) "તું દસમો છે," તેવા ખ્યાતનામ દૃષ્ટાંત દ્વારા, ગુરુ દ્વારા અપાયેલા શબ્દપ્રમાણનું મહત્ત્વ જ સૂચવ્યું છે. અત્રે પણ એવું જ સૂચવાયું છે કે શાસ્ત્રોના વાક્યો કે શબ્દો જો જ્ઞાની ગુરુ દ્વારા અજ્ઞાનનિવૃત્તિ માટે ઉપદેશવામાં આવે તો તે આત્મસાક્ષાત્કારનું અજોડ સાધન કે પ્રમાણ બને છે. આમ, શ્રુતિપ્રમાણની મહત્તા સૂચવી જણાવ્યું કે, તેવા પ્રમાણને સ્વીકારવાથી

જ સ્વધર્મમાં શ્રદ્ધા ઉપજે છે અને તેવી શ્રદ્ધાથી જ ચિત્તશુદ્ધિ થાય છે. તેવો નિર્દેશ કરી અત્રે જણાવ્યું છે કે ચિત્તશુદ્ધિવાળાને જ કે વિશુદ્ધ બુદ્ધિવાળાને પરમાત્માનું જ્ઞાન થાય છે. તેવા આત્મજ્ઞાન દ્વારા જ સંસારનો તેના બંધન કે અજ્ઞાનરૂપી મૂળ સાથે નાશ થાય છે. આવી રીતે જેમ ઈશ્વરકૃપાની આત્મજ્ઞાન માટે અનિવાર્યતા પૂર્વે જણાવાઈ, તે જ પ્રમાણે અન્ય સાધનો જેવાં કે શ્રુતિના શબ્દો કે વાક્યોમાં પ્રમાણબુદ્ધિ અને તે દ્વારા જન્મેલી શ્રદ્ધા તથા તેના પરિપાકરૂપે પ્રાપ્ત થયેલી અંતઃકરણશુદ્ધિ પણ પરમાત્માના જ્ઞાન માટે તથા સંસારનિવૃત્તિ માટે અત્યંત મહત્ત્વના છે.

(છંદ–ગીતિ)

**कोशैरन्नमयाद्यैः पञ्चभिरात्मा न संवृतो भाति ।**
**निजशक्तिसमुत्पन्नैः शैवालपटलैरिवाम्बु वापिस्थम् ॥१५१॥**

**शैवालपटलैः** = શેવાળના પડોથી
**वापिस्थं अम्बु इव** = કૂવાના ઢંકાયેલ પાણીની જેમ
**निजशक्तिसमुत्पन्नैः** = પોતાની (અવિદ્યારૂપ) શક્તિમાંથી ઉત્પન્ન થયેલા
**अन्नमयाद्यैः** = અન્નમય વગેરે
**पञ्चभिः कोशैः** = પાંચ કોશોથી
**संवृतः** = ઢંકાયેલો
**आत्मा** = આત્મા
**न भाति** = દેખાતો નથી.

(છંદ–ગીતિ)

**तच्छैवालापनये सम्यक् सलिलं प्रतीयते शुद्धम् ।**
**तृष्णासन्तापहरं सद्यः सौख्यप्रदं परः पुंसः ॥१५२॥**
**पञ्चानामपि कोशानामपवादे विभात्ययं शुद्धः ।**
**नित्यानन्दैकरसः प्रत्यग्रूपः परः स्वयंज्योतिः ॥१५३॥**

तत् शैवालापनये = (જેવી રીતે) તે લીલને દૂર કરવાથી
पुंसः सद्यः = મનુષ્યને તરત જ
तृष्णासन्तापहरम् = તરસના સંતાપને દૂર કરનારું,
परं सौख्यप्रदम् = પરમ સુખને આપનારું,
शुद्धं सलिलम् = શુદ્ધ જળ
सम्यक् प्रतीयते = સ્પષ્ટ દેખાય છે (તેવી રીતે)
पञ्चानां अपि कोशानाम् = પાંચે પાંચ કોશોનો
अपवादे = બાધ કરવાથી
नित्यानन्दैकरसः = નિત્ય, આનંદરૂપ, એકરસ
प्रत्यक्-रूपः = પ્રત્યક્સ્વરૂપ
परः = અવિદ્યાથી પર,
स्वयंज्योतिः = સ્વયંપ્રકાશ
शुद्धः = શુદ્ધ
अयम् = આ (પરમાત્મા)
विभाति = પ્રકાશે છે.

(છંદ-આર્યા)

आत्मानात्माविवेकः कर्तव्यो बन्धमुक्तये विदुषा ।
तेनैवानन्दी भवति स्वं विज्ञाय सच्चिदानन्दम् ॥१५४॥

विदुषा = (માટે) વિદ્વાને
बन्धमुक्तये = સંસાર-બંધનથી છૂટવા
आत्मा-अनात्माविवेकः = આત્મા અને અનાત્માનો વિવેક
कर्तव्यः = કરવો જોઈએ.
तेन एव = તે (વિવેક) વડે જ
सच्चिदानन्दं स्वम् = પોતાને સત,ચિત અને આનંદરૂપ
विज्ञाय = જાણીને
आनन्दी भवति = આનંદસ્વરૂપ બની જાય છે.

આચાર્યશ્રી પંચકોશનું વિવેચન પ્રારંભ કરવાના છે. પરંતુ તે પૂર્વે પંચકોશની પ્રસ્તાવના રૂપે અત્રે શ્લોકચતુષ્ટય દ્વારા તેનો ઉલ્લેખ કરી મુમુક્ષુ કે સાધકને પંચકોશ સમજવા માટે તૈયાર કરતા જણાવે છે કે, જેવી રીતે પાણીમાંથી જ ઉત્પન્ન થયેલી લીલ કે શેવાળ પાણી ઉપર તરતી થાય છે અને સ્વયં પાણીને જ ઢાંકી દે છે, જેવી રીતે સૂર્યથી ઉત્પન્ન થયેલું વાદળું સૂર્યને ઢાંકે છે અને ફાનસમાં રહેલા દીપકથી ઉત્પન્ન થયેલી મેશ, કાચ ઉપર લાગી દીપકને આચ્છાદિત કરી દે છે, તેવી જ રીતે આત્માના આશ્રયે અને આત્માની માયાશક્તિથી જ ઉત્પન્ન થયેલા અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય જેવા કોશો પોતે પોતાને અભિવ્યક્ત કરી સ્વયં આત્માને જ ઢાંકી દે છે. જેમ શેવાળ કે લીલ પોતે પોતાનું દર્શન કરાવી જળને ઢાંકી દે છે, છતાં તરસ્યો માણસ જે ક્ષણે હાથથી શેવાળને દૂર કરે છે તે જ ક્ષણે તેને તૃષાતૃપ્ત કરનારું અને તૃષાનું દર્દ દૂર કરનારું સુખપ્રદ પાણી પ્રાપ્ત થાય છે. તેમ છતાં સમજવાનું કે પાણી પેદા થતું નથી, પાણી તો હતું જ, પરંતુ લીલ કે શેવાળના આવરણથી દેખાતું ન હતું. તેવી જ રીતે વિવેક–વિજ્ઞાનરૂપી પ્રયત્ન દ્વારા જયારે મુમુક્ષુ ઉપરોક્ત પાંચેય કોશોની ભ્રાંતિને દૂર કરે છે, શેવાળની જેમ પાંચકોશોનું આવરણ દૂર કરે છે અને વિવેકવિજ્ઞાનથી સમજે છે કે હું પાંચેય કોશોથી ન્યારો, અસંગ અને આવરણમુક્ત છું. એટલું જ નહિ, વાસ્તવમાં હું તો શુદ્ધ, નિત્ય અને આનંદસ્વરૂપવાળો, અખંડરસમય, એક, અંતર્યામી અને પ્રકાશસ્વરૂપ છું, ત્યારે તે પોતાને જ પરમાત્મારૂપે જાણે છે. આમ, લીલ જેવું પંચકોશનું આવરણ દૂર થતાં જ, અનાવૃત્ત થયેલા પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપનો મુમુક્ષુને સાક્ષાત્કાર થાય છે. પૂર્વે જણાવ્યું છે તેમ સમજવું કે જેમ લીલ દૂર કરવાથી પાણીનો જન્મ થતો નથી કે તે પેદા થતું નથી, તેવી જ રીતે પંચકોશરૂપી આવરણ દૂર થતાં આત્મા કે મુક્તિ કંઈ પેદા થતી નથી. આત્મા તો નિત્ય, મુક્ત સ્વભાવે હતો જ પરંતુ આવરણના લીધે દેખાતો ન હતો. તેથી સ્પષ્ટ જ છે કે તે પ્રાપ્ત જ હતો પણ જણાતો

ન હતો. પંચકોશનું અનાવરણ થતાં જ તે આત્મસાક્ષાત્કારરૂપે જણાય છે. આવી મુક્તિ કે મોક્ષને શાસ્ત્રમાં '**प्राप्तस्य प्राप्तिः**' કહેવામાં આવે છે.

આવી '**प्राप्तस्य प्राप्तिः**' માટે આ શ્લોકચતુષ્ટયને અંતે જણાવાયું છે કે, આત્મા જડ દેહથી જુદો છે, તેવો આત્મા અને અનાત્માનો વિવેક કરવો જોઈએ. '**आत्मानात्मा विवेकः कर्तव्यः ।**' આવો આત્મા અને અનાત્માનો વિવેક અર્થાત્ તે બંનેને સૂક્ષ્મ બુદ્ધિથી છૂટાં પાડવાની પ્રક્રિયાથી જ સંસારરૂપી બંધન છૂટે છે. વિદ્વાન તેવા બંધનથી મુક્ત થાય છે. માટે દરેક વિચારક વિદ્વાને આવો વિવેક કરી પોતાને પંચકોશ અને જડ શરીરથી જુદો, સત-ચિત અને આનંદ તરીકે જાણવો જોઈએ. વિદ્વાનો આવી રીતે દેહથી જુદું પોતાનું સ્વરૂપ જાણી આનંદ અનુભવે છે.

(છંદ-ઉપજાતિ)

**मुञ्जादिषीकामिव दृश्यवर्गात्**
**प्रत्यञ्चमात्मानमसङ्गमक्रियम् ।**
**विविच्य तत्र प्रविलाप्य सर्वं**
**तदात्मना तिष्ठति यः स मुक्तः ॥१५५॥**

| | |
|---|---|
| **मुञ्जात् इषीकां इव** | = મુંજથી સળીની જેમ (મુંજની સળીને મુંજથી જુદી સમજી લેવાય છે તેમ) |
| **दृश्यवर्गात्** | = દેખાતા સર્વ પદાર્થોથી જુદો, |
| **प्रत्यञ्चम्** | = સર્વની અંદર રહેલો, |
| **असङ्गम्** | = અસંગ |
| **अक्रियम्** | = નિષ્ક્રિય, |
| **आत्मानम्** | = આત્માને |
| **विविच्य** | = સર્વથી જુદો સમજીને |
| **तत्र सर्वं प्रविलाप्य** | = આત્મામાં જ સર્વનો વિલય કરીને |
| **यः तत्–आत्मना** | = જે તેવા આત્મસ્વરૂપે |

तिष्ठति = રહે છે

सः मुक्तः = તે મુક્ત છે.

## વિવેકી જ મુક્ત છે.

જેવી રીતે એક પ્રકારના ઘાસની સળી જેને મુંજ કહેવાય છે તે ઘાસની સળી ઉપર રહેલું સૂક્ષ્મ ઘાસનું પડ દૂર કરી, વિવેકી પુરુષ તેની મધ્યમાં રહેલી સળીને ઘાસ કે તૃણથી ભિન્ન અને અલગ જુએ છે તેમજ તે બન્નેનો ભેદ સમજે છે. તે જ પ્રમાણે આત્મા-અનાત્માના વિવેકથી સંપન્ન પુરુષ, સર્વ દૃશ્યવર્ગના પ્રાણી-પદાર્થોનાં શરીરોની ભીતર રહેલા નિર્વિકાર અને અસંગ આત્માને દૃશ્ય અને જડ શરીરોથી ઉપરોક્ત સળીની જેમ દૂર કરી આત્માને, નાશવાન શરીરોથી કે દૃશ્યવર્ગથી જુદો જાણે છે. ઉપરાંત તમામ દૃશ્યવર્ગને અર્થાત્ જડ શરીરોને અધિષ્ઠાનરૂપી આત્મામાં આરોપ તરીકે સમજી તેવા મિથ્યા આરોપનો અધિષ્ઠાનમાં વિલય કરીને માત્ર અદ્વિતીય, અખંડ, અભેદ આત્મામાં જ વિહાર કરતો જીવન ગાળે છે તેને મુક્ત પુરુષ કહેવામાં આવે છે.

નિષ્કર્ષમાં સમજવાનું કે જેની પાસે આત્માનાત્માના વિવેકરૂપી સૂક્ષ્મ બુદ્ધિ હોય છે અને તેવી બુદ્ધિ દ્વારા શ્રદ્ધાયુક્ત થઈ જો તે આત્મતત્ત્વનું સંશોધન કરે છે, તો તેને આ અસાર સંસારમાંથી પણ અમરતાના સાર-સ્વરૂપ આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે. તેવી અમરતામાં વિહાર કરનારનું જ વિષયભ્રમણ નષ્ટ થાય છે. જેવી રીતે વ્યવહારમાં પણ વિવેકી પુરુષને પહાડ અને પર્વતની ખીણોમાં કે પાષાણની ખાણોમાં પથ્થરમાં છૂપાયેલ સોનું, ચાંદી કે હીરા જણાઈ આવે છે, તેવો વિવેકી, પથ્થરને દૂર કરી સોનું, ચાંદી, કીમતી ધાતુ કે હીરાને જ ગ્રહણ કરી પાષાણભ્રમણ અટકાવી સોના-ચાંદી જેવી સમૃદ્ધિમાં વિહાર કરે છે. તે જ પ્રમાણે વિવેકી પુરુષો, પુષ્પોમાં છૂપાયેલા મકરન્દ, તલમાં છૂપાયેલા તેલ અને દૂધમાં સંતાયેલા નવનીતની જેમ સર્વમાં રહેલા આત્માને શોધી કાઢે છે. આમ, સૂક્ષ્મવિવેક વિના નથી વ્યાવહારિક સમૃદ્ધિ કે નથી પારમાર્થિક મુક્તિ.

(છંદ-વસંતતિલકા)

देहोऽयमन्नभवनोऽन्नमयस्तु कोश-
श्चान्नेन जीवति विनश्यति तद् विहीनः ।
त्वक्चर्ममांसरुधिरास्थिपुरीषराशि-
र्नायं स्वयं भवितुमर्हति नित्यशुद्धः ॥१५६॥

अन्नभवनः = અન્નથી ઉત્પન્ન થયેલું
अयम् = આ
देहः = સ્થૂળ શરીર
अन्नमयः कोशः = અન્નમય કોશ છે
अन्नेन = (તે) અન્નથી
जीवति = જીવતું રહે છે.
तद् विहीनः च = અને તેના વગર
विनश्यति तु = વિનાશ પામે છે. પરંતુ
त्वक्-चर्म-मांस-रुधिर-अस्थि-पुरीष-राशिः = સૂક્ષ્મ ચામડી, સ્થૂળ ચામડી, માંસ,લોહી, હાડકાં અને મળના સમૂહ(રૂપી)
अयम् = આ (સ્થૂળ દેહ)
स्वयम् = પોતે
नित्यशुद्धः = નિત્યશુદ્ધ (આત્મા)
भवितुं न अर्हति = હોવાને યોગ્ય નથી.

# પંચકોશ વિવરણ

(શ્લોક ૧૫૬ થી ૨૧૨)

પૂર્વે આત્માનાત્મવિવેક દ્વારા મુક્ત પુરુષ કોણ છે એવું સમજાવ્યું. બંધનથી મુક્ત થવા મુમુક્ષુને વિવેક જ કર્તવ્ય છે અને વિવેક દ્વારા જ દેહથી પોતાના આત્માને છૂટો પાડી, આત્મામાં સ્થિતિ કરવી જોઈએ તેવો સંદેશ અપાઈ ગયો. ત્યારબાદ આવો વિવેક કરવા માટે આત્માને




કેવી રીતે પંચકોશના આવરણથી મુક્ત કરવો તે સમજાવવા માટે અત્રે લગભગ છપ્પન (૫૬)શ્લોક દ્વારા પંચકોશવિવરણ કે વિવેચન કરવામાં આવે છે. જેમાં પ્રથમ અગિયાર(૧૧) શ્લોક દ્વારા સ્થૂળશરીર સાથે સંકળાયેલો અન્નમયકોશ સમજાવવામાં આવે છે અને તે જ રીતે સૂક્ષ્મ અને કારણ શરીરના સંદર્ભમાં પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમયકોશ અને આનંદમયકોશ એવા પાંચેય કોશનો સવિસ્તાર વિચાર કર્યો છે. પ્રસ્તુત શ્લોકના શબ્દાર્થ બાદ અપાયેલ આકૃતિમાં સૌથી ઉપર કે બહાર સ્થૂળ શરીરનો અન્નમયકોશ છે, જે આંખે દૃશ્ય છે. તેની અંદર પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોશ અનુક્રમે જણાવાયા છે અને તે સૌની અંદર કે ભીતરમાં આત્મા કે બ્રહ્મના પ્રતીકરૂપે ૐ દર્શાવાયો છે. પરંતુ સુજ્ઞ મુમુક્ષુએ તો એટલું જ સમજવાનું કે ઉપરોક્ત પાંચ કોશ અસંગ આત્મા ઉપર માત્ર આવરણરૂપે જ છે. એકબીજાની અંદર અર્થાત્ અનુક્રમે તેઓ

એકબીજાથી સૂક્ષ્મ છે, તેવું તાત્પર્ય અત્રે અભિપ્રેત છે. દા.ત. અન્નમયકોશ બહાર અને ઉપર હોવાથી સૌથી સ્થૂળ છે જ્યારે આનંદમયકોશ અનુક્રમે અન્ય કોશોની ભીતર હોવાથી સૌથી સૂક્ષ્મ છે અને આત્મા તો સૂક્ષ્માતિસૂક્ષ્મ છે.

આત્માનાત્મવિવેક પશ્ચાત્ તરત જ ગ્રંથમાં પંચકોશનું વિવરણ આચાર્યશ્રી રજુ કરે છે. તેથી હેતુ સ્પષ્ટ સમજાય છે કે પાંચેય કોશોરૂપી બાહ્ય કે આંતર આવરણ ઉપર વિશદ વિચારણા કરી મુમુક્ષુએ અંતે તો એવા નિષ્કર્ષ ઉપર જ આવવાનું છે કે ઉપરોક્ત પાંચેય કોશોમાંથી મારે કોઈની પણ સાથે ખોટું તાદાત્મ્ય કરી તેમાં આસક્ત થવું જોઈએ નહીં. પરંતુ વિવેકના બળે પંચકોશનું આવરણ દૂર કરી એટલું જ સમજવાનું છે કે હું સ્થૂળ, સૂક્ષ્મ કે કારણ જેવા ત્રણે શરીરો અને તેની સાથે સંકળાયેલા પંચકોશથી ન્યારો અને મુક્ત છું. 'નથી હું પંચકોશ કે નથી તે મારા', આવા નિઃસંદેહ જ્ઞાન દ્વારા જ આત્મજ્ઞાનના પ્રત્યેક પથિકે પોતાના સ્વસ્વરૂપનો સાચો ખ્યાલ મેળવી દેહ અને કોશોના બંધનથી મુક્ત થવાનું છે.

## અન્નમયકોશ

પંચકોશવિવરણનો પ્રારંભ પ્રસ્તુત શ્લોકમાં અન્નમયકોશથી કર્યો છે તે સમજાવતાં જણાવાયું છે કે અન્ન દ્વારા લોહી બને છે અને લોહીમાંથી શુક્રકણો ઉત્પન્ન થાય છે. તેવા શુક્રકણો દ્વારા સ્થૂળદેહની ઉત્પત્તિ થઈ છે. આમ, અન્નથી ઉત્પન્ન થનારો સ્થૂળદેહ જ અન્નમયકોશ તરીકે જણાય છે. એવા નામાભિધાન પાછળ એવી વાસ્તવિકતા છૂપાયેલી છે કે આ સ્થૂળદેહ કે અન્નમયકોશ, અન્ન દ્વારા જ ઉત્પન્ન થાય છે. અન્નના પોષણ દ્વારા જ જીવિત રહે છે અને અન્નના અભાવમાં વિનાશને પ્રાપ્ત થાય છે. માટે તે અન્નમય કહેવાય છે. આવા અન્નમયકોશમાં જે ત્વચા, ચામડી, માંસ, લોહી, હાડકાં, મળ, મૂત્ર, કફ વગેરેનો સમૂહ રહેલો છે

તે જ સ્થૂળદેહ છે. તેથી સ્પષ્ટ છે કે આવા મલિનતાસભર, માંસપિંડના સમૂહને કોઈ પણ વિવેકી ક્યારેય પોતાના નિત્ય, શુદ્ધ કે પવિત્ર આત્મા તરીકે સ્વીકારી શકે નહીં. તેથી આત્મસ્વરૂપને જાણવાની ઈચ્છા રાખનારે કદી દેહના બંધનમાં ફસાવું નહીં કે તેના ભોગમાં આસક્ત થઈ વિષય-વિહારમાં ભટકવું નહીં. પરંતુ મુમુક્ષુએ આત્મવિચારમાં સમય પસાર કરવો.

(છંદ-વસંતતિલકા)

**पूर्वं जनेरपि मृतेरपि नायमस्ति**
**जातः क्षणं क्षणगुणोऽनियतस्वभावः ।**
**नैको जडश्च घटवत् परिदृश्यमानः**
**स्वात्मा कथं भवति भावविकारवेत्ता ॥१५७॥**

**अयं जनेः अपि पूर्वम्** = આ (સ્થૂળ દેહ) જન્મની પહેલાં
**मृतेः अपि** = (અને) મૃત્યુની (પછી) પણ
**न अस्ति** = હોતો નથી.
**क्षणं जातः** = ક્ષણમાં જન્મ્યો છે,
**क्षणगुणः** = ક્ષણિક ગુણવાળો છે,
**अनियतस्वभावः च** = અદૃઢ અથવા પરિવર્તનશીલ સ્વભાવવાળો અને
**न एकः** = અનેક રૂપવાળો છે.
**घटवत् परिदृश्यमानः** = ઘડાની માફક દૃશ્ય પદાર્થ છે.
**जडः** = (તેથી) જડ છે.
**भावविकारवेत्ता** = ભાવ અને વિકારોનો જાણનાર
**स्वात्मा** = પોતાનો આત્મા
**कथं भवति** = (આ દેહ) કેવી રીતે હોઈ શકે?

અન્નમયકોશ એટલે દૃશ્ય, સાકાર તથા જન્મેલું સ્થૂળશરીર,

એવો અર્થ પૂર્વના શ્લોકમાં ઘટાવ્યા બાદ, હવે સમજાવવામાં આવે છે કે જેવી રીતે આંખે ઘડો દૃશ્ય છે અને ઘટદ્રષ્ટા ઘડાથી ભિન્ન, ન્યારો અને જુદો છે; દ્રષ્ટા અને દૃશ્ય વચ્ચે કદી ઐક્ય કે અભેદ હોઈ શકે નહીં; બન્ને વચ્ચે દેશ અને કાળમાં ભૌતિક અંતર હોય છે; માટે જ એક દૃશ્ય, અન્ય દ્રષ્ટા છે; એક જ્ઞેય, બીજો જ્ઞાતા છે; તે જ પ્રમાણે જો સ્થૂળદેહ ઘટવત આપણને દૃશ્ય હોય તો સ્પષ્ટ છે કે દેહનો દ્રષ્ટા આત્મા, તેનાથી અન્ય જુદો અને ન્યારો જ હોવો જોઈએ. તદુપરાંત જેમ ઘડાને જન્મ અને મૃત્યુ છે તેમ દેહને પણ જન્મ અને મૃત્યુ છે, જયારે આત્મા તો અજન્મા અને અવિનાશી છે, તેથી પણ દેહ આત્મા હોઈ શકે નહીં. આવી વિચારણામાં સમજાય છે કે દેહ, જન્મપૂર્વે નહોતો અને મૃત્યુ પછી રહેવાનો નથી. આમ, દેહનો અભાવ સર્જાય છે, જયારે આત્માનો કોઈ પણ કાળે અભાવ હોતો નથી. અર્થાત્ તે તો ત્રણે કાળે અસ્તિત્વમાં હોય છે જ. આમ હોવાથી, નિત્ય રહેનારો અને ત્રણે કાળના સાક્ષી જેવો અભાવમુક્ત આત્મા, દેહ કઈ રીતે હોઈ શકે? શરીર તો જન્મ અને મૃત્યુની વચ્ચે માત્ર વર્તમાન-કાળમાં જ જીવે છે, માટે તેને સમયનું બંધન છે અને સાકાર હોવાથી તે એક સ્થળે જન્મી અન્ય સ્થળે મૃત્યુ પામે છે, તેથી દેહને દેશનું પણ બંધન છે. જયારે આત્મા તો દેશ-કાળના બંધનથી મુક્ત છે. આમ હોવાથી, શાશ્વત આત્મા કદાપિ ક્ષણજીવી દેહ હોઈ શકે નહીં. દેહમાં ષડ્વિકાર છે, પરિવર્તન છે, શૈશવ, બાલ્ય, યુવાન, પ્રૌઢ, વૃદ્ધાવસ્થા અને પુનર્જન્મ જેવી પરિવર્તનની અવસ્થાઓ છે. **अस्ति, जायते, वर्धते, विपरिणमते, अपक्षीयते** અને **विनश्यति** જેવા વિકારો છે. જયારે આત્મા તો અપરિવર્તનશીલ, અવિકારી અને ઉપરોક્ત વિકારોનો જ્ઞાતા છે, તેથી તે જ્ઞેય દેહ કોઈ પણ સંજોગોમાં થઈ શકે નહીં. આવા વિવેકરૂપી શસ્ત્ર દ્વારા અને સ્મૃતિ-શ્રુતિ જેવા શાસ્ત્રની કૃપા દ્વારા જ મુમુક્ષુએ દેહના બંધનથી છૂટવા સમર્થ બનવું જોઈએ.

(છંદ–અનુષ્ટુપ)

**पाणिपादादिमान् देहो नात्मा व्यङ्गेऽपि जीवनात् ।**
**तत्तच्छक्तेरनाशाच्च न नियम्यो नियामकः ॥१५८॥**

**पाणिपादादिमान्** = હાથ-પગ વગેરેવાળો
**देहः** = (સ્થૂળ) દેહ
**आत्मा न** = આત્મા નથી.
**व्यङ्गे अपि** = ખોડખાંપણ હોય તો પણ
**जीवनात्** = (તેમાં) પ્રાણની ચેષ્ટા ચાલુ રહે છે.(અને)
**तत् तत् शक्तेः अनाशात् च** = તે તે અવયવની ચેતનશક્તિનો નાશ થતો નથી.
**नियम्यः** = (આ દેહ) નિયમ્ય છે.
**न नियामकः** = શાસક નથી.

હાથ, પગ વગેરે અંગોવાળો દેહ નિયમ્ય છે અને આત્મા તો અનેક અંગોવાળા શરીરનો નિયામક છે. પૂર્વે જોયું કે જેમ દ્રષ્ટા, દશ્ય નથી કે જ્ઞેય, જ્ઞાતા નથી તેમ અત્રે સમજવું કે આત્મા તો શરીરના અંગો, અવયવો, વાણી, મન કે બુદ્ધિનો નિયંતા, નિયંત્રણ કરનારો કે શરીરરૂપી પુર કે નગરમાં રહેનારા રાજા જેવો નિયામક છે. તેથી ઈન્દ્રિય કે અવયવ જેવો નિયમ્ય તે હોઈ શકે નહીં. આત્મા શરીરનું કોઈ અંગ પણ હોઈ શકે નહીં. જો આત્મા શરીરનું કોઈ અંગ કે કોઈ વિશેષ ઈન્દ્રિયરૂપે હોય તો, અંગ કપાઈ જતાં કે ઈન્દ્રિયનો ક્ષય થતાં આત્માનો પણ વિનાશ થવો જોઈએ. પરંતુ તેવું ન થવાથી ખાત્રી થાય છે કે આત્મા કોઈ પણ ઈન્દ્રિય કે અંગ તો નથી જ અને ઈન્દ્રિય કે અવયવના ક્ષયમાં પણ આત્માનો અભાવ થતો નથી. આમ હોવાથી, આત્મા ઈન્દ્રિય કે અવયવને આધીન પણ હોઈ શકે નહીં. અગર દેહના આધારે પણ આત્માનું અસ્તિત્વ સાબિત થઈ શકે નહીં. ઊલટું આત્મા તો સર્વે અંગો, ઈન્દ્રિયો અને દેહને સત્તા અને સ્ફૂર્તિ પ્રદાન કરનાર છે. તેમનો આશ્રિત નહીં, પરંતુ આધાર કે અધિષ્ઠાન છે.

(છંદ-અનુષ્ટુપ)

**देहतद्धर्मतत्कर्म तदवस्थादिसाक्षिणः ।**
**सत एव स्वतः सिद्धं तद्वैलक्षण्यमात्मनः ॥१५९॥**

| | |
|---|---|
| **देह–** | = સ્થૂળ શરીર, |
| **तद्–धर्म–** | = તેનાં ધર્મો, |
| **तद्–कर्म–** | = તેનાં કર્મ, |
| **तद्–अवस्थादि–साक्षिणः** | = અને તેની અવસ્થાઓના સાક્ષી |
| **सतः आत्मनः** | = સતસ્વરૂપ આત્માનું |
| **तद् वैलक्षण्यम्** | = તેનાથી જુદાપણું |
| **स्वतः एव सिद्धम्** | = એની મેળે જ (કોઈ પણ પ્રમાણ વિના) સિદ્ધ થાય છે. |

ઉપરોક્ત ત્રણ શ્લોકની ચર્ચાનો સાર જણાવતા જણાવાયું છે કે દેહ અને જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ કે વિકારોરૂપી દેહના ધર્મો તથા જોવું, સાંભળવું, સ્વાદ લેવો, સૂંઘવું, શ્વાસ લેવો, પાચન કરવું, મળમૂત્રનું વિસર્જન કરવું વગેરે જેવા દેહના કર્મો તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવી દેહની અવસ્થાઓનો આત્મા સાક્ષી છે. માટે શાસ્ત્રોમાં તેને અવસ્થાત્રયસાક્ષી કહેવાય છે અને પ્રસ્તુત શ્લોકમાં પણ '**अवस्थादि साक्षिणः**' એવી રીતે ઉલ્લેખ કરાયેલો છે. તેથી સ્પષ્ટ થાય છે કે સાક્ષી અને સાક્ષ્ય બન્ને એક હોઈ શકે નહીં. આમ હોવાથી દેહ, તેના ધર્મો, કર્મો કે અવસ્થાઓથી આત્મા ભિન્ન, ન્યારો કે વિલક્ષણ છે, તેવું સ્વતઃ સિદ્ધ થાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**कुल्यराशिर्मांसलिप्तो मलपूर्णोऽतिकश्मलः ।**
**कथं भवेदयं वेत्ता स्वयमेतद्विलक्षणः ॥१६०॥**

**कुल्यराशिः** = હાડકાંનો ઢગલો
**मांसलिप्तः** = માંસથી લીંપાયેલો,
**मलपूर्णः** = મળ-મૂત્રથી ભરેલો,
**अतिकश्मलः** = (અને) અતિમલિન
**अयम्** = આ (દેહ)
**एतद् विलक्षणः स्वयम्** =એનાથી (દેહથી) જુદાં જ લક્ષણવાળો
**वेत्ता** = એને(દેહને) જાણનારો(આત્મા)
**कथं भवेत्** = કેવી રીતે બની શકે?

(છંદ-ઉપજાતિ)

**त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशा-**
**वहंमतिं मूढजनः करोति ।**
**विलक्षणं वेत्ति विचारशीलो**
**निजस्वरूपं परमार्थभूतम् ॥१६१॥**

**त्वङ्-मांस-मेदः-** = ચામડી, માંસ, મેદ,
**अस्थिपुरीषराशौ** = હાડકાં ને વિષ્ટાના ઢગલામાં
**मूढजनः** = મૂઢ માણસ
**अहं-मतिं करोति** = 'હું' બુદ્ધિ કરે છે.
**विचारशीलः** = (જ્યારે) વિચારશીલ (મનુષ્ય)
**परमार्थभूतम्** = પારમાર્થિક સત્ય (એવા)
**निजस्वरूपं विलक्षणम्** = પોતાના સ્વરૂપને (તેનાથી) વિલક્ષણ
**वेत्ति** = જાણે છે.

દેહથી આત્માની વિલક્ષણતા જણાવી હવે બે શ્લોક દ્વારા વિચારશીલ પુરુષ કેવી રીતે પોતાનું નિજસ્વરૂપ યથાર્થ રીતે દેહથી જુદું પાડી, સમજે છે તે જણાવતાં દર્શાવ્યું છે કે હાડકાંના સમૂહ જેવો, માંસથી લિપ્ત થયેલો કે લીંપાયેલો, મળ-મૂત્ર જેવી ગંદકીથી સભર છતાં ત્વચાના બાહ્યાવરણથી ઢંકાયેલા અપવિત્ર દેહમાં, વિવેકી કે વિચારશીલ એવો હું, મૂઢ માણસની જેમ શા માટે આત્મબુદ્ધિ કરું? મારા આત્મવિચારમાં તો નથી હું દેહ કે નથી તે મારો. હું તો દેહના અહંભાવ, મમભાવથી ન્યારો અને તેના તાદાત્મ્યથી વિલક્ષણ તથા અસંગ છું.

(છંદ-ઉપજાતિ)

देहोऽहमित्येव जडस्य बुद्धि-
देहे च जीवे विदुषस्त्वहंधीः ।
विवेकविज्ञानवतो महात्मनो
ब्रह्माहमित्येव मतिः सदात्मनि ॥१६२॥

| | |
|---|---|
| **देहः एव अहम्** | = સ્થૂળ શરીર જ 'હું' છું |
| **इति बुद्धिः** | = એવી બુદ્ધિ |
| **जडस्य** | = જડ મનુષ્યની હોય છે. |
| **देहे जीवे च तु** | = દેહ અને જીવમાં |
| **अहं धीः** | = 'હું' બુદ્ધિ |
| **विदुषः** | = પંડિતની હોય છે. |
| **विवेकविज्ञानवतः** | = (પણ) વિવેકવિજ્ઞાનવાળા |
| **महात्मनः** | = મહાત્માની |
| **सत् आत्मनि** | = સદ્રૂપ આત્મામાં |
| **अहं ब्रह्म एव** | = 'હું બ્રહ્મ જ છું' એવી |
| **मतिः** | = મતિ હોય છે. |

અન્નમય કોશના વિવેચનના પ્રથમ છ શ્લોકનો નિષ્કર્ષ જણાવતાં હવે કહે છે કે, જે કોઈ શાસ્ત્રના શ્રવણથી કે તેની કૃપાપ્રસાદથી વંચિત છે તેવો, સ્થૂળ કે જડ બુદ્ધિવાળો એવી ભ્રાંતિમાં છે કે, 'દેહ એ જ હું છું.' આવા ભ્રાંત પુરુષને કનિષ્ઠ અધિકારી તરીકે ઓળખવામાં કોઈ જ આપત્તિ હોઈ શકે નહીં. જ્યારે શાસ્ત્રનો પારંગત વિદ્વાન દેહ તથા જીવમાં 'અહં'બુદ્ધિવાળો હોય છે. તેથી એવું માને છે કે 'હું દેહવાળો જીવ છું.' આમ, જીવ અને દેહ બન્નેને પોતાનું સ્વરૂપ માને છે, તેવાને મંદ અધિકારી તરીકે ઓળખી શકાય. જ્યારે કોઈ વિરલ મહાત્મા જે વિવેક દ્વારા આત્મજ્ઞાનસંપન્ન વિજ્ઞાનવાળો હોય છે, તે દૃઢતાથી માને છે કે 'બ્રહ્મ એ જ હું છું' અગર 'હું બ્રહ્મ જ છું', તેવી બ્રહ્મબુદ્ધિમાં રમણ કરનારો

સદા સર્વદા આત્મામાં જ સન્નિષ્ઠ હોય છે. તેવાને ઉત્તમ અધિકારીનું બિરુદ આપવામાં અતિશયોક્તિ જેવું કંઈ જ નથી. આ પ્રમાણે અત્રે મૂઢ, સામાન્ય અને ઉત્તમ અધિકારીની સ્થૂળ, સામાન્ય અને સૂક્ષ્મબુદ્ધિનું નિરૂપણ છ શ્લોકના તાત્પર્યાર્થે કરેલું છે.

(છંદ-ઉપજાતિ)

**अत्रात्मबुद्धिं त्यज मूढबुद्धे**
**त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशौ ।**
**सर्वात्मनि ब्रह्मणि निर्विकल्पे**
**कुरुष्व शान्तिं परमां भजस्व ॥१६३॥**

**मूढबुद्धे** = હે મૂઢબુદ્ધિવાળા!
**अत्र** = આ
**त्वङ्-मांस-मेदः-अस्थि-पुरीषराशौ** = ચામડી, માંસ,મેદ,હાડકાં ને વિષ્ટાના ઢગલામાં
**आत्मबुद्धिम्** = આત્મબુદ્ધિનો
**त्यज** = ત્યાગ કર. (અને)
**सर्वात्मनि** = સર્વમાં આત્મારૂપ રહેલા
**निर्विकल्पे** = નિર્વિકલ્પ
**ब्रह्मणि** = બ્રહ્મમાં
**कुरुष्व** = (આત્મબુદ્ધિ) કર.(અને)
**शान्तिं परमाम्** = ઉત્કૃષ્ટ શાન્તિ
**भजस्व** = પ્રાપ્ત કર.

(છંદ-ઉપજાતિ)

**देहेन्द्रियादावसति भ्रमोदितां**
**विद्वानहंतां न जहाति यावत् ।**

तावन्न तस्यास्ति विमुक्तिवार्ता-
ऽप्यस्त्वेषवेदान्तनयान्तदर्शी ॥१६४॥

| | |
|---|---|
| यावत् | = જ્યાં સુધી |
| विद्वान्-असति | = વિદ્વાન, મિથ્યા એવા |
| देहेन्द्रियादौ | = દેહ અને ઇન્દ્રિયો વગેરેમાં |
| भ्रमोदिताम् | = ભ્રાન્તિથી ઉદય પામેલ |
| अहंताम् | = 'હું' પણાને |
| न जहाति | = છોડતો નથી. |
| तावत् | = ત્યાં સુધી |
| एषः | = આ(વિદ્વાન) |
| वेदान्त-नयान्तदर्शी | = વેદાન્ત-શાસ્ત્રનો જાણકાર |
| अपि अस्तु | = ભલે હોય (છતાં) |
| तस्य | = તેના |
| विमुक्ति-वार्ता | = મોક્ષની વાત(પણ) |
| न अस्ति | = (સંભવતી) નથી. |

હવેના બે શ્લોક ઉપદેશાત્મક છે. તે દ્વારા જણાવાયું છે કે 'હે મૂઢમતે! શા માટે તું ચામડી, માંસ, મેદ, હાડકાં અને મળ-મૂત્રના સમૂહરૂપી આ દેહમાં આત્મબુદ્ધિ કરીને અગર દેહતાદાત્મ્યથી 'દેહ જ હું છું', એવી બુદ્ધિ દ્વારા આસક્ત થયો છે? અરે! દેહાત્મબુદ્ધિનો ત્યાગ કરી, શરીરમાં રહેલા જીવાત્માને જ નિર્વિકલ્પ બ્રહ્મ સમજી, તેવા બ્રહ્મમાં જ આત્મબુદ્ધિ કરી, પરમ શાંતિને પ્રાપ્ત કર. પરમ શાંતિરૂપી મોક્ષનું જ ચિંતન કર અને યાદ રાખ, કે જ્યાં સુધી અસત દેહ અને ઇન્દ્રિયોમાં ભ્રાંતિથી ઉત્પન્ન થયેલા અહંકારનો ત્યાગ થતો નથી ત્યાં સુધી કોઈ ગમે એવો વિદ્વાન કે વેદાન્તશાસ્ત્રનો પારંગત હોય, છતાં પણ તેને મુક્તિનો સંભવ હોતો નથી. આમ, દેહાત્મબુદ્ધિનો આત્યંતિક નાશ કરી, 'હું નિર્વિકલ્પ

બ્રહ્મ છું', એવું નિઃસંદેહ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું, તે જ મુક્તિ કે મોક્ષ કહેવાય છે.

(છંદ-ઉપજાતિ)

**छायाशरीरे प्रतिबिम्बगात्रे**
**यत्स्वप्नदेहे हृदि कल्पिताङ्गे ।**
**यथात्मबुद्धिस्तव नास्ति काचित्**
**जीवच्छरीरे च तथैव माऽस्तु ॥१६५॥**

| | |
|---|---|
| **यथा** | = જેવી રીતે |
| **छायाशरीरे** | = સ્થૂળશરીરના પડછાયામાં, |
| **प्रतिबिम्बगात्रे** | = (દર્પણમાં) પ્રતિબિંબિત થયેલા શરીરમાં, |
| **यत् स्वप्नदेहे** | = સ્વપ્નના શરીરમાં |
| **हृदि कल्पिताङ्गे** | = (અને) મનમાં કલ્પેલા શરીરમાં |
| **तव** | = તને |
| **काचित्** | = જરા પણ |
| **आत्मबुद्धिः** | = આત્મબુદ્ધિ ('હું'પણું) |
| **न अस्ति** | = થતી નથી. |
| **तथा एव** | = તેવી જ રીતે |
| **जीवत् शरीरे च** | = જીવતા સ્થૂળ શરીરમાં પણ |
| **मा अस्तु** | = ન હોવી જોઈએ. |

## આશીર્વચન

સદ્‌ગુરુ શિષ્યને આશીર્વચન પાઠવતા તેમજ તેને પ્રોત્સાહિત કરતા જણાવે છે કે, જેવી રીતે શરીરના પડછાયામાં કે પાણીમાં પડેલા દેહના પ્રતિબિંબમાં તથા સ્વપ્નમાં દેખાતા કાલ્પનિક શરીરમાં કે જે માત્ર મનનું પ્રક્ષેપણ છે તેવા, કોઈ પણ ભ્રાંત શરીરમાં તને આત્મબુદ્ધિ થતી નથી. અર્થાત્ છાયા, પ્રતિબિંબ કે સ્વપ્ન શરીર 'તે હું છું' તેવું તે કદી માનતો નથી. એ જ પ્રમાણે આ જીવતા સ્થૂળ દેહમાં પણ તને કદાપિ

આત્મબુદ્ધિ પ્રાપ્ત ન થાઓ અને તેવા શરીરતાદાત્મ્યથી તું કદી બંધનમાં પડી દુઃખી ન થાઓ.

(છંદ-ઉપજાતિ)

**देहात्मधीरेव नृणामसद्धियां**
**जन्मादिदुःखप्रभवस्य बीजम् ।**
**यतस्ततस्त्वं जहि तां प्रयत्नात्**
**त्यक्ते तु चित्ते न पुनर्भवाशा ॥१६६॥**

| | | | |
|---|---|---|---|
| **यतः** | = કારણકે | **ताम्** | = તેનો(દેહમાં આત્મબુદ્ધિનો) |
| **असद्धियाम्** | = ખોટી બુદ્ધિવાળા | **प्रयत्नात्** | = પ્રયત્નથી |
| **नृणाम्** | = મનુષ્યોની | **जहि** | = ત્યાગ કર. |
| **देहात्मधीः एव** | = સ્થૂળશરીરમાં આત્મબુદ્ધિ જ | **तु** | = કેમકે |
| **जन्मादिदुःखप्रभवस्य** | = જન્મ, મરણ વગેરે દુઃખોની ઉત્પત્તિનું | **त्यक्ते चित्ते** | = ચિત્તથી (તેનો) ત્યાગ થતાં |
| **बीजम्** | = કારણ છે. | **पुनर्भव–आशा** | = ફરીથી જન્મ લેવાની આશા |
| **ततः त्वम्** | = માટે તું | **न** | = રહેશે નહીં. |

## દેહાત્મબુદ્ધિત્યાગનું ફળ

અન્નમયકોશનું વિવેચન પૂર્ણ કરતા ઉપસંહારમાં અત્રે આચાર્યશ્રી જણાવે છે કે દેહાત્મબુદ્ધિ અગર 'દેહ હું છું', તેવો નિર્ણય સૌ કોઈને થતો નથી. પરંતુ દુર્બુદ્ધિવાળાને અગર આત્મા-અનાત્માના વિવેકના અભાવમાં જેની કુમતિ છે તેવા મનુષ્યોને જ, જડ શરીરમાં આત્મબુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તેવી દેહાત્મબુદ્ધિ જ તેવા અવિવેકી માટે જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ જેવા દુઃખનું કારણ બને છે. એટલું જ નહીં, પરંતુ દેહાત્મબુદ્ધિ જ જન્મ-મૃત્યુરૂપી સંસારનું બીજ પણ કહેવાય છે. માટે હે શિષ્ય! તું દેહાત્મબુદ્ધિનો વિલંબ વિના દૃઢ પુરુષાર્થપૂર્વક ત્યાગ કર. જો તું તારા વિવેકી ચિત્ત દ્વારા 'હું શરીર છું', તેવી બુદ્ધિનો ત્યાગ કરી શકીશ,

તો તેવા ત્યાગથી નિશ્ચિત તું પુનર્જન્મના ચક્રને અટકાવી શકીશ અને મૃત્યુના મુખમાં પડતો બચી જઈશ. એ તો ઠીક, પરંતુ દેહાત્મબુદ્ધિનો નાશ થતાં જો તું સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા સર્વત્ર આત્મસ્વરૂપનું દર્શન કર્યા કરીશ, તો તેવા સર્વાત્મદર્શનથી તું સ્વયં આત્મસ્વરૂપ થઈ આત્મનિષ્ઠ થઈ શકીશ.

(છંદ-ઈન્દ્રવજ્રા)

**कर्मेन्द्रियैः पञ्चभिरञ्चितोऽयं**
**प्राणो भवेत् प्राणमयस्तु कोशः ।**
**येनात्मवानन्नमयोऽन्नपूर्णः**
**प्रवर्ततेऽसौ सकलक्रियासु ॥१६७॥**

| | | | |
|---|---|---|---|
| **पञ्चभिः** | = પાંચ | **येन आत्मवान्** | = જેનાથી આત્મવાન (ચેતનવંતો) થઈને |
| **कर्मेन्द्रियैः अञ्चितः** | = કર્મેન્દ્રિયો સહિત | **असौ अन्नपूर्णः** | = આ અન્નથી ભરેલો |
| **अयम्** | = આ | | |
| **प्राणः तु** | = પ્રાણ જ | **अन्नमयः** | = અન્નમય કોશ |
| **प्राणमयः कोशः भवेत्** | = પ્રાણમય કોશ થાય છે. | **सकलक्रियासु** | = બધી ક્રિયાઓમાં |
| | | **प्रवर्तते** | = પ્રવૃત્ત થાય છે. |

(છંદ-મત્તમયૂરી)

**नैवात्मायं प्राणमयो वायुविकारो**
**गन्ताऽऽगन्ता वायुवदन्तर्बहिरेषः ।**
**यस्मात् किञ्चित्क्वापि न वेत्तीष्टमनिष्टं**
**स्वं वान्यं वा किञ्चन नित्यपरतन्त्रः ॥१६८॥**

| | |
|---|---|
| **एषः** | = આ |
| **वायुवत्** | = વાયુની જેમ |
| **अन्तः बहिः** | = અંદર અને બહાર |
| **गन्ता आगन्ता** | = જવા અને આવવાવાળો |

| | |
|---|---|
| **वायुविकारः** | = પવનનો વિકાર હોવાથી |
| **अयं प्राणमयः** | = આ પ્રાણમયકોશ |
| **आत्मा न एव** | = આત્મા નથી જ. |
| **यस्मात्** | = કારણ કે (તે) |
| **क्व अपि किञ्चित्** | = ક્યાંય પણ, કંઈ પણ |
| **इष्टं अनिष्टम्** | = ઈષ્ટ-અનિષ્ટ |
| **न वेत्ति** | = જાણતો નથી, |
| **स्वं अन्यं वा किञ्चन वा** | = પોતાનું કે પારકું એવું કાંઈ જાણતો નથી |
| **नित्य--परतन्त्रः** | = (વળી) નિત્ય પરતંત્ર છે. |

## પ્રાણમયકોશ

અન્નમયકોશ પશ્ચાત્ બે શ્લોક દ્વારા પ્રાણમયકોશના વિવેચનનો પ્રારંભ કરવામાં આવે છે.

પાંચ કર્મેન્દ્રિયો અર્થાત્ વાણી, હાથ, પગ, ગુદા અને શિશ્ન તથા પ્રાણ, વ્યાન, ઉદાન, સમાન અને અપાન જેવા પાંચ પ્રાણ વગેરેના સમૂહને પ્રાણમયકોશ કહેવામાં આવે છે. આ પ્રાણમયકોશ જ્યારે અન્નમયકોશથી ઉત્પન્ન થયેલા સ્થૂળ અને જડ શરીર સાથે જોડાય છે ત્યારે ક્રિયાશૂન્ય જડ દેહ ચેતનયુક્ત થઈ, સર્વ ક્રિયાઓમાં પ્રવૃત્ત થાય છે. આમ, પ્રાણમયકોશનું મુખ્ય કાર્ય, દેહને ક્રિયાશીલ બનાવી તેને ચેતનવંતુ કરવાનું છે. તદુપરાંત સ્થૂળદેહ દ્વારા આરોગવામાં આવેલું અન્ન પચાવીને તેને અવયવોમાં પહોંચાડવાનું અને મળત્યાગ કરવાનું વિશેષ કાર્ય પણ પ્રાણમયકોશની મદદથી જ થાય છે. માટે જ કહ્યું છે કે પ્રાણમયકોશ જડ શરીરને ક્રિયાશીલ અને ચેતનવંતુ કરે છે. તેમ છતાં સમજવાનું કે પ્રાણમયકોશ વાયુનો વિકાર છે, શરીરની અંદર અને બહાર આવાગમન કર્યા કરે છે. સુષુપ્તિમાં જ્યારે અવયવો, મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો આરામ કરે છે ત્યારે પણ પ્રાણ જાગે છે અને શરીરમાં આવ-જા કર્યા કરે છે. તેમ છતાં તે સુષુપ્તિમાં કોઈ પણ પદાર્થનું જ્ઞાન ધરાવતો નથી. જો રાત્રે ચોર આવે

અને ચોરી થઈ જાય તો પ્રાણ હાજર હોવા છતાં પણ ચોર કેટલો માલસામાન ચોરી ગયો તેનું જ્ઞાન પ્રાણને હોતું નથી. તદુપરાંત પ્રાણ સારું-નરસું કે હિતાહિતનું કોઈ પણ પ્રકારનું જ્ઞાન ધરાવતો નથી. આમ જોતાં, પ્રાણમયકોશ જ્ઞાનસ્વરૂપ નથી. તે વાયુનો વિકાર છે અને પરતંત્ર છે. તેથી કોઈ પણ હિસાબે તે આત્મા હોઈ શકે નહીં. આવો વિવેક સમજી, મુમુક્ષુએ પ્રાણમયકોશને આત્મા માની ખોટા બંધનમાં પડવું નહીં.

(છંદ–વસંતતિલકા)

**ज्ञानेन्द्रियाणि च मनश्च मनोमयः स्यात्**
**कोशो ममाहमिति वस्तुविकल्पहेतुः ।**
**संज्ञादिभेदकलनाकलितो बलीयान्**
**तत्पूर्वकोशमभिपूर्य विजृम्भते यः ॥१६६॥**

| | |
|---|---|
| **ज्ञानेन्द्रियाणि** | = જ્ઞાનેન્દ્રિયો |
| **मनः च** | = અને મન (મળીને) |
| **मनोमयः** | = મનોમયકોશ |
| **स्यात्** | = બને છે. |
| **संज्ञादिभेदकलनाकलितः च** | = (દરેક વસ્તુમાં) નામ વગેરે ભેદની કલ્પના તથા |
| **'अहं मम' इति** | = 'હું અને મારું' એવી રીતે |
| **वस्तुविकल्प–हेतुः** | = વસ્તુના વિચારનું કારણ |
| **कोशः** | = (મનોમય) કોશ છે. |
| **तत् पूर्वकोशं अभिपूर्य** | = પૂર્વના કોશને વશમાં રાખનારો (હોવાથી) |
| **बलीयान् यः** | = તે વધારે બળવાન |
| **विजृम्भते** | = જણાય છે. |

## મનોમયકોશ

અન્નમય અને પ્રાણમયકોશ પર વિવેચન કર્યા બાદ તે બન્નેથી સૂક્ષ્મ, મનોમયકોશ પર વિચાર કરવાનો પ્રારંભ થાય છે.

પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન, ભેગા મળીને મનોમયકોશ રચાય છે. આ 'હું' અને 'મારું' એવા અહંભાવ કે મમભાવનો વિચાર કે કલ્પના, મનોમયકોશ દ્વારા થાય છે. તદુપરાંત, દેખાતા તમામ પદાર્થો કે વસ્તુઓ વચ્ચેનો ભેદ જાણવા માટે જુદા જુદા નામોની કલ્પના કરવી, એ પણ મનોમયકોશનું કાર્ય છે. આમ જોતાં, મન જ ભેદ સર્જી ભેદદૃષ્ટિ પેદા કરે છે અને વ્યક્તિને દ્વૈતદૃષ્ટિ આપી રાગ-દ્વેષમાં નાંખે છે. તેથી અન્નમય અને પ્રાણમયકોશથી વધુ બળવાન અને બન્ને કોશને વશમાં રાખનારો આ મનોમયકોશ પ્રાણમયકોશની ભીતર અર્થાત્ તેનાથી સૂક્ષ્મ છે.

(છંદ-ઉપજાતિ)

**पञ्चेन्द्रियैः पंचभिरेव होतृभिः**
**प्रचीयमानो विषयाज्यधारया ।**
**जाज्वल्यमानो बहुवासनेन्धनै-**
**र्मनोमयाग्निर्दहति प्रपञ्चम् ॥१७०॥**

**पञ्चेन्द्रियैः** = પાંચ જ્ઞાનેન્દ્રિયોરૂપી
**पञ्चभिः एव होतृभिः** = પાંચ હોમ કરનારાઓ વડે જ
**विषयाज्यधारया** = શબ્દાદિ વિષયોરૂપી ઘીની ધારાથી
**प्रचीयमानः** = સળગતો (અને)
**बहुवासना-इन्धनैः** = અનેક વાસનાઓરૂપી બળતણથી
**जाज्वल्यमानः** = પ્રજ્વલિત થતો
**मनोमयः अग्निः** = મનોમયકોશરૂપી અગ્નિ
**प्रपञ्चं दहति** = સંસારને બાળે છે.

આ મનોમયકોશ જ વ્યક્તિમાં કામાગ્નિ, ક્રોધાગ્નિ અને વિષયાગ્નિ પ્રજ્વલિત કરી તેને નિત્ય બાળે છે, સતત ચિંતાયુક્ત રાખે છે, અજંપો પેદા કરે છે અને ચિત્તની ચંચળતા વધારી સતત, નિરંતર વ્યક્તિને ક્રિયાશીલ રાખે છે. માટે જ મનોમયકોશને પ્રસ્તુત શ્લોકમાં અગ્નિની

ઉપમા આપી છે.

મનોમયકોશ એ અગ્નિ છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો એ અગ્નિમાં હોમ કરનારા હોતાઓ છે. શબ્દાદિ પાંચ વિષયો એ અગ્નિમાં હોમવાની ઘીની પાંચ ધારા સમાન છે અને અનંત કામના કે વાસનાઓ ઈંધણ કે લાકડાંઓ છે, જેના દ્વારા મનોમયકોશરૂપી અગ્નિ નિત્ય પ્રદીપ્ત અને પ્રજવલિત રહે છે. આમ, નિત્ય નવી વાસનાઓ મનોમયકોશરૂપી અગ્નિને ભભકતો રાખી, આખા સંસારને તેની દાહકતાથી દુઃખી કરે છે. મનમાં ઉદ્‌ભવેલી ઇચ્છા અધૂરી હોય ત્યાં સુધી અપૂર્ણતાની આગ અંતરમાં બળતી રહે છે. ઇચ્છાપૂર્તિ માટે જ્યારે મનુષ્ય પ્રયત્નશીલ થાય છે, ત્યારે પરિશ્રમના અને થાકના દુઃખથી તે દાઝે છે. પ્રારબ્ધયોગે ભોગ્યપદાર્થની પ્રાપ્તિ થાય તો તેના ક્ષણિક સુખનો વિયોગ થતાં પુનઃ દાઝે છે. વિષયસુખની ભ્રાંતિથી ઠગાયેલો મનુષ્ય વારંવાર ભોગસુખને પ્રાપ્ત કરવા ઇચ્છે છે,તેથી મનરૂપ વહ્નિ તેને નિરંતર, નિશદિન બાળતો રહે છે. માટે મનોમયકોશને નિત્ય સળગતા અને સંસારને સળગાવતા અગ્નિ જેવો કહ્યો છે.

(છંદ–ઉપજાતિ)

**न ह्यस्त्यविद्या मनसोऽतिरिक्ता**
**मनो ह्यविद्या भवबन्धहेतुः ।**
**तस्मिन् विनष्टे सकलं विनष्टं**
**विजृम्भितेऽस्मिन्सकलं विजृम्भते ॥१७१॥**

**मनसः** = મનથી
**अतिरिक्ता** = જુદી
**हि अविद्या न अस्ति** = ખરેખર અવિદ્યા નથી
**मनः** = મન
**हि** = જ
**भवबन्धहेतुः** = સંસારબંધનનું કારણ

| | |
|---|---|
| **अविद्या** | = અવિદ્યા છે. |
| **तस्मिन् विनष्टे** | = મનના નાશમાં |
| **सकलं विनष्टम्** | = બધું નાશ પામે છે (અને) |
| **अस्मिन्** | = એના |
| **विजृम्भिते** | = ભાસવાથી |
| **सकलं विजृम्भते** | = આ બધું ભાસે છે. |

મનોમયકોશનું પ્રતિનિધિત્વ કરનારું મન કેવી રીતે સંસારનું બંધન ઊભું કરે છે? કઈ રીતે મનોકલ્પિત બંધનથી મુક્ત થઈ શકાય? શા માટે મનને બંધન અને મુક્તિનું કારણ કહેવામાં આવે છે? મનની શુદ્ધિ વિના મુક્તિ કેમ શક્ય નથી તથા મુમુક્ષુએ મનના બંધનથી કઈ રીતે છૂટવું? વગેરેનું વર્ણન હવે પંદર શ્લોક દ્વારા કરવામાં આવ્યું છે.

આચાર્યશ્રી મનના સંદર્ભમાં જણાવે છે કે આત્મ-અજ્ઞાન કે આત્મસ્વરૂપને ન જણાવનારી મનની ભ્રાંતિથી અગર આત્માને શરીર તરીકે ઓળખનારી મનોભ્રાંતિથી જે અવિદ્યા ઉત્પન્ન થાય છે તે અવિદ્યા કે સ્વરૂપનું અજ્ઞાન જ મન છે. તેવી અવિદ્યા મનથી અતિરિક્ત કે સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવતી નથી. **न हि अस्ति अविद्या मनसः अतिरिक्ता ।** એવું ગ્રંથમાં કહેલું છે: તદુપરાંત શ્લોકમાં આગળ કહ્યું છે કે **मनः हि अविद्या भवबन्धहेतुः ।** 'મન એ જ સંસારરૂપી બંધનનું કારણ છે.' તે ઉપરથી સમજાય છે કે મનની ભ્રાંતિથી જ 'હું દેહ છું', તેવું કલ્પાય છે અને તેવી કલ્પના દ્વારા જ પંચકોશરૂપી આવરણથી આત્મા આચ્છાદિત થયેલો જણાય છે. એ તો ઠીક, પરંતુ આવા આવરણને સત્ય માનવાથી જ અન્નમયકોશ જેવા સ્થૂળ શરીરની પુષ્ટિ માટે, શરીરના સુખભોગ માટે મનુષ્ય જીવનભર ક્રિયાશીલ રહે છે અને તેથી ક્રિયાઓ કે કર્મમાંથી જ સુખ-દુ:ખનો સંસાર ઊભો થાય છે. ઉપરાંત શરીરના સુખભોગ માટે કે તેની પુષ્ટિ માટે કરવામાં આવતા અનેકાનેક કર્મોનું ફળ ભોગવવા માટે, જીવાત્માને દેહપાત બાદ પણ નવો દેહ ધારણ કરી, અધૂરાં રહેલાં કર્મ-ફળની ઇચ્છાને તૃપ્ત કરવા પુનર્જન્મ

લેવો પડે છે. જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ જેવી દુઃખદ પરિસ્થિતિમાં પ્રવેશવા માટે અંધારા ગર્ભની કાળી કોટડીમાં મળમૂત્ર વચ્ચે પુરાવું પડે છે અને અંતે તો જન્મમૃત્યુના દુષ્કર ચક્રમાં પતન પામી, પરાધીન થઈ સંસારચક્રે ચઢવું પડે છે. આને જ મનની ભ્રાંતિને લીધે ઉત્પન્ન થયેલું જન્મમૃત્યુરૂપી કે ભવસાગરરૂપી બંધન કહેવામાં આવે છે.

મન વિષયઘેલું છે માટે ઈન્દ્રિયો જ્યારે વિષયભોગમાં દોડે છે ત્યારે તે પણ ઈન્દ્રિયોના સાથમાં પ્રવાસ કરી વિષયભોગમાં આસક્ત બને છે. ત્યાં સુધી તો વાંધો નથી પરંતુ વિષયની અપ્રાપ્તિ કે ભોગની નિષ્ફળતાથી મન ક્ષિપ્ત, વિક્ષિપ્ત, ચંચળ કે અવિવેકી થઈ, આવેશ કે આવેગમાં ક્રોધિત થાય છે અને ક્રોધાગ્નિમાં ભભૂકી ઊઠેલું વિક્ષેપવાળું મન મોહગ્રસ્ત થઈ અંતે આત્મસ્મરણના વિસ્મરણરૂપી પતનમાં પડે છે. આવું આત્મ-વિસ્મરણરૂપી પતન એ જ વાસ્તવમાં સાચા મુમુક્ષુ માટે બંધન છે. જે વિષયચિંતન કે ભોગમાં ગળાડૂબ હોય તે કદાપિ મોક્ષમાર્ગે એકાગ્ર થઈ આત્મસ્મરણ કરી શકે નહીં. આમ, આત્મસ્મરણરૂપી શિવમય જીવનથી કે કલ્યાણમય માર્ગથી જે મન વિષયાસક્ત થઈ મુમુક્ષુને પતનના માર્ગે ધકેલે છે તે જ ભવસાગરમાં પડવારૂપી અધઃપતન છે. તેને માટે જ કહ્યું છે કે મનરૂપી અવિદ્યા જ ભવબંધનના કારણરૂપ કે હેતુરૂપ છે.

**मनः हि अविद्या भवबन्धहेतुः ।**
**तस्मिन् विनष्टे सकलं विनष्टम् ।**

મન ભવબંધનનું કારણ છે. તેથી એક વસ્તુ સ્પષ્ટ છે કે જો મનનો નાશ કરવામાં આવે તો જ સંસારરૂપી બંધનનો નાશ થઈ શકે કારણકે કારણના નાશમાં સંસારરૂપી કાર્યનો કે મનથી પેદા થયેલા બંધનનો નાશ થઈ શકે તેમ છે. પરંતુ મનોનાશમાં બંધન કે સંસારનો નાશ છે તેવું સમજવા માટે આપણે વિચાર કરવો પડશે કે મનથી કઈ રીતે સંસાર પેદા થયો છે. જો તેવું નહીં સમજાય તો મનોનાશ એ જ સર્વનાશ છે તેવું કદાપિ સમજી શકાય નહીં. પૂર્વે સમજાવાઈ ગયું કે મન એ જ અજ્ઞાન કે અવિદ્યા છે એવી સમજથી એવો સાત્ત્વિક ઘટસ્ફોટ કરી શકાય કે અજ્ઞાન દ્વારા શરીર જન્મ્યું

છે એટલું જ નહીં પરંતુ સમગ્ર સંસાર પણ અજ્ઞાનનું જ સર્જન છે તેવું સમજીએ તો સ્પષ્ટ સમજાય કે મનથી જ બધું સર્જાયેલું છે અને તેવું જ શ્લોકમાં જણાવ્યું છે કે '**विजृम्भिते अस्मिन् सकलं विजृम्भते** ।' 'મન ભાસતાં કે મનની કલ્પનાના પ્રાગટ્યમાં જ સંસાર ભાસે છે કે પ્રગટે છે.' જેવી રીતે સ્વપ્નમાં સ્વપ્નસૃષ્ટિમાં વિહાર કરવા માટે કે તે સૃષ્ટિને જાણવા, જોવા કે માણવા માટે ત્યાં સ્થૂળ ઇન્દ્રિયો હોતી નથી. એ તો ઠીક, પરંતુ નાનકડા રૂમમાં સૂતી વખતે જણાતા મહાન પર્વતો, અભેદ્ય જંગલો, સૂર્ય કે આકાશ, રસ્તાઓ કે નદીઓ, મકાનો કે માનવસમૂહ વગેરે કંઈ પણ, ભૌતિક કે સ્થૂળ સ્વરૂપે ત્યાં હોતું નથી, છતાં ઇન્દ્રિયગમ્ય અવશ્ય બને છે. તો તે બધું ત્યાં આવ્યું ક્યાંથી? ધારો કે નાના રૂમમાં આવ્યું હોય તો પણ સ્વપ્નમાં સ્થૂળ આંખો બંધ હોવા છતાં સ્વપ્નસૃષ્ટિ જોઈ કોણે? આવા અનંત પ્રશ્નોની શૃંખલાનો એક માત્ર ઉત્તર છે કે સ્વપ્નસૃષ્ટિનું સર્જન તો મનની પરિકલ્પના માત્ર છે, તેનાથી વિશેષ ત્યાં કંઈ હોઈ શકે નહીં. ભૌતિક જગતનું ખેડાણ કરનારા ખ્યાતનામ વૈજ્ઞાનિકોએ પણ સંશોધનના શિખર પરથી પોકાર કર્યો કે સ્વપ્નસૃષ્ટિ અન્ય કંઈ જ નથી પરંતુ માત્ર મનનું પ્રક્ષેપણ છે. (DREAMWORLD IS NOTHING BUT A PROJECTION OF THE MIND) આમ, સ્વપ્નજગતની સૃષ્ટિ મનની સૂક્ષ્મકલ્પનાનું જ પરિણામ છે અને તેમાં મન સ્થૂળદેહને, તેની ઇન્દ્રિયોને પણ સૂક્ષ્મરૂપે કલ્પે છે. સ્વપ્નકાળે મન નવા દેશ અને કાળનું સર્જન કરી, તેમાં સ્વપ્નના ભોગ્યપદાર્થો સર્જી ભોક્તાને પણ સૂક્ષ્મરૂપે ત્યાં ખડો કરે છે. આ છે મનની ચમત્કારિક, ન સમજાય તેવી, અગાધ સર્જનશક્તિ. આમ, આ જ મન જેમ સ્વપ્નમાં સૂક્ષ્મપદાર્થો, ઇન્દ્રિયો કે શરીર, કલ્પના દ્વારા સર્જે છે તેમ જાગ્રત અવસ્થામાં પણ સ્થૂળપદાર્થોની સાચા જેવી કલ્પના કરે છે. જાગ્રતમાં જણાતા પદાર્થો હકીકતે તો આત્મા ઉપર નામ અને આકારનું આરોપણ માત્ર છે. છતાં તેવા આરોપ કે ભ્રાંતિને જાગ્રત અવસ્થાનું, જાગૃત મન સાચા કલ્પે છે. એ તો ઠીક પરંતુ જડ, નાશવાન, વિકારી, અપવિત્ર દેહને સત્ય માની 'દેહ હું છું', તેવી જાગ્રતની સ્થૂળ કલ્પનામાં મન રાચે છે. માટે જ સ્થૂળ દેહના સુખ કે સલામતી માટે અન્ય શરીરને પણ દૃઢ કલ્પના

દ્વારા જ પતિ કે પત્ની બનાવે છે. જેમ 'હું શરીર અને શરીર મારું' તેવી કલ્પના મનને સાચી લાગે છે. તે જ પ્રમાણે હવે અનિત્ય અને અસત શરીરના સંબંધો, સત્ય અને નિત્ય છે, એવું માની 'મારો પતિ', 'મારી પત્ની', 'મારાં બાળકો', 'મારી લાડી, વાડી અને ગાડી', આવું મમત્વ ઊભું કરી મન મમત્વનું, સંબંધોનું, કલ્પનાઓનું જાળું રચી જીવનભર તેમાં ફસાય છે. આમ, મમભાવનું બંધન તે જાતે જ પેદા કરે છે. માટે જ શાસ્ત્રોએ કહ્યું કે

**ममेति बध्यते जन्तुः निर्ममेति विमुच्यते ।**

આમ, વિચારતાં સ્પષ્ટ થાય છે કે મન જ્યારે જાગે છે, સ્ફુરણ કરે છે, કલ્પનામાં રાચે છે ત્યારે જ કલ્પનાથી સ્વપ્ન અને જાગ્રત જગતને જન્માવે છે અને સાથે સાથે જન્માવેલી સૃષ્ટિ જ બંધનનું કારણ સર્જે છે. આમ, મન જાગે તો બંધન જન્મે, મન કલ્પે તો સૃષ્ટિ કલ્પાય, મન ધારે તો મુમુક્ષુ બંધાય અને મન વિષયાસક્તિ, મમત્વ કે મમભાવ અગર અસત કે અનિત્ય સંબંધોને છોડે તો બંધનથી છૂટાય. તે જ યથાર્થ વિવેક છે. તેથી જ કહ્યું કે

**बन्धाय विषयासक्तं मुक्त्यैर्निर्विषयं स्मृतम् ।**

(બ્રહ્મબિંદુ ઉપનિષદ-૨)

''વિષયાસક્ત મન બંધનનું કારણ બને છે અને વિષયાસક્તિથી મુક્ત થતાં તે મોક્ષનું સાધન કહેવાયું છે.'' આવા તાત્ત્વિક તારણોના આધારે જ અત્રે કહ્યું છે કે **विजृम्भिते अस्मिन् सकलं विजृम्भते** । તેનો લક્ષ્યાર્થ એવો છે કે મન ભ્રાંતિ કે કલ્પના દ્વારા જ્યારે કાર્યશીલ થઈ કલ્પિતસૃષ્ટિ સર્જે છે ત્યારે જ સૃષ્ટિ અને તેના કારણ મનનો ભાસ થાય છે. મનના ઉદય સાથે જ ભૌતિક પદાર્થોનો કે કલ્પિતસૃષ્ટિનો ઉદય થાય છે અને તેવા ઉદયમાં જ વિષયાસક્તિ, મમત્વ કે બંધનનો ઉદય પણ થાય છે. કારણ કે ઈશ્વરે સર્જેલું કંઈ પણ કોઈને બાંધી શકે નહીં અને ઈશ્વરસૃષ્ટિથી બંધન ઉત્પન્ન થયું તે વાત પણ પ્રસ્થાપિત થઈ શકે તેવી નથી. પરંતુ મનની કલ્પનાથી ઉત્પન્ન થયેલા સંબંધો, આસક્તિ વિષયરાગ અને ભવબંધન દ્વારા જ ખરેખર બંધન

પણ જન્મે છે. આવા બંધનને મનોસૃષ્ટિ કે જીવસૃષ્ટિથી ઉત્પન્ન થયેલું બંધન કહેવામાં આવે છે. આ ઉપરથી સ્પષ્ટ છે કે સર્વ કાંઈ મનના વિજૃંભણથી કે સ્ફુરણથી અગર કલ્પનાથી જન્મે છે અને તેવાં સ્ફુરણના કે કલ્પનાના અગર મનોભ્રાંતિના નાશમાં સર્વ કાંઈ નષ્ટ થાય છે. પૂર્વે મનથી આ બધું કેવી રીતે સર્જાય તેવી શંકા કે પ્રશ્ન ઊભો કરેલો અને તેના સંદર્ભે જોયેલું કે મનનો પર્યાય અવિદ્યા કે અજ્ઞાન છે, તેવી સમજણ હસ્તગત થાય તો નિઃસંદેહ ઉપરોક્ત શંકાનું સમાધાન થઈ શકે. શાસ્ત્રોએ આવી શંકાનું સમાધાન આપતાં જણાવ્યું કે મનથી સર્જાય છે અર્થાત્ અજ્ઞાનથી સર્જાય છે કારણ કે બન્ને અન્યોન્યના પર્યાય છે. તે ન્યાયે સ્પષ્ટ સમજવું કે **अज्ञानप्रभवं सर्वं ज्ञानेन प्रविलीयते** ।(અપરોક્ષાનુભૂતિ-૧૪) ''અજ્ઞાનથી સર્વ કાંઈ સર્જાય છે અને જ્ઞાનમાં જ સર્જાયેલા સર્વ કાંઈનો બાધ કે વિલયરૂપી નાશ થાય છે.'' તેનો અર્થ શ્લોક સંદર્ભે સ્પષ્ટ થાય છે કે મનના ઉદયમાં સર્વનો ઉદય છે અને મનના નાશમાં સર્વ સર્જનનો અસ્ત છે. અગર સંસારોદયનું કારણ મનોદય છે અને મનના અસ્તમાં સંસારનો નાશ છે. તેથી ગ્રંથની ઘોષિત ગર્જના ઉચિત જ છે કે **विजृम्भितेऽस्मिन् सकलं विजृम्भते ।**

## तस्मिन् विनष्टे सकलं विनष्टम् ।

મન સંદર્ભે વિશદ ચર્ચા કરી જણાવ્યું કે જેમ મનના ઉદયમાં સર્વનો ઉદય છે તેમ મનના વિનાશમાં જ સર્વ કાંઈ નાશ પામે છે, આવું ગર્ભિત સૂચન અનેક સાર્થક અર્થો પ્રદાન કરે છે. ઉપરાંત સુષુપ્તિ સંબંધે કહ્યું છે કે જાગ્રતમાં મન સ્થૂળની અને સ્વપ્નમાં સૂક્ષ્મ સૃષ્ટિની કલ્પના કરે છે પરંતુ સુષુપ્તિ સમયે તો મન જેવું કંઈ હોતું જ નથી. સુષુપ્તિકાળે ઇન્દ્રિયો મનમાં, ઇન્દ્રિયો સાથે મન બુદ્ધિમાં અને તે સૌના સમૂહની સાથે બુદ્ધિ ગાઢ અંધકાર જેવા અજ્ઞાનમાં વિલીન થાય છે, જ્યાં મન નિષ્ક્રિય હોય છે. નથી મનને સુષુપ્તિમાં દેહભ્રાંતિ, નથી વિષયાસક્તિ, નથી મિથ્યા સંબંધોનું વળગણ કે અજંપો અને અશાંતિ. તે કાળે નથી કર્મમાં ધકેલનારું કોઈ સગપણ, નથી સ્વાદેન્દ્રિયને આકર્ષનારું ગળપણ, નથી કર્મનો નશો, નથી કર્તાનો અહંકાર,

નથી સ્થૂળ કે સૂક્ષ્મ પદાર્થભોગનું ત્યાં ક્ષણિકસુખ. માટે જ સુષુપ્તિકાળે નથી કોઈ પ્રકારનું બંધન કે નથી મુક્તિની અપેક્ષા કે આકાંક્ષા, નથી સ્વપ્નસૃષ્ટિના સુંવાળા પાત્રો કે નથી જાગ્રતના પ્રશ્નો. વળી નથી ત્યાં નિરાશા, નિષ્ફળતા કે હતાશાનો વંટોળ. આમ, જ્યાં જે કાળે થોડા સમય માટે મનની ક્રિયા કે કલ્પનાનો નાશ જણાય છે ત્યાં સકળ વિશ્વનો વિનાશ થયેલો થોડા સમય માટે અનુભવાય છે. માટે જ કહ્યું છે કે મનની તમામ કલ્પનાઓ, ભ્રાંતિઓ કે મમત્વરૂપી બંધનનો જ્યાં અભાવ છે ત્યાં સૃષ્ટિનો પણ અભાવ સર્જાય છે. મનના નાશમાં જ સ્થૂળ અને સૂક્ષ્મ સૃષ્ટિનો વિનાશ સમાયેલો છે. **तस्मिन् विनष्टे सकलं विनष्टम् ।**

ઉપરોક્ત વ્યાવહારિક અભિગમ ઉપરથી જ અલૌકિક અભિગમ માટે વિચારી શકાય કે જો મન ભવબંધ માટે કારણ છે, જો મન ભ્રાંતિરૂપી સૃષ્ટિ સર્જી, તેમાં રાગ-આસક્તિરૂપી બંધન પેદા કરી જીવના દુઃખનું કારણ છે, તો સ્પષ્ટ છે કે આત્મવિચારણા કે સ્વરૂપચિંતન દ્વારા, જો સતત આત્મચિંતન કે બ્રહ્મચિંતન કરવામાં આવે તો એવા પ્રબળ ચિંતનાગ્નિમાં મનનો બાધરૂપી નાશ થઈ શકે. તેવા મનના આત્યંતિક બાધમાં સકળ સૃષ્ટિનો કે ભવબંધનનો બાધરૂપી નાશ પણ સમાયેલો જ છે. આવા કલ્યાણકારી સંદેશને અભિપ્રેત કરવા માટે પણ પ્રસ્તુત શ્લોકનું સૂત્રાત્મક બોધજ્ઞાન યથાર્થ જ છે કે

**तस्मिन् विनष्टे सकलं विनष्टम् ।**
**विजृम्भितेऽस्मिन् सकलं विजृम्भते ॥**

(છંદ-ઉપજાતિ)

**स्वप्नेऽर्थशून्ये सृजति स्वशक्त्या**
**भोक्त्रादिविश्वं मन एव सर्वम् ।**
**तथापि जाग्रत्यपि नो विशेष-**
**स्तत्सर्वमेतन्मनसो विजृम्भणम् ॥१७२॥**

**अर्थशून्ये स्वप्ने** = (સાચા) પદાર્થો રહિત સ્વપ્નાવસ્થામાં

मनः एव = મન જ
भोक्त्रादि विश्वं सर्वम् = ભોક્તાદિ સંપૂર્ણ વિશ્વને
स्वशक्त्या = પોતાની શક્તિથી
सृजति = રચે છે.
तथापि जाग्रति अपि = તે જ પ્રમાણે જાગ્રતમાં પણ
नो विशेषः = કંઈ વિશેષતા નથી.
तत् सर्वम् = તે (જાગ્રતનો) સર્વ (પ્રપંચ)
एतत् मनसः = આ મનનું (જ)
विजृम्भणम् = સ્ફુરણ છે.

(છંદ–ઉપજાતિ)

सुषुप्तिकाले मनसि प्रलीने
नैवास्ति किञ्चित् सकलप्रसिद्धेः ।
अतो मनः कल्पित एव पुंसः
संसार एतस्य न वस्तुतोऽस्ति ॥१७३॥

सुषुप्तिकाले =સુષુપ્તિના સમયમાં
मनसि =મન
प्रलीने =વિલીન થઈ જવાથી
किञ्चित् एव = કાંઈ જ
न अस्ति =હોતું નથી.
सकलप्रसिद्धेः =આ હકીકત પ્રસિદ્ધ છે.
अतः = માટે
पुंसः संसारः = પુરુષનો સંસાર
मनः कल्पितः एव = મનની જ કલ્પના છે.
वस्तुतः = ખરી રીતે
एतस्य = (તે) તેનો
न अस्ति = નથી.

## સંસાર મનોમય છે

અવિદ્યા કે આત્મ-અજ્ઞાન એ જ મન છે અને તે જ બંધનનું કારણ છે એવો નિષ્કર્ષ સવિસ્તાર જણાવ્યા બાદ હવે બે શ્લોકમાં સંસાર કલ્પના માત્ર છે તેવું દર્શાવે છે.

સ્વપ્નમાં વાસ્તવિક રીતે કંઈ જ હોતું નથી. છતાં ભોક્તા અને ભોગ્યપદાર્થો, દૃષ્ટા અને દૃષ્ટિ જેવું અનુભવાતું સર્વ કંઈ મન દ્વારા કલ્પિત છે, મનનું પ્રક્ષેપણ છે, તેવું પૂર્વેના શ્લોકમાં પણ વિશેષ રીતે આપણે ચર્ચી ગયા. તે જ વાતનું પુનરાવર્તન વિચારના દૃઢીકરણ માટે અત્રે જણાવાયું છે. સ્વપ્નકાળે જગ્યાનો અભાવ કે સંકડાશ હોવા છતાં ત્યાં અન્ય મકાનો, પર્વતો, સૂર્ય, ચંદ્ર, આકાશ અને હાથી જેવા પ્રાણીઓ દેખાય છે. ક્યારેક તો સ્વપ્નસ્થ પુરુષ રેલ્વે ટ્રેનમાં સૂતો હોય અને તે પણ થ્રી ટાયરના ત્રીજા પાટિયા પર, તો તેવી સાંકડી જગ્યામાં મોટા પદાર્થો, હાથી જેવા પ્રાણીઓ વગેરે પ્રવેશી શકે નહીં. તો પછી મન, મસ્તિષ્કછાલ કે મગજમાં જગ્યાના અભાવે સ્વપ્નસૃષ્ટિ કેવી રીતે રચી શકે? ઉપરાંત પોતાના નગર કે શહેરમાં સૂતેલો વ્યક્તિ અન્ય દેશમાં જાગે છે અને સ્વપ્નકાળે વીસા કે પાસપોર્ટ વગર વિદેશમાં ફરે છે. તદુપરાંત ખાઈ-પીને તૃપ્ત થયેલો વ્યક્તિ સ્વપ્નકાળે અન્ન માટે દોડાદોડ કરે છે. જાગ્રતમાં જે રાજા હોય તે સ્વપ્નમાં ભિખારી બને છે અને જાગ્રતનો ભિખારી સ્વપ્નકાળે વૈભવ, સુખ અને રંગરાગ કે ભોગમાં રત જોવા મળે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સ્વપ્નસૃષ્ટિ કે તેના અનુભવો સત્ય નહોતા, નથી અને હોઈ શકે નહીં. તે તો મનની કલ્પના સિવાય અન્ય કંઈ જ નથી. જેમ મન સ્વપ્નસૃષ્ટિ રચે છે એ જ રીતે જાગ્રત અવસ્થામાં પણ મન શરીરને સત્ય માની શરીરના સંબંધોની કલ્પના કરી, માતા-પિતા, પત્ની, પુત્રો જેવા કાલ્પનિક સંબંધો સર્જી, જીવને બંધનમાં નાંખનારી ભૌતિકસૃષ્ટિ રચે છે. આવી મનોરચિત સૃષ્ટિ સુષુપ્તિમાં હોતી નથી, ત્રણ કાળે રહેવાવાળી નથી, તેથી સાચા જેવી દેખાતી, છતાં અસત છે. આમ, જાગ્રતની મિથ્યાસૃષ્ટિની કલ્પના પણ મનનું જ પરિણામ છે. હકીકતમાં સ્વપ્ન કે જાગ્રતની દેખાતી સૃષ્ટિ, તેમાં થતાં કર્મ, ભોગ કે તેના ફળરૂપે અનુભવાતું સુખદુઃખ, સર્વ કાંઈ મનોકલ્પિત છે. માટે જ કહેવાય છે કે જગત કે સૃષ્ટિ મનોમય છે. આમ જોતાં સ્પષ્ટ થાય છે કે, જાગ્રત અને સ્વપ્નનું જગત તો કાલ્પનિક, મિથ્યા, અસત અને ત્રણે કાળે નહીં રહેનારું અર્થાત્ જેનો અભાવ થાય તેવું હોવાથી, અસત છે.

સુષુપ્તિના સમયમાં મન જ્યારે નિષ્ક્રિય થઈ કલ્પનાવિહીન બને

છે કે પ્રક્ષેપણ(PROJECTION) કરતું બંધ થાય છે, ભ્રાંતિમાં રમણ કરતું નથી કે તેના સંકલ્પવિકલ્પ શાંત થાય છે, સંશયો શમી જાય છે ત્યારે મન, બુદ્ધિમાં અને બુદ્ધિ અજ્ઞાનમાં લય પામી જાય છે. આ છે સુષુપ્તિની કંઈ પણ ન જાણવાપણાની પ્રખ્યાત અવસ્થા. માટે જ આચાર્યશ્રીએ ઉલ્લેખ કર્યો કે **'सुषुप्तिकाले मनसि प्रलीने नैवास्ति किञ्चित् सकलप्रसिद्धेः ।'** 'સુષુપ્તિ-કાળે મન લીન થઈ જાય છે ત્યારે કાંઈ જ હોતું નથી. આવો સર્વસામાન્ય સર્વને થતો અનુભવ આ લોકમાં પ્રસિદ્ધ છે.' આ ઉપરથી એટલો જ નિષ્કર્ષ જણાવી શકાય કે જીવાત્માને અનુભવાતો સંસાર અને તેનું બંધન સર્વ કાંઈ મનની કલ્પના માત્ર જ છે. હકીકતમાં સ્વપ્ન, જાગ્રત કે સુષુપ્તિમાં અનુભવાતું કંઈ જ સત્ય નથી તેથી તે ત્રણે કાળે રહેનારી પારમાર્થિક સત્તા હોઈ શકે નહીં.

(છંદ–અનુષ્ટુપ)

**वायुनाऽऽनीयते मेघः पुनस्तेनैव नीयते ।**
**मनसा कल्प्यते बन्धो मोक्षस्तेनैव कल्प्यते ॥१७४॥**

| | | | |
|---|---|---|---|
| **वायुना** | =(જેમ) પવન વડે | **मनसा** | =(તેમ) મન વડે |
| **मेघः** | =વાદળ | **बन्धः** | =બન્ધન |
| **आनीयते** | =લવાય છે | **कल्प्यते** | =કલ્પાય છે. |
| **पुनः** | =(અને) ફરીથી | **मोक्षः** | =(અને) મોક્ષ પણ |
| **तेन एव** | =તેનાથી જ | **तेन एव** | =તેના વડે જ |
| **नीयते** | =(દૂર) લઈ જવાય છે. | **कल्प्यते** | =કલ્પાય છે. |

## બંધન અને મોક્ષનું કારણ મન છે.

મન એ બંધન અને મોક્ષનું કારણ છે એવી શ્રુતિસંમત વાત કે શાસ્ત્રોના સાર જેવો નિષ્કર્ષ દર્શાવતા અત્રે આચાર્યશ્રીએ સુંદર હૃદયગમ્ય ઉદાહરણ આપી પોતાના વિચારને અભિવ્યક્ત કર્યો છે.

સદ્ગુરુ શિષ્યને જે કંઈ આધ્યાત્મિક ઉપદેશ આપે છે તેમાં આ

પાયાની, મહત્ત્વની તથા પ્રાથમિક વાત છે. જીવનના વણખેડાયેલા અનેક પ્રશ્નોમાંનો આ એક મહત્ત્વનો પ્રશ્ન છે. બંધન કે મોક્ષ આવ્યા ક્યાંથી? પેદા કર્યા કોણે? તેવી શંકા સામાન્ય મુમુક્ષુને થયા વગર રહેતી નથી. તેનું અત્રે સાત્ત્વિક શાસ્ત્રોક્ત અને યથાર્થ સદૃષ્ટાંત સમાધાન આપવામાં આવે છે. પૂર્વે આચાર્યશ્રીએ ઉલ્લેખ કર્યો અને આપણે વિચાર કરી ચૂક્યા કે મન એ જ અવિદ્યા કે અજ્ઞાન છે, તે જ વિચારધારાને વધુ સ્પષ્ટ કરવા અત્રે જે કહ્યું કે મન એ જ બંધન–મોક્ષનું કારણ છે તે પરથી એવું પણ ફલિત થઈ શકે કે અજ્ઞાન જ બંધન–મોક્ષનું કારણ છે. કારણ કે મન, અવિદ્યા કે અજ્ઞાન જો એક જ હોય તો મન કે અવિદ્યા ગમે તે, બંધન–મોક્ષનું કારણ માની શકાય. છતાં શ્લોક સંદર્ભે વિચારણાનો વિસ્તાર કરીએ તો સમજી શકાય કે જેવી રીતે સૂર્યની ગરમીથી ઉત્પન્ન થતાં અને આકાશમાં રહેલાં વેરવિખેર વાદળોને વાયુ કે પવન એક દિશામાં ખેંચી લાવે છે, તેમને એકત્ર કરે છે, એક સાથે ઘનઘોર ઘટામાં બાંધી દે છે અને ધોધમાર વર્ષા કરવા તેમને પ્રેરે છે. આમ, ભિન્ન ભિન્ન દિશાના વાદળાંઓને એક સ્થળે ભેગા કરી જોડવાનું કે સમૂહમાં બાંધવાનું કાર્ય વાયુ કરે છે. તે જ વાયુ પ્રચંડ વાવાઝોડાનું સ્વરૂપ લે તો વાદળાંઓને પુનઃ વેરવિખેર કરી છિન્નભિન્ન કરી નાંખે છે અને તેમના સમૂહથી છૂટા પાડે છે. આવી રીતે જેમ વાયુ મેઘ કે વાદળને એક દિશામાં કે સ્થળમાં બાંધે છે, બંધનમાં પાડે છે તે જ વાયુ તેમને સમૂહબંધનથી મુક્ત પણ કરે છે. તે જ પ્રમાણે સમજવાનું કે મનરૂપી વાયુ જ સાધક, મુમુક્ષુ કે જ્ઞાનમાર્ગના પથિકને ઇન્દ્રિયોના વિષયો જેવા કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધની દિશામાં ખેંચી જાય છે, ઇન્દ્રિયભોગમાં તેને આસક્ત કરે છે. મનરૂપી વાયુ જ વ્યક્તિને વિષયભ્રમણમાં ભટકાવી, વિષયના રાગ કે આસક્તિ જેવું બંધન પેદા કરી, મનુષ્યને વિષયનો બંધાણી બનાવી બંધન ઊભું કરે છે. આમ, ઇન્દ્રિયોના વિષયોની મોટી આંકણી કરવી કે તેવા નશ્વર પદાર્થોનું મોટું મૂલ્યાંકન કરવું અગર ક્ષણભંગુર, નજીવા પદાર્થોને મૂલ્યવાન કે શાશ્વત માનવા તે બધું જ મનની કલ્પના સિવાય અન્ય કંઈ જ નથી. મન જ અસત પદાર્થોના નશ્વર ભોગનું મોટું મૂલ્યાંકન કરી મુમુક્ષુને વિષયોમાં બાંધે છે. માટે જ શ્લોકમાં જણાવ્યું છે કે **'मनसा कल्प्यते बन्धः।'**

આ ઉપરથી સ્પષ્ટ જ છે કે મન પોતાની અસત, મિથ્યા કે ભ્રાંતિરૂપી કલ્પના દ્વારા વિષયોમાં રાગ ઉત્પન્ન કરી વ્યક્તિને બંધનમાં નાંખે છે. વાસ્તવમાં જે કોઈ વિષયના બંધનનો બંધાણી બને છે તે પરમાત્મામાં આસક્ત થઈ શકતો નથી. પરંતુ જેમ વાયુ મેઘસમૂહથી વાદળોને મુક્ત કરે છે, તે જ પ્રમાણે મન જો સત્સંગી બને, સદ્‌ગુરુની કૃપાના સહારે સત્‌શિષ્ય બને, શમ, દમ, જેવી ષટ્‌સંપત્તિને સદ્‌ગુણરૂપી અલંકાર માની તેનાથી અલંકૃત થાય અને વૈરાગ્યવાન થાય તો તે વિષયાસક્તિમાંથી છૂટી શકે અને મુમુક્ષુને વિષયાસક્તિરૂપી બંધનથી છોડાવી પણ શકે. આમ વિચારતાં સ્પષ્ટ જ છે કે વિષયોની આસક્તિ કે રાગમાંથી મનને મુક્ત કરવું, તે જ મુક્તિ છે. જયાં સુધી વિષયાસક્તિના બંધનમાંથી મનુષ્ય મુક્ત થતો નથી ત્યાં સુધી તેનું વિષયભ્રમણ અટકતું નથી, તેના મનની ચંચળતા ઓછી થતી નથી, તેનો માનસિક વિક્ષેપ ઘટતો નથી અને તે પરમાત્માનું સ્મરણ, ચિંતન કે સ્વરૂપસંશોધન કરવા મનને એકાગ્ર કરી શકતો નથી તેથી મુક્તિ પણ મેળવી શકતો નથી. પરંતુ વિવેક-વૈરાગ્યના બળે મન જો વિષયાસક્તિના બંધનમાંથી છૂટી શકે, તો તે પોતે મુક્ત થઈ શકે અને તેવું મુક્ત મન જ મુમુક્ષુને બંધનની ભ્રાંતિથી છોડાવી શકે. માટે જ અત્રે કહ્યું છે કે મન એ જ બંધન અને મોક્ષનું કારણ છે અગર બંધન તથા મોક્ષ મનની જ કલ્પના છે. ઉપનિષદોએ પણ આ જ નિષ્કર્ષ આપ્યો છે.

**"मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः ।**
**बंधाय विषयासक्तं मुक्त्यैर्निर्विषयं स्मृतम् ॥"** (બ્રહ્મબિંદુ ઉપનિષદ-૨)

'મનુષ્યોને માટે મન જ બંધન અને મોક્ષનું કારણ છે. મનુષ્ય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા ઇન્દ્રિયોના વિષયોમાં મન દ્વારા ઊભી કરાયેલી આસક્તિ કે રાગ દ્વારા જ બંધનમાં પડે છે અને તેવા વિષયોમાં અનાસક્ત થયેલો જ બંધનથી છૂટી મુક્તિને પ્રાપ્ત કરે છે.' આ ઉપરથી સમજાય છે કે શ્લોકમાં જણાવેલો વિચાર શાસ્ત્રોક્ત અને શ્રુતિસંમત છે. એટલું જ નહીં પણ સામાન્ય જનની લૌકિક અનુભૂતિને પણ તે માન્ય જ છે. માટે હંમેશા મુમુક્ષુએ યાદ રાખવું કે બંધ અને મોક્ષ બન્ને મનની કલ્પના છે. 'બંધન કદી છૂટે નહીં' તેવી ભ્રાંતિથી હંમેશા મુક્ત થવું. તેમજ મોક્ષ કોઈ

મહાન અને દુર્લભ ફળ છે, આપણી તેમાં ગતિ હોઈ શકે નહીં કે આપણી મતિ મોક્ષ સુધી પહોંચી શકે નહીં, તેવી લઘુતાગ્રંથિથી પણ છૂટવું જોઈએ. કારણ, બંધન સત્ય કે વાસ્તવિક નથી પરંતુ ભ્રાંતિ માત્ર છે. તેવી જ રીતે મોક્ષ કે મુક્તિ એ મહાભ્રાંતિ છે. ભ્રાંતિ અને મહાભ્રાંતિ બન્ને મનની કલ્પના છે. માટે જ શ્લોકમાં ઉલ્લેખાયું છે કે **'मनसा कल्प्यते बंधो मोक्षस्तेनैव कल्प्यते ॥'**

(છંદ–વસંતતિલકા)

**देहादिसर्वविषये परिकल्प्य रागं**
**बध्नाति तेन पुरुषं पशुवद् गुणेन ।**
**वैरस्यमत्र विषवत्सु विधाय पश्चात्**
**एनं विमोचयति तन्मन एव बन्धात् ॥१७५॥**

| | | | |
|---|---|---|---|
| **देहादिसर्वविषये** | = દેહ વગેરે સર્વ વિષયમાં | **पश्चात्** | = અને પછી |
| | | **विषवत्सु** | = ઝેર જેવા |
| **रागम्** | = રાગ | **अत्र** | = આ (વિષયો)માં |
| **परिकल्प्य** | = કલ્પીને | **वैरस्यम्** | = વૈરાગ્યભાવ |
| **तेन** | = તે (રાગરૂપી) | **विधाय** | = પેદા કરીને |
| **गुणेन** | = દોરડા વડે | **एनम्** | = જીવને |
| **पुरुषम्** | = જીવને | **तत् मनः एव** | = તે મન જ |
| **पशुवत्** | = પશુની જેમ | **बन्धात्** | = બંધનમાંથી |
| **बध्नाति** | = બાંધે છે | **विमोचयति** | = છોડાવે છે. |

(છંદ–ઉપજાતિ)

**तस्मान्मनः कारणमस्य जन्तो-**
**र्बन्धस्य मोक्षस्य च वा विधाने ।**
**बन्धस्य हेतुर्मलिनं रजोगुणैः**
**मोक्षस्य शुद्धं विरजस्तमस्कम् ॥१७६॥**

| | | | |
|---|---|---|---|
| **तस्मात्** | = તેથી | **रजोगुणैः** | = રજોગુણના ધર્મો વડે |
| **मनः** | = મન | **मलिनम्** | = મલિન થયેલું (મન) |
| **अस्य जन्तोः** | = આ જીવને | **बन्धस्य** | = બંન્ધનનું |
| **बन्धस्य मोक्षस्य च** | = બંધન અને મોક્ષની | **हेतुः** | = કારણ છે. |
| **विधाने वा** | = પ્રાપ્તિમાં પણ | **विरजस्तमस्कम्** | = (અને) તમોગુણ તથા રજોગુણથી રહિત થયેલું |
| **कारणम्** | = કારણ છે. | **शुद्धम्** | = શુદ્ધ (મન) |
| | | **मोक्षस्य** | = મોક્ષનું (કારણ છે.) |

બંધન અને મોક્ષ કલ્પિત છે. તે જ વિચારને બે શ્લોક દ્વારા વધુ સ્પષ્ટ કરી તેનો વિચાર કરતાં અત્રે જણાવ્યું છે કે જેવી રીતે દૃશ્ય દોરી દ્વારા પશુને ગળામાં ગાળિયો નાંખી ખીલે બાંધવામાં આવે છે અને પશુ બંધનમાં પડે છે. તેવી જ રીતે મનુષ્ય પણ બંધાય છે. પરંતુ મનુષ્યના ગળામાં ગાળિયો નાંખી તેને બાંધવા માટે રાગ કે વિષયાસક્તિરૂપી અદૃશ્ય દોરીનો ઉપયોગ મન દ્વારા થાય છે. તેથી પશુ તો બાંધેલું સૌને જણાય છે, પરંતુ મનુષ્ય બંધનમાં હોવા છતાં તેવો દેખાતો નથી. દા.ત. પશાકાકા ગાયની નવી તંદુરસ્ત વાછરડી બજારમાંથી ખરીદીને જતા હોય અને તેમના હાથમાં દોરીનો એક છેડો પકડેલો હોય અને બીજો છેડો વાછરડીના ગળે બાંધેલો હોય, એવું દૃશ્ય જોતાં સ્વાભાવિક રીતે સૌને જણાય કે પશાકાકાએ વાછરડી બાંધી છે અને તેઓ નવી ખરીદેલી વાછરડીના માલિક છે. પરંતુ રસ્તામાં મળેલા શનાકાકાએ, પશાકાકાને પૂછ્યું, ''અરે! પશાભાઈ ક્યાં જાઓ છો? વાછરડી છે કોની?'' ઉત્તર મળ્યો, ''શનાકાકા વાછરડી મારી છે. હાલ ખરીદીને પાધરો ચાલ્યો આવું છું. દેખાતું નથી? મેં તેને બાંધી છે? હવે તેને લઈ સીધો ઘેર જાઉં છું. મોટી થાય એટલે દૂધ પીવા આવજો.'' પશાકાકાના ઉત્તરથી શનાકાકા મલક મલક મૂછોની નીચે મોળું મોળું હસવા લાગ્યા. તેમનાથી રહેવાયું નહીં અને બોલી ઊઠ્યા, ''અરે પશાભાઈ,દૂધની વાત જવા દો. એક માખણ જેવો સવાલ પૂછું છું, ધ્યાનથી ઉત્તર આપો. તમે આ વાછરડીના માલિક છો અને તમે જ તેને બાંધી છે, તો

પછી વાછરડી આગળ અને તમે પાછળ ખેંચાઓ છો કેમ? ખરેખર તો માલિકે આગળ ચાલવું જોઈએ અને બંધાયેલા પશુએ આપોઆપ માલિકની પાછળ ચાલ્યા આવવું જોઈએ. પરંતુ વાછરડી તો વારંવાર માથું ફેરવી તમારા ઘરથી વિરુદ્ધ દિશામાં જવા દોડે છે અને તમે વારંવાર તેને પાછી વાળો છો. ઉપરાંત તમે વાછરડીની પાછળ ખેંચાઓ છો. તેથી મને તો એવું લાગે છે કે તમે વાછરડીને બાંધી નથી પરંતુ નવી ખરીદેલી વાછરડીમાં રાગ કે આસક્તિ ઊભી કરી, માની બેઠા છો કે વાછરડી તમારી છે અને તમે માલિક છો. વાસ્તવમાં વાછરડી માટે તમે ઊભી કરેલી મમતાથી ખરેખર તમે જ બંધાયેલા છો. ફેર એટલો જ છે કે વાછરડીના ગળામાં બાંધેલી દોરી આંખે દેખાય છે પણ તમારા ગળામાં બંધાયેલી મમતારૂપી દોરી આંખે દેખાતી નથી, પણ અદૃશ્ય છે. માટે જ વાછરડી જયારે દોડે છે ત્યારે એની પાછળ અદૃશ્ય દોરીથી બંધાયેલા તમે ખેંચાઓ છો, ઢસડાઓ છો અને દોડાદોડ કરો છો. માટે યાદ રાખો કે, 'જે અન્યને બાંધે છે, તે સ્વયં બંધનમાં પડે છે.' 'જે બીજાને પકડે છે, તે સ્વયં રાગ કે આસક્તિમાં પકડાય છે અને બંધનયુક્ત બને છે.' પશાભાઈ તો શનાભાઈનો અનુભવયુક્ત ઉપદેશ સાંભળી સ્તબ્ધ થઈ ગયા. એટલું જ નહીં પરંતુ મિત્રભાવે તેમને નમસ્કાર કરી કહેવા લાગ્યા, ''આજથી નથી તમે મારા પડોશી, સ્નેહી કે મિત્ર, પરંતુ મારા સાચા રાહબર, માર્ગદર્શક અને જો મને શિષ્ય તરીકે સ્વીકારો તો સદ્‌ગુરુ પણ છો.''

ઉપરોક્ત ચર્ચા અને દૃષ્ટાંતથી દીવા જેવું સ્પષ્ટ છે કે મન જ ઇન્દ્રિયોના વિષયમાં, દેહમાં કે ભૌતિક પદાર્થોમાં રાગ, આસક્તિ કે મોહભ્રાંતિ ઉપજાવીને મનુષ્યને બંધનમાં નાંખે છે. પરંતુ રાગ કે મોહ અને તેનાથી ઊભું થતું બંધન, આંખે દૃશ્ય નથી છતાં બાંધે છે ખરું. આમ, મન જ વિષયોને બાંધતા પોતે સપડાઈ જાય છે અને વિષયાસક્તિની કારાવાસમાં બંધન અનુભવે છે. તે જ મન જો શિષ્યત્વનો સ્વીકાર કરી, સદ્‌ગુરુની શરણાગતિ સ્વીકારે અને સત્સંગ દ્વારા વિવેક કે વૈરાગ્યનું અનુસરણ કરે, તો જાતે ઊભા કરેલા બંધનમાંથી પોતાને છોડાવી મુક્તિ પ્રાપ્ત કરવામાં સમર્થ થઈ શકે તેમ છે.

આમ, અવિવેકી મન આસક્તિવાળું થઈ પોતાનું જ બંધન સર્જે છે અને વિવેકના બળે અનાસક્ત કે વૈરાગ્યવાન થઈ, પોતે જ પોતાંને છોડાવી બંધનથી મુક્ત થાય છે. માટે સ્પષ્ટ જ દર્શાવાયું છે કે,

**वैरस्यमत्र विषवत्सु विधाय पश्चात् एनं**
**विमोचयति तन्मन एव बन्धात् ॥**

ઉપરોક્ત ચર્ચાનો નિષ્કર્ષ આપતાં તે સંદર્ભે ત્યારબાદના શ્લોકમાં સારરૂપે કહેલું છે કે, રજોગુણથી મન જ્યારે મલિન થયેલું હોય ત્યારે, જીવાત્મા માટે વિષયભ્રમણ અને ચંચળતા પેદા કરી તેને માટે બંધનનું કારણ બને છે અને તે જ મન જ્યારે રજોગુણની વિક્ષેપશક્તિ અને તમોગુણની આવરણ-શક્તિથી રહિત બન્યું હોય અર્થાત્ રજસ કે તમસગુણના દોષોથી શુદ્ધ બન્યું હોય ત્યારે, જીવાત્મા માટે મોક્ષપ્રાપ્તિનું કારણ બને છે. તેથી જ શ્લોકમાં વિધાન છે કે, **'तस्मान्मनः कारणमस्य जन्तोः बन्धस्य मोक्षस्य च वा विधाने ।'** આમ હોવાથી સ્વાભાવિક રીતે જ સમજાય છે કે જો મન નથી તો નથી બંધનરૂપી ભ્રાંતિ કે મોક્ષરૂપી મહાભ્રાંતિ. જે બન્ને ભ્રાંતિથી મુક્ત છે તેવો પોતાના સહજ આત્મસ્વરૂપને નિર્ભ્રાન્તરૂપે જાણી ચૂકેલો જ્ઞાની છે. તેની જ્ઞાનદૃષ્ટિમાં બંધન અને મોક્ષની સાપેક્ષ કલ્પના ભસ્મીભૂત થયેલી છે. તેને તો નિત્ય એટલું જ વંચાય, એટલું જ દેખાય અને એટલું જ સંભળાય છે કે

**अहं निर्विकल्पो निराकाररूपो**
**विभुर्व्याप्यसर्वत्र सर्वेन्द्रियाणाम् ।**
**सदा मे समत्वं न मुक्तिर्न बन्धः**
**चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम् ॥** (આત્મષટ્ક-૬)

"હું તો બંધન અને મોક્ષની કલ્પનાથી રહિત છું, નિરાકાર છું, આકાશની જેમ સર્વવ્યાપ્ત છું, સર્વત્ર છું, સર્વ ઇન્દ્રિયગોલકમાં તેમનો અદૃશ્ય આધાર કે અધિષ્ઠાનસ્વરૂપ છું. સદા સર્વદા મારા નિત્યમુક્ત સ્વભાવમાં સમત્વ જ છે, કદી બંધન-મોક્ષના વિકારો કે વિષમતા ઊભી થતી નથી. એવો હું

ચૈતન્ય અને આનંદસ્વરૂપ સદા કલ્યાણમય છું.''

બંધન એ ભ્રાંતિ છે અને વાસ્તવમાં ભ્રાંતિથી તો મુક્ત થવાનું જ ન હોય. ભ્રાંતિ એટલે જ જે નથી અને અનુભવાય છે તે. છતાં જે અસ્તિત્વમાં નથી તેનાથી મુક્ત થવું હોય તો બીજી અન્ય મહાભ્રાંતિની જ આવશ્યકતા રહે છે. માટે જ શાસ્ત્રો અને સંતોએ મહાભ્રાંતિ જેવી મોક્ષની કલ્પના કરી છે. જેવી રીતે ઝેરનું મારણ અન્ય ઝેર છે, વગડે ચાલતા કાંટો વાગે તો તે કાંટાને બહાર કાઢવા એક અન્ય મજબૂત અને આખો કાંટો જરૂરી છે. તેવી જ રીતે, બંધનની ખોટી ભ્રમણાને કે પતનમાં પાડનારી ભ્રાંતિને દૂર કરવા મોક્ષ જેવી મહાભ્રાંતિ ઊભી કર્યા વિના અન્ય કોઈ રસ્તો હોતો નથી.

માતાપિતા સાથે સંતાનો સહકુટુંબ કાશ્મીરની યાત્રાએ જાય છે. બરફ જોવાની, તેમાં લપસવાની કે ચાલવાની ઇચ્છા પૂરી કરવા સૌ કોઈ ગુલ્મર્ગ પહોંચે છે. બરફમાં ચાલતી ગાડીમાં સૌ બેસે છે, બરફમાં રમે છે અને અનેરો આનંદ લૂંટે છે. તેમ કરતાં બાર વર્ષનો એક છોકરો ઊંડી ખીણમાં લપસી પડે છે અને તેનું અડધું શરીર બરફમાં ઢંકાઈ જાય છે. ઠંડીથી ધ્રૂજતો અને ગભરાઈ ગયેલો બાળક બૂમાબૂમ કરે છે, થાકે છે અને એકાંત જોઈ મૂર્છાવશ થાય છે. તેનું શરીર જાણે અક્કડ બની ગયું હોય તેવું તે અનુભવે છે. તેવામાં માતાપિતા અને અન્ય ભાઈ–બહેનો તેની સહાયે પહોંચી જાય છે, તે હોશમાં આવે છે અને સૌના વાર્તાલાપથી તેને એટલું જ સ્મરણ રહે છે કે, તેનું શરીર ક્રિયાહીન લાકડાં જેવું થઈ ગયેલું. સ્નેહીજનોના વાક્યોચ્ચારણોમાંથી તે આટલી વાત જ પકડે છે અને યાદ રાખે છે. બધા ભેગાં થઈ તેને ઊંચકી પોતાના ઉતારે લઈ જાય છે. અનુભવી લોકોની મદદથી તેની કમરમાં અને પગમાં તેલમાલિશ કરી તેની સારવાર કરવામાં આવે છે. તત્પશ્ચાત્ સૌ કોઈ ઘેર પાછા આવે છે. સૌના આશ્ચર્ય વચ્ચે કોઈને એક વસ્તુ સમજાતી નથી કે તે બાળક શા માટે અગ્નિને જોઈ ડરે છે, બૂમાબૂમ કરે છે અને તેથી દૂર નાસી જવા મથે છે? અંતે તેને મનોવૈજ્ઞાનિક સારવાર નીચે સમજાવવામાં આવે છે કે તારા પગ કે કમર લાકડાં જેવા થઈ ગયા નથી. યાદ રાખ કે તું ચેતન શરીર છે,

તું ચાલી શકે છે, તારા પગ ક્રિયા કરી શકે છે. તેથી ભૂલવા પ્રયત્ન કર કે તારું શરીર લાકડાં જેવું થઈ ગયું છે. આમ, વારંવાર સૂચનની મદદથી તથા મનોચિકિત્સા દ્વારા તેનું શરીર લાકડાંનું છે તેવી ભ્રાંતિ દૂર કરવા પ્રયત્નો કરવામાં આવ્યા. છતાં એક દિવસ પોતાના ઘર પાસે પ્રગટેલી હોળીનું દર્શન કરવા જયારે સૌ કોઈ સહકુટુંબ તે સ્થળે પહોંચ્યા, ત્યારે પુનઃ પેલા બાળકે બૂમાબૂમ શરૂ કરી અને પ્રગટેલી હોળીથી નાસવા પ્રયત્ન કર્યો. તેથી પુનઃ માતાપિતાએ સમજાવ્યું કે "તું હજુ આટલી સારવાર પછી પણ સમજતો કેમ નથી કે તારા પગ કે તારું શરીર લાકડાંનું નથી, તું જડ નથી કે અગ્નિની જ્વાળાઓ તને બાળી નાંખશે. તું તો જીવંત શરીર છે. જેમ અમે ઊભા છીએ તેમ ઊભો રહે." બાળકે તરત જ ઉત્તર આપ્યો કે "હું તો જાણું છું કે હું જડ લાકડું નથી પરંતુ અગ્નિ ક્યાં જાણે છે કે હું ચેતનવંતુ શરીર છું? આમ વિચારતાં, સ્પષ્ટ થાય છે કે મનની ભ્રાંતિથી ભય ઉત્પન્ન થાય છે અને ભ્રાંતિ નષ્ટ થતાં ભયમુક્તિ મળે છે. તેવી જ રીતે જો કોઈ મનથી એવી ભ્રાંતિમાં રહે કે 'હું શરીર છું', તો જ મૃત્યુનો ભય સતાવે. પરંતુ સદ્ગુરુરૂપી કોઈ મનોવૈજ્ઞાનિક જો સમજાવી દે કે, 'તું શરીર નથી પરંતુ અજર, અમર આત્મા છે. તને ન તો પાણી ડુબાડી શકે, પવન સૂકવી શકે, શસ્ત્રો મારી શકે કે અગ્નિ બાળી શકે તેમ છે.' તો નિશ્ચિત તે અગ્નિદહનની અંતિમ ક્રિયાના ભય કે મૃત્યુની ભયાનકતાથી મુક્ત થઈ શકે તેમ છે અને મન દ્વારા કલ્પાયેલા મૃત્યુ જેવા ભ્રમથી છૂટી શકે તેમ છે. એટલું જ નહીં, પરંતુ સ્મશાનમાં શરીર બળવા છતાં પોતે અજર અમર રહી શકે તેમ છે. આમ, મન જ ભ્રાંતિ ઊભી કરી, મનુષ્ય કે મુમુક્ષુને ભયમાં નાંખી, ભયભીત કરે છે અને બંધનની ભ્રાંતિ પેદા કરે છે. તે જ મન વિવેકી થઈ, આત્મસ્વરૂપને જાણી, નિર્ભય કે અભય થઈ, મોતની ભયાનકતામાંથી છૂટી, સ્મશાનના કે અગ્નિસંસ્કારના બંધનથી મુક્ત થઈ, મુમુક્ષુને મોક્ષ અપાવી શકે તેમ છે. માટે જ મનનું સામર્થ્ય જણાવતાં જે કંઈ કહેવાયું કે મન એ જ બંધન–મુક્તિનું કારણ છે, તે વાસ્તવિકતા શાસ્ત્રસંદર્ભમાં અને લૌકિક અનુભવમાં પણ સાચી ઠરે છે.

(છંદ–ઉપજાતિ)

**विवेकवैराग्यगुणातिरेकात्**
**शुद्धत्वमासाद्य मनो विमुक्त्यै ।**
**भवत्यतो बुद्धिमतो मुमुक्षोस्-**
**ताभ्यां दृढाभ्यां भवितव्यमग्रे ॥१७७॥**

**विवेक–वैराग्य–गुणातिरेकात्** = વિવેકરૂપ અને વૈરાગ્યરૂપ ગુણો વધવાથી
**मनः** = મન
**शुद्धत्वं आसाद्य** = વિશુદ્ધ બનતાં
**विमुक्त्यै भवति** = મુક્તિ આપવા માટે (સમર્થ) થાય છે.
**अतः** = માટે
**बुद्धिमतः मुमुक्षोः** = બુદ્ધિમાન મુમુક્ષુએ
**अग्रे** = સૌથી પહેલાં
**ताभ्याम्** = તે બન્નેની
**दृढाभ्याम्** = દૃઢતા વડે (શુદ્ધ-મનવાળા)
**भवितव्यम्** = થવું જોઈએ.

મનોમયકોશ સંદર્ભે આપણે વિચક્ષણ વિચારણા કરી અને બંધન અને મોક્ષના કારણરૂપે મનને પ્રસ્થાપિત કર્યા પછી હવે મનની અશુદ્ધિ અને આસક્તિથી બંધન પ્રગટે છે માટે બંધન નિર્મૂળ કરવા કે તેનો આત્યંતિક નાશ કરવા, હવે વિવેક અને વૈરાગ્યનું પ્રબળ સાધન દર્શાવતાં કહેવાયું છે કે વિવેક અને વૈરાગ્યની જેમ જેમ વૃદ્ધિ થાય છે તેમ તેમ મન શુદ્ધ થતું જાય છે. અંતે તેવું વિશુદ્ધ થયેલું મન જ નિર્મળતાને પ્રાપ્ત થઈ, મોક્ષનું અધિકારી બને છે. માટે મુમુક્ષુએ જીવનસાફલ્યની જડીબુટ્ટી જેવા વિવેક અને વૈરાગ્યરૂપી ગુણોની જ વૃદ્ધિ કરી તેને અલંકૃત કરી જીવનને સુંદર, શોભાયમાન અને પવિત્ર બનાવવું જોઈએ. જેમ ગોળ અને ઘી વગર શુષ્ક, રૂખો અને અરુચિકર કંસાર છે તેમ વિવેક અને વૈરાગ્ય વિના શુષ્ક અને સારહીન સંન્યાસ છે.

(છંદ–અનુષ્ટુપ)

**मनो नाम महाव्याघ्रो विषयारण्यभूमिषु ।**
**चरत्यत्र न गच्छन्तु साधवो ये मुमुक्षवः ॥१७८॥**

**मनः नाम** = "મન" નામનો

**महाव्याघ्रः** = મોટો વાઘ

**विषयारण्यभूमिषु**= (શબ્દાદિ) વિષયોરૂપી અરણ્યની ભૂમિઓમાં

**चरति** = ફર્યા કરે છે (માટે)

**अत्र** = અહીં

**ये** = જે

**मुमुक्षवः साधवः** = મોક્ષની ઇચ્છાવાળા સજ્જનો છે (તેઓએ ત્યાં)

**न गच्छन्तु** = ન જવું (જોઈએ).

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા વિષયોની આસક્તિમાં મન બંધાય છે માટે જ મન બંધનનો અનુભવ કરે છે. વિષયરાગમાં કે ભૌતિકપદાર્થો પ્રત્યેના કામમાં ભટકવા છતાં ક્યાંય અવિનાશી રામ જણાતો નથી. પરંતુ વિષયભ્રમણમાં માત્ર માટી અને રાખ જ મળે છે અને તેથી અલ્પ સુખનું કે મોટા દુઃખનું મેદાન જ હસ્તગત થાય છે. સુખી-દુઃખી કરનારા મેદાનમાં વિહાર કરતા મુક્તિ તો નહિ પણ વિનાશને માર્ગે જ પ્રયાણ થાય છે માટે વિષયભ્રમણને શ્લોકમાં વનવિહાર જણાવ્યો છે. તેવા અરણ્ય કે વનમાં વિષયોરૂપી હિંસક પ્રાણીઓએ આતંક ફેલાવેલો છે. ભયભીત કરનારા આવા પ્રાણીઓને મનની ઉપમા આપી મુમુક્ષુને સાવચેત કરવામાં આવે છે કે વિષયવનમાં મનરૂપી વાઘ મુમુક્ષુના શિકારાર્થે ફર્યા કરતો હોવાથી, તેવા વનમાં જવું નહીં અને વિષયો કે મનના પ્રહારથી બચી આત્મવિચારને પંથે પ્રયાણ કરવું જ ઇષ્ટ સમજવું.

(છંદ-ઉપજાતિ)

मनः प्रसूते विषयानशेषान्  
स्थूलात्मना सूक्ष्मतया च भोक्तुः ।  
शरीरवर्णाश्रमजातिभेदान्  
गुणक्रियाहेतुफलानि नित्यम् ॥१७६॥

| | |
|---|---|
| **मनः** | = મન |
| **स्थूलात्मना** | = સ્થૂળરૂપે (જાગ્રત અવસ્થામાં) અને |
| **सूक्ष्मतया च** | = સૂક્ષ્મરૂપે (સ્વપ્નાવસ્થામાં) |
| **भोक्तुः** | = ભોક્તાના (સુખ માટે) |
| **अशेषान् विषयान्** | = સમગ્ર વિષયોને |
| **शरीर–वर्णाश्रम–जाति–भेदान्** | = શરીર, વર્ણાશ્રમ અને જાતિના ભેદોને, |
| **गुण–क्रिया–हेतु–फलानि** | = (અને)ગુણ, ક્રિયા, કારણ તથા ફળો વગેરેને |
| **नित्यम्** | = નિરન્તર |
| **प्रसूते** | = પેદા કરે છે. |

જેને આત્મતત્ત્વનો સ્પર્શ છે, શાસ્ત્ર કે ગુરુકૃપાએ જેને આત્માના એકત્વનું દર્શન થયું છે, સૂક્ષ્મબુદ્ધિ કે અંતઃકરણ શુદ્ધિના બળે જે આત્માના અખંડત્વને જાણી ચૂક્યો છે કે પૂર્વના પ્રબળ સંસ્કારને લીધે આ જન્મે જે કોઈ સાધનચતુષ્ટય સંપન્ન અધિકારી બની ચૂક્યો છે તેવા સૌ, નિઃસંદેહ જાણે છે કે પરબ્રહ્મ એક જ સત્ય અને અખંડ છે અને તેનાથી વિપરીત, અતિરિક્ત સર્વ કાંઈ મિથ્યા છે. **"ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।"** "બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે. જીવ બ્રહ્મ જ છે. તેનાથી અન્ય કે જુદો નથી" **"एकं वस्तु नित्यं ब्रह्म तद् व्यतिरिक्तं सर्वमनित्यमिति ।"** 'એક બ્રહ્મ જ નિત્ય છે, તેનાથી વ્યતિરિક્ત કે અન્ય સર્વ કાંઈ અનિત્ય છે.' **"एकमेवाद्वितीयं ब्रह्म"** 'બ્રહ્મ એક અને અદ્વિતીય જ છે.' આમ, જ્ઞાનવૃદ્ધ કે સર્વ તત્ત્વવેત્તાઓનો, અનંત શ્રુતિઓનો નિષ્કર્ષ છે કે, જગતમાં ભેદ તો છે જ નહીં, અનેકતા હોઈ શકે જ નહીં, નાનાત્વનો તો સંભવ જ નથી છતાં અજ્ઞાનીને અજ્ઞાનકાળે દ્વૈતભ્રાંતિ, ભેદ કે અનેકતાનું દર્શન થાય છે. આવી જુદાઈ, અનેકતા કે ભેદનું સર્જન કરનાર અન્ય કોઈ નહીં પણ મન જ છે. તેટલું જ સમજાવવા માટે શ્લોક જણાવે છે કે ઇન્દ્રિયોના વિષયો, શરીર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર જેવા વર્ણભેદ; બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસ જેવા આશ્રમભેદ; અંડજ, સ્વેદજ, જરાયુજ અને ઉદ્‌ભિજ્જ જેવા ઉત્પત્તિના ભેદ; આસક્તિ, અનાસક્તિ, રાગ–વિરાગ વગેરે જેવા ગુણભેદ; લૌકિક, વૈદિક કે નિત્ય અને કામ્ય જેવા

કર્મભેદ; ઉર્ધ્વ અને અધોગતિ જેવી કર્મફળરૂપે થતી ગતિના ભેદ વગેરે સમગ્ર ભેદમય સૃષ્ટિનું અગર જાગ્રત અને સ્વપ્નની કાલ્પનિક દ્વૈત સૃષ્ટિનું સર્જન મન જ કરે છે. આવી રીતે ભોગ્ય પદાર્થોનું સર્જન કરી, જીવાત્માને ભોક્તા બનાવી, તેને માટે બંધન ઊભું કરવાનું કાર્ય પણ મન જ કરે છે. માટે જ ચિત્તશુદ્ધિનો કે મનોનાશનો ઉપદેશ પ્રત્યેક મુમુક્ષુને આપવામાં આવે છે અને તેવા હેતુથી જ પૂર્વે, મનને મુમુક્ષુના શ્રેયનું, કલ્યાણનું ભક્ષણ કરનારો, ભયાનક વાઘ કહેવામાં આવ્યું હતું.

(છંદ-ઉપજાતિ)

**असङ्गचिद्रूपममुं विमोह्य**
**देहेन्द्रियप्राणगुणैर्निबध्य ।**
**अहंममेति भ्रमयत्यजस्रं**
**मनः स्वकृत्येषु फलोपभुक्तिषु ॥१८०॥**

| | |
|---|---|
| **मनः** | = મન |
| **असङ्ग–चिद्रूपम्** | = અસંગ અને ચિદ્રૂપ |
| **अमुम्** | = આ (આત્માને) |
| **विमोह्य** | = મોહ પમાડીને |
| **देह–इन्द्रिय–प्राणगुणैः** | = સ્થૂળ દેહ-ઈન્દ્રિય અને પ્રાણના ધર્મોથી |
| **निबध्य** | = બાંધીને |
| **अहं मम इति** | = 'હું અને મારું' એવી (બુદ્ધિથી) |
| **अजस्रम्** | = નિરંતર |
| **स्वकृत्येषु** | = પોતાના કરેલાં કર્મોમાં (તથા) |
| **फलोपभुक्तिषु** | = કર્મફળોના ઉપભોગોમાં |
| **भ्रमयति** | = ભ્રમણ કરાવે છે. |

મન, જીવાત્માની અધોગતિનું કારણ છે તથા ભવબંધનો હેતુ છે

તેવું સમજાવવા જણાવાયું છે કે આત્મા તો કર્મ, કર્તા અને કર્મફળથી અસંગ છે. તેમજ નથી આત્મામાં કર્તૃત્વ કે ભોક્તૃત્વ. નથી તેમાં 'હું શરીર છું' કે 'હું મન, બુદ્ધિ કે ઇન્દ્રિય છું' તેવો અહંભાવ કે તેવો અહંકાર કે પછી તે સૌ મારાં છે એવો મમભાવ. આમ, આત્માને તો દેહ, ઇન્દ્રિય, પ્રાણ કે અંતઃકરણનો સંગ જ નથી. આત્મા તો સૌથી નિર્લેપ છે. આમ હોવા છતા મન તાદાત્મ્ય કરી, તે સૌમાં આત્મબુદ્ધિ કરી, તે બધામાં અહંભાવ કે મમભાવ પેદા કરી, 'હું દેહ', 'હું મન' કે 'હું ઇન્દ્રિય' અને 'તે સૌ મારાં', એવા ભ્રાંતિમય તાદાત્મ્યથી બંધન ઊભું કરે છે. એટલું જ નહીં, પરંતુ મન પોતાની વાસના પ્રમાણેના કર્મો દેહ કે ઇન્દ્રિયો પાસે કરાવે છે, તદુપરાંત જીવાત્માને પણ તે સૌનો અભિમાની બનાવી, કર્તાભાવે કર્મ કરાવી કર્મના ઇષ્ટ-અનિષ્ટ ફળનો તેને ભોક્તા બનાવે છે અને સુખી-દુઃખી કરી બંધનના ભાવને જીવતો, જાગતો અને સળગતો રાખે છે. તદુપરાંત જે કર્મોના ફળ આ જન્મે ન મળે તે જીવ સાથે ઉત્ક્રમણ કરી જીવને નવું શરીર ધારણ કરવા પ્રેરે છે અને ગર્ભરૂપી નવું બંધન ઊભું કરી જન્મ-મૃત્યુની યાતનામાં તેને ડૂબકાં ખવડાવે છે. આ ઉપરથી અત્રે સ્પષ્ટ જ જણાવાયું છે કે ઈશ્વરસૃષ્ટિમાં તત્ત્વાર્થે તો ભેદ છે જ નહીં. અલૌકિક કે પારમાર્થિક દૃષ્ટિમાં પણ દ્વૈત કે જુદાઈનો તો પ્રશ્ન જ નથી છતાં દ્વૈત અને ભેદનું દર્શન કરાવી જીવાત્માને બંધનમાં પાડવા માટે મનની આ સૌ કરામત છે. આવું અવિદ્યારૂપી મનનું લક્ષણ હોવા છતાં, નિર્લેપ આત્મા ન તેમાં ફસાય છે, ન બંધાય છે કે નથી કેદી થતો.

(છંદ-ઉપજાતિ)

**अध्यासदोषात्पुरुषस्य संसृति-**
**रध्यासबन्धस्त्वमुनैव कल्पितः ।**
**रजस्तमोदोषवतोऽविवेकिनो**
**जन्मादिदुःखस्य निदानमेतत् ॥१८१॥**

**पुरुषस्य** = જીવને

| | |
|---|---|
| **संसृतिः** | = સંસારની પ્રાપ્તિ |
| **अध्यासदोषात्** | = અધ્યાસરૂપી દોષને લીધે (થાય છે.) |
| **अध्यासबन्धः** | = અધ્યાસરૂપી બન્ધન |
| **तु** | = પણ |
| **अमुना एव** | = આ મન દ્વારા જ |
| **कल्पितः** | = કલ્પાયેલું છે. |
| **रजः–तमः–दोषवतः** | = રજોગુણ અને તમોગુણરૂપ દોષવાળા |
| **अविवेकिनः** | = વિવેકહીનના |
| **जन्मादिदुःखस्य** | = જન્મ, મરણવગેરે દુઃખનું |
| **एतत्** | = આ (મન જ) |
| **निदानम्** | = મૂળ છે. |

આત્મા નિર્ભ્રાંત, શુદ્ધ, બુદ્ધ, સદામુક્ત અને અસંસારી હોવા છતાં, અધ્યાસ કે ભ્રાંતિના સંગથી જ તેને સંસારરૂપી દોષ લાગુ પડે છે અને તે પોતાને સંસારી માનવા લાગે છે. વાસ્તવમાં જો સંસાર જ આત્મા પર આરોપ કે મનોકલ્પિત હોય તો સંસારી કેવો? અને તેમાં પણ સંસારી સત્ય છે એ તો ભ્રાંતિની પરાકાષ્ઠા છે. આમ છતાં, જે અસંગ આત્મામાં સંસાર કે સંસારી નથી તે આત્માને સંસારી કે સંસાર દ્વારા બદ્ધ માનવો, તેને જ અધ્યાસ કહેવાય છે. અગર અસંગ નિર્લેપ આત્મા ઉપર સંસારીપણાનો, દેહપણાનો કે સરૂપતાનો મિથ્યા આરોપ કરવો તેને પણ અધ્યાસ કહી શકાય. આમ, અધ્યાસદોષ કે અજ્ઞાનજન્ય ભ્રાંતિથી જન્મેલા બંધનને મનની કલ્પના કહેવામાં આવે છે. આવું બંધન વાસ્તવમાં છે નહીં, છતાં જે કોઈ અવિવેકી, રજોગુણ અને તમોગુણના દોષોથી દબાયેલો છે તેને જ લાગુ પડે છે અને તેવો અજ્ઞાની જ સુખદુઃખના સંસારમાં પડે છે.

(છંદ–અનુષ્ટુપ)

**अतः प्राहुर्मनोऽविद्यां पण्डितास्तत्त्वदर्शिनः ।**
**येनैव भ्राम्यते विश्वं वायुनेवाभ्रमण्डलम् ॥१८२॥**

**अतः** = માટે જ
**तत्त्वदर्शिनः** = તત્ત્વદર્શી
**पण्डिताः** = પંડિતો
**मनः** = મનને
**अविद्याम्** = અવિદ્યા
**प्राहुः** = કહે છે.
**वायुना इव**= જેમ વાયુ
**अभ्रमण्डलम्** = વાદળાંને (આમતેમ ભમાવે છે)
**येन एव** = (તેમ) મન વડે જ
**विश्वम्** = જગત
**भ्राम्यते** = ભમાવાય છે.

(છંદ–અનુષ્ટુપ)

**तन्मनः शोधनं कार्यं प्रयत्नेन मुमुक्षुणा ।**
**विशुद्धे सति चैतस्मिन् मुक्तिः करफलायते ॥१८३॥**

**तत् मनः** = તે મનને
**मुमुक्षुणा** = મોક્ષની ઇચ્છાવાળાએ
**प्रयत्नेन शोधनं कार्यम्** = પ્રયત્નથી શુદ્ધ કરવું જોઈએ
**एतस्मिन् च विशुद्धे सति** = એ વિશુદ્ધ થતાં
**मुक्तिः** = મુક્તિ
**करफलायते** = હાથમાં રહેલા ફળ જેવી જણાય છે.

## ચિત્તશુદ્ધિ મોક્ષનું પ્રબળ સાધન

હવે બે શ્લોકમાં ચિત્તશુદ્ધિને જ મુક્તિનું કારણ કે પ્રબળ સાધન જણાવતાં ઉપદેશાયું છે કે વિદ્વાનો કે તત્ત્વજ્ઞ પુરુષો મન અને અવિદ્યામાં ભેદ જોતાં નથી, તે બંન્નેને એક જ ગણે છે. તેઓ સમજે છે કે જેમ પવન વાદળાંઓને આકાશમાં આમતેમ ભમાવે છે, તેવી જ રીતે મનરૂપી વાયુ જગતરૂપી નૌકાને સંસારસમુદ્રમાં આમતેમ ભમાવે છે અર્થાત્ જગતને ડામાડોળ કરનારું કે ભમાવનારું પ્રબળ પરિબળ મનની કલ્પના કે ભ્રાંતિ જ છે. માટે મુમુક્ષુએ વધુ પુરુષાર્થ કે પરિશ્રમથી અગર વિવેકવૈરાગ્યના બળે, મનને જ શુદ્ધ કરવું અને તેનું શોધન કરવું જોઈએ. ખરેખર જયારે મનનું તાત્ત્વિક સ્વરૂપ શોધવાનો પ્રયત્ન થશે ત્યારે મનનો બાધ થઈ જશે અને મનનું અધિષ્ઠાન આત્મતત્ત્વ જ અવશેષ રહેશે. તેવા સંશોધનથી જ મનનો શુદ્ધિરૂપી બાધ

હસ્તગત થશે. આમ, જે કોઈ મનને શુદ્ધ કરી શકે છે અને સમજી શકે છે કે શુદ્ધ મન એ આત્માથી અભિન્ન છે અને તેવું પવિત્ર થયેલું, વાસનામુક્ત થયેલું, આસક્તિરહિત થયેલું, ઉપરાંત વિષયભ્રમણથી થંભી ગયેલું મન જ મનુષ્યનું મિત્ર છે. તેવી મૈત્રી કલ્યાણકારી અને પરમ શ્રેય પમાડનારી છે. જ્યારે અવિવેકી વિષયાસક્ત અને વાસનાસભર મન જ બંધનનો હેતુ છે તથા મનુષ્યમાત્રનો શત્રુ છે. તેમ હોવાથી વિચારકે, વિવેચકે કે શ્રદ્ધાવાન મુમુક્ષુએ કાં તો મનમાંથી વિષયાસક્તિ અને વાસના દૂર કરી મનને શુદ્ધ કરવું અગર આત્મજ્ઞાનની નિષ્ઠાવાન જ્ઞાનજ્યોતમાં મનનો બાધરૂપી નાશ કરવો. તેમ થતાં વિના વિલંબે તેવા સાધક કે અધિકારીને મુક્તિ હાથમાં રહેલા આમળાના ફળ જેમ સહજ અને સ્વાભાવિક જણાશે તે નિર્વિવાદ સત્ય છે.

(છંદ-ઉપજાતિ)

**मोक्षैकसक्त्या विषयेषु रागं**
**निर्मूल्य संन्यस्य च सर्वकर्म ।**
**सच्छ्रद्धया यः श्रवणादिनिष्ठो**
**रजः स्वभावं स धुनोति बुद्धेः ॥१८४॥**

| | |
|---|---|
| **यः** | = જે |
| **मोक्षैकसक्त्या** | = કેવળ મોક્ષની ઇચ્છા વડે |
| **विषयेषु** | = (શબ્દાદિ) વિષયો પરના |
| **रागं निर्मूल्य** | = રાગને નિર્મૂળ કરી, |
| **सर्वकर्म संन्यस्य च** | = સર્વ કર્મો ત્યજીને તથા |
| **सत् श्रद्धया** | = સત્શાસ્ત્રમાં શ્રદ્ધા વડે, |
| **श्रवणादिनिष्ठः** | = શ્રવણ આદિ કરવામાં લાગેલો છે, |
| **सः बुद्धेः** | = તે બુદ્ધિના |
| **रजः स्वभावम्** | = રજોગુણી સ્વભાવને |
| **धुनोति** | = ધોઈ નાંખે છે. |

(છંદ-ઉપજાતિ)

मनोमयो नापि भवेत्परात्मा
ह्याद्यन्तवत्त्वात्परिणामिभावात् ।
दुःखात्मकत्वाद् विषयत्वहेतो-
र्द्रष्टा हि दृश्यात्मतया न दृष्टः ॥१८५॥

| | |
|---|---|
| **आद्यन्तवत्त्वात्** | = ઉત્પત્તિ-વિનાશવાળો હોવાથી, |
| **परिणामिभावात्** | = ક્ષણે ક્ષણે બદલાતા રહેવાના સ્વભાવવાળો હોવાથી, |
| **दुःखात्मकत्वात्** | = દુઃખરૂપ હોવાથી, |
| **विषयत्व हेतोः अपि** | = તેમજ વિષયરૂપે જણાતો હોવાને કારણે |
| **मनोमयः** | = મનોમયકોશ |
| **हि** | = નક્કી |
| **परात्मा** | = નિરુપાધિક આત્મા |
| **न भवेत्** | = થઈ શકતો નથી. |
| **द्रष्टा हि** | = (કારણ કે) દ્રષ્ટા |
| **दृश्यात्मतया** | = દૃશ્યવસ્તુરૂપે |
| **न दृष्टः** | = (કોઈએ) જોયો નથી. |

મનોમય કોશના વિવેચનની તલસ્પર્શી ચર્ચાની પૂર્ણાહુતિ કે સમાપન કરતાં અત્રેના બે શ્લોકમાં હવે દર્શાવે છે કે જે કોઈ મનુષ્ય મોક્ષપ્રાપ્તિની પ્રબળ તાલાવેલી કે પ્રજ્વલિત અપેક્ષા સાથે (WITH A BURNING DESIRE FOR LIBERATION) વિષયાસક્તિને નિર્મૂળ કરવામાં સફળ થશે તથા કર્મોનો ત્યાગ કરી નિષ્ઠાપૂર્વક અગર સાચી શ્રદ્ધાથી શાસ્ત્રોનું શ્રવણ કરશે, શ્રવણના બળે બ્રહ્મવિચારમાં શુદ્ધિ કે સાતત્યથી જે સંપન્ન થયો હશે તે મનન કે નિદિધ્યાસનનું નિષ્ઠાપૂર્વક સેવન કરવાથી રજોગુણના વિક્ષેપરૂપી સ્વભાવને કે રજોગુણીવૃત્તિનો નાશ કરવામાં અવશ્ય સફળતા મેળવશે અને પોતાની બુદ્ધિ

સ્થિર કરી શકશે.

ઉપરોક્ત વર્ણવાયેલો મનોમયકોશ, આદિ અને અંતવાળો છે. મનનો જાગ્રત અને સ્વપ્નકાળે ઉદય અને સુષુપ્તિમાં અસ્ત ખૂબ જાણીતો છે તેથી ઉદય કે આદિવાળું તથા અંત કે અસ્ત જેવા ધર્મવાળું મન કદાપિ અનાદિ કે અનંત આત્મતત્ત્વ હોઈ શકે નહીં. તે તો ઠીક, પરંતુ મન પરિવર્તન કે પરિણામવાળા સ્વભાવવાળું અને સુખદુઃખ જેવા વિકારવાળું તથા વિષયોનું સંગી છે જ્યારે આત્મા તો અવિકારી, અવિનાશી અને કોઈ પણ પ્રકારના પરિણામ કે પરિવર્તન વગરનો છે. ઉપરાંત આત્માને, મન જેવો નથી વિષયનો સંગ, નથી કર્તા-ભોક્તાનો સાથ, માટે તે અસંગી છે. આત્મા જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિ જેવી અવસ્થાનો દૃષ્ટા કે સાક્ષી છે જ્યારે મનોમયકોશ તો સાક્ષ્ય, દૃશ્ય અને જ્ઞેય છે. સર્વનો દૃષ્ટા આત્મા, કદી દૃશ્ય થઈ શકે નહીં, એ ન્યાયે પણ તત્ત્વાર્થે એટલું જ યાદ રાખવું કે મનોમયકોશ કે મન કદી પણ આત્મા થઈ શકે નહીં કે બંધન કે મોક્ષ જેવા મનનાં ધર્મો પણ આત્માને લાગુ પડી શકે નહીં. આત્મા તો બંધનમોક્ષની સાપેક્ષતાથી મુક્ત, નિર્લેપ અને નિરપેક્ષ સત્ય છે.

(છંદ-અનુષ્ટુપ)

**बुद्धिर्बुद्धीन्द्रियैः सार्धं सवृत्तिः कर्तृलक्षणः ।**
**विज्ञानमयकोशः स्यात् पुंसः संसारकारणम् ॥१८६॥**

| | |
|---|---|
| **बुद्धि-इन्द्रियैः** | = પાંચ જ્ઞાનેન્દ્રિયો |
| **सार्धम्** | = સહિત |
| **सवृत्तिः** | = (અહંકારાદિ) વૃત્તિયુક્ત |
| **बुद्धिः** | = બુદ્ધિ |
| **विज्ञानमयकोशः स्यात्** | = વિજ્ઞાનમયકોશ છે. |
| **कर्तृलक्षणः** | = 'હું કર્તા છું', એવા લક્ષણવાળો એ |
| **पुंसः** | = જીવના |
| **संसारकारणम्** | = સંસારનું કારણ (છે.) |

(છંદ-ઉપજાતિ)

**अनुव्रजच्चित्प्रतिबिम्बशक्ति-**
**र्विज्ञानसंज्ञः प्रकृतेर्विकारः ।**
**ज्ञानक्रियावानहमित्यजस्रं**
**देहेन्द्रियादिष्वभिमन्यते भृशम् ॥१८७॥**

**अनुव्रजत्-चित्-प्रतिबिम्बशक्तिः** = ચૈતન્યની પ્રતિબિંબશક્તિ જેમાં પ્રવેશેલી છે, તે
**विज्ञानसंज्ञः** = 'વિજ્ઞાનમય' નામનો
**प्रकृतेः** = પ્રકૃતિનો
**विकारः** = વિકાર છે. (કાર્ય છે) (આ)
**अहं ज्ञानक्रियावान् इति** = 'હું જ્ઞાનવાળો અને ક્રિયાવાળો છું' એવું
**अजस्रम्** = નિરંતર
**देहेन्द्रियादिषु** = શરીર, ઈન્દ્રિયો વગેરેમાં
**भृशम्** = બહુ
**अभिमन्यते** = અભિમાન કરે છે.

## વિજ્ઞાનમય કોશ

પંચકોશવિવરણમાં અન્નમય, પ્રાણમય અને મનોમયકોશની વિચારણા બાદ હવે વિજ્ઞાનમયકોશનું વિવેચન કુલ બાવીસ શ્લોક દ્વારા અર્થાત્ શ્લોક ૧૮૬ થી ૨૦૮ સુધી કરવામાં આવે છે. તે સંદર્ભે પ્રથમ બે શ્લોક દ્વારા વિજ્ઞાનમયકોશનો પરિચય આપતાં જણાવ્યું છે કે વિજ્ઞાન એટલે જ બુદ્ધિ અને બુદ્ધિમય જે કોશ છે તેને વિજ્ઞાનમયકોશ કહે છે. સામાન્ય રીતે બુદ્ધિનું કાર્ય નિર્ણય લેવાનું હોય છે. તેથી બુદ્ધિની નિશ્ચયાત્મકશક્તિને નિર્ણાયકતંત્ર (DETERMINATIVE FACULTY OR SYSTEM) પણ કહેવાય છે. આવી નિશ્ચયાત્મિકા બુદ્ધિ જ્યારે પાંચેય જ્ઞાનેન્દ્રિયોના સમૂહ સાથે હોય, તદુપરાંત અહંકારની 'હું કર્તા' કે 'હું ભોક્તા' જેવી કર્તૃત્વ-ભોક્તૃત્વ વૃત્તિ હોય, મનની

સંશયાત્મિકા વૃત્તિ, ચિત્તની અનુસંધાત્મિકા વૃત્તિ અને બુદ્ધિની પોતાની નિશ્ચયાત્મિકા વૃત્તિ હોય; આમ, મન, બુદ્ધિ, ચિત્ત કે અહંકારાદિની વૃત્તિઓ અને જ્ઞાનેન્દ્રિયો એક બીજા સાથે જોડાય છે ત્યારે બુદ્ધિમાં કર્તાભાવ જાગે છે, તથા બુદ્ધિને કર્તાપણાનું અભિમાન થાય છે. આવી કર્તાના અભિમાનવાળી તથા સર્વ વૃત્તિઓ અને ઇન્દ્રિયોના સમૂહવાળી સંયુક્ત બુદ્ધિને વિજ્ઞાનમયકોશ કહેવામાં આવે છે. આ વિજ્ઞાનમયકોશ જ જીવાત્માના સંસારનું કારણ બને છે. આવા વિજ્ઞાનમય કોશમાં ચૈતન્યમય આત્માની શક્તિ પ્રતિબિંબરૂપે રહેલી જણાય છે. આવી પ્રતિબિંબશક્તિ પ્રકૃતિના વિકારરૂપે કે માયાના કાર્યરૂપે વિજ્ઞાનમયકોશમાં હોય છે. નવા સાધકે સમજવું કે શ્લોકમાં વપરાયેલો **"प्रकृतेः विकारः"** પ્રકૃતિ શબ્દ માયાનો પર્યાય છે. તેથી પ્રકૃતિનો વિકાર કહો કે માયાનું કાર્ય કહો, તત્ત્વાર્થે એકનું એક જ છે. આમ, ચૈતન્યસ્વરૂપ આત્માની પ્રતિબિંબિત શક્તિના લીધે જ વિજ્ઞાનમયકોશ, જ્ઞાન અને ક્રિયાનો અભિમાની થઈ કહે છે કે હું જ્ઞાનવાન કે ક્રિયાવાળો છું. ઉપરાંત હું દેહ, હું ઇન્દ્રિય કે હું મન-બુદ્ધિ છું; એવું નિરંતર અભિમાન કરનારો પણ આ વિજ્ઞાનમયકોશ છે.

(છંદ-ઉપજાતિ)

**अनादिकालोऽयमहंस्वभावो**
**जीवः समस्तव्यवहारवोढा ।**
**करोति कर्माण्यपि पूर्ववासनः**
**पुण्यान्यपुण्यानि च तत्फलानि ॥१८८॥**

| | |
|---|---|
| **अनादिकालः** | = અનાદિકાળથી ચાલ્યો આવતો |
| **'अहं' स्वभावः** | = 'હું' સ્વભાવવાળો |
| **अयम्** | = આ (વિજ્ઞાનમય કોશ) |
| **समस्तव्यवहारवोढा** | = સર્વ વ્યવહાર ચલાવવાવાળો |
| **जीवः** | = જીવ છે. (તે) |
| **पूर्ववासनः** | = પૂર્વજન્મની (શુભ-અશુભ) વાસના પ્રમાણે |

**पुण्यानि अपुण्यानि च** = પુણ્ય અને પાપ
**कर्माणि** = કર્મોને
**करोति** = કરે છે, (અને)
**तत् फलानि अपि** = અને તેના ફળો પણ (ભોગવે છે.)

વિજ્ઞાનમયકોશ, દેહ અને ઈન્દ્રિયો સાથે તાદાત્મ્ય કરી તેમાં અહંભાવ કરીને દેહાત્મબુદ્ધિ દ્વારા દેહ અને ઈન્દ્રિયોનો અભિમાની થાય છે. તેનો સ્વભાવ જ અનાદિ કાળથી અહંકાર કરવાનો હોય છે. તેથી જ આ કોશ જીવરૂપ થાય છે. તે દેહ, ઈન્દ્રિયનો અભિમાની થઈ કર્તા-ભોક્તાભાવે સંસારનાં સમસ્ત વ્યવહારનો ભાર ઊપાડી લે છે, સંસાર ચલાવે છે અને પૂર્વજન્મની વાસનાથી પ્રેરિત થઈ પુણ્ય અને પાપ જેવાં કર્મો કરે છે અને કરેલાં કર્મનાં ફળ પણ ભોગવે છે. આમ, વિજ્ઞાનમયકોશ જ પોતાના અહંકારી સ્વભાવથી અનાદિ જીવરૂપ થાય છે.

(છંદ-ઉપજાતિ)

**भुङ्क्ते विचित्रास्वपि योनिषु व्रजन्**
**आयाति निर्यात्यध ऊर्ध्वमेषः ।**
**अस्यैव विज्ञानमयस्य जाग्रत्-**
**स्वप्नाद्यवस्थाः सुखदुःखभोगः ॥१८६॥**

**एषः** = આ (જીવ)
**विचित्रासु योनिषु अपि** = જુદી જુદી જાતની યોનીઓમાં
**व्रजन्** = ભમતો,
**अधः आयाति ऊर्ध्वं निर्याति** = નીચે આવે છે (અને) ઉપર જાય છે.
**अस्य विज्ञानमयस्य एव** = આ વિજ્ઞાનમય કોશની જ
**जाग्रत्-स्वप्नाद्यवस्थाः** = જાગ્રત, સ્વપ્ન આદિ અવસ્થાઓ છે,
**सुखदुःखभोगः** = (જેમાં) સુખદુઃખનો ભોગ
**भुङ्क्ते** = ભોગવે છે.

વિજ્ઞાનમયકોશ કે જે પોતાના સ્વભાવથી જીવરૂપ થાય છે તે જીવાત્મા જ પૂર્વવાસનાના બળે ભિન્ન ભિન્ન પ્રકારની યોનિઓમાં પરિભ્રમણ કરતો ઉર્ધ્વયોનિ કે અધોયોનિને પ્રાપ્ત થઈ, ઈષ્ટ કે અનિષ્ટ શરીરો દ્વારા જન્મે છે અને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવી અવસ્થાઓમાં સુખ-દુ:ખરૂપી ભોગ પણ ભોગવે છે. આ બધું જ જીવ નામનો વિજ્ઞાનમયકોશ જ કરે છે. તેથી મુમુક્ષુએ કલ્યાણાર્થે સમજવાનું કે જેમ પૂર્વેના કોઈ કોશ આત્મા નથી, તેવી જ રીતે વિજ્ઞાનમયકોશ કે જીવ પણ આત્મા હોઈ શકે નહીં.

(છંદ-ઉપજાતિ)

**देहादि निष्ठाश्रमधर्मकर्म–**
**गुणाभिमानं सततं ममेति ।**
**विज्ञानकोशोऽयमतिप्रकाशः**
**प्रकृष्टसान्निध्यवशात् परात्मनः ।**
**अतो भवत्येष उपाधिरस्य**
**यदात्मधीः संसरति भ्रमेण ॥१६०॥**

**देहादि–निष्ठ–आश्रम–धर्म–कर्म–गुण–अभिमानम्** = (આ) શરીરાદિમાં તથા શરીર સાથે સંબંધ ધરાવતા આશ્રમો, ધર્મો અને ગુણોના અભિમાનને લીધે

**सततं मम इति** = નિરંતર 'મારા' એમ સમજે છે.
**अयं विज्ञानकोशः** = આ વિજ્ઞાનમયકોશ
**परात्मनः** = પરમાત્માની
**प्रकृष्ट–सान्निध्यवशात्** = અત્યંત સમીપમાં હોવાના કારણે
**अतिप्रकाशः** = અતિ પ્રકાશવાળો છે.
**अतः एषः** = તેથી આ (વિજ્ઞાનમયકોશ)
**अस्य उपाधिः भवति** = આત્માની ઉપાધિ છે.

| | |
|---|---|
| **यदात्मधीः** | = જેમાં આત્મબુદ્ધિવાળો |
| **भ्रमेण संसरति** | = ભ્રાંતિ વડે સંસારને પામ્યા કરે છે. |

વિજ્ઞાનમયકોશ અન્ય કોશોની સરખામણીમાં આત્માથી અત્યંત નજીક કે સાંનિધ્યમાં હોય છે અને તેથી જ આ કોશ અતિપ્રકાશવાન જણાય છે. તેમ હોવાથી તેની ક્રિયામાં ચેતનાશક્તિ પણ જણાય છે. તેવી શક્તિ દ્વારા જ વિજ્ઞાનમયકોશ શરીરસ્થ આશ્રમધર્મો, દેહાદિના કર્મો, તેના ધર્મો અને ગુણોનો સતત અભિમાની બની, તે સૌ મારાં છે એવું માને છે. આ ઉપરથી દૃઢ નિર્ણય થાય છે કે વિજ્ઞાનમયકોશ આત્માની અત્યંત નજીક બેશક છે પરંતુ તે શુદ્ધ આત્મા કદાપિ નથી. તે આત્માની ઉપાધિરૂપે રહેલો છે, છતાં ઉપાધિ જેવા વિજ્ઞાનમયકોશમાં જે આત્મબુદ્ધિ કરે છે, અર્થાત્ નિરુપાધિક આત્માને ઉપાધિવાળો માને છે કે ઉપાધિરૂપ વિજ્ઞાનમયકોશને આત્મા માને છે તેવો અવિવેકી તેવી આત્મબુદ્ધિને લીધે ભ્રાંત થઈ જન્મમરણના સંસારને જ પામી ગોથાં ખાય છે. માટે શ્લોકમાં તાત્પર્યમાં જણાવ્યું છે કે **'यदात्मधीः संसरति भ्रमेण ।'**

(છંદ-ગીતિ)

**योऽयं विज्ञानमयः प्राणेषु हृदि स्फुरत्ययं ज्योतिः ।**
**कूटस्थः सन्नात्मा कर्ता भोक्ता भवत्युपाधिस्थः ॥१६१॥**

| | | | |
|---|---|---|---|
| **यः** | = જે | **स्फुरति** | = પ્રકાશી રહ્યો છે, |
| **अयम्** | = આ | **अयम्** | = (તે) આ |
| **विज्ञानमयः** | = વિજ્ઞાનમયકોશ | **कूटस्थः** | = કૂટસ્થ |
| **प्राणेषु** | = પ્રાણોમાં (ઇન્દ્રિયોમાં) | **आत्मा** | = આત્મા |
| **हृदि** | = તથા હૃદયમાં (અંતઃકરણમાં) | **सन्** | = હોવા છતાં |
| | | **उपाधिस्थः** | = ઉપાધિમાં રહેલો હોઈ |
| **ज्योतिः** | = જ્યોતિસ્વરૂપે (જ્ઞાનસ્વરૂપે) | **कर्ता भोक्ता** | = કર્તા-ભોક્તા |
| | | **भवति** | = બને છે. |

## આત્મવિચાર

વિજ્ઞાનમયકોશના સૂક્ષ્મ વિચાર બાદ આચાર્યશ્રી ત્રણ શ્લોક દ્વારા જ્ઞાનમય કે ચૈતન્યસ્વરૂપ સાક્ષી આત્માનો પરિચય આપે છે. જેના વિશે કહેવાયું છે કે તે વિજ્ઞાનમયકોશની અત્યંત નજીક હોવા છતાં નિરુપાધિક રહે છે, તેવો નિરુપાધિક આત્મા, સ્વરૂપે તો સ્વયં પ્રકાશસ્વરૂપ (SELF EFFULGENT) છે. તેનો તત્ત્વાર્થ તો એવો જ છે કે તે જ્ઞાનસ્વરૂપ છે. વેદાંતની ભાષાનો જેને પરિચય નથી તે તો લક્ષ્યાર્થ છોડી દઈ શબ્દાર્થ જ પકડે છે, જેમ કોઈ ધાન કે ચોખાને છોડી કુસ્કીને સત્ય માને છે. તેથી અત્રે સમજવું કે આત્મા પ્રકાશસ્વરૂપ છે. તેનો અર્થ તે પરપ્રકાશિત નથી. પોતે જાતે જ સ્વયંને જાણે છે અને અન્યને જણાવે છે. આ જાણવાપણું, જ્ઞાતૃત્વ એ જ પ્રકાશત્વ છે અને પ્રકાશત્વને જ અત્રે જ્ઞાતૃત્વ સમજવું. માટે જ આત્માને જ્ઞાનસ્વરૂપ કહેવામાં આવે છે. આત્મામાંથી કંઈ સૂર્ય, ચંદ્ર કે વીજળીની જેમ પ્રકાશના કિરણો નીકળતાં નથી. નથી તે રાત્રીના અંધારામાં તારાઓ જેમ ટમટમતો કે વીજળી જેમ ચમકારો આપતો. વીજળી, તારા, અગ્નિ, સૂર્ય કે ચંદ્ર એ સૌનો પ્રકાશ તો આદિ અને અંતવાળો છે, નશ્વર કે નાશવંત છે. ઉપરાંત તેવા સૌ પ્રકાશ, પરાધીન કે પરતંત્ર છે, પરપ્રકાશિત છે. જ્યારે આત્માનું પ્રકાશત્વ કે જ્ઞાનસ્વરૂપ તો સ્વયંભૂ, સ્વતંત્ર, શાશ્વત અને આદિ-અંતથી ન્યારું કે મુક્ત છે. સૂર્ય, ચંદ્ર, અગ્નિ કે વિદ્યુતના પ્રકાશના અભાવમાં જે અંધારું જણાય છે તે અંધારાનું જ્ઞાન આત્મા ઉપર આધારિત છે. માટે આત્મા સ્વયં જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનરૂપી અજવાળાથી જ પિંડ કે બ્રહ્માંડને, તૃણથી સર્જનહાર બ્રહ્મા સુધી સૌ કોઈને જાણી શકાય છે. માટે જ આત્માને ચૈતન્ય કે જ્ઞાનસ્વરૂપ કહ્યો છે. શ્રુતિ પણ કહે છે કે **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।'** 'આત્મા સત્ય, જ્ઞાન તથા અનંતસ્વરૂપ છે.' આ આત્મા ઉપાધિના તાદાત્મ્યથી નિર્વિકારી હોવા છતાં વિકારી, અકર્તા હોવા છતાં કર્તા અને અભોક્તા હોવા છતાં ભોક્તા જણાય છે. તત્ત્વાર્થે વિજ્ઞાનમયકોશ સચ્ચિદાનંદ આત્મા જ છે. પરંતુ જ્યારે તે આત્મા પોતાને શરીરાદિ ઉપાધિમાં જ રહેલો જાણે છે ત્યારે તે પોતાને કર્તા-ભોક્તા માની સંસારી બને છે.

(છંદ-ઉપજાતિ)

**स्वयं परिच्छेदमुपेत्य बुद्धे-**
**स्तादात्म्यदोषेण परं मृषात्मनः ।**
**सर्वात्मकः सन्नपि वीक्षते स्वयं**
**स्वतः पृथक्त्वेन मृदो घटानिव ॥१६२॥**

| | | | |
|---|---|---|---|
| **स्वयं परम्** | = પરમાત્મા પોતે | **सर्वात्मकः** | = સર્વરૂપ, (સર્વાત્મા) |
| **मृषात्मनः** | = મિથ્યારૂપ | **सन् अपि** | = હોવા છતાં |
| **बुद्धेः** | = બુદ્ધિના | **मृदः घटान् इव** | = જેમ માટીથી ઘડો જુદો જોવાય છે તેમ |
| **तादात्म्य दोषेण** | = તાદાત્મ્ય દોષને લીધે | **स्वतः** | = પોતે પોતાનાથી |
| **परिच्छेदं उपेत्य** | = પરિચ્છેદને પામે છે | **पृथक्त्वेन** | = બધું ભિન્ન |
| **स्वयम्** | = (અને) પોતે | **वीक्षते** | = જુએ છે. |

આત્મા નિરુપાધિક અને નિરાકાર હોવા છતાં કેવી રીતે સોપાધિક અને સાકાર બને છે તે અત્રે સમજાવ્યું છે. એક જ માટીમાંથી બનેલા અનેક સાકાર અને દૃશ્ય ઘડા અન્યોન્યથી જુદાં દેખાતાં હોવાથી માટીથી ભિન્ન રૂપે જોવામાં આવે છે અર્થાત્ માટી અને ઘડાને જુદાં જુદાં માનવામાં આવે છે. વાસ્તવમાં પ્રત્યેક ઘડો, માટીથી ભિન્ન અન્ય કાંઈ જ નથી પરંતુ માટી જ છે. તેવી જ રીતે આત્મા એક, અભિન્ન અને સ્વગત, સજાતીય કે વિજાતીય એવા ભેદથી અગર દેશ, કાળ અને વસ્તુના પરિચ્છેદથી રહિત, અભેદ, અખંડ, અનેક શરીરોમાં એક અને અદ્વિતીયરૂપે રહેલો સૌનો અંતરાત્મા હોવા છતાં મનુષ્ય, પોતાના આત્મસ્વરૂપને ભૂલી જાય છે અને ભ્રાંતિમાં રહેલો મિથ્યાબુદ્ધિ દ્વારા, શરીરના આકાર, જન્મ કે ઉપાધિ સાથે તાદાત્મ્ય કરીને, પોતે શરીર છે, તેવું માને છે. તદુપરાંત, જેમ એક ઘડો અન્ય ઘડાથી ભિન્ન જણાય છે, તેમ અન્ય શરીરથી પોતે જુદો, સાકાર અને દૃશ્ય છે તેવું માની, અસીમ અને અનંત હોવા છતાં પોતાને શરીરરૂપી આકારમાં સીમિત અને અંતવાન માને

છે. પોતે સર્વાત્મા, સર્વાધિષ્ઠાન હોવા છતાં દેહાત્મબુદ્ધિથી પોતાને એકદેશીય પિંડ ગણી, અખિલ બ્રહ્માંડના એક અધિષ્ઠાન જેવા પોતાના આત્મસ્વરૂપથી વિહોણો બને છે.

(છંદ–ઉપજાતિ)

**उपाधि संबंधवशात्परात्मा**
**ह्युपाधिधर्माननुभाति तद्गुणः ।**
**अयोविकारानविकारिवह्निवत्**
**सदैकरूपोऽपि परः स्वभावात् ॥१६३॥**

| | |
|---|---|
| **अविकारि वह्निवत्** | = (જેમ) અવિકારી અગ્નિ |
| **अयः विकारान्** | = લોઢાના આકારવાળો (દેખાય છે તેમ) |
| **स्वभावात् परः** | = સ્વભાવથી પર |
| **परात्मा** | = વિશુદ્ધ આત્મા |
| **सदा एकरूपः अपि** | = સર્વદા એકરૂપ હોવા છતાં, |
| **उपाधि संबंधवशात् हि** | = (બુદ્ધિરૂપી) ઉપાધિના સંબંધના લીધે જ |
| **उपाधिधर्मान्** | = ઉપાધિના ધર્મો |
| **तद्गुणः** | = (અને) તેના ગુણ |
| **अनुभाति** | = અપનાવે છે. |

સકળ જગતના અધિષ્ઠાન જેવો પરમ આત્મા, મૂળ સ્વરૂપે કે સ્વભાવે તો માત્ર સદા એકરૂપ રહેનારો નિર્વિકારી, અપરિવર્તનશીલ અને નિરુપાધિક છે. છતાં જેમ નિર્વિકારી અગ્નિ લોઢાના હથિયાર જેવાં કે તલવાર, ચીપિયો, સાણસી કે દાતરડું અને કોદાળી જેવા ઓજારોને તપાવવાથી તે સૌ હથિયાર કે ઓજારોમાં પ્રવેશે છે ત્યારે તેમના જેવો જ આકાર ધારણ કરે છે અને તલવાર કે દાતરડાં જેવો સાકાર દેખાય છે. એ જ રીતે સાકાર, વિકારી કે દશ્યવસ્તુના સંસર્ગથી આત્મા તેવો ન હોવા છતાં તે સૌની ઉપાધિના સંબંધે તેવો દેખાય છે. એનું કારણ એટલું જ છે કે દેહ, તેમાં રહેલી ઈન્દ્રિયો, મન,

બુદ્ધિ વગેરેની ઉપાધિ ગ્રહણ કરીને અને તેમાં પણ વિશેષ રીતે બુદ્ધિના ગુણ ગ્રહણ કરવાને લીધે, ઉપાધિના ધર્મો સાથે તાદાત્મ્ય કરવાને લીધે, નિરુપાધિક હોવા છતાં ઉપાધિવાળો દેખાય છે અને ઉપાધિના ગુણોને પોતાના માને છે.

(છંદ-અનુષ્ટુપ)

**शिष्य उवाच**

**भ्रमेणाप्यन्यथा वाऽस्तु जीवभावः परात्मनः ।**
**तदुपाधेरनादित्वान्नानादेर्नाश इष्यते ॥१६४॥**

**शिष्यः उवाच** = શિષ્ય બોલ્યો

**भ्रमेण अस्तु** = ભ્રમને લીધે હોય
**अन्यथा वा** = કે કોઈ બીજા કારણે હોય (પણ)
**परात्मनः** = પરમાત્માનું
**जीवभावः** = જીવપણું છે.
**तद् उपाधेः** = તેની (બુદ્ધિરૂપી) ઉપાધિ
**अनादित्वात्** = અનાદિકાળની છે. (તેથી)
**न अनादेः नाशः** = જે અનાદિ હોય તેનો નાશ
**इष्यते** = (કહેવો) યોગ્ય નથી.

(છંદ-અનુષ્ટુપ)

**अतोऽस्य जीवभावोऽपि नित्यो भवति संसृतिः ।**
**न निवर्तेत तन्मोक्षः कथं मे श्रीगुरो वद ॥१६५॥**

**अतः** = આથી
**अस्य** = તેનો
**जीवभावः** = જીવભાવ
**अपि** = પણ
**नित्यः** = નિત્ય
**भवति** = થશે (અને)
**संसृतिः** = સંસારનું (પણ)
**न निवर्तेत** = નિવારણ થઈ શકશે નહીં
**तन्मोक्षः** = (તો પછી) જીવનો 'મોક્ષ'
**कथम्** = કેવી રીતે?
**श्रीगुरो** = હે સદ્‌ગુરુ !
**मे** = (તે) મને
**वद** = કહો.

## મોક્ષ મળે કેવી રીતે?

અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમયકોશના વિવેચન બાદ આત્મતત્ત્વનો પરિચય આપવામાં આવ્યો અને નિત્યમુક્ત હોવા છતાં કેવી રીતે બંધનમાં પડવું પડે છે અગર તે નિરાકાર હોવા છતાં કેવી રીતે સાકાર થાય છે, નિર્વિકારી હોવા છતાં શા માટે વિકારી બને છે તથા અનાદિ અને અનંત હોવા છતાં પોતે પોતાને કેવી રીતે આદિ અને અંતવાળો ગણે છે, એવી સમજણ આપવામાં આવી. આ બધું જ શિષ્ય, પ્રતિક્રિયારહિત થઈને શ્રવણ કરી રહ્યો હતો. પરંતુ અંતે તેના મનમાં શંકા જાગી અને પોતાની શંકાને તેણે બે શ્લોકમાં અભિવ્યક્ત કરી છે.

હે ગુરુદેવ ! આપનો ઉપદેશ મેં શ્રદ્ધાથી સાંભળ્યો. પરંતુ મને સમજાતું નથી કે જે આત્મા અનાદિ અને અનંત છે સર્વવ્યાપ્ત અને સર્વાધાર છે, અવિકારી અને અપરિવર્તનશીલ છે, નિર્લેપ અને નિરુપાધિક છે, તેવા પરમ આત્માને મનોભ્રાંતિ, અવિદ્યા કે અજ્ઞાનને લીધે અગર કોઈ અન્ય ભ્રમને કારણે જીવ બનવું પડયં હોય, તો ભલે તેમ થયું, એ વાત તો સ્વીકારવી જ પડે છે. પરંતુ નિરુપાધિક આત્માને ઉપાધિવાળા કે સોપાધિક બનવું પડે અને એવી ઉપાધિ જો અનાદિ હોય, તો તો જીવભાવ પણ અનાદિ થયો તેમ કહેવાય. આપે પણ જીવભાવને અનાદિ તરીકે સમજાવ્યો છે. આવી વાતથી મને શંકા થાય છે કે જો ઉપાધિ કે જીવભાવ અનાદિ હોય અર્થાત્ તેનો આરંભ, પ્રારંભ, જન્મ કે શરૂઆત જ ન હોય તો સ્પષ્ટ છે કે જીવભાવનો અંત પણ ન થાય. તેવું જો સત્ય માનીએ, તો જીવનો સંસાર સદા ચાલતો રહે અને સંસારનો પણ નાશ કે અંત થાય નહીં. તેમજ હોય તો જન્મમરણરૂપી ચક્ર પણ કોઈને માટે અટકે નહીં. આમ થવાથી તો ભારે અનર્થ થાય. એટલું જ નહીં, પરંતુ અનાદિ જીવભાવથી તો કોઈને પણ ક્યારેય મોક્ષ મળી શકે નહીં, તથા પ્રત્યેકને જીવરૂપે જ રહેવું પડે. માટે હે ગુરુદેવ ! "મારી શંકાનું સમાધાન કરી મને સમજાવો કે જીવભાવનો અંત થાય કેવી રીતે? મોક્ષ મળે કેવી રીતે? અને ઉપાધિ નિવૃત્ત કેવી રીતે થઈ શકે?"

(છંદ-અનુષ્ટુપ)

**श्रीगुरुरुवाच**

**सम्यक् पृष्टं त्वया विद्वन् सावधानेन तच्छृणु ।**
**प्रामाणिकी न भवति भ्रान्त्या मोहितकल्पना ॥१६६॥**

**श्रीगुरुः उवाच** = શ્રી ગુરુ બોલ્યા.

| | | | |
|---|---|---|---|
| **विद्वन्** | = (હે) વિદ્વાન ! | **शृणु** | = (તું) સાંભળ. |
| **त्वया** | = તેં | **भ्रान्त्या** | = ભ્રમને લીધે ઉપજેલી |
| **सम्यक्** | = ઠીક | **मोहितकल्पना** | = મોહયુક્ત કલ્પના |
| **पृष्टम्** | = પ્રશ્ન કર્યો. (હવે) | | |
| **तत्** | = તે (તેનું સમાધાન) | **प्रामाणिकी** | = પ્રમાણભૂત (સત્ય) |
| **सावधानेन** | = સાવધાન થઈને | **न भवति** | = હોતી નથી. |

**સમાધાન**

શિષ્યની શંકાનું સમાધાન કરતાં ગુરુદેવ ઉત્તર આપે છે કે હે પ્રશ્નોત્તરીમાં પારંગત શિષ્ય ! તારો પ્રશ્ન સૂચક, શ્રેયકર અને તાત્પર્યસભર છે. તેં અનેક મુમુક્ષુઓના સંદેહને તારી વાણીથી અભિવ્યક્ત કર્યો છે. ધન્ય છે તને! હવે તું સાવધાનીપૂર્વક, ચિત્તની એકાગ્રતા દ્વારા મારો ઉત્તર સાંભળ અને સમજવા પ્રયત્ન કર. ભ્રાંતિ વડે ઉત્પન્ન થયેલી કલ્પના કદી સત્ય હોતી નથી. અર્થાત્ જ્યારે કોઈ મનુષ્ય ભ્રાંતિમાં હોય અને એવી ભ્રાંત દશા વખતે જો તેને કોઈ શંકા ઊઠે તો તે શંકા કદી પ્રામાણિક કે સત્ય હોઈ શકે નહીં. એનો અર્થ એ જ છે કે અજ્ઞાનદશામાં ઊભા થયેલા સંદેહ, શંકા કે પ્રશ્નો પાયા વગરના જ હોય છે. તેવા પ્રશ્નને કદી પ્રમાણભૂત ગણાય નહીં, તો તેનો ઉત્તર કેવો? અરે ! ભ્રાંતિને તો કોઈ ઉત્તર હોઈ શકે? જેમ સ્વપ્નમાં ઊઠેલી શંકાનું જાગ્રતમાં સમાધાન ન હોય, કારણ કે તે શંકા જ હકીકતે હોતી નથી, તેવું જ તારા પ્રશ્નનું છે. છતાં શ્રદ્ધાયુક્ત થઈ શ્રવણ કર. આવું કંઈ સદ્‌ગુરુ, શિષ્યને સમાધાનાર્થે સંકેતમાં સમજાવવા માગે છે.

(છંદ-અનુષ્ટુપ)

**भ्रान्तिं विना त्वसंगस्य निष्क्रियस्य निराकृतेः ।**
**न घटेतार्थसंबंधो नभसो नीलतादिवत् ॥१६७॥**

**नभसः** = આકાશનો
**नीलतादिवत्** = જેમ વાદળી રંગની સાથે (સંબંધ શક્ય નથી.)
**असंगस्य** = (તેમ) અસંગ
**निष्क्रियस्य** = નિષ્ક્રિય, અને
**निराकृतेः** = આકાર રહિત (આત્માનો)
**अर्थसंबंधः** = કોઈ પણ પદાર્થો સાથેનો સંબંધ
**भ्रान्तिं विना तु** = ભ્રમ વગર તો
**न घटेत** = હોઈ શકે નહીં.

શિષ્યની શંકાના સમાધાનાર્થે ગુરુ સમજાવે છે કે, જેમ આકાશને વાદળી રંગનો સંગ કે સ્પર્શ નથી, છતાં આકાશમાં તેવો રંગ દેખાય છે તે આકાશ જોડે વાદળી રંગનો માત્ર ભ્રાંતિરૂપી સંબંધ જ છે. વાસ્તવમાં આકાશ અસંગ છે. નથી તે વાદળી કે નથી તેને તેવા રંગનો સંગ. તે જ પ્રમાણે આત્મા પણ ક્રિયા કે કર્મ, આકાર કે આકૃતિ, જન્મ કે વિકાર વગરનો છે. તેને ક્રિયા, કર્મ કે આકાર સાથે સંગ, સ્પર્શ વગેરે કંઈ જ નથી. માત્ર ભ્રાંતિથી જ તે કર્મ કરતો, ભોગ કરતો અને સાકાર જણાય છે. તદુપરાંત સંબંધ રહિત અને નિર્લેપ હોવા છતાં આત્માને પદાર્થો સાથે સંબંધ અને વિષયો સાથે ભોગ થતો હોય તેવું જણાય છે. તે સર્વ કાંઈ નરી ભ્રાંતિ છે. માટે હે શિષ્ય ! "ભ્રમ અને અસંગ બ્રહ્મ વચ્ચેનો ભેદ વિવેકબુદ્ધિથી સમજી ભ્રાંતિ દૂર કર."

(છંદ-શાલિની)

**स्वस्य द्रष्टुर्निर्गुणस्याक्रियस्य**
**प्रत्यग्बोधानन्दरूपस्य बुद्धेः ।**
**भ्रान्त्या प्राप्तो जीवभावो न सत्यो**
**मोहापाये नास्त्यवस्तुस्वभावात् ॥१६८॥**

| | |
|---|---|
| **निर्गुणस्य** | = નિર્ગુણ |
| **अक्रियस्य** | = ક્રિયા રહિત |
| **प्रत्यक्** | = સર્વની અંદર રહેલ |
| **बोधानन्दरूपस्य** | = જ્ઞાન અને આનંદસ્વરૂપ |
| **स्वस्य द्रष्टुः** | = પોતાની અંદર સાક્ષીરૂપે રહેલા આત્માને |
| **भ्रान्त्या बुद्धेः** | = બુદ્ધિની (અંતઃકરણની) ભ્રાંતિ વડે |
| **प्राप्तः** | = પ્રાપ્ત થયેલો |
| **जीवभावः** | = જીવભાવ |
| **न सत्यः** | = સત્ય નથી. |
| **अवस्तुस्वभावात्** | = (જીવભાવ) અવાસ્તવિક હોવાને લીધે |
| **मोहापाये** | = અજ્ઞાન દૂર થતાં |
| **न अस्ति** | = રહેતો નથી. |

શિષ્યને નિઃસંદેહ કરવાના પ્રયાસરૂપે પૂર્વના વિચારનો જ વિસ્તાર કરતાં જણાવે છે કે, આત્મા તો સત્ત્વ, રજસ અને તમસ જેવા ગુણથી રહિત, અર્થાત્ માયાતીત, સર્વનો સાક્ષી અને કોઈ પણ કર્મ કે ક્રિયારહિત, અક્રિય, સર્વવ્યાપક તથા જ્ઞાનસ્વરૂપ છે. આવા સત-ચિત-આનંદસ્વરૂપ આત્માને (EXISTENCE - CONSCIOUSNESS - BLISS) માત્ર ભ્રાંતિ દ્વારા જ જીવભાવ પ્રાપ્ત થયો છે. આત્મા કંઈ દૃશ્ય કે જ્ઞેય વસ્તુ નથી અને તે કદાપિ પ્રત્યક્ષ થઈ શકે નહિ. આત્મા તો દેશ-કાળ અને વસ્તુગત મર્યાદાથી મુક્ત છે. જ્યારે દેહને તો દેશ-કાળ અને વસ્તુનું બંધન છે. પરંતુ જે ક્ષણે જીવાત્માનું આત્મ-અજ્ઞાન (SELF-IGNORANCE) દૂર થઈ જશે તે ક્ષણે જ તેને આત્મ-સાક્ષાત્કાર થઈ શકે તેમ છે. મુક્તિ કે મોક્ષ કંઈ કર્મ દ્વારા પેદા કરવાની વસ્તુ નથી. પરંતુ **'प्राप्तस्य प्राप्ति'** હોઈ અજ્ઞાન દૂર થતાં સહજ અનુભવાય છે. આ ઉપરથી સમજાય છે કે જેમ મુક્તિ મર્યાદિત દેશ અને કાળમાં કરેલા પ્રયત્નથી પેદા ન થાય તેમ જીવભાવની નિવૃત્તિ દેશકાળમાં કરેલા કોઈ પણ કર્મથી થઈ શકે નહીં. અવિવેક કે અજ્ઞાનની નિવૃત્તિ થાય તો જ જીવભાવની નિવૃત્તિ થઈ શકે અને આવી જીવભાવની નિવૃત્તિને જ બ્રહ્મભાવની પ્રાપ્તિ કે

મુક્તિ કહેવામાં આવે છે. આમ મોહ, અવિવેક, અજ્ઞાન કે જીવભાવની નિવૃત્તિમાં જ મોક્ષ કે મુક્તિ છે. આત્મા નથી જીવ તેથી નથી તેને બંધનની ભ્રાંતિ. આત્મા તો દૃષ્ટા, સાક્ષી, નિર્ગુણ, નિષ્ક્રિય અને જ્ઞાનસ્વરૂપ છે, એ જ વાસ્તવિક સત્ય છે.

(છંદ–શાલિની)

**यावद् भ्रान्तिस्तावदेवास्य सत्ता**
**मिथ्याज्ञानोज्जृम्भितस्य प्रमादात् ।**
**रज्ज्वां सर्पो भ्रान्तिकालीन एव**
**भ्रान्तेर्नाशे नैव सर्पोऽपि तद्वत् ॥१९९॥**

| | | | |
|---|---|---|---|
| **रज्ज्वाम्** | = (જેમ) દોરડીમાં | **यावद् भ्रान्तिः** | = જયાં સુધી ભ્રમ છે |
| **सर्पः** | = સાપ | **तावत् एव** | = ત્યાં સુધી જ |
| **भ्रान्तिकालीनः एव** | = ભ્રાંતિકાળે જ (રહે છે.) | **प्रमादात्** | = અજ્ઞાનને લીધે |
| | | **मिथ्या ज्ञानोज्जृम्भितस्य** | =મિથ્યા જ્ઞાનથી ઉપજેલા |
| **भ्रान्तेः नाशे** | = ભ્રમનો નાશ થતાં | | |
| **न एव सर्पः अपि** | = સર્પ નથી જ | **अस्य** | = આ (જીવ)ની |
| **तद्वत्** | = તેવી રીતે | **सत्ता** | = સત્તા (છે.) |

પૂર્વશ્લોકના વિચારનું અન્ય શબ્દોમાં પુનરાવર્તન કરતાં જણાવાયું છે કે જયાં સુધી અજ્ઞાનરૂપી ભ્રાંતિ હોય ત્યાં સુધી જ દોરી પોતે સર્પરૂપે ભાસે છે. દોરીનું અજ્ઞાન અને તેથી ઊભી થયેલી ભ્રાંતિ નષ્ટ થતાં ત્યાં સર્પ રહેતો નથી. તે જ પ્રમાણે આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં જયાં સુધી પ્રમાદ છે, જયાં સુધી અવિદ્યારૂપી ભ્રાંતિ છે ત્યાં સુધી મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્ત થયેલા જીવભાવનું અસ્તિત્વ રહે છે પરંતુ જે સમયે પ્રમાદ અને મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ થાય છે તે જ સમયે જીવભાવનો પણ નાશ થાય છે. જેમ અંધારાનું અસ્તિત્વ હોય ત્યાં સુધી જ દોરીમાં સર્પ જણાય છે. પ્રકાશ થતાં જ અંધારાની નિવૃત્તિ થાય છે અને ભ્રાંતિરૂપી સર્પનો પણ નાશ થાય છે. આમ, મનુષ્યમાત્ર મૂળસ્વરૂપે તો આત્મા

કે બ્રહ્મ જ છે છતાં મિથ્યાજ્ઞાનરૂપી ભ્રાંતિથી જ તેનામાં જીવભાવ જન્મે છે, તેથી જીવભાવ અનાદિ હોવા છતાં જ્ઞાનકાળે તેનો નાશ થાય છે. આમ વિચારતાં, જીવભાવ અનાદિ અને સાન્ત છે, જ્ઞાનમાં તેનો બાધ શક્ય છે. માટે જ જીવભાવ સત્ય નથી પણ અજ્ઞાનીને અજ્ઞાનકાળે અવિદ્યાથી જન્મેલી નરી ભ્રાંતિ જ છે.

નિષ્કર્ષમાં, જીવ ટકે કેટલો? જીવાત્મા રહે ક્યાં સુધી? તેવા પ્રશ્નના ઉત્તરમાં સમજવું કે જેમ અંધારું ટકે ત્યાં સુધી સર્પ કે તેનો ભય ટકી શકે. તેમ અજ્ઞાન કે પ્રમાદરૂપી અંધારું હોય ત્યાં સુધી જ જીવ, જીવભાવે જીવી શકે અને ત્યાં સુધી જ તેને અનેક યોનિઓનું ભ્રમણ છે. ઉપરાંત ભ્રાંતિ ચાલુ હોય ત્યાં સુધી મૃત્યુનો ભય છે. અજ્ઞાનકાળના અંત સુધી જ જીવાત્માને કર્મફળના ભોગનું ચક્ર છે, જન્મમૃત્યુના આંટાફેરા છે અને સુખદુઃખનો સંસાર છે. જેમ સ્વપ્નની કાલ્પનિક દુનિયા કે સૂક્ષ્મભોગો જ્યાં સુધી જાગ્રતાવસ્થા આવતી નથી ત્યાં સુધી ટકે છે, તેમ જ્ઞાનરૂપી જાગૃતિ ન થાય ત્યાં સુધી જ જીવના સુખદુઃખની અજ્ઞાનમય સૃષ્ટિ ટકી રહે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अनादित्वमविद्यायाः कार्यस्यापि तथेष्यते ।**
**उत्पन्नायां तु विद्यायामाविद्यकमनाद्यपि ॥२००॥**
**प्रबोधे स्वप्नवत् सर्वं सहमूलं विनश्यति ।**

**अविद्यायाः** = અવિદ્યાનું
**तथा** = તથા
**कार्यस्य अपि** = (તેના) કાર્યનું (જીવનું) પણ
**अनादित्वम्** = અનાદિપણું
**इष्यते** = સ્વીકારવામાં આવે છે.
**तु** = પરંતુ
**प्रबोधे स्वप्नवत्** =જેમ જાગ્રત અવસ્થામાં સ્વપ્નનો (નાશ થાય છે) તેમ
**उत्पन्नायां विद्यायाम्** = આત્માનું યથાર્થજ્ઞાન ઉત્પન્ન થતાં

**सर्वं आविद्यकम्** = અવિદ્યાનું સર્વ કાર્ય
**अपि** = પણ
**अनादि** = અનાદિ હોવા છતાં
**सहमूलम्** = મૂળ સહિત
**विनश्यति** = નાશ પામે છે.

(છંદ–અનુષ્ટુપ)

**अनाद्यपीदं नो नित्यं प्रागभाव इव स्फुटम् ॥२०१॥**
**अनादेरपि विध्वंसः प्रागभावस्य वीक्षितः ।**

**अनादेः** = અનાદિ એવા
**प्रागभावस्य अपि** = પ્રાગભાવનો પણ
**विध्वंसः** = વિનાશ
**वीक्षितः** = જોવામાં આવ્યો છે.(માટે)
**अनादि अपि**= અનાદિ હોવા છતાં પણ
**इदम्** = આ (અવિદ્યા અને તેનું કાર્ય)
**प्रागभावः इव** = પ્રાગભાવની પેઠે
**नो नित्यम्** = નિત્ય નથી
**स्फुटम्** = (એ હકીકત) સ્પષ્ટ છે.

## જીવભાવ અનાદિ અને સાન્ત છે.

અવિદ્યા અને તેના કાર્યોનું અર્થાત્ અવિદ્યાથી ઉત્પન્ન દેહાત્મબુદ્ધિ કહો, શરીરનો અહંભાવ કહો કે જીવભાવ કહો એ બધું જ અવિદ્યાનું કાર્ય છે. માટે આવા સર્વ કાર્ય માટે અત્રે જણાવ્યું છે કે ''અવિદ્યાથી ઉત્પન્ન જીવભાવ આદિ તથા તેનું સર્વ કાર્ય અનાદિ માનવામાં આવે છે.'' **"अनादित्वमविद्यायाः कार्यस्यापि तथेष्यते ।"** આમ, અવિદ્યાના કાર્યને ભલે આપણે અનાદિ તરીકે સ્વીકારીએ પણ તેથી કોઈએ એવો અનર્થ ન કરવો કે અનાદિ હોવાથી અવિદ્યાનું કાર્ય અંત વિનાનું કે અવિનાશી છે. યાદ રહે કે, સમગ્ર બ્રહ્માંડમાં અનાદિ અને અનંત તત્ત્વ તો માત્ર એક જ છે. તેને આત્મતત્ત્વ કે બ્રહ્મ કહેવાય છે. જો અવિદ્યાના જીવભાવ જેવા કાર્યને પણ અંતરહિત અનંત કે અવિનાશી માનીએ તો તો જીવભાવનો ન થાય નાશ અને ન મળે કોઈને જીવભાવથી મુક્તિ; અને તો તો સત્શાસ્ત્રો, શ્રુતિ, સ્મૃતિ અને વેદ સૌ કોઈના વચનો

અપ્રામાણિક અને અસત ઠરે અને ગીતા જેવા ગ્રંથોની, સ્વયં ભગવાનની વાણી પણ અસત અને મિથ્યા સાબિત થાય. ઉપરાંત અવિદ્યાનું કાર્ય અનાદિ હોવાથી, ભૂલમાં કોઈ તેને પણ અનંત સમજે તો સંતોની અપરોક્ષ અનુભવવાણી પણ તે સંદર્ભે અનર્થરૂપ પુરવાર થાય. આ ઉપરથી અત્રે સ્પષ્ટ સમજવું કે જીવભાવ ભલે અનાદિ હોય, છતાં સાન્ત (અંતસહિત) છે. અર્થાત્ તેનો જ્ઞાનમાં બાધ શક્ય છે અને અવિદ્યાની નિવૃત્તિમાં તેના કાર્યરૂપી જીવભાવની નિવૃત્તિ સમાયેલી છે. તેવો જ ઘટસ્ફોટ શ્લોકમાં પણ દર્શાવવામાં આવ્યો છે. જેવી રીતે જાગ્રત અવસ્થામાં આવ્યા બાદ વ્યક્તિને સમગ્ર સ્વપ્નસૃષ્ટિ તેના મૂળ સહિત નષ્ટ થયેલી જણાય છે અર્થાત્ સ્વપ્નમાં જોયેલા પ્રાણી, પદાર્થ કે પર્વતો, સ્વપ્નકાળે અનુભવાયેલી સંપત્તિ, વિપત્તિ કે પ્રકૃતિ કંઈ પણ જાગ્રત અવસ્થામાં જણાતું નથી, તેવી જ રીતે સમજવાનું કે મનુષ્ય જ્યારે પોતાના આત્મસ્વરૂપથી અજ્ઞેય કે અજ્ઞાત હોય અર્થાત્ તેની અજ્ઞાન દશામાં કે અજ્ઞાનકાળે તે જે કંઈ જુએ છે, સાંભળે છે, અનુભવે છે કે ભોગવે છે, તેમાંનું કંઈ પણ આત્મજ્ઞાન જેવી જાગૃતિના કાળે બચી શકે નહીં, ટકી શકે નહીં કે અસ્તિત્વમાં હોઈ શકે નહીં. પરંતુ તેથી ઊલટું જેમ સ્વપ્નથી જાગેલાને સ્વપ્નસૃષ્ટિ અસત, મિથ્યા, ખોટી, કાલ્પનિક કે ભ્રાંતિરૂપે સમજાય છે તેવું જ આત્મજ્ઞાન થયા બાદ અગર હું સત–ચિત–આનંદ સ્વરૂપ છું, હું અશરીરી, નિરાકાર, જન્મ–મૃત્યુના વિકારથી રહિત; માતા,પિતા, પત્ની, પુત્ર આદિ સંબંધોની ઉપાધિથી નિર્મુક્ત, નિરુપાધિક તત્ત્વ છું; અરે ! હું તો વર્ણ, આશ્રમ કે જાતિભેદથી ન્યારો, અજાત, અવર્ણ અને અનાશ્રમી આત્મા છું, તેવું જ્ઞાન થતાંની સાથે જ અજ્ઞાનકાળે, અજ્ઞાનકાળની સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિ જેવી અવસ્થાઓમાં જીવભાવે તેણે જે કંઈ અનુભવ્યું હતું તે સર્વ મિથ્યા, ભ્રાંતિ અને અસત છે તેવું તેને સમજાય છે અર્થાત્ જ્ઞાનરૂપી જાગૃતિમાં તેને જ અત્રે "જીવભાવનો તેના મૂળ સહિત, જ્ઞાનકાળે થયેલો નાશ કહેવાય છે." **"प्रबोधे स्वप्नवत् सर्वं सहमूलं विनश्यति ।"**

આવા જીવભાવ સંદર્ભે અત્રે જણાવાયું છે કે **"अनाद्यपीदं नो नित्यं प्रागभाव इव स्फुटम्"** "આ જીવભાવ બેશક અનાદિ છે છતાં

પ્રાગભાવની પેઠે નિત્ય કે અંતરહિત નથી તે સ્પષ્ટ છે.'' કોઈ પણ વસ્તુની ઉત્પત્તિ પૂર્વે તે વસ્તુનો અભાવ, અનસ્તિત્વ, ગેરહાજરી કે અનુપસ્થિતિ હોય છે. તેને જ સંસ્કૃતમાં **प्रागभाव** (પ્રાક્–અભાવ) કહેવામાં આવે છે. આવો પ્રાગભાવ અર્થાત્ ઉત્પત્તિ પૂર્વેનો અભાવ અનાદિ હોય છે તેવું કહ્યું છે. દા.ત. ઘડાની ઉત્પત્તિ પૂર્વે ઘડો નહોતો. તેને ઘડાનો પ્રાગભાવ કહેવાય અને આવો પ્રાગભાવ અનાદિ છે. તેનો અર્થ એવો થાય છે કે ઘડો કેટલા કાળથી કે કેટલા સમયથી નહોતો અગર તેનો અભાવ ક્યારથી શરૂ થયો, તે તો કોઈ કહી શકે નહીં. કારણ કે જે ઘડો ઉત્પન્ન જ નથી થયો, ભવિષ્યમાં થવાનો છે તેનો અભાવ ક્યારે શરૂ થયો તે કોણ કહી શકે? માટે જ ઘડાની ઉત્પત્તિ પૂર્વેના અભાવને કે પ્રાગભાવને અનાદિ કહેવાય છે. એ જ પ્રમાણે, જીવભાવ પણ અનાદિ છે. કારણ કે તેનો પ્રારંભ ક્યારે થયો તે પ્રાગભાવની જેમ કોઈ કહી શકે નહીં. તદુપરાંત જીવભાવનું કારણ અવિદ્યા પણ અનાદિ છે. તેથી અવિદ્યાના કાર્યરૂપે જીવભાવને પણ અનાદિ કહેવાય છે. પરંતુ જેવી રીતે ઘડાનો પ્રાગભાવ અર્થાત્ જન્મ પૂર્વેનો અભાવ, ઘડો જન્મતાંની સાથે જ નાશ પામે છે, તેમ જીવભાવનો નાશ પણ આત્મજ્ઞાનના ઉદય સાથે જ થાય છે. આમ, જીવભાવ ભલે અનાદિ કહેવાય કે મનાય છે છતાં જ્ઞાનકાળે તેનો નાશ થાય છે. કારણ કે જ્ઞાનમાં તો જીવભાવના કારણ જેવી અવિદ્યાનો જ નાશ થાય છે, તો તેનાં કાર્યનો નાશ થાય તેમાં આશ્ચર્ય હોઈ શકે નહીં. સિદ્ધાંતમાં જણાવાયું છે કે કારણના નાશમાં જ કાર્યનો નાશ સમાયેલો છે. તેથી સ્પષ્ટ છે કે આત્મજ્ઞાનની જ્વાળામાં જો અવિદ્યા ન ટકી શકે કે ન સાબૂત બચી શકે તો સ્પષ્ટ છે કે તેના કાર્ય જેવો જીવભાવ પણ ભસ્મ થયા વિના રહી શકે નહીં. આવી ચર્ચાનો નિષ્કર્ષ તો એટલો જ છે કે જીવભાવ ભલે અનાદિ હોય, છતાં અંતવાન કે વિનાશી છે. અજ્ઞાનકાળે જીવભાવ જન્મે છે અને જ્ઞાનકાળે નાશ પામે છે. તેથી જીવનું અસ્તિત્વ કે સત્તા, સ્વપ્ન જેવી પ્રાતિભાસિક છે. જેમ સ્વપ્નમાં જે કંઈ જોયેલું તે સ્વપ્ન પૂર્વે નહોતું. તેથી સ્વપ્નનાં જન્મ પૂર્વે સ્વપ્નસૃષ્ટિનો પ્રાગભાવ હતો, એમ કહેવાય. અર્થાત્ સ્વપ્નસૃષ્ટિનો સ્વપ્ન પૂર્વે અભાવ હતો માટે જ જાગૃતિ પછી પુનઃ સ્વપ્નસૃષ્ટિનો અભાવ સર્જાય છે, તેને પ્રધ્વંસાભાવ કહેવાય

છે અર્થાત્ સ્વપ્નસૃષ્ટિના નાશ પછી થતો અભાવ. આમ, સ્વપ્નના પદાર્થો, પાત્રો કે સંપત્તિ, વિપત્તિ, સ્વપ્ન પૂર્વે નહોતી અને સ્વપ્ન પૂરું થયા બાદ જાગૃતિમાં પણ રહેતી નથી, માટે સ્વપ્નસૃષ્ટિ અને તેના પદાર્થો સર્વ કંઈ નિત્ય કે સત નથી પરંતુ અનિત્ય અને અસત છે, તેવું સાબિત થાય છે. તેવું જ જાગ્રત અવસ્થાની અવિદ્યા કે અજ્ઞાનકાળે જે પ્રાણી, પદાર્થો કે સંપત્તિ, વિપત્તિ સત્ય જણાય છે તેમાંનું કંઈ પણ જ્ઞાનકાળે અર્થાત્ આત્મજ્ઞાન થતાં સત્ય કે નિત્ય જણાતું નથી જ પરંતુ વિનાશી અલ્પજીવી, અસત અને મિથ્યા જણાય છે. ઉપરાંત, અજ્ઞાનકાળે જે કંઈ અનુભવેલું તેમાંનું કંઈ પણ જાગ્રતિ પૂર્વેની સુષુપ્તિમાં તો હોતું જ નથી. આમ, જાગ્રતકાળના અજ્ઞાનમાં જે કંઈ અનુભવ્યું તે જાગ્રતિ પૂર્વે તો નહોતું અને જ્ઞાનકાળે પણ હોતું નથી. આમ, પૂર્વે અને પછી બંને કાળે તેનો અભાવ સર્જાય છે. તેથી સ્પષ્ટ છે કે જીવભાવે રચાયેલી જીવસૃષ્ટિ, સ્વયં જીવભાવ સાથે માત્ર અજ્ઞાનકાળે જ સત્ય જણાય છે અને આવી જીવસૃષ્ટિને કે જીવભાવને ભલે અનાદિ કહેવાય છતાં જ્ઞાનકાળે તેનો પ્રધ્વંસાભાવ થતો હોવાથી અને સુષુપ્તિમાં જીવભાવનો કે જીવસૃષ્ટિનો સદંતર અભાવ હોવાથી જીવભાવ કે જીવસૃષ્ટિ અનાદિ હોવા છતાં અનંત હોઈ શકે નહીં, અવિનાશી થઈ શકે નહીં. માટે જ મુમુક્ષુએ સમજવું કે જીવભાવ અને તેના દ્વારા રચાયેલી જીવસૃષ્ટિ અનાદિ અને સાન્ત છે. સ્વપ્નની જેમ પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવયુક્ત છે તથા તે જ ન્યાયે તે બંનેની સત્તા સ્વપ્ન જેમ પ્રાતિભાસિક છે. આમ હોવાથી નથી જીવભાવ સત્ય કે નિત્ય. ન હોઈ શકે જીવસૃષ્ટિ પણ અવિનાશી કે અનંત.

(છંદ–અનુષ્ટુપ)

**यद्बुद्ध्याद्युपाधिसम्बन्धात्  परिकल्पितमात्मनि ॥२०२॥**
**जीवत्वं  न  ततोऽन्यत्तु स्वरूपेण विलक्षणम् ।**
**सम्बन्धः स्वात्मनो बुद्ध्या मिथ्याज्ञानपुरःसरः ॥२०३॥**

**बुद्धि–आदि–उपाधि–सम्बन्धात्** = બુદ્ધિ વગેરે ઉપાધિના સંબંધથી
**आत्मनि** = આત્મામાં
**परिकल्पितम्** = કલ્પાયેલું

| | |
|---|---|
| यत् | = જે |
| जीवत्वम् | = જીવપણું (તે) |
| ततः | = તેનાથી (આત્માથી) |
| न अन्यत् | = ભિન્ન નથી, અને |
| स्वरूपेण तु विलक्षणम् | = સ્વરૂપથી વિલક્ષણ પણ નથી, |
| स्वात्मनः | = (કારણ કે) પોતાના આત્માનો |
| बुद्धया सम्बन्धः | = બુદ્ધિ સાથેનો સંબંધ |
| मिथ्याज्ञानपुरःसरः | = મિથ્યાજ્ઞાનપૂર્વક છે. |

(છંદ-અનુષ્ટુપ)

**विनिवृत्तिः भवेत्तस्य सम्यग्ज्ञानेन नान्यथा ।**
**ब्रह्मात्मैकत्वविज्ञानं सम्यग्ज्ञानं श्रुतेर्मतम् ॥२०४॥**

| | |
|---|---|
| तस्य | = તેની (મિથ્યાજ્ઞાનની) |
| सम्यक् ज्ञानेन | = (આત્માના) યથાર્થજ્ઞાન વડે |
| विनिवृत्तिः | = અત્યંત નિવૃત્તિ |
| भवेत् | = થાય છે, |
| न अन्यथा | = બીજી કોઈ રીતે નહીં |
| ब्रह्मात्मैकत्वविज्ञानम् | = જીવ અને બ્રહ્મના એકપણાનું જ્ઞાન |
| सम्यक्–ज्ञानम् | = યથાર્થ જ્ઞાન છે (એવો) |
| श्रुतेः | = ઉપનિષદોનો |
| मतम् | = અભિપ્રાય છે. |

પૂર્વે સમજાવાઈ ગયું કે પ્રાગભાવ અનાદિ છે છતાં નાશવાન હોવાથી સાન્ત કહેવાય છે. જેમ કે સ્વપ્નનો અભાવ ક્યારથી શરૂ થયો, તેનું અજ્ઞાન છે છતાં પણ સ્વપ્નનો પ્રારંભ થતાં જ તેનો પ્રાગભાવ નષ્ટ થાય છે. આમ, સ્વપ્ન અનાદિ હોવા છતાં સાન્ત છે અને તે જ પ્રમાણે સમજાવાઈ ગયું કે જીવભાવનો પ્રારંભ ક્યારે થયો તેનું અજ્ઞાન છે. છતાં બ્રહ્મભાવની પ્રાપ્તિથી જીવભાવનો નાશ થાય છે. તેથી સ્પષ્ટ છે કે જીવભાવ અનાદિ તથા સાન્ત છે.

તેવા નિષ્કર્ષ ઉપર વિચારણા કર્યા બાદ, અત્રે બે શ્લોક દ્વારા સમજાવવામાં આવે છે કે અનાદિ જીવભાવ બુદ્ધિરૂપી ઉપાધિના સંબંધથી જ ઉત્પન્ન થાય છે. અર્થાત્ બુદ્ધિરૂપી ઉપાધિ સાથે ખોટું તાદાત્મ્ય કરવાથી, આત્માને જ જીવ માનવારૂપી કલ્પના કરી, નિરુપાધિક આત્મામાં બુદ્ધિ કે ઉપાધિનો આરોપ કરવામાં આવે છે. તેથી જ ભ્રાંતિ કે અજ્ઞાનમાં, આત્મામાં જીવભાવની કલ્પના થાય છે. તે સિવાય જીવભાવનું કોઈ સ્વતંત્ર કે સાચું કારણ હોઈ શકે નહીં. કારણ કે જીવ પોતે આત્માથી ભિન્ન કે જુદો નથી અને આત્માથી સ્વતંત્ર રીતે જીવભાવનું કદાપિ વિલક્ષણ અસ્તિત્વ હોઈ શકે નહીં. માટે જ સમજવું જોઈએ કે આત્માને જીવ સાથે કોઈ સંબંધ છે જ નહીં, હોઈ શકે નહીં. સંબંધ તો બે ભિન્ન ભિન્ન વસ્તુઓ વચ્ચે હોય છે. તત્ત્વાર્થે તો જીવ અને આત્મા એક જ છે. છતાં બન્ને વચ્ચે જો કોઈ સંબંધ જણાતો હોય તો, તે માત્ર મિથ્યાજ્ઞાનને લીધે, ખોટા તાદાત્મ્યને લીધે, આત્મા પર જીવભાવના આરોપને લીધે કે બુદ્ધિ સાથેના તાદાત્મ્યસંબંધને લીધે જણાય છે. આવા સંબંધને આધ્યાસિક અથવા અધ્યાસરૂપી ભ્રાંતિને લીધે ઊભો થતો સંબંધ કહેવાય છે. જેને સદ્ગ્રંથો કાલ્પનિક સંબંધ કે સંબંધ વિનાનો સંબંધ (RELATIONLESS RELATIONSHIP) પણ કહે છે. માટે જ પ્રસ્તુત શ્લોકમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આવો સંબંધ માત્ર સમ્યક્ જ્ઞાન દ્વારા જ નિવૃત્ત થઈ શકે તેમ છે. તે સિવાય આવા ભ્રાંતસંબંધનો બાધ કરવા અન્ય કોઈ પણ ઉપાય થઈ શકે તેમ નથી. તેથી મુમુક્ષુએ સમજવું કે બ્રહ્મ કે આત્માના એકત્વવિજ્ઞાન વગર અર્થાત્ જીવ અને બ્રહ્મ બન્ને એક, અભેદ અને અદ્વિતીય છે તેવા સમ્યક્ જ્ઞાન કે ઉત્કૃષ્ટ બોધ વગર 'જીવ અને બ્રહ્મ અગર જીવ અને આત્મા બન્ને જુદા છે', 'બે વચ્ચે સંબંધ છે', એવી ભ્રાંતિ દૂર થઈ શકે તેમ નથી. માટે સમજવું કે જીવ અને બ્રહ્મ વચ્ચે નથી જુદાઈ, નથી ભેદ, નથી કોઈ સંબંધ, પરંતુ બ્રહ્મ અને જીવાત્મા એક જ છે; એવા વિજ્ઞાનને જ શ્રુતિના મતે શ્રેષ્ઠજ્ઞાન કે સમ્યક્ બોધ કહેવામાં આવે છે.

(છંદ–અનુષ્ટુપ)

**तदात्मानात्मनोः सम्यग्विवेकेनैव सिध्यति ।**
**ततो विवेकः कर्तव्यः प्रत्यगात्मासदात्मनोः ॥२०५॥**

| | |
|---|---|
| **आत्मा-अनात्मनोः** | = આત્મા (અને) અનાત્માના |
| **सम्यक्-विवेकेन एव** | = યથાર્થ વિવેક વડે જ |
| **तत्** | = તે (યથાર્થજ્ઞાન) |
| **सिध्यति** | = સિદ્ધ થાય છે. |
| **ततः** | = માટે |
| **प्रत्यक्-आत्मा-असद्-आत्मनोः** | = સ્વસ્વરૂપ આત્માનો અને અનાત્માનો |
| **विवेकः** | = વિવેક |
| **कर्तव्यः** | = કરવો જોઈએ. |

(છંદ-અનુષ્ટુપ)

**जलं पङ्कवदत्यन्तं पङ्कापाये जलं स्फुटम् ।**
**यथा भाति तथाऽऽत्मापि दोषाभावे स्फुटप्रभः ॥२०६॥**

| | | | |
|---|---|---|---|
| **यथा** | = જેમ | **स्फुटम्** | = સ્વચ્છ |
| **अत्यन्तम्** | = અતિશય | **भाति** | = દેખાય છે |
| **पङ्कवत्** | = કાદવવાળું | **तथा** | = તેમ |
| **जलम्** | = પાણી, | **आत्मा अपि** | = આત્મા પણ |
| **पङ्कापाये** | = કાદવ દૂર કર્યા પછી | **दोषाभावे** | = (જીવભાવરૂપી) દોષ દૂર થતાં |
| **जलम्** | = જળ | **स्फुटप्रभः** | = સ્પષ્ટ પ્રભાવાળો થઈને પ્રકાશે છે. |

## વિવેક દ્વારા સમ્યક્ જ્ઞાન

ઉપરોક્ત ચર્ચાનો બે શ્લોક દ્વારા સદૃષ્ટાંત નિષ્કર્ષ આપતા અત્રે જણાવાયું છે કે જીવ અને બ્રહ્મનો અગર આત્મા અને અનાત્માનો, નિત્ય અને અનિત્યનો, સોપાધિક અને નિરુપાધિકનો વિવેક કર્યા વિના સમ્યક્જ્ઞાન કદાપિ સિદ્ધ થાય તેમ નથી. માટે જ મુમુક્ષુએ જીવ અને બ્રહ્મનું અભેદજ્ઞાન પ્રાપ્ત કરવા નિત્યાનિત્યનો અગર આત્મા-અનાત્માનો વિવેક કરવો આવશ્યક નહીં બલકે અનિવાર્ય છે. જેવી રીતે **'पंकवत् जलम्'** અર્થાત્ કાદવવાળું પાણી, કાદવનો નાશ થતાં પાણીમાં રહેલા કાદવરૂપી દોષને દૂર કરવાથી

પાણી નિર્મળ બને છે. તે જ પ્રમાણે આત્મા કે બ્રહ્મરૂપી જળમાં જીવભાવ જેવો મળ કે દોષ રહેલો છે. તેથી જીવભાવરૂપી દોષ કે મળને દૂર કરતાં આત્મા કે બ્રહ્મરૂપી જળ નિર્મળ અને નિર્દોષ થાય છે અને આપણું આત્મસ્વરૂપ શુદ્ધ, પ્રકાશમાન થઈ પોતાના સ્વરૂપને સ્પષ્ટ દર્શાવે છે.

(છંદ–ઉપજાતિ)

**असन्निवृत्तौ तु सदात्मनः स्फुटं**
**प्रतीतिरेतस्य भवेत् प्रतीचः ।**
**ततो निरासः करणीय एव**
**सदात्मनः साध्वहमादि वस्तुनः ॥२०७॥**

**असत् निवृत्तौ तु** = અસતની (જીવભાવની) નિવૃત્તિ થતાં જ
**प्रतीचः** = અંતરમાં રહેલા
**एतस्य** = આ
**सदात्मनः** = સત્‌રૂપ આત્માની
**प्रतीतिः** = પ્રતીતિ
**स्फुटम्** = સ્પષ્ટ
**भवेत्** = થાય છે.
**ततः** = માટે
**सदात्मनः** = સત્‌રૂપ આત્મામાંથી
**अहं आदि वस्तुनः साधु** = અહંકાર વગેરે વસ્તુને સારી રીતે
**निरासः करणीयः एव** = દૂર કરવી જ જોઈએ.

પૂર્વે સમજાવ્યું છે તેમ સૂક્ષ્મ વિવેક દ્વારા અસત, ખોટાં કે ભ્રાંતિકલ્પિત જીવભાવની નિવૃત્તિ થતાં અંતઃકરણમાં રહેલો જીવાત્મા જ પ્રત્યગાત્મા કે બ્રહ્મરૂપે સ્પષ્ટ જણાય છે અર્થાત્ જીવ અને આત્મા એક અને અભેદ છે તેવું જ્ઞાન થાય છે. માટે જ સર્વ સાધકોએ વિવેકના બળે સત્સ્વરૂપ આત્મામાંથી અહંકાર આદિ દોષ અગર મળને સારી રીતે દૂર કરવા જ પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં સુધી અહંકાર આદિનો આત્મા ઉપરનો આરોપ દૂર નહીં થાય, ત્યાં સુધી અધિષ્ઠાનરૂપી આત્માનું અભેદજ્ઞાન કદાપિ શક્ય નથી. જેવી રીતે છીપલી પર ચાંદીનો આરોપ, ઝાડના ઠૂંઠામાં ભૂતનો આરોપ, સૂકી ગરમ

જમીન પર મૃગજળનો આરોપ અગર અંધારામાં પડેલી દોરી પર, જે સર્પ કદી જન્મ્યો જ નથી, તેનો આરોપ થાય છે, તેવા સૌ આરોપો જ્યાં સુધી દૂર થતાં નથી, ત્યાં સુધી તેનું અધિષ્ઠાન દોરીનું જ્ઞાન કદાપિ થતું નથી, તેવી રીતે અનેક યોનિઓમાં ભટકનારા સોપાધિક જીવભાવનો આરોપ અનાદિ અને અજન્મા આત્મા ઉપરથી દૂર ન થાય ત્યાં સુધી 'હું જન્મ-મૃત્યુરહિત અમર આત્મા છું' તેવું અપરોક્ષજ્ઞાન કોઈને કદાપિ થઈ શકે નહીં.

(છંદ-અનુષ્ટપ)

**अतो नायं परात्मा स्याद्विज्ञानमयशब्दभाक् ।**
**विकारित्वाज्जडत्वाच्च परिच्छिन्नत्वहेतुतः ।**
**दृश्यत्वाद्व्यभिचारित्वान्नानित्यो नित्य इष्यते ॥२०८॥**

**अयम्** = આ
**विज्ञानमयशब्दभाक्** = 'વિજ્ઞાનમય' શબ્દ વડે વાચ્ય (કોશ)
**विकारित्वात्** = વિકારવાળો હોવાથી,
**जडत्वात् च** = જડ હોવાથી અને
**परिच्छिन्नत्वहेतुतः** = સીમિત હોવાથી, (તેમજ)
**दृश्यत्वात्** = (આત્માનો) દૃશ્ય વિષય બનતો હોવાથી,
**व्यभिचारित्वात्** = વ્યભિચારી હોવાથી (સુષુપ્તિમાં નહીં જણાતો હોવાથી)
**नित्यः** = નિત્ય
**न इष्यते** = હોઈ શકે નહીં,
**अनित्यः** = (તેથી) અનિત્ય છે,
**अतः** = માટે
**परात्मा न स्यात्** = (તે) પરમાત્મા નથી.

વિજ્ઞાનમયકોશની વિચારણાનું સમાપન કરતાં નિષ્કર્ષરૂપે જણાવવામાં આવે છે કે વિજ્ઞાનમયના નામે ઓળખાતો આ વિજ્ઞાનમયકોશ

કદાપિ સર્વથી સૂક્ષ્મ કે પર એવો આત્મા હોઈ શકે નહીં. વિજ્ઞાનમયકોશમાં તો મંદબુદ્ધિ અને ચતુર કે ઉત્તમબુદ્ધિ, સૂક્ષ્મ કે સ્થૂળબુદ્ધિ, આત્મબુદ્ધિ કે દેહાત્મબુદ્ધિ, વિવેકબુદ્ધિ કે વિવેકહીનબુદ્ધિ, એકાત્મબુદ્ધિ કે સર્વાત્મબુદ્ધિ જેવા વિકારો જોવા મળે છે. જ્યારે આત્મા તો પોતાના શુદ્ધસ્વરૂપમાં અવિકારી તથા પરિવર્તનોથી રહિત છે. તે જ પ્રમાણે વિજ્ઞાનમયકોશ જડ છે, પરતંત્ર છે, જ્યારે આત્મા ચેતન અને સ્વતંત્ર છે. આત્માને જાણવા પોતાથી અન્ય પ્રકાશની કે જ્ઞાનની આવશ્યકતા નથી, જ્યારે વિજ્ઞાનમયકોશ પોતે પોતાને સ્વતંત્ર રીતે જણાવી શકે તેમ નથી, પણ તેથી ઊલટું તે દૃશ્ય અને જ્ઞેય છે. જ્યારે આત્મા દૃષ્ટા અને જ્ઞાતા છે. તેથી પણ સ્પષ્ટ છે કે આત્મા, વિજ્ઞાનમયકોશથી જુદો, ન્યારો અને ભિન્ન છે. વિજ્ઞાનમયકોશનો સુષુપ્તિકાળે અભાવ કે અનુપસ્થિતિ જોવામાં આવે છે. જ્યારે આત્મા સુષુપ્તિકાળે બુદ્ધિનો અગર વિજ્ઞાનમયકોશનો લય કે અભાવ હોવા છતાં પણ સુષુપ્તિમાં સાક્ષી તરીકે હાજર હોય છે. સુષુપ્તિમાં પણ તેનો અભાવ થતો.નથી. આમ, આત્મા અભાવરહિત સત્સ્વરૂપ છે. **"नासतो विद्यते भावः नाभावो विद्यते सतः ।"** "અસત કે અનિત્યનો ભાવ કે અસ્તિત્વ હોતું નથી, તેમજ સતવસ્તુનો કદી અભાવ થતો નથી." (ભ.ગી.અ.૨/૧૬) માટે જ સત્સ્વરૂપ આત્મા કદાપિ વિજ્ઞાનમયકોશ હોઈ શકે નહીં. વિજ્ઞાનમયકોશ દેશ, કાળ અને વસ્તુથી પરિચ્છિન્ન કે સીમિત છે. જ્યારે આત્મા, દેશથી અપરિચ્છિન્ન અર્થાત્ અનાદિ, સર્વવ્યાપ્ત અને નિરાકાર છે. કાળથી અપરિચ્છિન્ન અર્થાત્ અનાદિ અને અનંત છે. વસ્તુપરિચ્છેદશૂન્ય એટલે કે સ્વગત, સજાતીય અને વિજાતીય તેવા ભેદથી મુક્ત છે. આમ હોવાથી જ આત્મા, નિત્ય અને દૃષ્ટા છે જ્યારે વિજ્ઞાનમયકોશ અનિત્ય અને દૃશ્ય છે. તેથી સુસ્પષ્ટ છે કે દૃશ્ય, જડ, વિકારી, પરિચ્છિન્ન કે અનિત્ય એવો વિજ્ઞાનમયકોશ, આત્મા હોઈ શકે નહીં અને છે પણ નહીં. માટે જ મુમુક્ષુએ ભ્રાંતિમાં પણ તેવા કોશ સાથે તાદાત્મ્ય કરી, 'હું બુદ્ધિ છું અર્થાત્ મૂર્ખ કે વિદ્વાન છું', 'કર્તા કે ભોક્તા છું,' 'અનેક યોનિઓમાં ભટકનારો છું', 'જૂના દેહને છોડી નવાને ધારણ કરી, સદ્ગતિ કે અવગતિને પ્રાપ્ત કરનાર જીવાત્મા છું', તેવી ભ્રમણામાં પડવું નહીં.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

आनन्दप्रतिबिम्बचुम्बिततनुर्वृत्तिस्तमोज्जृम्भिता
स्यादानन्दमयः प्रियादिगुणकः स्वेष्टार्थलाभोदये ।
पुण्यस्यानुभवे विभाति कृतिनामानन्दरूपः स्वयं
भूत्वा नन्दति यत्र साधु तनुभृन्मात्रः प्रयत्नं विना ॥२०६॥

आनन्द–प्रतिबिम्ब–चुम्बिततनुः = આનન્દરૂપ આત્માનું જેમાં પ્રતિબિંબ પડે છે,
तमोजृम्भिता वृत्तिः = એવી તમોગુણવાળી વૃત્તિ
प्रियादिगुणकः = પ્રિય આદિ ગુણવાળો
आनन्दमयः स्यात् = આનન્દમયકોશ છે.
स्व–इष्ट–अर्थ–लाभोदये = પોતાની ઈચ્છિત વસ્તુ આવી મળે ત્યારે
पुण्यस्य–अनुभवे = (અને) પોતાના પુણ્યકર્મનો અનુભવ થાય ત્યારે
कृतिनाम् = પુણ્યકર્મ કરનારા મનુષ્યોને
आनन्दरूपः स्वयम् = આનંદરૂપે સ્વયં
विभाति = જણાય છે.
यत्र = જેમાં
तनुभृत् मात्रः = પ્રાણી માત્ર
भूत्वा = આનંદમય બનીને
प्रयत्नं विना साधु = કોઈ પણ પ્રયત્ન વિના સારી રીતે
नन्दति = આનંદ અનુભવે છે.

## આનંદમયકોશ

અન્નમય, પ્રાણમય, મનોમય તથા વિજ્ઞાનમયકોશ એ આત્મા નથી એવા તારતમ્યને પ્રાપ્ત કર્યા બાદ, અહીં એવો પ્રશ્ન ઉદ્‌ભવે છે કે જેને સત-ચિત-આનંદમય આત્મા કહ્યો છે, તે શું આનંદમયકોશ જ હશે? અને જો હા, તો તેવો કોશ અનુભવાય ક્યારે? અને જો ના, તો આત્મા છે શું? અને ક્યાં હશે? તેવી શંકાના સમાધાનાર્થે આનંદમયકોશનું નિરુપણ કરવામાં આવે છે.

જ્યારે માયાના સત્ત્વ, રજસ અને તમસ એવા ત્રણગુણમાંથી તમોગુણની વૃદ્ધિ થાય અર્થાત્ તમોગુણવાળી વૃત્તિઓનો ઉદય થયો હોય, તેવી અવસ્થાને આનંદમયકોશ કહેવાય છે. પૂર્વે ચર્ચી ગયા છીએ તે પ્રમાણે તમસ કે તમોગુણનો અર્થ આળસ, પ્રમાદ કે અજ્ઞાન પણ કરવામાં આવે છે. તેથી અત્રે સ્પષ્ટ કરવું જરૂરી છે કે તમોગુણ, પ્રમાદ, આળસ કે અજ્ઞાનની વૃદ્ધિ થાય ત્યારે તેવા અજ્ઞાનથી જીવાત્માના પ્રશ્નો, શંકાઓ, સુખદુઃખ, હતાશા, નિષ્ફળતા, અપેક્ષાઓ, વાસનાઓ, ભોગ અને મન-બુદ્ધિ તથા ઇન્દ્રિયોની ક્રિયાઓ આચ્છાદિત થઈ જાય છે અગર ઢંકાઈ જાય છે. તેથી પતનમાં નાંખનારો સંસાર હોવા છતાં જણાતો નથી અને તે સૌના અભાવમાં જે અલ્પજીવી સુખ અનુભવાય છે તેવા અભાવયુક્ત ક્ષણિક સુખવાળી અવસ્થાને આનંદમયકોશ કહ્યો છે.

આવો આનંદમયકોશ પ્રિય, મોદ અને પ્રમોદ જેવા ત્રણ ગુણવાળો છે. જીવાત્માને જ્યારે પોતાની પ્રિય, વહાલી કે મોહવાળી વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ જુએ, સાંભળે કે વિચારે ત્યારે તે સમયે જે સુખ અનુભવાય છે તે પ્રિય પ્રકારનું છે. દા.ત. મનગમતી સાડી કે સૂટનું દર્શન થતાં, અગર તેની ટી.વી. કે રેડિયો પર જાહેરાત સાંભળતાં, તે પ્રાપ્ત કરવાનો વિચાર માત્ર આનંદ જન્માવે તો તેને પ્રિય કહી શકાય. એ જ પ્રમાણે પ્રિય વસ્તુ પોતાના પુણ્યકર્મોના ફળરૂપે પ્રાપ્ત થાય ત્યારે પુણ્યશાળી માણસોને સહજ રીતે જે આનંદ ઉદ્ભવે, તે 'મોદ' કહેવાય છે. અર્થાત્ ઉપર જણાવેલ સાડી કે સૂટની પ્રાપ્તિ પછી જન્મેલું સુખ 'મોદ' પ્રકારનું છે. ઉપરોક્ત સાડી કે સૂટ પ્રાપ્ત કર્યા પછી જ્યારે તેને પરિધાન કરીએ અને લોકો આપણાં વસ્ત્રોના વખાણ કરે ત્યારે અનુભવાતો 'પ્રમોદ' નામનો આનંદ કે સુખ કહેવાય છે, જે પ્રિય અને મોદથી ઉત્કૃષ્ટ છે. તેવું ઉત્કૃષ્ટ સુખ, સુષુપ્તિ સમયે પણ અનુભવાય છે. કોઈ પણ પ્રયત્ન વગર પ્રાણીમાત્ર પોતાના સુષુપ્તિકાળના અનુભવમાં જે સુખ અનુભવે છે તે આનંદમયકોશના ઉદયકાળને લીધે છે. માટે આનંદમયકોશનો ઉદય કે સુષુપ્તિ, અકારણ સુખની અવસ્થા છે. આમ, આનંદમયકોશનો ઉદય થતાં સુષુપ્તિમાં પ્રાણીમાત્ર, વિશેષ પ્રયોજન, કર્મ, ભોગ કે સંયોગવિના જે

આનંદ અનુભવે છે, તેવી આનંદાનુભૂતિ સહજ અને સ્વાભાવિક છે. આવી આનંદાનુભૂતિ, જે આત્મા અજ્ઞાનથી ઢંકાયેલો છે તે આત્માના અસીમ આનંદના પ્રતિબિંબરૂપે જ સુષુપ્તિમાં જણાય છે. તેથી તેવો આનંદ તમોગુણની વૃત્તિજન્ય કહેવાય છે.

(છંદ–અનુષ્ટુપ)

**आनन्दमयकोशस्य सुषुप्तौ स्फूर्तिरुत्कटा ।**
**स्वप्नजागरयोरीषदिष्टसंदर्शनादिना ॥२१०॥**

**आनन्दमयकोशस्य** = આનંદમયકોશનું
**उत्कटा स्फूर्तिः** = સ્પષ્ટ સ્ફુરણ
**सुषुप्तौ** = સુષુપ્તિ અવસ્થામાં (ગાઢ નિદ્રામાં) (થાય છે.)
**स्वप्नजागरयोः** = સ્વપ્ન અને જાગ્રતમાં
**इष्टसंदर्शनादिना** = પોતાની પ્રિય વસ્તુના દર્શન થતાં કે તેની પ્રાપ્તિ થતાં (આનંદમયકોશનું)
**इषत्** = થોડું (ક્ષણિક) સ્ફુરણ થાય છે.

આનંદમયકોશનો ઉત્કટ કે સર્વશ્રેષ્ઠ પ્રકાશરૂપી પ્રભાવ તો માત્ર સુષુપ્તિકાળે જ અનુભવાય છે. જયારે તેનો આંશિક પ્રકાશ કે પ્રભાવ, જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં પણ જયારે જીવાત્માને તેની પ્રિય કે વહાલી વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે, ત્યારે જણાય છે. તેવા સમયે પ્રિયના દર્શન કે શ્રવણ માત્રથી જ આનંદમયકોશનો ક્ષણિક સુખસ્વભાવ વર્તાય છે. સ્વપ્નાવસ્થામાં ભોગ્યપદાર્થો અને ભોક્તા, બન્ને એક જ હોય છે. બન્ને કાલ્પનિક અને સૂક્ષ્મ હોય છે. વાસ્તવમાં ત્યાં ભોગ થતો જ નથી છતાં સ્વપ્નદ્રષ્ટા, ભોગવ્યું હોય, તેવો આનંદ અનુભવે છે. તેથી સ્પષ્ટ જ છે કે સ્વપ્નકાળે સુખભોગની વૃત્તિ તો અદૃશ્ય, અવ્યક્ત અને અંતર્મુખી કે આંતરિક હોય છે અને તેવી વૃત્તિ આનંદમયકોશના લીધે અનુભવાય છે. માટે જ સ્વપ્નમાં પણ બધું કાલ્પનિક હોવા છતાં આનંદ અનુભવાય છે.

(છંદ-ઉપજાતિ)

नैवायमानन्दमयः परात्मा
सोपाधिकत्वात् प्रकृतेर्विकारात् ।
कार्यत्वहेतोः सुकृतक्रियायाः
विकारसङ्घात समाहितत्वात् ॥२११॥

| | |
|---|---|
| अयम् | = આ |
| आनन्दमयः | = આનંદમયકોશ, |
| सोपाधिकत्वात् | = ઉપાધિવાળો હોવાથી, |
| प्रकृतेः विकारात् | = પ્રકૃતિનો વિકાર હોવાથી, |
| सुकृतक्रियायाः | = શુભ કર્મોના |
| कार्यत्वहेतोः | = ફળરૂપ હોવાથી અને |
| विकारसङ्घात समाहितत्वात् | = વિકારોના સમૂહ એવા દેહને આશ્રયે રહેલો હોવાથી |
| परात्मा | = પરમાત્મા |
| न एव | = નથી જ. |

(છંદ-અનુષ્ટુપ)

पञ्चानामपि कोशानां निषेधे युक्तितः श्रुतेः ।
तन्निषेधावधिः साक्षी बोधरूपोऽवशिष्यते ॥२१२॥

| | | | |
|---|---|---|---|
| युक्तितः | = તર્ક દ્વારા | तत् | = તેનાં |
| श्रुतेः | = (અને) શ્રુતિ દ્વારા | निषेधावधिः | = નિષેધની અવધિરૂપે |
| पञ्चानाम् अपि कोशानाम् | = પાંચે પાંચ કોશોનો | बोधरूपः | = જ્ઞાનસ્વરૂપ |
| | | साक्षी | = સાક્ષી (આત્મા) |
| निषेधे | = નિષેધ કરતાં | अवशिष्यते | = અવશેષ રહે છે. |

આ આનંદમયકોશ પણ કદાપિ સર્વશ્રેષ્ઠ આત્મા હોઈ શકે નહીં

તેવું સમજાવતાં અત્રે જણાવાયું છે કે આનંદમયકોશ પ્રિય, મોદ અને પ્રમોદરૂપી સુખાત્મક વૃત્તિની ઉપાધિવાળો છે જ્યારે સચ્ચિદાનંદ આત્મા નિરુપાધિક છે.આનંદમયકોશ પ્રકૃતિના વિકારરૂપે જન્મેલો છે જ્યારે આત્મા અવિકારી હોઈ, પ્રકૃતિ કે માયાના વિકારોથી મુક્ત છે. તદુપરાંત આત્મા અજન્મા હોઈ, આનંદમયકોશની જેમ પુણ્યકર્મોના ફળરૂપે જન્મેલો નથી અને અપવિત્ર દેહના આધારે અસ્તિત્વ પણ ધરાવતો નથી. માટે આનંદમયકોશ અને આત્મા એક જ છે એવી ભ્રાંતિ અસ્વીકાર્ય છે. આનંદમયકોશ પંચકોશના સમૂહની સાથે જોડાયેલો છે, જ્યારે આત્મા તેવા કોઈ પણ સમૂહ કે સંગથી અસંગ છે. તેથી સ્પષ્ટ થાય છે કે અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય જેવા પાંચે કોશોનો યુક્તિ, શ્રુતિ અને ન્યાયપૂર્વક નિષેધ કરવામાં આવે છે ત્યારે તેવા આત્યંતિક નિષેધમાં જે અવશેષરૂપે બાકી રહે છે તે જ જ્ઞાનસ્વરૂપ અને સર્વ કોશોનો સાક્ષી એવો આત્મા કહેવાય છે.

આ ઉપરાંત પંચકોશના વિવેચન પ્રારંભે જણાવાયું છે કે અન્નમયકોશની અંદર પ્રાણમયકોશ, તેની અંદર મનોમય, તેની અંદર વિજ્ઞાનમય, તેની અંદર આનંદમય અને આનંદમયકોશની અંદર આત્મા રહેલો છે. તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે આત્મા પાંચેય કોશોથી ન્યારો, અંદર છે અર્થાત્ સૂક્ષ્મ છે, પાંચેય કોશોથી અસંગ છે, તે સૌનો દ્દષ્ટા કે સાક્ષી છે. માટે જ આત્મા આનંદમયકોશ હોઈ શકે નહીં.

(છંદ-અનુષ્ટુપ)

**योऽयमात्मा स्वयञ्ज्योतिः पञ्चकोशविलक्षणः ।**
**अवस्थात्रयसाक्षी सन्निर्विकारो निरञ्जनः ।**
**सदानन्दः स विज्ञेयः स्वात्मत्वेन विपश्चिता ॥२१३॥**

| | | | |
|---|---|---|---|
| **यः** | = જે | **स्वयञ्ज्योतिः** | = સ્વયંપ્રકાશ, |
| **अयम्** | = આ | **पञ्चकोशविलक्षणः** | = (અન્નમય વગેરે) પાંચેય કોશોથી જુદો, |
| **आत्मा** | = આત્મા | | |

| | | | |
|---|---|---|---|
| **अवस्थात्रयसाक्षी** | = (જાગ્રત વગેરે ત્રણેય) અવસ્થાઓનો જોનારો | **सदानन्दः** | = નિત્ય આનંદરૂપ છે. |
| | | **सः** | = તેને |
| **सन्** | = હોવા છતાં | **विपश्चिता** | = વિદ્વાને |
| **निर्विकारः** | = વિકારોથી રહિત | **स्वात्मत्वेन** | = પોતાના આત્મારૂપે |
| **निरञ्जनः** | = નિરંજન (અને) | **विज्ञेयः** | = જાણવો. |

## આત્મસાક્ષાત્કારનો સંદેશ

આ આત્મા સ્વયંજ્યોતિસ્વરૂપ છે (SELF EFFULGENT) અર્થાત્ આત્માને પોતાનું સ્વરૂપ જણાવવા કે અન્યને જાણવા માટે પોતાથી ભિન્ન પ્રકાશની કે જ્ઞાનની જરૂર નથી. તાત્પર્યમાં આત્મા જ્ઞાનરૂપી પ્રકાશથી સભર છે અને તેવું જ્ઞાનચૈતન્ય જ આત્માનું સાચું સ્વરૂપ છે. ચંદ્ર જેમ સૂર્યના પ્રકાશથી પ્રકાશિત થાય છે અને સ્વયં સૂર્ય, આત્માના પ્રકાશથી જ જણાય છે તેનો અર્થ એમ સમજવો કે સૂર્ય પોતે કહેતો નથી કે, 'હું સૂર્ય છું, સૂર્યમંડળનો અધિષ્ઠાતા છું, પ્રકાશ મારું સ્વરૂપ છે, હું અગ્નિનો પણ અગ્નિ છું', પરંતુ સૂર્યનો જે કોઈ દૃષ્ટા કે જ્ઞાતા છે તે આત્માના જ્ઞાનરૂપી પ્રકાશ વડે જ સૂર્યને જાણે છે. આમ, સૂર્ય હોવા છતાં પોતે કેવો છે, ક્યાં છે, શું છે તે જણાવી શકતો નથી પરંતુ આત્મતત્ત્વથી જ સૂર્યનું જ્ઞાન થાય છે. માટે સૂર્ય અને ચંદ્ર બન્ને પરપ્રકાશિત છે જ્યારે આત્મા સ્વયં પ્રકાશિત છે, જાણવાની પ્રક્રિયા માટે સ્વતંત્ર છે. આત્માના ઉદય પછી જ અન્ય કાંઈ જાણી કે સમજી શકાય છે, તેવું કઠશ્રુતિ પણ કહે છે. **"तमेव भान्तमनुभाति सर्वम् ।"** "આત્માના સ્ફુરણ પછી જ અન્ય સર્વ કંઈ સ્ફુરે છે." આમ, આ સ્વયંપ્રકાશ આત્મા, સ્વયંજ્યોતિસ્વરૂપ અર્થાત્ જ્ઞાનસ્વરૂપ છે. માટે જ તે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવી ત્રણે અવસ્થાનો જ્ઞાતા, દૃષ્ટા અને સાક્ષી જ છે. છતાં તેને કોઈ અવસ્થા જોડે સંગ કે આસક્તિ નથી. તે જ પ્રમાણે તેને નથી સંગ કે સંબંધ અન્નમયાદિ પાંચકોશ સાથે. આમ, આત્મા અસંગ છે, પંચકોશ રહિત અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ જેવા શરીરથી વિલક્ષણ છે. માટે જ પંચકોશ કે શરીરના વિકારો આત્માને સ્પર્શ કરતા નથી તથા તમોગુણ કે અવિદ્યા દ્વારા ઊભા કરાયેલા આવરણથી આત્મા આચ્છાદિત પણ થતો નથી. માટે જ તેને નિરંજન એવું કહેવાયું છે.

આત્મા મૂળસ્વરૂપે કે સ્વભાવે મન-બુદ્ધિથી પર છે. તેથી સુખ અને દુઃખ જેવા મનના ધર્મો આત્માને સ્પર્શતા નથી. જેના શુદ્ધસ્વરૂપમાં સુખદુઃખની સાપેક્ષતા નથી તેવો આત્મા સદા આનંદસ્વરૂપ છે. તેના આનંદની અવધિ અમાપ છે. આવા આત્માનો પોતાના નિજસ્વરૂપે સાક્ષાત્કાર કરવો જોઈએ. એ જ મુમુક્ષુનું અંતિમ ધ્યેય હોવું જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**शिष्य उवाच**

**मिथ्यात्वेन निषिद्धेषु कोशेष्वेतेषु पञ्चसु ।**
**सर्वाभावं विना किञ्चिन्न पश्याम्यत्र हे गुरो ।**
**विज्ञेयं किमु वस्त्वस्ति स्वात्मनाऽऽत्मविपश्चिता ॥२१४॥**

**शिष्य उवाच** = શિષ્ય બોલ્યો

| | | | |
|---|---|---|---|
| **हे गुरो !** | = હે ગુરુદેવ ! | **किञ्चित्** | = કંઈ પણ |
| **मिथ्यात्वेन** | = મિથ્યાપણા વડે | **न पश्यामि** | = હું જોતો નથી. (તેથી અહીં) |
| **एतेषु** | = આ | | |
| **पञ्चसु कोशेषु** | = પાંચેય કોશોનો | **किम उ** | = કઈ |
| **निषिद्धेषु** | = નિષેધ થવાથી | **वस्तु अस्ति** | = વસ્તુ છે (જેને) |
| **अत्र** | = અહીં (હવે) | **आत्मविपश्चिता** | = આત્મા સંબંધમાં વિચાર કરનારો વિદ્વાન |
| **सर्वाभावं विना** | = સર્વના અભાવ સિવાય | **स्व आत्मना** | = પોતાના આત્મારૂપે |
| | | **विज्ञेयम्** | = જાણે ? |

## ઉપદેશમાં શંકા

ગુરુ દ્વારા અપાયેલા સાક્ષાત્કાર માટેના ઉપદેશનું શ્રવણ કરી આત્મસ્વરૂપ વિશે શિષ્યના મનમાં શંકા ઉદ્ભવે છે કે "હે સદ્ગુરુ ! આપના ઉપદેશથી જાણ્યું કે પાંચમાંથી કોઈ પણ કોશ આત્મા નથી. તે તો ઠીક, પણ આ તમામ કોશ આત્માના આવરણ કે ઢાંકણ જેવા છે. તેમાંના દરેક કોશનો ક્રમે

ક્રમે ડુંગળીના પડ જેમ એક પછી એક નિષેધ કરવામાં આવે કે વિચાર દ્વારા તેમની નિવૃત્તિ કરવામાં આવે, તો અંતે કંઈ જ રહેતું નથી. આમ, પંચકોશના નિષેધમાં મને અંતે તો સર્વનો અભાવ જ જણાય છે. શૂન્યતા સિવાય કંઈ જ અનુભવાતું નથી. ઉપરાંત આત્માનું અસ્તિત્વ પણ જણાતું નથી. આમ હોવાથી, બુદ્ધિમાન માણસે કઈ વસ્તુને પોતાના આત્મા તરીકે જાણવી? અરે! જિજ્ઞાસુ કે મુમુક્ષુને જાણવા લાયક જગતમાં છે શું?''

(છંદ–અનુષ્ટુપ)

**श्रीगुरुरुवाच**

**सत्यमुक्तं त्वया विद्वन्निपुणोऽसि विचारणे ।**
**अहमादि विकारास्ते तदभावोऽयमप्यनु ॥२१५॥**
**सर्वेयेनानुभूयन्ते यः स्वयं नानुभूयते ।**
**तमात्मानं वेदितारं विद्धि बुद्ध्या सुसूक्ष्मया ॥२१६॥**

**श्रीगुरुः उवाच** = શ્રીગુરુ બોલ્યા

**विद्वन्** = હે વિદ્વાન !
**त्वया सत्यं उक्तम्** = તેં સત્ય કહ્યું
**विचारणे निपुणः असि** = વિચાર કરવામાં તું નિપુણ છે.
**ते अहं आदि विकाराः** = અહંકાર વગેરે બધા વિકારો, (અને)
**तदभावः अयं अपि अनु** = વળી, તેમનો અભાવ પણ
**सर्वे** = (તે) બધું
**येन** = જેનાથી (આત્માથી)
**अनुभूयन्ते** = અનુભવાય છે (અને)
**यः स्वयं न अनुभूयते** = જે પોતે અનુભવનો વિષય થતો નથી,
**तं वेदितारम्** = તે સર્વના જ્ઞાતા
**आत्मानम्** = આત્માને
**सुसूक्ष्मया बुद्ध्या** = અતિ સૂક્ષ્મબુદ્ધિથી
**विद्धि** = જાણ.

## શંકાનું સમાધાન

શિષ્યની શંકાના સમાધાનાર્થે સદ્‌ગુરુ બે શ્લોક દ્વારા સમજાવે છે કે "હે આત્મવિચારમાં નિપુણ એવા વિદ્વાન શિષ્ય ! તારી શંકા સત્ય જ છે કે અહંકાર વિગેરે જે વિકારો છે, તેવા સૌ વિકારો અને તે વિકારોનો સુષુપ્તિમાં જણાતો અભાવ વગેરે સર્વ કંઈ જેના લીધે જાણી શકાય છે તે જ આત્મતત્ત્વ છે. છતાં આત્મા પોતે અન્ય કોઈથી જાણી શકાતો નથી. આમ, પોતાના સ્વરૂપને અદૃશ્ય અને અજ્ઞેય રાખી, સૌને જાણનારો સૌનો જ્ઞાતા, આ આત્મા જ અતિ સૂક્ષ્મબુદ્ધિ દ્વારા જાણવા યોગ્ય કે સાક્ષાત્કાર કરવા યોગ્ય છે. માટે તું તેવો પ્રયત્ન કર."

જાગ્રત અવસ્થામાં થતાં શરીરના આંતરિક અને બાહ્ય ફેરફારો; તથા સ્થૂળ શરીરના ઊંચાઈ અને વજનમાં થતાં પરિવર્તનો; શૈશવ, બાલ્યાવસ્થા, યુવાની, પ્રૌઢાવસ્થા, ઘડપણ જેવી બદલાતી પરિસ્થિતિઓ; રાગદ્વેષ, સુખદુ:ખ જેવા મનના વિકારો; આવું જે કંઈ પરિવર્તનશીલ કે વિકારવાળું અનુભવાય છે, જણાય છે, તે સર્વ કાંઈ, આત્મા જ્ઞાનસ્વરૂપ છે માટે જ શક્ય બને છે. તેથી સ્પષ્ટ છે કે આત્મા, જાગ્રત અવસ્થામાં મન, ઇન્દ્રિય અને શરીરના વિકારોનો જ્ઞાતા છે. તે જ પ્રમાણે એ જ આત્મા સ્વપ્નમાં કાલ્પનિક સ્વપ્નસૃષ્ટિનો અર્થાત્ સ્વપ્નની મનોમય સૃષ્ટિનો અને તેના કાલ્પનિક વિકારોનો પણ સાક્ષી છે. આત્મા ત્રણે કાળે, ત્રણે અવસ્થાઓમાં સાક્ષી કે જ્ઞાતા તરીકે હાજર હોવાથી સુષુપ્તિકાળે પણ સ્થૂળ અને સૂક્ષ્મ વિકારોનો જે અભાવ જોવા મળે છે, તેનો પણ તે સાક્ષી કે જ્ઞાતા છે. માટે જ સુષુપ્તિમાં સૌ કોઈનો અનુભવ છે કે "હું કંઈ જાણતો નથી, I DON'T KNOW ANYTHING, **अहं किमपि न जानामि**" અર્થાત્ સુષુપ્તિકાળે સ્થૂળ કે સૂક્ષ્મ કોઈ પણ વિકારોનું સ્ફુરણ ત્યાં હોતું નથી. સુષુપ્તિની અવસ્થા ક્રિયાશૂન્ય, પ્રત્યક્ષીકરણથી મુક્ત (FREE FROM ANY TYPE OF PERCEPTION) તેમજ બાહ્ય અને આંતર વિકારોના અભાવવાળી છે અને તેવા અભાવનો આત્મા સાક્ષી છે. માટે જ તે અભાવયુક્ત અવસ્થાને જાણી, જણાવે છે કે "હું કંઈ જાણતો નથી" એવું જાણું છું. આમ, વિકારોના ભાવ = અસ્તિત્વ અને અભાવ બન્નેને આત્મા જાણે છે, ત્રણે અવસ્થાઓમાં જ્ઞાતાચૈતન્ય

તરીકે હાજરાહજૂર છે; સર્વ દેહમાં અંતરાત્મા તરીકે રહેલો છે તથા તેનો ક્યારેય પણ અભાવ થતો નથી. દેહના જન્મ પૂર્વે પણ આત્માનો અભાવ નહોતો જ અને દેહના મૃત્યુ પછી પણ અભાવ થતો નથી. આત્મા વિકારોના ભાવ અને અભાવને જાણતો હોવા છતાં, સ્વયં અભાવરહિત છે અર્થાત્ શાશ્વત અસ્તિત્વ છે, સત્સ્વરૂપે એટલે કે ત્રણેકાળે રહેનારો છે. આવો ભાવાભાવનો જ્ઞાતા અને છતાં ત્રણે કાળે રહેનારો સર્વ શરીરોના અધિષ્ઠાન તરીકે રહેલો આત્મા અવ્યક્ત અને ગૂઢ છે તેને હે વિદ્વાન શિષ્ય ! તારે સૂક્ષ્મબુદ્ધિથી જાણવો જોઈએ. શ્રુતિ પણ એવો જ સંદેશ આપે છે.

**"दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ।"**

(કઠશ્રુતિ-૧/૩/૧૨)

"સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારા પુરુષો પોતાની એકાગ્ર અને સૂક્ષ્મ બુદ્ધિ વડે આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે."

(છંદ-અનુષ્ટુપ)

**तत्साक्षिकं भवेत्तत्तद्यद्यद्येनानुभूयते ।**
**कस्याप्यननुभूतार्थे साक्षित्वं नोपयुज्यते ॥२१७॥**

| | | | |
|---|---|---|---|
| **येन** | = જેનાથી (જે સાક્ષીથી) | **अननुभूतार्थे** | = જેનો અનુભવ જ ન થયો હોય તે વસ્તુમાં |
| **यद् यद्** | = જે જે (વસ્તુનો) | | |
| **अनुभूयते** | = અનુભવ થાય છે | **कस्य अपि** | = કોઈનું પણ |
| **तत् तत्** | = તે તે (વસ્તુ) | **साक्षित्वम्** | = સાક્ષીત્વ |
| **साक्षिकम्** | = તેના સાક્ષીત્વવાળી | **न उपयुज्यते** | = સંભવતું નથી. |
| **भवेत्** | = થાય છે. | | |

જે કોઈ વસ્તુ અનુભવાય, જોવાય, જણાય, તે દરેક અનુભવગમ્ય, દશ્ય કે જ્ઞેય વસ્તુનો કોઈ સાક્ષી હોય છે. કારણ કે દશ્ય, જ્ઞેય કે અનુભવગમ્ય વસ્તુ સાક્ષ્ય છે, તેથી તે ઉપરથી જ તેના સાક્ષીનું અસ્તિત્વ સાબિત થાય છે. આમ, ત્રણ શરીરો, પાંચ કોશ, ત્રણ અવસ્થાઓ અને તેના વિકારો જો અનુભવાતા હોય તો, તે સૌનો સાક્ષી કે અનુભવ કરનાર હોય છે જ અને તે

અન્ય નહીં પણ આત્મા જ છે. જો કોઈ પણ વસ્તુનો, કોઈ પણ પ્રકારે અનુભવ જ ન થતો હોય તો અનુભવના અભાવમાં સાક્ષીનો પણ અભાવ થઈ જાય. પરંતુ આપણી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવી અવસ્થાઓ કંઈ અનુભવશૂન્ય નથી. માટે જ તેવા અનુભવોનો સાક્ષી છે. એટલું જ નહીં પરંતુ તે આત્માથી અન્ય કોઈ નથી તેવું તત્ત્વવિચારકને સૂક્ષ્મબુદ્ધિએ સમજાય છે.

અન્નમયાદિ પાંચ કોશોનો અનુભવ થતો હોવાથી તેમના સાંક્ષી આત્માનું અસ્તિત્વ, અનુમાન દ્વારા સિદ્ધ કરવામાં આવ્યું. આ પ્રમાણે તર્ક કે અનુમાન દ્વારા સિદ્ધ આત્મા, અનુભવનો વિષય થઈ શકે તેમ નથી, તે દર્શાવવા માટે પ્રસ્તુત શ્લોકમાં એક બીજો તર્ક આપવામાં આવે છે. અનુભવ તે જ વસ્તુનો થઈ શકે, જે વસ્તુનો કોઈ સાક્ષી હોય. તે જ પ્રમાણે 'સાક્ષી' તે જ વસ્તુનો હોઈ શકે, જેનો અનુભવ થતો હોય. જે વસ્તુનો સાક્ષી હોય તે વસ્તુને 'સાક્ષીત્વવાળી' વસ્તુ કહે છે. આમ, સાક્ષીત્વયુક્ત વસ્તુનો જ અનુભવ થાય છે. સૂર્યને જોનારો કોઈ હોય તો જ સૂર્યપ્રકાશનો અનુભવ સંભવ છે. જો તેને જોનાર કોઈ સાક્ષી ન હોય તો સૂર્યોદયનું ભાન થતું નથી. આમ, જેનો કોઈ સાક્ષી ન હોય તે વસ્તુનો અનુભવ થતો નથી અર્થાત્ સાક્ષીત્વ વગરની વસ્તુ અનુભવનો વિષય થતી નથી. આત્મા સર્વનો સાક્ષી છે. તેના દ્વારા સર્વનો અનુભવ થાય છે પરંતુ આત્માને જાણનારો, આત્માનો કોઈ અન્ય સાક્ષી નથી. માટે જેમ અન્નમયકોશ વગેરેનો અનુભવ થાય છે તેમ આત્માનો અનુભવ થઈ શકે તેમ નથી. અનુભવસ્વરૂપ આત્મા કંઈ અનુભવનો વિષય થઈ શકે નહીં.

(છંદ–અનુષ્ટુપ)

**असौ स्वसाक्षिको भावो यतः स्वेनानुभूयते ।**
**अतः परं स्वयं साक्षात् प्रत्यगात्मा न चेतरः ॥२१८॥**

**यतः** =કારણ કે
**असौ** =આ (આત્મા)
**स्वसाक्षिकः भावः** =પોતે જ પોતાનો સાક્ષી (હોવાથી)
**स्वेन अनुभूयते** =પોતાની મેળે જ (અન્ય સાક્ષી વિના) અનુભવાય છે.

**अतः** =માટે
**प्रत्यगात्मा** =પ્રત્યગાત્મા
**न च इतरः** =(પોતાનાથી) અન્ય કોઈ નહીં, (પરંતુ)
**परं साक्षात् स्वयम्** =(સર્વથી) પર એવો સાક્ષાત્ 'હું' જ છે.

પૂર્વોક્ત વિચાર સંદર્ભે આગળ જણાવાય છે કે આત્મા પોતે જ પોતાનો સાક્ષી છે. **असौ स्वसाक्षिको भावः ।** આત્માને જાણવા કે અનુભવવા માટે આત્માથી અન્ય સાધનની કે ચેતનની જરૂર પડતી નથી. તદુપરાંત આત્મા સિવાય સર્વ કાંઈ જડ હોવાથી અગર જ્ઞાનરહિત હોવાથી, આત્માથી ભિન્ન કોઈ પણ પદાર્થ કે સાધન આત્માને જણાવી શકે નહીં. આત્મા સ્વસ્વરૂપે સ્વયંજ્યોતિ છે અને સૌનો અંતરાત્મા હોવાથી સર્વમાં રહી સૌને સત્તા અને સ્ફૂર્તિ પ્રદાન કરી, પોતે જ પોતાને સ્વતંત્ર રીતે અન્યની મદદ વિના જાહેર કરે છે. તેથી પોતે જ પોતાનો સાક્ષી છે. એટલું જ નહીં, પરંતુ તે સર્વથી સૂક્ષ્મ અને તે જ કારણે સૌથી પરમ એવો સાક્ષાત્ સૌનો પ્રત્યગાત્મા છે. તે ન્યાયે આત્મા સૌનો સાક્ષી છે પણ તેનો સાક્ષી તેનાથી અન્ય નથી. આત્મા સૌનો જ્ઞાતા છે પરંતુ આત્માનો જ્ઞાતા આત્માથી અન્ય કોઈ નથી. માટે આત્માનો, અનુભવની વસ્તુરૂપે અનુભવ શક્ય નથી. પરંતુ સ્વયં અનુભવસ્વરૂપ હોવાથી પ્રત્યેકને તેનો સહજ અનાયાસે પ્રતિક્ષણ અનુભવ થઈ જ રહ્યો છે. માટે મુમુક્ષુએ, 'આત્માનો વિશેષરૂપે અનુભવ થાય તો જ તેનું અસ્તિત્વ સ્વીકારવું', તેવી અવિવેકયુક્ત વિચારણા ફગાવી, અંતઃકરણમાં 'હું'રૂપે થતી સર્વસામાન્ય પ્રતીતિને આધારે જ અનુભવસ્વરૂપ આત્માને જાણવો જોઈએ.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**जाग्रत्स्वप्नसुषुप्तिषु स्फुटतरं योऽसौ समुज्जृम्भते**
**प्रत्यग्रूपतया सदाहमहमित्यन्तः स्फुरन्नैकधा ।**
**नानाकारविकारभागिन इमान् पश्यन्नहंधीमुखान्**
**नित्यानन्द चिदात्मना स्फुरति तं विद्धि स्वमेतं हृदि ॥२१६॥**

| | |
|---|---|
| **यः असौ** | = જે આ |
| **जाग्रत्स्वप्नसुषुप्तिषु** | = જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; ત્રણેય અવસ્થામાં |
| **स्फुटतरं समुज्जृम्भते** | = અતિ સ્પષ્ટ પ્રકાશે છે (અને જે) |
| **प्रत्यक्–रूपतया** | = અંતરાત્મારૂપે |
| **सदा अहं अहं इति** | = સદા 'હું-હું' એમ |
| **एकधा अन्तः स्फुरन्** | = અંતઃકરણમાં એકરૂપે જણાય છે. |
| **अहंधीमुखान् इमान्** | = (તથા જે) આ અહંકાર, બુદ્ધિ જેવા |
| **नानाकारविकारभागिनः** | = અનેક આકારોવાળા વિકારોને |
| **पश्यन्** | = (સાક્ષીરૂપે) જોતો, |
| **नित्यानन्द चिदात्मना** | = નિત્ય આનંદ અને ચૈતન્યરૂપે |
| **हृदि** | = હૃદયમાં |
| **स्फुरति** | = સ્ફુરે છે |
| **तं एतम्** | = આને (જ) |
| **स्वं विद्धि** | = 'હું' (આત્મા) એમ જાણ. |

આત્મસ્વરૂપનું નિરૂપણ કરતાં કરતાં શિષ્યની શંકાનું સમાધાન આપી હવે શિષ્યને ઉપદેશાર્થે કહેવાયું છે કે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવી અવસ્થાના જ્ઞાતા તરીકે જે સ્પષ્ટ જણાય છે તથા અંતઃકરણમાં 'હું, હું' એવી અહંવૃત્તિ દ્વારા જેનું સ્ફુરણ થાય છે તે અંતઃકરણસ્થિત અંતર્યામીરૂપે રહેલો આત્મા અહંકાર, બુદ્ધિ, મન, ઇન્દ્રિયો કે શરીરાદિના અનેક જાતના વિકારોને સાક્ષીભાવે અનુભવે છે કે જાણે છે. તે આત્મા જ હંમેશા સત, ચિત અને આનંદરૂપે પ્રત્યેકને પોતાના હૃદયમાં અનુભવાય છે. તે આત્માને જ તું તારું સ્વરૂપ જાણ. સચ્ચિદાનંદરૂપે તારા હૃદયમાં સતત સ્ફુરણા પામતું આત્મતત્ત્વ જ તારો આત્મા છે. તું એ આત્મતત્ત્વથી એક અને અભેદ છે એવો સાક્ષાત્કાર કર.

(છંદ-ઉપજાતિ)

घटोदके बिम्बितमर्कबिम्ब-
मालोक्य मूढो रविमेव मन्यते ।
तथा चिदाभासमुपाधिसंस्थं
भ्रान्त्याहमित्येव जडोऽभिमन्यते ॥२२०॥

| | |
|---|---|
| घटोदके | = (જેમ) ઘડાના પાણીમાં |
| बिम्बितं अर्क-बिम्बम् | = પ્રતિબિંબિત થયેલા સૂર્યને |
| आलोक्य | = જોઈને |
| मूढः | = મૂઢ માણસ (પ્રતિબિંબને) |
| रविं एव | = સૂર્ય જ |
| मन्यते | = સમજે છે. |
| तथा | = તેવી રીતે |
| जडः | = જડ બુદ્ધિવાળો મનુષ્ય |
| भ्रान्त्या | = ભ્રમને લીધે |
| उपाधि-संस्थम् | = બુદ્ધિરૂપી ઉપાધિમાં રહેલા |
| चिदाभासम् | = ચિદાભાસને |
| अहं इति एव | = (તે) 'હું જ છું' એવું |
| अभिमन्यते | = અભિમાન કરે છે. |

## અજ્ઞાનીનું અનાત્મદર્શન

અવસ્થાત્રયસાક્ષીરૂપી અંતરાત્માનો સાક્ષાત્કાર કરવો જોઈએ તેવું સૂચન અપાયા બાદ, સ્થૂળબુદ્ધિવાળો મૂઢ પુરુષ કઈ રીતે શુદ્ધ આત્માને સોપાધિક જીવાત્મા સમજે છે તે વાત સદૃષ્ટાંત સમજાવતાં જણાવાયું છે કે ઘડાના પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ પડેલું જોઈને મૂઢ, અજ્ઞાની કે મૂર્ખ માણસ પ્રતિબિંબને જ સૂર્ય માની બેસે છે અને બિંબરૂપ સૂર્યને સત્ય માનતો નથી. તેવી જ રીતે અવિવેકી, મૂઢ કે અજ્ઞાની, બુદ્ધિ કે અંતઃકરણની ઉપાધિરૂપી જળમાં પડેલા ચૈતન્ય આત્માના પ્રતિબિંબને જ સાચો સચ્ચિદાનંદ આત્મા

માની બેસે છે અને આત્મારૂપી બિંબને જાણતો જ નથી અર્થાત્ બુદ્ધિરૂપી જળમાં પડેલા ચૈતન્ય-આત્માના પ્રતિબિંબને કે જે ચિદાભાસ અગર જીવાત્માથી ઓળખાય છે, તેને જ આત્મા માની બેસે છે. પોતાના અવિવેક કે અજ્ઞાનમાં, પોતે શુદ્ધ, નિર્વિકારી, નિરુપાધિક, અકર્તા અને અભોક્તા હોવા છતાં મૂઢબુદ્ધિ દ્વારા પોતાને વિકારી, જીવની ઉપાધિવાળો કર્તા અને ભોક્તા માની બંધનમાં પડે છે. માટે અત્રે સંકેત એવો જ છે કે અજ્ઞાનીએ જીવને આત્મા માનવાની મૂઢતા કે અજ્ઞાનતા દૂર કરવી જોઈએ અને આત્મા-અનાત્માવિવેક દ્વારા પ્રતિબિંબ જેવા જીવભાવનો ત્યાગ કરીને આત્મભાવે, 'હું સચ્ચિદાનંદ છું', તેવી જ આત્મવિચારણા સાક્ષાત્કારાર્થે કરવી જોઈએ.

(છંદ-ઉપજાતિ)

**घटं जलं तद्गतमर्कबिम्बं विहाय सर्वं विनिरीक्ष्यतेऽर्कः ।**
**तटस्थ एतत् त्रितयावभासकः स्वयंप्रकाशो विदुषा यथा तथा ॥२२१॥**
**देहं धियं चित्प्रतिबिम्बमेतं विसृज्य बुद्धौ निहितं गुहायाम् ।**
**द्रष्टारमात्मानमखण्डबोधं सर्वप्रकाशं सदसद्विलक्षणम् ॥२२२॥**
**नित्यं विभुं सर्वगतं सुसूक्ष्ममन्तर्बहिः शून्यमनन्यमात्मनः ।**
**विज्ञाय सम्यङ्निजरूपमेतत् पुमान् विपाप्मा विरजो विमृत्युः ॥२२३॥**

| | |
|---|---|
| **घटं जलं तद्गतं अर्कबिम्बम्** | = ઘડો, જળ અને તેમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ |
| **सर्वं विहाय** | = (આ) સર્વેનો પરિત્યાગ કરીને |
| **यथा विदुषा** | = જેમ વિદ્વાન |
| **एतत् तटस्थः त्रितयावभासकः** | = આ ત્રણેને તટસ્થ રહી પ્રકાશનારા |
| **स्वयंप्रकाशः** | = સ્વયંપ્રકાશ |
| **अर्कः** | = સૂર્યને |
| **विनिरीक्ष्यते** | = જુએ છે, |
| **तथा** | = તેમ |

| | |
|---|---|
| **देहं धियम्** | = સ્થૂળશરીર, બુદ્ધિ (તેમજ) |
| **बुद्धौ गुहायां निहितं एतम्** | = બુદ્ધિરૂપી ગુફામાં પડેલ |
| **चित्प्रतिबिम्बम्** | = ચૈતન્યના પ્રતિબિંબને (ચિદાભાસને) |
| **विसृज्य** | = છોડીને |
| **द्रष्टारम्** | = સાક્ષી, |
| **अखण्डबोधम्** | = અવિનાશી જ્ઞાનરૂપ, |
| **सर्वप्रकाशम्** | = સર્વને પ્રકાશનાર, |
| **सत्–असत्–विलक्षणम्** | = કાર્ય–કારણથી વિલક્ષણ, |
| **नित्यम्** | = નિત્ય, |
| **विभुम्** | = વ્યાપક, |
| **सर्वगतम्** | = સર્વમાં અનુગત, |
| **सुसूक्ष्मम्** | = અતિ સૂક્ષ્મ, |
| **अन्तर्बहिः शून्यम्** | = અંદર કે બહારના ભેદથી વિમુક્ત, |
| **आत्मनः अनन्यम्** | = પોતાના સ્વરૂપથી અભિન્ન |
| **एतत्** | = એવા |
| **निजरूपम्** | = નિજસ્વરૂપને |
| **सम्यक् विज्ञाय** | = બરાબર જાણીને |
| **पुमान्** | = જ્ઞાની પુરુષ, |
| **विपाप्मा** | = નિષ્પાપ બનીને, |
| **विरजः** | = રજોગુણથી રહિત બનીને, |
| **विमृत्युः** | = અમર (થઈ જાય છે.) |

## વિવેકીનું આત્મદર્શન અને તેનું ફળ

જેમ અજ્ઞાની અવિવેક દ્વારા જીવાત્માને આત્મા માની બંધનમાં પડે છે તેમ વિદ્વાન વિવેક દ્વારા જીવાત્માને આત્માથી છૂટો પાડી જીવને પોતાનું સ્વરૂપ ન સમજતાં, જીવભાવને ભ્રાંતિ ગણી, તેનો ત્યાગ કરે છે અને પોતાના આત્મસ્વરૂપને જાણી મુક્ત થાય છે; તેવું સમજાવતાં જણાવાય છે કે ઘડો, ઘડામાં રહેલું જળ અને તેમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ, એ ત્રણેયને વિવેકી પુરુષ

ત્યાગી દે છે અને ઘડો, તેમાં રહેલું પાણી અને પાણીમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ, એ ત્રણેનો પ્રકાશક જે સૂર્ય છે તેને સ્વતંત્ર અને અસંગ જાણે છે. સૂર્યને ઘડો, તેનું પાણી કે પાણીમાં રહેલા પ્રતિબિંબ સાથે સંગ કે સંબંધ નથી, તેવું જાણી, તે જ ન્યાયે વિવેકીપુરુષ જાણી લે છે કે આ દેહરૂપી ઘડો, તેમાં રહેલી બુદ્ધિ કે અંતઃકરણરૂપી જળ અને તેવા જળમાં પડેલું ચૈતન્ય-આત્માનું પ્રતિબિંબ (ચિદાભાસ કે જીવાત્મા) વગેરે આત્મા નથી માટે ત્યાજય છે.આમ, વિવેકી તે ત્રણેયનો ત્યાગ કરે છે અને તે ત્રણેયથી વિલક્ષણ એવો જે આત્મા છે, તેને પોતાનું સ્વરૂપ જાણી આત્મા સાથે અભેદ અનુભવ કરે છે. આવો આત્મા સાક્ષાત્કાર કરવા યોગ્ય છે, તેનો ખ્યાલ આપવા આત્માના લક્ષણોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

**सर्वप्रकाशम्** – સર્વને પ્રકાશનાર એવો આત્મા છે અર્થાત્ સર્વનો સાક્ષી અને જ્ઞાતા રહી સૌને જાણે છે માટે જ તે સર્વનો પ્રકાશક છે.

**द्रष्टारं अखण्डबोधम्** – આત્મા સૌનો પ્રકાશક, જ્ઞાતા અને સાક્ષી છે માટે તેને દૃષ્ટા કહ્યો છે અને તે જ્ઞાનસ્વરૂપ છે. એટલું જ નહીં, પરંતુ તેવા સ્વરૂપજ્ઞાનમાં ઉદય કે અસ્ત નથી અગર આત્મારૂપી પ્રકાશ કે જ્ઞાનનો અંત થતો નથી, માટે તેને અખંડબોધસ્વરૂપ તરીકે ઓળખવામાં આવે છે.

**सदसद्विलक्षणम्** – આત્મા સત નથી એટલે જે પ્રત્યક્ષ છે, દૃશ્ય છે, ક્ષેત્ર કહેવાય છે અને જે કાર્યરૂપે વ્યક્ત થાય છે અર્થાત્ જે કંઈ જન્મેલું અને સાકાર હોય તે સત છે, પરંતુ આત્મા તે પ્રત્યક્ષ સત-કાર્યથી જુદો કે વિલક્ષણ છે અને તે જ ન્યાયે આત્મા અસત પણ નથી અર્થાત્ આત્મા અદૃશ્ય, અવ્યક્ત, સૂક્ષ્મ કારણ પણ નથી. આમ, આત્મા સત-અસતથી વિલક્ષણ છે અર્થાત્ જગતરૂપી વ્યક્ત કાર્યથી અને માયારૂપી અવ્યક્ત કારણથી ભિન્ન છે.

**नित्यं विभुं सर्वगतम्** – આત્મા અભાવરહિત છે માટે નિત્ય છે. સર્વવ્યાપક, સર્વદેશીય અને સર્વમાં સર્વવ્યાપ્ત છે માટે વિભુ છે. સર્વનું અધિષ્ઠાન હોઈ સર્વમાં અનુગત છે. માટે **सर्वगतम्** કહેવાય છે.

**सुसूक्ष्मम्** – આત્મા સૌથી સૂક્ષ્મ છે અર્થાત્ ઇન્દ્રિય કે મન–બુદ્ધિથી ન જાણી શકાય તેવો અગોચર છે તેથી પ્રત્યક્ષ નથી અને તર્ક કે અનુમાન દ્વારા બુદ્ધિગમ્ય પણ નથી. માટે સૂક્ષ્માતિસૂક્ષ્મ કહેવાય છે. તે જ કારણે આત્મા સર્વવ્યાપ્ત પણ છે. જે સૌથી સૂક્ષ્મ હોય તે જ સૌથી વધુ વ્યાપક હોય છે. તેથી અન્ય અર્થમાં સૌથી સૂક્ષ્મ એટલે જ સૌથી વધુ વ્યાપક અને સૌથી વધુ વ્યાપક માટે જ એ પરમ છે અને મહાનથી પણ મહાન છે. માટે જ શ્રુતિ પણ જણાવે છે કે આત્મા અણુ કરતાં પણ સૂક્ષ્મ અને મહાન આકાશથી પણ વધુ મહાન કે વ્યાપક છે. **"अणोरणीयान् महतोमहीयान्"**

**अन्तर्बहिः शून्यम्** – આત્મામાં નથી કંઈ અંદર કે નથી કંઈ બહાર, કારણ કે આત્મા નિરાકાર છે. ઉપરાંત આત્મા એક અને અદ્વિતીય હોવાથી તેમાં ન હોય કંઈ અંદર કે બહાર. આત્મા અભેદ છે, તેથી અંદર–બહારના કાલ્પનિક ભેદ આત્માને સ્પર્શી શકે નહીં.

**आत्मनः अनन्यम्** – આવો આત્મા પોતાના સ્વસ્વરૂપથી ભિન્ન કે જુદો નથી. પરંતુ સ્વરૂપથી અનન્ય છે અર્થાત્ અન્ય નથી તેવો છે. માટે જ અત્રે જણાવાયું છે કે જે કોઈ ઉપર જણાવેલા લક્ષણવાળા આત્માને પોતાના નિજસ્વરૂપે સારી રીતે જાણી લે છે તેવો પુરુષ આત્માનો સાક્ષાત્કાર કરીને **विपाप्मा** – પાપરહિત, **विरजः** – વિકારોથી મુક્ત અર્થાત્ નિર્મળ, **विमृत्युः** – એટલે મૃત્યુના ભયથી મુક્ત થઈ અમર બની જાય છે. આમ, અત્રે વિવેકી કે વિદ્વાનપુરુષ અનાત્માને ત્યાગી, આત્મજ્ઞાન દ્વારા મુક્તિરૂપી ફળને મેળવી, અમર થઈ જાય છે. તેવું સદૃષ્ટાંત સમજાવ્યું છે.

(છંદ–ઉપજાતિ)

**विशोक आनन्दघनो विपश्चित्**
**स्वयं कुतश्चित् न बिभेति कश्चित् ।**
**नान्योऽस्ति पन्था भवबन्धमुक्तेः**
**विना स्वतत्त्वावगमं मुमुक्षोः ॥२२४॥**

**विशोकः** = શોકથી રહિત (અને) **मुमुक्षोः** = મુમુક્ષુ માટે
**आनन्दघनः** = આનન્દસ્વરૂપ થયેલો **स्वतत्त्वावगमं विना** = પોતાના સ્વરૂપના જ્ઞાન વગર
**कश्चित्** = કોઈ પણ
**विपश्चित्** = જ્ઞાની **भवबन्धमुक्तेः** = સંસારરૂપ બંધનમાંથી છૂટવાનો
**स्वयम्** = પોતે
**कुतश्चित्** = કોઈથી પણ **न अन्यः पन्था अस्ति** = બીજો કોઈ માર્ગ નથી.
**न बिभेति** = ભય પામતો નથી.

## આત્મજ્ઞાન વિના મુક્તિનો કોઈ માર્ગ નથી

આત્મજ્ઞાનની અને તેવા જ્ઞાનીની સ્તુતિ કરતા જણાવવામાં આવે છે કે સમગ્ર વિશ્વમાં માત્ર જ્ઞાની જ એક એવો પુરુષ છે કે જે પોતાના આત્મસ્વરૂપનું નિઃસંદેહ જ્ઞાન પ્રાપ્ત કરી શોકરહિત અને આનંદસ્વરૂપ બની જાય છે. માટે જ શોકથી મુક્ત થયેલો તે **विशोकः** અને **आनन्दघनः** ક્યારેય કોઈથી ક્યાંય ભય અનુભવતો નથી. આવા જ્ઞાન દ્વારા પ્રાપ્ત અભયને અલંકૃત કરનાર વિવેકી અભયપદને પ્રાપ્ત કરે છે. અર્થાત્ તત્ત્વાર્થે તો અમરત્વને પામે છે અને આવી અમરતાને જ પરમપદ કહેવામાં આવે છે. જ્યાં ગયેલો જ્ઞાની કદાપિ મરણશીલ પૃથ્વી પર જન્મી, પુનઃ જન્મ-મૃત્યુના ચક્રને પ્રાપ્ત કરતો નથી અને જન્મ-મૃત્યુના ચક્ર જેવા ભવબંધનમાંથી સદાને માટે મુક્ત થઈ જાય છે. પરંતુ આથી પ્રત્યેક મુમુક્ષુએ યાદ રાખવું કે ભવબંધનથી મુક્તિ માટે આત્મતત્ત્વના જ્ઞાન સિવાય અન્ય કોઈ પણ રસ્તો નથી. આત્મજ્ઞાન સિવાયનું અન્ય કોઈ પણ સાધન ન તો મુમુક્ષુને બંધનથી છોડાવી શકે, ભવસાગરથી તારી શકે કે મુક્તિના દ્વાર ખોલી શકે. શ્રુતિએ પણ એવો જ સંદેશ આપ્યો છે, –**नान्यः पन्था विमुक्तये ।**

(છંદ-અનુષ્ટુપ)

**ब्रह्माभिन्नत्वविज्ञानं भवमोक्षस्य कारणम् ।**
**येनाद्वितीयमानन्दं ब्रह्म संपद्यते बुधैः ॥२२५॥**

**ब्रह्माभिन्नत्वविज्ञानम्** = ''બ્રહ્મ (મારાથી) ભિન્ન નથી'' એવું જ્ઞાન
**भवमोक्षस्य** = સંસારના બંધનમાંથી છૂટવાનું
**कारणम्** = સાધન છે.
**येन** = જેનાથી
**बुधैः** = જ્ઞાનીઓ
**अद्वितीयम्** = અદ્વિતીય
**आनन्दम्** = આનંદસ્વરૂપ
**ब्रह्म** = બ્રહ્મને
**संपद्यते** = પામે છે.

આત્મજ્ઞાન સિવાય સંસારબંધનથી છૂટવાનો અને અભય પ્રાપ્ત કરવાનો અન્ય કોઈ માર્ગ નથી. તેવા વિચારની પુષ્ટિ માટે કહ્યું છે કે **'ब्रह्माभिन्नत्वविज्ञानं भवमोक्षस्य कारणम् ।'** બ્રહ્મ અને જીવાત્મા બંને એક, અભિન્ન, અને અદ્વિતીય છે તેવો અપરોક્ષ અનુભવ જ ભવબંધનથી મુક્તિનું કારણ છે. આવા જ્ઞાન દ્વારા જ જ્ઞાનીઓ અદ્વિતીય આનંદસ્વરૂપ બ્રહ્મને પ્રાપ્ત કરી શકે છે. અર્થાત્ પરબ્રહ્મને જાણી તેવા જાણનારા પણ બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે. **'ब्रह्मवित् ब्रह्मैव भवति ।'** 'બ્રહ્મનો જ્ઞાતા બ્રહ્મ જ થઈ જાય છે.' તેથી સ્પષ્ટ થાય છે કે તેમનો આનંદ ઉદય અને અસ્તરહિત હોવાથી અસીમ અને અનંત થઈ જાય છે. આ બ્રહ્માનંદ, વિષયાનંદની જેમ ઈન્દ્રિયોના સ્પર્શથી નથી તો ઉત્પન્ન થતો કે ઈન્દ્રિયસ્પર્શના અભાવમાં નથી તો અસ્ત થઈ જતો. આમ, બ્રહ્માનંદ તો અનાદિ અને અનંત ગણાય છે. માટે જ તેને અતિન્દ્રિય આનંદ કહેવામાં આવે છે. આવો અતિન્દ્રિય આનંદ, માત્ર અપરોક્ષજ્ઞાન દ્વારા, બ્રહ્મને પોતાના સ્વરૂપ તરીકે, અભેદરૂપે જાણવાથી જ પ્રાપ્ત થાય છે. બ્રહ્મજ્ઞાન સિવાય કોઈને પણ ક્યારેય તેવા અનાદિ, અનંત આનંદની અનુભૂતિ થતી નથી. માટે જ તેવા આનંદને અત્રે **'अद्वितीयमानंदम्'** અદ્વિતીય આનંદ કહેવામાં આવે છે.

(છંદ-અનુષ્ટુપ)

**ब्रह्मभूतस्तु संसृत्यै विद्वान्नावर्तते पुनः ।**
**विज्ञातव्यमतः सम्यग् ब्रह्माभिन्नत्वमात्मनः ॥२२६॥**

**ब्रह्मभूतः** = ખરેખર, બ્રહ્મસ્વરૂપ થયેલો

| | |
|---|---|
| **विद्वान्** | = જ્ઞાની |
| **पुनः** | = ફરીથી |
| **संसृत्यै** | = જન્મ-મરણરૂપી સંસારમાં |
| **तु न आवर्तते** | = આવતો જ નથી. |
| **अतः** | = માટે |
| **आत्मनः** | = પોતાની |
| **ब्रह्माभिन्नत्वम्** | = બ્રહ્મ સાથેની એકતા |
| **सम्यक् विज्ञातव्यम्** | = સારી રીતે સમજવી. |

જીવ અને બ્રહ્મના અભેદ જ્ઞાન દ્વારા વિદ્વાન પુરુષ બ્રહ્મીભૂત અર્થાત્ બ્રહ્મસ્વરૂપ જ થઈ જાય છે અને તે જ કારણે તે જન્મ-મૃત્યુના સંસારચક્રથી મુક્ત થઈ જાય છે. તેથી વારંવાર જન્મી કે અનેક યોનિઓમાં પરિભ્રમણ કરી, તેને ન તો માતાના ગર્ભમાં પુરાવું પડે છે કે શરીરને સ્મશાનમાં ભસ્મીભૂત કરવું પડે છે. આમ હોવાથી જ્ઞાની જન્મ-મરણના આવર્તનમાંથી છૂટી જાય છે. તેને સંસારબંધનથી મુક્તિ કે મોક્ષ કહેવાય છે. માટે જ શ્રુતિએ ગાયું છે કે, **"न स पुनरावर्तते । न स पुनरावर्तते ।"** (નિરાલંબોપનિષદ) ''તે ફરીથી જન્મતો નથી. તે પુનઃ જન્મતો જ નથી.'' જન્મ-મરણની નિવૃત્તિરૂપી મોક્ષને ગીતામાં પરમપદ કહ્યું છે અને જણાવ્યું છે કે જન્મ-મૃત્યુના આવર્તનરહિત પરમપદને પ્રાપ્ત કરી ચૂકેલો પુનઃ, જન્મ-મૃત્યુરૂપી સંસારમાં પ્રવેશ પામતો નથી.

**"यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ।"**

[ભ.ગીતા-અ.૧૫-૫]

આવો મહાન છે આત્મજ્ઞાનનો મહિમા ! માટે જ મુમુક્ષુએ બ્રહ્મ સાથેની પોતાની એકતા સારી રીતે સમજવી જોઈએ અગર જ્ઞાનના બળે જીવભાવને દૂર કરી બ્રહ્મ સાથે અપરોક્ષ રીતે અભેદાનુભૂતિ અનુભવવી જોઈએ.

(છંદ-ગીતિ)

**सत्यं ज्ञानमनन्तं ब्रह्म विशुद्धं परं स्वतः सिद्धम् ।**
**नित्यानंदैकरसं प्रत्यगभिन्नं निरन्तरं जयति ॥२२७॥**

| | | | |
|---|---|---|---|
| **ब्रह्म** | = બ્રહ્મ | **स्वतः सिद्धम्** | = સ્વતઃ સિદ્ધ, |
| **सत्यम्** | = સત્ય, | **नित्यानंदैकरसम्** | = નિત્ય, આનંદરૂપ રસવાળું |
| **ज्ञानम्** | = જ્ઞાનરૂપ | **प्रत्यक्–अभिन्नम्** | = અંતરાત્માથી અભિન્ન |
| **अनन्तम्** | = અનંત | **निरन्तरम्** | = નિરંતર |
| **विशुद्धम्** | = વિશુદ્ધ | **जयति** | = વિજયી બનનારું(છે.) |
| **परम्** | = શ્રેષ્ઠ અને | | |

જે પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરવો જોઈએ તે બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ જણાવતાં અત્રે તૈત્તિરીય ઉપનિષદમાંથી સૂત્રરૂપે સંદર્ભની નોંધ લેવામાં આવી છે. **"सत्यं ज्ञानमनन्तं ब्रह्म । यो वेद निहितं गुहायाम् ।"** "બુદ્ધિરૂપી ગુહામાં સ્થિત સત્ય, જ્ઞાન અને અનંતરૂપ બ્રહ્મને જે જાણે છે." તે બ્રહ્મ સાક્ષાત્કાર કરવાને યોગ્ય છે. (તૈ.ઉ.બ્રહ્માનંદવલ્લી-૧) અર્થાત્ બ્રહ્મ ત્રણે કાળે રહેનારું છે માટે સત સ્વરૂપે છે. પરંતુ તેનો દેશ, કાળ તથા સજાતીય, વિજાતીય કે સ્વગત ભેદ દ્વારા પરિચ્છેદ થતો નથી. માટે બ્રહ્મ દેશ, કાળ અને વસ્તુથી અપરિચ્છિન્ન છે. આમ હોવાથી જ બ્રહ્મનો કોઈ કાળે અભાવ થતો નથી. માટે તેને **सत्यम्** એવું કહેવાયું છે. આવું બ્રહ્મતત્ત્વ પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવથી મુક્ત હોઈ ત્રણે કાળે રહેનારું સત્ તત્ત્વ કહેવાય છે. આવું બ્રહ્મતત્ત્વ જડ કે ચૈતન્યવિહોણું નથી, તેવું સમજાવવા જ તેને જ્ઞાનસ્વરૂપ કહ્યું છે..બ્રહ્મ, સ્વયંજ્યોતિ હોઈ પોતે પોતાને પોતા દ્વારા તો જાણે જ છે પરંતુ અન્યને જાણવા માટે પણ પોતે સ્વતંત્ર હોવાથી કોઈની પણ મદદ વિના પિંડથી બ્રહ્માંડ સુધીના સૌ કોઈને જાણે છે. તે અવસ્થાત્રય સાક્ષી હોવાથી, તથા તમામ પ્રાણીપદાર્થના ભાવ કે અભાવનો જ્ઞાતા હોવાથી, અને તેનાથી કંઈ પણ છાનું-છુપું ન હોઈ અર્થાત્ સર્વનો અંતર્યામી થઈ બ્રહ્મ સૌ કોઈને સર્વ રીતે જાણતો હોવાથી તેને જ્ઞાનસ્વરૂપ કહેવામાં આવે છે. બ્રહ્મનું સત્સ્વરૂપ

તથા જ્ઞાનસ્વરૂપ કોઈ કાળે નાશ પામતું નથી. એવા અંત રહિત સત અને ચિત જેવા બ્રહ્મને અનંત કહેવાય છે. બ્રહ્મનો 'આદિ' ન હોવાથી અંત હોઈ શકે નહીં. તે જ ન્યાયે બ્રહ્મને નથી પ્રાગભાવ કે તેનો ન હોઈ શકે પ્રધ્વંસાભાવ. આમ, જેનો અભાવ નથી તેનો ન હોય જન્મ કે ન હોઈ શકે વિનાશ. માટે બ્રહ્મતત્ત્વ અનંત કે અવિનાશી છે. ઉપરાંત બ્રહ્મ તો નિત્ય છે, સૂક્ષ્મ છે, અવિકારી છે અને અજન્મા કે શાશ્વત હોવાથી તેના અંતની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. તેથી તે સંદર્ભે ગીતાજીમાં કહ્યું છે કે

**"अजो नित्यः शाश्वतोऽयं पुराणः"**

(ભ.ગીતા.અ-૨/૨૦)

''આ (આત્મા) અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાણરૂપ છે.'' ઉપરાંત

**"नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।**
**न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥"**

(ભ.ગીતા.અ-૨/૨૩)

'' આ (આત્માને) શસ્ત્રો છેદી શકતાં નથી, એને અગ્નિ બાળી શકતો નથી, તેને પાણી ભીંજવી શકતું નથી કે પવન સૂકવી શકતો નથી.''

આમ હોવાથી બ્રહ્મમાં નથી ક્ષય, નથી નાશ કે નથી તેનો કોઈ પણ કાળે અનુભવાતો અભાવ કે બાધ. માટે જ બ્રહ્મને અનંત કહેવાય છે. બ્રહ્મનો આકાર ન હોવાથી તે અસીમ છે અર્થાત્ આકાર કે સીમા દ્વારા પણ દેશમાં તેનો અંત જણાતો નથી અને તે જ પ્રમાણે બ્રહ્મને મૃત્યુ કે વિનાશ સ્પર્શતા નથી, તેથી કાળમાં પણ તેનો અંત નથી. તદુપરાંત બ્રહ્મ તો અખંડ, એકરસ અને અભેદતત્ત્વ છે તેથી સજાતીય, વિજાતીય કે સ્વગત ભેદ દ્વારા પણ બ્રહ્મનો અંત આણી શકાય તેમ નથી કે બ્રહ્મને ખંડ-ખંડમાં વિભાજીત કરી એકબીજાથી તેમનો અંત ઉપજાવી શકાય તેમ નથી. માટે જ અત્રે બ્રહ્મ અનંત છે તેવું જણાવ્યું છે. આવું સત્ય, જ્ઞાન અને અનંતસ્વરૂપ બ્રહ્મતત્ત્વ પરમ શુદ્ધ છે તેમાં સત્ત્વ, રજસ કે તમસ જેવા ગુણોની અશુદ્ધિ નથી અગર

**अस्ति जायते वर्धते विपरिणमते अपक्षीयते** અને **विनश्यति** જેવા વિકારો પણ તેમાં નથી. આમ, બ્રહ્મતત્ત્વ આધિ, વ્યાધિ અને ઉપાધિ જેવા ત્રણ રોગથી પણ અસંગ છે. માટે જ તે શુદ્ધ છે. તેમજ સૌથી સૂક્ષ્મ હોવાને લીધે, ઇન્દ્રિયોથી અગમ્ય હોવાને નાતે, મન અને બુદ્ધિથી અપ્રાપ્ત હોવાથી તેને 'પરમ' કહ્યું છે. આવું વિશુદ્ધ અને પરમ હોવાથી સૌથી મહાન અને શ્રેષ્ઠ બ્રહ્મતત્ત્વને જાણવા કે તેના અસ્તિત્વની સાબિતી માટે સ્વયં બ્રહ્મતત્ત્વ સિવાય અન્ય કોઈ પણ પ્રમાણની આવશ્યકતા નથી. માટે જ બ્રહ્મને અવર્ણનીય, અપ્રમેય અને વાચાતીત પણ કહેવાય છે. આમ, નિત્ય આનંદસ્વરૂપવાળું અને અખંડ, એકરસવાળું બ્રહ્મતત્ત્વ સૌની ભીતર કોઈ પણ જાતનું અંતર રાખ્યા વિના નિરંતરરૂપે રહેલું અભિન્ન તત્ત્વ છે. માટે જ બ્રહ્મ સર્વોત્કૃષ્ટ રીતે સદા જય પામનારું છે.

(છંદ-આર્યા)

**सदिदं परमाद्वैतं स्वस्मादन्यस्य वस्तुनोऽभावात् ।**
**न ह्यन्यदस्ति किञ्चित् सम्यक् परमार्थतत्त्वबोधे हि ॥२२८॥**

**स्वस्मात्** = આત્મસ્વરૂપથી
**अन्यस्य** = બીજી કોઈ વસ્તુ
**हि वस्तुनः अभावात्** = ખરેખર છે જ નહીં (તેથી)
**इदम्** = આ
**परमाद्वैतम्** = પરમ અદ્વૈત
**सत्** = સત્ય છે.
**सम्यक्** = દૃઢ
**परमार्थतत्त्वबोधे हि** = પરમાર્થ-તત્ત્વનું જ્ઞાન થતાં જ
**अन्यत् किञ्चित्** = (આત્માથી) ભિન્ન બીજું કંઈ પણ
**न अस्ति** = નથી.

(છંદ-ગીતિ)

**यदिदं सकलं विश्वं नानारूपं प्रतीतमज्ञानात् ।**
**तत्सर्वं ब्रह्मैव प्रत्यस्ताशेषभावनादोषम् ॥२२९॥**

| | | | |
|---|---|---|---|
| **यत्** | = જે | **प्रतीतम्** | = દેખાય છે. |
| **इदम्** | = આ | **तत् सर्वम्** | = તે બધું જ |
| **सकलम्** | = સમસ્ત | **प्रत्यस्ताशेषभावनादोषम्** | = સમસ્ત ભાવનાઓના દોષનો જયાં અંત આવે છે |
| **विश्वम्** | = જગત | | |
| **अज्ञानात्** | = અજ્ઞાનને લીધે | | |
| **नानारूपम्** | = જુદાં જુદાં રૂપે | **ब्रह्म एव** | = (તેવું) બ્રહ્મ જ છે: |

## બ્રહ્મ અને બ્રહ્માંડનું ઐક્ય

અદ્વિતીય આત્મા જ એક અને અભેદ રૂપે જગતનું અધિષ્ઠાન હોવાથી અને જગત આત્મા ઉપર આરોપરૂપે જ અસ્તિત્વ ધરાવતું હોવાથી સ્પષ્ટ થાય છે કે, આરોપની સત્તા કે અસ્તિત્વ બ્રહ્મ જેવા અધિષ્ઠાનથી ભિન્ન, સ્વતંત્ર રીતે સંભવી શકે જ નહીં. જેમ ભ્રાંતિમાં જણાયેલો સર્પ નથી દોરીથી ભિન્ન કે તસુમાત્ર જુદો. કારણ કે હકીકતે ભ્રાંતિજન્ય સર્પને તેના અધિષ્ઠાન રજજુથી સ્વતંત્ર સત્તા કે અસ્તિત્વ હોઈ શકે નહીં. તેવા સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં પ્રસ્તુત બે શ્લોકમાં જણાવાયું છે કે, પોતાના બ્રહ્મસ્વરૂપથી કે આત્મસ્વરૂપથી અન્ય કોઈ પણ વસ્તુનું તાત્ત્વિક, યથાર્થ કે સત રૂપે અસ્તિત્વ હોઈ શકે જ નહીં. કારણ કે બ્રહ્મ કે આત્મા એક જ સત્ય કે નિત્ય વસ્તુ છે અને તેથી જ વિલક્ષણ કે અતિરિક્ત જે કંઈ છે તે અસત, આરોપ કે મિથ્યારૂપે જ અનુભવાય છે. આમ હોવાથી જ આત્મસ્વરૂપથી અન્ય, સર્વ વસ્તુનો અભાવ જ સિદ્ધ છે. માત્ર આત્મા જ શાશ્વત ભાવસ્વરૂપ છે. માટે બ્રહ્મ કે આત્માને જ સૌથી શ્રેષ્ઠ અને અદ્વિતીય ગણવામાં આવે છે. આવા દ્વૈતરહિત આત્મતત્ત્વનો પોતાના નિજસ્વરૂપે સાક્ષાત્કાર કરવાથી કે અભેદભાવે આત્માનો અપરોક્ષ અનુભવ કરવાથી પારમાર્થિક તત્ત્વનું જ્ઞાન થાય છે અને તેવા પારમાર્થિક જ્ઞાન દ્વારા જ સમજાય છે કે **'न हि अन्यत् अस्ति किञ्चित्'** 'આત્મતત્ત્વ કે બ્રહ્મ સિવાય અહીં અન્ય બીજું કાંઈ જ રહેતું કે હોતું નથી.' આમ પારમાર્થિક સમ્યક્ તત્ત્વબોધમાં તમામ દ્વૈત પ્રપંચની નિવૃત્તિ થાય છે તેવું સમજાવ્યું છે.

આમ વિચારતાં આત્મા અને જગતની અગર બ્રહ્મ અને

બ્રહ્માંડની પરમાર્થમાં તો એકરૂપતા જણાય છે. તેમ છતાં અજ્ઞાનકાળે ઉપાધિભેદે જગતમાં અનેકતા ભાસે છે. આમ વ્યવહારમાં ઉપાધિ દ્વારા, અનેક પ્રકારના આકાર કે રૂપ દ્વારા, જગતમાં જે કંઈ ભિન્નતા કે ભેદ જણાય છે તેનું કારણ માત્ર અજ્ઞાન છે. અજ્ઞાની જ નામ અને રૂપને સાચા માને છે, માટે જ તેને ભેદદર્શન થાય છે. હકીકતે તો તરંગો, પરપોટાં, ફીણના ગોટા વગેરેમાં નર્યું જળતત્ત્વ જ એકરસરૂપે ભરેલું છે. પરંતુ જળતત્ત્વને જોવાની સૂક્ષ્મ દૃષ્ટિ જેને પ્રાપ્ત નથી, તે અવિવેકી કે અજ્ઞાની, અજ્ઞાન દ્વારા જ વિવિધ રૂપ, આકાર અને નામને સાચા માની ભેદ કલ્પે છે. વાસ્તવમાં તો બ્રહ્મતત્ત્વથી જ સર્વ જગત પરિપૂર્ણ અને વ્યાપ્ત છે. તેથી જગતમાં કાલ્પનિક ભેદ સિવાય અન્ય કંઈ જ નથી અને બ્રહ્મતત્ત્વ તો કલ્પનાજન્ય ભેદથી રહિત અથવા કલ્પનાથી જન્મેલી ભેદભાવનાના દોષ વિનાનું જ છે. માટે જ બ્રહ્મને નિર્વિકલ્પ કહેવામાં આવે છે. બ્રહ્મમાં નથી કલ્પના દેશ-કાળની, નથી નામ-રૂપની કે નથી ભેદભાવની. આમ, કલ્પના કે ભ્રાંતિથી અસંગ અને અખંડ બ્રહ્મ જ જગતરૂપી આરોપનું એક માત્ર અધિષ્ઠાન છે. તેમાં દ્વૈત, ભેદ ,જુદાઈ કે અનેકતાની ભ્રાંતિ હોઈ શકે જ નહીં.

(છંદ-ઉપજાતિ)

**मृत्कार्यभूतोऽपि मृदो न भिन्नः**
**कुम्भोऽस्ति सर्वत्र तु मृत्स्वभावात् ।**
**न कुम्भरूपं पृथगस्ति कुम्भः**
**कुतो मृषा कल्पितनाममात्रः ॥२३०॥**

**मृत्कार्यभूतः** = માટી જેનું ઉપાદાન કારણ છે એવો
**कुम्भः** = ઘડો
**अपि सर्वत्र तु** = બધી જ રીતે, ખરેખર
**मृत् स्वभावात्** = માટીરૂપ જ હોવાથી
**मृदः** = માટીથી
**न भिन्नः अस्ति** = ભિન્ન નથી.

| | |
|---|---|
| **कुम्भरूपम्** | = ઘડાનું રૂપ |
| **पृथक् न अस्ति** | = માટીથી જુદું નથી. |
| **मृषा कल्पितनाममात्रः** | = મિથ્યા નામમાત્રથી કલ્પિત |
| **कुम्भः** | = ઘડો |
| **कुतः** | = (માટીથી જુદો) ક્યાંથી હોઈ શકે? |

(છંદ-ઉપજાતિ)

**केनापि मृद्भिन्नतया स्वरूपं**
**घटस्य संदर्शयितुं न शक्यते ।**
**अतो घटः कल्पित एव मोहात्**
**मृदेव सत्यं परमार्थभूतम् ॥२३१॥**

| | | | |
|---|---|---|---|
| **मृद्भिन्नतया** | = માટીથી જુદું | **घटः** | = ઘડો |
| **घटस्य** | = ઘડાનું | **मोहात् एव** | = મોહના કારણે જ |
| **स्वरूपम्** | = સ્વરૂપ | **कल्पितः** | = (માટીમાં) કલ્પવામાં આવે છે. |
| **केन अपि** | = કોઈનાથી પણ | | |
| **संदर्शयितुम्** | = બતાવી | **परमार्थभूतम्** | = વાસ્તવિકરૂપે |
| **न शक्यते** | = શકાતું નથી. | **मृद् एव** | = માટી જ |
| **अतः** | = માટે | **सत्यम्** | = સત્ય છે. |

બ્રહ્મ અને બ્રહ્માંડ એક જ છે. બ્રહ્માંડ કે જગતમાં ભેદ તો માત્ર કલ્પિત છે, વાસ્તવિક નથી તેવું સમજાવવા માટે ઘડાનું દૃષ્ટાંત આપીને કહ્યું છે કે ઘડો, માટીમાંથી બને છે, વિશિષ્ટ આકાર રૂપે દેખાય છે, છતાં માટીથી ભિન્ન ઘડાનું અસ્તિત્વ હોઈ શકે નહીં, કારણ કે સમગ્ર ઘડો ઉપર-નીચે, આજુ-બાજુ માટી રૂપ જ છે, માટીમય છે. ઘડાને અને માટીને વાસ્તવમાં તસુમાત્ર અંતર નથી. ઘડો એ તો નામ કે શબ્દ છે, જે માટી ઉપર કલ્પિત છે અને ઘડાનો આકાર પણ માટી ઉપર આરોપિત છે. આમ; ઘડાનો આકાર અને 'ઘડો' તેવું નામ, બન્ને માટી ઉપર કલ્પિત આરોપ સિવાય અન્ય કાંઈ

નથી. તેથી ઘડા અને માટીમાં જુદાઈ કે ભેદ છે જ નહીં અને જો હોય તો તે નામ અને આકારના કલ્પિત ભેદ છે, વાસ્તવિક નહીં. 'ઘડો' એ કાર્ય છે અને માટી કારણ છે. તેથી કારણ, કાર્યમાં અનુસ્યૂત હોવાથી પણ સમજાય છે કે, ઘડો માટીમય છે. તેથી માટીથી જુદો હોઈ શકે નહીં અને માટીથી જુદું ઘડાનું સ્વતંત્ર અસ્તિત્વ કોઈ બતાવી શકે પણ નહીં. તેથી સ્પષ્ટ થાય છે કે, ઘડો માત્ર મોહ કે અજ્ઞાનથી જ માની લીધેલો અને કલ્પિત છે. વાસ્તવમાં ઘડામાં માટીથી અન્ય કંઈ જ નથી. માટી એ જ વાસ્તવિક સત્ય છે.

(છંદ–ઉપજાતિ)

**सद्ब्रह्मकार्यं सकलं सदेव**
**तन्मात्रमेतन्न ततोऽन्यदस्ति ।**
**अस्तीति यो वक्ति न तस्य मोहो**
**विनिर्गतो निद्रितवत्प्रजल्पः ॥२३२॥**

**सद्ब्रह्मकार्यम्** = સત–બ્રહ્મનું કાર્ય
**सकलम्** = સર્વ કાંઈ
**सत् एव** = સત જ છે.
**एतत्** = આ (બધું)
**तन्मात्रम्** = તે (સત) જ છે.
**ततः** = તેનાથી
**न अन्यत् अस्ति** = જુદું નથી.
**अस्ति इति यः वक्ति** = (સતનું કાર્ય સતથી જુદું છે) એવું જે કહે છે.
**तस्य** = તેનું
**मोहः** = અજ્ઞાન
**न विनिर्गतः** = નાશ પામ્યું નથી. (તે)
**निद्रितवत्** = ઊંઘતા મનુષ્યની જેમ
**प्रजल्पः** = બકવાસ કરે છે.

જગતમાં રહેલા ભેદ કલ્પિત છે તેવું સમજાવવા માટે પૂર્વના બે શ્લોક દ્વારા ઘડો અને માટીનું દૃષ્ટાંત આપી કાર્ય–કારણ અભેદ છે તેવું સમજાવ્યું અને હવે દૃષ્ટાંત ઉપરથી દાર્ષ્ટાંત ઉપર જતાં સમજાવવામાં આવ્યું છે કે, જેમ ઘડાનું કારણ માટી જ સત્ય છે અને ઘડો તેવું નામ અને તેનો આકાર કલ્પિત આરોપ માત્ર છે તેમ આ સઘળું જગત જે કંઈ નામ અને આકાર રૂપે ભિન્ન ભિન્ન દેખાય છે તે બ્રહ્મનું કાર્ય છે અને બ્રહ્મ કારણ છે. તેથી માટી અને ઘડામાં જણાતાં એકત્વના ન્યાયે બ્રહ્મ અને જગત પણ

કાર્ય-કારણ હોવાથી એક જ છે. જગત બ્રહ્મથી કદી ભિન્ન હોઈ શકે નહીં. જો કોઈ એમ કહે કે જગતને બ્રહ્મથી સ્વતંત્ર અસ્તિત્વ છે અને સમગ્ર જગત બ્રહ્મથી ભિન્ન જ છે તો સમજવું કે તેવું કહેનારનો અજ્ઞાનરૂપી મોહ હજુ નષ્ટ થયો નથી. અગર તેનું તેવું કહેવું કે બોલવું નિદ્રાધીન માણસના બકવાસ કે વૃથા બબડાટ જેવું છે. ટૂંકમાં, અજ્ઞાનીને જ જગત અને બ્રહ્મમાં ભેદ જણાય છે. બાકી આત્મજ્ઞાનમાં કે પારમાર્થિક સત્યમાં લેશમાત્ર ભેદ સંભવતો નથી. તમામ ભેદ અજ્ઞાનમાં, ઉપાધિમાં, મોહમાં કે કલ્પનામાં જ સંભવે છે. શ્રુતિ પણ એવું જ દર્શાવે છે કે

**"वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ।"**

(છાંદોગ્ય ઉપનિષદ-૬-૧/૪)

"(માટીમાંથી બનેલા સર્વ પદાર્થો) વાણીના આધારભૂત (પદાર્થોના વિવિધ) આકાર કે વિકાર ફક્ત નામમાત્ર જ છે. હકીકતમાં તો એ માટી જ છે એ જ વાત સત્ય છે."

(છંદ-શાલિની)

**ब्रह्मैवेदं विश्वमित्येव वाणी**
**श्रौति ब्रूतेऽथर्वनिष्ठा वरिष्ठा ।**
**तस्मादेतद् ब्रह्ममात्रं हि विश्वम्**
**नाधिष्ठानाद्भिन्नताऽऽरोपितस्य ॥२३३॥**

| | | | |
|---|---|---|---|
| **इदं विश्वम्** | = "આ વિશ્વ | **तस्मात्** | = માટે |
| **ब्रह्म एव** | = બ્રહ્મ જ છે." | **एतत् विश्वम्** | = આ વિશ્વ |
| **इति एव** | = એમ જ | **हि** | = ખરેખર |
| **अथर्वनिष्ठा** | = અથર્વવેદની | **ब्रह्म मात्रम्** | = બ્રહ્મ માત્ર જ છે. |
| **वरिष्ठा** | = શ્રેષ્ઠ | **आरोपितस्य** | = આરોપિત (વસ્તુનું) |
| **श्रौति वाणी** | = શ્રુતિરૂપ વાણી | **अधिष्ठानात्** | = અધિષ્ઠાનથી |
| **ब्रूते** | = કહે છે. | **भिन्नता** | = જુદાપણું |
| | | **न** | = હોતું નથી. |

અથર્વવેદની અતિશ્રેષ્ઠ મુંડકશ્રુતિજન્ય ઉપદેશાત્મક વાણી જાહેર કરે છે કે **"ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम्"** "આ અખિલ વિશ્વ બ્રહ્મ જ છે." તેથી સ્પષ્ટ છે કે જગત બ્રહ્મથી ભિન્ન નથી કારણ કે બ્રહ્મ તો અધિષ્ઠાન છે અને જગત તેના ઉપર આરોપિત છે. આરોપને અધિષ્ઠાનથી ભિન્ન પોતાની સ્વતંત્ર સત્તા કે સ્ફૂર્તિ હોતા નથી. અર્થાત્ આરોપિત જગતને નથી પોતાનું આગવું અસ્તિત્વ કે ચેતનતા. તદુપરાંત અધિષ્ઠાન બ્રહ્મથી જ અજ્ઞાનકાળે આરોપરૂપી જગતની ઉત્પત્તિ છે અને જ્ઞાનકાળે અધિષ્ઠાન બ્રહ્મમાં જ આરોપનો લય છે. તેથી પણ સ્પષ્ટ થાય છે કે વાસ્તવમાં કલ્પિત જગતને, તેના જન્મને અને વિલયને સાચી સત્તા હોતી નથી. પરંતુ અજ્ઞાનકાળે ભ્રાંતિરૂપી ભેદથી જ જગત બ્રહ્મથી જુદું કલ્પાય છે. તદુપરાંત બ્રહ્મને જો જગતનું કારણ માનવામાં આવે તો પણ જેમ માટી ઘડામાં, સોનુ બંગડીમાં અનુસ્યૂત છે, તેમ કાર્યરૂપી જગતમાં બ્રહ્મ અનુસ્યૂત છે. એટલું જ નહીં, પણ બ્રહ્મ જ જગતના તમામ નામ અને આકારનો આધાર છે, તેથી જગતની બ્રહ્મથી ભિન્નતા સંભવતી નથી.

(છંદ–ઉપજાતિ)

**सत्यं यदि स्याज्जगदेतदात्मनो–**
**ऽनन्तत्वहानिः निगमाप्रमाणता ।**
**असत्यवादित्वमपीशितुः स्यात्**
**नैतत् त्रयं साधु हितं महात्मनाम् ॥२३४॥**

| | | | |
|---|---|---|---|
| **यदि एतत् जगत्** | = જો આ જગત | **ईशितुः अपि** | = ઈશ્વર પણ |
| **सत्यं स्यात्** | = સત્ય હોય તો | **असत्यवादित्वम्** | = અસત્યવાદી ઠરે. |
| **आत्मनः** | = આત્માનું | **एतत् त्रयम्** | = આ ત્રણ દોષ |
| **अनन्तत्वहानिः** | = અનન્તપણું રહેશે નહીં. | **महात्मनाम्** | = મહાત્માઓ માટે |
| | | **साधु हितम्** | = સારા અને હિતકારક |
| **निगम–अप्रमाणता** | = શ્રુતિ અપ્રમાણ છે એમ ઠરે અને | **न** | = નથી. |

જગતની સત્યતાનો નિષેધ કર્યા બાદ અને બ્રહ્મની અદ્વિતીયતાને સ્વીકાર્યા બાદ હવે જો કોઈને એવી શંકા બચે કે જગત સત્ય છે તો તેનું નિવારણ હવે પછીના શ્લોકમાં કરવામાં આવે છે.

જો જગત સત્ય હોય તો તો સત્યવસ્તુનો કદી અભાવ કે નાશ થાય નહીં.''**नाभावो विद्यते सतः**''(ભ.ગીતા.અ.૨/૧૬) ''સત્યનો કદી અભાવ નથી.'' એવા ન્યાયે જગતનો કોઈ કાળે બાધ કે અંત આવે નહીં અને તેમ થવાથી તો જગત કે સંસારરૂપી બંધન તૂટે જ નહીં અને કોઈને ભવબંધનથી મુક્તિ મળી શકે નહીં. તદુપરાંત કોઈને અનંત બ્રહ્મની પ્રાપ્તિ ન થાય, તથા 'બ્રહ્મ અનંત છે' તેવા શ્રુતિવચનને પણ હાનિ પહોંચે. એ તો ઠીક, પરંતુ શાસ્ત્રોએ જણાવ્યું છે કે, ' બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા છે', એવી શાસ્ત્ર, વેદ કે શ્રુતિની વાતો અપ્રામાણિક અને ખોટી સાબિત થાય. મોક્ષશાસ્ત્ર જેવા ગીતાના ઉપદેશની ઈશ્વરમુખે ગવાયેલી વાણી પણ અસત્ય જ ઠરશે. તદુપરાંત જગતને સત્ય માનવાથી ત્રીજો દોષ એ થાય કે સામાન્ય જનનો સુષુપ્તિગત સ્વાનુભવ પણ ખોટો ઠરે. આવી રીતે જગતને સત્ય માનવાથી ત્રણ પ્રકારના દોષ ઉત્પન્ન થશે, જે કોઈ પણ મહાન આશય કે ઉદ્દેશવાળા સાધુ કે સંતજનો માટે અગર મહાત્મા માટે હિતકારક નથી.

શ્લોકમાં જણાવેલા ત્રણ દોષમાંથી પ્રથમ દોષનો ઉલ્લેખ કરતાં જણાવાયું છે કે ''**अनन्तत्वहानिः निगमाप्रमाणता**'' ''આત્માનું અનંતત્વ સાબિત ન થતાં તેને હાનિ પહોંચે અને વેદ કે શ્રુતિ અપ્રમાણ છે તેવો દોષ સિદ્ધ થાય.'' આવા શ્લોકજન્ય કથનનું તાત્પર્ય એવું છે કે તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્માનંદવલ્લીમાં ઉલ્લેખ છે કે '**सत्यं ज्ञानं अनन्तं ब्रह्म** ' ''બ્રહ્મ સત્ય જ્ઞાનસ્વરૂપ અને અનંતસ્વરૂપે રહેલો છે.'' તેથી જો બ્રહ્મના અનંતત્વનો કે અસીમપણાનો સ્વીકાર કરીએ તો સ્પષ્ટ સમજાય કે બ્રહ્મ દેશ, કાળ અને વસ્તુના પરિચ્છેદથી રહિત છે. માટે જ તેનો દેશમાં, કાળમાં કે વસ્તુ દ્વારા અંત થાય નહીં. આવું અનંતત્વ તો માત્ર એક અને અદ્વિતીય બ્રહ્મતત્ત્વ જ છે. હવે જો જગતને પણ સત્ય માનવામાં આવે

તો જગત પણ અનંત થઈ જાય. આમ થવાથી જો બે વસ્તુ બ્રહ્મ અને જગત અનંત હોય તો બન્ને એકબીજાને સીમિત કરે અને કોઈ પણ અનંત કહેવાય જ નહીં. તે તો ઠીક, પરંતુ એક સાથે એક સમયે બે વસ્તુ અનંત હોઈ શકે નહીં. આથી જગતની સત્યતા વાસ્તવિક રીતે સ્વીકારી શકાય નહીં અને તેવા સ્વીકારમાં અત્રે જણાવ્યું છે તેમ, બ્રહ્મના અનંતપણાને હાનિ થઈ શકે તેમ છે. તદુપરાંત બ્રહ્મ વિશે કહેવાયેલું શ્રુતિવચન પણ અપ્રામાણિક અને ખોટું સાબિત થાય. આવા દોષને દૂર કરવા માટે જ જગતની સત્યતાનો કદી સ્વીકાર થાય નહીં. શ્રુતિ કે વેદના વચનો આત્મસ્વરૂપ કે બ્રહ્મજ્ઞાન માટે પ્રમાણ માનવામાં આવ્યાં છે. તેથી શ્રુતિના ઉપદેશથી વિરુદ્ધ વાત સ્વીકારી, જગતની કાલ્પનિક સત્યતાને કદાપિ સાચી માની શકાય નહીં.

(છંદ–અનુષ્ટુપ)

**ईश्वरः वस्तुतत्त्वज्ञो न चाहं तेष्ववस्थितः ।**
**न च मत्स्थानि भूतानि इत्येवमेव व्यचीक्लृपत् ॥२३५॥**

| | |
|---|---|
| **वस्तुतत्त्वज्ञः** | = વસ્તુના સ્વરૂપને યથાર્થ જાણનાર |
| **ईश्वरः** | = ઈશ્વરે (ગીતાકાર શ્રીકૃષ્ણે પણ) |
| **"न च अहं तेषु अवस्थितः** | = "હું તેઓમાં(ભૂતોમાં) રહેલો નથી |
| **न च भूतानि मत्स्थानि"** | = અને ભૂતો મારામાં રહેલાં નથી" |
| **इति एवं एव** | = આ પ્રમાણે જ |
| **व्यचीक्लृपत्** | = સ્પષ્ટ કહ્યું છે. |

જો જગતને સત્ય માનવામાં આવે તો ભગવાન કૃષ્ણચંદ્ર કે જેઓ વસ્તુના સ્વરૂપ કે તત્ત્વને યર્થાથ રીતે જાણનારા ઈશ્વર છે, તેમણે કહેલું નિશ્ચયપૂર્વકનું વચન ખોટું સાબિત થાય. શ્રીકૃષ્ણ ગીતાના અધ્યાય–૯માં જણાવે છે કે,

"**मत्स्थानि सर्व भूतानि न चाहं तेष्ववस्थितः ॥**" અ.૯/૪
"**न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ॥**" અ.૯/૫

"સર્વ ભૂતો મારામાં રહેલા છે. હું તેઓમાં રહેલો નથી"
"ભૂતો મારામાં રહેલા નથી. આવું મારું (વિરૂદ્ધધર્મી) ઐશ્વર્ય જાણ."

ભગવાનના ગીતાગત ઉપરોક્ત કથનનું તાત્પર્ય અને તત્ત્વાર્થ તો એવો છે કે **'मत्स्थानि सर्व भूतानि'** અર્થાત્ 'હું જગતનો આધાર અને અધિષ્ઠાન પરમાત્મા છું અને સર્વ ભૂતો મારામાં રહેલા છે.તેનો અર્થ કંઈ જડ ભૂતોનો ચેતન આત્મા સાથે સંગ છે તેવું નહીં, પરંતુ પિંડ અને બ્રહ્માંડના સર્વ ભૂતો મુજમાં કલ્પિત કે આરોપિત છે. અજ્ઞાનકાળે જ તે સૌ મુજમાં જણાય છે, બાકી હું તો વિશ્વનું અસંગ અધિષ્ઠાન છું. તેથી મને ભૂતોનો સ્પર્શ પણ નથી. આમ, સર્વ પ્રાણીઓ કે ભૂતો મારામાં વાસ્તવિક રીતે નથી પરંતુ કલ્પિત અવશ્ય છે. માટે જ સમજવાનું કે 'હું તેઓમાં નથી.' કારણ કે જડ ભૂતો અને ચેતન આત્માનો સંગ હોઈ શકે નહીં. તેવી સ્પષ્ટતા કરી ભગવાને પુનઃ કહ્યું કે **'न च मत्स्थानि भूतानि'** અર્થાત્ ભૂતો મારામાં નથી. તેથી સ્પષ્ટ થાય છે કે પ્રાણીઓ કે ભૂતો પરમાત્મામાં વાસ્તવિકરૂપે નથી. પરંતુ જેમ અધિષ્ઠાન દોરીમાં સર્પનો આરોપ છે, તેમ અધિષ્ઠાન આત્મા ઉપર ભૂતો આરોપરૂપે રહેલા છે અને અજ્ઞાનકાળે જ સત્ય જણાય છે. જ્ઞાનકાળે તો પરમાત્મામાં પ્રાણીઓ કે ભૂતોનો દ્વૈતભાવ રહેતો નથી. કારણ કે આત્મજ્ઞાનમાં તો નામ અને આકારવાળા ભૂતોરૂપી દ્વૈતપ્રપંચનો બાધ થઈ જાય છે. માટે જ ભગવાને વિરોધાભાસ દ્વારા સત્ય વચન ઉચ્ચારી જણાવ્યું છે કે નામ અને આકારવાળા ભૂતોવાળું જગત પરબ્રહ્મમાં સત્યરૂપે રહેલું નથી. આમ, જગત સત્ય નથી તેવું ભગવાન કૃષ્ણના ગીતાગત વચનથી સાબિત થાય છે. છતાં પણ જો કોઈ જગતને સત્ય માને તો ભગવાન કૃષ્ણની ગીતાવાણી દોષિત અને અસત્ય સાબિત થાય. માટે જગતની સત્યતા સ્વીકારી શકાય નહીં.

(છંદ-અનુષ્ટુપ)

**यदि सत्यं भवेद्विश्वं सुषुप्तावुपलभ्यताम् ।**
**यन्नोपलभ्यते किञ्चिद् अतोऽसत्स्वप्नवन्मृषा ॥२३६॥**

| | | | |
|---|---|---|---|
| **यदि विश्वम्** | = જો જગત | **न उपलभ्यते किञ्चित्** | =જરા પણ પ્રતીત થતું નથી. |
| **सत्यं भवेत्** | = સત્ય હોય તો | | |
| **सुषुप्तौ** | = સુષુપ્તિ અવસ્થામાં | **अतः** | = આથી |
| **उपलभ्यताम्** | = પ્રતીત થાય. | **स्वप्नवत्** | = સ્વપ્નની જેમ |
| **यत्** | = (પણ) તે (સુષુપ્તિ અવસ્થામાં) | **असत्** | = અસત |
| | | **मृषा** | = અને મિથ્યા છે. |

જો જગત સત્ય છે તેવું સ્વીકારાય તો તો જેમ ઉપનિષદ અને ભગવાન કૃષ્ણની વાણી ખોટી ઠરે તે જ પ્રમાણે આપણા સૌનો સ્વાનુભવ પણ અસત્ય સાબિત થાય.

જે સત્ય હોય તે તો ત્રણે કાળે અને ત્રણે અવસ્થામાં જણાવું જોઈએ. તેનો કદી અભાવ ન જ થવો જોઈએ. એ ન્યાયે જો જગત સત્ય તરીકે સ્વીકારાય તો તો સુષુપ્તિની અવસ્થામાં પણ જગત પ્રતીત થવું જોઈએ અને જાગ્રત અવસ્થામાં જોયેલા પર્વતો, નદીઓ, વૃક્ષો, મકાનો સર્વ કાંઈ સુષુપ્તિમાં દેખાવું જોઈએ. તથા જાગ્રતમાં અનુભવાયેલા ભોગો કે સુખની પણ ત્યાં અનુભૂતિ થવી જોઈએ. તદુપરાંત જાગ્રતના પ્રિય પાત્રો, સત્તા કે સંપત્તિનો સાથ કે સંગાથ સુષુપ્તિ સમયે છૂટવો ન જોઈએ. પરંતુ સૌનો સ્વાનુભવ છે કે જાગ્રતમાં દેખાયેલું જગત, તેનાં અનુભવો કે ભોગ ઈત્યાદિ સર્વનો સુષુપ્તિકાળે અભાવ સર્જાય છે. તેથી જગત સત્ય છે તેવું કદી માની શકાય નહીં, પરંતુ જગતને માત્ર એક કાળે રહેનારી પ્રાતિભાસિક સ્વપ્નવત સત્તા છે એવું માની, જગત સ્વપ્નની જેમ ક્ષણજીવી, અસત અને મિથ્યા છે તેવું લૌકિક સ્વાનુભવથી પણ સમજાય છે. હવે જો જગતને સત્ય માનીએ તો તો માનવીનો સ્વાનુભવ પણ ખોટો થઈ જાય. આમ, શ્રુતિવચનથી, ભગવાન શ્રીકૃષ્ણના ગીતોપદેશથી તથા સૌના સ્વાનુભવે સમજાય છે કે જગત સત્ય નથી પરંતુ બ્રહ્મ એક જ સત્ય અને નિત્ય છે અને તેથી અન્ય જે કંઈ છે તે મિથ્યા, અસત અને અનિત્ય છે. આવું હોવાથી જ તેજોબિંદુ ઉપનિષદે ગર્જના કરીને કહ્યું કે જો મરેલો માણસ એક મહિના પછી પાછો જીવતો

થાય, ગાયના આંચળમાંથી નીકળેલું દૂધ આંચળમાં પાછું જાય, સસલાના શીંગડાથી હાથી મરે કે પછી અગ્નિમાં કમળ ઊગે તો જ જગતને સત્ય માની શકાય.

(છંદ-ઉપજાતિ)

**अतः पृथङ्नास्ति जगत्परात्मनः**
**पृथक् प्रतीतिस्तु मृषा गुणादिवत् ।**
**आरोपितस्यास्ति किमर्थवत्ता**
**अधिष्ठानमाभाति तथा भ्रमेण ॥२३७॥**

| | | | |
|---|---|---|---|
| **अतः** | = આથી | **मृषा** | = મિથ્યા છે. |
| **परात्मनः** | = પરમાત્માથી | **आरोपितस्य** | = આરોપિતં વસ્તુનું |
| **जगत्** | = જગત | **किम्** | = શું |
| **पृथक् न अस्ति** | = જુદું નથી. | **अर्थवत्ता** | = વાસ્તવિકપણું |
| **पृथक् प्रतीतिः** | = તેનું જુદાપણું દેખાવું | **अस्ति** | = હોય ખરું? |
| | | **अधिष्ठानम्** | = અધિષ્ઠાન(જ) |
| **तु** | = તો | **तथा** | = તે રૂપે (આરોપિત વસ્તુરૂપે) |
| **गुणादिवत्** | =ગુણવાનથી ગુણ જેમ જુદા જેવા દેખાય છે તેમ | **भ्रमेण** | = ભ્રમના કારણે |
| | | **आभाति** | = ભાસે છે. |

જગત સત્ય નથી તેવી વિચારણા ત્રણ શ્લોક દ્વારા કર્યા બાદ તેનો નિષ્કર્ષ આપતાં ચતુર્થ શ્લોકમાં જણાવાય છે કે ઉપરોક્ત ચર્ચેલા દૃષ્ટિકોણથી સ્પષ્ટ છે કે જગત સત્ય તો નથી છતાં બ્રહ્મથી જુદું પણ નથી, પરંતુ જુદું દેખાય છે ખરું. તેનું કારણ માત્ર અવિદ્યા, અજ્ઞાન કે ભ્રાંતિ જ છે. જગતની બ્રહ્મથી જુદી સત્તા કે અસ્તિત્વ દોરીમાં કલ્પાયેલા કે આરોપિત સર્પના જેવી જ કલ્પિત, અસત કે મિથ્યા છે. જગત જો કલ્પિત જ છે અગર આરોપરૂપે રહેલું છે તો કલ્પિત કે આરોપની સત્તા કે અસ્તિત્વ ક્યાં સુધી

સત્ય હોય? જ્યાં સુધી ભ્રાંતિ ચાલુ રહે, અજ્ઞાન ટકી રહે કે મિથ્યા કલ્પનાનો બાધ ન થાય ત્યાં સુધી જ જગતની સત્તા કે અસ્તિત્વ બ્રહ્મથી જુદું દેખાય છે. પરંતુ જેમ દોરીનું જ્ઞાન થતાં સર્વની આત્યંતિક નિવૃત્તિ થાય છે, તે જ પ્રમાણે બ્રહ્મરૂપી અધિષ્ઠાનનું જ્ઞાન થતાં ભ્રાંતિથી જન્મેલું જગત કે આરોપિત વિશ્વ ટકી શકતું નથી અને તેનો જ્ઞાનમાં બાધ કે આત્યંતિક અભાવ સર્જાય છે.

ઉપર સમજાવાયું કે જગત બ્રહ્મથી જુદું નથી છતાં ભ્રાંતિ કે અજ્ઞાનકાળે જુદા જેવું જણાય છે. ગુણવાન પુરુષથી તેના ગુણ જુદા ન હોવા છતાં અવિવેકીને જુદા જણાય છે. ગુણવાનથી ગુણની જુદાઈ મૃગજળવત મિથ્યા જ છે છતાં અજ્ઞાની તેવી જુદાઈને સત્ય માને છે. વાસ્તવમાં તો મન સ્વપ્નસૃષ્ટિથી જુદું નથી, મન પોતે જ સ્વપ્નસૃષ્ટિ રચે છે અને સ્વપ્નમય બની જાય છે, તેથી સ્વપ્નના પાત્રો કે પદાર્થો મનથી ભિન્ન નથી, તથા ધરતી પોતે જ ભ્રાંતિકાળે મૃગજળ બની જાય છે, તેવી જ રીતે બ્રહ્મ પોતે જ બ્રહ્માંડરૂપે ભાસે છે, જીવરૂપે અનુભવાય છે. તેથી કંઈ જીવ કે જગતની બ્રહ્મથી સ્વતંત્ર કે જુદી સત્તા કે અસ્તિત્વ સાબિત થઈ શકે નહીં. તાત્પર્યમાં, અજ્ઞાનરૂપી ભ્રાંતિ જ જગતને બ્રહ્મથી જુદું પાડી, સત્ય તરીકે જાહેર કરે છે પણ વાસ્તવમાં બ્રહ્મથી જગતની સ્વતંત્ર સત્તા નથી. માટે જગત નથી સત્ય કે બ્રહ્મથી ભિન્ન, પરંતુ ભ્રાંતિજન્ય અને કલ્પનાથી જ જન્મેલું છે. માટે મુમુક્ષુએ જગતને સત્ય માની, ન તો તેમાં આસક્ત થવું કે ન તો જગતના કદી ન છૂટે તેવા બંધનમાં પડવું જોઈએ.

(છંદ–ઉપજાતિ)

**भ्रान्तस्य यद्यद्भ्रमतः प्रतीतं**
**ब्रह्मैव तत्तद्रजतं हि शुक्तिः ।**
**इदंतया ब्रह्म सदैव रूप्यते**
**त्वारोपितं ब्रह्मणि नाममात्रम् ॥२३८॥**

**भ्रान्तस्य** = (જેવી રીતે) ભ્રાંતિ પામેલા અજ્ઞાનીને
**शुक्तिः हि** = છીપલી જ
**रजतम्** = ચાંદીરૂપે દેખાય છે.
**भ्रमतः** = (તેવી રીતે) ભ્રાંતિથી
**यत् यत्** = જે જે
**प्रतीतम्** = દેખાય છે
**तत् तत्** = તે તે (બધું)
**ब्रह्म एव** = બ્રહ્મ જ છે.
**ब्रह्म एव** = બ્રહ્મ જ
**सदा** = સદા
**इदं तया** = 'આ' શબ્દથી
**रूप्यते** = નિરૂપણ કરાય છે.
**आरोपितं तु** = આરોપિત વસ્તુ તો
**ब्रह्मणि नाममात्रम्** = બ્રહ્મમાં નામમાત્ર છે.

હવે જગતની અસત્યતા પુરવાર કરત્તી વિચારણાનું સમાપન કરતાં જણાવાયું છે કે જેવી રીતે છીપમાં ભ્રાંતિથી દૃશ્ય ચાંદી ખરેખર છે જ નહીં, વાસ્તવમાં તો ત્યાં ચાંદી અને છીપ, એમ બે નહીં પરંતુ માત્ર છીપ જ છે તેવી જ રીતે ભ્રાંતપુરુષને ભ્રમણાને લીધે જ જે જે નામ-રૂપાત્મક જગત દેખાય છે, તે વાસ્તવમાં તો છે જ નહીં. હકીકતે તો નામ અને આકાર બધું બ્રહ્મરૂપ જ છે. આમ, અજ્ઞાની કે અવિવેકી નામરૂપમાં બ્રહ્મ જ જુએ છે પણ જાણતો નથી કે 'હું બ્રહ્મદર્શન કરું છું.' જેમ ચાંદીને જોનારો હકીકતે તો છીપને જ જુએ છે પણ જાણતો નથી કે છીપ જ ચાંદીરૂપે ભાસે છે. આમ, અજ્ઞાની કે ભ્રાંતપુરુષ, ભ્રાંતિ અને ભ્રમણામાં પણ બ્રહ્મદર્શન જ કરે છે. તથા જ્ઞાની તો બ્રહ્મથી અન્ય કંઈ જોતો જ નથી. એવું અભેદદર્શન જ શંકરાચાર્યજીને અત્રે અભિપ્રેત છે. માટે જ દર્શાવ્યું છે કે ભ્રાંતપુરુષને અજ્ઞાનમાં ભ્રાંતિરૂપે જે જે દેખાય છે, તે સર્વ કાંઈ વાસ્તવમાં બ્રહ્મ જ છે. એટલું જ નહીં, પરંતુ '**इदम् इदम्** ' તરીકે 'આ આ' તરીકે જગતના જે નામ અને રૂપ દર્શાવાય છે તે 'આ આ' રૂપે પ્રગટ થયેલું સર્વ કાંઈ હકીકતમાં તો બ્રહ્મ જ છે. અર્થાત્ 'આ આ' કે '**इदम् इदम्**' એવું સર્વનામ જે નામરૂપને લાગુ પડે છે તે ખરેખર તો બ્રહ્મને જ લાગુ પડે છે. જેમ જે કંઈ ઘડાને લાગુ પડે તે માટીને જ લાગુ પડે છે. કારણકે માટી જેમ ઘડો થઈ તેમ જ અદૃશ્ય, અવ્યક્ત બ્રહ્મ, દૃશ્ય અને વ્યક્ત, નામ અને આકારરૂપે ભાસે છે. તેથી 'આ' કે '**इदम्**' જેવું સર્વનામ વાસ્તવમાં ભ્રાંતિના નાશમાં કે અજ્ઞાનની

નિવૃત્તિમાં બ્રહ્મને જ લાગુ પડે છે. તેથી સુસ્પષ્ટ થાય છે કે બ્રહ્મમાં નામરૂપાત્મક જગતનો આરોપ માત્ર થયેલો છે. નામરૂપાત્મક જગત કલ્પનામાં, અવિવેકમાં, અજ્ઞાનમાં કે અવિદ્યાકાળે જ બ્રહ્મથી જુદું છે. હકીકતે તો જગત અસત નામમાત્ર જ છે. તેવો જ તત્ત્વાર્થ અત્રે અભીષ્ટ છે.

(છંદ-ઉપજાતિ)

**अतः परं ब्रह्म सदद्वितीयं**
**विशुद्धविज्ञानघनं निरञ्जनम् ।**
**प्रशान्तमाद्यन्तविहीनमक्रियं**
**निरन्तरानन्दरसस्वरूपम् ॥२३६॥**

**अतः परं ब्रह्म** = આથી પરબ્રહ્મ
**सत्** = સત (અને)
**अद्वितीयम्** = અદ્વિતીય,
**विशुद्धविज्ञानघनम्** = શુદ્ધ વિજ્ઞાનસ્વરૂપ
**निरञ्जनम्** = નિરંજન
**प्रशान्तम्** = અત્યંત શાંત
**आद्यन्तविहीनम्** = આદિ અને અંતવગરનું
**अक्रियम्** = ક્રિયારહિત, (અને)
**निरन्तर–आनन्द–रसस्वरूपम्** = નિરંતર આનંદરસસ્વરૂપ (છે.)

## બ્રહ્મસ્વરૂપ નિરૂપણ

જગત અને બ્રહ્મનો કાલ્પનિક ભેદ તથા તાત્ત્વિક અભેદ દર્શાવી જગત સત્ય નથી છતાં બ્રહ્મથી જુદું, સ્વતંત્ર તેનું અસ્તિત્વ હોઈ શકે નહીં, એવા નિષ્કર્ષની ચર્ચા કર્યા બાદ, હવે ચાર શ્લોક દ્વારા બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ દર્શાવવામાં આવેલું છે.

### બ્રહ્મતત્ત્વ सत् अद्वितीयम् परम् છે.

પરબ્રહ્મ, તેના જેવું દ્વિતીય કે અન્ય ન હોય તેવું, ઉપમારહિત તથા ત્રિકાલાબાધિત સત છે. આમ, જે દ્વૈતરહિત, એક અને કાળથી પર, દેશથી પર અર્થાત્ દેશમાં જેનો અંત નથી તેવું સર્વદેશીય અને વસ્તુગત ભેદથી અબાધિત તત્ત્વ છે, તેને **परम्** કહેવામાં આવે છે. માટે **परं ब्रह्म**

**सदद्वितीयम्** એવું કહ્યું છે.

### विशुद्धविज्ञानघनम् निरञ्जनम् ब्रह्म

બ્રહ્મતત્ત્વ કેવળ જ્ઞાનસ્વરૂપ છે અને તે પણ પ્રત્યક્ષ અર્થાત્ ઇન્દ્રિયગમ્ય કે પરોક્ષજ્ઞાન અર્થાત્ અનુમાનગમ્યજ્ઞાન નહીં, પણ તેવા જ્ઞાનની સીમાઓથી પર, જે અપરોક્ષજ્ઞાન કહેવાય છે તેવા જ્ઞાનસ્વરૂપ છે અર્થાત્ બ્રહ્મજ્ઞાન માટે બ્રહ્મથી અન્યને જાણવાની અપેક્ષા હોતી નથી. તદુપરાંત બ્રહ્મજ્ઞાન સાધનનિરપેક્ષ જ શક્ય છે. તેવા જ્ઞાનમાં જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયની ત્રિપુટીનો અસ્ત થાય છે. માટે જ બ્રહ્મને **विशुद्धविज्ञानघनम्** કહેવાય છે. શુદ્ધબ્રહ્મમાં સત્ત્વ, રજસ કે તમસ જેવા માયાના ગુણોનો મળ નથી કે બ્રહ્મને રજસની વિક્ષેપશક્તિનું અગર તમસ ગુણની આવરણશક્તિનું ઢાંકણ કે આવરણ આચ્છાદિત કરી શકે તેમ નથી, તેથી બ્રહ્મ **निरञ्जन** સ્વરૂપે છે.

### प्रशान्तम् ब्रह्म

બ્રહ્મમાં મનના સંકલ્પ-વિકલ્પ કે ઇન્દ્રિયોના ભોગવિકારો તેમજ કર્તા-ભોક્તાભાવથી ઉત્પન્ન થતા વિક્ષેપોનો અભાવ હોવાથી અને બંધ કે મોક્ષ જેવા દ્વન્દ્વની નિવૃત્તિ થયેલી હોવાથી મૂળસ્વરૂપે બ્રહ્મતત્ત્વ **प्रशान्त** છે.

### आद्यन्तविहीनम् ब्रह्म

બ્રહ્મ અજન્મા છે, ષડ્વિકારથી મુક્ત છે તેથી જન્મરહિતનો ન હોય વિનાશ કે ન હોય વિકાર. જે બ્રહ્મને નાશ નથી તેનો પુનર્જન્મ પણ હોઈ શકે નહીં. આમ, બ્રહ્મને નથી જન્મ કે નથી મોત, માટે જ તેને આદિ કે અંતરહિત અથવા અનાદિ-અનંત કહેવામાં આવે છે.

### अक्रियम् ब्रह्म

બ્રહ્મ તો શરીર અવયવો ઇન્દ્રિયો કે મનબુદ્ધિથી ન્યારો, તે સૌથી રહિત, નિરાકાર અને અદૃશ્ય છે. તેથી બ્રહ્મમાં ક્રિયા હોઈ શકે જ નહીં. છતાં ઇન્દ્રિયાદિની ક્રિયાઓનો મિથ્યા આરોપ જ બ્રહ્મ ઉપર થાય છે અને તે પણ અજ્ઞાનકાળે, વાસ્તવમાં તો બ્રહ્મ અક્રિય, નિષ્ક્રિય, અકર્તા અને

અભોક્તા છે.

**निरन्तरानन्दरसस्वरूपम् ब्रह्म**

બ્રહ્મ પ્રાણીમાત્રનો પ્રત્યગાત્મા છે, છતાં ખંડિત નથી પરંતુ અખંડ આનંદરસસ્વરૂપે સર્વની બુદ્ધિગુહામાં સ્થિત છે. જેમ આકાશ અનેક ઘડામાં પ્રત્યગાત્મારૂપે રહેલું છે છતાં આકાશ ખંડિત નહીં પરંતુ અખંડ રહે છે, તેવી જ રીતે દુઃખ વગરનું, ક્લેશમુક્ત, શોકરહિત માત્ર આનંદસ્વરૂપ બ્રહ્મતત્ત્વ અનેક શરીરોમાં હોવા છતાં શરીરની અંદર અને બહાર કોઈ પણ જાતના ભૌતિક અંતર વિના અર્થાત્ દેશ-કાળમાં દેખાતા ભૌતિક પદાર્થોના અંતર વગરનું સૌમાં સમરસરૂપે રહેલું છે. ઉપાધિ નાની-મોટી હોઈ શકે, પરંતુ આત્મતત્ત્વ નાનું-મોટું કે ભેદયુક્ત હોતું નથી. માટે આવા આનંદરસસ્વરૂપ બ્રહ્મને નિરંતર અને એકરસરૂપે વર્ણવવામાં આવે છે. આમ, બ્રહ્માનંદ સ્વસ્વરૂપે ઉદય અને અસ્ત રહિત છે અને વિષયાનંદ જેમ ક્ષણિક નહીં પણ શાશ્વત છે, માટે પણ તેને નિરંતર આનંદરસસ્વરૂપ કહ્યું છે.

(છંદ-ઉપજાતિ)

**निरस्तमायाकृतसर्वभेदं**
**नित्यं सुखं निष्कलमप्रमेयम् ।**
**अरूपमव्यक्तमनाख्यमव्ययं**
**ज्योतिः स्वयं किञ्चिदिदं चकास्ति ॥२४०॥**

**निरस्तमायाकृतसर्वभेदम्** =માયાએ કરેલા સર્વભેદથી રહિત,
**नित्यम्** = નિત્ય,
**सुखम्** = સુખસ્વરૂપ,
**निष्कलम्** = નિષ્કલ,
**अप्रमेयम्** = પ્રમાણોથી જાણવું અશક્ય,
**अरूपम्** = રૂપ વગરનું,
**अव्यक्तम्** = અવ્યક્ત,
**अनाख्यम्** = નામરહિત,
**अव्ययम्** = અવ્યય,
**स्वयंज्योतिः** = સ્વયંપ્રકાશ
**इदं किञ्चित्** = એવું કંઈક
**चकास्ति** = પ્રકાશે છે.

બ્રહ્મસ્વરૂપના નિરૂપણનો વિસ્તાર કરતાં જણાવાયું છે કે
**'निरस्तमायाकृतसर्वभेदम्' (ब्रह्म)**
**(मायाकृत सर्वभेदः निरस्तः यस्मिन् तत्)**

બ્રહ્મતત્ત્વ ઉપર જણાવ્યું તેમ એક અને અદ્વિતીય છે. તેથી સ્પષ્ટ થાય છે કે એક અને અદ્વિતીયમાં કોઈ ભેદ હોઈ શકે નહીં. તેની જ સ્પષ્ટતા કરવા અત્રે જણાવ્યું છે કે માયા દ્વારા ઉત્પન્ન થયેલા જીવ અને ઈશ્વર જેવા ઉપાધિભેદનો તેમજ જગતરૂપી કાર્ય અને ઈશ્વર જેવા કારણના ભેદનો પણ બ્રહ્મમાં નાશ, બાધ કે લય થાય છે. માટે અત્રે સ્પષ્ટ કર્યું છે કે માયાકલ્પિત ભેદની જેમાં નિવૃત્તિ થયેલી છે તે જ બ્રહ્મતત્ત્વ છે.

## नित्यम् ब्रह्म

બ્રહ્મ તો અનાદિ અને અનંત હોવાથી શાશ્વત છે. દેશ અને કાળથી મુક્ત હોવાથી તે નિત્ય છે અર્થાત્ સર્વમાં સર્વ કાળે વિકાર કે પરિવર્તન વગર રહેતું હોવાથી તથા ઉપાધિનાશે નિરુપાધિક બ્રહ્મનો નાશ ન થતો હોવાથી તેને નિત્ય બ્રહ્મ કહેવાય છે.

## सुखम् ब्रह्म

બ્રહ્મ સુખસ્વરૂપ છે અર્થાત્ બ્રહ્મતત્ત્વ સ્વરૂપમાં તો ઇન્દ્રિય, મન કે બુદ્ધિથી પ્રાપ્ત ન થાય તેવું અતીન્દ્રિયસુખરૂપ છે. વિષયસુખની જેમ તે આવવા-જવાવાળું કે આદિ-અંતવાળુ નથી. માટે જ તેવા શાશ્વત નિત્યસુખમાં જ જ્ઞાનીઓ રમણ કરે છે, પરંતુ પ્રારંભ અને નાશવાળા કે આદિ-અંત-વાળા વિષયજન્ય સુખમાં જ્ઞાનીઓ રમણ કરતા નથી.

## निष्कलमप्रमेयम् ब्रह्म

બ્રહ્મતત્ત્વ **'निष्कलम्'** છે અર્થાત્ અવયવરહિત છે. તેને સહજ, સ્વાભાવિક કે અકૃત્રિમ પણ કહી શકાય. કારણકે જે કંઈ અવયવવાળું છે તે જ કૃત્રિમ રીતે જન્મે છે અને વિકાર પામે છે. જ્યારે બ્રહ્મને નથી અવયવ, નથી કૃત્રિમતા, માટે નથી જન્મ કે ન હોઈ શકે વિનાશ. માટે સહજ અને સ્વાભાવિક મૂળ સ્વરૂપે નિરવયવી, નિરાકાર, અદૃશ્ય તેમજ પ્રત્યક્ષ અને

પરોક્ષ જ્ઞાનથી રહિત છે. માટે જ તેને અપ્રમેય કહેવાય છે. જે બ્રહ્મતત્ત્વને જાણવા કોઈ પ્રમાણ કામ આવે નહીં તે અપ્રમેય છે. બ્રહ્મ ઇન્દ્રિયોથી કે મન-બુદ્ધિથી પ્રમાણિત થઈ શકે તેવું નથી. આમ, મન, બુદ્ધિ કે ઇન્દ્રિયોની પકડમાં ન આવે તેવું અમાપ હોઈ તેને અપ્રમેય કહેવામાં આવે છે.

## अरूपम् अव्यक्तम् ब्रह्म

બ્રહ્મ સૂક્ષ્માતિસૂક્ષ્મ હોઈ ઇન્દ્રિયોથી અગોચર છે ઉપરાંત નિરાકાર અને અજન્મા છે તેથી તે શરીર રહિત છે. આમ, અશરીરી અને અદૃશ્ય હોવાથી તેને **अरूपम्** કહેવાય છે. આમ છતાં 'તે નથી', તેવું નથી અર્થાત્ તેના અસ્તિત્વને દર્શાવવા માટે તે રૂપ દ્વારા વ્યક્ત થતું નથી છતાં સૌમાં છે. જન્મતું નથી છતાં તેનો અભાવ નથી. દૃશ્ય નથી છતાં કોઈ કાળે તેનો બાધ થઈ શકે તેમ નથી. માટે જ કહ્યું છે કે બ્રહ્મ અવ્યક્ત સ્વરૂપે સર્વ વ્યક્ત, દૃશ્ય કે સાકારમાં વ્યાપ્ત છે. તદુપરાંત સકળ દૃશ્યપ્રપંચનું અવ્યક્ત અધિષ્ઠાન પણ બ્રહ્મ જ છે.

## अनाख्यम् अव्ययम्

બ્રહ્મતત્ત્વની વ્યાખ્યા કરવી દુર્ગમ છે અને તે જ પ્રમાણે બ્રહ્મ પર આખ્યાન કે પ્રવચન પણ શક્ય નથી. કારણ કે બ્રહ્મતત્ત્વ અવર્ણનીય તથા વાચાતીત છે. નથી તેને રૂપ કે નથી તેને નામ. તેથી નામ-રૂપરહિત એવા બ્રહ્મની વ્યાખ્યા કરવા તેને **अनाख्यम्** બ્રહ્મ કહેવા સિવાય અન્ય કોઈ રસ્તો નથી. કારણ કે વાચાતીતને વાચા દ્વારા સમજાવવાનો આ એક વામણો પ્રયત્ન માત્ર છે. માટે અનાખ્યમ્ કહી પુનઃ તેને '**अव्यय**' કહ્યું છે. કારણકે બ્રહ્મનો દેશ-કાળમાં વ્યય પણ નથી અને તેમાં શરીર જેવા ષડ્વિકાર પણ ન હોવાથી વિકારરહિત આત્માનો ધર્મ સમજાવવા **अव्यय** બ્રહ્મ એવું કહ્યું છે.

## स्वयंज्योतिः ब्रह्म

પરબ્રહ્મ પિંડ અને બ્રહ્માંડનો પ્રકાશક કે જાણનારો તો છે જ,

તદુપરાંત પોતે પોતાને જણાવવા માટે પોતાથી ભિન્ન જ્ઞાન કે પ્રકાશરૂપી સાધનનો ઉપયોગ કરતું નથી, પણ પોતાને પોતાની મેળે જ પ્રકાશે છે અથવા જાહેર કરે છે. માટે જ તેને **स्वयंज्योति** કહેવામાં આવે છે.

આવી જયોતિ એટલે ચૈતન્યસ્વરૂપ કે શાશ્વત જ્ઞાનજયોતિ સમજવી. તેવી ચૈતન્યજયોતિ જ સર્વની અંતર્યામી થઈ, પ્રાણીમાત્રને ચેતના પ્રદાન કરી, દરેકની ભીતર રહી, પ્રત્યેકને જાણે છે અને પોતાને જણાવે છે. માટે જ પ્રાણીમાત્રની ચૈતન્યજયોતિને અગર ચેતનાને(AWARENESS OR CONSCIOUSNESS) સ્વયંજયોતિ કહેવાય છે.

આવું સ્વયંજયોતિસ્વરૂપ બ્રહ્મતત્ત્વ આ જગતમાં જે કંઈ દશ્ય છે તે સૌને પ્રકાશે છે અર્થાત્ ચૈતન્ય કે જ્ઞાનજયોતિ દ્વારા જણાવે છે.

(છંદ-અનુષ્ટુપ)

**ज्ञातृज्ञेयज्ञानशून्यमनन्तं निर्विकल्पकम् ।**
**केवलाखण्डचिन्मात्रं परं तत्त्वं विदुर्बुधाः ॥२४१॥**

**ज्ञातृज्ञेयज्ञानशून्यम्** = જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન; ત્રણ (ભેદો) વગરનું
**निर्विकल्पकम्** = નિર્વિકલ્પ
**अनन्तम्** = અનન્ત
**केवलाखण्डचिन्मात्रम्** = કેવલ અખંડ ચેતન માત્ર (એવા)
**परं तत्त्वम्** = પરમતત્ત્વને
**बुधाः** = જ્ઞાનીઓ
**विदुः** = જાણે છે.

**ज्ञातृज्ञेयज्ञानशून्यम् अनन्तम् ब्रह्म**

એક અદ્વિતીય આત્માના જ્ઞાનમાં સર્વ દ્વૈતપ્રપંચની નિવૃત્તિ થાય છે. એટલું જ નહીં પરંતુ જ્ઞાનકાળે કોઈ ભેદ શેષ રહેતા નથી. તો પછી બ્રહ્મતત્ત્વ તો સ્વયંજયોતિસ્વરૂપ અર્થાત્ જ્ઞાનની શાશ્વત ઝળહળતી જયોતિ છે. તેમાં દ્વૈત કે ભેદ હોઈ શકે જ નહીં. જયાં દ્વૈત નથી ત્યાં ત્રૈત કે જ્ઞાતા-જ્ઞાન

અને જ્ઞેય જેવી ત્રિપુટી તો બચી શકે જ નહીં. એટલે કે આત્માની જ્ઞાનજ્યોતમાં જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની ત્રિપુટી ભસ્મ થઈ જાય છે, ભેદ નિવૃત્ત થાય છે. માટે જ બ્રહ્મતત્ત્વને **ज्ञातृज्ञेयज्ञानशून्यम्** કહેવાય છે. ઉપરોક્ત ત્રિપુટી તો ભ્રાંતિ કે અજ્ઞાન ચાલુ હોય ત્યાં સુધી જ ટકે છે. આમ, બ્રહ્મતત્ત્વ ભેદશૂન્ય છે, તેથી તેનો નથી અંત સજાતીયભેદ, વિજાતીયભેદ કે સ્વગતભેદમાં. આમ, તમામ ભેદનો બ્રહ્મમાં બાધ થતો હોવાથી, બ્રહ્મતત્ત્વ સીમિત નથી પરંતુ અસીમ છે. જેમ વસ્તુગતભેદથી તેનો અંત નથી તે જ પ્રમાણે દેશ અને કાળમાં પણ અંત ન હોવાથી **अनन्त** દર્શાવેલ છે.

**निर्विकल्पकम् ब्रह्म**

શુદ્ધ બ્રહ્મમાં મન નથી તો સંકલ્પ-વિકલ્પ જેવી મનની વૃત્તિઓ તો ક્યાંથી હોય? આમ, સંકલ્પ-વિકલ્પશૂન્ય બ્રહ્મને નિર્વિકલ્પ કહેવાય છે.

**केवलाखण्डचिन्मात्रम् ब्रह्म**

આમ વિચારતાં બ્રહ્મ તો કેવળ અર્થાત્ એક અને અદ્વિતીય છે. અખંડ એટલે કે, ખંડ કે ભેદરહિત અવિનાશી છે અને ચિન્માત્ર અર્થાત્ જડ નથી પરંતુ ચૈતન્યસ્વરૂપ છે.

આવા પરમ અર્થાત્ દેશ, કાળ અને વસ્તુથી પર ઈન્દ્રિય અને મન, બુદ્ધિથી પર તથા માયાથી પણ સૂક્ષ્મ કે પર, જે બ્રહ્મતત્ત્વ છે તેને જ્ઞાનીજનો જાણે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अहेयमनुपादेयं मनोवाचामगोचरम् ।**
**अप्रमेयमनाद्यन्तं ब्रह्मपूर्णं महन्महः ॥२४२॥**

**ब्रह्म** = બ્રહ્મ
**अहेयम्** = ત્યાગી ન શકાય એવું
**अनुपादेयम्** = અગ્રાહ્ય,

| | |
|---|---|
| **मनोवाचामगोचरम्** | = મન અને વાણીનો અવિષય, |
| **अप्रमेयम्** | = કોઈથી માપી ન શકાય તેવું |
| **अनादि–अनन्तम्** | = આદિ કે અંત વગરનું , |
| **पूर्णम्** | = પૂર્ણ (અને) |
| **महत्–महः** | = મહાન જ્યોતિસ્વરૂપ છે. |

**अहेयमनुपादेयम् ब्रह्म**

**अहेयम्** – બ્રહ્મતત્ત્વ ત્યાજ્ય નથી માટે તેને **अहेयम्** કહ્યું છે. બ્રહ્મ તો આપણું પોતાનું અભેદ આંતરસ્વરૂપ છે અને મનુષ્યમાત્ર 'હું','હું','હું', અગર **'अहम्', 'अहम्'** એવા સર્વનામથી પોતાનો પોકાર કરીને અંતે આત્માનું જ કે બ્રહ્મતત્ત્વનું જ નિદર્શન કરે છે, તેથી કોઈ પોતાના આત્માનો ત્યાગ કરી શકે નહીં. ત્યાગ તેનો થાય જે આપણાથી જુદું હોય, ભિન્ન હોય અને જડ હોય. શરીર આપણું સ્વરૂપ નથી, માટે તે **हेयम्** છે કે ત્યાજ્ય છે. દુઃખ આપણું સ્વરૂપ નથી, માટે જ નિરંતર દુઃખનો ત્યાગ કરવા આપણે તત્પર છીએ. પરંતુ બ્રહ્મ કે આત્મા તો આપણું અભેદ, અદ્વિતીય નિજસ્વરૂપ છે, તેથી તેનો ત્યાગ શક્ય નથી. ઉપરાંત તે આનંદસ્વરૂપ છે માટે જ કોઈ પોતાના સુખ કે આનંદનો ત્યાગ થાય તેમ ઇચ્છતું નથી. આવું હોવાથી બ્રહ્મને **अहेयम्** કહ્યું છે.

**अनुपादेयम्** અર્થાત્ જે ગ્રાહ્ય નથી તે બ્રહ્મ છે. બ્રહ્મતત્ત્વ કોઈને પણ અગ્રાહ્ય નથી. સૌને પ્રાપ્ત જ છે. એટલું જ નહીં પરંતુ દેહના જન્મ પૂર્વે પણ બ્રહ્મતત્ત્વ હતું અને નાશ પછી પણ તે રહેવાનું છે. આમ, બ્રહ્મનો કોઈ કાળે અભાવ થતો નથી. તે તો પ્રાણી માત્રને સર્વ કાળે, સર્વ દેશમાં, સર્વ રીતે ગ્રાહ્ય જ છે. તેથી આત્મા કે બ્રહ્મ, ગ્રહણ કરવાની વસ્તુ જ નથી અને જે પ્રાપ્ત જ હોય તેની પ્રાપ્તિની ઇચ્છા કોઈ ભ્રાંતપુરુષ જ કરી શકે. વાસ્તવમાં તો બ્રહ્મપ્રાપ્તિને **'प्राप्तस्य प्राप्तिः'** જ કહેવાય છે. તત્ત્વાર્થે તો બ્રહ્મ સૌને પ્રાપ્ત કે ગ્રાહ્ય જ છે. છતાં જો તેનું વિસ્મરણ થઈ ગયું હોય અગર દેહાત્મબુદ્ધિ દ્વારા આત્મસ્વરૂપ આચ્છાદિત થઈ ગયું હોય તો

'સ્વ'સ્વરૂપની વિસ્મૃતિને દૂર કરી, આત્મસ્વરૂપની સ્મૃતિ માત્ર જ્ઞાન દ્વારા મેળવી શકાય. બ્રહ્મતત્ત્વ એ ગ્રહણનો વિષય નથી. તેમાં પ્રાપ્તિનો તો પ્રશ્ન જ નથી, પરંતુ બેશક બ્રહ્મને જાણવાનો પ્રશ્ન અવશ્ય છે. તેવા બ્રહ્મતત્ત્વને આત્મજ્ઞાન સિવાય જાણવાનો અન્ય કોઈ રસ્તો નથી. માટે જ બ્રહ્મ ગ્રાહ્ય કે ત્યાજયથી મુક્ત છે કે પર છે, એવું સમજાવવા અત્રે **अहेयमनुपादेयम् ब्रह्म** એવું કહ્યું છે.

**मनोवाचामगोचरम् ब्रह्म**

બ્રહ્મતત્ત્વ મન કે વાણીનો વિષય નથી અગર મન, વાણી ન તો બ્રહ્મતત્ત્વને પામી શકે કે ન વર્ણવી શકે અથવા ન જણાવી શકે. એવું હોવાથી, વાચાતીત અને મન રહિત બ્રહ્મને, **मनोवाचाम् अगोचरम्** એવું કહ્યું છે.

આવું સર્વશ્રેષ્ઠ બ્રહ્મતત્ત્વ અનાદિ, અનંત, અપ્રમેય અને દેશ, કાળ તથા વસ્તુના પરિચ્છેદથી શૂન્ય હોવાથી પૂર્ણ છે. એટલું જ નહીં, પરંતુ સૌથી મહાન જયોતિથી પણ મહાન જયોતિસ્વરૂપ છે. તેથી બ્રહ્મ કે આત્મજયોતિના ઉદય પશ્ચાત્ જ સૂર્ય, ચંદ્ર, તારા, વીજળી કે અગ્નિ જેવી જયોતિ પ્રકાશિત થઈ શકે છે. આમ, સૂર્ય જેવી મહત્ જયોતિથી પણ મહાન જયોતિસ્વરૂપે આ બ્રહ્મતત્ત્વ રહેલું છે. માટે જ એવો તત્ત્વાર્થ પણ લઈ શકાય કે જે બ્રહ્મતત્ત્વ સર્વમાં પરિપૂર્ણ છે, તેજોમય છે, એવું બ્રહ્મતત્ત્વ જ હું છું. એવું વિચારતાં પાઠભેદે **ब्रह्म पूर्णमहं महः** પણ સ્વીકાર્ય છે.

(છંદ–ઉપજાતિ)

**तत्त्वं पदाभ्यामभिधीयमानयोः**
**ब्रह्मात्मनोः शोधितयोर्यदित्थम् ।**
**श्रुत्या तयोस्तत्त्वमसीति सम्यक्**
**'एकत्वमेव प्रतिपाद्यते मुहुः ॥२४३॥**

| | | | |
|---|---|---|---|
| **शोधितयोः** | = શોધન કરેલા | **"तत्त्वमसि" इति** | =''તે તું છે'' |
| **तत्–त्वम्–पदाभ्याम्** | =**तत्** અને **त्वम्** એ બે શબ્દોથી | **यत् इत्थम्** | = જે આવું |
| | | **एकत्वम्** | = એકત્વ |
| **अभिधीयमानयोः**= | કહેવામાં આવેલું | **श्रुत्या एव** | = શ્રુતિએ જ |
| **ब्रह्मात्मनोः तयोः** | = જીવ અને બ્રહ્મ બન્નેનું | **मुहुः सम्यक्**= | વારંવાર સારી રીતે |
| | | **प्रतिपाद्यते** | = પ્રતિપાદન કર્યું છે. |

## મહાવાક્યવિચાર

છાંદોગ્ય ઉપનિષદની પ્રખ્યાત શ્રુતિ દ્વારા '**तत्त्वमसि**'– '**तत्–त्वम्–असि**' – 'તે-તું-છે.' એવો જે ઉપદેશ ત્રણ પદમાં આપવામાં આવ્યો, તેવા ઉપદેશને મહાવાક્ય કહેવાય છે. કારણ કે નાનું દેખાતું વિધાન ગહન, ગંભીર સંકેત આપી આત્મસાક્ષાત્કાર કરાવવાનું સામર્થ્ય ધરાવતું હોવાથી, વાક્ય નાનું હોવા છતાં તેને મહાવાક્ય કહેવામાં આવે છે. જો શ્રવણ કરનાર મુમુક્ષુ કે શિષ્ય, ઉત્તમ અધિકારી હોય અને મહાવાક્યનો ઉપદેશ કરનાર, શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ હોય તો આવા મહાવાક્યના ઉપદેશશ્રવણથી જ શ્રોતાને સાક્ષાત્કાર થઈ શકે તેમ છે. આવા મહાવાક્ય દ્વારા જ શ્રવણ કરનાર શ્રોતાને ઉપદેશાયું છે કે, 'તું અજ્ઞાનથી તને જીવ સમજે છે પરંતુ તે તારી ભ્રાંતિ માત્ર છે. તને તારા આતંરસ્વરૂપનું વિસ્મરણ થયું છે અને શરીરતાદાત્મ્યથી જ તેં જીવભાવ ઉત્પન્ન કર્યો છે. તારા નિજસ્વરૂપનું તું સ્મરણ કર. દેહતાદાત્મ્ય તોડી દે તો અવશ્ય મહાવાક્યના ઉપદેશ દ્વારા તને સમજાશે કે તને ભ્રાંતિમાં જીવ માનનાર તું =**त्वम्** વાસ્તવમાં જીવ નથી, પણ જેને અનાદિ-અનંત બ્રહ્મતત્ત્વ કહેવાય છે તે =**तत्** , તું=**त्वम्**, છે=**असि**'. આમ, આવા નાના વાક્યમાં જીવને બ્રહ્મરૂપે જાણવાનું સામર્થ્ય છે, જીવ-બ્રહ્મની એકતા પ્રસ્થાપિત કરવાની ક્રિયા વગરની કળા છે, જન્મોજન્મના ભ્રાંતિજન્ય જીવભાવની નિવૃત્તિનો સમૂળ ઉપાય છે, દેહતાદાત્મ્ય તોડવાનું પ્રબળ બળ છે, ભવબન્ધથી છૂટવાનો અજોડ કીમિયો છે, શરીરને છોડયાં વગર જીવતાં જ મુક્ત થવાનો સંદેશ છે. માટે છાંદોગ્ય ઉપનિષદના '**तत्त्वमसि**' જેવા નાના વાક્યને મહાવાક્ય કહેવાય છે.

મહાવાક્યના ત્રણ પદમાં પ્રથમ પદને **तत्** પદ કહે છે. તેનો વાચ્યાર્થ (અર્થાત્ માત્ર શબ્દશ્રવણ થવાથી ઉપજતો સીધો સાદો સરળ અર્થ) ઈશ્વર છે. પરંતુ તે જ **तत्** પદનો ગૂઢાર્થ, સંકેતાર્થ કે સૂક્ષ્મ વિચારણાથી મળતો જે અર્થ છે તેને લક્ષ્યાર્થ કહે છે. આમ, 'તત્'પદનો લક્ષ્યાર્થ શુદ્ધ બ્રહ્મ કહેવાય છે. એ જ ન્યાયે **त्वम्** પદના પણ બે અર્થ છે. તેમાં **त्वम्** પદનો વાચ્યાર્થ જીવાત્મા થાય છે. પરંતુ લક્ષ્યાર્થ સાક્ષી ચૈતન્ય (આત્મા) છે. જ્યારે ત્રીજું **असि** પદ, **तत्** અને **त्वम्** પદને જોડવાનું કામ કરે છે. અર્થાત્ બન્નેનો અર્થ એક સરખો છે, તે બન્નેમાં સામ્ય છે, તે બન્ને પદો તત્ત્વાર્થે સમાન અર્થ ધરાવે છે, તેવું જણાવવા માટે '**असि** = છે', એવા પદનો પ્રયોગ શાસ્ત્રસિદ્ધ છે. આમ, આવા ત્રણ પદના બનેલાં મહાવાક્યનો પ્રસ્તુત શ્લોકમાં ઉલ્લેખ કરી મહાવાક્યવિચારનો હવે પ્રારંભ થાય છે.

શ્રુતિના '**तत्त्वमसि**', 'તે તું છે' જેવા મહાવાક્ય દ્વારા 'તે' અને 'તું' અર્થાત્ '**तत्**' અને '**त्वम्**' જેવા બે પદથી ઈશ્વર અને જીવનો ઉલ્લેખ કરી '**तत्**' પદથી ઓળખાતો ઈશ્વર અને '**त्वम्**' પદથી જણાયેલો જીવ, એ બન્ને જ્યારે પોતપોતાની ઉપાધિથી મુક્ત બને છે, ત્યારે બન્ને એક જ છે એવું વારંવાર પ્રતિપાદિત થયેલું છે.

(છંદ-ઉપજાતિ)

**ऐक्यं तयोर्लक्षितयोर्नवाच्ययो–**
**र्निगद्यतेऽन्योऽन्यविरुद्धधर्मिणोः ।**
**खद्योतभान्वोरिव राजभृत्ययोः**
**कूपाम्बुराश्योः परमाणुमेर्वोः ॥२४॥**

**खद्योतभान्वोः** = સૂર્ય અને આગિયો,
**राजभृत्ययोः** = રાજા અને સેવક
**कूपाम्बुराश्योः** = સાગર અને કૂવો
**परमाणुमेर्वोः इव** = મેરુ અને પરમાણુ જેવા

अन्योऽन्य-विरुद्ध-धर्मिणोः = પરસ્પર વિરૂદ્ધ ધર્મવાળા
तयोः ऐक्यम् = પદાર્થોનું એકત્વ
लक्षितयोः = લક્ષ્યાર્થમાં
निगद्यते = કહેવામાં આવ્યું છે.
न वाच्ययोः = (પરંતુ) વાચ્યાર્થમાં નહીં.

(છંદ-ઉપજાતિ)

**तयोर्विरोधोऽयमुपाधिकल्पितो**
**न वास्तवः कश्चिदुपाधिरेषः ।**
**ईशस्य माया महदादिकारणं**
**जीवस्य कार्यं शृणु पञ्चकोशम् ॥२४५॥**

शृणु = સાંભળ
तयोः अयम् = (જીવ અને ઈશ્વરમાં) તેઓમાં આ જે
विरोधः = વિરોધ છે તે
उपाधिकल्पितः = ઉપાધિ દ્વારા કલ્પિત છે.
ईशस्य = ઈશ્વરની (ઉપાધિ)
माया महदादिकारणम् = મહત્‌તત્ત્વ વગેરેનું કારણ માયા છે. (અને)
जीवस्य = જીવની (ઉપાધિ)
कार्यं पञ्चकोशम् = કાર્યરૂપ પાંચકોશ છે.
एषः उपाधिः = આ ઉપાધિ
न कश्चित् वास्तवः = વાસ્તવિક રીતે કંઈ જ નથી.

સૂર્ય અને આગિયો, રાજા અને સેવક, સમુદ્ર અને કૂવો, મેરુ અને પરમાણુ, એ સર્વ જેમ એકબીજાથી જુદા જણાય છે, તેમ પરસ્પર વિરૂદ્ધ ધર્મવાળા **'तत्'**પદનો વાચ્યાર્થ ઈશ્વર અને **'त्वम्'**પદનો વાચ્યાર્થ જીવાત્મા, એ બન્ને પણ પૂર્વેના શ્લોકમાં જણાવ્યા મુજબ જુદા જણાય છે અને બન્નેમાં વાચ્યાર્થ જોતાં તો ભેદ જ છે. સાથેસાથે વિરૂદ્ધ ધર્મ પણ છે. પરંતુ જો તે બન્ને પદના લક્ષ્યાર્થનો વિચાર કરીએ તો બન્નેની ઉપાધિ નિવૃત્ત થતાં બન્નેનો

લક્ષ્યાર્થ તો એક જ થાય છે. આમ, લક્ષ્યાર્થે તો ઈશ્વર અને જીવ બન્ને એક જ છે. જેવી રીતે સૂર્ય અને આગિયામાં ઉપાધિથી ભેદ જણાય છે પરંતુ બન્નેમાં પ્રકાશના દષ્ટિકોણથી તો એકત્વ જ છે. રાજા અને સેવકમાં, એક રાજ્યનો સત્તાધીશ છે, જ્યારે અન્ય પોતાના કુટુંબનો સર્વેસર્વા છે. એકનું કાર્યક્ષેત્ર વિશાળ છે, જ્યારે અન્યનું અલ્પ છે. એક પાલક છે, જ્યારે સેવક પાલ્ય છે. રાજા આજ્ઞા કરનાર છે જ્યારે સેવક આજ્ઞા સ્વીકારનાર છે. રાજા નિયંતા છે જ્યારે સેવક નિયમ્ય છે. આમ વિચારતાં બન્નેની ઉપાધિમાં જ ભેદ કે વિરૂદ્ધ ધર્મ છે. પરંતુ રાજા અને સેવક બન્નેમાં મનુષ્યત્વ તો સમાન છે, એક છે. આમ, રાજા અને સેવકની ઉપાધિ દૂર થતાં બન્નેનો લક્ષ્યાર્થ તો મનુષ્ય જેવો એક જ છે. તે જ પ્રમાણે ઈશ્વર, માયા દ્વારા સૃષ્ટિ રચે છે, સંસારનું નિયમન કરે છે. જ્યારે જીવાત્મા અવિદ્યા દ્વારા જીવસૃષ્ટિ (અર્થાત્ પત્ની, પુત્રો, પતિ, માતા–પિતા, કુટુંબ–કબીલો, સગા–વહાલાં) રચે છે, સ્વપ્નકાળે સ્વપ્નસૃષ્ટિ રચે છે અને પોતાની જીવસૃષ્ટિનો કે સ્વપ્નસૃષ્ટિનો નિયંતા કહેવાય છે. આમ, ઈશ્વરની ઉપાધિ માયા કહેવાય છે, જ્યારે જીવની ઉપાધિ અવિદ્યા કહેવાય છે. તેમ છતાં જો જીવ અને ઈશ્વરની ઉપાધિ દૂર કરવામાં આવે તો અવિદ્યા અને માયાનો બાધ થતાં ન બચે ઈશ્વર કે ન રહે જીવ. પરંતુ તે બન્નેમાં જે ચૈતન્ય આત્મા કે બ્રહ્મ છે, તે તો એકનો એક છે, સમાન છે. તે બે વચ્ચેનું ઐક્ય તો જીવ અને ઈશ્વર જેવા વાચ્યાર્થનો ત્યાગ કરતાં અને લક્ષ્યાર્થનો સ્વીકાર કરતાં જ સમજાય છે. તદુપરાંત ઈશ્વર સર્વજ્ઞ છે, સર્વદેશીય છે, સર્વશક્તિમાન છે, કારણ છે; જ્યારે જીવ તો અલ્પજ્ઞ છે, એકદેશીય, અલ્પશક્તિમાન અને કાર્ય છે. આમ, વાચ્યાર્થે બન્નેમાં વિરૂદ્ધ ધર્મો છે. પરંતુ તેવા વિરૂદ્ધ ધર્મોનો લક્ષ્યાર્થમાં ત્યાગ કરવાથી ઈશ્વર અને જીવનો આત્મા તો એકનો એક જ છે, તેવું સ્પષ્ટ સમજાય છે. ઈશ્વર સંસારનું નિયમન કરવા જે શક્તિનો ઉપયોગ કરે છે તે પણ આત્મશક્તિ છે અને જીવાત્મા કુટુંબનું નિયમન કરવા જે શક્તિનો સહારો લે છે તે પણ આત્મશક્તિ છે. આમ વિરૂદ્ધ ધર્મો અને ભિન્ન ઉપાધિનો ત્યાગ કરતાં ઈશ્વર અને જીવ એક જ છે તેવું સમજાય છે.

જીવ અને ઈશ્વરમાં જે બાહ્ય અને પ્રથમ દૃષ્ટિએ વિરોધ જોવા મળે છે તે તો માત્ર ઉપાધિનો વિરોધ જ છે. આવી ઉપાધિ તો કલ્પના માત્ર છે. વાસ્તવમાં ઉપાધિનું સાચું અસ્તિત્વ જ નથી. ઈશ્વરની માયારૂપી ઉપાધિ કારણ છે જ્યારે અવિદ્યાજન્ય પંચકોશ એ જીવની ઉપાધિ છે. તેથી ઈશ્વર અને જીવ વચ્ચેનો ભેદ કે વિરોધ તો માત્ર ઉપાધિકલ્પિત જ છે. તેથી કલ્પિત વિરોધ નથી સત્ય કે વાસ્તવિક. તેવો ઘટસ્ફોટ કરવા શ્લોકમાં સ્પષ્ટ જ કહ્યું છે કે "**तयोर्विरोधोऽयमुपाधिकल्पितः न वास्तवः कश्चित् उपाधिरेषः।**" તેનો તત્ત્વાર્થ તો એવો જ છે કે જેમ કોઈ સ્ત્રી કે યુવતી ગૃહિણી બને ત્યારે તેને પત્ની કહેવાય છે. પરંતુ તે જ યુવતી જ્યારે તેનો કુટુંબ-કબીલો વિસ્તરે અને પોતાને સંતાન થાય ત્યારે તે માતા કહેવાય છે અને પઠન-પાઠનનું કાર્ય કરે ત્યારે તેવા કાર્યમાં સંલગ્ન થઈ હોવાથી શિક્ષિકા કહેવાય છે. આમ, વિવિધ ઉપાધિમાં પણ યુવતી તો એકની એક જ છે. તેવી જ રીતે સત-ચિત-આનંદ સ્વરૂપ આત્મા કે **सत्यं ज्ञानमनन्तम्** એવો પરબ્રહ્મ જ્યારે માયાથી સૃષ્ટિ રચવા ઇચ્છે ત્યારે માત્ર તેનું નામ બદલાય છે અને તે ઈશ્વર કહેવાય છે. પરંતુ એ જ બ્રહ્મ જ્યારે પંચકોશના પિંડ જેવા દેહ-તાદાત્મ્યમાં પડે છે અને 'હું દેહ છું' એવું સ્વીકારે છે ત્યારે તેવા દેહની ઉપાધિવાળા બ્રહ્મને જ જીવ કહેવાય છે. આમ, વિવિધ ઉપાધિમાં પણ બ્રહ્મ તો એકનો એક જ છે. વાસ્તવમાં કે તત્ત્વાર્થે બ્રહ્મને નથી ઉપાધિનો સંગ કે નથી નામનો રંગ કે આકારનો ભેદ. છતાં ઉપાધિની કલ્પનાથી જ શુદ્ધ આત્મા કે બ્રહ્મમાં જીવ-ઈશ્વરના ભેદ જણાય છે.

(છંદ-ઉપજાતિ)

**एतावुपाधौ परजीवयोस्तयोः**
**सम्यङ्निरासे न परो न जीवः ।**
**राज्यं नरेन्द्रस्य भटस्य खेटकः**
**तयोरपोहे न भटो न राजा ॥२४६॥**

**नरेन्द्रस्य राज्यम्** = (જેમ) રાજ્ય એ રાજાની ઉપાધિ છે;

| | |
|---|---|
| **भटस्य खेटकः** | = ઢાલ એ લડવૈયાની ઉપાધિ છે. |
| **तयोः अपोहे** | = એ બન્ને દૂર થતાં |
| **न भटः न राजा** | = કોઈ રાજા નથી કે કોઈ લડવૈયો નથી. |
| **पर–जीवयोः** | = (તેમ) ઈશ્વર અને જીવની |
| **एतौ उपाधौ** | = આ બે ઉપાધિઓ(માયા અને પંચકોશ) |
| **तयोः सम्यक् निरासे** | = બન્ને સારી રીતે હટી જતાં |
| **न परः न जीवः** | = નથી ઈશ્વર કે નથી જીવ. |

ઉપરોક્ત શ્લોકમાં ઉપાધિ કલ્પિત છે, તેવા વિચારનો વિસ્તાર કરી દૃષ્ટાંત દ્વારા અત્રે સમજાવ્યું છે કે, જેમ મનુષ્યને જો રાજ્યની ઉપાધિ વળગે તો તે રાજા કહેવાય અને હથિયારની ઉપાધિ વળગે, તો તે સૈનિક કે યોદ્ધો કહેવાય. પરંતુ રાજા પાસેથી જો રાજ્ય છીનવી લેવામાં આવે અને સૈનિક પાસેથી જો હથિયાર લઈ લેવામાં આવે તો, બન્નેમાંથી નથી કોઈ રાજા કે નથી કોઈ સૈનિક. આમ, બન્નેની ઉપાધિ ત્યજાઈ જતાં માત્ર મનુષ્યત્વ જ બન્નેમાં બચે છે. તેવી જ રીતે માયા એ ઈશ્વરની અને પંચકોશમાં દેહાત્મબુદ્ધિ જેવી અવિદ્યા એ જીવની ઉપાધિ છે. તેથી જો રાજાની જેમ ઈશ્વરની માયાને અને જીવાત્માની પંચકોશમાં આત્મબુદ્ધિ કરનારી અવિદ્યાને નિવૃત્ત કરવામાં આવે, જ્ઞાન દ્વારા તેનો બાધ કરવામાં આવે તો ઉપાધિ દૂર થતાં ન રહે ઈશ્વર કે ન બચે જીવ. આમ, જ્ઞાનરૂપી અગ્નિમાં માયા અને અવિદ્યા જેવી ઉપાધિ કે તે બન્નેનો અભિમાની ઈશ્વર કે જીવ ભસ્મીભૂત થાય છે અને બચે છે બન્ને ઉપાધિનો અવિરોધી લક્ષ્યાર્થ, જેને શુદ્ધ બ્રહ્મ કહેવાય છે. આમ, ભ્રાંતિજન્ય કે અવિદ્યાથી જન્મેલી અજ્ઞાનકાળે ભાસતી ઉપાધિ દૂર કર્યા વિના નિરુપાધિક બ્રહ્મનો પોતાના 'સ્વ'સ્વરૂપે સાક્ષાત્કાર થઈ શકે તેમ નથી. તેવો જ ગૂઢાર્થ મહાવાક્ય દ્વારા સમજાવવામાં આવે છે.

(છંદ–ઉપજાતિ)

**अथात आदेश इति श्रुतिः स्वयं**
**निषेधति ब्रह्मणि कल्पितं द्वयम् ।**

श्रुतिप्रमाणानुगृहीतयुक्त्या
तयोर्निरासः करणीय एव ॥२४७॥

| | |
|---|---|
| "अथातः आदेशः"इति श्रुतिः | = "अथातः आदेशः" એમ બૃહદારણ્યક શ્રુતિ |
| स्वयम् | = પોતે |
| ब्रह्मणि कल्पितं द्वयम् | = બ્રહ્મમાં કલ્પિત દ્વૈતનો |
| निषेधति | = નિષેધ કરે છે.(માટે) |
| श्रुति–प्रमाण–अनुगृहीत–युक्त्या | = શ્રુતિપ્રમાણને અનુકૂળ યુક્તિથી |
| तयोः | = એ બન્નેનો (માયા અને પંચકોશરૂપી ઉપાધિનો) |
| निरासः करणीयः एव | = નિષેધ કરવો જ જોઈએ. |

પૂર્વેના શ્લોકમાં નિરુપાધિક બ્રહ્મનું અસંગત્વ દર્શાવ્યું છે તેના જ અનુસંધાનમાં તે જ વિચારને હવે વેદ કે શ્રુતિ દ્વારા પ્રસ્થાપિત કરી, મહાવાક્યગત વિચાર પ્રમાણભૂત છે, તેવું દર્શાવતા પ્રસ્તુત શ્લોકમાં જણાવાયું છે કે "**अथातः आदेशः इति श्रुतिः**" અર્થાત્ આ શ્રુતિનો માત્ર ઉપદેશ નહીં બલકે આજ્ઞા કે આદેશ છે કે, શ્રુતિના શબ્દપ્રમાણથી ગ્રહણ કરાયેલા આત્મબોધ વડે ઈશ્વર અને જીવ જેવી બ્રહ્મમાં કલ્પાયેલી બન્ને ઉપાધિનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. આવા ઉપાધિના ત્યાગ દ્વારા જે નિરુપાધિક બ્રહ્મ અવશેષ રહે છે તે જ આપણું સાચું બ્રહ્મસ્વરૂપ છે. તેનો અભેદભાવે સાક્ષાત્કાર કરવો જોઈએ એવો સંકેતાર્થ પણ અત્રે અવ્યક્ત અને અદૃશ્ય છે.

(છંદ–શાલિની)

नेदं नेदं कल्पितत्वान्न सत्यं
रज्जौ दृष्टव्यालवत्स्वप्नवच्च ।
इत्थं दृश्यं साधुयुक्त्या व्यपोह्य
ज्ञेयः पश्चादेकभावस्तयोर्यः ॥२४८॥

| | |
|---|---|
| **रज्जौ दृष्टव्यालवत् च** | = જેમ દોરડીમાં દેખાતો સાપ તથા |
| **स्वप्नवत्** | = સ્વપ્નમાં દેખાતા પદાર્થો |
| **कल्पिततत्वात्** | = કલ્પિત હોવાથી |
| **सत्यं न** | = સત્ય નથી. |
| **न इदं न इदम्** | = (તેમ) 'આ નથી, આ નથી' |
| **इत्थम्** | = આ પ્રમાણે |
| **दृश्यम्** | = દશ્ય (જગત)નો |
| **साधुयुक्त्या** | = ઉત્તમ યુક્તિથી |
| **व्यपोह्य** | = નિરાસ કરીને |
| **पश्चात्** | = પછીથી |
| **तयोः यः एकभावः** | = તેમની(જીવ અને ઈશ્વરની) જે એકતા |
| **ज्ञेयः** | = (તે) જાણવા યોગ્ય છે. |

મહાવાક્યગત પૂર્વ વિચારણાથી એટલું તો નિઃસંદેહ સ્પષ્ટ થયેલું જ છે કે, ઈશ્વરની ઉપાધિ, જીવની જેમ જ કલ્પિત અને ભ્રાંતિજન્ય છે. આમ, જો ઈશ્વર એ બ્રહ્મનું જ અન્ય કલ્પિત નામ છે અને તેવા ઈશ્વરની માયારૂપી ઉપાધિ પણ કલ્પિત છે, માટે એવું નિઃશંક પુરવાર થાય છે કે, માયા અને ઈશ્વર કલ્પિત હોય તો તેઓ દ્વારા અર્થાત્ ઈશ્વરના નિમિત્તકારણરૂપી ભાવમાં અને માયાના ઉપાદાનકારણરૂપી ભાવમાં જન્મેલું જગત કદી સત્ય હોઈ શકે નહીં. માયા, જગતનું ઉપાદાનકારણ છે અને માયા જો કલ્પિત છે અને તેમાં પણ કલ્પિત ઈશ્વરની જ ઉપાધિ છે, તો પછી તેવી ઉપાધિથી કે કલ્પિત કારણથી જન્મેલી સૃષ્ટિ કે જગત કલ્પિત હોય તેમાં તો આશ્ચર્ય શું? માટે જ પ્રસ્તુત શ્લોકમાં જણાવાયું છે કે, "**नेदं नेदं कल्पिततत्वात् न सत्यम्** ।"**कल्पिततत्वात्** અર્થાત્ ઈશ્વર અને માયા કલ્પિત હોવાને કારણે '**न इदं सत्यम्**' 'નથી આ માયા સત્ય' કે '**न इदं सत्यम्**' નથી આ માયાકાર્યરૂપી જગત સત્ય. આમ જગતનું મિથ્યાપણું, અનિત્યત્વ કે અસત્ત્વ સમજાવાયેલું છે. પરંતુ તેના દઢીકરણ માટે બે વાર કહ્યું છે કે, તે સત્ય

નથી, સત્ય નથી. અર્થાત્ નથી સત્ય આ જગત કે નથી સત્ય જગતનું ઉપાદાનકારણ માયા. પરંતુ તે બન્ને વાસ્તવમાં કલ્પિત જ છે. જેવી રીતે દોરીમાં સર્પ કલ્પિત છે અને સ્વપ્નમાં દેખાતું જગત કલ્પિત છે. તે જ ન્યાયે દૃશ્ય કલ્પિત જગતનો યુક્તિપૂર્વક ત્યાગ કરી, તેને અસત્ય સમજી અને તત્પશ્ચાત્ જ જીવ અને ઈશ્વરની ઉપાધિનું વાસ્તવિક ઐક્ય સમજવું જોઈએ. અર્થાત્ જીવ અને ઈશ્વરની ઉપાધિ કલ્પિત અને વિરૂદ્ધ ધર્મવાળી હોવાથી સત્ય નથી, એવા નિષ્કર્ષ ઉપર આવીને જીવ અને ઈશ્વરનો લક્ષ્યાર્થ એક અને અભેદ છે, તેવું જાણવું જોઈએ.

(છંદ-ઉપજાતિ)

**ततस्तु तौ लक्षणया सुलक्ष्यौ**
**तयोरखण्डैकरसत्व सिद्धये ।**
**नालं जहत्या न तथाऽजहत्या**
**किन्तूभयार्थात्मिकयैव भाव्यम् ॥२४६॥**

**ततः तु** = ત્યાર પછી
**तयोः** = તેઓના(જીવાત્મા તથા પરમાત્માના)
**अखण्डरसत्व सिद्धये** = અખંડ એકરસપણાની સિદ્ધિ માટે
**तौ** = એમને
**लक्षणया** = લક્ષણા નામની શબ્દશક્તિથી
**सुलक्ष्यौ** = સારી રીતે જાણવા
**जहत्या अलं न** = (આમ જાણવા માટે) જહત્ લક્ષણા પર્યાપ્ત નથી
**तथा अजहत्या न** = તેમ અજહત્ લક્ષણા પર્યાપ્ત નથી
**किन्तु** = પરંતુ
**उभयार्थात्मिकया एव** = ઉભયાર્થાત્મિકા (એટલે જહત્-અજહત્ લક્ષણા)થી જ
**भाव्यम्** = વિચાર કરવો જોઈએ.

(છંદ-ઉપજાતિ)

स देवदत्तोऽयमितीह चैकता
विरुद्धधर्मांशमपास्य कथ्यते ।
यथा तथा तत्त्वमसीति वाक्ये
विरुद्धधर्मानुभयत्र हित्वा ॥२५०॥

| | |
|---|---|
| **यथा** | = જેમ |
| **स अयं देवदत्तः इति** | = 'તે દેવદત્ત આ છે.' એમ |
| **इह** | = આ (વાક્યમાં) |
| **विरुद्धधर्मांशं अपास्य** | = વિરુદ્ધ ધર્મોને દૂર કરીને |
| **एकता** | = એકતા |
| **कथ्यते** | = કહેવામાં આવે છે. |
| **तथा च** | = તેવી રીતે |
| **'तत्त्वमसि' इति वाक्ये** | = 'તે તું છે' એ વાક્યમાં પણ |
| **उभयत्र विरुद्धधर्मान्** | = બન્નેના (જીવ અને ઈશ્વરના) વિરુદ્ધધર્મોને |
| **हित्वा** | = ત્યાગીને (એકતા કહેવામાં આવી છે.) |

તત્ત્વમસિ મહાવાક્યના ત્રણેય પદની પૂર્વે વિચારણા થઈ ચૂકી છે. છતાં વિચારના દૃઢીકરણ માટે એ જ વાતનો પુનઃ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેને સુજ્ઞ મુમુક્ષુ માત્ર યાંત્રિક પુનરાવર્તન કે પુનરુક્તિ દોષ ન સમજે પરંતુ મુમુક્ષુની મહાવાક્યવિચારણા નિઃસંદેહ બને તે હેતુથી જ પુનરાવર્તન કરી અત્રે સમજાવાયું છે.

તત્ત્વમસિ મહાવાક્યમાં મુખ્ય ત્રણ પદ છે. **तत् –त्वम् –असि**

(૧)**तत्** પદ- તત્ પદનો વાચ્યાર્થ અર્થાત્ પદના વાચન માત્રથી અભિપ્રેત થતો અર્થ ઈશ્વર કહેવાય છે. તેનો લક્ષ્યાર્થ અર્થાત્ માત્ર વાચનથી નહીં પરંતુ લક્ષણાવૃત્તિથી અભિપ્રેત થતા અર્થને લક્ષ્યાર્થ કહે છે, તે મુજબ તત્

પદનો લક્ષ્યાર્થ શુદ્ધ બ્રહ્મ છે. આમ અત્રે તત્ પદના બે અર્થ છે, જેમાં તત્ પદનો વાચ્યાર્થ ઈશ્વર એ ઉપાધિયુક્ત અને જગતના કારણત્વને દર્શાવતો અર્થ છે, જ્યારે લક્ષ્યાર્થ નિરુપાધિક અને અધિષ્ઠાન તત્ત્વને સમજાવતો અર્થ છે.

(૨) **त्वम्** પદ- ત્વમ્ પદનો વાચ્યાર્થ જીવાત્મા છે. જે ઉપાધિયુક્ત અને કાર્યત્વ સૂચવે છે. જ્યારે તેનો લક્ષ્યાર્થ કૂટસ્થ સાક્ષી ચૈતન્ય છે, જે અંતરાત્મત્વ અને સાક્ષીત્વનું સૂચક છે.

(૩)**असि** પદ–**असि** પદ મહાવાક્યના તત્ પદ અને ત્વમ્ પદને જોડનારું પદ છે. અર્થાત્ 'તત્ પદ'નો લક્ષ્યાર્થ બ્રહ્મ અને 'ત્વમ્ પદ'નો લક્ષ્યાર્થ સાક્ષી ચૈતન્ય આત્મા એ બન્ને એક જ '**असि**'='છે' તેવું બન્ને પદોના લક્ષ્યાર્થનું ઐક્ય '**असि**'= છે. તેવો અર્થ અભિપ્રેત કરનારું આ પદ છે. તે એવું પણ સૂચિતાર્થ કરે છે કે 'તત્ પદ' અને 'ત્વમ્ પદ'ના લક્ષ્યાર્થમાં કોઈ વિરોધ નથી અગર તેવાં બે વિરોધી દેખાતાં પદો વચ્ચે અવિરોધ છે. તેવું સૂચન કરનારું પદ '**असि**' પદ કહેવાય છે.

પૂર્વેના શ્લોકોમાં મહાવાક્યની ત્રિપુટીનો ઉલ્લેખ કર્યા બાદ આપણે તેના તત્ત્વાર્થને આત્મસાત્ કરવા કોઈ પણ પદ કે શબ્દોમાં રહેલી, તેનો અર્થ અભિપ્રેત કરનારી શક્તિ વિશે વિચારવું પડશે. કોઈ પણ શબ્દમાં છુપાયેલા સામાન્ય અર્થનું જ્ઞાન કરાવવાનું સામર્થ્ય ધરાવતી શક્તિને 'અભિધા' અગર શક્તિવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. 'દેવતા' શબ્દનું શ્રવણ થતાં જ અભિધાશક્તિ કે શબ્દની શક્તિવૃત્તિ દ્વારા રસોડામાં અન્ન પકવતાં અગ્નિરૂપી 'અંગારા' કે 'દેવતા' એવો સામાન્ય અર્થ સમજાય છે. પરંતુ જ્યારે વક્તાના શબ્દોનો સંદર્ભ કે તાત્પર્યરૂપે શબ્દોમાં છુપાયેલો ગર્ભિત કે વિશેષ અર્થ ન સમજાય અને સંદર્ભ બંધ ન બેસે ત્યારે શબ્દોનો ગૂઢાર્થ, લક્ષ્યાર્થ કે તાત્પર્યાર્થ સમજવા માટે સામાન્ય વાચ્યાર્થથી અન્ય અર્થ લક્ષણાશક્તિથી ગ્રહણ કરવો પડશે. આવી લક્ષણાશક્તિવૃત્તિને પદ કે શબ્દનો

લક્ષ્યાર્થ કહે છે. દા.ત. ઉપરના દૃષ્ટાંતમાં 'દેવતા' શબ્દ પ્રયોજેલો છે. તેનો સામાન્ય અર્થ અગ્નિ થાય છે. પરંતુ જો તે શબ્દ, 'આ મનુષ્યમાં બહુ દેવતા છે.' તેવા અર્થમાં વપરાય તો લક્ષણાવૃત્તિ કે લક્ષણાશક્તિ દ્વારા દેવતાનો અર્થ અગ્નિ જેમ બાળી મૂકે, તેવો ક્રોધ થાય છે.

પદ કે શબ્દના ગૂઢાર્થ, ગર્ભાર્થ કે લક્ષ્યાર્થને અભિપ્રેત કરનારી લક્ષણાશક્તિ કે લક્ષણાવૃત્તિના મુખ્ય ત્રણ પ્રકાર છેઃ (૧) જહત્ લક્ષણા, (૨)અજહત્ લક્ષણા, (૩) જહદજહત્ લક્ષણા.

(૧) જહત્ લક્ષણા–જયારે કોઈ પણ પદ કે શબ્દના વાચ્યાર્થનો સંપૂર્ણ ત્યાગ કરવામાં આવે છે અને તે વાચ્યાર્થના સંબંધિત અન્ય સૂચિત અર્થનું ગ્રહણ કરવામાં આવે છે, તેને જહત્ લક્ષણા કહેવાય છે. દા.ત. '**गंगायां घोषः**' 'ગંગામાં ગૌશાળા' 'આ વાક્યમાં ગંગા પદનો વાચ્યાર્થ ગંગા નદીનો જળપ્રવાહ છે. તેથી વાચ્યાર્થના સંદર્ભમાં જળપ્રવાહમાં ગૌશાળા હોય તેવો અર્થ બંધ બેસતો નથી. તેથી અત્રે તેવા વાચ્યાર્થનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ. જળપ્રવાહનો સંબધિત અર્થ અત્રે 'નદીનો કિનારો' એવો થાય છે. તેથી વાચ્યાર્થનો સંબંધિત અર્થ ગ્રહણ કરતાં ગંગા નદીને કિનારે ગૌશાળા છે' એવો અર્થ ગ્રહણ કરવો જોઈએ. આવી રીતે શબ્દ કે પદના વાચ્યાર્થનો ત્યાગ કરી લક્ષણાશક્તિ કે વૃત્તિ દ્વારા અર્થ ગ્રહણ કરાય છે, તેને જહત્ લક્ષણા કહેવામાં આવે છે.

(૨) અજહત્ લક્ષણા–જયારે કોઈ પણ પદ કે શબ્દના વાચ્યાર્થનો ત્યાગ ન કરવો પડે, છતાં વાચ્યાર્થ સાથે સંબંધિત અર્થ કે સૂચિત અર્થને ગ્રહણ કરવામાં આવે, ત્યારે તેવા અધિક ગ્રહાયેલ અર્થથી જે યથાર્થ અર્થ સમજાય તેને 'અજહત્ લક્ષણા' કહેવામાં આવે છે. દા.ત.'**श्वेतो धावति ।**' 'સફેદ દોડે છે.' આ વાક્યમાં વાચ્યાર્થ ધોળો રંગ દોડે છે એવો થાય છે. પરંતુ 'ધોળો દોડે છે' તેમ કહેવું તે અર્થસભર લાગતું નથી અને કંઈક ખૂટે છે અગર ખોટો અર્થ થાય છે, એવું જણાય છે. તેથી ખૂટતા અર્થને ઉમેરવા માટે વાચ્યાર્થનો ત્યાગ કરવાનો નથી પરંતુ તે સંબંધે અધિક અર્થને ગ્રહણ

કરવો જ ઉચિત છે. તેથી 'ધોળો દોડે છે' તેવા વાચ્યાર્થમાં 'ધોળા રંગનો ઘોડો દોડે છે' એવો અર્થ ગર્ભિત રીતે વાક્યમાં છુપાયેલો છે, એમ કહી શકાય. આમ, વાચ્યાર્થમાં અન્ય અધિક અર્થ જે લક્ષણાશક્તિથી જણાય છે તેને અજહ્ત લક્ષણા કહેવામાં આવે છે.

(૩)જહદજહલ્લક્ષણા(જહત્-અજહત્-લક્ષણા) કે ભાગત્યાગલક્ષણા-જ્યારે કોઈ પણ પદ કે શબ્દના વાચ્યાર્થમાંથી કંઈક વિરોધીભાગનો ત્યાગ કરીને તેના સંબંધિત અવિરોધી વાચ્યાર્થ ભાગનું ગ્રહણ કરવામાં આવે છે ત્યારે જે શબ્દશક્તિથી નવો અર્થ મળે છે તેને ભાગત્યાગલક્ષણા કહેવામાં આવે છે. અગર જહદજહલ્લક્ષણા પણ કહેવાય છે. દા.ત. **'सोऽयं देवदत्तः'** 'તે આ દેવદત્ત છે.' આ વાક્યમાં **सः** = તે, શબ્દથી અગાઉના ભિન્ન દેશ-કાળમાં અર્થાત્ દા.ત. ઈ.સ.૧૯૫૧ની સાલમાં કાશી શહેરમાં જોયેલો તે, એવો અર્થ કરી શકાય અને **अयम्** = 'આ' શબ્દથી હાલના દેશ અને કાળમાં અર્થાત્ ૧૯૯૫માં મુંબઈ શહેર કે દેશમાં અત્યારે જોઈએ છીએ તે 'આ'; એવો અર્થ થાય છે. આમ, જેની વાત ચાલે છે તેની પૂર્વેની દેશ-કાળની સ્થિતિ અર્થાત્ ઈ.સ.૧૯૫૧ની કાશીની સ્થિતિ અને અત્યારના દેશકાળની સ્થિતિ અર્થાત્ ઈ.સ.૧૯૯૫ની મુંબઈની સ્થિતિ, ભિન્ન જણાય છે. જેમ કે, પૂર્વે તે નગરશેઠનાં વસ્ત્રાદિમાં કાશીમાં વેપારી તરીકે હતો અને અત્યારે ભગવા વસ્ત્રમાં સંન્યાસી તરીકે મુંબઈમાં છે. આ પ્રમાણે દેશ, કાળ, વસ્ત્ર અને ઉપાધિ વગેરેનો પરસ્પર વિરોધ જણાય છે તે, 'આ' અને 'તે' જેવા શબ્દોના વાચ્યાર્થનો જ વિરોધ છે. પ્રસ્તુત દૃષ્ટાંતમાં નગરશેઠની ઉપાધિ અને સંન્યાસીની ઉપાધિનો જ વિરોધ છે. છતાં એ બન્ને શબ્દોથી નિર્દેશ કરાયેલ વ્યક્તિનું શરીર કે દેવદત્ત તો એકનો એક જ છે. એવો અર્થ ગ્રહણ કરવામાં '**सः** = તે' અને '**अयम्** = આ' બે શબ્દોના વિભિન્ન કે જુદા જુદા દેશ, કાળ, વસ્ત્ર અને ઉપાધિ જેવાં, જે વિરોધી અંશો છે, તેનો ત્યાગ કરવામાં આવે છે. આને વિરોધી અંશોનો જહત્ લક્ષણા વડે ત્યાગ કર્યો છે એમ કહેવાય, તથા **'सः'** અને **'अयम्'** એટલે 'તે' અને 'આ' બન્ને પદ કે શબ્દમાં જે અવિરોધી અંશ દેવદત્ત નામની વ્યક્તિનો

બોધક છે કે લક્ષ્યાર્થ છે, તેનું ગ્રહણ કરવામાં આવે છે. આને અવિરોધી અંશનો અજહત્ લક્ષણા વડે સ્વીકાર કર્યો એમ કહેવાય, આ પ્રમાણે વાચ્યાર્થના વિરોધી અંશ કે ભાગનો ત્યાગ અને લક્ષ્યાર્થના અવિરોધી અંશનો સ્વીકાર કરવાથી સમજાય છે કે, '**सः** = તે' અને '**अयम्** = આ,' બન્ને પદથી જેનો ઉલ્લેખ કર્યો છે, તે દેવદત્ત તો એકનો એક જ છે. એવો અર્થ અભિપ્રેત કરતી લક્ષણાશક્તિ કે લક્ષણાવૃત્તિને ભાગત્યાગ લક્ષણા અગર જહદજહલ્લક્ષણા (જહત્-અજહત્ લક્ષણા) કહેવામાં આવે છે.

હવે આપણે-પ્રસ્તુત શ્લોકગત જે મહાવાક્યના બોધ કે ઉપદેશની વાત ચર્ચવામાં આવી છે તે સંદર્ભમાં ભાગત્યાગ લક્ષણા કે જહત્-અજહત્-લક્ષણા લાગુ પાડીને 'તત્ત્વમસિ' મહાવાક્યનો સૂક્ષ્મ, શાસ્ત્રગત અને શ્રુતિસંમત વેદાન્તવિચારનો પ્રારંભ કરીએ છીએ.

'તત્ત્વમસિ' મહાવાક્યમાં 'તત્' પદનો વાચ્યાર્થ અર્થાત્ ઈશ્વર, જે જગતનું કારણ છે, માયાની ઉપાધિથી માયોપાધિક કે માયાપતિ ઈશ્વર છે, અગર માયા વિશિષ્ટ ચૈતન્ય પણ કહેવાય છે, જે સૂત્રાત્મા, અંતર્યામી તરીકે પણ સંબોધાય છે. ઉપાધિના દૃષ્ટિકોણથી સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વસ્વતંત્ર, સર્વવ્યાપક, એક, સામર્થ્યવાન, કર્માધ્યક્ષ અને કર્મફળદાતારૂપે સર્વેશ્વર છે. આવો તત્ પદનો વાચ્યાર્થ ઈશ્વર માત્ર એક સ્થળે નહીં પરંતુ સર્વ સ્થળે હોવાથી સર્વદેશીય પણ છે. સર્જનહાર કે સૃષ્ટિરચયિતા હોવાથી ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય એમ ત્રણેય કાળે હાજર છે. આવા 'તત્' પદના વાચ્યાર્થની તદ્દન વિરુદ્ધ 'ત્વમ્' પદનો વાચ્યાર્થ છે. 'ત્વમ્' પદનો વાચ્યાર્થ 'જીવાત્મા' થાય છે. અર્થાત્ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવા ત્રણ જેના કાળ છે અને અવિદ્યા જેની ઉપાધિ છે, અલ્પશક્તિમત્વ, અલ્પજ્ઞત્વ, પરિચ્છિન્નત્વ, સૂક્ષ્મત્વ, પરાધીનત્વ, અસમર્થત્વ અને ઈશ્વરનું કાર્યત્વ તથા અનેકત્વ જેવા ગુણધર્મવાળો જીવાત્મા કહેવાય છે. જે 'ત્વમ્' પદનો વાચ્યાર્થ છે. આમ વિચારતાં 'તત્' પદ અને 'ત્વમ્' પદ બન્નેના વાચ્યાર્થમાં વિરોધ જણાય છે. કારણ કે જીવ અને ઈશ્વરના ગુણધર્મો પરસ્પર વિરુદ્ધ છે અને

તેવા ગુણધર્મો જીવ કે ઈશ્વરના મૂળ સ્વરૂપગત ગુણધર્મ નથી. આમ, માયાને લીધે જીવ અને ઈશ્વર બન્ને એકબીજાથી વિરુદ્ધ જણાય છે. તેથી પૂર્વેના ઉદાહરણ '**सोऽयं देवदत्तः ।**'માં જેમ વિરોધી વાચ્યાર્થનો ત્યાગ કરેલો અને અવિરોધી લક્ષ્યાર્થનો સ્વીકાર કરેલો, તેવું કરવું અત્રે પણ યોગ્ય જ છે. તેમ કરવાથી બન્ને પદના વાચ્યાર્થમાં જણાતા વિરોધી ગુણધર્મો કે વિરુદ્ધ ઉપાધિ જેવા અંશોનો ત્યાગ થવાથી '**तत्**' પદ અને '**त्वम्**'પદના વાચ્યાર્થ જીવ કે ઈશ્વર જેવી ઉપાધિનો ત્યાગ થઈ જાય છે અને બન્ને પદમાં જે બચે છે તે નિરુપાધિક લક્ષ્યાર્થ જ હોય છે. તેથી 'તત્ પદ' અને 'ત્વં પદ'ના લક્ષ્યાર્થનું ગ્રહણ કરવું જ અત્રે ઇષ્ટ લેખાશે. કારણ કે-'તત્' પદનો લક્ષ્યાર્થ શુદ્ધ બ્રહ્મ અને 'ત્વમ્' પદનો લક્ષ્યાર્થ સાક્ષી ચૈતન્ય આત્મા છે. આ બન્નેમાં અવિરોધ કે ઐક્ય જોવા મળે છે. માટે અજહત્ લક્ષણા દ્વારા તેવા અર્થને ગ્રહણ કરવો અને જહત્ લક્ષણા દ્વારા વિરોધી અંશનો ત્યાગ કરવો જ ઇષ્ટ છે. આવી રીતે 'તત્' પદ અને 'ત્વમ્' પદના સામાનાધિકરણ્ય દ્વારા જે લક્ષિત અર્થ છે તે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, અદ્વય, એક અને અવિરોધી છે, એવો યથાર્થ અર્થ ગ્રહણ થાય છે.

જેવી રીતે '**सोऽयं देवदत्तः ।**' વાક્યમાં '**सः**' અને '**अयम्**' પદમાં બન્નેનો એક અર્થ ગ્રહણ થાય છે. તેમ '**तत्त्वमसि** ' મહા-વાક્યમાં જહત્-અજહત્ લક્ષણા કે ભાગત્યાગ લક્ષણા દ્વારા વિચાર કરવાથી જીવ અને ઈશ્વર જેવા સોપાધિક વાચ્યાર્થનો, વિરોધી અંશ હોવાને લીધે ત્યાગ થાય છે અને અવિરોધી અંશ શુદ્ધ બ્રહ્મ અને સાક્ષી ચૈતન્ય આત્મા જેવા લક્ષ્યાર્થનો સ્વીકાર થાય છે. અર્થાત્ **तत्** (તે) (માયાની ઉપાધિરહિત) શુદ્ધ પરબ્રહ્મ **त्वम्** (તું) છે અર્થાત્ જીવરૂપી ઉપાધિરહિત સાક્ષી ચૈતન્યરૂપી આત્મા છે અર્થાત્ હે જીવ! તું 'તે' (પરબ્રહ્મ) છે તેમ સ્વીકાર થાય છે.

તાત્પર્યમાં 'તે તું છે' '**तत् त्वम् असि**' એટલે કે 'તે શુદ્ધ બ્રહ્મ જ ઉપાધિમુક્ત જીવ તું છે.' અગર ''હે ઉપાધિમુક્ત જીવ! **त्वम्** = 'તું' જ નિરુપાધિક શુદ્ધ બ્રહ્મ છે'' તેવો અવિરોધી લક્ષ્યાર્થ જ ભાગત્યાગ

લક્ષણા દ્વારા ગ્રહણ કરવો યોગ્ય છે.

'તત્ત્વમસિ' મહાવાક્યના ઉપદેશ દ્વારા તત્ત્વાર્થ આપણે બોધ તો એવો જ લેવાનો કે તત્ એટલે તે શુદ્ધબ્રહ્મ, ઉપાધિનો ત્યાગ થતાં 'હું' જ છું અથવા તત્પદાર્થના લક્ષ્યાર્થના ગ્રહણમાં, ઉપાધિ ત્યજાતા તે શુદ્ધ બ્રહ્મ 'હું' જ છું અને નિરુપાધિક 'હું' જ 'તત્' અર્થાત્ તે શુદ્ધ બ્રહ્મ છું. આવા દૃઢ અપરોક્ષજ્ઞાનથી જ સર્વ દુ:ખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિરૂપી મોક્ષ પ્રાપ્ત થાય છે.

(છંદ-ઉપજાતિ)

**संलक्ष्य चिन्मात्रतया सदात्मनो-**
**रखण्डभावः परिचीयते बुधैः ।**
**एवं महावाक्यशतेन कथ्यते**
**ब्रह्मात्मनोरैक्यमखण्डभावः ॥२५१॥**

| | | | |
|---|---|---|---|
| **बुधैः** | = બુદ્ધિમાનો દ્વારા | **संलक्ष्य** | = લક્ષણાએ કરીને |
| **सदात्मनोः** | = જીવાત્મા અને પરમાત્માનો | **महावाक्यशतेन** | = સેંકડો મહાવાક્યોથી |
| | | **ब्रह्मात्मनोः** | = જીવ-બ્રહ્મની |
| **चिन्मात्रतया** | = ચૈતન્યમાત્ર સ્વરૂપે | **ऐक्यम्** | = એકતા(અને) |
| **अखण्डभावः** | = અખંડભાવ | **अखण्डभावः** | = અખંડભાવ |
| **परिचीयते** | = જાણવામાં આવે છે. | **कथ्यते** | = કહેવામાં આવ્યો છે. |
| **एवम्** | = એ જ પ્રમાણે | | |

'તત્ત્વમસિ' મહાવાક્યની તાત્ત્વિક અને વિચક્ષણ વિચારણા બાદ હવે સમજાવવામાં આવે છે કે આવી વિચારણા શાસ્ત્રસંમત છે, તેથી તેની પ્રામાણિકતા શાસ્ત્રસંદર્ભે સ્વીકારવા યોગ્ય છે. 'તત્ત્વમસિ' જેવા મહાવાક્યમાં લક્ષણા નામની શબ્દશક્તિથી જીવાત્મા અને પરમાત્માને માત્ર ચૈતન્ય સ્વરૂપ જાણીને જ્ઞાનીઓ સમજે છે કે જીવ અને બ્રહ્મ બન્ને એક અને અખંડ છે. આવો મહાવાક્યગત લક્ષ્યાર્થ અન્ય સેંકડો વાક્યોથી સૂચવાય

છે કે જીવ અને બ્રહ્મનું ઐક્ય છે, તે બન્ને અખંડ છે તથા બન્નેનો અભેદ છે. માટે જ્ઞાનીજનોનું અનુસરણ કરી મુમુક્ષુએ પણ જીવ-બ્રહ્મનું અભેદત્વ કે અખંડત્વ જ મહાવાક્યના ઉપદેશ દ્વારા સમજવું અને સ્વીકારવું જોઈએ. એટલું જ નહીં, પરંતુ તેવા અભેદભાવમાં નિષ્ઠા રાખી અભેદભાવે, અભેદ બ્રહ્મનું ચિંતન કરતાં કરતાં અભેદાનુભૂતિ અનુભવવી જોઈએ.

(છંદ-ઉપજાતિ)

**अस्थूलमित्येतदसन्निरस्य**
**सिद्धं स्वतो व्योमवदप्रतर्क्यम् ।**
**यतो मृषामात्रमिदं प्रतीतं**
**जहीहि यत्स्वात्मतया गृहीतम् ।**
**ब्रह्माहमित्येव विशुद्धबुद्ध्या**
**विद्धि स्वमात्मानमखण्डबोधम् ॥२५२॥**

**अस्थूलं इति** = 'સ્થૂળ નથી', વગેરે બૃહદારણ્યક શ્રુતિના વાક્યથી
**एतद् असत् निरस्य** = આ (સ્થૂળતા વગેરે) અસત કલ્પનાનો નિરાસ કરવાથી
**व्योमवत् अप्रतर्क्यम्** = આકાશની જેમ (સર્વત્ર વ્યાપક અને) અતર્ક્ય એવું (આત્મતત્ત્વ)
**स्वतः सिद्धम्** = પોતાની મેળે જ સિદ્ધ થાય છે.
**यतः मृषामात्रं प्रतीतम्** = માટે મિથ્યા માત્ર પ્રતીત થતા,
**यत् इदम्** = જે આ
**स्वात्मतया गृहीतम्** = પોતાના આત્મારૂપે સ્વીકારેલા (દેહ વગેરે છે)
**जहीहि** = (તેને) ત્યાગી દે (અને)
**विशुद्धबुद्ध्या** = અતિ વિશુદ્ધ બુદ્ધિથી
**स्वम्** = પોતાના
**आत्मानम्** = આત્માને

| | |
|---|---|
| **अखण्डबोधम्** | = અખંડ જ્ઞાનસ્વરૂપ |
| **ब्रह्म अहम्** | = બ્રહ્મ 'હું' છું |
| **इति एव विद्धि** | = એમ જ જાણ. |

### બ્રહ્મભાવના

છાંદોગ્ય ઉપનિષદના આધારે 'તત્ત્વમસિ' જેવા મહાવાક્ય ઉપર તાત્ત્વિક, વિચક્ષણ વિચારણા બાદ એવો નિષ્કર્ષ તારવવામાં આવ્યો કે જીવ-બ્રહ્મનો અભેદ જાણી, અભેદ અને અદ્વિતીય એવા બ્રહ્મની અભેદભાવે અભયાનુભૂતિ કરવી જોઈએ. પરંતુ નવા સાધકને સ્વાભાવિક પ્રશ્ન ઉદ્ભવે કે બ્રહ્મની અપરોક્ષાનુભૂતિ, અભેદાનુભૂતિ, અદ્વૈતાનુભૂતિ કે અભયાનુભૂતિ કરવી કઈ રીતે? અગર બ્રહ્મસાક્ષાત્કારનો સીધો સાદો સરળ કે સુગમ ઉપાય કયો? તો તેવી શંકાના સમાધાનાર્થે સાક્ષાત્કારનો અજોડ ઉપાય દર્શાવતા બ્રહ્મભાવના દ્વારા બ્રહ્મવિચાર કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. અભેદભાવે બ્રહ્મભાવના કેવી રીતે કરવી અને તેનું ફળ શું? વગેરે વિસ્તારથી હવે પછીના લગભગ તેર(૧૩) શ્લોકો દ્વારા સમજાવે છે.

બ્રહ્મભાવના એટલે જ લૌકિક અર્થમાં આત્મવિચાર કે બ્રહ્મવિચારણા. બ્રહ્મભાવનાનો અર્થ ધ્યાન નહીં પરંતુ ધ્યાનનો પ્રયત્ન, જેને નિદિધ્યાસન કહેવામાં આવે છે. આવું નિદિધ્યાસન બ્રહ્માકાર કે અખંડાકારવૃત્તિ દ્વારા કરવું હિતાવહ છે, જેને સજાતીયવૃત્તિપ્રવાહનો અખંડિત, અસ્ખલિત, તૈલધારાવત અતૂટ કે નિરંતર વિચારપ્રવાહ કહેવાય છે. તેવા સજાતીય અર્થાત્ માત્ર આત્મધર્મને કે આત્માના સ્વરૂપને, લક્ષણને દર્શાવતા વિચારોનો અનરાધાર વર્ષા જેવો મારો ચલાવવાનો કે જેથી વિજાતીયવૃત્તિપ્રવાહના કે અનાત્માના વિચારો ત્યાં ટકી શકે નહીં અને સજાતીયવૃત્તિપ્રવાહના પ્રબળ જળપ્રપાત જેવા વિચારસમૂહમાં પ્રવેશ પણ પામી શકે નહીં. તેવી વિચારણાને વર્ણવતા શંકરાચાર્યજી અપરોક્ષાનુભૂતિમાં જણાવે છે કે

**सजातीयप्रवाहश्च विजातीय तिरस्कृतिः ।**

આવી જ આત્મવિચારણા કે બ્રહ્મભાવનાને શ્રી રમણમહર્ષિ

આત્મસંશોધન કે તૈલધારાવત થતું સરલચિંતન કહે છે.

"**आज्यधारया स्रोतसा समं सरलचिंतनम् ।**" જ્યારે આત્મસાક્ષાત્કારનો અંતિમ અજોડ ઉપાય દર્શાવતા ઋષિ યાજ્ઞવલ્ક્ય આવી બ્રહ્મભાવનાને નિદિધ્યાસન નામે ઓળખાવે છે.

"**आत्मा वारे दृष्टव्यः श्रोतव्यः मन्तव्यः निदिध्यासितव्यः ।**"

(બૃહદારણ્યકોપનિષદ-૨/૪/૫)

" આત્મા સાક્ષાત્કાર કરવા યોગ્ય છે, પણ તેવું સામર્થ્ય જેને પ્રાપ્ત નથી જેનો સંસ્કારગત અધિકાર ઊણો કે ઓછો પડે છે, તેણે જ્ઞાનચક્ષુ અનુપલબ્ધ હોવાથી શ્રવણ દ્વારા પ્રયત્ન કરવો જોઈએ અને શ્રવણરૂપી સાધનની મદદથી જે કોઈ આવો સાક્ષાત્કાર ન કરી શકે તેણે મનન દ્વારા પુરુષાર્થ કરવો. આમ છતાં, જો અપરોક્ષાનુભૂતિ ન થાય તો અંતે નિદિધ્યાસન જેવા પ્રબળ સાધનની કે પ્રક્રિયાની મદદ લેવી." અત્રે સ્પષ્ટ થયું કે શ્રવણ, મનન કે નિદિધ્યાસન એ કંઈ ક્રમ નથી, પરંતુ અધિકારપર્યાય છે. માટે ક્રમ પ્રમાણે કોઈ સાધક ઊંચો કે નીચો હોતો નથી, પરંતુ ગતજન્મના સંસ્કારગત અધિકાર અને અભિરુચિને ધ્યાનમાં રાખી આવો સંદેશ અપાયો છે. આવા નિદિધ્યાસનના સંદેશમાં પણ અંતે તો બ્રહ્મભાવનારૂપી આત્મચિંતન જ અભિપ્રેત કે અભીષ્ટ છે. આવી બ્રહ્મભાવના આપણે લગભગ તેર શ્લોકમાં વિચારવાની છે. બ્રહ્મભાવનાની આંશિક નહીં પરંતુ પૂર્ણ સફળતાની પ્રાપ્તિ માટે અત્રે પ્રથમ ત્રણ શ્લોક દ્વારા બ્રહ્મના સ્વરૂપલક્ષણની સ્પષ્ટતા કરી છે અને વિચારોની તેવી સ્પષ્ટતા પછી બ્રહ્મવિચારનું સાતત્ય અખંડિત રાખવા તત્પશ્ચાત્ દસ શ્લોક દ્વારા બ્રહ્મભાવનાની પ્રક્રિયા સમજાવી છે.

અનાત્મા કે અબ્રહ્મનું ભૂલથી પણ ચિંતન ન થાય અને બ્રહ્મભાવનાને સ્પષ્ટ દિશાસંકેત આપવા માટે, બ્રહ્મના લક્ષણની સ્પષ્ટતા કરતા બૃહદારણ્યક ઉપનિષદનું અવતરણ ટાંકી જણાવ્યું છે કે **अस्थूलमनण्वहस्वमदीर्घमलोहितमस्नेहमच्छायमतमोऽवाय्वनाकाशमसङ्गम्।**

(બૃહદારણ્યકોપનિષદ-૩/૮/૮)

"(તે બ્રહ્મ) સ્થૂળ નથી, સૂક્ષ્મ નથી, લઘુ નથી, લાંબુ નથી, રાતું નથી, ચીકણું નથી, છાયાવાળું નથી, અંધારાવાળું નથી, વાયુ વગરનું છે, આકાશવાળું નથી, સંગરહિત છે." આવા શ્રુતિ ઉપદેશથી બ્રહ્મતત્ત્વ શું શું નથી તેવું નિષેધાત્મક રીતે જણાવી એવો સંકેત આપવામાં આવ્યો છે કે બ્રહ્મ સર્વ સાપેક્ષતાથી મુક્ત છે. ઉપરાંત મોટું અને નાનું, ટૂંકું અને લાંબુ, સ્થૂળ અને સૂક્ષ્મ જેવા દ્વંદ્વોથી રહિત છે. તેવું માત્ર ન સમજાવતા સ્પષ્ટ કર્યું છે કે સ્થૂળ-સૂક્ષ્મ જેવાં દ્વન્દ્વ અને નિત્ય-અનિત્ય જેવી સાપેક્ષતાથી સભર જે જગત છે, તે જગત પણ બ્રહ્મમાં નથી, કારણ કે જગતના ધર્મોથી બ્રહ્મતત્ત્વ વિલક્ષણ અને અસંગ છે. ઉપરાંત બ્રહ્મતત્ત્વ તો શ્લોકમાં જણાવ્યું છે તેમ **स्वतः सिद्धम्** છે. અર્થાત્ બ્રહ્મતત્ત્વની પ્રતીતિ અનુભૂતિ કે સિદ્ધિ, બ્રહ્મથી અન્ય સાધનથી થતી નથી પરંતુ બ્રહ્મતત્ત્વ પોતે જ પોતાને નિરપેક્ષ રીતે જાહેર કરે છે. બ્રહ્મ, સ્વયંપ્રકાશ છે અને અન્યનો પ્રકાશક છે, તે જ તેની સિદ્ધિ છે. ઉપરાંત તે વ્યોમવત અર્થાત્ આકાશની જેમ સર્વવ્યાપક, સૂક્ષ્મ અને અસંગ છે. બ્રહ્મ **अप्रतर्क्यम्** છે, અર્થાત્ તર્ક દ્વારા ન જણાય તેવું, મન, બુદ્ધિથી ન ગ્રહાય તેવું પ્રત્યક્ષ અને પરોક્ષજ્ઞાનથી પર હોવાથી તેને અપ્રતર્ક્યમ્ કહ્યું છે. આવું બ્રહ્મતત્ત્વ અંતઃકરણની શુદ્ધિરૂપી પ્રસાદ પ્રાપ્ત થતાં કે અધિકારનો ઉદય થતાં પોતે જ પોતાની મેળે પોતાને પ્રકાશે છે.

"**आत्मा विवृणुते तनुं स्वाम्**" (મુંડકશ્રુતિ/૩/૨/૩)

"આ આત્મા પોતાના સ્વરૂપને વ્યક્ત કરી દે છે માટે તું તારા બ્રહ્મસ્વરૂપને જાણવા અને અનાત્માના વિચાર ત્યાગવા કે વિજાતીયવૃત્તિપ્રવાહને તોડવા જગતમાં જે કંઈ '**इदम्**' દ્વારા કે 'આ' 'આ' તરીકે જણાય છે તેવા સંપૂર્ણ દૃશ્યપ્રપંચને મૃગજળ જેમ મિથ્યા પ્રતીતિવાળું જાણી તેનો ત્યાગ કર. તેવો સંદેશ આપવા શ્લોકમાં જણાવ્યું છે કે "**अतो मृषामात्रमिदं प्रतीतं जहीहि**" ઉપરાંત જે દેહાદિને તેં તારા આત્મા તરીકે જાણી, તેમાં આસક્તિ કરી છે, તે સર્વને મિથ્યા સમજી, તારા આત્માને અખંડ જ્ઞાનસ્વરૂપે તું જાણ. તથા 'હું બ્રહ્મ છું', એમ શુદ્ધ કે સૂક્ષ્મબુદ્ધિથી સ્વીકારી લે. "**ब्रह्माहमित्येव विशुद्ध बुद्ध्या विद्धि**"

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

मृत्कार्यं सकलं घटादि सततं मृण्मात्रमेवाभितः
तद्वत् सज्जनितं सदात्मकमिदं सन्मात्रमेवाखिलम् ।
यस्मान्नास्ति सतः परं किमपि तत्सत्यं स आत्मा स्वयं
तस्मात् तत्त्वमसि प्रशान्तममलं ब्रह्माद्वयं यत्परम् ॥२५३॥

| | |
|---|---|
| घटादि | = (જેમ) ઘડો વગેરે |
| सकलं मृत्कार्यम् | = સર્વ માટીનું કાર્ય |
| सततं अभितः | = સદાકાળ ચારેબાજુ |
| मृण्मात्रं एव | = માત્ર માટી જ છે. |
| तद्वत् सत् जनितम् | = તેમ સતથી ઉત્પન્ન થયેલું (અને) |
| सदात्मकं इदं अखिलम् | = સતરૂપ એવું આ સર્વ કાંઈ |
| सन्मात्रं एव | = સત જ છે. |
| यस्मात् | = કારણ કે |
| सतः परं किं अपि न अस्ति | = સતથી ભિન્ન કાંઈ પણ નથી |
| तत् सत्यम् | = (અને) જે સત્ય છે, |
| सः आत्मा स्वयम् | = તે આત્મા પોતે જ છે. |
| तस्मात् | = માટે |
| यत् परम् | = જે પરમ, |
| अद्वयं प्रशान्तम् | = અદ્વય, પ્રશાંત |
| अमलं ब्रह्म | = નિર્મલ બ્રહ્મ છે |
| तत् त्वं असि | = તે તું છે. |

હવે મુમુક્ષુને બ્રહ્મભાવનામાં નિઃસંદેહ રીતે પ્રવૃત્ત કરવા સદૃષ્ટાંત સમજાવવામાં આવે છે કે કેવી રીતે તે બ્રહ્મથી અભેદ છે.

જેવી રીતે માટીરૂપી કારણથી જન્મેલ ઘડો, ઈંટ, નળીયાં, કોડિયાં આદિ સમસ્ત કાર્યવર્ગ સર્વ રીતે સદાકાળ માત્ર માટીરૂપે જ રહેલું છે અર્થાત્

કારણરૂપી માટી કાર્યરૂપી ઘટાદિમાં ઉપર-નીચે, આજુ-બાજુ, સર્વપ્રકારે, સર્વવ્યાપી જ છે અને તેમ હોવાથી ઘડામાં કાર્યરૂપે અનુસ્યૂત છે, તેથી ઘટાદિ માટીથી તસુભર જુદાં થઈ શકે નહીં અને છે પણ નહીં. આમ, કાર્ય અને કારણ બન્ને એક જ છે, એ ન્યાયે સમજવું કે સત આત્મારૂપી અધિષ્ઠાન દ્વારા નીપજેલું કે ઉપજેલું આરોપરૂપે જણાતું અખિલ જગત સતરૂપે જ છે. કારણ કે જગતરૂપી આરોપની અધિષ્ઠાનથી ભિન્ન સ્વતંત્ર સત્તા સંભવતી નથી. ઉપરાંત જગતના પ્રત્યેક નામ અને આકારમાં સત્તા અને સ્ફૂર્તિ તરીકે તો અધિષ્ઠાન આત્મા કે બ્રહ્મ જ છે. તેથી જગતના પ્રત્યેક પદાર્થોમાં સત આત્મા સિવાય અન્ય કાંઈ છે જ નહીં. તેથી શ્લોકાર્થમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે **''यस्मान्नास्ति सतः परं किमपि''**

આ જ નિઃસંદેહ સત્ય છે અને આવું સત્તત્ત્વ જ આત્મા છે. માટે નિઃસંદેહ સમજી લે કે જે આત્મા કે બ્રહ્મ પ્રશાંત, નિર્મળ, અદ્વિતીય અને દેશ-કાળ-વસ્તુથી અપરિચ્છિન્ન હોઈ પરમતત્ત્વ છે, **तत् त्वम् असि** 'તે તું જ છે.'

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**निद्राकल्पितदेशकालविषयज्ञात्रादि सर्वं यथा**
**मिथ्या तद्वदिहापि जाग्रति जगत्स्वाज्ञानकार्यत्वतः ।**
**यस्मादेवमिदं शरीरकरणप्राणाहमाद्यप्यसत्**
**तस्मात्तत्त्वमसि प्रशान्तममलं ब्रह्माद्वयं यत्परम् ॥२५४॥**

**यथा निद्राकल्पित–** = જેમ ઊંઘમાં (સ્વપ્નમાં) કલ્પિત
**देश–काल–विषय–ज्ञात्रादि**= દેશ, કાળ, વિષય અને એ બધાનો જ્ઞાતા વગેરે
**सर्वं मिथ्या** = બધું જ મિથ્યા છે.
**तद्वत् जाग्रति इह अपि** = તેમ જાગ્રત અવસ્થામાં પણ
**जगत्** = (આ) જગત
**स्व–अज्ञानकार्यत्वतः** = પોતાના અજ્ઞાનનું જ કાર્ય હોવાથી(મિથ્યા છે.)

| | |
|---|---|
| **यस्मात्** | = માટે |
| **इदं शरीर–करण–प्राण–अहमादि** | =આ શરીર, ઇન્દ્રિયો, પ્રાણ, અહંકાર વગેરે |
| **अपि असत् एव** | = પણ અસત જ છે. |
| **तस्मात्** | = તેથી |
| **यत् प्रशान्तं अमलम्** | = જે પ્રશાંત, નિર્મળ |
| **अद्वयम्** | = અદ્વિતીય |
| **परं ब्रह्म** | = પરબ્રહ્મ છે, |
| **तत् त्वं असि** | = તે તું જ છે. |

જેવી રીતે નિદ્રા સમયે અનુભવાયેલ સ્વપ્નસૃષ્ટિમાં સ્વપ્ન-સૃષ્ટિના વિષયો, પદાર્થો, સ્વપ્નનો કાળ અને સ્વપ્નસૃષ્ટિનો દેશ કે સ્થળ, જાગ્રતમાં રહેતા નથી, પરંતુ જાગ્રતમાં સૌનો અભાવ સર્જાય છે. માટે સ્વપ્નસૃષ્ટિગત દેશ, કાળ અને વિષય સર્વ કાંઈ સત નથી પરંતુ કલ્પિત કે મિથ્યા હોવાથી પ્રાતિભાસિક સત્તાવાળું છે. એ તો સૌને સમજાય છે પરંતુ સ્વપ્નસૃષ્ટિના કલ્પિત પદાર્થોનો દૃષ્ટા કે સૂક્ષ્મ પદાર્થોનો ભોક્તા કે અસત વિષયોનો જે જ્ઞાતા છે, તે પણ મિથ્યા કે અસત જ છે. કારણ કે સ્વપ્નનો સંપત્તિવાન જાગ્રતકાળે તેવો રહેતો નથી અગર સ્વપ્નમાં ભૂખ્યો હોય છતાં જાગ્રતમાં વ્યક્તિ પોતાને તૃપ્ત જાણે છે. માટે સ્વપ્નસૃષ્ટિનો જ્ઞાતા અને જ્ઞેય પદાર્થો, બન્ને મિથ્યા છે. તે જ પ્રમાણે જાગ્રત અવસ્થા માટે પણ સમજવાનું કે જાગ્રતકાળે અવિદ્યા કે અજ્ઞાનથી સત્ય મનાયેલું નામરૂપાત્મક જગત કંઈ આત્મજ્ઞાન કાળે સત્ય રહેતું નથી. પરંતુ અનિત્ય અને મિથ્યા જ જણાય છે. જાગ્રતમાં અનુભવાયેલ સૃષ્ટિ પણ જાગ્રતકાળે જ સત્ય જેવી ભાસે છે. તે સ્થૂળસૃષ્ટિ, સ્થૂળપદાર્થોનો સ્વપ્નમાં કે સુષુપ્તિમાં સાથ-સંગાથ હોતો નથી, માટે પણ જાગ્રતમાં અનુભવાયેલું સ્થૂળ જગત સત્ય હોઈ શકે નહીં. આ ઉપરથી સમજાય છે કે દેહાત્મબુદ્ધિ દ્વારા અજ્ઞાનદશામાં સત તરીકે જણાયેલા દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને અહંકારાદિ વગેરે કંઈ જ્ઞાનકાળે કે આત્મસાક્ષાત્કાર સમયે સત તરીકે અનુભવાતા નથી. એ તો ઠીક, પરંતુ જ્ઞાનદશામાં તો તે

સૌનો બાધ થઈ જાય છે. આમ, સ્વપ્નના પદાર્થોની જેમ જાગ્રતના પદાર્થો અને દેહાદિનું અનિત્યત્વ કે મિથ્યાત્વ સમજાય છે માટે પ્રશાંત, નિર્મળ, અદ્વિતીય અને દેશ-કાળ-વસ્તુથી અપરિચ્છિન્ન એવું જે બ્રહ્મતત્ત્વ છે **तत् त्वम् असि** 'તે તું જ છે' એવો સાક્ષાત્કાર કર.

(છંદ-રથોદ્ધતા)

**जातिनीतिकुलगोत्रदूरगं**
**नामरूपगुणदोषवर्जितम् ।**
**देशकालविषयातिवर्ति यद्**
**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२५५॥**

| | |
|---|---|
| **यत्** | = જે |
| **जाति-नीति-कुल-गोत्र दूरगम्** | = જાતિ, નીતિ, કુલ, ગોત્રથી દૂર છે, |
| **नाम-रूप-गुण-दोषवर्जितम्** | = નામ, રૂપ, ગુણ અને દોષથી રહિત છે |
| **देश-काल-विषय-अतिवर्ति** | = દેશ, કાળ, વિષયોના સંબંધથી રહિત છે |
| **तत् ब्रह्म** | = તે બ્રહ્મ |
| **त्वं असि** | = તું છે |
| **आत्मनि** | = (એમ) પોતાના અંતઃકરણમાં |
| **भावय** | = ભાવના કર. |

બ્રહ્મતત્ત્વ સંબંધે ચિંતન કરવા બ્રહ્મસ્વરૂપની ત્રણ શ્લોક દ્વારા સ્પષ્ટતા કરવામાં આવ્યા બાદ હવે પૂર્વે જણાવ્યું છે તેમ બ્રહ્મભાવના, નિદિધ્યાસન, આત્મચિંતન કે આત્મવિચારણા કેવી રીતે કરવી તેની સૂક્ષ્મ પ્રક્રિયા સજાતીયવૃત્તિપ્રવાહ દ્વારા કેવી રીતે કરવામાં આવે છે તેનો ખ્યાલ હવે પછીના દસ શ્લોક દ્વારા આપવામાં આવે છે.

બ્રહ્મતત્ત્વ જાતિ, નીતિ અને કુળ-ગોત્રથી રહિત છે. બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય કે શૂદ્ર વગેરે જાતિઓ અને તેમના ધર્મો જન્મેલા સ્થૂળ શરીરના

છે, બ્રહ્મ કે આત્માના નહીં. માટે જાતિ, કુળ કે ગોત્રનું ચિંતન છોડી, અજન્મા અને અવિનાશી બ્રહ્મને જાતિ, કુળ કે ગોત્રના ધર્મથી અસંગ જાણી તેનો જ વિચાર કરવો ઇષ્ટ છે. તે જ પ્રમાણે શુદ્ધ બ્રહ્મમાં નામ, આકાર કે ગુણદોષ છે જ નહીં. જેમ નામરૂપાદિ આરોપ છે તેમ ગુણ અને દોષ સૂક્ષ્મ શરીર પર આરોપ છે. જ્યારે બ્રહ્મતત્ત્વ તો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણશરીરથી વિલક્ષણ હોય છે. શરીરના ધર્મો પણ બ્રહ્મતત્ત્વને સ્પર્શતા નથી. ઉપરાંત બ્રહ્મતત્ત્વ તો દેશની સીમાઓથી પર હોઈ સર્વવ્યાપ્ત છે, કાળની કેદથી મુક્ત હોઈ કાળાતીત છે, વિષયભેદ અને આસક્તિરહિત હોઈ અભેદ અને અસંગ છે. માટે બ્રહ્મવિચારણામાં દેશ, કાળ, વસ્તુ કે વિષયની પરિચ્છિન્નતાનો ત્યાગ કરી નિત્ય, નિરંતર અભેદભાવે અખંડાકારવૃત્તિ દ્વારા વિચાર કર કે જે બ્રહ્મ જાતિ, નીતિ, કુળ, ગોત્ર, નામ, રૂપ, ગુણ, દોષ તથા દેશ, કાળ અને વિષયથી વિલક્ષણ, ન્યારું અને ભિન્ન છે; તે અનાદિ, અનંત બ્રહ્મ તું જ છે. આવા ઉપદેશનો સંકેત સમજી મુમુક્ષુએ બ્રહ્મભાવના કરતી વખતે તૈલધારાવત વિચારવું કે 'કુળ, ગોત્ર કે જાતિ; નામ, રૂપ કે ગુણ તથા દેશ, કાળ ઇત્યાદિથી અસંગ બ્રહ્મ હું જ છું. '**ब्रह्म अहमस्मि इति**' અને હું બ્રહ્મ જ છું, તેથી અન્ય કંઈ જ નથી.'

(છંદ-રથોદ્ધતા)

**यत् परं सकलवागगोचरं**
**गोचरं विमलबोधचक्षुषः ।**
**शुद्धचिद्घनमनादि वस्तु यद्–**
**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२५६॥**

| | |
|---|---|
| **यत्परम्** | = જે (પ્રકૃતિથી) પર |
| **सकल–वाक्–अगोचरम्** | = બધી વાણીથી અગોચર (હોવા છતાં) |
| **विमल–बोधचक्षुषः गोचरम्** | = નિર્મલ જ્ઞાનચક્ષુથી જાણી શકાય છે. |

**यत् शुद्ध–चिद्घनं–अनादि वस्तु** = (અને) જે શુદ્ધ, ચેતનમય, અનાદિ વસ્તુ છે.

**तत् ब्रह्म त्वं असि** = તે બ્રહ્મ તું જ છે

**आत्मनि भावय** = (એમ) અંતઃકરણમાં ભાવના કર.

બ્રહ્મ પરમ છે અર્થાત્ માયાના સત્ત્વ, રજસ અને તમસ આદિ ગુણથી અસંગ છે તેથી ગુણાતીત છે અને માટે જ વાણીનો અવિષય હોઈ અવર્ણનીય અને વાચાતીત કહેવાય છે. તેથી માત્ર નિર્મળ જ્ઞાનરૂપી ચક્ષુથી જ જાણવું શક્ય છે. ઉપરાંત જે શુદ્ધ ચૈતન્યઘનસ્વરૂપ, અનાદિ આત્મવસ્તુ છે, 'તે જ બ્રહ્મ તું છે', એવી બ્રહ્મભાવના નિરંતર કર.

આવા ઉપદેશથી સાધકે અનાત્માના વિચારને મનમાં લેશમાત્ર પ્રવેશ આપ્યા વિના સતત આત્મચિંતન કરવું કે માયાથી જન્મેલા ભૌતિક પદાર્થો હું નથી અને તે જ પ્રમાણે અવિદ્યાજન્ય જીવસૃષ્ટિના પ્રિય પાત્રો કે દેહાદિ પણ હું નથી અને તે મારા નથી. હું તો વાણીના વિસ્તારથી પર છું, વાણી ન પહોંચી શકે તેવો અવર્ણનીય છું. મુજ વાચાતીતનો નિર્દેશ કરવા ઇન્દ્રિયો, મન, બુદ્ધિ કે વાણી અસમર્થ છે. તદુપરાંત હું તો મારી શુદ્ધ કે દોષયુક્ત વાણીનો દ્રષ્ટા કે સાક્ષી છું. વાણી તો દૃશ્ય કે જ્ઞેય છે. માટે જો હું વાણીનો દ્રષ્ટા કે જ્ઞાતા હોઈ સ્વયં વાણીથી વિલક્ષણ છું, તો સ્પષ્ટ થાય છે કે વાણીનિર્દેશિત વાણીનો વિષય તો ન જ હોઈ શકું. આમ, મન, બુદ્ધિ કે વાણીનો અવિષય હું; તે સૌથી અગોચર એવો હું; અવર્ણનીય અને અપ્રમેય છું. આવા મારા અનિર્વાચ્ય આત્મસ્વરૂપને કે શુદ્ધ ચૈતન્યમય બ્રહ્મસ્વરૂપને તો માત્ર જ્ઞાનરૂપી ચક્ષુથી જ જાણી શકાય તેમ છે અને તે પણ જયારે જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયની ત્રિપુટી નષ્ટ થાય ત્યારે જ મારા બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકે. તે શુદ્ધ ચૈતન્યઘનસ્વરૂપ અનાદિ તત્ત્વ જ હું છું અગર તે બ્રહ્મતત્ત્વ જ મારો અંતરાત્મા છે. હું અને બ્રહ્મ બે અભેદ છીએ. બ્રહ્મ અને હું એક અને અદ્વિતીય છીએ માટે જ અજર, અમર, અવિનાશી અને અનાદિ બ્રહ્મતત્ત્વ હું જ છું એ નિર્વિવાદ છે.

(છંદ-રથોદ્ધતા)

**षड्भिरूर्मिभिरयोगि योगिहृद्-**
**भावितं न करणैर्विभावितम् ।**
**बुद्ध्यवेद्यमनवद्यभूति यद्**
**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२५७॥**

**षड्भिः ऊर्मिभिः** = જે છ વિકારોથી (ક્ષુધા-તૃષા-શોક-મોહ-જરા-મૃત્યુ)
**अयोगि** = રહિત છે,
**योगिहृद् भावितम्** = (જેની) યોગિઓ હૃદયમાં ભાવના કરે છે,
**करणैः न विभावितम्** = (જે) ઇન્દ્રિયોથી પકડાતું નથી.
**बुद्ध्या अवेद्यम्** = (જે) બુદ્ધિથી જાણવું અશક્ય (અને).
**अनवद्यभूति** = નિર્દોષ ઐશ્વર્યવાળું
**यत् ब्रह्म** = જે બ્રહ્મ છે.
**तत् त्वं असि** = તે તું છે
**आत्मनि भावय** = (એમ) અંતઃકરણમાં ભાવના કર.

જો હું બ્રહ્મ છું, તો નિશ્ચિત હું છ ઊર્મિઓના સંગથી રહિત છું. કારણ કે એ ઊર્મિઓ તો સ્થૂળદેહ, પ્રાણ અને મન સાથે સંકળાયેલી છે. ઘડપણ અને મૃત્યુ એ શરીરની બે ઊર્મિઓ છે જ્યારે ભૂખ અને તરસ એ બે ઊર્મિઓ પ્રાણની છે અને અન્ય શોક અને ભ્રમ જેવી ઊર્મિઓ મનની છે. પરંતુ અસંગ બ્રહ્મ એવો હું સ્થૂળ શરીર, પ્રાણ અને મનના ધર્મોથી ભિન્ન, ન્યારો અને વિલક્ષણ હોવાથી ઉપરોક્ત છમાંથી કોઈ પણ ઊર્મિ હું નથી કે નથી તે મારી. માટે ન હોય મારે શોક કે ભ્રમ, ન પીડા થાય મને ભૂખ કે તરસથી, ન સ્પર્શે મને આધિ કે વ્યાધિથી ગ્રસિત થયેલું ઘડપણ કે મુજ અનાદિ, અનંત બ્રહ્મની પાસે ન પહોંચી શકે મરણ. માટે જ યોગિઓ પણ હૃદયમાં મુજ બ્રહ્મતત્ત્વનું જ ધ્યાન ધરે છે. કારણ કે હું બુદ્ધિ કે ઇન્દ્રિયથી જાણવો અશક્ય છું, નિર્દોષ છું. માટે જ મુમુક્ષુઓને ઉપદેશાય છે કે એવું

જે બ્રહ્મતત્ત્વ છે, 'તે તું જ છે', એવી તું બ્રહ્મભાવના કર.
'यद् ब्रह्म तत्त्वमसि भावयात्मनि ।'

(છંદ-રથોદ્ધતા)

**भ्रान्तिकल्पितजगत्कलाश्रयं**
**स्वाश्रयं च सदसद्विलक्षणम् ।**
**निष्कलं निरुपमानमृद्धिमद्**
**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२५८॥**

| | |
|---|---|
| **भ्रान्ति–कल्पित–जगत्कलाश्रयम्** | = (જે) ભ્રાન્તિ વડે કલ્પિત જગતની કલ્પનાના અધિષ્ઠાનરૂપ |
| **स्वाश्रयम्** | = બીજા કોઈનો પણ આધાર ન રાખવાવાળું, |
| **सत्–असत्–विलक्षणम्** | = સત અને અસત બન્નેથી ભિન્ન, |
| **निष्कलम्** | = અવયવ વગરનું |
| **निरुपमानं च** | = ઉપમારહિત અને |
| **ऋद्धिमत्** | = પરમ ઐશ્વર્યસંપન્ન |
| **ब्रह्म** | = બ્રહ્મ છે |
| **तत् त्वं असि** | = તે તું છે (એમ) |
| **आत्मनि भावय** | = અંતઃકરણમાં ભાવના કર. |

બ્રહ્મભાવના અતૂટ રીતે કરી શકાય તે માટે સંકેત આપતાં જણાવાયું છે કે ભ્રાંતિથી કલ્પાયેલા જગતનું જે આશ્રય, આધાર કે અધિષ્ઠાન છે અને જેનો આશ્રય અન્ય કોઈ નહીં પણ પોતે જ છે અર્થાત્ અન્યને આધાર આપનારું છતાં સ્વયં નિરાશ્રયી છે, સત અને અસત જેવા લક્ષણોથી રહિત છે અર્થાત્ વ્યક્ત અને અવ્યક્ત જેવી સાપેક્ષતાથી મુક્ત છે, નિરવયવી અને નિરુપમેય છે, સકળ સમૃદ્ધિવાન છે, તેવું જે બ્રહ્મતત્ત્વ છે, તે તું જ છે, એવી તું મનમાં નિરંતર બ્રહ્મભાવના કર.

તેથી બ્રહ્મભાવનામાં નિમગ્ન થનારો સતત બ્રહ્મભાવે વિચારે છે કે હું વાસ્તવમાં નથી કોઈનો આધાર કે આશ્રયદાતા. કારણ કે જગત જેવું જે કંઈ દૃશ્ય છે તે તો કલ્પિત કે ભ્રાંતિજન્યનો આધાર ભ્રાંતિકાળે જ હોય. હું તો નિર્ભ્રાન્ત છું, મારા શુદ્ધ સ્વરૂપમાં નથી ભ્રાંતિ કે નથી જગત. તો મારે જગતનાશની અપેક્ષા ક્યાં કે ભવબંધન તોડવાની આકાંક્ષા કેવી? નથી મારે ભવસાગર કે તેથી તરણનો હું પુરુષાર્થ કરું. મારે માટે નથી કંઈ સત કે વ્યક્ત જેને પકડું, નથી કંઈ અસત કે અવ્યક્ત જેવું, જેને હું છોડી શકું. આમ, હું તો અવયવ વગરનો, ઉપમા ન આપી શકાય તેવો, સકળ સમૃદ્ધિસભર, ગ્રહણ અને ત્યાગથી પર છું. મુજ એક અને અદ્વિતીય બ્રહ્મમાં કેવું ગ્રહણ કે કોનો ત્યાગ? મુજ અખંડ, અસંગ બ્રહ્મમાં નથી કંઈ જડ કે વિનાશી કે જેને ત્યાગી શકું, નથી ચેતન જીવ કે જેને પકડી શકું. હું આવાગમનથી મુક્ત, બંધ મોક્ષથી ન્યારો, નિત્યમુક્ત, નિરપેક્ષ બ્રહ્મ છું.

(છંદ–રથોદ્ધતા)

**जन्मवृद्धिपरिणत्यपक्षय–**
**व्याधिनाशनविहीनमव्ययम् ।**
**विश्वसृष्ट्यवनघातकारणं**
**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२५६॥**

**जन्म–वृद्धि–परिणति–अपक्षय–** = (જે) જન્મવું, વધવું, બદલાવું, ક્ષય પામવું,
**व्याधि–नाशनविहीनम्** = રોગી થવું અને મૃત્યુ પામવું આ છ વિકારોથી રહિત,
**अव्ययम्** = અવિનાશી
**विश्व–सृष्टि–अवन–घातकारणम्** = જગતની ઉત્પત્તિ, રક્ષણ તથા નાશનું કારણ
**ब्रह्म** = બ્રહ્મ (છે.)

**तत् त्वं असि** = તે તું છે (એમ)
**आत्मनि भावय** = અંતઃકરણમાં ભાવના કર.

મારે નથી જન્મ તેથી શૈશવ, બાલ્યાવસ્થા કે યુવાની જેવી વૃદ્ધિ પણ મારે હોઈ શકે નહીં. તે જ પ્રમાણે **परिणति** અર્થાત્ પરિવર્તન કે પરિણામ જેવું પણ મને હોઈ શકે નહીં. કારણ કે જો હું શરીર નથી તો મારી ઇન્દ્રિયોમાં, મનમાં, વિચારોમાં પરિવર્તન કેવું? ન આવે મને અંધાપો કે બહેરાશ. તે જ પ્રમાણે અશરીરી હોવાથી ન હોય મુજમાં **अपक्षय** અર્થાત્ ક્ષય પામવું કે વિનાશ થવો. રોગ કે વ્યાધિ દ્વારા થનારો નાશ પણ મને સ્પર્શ કરી શકે નહીં. માટે જ અવિનાશી એવું બ્રહ્મ હું, **जन्म, वृद्धि, परिणति,अपक्षय, व्याधि** અને **नाश** જેવા વિકારોથી રહિત હોઈ અવ્યય છું. તે ઉપરાંત જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનું જે કાંઈ કારણ છે તે કારણ અન્ય કોઈ નહીં પણ હું જ છું. મુજ બ્રહ્મરૂપી અધિષ્ઠાનના અજ્ઞાનથી જ બ્રહ્માંડ કે જગત અસત હોવા છતાં સત જણાય છે. એટલું જ નહીં, વાસ્તવમાં બ્રહ્મ જ બ્રહ્માંડરૂપે ભાસે છે છતાં બ્રહ્મ અજ્ઞાનથી જણાતું નથી પરંતુ બ્રહ્માંડ જ જણાય છે. જેમ માટી જ ઘડો બને છે છતાં ઘડાનો દૃષ્ટા ઘડાને જુએ છે પણ તે માટી છે તેવું જાણતો નથી માટે ઘડાને સત્ય માને છે, તેમાં આસક્ત થાય છે અને ઘડાના નાશથી શોક અનુભવે છે. તેવું જ મનુષ્યનું છે. આમ વિચારતાં સ્પષ્ટ થાય છે કે મુજ બ્રહ્મના અજ્ઞાનથી જ જગતનો જન્મ અને તેમાં મોહ-શોક જન્મે છે તથા જગત અને તેનું સુખદુઃખ કે સ્થિતિ, અજ્ઞાન ટકે ત્યાં સુધી ચાલુ રહે છે. પરંતુ જગત્કારણ અજ્ઞાનનો નાશ થતાં જગત પણ બ્રહ્મરૂપી અધિષ્ઠાનમાં વિલીન થઈ જાય છે. આથી બ્રહ્મસ્વરૂપે હું જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ છું. આમ વિચારતાં હું નિઃસંદેહ થયો છું કે વાસ્તવમાં નથી જન્મ શરીરનો કે જગતનો. જેમ જગતના અધિષ્ઠાનરૂપે હું અજન્મા છું તેમ શરીર અને જગત પણ જન્મેલું નથી. તેથી જે જન્મ્યું જ નથી તેનાથી મને બંધન કેવું? દેહ અને જગત જો આરોપરૂપે જન્મેલા હોય, તો તો નિશ્ચિત તે ભ્રાંતિ છે. ભ્રાંતિ કદી કોઈને બાંધી શકે નહીં. આમ, નિર્ભ્રાન્ત એવો હું, બંધનથી ક્યારેય બદ્ધ નહોતો, નથી અને બંધનમાં પડી શકું નહીં. એવું

બ્રહ્મતત્ત્વ જ હું છું અને જેવો હું છું તેવું જ જગતનું અધિષ્ઠાન બ્રહ્મ છે. માટે જ ઉપદેશાયું છે કે જે બ્રહ્મતત્ત્વ છે, તે તું જ છે એવો તું બ્રહ્મભાવે નિરંતર વિચાર કર." **यद् ब्रह्म तत्त्वमसि भावयात्मनि ।"**

(છંદ-રથોદ્ધતા)

**अस्तभेदमनपास्तलक्षणं**
**निस्तरङ्गजलराशिनिश्चलम् ।**
**नित्यमुक्तमविभक्तमूर्ति यद्-**
**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२६०॥**

| | |
|---|---|
| **यत् अस्तभेदम्** | = જેમાંથી ભેદ અસ્ત પામી ગયા છે, |
| **अनपास्तलक्षणम्** | = જેનું કોઈ લક્ષણ રહ્યું નથી, |
| **निस्तरङ्ग-जलराशि-निश्चलम्** | = મોજાં વગરના સાગર જેવું પ્રશાન્ત |
| **नित्यमुक्तम्** | = નિત્યમુક્ત (અને) |
| **अविभक्तमूर्ति** | = અખંડસ્વરૂપ |
| **ब्रह्म** | = બ્રહ્મ (છે) |
| **तत् त्वं असि** | = તે તું છે (એમ) |
| **आत्मनि भावय** | = અંતઃકરણમાં ભાવના કર. |

જે બ્રહ્મતત્ત્વ સજાતીય, વિજાતીય અને સ્વગતભેદથી રહિત છે, જેમાં જીવ, જગત અને ઈશ્વરનો કે કાર્ય-કારણ જેવો ભેદ પણ નથી, જેમાં તરંગ કે મોજાંઓની ચંચળતા ન હોય તેવા અવિચળ લક્ષણવાળા જળાશય જેવું અને જે બંધન કે મુક્તિની સાપેક્ષતાથી સદા સર્વદા મુક્ત છે, તથા વિભાગોથી રહિત છે, તે જ બ્રહ્મ તું છે એવું જાણી, તું સતત વિચાર કર કે મુજ બ્રહ્મસ્વરૂપ તો ભેદશૂન્ય હોઈ ભયથી મુક્ત છે. કારણ કે "**द्वितीयाद्वै भयं भवति**" (બૃહદારણ્યકોપનિષદ) " દ્વૈતમાં જ ભય છે" કારણ કે ત્યાં ભેદ છે. મુજ શુદ્ધબ્રહ્મમાં મન નથી તો વિક્ષેપ કે ચંચળતા કયાં? માટે હું મૂર્તિભેદથી; જીવ-ઈશ્વર જેવી જુદાઈથી; સજાતીય, વિજાતીય અને

સ્વગત જેવી ભિન્નતાથી ક્યારેય ભેદાયેલો નહોતો. વાસ્તવમાં મુજ અભેદ બ્રહ્મમાં ભેદની ગંધમાત્ર નથી, તો ભેદથી મારા સ્વરૂપનો ભંગ કેવો? માટે જ હું તો અભેદ, અભય, અદ્વિતીય બ્રહ્મતત્ત્વ છું અને એવા વિચારથી ભ્રાંતિમાં પણ દૂર થયો નથી અને થઈ શકું તેમ પણ નથી. આ જ મારી બ્રહ્મભાવનાની નિઃશંક, નિઃસંદેહ, નિર્વિવાદ બ્રાહ્મીસ્થિતિ છે.

(છંદ–રથોદ્ધતા)

**एकमेव सदनेककारणं**
**कारणान्तरनिरासकारणम् ।**
**कार्यकारणविलक्षणं स्वयं**
**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२६१॥**

| | |
|---|---|
| **स्वयं एकं एव सत्** | = (જે) પોતે એક જ હોવા છતાં |
| **अनेक–कारणम्** | = અનેકનું કારણ છે, |
| **कारणान्तर–निरासकारणम्** | = જેના સિવાય બીજું કોઈ કારણ નથી. |
| **कार्यकारणविलक्षणम्** | = જે સ્વયં કાર્યકારણભાવથી વિલક્ષણ |
| **ब्रह्म** | = બ્રહ્મ (છે.) |
| **तत् त्वं असि** | = તે તું જ છે (એમ) |
| **आत्मनि भावय** | = અંતઃકરણમાં ભાવના કર. |

જેવી રીતે મન એક જ છે છતાં સ્વપ્નકાળે અનેક પ્રાણી–પદાર્થોની રચના માટેનું એક કારણ ગણાય છે, તે જ પ્રમાણે બ્રહ્મ, જે એક અને અદ્વિતીય છે, સતસ્વરૂપ છે, છતાં જડ અને ચેતન, સ્થાવર અને જંગમ જેવા અનેક પ્રાણી–પદાર્થોનું તે એક જ માત્ર કારણ છે. ઉપરાંત તે બ્રહ્મ મન અને માયા જેવા અન્ય કારણોનો નિષેધ કરવામાં પણ કારણસ્વરૂપ છે કારણ કે તે મન અને માયા તથા માયાકાર્યનો સાક્ષી છે, પર છે. તેથી કારણનું પણ કારણ છે. અને એના સિવાય જગતનું અન્ય કોઈ કારણ નથી. એવું સમજાવવા માટે જણાવ્યું છે કે "**कारणान्तर निरास कारणम् ।**" આમ એક દૃષ્ટિકોણથી મિથ્યા જગતની ઉત્પત્તિ માટે બ્રહ્મરૂપી અધિષ્ઠાન

અવશ્ય કારણ છે છતાં પારમાર્થિક સત્યના દષ્ટિકોણથી તે કાર્ય અને કારણથી પર છે, વિલક્ષણ છે, ન્યારું છે અને એવું જે બ્રહ્મતત્ત્વ છે, તે તું જ છે એવી ચિત્તમાં ભાવના કર.

આવી બ્રહ્મભાવનાના ઉપદેશથી સ્પષ્ટ છે કે બ્રહ્મસ્વરૂપે 'હું' એક જ હોવા છતાં સમગ્ર જગતના અનંત પ્રાણીપદાર્થોનું વિવર્ત કારણ છું. આરોપરૂપી મિથ્યા જગત મુજ અધિષ્ઠાન વિના ઉત્પત્તિ, સ્થિતિ કે લયને પ્રાપ્ત થઈ શકે નહીં. વાસ્તવમાં તો હું બ્રહ્મ જ બ્રહ્માંડરૂપે ભાસું છું. છતાં નથી હું માયાજન્ય જગતરૂપી કાર્ય કે પોતાની અધ્યક્ષતામાં જગતને જન્માવનાર ઈશ્વરરૂપી કારણ. હું તો જગત અને ઈશ્વરનું પણ અધિષ્ઠાન છું. જીવ, જગત અને ઈશ્વર મુજ બ્રહ્મરૂપી નિર્વિકાર, નિરપેક્ષ અધિષ્ઠાન પર સર્જન અને વિસર્જનની સંતાકૂકડી રમ્યા કરે છે, છતાં નથી મને સ્પર્શ જગતનો, નથી અભિમાન ઈશ્વરનું કે બંધન જીવોના યોનીભ્રમણનું. હું તો આવાગમન, યોનીભ્રમણ કે કાર્ય-કારણના ચક્રથી મુક્ત છું, અસંગ છું, અભેદ છું, અવિનાશી છું, માટે જ **सत्यं ज्ञानमनन्तम्** રૂપે શ્રુતિ દ્વારા ગવાયેલો છું, '**अजो नित्यः शाश्वतोऽयं पुराणः ।**' એવી રીતે સ્વયં પરમાત્માના મુખે સંબોધાયેલો છું, ખ્યાતનામ થયેલો છું. બ્રહ્મસ્વરૂપે હું પિંડ-બ્રહ્માંડનું અધિષ્ઠાન છું. મારી પૂર્વે કોઈ નહોતું, તેથી હું કોઈનું કાર્ય નથી અને અવિકારી, અપરિવર્તનશીલ હોવાથી વાસ્તવમાં મારામાંથી કાંઈ જ જન્મ્યું નથી. તેથી હું કોઈનું કારણ પણ નથી. આમ, કાર્ય-કારણથી વિલક્ષણ એવો હું, પૂર્વે અને પશ્ચાત્, ભૂત અને ભવિષ્ય જેવી સાપેક્ષતાથી મુક્ત નિરપેક્ષ બ્રહ્મતત્ત્વ છું અને તેથી અન્ય કંઈ જ નથી.

(છંદ-રથોદ્ધતા)

**निर्विकल्पकमनल्पमक्षरं**
**यत् क्षराक्षरविलक्षणं परम् ।**
**नित्यमव्ययसुखं निरञ्जनं**
**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२६२॥**

| | |
|---|---|
| **यत्** | = જે |
| **निर्विकल्पकम्** | = વિકલ્પોથી રહિત, |
| **अनल्पम्** | = લઘુતારહિત, |
| **अक्षरं क्षराक्षरविलक्षणम्** | = વિનાશથી રહિત અને ક્ષર(દેહાદિ) અને અક્ષર(જીવ)થી જુદું |
| **परं नित्यम्** | = સર્વથી શ્રેષ્ઠ, નિત્ય |
| **अव्ययसुखम्** | = અવિચળ સુખસ્વરૂપ (અને) |
| **निरञ्जनम्** | = નિર્લેપ |
| **ब्रह्म** | = બ્રહ્મ (છે.) |
| **तत् त्वं असि** | = તે તું છે (એમ) |
| **आत्मनि भावय** | = અંતઃકરણમાં ભાવના કર. |

જે બ્રહ્મતત્ત્વ વિકલ્પથી રહિત છે **अनल्पम्** અર્થાત્ **अल्पम्**= નાશવાન, સીમિત, એકદેશીય અને આદિઅંતવાળાથી ભિન્ન અને વિરુદ્ધ સ્વભાવવાળું હોવાથી **अनल्पम् = बृहद्** કે મહાન છે. ક્ષયરહિત છે તથા ક્ષરપુરુષ=દેહાદિ તથા અક્ષરપુરુષ = જીવાત્માથી સૂક્ષ્મ, શ્રેષ્ઠ અને વિલક્ષણ હોવાથી ઉત્તમ કે પરમ પુરુષરૂપે છે. તેથી ગીતામાં ભગવાને પણ બ્રહ્મને ઉત્તમ પુરુષ તરીકે બિરદાવી શરીર જેવા ક્ષર પુરુષથી અને જીવ જેવા અક્ષર પુરુષથી બ્રહ્મને શ્રેષ્ઠ તત્ત્વ કહ્યું છે " **यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।**" કારણ કે હું નાશવાન (ક્ષર પુરુષથી અર્થાત્ દેહથી અતીત છું અને અક્ષર પુરુષથી અર્થાત્ જીવાત્માથી પણ ઉત્તમ છું" (ભ.ગીતા અ.-૧૫/૧૮) આવું સર્વોત્તમ બ્રહ્મતત્ત્વ નિત્ય, અવ્યય અને અતીન્દ્રિય સુખસ્વરૂપ અગર ઉદય અને અસ્તરહિત સુખવાળું તથા સત્ત્વ, રજસ કે તમસ જેવા તથા અજ્ઞાનના આવરણ જેવા દોષથી મુક્ત હોઈ નિરંજન છે. એવું બ્રહ્મતત્ત્વ જ તું છે, એમ બ્રહ્મભાવના કર.

"**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ।**"

(છંદ-રથોદ્ધતા)

यद्विभाति सदनेकधा भ्रमात्
नामरूपगुणविक्रियात्मना ।
हेमवत् स्वयमविक्रियं सदा
ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२६३॥

| | |
|---|---|
| यत् सत् | = જે સત |
| भ्रमात् | = ભ્રમને કારણે |
| नाम–रूप–गुण–विक्रियात्मना | = નામ, રૂપ અને ગુણોના વિકારરૂપે |
| अनेकधा विभाति | = અનેક પ્રકારે ભાસે છે.(છતાં) |
| स्वयं हेमवत् | = સ્વયં સુવર્ણની જેમ |
| सदा अविक्रियम् | = સદા વિકારરહિત |
| ब्रह्म | = બ્રહ્મ છે. |
| तत् त्वं असि | = તે તું છે (એમ) |
| आत्मनि भावय | = અંતઃકરણમાં ભાવના કર. |

જેમ સોનું એક અને અવિકારી છે, છતાં નામ, રૂપ અને ગુણથી પ્રાપ્ત થતાં વિકારોને લીધે અનેકરૂપે, અનેકનામે વિકારી જણાય છે અને એક સોનામાં અનેક ઘરેણાંનો ભાસ થાય છે. તેવી જ રીતે બ્રહ્મતત્ત્વ એક, અવિકારી અને સત્સ્વરૂપે હોવા છતાં તેમાં આરોપિત નામરૂપાદિને લીધે પ્રાપ્ત થતાં વિકારોથી અનેકતા, ભેદ અને ક્રિયા ભ્રાંતિને લીધે પ્રતીત થાય છે. છતાં ભ્રાંતિ દૂર થતાં અંતે જેમ "અંતે તો હેમનું હેમ હોયે", તેમ જ્ઞાનકાળે નામરૂપાદિ આરોપ દૂર થતાં બ્રહ્મ છે, હતું અને બ્રહ્મરૂપે જ બ્રહ્મ પોતે જણાય છે. તેથી તેવું એક, અખંડ, સત અને અવિક્રિય કે નિષ્ક્રિય બ્રહ્મ તું જ છે, એવી બ્રહ્મભાવના કર. "**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ।**"

(છંદ-રથોદ્ધતા)

**यच्चकास्त्यनपरं परात्परं**
**प्रत्यगेकरसमात्मलक्षणम् ।**
**सत्यचित्सुखमनन्तमव्ययं**
**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥२६४॥**

| | |
|---|---|
| **यत् अनपरम्** | = જેનાથી પર કે અન્ય કંઈ નથી |
| **परात्परम्** | = જે પરથી પણ પર |
| **प्रत्यगेकरसम्** | = પ્રત્યગાત્મા અને એકરસસ્વરૂપ છે. |
| **आत्मलक्षणम्** | = (જે) સૌના આત્મારૂપે જણાતું |
| **सत्यचित्सुखम्** | = સત-ચિત-આનંદ સ્વરૂપ, |
| **अनन्तं अव्ययम्** | = અનન્ત અને અવિકારી |
| **ब्रह्म चकास्ति** | = બ્રહ્મ પ્રકાશે છે |
| **तत् त्वं असि** | = તે તું છે (એમ) |
| **आत्मनि भावय** | = અંતઃકરણમાં ભાવના કર. |

બ્રહ્મ '**अनपरम्**' છે અર્થાત્ તેનાથી સૂક્ષ્મ, શ્રેષ્ઠ, વ્યાપક તથા પર અન્ય કાંઈ જ નથી, તેથી તે '**अनपरम्**' કહેવાય છે. અર્થાત્ બ્રહ્મ સર્વોત્તમ અને ઉત્કૃષ્ટ છે. તેનાથી નથી કોઈ મહાન કે નથી કોઈ વ્યાપક. માટે જ તે '**परात्परम्** ' છે. જગતની ઉત્પત્તિ માટે જેને ઉપાદાન કારણ કહેવાય છે તેવી માયાથી પણ બ્રહ્મ સૂક્ષ્મ, વ્યાપક અને પર છે, માટે '**परात्परम्**' કહેવાય છે. આવું સૂક્ષ્માતિસૂક્ષ્મ બ્રહ્મતત્ત્વ '**प्रत्यगेकरसम्**'રૂપે રહેલું છે અર્થાત્ પ્રત્યેક ભૂત માત્રના પ્રત્યગાત્મા કે અંતરાત્મારૂપે પ્રત્યેકમાં અખંડ એકરસરૂપે રહેલું છે. તેથી ભૂતમાત્રનો તે આત્મા છે. અને આવો આત્મા સત, ચિત, આનંદ, અનંત અને અવ્યયલક્ષણવાળો બ્રહ્મ જ છે. એવું બ્રહ્મતત્ત્વ જ તું છે, એમ તું અભેદભાવે અખંડાકારવૃત્તિ દ્વારા બ્રહ્મભાવના કર.'**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ।**'

આવા સૂક્ષ્મ સાંકેતિક રહસ્યમય બ્રહ્મભાવનાના ઉપદેશથી હું નિર્વિવાદ સમજ્યો છું કે નથી મુજ બ્રહ્મથી કોઈ સૂક્ષ્મ, મહાન, વ્યાપક કે પરમ. હું તો માયા જેવા ઉપાદાનકારણથી પણ પર છું અને માયા દ્વારા સર્જાયેલ પિંડ કે બ્રહ્માંડરૂપી કાર્યથી વ્યાપક અને વિસ્તૃત છું. છતાં નાનામાં નાના દેહમાં અખંડ-આનંદ-રસરૂપે અતૂટ રહેલો છું. કોઈનો પણ સંગ, સંઘાત ન હોવા છતાં હું સૌનો અંતર્યામી છું, પરંતુ શરીરની બહાર નથી તેવું નથી. હું તો અનંત શરીરોમાં અને તેની આસપાસ, ઉપર-નીચે, આજુ- બાજુ, સર્વ દિશાઓમાં, સર્વ કાળે હાજરાહજૂર છું. મારો કોઈ કાળે અભાવ નથી માટે જ હું સત્‌સ્વરૂપે સર્વ કાળે રહેલું બ્રહ્મતત્ત્વ છું. હું શાશ્વત અસ્તિત્વ છું, તેથી રખે કોઈ મને જડ સમજે, માટે જ 'હું છું' એટલું જ નહીં, પરંતુ હું જાણું છું કે 'હું સત્‌સ્વરૂપ છું.' હું જાણનારો છું તેથી માત્ર **'सत्यं ब्रह्म'** નહીં પરંતુ **'ज्ञानं ब्रह्म'** પણ હું જ છું. માટે જ એકલો સત નહીં પણ ચિત કે ચૈતન્ય પણ છું. આમ, **'सत्यं ज्ञानम्'** રૂપે હું અદ્વિતીય, અવ્યય અને અલૌકિક આનંદસ્વરૂપવાળો છું. મુજ સ્વરૂપાનંદની અવધિમાં નથી ઓટ કે ભરતી, નથી ઉદય કે અસ્ત, નથી વિષય કે ભોગ. મારું આનંદસ્વરૂપ તો મન, બુદ્ધિ કે ઇન્દ્રિયોથી અગમ્ય છે, અગોચર છે, તેમનો અવિષય છે. કારણ કે મારો આનંદ અજન્મા અને અસીમ છે. આમ, મારું સત, ચિત અને આનંદસ્વરૂપ અનાદિ હોવાને કારણે હું અનંત તરીકે શ્રુતિ અને સ્મૃતિમુખે ગવાયેલું ગેબી તત્ત્વ છું. આંખોથી અદશ્ય; મન, બુદ્ધિથી અસ્પર્શ્ય; કરણ દ્વારા અગ્રાહ્ય એવો હું; સૌમાં સર્વવ્યાપ્ત છતાં ક્યાંય ન દેખાઉં તેવો નિરાકાર અને નિરયવી છું, ભૂત માત્રમાં છું, છતાં અશરીરી છું. માટે જ મારો મહિમા વગરનો મહિમા ગાતાં કે મુજ અસ્તુત્યની સ્તુતિ કરતાં વેદોએ લલકાર્યું કે હું તો કાનનો કાન, મનનું પણ મન, વાણીની પણ પરા વાણી, પ્રાણથી પણ મહાન પ્રાણ, આંખને પણ જોનારી આંખ છું. તેથી જ મુજ જ્ઞાનચક્ષુ વિના ન તો સાધકને સિદ્ધિ મળે, બદ્ધને મુક્તિ મળે, મુમુક્ષુને મોક્ષ મળે કે અજ્ઞને જ્ઞાન મળી શકે તેમ છે. મારા વિના ન તો કોઈ ભવસાગરનું તરણ કરી શકે કે અધોગતિથી બચી શકે તેમ છે. એવા મુજ બ્રહ્મસ્વરૂપનું બ્રહ્મભાવનાથી

અભેદભાવે થયેલું બ્રહ્મચિંતન જ અબ્રહ્મને બ્રહ્મ બનાવે છે, દેહધારીને દેહતાદાત્મ્યથી મુક્ત કરી, જન્મમૃત્યુના ચક્રનો આત્યંતિક અંત આણે છે. માટે મુમુક્ષુઓનો અંતિમ આંતરશિલાલેખ તો માત્ર એટલો જ છે કે '**ब्रह्म तत्त्वमसि भावयात्मनि ।**'

(છંદ–રથોદ્ધતા)

**उक्तमर्थमिममात्मनि स्वयं**
**भावय प्रथितयुक्तिभिर्धिया ।**
**संशयादिरहितं कराम्बुवत्**
**तेन तत्त्वनिगमो भविष्यति ॥२६५॥**

**उक्तं इमं अर्थम्** = ઉપરોક્ત આ અર્થની
**प्रथितयुक्तिभिः** = વેદાંતની પ્રસિદ્ધ યુક્તિઓથી
**स्वयं धिया** = પોતાની બુદ્ધિપૂર્વક
**आत्मनि भावय** = અંતઃકરણમાં ભાવના કર.
**तेन** = તેનાથી
**कराम्बुवत्** = હથેળીમાં રહેલા જળની માફક
**तत्त्वनिगमः** = વેદોક્ત (બ્રહ્મ) તત્ત્વનું જ્ઞાન
**संशयादिरहितम्** = સંશય વગેરેથી રહિત
**भविष्यति** = થઈ જશે.

બ્રહ્મભાવનાની અતિ જટિલ અને જળોજથાવાળી દુષ્કર અટપટી પ્રક્રિયામાં સાધકને સરળ અને સહજ પ્રવેશ મળે તે માટે આદિ શંકરાચાર્યજીએ પૂર્વેના તેર(૧૩) શ્લોકોમાં વિચક્ષણ વિચારણા દ્વારા સદૃષ્ટાંત બ્રહ્મભાવના શ્રુતિસંમત તર્ક સાથે નિઃસંદેહ સમજાવી સૌ મુમુક્ષુઓને અનુગૃહિત કર્યા. ત્યારબાદ અત્રે બ્રહ્મભાવનાનું ફળ સમજાવતાં જણાવે છે કે, 'હે શિષ્ય, મુમુક્ષુ કે સાધક!, 'મેં ઉપરોક્ત સમજાવેલી બ્રહ્મભાવનાની શાસ્ત્રસંમત યુક્તિઓ વડે તથા નિઃશંક સૂક્ષ્મ બુદ્ધિ વડે કરેલી બ્રહ્મવિચારણાનો તું ચિત્તમાં અભેદભાવે

નિરંતર વિચાર કર્યા કર. તેવા આત્મવિચારથી કે બ્રહ્મભાવનાથી તને હથેળીમાં હસ્તગત થયેલા જળની પેઠે સંદેહરહિત અને ભ્રમણા વગરનું ઉત્તમ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થશે અર્થાત્ સંશયમુક્ત જ્ઞાન થવાથી તને બ્રહ્માનુભૂતિ કે આત્મસાક્ષાત્કાર થશે.

(છંદ–ઉપજાતિ)

**स्वं बोधमात्रं परिशुद्धतत्त्वं**
**विज्ञाय सङ्घे नृपवच्च सैन्ये ।**
**तदात्मनैवात्मनि सर्वदा स्थितो**
**विलापय ब्रह्मणि दृश्यजातम् ॥२६६॥**

| | |
|---|---|
| **सैन्ये नृपवत्** | = લશ્કરની વચ્ચે રહેલા રાજાની જેમ |
| **सङ्घे** | = (પંચમહાભૂતના) સમૂહરૂપ શરીરમાં રહેલો |
| **स्वम्** | = (તું) પોતાને |
| **बोधमात्रं परिशुद्धतत्त्वम्** | = સ્વયંપ્રકાશરૂપ, વિશુદ્ધ પરમાત્મતત્ત્વરૂપે |
| **विज्ञाय** | = ઓળખીને |
| **आत्मनि एव तदात्मना** | = પોતામાં જ તન્મય બનીને |
| **सर्वदा स्थितः च** | = સર્વદા તેમાં જ સ્થિત થઈ અને |
| **दृश्यजातम्** | = સમગ્ર દૃશ્ય જગતનો |
| **ब्रह्मणि** | = બ્રહ્મમાં |
| **विलापय** | = વિલય કરી દે. |

હે શિષ્ય ! જેમ લશ્કરની વચ્ચે રાજા અવિચળ ઊભો છે તેમ પંચમહાભૂતોના સમૂહની વચ્ચે ત્રણ શરીરોના સંઘમાં કે પંચકોશની મધ્યે તું અવિકારી અને અવિચળ રૂપે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ તારા આત્મતત્ત્વને બ્રહ્મભાવના દ્વારા અભેદભાવે નિઃસંદેહ જાણીને તું તારા આત્મસ્વરૂપમાં શાશ્વત રૂપે સ્થિર થા. આરોપરૂપે જન્મેલા દૃશ્યપ્રપંચ કે અખિલ બ્રહ્માંડને તારા બ્રહ્મરૂપી અધિષ્ઠાનમાં સમાવી દે અર્થાત્ લય કર. આવો જ દૃશ્યપ્રપંચનો લય એ જ

તુજ જ્ઞાનસ્વરૂપમાં થયેલો જગતનો બાધ છે. અર્થાત્ તુજથી અજ્ઞાનકાળે જન્મેલા જગતનો તું તારા દ્વારા જ બાધ કરી તુજમાં સમાવી દે.

(છંદ-ઉપજાતિ)

**बुद्धौ गुहायां सदसद्विलक्षणं**
**ब्रह्मास्ति सत्यं परमद्वितीयम् ।**
**तदात्मना योऽत्र वसेद् गुहायां**
**पुनर्न तस्याङ्गगुहाप्रवेशः ॥२६७॥**

| | | | |
|---|---|---|---|
| **बुद्धौ गुहायाम्** | = બુદ્ધિરૂપી ગુફામાં | **अत्र** | = આ ગુફામાં |
| **सदसद्विलक्षणम्** | = સત અને અસતથી વિલક્ષણ | **तदात्मना** | = તે (બ્રહ્મ)ની સાથે એકરૂપ બનીને |
| **सत्यम्** | = સત્ય, | **गुहायां वसेत्** | = ગુહામાં રહે છે |
| **अद्वितीयम्** | = અદ્વિતીય, | **तस्य पुनः** | = તેનો ફરીથી |
| **परं ब्रह्म** | = પરબ્રહ્મ | **अङ्गगुहाप्रवेशः** | = શરીરરૂપી ગુફામાં પ્રવેશ |
| **अस्ति** | = છે. | | |
| **यः** | = જે (મનુષ્ય) | **न** | = થતો નથી. |

પરબ્રહ્મ તો પૂર્વે ચર્ચાયું તેમ નથી સત કે અસત અર્થાત્ નથી વ્યક્ત કે અવ્યક્ત, નથી સ્થૂળ કે સૂક્ષ્મ, નથી કાર્ય કે કારણ, નથી ક્ષર કે અક્ષર પરંતુ તે સર્વથી વિલક્ષણ છે. તેવું અદ્વિતીય સત્યરૂપે રહેલું પરમબ્રહ્મ તો બુદ્ધિરૂપી ગુફામાં જ બિરાજે છે. જે કોઈ એવી બુદ્ધિરૂપી ગુફામાં શુદ્ધ અંતઃકરણ કે સૂક્ષ્મ બુદ્ધિના બળે પ્રવેશ પામી શકે છે, તેને જ બ્રહ્માનુભૂતિ કે આત્મસાક્ષાત્કાર થાય છે. આવી ગુફામાં પ્રવેશ કરવો કે જ્યાં બ્રહ્મતત્ત્વ જાણી શકાય અને બ્રહ્મને જાણી બ્રહ્મરૂપ થઈ શકાય, તેવા ગુહાપ્રવેશને ભગવાન શ્રીકૃષ્ણે પરમપદ કહ્યું છે. એવા પરમપદને પ્રાપ્ત કરી ચૂકેલો કે બુદ્ધિગુહામાં પ્રવેશ પામી બ્રહ્મીભૂત થઈ ચૂકેલો કોઈ પણ ક્યારેય પુનઃ શરીર રૂપી ગુફામાં અર્થાત્ માતાના ગર્ભ જેવી ગુફામાં પુનઃ પ્રવેશ કરતો નથી. તાત્પર્યાર્થ તો

બ્રહ્મીભૂત થયેલા પુરુષ માટે સંસારચક્ર સમાપ્ત થાય છે, આવાગમનના ફેરા ટળી જાય છે, ગર્ભથી સ્મશાન અને સ્મશાનથી ગર્ભ જેવા વમળથી તેનું તરણ થાય છે અને તેનો કદી મૃત્યુલોકમાં પુનઃ પ્રવેશ થતો નથી. આમ, તેને માટે દેશ-કાળનું બંધન સદાને માટે તૂટે છે. દેહની કારાવાસમાંથી તે છૂટે છે, આત્મસામ્રાજ્યને તે લૂંટે છે, લૂંટાવે છે અને અકિંચન ભાવે બ્રહ્માંડનો માલિક બને છે.

(છંદ–મંદાક્રાન્તા)

**ज्ञाते वस्तुन्यपि बलवती वासनाऽनादिरेषा**
**कर्ता भोक्ताप्यहमिति दृढा याऽस्य संसारहेतुः ।**
**प्रत्यग्दृष्ट्यात्मनि निवसता साऽपनेया प्रयत्नाद्**
**मुक्तिं प्राहुस्तदिह मुनयो वासनातानवं यत् ॥२६८॥**

**वस्तुनि ज्ञाते अपि** = આત્મવસ્તુનું જ્ઞાન થઈ ગયા પછી પણ
**"अहं कर्ता भोक्ता" इति** = "હું કર્તા, ભોક્તા છું" એવી
**या एषा अनादि** = જે આ અનાદિકાળની
**बलवती दृढा वासना** = બળવાન દૃઢ વાસના (રહી હોય તો)
**अस्य संसारहेतुः** = (તે) જીવના સંસારનું કારણ(બને છે.)
**प्रत्यक् दृष्ट्या** = (માટે) પ્રત્યક્‌દષ્ટિથી (જ્ઞાનમયી દૃષ્ટિથી)
**आत्मनि निवसता** = આત્મસ્વરૂપમાં સ્થિત થઈને
**प्रयत्नात्** = પ્રયત્નપૂર્વક
**सा अपनेया** = તેનો (વાસનાનો) ત્યાગ કરવો જોઈએ.
**इह** = (કેમકે) આ વિષયમાં
**यत् वासनातानवं तत् मुक्तिम्**=જે વાસનાનો ત્યાગ છે તે જ મુક્તિ
**मुनयः प्राहुः** = (એમ) મુનિઓ કહે છે.

## વાસના ત્યાગ જ મોક્ષ છે

પૂર્વે બ્રહ્મભાવનાની ગહન ગાંભીર્યયુક્ત ચર્ચા બાદ વાસનાનો

ત્યાગ શા માટે કરવો જોઈએ તેવું સમજાવતાં જણાવાયું છે કે બ્રહ્મભાવે ચિંતન કરવાથી આત્મવસ્તુનું જ્ઞાન થયું હોય, અનાત્મપદાર્થો ઉપરની આસક્તિ દૂર થઈ હોય, ભૌતિક પદાર્થોનો રાગ નિર્મૂળ થયો હોય, છતાં જેમ હિંગના ડબ્બામાંથી હિંગ ખાલી થઈ છે તેવું લાગે અગર કપૂર ભરેલો ડબ્બો ખાલી કરવા છતાં પણ તેમાં જેવી રીતે હિંગ કે કપૂરની વાસ રહી જાય છે તેવી રીતે અનાદિકાળથી મનમાં પડેલી વાસનાઓ બ્રહ્મભાવનાના બળે કે આત્મચિંતનથી નીકળી ગઈ હોવા છતાં, સૂક્ષ્મસ્વરૂપે રહી જાય છે. આવી વાસનાઓ જ પુનઃ જુદા જુદા સ્વાંગમાં પ્રગટ થાય છે અને "હું કર્તા છું, હું ભોક્તા છું" એવી ભ્રાંતિરૂપે જીવાત્માને દેહતાદાત્મ્યમાં નાંખી કર્તા કે ભોક્તા બનાવી સંસારનું બંધન પેદા કરે છે. "કર્મ અધૂરાં છે અને મારે તે પૂર્ણ કરવાં જ જોઈએ. અમુક ફળ ભોગવવાના હજુ મારે બાકી છે માટે ભોગ પૂર્ણ કરવા હું તત્પર છું. ભોગની પ્રબળ આકાંક્ષા મને બેચેન કરે છે." આવી અતૃપ્ત વાસનાની તૃપ્તિ માટે જ મનુષ્ય શરીર છોડે છે છતાં વાસનાથી છૂટતો નથી અને તેવી વાસના કે કામનાઓ જ જીવાત્માને પુનર્જન્મ માટે બળાત્કારે ઢસડી જાય છે અને નવો દેહ ધારણ કરી અતૃપ્ત વાસના તૃપ્ત કરવા પ્રેરે છે. માટે જ વાસનાને સંસારનો હેતુ કે જન્મમૃત્યુના સંસાર માટે કારણ ગણવામાં આવે છે. આમ, ભવસાગરના કે જન્મમૃત્યુના દરવાજા ખોલવા માટે જો વાસના જ કારણ હોય, તો મુમુક્ષુએ બ્રહ્મભાવનાથી કે આત્મદૃષ્ટિથી ધ્યાન કરતાં કરતાં વાસનાનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે મનન કરનારાં મુનિજનો જણાવે છે કે વાસનાનો ત્યાગ જ મુક્તિ કે મોક્ષ કહેવાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**अहं ममेति यो भावो देहाक्षादावनात्मनि ।**
**अध्यासोऽयं निरस्तव्यो विदुषा स्वात्मनिष्ठया ॥२६६॥**

**देहाक्षादौ** = દેહ, ઈન્દ્રિયો વગેરે
**अनात्मनि** = અનાત્મ વસ્તુઓમાં
**अहं–मम इति यः भावः** = 'હું અને મારું' એવો જે ભાવ છે

| | |
|---|---|
| **अयं अध्यासः** | = આને જ 'અધ્યાસ' કહેવાય છે. |
| **विदुषा** | = વિદ્વાને |
| **स्वात्मनिष्ठया** | = પોતાના આત્મામાં સ્થિતિ કરીને |
| **निरस्तव्यः** | = (અધ્યાસને) દૂર કરવો જોઈએ. |

**अहं ममेति यः भावः**

**अहम्** = 'હું'. જે હું નથી તેને 'હું' માનવું, દા.ત. મૂળ સ્વરૂપે 'હું' સચ્ચિદાનંદ આત્મા છું, છતાં જડ શરીરને અજ્ઞાન દ્વારા મારું સ્વરૂપ માની એવું કહું કે 'હું શરીર છું, હું ઇન્દ્રિય છું' તો આવી ખોટી દેહાત્મભાવનાને અહંભાવ કહેવામાં આવે છે. તે જ પ્રમાણે જો હું દેહ અને ઇન્દ્રિયમાં મમતા કે મમત્વ પેદા કરી, દેહ અને ઇન્દ્રિય મારાં છે, તેવી ભાવના કરું તો તેને મમભાવ કહેવામાં આવે છે. આમ, અહંભાવ અને મમભાવ અજ્ઞાન કે ભ્રાંતિરૂપ જ છે. કારણ કે જે હું નથી તેમાં અહંકાર ઊભો થાય છે અને તે જ પ્રમાણે જે શરીર કે ઇન્દ્રિય સાથે મારે કોઈ સંબંધ નથી તેમાં ભ્રાંતિજન્ય સંબંધ માની તેમને મારાં ગણવા, તેવા મમભાવને લીધે જ બંધન પેદા થાય છે. માટે જ અત્રે જણાવાયું છે કે દેહ અને ઇન્દ્રિયો જે જડ છે, અનિત્ય છે, અસત છે તેમાં અહંભાવ કે મમભાવ કરી તે સૌ હું છું કે તે મારાં છે એવી ભ્રાંતિને જ્ઞાની કે વિવેકી પુરુષે આત્મનિષ્ઠા દ્વારા આત્મસ્વરૂપનું ચિંતન કરીને ત્યાગ કરવો જોઈએ. કારણ કે અહંભાવ કે મમભાવ જેવી ભ્રાંતિને જ અધ્યાસ કહેવામાં આવે છે. આમ અધ્યાસ, અજ્ઞાન કે અવિદ્યારૂપી ભ્રાંતિ મુમુક્ષુના બંધનનું કારણ હોઈ તેનો ત્યાગ કરવો ઇષ્ટ છે.

જગતના જે કોઈ પદાર્થો કે દેહાદિમાં મમભાવ ઉત્પન્ન થાય છે તે પ્રાપ્ત કરવાની વાસના જાગે છે અને આવી વાસના જ મનુષ્ય પાસે અનેક પ્રકારના કર્મો કરાવી વાસનાપૂર્તિનો પ્રયત્ન કરે છે. તદુપરાંત જે કંઈ 'મારું' છે, 'મારાં' છે, 'મારી' છે અર્થાત્ મારી સંપત્તિ કે પત્ની, મારું શરીર કે મારું મકાન, મારાં સંતાનો કે મારાં ઢોરઢાંખર, આમ જે કંઈ મમભાવે પોતાનું લાગે તેની સુરક્ષાની વાસના જાગે છે તે સૌના વૃદ્ધિવિકાસની ચિંતા થાય છે અને તે

જ પ્રમાણે જે કંઈ મારું છે તેનો નાશ થવાથી દુ:ખ ઉત્પન્ન થાય છે. આમ, મમભાવને લીધે કર્મના મહાસાગરમાં પડવું પડે છે અને અંતે કર્મના ફળ ભોગવવા ગર્ભમાં કેદ થવું પડે છે. જો શરીર કે માલ-મિલકત મારાં નથી તો કેવી તેમની સુરક્ષાની વાસના કે શા માટે તેમની વૃદ્ધિની વ્યવસ્થાની ચિંતા? આમ જોતાં મમભાવ જ બંધન છે કારણ કે તેવા ભાવમાંથી જ અનેક પ્રકારની વાસનાઓ જન્મે છે. તેથી જે કોઈ વાસનાબંધનથી છૂટવા માગતો હોય તેણે અહંભાવ અને મમભાવરૂપી અધ્યાસનો તીવ્ર વિવેક દ્વારા શીઘ્ર ત્યાગ કરવો જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**ज्ञात्वा स्वं प्रत्यगात्मानं बुद्धि तद् वृत्तिसाक्षिणम् ।**
**सोऽहमित्येव सद्वृत्याऽनात्मन्यात्ममतिं जहि ॥२७०॥**

**बुद्धि तद्वृत्ति साक्षिणम्** = બુદ્ધિ અને તેની વૃત્તિઓના સાક્ષી
**प्रत्यगात्मानम्** = પ્રત્યગાત્માને
**स्वं** = સ્વસ્વરૂપ
**ज्ञात्वा** = જાણી
**सः एव अहम्** = "તે જ હું છું"
**इति** = એવી
**सद्वृत्या** = સદ્‌વૃત્તિ વડે
**अनात्मनि** = અનાત્મામાં
**आत्ममतिम्** = આત્મબુદ્ધિનો
**जहि** = ત્યાગ કર.

પૂર્વ શ્લોકના વિચારનો વિસ્તાર કરતાં જણાવાયું છે કે જડ પદાર્થો ઉપર થયેલી જે અહંભાવ જેવી આત્મબુદ્ધિ છે અર્થાત્ દેહ, ઇન્દ્રિય આદિ જડ અને નાશવાનમાં 'તે હું છું' એવી દેહાત્મબુદ્ધિનો ત્યાગ કરવા માટે પ્રત્યેકમાં રહેલા પોતાના અંતરાત્માને બુદ્ધિ અને બુદ્ધિની વૃત્તિઓનો સાક્ષી જાણ. અર્થાત્ 'હું તો દેહનો, ઇન્દ્રિયોનો, અવયવોનો સાક્ષી છું અને સાક્ષી હોવાથી બુદ્ધિ કે તેની વૃત્તિઓથી જુદો છું અને સાક્ષ્ય કદી થઈ શકું નહીં.' એવી સાક્ષીરૂપી સત્યવૃત્તિ દ્વારા દેહાત્મવૃત્તિ જેવી અનાત્મવૃત્તિનો તારે ત્યાગ કરવો જોઈએ.

આવા શ્લોકગત સંદેશથી સ્પષ્ટ થાય છે કે જે કોઈ પોતાને દેહ,

ઇન્દ્રિયાદિનો સાક્ષી માને છે તે નિઃસંદેહ દેહ અને ઇન્દ્રિયોથી પોતાને જુદો જાણે છે. તેવા વિવેકીને દેહતાદાત્મ્ય હોતું નથી. તેથી તેમાં અહંભાવ કે મમભાવ જાગ્રત થતો જ નથી અને તેવા ભાવથી ઊભું થયેલું બંધન પણ તેમને નડતું નથી. કારણ કે જેવી રીતે દ્દષ્ટા દ્દશ્યથી જુદો છે, જ્ઞાતા જ્ઞેયથી ભિન્ન છે તેવી રીતે પ્રત્યેક શરીરમાં રહેલો સાક્ષી આત્મા સાક્ષ્ય દેહ, ઇન્દ્રિયાદિથી ભિન્ન છે. આમ, વિચારતાં ઉપરના બે શ્લોકમાં વાસનાત્યાગનો જ સંદેશ અપાયેલો છે. કારણ કે જો દેહ કે ઇન્દ્રિયો ઉપર અહંભાવ કે મમભાવ ઉત્પન્ન ન થાય તો 'શરીર મારું છે' કે 'હું શરીર છું' એ ભ્રમણા નષ્ટ થાય અને તે જ ન્યાયે શરીર કે ઇન્દ્રિયોના ભોગની વાસના પણ જાગે નહીં. આમ, અહંભાવ, મમભાવ કે અધ્યાસ દૂર કરવાનો સરળ ઉપાય પોતાને સાક્ષી જાણવામાં જ છે. સાક્ષીભાવમાં જીવે છે તે પોતાને અસંગ માની દેહાદિમાં કે તેમના ભોગો માટે વાસના કરતો નથી અને વાસના પાછળ કર્મો કરી, કર્મોના ફળ ભોગવવા પુનર્જન્મને નિમંત્રણ પણ આપતો નથી. તેથી વાસનાથી બચવાના ઉપાય રૂપે જ અહંભાવ, મમભાવ કે અધ્યાસને દૂર કરવાનો સંદેશ અપાયો છે.

(છંદ-અનુષ્ટુપ)

**लोकानुवर्तनं त्यक्त्वा त्यक्त्वा देहानुवर्तनम् ।**
**शास्त्रानुवर्तनं त्यक्त्वा स्वाध्यासापनयं कुरु ॥२७१॥**

**लोकानुवर्तनम्** = લોકોને અનુસરવાનું
**त्यक्त्वा** = છોડીને
**देहानुवर्तनं त्यक्त्वा** = શરીરને અનુસરવાનું છોડીને,
**शास्त्रानुवर्तनं त्यक्त्वा** = (અને) શાસ્ત્રોને અનુસરવાનું છોડીને
**स्वाध्यासापनयं कुरु** = પોતાના અધ્યાસને દૂર કર.

(છંદ-અનુષ્ટુપ)

**लोकवासनया जन्तोः शास्त्रवासनयापि च ।**
**देहवासनया ज्ञानं यथावन्नैव जायते ॥२७२॥**

| | |
|---|---|
| **लोकवासनया** | = લોકવાસના, |
| **शास्त्रवासनया** | = શાસ્ત્રવાસના, |
| **देहवासनया च अपि** | = દેહવાસનાને કારણે પણ |
| **जन्तोः** | = જીવને |
| **यथावत् एव** | = જેવું થવું જોઈએ તેવું જ |
| **ज्ञानम्** | = જ્ઞાન |
| **न जायते** | = થતું નથી. |

જેને વાસનાબંધનથી મુક્ત થવું છે અને આત્માનંદની અલૌકિક અનુભૂતિ કરવી છે, તેણે સૌ પ્રથમ **'लोकानुवर्तनं त्यक्त्वा'** અર્થાત્ લોકોને અનુસરવાનું છોડી દેવું જોઈએ. તાત્પર્યમાં લોકો 'વાહ, વાહ' કરે, સ્તુતિ કરે પ્રશંસા કરે અને પ્રોત્સાહન આપે તેવા કાર્યમાં કૂદી પડવું ન જોઈએ. કારણ કે તેમ કરવાથી તો આપણું વર્તન લોકોને રાજી રાખવા માટે થયું કહેવાય તથા લોકોની નજરમાં માન, મોભો કે મહત્તા મેળવવા માટે કરેલું કાર્ય કહેવાય. જે લોકો કોઈ પણ કાર્ય કરતી વખતે તે કાર્ય યોગ્ય છે કે અયોગ્ય, ઈષ્ટ છે કે અનિષ્ટ, એવો વિવેક કર્યા વિના માત્ર લોકોનું પ્રમાણપત્ર મેળવવા માટે જો કર્મ કરે તો તેવું કર્મ વિવેક દ્વારા થયું કહેવાય નહીં પણ લોકોને ખુશ કરવા અગર પોતાના અહંકારને ખોટું પોષણ આપવા માટે તથા સમાજમાં પ્રતિષ્ઠા માટે થયેલું, અજ્ઞાની લોકોના આચરણનું આંધળું અનુકરણ કહેવાય છે. જો આવું કરવાની કુટેવ પડી જાય તો મુમુક્ષુ સત્કાર્ય છોડી અજ્ઞાનીઓના અસદ્‌વર્તનનું અનુકરણ કરી પ્રતિષ્ઠાની વાસના પૂર્ણ કરવા અધોગતિમાં પડે છે. માટે તેવા અજ્ઞાની લોકોની અજ્ઞાનમય ક્રિયાનું અનુકરણ છોડવું જોઈએ. તેવા સાત્ત્વિક ત્યાગ માટે જ આચાર્યશ્રીએ જણાવ્યું કે **'लोकानुवर्तनं त्यक्त्वा ।'**

**'देहानुवर्तनं त्यक्त्वा'** અહંભાવ મમભાવ, દેહાત્મબુદ્ધિ કે અધ્યાસ દ્વારા જે દેહને પોતાનું સ્વરૂપ માને છે, દેહના મમત્વ કે આસક્તિ દ્વારા પોતાને દેહનો માલિક સમજે છે અને દેહને પોતાની વ્યક્તિગત ખાનગી મિલકત

સમજે છે તેવો આત્મચિંતન છોડી દેહની વાસના પ્રમાણે, દેહની માંગણી મુજબ જીવનભર દેહના પોષણ માટે, તેના સુખભોગ માટે જ વર્તન કર્યા કરે છે અને દેહની સુખાકારી માટે દોડાદોડ કરનારો જાણતો પણ નથી કે "ખીલા પીલા કે દેહ બઢાયા વો ભી અગન જલાના હૈ." આમ, જીવનપર્યંતનો શરીર પાછળનો પુરુષાર્થ તો અંતે રખ્યા મેળવવાનો જ કહેવાય. તેથી વિવેકીએ સમજવું કે દેહની માગણીઓ કે વાસનાઓને અનુસરીને વર્તન કરવું નહીં પરંતુ દેહને દૃશ્ય, જ્ઞેય, જડ, વિનાશી, ક્ષેત્ર કે સાક્ષ્ય માની પોતે સૌનો સાક્ષી છે, સૌથી ભિન્ન અને અક્રિય છે એમ સમજવું. તેણે દેહના ભોગ માટેનું વર્તન છોડી, દેહની અંદર રહેલા અંતરાત્મા કે ઈશ્વરનું જ ચિંતન કરવું જોઈએ કે જેથી કીટ-ભ્રમરન્યાયે આત્મચિંતન કરી તે અંતે આત્મસ્વરૂપ થઈ શકે અને દેહ પાછળની આંધળી ક્રિયા છોડી શકે. માટે જ કહ્યું છે કે **'देहानुवर्तनं त्यक्त्वा ।'** આ સંદર્ભે સૌ મુમુક્ષુએ નિત્ય પોતાને પ્રશ્ન પૂછતા રહેવું કે દેહ અને ઇન્દ્રિયોના ભોગ માટે આપણે જેટલો સમય ખરચીએ છીએ, તેટલો સમય શું આપણે આપણાં મોક્ષ કે મુક્તિ માટે ખરચીએ છીએ ખરાં? દેહના રોગ દૂર કરવા માટે આપણે જેટલી ચિંતા કરીએ છીએ તેટલી ચિંતા શું આપણે સંસારરૂપી રોગને અગર બંધન જેવા દર્દને દૂર કરવા કરીએ છીએ ખરાં? દેહની સુરક્ષા માટે આપણે જેટલા સાધનો વસાવ્યાં છે તેટલા કે તેનાથી અડધા સાધનો પણ શું આપણે આત્મજ્ઞાનના અધિકારી થવા માટે વસાવ્યાં છે ખરાં? શું વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ કે મુમુક્ષુત્વ જેવા સાધનો વગર જ્ઞાન મેળવી શકીશું ખરાં? દેહને પુષ્ટ કરવા માટે જેટલું ધન આપણે ખરચીએ છીએ તેટલું કે તેનાથી અડધું ધન પણ શું આપણે ચિત્તની શુદ્ધિ માટે, અહંકારની મુક્તિ માટે, મમત્વથી છૂટવા માટે કે વૈરાગ્યની પ્રાપ્તિ માટે વાપર્યું છે ખરું? અરે! જ્યારે આપણાં સગાં સંબંધીઓ, સ્નેહી કે મિત્રો બીમાર થઈ ખાટલે પડ્યા હોય છે ત્યારે આપણે જેટલા દુ:ખી થઈએ છીએ, જેટલો ભય અનુભવીએ છીએ, જેટલો શ્રમ કરી ઑપરેશન થિયેટરની બહાર ખડે પગે રાહ જોઈએ છીએ કે હૉસ્પિટલના વારંવાર આંટાફેરા કરીએ છીએ, દર્દી થયેલા સ્નેહી કે મિત્રની સુખાકારી માટે નિશદિન ચિંતા કરીએ છીએ તેના જેટલી કે તેથી

અડધા ભાગની ચિંતા પણ શું આપણા સ્નેહી, મિત્રો કે પડોશીઓ, સગા કે જેઓ જન્મોજન્મથી ભવબંધનના ખાટલે પડ્યાં છે, અજ્ઞાનરૂપી અંધારામાં અથડાય છે જન્મમૃત્યુના વમળમાં ડૂબકાં ખાય છે તેમને અંધારાથી બહાર કાઢવાં કે ભવબંધનથી મુક્ત કરવા કરી છે ખરી?

તાત્પર્યમાં યાદ રાખવું કે દેહ ક્ષણભંગુર છે, જડ છે, અપવિત્ર છે, મળમૂત્રયુક્ત છે માટે માત્ર દેહના પોષણ કે સુખભોગાર્થે જ સમય બરબાદ ન કરવો પરંતુ સદા યાદ રાખવું કે આ ક્ષણભંગુર મનુષ્યદેહ દુર્લભ છે, અનેક યોનિઓમાં ઉત્તમ છે, ધર્મપ્રાપ્તિનું પ્રથમ સાધન છે. મનુષ્ય દેહની આસક્તિ છોડી મોક્ષમાર્ગે દેહનો સદુપયોગ કરે તો દેહ દ્વારા જ નિષ્કામ કર્મ કરી અંતઃકરણશુદ્ધિ પ્રાપ્ત કરી શકે અને શુદ્ધચિત્તે વિચાર કરી દેહાસક્તિ, દેહતાદાત્મ્ય કે દેહની મમતામાંથી મુક્ત થઈ પોતાને દેહનો સાક્ષી સમજી સાક્ષી આત્માનું ચિંતન કરતાં કરતાં સ્વયં આત્મસ્વરૂપ બની શકે અને તે જ પ્રમાણે બ્રહ્મભાવના દ્વારા પોતાને બ્રહ્મથી અભેદ જાણી બ્રહ્મ થઈ શકે. પશુ આદિના શરીરો ભોગયોનિ હોઈ, તેમને કર્મની સ્વતંત્રતા નથી અને તેથી તેમની મોક્ષમાર્ગે પ્રગતિ પણ નથી. જ્યારે દેહધારી મનુષ્ય તો દેહનો સદુપયોગ કરી નરથી નારાયણ થવાનું કે જીવથી બ્રહ્મ થવાનું સામર્થ્ય ધરાવે છે. માટે દેહનું મમત્ત્વ છોડી, દેહના ભોગ માટેની વાસનાઓ તોડી, દેહની વાસના અર્થે વર્તન કરવાની કુટેવનું અનુસરણ છોડી દેવું જોઈએ. માટે જ કહ્યું છે કે **'देहानुवर्तनं त्यक्त्वा ।'**

**'शास्त्रानुवर्तनं त्यक्त्वा ।'** જેમ દેહભોગની વાસના અને સમાજ, સંસાર કે લોકમાં પ્રતિષ્ઠા કે પ્રમાણપત્રની વાસના છોડવાનો સંદેશ અપાયો તે જ પ્રમાણે શાસ્ત્રના પઠન-પાઠનની સાત્ત્વિક વાસના પણ બંધનનું કારણ હોઈ શકે તથા શાસ્ત્રો માત્ર પરોક્ષજ્ઞાન આપતાં હોઈ, સાધક કે મુમુક્ષુને વિદ્વાન કે પંડિત બનાવી શકે, પરંતુ જીવન્મુક્તિ અપાવી શકે નહીં. માટે તેવી સુંવાળી સાત્ત્વિક વાસનાનો પણ ત્યાગ કરવાનું સૂચવેલું છે. માટે જ જણાવ્યું છે કે શાસ્ત્રોના શબ્દોનો લક્ષ્યાર્થ જો ન સમજાય અને તેવા લક્ષ્યાર્થરૂપી સાર્થક

અર્થો સાથે જો સાક્ષાત્કાર ન થાય તો શબ્દોના અરણ્યમાં ભૂલો પડેલો શાસ્ત્રને અનુસરનારો શાસ્ત્રી, મતમતાંતરોના વમળમાં ડૂબકાં ખાતો, સંસાર તરવાને બદલે શાસ્ત્રોના ભાર નીચે જ ડૂબી મરે છે. માટે શાસ્ત્રોનો સાધન તરીકે ઉપયોગ કરી, શાસ્ત્રોએ નિર્દેશેલા આત્મતત્ત્વનો સાક્ષાત્કાર જો થઈ જતો હોય તો શાસ્ત્રનું પ્રયોજન પૂર્ણ થયું કહેવાય અને આમ પ્રયોજન પૂર્ણ થતાં શાસ્ત્રોને અનુસરવાનું બંધ કરી દેવું જોઈએ, શાસ્ત્રોનો માથે ઉપાડેલો ભાર ફગાવી દેવો જોઈએ કારણ કે જેમ નદી પાર કરવા જો નૌકાનો સાધન તરીકે ઉપયોગ કર્યો હોય તો નદીની પેલે પાર પહોંચ્યા બાદ કંઈ નૌકાને માથે ઉપાડીને કોઈ આગળ પ્રવાસ કરતું નથી. માટે જ આત્મદર્શન થયાં બાદ પઠનપાઠનની વાસના કે તેવું વર્તન છોડી દેવું જોઈએ. માટે જ કહ્યું કે '**शास्त्रानुवर्तनं त्यक्त्वा ।**'

આમ **लोकानुवर्तनं, देहानुवर्तनं** અને **शास्त्रानुवर्तनं** જેવું જે કંઈ અનુસરણ કે અનુકરણ અજ્ઞાનીજનોનું જોવા મળે છે તે બધું જ લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસનાથી જ પ્રેરાયેલું હોય છે તથા પોતાના આત્મસ્વરૂપના અજ્ઞાનને કારણે જ અગર અધ્યાસના લીધે જ તેવા અવિવેકી વર્તનનું અનુકરણ યાંત્રિક રીતે થયા જ કરે છે અને જો તેવું થયા કરે તો લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસનામાં નિરંતર વૃદ્ધિ જ થયા કરે અને એમ થવાથી તો મુમુક્ષુને કદાપિ યથાર્થજ્ઞાન થાય જ નહીં, કારણ કે વાસનાની હયાતીમાં આત્મજ્ઞાન થવું કદાપિ શક્ય નથી. તેથી જ શ્લોકને અંતે કહ્યું છે કે '**ज्ञानं यथावन्नैव जायते ।**' માટે નિષ્કર્ષ તો એટલો જ છે કે વિવેકી મુમુક્ષુએ યથાર્થજ્ઞાનપ્રાપ્તિ માટે લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસનાનો ત્યાગ કરવો જોઈએ.

(છંદ-ઉપજાતિ)

**संसारकारागृहमोक्षमिच्छो –**
**रयोमयं पादनिबद्धशृङ्खलम् ।**
**वदन्ति तज्ज्ञाः पटुवासनात्रयं**
**योऽस्माद् विमुक्तः समुपैति मुक्तिम् ॥२७३॥**

| | |
|---|---|
| **संसारकारागृहमोक्षम्-** | = સંસારરૂપી કેદખાનામાંથી છૂટવા |
| **इच्छोः** | = ઇચ્છનાર માટે |
| **तज्ज्ञाः** | = બ્રહ્મને જાણવાવાળા |
| **पदुवासनात्रयम्** | = (ઉપર જણાવેલી) ત્રણ વાસનાઓને |
| **पादनिबद्धश्रृङ्खलं अयोमयम्** | = પગમાં બાંધેલી લોઢાની સાંકળ જેવી |
| **वदन्ति** | = કહે છે. |
| **यः अस्मात् विमुक्तः** | = જે (મનુષ્ય) આમાંથી છૂટે |
| **मुक्तिं समुपैति** | = તે મુક્તિને પામે છે. |

## વાસનાક્ષયમાં જ મુક્તિ

ઉપર જણાવેલી લોકવાસના, દેહવાસના અને શાસ્ત્રવાસના જેવી વાસનાત્રિપુટી જ પગમાં બાંધેલી લોઢાની સાંકળ જેવી છે અને તેવી સાંકળથી બંધાયેલો જ સંસારરૂપી કેદખાનામાં કેદી બને છે. એવું બ્રહ્મતત્ત્વને જાણનારાં તત્ત્વજ્ઞાનીઓ કહે છે. પરંતુ જે મનુષ્ય ઉપરોક્ત ત્રણેય વાસનાઓથી છૂટે છે તે જ મુક્તિ પામે છે.

(છંદ-ઉપજાતિ)

**जलादिसंपर्कवशात्प्रभूत-**
**दुर्गन्धधूतागरुदिव्यवासना ।**
**संघर्षणेनैव विभाति सम्यक्**
**विधूयमाने सति बाह्यगन्धे ॥२७४॥**

(છંદ-ઉપજાતિ)

**अन्तःश्रितानन्तदुरन्तवासना-**
**धूलीविलिप्तापरमात्मवासना ।**
**प्रज्ञातिसंघर्षणतो विशुद्धा**
**प्रतीयते चन्दनगन्धवत्स्फुटा ॥२७५॥**

| | |
|---|---|
| **जलादिसंपर्कवशात्** | = જેવી રીતે જળ વગેરેના સંબંધથી |
| **प्रभूत–दुर्गन्ध–धूता–अगरु–दिव्य–वासना** | = ઉત્પન્ન થયેલી દુર્ગંધથી અગરુ-ચંદનની મીઠી સુગંધ દબાઈ જાય છે. |
| **संघर्षणेन एव** | = (પણ જ્યારે ચંદન-સુખડને) સારી પેઠે ઘસવામાં આવે |
| **बाह्यगन्धे विधूयमाने सति** | = (અને) બહારની દુર્ગંધ દૂર કરવામાં આવે ત્યારે જ |
| **सम्यक् विभाति** | = સુગંધ આવવા લાગે છે. |
| **अन्तःश्रितानन्त–दुरन्त वासना** | = (તેવી જ રીતે) અંતઃકરણમાં વસેલી, અનેક દુર્વાસનારૂપી |
| **धूली विलिप्ता** | = ધૂળથી દટાઈ ગયેલી |
| **परमात्मवासना** | = પરમાત્મ-વાસના |
| **प्रज्ञातिसंघर्षणतः** | = ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપી ઘર્ષણથી |
| **विशुद्धा** | = વિશુદ્ધ બનીને |
| **चन्दनगन्धवत्** | = ચંદનની સુગંધની જેમ |
| **स्फुटा प्रतीयते** | = સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે. |

જેમ સુખડ કે ચંદનના લાકડાં જળમાં તણાતાં હોય અને વર્ષાના મેલા પાણીથી જો પાણી ગંદુ કે કચરાવાળું થયું હોય તો તેવા લાકડાં ઉપર મેલ કે કચરાનું આવરણ થવાથી ચંદનની દિવ્ય સુગંધી આવતી નથી. પરંતુ જ્યારે ચંદનના લાકડાં ઉપર ચોંટેલા મળ અગર કચરાને સારી રીતે ઘસીને દૂર કરવામાં આવે તો કચરાની કે પાણીના મેલની દુર્ગંધ દૂર થાય છે અને ચંદનની પવિત્ર સુવાસ ફેલાવા લાગે છે. તેવી જ રીતે મન કે અંતઃકરણમાં રહેલી અનેક પ્રકારની અતિબળવાન વાસનારૂપી ધૂળ કે મેલ દ્વારા પરમાત્મા-પ્રાપ્તિની સાત્ત્વિક વાસના દટાઈ કે ઢંકાઈ જાય છે. પરંતુ જો તેવી પ્રબળ વાસનાને ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપી ઘર્ષણથી ઘસી ઘસીને સારી રીતે દૂર કરવામાં આવે તો જેમ પેલા સુખડ કે ચંદન ઉપર પાણીનો મેલ કે કચરો ચોંટેલો દૂર થઈને ચંદનની સુગંધ ફેલાય છે; તે જ પ્રમાણે વિષયવાસનાઓ,

ભોગવાસનાઓ, દેહવાસનાઓ, લોકવાસનાઓ કે શાસ્ત્રવાસનાઓનો વંટોળ દૂર થતાં પરમાત્મ પ્રાપ્તિની ઇચ્છારૂપી સુગંધ આપોઆપ ફેલાવા લાગે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अनात्मवासनाजालैस्तिरोभूतात्मवासना ।**
**नित्यात्मनिष्ठया तेषां नाशे भाति स्वयं स्फुटा ॥२७६॥**

**अनात्मवासनाजालैः** = અનાત્માની વાસનાઓના જાળાંથી
**आत्मवासना** = આત્માની વાસના
**तिरोभूता** = ઢંકાઈ ગઈ છે.
**नित्यात्मनिष्ठया** = (માટે) નિત્ય-નિરન્તર આત્મામાં સ્થિતિ કરવાથી
**तेषां नाशे** = તે વાસનાઓનો નાશ થતાં
**स्वयं स्फुटा भाति** = (આત્મવાસના) પોતાની મેળે જ સ્પષ્ટ પ્રગટ થાય છે.

જડ પદાર્થો કે વિષયોની વાસનાઓના જાળાંથી આત્મપ્રાપ્તિની, મોક્ષની કે આત્મસાક્ષાત્કારની સાત્ત્વિક અને પવિત્ર વાસના ઢંકાઈ જાય છે. માટે હંમેશા આત્મચિંતન કરતાં રહેવું જોઈએ. તેવા આત્મતત્ત્વમાં નિરંતર નિષ્ઠા રાખી, નિશદિન જો આત્મચિંતન કરવામાં આવે તો વિષયવાસનાઓનાં જાળાં ધીરે ધીરે દૂર થાય છે અને વાસનાના જાળાંનું આવરણ દૂર થતાં આત્મવાસના કે મુમુક્ષા પોતાની મેળે જ પ્રગટ થાય છે અને તેવી પ્રબળ મોક્ષવાસના જ અંતે પરમાત્માને પ્રયત્ન વિના પોતામાં પ્રગટાવે છે.

(છંદ-ઉપજાતિ)

**यथा यथा प्रत्यगवस्थितं मनः**
**तथा तथा मुञ्चति बाह्यवासनाः ।**
**निःशेष मोक्षे सति वासनाना-**
**मात्मानुभूतिः प्रतिबन्धशून्या ॥२७७॥**

**यथा यथा** = જેમ જેમ

| | |
|---|---|
| **मनः प्रत्यगवस्थितम्** | = અંતઃકરણ અંતરાત્મામાં સુસ્થિર થતું જાય છે. |
| **तथा तथा** | = તેમ તેમ |
| **बाह्यवासनाः** | = બાહ્યપદાર્થોની વાસનાઓનો |
| **मुञ्चति** | = ત્યાગ કરે છે. |
| **वासनानां निःशेष मोक्षे सति** | = વાસનાઓનો નિઃશેષ નાશ થવાથી |
| **आत्मानुभूतिः** | = આત્માનુભૂતિ |
| **प्रतिबन्धशून्या** | = પ્રતિબંધથી રહિત થઈ જાય છે. |

## મનોનાશ જ વાસનાક્ષય છે

વાસનાત્યાગના વિવેચનનું સમાપન કરતાં અંતે જણાવાયું છે કે જેમ જેમ મન આત્મસ્વરૂપના ચિંતનમાં, બ્રહ્મભાવનામાં કે નિદિધ્યાસનમાં સ્થિર થતું જાય છે તેમ તેમ તે બહારના ભૌતિક પદાર્થોની કે વિષયભોગની વાસનાઓને છોડતું જાય છે. તેમ કરતાં કરતાં અંતે તમામ વિષયવાસના, પદાર્થવાસના કે અનાત્માની વાસનાઓ આપમેળે છૂટી જાય છે. આમ, આત્મચિંતનમાં વાસનાઓનો આત્યંતિક ત્યાગ થાય છે ત્યારે આત્માનો અનાયાસે અપરોક્ષ અનુભવ થવા લાગે છે.

ઉપરોક્ત ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે આત્મસાક્ષાત્કાર, અપરોક્ષાનુભૂતિ કે જીવન્મુક્તિમાં વચ્ચે જો કોઈ વિઘ્ન હોય, પ્રતિબંધ હોય, આવરણ હોય, તો તે અન્ય કંઈ જ નહીં પરંતુ વાસના જ વિઘ્ન છે, વાસના જ આવરણ છે, વાસના જ બંધન છે, વાસના જ સંસાર છે અને વાસના જ પ્રતિબંધ છે. માટે જ જયાં સુધી વાસનાઓનો નિઃશેષ ક્ષય ન થાય, અવશેષરહિત ત્યાગ ન થાય, ત્યાં સુધી પ્રતિબંધશૂન્ય અપરોક્ષાનુભૂતિ થતી નથી અગર અનાવરણ થયેલી જીવન્મુક્તિ અનુભવાતી નથી.

(છંદ-અનુષ્ટુપ)

**स्वात्मन्येव सदा स्थित्वा मनो नश्यति योगिनः ।**
**वासनानां क्षयश्चातः स्वाध्यासापनयं कुरु ॥२७८॥**

| | |
|---|---|
| स्वात्मनि एव सदा | = પોતાના આત્મામાં જ સર્વદા |
| स्थित्वा | = સ્થિતિ કરીને |
| योगिनः मनः | = યોગીનું મન |
| नश्यति | = નષ્ટ થઈ જાય છે. |
| च | = અને |
| वासनानां क्षयः | = વિષયવાસનાઓનો પણ નાશ થાય છે. |
| अतः | = માટે |
| स्वाध्यासापनयं कुरु | = પોતાના અધ્યાસને દૂર કર. |

જે યોગી આત્માનું અભેદભાવે મનન કર્યા કરે છે અને નિત્ય નિરંતર આત્મસ્વરૂપમાં જ જેનું મન સ્થિર થયું છે, તેનું મન બ્રહ્મથી ભિન્ન રહેતું નથી, પરંતુ બ્રહ્મ સાથે એકીભૂત થવાથી વિષયાસક્તિથી, ભૌતિક પદાર્થોના રાગથી તે મુક્ત થાય છે. એટલું જ નહીં, પરંતુ વિચારશૂન્ય અવસ્થાને પ્રાપ્ત થાય છે. માટે નથી તેમાં નશ્વર પદાર્થોના રાગનો વિચાર કે તેને પ્રાપ્ત કરવાની વાસના. તે જ પ્રમાણે નથી તેને કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ માટે દ્વેષભાવનાનો વિચાર. આમ હોવાથી, ત્યાં મન જેવું જ કંઈ રહેતું નથી. મનમાંથી વિષયવાસનારૂપી મળ, રાગ-દ્વેષરૂપી દોષ કે વિચારોની ચંચળતાની આત્યંતિક નિવૃત્તિ થવાથી મન શુદ્ધ થાય છે. આમ, આત્મવિચારમાં તે યોગીનું મન અભેદભાવ અનુભવે છે, તે મન આત્મસ્થ થઈ જાય છે. માટે અવિવેકી કે વિષયાસક્ત અથવા વાસનાગ્રસ્ત મન નાશ પામ્યું તેવું કહેવાય છે. આવી રીતે પ્રાપ્ત થયેલી 'અમના' સ્થિતિને જ મનોનાશ કહી જણાવ્યું છે કે જે યોગીનું મન આત્મસ્વરૂપમાં સ્થિત છે તેનું મન નાશ પામેલું સમજવું અને તેની વાસનાઓનો પણ ક્ષય જ જાણવો. માટે હે મુમુક્ષુ! "તું તારા દેહ ઉપરની 'હું'પણાની ભ્રાંતિ કે 'હું દેહ છું' તેવો 'અહંભાવ'રૂપી તારો અધ્યાસ દૂર કર.

(છંદ-અનુષ્ટુપ)

**तमो द्वाभ्यां रजःसत्त्वात्सत्त्वं शुद्धेन नश्यति ।**
**तस्मात् सत्त्वमवष्टभ्य स्वाध्यासापनयं कुरु ॥२७६॥**

| | |
|---|---|
| **द्वाभ्यां** | = (રજોગુણ અને સત્ત્વગુણ) આ બે થી |
| **तमः** | = તમોગુણ, |
| **सत्त्वात् रजः** | = સત્ત્વગુણથી રજોગુણ, (અને) |
| **शुद्धेन** | = શુદ્ધ આત્મજ્ઞાનથી |
| **सत्त्वम्** | = સત્ત્વગુણનો |
| **नश्यति** | = નાશ થાય છે. |
| **तस्मात्** | = માટે |
| **सत्त्वम्** | = (શુદ્ધ) સત્ત્વગુણનું (એટલે આત્મજ્ઞાનનું) |
| **अवष्टभ्य** | = અવલંબન કરીને |
| **स्व-अध्यासापनयं कुरु** | = પોતાના અધ્યાસને દૂર કર. |

રજોગુણ અને સત્ત્વગુણના પ્રભાવથી તમોગુણ નિવૃત્ત થાય છે, જયારે સત્ત્વગુણના પ્રભાવથી પ્રવૃત્તિપ્રેરક રજોગુણની નિવૃત્તિ થાય છે તથા શુદ્ધ સત્ત્વગુણ દ્વારા જે મિશ્ર સત્ત્વગુણ છે તેનો નાશ કે નિવૃત્તિ થાય છે. માટે શુદ્ધ સત્ત્વગુણનો આશ્રય કરી તું તારા અધ્યાસને દૂર કર.

આમ, અત્રે વાસ્તવમાં તો ત્રણેય ગુણથી પર થવાનો સંદેશો છે. તમોગુણની નિવૃત્તિ કરવી અર્થાત્ તેમાંથી જન્મેલાં સ્થૂળ શરીરનું તાદાત્મ્ય તોડવું કે તેમાં રહેલા 'અહંભાવ' કે 'મમભાવ'નો નાશ કરવો, એવો સંકેત જ ઈષ્ટ છે. તે જ પ્રમાણે રજોગુણની નિવૃત્તિનો અર્થ કર્મેન્દ્રિયો અને પાંચ પ્રાણ સાથેનું તાદાત્મ્ય દૂર કરી, ભ્રાંતિમાં પણ 'હું પ્રાણ છું', એવી સમજનો સ્વીકાર કરી શકાય નહીં, તેવો ઉપદેશ લેવો. અંતે મિશ્ર સત્ત્વગુણનો ત્યાગ સૂચવે છે કે સૂક્ષ્મ મન, બુદ્ધિ કે અહંકાર જેવા અંતઃકરણમાં કે જ્ઞાનેન્દ્રિયોમાં જો અભિમાન થયું હોય કે, 'હું મન બુદ્ધિ અથવા ઇન્દ્રિય છું' તો તેવા અધ્યાસનો

પણ તીવ્ર વિવેકવિચારથી નાશ કરવો, એ જ મુમુક્ષુનું અનિવાર્ય કર્તવ્ય છે. આવો તાત્ત્વિક અર્થ જ ભ્રમરવૃત્તિથી સૌએ ગ્રહણ કરવો જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**प्रारब्धं पुष्यति वपुः इति निश्चित्य निश्चलः ।**
**धैर्यमालम्ब्य यत्नेन स्वाध्यासापनयं कुरु ॥२८०॥**

| | |
|---|---|
| **प्रारब्धम्** | = પ્રારબ્ધ કર્મ જ |
| **वपुः** | = શરીરનું |
| **पुष्यति** | = પોષણ કરે છે. |
| **इति निश्चित्य** | = એમ નિશ્ચય કરીને |
| **निश्चलः** | = નિશ્ચલ થઈને |
| **धैर्यं आलम्ब्य** | = ધીરજ ધરીને |
| **यत्नेन** | = યત્નપૂર્વક |
| **स्व-अध्यासापनयं कुरु** | = પોતાના અધ્યાસને દૂર કર. |

અવિદ્યાજન્ય ભ્રાંતિ દ્વારા જ અવિવેકી શરીરને પોતાનું સ્વરૂપ માની જીવનભર શરીર પાછળ સંતપ્ત થાય છે અને શરીરના ચિંતન દ્વારા અંતે શરીરત્યાગ બાદ પુનર્જન્મે નવા શરીરને જ પ્રાપ્ત કરે છે. આમ ભ્રાંતપુરુષ પોતે જ જન્મમૃત્યુના ચક્રને ચાલતું રાખે છે અને દેશકાળના બંધનથી મુક્ત થઈ શકતો નથી. માટે જ અત્રે સમજાવ્યું છે કે મુમુક્ષુએ નિશ્ચયપૂર્વક સમજી લેવું જોઈએ કે હું શરીર નથી કે તે મારું નથી શરીરની સાચી માલિકી તો પ્રારબ્ધકર્મની જ છે તેથી પ્રારબ્ધકર્મ જ શરીરનું પાલન-પોષણ કર્યા કરે છે, **"प्रारब्धं पुष्यति वपुः"** એવા અચળ અને દૃઢ નિશ્ચયના બળે દરેકે ધીરજપૂર્વક પ્રયત્ન કરીને પોતાના અધ્યાસને નિવૃત્ત કરવો જોઈએ અને 'હું શરીર છું કે શરીર મારું છે', તેવી દુઃખદ ભ્રાંતિમાંથી મુક્ત થઈ શરીરની ચિંતા ત્યજી દેવી જોઈએ.

વપુ અર્થાત્ શરીર. તેની નાહકની ચિંતામાં અવિવેકી જીવનભર

દુઃખી થાય છે. શરીરનો જન્મ તો પ્રારબ્ધના લીધે થાય છે. અનેક જન્મોનાં સંચિત થયેલાં કર્મો કે જેનું ફળ ભોગવવાનું બાકી છે અને જે જીવાત્માના નામે જમા છે તે સંગ્રહિત થયેલાં અનેક જન્મોનાં કર્મોને સંચિત કહેવામાં આવે છે. આવા સંચિતકર્મોમાંથી જે કર્મો જેમ જેમ પરિપક્વ થતાં જાય તેમ તેમ તેવો પરિપક્વ થયેલો કર્મસમૂહ ફળ ભોગવવા માટે કોઈને કોઈ યોનિ-પ્રવેશ દ્વારા ગર્ભ ધારણ કરી શરીરને જન્મ આપે છે. કારણ કે નિરાકાર જીવાત્મા શરીર વગર કર્મનાં ફળ ભોગવી શકે નહીં. આમ, સંચિત કર્મોનાં સંગ્રહિત કર્મોમાંથી થોડાંક પરિપક્વ થયેલાં કર્મોને ભોગવવા માટે જીવાત્મા જ્યારે નવું શરીર ધારણ કરે છે ત્યારે તે શરીર જે કર્મસમૂહને લીધે જન્મે છે તે કર્મસમૂહને પ્રારબ્ધકર્મ કહેવામાં આવે છે. આ ઉપરથી સ્પષ્ટ છે કે શરીરનો જન્મ પ્રારબ્ધકર્મને લીધે છે અને જન્મ થયા પછી કર્મના ફળ ભોગવવા માટે શરીરને સારું રાખવું, તેનું પોષણ કરવું અને તેવા શરીરરૂપી સાધન પાસે સારાંનરસાં કર્મનાં ફળ ભોગવાવવાં, તે સર્વ જવાબદારી પ્રારબ્ધની જ છે. કોઈ વિશેષ પ્રયત્ન કરે કે ન કરે પરંતુ શરીરને પ્રારબ્ધકર્મનાં ફળ મુજબ સુખદુઃખ મળ્યા જ કરે છે. આમ, શરીર કે વપુના પોષણની, તેનાં વસ્ત્રો કે રહેઠાણની જવાબદારી અગર તેના ભોગો માટેની પૂર્વ તૈયારી, વગેરે બધું જ પ્રારબ્ધ મુજબ આપોઆપ થયાં કરે છે. પ્રારબ્ધકર્મનો સમૂહ કે જે જીવાત્મા સંચિતના સંગ્રહમાંથી ઉપાડીને લાવ્યો છે, તે સૌ પ્રારબ્ધકર્મનાં ફળ વટાવતાં કે ભોગવતાં જ્યારે સમાપ્ત થઈ જાય છે ત્યારે તે જ ક્ષણે પ્રારબ્ધકર્મનો નાશ થતાં શરીરનો છેલ્લો શ્વાસ બંધ પડે છે અને ગર્ભરૂપી સ્ટેશનથી જીવની શરૂ થયેલી જીવનયાત્રા અંતે સ્મશાનરૂપી અંતિમ સ્ટેશને પૂર્ણ થાય છે. આમ, શરીરના મૃત્યુનું કારણ પણ પ્રારબ્ધ જ છે. પ્રારબ્ધની પૂર્ણાહુતિ જ મૃત્યુ છે. પ્રારબ્ધનો શુભારંભ જ જન્મ છે અને જેમ ૫૦૦ રૂપિયાની નોટ વટાવીએ અને સુખભોગ માટે ખરચીએ તેમ પ્રારબ્ધકર્મોનાં ફળ વટાવતાં વટાવતાં સુખભોગ અનુભવીએ તેને જ જન્મ અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતું જીવન કહેવામાં આવે છે.

પ્રત્યેક મનુષ્યે નિશ્ચિતરૂપે સમજી લેવું કે જીવનયાત્રા કેટલી લાંબી

ચલાવવી કે ક્યારે યાત્રા વચ્ચે લથડિયું કે ઠોકર ખાતાં જીવનયાત્રા અટકાવવી, એશ–આરામ કે સમૃદ્ધિરૂપી સંપત્તિમાં આળોટવું કે દયાપાત્ર થઈ દુઃખના ખાટલે દર્દની પીડા સહન કરતાં પડ્યા રહેવું, લોકોની સ્તુતિ કે પ્રશંસા વચ્ચે પુષ્પોના હાર વચ્ચે ,લદાઇને સન્માનથી અલંકૃત થવું કે ગાળો કે અપશબ્દોના ભારથી દટાઈ જઈ, જોડાના મારથી તિરસ્કૃત થઈ ઘાયલ થવું, તે બધું જ અંતે પ્રારબ્ધ ઉપર નિર્ભર હોય છે. માટે જ આચાર્યશ્રીએ સ્પષ્ટ કર્યું છે કે શરીરના માનાપમાનની, તિરસ્કાર કે સન્માનની, પાલન કે પોષણની , ભૂત કે ભવિષ્યની ચિંતા છોડી દે. કારણ કે શરીર ન તો તારું છે કે ન તું શરીરનો માલિક છે. તું તો શરીરથી વિલક્ષણ શરીરનો સાક્ષી છે. તારે શરીરના ભોગ, રોગ, યોગ કે સંજોગ સાથે લેશ માત્ર સંબંધ નથી. તું દેહની આધિ, વ્યાધિ અને ઉપાધિથી અસંગ છે, તેવું વિચારી નિશ્ચિંત થઈ શરીરના પોષણ માટેની ચિંતાથી મુક્ત થા. તારા સ્વાત્માનંદમાં મદમસ્ત થા, તારા ચિંતામુક્ત અલમસ્ત અનંતસ્વરૂપમાં સ્થિત થઈ શરીરસુખ માટે લોકોની લાચારી છોડી દે, પેટને પોષવા થતી ખુશામતની શહાદત વહોરી લે. કારણ કે "વપુ પ્રારબ્ધ પોષે છે ખુશામત જહાં તણી શાને? **"प्रारब्धं पुष्यति वपुः"**

વર્તમાન દેહ દ્વારા જે કર્મો થાય છે અને જેનું ફળ ભવિષ્યમાં મળવાનું છે અગર ફળ આવવાનું બાકી છે, તેવા કર્મોને આગામી કર્મ અથવા ક્રિયમાણકર્મ કહેવામાં આવે છે. આવા આગામીકર્મ અજ્ઞાનમાં કર્તાભાવે થાય છે. જ્યારે દેહાભિમાન દ્વારા જીવાત્માએ અનેક જન્મોનાં કરેલાં કર્મો કે જેનું ફળ પરિપક્વ થઈ ભોગવવાનું બાકી છે અને તેવા સૌ કર્મો જીવાત્માને નામે એકઠાં થઈ તેની સંપત્તિરૂપે જમા છે, તેવા જમા રહેલા કર્મોને સંચિત કર્મ કહેવામાં આવે છે. આવા આગામી અને સંચિતકર્મોનો નાશ આત્મજ્ઞાન દ્વારા શક્ય છે. પરંતુ પ્રારબ્ધકર્મથી કોઈ બચી શકે નહીં કારણ કે તે તો નવું શરીર લઈ ફળ ભોગવવાનું શરૂ કરી ચૂકેલું હોય છે અર્થાત્ પ્રારબ્ધકર્મોનાં ફળનો ભોગ, જન્મ પછી શરૂ થઈ ચૂક્યો હોય તો તેવા ફળભોગને વચ્ચે કોઈ અટકાવી શકે નહીં. માટે જ કહ્યું છે કે પ્રારબ્ધકર્મ તો યેન કેન પ્રકારેણ ભોગવવું જ પડે છે. પછી "પ્રારબ્ધનું ફળ શુભ હોય કે અશુભ; ઇષ્ટ હોય કે અનિષ્ટ;

તેને અવશ્ય ભોગવવું જ રહ્યું. ભોગવ્યા વિના પ્રારબ્ધકર્મનો ક્ષય થતો નથી અગર કરોડો ઉપાયોથી પણ પ્રારબ્ધકર્મને ફળ આપતાં કોઈ અટકાવી શકે નહીં."

**"अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।**
**नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ॥**

પ્રારબ્ધકર્મનો આવો અપવાદ વગરનો, અફર, અચળ સિદ્ધાંત જે કોઈ કર્મની ગહનગતિ જાણનારને સમજાય છે તે કદી ભૂતકાળના વીતી ગયેલાં સુખદ સ્વપ્નોનું કે સુંવાળા રેશમી સાનુકૂળ સંજોગોનું સ્મરણ કરતો નથી કે ભવિષ્યમાં આવનારાં દુઃખદ પ્રસંગોની કે મૃત્યુની ભયાનકતાનો વિચાર કે ચિંતા પણ કરતો નથી. પરંતુ ભૂત અને ભવિષ્યથી મુક્ત થઈ, માત્ર વર્તમાનમાં જીવતો જાગતો રહી, પોતાના સ્વસ્વરૂપનું ચિંતન કર્યા કરે છે અને ધૈર્યવાન થઈ સમજે છે કે 'હું શરીર નથી તો શરીર પૂર્વેનો ભૂતકાળ મારે કેવો? અગર મૃત્યુ પછીનું પુનર્જન્મ જેવું ભવિષ્ય મારે ક્યાં? આમ, જો મને શરીરના પ્રાગભાવ કે પ્રધ્વંસાભાવનો સ્પર્શ નથી, તો વર્તમાન શરીરના વીતેલા અતીતનું કે આગતનું મારે વળી ચિંતન કેવું? હું તો કાળાતીત છું માટે જન્મ મારો છે, તેનું મૃત્યુ મારું છે, તેના પોષણની જવાબદારીનો ભાર મારે માથે છે, તેની આધિ, વ્યાધિ, ઉપાધિનો વહન કરનારો હું છું, તેવી ભ્રાંતિ કે અધ્યાસમાંથી તે મુક્ત થઈ જાય છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા ચાર પુરુષાર્થોમાંથી ધર્મ અને મોક્ષ એ બે પુરુષાર્થને આધીન છે. જ્યારે અર્થ=ધન=સંપત્તિ અને તે દ્વારા શરીરના સુખભોગ કે પોષણ અર્થે ખરીદાયેલા ભોગ અગર કામ પ્રારબ્ધને આધીન છે. શરીરને કેવું રહેઠાણ આપવું, કેવાં વસ્ત્રો, આભૂષણ, અન્ન કે સુખાકારી બક્ષવી, શરીરને સુખના સ્વર્ગમાં કે દુઃખના નરકમાં લઈ જવું તે સર્વ પ્રારબ્ધને આધીન છે. શરીર જાતે ન તો સુખ તરફ પ્રયાણ કરી શકે કે વૈભવ તરફ દોડી શકે. દેહ પોતે ઉણપ કે અછતથી, અપ્રાપ્તિ કે અણગમાથી, શોક કે ભયથી પોતાની જાતે ન તો દૂર નાસી શકે કે ન તો તે સૌની નિવૃત્તિ કરી શકે. કારણ કે સુખદુઃખ કે સંપત્તિ-વિપત્તિ તરફ જવામાં કે તેથી

પીછેહઠ કરવામાં શરીરને સ્વતંત્રતા હોતી નથી અનંત ગગનમાં સ્થિત વાદળાંને કઈ દિશામાં જવું, ક્યાં કેટલો સમય સ્થિત રહેવું, ક્યાં વરસી પડવું અને રણ જેવા વિસ્તાર ઉપરથી પસાર થવા છતાં જ્યાં કણ કણ પાણી માટે તરસતો હોય છતાં થોભ્યા વિના, વરસ્યા વિના, આંખો બંધ કરીને આગળ દોડી જવું કે અટકી જવું, તેમાં પોતાને સ્વતંત્રતા હોતી નથી. વાદળ તો જ્યાં પવન ઘસડી જાય, ખેંચી જાય ત્યાં પરવશ થઈને ચાલ્યું જાય છે. પવન થોભી જતાં વાદળ થોભી અને ઘટાદાર જંગલોમાં છાયો હોવા છતાં છાયો કરે છે. સતત લીલા જંગલોમાં પાણીની અછત નથી છતાં વરસી અને તૂટી પડે છે, પવન વંટોળીઆનું સ્વરૂપ લે તો વાદળો ગરબે ઘૂમે છે, અદ્ધર ચઢે છે. અને વંટોળીઓ શાંત થતાં તે સ્થિર થાય છે. ટૂંકમાં, વાદળને જેમ પોતાની દિશા નક્કી કરવા માટે સ્વતંત્રતા નથી તેવું જ શરીરરૂપી વાદળને માટે પણ કહેવાય છે. પ્રારબ્ધરૂપી પવન શરીરરૂપી વાદળાંને સંપત્તિની દિશામાં લઈ જાય, રંગરાગ કે ભોગની સરિતામાં સ્નાન કરાવે, તો તેમાં તે ગળાડૂબ રહે છે અને પ્રારબ્ધરૂપી પવન જો દેહને વિપત્તિ કે આપત્તિમાં બળજબરીથી ધકેલી દે તો શરીર કોઈ પણ પ્રતિક્રિયા કર્યા વિના સર્વ કાંઈ સહન કરે છે અને પોતાની લાચારી સમજી પ્રચંડ પ્રારબ્ધની સામે થયા વિના સર્વ કંઈ કર્મનું ફળ માની સ્વીકારે છે. આમ, દેહને ક્યારે ક્યાં જવું, પ્રતિકૂળ કે અનુકૂળ સંજોગોમાં કેટલું ટકી રહેવું અને જીવનસંઘર્ષમાં સુખદુઃખના સંજોગો સામે યુદ્ધે ચઢી ક્યારે સંગ્રામ સમાપ્ત કરવો, તે સર્વ કાંઈ અંતે તો પ્રારબ્ધને આધીન છે. માટે મુમુક્ષુએ સ્પષ્ટ સમજી લેવું કે પ્રારબ્ધકર્મ તો સંચિતકર્મરૂપી બાણના ભાથામાંથી છૂટી ચૂકેલું બાણમાત્ર છે. છૂટ્યા બાદ બાણ, સંપત્તિને નિશાન બનાવે છે કે વિપત્તિને, પરંતુ તેને નિશાન સુધી પહોંચતાં પૂર્વે વચ્ચે કોઈ અટકાવી શકે તેમ નથી. માટે જે કંઈ આપણા પ્રારબ્ધમાં લખાયેલું છે, જે કંઈ પ્રારબ્ધમાં પૂર્વનિશ્ચિત છે, જે સુખભોગ કે સંપત્તિ પ્રારબ્ધે આપણા માટે અર્થાત્ શરીર માટે નિર્માણ કરેલાં જ છે, તે કોઈ કાળે કોઈ અટકાવી શકે તેમ નથી, છીનવી શકે તેમ નથી કે પ્રારબ્ધની યોજનાનો કોઈ ઇન્કાર કરવા સમર્થ નથી. તે જ પ્રમાણે, જે કંઈ આપણા પ્રારબ્ધમાં લખ્યું નથી, જે સુખભોગને

દેહ માટે પ્રારબ્ધે, કર્મના ફળરૂપે નિર્માણ કર્યા નથી, તે કોટિ ઉપાયોથી પણ કોઈ અપાવી શકે તેમ નથી. માટે મુમુક્ષુએ વ્યર્થ ફાંફાં મારવાનું છોડી, નાહકની ચિંતા તોડી, શરીરને પ્રારબ્ધને હવાલે કરી દેવું જોઈએ. પ્રારબ્ધ જાતે જ, કોઈ ઇચ્છે કે ન ઇચ્છે છતાં શરીરની કે વપુની જવાબદારી વહન કરશે અને શરીરને ખપતું જે કંઈ કર્મફળે મળવાનું છે તે આપ્યા જ કરશે. માટે ન તો શરીર પાછળ સંતપ્ત થવું, ન તો દેહના સુખ કે સગવડ માટે વ્યથિત થવું. પરંતુ મનુષ્યજન્મે મળેલો અમૂલ્ય સમય આત્મવિચાર માટે ખર્ચીને આત્મસાક્ષાત્કારાર્થે જ પુરુષાર્થ કરવો, ચિંતન કરવું, આત્માનુભૂતિ માટે જ વિહાર કે વિચાર કરવો અને તેથી અન્ય સર્વ કંઈ મિથ્યા પ્રવૃત્તિ જાણી તેમાંથી નિવૃત્ત થવું, તે જ મુમુક્ષુનું મનનયુક્ત અને ચિંતામુક્ત પરમ કર્તવ્ય છે.

(છંદ–અનુષ્ટુપ)

**नाहं जीवः परं ब्रह्मेत्यतद्व्यावृत्तिपूर्वकम् ।**
**वासनावेगतः प्राप्तस्वाध्यासापनयं कुरु ॥२८१॥**

| | | |
|---|---|---|
| **'अहं जीवः' न** | = | હું જીવ નથી પણ |
| **परं ब्रह्म** | = | પરબ્રહ્મ છું |
| **इति** | = | એમ |
| **अतद् व्यावृत्तिपूर्वकम्** | = | અતદ્‌ની નિવૃત્તિપૂર્વક |
| **वासना वेगतः** | = | વાસનાના વેગથી |
| **प्राप्त–** | = | પ્રાપ્ત |
| **स्वाध्यासापनयं कुरु** | = | પોતાના અધ્યાસને દૂર કર. |

**'नाहं जीवः परं ब्रह्म'** 'હું જીવ નથી પરંતુ પરમ બ્રહ્મ જ છું' આવા દૃઢ નિશ્ચય પર આવવા માટે પ્રથમ પોતાના જીવભાવની નિવૃત્તિ કે વ્યાવૃત્તિ કરવી જોઈએ. તેવી જીવભાવની કે જડ પદાર્થોમાં રહેલી અહંબુદ્ધિને દૂર કરવા માટે અત્રે જણાવ્યું છે કે **'अतद् व्यावृत्तिपूर्वकम्'** અહીં **'अतद्'** શબ્દ **'तत्'** બ્રહ્મથી વિરૂદ્ધ અર્થે વપરાયેલો છે. માટે મહાવાક્યગત **'तत्'**નો અર્થ ચૈતન્ય આત્મા કે ચૈતન્ય બ્રહ્મ કરીએ તો સ્પષ્ટ છે કે **'अतद्'** એટલે

જે **'तत्'** બ્રહ્મથી વિલક્ષણ છે, વિરુદ્ધ છે, તેવું સર્વ કંઈ ક્ષેત્રવર્ગ કે જડ પદાર્થો. માટે અત્રે સમજવું કે જડ શરીર ઉપરની દેહાત્મબુદ્ધિની નિવૃત્તિ કરવી અગર જીવભાવની કે ઇન્દ્રિયાદિમાં જે અહંબુદ્ધિ છે, તેની નિવૃત્તિ કર્યા બાદ જ વાસનાના પ્રબળ વેગથી 'હું દેહ છું, હું જીવ છું, હું ઇન્દ્રિયાદિ છું' એવો જે અધ્યાસ કે અજ્ઞાનરૂપી ભ્રાંતિ ઉત્પન્ન થઈ છે તેને તું દૂર કર. એવો આદેશ કે ઉપદેશ, મનોનાશ કે ભ્રાંતિત્યાગના સંદર્ભે અત્યારે જણાવાયેલો છે.

જેવી રીતે પૃથ્વી ઉપરના ગુરુત્વાકર્ષણના બળની નિવૃત્તિ, પૃથ્વીના આંતર–આકાશ(INNER SPACE)ને છોડી, બાહ્ય અનંત આકાશમાં ઊડ્યા વિના થતી નથી અને જ્યાં સુધી પૃથ્વીના ગુરુત્વાકર્ષણના બળની બહાર ન નીકળાય ત્યાં સુધી વજનરહિત સ્થિતિનો અનુભવ થતો નથી. તેવી જ રીતે જ્યાં સુધી, 'હું જીવ છું' 'હું દેહ છું' તેવી **'अतद्'** વૃત્તિની કે જીવભાવની નિવૃત્તિ થતી નથી, ત્યાં સુધી 'હું બ્રહ્મ છું' તેવા બ્રહ્મભાવની અનુભૂતિ થતી નથી. માટે જ મુમુક્ષુએ સૌ પ્રથમ જીવભાવ જેવા પોતાના અધ્યાસની નિવૃત્તિ કરવી જોઈએ.

(છંદ–અનુષ્ટુપ)

**श्रुत्या युक्त्या स्वानुभूत्या ज्ञात्वा सार्वात्म्यमात्मनः ।**
**क्वचिदाभासतः प्राप्तस्वाध्यासापनयं कुरु ॥२८२॥**

**श्रुत्या** = શ્રુતિ,
**युक्त्या** = યુક્તિ,
**स्वानुभूत्या** = અને પોતાના અનુભવથી
**आत्मनः** = આત્માની
**सार्वात्म्यम्** = સર્વાત્મતા
**ज्ञात्वा** = જાણીને
**क्वचिद्** = કોઈ કાળે
**आभासतः** = (ચૈતન્યના) આભાસથી
**प्राप्त–** = પ્રાપ્ત થયેલા
**स्वाध्यासापनयं कुरु** = પોતાના અધ્યાસને દૂર કર.

શ્રુતિ અર્થાત્ ઉપનિષદ, યુક્તિ અર્થાત્ તર્ક અને સ્વાનુભૂતિ અર્થાત્ પોતાના વ્યક્તિગત અનુભવ દ્વારા પોતાનો આત્મા જ સર્વસ્વરૂપ છે, એવું સમજીને દેહાદિ પરના મિથ્યાભાસથી કોઈ કાળે ઉત્પન્ન થયેલા તારા

અધ્યાસને કે અજ્ઞાનને તું દૂર કર.

પોતાના આત્મસ્વરૂપનું નિ:સંદેહ અને દૃઢ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અત્રે શ્રુતિ, યુક્તિ અને અનુભૂતિનો સહારો લેવાનું સૂચવેલું છે. તેથી સૌ પ્રથમ ઉપનિષદ કે શ્રુતિને શ્રદ્ધાપૂર્વક પ્રમાણ માનવા જોઈએ અને તેવા શ્રુતિના વચનોમાં શ્રદ્ધા રાખીને પોતાના આત્મસ્વરૂપનો નિશ્ચય કરવો જોઈએ. કારણ કે આત્મા ઇન્દ્રિયગમ્ય નથી તેથી તેનું પ્રત્યક્ષજ્ઞાન થઈ શકે નહીં અને ઇન્દ્રિયો આત્માને જાણવા માટે પ્રમાણ નથી. તે જ પ્રમાણે આત્મા યુક્તિ, તર્ક કે અનુમાનથી જાણી શકાય તેમ નથી. કારણ કે આત્મા મનબુદ્ધિનો વિષય પણ નથી. માટે આત્માનું પરોક્ષજ્ઞાન પણ થઈ શકે નહીં. આમ હોવાથી, આત્મા જાણવો મુશ્કેલ થઈ જાય. માટે જ શ્રુતિના શબ્દોને કે વેદોના મહાવાક્યોને પ્રમાણ માની, પોતાના આત્મસ્વરૂપનો દૃઢ નિર્ણય કરવો જોઈએ. **"आत्मैवेदं सर्वम्"** ''આત્મા જ આ સર્વ કંઈ છે.'' **"सर्वं खल्विदं ब्रह्म"** ''આ સર્વ કંઈ બ્રહ્મ જ છે.'' આવા શ્રુતિના વાક્યોને પ્રમાણભૂત ગણીને મુમુક્ષુએ સમજવું કે 'હું જીવ નથી પણ બ્રહ્મ જ છું, હું બ્રહ્મ છું તો સર્વવ્યાપ્ત હોઈ સર્વમાં સર્વસમયે સમત્વરૂપે રહેલો છું અને તે જ ન્યાયે શ્રુતિના ઉપદેશથી હું સમજ્યો છું કે સર્વ કાંઈ આત્મા જ છે. હું આત્મતત્ત્વ છું તો જીવ જેવો સોપાધિક નહીં, એકદેશીય નહીં પરંતુ નિરુપાધિક અને સર્વદેશીય છું. એટલું જ નહીં પરંતુ ભૂતમાત્રમાં અંતર્યામી તરીકે રહેલો છું.' આમ, શ્રુતિથી પોતાના સ્વરૂપનો નિશ્ચય કર્યા બાદ શાસ્ત્રસંમત યુક્તિ કે તર્કથી પણ સમજવું જોઈએ કે દેહ તો દૃશ્ય છે અને હું તો દેહનો દૃષ્ટા છું, માટે દૃશ્યથી ન્યારો, ભિન્ન છું, વિલક્ષણ અને અસંગ છું. દૃષ્ટા અને દૃશ્ય કદી એક હોઈ શકે નહીં,ઉપરાંત દૃશ્ય દેહ તો જડ છે જ્યારે હું તેનો દૃષ્ટા કે સાક્ષી ચેતનસ્વરૂપ છું. આમ, દેહ અને સાક્ષી આત્મા વચ્ચે જડ અને ચેતનનો વિરોધ હોવાથી પણ દેહ કદાપિ આત્મા હોઈ શકે નહીં. આવી અનેકાનેક શાસ્ત્રસંમત યુક્તિથી પણ આત્મા દેહથી જુદો છે, જીવથી વિલક્ષણ છે તેવું સમજી શકાય છે અને તે જ પ્રમાણે સુષુપ્તિ સમયે દરેક પોતાના અનુભવથી સમજી શકે છે કે સ્થૂળશરીરનો અભાવ સ્વપ્નકાળે જણાય છે અને સ્વપ્નના સૂક્ષ્મશરીરનો

અભાવ જાગ્રતકાળે સમજાય છે અને સૂક્ષ્મ અને સ્થૂળ બન્ને શરીરોનો અભાવ સુષુપ્તિમાં જણાય છે તેથી સ્પષ્ટ થાય છે કે જેનો અભાવ હોય તેવા સ્થૂળ કે સૂક્ષ્મ શરીરો સત હોઈ શકે નહીં. પરંતુ એક જ કાળે જણાતા હોવાથી તેવા શરીરોની સત્તા પારમાર્થિક નહીં પરંતુ પ્રાતિભાસિક છે. આમ, સ્થૂળ કે સૂક્ષ્મ શરીર અસત છે, પ્રાતિભાસિક છે તેથી તેવા મિથ્યા શરીરો કદી પણ મારું આત્મસ્વરૂપ હોઈ શકે નહીં. આત્મસ્વરૂપે હું તો ત્રણે અવસ્થાઓમાં, ત્રણે કાળે રહેનારો ભાવસ્વરૂપ છું. મારો કોઈ કાળે કે સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિ જેવી અવસ્થામાં અભાવ થતો નથી. જાગ્રત અવસ્થામાં હું સ્થૂળ પદાર્થોનો ભોક્તા છું અને સ્થૂળશરીર, ઈન્દ્રિયો કે મનબુદ્ધિનો સાક્ષી છું. જ્યારે સ્વપ્નાવસ્થામાં હું સૂક્ષ્મ પદાર્થોનો ભોક્તા છું અને સ્વપ્નસૃષ્ટિનો સાક્ષી છું અને તે જ પ્રમાણે સુષુપ્તિમાં **'अहं किमपि न जानामि ।'** 'હું કાંઈ પણ જાણતો નથી' તેવી ન જાણવાની વૃત્તિને જાણનારો હોઈ સુષુપ્તિનો પણ સાક્ષી છું. તેથી ત્રણે અવસ્થામાં જેનો અભાવ ન થાય તેવો હું અવસ્થાત્રયસાક્ષી આત્મા છું. આમ, કાળાતીત હોઈ, અભાવથી મુક્ત હોઈ, સત અને ચિતરૂપે હું પ્રત્યેક ભૂતમાત્રમાં પ્રત્યગાત્મા કે અંતર્યામી તરીકે રહેલો છું. સુષુપ્તિના અનુભવથી પણ મુમુક્ષુએ ત્રણે અવસ્થામાં રહેનારા સર્વસ્વરૂપ પોતાના આત્મસ્વરૂપને જાણવું જોઈએ. તાત્પર્યમાં શ્રુતિ યુક્તિ અને અનુભૂતિના સહારે પોતાને દેહ અને જીવથી વિલક્ષણ આત્મસ્વરૂપે જાણી દેહાદિ પરના મિથ્યાભાસનો કે અહંભાવનો અગર અધ્યાસનો મુમુક્ષુએ નાશ કરવો જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**अनादानविसर्गाभ्यामीषन्नास्ति क्रिया मुनेः ।**
**तदेकनिष्ठया नित्यं स्वाध्यासापनयं कुरु ॥२८३॥**

**अनादानविसर्गाभ्याम्** = કંઈ પણ ગ્રાહ્ય કે ત્યાજ્ય ન હોવાથી
**मुनेः** = (આત્મજ્ઞાની) મુનિને માટે
**ईषत्** = જરા પણ
**क्रिया न अस्ति** = ક્રિયા કરવાની હોતી નથી (માટે)

**तत् एक निष्ठया** = તે આત્મા ઉપર જ એક નિષ્ઠા સ્થિર કરીને
**नित्यं स्वाध्यासापनयं कुरु** = નિરંતર પોતાના અધ્યાસને દૂર કર.

મનનશીલ મુનિને સર્વાત્મબુદ્ધિ હસ્તગત હોવાથી તેને સ્વાત્માથી ભિન્ન કે અન્ય કંઈ જણાતું નથી. તેથી તેના એક, અદ્વિતીય અને અભેદ સ્વરૂપમાં તે ત્યાગ કરે કોનો? જો તેને દ્વૈતદર્શન શક્ય હોય અગર તે સાપેક્ષતામાં જીવતો હોય તો તો અન્યનો ત્યાગ શક્ય બને, અગર જો તેને દ્વંદ્વનું ભાન રહેતું હોય તો જેના માટે દ્વેષ હોય તેનો ત્યાગ કરે અને રાગ હોય તેનો સ્વીકાર કરે. પણ અભેદ અને એકત્વનું દર્શન કરનાર મુનિ તો નિર્દ્વંદ્વ છે તેથી તેની જ્ઞાનદૃષ્ટિમાં કેવું ગ્રહણ કે કેવો ત્યાગ? જ્ઞાનીને કે મનનશીલને વાસનાક્ષય થયો હોવાથી તેને કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની કે ગ્રહણ કરવાની અપેક્ષા કે આકાંક્ષા હોતી નથી. તે જ ન્યાયે જગતના સર્વ પદાર્થોના મિથ્યાત્વને, અનિત્યત્વને, અલ્પજ્ઞત્વને જાણી ચૂકેલો હોવાથી તેવા ભૌતિક પદાર્થો કે નાશવાન ભૂતો માટે તેને આસક્તિ પણ હોઈ શકે નહીં. આમ, આસક્તિમુક્ત જ્ઞાની, સમગ્ર પિંડ અને બ્રહ્માંડને સ્વપ્નવત સમજે છે. તેથી સ્વપ્નના ભ્રાંત પ્રાણી, પદાર્થો કે કલ્પિત સંપત્તિ કે વિપત્તિનો સ્વીકાર કે ત્યાગ કરવામાં તેને લેશમાત્ર અપેક્ષા કે ચિંતા રહેતી નથી. જાગ્રત અવસ્થામાં આવ્યા બાદ, કોઈ મૂર્ખ કે અવિવેકી જ સ્વપ્નના પાત્રોને ગ્રહણ કરવાની અપેક્ષા રાખી શકે કે સ્વપ્નની વિપત્તિ કે આફતનો ત્યાગ ઇચ્છી શકે. આત્મજ્ઞાનીને ગ્રહણ કે ત્યાગ જેવું કંઈ જ ન હોવાથી તેને નથી કોઈ ક્રિયા પ્રાપ્તિ માટે અને તે જ ન્યાયે નથી કોઈ કર્મ ત્યાગ માટે. માટે જ આત્મસ્વરૂપે જ્ઞાની અક્રિય છે, નિષ્ક્રિય છે, નૈષ્કર્મ્યસિદ્ધિને સંપન્ન છે. તે તો ક્રિયાનો, કર્મનો, ફળ કે ભોગનો અસંગ સાક્ષી છે. તેથી શરીરપાતને અંતે પ્રાણોના ઉત્ક્રમણ જેવી ક્રિયાથી પણ તે મુક્ત છે. માટે જ શ્રુતિ કહે છે કે **'न तस्य प्राणा उत्क्रामन्ति ब्रह्मैव सन् ब्रह्माप्येति'** [બૃહદારણ્યક શ્રુતિ-૪/૪/૬] નિષ્કર્ષમાં આત્મજ્ઞાની મુનિ ગ્રહણ અને ત્યાગ જેવી સર્વ ક્રિયાઓને છોડી દેહાદિમાં અહંભાવ કે મમભાવ રાખતો નથી માટે તે નિષ્ક્રિય છે. આમ હોવાથી તું પણ આત્મામાં એકનિષ્ઠાવાળો થઈ હંમેશા તારા અધ્યાસને દૂર કરવા પ્રયત્ન કર.

(છંદ-અનુષ્ટુપ)

**तत्त्वमस्यादिवाक्योत्थब्रह्मात्मैकत्वबोधतः ।**
**ब्रह्मण्यात्मत्वदार्ढ्याय स्वाध्यासापनयं कुरु ॥२८४॥**

| | |
|---|---|
| **"तत्त्वमसि" आदि** | = "તે (બ્રહ્મ) તું છે" વગેરે |
| **वाक्योत्थ** | = મહાવાક્યોથી થયેલા |
| **ब्रह्म-आत्मैकत्व बोधतः** | = જીવ અને બ્રહ્મના એકત્વના જ્ઞાનથી |
| **ब्रह्मणि** | = બ્રહ્મમાં |
| **आत्मत्वदार्ढ्याय** | = આત્મબુદ્ધિને દૃઢ કરવાને માટે |
| **स्वाध्यासापनयं कुरु** | = પોતાના અધ્યાસને દૂર કર. |

(છંદ-અનુષ્ટુપ)

**अहंभावस्य देहेऽस्मिन् निःशेषविलयावधि ।**
**सावधानेन युक्तात्मा स्वाध्यासापनयं कुरु ॥२८५॥**

| | |
|---|---|
| **अस्मिन् देहे** | = આ દેહમાં |
| **अहंभावस्य** | = (રહેલું) 'હું'પણું |
| **निःशेषविलयावधि** | = સંપૂર્ણપણે નાશ પામે ત્યાં સુધી |
| **सावधानेन** | = સાવધાન થઈ |
| **युक्तात्मा** | = આત્મામાં ચિત્તને સ્થિર કરી |
| **स्वाध्यासापनयं कुरु** | = પોતાના અધ્યાસને દૂર કર. |

પૂર્વે અપાયેલા તત્ત્વમસિ જેવા મહાવાક્યોના ઉપદેશથી જીવ અને બ્રહ્મનું જે ઐક્યજ્ઞાન પ્રાપ્ત થાય છે, તેવા જ્ઞાનથી બ્રહ્મમાં સ્વાત્મબુદ્ધિ દૃઢ કરવા માટે અર્થાત્ 'હું બ્રહ્મ જ છું' અને 'બ્રહ્મ છે તે હું છું' એવા દૃઢ નિશ્ચય માટે, તું તારા અધ્યાસની નિવૃત્તિ કર. આમ વારંવાર અધ્યાસને દૂર કરવા કે ભ્રાંતિનો નાશ કરવા માટે **"स्वाध्यासापनयं कुरु"** એવું પુનરાવર્તન કરવામાં આવે છે. કારણ કે જન્મોજન્મની દેહાસક્તિથી મોહગ્રસ્ત થયેલો

જીવ પોતાના આત્મસ્વરૂપને ભૂલી ગયો છે એટલું જ નહીં પણ સઘન રીતે તેણે મન-બુદ્ધિને સંમોહિત કરી અહંભાવ કે મમભાવને પેદા કર્યા છે અને ત્યારબાદ જીવાત્મા દેહાદિનો અભિમાની થઈ નિરંતર, 'હું કર્તા કે ભોક્તા છું', તેવું ચિંતન કર્યા કરે છે. આ પ્રબળ સંસ્કાર માત્ર એક જન્મના નથી. માટે તેવા અજ્ઞાનની નિવૃત્તિ માટે આવું પુનરાવર્તન સદ્‌ગુરુની દૃષ્ટિમાં અનિવાર્ય જણાયું છે. અત્રે કંઈ પુનરુક્તિ દોષ નથી. જેવી રીતે લાંબી મુસાફરીમાં ગાડી હંકારતી વખતે એકની એક સૂચના વારંવાર, વળાંકે વળાંકે જુદા જુદા શબ્દોમાં જોવા મળે છે; દા.ત. 'ધીમે હાંકો, સુખ પામો', 'THIS IS NOT A RUNWAY BUT A HIGHWAY', 'ઝડપની મજા મોતની સજા', 'THERE ARE NO SPARE PARTS FOR YOUR BODY.' 'IT IS BETTER TO REACH LATE THAN NEVER', 'કદી ન પહોંચવા કરતાં મોડા પહોંચવું સારું', 'તમારા બાળકો તમારી રાહ જુએ છે', 'YOUR CHILDREN AWAIT YOUR ARRIVAL' તેનો તાત્પર્યાર્થ તો એટલો જ છે કે તમને ઝડપથી વાહન ચલાવતાં રોકી, નિયંત્રણ બહાર જતી તમારી ગતિ તોડી તમને અકસ્માતથી બચાવવા. કારણ કે મોટા-ભાગે આપણને ઝડપી પ્રવાસની કુટેવ પડેલી છે. તેવી રીતે જીવનમાં પણ મન પૂરઝડપે શરીરસુખ પાછળ કે વિષયો પાછળ દોડતું હોય છે. તેવી દોડમાં હું દેહ કે ઇન્દ્રિયાદિ છું, તેવો અધ્યાસ કે અજ્ઞાન જ કારણભૂત હોય છે. માટે દેહમાં રહેલા અહંભાવનો જ્યાં સુધી તદ્દન નાશ ન થાય, ત્યાં સુધી ખૂબ સાવધાનીપૂર્વક ચિત્તની એકાગ્રતાથી અધ્યાસને દૂર કરવો જોઈએ. આમ, દેહાદિ જડ પદાર્થો તરફની ગતિ કે ઝડપ અટકાવી, અકસ્માત નિવારી, મનુષ્યનો વિનાશ થતો રોકી, તેના મનને આત્મચિંતનમાં ઊભું રાખવા માટે એક જ પ્રકારની સૂચના કે ચેતવણી વારંવાર આપવામાં આવે છે. જેવી કે, **'स्वाध्यासापनयं कुरु'**.

(છંદ-અનુષ્ટુપ)

**प्रतीतिर्जीवजगतोः स्वप्नवद्भाति यावता ।**
**तावन्निरन्तरं विद्वन् स्वाध्यासापनयं कुरु ॥२८६॥**

| | | | |
|---|---|---|---|
| **विद्वन्** | = હે વિદ્વાન, | **भाति** | = જણાય |
| **यावता** | = જ્યાં સુધી | **तावत्** | = ત્યાં સુધી |
| **जीवजगतोः** | = જીવ અને જગતની | **निरन्तरम्** | = નિરંતર |
| **प्रतीतिः** | = પ્રતીતિ | **स्वाध्यासापनयं कुरु** | = પોતાના અધ્યાસને દૂર કર. |
| **स्वप्नवद्** | = (જાગેલી વ્યક્તિને) જેવું સ્વપ્ન જણાય છે તેવી | | |

(છંદ-અનુષ્ટુપ)

**निद्राया लोकवार्तायाः शब्दादेरपि विस्मृतेः ।**
**क्वचिन्नावसरं दत्त्वा चिन्तयात्मानमात्मनि ॥२८७॥**

| | |
|---|---|
| **निद्रायाः** | = નિદ્રામાં |
| **लोकवार्तायाः** | = લોકોની નિષ્પ્રયોજન વાર્તાઓમાં |
| **शब्दादेः अपि** | = શબ્દ આદિ વિષયોના અનુભવમાં (કે) |
| **विस्मृतेः** | = આત્મસ્વરૂપની વિસ્મૃતિમાં |
| **क्वचित् अवसरं न दत्त्वा** | = ક્યારેય સમય ગાળ્યા વગર |
| **आत्मनि** | = અંતઃકરણમાં |
| **आत्मानम्** | = આત્માનું |
| **चिन्तय** | = ચિન્તન કર. |

હે વિદ્વાન ! હે મુમુક્ષુ ! હે વિવેકી ! જ્યાં સુધી તને તારો જીવાત્મા અને દૃશ્ય જગત સ્વપ્ન જેમ મિથ્યા છે એવી પ્રતીતિ કે ખાત્રી ન થાય ત્યાં સુધી તારે તારા અધ્યાસને દૂર કરવા નિરંતર પ્રયત્નશીલ રહેવું જોઈએ. આવા સૂચનનું તાત્પર્ય તો એવું જ છે કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સાધકે ઉતાવળા થવાની જરૂર હોતી નથી. પરંતુ ખૂબ સાવધાનીપૂર્વક ધીરે ધીરે જગત અને જીવના મિથ્યાત્વને, અનિત્યત્વને, અસત્ત્વને વિવેક દ્વારા પારખવું જોઈએ. આવા પ્રયત્નમાં જો મન વારંવાર પ્રતિક્રિયા કરે કે આત્મચિંતન ક્યાં સુધી કરવું, ધ્યાન કે નિદિધ્યાસન કેટલાં વર્ષો કરવું, અંતઃકરણ શુદ્ધિ

માટે જપ કે નિષ્કામ કર્મ કેટલો સમય કરવાં? તો આવી ચિત્તજન્ય શંકા કે મનના પ્રશ્નોનું સમાધાન આપવા મનને બાળકની જેમ ફોસલાવી, પંપાળી સમજાવવું કે આત્મજ્ઞાનને પંથે ઉતાવળ નકામી છે. હે મારા મન! તું ધીરજ ધર. જેવી રીતે રોગ દૂર ન થાય ત્યાં સુધી હોસ્પિટલ કે દવાદારુ છોડાય નહીં તથા વિદ્યાભ્યાસ પૂર્ણ થતાં પહેલાં શાળા કે મહાશાળાનો ત્યાગ થાય નહીં તેવી રીતે પ્રમાણે જ્યાં સુધી નિઃશંક રીતે જીવ અને જગત સ્વપ્નની જેમ મિથ્યા કે અસત્ય દોરીમાં સર્પની જેવા નાશવંત કે અનિત્ય જણાય નહીં, ત્યાં સુધી અધ્યાસ દૂર કરવાનું કાર્ય કે પ્રયત્ન છોડી શકાય નહીં. સાચા મુમુક્ષુએ તો અધ્યાસને દૂર કરવાના પ્રયત્નમાં કંટાળો અને થાકનો અનુભવ કર્યા વિના નિરંતર સંલગ્ન રહેવું જોઈએ. માટે જ સ્પષ્ટતા કરી છે કે ઊંઘમાં, સામાન્ય વાતચીતમાં અર્થાત્ લોકનિંદામાં, વિષયચિંતનમાં, ગપ્પા મારવામાં કે શબ્દ, સ્પર્શ, રૂપ,રસ અને ગંધ જેવા વિષયોના વિચારમાં તારા આત્માનું વિસ્મરણ થાય તેવો અવસર કદાપિ ઊભો ન થવા દેતાં તારા ચિત્તમાં તું આત્માનું જ ચિંતન કર્યા કર અને આત્મવિસ્મરણના પ્રસંગને અવકાશ આપીશ નહીં કારણ કે આત્મવિસ્મરણ એ શબવત જીવન છે અને આત્મસ્મરણ એ શિવમય, કલ્યાણકારી, મંગળમય જીવન છે.

(છંદ–અનુષ્ટુપ)

**मातापित्रोर्मलोद्भूतं मलमांसमयं वपुः ।**
**त्यक्त्वा चाण्डालवद्दूरं ब्रह्मीभूय कृती भव ॥२८८॥**

**मातापित्रोः** = માતા અને પિતાના
**मलोद्भूतम्** = (રજ અને વીર્યરૂપ) મેલથી ઉત્પન્ન થયેલું
**मलमांसमयं वपुः** = શરીર વિષ્ટા અને માંસથી ભરેલું છે.
**चाण्डालवद्** = તેને ચાંડાલની માફક (ચાંડાલ મડદાને ત્યજે છે તેમ)
**दूरं त्यक्त्वा** = દૂર ત્યજી દઈને–(એના ઉપરનું મમત્વ છોડીને)
**ब्रह्मीभूय** = બ્રહ્મસ્વરૂપ થઈ
**कृती भव** = કૃતાર્થ થઈ જા.

શરીર માતા અને પિતાના રજ અને વીર્યરૂપી મળથી ઉત્પન્ન થયેલું છે અને માંસ અને ચરબી જેવા મળથી પરિપૂર્ણ છે. માટે તેવા શરીરનો ચાંડાલ પણ સંગ્રહ કરતો નથી. પરંતુ તેના ઉપરનું કફનરૂપી વસ્ત્ર લઈને મળમાંસ સંયુક્ત શરીરને તો અંતે સ્મશાનના અગ્નિમાં ધકેલી દે છે. તેવી જ રીતે તારે પણ, 'હું દેહ છું', તેવી દેહભ્રાંતિને, અજ્ઞાનને અધ્યાસને જ્ઞાનરૂપી અગ્નિમાં ધકેલી દઈ ભસ્મીભૂત કરવા જોઈએ અને દેહભાવથી નિવૃત્ત થઈ બ્રહ્મભાવના દ્વારા બ્રહ્મીભૂત થઈ કૃતાર્થ થવું જોઈએ.

(છંદ–અનુષ્ટુપ)

**घटाकाशं महाकाश इवात्मानं परात्मनि ।**
**विलाप्याखण्डभावेन तूष्णीं भव सदा मुने ॥२८६॥**

**मुने** = હે મનનશીલ વિદ્વાન!
**घटाकाशम्** = (ઘડો ફૂટી જતાં) ઘડાની અંદર રહેલું આકાશ
**महाकाशे इव** = જેમ બહારના આકાશમાં (મહાકાશમાં) ભળી જાય છે.
**आत्मानं परात्मनि** = (તેમ) પોતાને પરમાત્મામાં
**विलाप्य** = વિલીન કરી દઈ,
**सदा अखण्डभावेन** = સદા અખંડભાવે
**तूष्णीं भव** = મૌન થા.

હે મનનશીલ! ઘડો ફૂટવા છતાં ઘડાની અંદરનું ઘટાકાશ જેમ અખંડિત રહે છે અને બહારના મહાકાશમાં મળી જાય છે અર્થાત્ ઘડાના મૃત્યુનો કે તેના આકારનો વિલય ઘટાકાશને નથી સ્પર્શ કરતો કે ન તો પરેશાન કરે છે. ઊલટું ઘટાકાશ તો ઘડાની ઉપાધિથી મુક્ત થઈ મહાકાશમાં મળી પોતાને મહાકાશ તરીકે અનુભવે છે. તેમ તું જીવતાં જ ઘડા જેવી તારા શરીરરૂપી ઉપાધિને વિવેકવિચાર દ્વારા છોડી દે અને ઉપાધિથી મુક્ત થઈ તારા નિરુપાધિક અંતરાત્માને જાણી લે અને તેવા અભેદ, અખંડ જ્ઞાનમાં એકીભૂત થઈ સદાને માટે શાંત થા. તેવા સંદેશ માટે જ આચાર્યશ્રી જણાવે

છે કે **"अखण्डभावेन विलाप्य तूष्णीं भव ।"**

જ્યાં સુધી સાધક કે મુમુક્ષુ ઘડા જેવી દેહરૂપી ઉપાધિમાં આસક્ત હોય છે, ત્યાં સુધી તેના મનમાં ચંચળતા અને વિક્ષેપ રહે છે. આથી ચંચળતા કે વિક્ષેપ, જેટલો વધારે તેટલી શાંતિ ઓછી અને તે જ ન્યાયે ચંચળતા કે વિક્ષેપ જેટલો ઓછો તેટલી શાંતિ વધારે. માટે જ દેહરૂપી ઉપાધિનો ત્યાગ કરી નિરુપાધિક આત્મા જોડે અભેદભાવ અનુભવવાનું સૂચન કરાયું છે. તેમ કરવાથી જ મનની ચંચળતા અને વિક્ષેપનો નાશ થાય છે અને આત્માની શાશ્વત શાંતિ અનુભવી શકાય તેમ છે.

તાત્પર્યમાં મુમુક્ષુએ શરીરરૂપી ઉપાધિનો ત્યાગ કરવો જોઈએ. શરીરનો અભિમાની જીવાત્મા, ઘટાકાશ જેવો છે. જેમ ઘડો ફૂટતાં ઘટાકાશ અતૂટ અને અફૂટ રહે છે તેમ શરીરરૂપી ઘડાનો નાશ થવા છતાં ઘટાકાશ જેવો જીવાત્મા અવિનાશી અને અવિકારી રહે છે. તેથી જેમ ઘટાકાશ મહાકાશમાં લય પામે છે, તેમ તું તારા જીવાત્માનો પરબ્રહ્મમાં લય કરી, 'તું બ્રહ્મ છે', એવી બ્રહ્માનુભૂતિ કર. તેવો જ શ્લોકગત છૂપાયેલો તાત્ત્વિક સંકેત છે.

(છંદ–અનુષ્ટુપ)

**स्वप्रकाशमधिष्ठानं स्वयंभूय सदात्मना ।**
**ब्रह्माण्डमपि पिण्डाण्डं त्यज्यतां मलभाण्डवत् ॥२९०॥**

| | |
|---|---|
| **स्वप्रकाशं सदात्मना** | = સ્વયંપ્રકાશ (એવા) સ્વસ્વરૂપે |
| **अधिष्ठानं स्वयंभूय** | = સ્વયંને જગતનું અધિષ્ઠાન જાણી |
| **ब्रह्माण्डं अपि पिण्डाण्डम्** | = પિંડ (શરીર) અને બ્રહ્માંડ એ બન્ને ઉપાધિઓનો |
| **मलभाण्डवत्** | = કચરો ભરેલા ટોપલાની માફક |
| **त्यज्यताम्** | = ત્યાગ કરી દે. |

પૂર્વેના શ્લોકમાં શરીરરૂપી ઉપાધિનો ત્યાગ કરવાનું અને જીવ એ જ બ્રહ્મ છે તેવું જ્ઞાન પ્રાપ્ત કરવાનું સૂચન અપાયું. તે જ વિચારનો વિસ્તાર

કરતાં સમજાવવામાં આવે છે કે જેમ ઘટાકાશ મહાકાશથી ભિન્ન નથી તેમ જીવ બ્રહ્મથી જુદો નથી. એટલું જ નહીં, પરંતુ મૂળસ્વરૂપે તો જીવ જ બ્રહ્મ છે અને એવો પરબ્રહ્મ સ્વયંપ્રકાશ છે, દેહ અર્થાત્ પિંડ અને બ્રહ્માંડનું અધિષ્ઠાન છે. તેવું અધિષ્ઠાન બ્રહ્મ, હે મુમુક્ષુ! તું પોતે જ છે, માટે સદા બ્રહ્મરૂપે જ તને જાણીને નિશ્ચય કર કે પિંડ અને બ્રહ્માંડ અર્થાત્ દેહ અને જગત તો તારા અધિષ્ઠાન બ્રહ્મ ઉપર આરોપ માત્ર છે, મિથ્યા અને અનિત્ય છે, વિનાશી અને અસત છે. અરે! પિંડ કે શરીર તો મળમૂત્ર અને વિષ્ટાથી ભરેલું ચામડાંનું પોટલું છે. માટે વિવેકપૂર્વક વિચાર કરી જીવ અને જગતને, વ્યષ્ટિ અને સમષ્ટિને કે પિંડ અને બ્રહ્માંડને મળમૂત્રથી ભરેલા માટીના માટલા જેમ સમજી ફંગોળી દે અને તે તરફ કદી મોહદૃષ્ટિ કરીશ નહીં. બ્રહ્મરૂપે તો તું સ્વયં પ્રકાશસ્વરૂપ છે, પવિત્ર છે, સર્વાશ્રય છે. માટે દેહ અને જગતને કચરાનો ટોપલો સમજી, જ્ઞાનની એક લાત મારી તેનાથી દૂર થા. તેમાં આસક્તિ, રાગ કે ભોગનો નાશ કર. આવા જ્ઞાનની ખુમારીવાળા ઉપદેશથી શિષ્યને અલંકૃત કરવામાં જ આદિ શંકરાચાર્યજીની જ્ઞાનનિષ્ઠા અને મહાનતાના અત્રે દર્શન થાય છે.

(છંદ–અનુષ્ટુપ)

**चिदात्मनि सदानन्दे देहारूढमहंधियम् ।**
**निवेश्य लिङ्गमुत्सृज्य केवलो भव सर्वदा ॥२६१॥**

**देहारूढमहंधियम्** = દેહમાં આરૂઢ થયેલી 'હું' પણાની બુદ્ધિને
**सदानन्दे** = નિત્ય આનંદ સ્વરૂપ
**चिदात्मनि** = ચિદાત્મામાં
**निवेश्य** = સ્થિત કરીને
**लिङ्गम्** = સૂક્ષ્મ શરીરનો
**उत्सृज्य** = ત્યાગ કરી
**सर्वदा** = હંમેશાં
**केवलो भव** = કૈવલ્યસ્વરૂપ (બ્રહ્મસ્વરૂપ) થા.

સૌ મુમુક્ષુઓને બ્રહ્મનિષ્ઠામાં સ્થિત થવાનો સંદેશ આપતા જણાવાયું છે કે દેહમાં જે અહંબુદ્ધિ આરૂઢ થયેલી છે અર્થાત્ 'હું દેહ છું', એવો બુદ્ધિનો નિર્ણય જે દઢ થઈ ગયો છે, તેવી બુદ્ધિને તું નિત્ય આનંદસ્વરૂપ ચૈતન્ય આત્મા ઉપર સ્થિત કરીને, 'હું કેવળ આત્મા જ છું', એવા નિર્ણયમાં સદા સન્નિષ્ઠ થા. 'સ્થૂળદેહ તથા સૂક્ષ્મ કે લિંગદેહ હું છું' તેવી બુદ્ધિનો ત્યાગ કર. આવી રીતે સ્થૂળ અને સૂક્ષ્મ શરીરનું તાદાત્મ્ય તોડી, તેવી શુદ્ધ બુદ્ધિને આત્મામાં સ્થાપી, અંતે તો સ્થિતપ્રજ્ઞ થવાનો જ અદેશ્ય ઉપદેશ અત્રે દષ્ટિગોચર થાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**यत्रैष जगदाभासो दर्पणान्तः पुरं यथा ।**
**तद् ब्रह्माहमिति ज्ञात्वा कृतकृत्यो भविष्यसि ॥२६२॥**

**यत्र** = જેમાં (બ્રહ્મમાં)
**एषः** = આ (જગત,)
**दर्पणान्तः** = દર્પણમાં પ્રતિબિંબિત
**पुरं यथा** = નગરની જેમ
**जगदाभासः** = જગતનો આભાસ પ્રતીત થાય છે.
**तद् ब्रह्म अहम्** = તે બ્રહ્મ 'હું'
**इति ज्ञात्वा** = એમ જાણીને
**कृतकृत्यः** = કૃતકૃત્ય
**भविष्यसि** = થઈ જઈશ.

જેવી રીતે દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતું પુર કે નગર આભાસમાત્ર જ છે. ખરેખર તો ત્યાં નગર જેવું કંઈ હોતું જ નથી કારણ કે પ્રતિબિંબરૂપે જણાતા નગરની આજુબાજુ, ઉપર-નીચે અને પાર્શ્વભૂમિકામાં માત્ર દર્પણ જ છે. દર્પણમાં અનેક પ્રતિબિંબો આવ-જા કરે છે, છતાં દર્પણમાં આવાગમન જેવું કંઈ જ નથી. તદ્દુપરાંત દર્પણમાં દેખાતા નગરમાં જો કોઈ તૂટેલું, ભંગાર કે કાટમાળમાં નષ્ટ થયેલું મકાન દેખાય, તો દર્પણને તેવા મકાનમાં દ્વેષ હોતો નથી કે નવી રંગરોગાન કરેલી ઈમારતમાં રાગ હોતો નથી. કારણ કે પ્રતિબિંબરૂપે દેખાતી નગરી વાસ્તવિક ન હોઈ, આરોપ કે મિથ્યા માત્ર જ

છે. તેવી જ રીતે પરબ્રહ્મરૂપી દર્પણમાં, કે જે જગત માત્રનું અધિષ્ઠાન છે, તેમાં દેખાતું જગત પણ આરોપ કે આભાસ માત્ર જ છે. કારણ કે જગતના નામ અને આકાર દૃશ્ય હોવાથી નાશ પામવાના સ્વભાવવાળા છે, **दृष्टः नष्टः स्वभावः ।** તદુપરાંત જગત માત્ર અજ્ઞાનકાળે જ ભાસે છે અને જ્ઞાન-કાળે તેનો બાધ થઈ જાય છે માટે જગત દેખાય છે, અનુભવાય છે, પરંતુ તેને એક જ કાળે રહેનારી પ્રાતિભાસિક સત્તા હોવાથી જગત મિથ્યા છે અને દર્પણમાં દેખાતી પ્રતિબિંબિત નગરી જેવું જ છે, તેથી વિશેષ કંઈ નથી. જગતને પોતાની સત્તા કે સ્ફૂર્તિ નથી, પરંતુ બ્રહ્મની સત્તાથી જ તે ભાસે છે કે પ્રકાશે છે. તદુપરાંત જગતના નામ અને આકારોમાં ઉદય-અસ્ત છે પરંતુ પરબ્રહ્મ તો ઉદય-અસ્ત રહિત છે. બ્રહ્મતત્ત્વ તો જગતની ઉત્પત્તિ પૂર્વે હતું અને જગતના પ્રલય પશ્ચાત્ પણ રહેશે. તથા વર્તમાનકાળમાં તો ખરેખર બ્રહ્મ જ બ્રહ્માંડરૂપે વિલસી રહ્યું છે. જેમ દોરી પોતે જ સર્પરૂપે ભાસે છે કે છીપ પોતે ચાંદીરૂપે પ્રતીત થાય છે તેમ બ્રહ્મ જગતના નામ અને આકારમાં અંતર્યામી તરીકે અનુસ્યૂત થાય છે અગર સોપાધિક બ્રહ્મ તરીકે ઈશ્વર થઈ ભૂતમાત્રના હૃદયદેશમાં બિરાજે છે. તેવા ઈશ્વરકે સોપાધિક બ્રહ્મને કારણે જ જગતના નામ અને આકારોમાં ચેતનતા જેવું જણાય છે. જગતમાં પ્રતીત થતું ચૈતન્ય કંઈ નામ અને આકારોથી સ્વતંત્ર હોતું નથી. માટે નામ અને આકાર-વાળા જગતને આભાસ કે મિથ્યા સમજી, બ્રહ્મને જ તું સત્ય, નિત્ય, દેશ-કાળ અને વસ્તુથી અપરિચ્છિન્ન તત્ત્વ તરીકે જાણી લે. તે બ્રહ્મ તારાથી અન્ય કે જુદું નથી પરંતુ તુજથી અભેદ હોઈ તારે નિશ્ચયપૂર્વક એવું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ કે, 'તે બ્રહ્મ નિઃસંદેહ હું જ છું', જો તું 'હું બ્રહ્મ છું', એવું અપરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરી શકીશ તો તું કૃતકૃત્ય કે કૃતાર્થ થઈ જઈશ.

આત્મજ્ઞાન દ્વારા જ કોઈ કૃતકૃત્ય કે કૃતાર્થ થઈ શકે. જ્ઞાન વિના કૃતકૃત્ય થવાનો કોઈ રસ્તો નથી, કારણ કે આત્મજ્ઞાનમાં જ સર્વ કર્મો સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જાય છે.

**"सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ।"**

(ભ.ગી.-૪-૩૩)

આમ, જ્ઞાનમાં સર્વ કર્મો સમાપ્ત થાય છે તેનો અર્થ કે જ્ઞાનીને કોઈ પુણ્યકર્મ કરવાનું બાકી રહેતું નથી કે પાપકર્મ માટે પ્રાયશ્ચિત કર્મ પણ કરવાનું બચતું નથી અથવા પાપકર્મોથી નિવૃત્તિની અપેક્ષા પણ આત્મજ્ઞાનીને હોઈ શકે નહીં. આમ, માત્ર જ્ઞાની જ કર્મની જંજાળથી, તેની અટપટી ખટપટથી, તેની ગહનગતિથી મુક્ત થઈ શકે છે. માટે જ કહ્યું છે કે જ્ઞાની વિહિત કે નિષિદ્ધ કર્મોથી છૂટી જાય છે અર્થાત્ નથી બચ્યાં તેને માટે નિત્યકર્મ, નૈમિત્તિક કર્મ, વૈદિક કર્મ. આમ, જે કૃતાકૃતની કર્મહોળીથી બચી શકે છે, કર્મના પતન જેવા મહાસાગરને તરી જાય છે, તે જ તત્ત્વાર્થે કૃતકૃત્ય થયેલો કહેવાય છે.

**कृतकृत्यो भविष्यसि** આવો આચાર્યશ્રીનો સંદેશ ગહન ઉપદેશ આપી જાય છે કે બ્રહ્મજ્ઞાની કૃતકૃત્ય થાય છે. તેનો અન્ય અર્થ એવો છે કે જ્ઞાન દ્વારા તેણે નહીં કરેલા કર્મોનું ફળ તેને આપોઆપ મળી જાય છે. જેમ સાગરમાં સ્નાન કરનારને અન્ય નદીઓ, તળાવો, કૂવાઓ કે ખાબોચિયામાં સ્નાન કરવાની આવશ્યકતા રહેતી નથી તેમ આત્મજ્ઞાનીએ જો આત્મસાક્ષાત્કારરૂપી પરમપુરુષાર્થને પ્રાપ્ત કરી જ લીધો હોય તો હવે તેને શું મેળવવા શેનો પુરુષાર્થ? તદુપરાંત, શ્રીકૃષ્ણ પરમાત્માના ઉપદેશ મુજબ આત્મજ્ઞાનરૂપી અગ્નિમાં જો સર્વ કર્મો લાકડાંની જેમ બળીને ભસ્મ થતાં હોય તો જ્ઞાની માટે કર્તવ્ય જેવું કંઈ શેષ રહેતું જ નથી. માટે જ કર્મથી મુક્ત થયેલો જ્ઞાની કર્મફળના બંધનમાં પડતો નથી. આમ, કર્મ અને ફળના શાશ્વત સનાતન ચક્રને તોડી જ્ઞાની કૃતકૃત્ય થઈ જાય છે. તે જ સંદેશ અત્રે અપાયો છે.

(છંદ-ઉપજાતિ)

**यत् सत्यभूतं निजरूपमाद्यं**
**चिदद्वयानन्दमरूपमक्रियम् ।**
**तदेत्य मिथ्यावपुरुत्सृजैतत्**
**शैलूषवद् वेषमुपात्तमात्मनः ॥२६३॥**

| | |
|---|---|
| **यत् सत्यभूतम्** | = જે સત્ય |
| **चित् अद्वयानन्दम्** | = ચૈતન્ય, અદ્વિતીય, આનંદસ્વરૂપ, |
| **अरूपम्** | = રૂપ વગરનું, |
| **अक्रियम्** | = નિષ્ક્રિય, છે |
| **तद् आद्यं निजरूपम्** | = તે પોતાના આદ્ય-નિજ સ્વરૂપને |
| **एत्य** | = પ્રાપ્ત કરીને, |
| **शैलूषवत् उपात्तम् वेशम्** | = ભવૈયાની જેમ ધારણ કરેલો વેશ (છોડી દે છે) |
| **आत्मनः** | = તેમ આત્મા |
| **एतत् मिथ्या वपुः** | = આ શરીરરૂપી મિથ્યાવેશને |
| **उत्सृज** | = ત્યાગી દે. |

જે ત્રણે કાળે રહેનારું સત્યસ્વરૂપ છે, ચિત્સ્વરૂપ તથા અદ્વિતીય આનંદ સ્વરૂપ છે, અક્રિય છે, તે જ બ્રહ્મ પોતાનું સ્વરૂપ છે. એમ વિચારી, બ્રહ્મસ્વરૂપ થઈ, જેવી રીતે નાટકમાં પાત્ર ભજવનારો નાટકની પૂર્ણાહુતિ બાદ પોતાની કુત્રિમ વેશભૂષાનો ત્યાગ કરે છે, એમ તું આ મિથ્યા દેહરૂપી વસ્ત્રોનો ત્યાગ કરી દે અર્થાત્ દેહરૂપી વસ્ત્રોથી, દેહ દ્વારા ભજવતા પાત્રો ઉપરની આસક્તિ કે અભિમાનને છોડી દે.

વાસ્તવમાં તો જેમ નાટકનો અભિનેતા પોતાના પાત્રથી જુદો છે, પોતાની વેશભૂષાથી ન્યારો છે તેમ જગતના રંગમંચ ઉપર જુદી જુદી ઉપાધિને ધારણ કરનારો જીવાત્મા પણ ઉપાધિથી મુક્ત છે અને સ્થૂળ, સૂક્ષ્મ કે કારણશરીર જેવા દેહરૂપી વસ્ત્રોથી ન્યારો છે. પરંતુ જ્યાં સુધી જીવાત્મા ઉપાધિ કે દેહમાં આસક્ત છે ત્યાં સુધી જીવાત્મા ઉપાધિ અને દેહનો અભિમાની બને છે અને બંધનમાં પડે છે. પરંતુ જેમ નાટકનો અભિનેતા જવનિકાની પાછળ કે નેપથ્યમાં ઊભો રહી અથવા ગ્રીનરૂમમાં જઈ પોતાની વેશભૂષા કે કૃત્રિમ રંગરોગાન ઉતારી દે છે અને સ્વયંને પોતાના પાત્રથી ન્યારો કે જુદો સમજે છે, તે જ પ્રમાણે પ્રત્યેક જીવાત્માએ ચિંતન-મનનરૂપી નેપથ્યમાં જઈ પોતાની ઉપાધિ, અહંકાર કે દેહરૂપી વસ્ત્રોનો બ્રહ્મભાવના દ્વારા ત્યાગ

કરવો જોઈએ, એવા ત્યાગમાં જ તેને પોતાનું બ્રહ્મસ્વરૂપ પોતાની જાતે જ પ્રગટ થતું જણાશે. જેવી રીતે ચાંદીના ત્યાગમાં જ છીપનું સાચું દર્શન થાય છે, મૃગજળની નિવૃત્તિમાં જ ધરતીના દર્શન થાય છે અને સર્પના બાધમાં જ દોરીરૂપી અધિષ્ઠાન નિઃશંક અનુભવાય છે, તેવી જ રીતે ઉપાધિ કે દેહતાદાત્મ્યના ત્યાગમાં જ પોતાના મૂળસ્વરૂપના દર્શન થાય છે.

(છંદ-ઉપજાતિ)

**सर्वात्मना दृश्यमिदं मृषैव**
**नैवाहमर्थः क्षणिकत्वदर्शनात् ।**
**जानाम्यहं सर्वमिति प्रतीतिः**
**कुतोऽहमादेः क्षणिकस्य सिद्ध्येत् ॥२६४॥**

**इदं दृश्यम्** = આ (અહંકાર વગરે) દૃશ્યની
**क्षणिकत्वदर्शनात्** = ક્ષણિકતા જોવામાં આવે છે તેથી
**सर्वात्मना** = સર્વ પ્રકારે
**मृषा एव** = મિથ્યા જ છે.
**'अहं' अर्थः न एव** = તે 'અહમ્' શબ્દનો તત્ત્વાર્થ હોઈ શકે નહીં (કારણ કે)
**क्षणिकस्य अहं आदेः** = ક્ષણિક અહંકારાદિની
**अहं सर्वं जानामि इति** = હું બધું જ જાણું છું એવી
**प्रतीतिः कुतः** = પ્રતીતિ ક્યાંથી (કેવી રીતે)
**सिद्ध्येत्** = સિદ્ધ થાય?

## અહંકારાદિ ક્ષણભંગુર છે, સત્ય નહીં

આ જે કંઈ દૃશ્ય જગત ક્ષણભંગુર દેખાય છે, તે સર્વપ્રકારે મૃગજળ જેમ મિથ્યા કે અસત જ છે. માટે તેવું કંઈ પણ, **'अहम्'** શબ્દનો તત્ત્વાર્થ હોઈ શકે નહીં. તદુપરાંત, અહંકારાદિ અર્થાત્ 'હું કર્તા', 'હું ભોક્તા' એવું જેને અભિમાન છે; 'હું શરીર', 'હું ઈન્દ્રિય', એવું જેને સઘન તાદાત્મ્ય છે;

ટૂંકમાં મન, બુદ્ધિ, પ્રાણ, ઇન્દ્રિયો અને ત્રણે શરીરોનો કે તેની ક્રિયાઓનો જે અભિમાની છે; શરીરાદિને જે પોતાનું સ્વરૂપ જાણે છે; તેવો, સૌના અહંકારવાળો, અહંકારી જીવાત્મા તો સ્વયં અલ્પ છે, એકદેશીય છે, ઉપાધિ-વાળો છે, ક્ષણિક છે તેથી જ્ઞાનકાળે તેનો બાધ થાય છે. આમ, અહંકારાદિનો જ્ઞાનમાં અભાવ સૌને સર્વવિદિત છે. તેવા અહંકારને, સર્વ સમયે, 'હું સર્વ કંઈ જાણું છું', એવી પ્રતીતિ કેવી રીતે સિદ્ધ થાય? **'अहं सर्वं जानामि इति प्रतीति कुतः सिद्ध्येत् ।'** કારણ કે જે પોતે સર્વકાળે હોતો નથી, જેનો અભાવ કે બાધ જાણીતો છે, જે અનિત્ય છે તે, સર્વ અવસ્થાનો સર્વ કાળે આત્મા જેમ સાક્ષી કે જ્ઞાતા હોઈ શકે નહીં.

(છંદ-ઉપજાતિ)

**अहंपदार्थस्त्वहमादिसाक्षी**
**नित्यं सुषुप्तावपि भावदर्शनात् ।**
**ब्रूते अजो नित्य इति श्रुतिः स्वयम्**
**तत् प्रत्यगात्मा सदसद्विलक्षणः ॥२६५॥**

| | |
|---|---|
| **सुषुप्तौ अपि** | = સુષુપ્તિમાં પણ (તેની) |
| **भावदर्शनात्** | = સત્તા જાણવામાં આવે છે તેથી |
| **अहंपदार्थः तु नित्यम्** | = અહંપદાર્થ (આત્મા) તો નિત્ય છે. |
| **अहमादि साक्षी** | = (અને) અહંકાર વગેરેનો સાક્ષી છે. |
| **अजः नित्यः इति** | = 'આત્મા, અજ અને નિત્ય છે' એમ |
| **श्रुतिः स्वयं ब्रूते** | = શ્રુતિ સ્વયં કહે છે. |
| **तत् प्रत्यगात्मा** | = તે પ્રત્યગાત્મા, |
| **सदसद्विलक्षणः** | = સદસદ્ વિલક્ષણ છે. |

જે અહંકાર વગેરેનો પણ સાક્ષી છે એ જ **अहम्** શબ્દનો, 'હું' એવા સર્વનામનો તત્ત્વાર્થ આત્મા છે. કારણ કે સુષુપ્તિ જેવી વિશેષ અનુભવ વિનાની સ્થિતિનો પણ તે અહંરૂપી આત્મા જ સાક્ષી હોય છે, તેથી સુષુપ્તિમાં

પણ તેનું અસ્તિત્વ પુરવાર થવાથી તે નિત્ય છે. શ્રુતિ પણ **'अहम्'** શબ્દથી ઓળખાતા આત્માને **'अजो नित्यः शाश्वतोऽयम् ।'** (કઠોપનિષદ-૧/૨/૧૮) ''જે અજન્મા, નિત્ય અને શાશ્વત છે'' એવું જણાવે છે. તેથી સ્પષ્ટ થાય છે કે તે આત્મા, જે સૌનો અંતર્યામી છે, તે નથી સત કે નથી અસત અર્થાત્ વ્યક્તાવ્યક્તથી વિલક્ષણ છે. તેને કાર્ય-કારણથી વિલક્ષણ પણ કહેવાય છે, કારણ કે જે વ્યક્ત છે તે કાર્ય છે અને અવ્યક્ત છે તે કારણ કહેવાય છે. આમ, જો વ્યક્તને કાર્ય જડ કે જન્મેલાના વર્ગમાં મૂકીએ તો તે સત છે અને અસત અર્થાત્ જે અવ્યક્ત છે તે. આમ વિચારતાં માયા અવ્યક્ત હોવાથી તમામ વ્યક્તનું કારણ છે, તેથી માયાને અસત કારણ પણ કહી શકાય. આમ, આત્મા સર્વનો સાક્ષી છે, નિત્ય છે, અંતર્યામી છે તથા સત-અસતથી વિલક્ષણ છે.

(છંદ-ઉપજાતિ)

**विकारिणां सर्वविकारवेत्ता**
**नित्योऽविकारो भवितुं समर्हति ।**
**मनोरथस्वप्नसुषुप्तिषु स्फुटं**
**पुनः पुनर्दृष्टमसत्त्वमेतयोः ॥२९६॥**

**एतयोः** = (દૃશ્યપદાર્થ અને અહંકાર) બન્નેનું
**असत्त्वम्** = મિથ્યાપણું
**मनोरथ-स्वप्नसुषुप्तिषु** = મનોરાજ્ય, સ્વપ્ન અને સુષુપ્તિ સમયે
**पुनः पुनः** = વારંવાર
**स्फुटं दृष्टम्** = સ્પષ્ટ જોવામાં આવે છે. (તેથી)
**विकारिणाम्** = (અહંકાર વગેરે) વિકાર પામનારાઓના
**सर्वविकारवेत्ता** = બધા જ વિકારોનો જાણનાર,
**नित्यः अविकारः** = નિત્ય અને નિર્વિકાર
**भवितुं समर्हति** = જ હોવો જોઈએ.

સર્વ વિકારી વસ્તુઓના વિકારોને જાણનારો આત્મા અવિકારી અને નિત્ય થવાને યોગ્ય છે. તે ન્યાયે એવું પણ સમજી શકાય કે સર્વ પ્રાણી, પદાર્થો, જે કોઈ જન્મેલા છે તેમાં સ્વાભાવિક જન્મ, વૃદ્ધિ અને ક્ષય જેવા વિકારોને લીધે પરિવર્તન થવું અનિવાર્ય છે. આવા પરિવર્તનોનો, ફેરફારનો જે સાક્ષી હોય, તે હંમેશા અપરિવર્તનશીલ, અફર અને અવિકારી હોવો જોઈએ. આત્મા તેવો અપરિવર્તનશીલ, અફર અને અવિકારી સાક્ષી છે. જો તેવું ન હોય તો તે વિકારોને જાણી શકે નહીં. આકાશમાં ઊડતા પદાર્થોની ગતિને જાણવા પાર્શ્વભૂમિકામાં રહેલું આકાશ, અગતિશીલ, અફર અને અચળ હોવું જોઈએ. સ્થિર આકાશ વિના ચલિત વિમાન કે ઊડતા પંખી-પદાર્થોની ગતિ જાણી શકાય નહીં. તેવો જ સિદ્ધાંત આત્માને લાગુ પડે છે. આ શરીર અને અહંકાર બન્ને, સ્વપ્નસમયે તથા મનના કાલ્પનિક વિહાર સમયે અર્થાત્ મન જ્યારે પોતાના મનોરથમાં કે દિવાસ્વપ્નમાં રાચતું હોય ત્યારે, પરિવર્તન પામતા કે વિકારી જણાય છે. ઉપરાંત, શરીર અને અહંકાર, એ બન્નેનો સુષુપ્તિસમયે તો અવિદ્યમાનપણું, ગેરહાજરી, અનુપસ્થિતિ કે અભાવ સુસ્પષ્ટ રીતે જણાય છે. પરંતુ જાગૃતિસમયે પાછો શરીર અને અહંકારનો ભાવ કે હાજરી અનુભવાય છે. આમ, શરીર અને અહંકાર, આ બન્નેની પુનઃપુનઃ વારંવાર હાજરી-ગેરહાજરી તથા ભાવાભાવ જગજાહેર છે. જ્યારે આત્માનો જાગ્રત, સ્વપ્ન કે સુષુપ્તિકાળે કદી અભાવ થતો જણાતો નથી. તે જ પ્રમાણે નથી આત્મામાં પરિવર્તન કે વિકાર. આમ હોવાથી, આત્મા અને શરીર તથા અહંકાર વચ્ચે વિરોધ હોવાથી શરીર કે અહંકારને કદી નિત્ય આત્મા માની શકાય નહીં અને આત્માને દેહ કે અહંકાર તરીકે પણ સ્વીકારી શકાય નહીં.

(છંદ-ઉપજાતિ)

**अतोऽभिमानं त्यज मांसपिण्डे**
**पिण्डाभिमानिन्यपि बुद्धिकल्पिते ।**
**कालत्रयाबाध्यमखण्डबोधं**
**ज्ञात्वा स्वमात्मानमुपैहि शान्तिम् ॥२९७॥**

| | |
|---|---|
| **अतः** | = માટે |
| **मांसपिण्डे** | = માંસના પિંડમાં (સ્થૂળ શરીરમાં) |
| **बुद्धि कल्पिते** | = (અને) બુદ્ધિએ કલ્પેલા |
| **पिण्डाभिमानिनि अपि** | = શરીરના અભિમાની અહંકારમાં પણ |
| **अभिमानं त्यज** | = 'હું' પણાનું અભિમાન છોડી દે. |
| **स्वं आत्मानम्** | = પોતાના આત્માને |
| **कालत्रयाबाध्यम्** | = ત્રિકાલાબાધિત |
| **अखण्डबोधम्** | = અખંડ જ્ઞાનસ્વરૂપ |
| **ज्ञात्वा** | = જાણીને |
| **शान्तिं उपैहि** | = શાન્તિ પ્રાપ્ત કર. |

પૂર્વના શ્લોકની વિચારણાથી સ્પષ્ટ થયું કે શરીર કે અહંકાર, નિત્ય આત્મા નથી. માટે જ માંસના પિંડ જેવું આ શરીર તથા એવા શરીરનો જે અભિમાની છે તે બુદ્ધિકલ્પિત અહંકાર વિશે અહંબુદ્ધિ અર્થાત્ 'હું દેહ છું', એવું દેહાભિમાન તું તત્કાળ છોડી દે અને તારા આત્માને ભૂત, ભવિષ્ય અને વર્તમાન જેવા ત્રણે કાળથી અબાધિત, અખંડ જ્ઞાનસ્વરૂપ જાણીને પરમ શાંતિને પ્રાપ્ત થા. આ પ્રમાણે પૂર્વોક્ત બે શ્લોક દ્વારા દેહ અને અહંકારમાં અજ્ઞાનને લીધે ઉત્પન્ન થયેલી આત્મબુદ્ધિનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

(છંદ-ઉપજાતિ)

**त्यजाभिमानं कुलगोत्रनाम-**
**रूपाश्रमेष्वार्द्रशवाश्रितेषु ।**
**लिङ्गस्य धर्मानपि कर्तृतादीन्**
**त्यक्त्वा भवाखण्ड सुखस्वरूपः ॥२६८॥**

**आर्द्र–शव–आश्रितेषु** = તાજા (મૃત્યુ પામ્યા પછી તરતના) મડદાં જેવા શરીરના આધારે રહેલા

| | |
|---|---|
| **कुलगोत्र–नाम–रूप–आश्रमेषु** | = કુળ, ગોત્ર, નામ, રૂપ અને આશ્રમમાં રહેલું |
| **अभिमानं त्यज** | = અભિમાન છોડી દે. |
| **कर्तृतादीन्** | = કર્તૃત્વ–ભોકતૃત્વ વગેરે |
| **लिङ्गस्य धर्मान् अपि** | = સૂક્ષ્મ શરીરના ધર્મોને પણ |
| **त्यक्त्वा** | = છોડીને |
| **अखंडसुखस्वरूपः** | = અખંડાનંદ સ્વરૂપવાળો |
| **भव** | = થા. |

દેહ કે અહંકાર આત્મા નથી એવી શાસ્ત્રીય તાત્ત્વિક ચર્ચાનું સમાપન કરતાં જણાવાયું છે કે અનાત્માના તમામ ધર્મોનો ત્યાગ જ અખંડ સુખ અપાવી શકે તેમ છે. આમ હોવાથી, મુમુક્ષુએ કુળ, ગોત્ર, નામ, રૂપ, આશ્રમ જેવા ધર્મોનું અભિમાન છોડી દેવું જોઈએ. કારણ કે એ તમામ ધર્મો તો તત્કાળ મૃત્યુ પામેલા શબ જેવા શરીરને આશ્રયે જ રહેલા છે. તાત્પર્યમાં, આત્માને નથી કુળ કે ગોત્ર, નથી નામ કે રૂપ અને તે જ ન્યાયે આત્મા નથી બ્રાહ્મણ કે ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર. આત્મા તો આવા તમામ ધર્મોથી અસંગ છે. માટે તું તને આત્મરૂપ સમજી, તેવા સૌ ધર્મોને મૃતદેહના જાણી, તેનો ત્યાગ કર. તે જ પ્રમાણે 'હું કર્તા કે હું ભોક્તા છું', તેવા કર્તા–ભોક્તાભાવને લિંગશરીર કે સૂક્ષ્મદેહના ધર્મો જાણીને એનો પણ ત્યાગ કર. ટૂંકમાં, અનાત્માના ધર્મો ત્યાગીને તારા અખંડ સુખસ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કર, કે જે આત્મા નિત્યમુક્ત જ છે. આવો અનાત્માના ધર્મો ત્યાગવાનો સંદેશ ભગવાન શ્રીકૃષ્ણે પણ આપેલો છે. કારણ કે શરીરના, અહંકારના, ઈન્દ્રિયોના કે મનબુદ્ધિના ધર્મોનો ત્યાગ કર્યા વિના કોઈને કદી પણ મોક્ષ કે મુક્તિ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. તેથી શ્રીકૃષ્ણ ભગવાને ઉપદેશ્યું છે કે **"सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।"** અનાત્માના સર્વ ધર્મોનો ત્યાગ કરી, મારા એકલાના શરણે જા. **"मोक्षयिष्यामि मा शुचः"** ''શોક કે ચિંતા ન કર, હું તને (જ્ઞાન પ્રદાન કરી) મુક્ત કરીશ.''

(છંદ-ગીતિ)

**सन्त्यन्ये प्रतिबन्धाः पुंसः संसारहेतवः दृष्टाः ।**
**तेषामेकं मूलं प्रथमविकारो भवत्यहंकारः ॥२९९॥**

| | |
|---|---|
| **पुंसः** | = મનુષ્યને |
| **संसारहेतवः** | = સંસારના કારણરૂપ |
| **अन्ये** | = બીજા (ઘણાં) |
| **प्रतिबन्धाः दृष्टाः सन्ति** | = પ્રતિબંધો (નડતરો) જોવામાં આવ્યાં છે. |
| **तेषाम्** | = (પરંતુ) તે બધાનું |
| **एकं मूलम्** | = એકમાત્ર મૂળ કારણ |
| **अहंकारः** | = અહંકાર નામનો |
| **प्रथमः विकारः भवति** | = મુખ્ય વિકાર છે. |

(છંદ-અનુષ્ટુપ)

**यावत्स्यात् स्वस्यसंबंधोऽहंकारेणदुरात्मना ।**
**तावन्नलेशमात्रापि मुक्तिवार्ता विलक्षणा ॥३००॥**

| | |
|---|---|
| **यावत्** | = જ્યાં સુધી |
| **स्वस्य** | = પોતાનો, |
| **दुरात्मना** | = દુષ્ટ |
| **अहंकारेण संबंधः** | = અહંકાર સાથે સંબંધ |
| **स्यात्** | = હોય |
| **तावत्** | = ત્યાં સુધી |
| **विलक्षणा** | = વિલક્ષણ (વિરલ) એવી |
| **मुक्तिवार्ता** | = મુક્તિની વાત |
| **लेशमात्रा अपि न** | = લેશમાત્ર પણ સંભવ નથી. |

## અહંકાર જ સંસારનું મૂળ છે

અત્રે બે શ્લોકમાં જણાવાયું છે કે મનુષ્યને સંસારસાગરમાં લઈ

જનારાં અનાત્માના ધર્મો જેવા અનેક પ્રતિબંધ કે વિઘ્નો જોવામાં આવ્યા છે. તેવા પ્રતિબંધો જ સંસારના કારણ કે હેતુ છે. છતાં તે સર્વનું મૂળ તો અહંકાર જ છે, જેને સૌથી પ્રથમ કે વરિષ્ઠ વિકાર કહેવામાં આવે છે. કારણ કે જેને 'હું શરીર છું', તેવો અહંકાર કે અભિમાન હોય છે તે જ શરીર કે ઇન્દ્રિયોના કર્મોને પોતાના કર્મો માને છે અને કર્તાભાવે કર્મ કરે છે. માટે જ કર્મના ફળ ભોગવવા તે વારંવાર જન્મ-મૃત્યુના ચક્રમાં પડે છે. આમ, અહંકાર જ અજ્ઞાનને ઘનિષ્ઠ અને પ્રબળ બનાવી મનુષ્યને મૃત્યુના મુખમાં ધકેલે છે અને ગર્ભમુખેથી પ્રસૂતિ કરાવી કર્મફળના ચાકડે ચઢાવે છે કે જેમાંથી મુક્ત થવું અતિકષ્ટદાયક છે. માટે જ અહંકારને સંસારનું મૂળ કહ્યું છે.

આમ હોવાથી, જ્યાં સુધી દુષ્ટ ધર્મવાળા સંસારના કારણ જેવા અહંકારનો પોતાની સાથે સંબંધ હોય છે ત્યાં સુધી કોઈને પણ મુક્તિ જેવી વિલક્ષણ વાત્‌નો લેશમાત્ર પણ સંભવ હોતો નથી. અર્થાત્‌ મનુષ્ય જ્યાં સુધી પોતાના જીવનરથનો સારથિ અહંકારને જ બનાવી લે છે ત્યાં સુધી તે અહંકારનો દોરાયો દોરાય છે. અહંકાર લઈ જાય તેવા વિષયભોગમાં અનિચ્છાએ પણ જાય છે. અહંકાર સત્તાના સૂત્રો માટે જો દુઃખદાયક કર્મો કરાવે, તો પણ વ્યક્તિ તેવાં કર્મો કરે છે, પ્રતિષ્ઠાના નશામાં અહંકાર મનુષ્યને દુઃખી કરે છે, કર્મ કરાવે છે, અનાત્મા તરફ પ્રેરે છે અને આત્મસ્વરૂપનું વિસ્મરણ કરાવે છે. તથા અહંકાર જ આત્મા છે તેવી ભ્રાંતિ ઊભી કરી સંસારમાં ડૂબકાં ખવડાવે છે. આમ, વિષયભોગ, શરીરસુખ, સત્તા, પ્રતિષ્ઠા અને કર્મના નશામાં મુમુક્ષુ કે સાધકને મોક્ષ કે મુક્તિના ઉપાય જેવી સાત્ત્વિક વાત નથી દેખાતી, નથી સંભળાતી કે નથી તેના મનમાં વિચારરૂપે પ્રવેશ પામતી..આથી અહંકારરૂપી સારથિ શરીરરૂપી રથને મોક્ષ તરફ લઈ જવાને બદલે મૃત્યુની દિશામાં ખેંચી જાય છે અને નિત્ય નિરંતર બંધનની આજુબાજુ પરિક્રમા કરાવે છે. માટે જ અહંકારને સંસારનું મૂળ, સંસારનો હેતુ કે સંસારચક્રનો સારથિ કહેવામાં આવે છે. જેના સાથ, સંગાથ કે સહવાસમાં કદાપિ મોક્ષ કે મુક્તિનો વિચાર પણ સંભવી શકે તેમ નથી. માટે જ અહંકાર ત્યાગી જીવનરથનું સુકાન કોઈ સદ્‌ગુરુના હાથમાં સોંપી, સદ્‌ગુરુ કે સંતને

જ જીવનરથના સારથિ બનાવવા જોઈએ. તો જ પતનના માર્ગેથી ઉત્થાન થઈ શકે અને અવગતિથી બચી મોક્ષના દ્વાર ખખડાવવાનું કે મુક્તિના શિખર ઉપર આરોહણ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થઈ શકે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अहंकार ग्रहान्मुक्तः स्वरूपमुपपद्यते ।**
**चन्द्रवद्विमलः पूर्णः सदानन्दः स्वयंप्रभः ॥३०१॥**

**अहंकारग्रहात्** = અહંકારરૂપી ગ્રહથી
**मुक्तः** = મુક્ત બનેલો
**चन्द्रवत्** = (રાહુથી મુક્ત થયેલા) ચંદ્રની જેમ
**विमलः पूर्णः सदानन्दः** = નિર્મલ, પૂર્ણ, નિત્યાનંદસ્વરૂપ,
**स्वयंप्रभः** = (અને) સ્વયં પ્રકાશ બનીને
**स्वरूपम्** = પોતાના સ્વરૂપને
**उपपद्यते** = પ્રાપ્ત થાય છે.

આત્મારૂપી ચંદ્રને અહંકારરૂપી રાહુએ ગ્રસિત કર્યો છે કે આચ્છાદિત કર્યો છે. જ્યાં સુધી રાહુના પાશમાંથી આત્મારૂપી ચંદ્ર છૂટે નહીં ત્યાં સુધી આત્મા ચંદ્રની જેમ નિર્મળ, પરિપૂર્ણ, નિત્ય, આનંદસ્વરૂપ સ્વયંપ્રકાશરૂપે પોતાના સ્વરૂપને પામી શકે નહીં. જેમ ચંદ્ર નિર્મળ છે, તેની ચાંદની શીતળ છે, છતાં જ્યારે રાહુ તેને માટે આવરણ બને છે ત્યારે ચંદ્ર કલુષિત થાય છે અને કાળો દેખાય છે. તે જ પ્રમાણે આત્મા શુદ્ધ, મળ-રહિત નિર્મળ, નિષ્ક્રિય અને શાંત છે છતાં અહંકારના આવરણથી તે અશુદ્ધ, 'અહંભાવ' અને 'મમભાવ'ના મળવાળો મલિન થાય છે તેમ જ કર્તા-ભોક્તાભાવથી સક્રિય થઈ દૂષિત થાય છે અને તેનું શુદ્ધ સ્વરૂપ, જે નિરંજન કહેવાય છે તે કલુષિત થઈ જાય છે. માટે મુમુક્ષુએ અહંકારરૂપી રાહુથી દૂર રહી, તેના નાશ માટે તત્પર રહી આત્મચિંતન કરવું અનિવાર્ય છે.

(છંદ-ઇન્દ્રવજ્રા)

**यो वा पुरे सोऽहम् इति प्रतीतो**
**बुद्ध्या विक्लृप्तस्तमसाऽति मूढ्या ।**
**तस्यैव निःशेषतया विनाशे**
**ब्रह्मात्मभावः प्रतिबन्धशून्यः ॥३०२॥**

| | |
|---|---|
| **तमसा** | = અજ્ઞાનના કારણે |
| **अति मूढ्या बुद्ध्या विक्लृप्तः** | = અતિ મોહિત થયેલી બુદ્ધિની કલ્પનાથી |
| **पुरे यः वा** | = જે આ શરીરમાં |
| **'सः अहं' इति** | = 'તે (શરીર) હું છું' એવી |
| **प्रतीतः** | = પ્રતીતિ થઈ રહી છે |
| **तस्य एव** | = તે અહંકારનો જ |
| **निःशेषतया विनाशे** | = સર્વથા નાશ થવાથી |
| **प्रतिबन्धशून्यः** | = કોઈ પણ પ્રકારના પ્રતિબંધ રહિત |
| **ब्रह्मात्मभावः** | = બ્રહ્માત્મભાવની પ્રાપ્તિ થાય છે. |

તમોગુણના આવરણથી અતિ મૂઢ બનેલી બુદ્ધિ દ્વારા જ અહંકાર ઉત્પન્ન થાય છે અને તેવા અહંકારથી જ 'હું તે દેહ છું', તેવી દેહાત્મબુદ્ધિ જણાય છે. આવી દેહાત્મબુદ્ધિ જ અહંકારથી ઓળખાય છે. આ અહંકારનો સંપૂર્ણ નાશ થાય ત્યારે જ પ્રતિબંધશૂન્ય કે વિઘ્નરહિત્ બ્રહ્માત્મભાવ અર્થાત્ 'હું બ્રહ્મ છું' અને 'બ્રહ્મ છે તે હું છું', એવું શંકારહિત અખંડ જ્ઞાન થાય છે. તાત્પર્યમાં અહંભાવના કારણ જેવી તમોગુણના આવરણવાળી બુદ્ધિ જ્યાં સુધી નિવૃત્ત ન થાય ત્યાં સુધી અહંભાવ નિષ્ક્રિય થાય નહીં અને અહંકારનો નાશ ન થાય ત્યાં સુધી, 'હું બ્રહ્મ છું', તેવું જ્ઞાન પ્રગટ થાય નહીં. આમ વિચારતાં તમોગુણથી મૂઢ બનેલી બુદ્ધિ જ આત્મદર્શન થવા દેતી નથી. માટે જ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં પણ કહ્યું છે કે

" **विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ।**" (૧૫-૧૦)
"તમોગુણથી અતિશય મૂઢ બનેલી બુદ્ધિવાળો વિમૂઢ આત્માને જાણી શકતો નથી પરંતુ જ્ઞાનચક્ષુ દ્વારા જ આત્મદર્શન શક્ય છે." તેઓ જ્ઞાનચક્ષુના બળે આત્માને અભેદરૂપે પોતાના નિજસ્વરૂપે જાણી શકે છે.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**ब्रह्मानन्दनिधिर्महाबलवताऽहंकारघोराहिना**
**संवेष्ट्यात्मनि रक्ष्यते गुणमयैश्चण्डैस्त्रिभिर्मस्तकैः ।**
**विज्ञानाख्यमहासिना द्युतिमता विच्छिद्य शीर्षत्रयम्**
**निर्मूल्याहिमिमं निधिं सुखकरं धीरोऽनुभोक्तुं क्षमः ॥३०३॥**

| | |
|---|---|
| **आत्मनि** | = અંતઃકરણમાં |
| **ब्रह्मानन्द निधिः** | = બ્રહ્માનંદરૂપી ધનભંડાર, |
| **महाबलवता** | = મહાબળવાન (અને) |
| **त्रिभिः चण्डैः गुणमयैः मस्तकैः** | = ત્રણ ગુણરૂપ ઉગ્ર મસ્તકોવાળા |
| **अहंकार घोराहिना** | = અહંકારરૂપી ભયંકર સર્પથી |
| **संवेष्ट्य रक्ष्यते** | = લપેટાઈને રક્ષાયેલ છે. (તેથી) |
| **धीरः** | = ધીર પુરુષ (જ) |
| **विज्ञानाख्य-** | = વિજ્ઞાન નામની |
| **द्युतिमता महासिना** | = તેજસ્વી ધારવાળી મોટી તલવારથી |
| **शीर्षत्रयम्** | = તેના ત્રણેય મસ્તકોને |
| **विच्छिद्य** | = કાપી નાંખી |
| **इमं अहिम्** | = આ સર્પને |
| **निर्मूल्य** | = મારી નાંખીને |
| **सुखकरम्** | = સુખકર |
| **निधिम्** | = ખજાનો |
| **अनुभोक्तुं क्षमः** | = ભોગવવા શક્તિમાન થાય છે. |

બ્રહ્માનંદરૂપી કિંમતી ખજાનાને કે ભંડારને, મહાબળવાન અને ભયંકર, અહંકારરૂપી સર્પે પોતાનામાં વીંટાળી સંતાડી રાખેલો છે. તે સર્પ જ બ્રહ્માનંદરૂપી સંપત્તિનું રક્ષણ કરે છે. આ સર્પ ત્રણ ગુણરૂપી પોતાના ઉગ્ર મસ્તકો વડે ખજાના ઉપર ચોકી કરે છે અને તેનું સાચું સ્વરૂપ કોઈને જણાવા દેતો નથી. પરંતુ જ્યારે કોઈ ધીર પુરુષ શ્રુતિઓ દ્વારા જણાવાયેલી વિજ્ઞાનરૂપી મોટી તીક્ષ્ણ તલવાર દ્વારા સર્પના ત્રણ ગુણરૂપી ત્રણેય માથાઓનો ઉચ્છેદ કે વિચ્છેદ કરી નાંખે છે, સર્પનો નાશ કરે છે ત્યારે જ તે ધીર પુરુષ પરમ, સુખકારક બ્રહ્માનંદરૂપી નિધિને કે આત્મારૂપી ધનભંડારને ભોગવવા માટે સક્ષમ બને છે. તાત્પર્યમાં, આત્મસાક્ષાત્કારમાં ભયંકર વિઘ્ન માત્ર અહંકાર જ છે. તેના નાશ વિના નિજાનંદનો અવ્યય ખજાનો હાથ આવી શકે તેમ નથી.

(છંદ–ગીતિ)

**यावद्वा यत्किञ्चिद्विषदोषस्फूर्तिरस्ति चेद्देहे ।**
**कथमारोग्याय भवेत् तद्वदहन्तापि योगिनो मुक्त्यै ॥३०४॥**

| | |
|---|---|
| **यावत् वा** | = જ્યાં સુધી |
| **देहे** | = શરીરમાં |
| **यत् किञ्चित् विषदोष–** | = જરા પણ વિષની અસર જો |
| **स्फूर्तिः चेत् अस्ति** | = રહી ગઈ હોય તો |
| **आरोग्याय कथं भवेत्** | = આરોગ્ય કેવી રીતે સંભવે? |
| **तद्वत्** | = તેવી રીતે |
| **योगिनः** | = યોગીની |
| **मुक्त्यै** | = મુક્તિ માટે |
| **अहंता अपि** | = અહંકાર પણ (વિષ જેવો પ્રતિબંધક છે.) |

જ્યાં સુધી શરીરમાં થોડું પણ ઝેર રહી ગયું હોય ત્યાં સુધી

દેહ આરોગ્યદાયક થઈ શકે નહીં. એવી રીતે થોડો પણ સૂક્ષ્મ અહંકાર બચી ગયો હોય અને જો તેની આત્યંતિક નિવૃત્તિ ન થઈ હોય તો યોગીની મુક્તિ કેવી રીતે સંભવે ?

પૂર્વેના શ્લોકમાં અહંકારને રાહુની ઉપમા આપવામાં આવી. ત્યારબાદ સર્પની ઉપમા આપવામાં આવી અને અત્રે અહંકારને ઝેરની ઉપમા આપી જણાવ્યું કે ઝેર ખાનાર નીરોગી થઈ શકે નહીં. તેમ અહંકારરૂપી ઝેરથી જેનું સુખદાયક સ્વરૂપ દુષિત થયેલું હોય છે, તે મનુષ્યને ધીરે ધીરે અહંકારનું ઝેર વિનાશક પરિસ્થિતિ તરફ લઈ જાય છે અને તેનો વિનાશ કરે છે. અહંકારરૂપી ઝેર જ જીવાત્માને કર્તા–ભોક્તાભાવમાંથી કે મમત્વમાંથી છોડાવવાને બદલે કર્મના નશા તરફ, ભોગના વિષયરૂપી ઝેર તરફ લઈ જાય છે. અંતે મનુષ્યજન્મને નિષ્ફળ બનાવી તેનો ઉદ્ધાર કરવાને બદલે અધમ યોનિ તરફ ધકેલે છે. માટે જ મુમુક્ષુએ સાવધાન રહી સૂક્ષ્મ અહંકારને પારખી સાત્ત્વિક કર્મો જેવી અહંકારની વાસનાનો નાશ કરવો જોઈએ. સકામ કર્મ તો અહંકાર છોડાવી શકે, પણ ત્યારબાદ સૂક્ષ્મ અહંકાર મુમુક્ષુને નિષ્કામ કર્મમાં બાંધે છે. જ્યારે મુમુક્ષુ એમ માને છે કે, 'હું નિષ્કામ કર્મી છું', તો સમજવું કે તે તેનો સૂક્ષ્મ અહંકાર છે. તે જ પ્રમાણે સંન્યાસ આશ્રમમાં પ્રવેશ પામેલો જો એમ માને કે, 'હું ગૃહસ્થાશ્રમીથી ઉત્કૃષ્ટ છું', 'મહાન છું, પૂજનીય છું, વરણીય છું', તો પોતાને માટે પૂજ્યભાવની અભિવ્યક્તિમાં અજાણતાં તે પોતાના સૂક્ષ્મ અહંકારનું જ પ્રદર્શન કરે છે. તે જ પ્રમાણે તેવા સંતો કે જ્ઞાનીઓ જો પોતાને ત્યાગમૂર્તિ તરીકે, સંસારના ત્યાગી તરીકે ઓળખાવે તો સમજવું કે તેમનો અહંકાર ખ્યાતિ કે પ્રતિષ્ઠાભૂખ્યો છે અને પ્રશંસા માટે વલખાં મારતો, સ્તુતિ માટે તરફડતો તે સૂક્ષ્મ અહંકાર જ અભિવ્યક્ત થઈ રહ્યો છે. જ્યાં સુધી, 'હું ત્યાગી છું', એવા વિચારનો ત્યાગ ન થાય ત્યાં સુધી નથી કોઈ ત્યાગી, નથી કોઈ વિદ્વાન. તે જ ન્યાયે સંન્યાસીને 'હું સંન્યાસી છું', તેવું નિરંતર યાદ રહેલું હોય તો સમજવું કે તે ઘરબાર સંપત્તિ કે હોદ્દો છોડી ચૂક્યો છે પણ આશ્રમ, મઠ કે સંન્યાસની ઉપાધિમાં

આસક્ત થઈ તેને વળગી રહ્યો છે. આને જ અહંકારનું સૂક્ષ્મ સ્વરૂપ કે આત્મા ઉપર અહંકારનું ચઢેલું ઝેર કહેવામાં આવે છે. આ જ નિરુપાધિક આત્મા ઉપર અહંકારની ઉપાધિએ ઊભું કરેલું આવરણ છે. માટે જ મુમુક્ષુએ અનાત્મ-તાદાત્મ્યરૂપી ઝેરથી મુક્ત થવા અહંકારનો આત્યંતિક નાશ કરવો જોઈએ. જેથી પોતાના કર્મમાં, વિચારમાં, કલ્પનામાં, નિર્ણયમાં કે નિશ્ચયમાં અહંકારની ગંધ પણ બચી શકે નહીં.

(છંદ-ગીતિ)

**अहमोऽत्यन्तनिवृत्त्या तत्कृतनानाविकल्पसंहृत्या ।**
**प्रत्यक्तत्त्वविवेकादयमहमस्मीति विन्दते तत्त्वम् ॥३०५॥**

| | |
|---|---|
| **अहमः** | = અહંકારની |
| **अत्यन्तनिवृत्त्या** | = અત્યંત નિવૃત્તિ (અને) |
| **तत्कृत–** | = તેમાંથી ઉત્પન્ન થયેલાં |
| **नानाविकल्प–संहृत्या** | = અનેક પ્રકારના વિકલ્પોનો નાશ થવાથી |
| **प्रत्यक्–तत्त्वविवेकात्** | = (તેમજ) પ્રત્યગાત્માનો વિવેક થવાથી |
| **'अयं अहं अस्मि' इति** | = 'આ (આત્મા) હું જ છું' એવો |
| **तत्त्वम्** | = તત્ત્વબોધ |
| **विन्दते** | = પ્રાપ્ત થાય છે. |

અહંકારની આત્યંતિક નિવૃત્તિ થાય ત્યારે અહંકારથી જન્મેલા અનેક તર્ક-વિતર્કો કે સંકલ્પ-વિકલ્પ શાંત થાય, તર્ક-વિતર્કો શમી જાય, ત્યાર પછી આત્મતત્ત્વનો વિવેક જાગ્રત થાય છે અને સમજાય છે કે અંતરાત્મા કે પ્રત્યગાત્મા અર્થાત્ 'હું અહંકાર નથી, પરંતુ મૂળ સ્વરૂપે તો અહંકારનો સાક્ષી પ્રત્યગાત્મા જ છું' અર્થાત્ 'જે પ્રત્યગાત્મા છે તે જ હું છું, અહંકાર કદી નહીં' એવું પરમ તત્ત્વજ્ઞાન મુમુક્ષુને પ્રાપ્ત થાય છે.

(છંદ–શિખરિણી)

अहङ्कर्तर्यस्मिन्नहमिति मतिं मुञ्च सहसा
विकारात्मन्यात्मप्रतिफलजुषि स्वस्थितिमुषि ।
यदध्यासात्प्राप्ता जनिमृतिजरादुःख बहुला
प्रतीचश्चिन्मूर्तेस्तव सुखतनोः संसृतिरियम् ॥३०६॥

| | |
|---|---|
| विकारात्मनि | = વિકારરૂપ |
| आत्मप्रतिफलजुषि | = આત્માના પ્રતિબિંબવાળા (તાદાત્મ્યવાળા), |
| स्वस्थितिमुषि | = આત્મસ્વરૂપની સ્થિતિને ઢાંકી દેનાર, |
| अस्मिन् अहंकर्तरि | = આ અહંકારમાં |
| अहं इति मतिम् | = 'હું'પણાની બુદ્ધિને |
| सहसा मुञ्च | = શીઘ્ર ત્યાગી દે. |
| यत्–अध्यासात् | = જેના અધ્યાસથી |
| प्रतीचः चिन्मूर्तेः | = પ્રત્યગાત્મસ્વરૂપ, ચૈતન્યમૂર્તિ અને |
| सुखतनोः | = આનંદસ્વરૂપ |
| तव | = એવા તને |
| जनिमृतिजरादुःख बहुला | = જન્મ, મરણ, જરા વગેરે દુઃખોથી ભરેલી |
| इयं संसृतिः | = આ સંસારગતિ |
| प्राप्ता | = પ્રાપ્ત થઈ છે. |

જીવનની આબાદીની શોધમાં નીકળેલા મુમુક્ષુને અહંકાર કેવી રીતે બરબાદી તરફ લઈ જાય છે, તેનો ચિતાર આપતાં અત્રે જણાવવામાં આવે છે કે, અહંકાર નિષ્ક્રિય, અક્રિય આત્માને કર્તા બનાવે છે. મૂળ સ્વરૂપે આત્મા અવિકારી હોવા છતાં અનાત્મ-તાદાત્મ્યથી અને અહંભાવથી તેને વિકારી બનાવે તથા પોતાના આત્મસ્વરૂપનું વિસ્મરણ કરાવે કે આત્મસ્વરૂપનું હરણ કરે છે. આત્મસ્વરૂપ ઉપર આવરણ કરનારો અહંકાર, આત્માનું હનન કરનારો છે. આત્મા ચૈતન્યસ્વરૂપ હોવા છતાં તે ચૈતન્યસ્વરૂપને ન જણાવા દેતાં, તેથી વિરુદ્ધ જડ દેહાદિને જ આત્મસ્વરૂપ માની જડતાનો સ્વીકાર

કરી, આ અહંકાર જ આત્માનું વિસ્મરણ, આત્માનું અપહરણ કે આત્માનું હનન કરે છે. આવો અહંકાર વાસ્તવમાં તો આત્માના પ્રતિબિંબવાળો જ છે. તેથી અનાત્મારૂપ અહંકારમાં હે મુમુક્ષુ! તને જે 'હું'પણાની બુદ્ધિ થઈ છે, તે બુદ્ધિને તું શીઘ્ર ત્યજી દે. કેમ કે 'હું'પણાની બુદ્ધિથી કે ભ્રાંતિથી જ તને જન્મ-મરણ અને વૃદ્ધાવસ્થાના દુઃખથી સભર આ સંસાર પ્રાપ્ત થયેલો છે. ખરેખર તો તું ચૈતન્યમૂર્તિ સ્વરૂપ આનંદમય અંતરાત્મા જ છે.

(છંદ-ઉપજાતિ)

**सदैकरूपस्य चिदात्मनो विभो-**
**रानन्दमूर्तेरनवद्यकीर्तेः ।**
**नैवान्यथा क्वाप्यविकारिणस्ते**
**विनाहमध्यासममुष्य संसृतिः ॥३०७॥**

**सदा-एकरूपस्य** = સદા એકરૂપ,
**चिदात्मनः** = જ્ઞાનસ્વરૂપ,
**विभोः** = વ્યાપક
**आनन्दमूर्तेः** = આનંદ મૂર્તિ
**अनवद्यकीर्तेः** = નિષ્કલંક કીર્તિવાળા,
**अविकारिणः** = નિર્વિકાર, એવા
**ते** = તારા માટે
**अहं अध्यासं विना** = અહંકારમાં અધ્યાસ વિના
**अन्यथा** = અન્ય કોઈ કારણથી
**अमुष्य संसृतिः** = આ સંસાર
**क्व अपि** = ક્યાંય પણ
**न एव** = નથી જ.

"અહંકારમાં અધ્યાસ કર્યા વિના અર્થાત્ 'હું અહંકાર છું' તેવો અહંભાવરૂપી ભ્રમ, ભ્રાંતિ કે અધ્યાસ વગર બીજી કોઈ પણ રીતે તને સંસાર સંભવી શકે નહીં. તું તો સદા એકરૂપ, ચૈતન્યસ્વરૂપ, વિભુ અર્થાત્ વ્યાપક, આનંદમૂર્તિ, પાપરહિત કીર્તિવાન અને અવિકારી એવો આત્મા છે."

આત્મસ્વરૂપે સર્વ કોઈ અશરીરી છે જેને શરીર નથી તેને સંસાર કેવો? જેને સંસાર જ નથી તે સંસારી થાય કઈ રીતે? આમ, જે સંસાર

અને સંસારીથી નિર્લેપ છે, તેને વળી સંસારનું બંધન કેવું? કે સંસારથી તરણની અપેક્ષા ક્યાં? સંસારના પાણી વિના સંસારમાં કોઈ ડૂબ્યો હોય તેવું સાંભળ્યું છે ખરું? તે જ ન્યાયે જેને સંસારબંધન નથી તેને મુક્તિનો પ્રયત્ન કેવો? આમ વિચારતાં સ્પષ્ટ છે કે જે કોઈ આત્મસ્વરૂપમાં નિષ્ઠાવાન હોય, સર્વત્ર, સર્વમાં, સર્વાત્મદર્શન કરતો હોય, તેને પોતે અને સર્વ કોઈ આત્મસ્વરૂપે નિત્યમુક્ત જ જણાય છે. તેમ હોવાથી વાસ્તવમાં સંસાર અજ્ઞાની કે અહંકારીને જ સંભવે છે, જ્ઞાનીને કદી નહીં.

(છંદ-ઉપજાતિ)

**तस्मादहंकारमिमं स्वशत्रुं**
**भोक्तुर्गले कंटकवत् प्रतीतम् ।**
**विच्छिद्य विज्ञानमहासिना स्फुटं**
**भुंक्ष्वात्मसाम्राज्यसुखं यथेष्टम् ॥३०८॥**

| | |
|---|---|
| **तस्मात्** | = માટે |
| **भोक्तुः गले** | = ભોક્તાના ગળામાં |
| **कण्टकवत् प्रतीतम्** | = કાંટાની જેમ ખટકતા |
| **इमम्** | = આ |
| **स्वशत्रुं अहंकारम्** | = અહંકારરૂપી પોતાના શત્રુનો |
| **विज्ञानमहासिना** | = વિજ્ઞાનરૂપી મોટી તલવાર વડે |
| **स्फुटम्** | = સારી રીતે |
| **विच्छिद्य** | = સંહાર કરીને |
| **आत्मसाम्राज्यसुखम्** | = આત્મસામ્રાજયનું સુખ |
| **यथेष्टम्** | = સ્વતંત્રતાથી |
| **भुंक्ष्व** | = ભોગવ. |

આહારનો આસ્વાદ માણવાની ઈચ્છાવાળાએ અન્નમાં આવેલો કાંટો કે કાંકરીને મહાન વિઘ્ન માની દૂર કરવો પડે છે અને ત્યારબાદ અન્નનો

તે સારી રીતે ભોગ કરી સુખ પ્રાપ્ત કરી શકે છે. તે જ પ્રમાણે આત્મસામ્રાજયનું સ્વતંત્ર સુખ ભોગવવાની ઈચ્છાવાળાએ સૌ પ્રથમ મહાન વિઘ્નકારક શત્રુ જેવા અહંકારરૂપી કાંટાને જ્ઞાનરૂપી તલવાર દ્વારા પ્રથમ નિર્મૂળ કરવો જોઈએ, કારણ કે તેવા શત્રુની હયાતીમાં આત્મસામ્રાજયનું સુખ સંભવી શકે નહીં.

જેવી રીતે રાજાના રાજયની બહાર શત્રુઓએ ઘેરો ઘાલ્યો હોય અને રાત-દિવસ યુદ્ધના નગારાં વાગતા હોય તો કયો રાજા સુખચેનથી નિદ્રાધીન થઈ શકે, ખાઈ-પી શકે કે રાજયમાં નિશ્ચિંત થઈ વિહાર કરી શકે? તે જ પ્રમાણે આત્માના આનંદરૂપી સામ્રાજયની ચારે તરફ જો અહંકારે રાગ,દ્વેષ, મમત્વ, કામ,ક્રોધ, લોભ જેવા અનેક શત્રુઓની સેના ગોઠવી હોય તો કઈ રીતે જીવાત્મા પોતાના નિજસ્વરૂપનું અતીન્દ્રિયસુખ ભોગવી શકે કે પોતાની નિત્યમુક્તિનો અણસાર પણ કેવી રીતે પામી શકે? માટે પોતાના અતીન્દ્રિય આત્મસુખની ઈચ્છાવાળાએ ધૈર્યવાન થઈ, દૃઢતાપૂર્વક જ્ઞાનરૂપી તલવાર દ્વારા એક જ ઝાટકે કોઈ પણ પ્રતિક્રિયા વગર અહંકારરૂપી શત્રુનું છેદન કરવું આવશ્યક છે.

(છંદ-ઉપજાતિ)

**ततोऽहमादेर्विनिवर्त्य वृत्तिं**
**सन्त्यक्तरागः परमार्थलाभात् ।**
**तूष्णीं समास्वात्मसुखानुभूत्या**
**पूर्णात्मना ब्रह्मणि निर्विकल्पः ॥३०६॥**

**ततः** = ત્યારપછી
**अहं आदेः वृत्तिं विनिवर्त्य** = અહંકાર વગેરે વૃત્તિઓને દૂર કરી
**परमार्थलाभात्** = પરમાર્થ લાભથી
**सन्त्यक्तरागः** = વિષયો ઉપરની પ્રીતિનો ત્યાગ કરી,
**आत्मसुखानुभूत्या** = આત્મસુખના અનુભવ દ્વારા

| | |
|---|---|
| **पूर्णात्मना** | = પૂર્ણ (અને) |
| **निर्विकल्पः ब्रह्मणि** | = નિર્વિકલ્પ બ્રહ્મમાં |
| **तूष्णीं समास्व** | = મૌન પ્રાપ્ત કર. |

અહંકારના નાશથી પરમ લાભ થાય છે તેવું સમજાવવા જણાવ્યું છે કે અહંકારાદિ વૃત્તિઓને સારી રીતે નિવૃત્ત કર્યા બાદ, રાગરહિત થઈને આત્મજ્ઞાનસ્વરૂપ પારમાર્થિક લાભને પ્રાપ્ત કર, તેવા પારમાર્થિક લાભથી સંકલ્પવિકલ્પ રહિત થઈ અર્થાત્ નિર્વિકલ્પ બનીને આત્મસુખનો અનુભવ કરી શકાય છે. માટે તે સુખના અનુભવ પછી હે શિષ્ય! તું તારા પૂર્ણ સ્વરૂપે બ્રહ્મમાં જ સ્થિતિ કર અને '**तूष्णीं समास्व**' અર્થાત્ મૌન થઈ શાંતિનો અનુભવ કર.

શિષ્યને, અહંભાવની વૃત્તિઓનો ત્યાગ કરી, સકામ નિષ્કામ સર્વે કર્મોનો સંગ છોડી, કામનાઓનો સંઘાત તોડી, શંકા અને સંદેહોનો સાથ ત્યાગી, તર્કવિતર્કના વમળને ઓળંગી, પોતાના બ્રહ્મસ્વરૂપમાં મૌન ધારણ કરવાનો ઉપદેશ અપાયો છે. જ્યારે શંકા-કુશંકા સમાપ્ત થાય, કર્મથી ઉપરામ થવાય, ત્યારે વાસનાગ્નિથી શાંત થતાં જીવનમાં કોઈ અપેક્ષા, આકાંક્ષા બચતી નથી. તેવો કામનારહિત પુરુષ જ કૃતકૃત્ય થાય છે. માટે શિષ્યને આત્મસુખ અનુભવવા વાણીનું, વિચારનું અને કર્તવ્યનું મૌન જ ઇષ્ટ છે. તેવા તાત્ત્વિક મૌનમાં જ અતીન્દ્રિય સુખ અનુભવી શકાય છે અને એવું મૌન જ તત્ત્વાર્થે એકાન્ત કે નિર્જન દેશ છે.

(છંદ-ઉપજાતિ)

**समूलकृत्तोऽपि महानहं पुनर्-**
**व्युल्लेखितः स्याद्यदि चेतसा क्षणम् ।**
**संजीव्य विक्षेपशतं करोति**
**नभस्वता प्रावृषि वारिदो यथा ॥ ३१०॥**

| | |
|---|---|
| **यथा** | = જેમ |

| | |
|---|---|
| प्रावृषि | = વર્ષાકાળમાં |
| वारिदः | = વાદળાં |
| नभस्वता | = વાયુના સંપર્કમાં આવતાં (અનેક મુસીબતો સર્જે છે) |
| महान् 'अहम्' | = (તેમ) બળવાન અહંકાર |
| समूलकृत्तः अपि | = મૂળસહિત કાપી નાંખ્યો હોય તો પણ |
| यदि चेतसा क्षणम् | = જો ચિત્ત વડે ક્ષણ માત્ર પણ |
| व्युल्लेखितः स्यात् | = સંભારવામાં (યાદ કરવામાં) આવે તો |
| पुनः संजीव्य | = ફરીથી તે સજીવન થઈ |
| विक्षेपशतम् | = અનેક ઉત્પાતો |
| करोति | = કરે છે. |

(છંદ-ઉપજાતિ)

निगृह्य शत्रोरहमोऽवकाशः
क्वचिन्न देयो विषयानुचिन्तया ।
स एव सञ्जीवनहेतुरस्य
प्रक्षीणजम्बीरतरोरिवाम्बु ॥३११॥

| | |
|---|---|
| निगृह्य | = નિગ્રહ કરીને |
| अहं शत्रोः | = અહંકારરૂપી શત્રુને |
| विषयानुचिन्तया | = વિષયોના ચિંતન દ્વારા |
| क्वचित् | = ક્યારેય પણ |
| अवकाशः | = (ફરીથી સજીવન થવાનો) અવકાશ |
| न देयः | = આપવો નહીં (કારણ કે) |
| अम्बु इव | = જેવી રીતે જળ |
| प्रक्षीण–जम्बीरतरोः | = સુકાઈ ગયેલા બીજોરાના વૃક્ષને (ફરી સજીવન કરે છે તેમ) |

| | |
|---|---|
| **सः एव** | તે (વિષયચિંતન) જ |
| **अस्य** | = અહંકારને |
| **संजीवन हेतुः** | = પુનર્જીવિત કરનારું કારણ છે. |

વર્ષાઋતુમાં વાયુની મદદથી ઉશ્કેરાયેલાં વાદળો અનેક પ્રકારનો વિક્ષેપ કે નુકશાન કરે છે. તે જ પ્રમાણે બળવાન અહંકારને નિર્મૂળ કર્યો હોવા છતાં ક્ષણવાર પણ મન દ્વારા જો તેનું ચિંતન કરવામાં આવે તો, મૃતઃપ્રાય કે નિર્મૂળ થયેલો તે અહંકાર પુનઃ સજીવ થઈ સેંકડો પ્રકારના વિક્ષેપ કે વિઘ્નો મુમુક્ષુ માટે ઊભા કરી, તેને ભમાવી દે છે અર્થાત્ પોતાના અંતિમ ધ્યેયથી ચ્યૂત કરે છે અને જીવનવિનાશ નોંતરે છે. અહંકારનું ચિંતન એ જ અનાત્મચિંતન કે વિષયચિંતન કહેવાય છે. તેવું વિષયચિંતન કેવી રીતે વિનાશ નિમંત્રે છે, તેનો કડીબદ્ધ હેવાલ ગીતાજી દ્વારા અપાયો છે, જ્યાં શ્રીકૃષ્ણ પરમાત્મા વિનાશની શૃંખલા અનુક્રમે જણાવતાં સમજાવે છે કે

**ध्यायतो विषयान्पुंसः संङ्गस्तेषूपजायते ।**
**सङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥२–६२॥**
**क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥२–६३॥**

" વિષયોનું ચિંતન કરનાર પુરુષની તે વિષયોમાં આસક્તિ થાય છે, આસક્તિથી વાસના જન્મે છે અને વાસનામાં વિઘ્ન થવાથી ક્રોધ ઊપજે છે. ક્રોધથી અવિવેક કે ભ્રાંતિ થાય છે, અવિવેકથી સ્મરણશક્તિનો નાશ થાય છે. સ્મૃતિનો નાશ પામતાં જ્ઞાન નાશ પામે છે અને જ્ઞાન નાશ થવાથી આ પુરુષ કલ્યાણમાર્ગથી પતન પામે છે."

આમ હોવાથી અહંકારરૂપી શત્રુનો નિગ્રહ કે નિયંત્રણ કર્યા પછી પણ જો તે વિષયોના ચિંતન દ્વારા પુનર્જીવિત થાય અને સક્રિય બનવા લાગે તો, તેને સક્રિય થવાની કે પુનર્જીવિત થવાની તક આપવી નહીં, કારણ કે જેવી રીતે સુકાઈ ગયેલા બીજોરાના ઝાડને પાણી આપવામાં આવે તો

તે સુકાઈ ગયેલું વૃક્ષ કે છોડ પુનઃ નવપલ્લવિત થાય છે તેમ અહંકાર પણ વિષયચિંતનરૂપી જળ દ્વારા પુનર્જીવિત થાય છે. માટે વિષયચિંતનથી સાવધાન રહેવું અને આત્મવિસ્મરણથી બચવું જોઈએ. આ જ સમગ્ર અહંકારવિવેચનનો નિષ્કર્ષ છે. માટે જ અહંકારને સંસારનું મૂળ કહેવામાં આવે છે તથા તેની આત્યંતિક નિવૃત્તિને જ સંસારબંધથી મુક્તિ કહેવાય છે.

(છંદ-ઉપજાતિ)

**देहात्मना संस्थित एव कामी**
**विलक्षणः कामयिता कथं स्यात् ।**
**अतोऽर्थसंधानपरत्वमेव**
**भेदप्रसक्त्या भवबन्धहेतुः ॥३१२॥**

**देहात्मना संस्थितः एव**= દેહને આત્મા સમજનાર જ
**कामी** = કામી છે
**विलक्षणः** = તેનાથી જુદો (એટલે દેહને આત્માથી જુદો સમજનાર)
**कामयिता** = કામના કરનારો
**कथं स्यात्** = કેવી રીતે થાય?
**अतः** = એટલા માટે
**भेदप्रसक्त्या** = ભેદબુદ્ધિથી
**अर्थसंधानपरत्वं एव** = વિષયોના ચિંતનમાં પ્રવૃત્તિ જ
**भवबन्धहेतुः** = બંધનનું કારણ છે.

## કર્મ, વાસના અને વિષયત્યાગ

જે કોઈ પુરુષ દેહને જ આત્મા માનતો હોય, તેને જ વિષયોમાં કામના જાગે છે અને માટે જ તે વિષય-વાસનાવાળો કામી પુરુષ છે. પણ જે દેહાત્મબુદ્ધિવાળો નથી અર્થાત્ કામી પુરુષથી વિલક્ષણ છે, તેને દેહ સાથે સંબંધ જ નથી તો વિષયોની કામના કેવી? આત્માથી બીજું કે અન્ય છે એવી જેની દ્વૈત કે ભેદ બુદ્ધિ છે તે જ વિષયોનું ચિંતન કરે છે. તેવું વિષયચિંતન જ કામી પુરુષ પાસે વિષયભોગ પ્રાપ્તિ માટે ક્રિયા કે કર્મ કરાવે છે. આવા કર્મો દ્વારા જ્યારે વિષયભોગ પ્રાપ્ત થતાં નથી અને નિષ્ફળતા જણાય છે ત્યારે વિક્ષેપ ઊભો થાય છે. આવા વિક્ષેપથી ક્રોધ કે આવેગ જન્મે છે, મનની

શાંતિ ખોરવાય છે અને અશાંત ચંચળ કે વિક્ષિપ્ત મન કદી પણ આત્મચિંતન કે બ્રહ્મભાવના કરી શકે નહીં, પણ વધુ ને વધુ વિષયચિંતન અને ભોગ-પ્રાપ્તિ માટેની ક્રિયામાં પરોવાય છે અને અંતે પોતાના આત્મસ્વરૂપનું વિસ્મરણ થાય છે. આવું આત્મવિસ્મરણ અને વિષયસ્મરણ એ જ સંસાર બંધનનું કારણ છે. ટૂંકમાં, 'હું શરીર છું', તેવું અજ્ઞાન, કામના ઉત્પન્ન કરે છે. ભોગની કામના કે વિષયચિંતન જ તે માટે ક્રિયા કે કર્મ કરાવે છે. ક્રિયાની નિષ્ફળતા જ દુઃખ, વિક્ષેપ અને અંતે આત્મવિસ્મરણ ઉત્પન્ન કરી મનુષ્યને સંસારબંધનમાં નાંખે છે.

(છંદ-અનુષ્ટુપ)

**कार्यप्रवर्धनाद् बीजप्रवृद्धिः परिदृश्यते ।**
**कार्यनाशाद् बीजनाशः तस्मात् कार्यं निरोधयेत् ॥३१३॥**

**कार्यप्रवर्धनात्** = કાર્યોને વધારતા જવાથી
**बीजप्रवृद्धिः** = બીજની વૃદ્ધિ થતી
**परिदृश्यते** = જોવામાં આવે છે.
**कार्यनाशात्** = કાર્યોનો નાશ કરવાથી (કાળાંતરે)
**बीजनाशः** = બીજ પણ નષ્ટ થઈ જાય છે.
**तस्मात्** = માટે
**कार्यं निरोधयेत्** = કાર્યનો નિરોધ કરવો.

(છંદ-અનુષ્ટુપ)

**वासनावृद्धितः कार्यं कार्यवृद्ध्या च वासना ।**
**वर्धते सर्वथा पुंसः संसारो न निवर्तते ॥३१४॥**

**वासना–वृद्धितः** = વાસનાની વૃદ્ધિ થવાથી
**कार्यम्** = કાર્ય (વધતું જાય છે.)
**च कार्यवृद्ध्या** = અને કાર્યોની વૃદ્ધિ થતાં
**वासना वर्धते** = વાસનાઓ વધતી જાય છે.

**पुंसः** = (એ રીતે) જીવના
**संसारः सर्वथा** = સંસારનું કોઈ પણ રીતે
**न निवर्तते** = નિવારણ થતું નથી.

## "કાર્યોને વધારતા જવાથી બીજની વૃદ્ધિ થાય છે."

'હું શરીર છું', તેવા દેહાભિમાનથી અગર 'હું કર્તા છું' તેવા કર્તૃત્વથી જો કોઈ પણ મુમુક્ષુ કર્મ કરે તો તેનું તેવું કર્મ અજ્ઞાન દ્વારા થયું કહેવાય, કારણ કે આત્મજ્ઞાનમાં કોઈ પણ દેહ કે ઇન્દ્રિયો હોતી નથી. ઉપરાંત, જ્ઞાનમાં તો આત્મા અકર્મ, અકર્તા અને નિષ્ક્રિય છે. તેથી તેવા જ્ઞાનીને તો કર્મનો પ્રશ્ન જ નથી. પરંતુ જે કોઈ અજ્ઞાની દેહાત્મબુદ્ધિ દ્વારા કર્મ કરે છે ત્યારે તેના તેવાં કર્મો બીજની વૃદ્ધિ કરે છે, તેવું અત્રે જણાવેલું છે. તેનો તત્ત્વાર્થ વાસનારૂપી બીજ છે અને તેવા વાસનાબીજથી જ કર્મની વૃદ્ધિ થઈ શકે. વાસના જ કર્મનું પ્રેરક બળ છે. વાસનાથી જ પુનર્જન્મ અને નવો દેહ પ્રાપ્ત થાય છે. વાસના સૂક્ષ્મ છે અને કર્મ સ્થૂળ છે. આમ જોતાં વાસના કર્મનું બીજ છે. એ ન્યાયે વિચારતાં ઉપરનું કથન સુસ્પષ્ટ થાય છે કે કાર્યોની વૃદ્ધિ થવાથી બીજની પણ વૃદ્ધિ થાય છે. અર્થાત્ જેમ વધુ કર્મ કરીએ તેમ વાસના શાંત થવાને બદલે ઉગ્ર, તીવ્ર થાય છે. એટલું જ નહીં, પણ તેમાં વૃદ્ધિ થાય છે. કારણ કે કોઈ પણ કર્મનું ફળ જો સુખદાયક હોય, અનુકૂળ હોય, ઇષ્ટ હોય તો વારંવાર કર્મનું પુનરાવર્તન કરવાથી વાસના જન્મે છે. આમ, સુખદાયક કર્મફળ વાસનાની વૃદ્ધિ કરે છે અને જો કર્મફળ પ્રતિકૂળ, દુઃખદાયક કે અનિષ્ટ હોય તો તેવા ફળના ત્યાગની વાસના જન્મે છે અગર અનિષ્ટ કર્મફળથી નાસી જવાની, છૂટકારો મેળવવાની વાસના તીવ્ર થાય છે. આમ જેમ જેમ કર્મ વધે તેમ તેમ સારી-નરસી વાસનાઓ પણ વધે જ છે. જેવી રીતે વધુ આંબા રોપીએ તો વધુ કેરીઓ આવે અને કેરીરૂપી ફળમાં ગોટલી જેવા બીજની નિરંતર વૃદ્ધિ જ થતી રહે અને બીજ વાવો તો વધુ વૃક્ષો થાય અને વૃક્ષોમાં વૃદ્ધિ થાય તો નિરંતર બીજની વૃદ્ધિ થયા જ કરે અને આવું વૃક્ષ-બીજનું વિષચક્ર અટકે નહીં. તેવી જ રીતે કાર્યો

અને વાસનાનું વિષચક્ર પણ અટકી શકે એમ નથી. માટે સમજી જવું કે દેહભાવે કે કર્તાભાવથી થતાં કર્મોનો નાશ ન કરવામાં આવે તો વાસનારૂપી બીજ પણ નષ્ટ નહીં જ થાય અને વાસનારૂપી બીજ નવું શરીર લઈ નવો જન્મ આપશે અને તે નવા શરીર દ્વારા અજ્ઞાની જીવ, પુનઃ કર્મ કરશે અને તેવા અજ્ઞાનીના કર્મો અનંત વાસનાઓને જન્માવશે. આમ, કર્મ, જન્મ, મૃત્યુ અને વાસનાના અકળ, પ્રબળ ચક્રનો અંત જ નહીં આવે. માટે વિવેકી મુમુક્ષુએ જો કોઈ મહત્ત્વનું કાર્ય કરવાનું હોય તો તે એક જ છે કે અહંભાવે કે કર્તાભાવે થતાં તમામ કર્મો કે ક્રિયા સદંતર બંધ કરી દેવા જોઈએ. તે જ આત્મજ્ઞાનરૂપી પંથમાં સફળતાપૂર્વકની પ્રગતિનો સાચો સંનિષ્ઠ માર્ગ છે. માટે જ શ્લોકમાં આચાર્યશ્રીએ નિર્દેશ કર્યો છે કે "**तस्मात् कार्यं निरोधयेत्**"

ઉપરોક્ત વિચારણાથી સ્પષ્ટ થાય છે કે " વાસનાની વૃદ્ધિથી કર્મ કે કાર્યો વધે છે અને કાર્યો વધવાથી વાસનામાં વૃદ્ધિ થાય છે." માટે અત્રે ઉલ્લેખ છે કે "**वासना वृद्धितः कार्यं कार्यवृद्धया च वासना ।**" વાસના બીજ છે અને કર્મ એ ફળ છે. એમ વિચારતાં જેમ વાસનાબીજ વધે, તેમ કર્મરૂપી ફળ વધે તે સહજ અને સ્વાભાવિક છે. ખરેખર તો કર્મરૂપી ફળ એ સ્થૂળ વાસના જ કહેવાય. અર્થાત્ વાસનાનું સ્થૂળ સ્વરૂપ તે જ કર્મ છે માટે સૂક્ષ્મવાસનાનો વિસ્તાર થવાથી જ કર્મની ક્ષિતિજો વિસ્તૃત થાય છે. અને વિશાળ કર્મ ક્ષિતિજોમાં વાસનાના બીજને મુક્ત રીતે ફળવાની, ફૂલવાની સ્વતંત્રતા મળે છે. માટે પોતાની સ્વતંત્રતાને વધારવા વાસના, જીવ પાસે વધુ કાર્યો કરાવે છે. જેમ જેમ કાર્યોની વૃદ્ધિ થાય તેમ તેમ વાસના વધે છે તેવું દૃશ્ય થાય છે. પરંતુ વાસ્તવમાં તો વાસના પોતે જ સૂક્ષ્મ અને સ્થૂળ રૂપોને અભિવ્યક્ત કરતી મનુષ્યના સંસારની ક્ષિતિજોનો, સીમાઓનો, સરહદોનો વિસ્તાર કર્યા જ કરે છે. આમ, ક્ષણે ક્ષણે વિસ્તૃત પામતો સંસાર એ વાસનાની જ અભિવ્યક્તિ છે. વાસનાનું જ પ્રદર્શન છે. વાસનાનું જ સર્જન છે. આમ, સંસાર, કર્મ અને વાસનાનો વણથંભ્યો વિસ્તાર જ મનુષ્યના બંધનને દૃઢ કરે છે અને ધીરે ધીરે વાસનાથી છૂટવાને બદલે કોશેટાની જેમ

મનુષ્ય સંસારબંધનમાં સપડાતો જાય છે. આવી રીતે વાસનાથી બંધાયેલો વ્યક્તિ સંસારથી બંધાય છે અને તેને મુક્ત થવાનો કોઈ રસ્તો ક્યાંય દેખાતો નથી. તેથી સંકેત કર્યો છે કે "**पुंसः संसारो न निवर्तते**"

(છંદ–અનુષ્ટુપ)

**संसारबन्धनविच्छित्त्यै तद्‌द्वयं प्रदहेद्यतिः ।**
**वासनावृद्धिरेताभ्यां चिन्तया क्रियया बहिः ॥३१५॥**

| | |
|---|---|
| **संसारबन्धनविच्छित्त्यै** | = સંસારનું બંધન તોડવા માટે |
| **यतिः** | = પ્રયત્નશીલ મુનિએ |
| **तद्‌द्वयम्** | = તે બન્નેને (વાસના અને તેના કાર્યોને) |
| **प्रदहेत्** | = બાળી નાંખવા જોઈએ. |
| **चिन्तया बहिः क्रियया** | = વિષયોના ચિંતન અને તદનુસાર બાહ્યક્રિયા |
| **एताभ्याम्** | = આ બન્નેથી |
| **वासनावृद्धिः** | = વાસના વધતી જાય છે. |

વાસના જ સંસાર છે અને સંસાર બંધન છે તેવી ઉપરના બે શ્લોક દ્વારા ચર્ચા કર્યા બાદ, તેના ઉપાયરૂપે જણાવાયું છે કે આમ હોવાથી જ સંયમી કે વિવેકી પુરુષે સંસારરૂપ બંધનને કાપવા માટે અગર તેવા બંધનનો પુનઃ ઉદય ન થાય તેવી રીતે બંધનને નિર્મૂળ કરવા માટે વાસના અને કર્મ, તે બંનેને ભસ્મીભૂત કરવા જોઈએ. કારણ કે વિષયોનું ચિંતન મન દ્વારા અંદર થાય છે અને તેવા ચિંતનથી જે ક્રિયા કે કર્મ થાય છે તે બહાર દેખાય છે. આમ, આંતરિક વિષયચિંતન અને બાહ્ય ક્રિયાઓથી જ વાસના વધે છે. માટે જ મુમુક્ષુએ એ બન્નેનો અગ્નિસંસ્કાર કરી સંસારબંધનને રખિયા બનાવી દેવું, જેથી આત્મસાક્ષાત્કારના પંથે જણાતાં બે મહાન શત્રુઓનો સંહાર થઈ શકે અને નિરુપાધિક આત્મતત્ત્વનું સહજ, નિષ્ક્રિય, આલંબન શક્ય બને.

(છંદ-અનુષ્ટુપ)

ताभ्यां प्रवर्धमाना सा सूते संसृतिमात्मनः ।
त्रयाणां च क्षयोपायः सर्वावस्थासु सर्वदा ॥३१६॥
सर्वत्र सर्वतः सर्वं ब्रह्ममात्रावलोकनम् ।
सद्‌भाववासनादार्ढ्यात् तत् त्रयं लयमश्नुते ॥३१७॥

| | |
|---|---|
| **ताभ्याम्** | = એ બન્નેથી (વિષયચિંતન અને તદનુસાર ક્રિયાથી) |
| **प्रवर्धमाना** | = વૃદ્ધિ પામેલી |
| **सा** | = તે (વાસના) |
| **आत्मनः** | = આત્માને |
| **संसृतिं सूते** | = સંસારી બનાવે છે. |
| **त्रयाणां च** | = આ ત્રણેયનો (ચિંતન, ક્રિયા અને વાસનાનો) |
| **क्षयोपायः** | = નાશ કરવાનો ઉપાય |
| **सर्वावस्थासु** | = ત્રણેય અવસ્થામાં (જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિમાં) |
| **सर्वदा** | = સર્વકાળે |
| **सर्वत्र** | = સર્વ સ્થળે |
| **सर्वतः** | = સર્વ રીતે |
| **सर्वम्** | = સર્વમાં |
| **ब्रह्ममात्रावलोकनम्** | = કેવળ બ્રહ્મનું જ અવલોકન કરવાથી |
| **सत्भाववासना** | = સદ્‌ભાવવાસના |
| **दार्ढ्यात्** | = દૃઢ થવાથી |
| **तत् त्रयम्** | = એ ત્રણેય (ચિંતન, ક્રિયા અને વાસના) |
| **लयमश्नुते** | = નાશ પામે છે. |

આત્મસાક્ષાત્કારના ત્રણ મહાન વિઘ્નોનું વિવેચન કરી તેમને વાસના, કર્મ અને સંસારબંધનરૂપે કે વિષયબંધનરૂપે ઓળખાવવામાં આવ્યા. હવે અત્રે બે શ્લોક દ્વારા તેવા તમામ શત્રુઓથી મુક્તિનો ઉપાય જણાવવામાં આવ્યો છે.

વિષયચિંતન મનની અંદર વંટોળિયાની જેમ ચકરાવા લે છે અને તેના લીધે ઉત્પન્ન થતી બહારની દૃશ્ય ક્રિયાઓ દ્વારા વાસનાઓની વૃદ્ધિ થાય છે. આ વાસના જ જીવાત્માને માટે સંસારબંધન ઉત્પન્ન કરે છે. માટે કોઈ પણ સંજોગોમાં વિષયચિંતન, તેથી ઉત્પન્ન થતી બાહ્ય ક્રિયા અને વિષયવાસના, એ ત્રણેનો નાશ કરવા પ્રબળ ઉપાય નિરંતર કરતાં રહેવું આવશ્યક છે.

એ ત્રણેયના નાશ માટે આદિ શંકરાચાર્યજીએ અત્રે બ્રહ્મવાસનારૂપી બ્રહ્માસ્ત્ર દર્શાવ્યું છે અને ઉપદેશ આપ્યો છે કે સર્વમાં, સર્વ સમયે, સર્વ રીતે, સર્વને માત્ર બ્રહ્મરૂપે જ જાણવું. બ્રહ્મથી ભિન્ન ક્યારેય ક્યાંય, કંઈ પણ જોવું નહીં. એવી જ્ઞાનદૃષ્ટિને બ્રહ્મવાસના કહેવાય છે. આવી બ્રહ્મવાસનાથી સર્વત્ર બ્રહ્મદર્શન જ થાય છે. એવા દર્શનથી બ્રહ્મવાસના દૃઢ થતી જાય છે. આમ, બ્રહ્મવાસના એવું બ્રહ્માસ્ત્ર છે કે જેના બળથી વિષયવાસના, વિષયચિંતન કે વિષયક્રિયા એ ત્રણેય નાશ પામે છે.

તાત્પર્યમાં, બ્રહ્મવાસના દ્વારા જો સર્વત્ર બ્રહ્મદર્શન જ થાય તો બ્રહ્મથી ભિન્ન કંઈ જણાય જ નહીં અને દ્વૈતભ્રાંતિ દૂર થાય. આમ જો ભેદ છે જ નહીં તો ઇન્દ્રિયોના વિષયો કે ભોગોનું દર્શન ક્યાં? જો વિષયો જ નથી તો તેનું ચિંતન કેવું? તે જ ન્યાયે વિષયચિંતન નથી તો વિષયોને ભોગવવાની કે પ્રાપ્ત કરવાની ક્રિયા ક્યાં? આમ, બ્રહ્મવાસનાના અસ્ખલિત વિચારપ્રવાહમાં કે બ્રહ્મચિંતનમાં, વિષયચિંતનનો અવકાશ ન રહેવાથી વિષયવાસના અને વિષયોની ક્રિયા, બન્નેનો નાશ થાય છે. માટે મુમુક્ષુએ બ્રહ્મવાસનાના બળે બ્રહ્મવિચારમાં જ નિમગ્ન થવું.

(છંદ–અનુષ્ટુપ)

**क्रियानाशे भवेच्चिन्तानाशोऽस्मात् वासनाक्षयः ।**
**वासनाप्रक्षयो मोक्षः सा जीवन्मुक्तिरुच्यते ॥३१८॥**

**क्रियानाशे** = ક્રિયાઓ નાશ થતાં

| | |
|---|---|
| **चिन्तानाशः भवेत्** | = વિષયચિંતન બંધ થાય છે |
| **अस्मात्** | = આ વિષયચિંતનના નાશથી |
| **वासनाक्षयः** | = વાસનાનો નાશ થાય છે. |
| **वासनाप्रक्षयः** | = વાસનાનો નાશ |
| **मोक्षः** | = મોક્ષ છે. |
| **सा** | = આને |
| **जीवन्मुक्तिः** | = જીવન્મુક્તિ |
| **उच्यते** | = કહેવાય છે. |

વિષયચિંતન, વિષયભોગ માટેની ક્રિયા અને વાસના એ ત્રણેય મુમુક્ષુને અનર્થ ઉપજાવનારાં તથા બંધનમાં નાંખનારાં છે. તેવી સૂક્ષ્મ વિચારણા બાદ, તે ત્રણેયનો સંહાર કરવા માટે બ્રહ્મવાસનારૂપી બ્રહ્માસ્ત્રનો સંકેત કર્યા બાદ, સાત્ત્વિક નિષ્કર્ષ આપતાં તાત્ત્વિક નિર્દેશ કર્યો છે કે વાસનાનો ક્ષય એ જ મોક્ષ છે અને વાસનાની નિવૃત્તિ એ જ જીવન્મુક્તિ છે.

ઉપરોક્ત ચર્ચા સંદર્ભે અત્રે સમજાવાયું છે કે જો બ્રહ્મવાસનાના બળે ક્રિયા કે કર્મનો નાશ થાય તો વિષયચિંતન પણ અવશેષ બચી શકે નહીં. તેથી વિષયભોગની ચિંતા કે વિષયોનું ચિંતન નષ્ટ થતાં વિષયપ્રાપ્તિની કે વિષયભોગની વાસનાનો પણ સમૂળ નાશ થાય છે. આવા વાસનાના આત્યંતિક નાશમાં નથી ક્રિયા કે કર્મફળનું બંધન, નથી વિષયચિંતારૂપી વિક્ષેપ કે અજંપાનું બંધન કે નથી સંસારસાગરમાં પુનઃ જન્મ અને વારંવાર થતાં મૃત્યુનું બંધન. આમ, વાસનાનો ક્ષય કે નાશ એ જ મોક્ષ કે મુક્તિ છે અને આવી વિષયની, કર્મની કે સંસારની મુક્તિને જ તત્ત્વાર્થે શરીર છોડયા વગર જીવતાં જ મળેલી જીવન્મુક્તિ કહેવાય છે. આવી જીવન્મુક્તિ જ પ્રત્યેક સાધક કે મુમુક્ષુનું અંતિમ લક્ષ્ય હોવું જોઈએ. માટે જ ક્ષણભર પણ થોભ્યા વિના આવી જીવતાં મળતી જીવન્મુક્તિને વિના વિલંબે હસ્તગત કરવા માટે મુમુક્ષુએ હાથમાં અસંગશસ્ત્ર લઈ દૃઢતાપૂર્વક કોઈ પણ ક્ષોભ કે વિષયોની આસક્તિનો, સંસારના પ્રલોભનોનો, સ્નેહીઓના નશ્વર કે સ્વાર્થયુક્ત સંબંધોનો લેશમાત્ર

વિચાર કર્યા વિના ક્રિયા કે કર્મ, વિષયચિંતન અને વાસનારૂપી ત્રણ મુખવાળા ભયંકર સર્પનો શિરચ્છેદ કરવો જોઈએ. એવો શિરચ્છેદ જ દેશ, કાળ અને વસ્તુનો વિચ્છેદ કરી આત્મસામ્રાજ્યનો મેળવાયેલો અજર, અમર વારસો કે ઉદય-અસ્ત રહિત શાશ્વત સિંહાસન છે.

(છંદ-ઉપજાતિ)

**सद्वासनास्फूर्तिविजृम्भणे सति**
**ह्यसौ विलीना त्वहमादिवासना ।**
**अतिप्रकृष्टाप्यरुणप्रभायां**
**विलीयते साधु यथा तमिस्रा ॥३१९॥**

| | |
|---|---|
| **यथा** | = જેવી રીતે |
| **अतिप्रकृष्टा** | = ઘોર અંધારી |
| **तमिस्रा अपि** | = રાત પણ |
| **अरुणप्रभायाम्** | = સૂર્યનું અજવાળું થતાં જ |
| **साधु विलीयते** | = સારી રીતે નાશ પામે છે (તેવી રીતે) |
| **सत्वासना–स्फूर्ति–विजृम्भणे** | = બ્રહ્મવાસના પ્રગટ |
| **सति हि** | = થતાં જ |
| **असौ** | = આ |
| **अहमादि वासना** | = અહંકાર વગેરે વાસના |
| **तु विलीना** | = પણ નાશ પામે છે. |

(છંદ-ઉપજાતિ)

**तमस्तमः कार्यमनर्थजालम्**
**न दृश्यते सत्युदिते दिनेशे ।**
**तथाद्वयानन्दरसानुभूतौ**
**नैवास्ति बन्धो न च दुःखगन्धः ॥३२०॥**

**दिनेशे उदिते सति** = જેમ સૂર્ય ઊગ્યા પછી
**तमः तमः कार्यम्** = અંધારું કે અંધારાનું કાર્ય
**अनर्थजालम्** = (ચોરી વગેરે) અનર્થોની જાળ
**न दृश्यते** = દેખાતા નથી.
**तथा** = તેવી રીતે
**अद्वयानन्दरसानुभूतौ** = અદ્વૈત આનંદરસ અનુભવ્યા પછી
**बन्धः न एव अस्ति** = સંસારરૂપ બંધન નથી
**च न दुःखगन्धः** = કે દુઃખની ગંધ પણ નથી.

પ્રભાકરના પ્રકાશનો ઉદય થતાં જ જેવી રીતે ઘોર અંધારી રાતનો સંપૂર્ણ રીતે નાશ થાય છે, તેવી જ રીતે સદ્‌વાસના કે બ્રહ્મવાસનાના પ્રાગટ્યમાં જ અહંકાર સહિત મોટામાં મોટી વાસનાઓનો પણ અસ્ત થાય છે. અજવાળું અને અંધારું બન્ને એકબીજાના પૂર્ણ વિરોધી હોઈ, એક જ સ્થળે, સમાન સમયે, એક સાથે અસ્તિત્વમાં હોઈ શકે નહીં. તેવી જ રીતે બ્રહ્મવાસના અને વિષયવાસના અગર અહંવાસના = આત્મવાસના અને અહંકારીવાસના = અનાત્મવાસના પણ અન્યોન્યના પૂર્ણવિરોધી હોઈ, એક સાથે સમાન સમયે એક જ દેશમાં સંભવી શકે નહીં. માટે જ આત્મવાસના કે બ્રહ્મવાસનાના ઉદયમાં ન બચી શકે બ્રહ્મથી ભિન્ન કંઈ કે દ્વૈતવાસના. માટે જ બ્રહ્મવાસના દ્વારા બ્રહ્મભાવનામાં સર્વ અનાત્મવાસનાને વિલીન કરવી જોઈએ.

માટે જ શ્લોકમાં કહ્યું છે કે સૂર્યના ઉદય પછી અજવાળામાં ચોરી વગેરે ઉપદ્રવો કે અનર્થો જે અંધારામાં જણાય છે તે સૌ અદૃશ્ય થઈ જાય છે. તે જ પ્રમાણે જેણે અદ્વિતીય આત્માના આનંદરસનો અભેદ અનુભવ કર્યો છે , તેને સંસારબંધન કે તેનાથી ઉત્પન્ન થતાં દુઃખની ગંધ પણ અનુભવાતી નથી. કારણ કે સંસારનું દુઃખ, તેનું બંધન, આત્માના આનંદસ્વરૂપથી કે નિત્યમુક્ત સ્વભાવથી પૂર્ણવિરોધી છે. માટે આત્માના આનંદનો ઉદય થતાં જ બંધન કે દુઃખ જેવા અનર્થો કે ઉપદ્રવો અદૃશ્ય થઈ નિવૃત્ત થઈ જાય

છે. તેથી શ્રુતિએ પણ ગાયું કે '**तरति शोकमात्मवित्** '

(છંદ-ઉપજાતિ)

**दृश्यं प्रतीतं प्रविलापयन् स्वयम्**
**सन्मात्रमानन्दघनं विभावयन् ।**
**समाहितः सन् बहिरन्तरं वा**
**कालं नयेथाः सति कर्मबन्धे ॥३२१॥**

| | |
|---|---|
| **कर्मबन्धे सति** | = કર્મબંધન શેષ હોય તો |
| **प्रतीतं दृश्यम्** | = આ પ્રતીયમાન દૃશ્યનો |
| **प्रविलापयन्** | = લય કરતાં કરતાં |
| **स्वयं आनन्दघनम्** | = પોતાના આનન્દઘન સ્વરૂપ, (અને) |
| **सन्मात्रं विभावयन्** | = સત્તા માત્ર સ્વરૂપની ભાવના કરતો રહી |
| **बहिः अन्तरं वा** | = અંદર અને બહારથી |
| **समाहितः सन्** | = સમાધિસ્થ થઈ |
| **कालं नयेथाः** | = સમય વિતાવ. |

કર્મ, વિષયચિંતન અને વાસનાત્યાગનું વિવેચન કરી તેવા ત્યાગની ચર્ચાને અંતે સમાપન કરતાં શિષ્યને ઉપદેશ આપવામાં આવે છે કે, ' હે શિષ્ય ! તને જો હજી પણ કરેલાં કર્મનું ફળ ભોગવવું અર્થાત્ પ્રારબ્ધનો ભોગ કરવો એ બંધનરૂપ લાગતું હોય તો આ સમગ્ર દૃશ્યજગતને તારા અધિષ્ઠાનરૂપી બ્રહ્મની અંદર સમાવવાનો પ્રયત્ન કર. અર્થાત્ તારું નિજસ્વરૂપ જે આત્મારૂપી અધિષ્ઠાન છે, તેમાં સમગ્ર દૃશ્યપ્રપંચરૂપી જગતને આરોપ સમજી સમાવી લે. જેવી રીતે દોરી સાપને પોતાનામાં વિલીન કરે છે, ચલચિત્રનો પડદો ચિત્રોને પોતાનામાં સમાવી લે છે, તેમ તું પણ જગતના પાત્રો, પદાર્થો, દૃશ્યો વગેરેને સમાવી લે. તથા તારા ચિત્તની અંદર સ્વપ્ન-કાળે અને જાગ્રતમાં તારી બહાર જે કંઈ અનિત્ય જડ પદાર્થો દેખાય છે, તેનો નાશ કે નિવૃત્તિ કરતાં કરતાં સાવધાન રહી તારા પોતાના સત્સ્વરૂપ

અને માત્ર આનન્દઘનસ્વરૂપ આત્માનું ચિંતન કરતો સમય વીતાવ. તાત્પર્યમાં પ્રારબ્ધ કેવી રીતે ભોગવવું તેની ગુરુચાવી આપતાં શિષ્યને, મુમુક્ષુને, સાધકને સંકેત છે કે માત્ર આનંદમય આત્માનું અવલોકન કરતાં કરતાં અગર આત્મવિચારમાં જીવનનો શેષ સમય વિતાવ.

(છંદ–અનુષ્ટુપ)

**प्रमादो ब्रह्मनिष्ठायां न कर्तव्यः कदाचन ।**
**प्रमादो मृत्युरित्याह भगवान् ब्रह्मणः सुतः ॥३२२॥**

| | | | |
|---|---|---|---|
| **ब्रह्मनिष्ठायाम्** | = બ્રહ્મનિષ્ઠામાં | **इति** | = એમ |
| **कदाचन** | = ક્યારેય | **ब्रह्मणः सुतः** | = બ્રહ્માજીના પુત્ર |
| **प्रमादः** | = પ્રમાદ | **भगवान्** | = ભગવાન (સનત્સુજાતે) |
| **न कर्तव्यः** | = કરવો નહીં | | |
| **"प्रमादः मृत्युः"** | = "પ્રમાદ જ મૃત્યુ છે" | **आह** | = કહ્યું છે. |

(છંદ–અનુષ્ટુપ)

**न प्रमादादनर्थोऽन्यो ज्ञानिनः स्वस्वरूपतः ।**
**ततो मोहस्ततोऽहंधीस्ततो बन्धस्ततोव्यथा ॥३२३॥**

| | | | |
|---|---|---|---|
| **ज्ञानिनः** | = જ્ઞાની પુરુષને માટે | **ततः मोहः** | = (કારણ કે) તેમાંથી મોહ, |
| **स्वस्वरूपतः** | = પોતાના સ્વરૂપથી | | |
| **प्रमादात्** | = ચ્યુતિ જેવો | **ततः अहंधीः** | = તેનાથી અહંબુદ્ધિ, |
| **अन्यः** | = બીજો કોઈ મોટો | **ततः बन्धः** | = તેનાથી સંસારબંધન |
| **अनर्थः न** | = અનર્થ નથી. | **ततः व्यथा** | = (અને સંસારબંધનથી દુ:ખ થાય છે. |

## પ્રમાદ એ જ મૃત્યુ

આદિ શંકરાચાર્યજીએ બ્રહ્મભાવનાનો અમર સંદેશ આપ્યો. અહંકાર, કર્મ, વિષયચિંતન અને વાસનાને નિવૃત્ત કરવા બ્રહ્માસ્ત્ર જેવો

બ્રહ્મચિંતનનો ઉપાય દર્શાવ્યો અને હવે આઠ શ્લોક દ્વારા મુમુક્ષુ ઉપર અનુગ્રહ કરી બ્રહ્મચિંતન સંબંધે પ્રમાદનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે. તેમાં પ્રથમ બે શ્લોકમાં પ્રમાદથી મહાન અન્ય કોઈ મૃત્યુ નથી તથા શરીરત્યાગ એ સાચું મૃત્યુ નથી પરંતુ અવિવેકી તો તે પૂર્વે જ અનેક વાર મરે છે તેવું શ્રુતિસંમત તર્ક દ્વારા સમજાવે છે.

બ્રહ્માજીના પુત્ર સનત્સુજાતે રાજા ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપતાં કહેલું કે, **'प्रमादं वै मृत्युः'** ' પ્રમાદ એ નિશ્ચિત મૃત્યુ છે.' અને તેવો જ ઉપદેશ સનત્સુજાતનો ઉલ્લેખ કરી આચાર્યશ્રીએ અત્રે આપ્યો છે કે પ્રમાદ અર્થાત્ આત્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર કે મોક્ષની પ્રાપ્તિ માટે નિષ્ક્રિય રહેવું, આળસ કરવી અને ધર્મ, અર્થ, કામ,જેવા પુરુષાર્થો પાછળ સમય વેડફી નાંખવો, પરંતુ જેને પરમ પુરુષાર્થ કહેવામાં આવે છે તેવા મોક્ષની ઉપેક્ષા કરવી, તે જ પ્રમાદ છે. માટે કોઈ પણ ભોગે આવો પ્રમાદ કરવો નહીં. **'प्रमादो ब्रह्मनिष्ठायां न कर्तव्यः '**

મૃત્યુ એ અત્યંત સરળ અને સ્વાભાવિક જીવનની અંતિમ ઘટના છે, તે નિર્વિવાદ છે. મૃત્યુનું નિવારણ શક્ય જ નથી કારણ કે જે જન્મે છે તેનું મૃત્યુ અવશ્ય છે અને મૃત્યુ પામેલાનો પુનર્જન્મ છે. એવી ઈશ્વરરચિત ઘટમાળથી કોઈ પણ દેહધારી બચી શકે તેમ નથી. તેવું ગીતાજી દ્વારા પણ ઉપદેશાયેલું છે. **"जातस्य हि ध्रुवो मृत्युः ध्रुवं जन्म मृतस्य च ।"** (ભ.ગીતા. અ. ૨/૨૭) તદુપરાંત, દેહ તો વિકારી છે તેથી વિકારોના ક્રમમાં તે અંતે મૃત્યુ કે વિનાશ જેવા વિકારને આધીન થાય તેમાં તો સંશય કેવો? **अस्ति, जायते , वर्धते ,विपरिणमते ,अपक्षीयते ,विनश्यति ।** આવા ષડ્‌વિકારોને શરણ થવું તે કંઈ દેહ માટે નિંદાને પાત્ર નથી. જયારે તેથી ઊલટું પ્રમાદ કરવો, આળસ કરવી એ તો જીવનવ્યવહારમાં પણ નિંદાને પાત્ર છે. એટલું જ નહીં, પરંતુ પ્રમાદ એ મૃત્યુ જેમ સ્વાભાવિક રીતે સ્વીકારવામાં આવેલી ઘટના નથી. પરંતુ પ્રમાદી વ્યક્તિનો સૌ કોઈ તિરસ્કાર કરે છે, તેની ઉપેક્ષા થાય છે તથા તે જાહેરમાં કે અંગત રીતે ટીકાને પાત્ર

બને છે. તેથી સ્પષ્ટ છે કે પ્રમાદ અસ્વાભાવિક, અસામાન્ય, અનાદરણીય છે. કોઈ મૃત્યુને શરણ થાય તો મૃત વ્યક્તિની ન તો ટીકાટિપ્પણ થાય, મૃત્યુ ન નિંદિત બને કે ન તેનો તિરસ્કાર થાય પરંતુ જે ઘરમાં મૃત્યુ થયું હોય ત્યાં સૌ કોઈ આશ્વાસન આપવા કે ખરખરો કરવા એકત્રિત થાય છે પરંતુ પ્રમાદીના આંગણે કોઈ આશ્વાસન આપવા જતું નથી. આમ, પ્રમાદ તો મૃત્યુથી પણ અધમ કક્ષાનો છે. તથા તિરસ્કારને પાત્ર છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં જે કોઈ પ્રમાદ કરે છે, તેથી જાણતાં કે અજાણતાં પરમપુરુષાર્થ જેવા મોક્ષની ઉપેક્ષા થાય છે અને મનુષ્યજન્મ એળે જાય છે, બંધન સઘન બને છે. તેને જ અત્રે મહાન અનર્થ કહ્યો છે અને જણાવ્યું છે કે પ્રમાદથી મોહ અર્થાત્ અજ્ઞાન જન્મે છે અને તેવા મોહરૂપી અજ્ઞાન દ્વારા જ બુદ્ધિ અહંકારી બને છે. તેવી અહંકારી બુદ્ધિ જ અનાત્મા સાથે તાદાત્મ્ય કરી મળ-મૂત્રના સંગમાં રહેલા, લીંટ, પીયા, માંસ, ચરબી, રક્ત અને અસ્થિપિંજર જેવા જડ શરીરને પોતાનું સાચું સ્વરૂપ માને છે અને પોતાના મૂળ આત્મસ્વરૂપ કે જે સત, ચિત, આનંદસ્વરૂપ છે તેનું સ્વરૂપાનુસંધાન કે ચિંતન છોડી નિશદિન, ક્ષણેક્ષણે દેહચિંતન જ કર્યા કરે છે. આવી અહંકારી બુદ્ધિ જ દેહના સુખભોગ માટે, જગતમાં જીવાત્માને શરીર સાથે અનેક સ્થળોએ દોડાવે છે, અપમાનિત કૃત્યો કરાવે છે અને તેમ કરવામાં ક્ષણિક વિષયસુખ માટે શરીર પાસે અથાગ પ્રયત્ન કરાવી તેને થકવે છે, તથા આધિ-વ્યાધિગ્રસ્ત કરે છે. અહંકારી બુદ્ધિના આવા અનેક અવિવેકી નિર્ણયો સુખની ખાણ જેવા આત્મસ્વરૂપને છોડાવી નિરંતર વિષયભ્રમણ કે સંસારની યાત્રા કરાવે છે. તેવી યાત્રાથી દુ:ખ સિવાય કંઈ જ હાથમાં આવતું નથી અને જો વિષયસુખ મળે તો પણ તે ક્ષણભંગુર હોવાથી વિષયના અભાવમાં પુનઃ દુ:ખ જ હાથમાં આવે છે. આમ, 'હું શરીર છું', તેવો નિર્ણય મોહ પામેલી બુદ્ધિ દ્વારા જ થાય છે. માટે અત્રે સ્પષ્ટ કર્યું છે કે અહંકારી બુદ્ધિ સંસારબંધન પેદા કરે છે અને તેવા સંસારબંધનથી દુ:ખ કે વ્યથા જન્મે છે. આવી દુ:ખદાયક વ્યથાની કથાનો પ્રારંભ તો પ્રમાદના હાથે જ થાય છે. માટે જ પ્રમાદ તો શરીરના મૃત્યુ પૂર્વે જ મુમુક્ષુને દુ:ખના દરિયામાં ડુબાડી, વિષયની ચિંતામાં નાંખી ચિતાની જેમ બાળે છે માટે મરણ

સમાન છે.

આપણાં લૌકિક જીવનથી પણ સમજાય છે કે મનુષ્યને વ્યવહારમાં ઓછો પ્રમાદ હોય છે પરંતુ પરમાર્થ માટે જ તે પ્રમાદી બને છે. જમણવારનું નિમંત્રણ સ્વીકારવામાં ક્યાં કોઈ પ્રમાદ છે? અરે! પગાર સ્વીકારવામાં કે નફાની ગણતરીમાં, પ્રતિષ્ઠા અને ખ્યાતિના પ્રમાણપત્રો સ્વીકારવામાં કોઈ પ્રમાદ કરતું નથી. નવા ચલચિત્રની લાઈન માટે, ટી.વી. કાર્યક્રમ માટે, ઉનાળાની ઉજાણી માટે સમય ખર્ચ કરવામાં અને રાતોની રાતો પત્તા રમવામાં, નશાની મહેફિલમાં, નાઈટ ક્લબોમાં કે રાસગરબે ઘૂમવામાં કદી ક્યાંય પ્રમાદ જોવા મળતો નથી કે તેવા કાર્યક્રમોમાં કોઈને સમયની ખેંચ જણાતી નથી. સંગીત, કવાલી, મુશાયરો કે ડાયરામાં બેઠેલી જનતા વારંવાર, ''દુબારા, ONCE MORE , માશાલ્લાહ''ના પોકાર કરીને તાળીઓના ગડગડાટથી મંચ ગજવીને જાહેર કરે છે, ''અમને ઘેર જવાની ઉતાવળ નથી, સમયનો અભાવ તો છે જ નહીં, તમે ખુશીથી કાર્યક્રમ આગળ ધપાવો. અમે તમને સન્માનવા, સત્કારવા અહીં જ બેઠા છીએ.'' સંગીત સાંભળવામાં , જોક્સની મહેફિલમાં, સાત્ત્વિક મનોરંજનમાં લેશમાત્ર પ્રમાદ નથી. જયારે વ્યવહારમાં આવી પાવરધી પ્રજાને, સજ્જનોને, યુવાનોને પૂછો તો ખરા કે તેમની પાસે આત્મચિંતન માટે, ધ્યાન માટે, યોગાસન માટે કે આધ્યાત્મિક પ્રવચનોના શ્રવણ માટે સમય છે ખરો? તો આટલું સાંભળતા પૂર્વે જ અનેક પ્રકારની પ્રતિક્રિયાઓ જોવા મળશે કે '' પ્રવચનો કે સત્સંગ પ્રાતઃકાળે હોય છે, તેથી અમે આવી શકતા નથી. સવારે ઊંઘ જ અમને ઘેરી લે છે. જો તમે સાંજના સત્સંગની વાત કરશો તો કહેશે, ''અમે તો વેપારી પ્રજા. સાંજના આઠ-નવ પહેલાં ઘરે જ ન પહોંચીએ તો સત્સંગ કેવો?'' ''અમે તો ડૉક્ટરો છીએ. સાંજે જ દર્દીઓનો ધસારો હોય એવા લાચાર પીડાતા દર્દીઓને છોડી જઈએ ક્યાં?'' ''અમે તો નોકરિયાત વર્ગ, ઓફીસો સાંજે મોડી છૂટે પછી બસ કે ટ્રેનના ધક્કે ચઢીએ, અડધા બેહોશ બનીએ, ત્યાં કેવો ધર્મ, કેવું પ્રવચન કે સત્સંગ ! ભાઈ, અમે તો રોટલો અને ઓટલો જ શોધતા હોઈએ.'' જો તમે વિદ્યાર્થી કે યુવાનોને

પૂછો કે તમે તો ધંધો, વ્યાપાર કે વ્યવસાયમાં નથી માટે તમારે તો સત્સંગમાં જવું જોઈએ. તેઓ કહેશે કે, "પ્રવચન હિન્દીમાં છે તેથી સમજાતાં નથી."તેવા ઉત્તરથી પ્રશ્ન જાગે છે કે યુવા વિદ્યાર્થીઓને ધાર્મિક સત્સંગ હિન્દીમાં ન સમજાય, તો ટી.વી. સિરિયલો કે ચલચિત્રો કેવી રીતે સમજાતા હશે? જો તમે ગુજરાતીમાં થતા સત્સંગમાં જવા યુવાપેઢીને કહેશો તો ઉત્તર મળશે કે "અમને તો અંગ્રેજી માધ્યમમાં ભણવાનું ભૂત વળગ્યું છે તેથી ગુજરાતીના વ્યાખ્યાનો સમજાતાં નથી." આમ, આબાલવૃદ્ધ, સૌ કોઈના જીવનમાં એક જ વસ્તુ સુસ્પષ્ટ જણાય છે કે વ્યવહારમાં તેમને પ્રમાદી થવું પોસાય તેમ નથી અને અધ્યાત્મમાં ધર્મ માટે કે પરમાર્થ માટે અથવા બ્રહ્મચિંતન માટે, મોક્ષ માટે પ્રમાદી થવામાં તેમને કોઈ જ વાંધો આવે તેમ નથી. માટે મહદંશે ખૂબ થોડા સંસ્કારી કે પુણ્યવાસનાને લઈને જન્મેલા લોકોને બાદ કરતાં સૌ કોઈ પ્રમાદી થઈ ગયા છે. માટે જ આત્મસ્વરૂપથી વંચિત રહ્યાં છે, સાચા સુખને સ્પર્શ પણ નથી કરી શક્યા, શાંતિની તો કલ્પના પણ તેમને આવે તેમ નથી કારણ કે પ્રમાદથી પ્રેરાયેલાં સૌ કોઈ વિષયસુખની ભ્રાંતિને જ શાશ્વત શાંતિ સમજી બેઠાં છે. આવા અનર્થોથી સજ્જનો, સાધુપુરુષો અને મુમુક્ષુઓને પાછા વાળવા અને બ્રહ્મચિંતનની પ્રેરણા પ્રદાન કરવા જ અત્રે સંદેશ અપાયો છે કે પ્રમાદ તો મૃત્યુ પૂર્વેનું મહાન મરણ છે, ભયંકર અનર્થ છે, મનુષ્યજન્મનો અણમોલ અવસર નષ્ટ કરવાના શ્રાપ જેવો છે. માટે મુમુક્ષુએ પ્રમાદનો ત્યાગ કરવા તત્પર રહેવું અને સ્વપ્નમાં પણ પ્રમાદની કલ્પના કરવી નહીં.

(છંદ-અનુષ્ટુપ)

**विषयाभिमुखं दृष्ट्वा विद्वांसमपि विस्मृतिः ।**
**विक्षेपयति धीदोषैर्योषा जारमिव प्रियम् ॥३२४॥**

| | |
|---|---|
| **योषा** | = કોઈ (કુલટા) સ્ત્રી જેમ |
| **प्रियं जारं इव** | = તેના પ્રિય જાર પુરુષને(તેના બુદ્ધિના દોષને લીધે લોભાવી દે છે) |

| | |
|---|---|
| **विस्मृतिः** | = (તેમ) આત્મવિસ્મૃતિ |
| **विद्वांसं अपि** | = વિદ્વાનને પણ |
| **विषयाभिमुखं दृष्ट्वा** | = વિષયોમાં પ્રવૃત્ત થયેલો જોઈને |
| **धीर्दोषैः** | = બુદ્ધિના દોષો વડે |
| **विक्षेपयति** | = ભમાવી દે છે. |

પૂર્વે બે શ્લોક દ્વારા સંકેત કરવામાં આવ્યો કે પ્રમાદથી મોહ થાય છે અને મોહથી જ બુદ્ધિ અહંભાવવાળી કે અહંકારી થાય છે અને શરીરને પોતાનું આત્મ-સ્વરૂપ માને છે. આમ, 'હું શરીર છું', તેવી બુદ્ધિ બંધન અને દુઃખ સર્જે છે. અત્રે, જે પુરુષની આવી અહંકારી બુદ્ધિ છે તેવા પુરુષના સંદર્ભે તેની થતી અધોગતિ દર્શાવવામાં આવે છે.

જે પુરુષ, 'હું શરીર છું', તેવા અહંકારવાળી બુદ્ધિ ધરાવે છે, તેવા પુરુષને બુદ્ધિના દોષને લીધે કોઈ લંપટ સ્ત્રી પોતાનો પ્રેમી બનાવી પોતાનામાં આસક્ત કરી તેના ચિત્તને ભમાવી દે છે. જેથી પુરુષ લંપટ સ્ત્રીની પાછળ ભ્રમણ કરે છે, તેના જ વિચારો કરે છે અને તેમાં આસક્ત થઈ બરબાદીને વહોરે છે. તે જ પ્રમાણે આત્મવિસ્મૃતિ પણ લંપટ સ્ત્રી જેવી છે. કોઈ મોટામાં મોટો શાસ્ત્રનો જ્ઞાતા કે વિદ્વાન હોય તો પણ જો તે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત હોય તો તે વિદ્વાનના આસક્તિપૂર્ણ વર્તનને લીધે, તથા વિષયાસક્તિરૂપી બુદ્ધિના ખોટા નિર્ણયરૂપી દોષને કારણે, વિદ્વાનને પણ પોતાના સચ્ચિદાનંદ આત્મસ્વરૂપથી વિમુખ કરી, વિષયભોગમાં ભ્રમણ કરાવે છે. તેથી કુલટા સ્ત્રી અને આત્મવિસ્મૃતિરૂપી લંપટ સ્ત્રી એક જ જેવો વ્યવહાર કરી વિદ્વાનને પણ જીવનનાં અંતિમ ધ્યેયથી ચ્યુત કરી અધોગતિ કે વિનાશને માર્ગે લઈ જાય છે. માટે જ મુમુક્ષુએ સાવધાન રહેવું અને સાવચેતીપૂર્વક પ્રમાદનો ત્યાગ કરવો, તથા બ્રહ્મભાવનામાં ન તો આળસ કરવી કે ન બ્રહ્મચિંતનથી વિમુખ થવું. જે કોઈ પોતાના આત્મસ્વરૂપનું પ્રમાદ વગર નિત્ય નિરંતર ચિંતન કરે છે અને વિષયભોગરૂપી પ્રવૃત્તિથી લેશમાત્ર પ્રભાવિત

થતો નથી, તથા વિવેકપૂર્ણ બુદ્ધિ દ્વારા શરીરને પોતાનું આત્મસ્વરૂપ પણ માનતો નથી, તેવો આત્મજ્ઞાનમાં જાગેલો મુમુક્ષુ કદી પણ આત્મવિસ્મૃતિરૂપી લંપટ લલનાની માયાજાળમાં ફસાતો નથી કે શરીરના ભોગોની ભ્રાંતિમાં પણ પડતો નથી અને વિષયોથી નિવૃત્ત થવાને કારણે અધોગતિ તરફ ન જતાં ઉર્ધ્વગતિ કે ચિત્તશુદ્ધિના માર્ગે પ્રસ્થાન કરી અંતે બ્રહ્મભાવનાના બળે બ્રહ્મીભૂત થઈ જાય છે.

(છંદ–અનુષ્ટુપ)

**यथापकृष्टं शैवालं क्षणमात्रं न तिष्ठति ।**
**आवृणोति तथा माया प्राज्ञं वाऽपि पराङ्मुखम् ॥३२५॥**

**यथा** = જેવી રીતે
**अपकृष्टं शैवालम्** = (જળ ઉપરથી) દૂર કરેલી શેવાળ
**क्षणमात्रम्** = ક્ષણમાત્ર
**न तिष्ठति वा** = (પણ) તે સ્થિતિમાં રહેતી નથી અને
**आवृणोति** = (જળને) આવરી લે છે.
**तथा** = તેવી રીતે
**माया अपि** = માયા પણ (દૂર કરવા છતાં)
**पराङ्मुखम्** = બહિર્મુખ થયેલા
**प्राज्ञम्** = જ્ઞાનીને (તેના આત્મસ્વરૂપને આવરણ કરે છે.)

આત્મચિંતનમાં જે કોઈ પ્રમાદી છે અને બ્રહ્મભાવનાની ઉપેક્ષા કરે છે, તેની કેવી દુર્દશા થાય છે તે સમજાવતાં જણાવાયું છે કે જેવી રીતે કોઈ પુરુષ નદી કે તળાવમાં સ્નાન માટે જાય અને ડૂબકી મારવા માટે હાથથી પાણી ઉપર જામેલી લીલ અગર શેવાળને હાથથી દૂર કરે છે અને લીલ ખસી જવાથી જે ચોખ્ખું પાણી દૃશ્ય થાય છે તેમાં ડૂબકી મારી અને ફરી પાણી ઉપર આવે છે તેટલી વારમાં તો તેણે ખસેડેલી લીલ પાછી પોતાની

જગ્યાએ આવી ગયેલી હોય છે. તેના વાળમાં પણ લીલના રેસા ભરાયેલા હોય છે અને જ્યારે તે તળાવની બહાર નીકળે છે ત્યારે જુએ છે તો તેને માત્ર લીલ જ દેખાય છે. જે પાણીમાં તેણે ડૂબકી મારી હતી તે પાંણી ઉપર ક્ષણવારમાં લીલનું આવરણ છવાઈ જાય છે. આમ, પાણીની હયાતી કે અસ્તિત્વ હોવા છતાં લીલના આવરણને લીધે પાણી દેખાતું નથી. માટે જ કહ્યું છે કે પાણી ઉપરથી દૂર કરેલી લીલ કે શેવાળ ક્ષણમાત્ર સુધી પણ પોતાની સ્થિતિમાં રહેતી નથી.''**अपकृष्टं शैवालं क्षणमात्रं न तिष्ठति ।**''

તે જ પ્રમાણે જો કોઈ પુરુષ જ્ઞાની હોય છતાં બર્હિમુખ થયેલો હોય તો તેવો પુરુષ વારંવાર પ્રયત્ન કરીને લીલની જેમ માંયાના આવરણને દૂર કરતો રહે છે. છતાં માયા દૂર રહેતી નથી. જેમ લીલ પાણીને આવરણ કરે છે તેમ માયા બર્હિમુખ થયેલા જ્ઞાનીના આત્મસ્વરૂપને આચ્છાદિત કરી, ઢાંકી દઈ આવરણ ઊભું કરે છે અને ક્ષણવાર પણ બર્હિમુખ થયેલા જ્ઞાનીથી દૂર જતી નથી. માટે જ કૃષ્ણ પરમાત્માને પણ ગીતાજીમાં કહેવું પડયું છે કે '' માયાને તરવી અતિદુષ્કર છે.'' ''**मम माया दुरत्यया** '' (ભ.ગીતા અ.૭/૧૪) પરંતુ, ભગવાન શ્રીકૃષ્ણ ગીતોપદેશમાં આગળ જણાવે છે કે ભલે માયાનું તરણ કે તેને પાર કરવી અગર તેના આવરણથી મુક્ત થવું દુષ્કર, કઠિન કે અઘરું હોય પરંતુ અશક્ય નથી. ભગવાન જણાવે છે કે ''જે કોઈ મારા શરણે આવે છે તે માયાને તરી શકે છે.'' ''**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।**'' (ભ.ગીતા અ. ૭/૧૪) આવી રીતે સ્વયં ભગવાને પણ માયાનું આવરણ દૂર કરવા માટે અર્જુન જેવા શિષ્યને પણ પોતાને શરણે જવા સંદેશ આપ્યો છે. તેથી સ્પષ્ટ છે કે મુમુક્ષુએ સ્મૃતિ અને શ્રુતિને શબ્દપ્રમાણ માની તેના ઉપદેશો તત્ત્વાર્થથી સમજવા, સદ્‌ગુરુને શરણે જઈ ગુરુકૃપા દ્વારા માયાને તરવાનો ઉપાય જાણી લેવો અને નિત્ય નિરંતર ઉપનિષદ કે વેદોના વાક્યોનું ચિંતન કરવું, તેના સાર્થક અર્થોનું બ્રહ્મભાવના દ્વારા મનન કરવું, તેમજ સ્મૃતિ કે શ્રુતિના સ્વાધ્યાયમાં અગર બ્રહ્મચિંતનમાં કદી પણ આળસ કે પ્રમાદ કરવો નહીં. ''**स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ।**''

(છંદ-ઉપજાતિ)

**लक्ष्यच्युतं चेद्यदि चित्तमीषद्**
**बहिर्मुखं सन्निपतेत् ततस्ततः ।**
**प्रमादतः प्रच्युतकेलिकन्दुकः**
**सोपानपंक्तौ पतितो यथा तथा ॥३२६॥**

| | |
|---|---|
| **यथा प्रमादतः** | = જેવી રીતે ભૂલથી પણ |
| **प्रच्युतकेलिकन्दुकः** | = છૂટી ગયેલો રમવાનો દડો |
| **सोपानपंक्तौ** | = સીડીના પગથિયાં ઉપરથી ગબડી |
| **पतितः** | = નીચે પડે છે |
| **तथा यदि** | = તેવી રીતે જો |
| **ईषत् अपि** | = (પ્રમાદને લીધે) જરા પણ |
| **चित्तम्** | = ચિત્ત |
| **लक्ष्यच्युतं चेत्** | = પોતાના લક્ષ્યમાંથી છૂટું પડેલું હોય તો |
| **बहिर्मुखं सन्** | = બહિર્મુખ બની |
| **ततः ततः निपतेत्** | = નીચે પડતું પડતું અધોગતિને પામે છે. |

ઉત્ક્રાંતિને માટે મળેલો મનુષ્યદેહ કે માનવજન્મ, પ્રમાદના લીધે કેવી રીતે અધોગતિને પામે છે તેવું સદૃષ્ટાંત સમજાવતાં અત્રે કહ્યું છે કે જેવી રીતે રમત રમતાં હાથમાંથી છૂટી ગયેલો દડો, આપમેળે સીડીના પગથિયાં પરથી નીચે પડતો, ઠોકરો ખાતો, નીચે પડે છે તે જ રીતે આત્મસ્વરૂપના ચિંતનમાં થોડો પણ પ્રમાદ થાય, તો જે ચિત્ત અતીન્દ્રિય સુખની ખાણ જેવા આત્મસ્વરૂપમાં નિમગ્ન હતું, પરમ આનંદમાં સંલગ્ન હતું, તે જ ચિત્ત અનંત આનંદ અને શાશ્વત શાંતિ સ્વરૂપ બ્રહ્માનંદના સાગરને છોડી, બહિર્મુખી બની, પોતાના પરમ લક્ષ્યને છોડી વિષયચિંતન દ્વારા સંસારના ક્ષણભંગુર વિષયભોગના કીચડમાં જઈ પહોંચે છે. તેવા વિષયભોગ નિત્ય ન હોઈ, નાશ પામે છે અને વિષયભોગનું સુખ છિન્નભિન્ન થતાં વ્યક્તિ દુ:ખી થાય

છે, હતાશ થાય છે અને વિક્ષિપ્ત બને છે. માટે પુનઃ વિષયચિંતનનો પ્રારંભ કરી વિષયભોગ માટે પુરુષાર્થ કરે છે. જો તેવા પ્રયત્નમાં વાસના અધૂરી રહે તો તેવી વિષયભોગની વાસના પૂર્ણ કરવા માટે તેને પુનઃ જન્મ લેવો પડે છે. પરંતુ તેનો નવો જન્મ મનુષ્યનો જ હોય એવું નિશ્ચિત હોતું નથી, કારણ કે વિષયભોગની વાસના તો ગાય, ભેંસ, કૂતરાં, ભૂંડ જેવાં અનેક શરીરો દ્વારા પણ પૂર્ણ થઈ શકે છે. તેથી તેવા સૌ બહિર્મુખી વિષયચિંતનના બળે, સડકનાં કૂતરાં કે ઘાંચીના બળદિયા જેવી અગર વિષ્ટાને આરોગનારા અને મળમૂત્રની ગટરમાં શયન કરનારાં ભૂંડ જેવી યોનિને પણ પામે છે. આ જ તેનું અધ:પતન છે, અધોગતિ છે. ક્યાં બ્રહ્માનંદનો સુખસાગર! અને ક્યાં મળમૂત્રની વચ્ચે શયન ! ક્યાં આત્મચિંતનની શાશ્વત શાંતિનો સમન્વય અને ક્યાં પ્રમાદને લીધે સૂવર અને કૂતરાંની યોનિમાં થતું ભ્રમણ!

બ્રહ્મચિંતનમાં જો થોડો પણ પ્રમાદ થાય તો, જેમ પર્વત ઉપરથી પડેલો દડો ખીણના અંધારામાં ગરકાવ થઈ જાય છે, તેમ આત્માનંદમાં રમણ કરનારો મુમુક્ષુ પ્રમાદને લીધે વિષયચિંતનના ઢાળમાં ગબડતો ગબડતો અધમ યોનીના ગર્ભમાં પુરાય છે. એટલું જ નહીં, પરંતુ પોતાના રત્ન જેવા મનુષ્યજન્મને ધૂળધાણી કરે છે અને આત્મસાક્ષાત્કારરૂપી અંતિમ લક્ષ્ય, માત્ર પ્રમાદને લીધે ચૂકી જાય છે. માટે પ્રમાદને મૃત્યુ પૂર્વેનું મરણ જાણી પ્રમાદનો ત્યાગ કરવા તત્પર થવું અને સદ્‌ગુરુના અનુગ્રહે પ્રમાદત્યાગનું સામર્થ્ય કેળવી માયાનું તરણ કરવું એ જ મુમુક્ષુનું અંતિમ કર્તવ્ય છે.

(છંદ–અનુષ્ટુપ)

**विषयेष्वाविशच्चेतः संकल्पयति तद्‌गुणान् ।**
**सम्यक्संकल्पनात् कामः कामात् पुंसः प्रवर्तनम् ॥३२७॥**

**विषयेषु** = વિષયોમાં
**आविशत् चेतः** = ચોંટેલું ચિત્ત
**तद्‌गुणान्** = વિષયોના ગુણોનું
**संकल्पयति** = ચિંતન કર્યા કરે છે.
**सम्यक्** = વારંવાર કરેલા
**संकल्पनात्** = ચિંતનથી
**कामः** = વિષય પ્રાપ્ત કરવાની ઈચ્છા (ઉત્પન્ન થાય છે.)

| | | | |
|---|---|---|---|
| **कामात्** | = વિષય પ્રાપ્ત કરવાની ઇચ્છાથી | **पुंसः** | = મનુષ્યની |
| | | **प्रवर्तनम्** | = પ્રવૃત્તિ થાય છે. |

(છંદ-અનુષ્ટુપ)

**ततः स्वरूपविभ्रंशो विभ्रष्टस्तु पतत्यधः ।**
**पतितस्य विना नाशं पुनर्नारोह ईक्ष्यते ।**
**संकल्पं वर्जयेत् तस्मात् सर्वानर्थस्य कारणम् ॥३२८॥**

| | |
|---|---|
| **ततः** | = (વિષયોમાં પ્રવૃત્તિ થતાં) તેથી |
| **स्वरूपविभ्रंशः** | = (તે) સ્વસ્વરૂપથી ભ્રષ્ટ થાય છે. |
| **विभ्रष्टः तु अधः पतति** | = અને સ્વરૂપભ્રષ્ટ થતાં અધઃપતન થાય છે. |
| **पतितस्य** | = (આમ) અધઃપતન થયેલાના |
| **नाशं विना** | = નાશ વગર |
| **पुनः** | = ફરીથી |
| **आरोहः** | = ઉન્નતિ (આત્મોન્નતિ) થતી |
| **न ईक्ष्यते** | = જોવામાં આવતી નથી. |
| **तस्मात्** | = માટે |
| **सर्वानर्थस्य कारणम्** | = બધા અનર્થોનું કારણ |
| **संकल्पम्** | = સંકલ્પનો |
| **वर्जयेत्** | = ત્યાગ કરવો. |

બ્રહ્મચિંતનમાં જે પ્રમાદ કરે છે તે વિષયચિંતનમાં પડે છે અને વિષયચિંતનથી આત્મવિસ્મૃતિરૂપી ઊંડી ખીણમાં પડતાં તેનું નિશ્ચિત પતન થાય છે. તેવું બે શ્લોકમાં અત્રે સમજાવ્યું છે.

બ્રહ્મવિચારથી ચ્યુત થયેલું ચિત્ત વિષયચિંતનમાં આસક્ત થાય છે અને વિષયોના ગુણોનું અર્થાત્ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા ઇન્દ્રિયોના વિષયનું જ નિશદિન ચિંતન કર્યા કરે છે. તેવું ચિત્ત સૌંદર્ય કે રૂપનું બંધાણી બન્યું હોય તો રૂપની પાછળ ભટક્યા કરે, સૌંદર્યની કલ્પના

કર્યા કરે અને દેહસૌંદર્યના દિવાસ્વપ્નો રચી તેમાં ભ્રમણ કરે છે. અને આત્મસ્વરૂપનું ચિંતન છૂટી જાય છે. તેથી વિષયચિંતનમાં લાગેલું ચિત્ત ઇન્દ્રિયોના વિષયોને પ્રાપ્ત કરવાની ઇચ્છા કે કામનાથી બેકાબૂ બને છે. તાત્પર્યમાં, વિષયચિંતનથી જ વિષય પ્રાપ્ત કરવાની કામના જાગે છે અને તેવી કામના કે વાસના જ મનુષ્ય પાસે વિષયભોગ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ કરાવે છે. આવી પ્રવૃત્તિમાં જે ગળાડૂબ થઈ પોતાના આત્મસ્વરૂપનું વિસ્મરણ કરે છે, તેવું ચિત્ત કે તેવો પુરુષ મુક્તિ કે મોક્ષના માર્ગથી અગર આત્મસાક્ષાત્કારથી ભ્રષ્ટ થાય છે અને અધ:પતનના માર્ગે જ પ્રસ્થાન કરે છે. આવો પુરુષ, જે અધ:પતનના માર્ગે પ્રવાસ કરે છે તેની આત્મોન્નતિ થતી હોય તેવું જોવામાં આવતું નથી, પરંતુ અવશ્ય તેનો નાશ જ થાય છે. કારણ કે જે અધ:પતનના અંતિમ આરે પહોંચી ગયો હોય તે પુન: પોતાનો ઉધ્ધાર કરી બ્રહ્મચિંતનના ઉચ્ચતમ શિખર ઉપર પુન: આરોહણ કરી શકતો નથી. માટે જ બધા અનર્થોનું કે સર્વ અધોગતિનું કારણ સંકલ્પ છે, તેવું સમજી વિષયચિંતનનો દૃઢતાપૂર્વક ત્યાગ કરવો જોઈએ. એવા ત્યાગ માટે સંકલ્પથી મુક્ત થવું આવશ્યક જ નહીં બલ્કે અનિવાર્ય છે.

(છંદ-ઉપેન્દ્રવજ્રા)

**अतः प्रमादान्न परोऽस्ति मृत्युः**
**विवेकिनो ब्रह्मविदः समाधौ ।**
**समाहितः सिद्धिमुपैति सम्यक्**
**समाहितात्मा भव सावधानः ॥३२६॥**

| | |
|---|---|
| **अतः** | = માટે |
| **विवेकिनः ब्रह्मविदः** | = વિવેકી અને બ્રહ્મજ્ઞાનીને |
| **समाधौ** | = આત્મચિંતનમાં |
| **प्रमादात्** | = પ્રમાદથી (આત્મસ્વરૂપના વિસ્મરણથી) |
| **परः** | = અન્ય (બીજું કોઈ) |

| | |
|---|---|
| **मृत्युः न अस्ति** | = મૃત્યુ નથી. |
| **समाहितः** | = ચિત્તને સમાધિસ્થ કરનાર |
| **सम्यक् सिद्धिं उपैति** | = સારી રીતે(મુક્તિ રૂપી) સિદ્ધિ પ્રાપ્ત કરે છે. |
| **समाहितात्मा** | = (માટે) હે સમાહિતાત્મા ! |
| **सावधानः भव** | = તું સાવધાન થા. |

પ્રમાદત્યાગનો ઉપદેશ આપી, તેનું રહસ્યમય વિવરણ કર્યા બાદ, હવે તે સમગ્ર વિષયની વિચારણાનો ઉપસંહાર કરતાં, નિષ્કર્ષમાં ઉપદેશરૂપે આદિશંકરાચાર્યજી શિષ્ય કે મુમુક્ષુને સમજાવે છે કે વિવેકી અને બ્રહ્મજ્ઞાનીને આત્મચિંતનમાં કે બ્રહ્મવિચારરૂપી સમાધિમાં પ્રમાદ સિવાય મહાન અન્ય કોઈ મૃત્યુ નથી. તાત્પર્યમાં, પ્રમાદ એ જ દેહત્યાગ પૂર્વેનું આત્મવિસ્મૃતિરૂપી મરણ છે. માટે મુમુક્ષુએ સદા યાદ રાખવું કે ચિત્તને આત્મચિંતનમાં સારી રીતે નિમગ્ન રાખનાર જ મુક્તિરૂપી પરમ સિદ્ધિને પામે છે. માટે હે આત્મજ્ઞાનના જીજ્ઞાસુ! તું સાવધાનીપૂર્વક એકાગ્રચિત્તવાળો થઈ, તારા ચિત્તને આત્મચિંતનમાં પરોવી દે. તે બાબતમાં લેશમાત્ર પ્રમાદ કરીશ નહીં. કારણ કે આત્મવિસ્મરણ જ પ્રમાદરૂપી મરણ છે. આત્મસ્મરણ જ સહજ સમાધિરૂપી જીવન્મુક્તિ છે.

(છંદ–અનુષ્ટુપ)

**जीवतो यस्य कैवल्यं विदेहे स च केवलः ।**
**यत् किञ्चित् पश्यतो भेदं भयं ब्रूते यजुः श्रुतिः ॥३३०॥**

| | |
|---|---|
| **जीवतः यस्य** | = જેને જીવતાં જ |
| **कैवल्यम्** | = કૈવલ્યપદ પ્રાપ્ત કરી લીધું છે |
| **सः च** | = માત્ર તે જ |
| **विदेहे** | = દેહપાત થયા પછી |
| **केवलः** | = કૈવલ્યમુક્તિ (વિદેહમુક્તિ) પામે છે. |
| **यत् किञ्चित्** | = જરા પણ |
| **भेदं पश्यतः** | = ભેદ જુએ છે તેને |

भयम् = (મરણનો) ભય છે. એમ
यजुः श्रुतिः = યજુર્વેદની શ્રુતિ
ब्रूते = કહે છે.

(છંદ-ઉપજાતિ)

यदा कदावाऽपि विपश्चिदेष
ब्रह्मण्यनन्तेऽप्यणुमात्रभेदम् ।
पश्यत्यथामुष्य भयं तदैव
यद्वीक्षितं भिन्नतया प्रमादात् ॥३३१॥

यदा कदा वा अपि = જો ક્યારેય પણ
एषः विपश्चित् = આ વિદ્વાન
अनन्ते ब्रह्मणि = અનન્ત બ્રહ્મમાં
अणुमात्र भेदं अपि = અણુમાત્ર પણ ભેદ
पश्यति = જુએ છે
अथ = તો
तदा एव अमुष्य भयम् = ત્યારે જ એને (સંસારનો) ભય થાય છે
यत् = કારણ કે
प्रमादात् = (એણે) પ્રમાદથી
भिन्नतया = ભિન્નપણાથી (ભેદદૃષ્ટિથી)
वीक्षितम् = જોયું.

## ભેદ કે દ્વૈતદૃષ્ટિનો ત્યાગ

જે પુરુષ પ્રમાદને ત્યાગી પરમ પુરુષાર્થની પ્રાપ્તિ માટે બ્રહ્મભાવના દ્વારા વિષયવાસનાને ભસ્મ કરી ચૂક્યો છે અને પોતાના આત્મસ્વરૂપમાં જાગી ચૂક્યો છે, તેને બ્રહ્મસિવાય અન્ય કંઈ જણાતું નથી. બ્રહ્મથી અન્ય તે કંઈ વિચારતો પણ નથી. તેનો જીવનનિષ્કર્ષ છે કે, 'બ્રહ્મ જ હું છું', 'હું બ્રહ્મથી ભિન્ન નથી.' આમ, તેની અદ્વિતીય, અભેદ બ્રહ્મદૃષ્ટિમાં

નથી જીવ, નથી જગત કે નથી જગતના વિષયો કે પ્રાણીઓ કે જગતને જન્માવનાર જગતનિયંતા, જગન્નાથ કે ઈશ્વર. નથી તેને પોતાનાથી ભિન્ન પોતાનું શરીર કે પિંડ અને નથી પોતાનાથી ભિન્ન હયાતી બ્રહ્માંડની. આમ બ્રહ્મભાવે, બ્રહ્મમાં જ બ્રહ્મીભૂત થઈને વિહાર કરનારો જીવન્મુક્ત છે. તેવા જીવન્મુક્તની બે શ્લોકમાં અત્રે સ્તુતિ છે અને ભેદભ્રાંતિમાં ભટકનારાની નિંદા કરવામાં આવી છે.

જે દેહપતન પૂર્વે અર્થાત્ જીવતાં જ મૃત્યુથી છૂટી ગયો છે અર્થાત્ 'અમર આત્મા હું છું', તેવા જ્ઞાનથી જીવતાં જ મુક્ત થયો છે, તેને પ્રારબ્ધ પૂર્ણ થતાં સાક્ષીભાવે દેહપતન જણાય છે ત્યારે તે બ્રહ્મીભૂત થયેલો હોય છે. અર્થાત્ જીવતાં જ જે જીવ અને બ્રહ્મનું એકત્વ કે કેવલત્વ જાણી ચૂક્યો હોય છે તે દેહપાત પશ્ચાત્ કૈવલ્ય પદને કે પરમપદને પામી બ્રહ્મસ્વરૂપ થાય છે. તેવી બ્રાહ્મીસ્થિતિ કે કૈવલ્ય પદમાંથી ચ્યુત થઈ પુનઃ કદી પણ તેને જન્મ–મૃત્યુના નશ્વર સંસારમાં પ્રવેશ પામવા જેવું હોતું નથી. તે પોતાને અને આસપાસ જે કંઈ જુએ છે, જાણે છે, અનુભવે છે તે સૌને બ્રહ્મસ્વરૂપ જ સ્વીકારે છે. તેને મન તો સર્વ કાંઈ બ્રહ્મના જ વિવર્ત છે. આમ, તેની દ્વૈતથી વિલક્ષણ દૃષ્ટિમાં કે અભેદ જ્ઞાનમાં બ્રહ્મથી ભિન્ન કંઈ જ છે નહીં. એટલું જ નહીં પરંતુ જો તેને પોતાનું શરીર પણ બ્રહ્મનું જ વિવર્ત દેખાય, તો શરીર કે દેહ જડ હોવા છતાં બ્રહ્મથી ભિન્ન સત્તા કે અસ્તિત્વ ન ધરાવતું હોવાથી તે બ્રહ્મ જ છે. કારણ કે બ્રહ્મ તો સર્વત્ર છે. શ્રુતિએ કહ્યું છે,'**सर्वं खल्विदं ब्रह्म ।**' જો બ્રહ્મ સર્વમાં હોય તો સામાન્ય ચેતન તરીકે અભેદદર્શી જીવન્મુક્તને શરીરમાં અને જડ પદાર્થોમાં પણ આત્મદર્શન થાય છે. કારણ કે વાસ્તવમાં તો બ્રહ્મ કે આત્માની સત્તાથી જ બોલાય છે કે, 'આ શરીર છે.' શરીર જાતે 'હું શરીર છું', તેમ કહેતું નથી કે પોતાને પ્રકાશિત કરતું નથી. પરંતુ જે કંઈ પ્રકાશે છે, ભાસમાન થાય છે, જણાય છે, તે સર્વ બ્રહ્મ કે આત્માને લીધે જ પ્રકાશે છે અર્થાત્ અનુભવાય છે. આમ, જે કંઈ દશ્ય કે જ્ઞેય છે, પ્રત્યક્ષ કે પરોક્ષ છે, વર્ણનીય કે વાચાતીત છે તે સર્વ કાંઈ બ્રહ્મ છે. બ્રહ્મથી ઇતર, અન્ય કંઈ જ અસ્તિત્વમાં નથી. આ વિચારતાં, જીવન્મુક્ત

બ્રહ્મીભૂતને પોતાનું શરીર જ જો બ્રહ્મથી ભિન્ન નથી જણાતું તો શરીરનું મૃત્યુ કેવું? જો નથી તેને શરીર અને તે જ ન્યાયે નથી શરીરનું પતન કે મૃત્યુ, તો હવે તેને ભય ક્યાં? જો મૃત્યુ જેવો ભયાનક ભય નથી તો વિક્ષેપ કેવો? આમ, વિક્ષેપના અભાવમાં જીવન્મુક્ત જ્ઞાની અભયપદથી અલંકૃત થયેલો છે, અભેદ દૃષ્ટિના અતિ ઉન્નત શિખર પર છે, જ્યાંથી દ્વૈતસૃષ્ટિનો આત્યંતિક અંત સિવાય કંઈ જ દૃશ્ય નથી. આમ જ્ઞાનીને, જીવન્મુક્તને, અભેદબુદ્ધિ કે ઐક્યદૃષ્ટિથી સર્વ કાંઈ બ્રહ્મમય દેખાય છે. માટે જ તે ભયમુક્ત બને છે. ટૂંકમાં, અભેદમાં જ અભય છે અને દ્વૈતદૃષ્ટિમાં જ, ભેદમાં જ ભય છે. "**द्वितीयाद्वै भयं भवति ।**" (બૃહદારણ્યકોપનિષદ)

આથી વિપરીત, જે કોઈ પ્રમાદી હોવાને લીધે બ્રહ્મચિંતનથી વિમુખ થતાં બ્રહ્મથી ભિન્ન અનેક પ્રકારના ભેદને જુએ છે, એટલું જ નહીં પરંતુ ભેદ કે દ્વૈતને સત્ય પણ માને છે, તેને નામ અને આકાર સત્ય જણાય છે, શરીર સાચું લાગે છે. માટે જ શરીરના મૃત્યુની ભયાનકતા તેને નિશદિન બેચેન કરે છે અને ભયના આતંકમાં તે જીવન જીવે છે. પળે પળે પદાર્થોનો અભાવ, સગાંસ્નેહીની વિદાય, ભોગ અને સંપત્તિથી તેનો છૂટકારો, આ બધું જ તેને ભયભીત કરે છે. કારણ કે પ્રમાદી અને બ્રહ્મચિંતનથી છૂટેલો અવિવેકી, ન તો પોતાને અમર આત્મા કે અનંત બ્રહ્મ સમજે છે કે ન શરીરાદિનું મિથ્યાત્વ જાણે છે. આમ, વાસ્તવમાં પોતાને દેહાદિ માની, પોતે જ પોતાને પરબ્રહ્મ કે આત્માથી જુદો કરે છે, વિખૂટો પાડે છે અને પોતે અજર અમર આત્મા હોવા છતાં ,ભેદદૃષ્ટિએ પોતાને જડ શરીર જાણી, માને છે કે રોગો મારા, ઘડપણ મારું, મૃત્યુ મારું. માટે તેનાથી અનુભવાતો ભય પણ મારો. આમ, ભેદદૃષ્ટિ દ્વારા જ તે ભયને પ્રાપ્ત થાય છે અને દુઃખી થાય છે. આમ, ભય કે દુઃખ એ ભેદનું જ પરિણામ છે. દ્વૈતદૃષ્ટિથી જ કે જુદાઈથી જ પોતે નિમંત્રેલી એ ભયાનક દુર્દશા છે. જે પોતાને દેહાદિ માને છે તેને જ એક વાર નહીં, વારંવાર મૃત્યુ છે અને અનેકવાર જન્મ છે. આમ, પોતાને બ્રહ્મથી ભિન્ન ગણી તે જાતે જ પોતાને મૃત્યુના મુખમાં ધકેલી દે છે. તેથી જ કઠશ્રુતિ

જણાવે છે કે, "**मृत्योः स मृत्युं गच्छति य इह नानेव पश्यति ।**" (કઠોપનિષદ) જે અહીં (આ લોકમાં) ભેદભાવને જુએ છે તે મૃત્યુથી મૃત્યુને (જન્મમૃત્યુના ચક્રને) જ પ્રાપ્ત થાય છે." જાતે જ જે મૃત્યુનો કોળિયો થવા પ્રબળ વેગથી મૃત્યુના મુખમાં પડે છે તેને ભય ન અનુભવાય તો શું? અગ્નિમાં કૂદવાથી શીતળતા કે શાંતિ મળી હોય તેવું જાણ્યું છે ખરું? માટે જ યજુર્વેદની તૈત્તિરીય શ્રુતિ પણ જણાવે છે કે, "**यदा ह्येवैष एतस्मिन् उदरमन्तरं कुरुते । अथ तस्य भयं भवति ।**" (તૈત્તિરીયશ્રુતિ- બ્રહ્માનંદવલ્લી) જયાં સુધી તે આ પરમાત્મામાં લેશમાત્ર ભેદ જુએ છે, ત્યાં સુધી તેને ભય છે."

આમ હોવાથી જ આચાર્યશ્રી સ્પષ્ટ કરે છે કે, જો કોઈ વિદ્વાન હોવા છતાં પણ ક્યારેય અનંત બ્રહ્મ સાથે પોતાનો અણુમાત્ર પણ ભેદ જુએ છે કે જાણે છે, અર્થાત્ તસુમાત્ર પણ પોતાને બ્રહ્મથી આઘો ખસેડી કે જુદો જાણી, પોતાનામાં કે બ્રહ્મમાં ભેદ કરે છે, તે જ ક્ષણે તેને સંસારનો કે જન્મ–મૃત્યુનો ભય પ્રાપ્ત થાય છે. કારણ કે તેને પ્રમાદ દ્વારા અનંત, અખંડ, અદ્વિતીય અને અભેદ બ્રહ્મમાં ભેદ જોયો કે જાણ્યો અને તેવા ભેદથી જ પોતે શરીર બન્યો. આમ, પોતાને શરીર માનવું એટલે જ પોતાને જડ જાહેર કરવો અને મૃત્યુને સ્વીકારવું. જે જડ છે, દૃશ્ય છે તેનો જન્મ છે અને જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. આમ, પોતે અજન્મા, અજાતીય, કુળ–ગોત્રથી રહિત હોવા છતાં પોતાને શરીર માની, બ્રહ્મથી જુદો જાણી, પોતે મૃત્યુને આધીન થઈ, ગર્ભની કારાવાસમાં કેદી બને છે. આવી કારાવાસનું કારણ અન્ય કંઈ નહીં પરંતુ પ્રમાદથી કરેલું ભેદચિંતન જ છે. માટે મુમુક્ષુએ ભેદદૃષ્ટિથી મુક્ત થઈ સંસારનો ભય દૂર કરવા જ પ્રયત્ન કરવો જોઈએ. ભેદમાં જ સંસાર છે. સંસારવાળા સંસારીને જ સંસારબંધનનો ભય છે, જન્મ–મૃત્યુના ચક્રનો શોક છે. અભેદદૃષ્ટિવાળા જ્ઞાનીને કે જીવન્મુક્ત અસંસારીને નથી ભેદદૃષ્ટિ, માટે જ નથી સંસાર કે તેનું બંધન. તો પછી ભય ક્યાંથી હોય? આમ, અભેદદૃષ્ટિમાં જીવન્મુક્તિ છે જયારે ભેદમાં જ મૃત્યુ છે, વિનાશ છે, તેનો આતંક અને ભય છે.

(છંદ-ઉપજાતિ)

श्रुतिस्मृतिन्यायशतैर्निषिद्धे
दृश्येऽत्र यः स्वात्ममतिं करोति ।
उपैति दुःखोपरि दुःखजातं
निषिद्धकर्ता स मलिम्लुचो यथा ॥३३२॥

श्रुति–स्मृतिन्यायशतैः = સેંકડો શ્રુતિ, સ્મૃતિ વાક્યો અને યુક્તિઓથી
निषिद्धे अत्र दृश्ये = દૃશ્ય પદાર્થ માત્રનો નિષેધ કરવામાં આવ્યો છે તેમાં
यः स्वात्ममतिं करोति = જે આત્મબુદ્ધિ કરે છે
सः निषिद्धकर्ता = તે નિષિદ્ધ આચરણ કરનાર
मलिम्लुचः यथा = ચોરની જેમ
दुःखोपरि दुःखजातम् = દુઃખો ઉપર દુઃખો
उपैति = પામે છે.

(છંદ-ઉપજાતિ)

सत्याभिसंधानरतो विमुक्तो
महत्त्वमात्मीयमुपैति नित्यम् ।
मिथ्याभिसंधानरतस्तु नश्येद्
दृष्टं तदेतद्यदचोरचोरयोः ॥३३३॥

सत्याभिसंधानरतः = જે સત્યનું જ નિરંતર ચિંતન કરે છે
विमुक्तः = તે મુક્ત થઈને
नित्यम् = નિત્ય
आत्मीयं महत्त्वं उपैति = આત્મીય (આત્મા જેવું) મહત્ત્વને પામે છે.
मिथ्याभिसंधानरतः तु = પણ જે મિથ્યા જગતનું ચિંતન કરે છે તે

| | |
|---|---|
| **नश्येत्** | = નાશ પામે છે. |
| **तत् एतत् यत्** | = તે આ જે |
| **अचोरचोरयोः** | = અચોર-ચોરનું (દૃષ્ટાંત) |
| **दृष्टम्** | = જોવામાં આવે છે. (તેનાથી સમજાય છે.) |

શ્રુતિ અને સ્મૃતિના સેંકડો ઉપદેશો દ્વારા તથા ન્યાયની સેંકડો યુક્તિઓ દ્વારા જે કંઈ જગત પ્રપંચ રૂપે દૃશ્ય છે તેવા દૃશ્યપ્રપંચનો નિષેધ જણાવવામાં આવેલો છે. કારણ કે શ્રુતિ અને સ્મૃતિની જ્ઞાનદૃષ્ટિમાં કે ન્યાયની યુક્તિમાં દૃશ્યપ્રપંચનું મિથ્યાત્વ, અનિત્યત્વ, અસત્ત્વ, પરિચ્છિન્નત્વ અને પ્રાતિભાસિકત્વ સિદ્ધ થયેલું છે. તેજોબિંદુ શ્રુતિ જણાવે છે કે,

**इदं प्रपञ्चं यत्किंचिद् यद्यज्जगति वीक्ष्यते ।**
**दृश्यरूपं च दृग्रूपं सर्वं शशविषाणवत् ॥**

(તેજોબિંદુ શ્રુતિ-૫/૭૫)

" જે જે આ પ્રપંચરૂપ પદાર્થો દૃશ્યરૂપે તથા દૃષ્ટા રૂપે જગતમાં દેખાય છે તે બધા સસલાના શિંગડા જેવા (મિથ્યા) છે. અર્થાત્ નથી જ." એ જ પ્રમાણે ખ્યાતનામ ભગવદ્ગીતા જેવી સ્મૃતિમાં પણ કૃષ્ણ પરમાત્મા આત્મભાવે જાહેર કરે છે કે વાસ્તવમાં " સર્વ દૃશ્ય ભૂતો પણ મારામાં રહેલાં નથી." " **न च मत्स्थानि भूतानि ।**"(ભ.ગીતા-અ.૯/૫) જે કંઈ ભૂતો અર્થાત્ જીવો જળચર, ખેચર અને ભૂચર વગેરે દૃશ્ય છે, તે સૌને આકાર છે. આકારવાળા સૌ જન્મેલા છે. જન્મેલા છે માટે જ નિશ્ચિત તેમનું મૃત્યુ છે. આમ, સર્વ દૃશ્ય, સાકાર જીવો કે પદાર્થો જન્મ-મરણને આધીન હોઈ પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવવાળા છે. તેથી સ્પષ્ટ છે કે તે સૌ જન્મ પૂર્વે નહોતા અને મૃત્યુ પશ્ચાત્ નહીં હોય. પરંતુ માત્ર એક જ કાળે વર્તમાનમાં તેમની સત્તા જણાય છે. તેવી સત્તા પારમાર્થિક સત્ય નથી. તેથી ત્રણેય કાળે રહેનારું તેમનું સત અસ્તિત્વ તો ન જ કહેવાય પરંતુ એક કાળે જણાતું પ્રાતિભાસિક કે મિથ્યા અસ્તિત્વ અવશ્ય છે. માટે જ તેવા અનિત્ય, અસત્ય અને મિથ્યા દૃશ્ય પદાર્થોનો સ્વયં કૃષ્ણ પરમાત્માએ પણ નિષેધ કરેલો છે. નિષેધ કરતાં

જગજાહેર કર્યું કે કોઈ પણ દૃશ્ય પ્રાણી, પદાર્થ રૂપી ભૂતો મારા આત્મસ્વરૂપમાં રહેલાં નથી. "**न च मत्स्थानि भूतानि ।**" આમ, શ્રુતિ અને સ્મૃતિ બન્ને પોતાના સચોટ વિધાનો દ્વારા દૃશ્ય પદાર્થોનો, મિથ્યાત્વના દૃષ્ટિકોણથી નિષેધ કરે છે. તેવું જ ન્યાય સંબંધે પણ જણાય છે.

ન્યાય કે તર્કશાસ્ત્રની અનેક યુક્તિઓમાં પણ જણાવાયું છે કે જે કંઈ દૃશ્ય છે તે નિષેધને પાત્ર છે. કારણ કે સર્વ દૃશ્ય સાકાર છે, જન્મેલા છે અને માટે જ તે સૌ વિકારી, નાશવાન અને મિથ્યા છે. તેથી તેવા દૃશ્ય પદાર્થો નિષેધને યોગ્ય છે. દા.ત. **दृष्टः नष्टः स्वभावः । यद् द्रष्टं तन्नष्टम् । यद् दृश्यं तत् जडं तत् विकारी तत् हेयम् ।** "દૃશ્ય (પદાર્થ) નાશ પામવાના સ્વભાવવાળું છે." "જે દૃશ્ય છે તે વિનાશી છે." "જે દૃશ્ય છે તે જડ છે, તે વિકારી છે (તેથી) તે ત્યાજ્ય કે નિવૃત્તિને અથવા નિષેધને યોગ્ય છે." દા.ત. (૧) જે દૃશ્ય છે તે ઇન્દ્રિયગમ્ય કે પ્રત્યક્ષ છે. જે ઇન્દ્રિયગમ્ય હોય કે ઇન્દ્રિયોથી પ્રમાણિત થતું હોય તે સત્ય કે નિત્ય હોઈ શકે નહીં. કારણ કે સ્વયં ઇન્દ્રિયો જ જડ અને નાશવાન છે. (૨) જે દૃશ્ય છે તે વિકારી હોઈ, **अस्ति , जायते , वर्धते, विपरिणमते, अपक्षीयते** અને **विनश्यति** જેવા ષડ્‌વિકારયુક્ત હોય છે માટે તેનો અભાવ નિશ્ચિત છે. તેથી જ સર્વ વિકારી દૃશ્યો, મિથ્યા કે અનિત્ય હોવાથી નિષેધને પાત્ર છે. આમ, શ્રુતિ, સ્મૃતિ અને યુક્તિ દ્વારા સમગ્ર દૃશ્યપ્રપંચનો તે સર્વ કાંઈ અનાત્મ વસ્તુ હોવાને લીધે નિષેધ કરવામાં આવેલો છે. આવો જગજાહેર કે સુજ્ઞમાન્ય શ્રુતિસંમત નિષેધ તો 'નેતિ નેતિ' દ્વારા ખ્યાતનામ બનેલો છે. તેમ છતાં તેવી અનાત્મવસ્તુમાં કે દૃશ્ય પદાર્થોમાં જો કોઈ આત્મબુદ્ધિ કરે અર્થાત્ દેહાદિ દૃશ્યોમાં કે જે નિંદા અને નિષેધને પાત્ર છે તેમાં, 'તે હું છું' , તેવી બુદ્ધિ કરે તો તેવો શરીરાદિને પોતાનું સ્વરૂપ માનનારો અનાત્મવસ્તુની ચોરી કરનારો, ચોરની જેમ જ દુઃખી થાય છે અને તેના ઉપર અનેક પ્રકારના દુઃખો ગરજતા વાદળાં જેમ તૂટી પડે છે.

જે અનાત્મવસ્તુની કે દૃશ્ય પદાર્થોની ચોરી નથી કરતો અર્થાત્

તત્ત્વાર્થે તો જે કંઈ દૃશ્ય છે, સાકાર છે, મિથ્યા છે, નાશવાન છે તેવા સૌ અનાત્મા, જડ શરીરાદિ સાથે તાદાત્મ્ય નથી કરતો અને તેવા દૃશ્યો ઉપર પોતાની માલિકી કે અધિકાર અગર મમત્વ રાખતો નથી તેવો અનાત્મવસ્તુની ચોરી નહીં કરનારો અચોર છે. આવો અચોર અનાત્મવસ્તુનાં તાદાત્મ્યથી વિમુખ થઈ આત્મવસ્તુ સાથે જ તદાકાર થઈ, અભેદભાવે તાદાત્મ્ય કરી, હું આત્મા કે બ્રહ્મ જ છું તેવું જાણી, નિત્ય સત્ય સ્વરૂપ બ્રહ્મનું જ ચિંતન કરે છે તેવો અચોર સંસારબંધનથી, ભોગવાસનાથી અને પ્રમાદથી મુક્ત થાય છે અને અવ્યય આત્માની આત્મીય મહાનતાને પામે છે. માટે જ શ્લોક-મધ્યે સમાવિષ્ટ થયું છે કે, "**महत्त्वमात्मीयमुपैति नित्यम् ।**" જ્યારે જે પ્રમાદી, અવિવેકી બ્રહ્મચિંતનથી વિમુખ થયો છે તે દૃશ્ય મિથ્યા પદાર્થોનું અભિમાન કરવાથી મિથ્યા વિષય કે દૃશ્યોનું જ ચિંતન કરે છે અને 'હું દેહાદિ મિથ્યા દૃશ્ય છું.' તેવું માની વિનાશને પ્રાપ્ત થાય છે.

આમ, દૃશ્ય પદાર્થોનો અભિમાની કે તેમાં આસક્ત અનાત્મ-વસ્તુનો ભંડાર ભેગો કરનારો મહાચોર છે. માટે આત્મીય વૈભવથી વંચિત છે. જ્યારે અનાત્મ વસ્તુની ચોરીથી જે વેગળો છે, જેને કલ્પનામાંય દૃશ્ય પદાર્થોનું તાદાત્મ્ય સંભવતું નથી, જે દૃશ્યથી અસંગ છે તેવો અચોર સત્ય બ્રહ્મનું ચિંતન કરનાર હોવાથી સાધુ છે, સજ્જન છે. માટે આત્મીય મહિમાને વરેલો અલૌકિક વૈભવથી અલંકૃત થયેલો અને પ્રમાદથી છૂટેલો નિરહંકારી છે.

(છંદ–માલિની)

**यतिरसदनुसन्धिं बन्धहेतुं विहाय**
**स्वयमयमहमस्मीत्यात्मदृष्ट्यैव तिष्ठेत् ।**
**सुखयति ननु निष्ठा ब्रह्मणि स्वानुभूत्या**
**हरति परमविद्याकार्यदुःखं प्रतीतम् ॥३३४॥**

**यतिः** = યતિએ

| | |
|---|---|
| **बन्धहेतुम्** | = સંસારબંધનના કારણરૂપ |
| **असत् अनुसन्धिं विहाय** | = અસત પદાર્થોનું ચિંતન છોડી દઈને |
| **स्वयं अयं अहं अस्मि इति** | = ''હું પોતે આ (બ્રહ્મ) છું' એવી |
| **आत्मदृष्ट्या एव तिष्ठेत्** | = આત્મદષ્ટિપૂર્વક રહેવું જોઈએ. |
| **ननु स्वानुभूत्या ब्रह्मणि निष्ठा** | = ખરેખર, પોતાના અનુભવ વડે બ્રહ્મમાં થયેલી નિષ્ઠા |
| **परं सुखयति** | = પરમ સુખ આપે છે. (અને) |
| **प्रतीतं अविद्याकार्यदुःखम्** | = પ્રતીત થતા અવિદ્યાના કાર્ય દુઃખનું |
| **हरति** | = હરણ કરે છે. |

બ્રહ્મચિંતનમાં તદ્રૂપ કે તદાકાર થયેલો અચોર છે અર્થાત્ સજ્જન કે સાધુ છે. જ્યારે દૃશ્ય, મિથ્યા પદાર્થોનું તાદાત્મ્ય કરી અનાત્માને પોતાની સંપત્તિ બનાવનાર અને તેમાં અહંભાવ કે મમભાવ ઊભો કરનારો ચોર છે. માટે જ અત્રે જણાવ્યું છે કે મનનશીલ મુનિએ કે ઇન્દ્રિયોને જીતનાર યતિએ સંસારબંધનના કારણરૂપ અસત પદાર્થો, વિષયો કે દેહાદિનું અનુસંધાન, કે ચિંતન છોડી દેવું જોઈએ અને આચાર્યશ્રીએ ઉપદેશ્યું છે તેમ **'स्वयं अयं अहं अस्मि इति'** 'હું પોતે જ બ્રહ્મ છું ' એવી બ્રહ્મમાં આત્મદષ્ટિ કરતા રહેવું જોઈએ. બ્રહ્મ સાથે અભેદાનુભૂતિ કરી બ્રહ્મીભૂત થઈ બ્રહ્મમાં જ અચ્યુત રહેવું જોઈએ. સ્વાનુભવ વડે બ્રહ્મમાં રહેલી અચળ નિષ્ઠા જ પરમસુખ પ્રદાન કરે છે. એટલું જ નહીં પરંતુ પ્રતીત થઈ રહેલા અવિદ્યાના કાર્યરૂપી વાસના, વિષયચિંતન વગેરે અને તેનાથી જન્મેલા દુઃખોનું પણ હરણ કરે છે.

(છંદ-ઉપજાતિ)

**बाह्यानुसन्धिः परिवर्धयेत् फलं**
**दुर्वासनामेव ततस्ततोऽधिकाम् ।**
**ज्ञात्वा विवेकैः परिहृत्य बाह्यं**
**स्वात्मानुसन्धिं विदधीत नित्यम् ॥२२५॥**

| | |
|---|---|
| **बाह्यानुसन्धिः** | = બાહ્ય (દુન્યવી વિષયોના) અનુસંધાનનું |
| **दुर्वासनां एव फलम्** | = દુષ્ટવાસના જ ફળ છે; |
| **ततः ततः अधिकाम्** | = તે (વિષયચિંતન)થી તે(વાસના) વધુને વધુ |
| **परिवर्धयेत्** | = વૃદ્ધિ પામે છે (માટે) |
| **विवेकैः ज्ञात्वा** | = વિવેકરૂપી જ્ઞાનથી |
| **बाह्यं परिहृत्य** | = બાહ્ય પદાર્થોનો ત્યાગ કરી |
| **नित्यम्** | = નિરંતર |
| **स्वात्मानुसन्धिम्** | = આત્માનું અનુસંધાન |
| **विदधीत** | = કરતા રહેવું. |

બાહ્ય પદાર્થોના અનુસંધાનથી અર્થાત્ દિવાસ્વપ્ન કે સ્વપ્નમાં દેખાતા કાલ્પનિક પદાર્થો નહીં પરંતુ જડ અને નશ્વર જાગૃતિમાં આપણી બહાર દેખાતા ભૌતિક પદાર્થોનું અનુસંધાન કે ચિંતન કરવાથી તેવા ઇન્દ્રિયોના વિષયમાં કે ભોગના પદાર્થોમાં આસક્તિ જન્મે છે. આવી આસક્તિ, તેવા પદાર્થોના કે વિષયોના ભોગની વાસનાને પ્રબળ કરે છે. એટલું જ નહીં, પરંતુ તોફાને ચઢાવે છે. તેથી એવી દુષ્ટ વાસનાઓ મનુષ્યને વિષયચિંતનના ચકરાવે ચઢાવી તેની પ્રાપ્તિ માટે ઇષ્ટ-અનિષ્ટ કે વિવેકહીન કાર્યો કરાવતા ખચકાતી નથી. આવી રીતે કાર્યરૂપી વૃક્ષ પર વાસનાબીજના અનંત ફળ જન્મે છે. આમ, દુષ્ટ વાસનારૂપી બીજમાં અધિકાધિક વૃદ્ધિ થયે જાય છે. તેવી વાસનાઓ જ અંતે બંધન સર્જે છે અને વ્યક્તિને દુઃખના દરિયામાં ડૂબાડી દે છે. માટે વિવેકી પુરુષે જ્ઞાનના બળે બાહ્ય જગતના પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ. જેથી ચિત્ત તેનું ચિંતન ન કરે અને બાહ્ય વિષયચિંતન છોડી આત્મચિંતનના અનુસંધાનમાં જ એકાગ્ર થઈ જાય. અંતે તો આત્માનુસંધાન જ ચિત્તમાં વિષયોના કે બાહ્ય ભૌતિક પદાર્થોના વિચારોનો પ્રવેશ અટકાવી શકશે અને વિષયચિંતનથી મુક્ત થયેલું ચિત્ત જ આત્મચિંતનમાં નિમગ્ન રહી આત્મસાક્ષાત્કારાર્થે પ્રગતિ સાથે પ્રયાણ કરી શકશે.

(છંદ-ઉપજાતિ)

**बाह्ये निरुद्धे मनसः प्रसन्नता**
**मनः प्रसादे परमात्मदर्शनम् ।**
**तस्मिन् सुदृष्टे भवबन्धनाशो**
**बहिर्निरोधः पदवी विमुक्तेः ॥३३६॥**

**बाह्ये निरुद्धे** = બાહ્યવિષયોનું અનુસંધાન અટકાવવાથી
**मनसः प्रसन्नता** = મનની પ્રસન્નતા આવે છે.
**मनः प्रसादे** = મન પ્રસન્ન થતાં
**परमात्मदर्शनम्** = પરમાત્માનું દર્શન થાય છે.
**तस्मिन् सुदृष्टे** = તે (પરમાત્મા)નું દર્શન સારી રીતે થતાં
**भवबन्धनाशः** = સંસારના બંધનનો નાશ થાય છે.
**बहिर्निरोधः** = (આમ) બહારના પદાર્થોના અનુસંધાનનો પરિત્યાગ (જ)
**विमुक्तेः पदवी** = વિમુક્તિનો માર્ગ છે.

આચાર્યશ્રીએ ઉપદેશ આપ્યો છે કે બાહ્ય વિષયોનું અનુસંધાન કે ચિંતન અટકાવવાથી જ કે તેનો નિરોધ કરવાથી મનના વિક્ષેપ ઓછા થાય છે અને મનની પ્રસન્નતામાં પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. જેમ જેમ મનની પ્રસન્નતા વધે છે તેમ તેમ વિઘ્ન કે વિક્ષેપ ઓછાં અનુભવાય છે અને વધુ શાંતિ જણાય છે. તેથી પરમાત્માનું દર્શન થાય છે. પરંતુ તત્ત્વાર્થે અત્રે જણાવ્યું છે કે '**मनः प्रसादे परमात्मदर्शनम्** ' અર્થાત્ મનના પ્રસાદ દ્વારા પરમાત્માનું દર્શન થાય છે. પ્રસાદનો લૌકિક અર્થ ભલે પ્રસન્નતા હોય, પરંતુ તત્ત્વાર્થે તો અંતઃકરણશુદ્ધિ સિવાય કોઈ મહાન પ્રસાદ હોઈ શકે નહીં. તેથી વિષયચિંતનનો નિરોધ કરવાથી મનની શુદ્ધિરૂપી પ્રસન્નતા જ પ્રાપ્ત થાય છે, તેમ સમજવું અને ચિત્તશુદ્ધિરૂપી પ્રસન્નતા પ્રાપ્ત થતાં જ પરમાત્મા સ્વયં પોતે જ પોતાના સ્વરૂપને પ્રગટ કરે છે. '**आत्मा विवृणुते तनुं स्वाम्** ।' માટે જ અત્રે જણાવ્યું છે કે ચિત્તશુદ્ધિરૂપી પ્રસાદ મળતાં પ્રસન્ન ચિત્તને પરમાત્માનું દર્શન થાય છે. તેવા દર્શનથી જ સંસારના બંધનનો નાશ

થાય છે. તેથી જ કહ્યું છે કે **'तस्मिन्सुदृष्टे भवबन्धनाशः'** આમ હોવાથી સ્પષ્ટ સમજાય છે કે મનની પ્રસાદરૂપી શુદ્ધિ માટે, તેની પ્રસન્નતા માટે, સંસારબંધનના નાશ માટે, પરમાત્માના સ્પષ્ટ દર્શન માટે અર્થાત્ અપરોક્ષ અનુભવ માટે, મુમુક્ષુએ બહારના સર્વ ભૌતિક પદાર્થોનું ચિંતન કે અનુસંધાન ત્યાગવું જોઈએ. આવો ત્યાગ જ મુક્તિનો અંતિમ અને ઇષ્ટ માર્ગ છે. તેવા ત્યાગમાં જ પરમપદની પ્રાપ્તિ સમાયેલી છે.

(છંદ-ઉપજાતિ)

**कः पण्डितः सन् सदसद्विवेकी**
**श्रुतिप्रमाणः परमार्थदर्शी ।**
**जानन् हि कुर्यादसतोऽवलम्बं**
**स्वपातहेतोः शिशुवन्मुमुक्षुः ॥३३७॥**

**सत्–असत्–विवेकी** = સત–અસતનો વિવેકી
**श्रुतिप्रमाणः** = શ્રુતિપ્રમાણને જાણનાર,
**परमार्थदर्शी** = પરમાર્થદર્શી,
**मुमुक्षुः** = મોક્ષની ઇચ્છાવાળો (અને)
**पण्डितः सन्** = પંડિત હોવા છતાં
**कः जानन् हि** = કોણ જાણીબુઝીને
**शिशुवत्** = બાળકની જેમ
**स्वपातहेतोः** = પોતાના અધઃપતન જેવા
**असतः अवलम्बनम् कुर्यात्** = અસત(વિષયોનું) અવલંબન કરે!

સત અને અસત, નિત્ય અને અનિત્ય, જડ અને ચેતન, આત્મા અને અનાત્મા જેવા દ્વન્દ્વનો ભેદ જે કોઈ જાણે છે તે વિવેકી પુરુષ છે. તેવું જાણનારો કદી પણ અસત, અનિત્ય, જડ અને અનાત્મા જેવા કોઈ પણ પદાર્થોનું ચિંતન કરતો નથી. કારણ કે તેવા ચિંતનથી સંસારની પ્રાપ્તિ છે અને તેવા ચિંતનત્યાગમાં જ પરમાત્માનું સ્મરણ કે ચિંતન સમાયેલું છે.

માટે જ સત, અસતનો વિવેક જાણનાર વિવેકી આત્મતત્ત્વના નિર્ણય માટે તથા બંધન અને મોક્ષનો ભેદ જાણવા માટે શ્રુતિ કે ઉપનિષદના વચનોને પ્રમાણ માનીને આત્મસાક્ષાત્કારને પંથે પ્રયાણ કરે છે. તેને શ્રુતિના ઉપદેશમાં લેશમાત્ર શંકા હોતી નથી. કારણ કે વિવેકી શ્રદ્ધાવાન હોય છે. તેથી જ શ્રુતિના ઉપદેશ અનુસાર તે પરમાર્થદર્શી હોય છે અર્થાત્ જગતના પદાર્થોને વ્યાવહારિક સત્ય માની તેનું ચિંતન છોડી દે છે અને તે જ ન્યાયે સ્વપ્નના સૂક્ષ્મ પદાર્થોને પ્રાતિભાસિક સત્ય સમજી, તેને મિથ્યા જાણી, તેવા કાલ્પનિક પદાર્થોનું ચિંતન કે સ્મરણ પણ ત્યાગે છે. પરંતુ આત્મતત્ત્વ કે બ્રહ્મ જે અવસ્થાત્રય સાક્ષી છે, કાળાતીત છે, સર્વદેશીય છે, અભેદ છે અર્થાત્ દેશ, કાળ અને વસ્તુથી અપરિચ્છિન્ન છે, અવિકારી અને અપરિવર્તનશીલ છે, તે જ અભાવથી મુક્ત પારમાર્થિક સત્ય છે તેવું જાણી, માત્ર પારમાર્થિક સત્ય જેવા આત્મતત્ત્વનું કે પરબ્રહ્મનું જ ચિંતન કર્યા કરે છે. તથા તમામ નામ અને આકારમાં તે પારમાર્થિક સત્યને જ જુએ છે કે જાણે છે. તેને પારમાર્થિક સત્ય જેવા બ્રહ્મરૂપી અધિષ્ઠાન સિવાય અન્ય કંઈ જણાતું નથી માટે જ તેને પરમાર્થદર્શી કહેવામાં આવે છે.

આમ સમજવાનું કે સત અને અસત પદાર્થોનો ભેદ જાણનાર કોઈ ભેદી કે વિવેકી પુરુષ જે નિત્ય-અનિત્ય વસ્તુને જાણવા શ્રુતિને પ્રમાણ માને છે અને શ્રુતિના ઉપદેશ મુજબ નિરંતર આત્મતત્ત્વનું દર્શન કરી પરમાર્થદર્શી કહેવાય છે, તેવો પંડિત કે મુમુક્ષુ કદાપિ જાણીબુઝીને બાળકની જેમ અવિવેકી થઈ પોતાના અધઃપતન જેવા વિષયચિંતનનું અવલંબન કરતો નથી. અને જો તે વિષયચિંતનમાં પડે, બાળક જેમ વર્તે, પોતાના અધઃપતનને નિમંત્રે તો કોણ જાણે તે કેવા પ્રકારનો પંડિત કે મુમુક્ષુ હશે!

(છંદ-ઉપજાતિ)

**देहादिसंसक्तिमतो न मुक्तिः**
**मुक्तस्य देहाद्यभिमत्यभावः**
**सुप्तस्य नो जागरणं न जाग्रतः**
**स्वप्नस्तयोर्भिन्न गुणाश्रयत्वात् ॥३३८॥**

| | |
|---|---|
| **तयोः** | = (જાગ્રત અને સ્વપ્ન) બન્ને અવસ્થાઓ |
| **भिन्न–गुणाश्रयत्वात्** | = જુદા જુદા ગુણવાળી હોવાથી |
| **सुप्तस्य** | = ઊંઘી ગયેલાને |
| **नो जागरणम्** | = જાગ્રત અવસ્થાની ખબર હોતી નથી. |
| **न जाग्रतः** | = (અને) જે જાગે છે (તેને) |
| **स्वप्नः** | = સ્વપ્ન આવતું નથી |
| **देहादि संसक्तिमतः** | = (તેવી રીતે) દેહ વગેરેમાં આસક્તિ રાખનારને |
| **न मुक्तिः** | = મુક્તિ નથી. (અને) |
| **मुक्तस्य** | = જીવન્મુક્ત થયેલાને |
| **देहादि–अभिमति–अभावः** | = દેહવગેરેમાં 'હું' પણાંનું અભિમાન હોતું નથી. |

આચાર્યશ્રીએ પૂર્વેના આઠ શ્લોક દ્વારા ભેદદૃષ્ટિનો કે દ્વૈતદર્શનનો ત્યાગ કરવો જોઈએ તેવું વિવેચન કર્યા બાદ અત્રે નિષ્કર્ષમાં સદૃષ્ટાંત સમજાવે છે કે જે કોઈ ભેદદૃષ્ટિવાળો છે તેને દેહાદિમાં 'અહમ્'બુદ્ધિ જણાય છે અને માટે જ દેહ વગેરેમાં તે આસક્ત થાય છે. તેથી સ્વાભાવિક છે કે જેની જેમાં આસક્તિ હોય, તેનું જ ચિંતન તે કરે છે. તે ન્યાયે દેહાદિ જડ પદાર્થોમાં જે અવિવેકીને કે ભેદદૃષ્ટિવાળાને આસક્તિ હોય છે તેને કદી મુક્તિ કે મોક્ષ મળતા નથી. કારણ કે તેણે મુક્તિ કે મોક્ષનું ચિંતન જ કર્યું હોતું નથી. આમ દેહાદિમાં આસક્તને મુક્તિ સંભવ નથી અને જે કોઈ જીવન્મુક્ત થયેલા છે તેવી અભેદદૃષ્ટિવાળી જીવન્મુક્ત વિભૂતિઓને દેહાદિમાં 'હું'પણાનું અભિમાન હોતું નથી અર્થાત્ જડ દેહાદિમાં નથી હોતો અહમ્ભાવ કે મમભાવ. તેથી તેઓ દેહાદિ જડ પદાર્થોનું ચિંતન કરતાં નથી અને અધઃપતનને માર્ગે પ્રસ્થાન પણ કરતા નથી. તાત્પર્યાર્થે, દેહાસક્તિવાળાને મુક્તિ નથી અને મુક્તને દેહાદિમાં મમત્વ હોતું નથી.

જેવી રીતે સુષુપ્તિમાં જે નિદ્રાધીન થયો છે તેને જાગ્રત અવસ્થાનું જ્ઞાન હોતું નથી અને જે જાગ્રત અવસ્થામાં હોય છે તેને સ્વપ્નસૃષ્ટિનો અનુભવ થતો નથી, કારણ કે તે બંને અવસ્થાઓ જુદા જુદા ગુણવાળી હોય છે. તેવી

જ રીતે જે દેહાસક્ત છે તેને મોક્ષ કે મુક્તિમાં આસક્તિ જણાતી નથી અને જે જીવન્મુક્ત છે તેવા વિવેકીને દેહાદિમાં આસક્તિ, અભિમાન કે મમત્વ હોતું નથી. કારણ કે તે બંનેના જુદા જુદા ગુણ હોય છે. દેહાસક્ત છે તે બંધનમાં છે, અવિવેકી છે, ભેદદૃષ્ટિવાળો છે, જડ પદાર્થો અને ઇન્દ્રિયોના ભોગવિષયની વાસનાવાળો છે. જ્યારે જીવન્મુક્ત દેહથી કે તેના મોહથી અસંગ છે, અનાસક્ત છે માટે નથી તેને બંધન દેહનું કે દેહના વિષયભોગની આસક્તિનું. તે તો ઇન્દ્રિયોના વિષયોની આસક્તિરૂપી બંધનથી મુક્ત છે કારણ કે નથી તેને ભેદદૃષ્ટિ કે દ્વૈતદર્શન. તો પછી સંસાર ક્યાં? માટે જીવન્મુક્ત વિવેકીને દેહ, વિષય કે સંસારનું બંધન નથી, માટે તે દેહ, વિષય અને સંસારની વાસનાથી મુક્ત થયેલો જીવન્મુક્ત છે. આમ, એક બદ્ધ છે, બીજો મુક્ત છે. તેથી બે વિરોધી ગુણવાળાઓની અવસ્થા પણ જુદી જુદી છે. બંધનયુક્તને ભેદદૃષ્ટિથી સંસારપ્રાપ્તિ છે જ્યારે જીવન્મુક્તને અભેદદૃષ્ટિથી પરબ્રહ્મપ્રાપ્તિ છે. આમ, દેહાસક્ત અસતમાં, અનિત્યમાં, મિથ્યાત્વમાં, પરિચ્છિન્નત્વમાં ગળાડૂબ છે જ્યારે જીવન્મુક્ત અનિત્ય અને મિથ્યાત્વ જેવા સંસારસાગરને તરી ચૂકેલો છે અને સંસારના કારણ જેવી માયાને પોતાના આત્મસ્વરૂપમાં ડૂબાડી ચૂકેલો છે. તેથી દેહાસક્ત જ્ઞાની નથી અને જ્ઞાની દેહાસક્ત થઈ શકે તેમ નથી.

(છંદ-ઇન્દ્રવજ્રા)

**अन्तर्बहिः स्वं स्थिरजंगमेषु**
**ज्ञानात्मनाधारतया विलोक्य ।**
**त्यक्ताखिलोपाधिरखण्डरूपः**
**पूर्णात्मना यः स्थित एष मुक्तः ॥३३६॥**

**स्थिरजंगमेषु** = સ્થાવર અને જંગમ દરેક પદાર્થમાં
**अंतः बहिः** = અંદર અને બહાર (સર્વત્ર)
**आधारतया** = આધારરૂપે રહેલો
**स्वम्** = પોતાને

**ज्ञानात्मना** = જ્ઞાન સ્વરૂપે
**विलोक्य** = જુએ છે
**यः त्यक्ताखिलोपाधिः** = (અને) જે સર્વ ઉપાધિ ત્યાગી
**अखण्डरूपः** = અખંડરૂપે (તેમજ)
**पूर्णात्मना** = પૂર્ણરૂપે
**स्थितः** = રહે છે,
**एषः मुक्तः** = તે 'જીવન્મુક્ત' છે.

## જીવન્મુક્તનું દર્શન

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને જેમ બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો જણાવ્યા અને અધ્યાય ચૌદમાં ગુણાતીતના લક્ષણો જણાવી વ્યાખ્યા કરી તે જ પ્રમાણે પ્રસ્તુત ગ્રંથમાં આદિ શંકરાચાર્યજી જીવન્મુક્તના લક્ષણોનો ઉલ્લેખ કરી શિષ્યને જીવન્મુક્તિની પ્રેરણા આપવા જે દેહપતન પૂર્વે મુક્ત થયો છે તેની વ્યાખ્યા કરે છે.

જે સ્થાવર અને જંગમ, ચર અને અચર, વ્યક્ત અને અવ્યક્ત દરેક પદાર્થમાં તથા પોતાની ભીતર અને બહાર સર્વત્ર જ્ઞાનદૃષ્ટિથી પોતાને જ સર્વનો આધાર કે અધિષ્ઠાનરૂપે જાણે છે, તે સદાકાળ સર્વમાં પોતાનું જ અવલોકન કરે છે. તેવા જ્ઞાનીને પોતાની અભેદ અને ઐક્યદૃષ્ટિમાં જીવની અવિદ્યારૂપી કે ઈશ્વરની માયારૂપી વગેરે સમસ્ત ઉપાધિઓ ત્યજાયેલી જણાય છે કારણ કે પોતાના અસંગ આત્મસ્વરૂપમાં ઉપાધિનો સંગ હોઈ શકે નહીં. તદુપરાંત, જેને પોતાનું સ્વરૂપ દેશ, કાળ અને વસ્તુના ખંડથી રહિત, અખંડિત જણાય છે, તે પોતાને પોતાનામાં જ પોતાના દ્વારા પરિપૂર્ણ જાણે છે. તેવો પુરુષ જ જીવન્મુક્ત કહેવાય છે.

આ ઉપરથી જીવન્મુક્તના વિલક્ષણ લક્ષણોનો ખ્યાલ આવે છે કે જીવન્મુક્ત સર્વાત્મદર્શી છે. માટે જ સ્થાવર-જંગમ સર્વમાં અંદર કે બહાર તે પોતાના આત્મસ્વરૂપનું જ દર્શન કરે છે. તેવો સર્વાત્મદર્શી સ્વરૂપે તો નિરુપાધિક છે તેથી ઉપાધિના ધર્મોનો તેને સંગ નથી અને અનાત્માનો

સ્પર્શ પણ નથી. આમ, દેહ જેવી અનાત્મવસ્તુને જીવતાં જ જડ સમજી જેણે છોડી દીધી છે, તેણે મૃત્યુ પૂર્વે જ દેહને મારી, મરણ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે. તેથી તેને મુક્તિ માટે શરીરના પતનની નથી તો રાહ જોવાની કે નથી તો અવિદ્યાના નાશ માટે આશીર્વાદની અપેક્ષા રાખવાની. જેને દેહ સાથે સંબંધ નથી તેને બંધન સાથે સંગ ક્યાં? જો બંધન જ નથી તો તેની નિવૃત્તિ માટે કર્મ ક્યાં? બંધનના અભાવમાં તેને મુક્તિની અપેક્ષા કેવી? કારણ કે પોતાના અખંડ પૂર્ણાત્માનો અપરોક્ષ અનુભવ કરી રહેલો તો બંધન અને મોક્ષની સાપેક્ષતાને જ્ઞાનની લાત મારી, સૃષ્ટિની ક્ષિતિજોની પેલે પાર ફંગોળી ચૂક્યો છે અને પોતાના નિત્ય મુક્ત આત્માનું અલૌકિક આલિંગન અભેદભાવે કરી રહ્યો છે, માટે જ તેવા વીર પુરુષની જીવનવાર્તાનું શીર્ષક 'જીવન્મુક્ત' છે.

(છંદ–ઉપજાતિ)

**सर्वात्मना बन्धविमुक्तिहेतुः**
**सर्वात्मभावान्न परोऽस्ति कश्चित् ।**
**दृश्याग्रहे सत्युपपद्यतेऽसौ**
**सर्वात्मभावोऽस्य सदात्मनिष्ठया ॥३४०॥**

| | |
|---|---|
| **सर्वात्मना** | = સર્વ પ્રકારે |
| **सर्वात्मभावात्** | = સર્વાત્મભાવથી |
| **परः** | = અન્ય |
| **बन्धविमुक्तिहेतुः** | = બંધનથી મુક્તિનો ઉપાય |
| **कश्चित् न अस्ति** | = કોઈ છે જ નહીં. |
| **असौ सर्वात्मभावः** | = આ સર્વાત્મભાવ |
| **अस्य** | = તેને (જ્ઞાનીને) |
| **सदा आत्मनिष्ठया** | = સદા આત્મનિષ્ઠા વડે |
| **दृश्याग्रहे सति** | = દૃશ્યનું અગ્રહણ થવાથી |
| **उपपद्यते** | = પ્રાપ્ત થાય છે. |

સર્વમાં આત્મદર્શન જ સંસારબંધનથી મુક્તિનું કારણ છે. આવા સર્વાત્મદર્શનથી પર કે શ્રેષ્ઠ મુક્તિનો અન્ય કોઈ ઉપાય નથી માટે જ સદાસર્વદા આત્મનિષ્ઠાથી સર્વમાં આત્મદર્શન કરવું અને દશ્ય જગતનું મિથ્યાત્વ જાણી, તેનું અગ્રહણ કે ત્યાગ કરવો. જે કોઈ આત્મનિષ્ઠાથી દશ્યજગતનું અગ્રહણ કરી શકે છે તેવા પુરુષમાં સર્વાત્મભાવ સહજ પ્રગટે છે. આવો સહજ ઉદિત થયેલો સર્વાત્મભાવ જ જીવન્મુક્તનું આગવું વિલક્ષણ લક્ષણ છે.

જીવન્મુક્તનું આવું લક્ષણ સૂચવે છે કે તેને સર્વમાં આત્મદર્શન થાય છે. એટલું જ નહીં, પરંતુ દરેકમાં તે પોતાનું જ દર્શન કરે છે. માટે અન્યની સિદ્ધિને જીવન્મુક્ત પોતાની માની હર્ષોન્માદમાં નગ્ન થઈ નાચે છે. કોઈની પણ ખ્યાતિ, પ્રતિષ્ઠા કે પ્રશંસામાં પોતાની જ સ્તુતિ જાણે છે. કોઈ પણ સ્થળે, કોઈ પણ સમયે, કોઈનો પણ વિજય થયો હોય તો પણ પોતાના હૃદયના આંગણે જીવન્મુક્ત વિજયપતાકા ફરકાવે છે. બ્રહ્માંડમાં ક્યાંય પણ ઉત્સવ થતો હોય તો પોતાના હૃદય-દ્વારે જ જીવન્મુક્ત તોરણો બાંધે છે. તે જ પ્રમાણે અન્યના દુઃખને, દર્દને, હતાશા, નિરાશા કે નિષ્ફળતાને પોતાની ગણી, જેમ પોતાને દુઃખ કે દર્દ ત્યાજય લાગે, તેમ અન્યને પણ ત્યાજય હોઈ, અન્યને પોતાની જેમ જ દુઃખથી મુક્ત કરવા તે તત્પર હોય છે. સૃષ્ટિમાત્રનું કોઈ પણ પ્રાણી, બંધનગ્રસ્ત હોય તો તેવા અજાણ્યા પ્રાણી કે જીવના બંધનને તોડવા જાતે જ પ્રયત્ન કરતો હોય તેમ, અન્યની બંધનશૃંખલાને તોડવા જીવન્મુક્ત પોતાનું સર્વસ્વ સમર્પણ કરે છે. ક્યાંય કોઈ પણ દુઃખી જણાય તો પોતે સુખને સ્પર્શ કરતો નથી કારણ કે તે સર્વમાં પોતાના આત્માને જ નિહાળે છે. તેથી તેનો જીવનશિલાલેખ છે કે "ન હું મને ત્યાગી શકું, નિંદી શકું, તિરસ્કારી શકું. અન્ય શરીરોમાં આત્મભાવે જો હું જ રહેલો છું તો હું મને અન્યાય, તિરસ્કાર કે સજા કેવી રીતે કરી શકું? અરે! ન હું મારી નિંદા કરી શકું કે ન મને અંધારામાં કે અજ્ઞાનમાં પતન પામેલો જોઈ હું નિષ્ક્રિય રહી શકું." આમ, જે સર્વાત્મદર્શી છે તે સૃષ્ટિ ઉપરનો, દેહપાત પૂર્વેનો, જીવતો જાગતો નિત્ય મુક્તિને વરેલો જીવન્મુક્ત હોવાથી સર્વશ્રેષ્ઠ જ્ઞાનયોગી છે. માટે જ તેવા યોગીની સ્તુતિ કે પ્રશંસામાં કોઈ ઊણપ ન રાખતાં

સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ મુક્ત કંઠે, મોક્ષ જેવા ગીતાશાસ્ત્રમાં લલકારે છે

**आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।**
**सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥**(૬-૩૨)

"હે અર્જુન! પોતાની ઉપમા વડે જે યોગી સર્વત્ર (સર્વ પ્રાણીઓમાં) સુખ અને દુઃખને સમાન જાણે છે તે યોગી શ્રેષ્ઠ મનાય છે."

આવો પરમ ઉત્કૃષ્ટ યોગી દશ્ય જગતનું અગ્રહણ કરી સર્વાત્મભાવમાં નિમગ્ન રહી સ્વયં મુક્ત થાય છે અને અન્યની મુક્તિ માટે નિશદિન ચિંતન કર્યા કરે છે, છતાં લેશમાત્ર વિક્ષિપ્ત થતો નથી કારણ કે પોતે પોતાને માટે જ સર્વ કાંઈ કરે છે. તેની અભયદષ્ટિમાં અનાત્મા તો છે જ નહીં, તો કેવો વિક્ષેપ? કેવું બંધન? કેવો ત્યાગ? કે ક્યાં ગ્રહણ? આમ, તમામ દ્વન્દ્વ અને સાપેક્ષતાની ક્ષિતિજોથી મુક્ત થઈ નિરપેક્ષ આત્મભાવમાં તદ્રૂપ થયેલાને સદાકાળ સદાબહાર જેવો સર્વાત્મભાવ જ પ્રગટેલો હોય છે.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**दृश्यस्याग्रहणं कथं नु घटते देहात्मना तिष्ठतो**
**बाह्यार्थानुभवप्रसक्तमनसस्तत्तत्क्रियां कुर्वतः ।**
**संन्यस्ताखिलधर्मकर्मविषयैर्नित्यात्मनिष्ठा परैः**
**तत्त्वज्ञैः करणीयमात्मनि सदाऽऽनन्देच्छुभिर्यत्नतः ॥३४१॥**

**देहात्मना तिष्ठतः** = (જે) દેહાત્મભાવે રહેનારો,
**बाह्यार्थानुभवप्रसक्तमनसः**= બાહ્ય પદાર્થોના અનુભવમાં આસક્તમનવાળો,
**तत् तत् क्रियां कुर्वतः**= (અને આસક્તિ પ્રમાણે) તે તે ક્રિયા કરનારો હોય તેને
**दृश्यस्य अग्रहणम्** = દશ્યનું અગ્રહણ
**कथं नु घटते** = કેવી રીતે સંભવે?
**ततः** = માટે
**सदा-आनन्देच्छुभिः** = નિત્ય આનંદ ઇચ્છતા

| | |
|---|---|
| **तत्त्वज्ञैः** | = તત્ત્વજ્ઞાનીઓએ |
| **यत्नतः** | = યત્નપૂર્વક |
| **संन्यस्ताखिलधर्मकर्मविषयैः** | = દરેક ધર્મ, કર્મ અને વિષયોનો ત્યાગ કરી |
| **नित्य–आत्मनिष्ठापरैः** | = સદા આત્મનિષ્ઠા વડે |
| **आत्मनि** | = આત્મામાં |
| **करणीयम्** | = (વિષયોનું અગ્રહણ) કરવું જોઈએ. |

સંસારદર્શન બંધનનું કારણ છે તથા સર્વત્ર આત્મદર્શન મુક્તિનું સાધન છે, તેવું જણાવ્યા બાદ હવે આચાર્યશ્રી આત્મદર્શનની ઇચ્છાવાળા મનુષ્યને, બાહ્ય જગતના પદાર્થોમાંથી આસક્તિ દૂર કરી વિષયપ્રાપ્તિ માટેના તમામ પ્રયત્નો કે કર્મોનો ત્યાગ કરવાનો સંદેશ આપે છે.

જે મનુષ્ય દેહને જ 'હું' એવું માને છે તથા દેહની પુષ્ટિથી પોતે પુષ્ટ થાય છે અને દેહના ક્ષીણ થવાથી પોતે ક્ષીણ થાય છે તેવું સમજે છે તે મનુષ્ય, બાહ્ય જગતના દૃશ્ય પદાર્થો કે વિષયોમાં આસક્ત મનવાળો હોય છે. આવો વિષયાસક્ત મનુષ્ય સ્વયંને પ્રિય હોય તેવા પદાર્થોની પ્રાપ્તિ માટે તથા પોતાને અપ્રિય પદાર્થોના ત્યાગ માટે સતત પ્રયત્નશીલ રહે છે. આમ, જે પોતાને દેહ માની જગતને સત્ય સમજી જગતના વિષયોની પકડ–છોડમાં વ્યસ્ત છે તેવો મનુષ્ય જગતને મિથ્યા કે અસત કદી સમજી શકે નહીં. કારણ કે દૃશ્ય પદાર્થોમાં જો સત્યબુદ્ધિ હોય તો જ તેની પ્રાપ્તિ કે ત્યાગની પ્રવૃત્તિ સંભવ છે. જ્યાં સુધી જગત સત્ય ભાસે છે ત્યાં સુધી મિથ્યા પદાર્થો કે વિષયોમાંથી મન નિવૃત્ત થઈ ઉપરતિને પ્રાપ્ત થતું નથી. તેમજ જ્યાં સુધી વિષયોમાંથી મન પરામુખ થતું નથી ત્યાં સુધી સત્ય, નિત્ય અને મિથ્યા જગતના અધિષ્ઠાન સ્વરૂપ આત્મતત્ત્વનું દર્શન અસંભવ છે. તેથી જ અત્રે આચાર્યશ્રી આત્મતત્ત્વને જાણવાની ઇચ્છાવાળા તેમજ પરમાનંદની પ્રાપ્તિની ખેવના–વાળા જિજ્ઞાસુને વિષયોના ગ્રહણ કે ત્યાગ જેવી પ્રવૃત્તિનો ત્યાગ કરવાનું જણાવે છે. ધર્મ, અર્થ અને કામ જેવા પુરુષાર્થ જન્મ મૃત્યુના ચક્રનું કારણ હોવાથી, તે સર્વ પુરુષાર્થનો ત્યાગ કરી, આત્મદર્શનના અભિલાષી મુમુક્ષુએ

નિત્ય પોતાના આત્મસ્વરૂપનો જ વિચાર કરવો જોઈએ. આત્મા સર્વવ્યાપ્ત તથા સર્વરૂપ હોઈ, સર્વત્ર આત્મદર્શન કરતાં કરતાં, તે આત્મસ્વરૂપમાં દૃશ્ય પદાર્થોનો અભાવ જાણી, દૃશ્યપ્રપંચનું મિથ્યાત્વ સમજવું જોઈએ. તાત્પર્યમાં, અનાત્મવસ્તુના કે દૃશ્યપ્રપંચના અગ્રહણમાં જ મુક્તિ છે અને તેના ગ્રહણથી જ બંધન છે. માટે મુમુક્ષુએ જે આત્મતત્ત્વ સૌને સર્વ રીતે ગ્રાહ્ય જ છે કે પ્રાપ્ત જ છે તેવી પ્રાપ્તસ્ય પ્રાપ્તિ કે ગ્રાહ્યનું ગહન જ્ઞાન પ્રાપ્ત કરી તેના ચિંતનમાં જ રત રહેવું જોઈએ. તેવા પ્રયત્નમાં, જેમ પાકેલું ફળ વૃક્ષથી આપોઆપ ખરી પડે છે, તેમ દૃશ્યપ્રપંચ પોતાની મેળે અધિષ્ઠાનમાં લય પામી સરી જશે. બાકી કંઈ દેખાતા દૃશ્ય પદાર્થોનો નથી તો નાશ કરવાનો કે ન તો તેનો ત્યાગ શક્ય છે, પરંતુ આત્મજ્ઞાનમાં તેમનું મિથ્યાત્વ, અનિત્યત્વ કે આરોપત્વ સમજી, અધિષ્ઠાનરૂપી આત્મામાં તેમનો બાધ કરવો જ શક્ય છે. આવો બાધ જ તત્ત્વાર્થે દૃશ્યપ્રપંચનું અગ્રહણ કહેવાય છે.

(છંદ–અનુષ્ટુપ)

**सार्वात्म्यसिद्धये भिक्षोः कृतश्रवणकर्मणः ।**
**समाधिं विदधात्येषा शान्तोदान्त इति श्रुतिः ॥३४२॥**

**कृतश्रवणकर्मणः** = જેણે શ્રુતિવાક્યોનું શ્રવણ કર્યું હોય
**भिक्षोः** = (એવા) સંન્યાસીને
**सार्वात्म्यसिद्धये** = સર્વાત્મભાવની પ્રાપ્તિ માટે
**'शान्तोदान्त' इति** = **'शान्तो दान्त'** શમ, દમ (અને ઉપરતિવાળા થઈ)
**एषा श्रुतिः** = આ શ્રુતિ
**समाधिं विदधाति** = સમાધિનું વિધાન કરે છે.

જે બહુશ્રુત ભિક્ષુ કે સંન્યાસી હોય તેણે સર્વમાં આત્મદર્શન કરવા માટે જ શ્રવણરૂપી કર્મ કર્યું હોય છે. તેવા બહુશ્રુતને જ શ્રુતિ, સમાધિનો ઉપદેશ આપતા જણાવે છે કે **शान्तो दान्त** અર્થાત્ શમ અને દમયુક્ત સાધનચતુષ્ટય સંપન્ન થવું જોઈએ.

ભારતવર્ષની અલૌકિક અને ગેબી આધ્યાત્મિક કે વૈદિક પરંપરામાં વિદ્વાન કે તત્ત્વજ્ઞાનીની સ્તુતિ માટે કે પરખ માટે, તે વિશાળ વાચનવાળો (WELL-READ) છે તેવું કહેવામાં નથી આવતું પરંતુ તેને 'બહુશ્રુત'ની ઉપાધિથી અલંકૃત કરવામાં આવે છે. કારણ કે આત્મા અવર્ણનીય હોવાથી તેમજ અતીન્દ્રિય અને મન-બુદ્ધિથી અગમ્ય હોવાથી, ન વર્ણવી શકાય, ન વાંચી શકાય, ન આપોઆપ જાણી શકાય. આમ હોવાથી, જે આત્મતત્ત્વ નથી પ્રત્યક્ષ કે પરોક્ષ, તેને જાણવા કે તેનો સાક્ષાત્કાર કરવા શ્રુતિના શબ્દોને પ્રમાણ માનવામાં આવે છે. અર્થાત્ સદ્ગુરુ દ્વારા ઉપદેશાયેલા શ્રુતિજન્ય મહાવાક્યોના ઉપદેશનું શબ્દ દ્વારા જો શ્રવણ કરવામાં આવે તો સાક્ષાત્કાર થઈ શકે તેમ છે. ટૂંકમાં, આત્મતત્ત્વ જાણવા ગુરુમુખે તેનો નિર્દેશ સાંભળવો અનિવાર્ય છે અને તેવા ઉપદેશથી જ શિષ્ય, અજ્ઞાનનું આવરણ દૂર કરી શકે છે. અનાવરણસંયુક્ત સદ્ગુરુનો સ્વાનુભવ શ્રવણ કરી જ્ઞાન માટે પ્રેરણા પણ પ્રાપ્ત કરી શકે છે. આમ, આત્માને જાણવા શ્રુતિના વાક્યો, યુક્તિથી થતું અનુમાન અને સંતની અનુભૂતિથી મળતું શંકાનું સમાધાન એ ત્રણેય અનિવાર્ય છે. માટે જ શ્રવણનું આત્મસાક્ષાત્કાર માટે મહત્ત્વ છે. તેથી જ અત્રે જણાવ્યું છે કે ભિક્ષુ કે સંન્યાસીએ સર્વાત્મદર્શન માટે શ્રવણરૂપી કર્તવ્યકર્મ કરેલું હોય છે. "**भिक्षोः कृतश्रवणकर्मणः सार्वात्म्यसिद्धये**" "સંન્યાસી કે ભિક્ષુએ સર્વાત્મદર્શન માટે શ્રુતિના વાક્યોનું શ્રવણરૂપી કર્તવ્યકર્મ કરેલું હોય છે." માટે જ તેવા સંન્યાસીને બૃહદારણ્યક શ્રુતિ ઉપદેશે છે કે, "**शान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वाऽऽत्मन्येवात्मानं पश्यति ।**"(બૃહદારણ્યકોપનિષદ-૪-૪-૨૩) સર્વાત્મદર્શનની ઇચ્છાવાળાએ ચિત્તની વૃત્તિઓને શાન્ત કરવા રૂપી 'શમ' કેળવવો. ત્યારબાદ ઇન્દ્રિયોને વિષયોથી પાછી બોલાવવારૂપી ઇન્દ્રિયનિગ્રહ કરવો. જિતેન્દ્રિય થવું અર્થાત્ 'દમ' પ્રાપ્ત કરવો. ત્યારબાદ જો ચિત્તની વૃત્તિઓ વિક્ષેપમુક્ત બની હોય, શાન્ત થઈ હોય, તો તેવા ચિત્ત વડે કોઈ પણ જાતની પ્રતિક્રિયા કે ઉદ્વેગ કર્યા વિના સર્વ કાંઈ સહન કરવારૂપી તિતિક્ષા કેળવવી. ત્યારબાદ ધર્મ, અર્થ અને કામ જેવા પુરુષાર્થોથી ઉપરામ થવું અને માત્ર મોક્ષની પ્રાપ્તિ માટે

ચિત્તને સ્થિર કરી બુદ્ધિની કે શુદ્ધ ચિત્તની આંતરગુહામાં આત્મદર્શન કરવું જોઈએ. તે જ આત્માનું સુદર્શન પ્રત્યેક નામ અને આકારમાં પણ અંતર્યામી કે પ્રત્યગાત્મા તરીકે કરવું. તેથી સર્વાત્મદર્શનમાં નહીં બચે ચિત્તની ઉપાધિ કે નહીં રહે પિંડની વ્યાધિ કે ઈશ્વરની માયા રૂપી મહોપાધિ. આને જ સર્વાત્મદર્શનરૂપી શ્રુતિસંમત સમાધિ કહેવામાં આવે છે. માટે જ શ્રુતિએ તેવી તાત્ત્વિક સમાધિ ઉપદેશેલી છે. જેનો ઉલ્લેખ આચાર્યશ્રીએ અત્રે કર્યો છે.

(છંદ–ઉપજાતિ)

**आरूढशक्तेरहमो विनाशः**
**कर्तुं न शक्यः सहसापि पण्डितैः ।**
**ये निर्विकल्पाख्यसमाधिनिश्चला–**
**स्तानन्तरानन्तभवा हि वासनाः ॥३४३॥**

| | |
|---|---|
| **निर्विकल्पाख्य–** | = (જેઓ) નિર્વિકલ્પ નામની |
| **समाधिनिश्चलाः** | = સમાધિમાં નિશ્ચલ બન્યા છે |
| **तानंतरा** | = તેમના સિવાય |
| **पण्डितैः अपि** | = (જેમણે શ્રવણ માત્ર કર્યું છે તેવા) પંડિતો વડે |
| **आरूढशक्तेः** | = શક્તિશાળી બનેલા |
| **अहमः** | = અહંકારનો |
| **विनाशः कर्तुम्** | = વિનાશ કરવો |
| **सहसा** | = એકદમ |
| **न शक्यः** | = શક્ય નથી. |
| **हि अनन्तभवा वासनाः** | = (કારણ કે) વાસનાઓ અનન્ત જન્મોની છે. |

પૂર્વેના શ્લોકમાં બહુશ્રુત જ્ઞાની માટે શ્રુતિસંમત સમાધિનો ઉલ્લેખ કર્યા બાદ હવે નિર્દેશ કરવામાં આવ્યો છે કે જેઓ શાસ્ત્રોનું શ્રવણ કે અધ્યયન માત્ર કરીને પંડિત બન્યા છે તેમને પણ કોઈ કોઈવાર પૂર્વેના અનંત જન્મોની

વાસનાઓ ઉદય પામતી જણાય છે. તેથી તેવી પૂર્વ વાસનાના બળે તેઓ પણ કોઈ કોઈવાર પંડિત કે વિદ્વાન હોવા છતાં મહાબળવાન અહંકારનો શિકાર બને છે. તેથી સમજાય છે કે અવ્યક્ત, સુષુપ્ત અને નિષ્ક્રિય દેખાતા અહંકારનો વિનાશ કરવો સરળ કે સહજ નથી.

આમ વિદ્વાન, સિદ્ધ કે સમાધિસંપન્ન લોકોની સ્થિતિ જોઈ મુમુક્ષુઓએ સાવધાનીપૂર્વક વિચાર કરવો કે બ્રહ્મભાવના દ્વારા બ્રહ્મભાવમાં અતૂટ નિષ્ઠા સાથે એવી રીતે સ્થિત થવું જોઈએ કે તેવી સ્થિતિમાં અહંકારની કલ્પના પણ ઉદય ન પામે અને 'હું કર્તા છું, ભોક્તા છું, શરીરાદિ છું', એવા વિચારની ગંધ પણ ન બચે. તાત્પર્યમાં, અહંકારાદિની આત્યંતિક નિવૃત્તિ ન થાય કે તમામ અનાત્મવૃત્તિઓનું વિસ્મરણ ન થાય ત્યાં સુધી સમજવું કે સાચી સમાધિ સંપન્ન થઈ નથી.

(છંદ–અનુષ્ટુપ)

**अहंबुद्ध्यैव मोहिन्या योजयित्वाऽऽवृतेर्बलात् ।**
**विक्षेपशक्तिः पुरुषं विक्षेपयति तद्गुणैः ॥३४४॥**

**विक्षेपशक्तिः** = વિક્ષેપશક્તિ
**मोहिन्या** = મોહ પમાડનારી
**आवृतेः बलात्** = આવરણશક્તિના બળથી
**अहं बुद्ध्या** = અહંકારબુદ્ધિ સાથે (પુરુષને)
**योजयित्वा** = જોડી દઈને
**तद्गुणैः** = તેના (વિક્ષેપશક્તિના) ગુણોથી
**पुरुषम्** = પુરુષને
**विक्षेपयति** = વિક્ષિપ્ત કરે છે.

## વિક્ષેપશક્તિનું વિઘ્ન

જેમ કોઈ પ્રધાનનો પુત્ર પોતે નિર્બળ હોવા છતાં પિતાની સત્તા,

સામર્થ્ય અને બળના ઉપયોગ દ્વારા અન્યને હેરાન કરી શકે કે સતાવી શકે. એ જ પ્રમાણે માયાના રજસ ગુણમાંથી ઉત્પન્ન થયેલી વિક્ષેપ નામની શક્તિ આવરણશક્તિના બળે અને તેના સહારાથી મુમુક્ષુપુરુષને મોહમાં નાંખી તેને અહંબુદ્ધિ સાથે જોડે છે. માટે જ પુરુષ પોતાને કર્તા, ભોક્તા, શરીર, પ્રાણ, બુદ્ધિ આદિ માનવા લાગે છે. આમ, મોહિત કરનારી આવરણશક્તિના બળથી જ વિક્ષેપશક્તિ પુરુષને પોતે જે નથી તે માનવા પ્રેરી તેને અહંબુદ્ધિ સાથે જોડે છે અને ત્યારબાદ પુરુષને કર્મના ચાકડે ચઢાવી સારાનરસાં ફળ અપાવી પુરુષને બેચેન બનાવે છે, તેના જીવનમાં વિક્ષેપ ઊભો કરે છે. તે પુરુષના શાંત સરોવર જેવા જીવનમાં વિક્ષેપના કાંકરા નાંખી તેની જીવનશાંતિને ડહોળી નાંખે છે.

દરેકે સ્પષ્ટ થવું જોઈએ કે જેમ પ્રધાનનો પુત્ર પિતાની સત્તા અને સામર્થ્યબળને લીધે જ અન્યને પરેશાન કરી શકે તેમ મુમુક્ષુને સૌ પ્રથમ તમોગુણ દ્વારા ઉત્પન્ન થયેલી આવરણશક્તિ જ પોતાના આત્માથી આચ્છાદિત કરી દે છે અર્થાત્ સત, ચિત, આનંદસ્વરૂપ આત્મા ઉપર જે પડદો કે આવરણ છે એ તમોગુણના લીધે છે અર્થાત્ તમોગુણથી પ્રમાદ જન્મે અને તેવો પ્રમાદ આત્માને જાણવામાં આળસ અને અવિદ્યા ઊભી કરી મુમુક્ષુને આત્મજ્ઞાનથી વંચિત કરે છે. તેથી સમજાય છે કે પ્રથમ તો મોક્ષની ઈચ્છાવાળો પુરુષ, તમોગુણની આવરણશક્તિથી આવૃત્ત થયેલો જ હોય છે અર્થાત્ ઢંકાયેલો જ હોય છે. આમ, જે અજ્ઞાની બની ચૂક્યો છે, મોહિત થઈ ચૂક્યો છે, આવરણશક્તિગ્રસ્ત છે, તેને જ વિક્ષેપશક્તિ પરેશાન કરી શકે છે. તાત્પર્યમાં, આવરણશક્તિની સત્તા કે બળથી ભ્રાંત થયેલો જે પુરુષ છે, તેને જ વિક્ષેપશક્તિ અહંબુદ્ધિ સાથે જોડે છે. તેથી પ્રધાનની સત્તા અને સામર્થ્ય જેવી જ સત્તા અને સામર્થ્ય, આવરણશક્તિ પાસે છે અને તે આવરણશક્તિના બળનો, સત્તાનો સહયોગ વિક્ષેપ નામની શક્તિ લે છે. આમ, બંને શક્તિઓ ભેગી થઈને અર્થાત્ આવરણશક્તિના બળે વિક્ષેપ નામની શક્તિ મુમુક્ષુપુરુષને અહંબુદ્ધિ સાથે જોડી, તેના જીવનમાં કર્મની વાસના પ્રગટાવી, નિત્ય નિરંતર વાસનાગ્નિમાં મુમુક્ષુને બાળ્યા કરે છે, દુ:ખ ઉપજાવે છે, કર્મના ફળ ભોગવવા

અનંત યોનીઓમાં ધકેલે છે. આમ, વિક્ષેપ અને આવરણશક્તિ બંધન ઉત્પન્ન કરવાનું કાર્ય કરે છે. માટે જ મુમુક્ષુએ વિના વિલંબે ઉપરોક્ત બંને શક્તિઓનો ત્યાગ કરવો જોઈએ.

(છંદ-વસંતતિલકા)

**विक्षेपशक्तिविजयो विषमो विधातुं**
**निःशेषमावरणशक्तिनिवृत्त्यभावे ।**
**दृगदृश्ययोः स्फुटपयोजलवद्विभागे**
**नश्येत् तदावरणमात्मनि च स्वभावात् ।**
**निःसंशयेन भवति प्रतिबन्धशून्यो**
**विक्षेपणं न हि तदा यदि चेन्मृषार्थे ॥३४५॥**

**निःशेषम्–आवरणशक्ति–निवृत्ति–अभावे** = જ્યાં સુધી સંપૂર્ણપણે આવરણશક્તિ દૂર ન થઈ હોય ત્યાં સુધી

**विक्षेपशक्तिविजयः** = વિક્ષેપશક્તિ ઉપર વિજય

**विधातुं विषमः** = મેળવવો મુશ્કેલ છે.

**स्फुटपयोजलवत्** = દૂધ અને જળના (વિભાગ) જેમ

**दृग्–दृश्ययोः विभागे** = દ્રષ્ટા અને દૃશ્યનો વિભાગ (વિવેક) કરવામાં આવે

**तदा आत्मनि आवरणं स्वभावात्** = ત્યારે અંતઃકરણમાં રહેલું આવરણ અનાયાસે

**नश्येत्** = નાશ પામે છે.

**च यदि चेत् मृषार्थे** = અને(પછી) જો મિથ્યા પદાર્થોમાં

**विक्षेपणं हि न** = પ્રવૃત્તિ જ ન કરે તો

**निःसंशयेन** = નિઃસંદેહ

**प्रतिबन्धशून्यः** = તે પ્રતિબંધ કે વિઘ્નથી મુક્ત

**भवति** = થાય છે.

## આવરણશક્તિથી વિક્ષેપ

પૂર્વે વિચારણા કરવામાં આવી કે તમોગુણની આવરણશક્તિ અને રજોગુણની વિક્ષેપશક્તિ જ બંધનકારક છે. તેથી પ્રસ્તુત શ્લોકમાં જણાવવામાં આવે છે કે જ્યાં સુધી તમોગુણની આવરણશક્તિને નિઃશેષરૂપે અર્થાત્ સંપૂર્ણપણે દૂર કરવામાં ન આવે ત્યાં સુધી રજોગુણની વિક્ષેપશક્તિ ઉપર વિજય મેળવી વિક્ષેપ દૂર કરવો અતિમુશ્કેલ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અજ્ઞાન, અવિદ્યા કે પ્રમાદનું તમોગુણવાળું આત્મા ઉપરનું આવરણ જ આત્માનું સાચું જ્ઞાન ન થવા દેતાં દેહાદિને જ આત્મા માનવા પ્રેરે છે. માટે જ અજ્ઞાનના આવરણથી છતી આંખે આંધળો બનેલો મુમુક્ષુ, પોતાને શરીર માની, શરીરના મૃત્યુને પોતાનો ભય સમજી, જીવનશાંતિમાં વિક્ષેપનો અનુભવ કરે છે. આત્માને આવરણ કરનારી શક્તિ જ્યાં સુધી સક્રિય હોય છે ત્યાં સુધી આત્મસ્વરૂપનું દર્શન કે જ્ઞાન પ્રાપ્ત કરવું અતિ મુશ્કેલ છે. પણ જો કોઈ સાધક કે મુમુક્ષુ, સદ્ગુરુની કૃપાથી આવરણ દૂર કરવા માટે પ્રબળ પુરુષાર્થી બને અને તેના પુરુષાર્થમાં ઈશ્વરના અનુગ્રહની સુગંધ ભળે, તો નિશ્ચિત મા શ્રુતિ અને સ્મૃતિની જ્ઞાનદૃષ્ટિ, સાધકને અલંકૃત કરી શકે અને આવરણશક્તિ નિવૃત્ત થઈ શકે. જેણે પોતાના આત્મસ્વરૂપ ઉપરનું આવરણ દૂર કર્યું છે તે દેહતાદાત્મ્યથી મુક્ત થયો છે અને તેથી તેના ઉપર રજોગુણની વિક્ષેપશક્તિની કાંઈ અસર થતી નથી. આમ, બંને શક્તિના બંધનમાંથી દૂર થવાની ઇચ્છાવાળાએ પ્રથમ આવરણશક્તિની નિવૃત્તિ કરી પોતાના આત્મસ્વરૂપનું અનાવરણ કરી વિક્ષેપશક્તિનો સંહાર કરવો જોઈએ.

જેવી રીતે દૂધ અને જળમાં ભેદ હોવાથી બંને એકબીજાના વિરોધી છે, જુદાં છે, બંનેના ધર્મો પણ ભિન્ન ભિન્ન છે, તે જ પ્રમાણે આત્મા અને દૃશ્ય જગત અર્થાત્ જે કંઈ અનુભવગમ્ય છે, ચક્ષુ–ઇન્દ્રિયનો વિષય છે, પ્રત્યક્ષ છે, સાકાર છે, જન્મેલું છે, તેવા શરીરાદિ સર્વ પદાર્થો જુદાં જુદાં અને વિરોધી ધર્મવાળા છે. જગત દૃશ્ય છે, આત્મા દૃષ્ટા છે; જગત સાક્ષ્ય છે, આત્મા સાક્ષી છે; જગત જડ છે, આત્મા ચેતન છે; જગત જન્મેલું છે,

આત્મા અજન્મા છે; જગત વિનાશી છે, આત્મા અવિનાશી છે; જગત આરોપ છે, આત્મા અધિષ્ઠાન છે. આમ બંને અન્યોન્યના વિરોધી હોવાથી તેમનું ઐક્ય સંભવી શકે નહીં.

આવો આત્મા અને શરીર વચ્ચેનો ભેદ તો આંધળાને પણ દેખાય તેવો સુસ્પષ્ટ છે. તેથી શરીર ન તો આત્મા થઈ શકે કે પછી આત્મા કદાપિ મરણશીલ શરીર થઈ શકે નહીં. તે ન્યાયે જન્મેલું જગત અજન્મા આત્મા ન થાય અને અનાદિ, અજન્મા, અનંત તથા અપરિવર્તનશીલ આત્મા, સંસારની જેમ નિત્ય પરિવર્તન પામતો સંસાર કે જગત પણ થઈ શકે નહીં. આવું વિવેકજ્ઞાન જેને જેને થાય તે પોતાના આત્મસ્વરૂપનો અસંગ, નિર્લેપ, અદ્વિતીય, નિરાકાર ધર્મ કે સ્વરૂપ જાણી શકે છે. આત્મા તરીકે હું તો સૂક્ષ્મથી સૂક્ષ્મ છું તો મને મારાથી સૂક્ષ્મ આવરણ કે પડદો કઈ રીતે ઢાંકી શકે કે હોઈ શકે? હું અસંગ તો મને આવરણનો સાથ, સંગાથ કે સ્પર્શ કેવો? હું કમળ જેમ નિર્લેપ તો મને અજ્ઞાનના આવરણનો કે તમોગુણની આવરણશક્તિનો લેપ કેવો? હું આત્મા તરીકે માયાથી મુક્ત છું, તો માયાનાં તમોગુણનું આવરણ મને અડે કઈ રીતે? હું નિરાકાર તો મારે કેવો સાકાર પડદો કે કેવું દૃશ્ય આવરણ? આત્મસ્વરૂપે હું તો ત્રણે કાળે રહેનારો જ્યારે આવરણ તો અજ્ઞાનકાળે જ અસ્તિત્વ ધરાવે છે. એ તો ઠીક, પણ જ્ઞાનકાળે આવરણનો બાધ પણ થઈ જાય તેથી આવરણ, ભ્રાંતિથી અન્ય કંઈ જ નથી. હું તો તમામ શરીરોનું, સાકારનું, જગતનું , દૃશ્યપ્રપંચનું એક અને અદ્વિતીય અધિષ્ઠાનમાત્ર છું. સત્ય, જ્ઞાન અને અનંતસ્વરૂપવાળો હું બ્રહ્મ છું. મારે વળી આવરણની ભ્રમણા કેવી? અગર કેવી અવિદ્યાની ભ્રાંતિ? આત્મસ્વરૂપે હું શુદ્ધ છું, બુદ્ધ છું , મુક્ત છું , શાશ્વત રીતે પ્રશાંત છું. મારે વળી વિક્ષેપની નશ્વર ભ્રાંતિનો સંગ ક્યાં?

આવી બ્રહ્મભાવનામાં કે આત્મવિચારણામાં નથી સંસારના અસત પદાર્થોની આસક્તિ, તો કેવો વિક્ષેપ? કે કેવું વિક્ષેપનું વિઘ્ન? માટે મારી અમના આત્મસ્થિતિમાં મન નથી તો રજોગુણની વિક્ષેપશક્તિનો સંભવ હોઈ

શકે નહીં. આવા તાત્ત્વિક વિચારોથી જ વિક્ષેપશક્તિને જો દૂર કરવામાં આવે તો નિઃસંદેહ મુમુક્ષુ, વિક્ષેપશક્તિના બંધનથી મુક્ત થાય છે.

(છંદ-ઉપજાતિ)

**सम्यग्विवेकः स्फुटबोधजन्यो**
**विभज्य दृग्दृश्य पदार्थतत्त्वम् ।**
**छिनत्ति मायाकृतमोहबन्धं**
**यस्माद् विमुक्तस्य पुनर्न संसृतिः ॥३४६॥**

| | |
|---|---|
| **स्फुटबोधजन्यः** | = સ્પષ્ટ (વિપરીતજ્ઞાન રહિત) જ્ઞાનથી જન્મેલો |
| **सम्यक् विवेकः** | = સમ્યક્‌વિવેક |
| **दृक्–दृश्य पदार्थतत्त्वम् विभज्य** | = દ્રષ્ટા અને દૃશ્ય પદાર્થનું વિભાજન કરી |
| **मायाकृत** | = માયાએ કરેલા |
| **मोहबन्धम्** | = મોહબન્ધનને |
| **छिनत्ति** | = કાપી નાંખે છે. |
| **यस्मात्** | = તેનાથી (અવિદ્યાથી) |
| **विमुक्तस्य** | = મુક્ત થયેલા જીવને |
| **संसृतिः** | = સંસાર |
| **पुनः न** | = ફરીથી પ્રાપ્ત થતો નથી. |

## વિવેકથી મુક્તિ

આવરણ અને વિક્ષેપશક્તિ બંધનનું કારણ છે તેવા તારતમ્યને સ્પર્શ કર્યા બાદ, હવે વિવેકરૂપી અસંગશસ્ત્ર દ્વારા સંસારબંધનનો ઉચ્છેદ કરવાનું સૂત્ર સમજાવતા જણાવ્યું છે કે આત્મજ્ઞાન દ્વારા જન્મેલા સમ્યક્‌વિવેક દ્વારા દૃક્ વસ્તુનો તત્ત્વાર્થ આત્મા અને દૃશ્ય વસ્તુનો અર્થ જગત છે એવો નિર્ણય થાય છે. નિત્યાનિત્ય વસ્તુનાં વિવેક દ્વારા જ દૃક્ અને દૃશ્યનું અર્થાત્ આત્મા અને દેહાદિ દૃશ્યો જેવા જગતનું વિભાજન થાય છે. તેથી સુસ્પષ્ટ થાય છે

કે દેફ વસ્તુ તરીકે જગજાહેર થયેલ આત્મા, નાશવાન જગત હોઈ શકે નહીં. કારણ કે જગતનો બાધ કે અભાવ છે તેથી જગત અનિત્ય છે, અસત છે ત્યારે આત્માનો અભાવ શક્ય નથી. તેથી આત્મા ત્રણે કાળે, ત્રણે અવસ્થામાં સર્વનો સાક્ષી છે. તેથી તે સાક્ષ્ય જગત બની શકે નહીં. આવું સત્ય જેને ખબર હોય તે પોતે આત્મસ્વરૂપ થયેલાને જો ભ્રાંત જગત, અનિત્ય જગત, મિથ્યા જગત, જો દૃશ્ય નથી, તો જગત કે સંસારનું બંધન ક્યાંથી દૃશ્ય હોય? આવી વિવેકવિચારણા દ્વારા માયાએ રચેલા મોહબંધનથી છૂટેલો મુક્ત પુરુષ ફરીથી સંસારબંધનમાં અર્થાત્ જન્મ-મૃત્યુના ચક્રમાં નશ્વર પદાર્થોની આસક્તિમાં પુનઃ પ્રવેશ કરતો નથી. માટે મુમુક્ષુએ સાધનચતુષ્ટય સંપત્તિમાં જેનું સ્થાન પ્રથમ કે મોખરે છે તેને જીવનરથનું સુકાન સોંપી અર્થાત્ વિવેકને જીવનયાત્રાના સારથિ બનાવી મોક્ષમાર્ગે પ્રસ્થાન કરવું જોઈએ. તેવો વિવેકી સારથિ હંમેશા તેવા મુમુક્ષુને પરમાત્મપ્રાપ્તિ તરફ જ લઈ જાય. કદાપિ ભ્રાંતિમાં પણ વિવેકી સારથિ પદાર્થોના આલિંગન માટે મુમુક્ષુને ઘસડી જાય નહીં. માટે ચેતતા રહેજો! અહંકાર તમારા જીવનરથનું સુકાન ઝૂંટવી ન લે અગર અવિવેક તમારા જીવનરથનો માલિક ન બની જાય.

(છંદ-ઉપજાતિ)

**परावरैकत्वविवेकवह्निः**
**दहत्यविद्यागहनं ह्यशेषम् ।**
**किं स्यात्पुनः संसरणस्य**
**बीजमद्वैतभावं समुपेयुषोऽस्य ॥३४७॥**

**परावरैकत्व विवेकवह्निः** = પર=બ્રહ્મ અને અવર=જીવાત્માના એકત્વનો વિવેક, અગ્નિની જેમ
**अविद्यागहनम्** = અવિદ્યારૂપી ગહન વનને
**हि अशेषम् दहति** = સંપૂર્ણ રીતે બાળી નાંખે છે.
**अद्वैतभावम्** = (તો પછી) અદ્વૈતભાવને
**समुपेयुषः अस्य** = પામેલા આ(જ્ઞાની)ને

| | |
|---|---|
| **पुनः** | = ફરીથી |
| **संसरणस्य** | = સંસારપ્રાપ્તિનું |
| **बीजं किं स्यात्** | = કારણ શું હોય? (કંઈ ન હોય.) |

## યથાર્થ-પારમાર્થિક જ્ઞાન

પ્રસ્તુત શ્લોકમાં પરબ્રહ્મનો **'पर'** તરીકે ઉલ્લેખ થયો છે અને જીવાત્માને **'अवर'** શબ્દથી ઓળખાવ્યો છે. છતાં સમજાવ્યું છે કે વિવેકરૂપી જ્ઞાનાગ્નિમાં બ્રહ્મ અને જીવાત્માનો ભેદ કે જૂદાઈ ભસ્મ થાય છે. પર અને અવર અર્થાત્ જીવ અને બ્રહ્મ બંને એક, અદ્વિતીય અને અભેદ છે તેવું જણાય છે. આમ, વિવેકજ્ઞાનની ઝળહળતી જવાળાઓ જીવ અને બ્રહ્મનો ભેદ ભસ્મ કરે છે. એટલું જ નહીં, પરંતુ સાથે સાથે અવિદ્યારૂપી ગહન વનને પણ સંપૂર્ણ રીતે ભસ્મીભૂત કરે છે. માટે જ આવા વિવેકજ્ઞાનને સંપન્ન અદ્વૈતભાવવાળો જ્ઞાની, કઈ રીતે ફરીથી સંસારી બનાવનારી સંસારના બીજ કે કારણ જેવી અવિદ્યાને આધીન થાય?

તાત્પર્યમાં, આત્મજ્ઞાન એ અગ્નિ છે. જે કોઈ પોતાના હૃદયમાં આત્મજ્ઞાનની જવાળાઓ પ્રગટાવી શકે છે તેને અંતઃકરણમાં જ માયા, અવિદ્યા, આવરણશક્તિ કે વિક્ષેપશક્તિનું સ્મશાન જણાય છે. તેથી ન તેને પુનઃ ગર્ભમાં કેદી બનવું પડે કે સ્મશાનમાં શયન કરવું પડે. કારણ કે સંસારના કારણ જેવી અવિદ્યા કે આવરણ-વિક્ષેપશક્તિના ગહન વનને જ્ઞાનાગ્નિ નામશેષ કરી, ચપટી ભસ્મ બનાવી દે છે અને તેવી ભસ્મ દ્વારા જ જ્ઞાની ભસ્માંકિત થઈ જગતમાં વિહાર કરે છે. માટે જગતમાં જીવે છે પણ જગતને જોતો નથી. સંસારમાં ભ્રમણ કરે છે પણ સંસારને સ્વપ્ન માને છે. બધું જ ભોગવે છે પણ ભોગ્યપદાર્થોને કે ભોક્તાને સ્પર્શ કરતો નથી કારણ કે જ્ઞાનાગ્નિમાં તપ્ત થઈને પતિતપાવન થયેલો તે પોતાને જીવથી, જગતથી, અવિદ્યાથી, ઉપાધિથી તથા અહં-મમભાવથી અસંગ માને છે. માટે તમામ બંધનોથી નિર્મુક્ત થયેલો સર્વ કાંઈ કરતો હોવા છતાં, કંઈ જ કરતો નથી અને અજ્ઞાનીઓની અવિદ્યામાં થતી પ્રવૃત્તિમાં પોતે નિશ્ચિંત થઈ જ્ઞાનાગ્નિની પથારી પાથરી તેમાં ઊંઘ્યા

કરે છે અને જ્યારે પોતાના **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** જેવા બ્રહ્મભાવમાં તે જાગે છે ત્યારે ભૂતમાત્રને બ્રહ્મભાવરૂપી જાગૃતિમાં નિષ્ક્રિય કે ઊંઘતા તે જાણે છે. આ જ છે આત્મજ્ઞાનની ચમત્કૃતિ; આ જ છે વૈભવ વિવેકજ્ઞાન સંપન્ન જ્ઞાનીનો. માટે ચાલો, આપણે સૌ સદ્‌ગુરુના શરણે જઈ, મા શ્રુતિના ચરણોમાં આશ્રય લઈ, જગતનિયંતાને નમન કરી, તેની કૃપાના કૃપાપાત્ર થઈ, હૃદયમાં જ્ઞાનાગ્નિ પ્રગટાવવા પ્રયાણ કરીએ. તે સિવાય મુક્તિનો અંન્ય કોઈ ઉપાય નથી. **'नान्यः पन्था विद्यते अयनाय ।'**

(છંદ–ગીતિ )

**आवरणस्य निवृत्तिर्भवति च सम्यक्पदार्थदर्शनतः ।**
**मिथ्याज्ञानविनाशस्तद्वद्विक्षेपजनितदुःखनिवृत्तिः ॥३४८॥**

| | |
|---|---|
| **सम्यक्पदार्थदर्शनतः** | = (આત્મારૂપી) સમ્યક્ પદાર્થના દર્શનથી |
| **आवरणस्य** | = અવિદ્યાના આવરણની |
| **निवृत्तिः** | = નિવૃત્તિ |
| **भवति** | = થઈ જાય છે. |
| **तद्वत्–मिथ्याज्ञानविनाशः** | = તે જ પ્રમાણે મિથ્યાજ્ઞાનનો વિનાશ થાય છે. |
| **च विक्षेपजनित–** | = અને વિક્ષેપશક્તિથી ઉપજતાં |
| **दुःखनिवृत्तिः** | = દુઃખોની નિવૃત્તિ પણ થાય છે. |

**"आवरणस्य निवृत्तिः भवति"** આવરણની નિવૃત્તિ થાય છે તેવો ઉપદેશ પૂર્વેના શ્લોકના અનુસંધાનમાં જણાય છે. પૂર્વે સમજાવ્યું કે જીવ–બ્રહ્મ ઐક્યના જ્ઞાનથી અવિદ્યારૂપી વન બળી જાય છે. તેથી અત્રે સમજાવે છે કે સમ્યક્ આત્મતત્ત્વરૂપી જે પદાર્થ કે વસ્તુ છે, તેના દર્શનથી અર્થાત્ જ્ઞાનથી અવિદ્યારૂપી આવરણની નિવૃત્તિ થાય છે. તત્ત્વજ્ઞાનમાં "દર્શન" શબ્દ 'જાણવું' તેવા અર્થમાં વપરાય છે. જેમ 'પ્રસાદ' અર્થાત્ કોઈ ખાદ્યવસ્તુ નહીં પણ ચિત્તશુદ્ધિરૂપી પ્રસાદ, તેમ દર્શન અર્થાત્ જાણવું, જ્ઞાન, એવો સંદર્ભ છે.

માટે સ્પષ્ટ છે કે આત્મારૂપી પદાર્થ કે વસ્તુના જ્ઞાનમાં અવિદ્યા કે અજ્ઞાન ટકી શકે નહીં. કારણ કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેથી તેની હયાતીમાં અવિદ્યા ટકી શકે નહીં, અર્થાત્ તેનો બાધ થાય. કારણ અવિદ્યા અનાદિ છે છતાં 'સાન્ત' અર્થાત્ અન્ત પામવાના સ્વભાવવાળી છે અને તેનો અંત જ્ઞાનમાં જ શક્ય છે. અવિદ્યા જ આત્મવસ્તુને જણાવા દેતી નથી, તેથી તેને આવરણ કહેવાય છે. જેમ અંધારું, અજવાળામાં ન ટકે કારણ કે બન્ને પૂર્ણ વિરોધી છે. ઘણી વસ્તુ, પદાર્થો રહેલા હોય છતાં અંધારાના લીધે જણાય નહીં, તો સમજવું કે અંધારું પદાર્થોને ઢાંકે છે, માટે તે આવરણ છે. તે જ પ્રમાણે આત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન ન થવામાં અજ્ઞાન કે અવિદ્યા જ કારણ છે, માટે તેને આવરણ કહ્યું છે. આવા આવરણનો બાધ કે નિવૃત્તિ માત્ર આત્મપદાર્થોના યથાર્થ કે સમ્યક્જ્ઞાન દ્વારા જ થઈ શકે કારણ કે બન્ને અન્યોન્યના પૂર્ણ વિરોધી છે, માટે એક સાથે એક સમયે સંભવી શકે નહીં.

જે ક્ષણે સમજાય કે હું સત ચિત આનંદસ્વરૂપ, અજર, અમર, આત્મા છું, તે જ ક્ષણે અવિદ્યાનું આવરણ નષ્ટ થાય છે ,અને તેના લીધે જે મિથ્યાજ્ઞાન જન્મેલું કે 'હું શરીર છુ', તે મિથ્યા જ્ઞાનનો પણ આત્યંતિક અંત જણાયં છે. તદુપરાંત, મિથ્યાજ્ઞાનથી 'શરીર હું છું', તેવું સઘન તાદાત્મ્ય થયેલું, અને માટે જ શરીર 'હું', તો તેની આધિ, વ્યાધિ પણ મારી અને શરીરનું મૃત્યુ પણ મારું જ કહેવાય. આવા મિથ્યાજ્ઞાનના બળે જ શરીરના રોગની ચિંતા, મૃત્યુનો ભય અને તેના લીધે ઉત્પન્ન થનારા વિક્ષેપ પણ મારા જ, તથા વિક્ષેપથી થતું દુ:ખ પણ મારું જ કહેવાય. આમ, રજસ ગુણની વિક્ષેપ શક્તિથી મિથ્યાજ્ઞાનવાળા પુરુષને જે દુ:ખો ઉત્પન્ન થાય છે, તેવા તમામ દુ:ખ અને વિક્ષેપોની નિવૃત્તિ પણ માત્ર આત્મારૂપી પદાર્થના યથાર્થ જ્ઞાનથી થાય છે.

નિષ્કર્ષમાં આત્માના સમ્યક્જ્ઞાનથી (૧) અવિદ્યારૂપી આવરણ (૨) મિથ્યાજ્ઞાન તથા (૩) વિક્ષેપશક્તિજન્ય દુ:ખનો સદંતર નાશ થાય છે.

(છંદ-ગીતિ)

**एतत् त्रितयं दृष्टं सम्यक्रज्जुस्वरूप विज्ञानात् ।**
**तस्मात् वस्तु सतत्त्वं ज्ञातव्यं बन्धमुक्तये विदुषा ॥३४६॥**

**सम्यक्–रज्जु–स्वरूप–विज्ञानात्** = દોરીના સ્વરૂપના સમ્યક્ જ્ઞાન દ્વારા
**एतत् त्रितयं दृष्टम्** = આ ત્રણ (ઘટના) થતી દેખાય છે.
[ (૧) દોરી પરના આવરણની નિવૃત્તિ
(૨) સર્પરૂપ મિથ્યાજ્ઞાનનો વિનાશ
(૩) સર્પ જોતાં જ ઉપજતાં ભયની નિવૃત્તિ
અર્થાત્ ભયથી જન્મેલા વિક્ષેપની નિવૃત્તિ ]
**तस्मात्** = માટે
**विदुषा** = વિદ્વાને
**बन्धमुक्तये** = સંસારના બંધનમાંથી છૂટવા માટે
**सतत्त्वं वस्तु** = (આત્મ) વસ્તુને તત્ત્વતઃ
**ज्ञातव्यम्** = જાણવી જોઈએ.

દોરીના સ્વરૂપનું સમ્યક્ કે યથાર્થ જ્ઞાન થાય તો નિશ્ચિત ત્રણ ઘટના ઘટી શકે. (૧) દોરી પર અંધારારૂપી આવરણ હતું તેની નિવૃત્તિ. (૨) દોરીને જ સર્પ માની 'આ સર્પ છે', તેવા મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ, કે સર્પનો દોરીના જ્ઞાનામાં બાધ. (૩) સર્પદર્શનથી જન્મેલા મિથ્યા ભયની નિવૃત્તિ અર્થાત્ ભયજન્ય વિક્ષેપની નિવૃત્તિ.

પૂર્વે જોયું તેમ, આત્મવસ્તુનું યથાર્થ જ્ઞાન (૧) અવિદ્યાના આવરણને (૨) મિથ્યાજ્ઞાનને તથા વિક્ષેપશક્તિજન્ય દુઃખને નિવૃત્ત કરે છે. **'तस्मात् वस्तु सतत्त्वं ज्ञातव्यं बन्धमुक्तये विदुषा'** 'માટે વિદ્વાને બંધથી મુક્ત થવા આત્મવસ્તુને તત્વતઃ જાણવી જોઈએ.'

અંધારાનો સ્વભાવ કે ધર્મ, દોરીને સંતાડવાનો છે. જ્યારે અવિદ્યા

કે અજ્ઞાનનો ધર્મ, આત્મવસ્તુને સંતાડવાનો છે. માટે આત્મવસ્તુના જ્ઞાનથી અજ્ઞાન કે અવિદ્યાનો નાશ કરવો અનિવાર્ય છે. જો અવિદ્યા જ નથી, તો આવરણ ક્યાં? આવરણ નથી તો આત્મવસ્તુ સંતાય, છૂપાય કે અજાણ રહે કેમ? આમ, અજ્ઞાનના નાશમાં જ આત્મવસ્તુ, વિના પ્રયત્ને આપોઆપ પ્રગટ થઈ, પોતાને અભિવ્યક્ત કરે છે. તેથી દરેકે પોતાને આત્મા તરીકે જાણવો.

(છંદ-ઈન્દ્રવજ્રા)

**अयोऽग्नियोगादिव सत्समन्वयात्**
**मात्रादिरूपेण विजृम्भते धीः ।**
**तत्कार्यमेतत् त्रितयं यतो मृषा**
**दृष्टं भ्रमस्वप्नमनोरथेषु ॥३५०॥**

**अयःअग्नियोगात् इव** = લોઢું જેમ અગ્નિના સંયોગથી (અગ્નિના ધર્મવાળું ગરમ અને પ્રકાશમય જણાય છે.)
**सत् समन्वयात् धीः** = (તેમ) આત્માના સંબંધને લીધે બુદ્ધિ
**मात्रादिरूपेण** = જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયરૂપે
**विजृम्भते** = ભાસે છે.
**एतद्** = આ
**त्रितयम्** = ત્રણેય
**तत्** = તેનું (અવિવેકનું)
**कार्यम्** = કાર્ય છે.
**यतो मृषा** = તેથી મિથ્યા છે.
**भ्रम-स्वप्न-मनोरथेषु** = (કારણ કે) ભ્રમ, સ્વપ્ન અને મનના મનોરથોમાં
**दृष्टम्** = (ત્રણેનું મિથ્યાપણું) જોવામાં આવે છે.

**'अयः अग्नियोगात् इव'** એવું દર્શાવી સદૃષ્ટાંત સમજાવ્યું

છે કે જેમ લોઢું અગ્નિના સંયોગથી, અગ્નિના ધર્મથી સંયુક્ત થાય છે, અર્થાત્ લોઢામાં મૂળ સ્વભાવે પ્રકાશવાનો ધર્મ નથી, તદુપરાંત તેમાં દાહક શક્તિ પણ નથી. છતાં અગ્નિમાં તેને તપાવવાથી અગ્નિના ગુણધર્મો તે થોડો સમય ગ્રહણ કરી સંગ્રહે છે. તેથી લોઢાનો ગોળો તપેલો હોય તો લાલરંગનો અને પ્રકાશમય જણાય છે, તથા થોડો સમય દાહકશક્તિ સંપન્ન થાય છે. તેવી જ રીતે સતસ્વરૂપ ચૈતન્ય આત્મા, જ્ઞાન સ્વરૂપ હોઈ જાણવાના ધર્મવાળો છે. તેના સંસર્ગમાં જડ બુદ્ધિ પણ આત્માના ધર્મથી યુક્ત થાય છે અને ચેતન આત્મા જેવી ભાસે છે. આત્માની જેમ બુદ્ધિ પણ સર્વ કાંઈ જાણનારી જ્ઞાતા જેવી કે પ્રમાતા જેવી ભાસે છે. વળી તે બુદ્ધિ અમુક માત્રામાં જ્ઞેય અને જ્ઞાન જેવી પણ જણાય છે. આત્મા સ્વયંપ્રકાશિત હોઈ, પોતે જ પોતાને જણાવે છે, તેમ બુદ્ધિ પણ જડ હોઈ પરપ્રકાશિત અર્થાત્ આત્મા દ્વારા જ પ્રકાશિત હોવા છતાં આત્માના ધર્મ, ગુણ ગ્રહણ કરી આત્મવત્ જ્ઞેય અને જ્ઞાનસ્વરૂપ જણાય છે. આમ, જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતારૂપે કે પ્રમાતા, પ્રમાણ અને પ્રમેયરૂપે જણાય છે. પરંતુ વાસ્તવમાં બુદ્ધિ જડ, અનિત્ય, પરપ્રકાશિત અસત અને અનિત્ય છે.

આમ હોવાથી, બુદ્ધિના કાર્ય જેવું આ સઘળું દ્વૈત પ્રપંચ મિથ્યા છે. કારણ કે દ્વૈતમય કે ભેદમય જગત જો બુદ્ધિ દ્વારા જ જણાતુ હોય તો સ્વયંબુદ્ધિ જ જડ, પરપ્રકાશિત અને અનિત્ય હોવાથી દ્વૈતપ્રપંચવાળું જગત કદાપિ સત્ય ન હોઈ શકે, માટે જ બુદ્ધિજન્ય સર્વ ભેદમય સૃષ્ટિ મિથ્યા છે, કારણ કે બુદ્ધિનું કાર્ય કે સર્જન છે. **'तत्कार्यमेतद् त्रितयं यतो मृषा'** જેમ સ્વપ્ન સમયે જણાતી દ્વૈતમય સ્વપ્નસૃષ્ટિ, ભ્રાંતિ સમયનું ભેદદર્શન, તથા દિવાસ્વપ્ન કે કલ્પનામાં જણાતી અનેકતા મિથ્યા અને અસત્ છે, તેમ જાગૃતિમાં બુદ્ધિ દ્વારા જે દ્વૈતદર્શન થાય છે, તે પણ નિર્વિવાદ મિથ્યા જ છે.

(છંદ-ઉપજાતિ)

ततो विकारा प्रकृतेरहंमुखा
देहावसाना विषयाश्च सर्वे ।
क्षणेऽन्यथा भावितया ह्यमीषा-
मसत्त्वमात्मा तु कदापि नान्यथा ॥३५१॥

| | |
|---|---|
| ततः | = એટલા માટે |
| अहंमुखाः देहावसानाः | = અહંકારથી માંડીને દેહ સુધીના |
| प्रकृतेः सर्वे विकाराः | = પ્રકૃતિના સર્વે વિકારો |
| विषयाः च | = અને વિષયો; |
| अमीषां क्षणे | = આ બધા ક્ષણે ક્ષણે |
| अन्यथा भावितया | = બદલાતા રહેતા હોવાથી |
| हि असत्त्वम् | = મિથ્યા જ છે. |
| आत्मा तु | = પણ આત્મા તો |
| कदापि | = કદાપિ |
| नान्यथा | = બદલાતો નથી. |

પૂર્વેના શ્લોકમાં આપણે ચર્ચી ગયા કે જે કંઈ બુદ્ધિ દ્વારા જ્ઞેય છે તે સર્વ કાંઈ મિથ્યા છે. તે ઉપરથી પ્રસ્તુત શ્લોકમાં એવો નિર્ણય તારવવામાં આવે છે કે અહંકારથી માંડીને દેહપર્યંત જે કંઈ પરિવર્તનો કે વિકારો પ્રાણી કે પદાર્થોમાં દૃશ્ય થાય છે તે સર્વ પ્રકૃતિનું કે માયાનું કાર્ય હોવાથી સત્ય હોઈ શકે નહીં, પરંતુ નિઃસંદેહ મિથ્યા કે અસત્ય જ છે. કારણ કે માયા કે પ્રકૃતિ જો દૃશ્યમાત્ર જગતનું કારણ હોય તો તે પોતે જ ઉપાધિ હોઈ સત્ય નથી. ઉપરાંત માયાનો બાધ જ્ઞાનકાળે અનુભવાય છે અને શ્રીકૃષ્ણ પરમાત્મા પણ જણાવે છે કે માયા તરવી મુશ્કેલ છે પણ પોતાને શરણે આવેલા માટે અશક્ય નથી. **मायामेतां तरन्ति ते ।** (અ.૭-૧૪) આમ, માયાનો બાધ કે અભાવ જાણીતો છે. તેથી માયા કદાપિ ત્રિકાલાબાધિત સત્ય હોઈ શકે નહીં. તેથી સ્પષ્ટ છે કે અહંકારથી દેહ સુધીના જે કોઈ વિકારી પદાર્થો છે.

તેનું કારણ માયા જ જો અસત કે મિથ્યા હોય તો તેનું કાર્ય કદાપિ તેથી વિપરીત ન હોય. માટે અહંકારથી દેહ સુધીનું સર્વ વિકારી કાર્ય ક્ષણે-ક્ષણે પરિવર્તનશીલ હોવાથી મિથ્યા છે પરંતુ આત્મા તેવા પરિવર્તનશીલ કાર્યનો સાક્ષી હોવાથી પોતે અપરિવર્તનશીલ સત્ય છે.

(છંદ-ઉપજાતિ)

**नित्याद्वयाखण्डचिदेकरूपो**
**बुद्ध्यादिसाक्षी सदसद्विलक्षणः ।**
**अहंपदप्रत्ययलक्षितार्थः**
**प्रत्यक्सदानन्दघनः परात्मा ॥३५२॥**

| | |
|---|---|
| **परात्मा** | = પરમાત્મા |
| **नित्य–** | = નિત્ય, |
| **अद्वय–** | = અદ્વિતીય, |
| **अखण्ड–** | = અપરિચ્છિન્ન, |
| **चिदेकरूपः** | = જ્ઞાનસ્વરૂપ, |
| **बुद्ध्यादि साक्षी** | = બુદ્ધિ વગેરેનો સાક્ષી, |
| **सत्–असत्–विलक्षणः** | = સત અને અસતથી વિલક્ષણ |
| **'अहं'–पद–प्रत्यय–लक्षितार्थः** | = 'હું' એવા શબ્દનો અને જ્ઞાનનો લક્ષિતાર્થ |
| **प्रत्यक्–** | = દરેકમાં વ્યાપીને રહેલો (અને) |
| **सदानन्दघनः** | = સર્વદા આનંદઘન (છે.) |

અહંકારથી માંડીને દેહપર્યંત જે કંઈ દશ્ય કે જ્ઞેય પ્રપંચ છે તે સર્વ માયાનું કાર્ય હોવાથી મિથ્યા છે અને વળી, તે ક્ષણે ક્ષણે બદલાતો રહેતો હોવાથી પણ નિત્ય કે સત્ય કહી શકાય તેવો નથી. પરંતુ તે સૌનો જે સાક્ષી છે, તે તેનાથી સર્વથા વિરુદ્ધ સ્વભાવવાળો છે. તેના સ્વરૂપનું વર્ણન કરતાં પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રી જણાવે છે કે તે નિત્ય, અદ્વિતીય, અખંડ ચૈતન્યસ્વરૂપ છે. બુદ્ધિ આદિ સંપૂર્ણ દશ્યપ્રપંચ જણાય છે ત્યારે તે પરમાત્મા તે સૌનો અવિકારી સાક્ષી થઈને પ્રકાશતો રહે છે. દશ્ય કે જ્ઞેય પદાર્થો અસત

છે. તેવું પૂર્વે કહ્યું, તેથી કાંઈ આ આત્મા 'સત' છે તેવું કહેવું યોગ્ય નથી. કારણ કે ખરેખર તેનું સ્વરૂપ વાણીથી અગોચર છે, શબ્દથી પર છે માટે તેને સત કે અસત કંઈ પણ કહી શકાય તેમ નથી, તે **सदसद्विलक्षण** છે. સત કે અસત કંઈ પણ કહેતાં તે બુદ્ધિના વિષયરૂપ થઈ જાય છે. તેથી પરમાત્માને બુદ્ધિના વિષયરૂપે ન જાણતાં સાક્ષાત્ 'હું જ તે છું' એવી અભેદ બુદ્ધિ દ્વારા જાણવો જોઈએ. એવું સૂચિત કરવા માટે આચાર્યશ્રી જણાવે છે કે **अहंपदप्रत्ययलक्षितार्थः** અર્થાત્ તે **'अहम्'** એટલે કે 'હું' પદની પ્રતીતિ દ્વારા જ જણાય છે. તે, કોઈ એક દેહમાં રહેનારો તેનો અભિમાની નથી. પરંતુ પ્રત્યેક પ્રાણીની હૃદયગુહામાં સાક્ષીસ્વરૂપે પ્રકાશનારો **प्रत्यगात्मा** છે. આનંદ જ તેનું સ્વરૂપ છે. તેથી તે **सदानंदघन** છે. આમ, આ શ્લોક દ્વારા માયાના કાર્યથી વિલક્ષણ પરમાત્માના અભેદ સ્વરૂપનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

(છંદ–ઉપજાતિ)

**इत्थं विपश्चित् सदसद्विभज्य**
**निश्चित्य तत्त्वं निजबोधदृष्ट्या ।**
**ज्ञात्वा स्वमात्मानमखण्डबोधम्**
**तेभ्यो विमुक्तः स्वयमेव शाम्यति ॥३५३॥**

**इत्थं विपश्चित्** = આ રીતે વિદ્વાન પુરુષ
**सत् असत् विभज्य** = સત અને અસતનો ભેદ સમજી
**निजबोधदृष्ट्या** = પોતાની જ્ઞાનદૃષ્ટિથી
**तत्त्वं निश्चित्य** = આત્મતત્ત્વનો નિશ્ચય કરી
**स्वं आत्मानम्** = પોતાના આત્માને
**अखण्डबोधम्** = અખંડ જ્ઞાનસ્વરૂપ
**ज्ञात्वा** = જાણીને
**तेभ्यः** = તેમનાથી (અનાત્માથી)
**विमुक्तः** = મુક્ત થઈને
**स्वयमेव** = પોતાની મેળે જ

**शाम्यति** = શાન્ત થઈ જાય છે.

પૂર્વના બે શ્લોક દ્વારા કહેવાયેલા અર્થનો ઉપસંહાર કરતાં આ શ્લોકમાં જણાવાય છે કે વિદ્વાને પ્રથમ તો સત અને અસતનો વિવેક કરવો, **सदसद्विभज्य** અર્થાત્ સત અને અસત બન્નેને જુદા જુદા જાણી લેવા. અહંકારથી માંડી દેહપર્યંતના સર્વ દૃશ્ય કે જ્ઞેયપદાર્થો અસત છે અને તે સૌનો સાક્ષી ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આત્મા સત છે, તેવો નિશ્ચય કરી વિદ્વાને પોતાની જ્ઞાનમયી દૃષ્ટિ વડે કે શુદ્ધ-સૂક્ષ્મ બુદ્ધિ વડે કે સત અને અસતનો ભેદ પારખનારી વિવેકીબુદ્ધિ વડે તત્ત્વનો નિશ્ચય કરવો. **निश्चित्य तत्त्वं निजबोधदृष्ट्या ।**

હવે તત્ત્વનો નિશ્ચય કેવા પ્રકારનો કરવો તે જણાવતાં કહે છે કે, **स्वं आत्मानं अखण्डबोधं ज्ञात्वा ।** પોતાના આત્માને અર્થાત્ પોતાને અખંડ જ્ઞાનસ્વરૂપે જાણવો. 'પોતાને દેહ-બુદ્ધિ આદિથી વિલક્ષણ જ્ઞાનસ્વરૂપે, આનંદસ્વરૂપે જાણવું', તે બ્રહ્મતત્ત્વનો નિશ્ચય છે. આવા ઉત્તમ નિશ્ચયની ફળશ્રુતિ જણાવતાં આચાર્યશ્રી કહે છે કે 'હું બ્રહ્મ છું', એવો નિશ્ચય કરનાર માયાના કાર્યરૂપ સંસારથી મુક્ત થાય છે અને અનાયાસે જ, આપમેળે જ શાન્ત થઈ જાય છે. તાત્પર્ય કે 'હું બ્રહ્મ છું', તેવા નિશ્ચયમાં સ્થિત વિદ્વાન, અન્ય કંઈ પણ સાધન કે સાધનાની અપેક્ષા રાખ્યા વિના, કેવળ તત્ત્વનિશ્ચયથી શાંત થઈ જાય છે, શાંતસ્વરૂપ પરબ્રહ્મને પ્રાપ્ત થઈ જાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**अज्ञानहृदयग्रन्थेः निःशेषविलयस्तदा ।**
**समाधिनाऽविकल्पेन यदाऽद्वैतात्मदर्शनम् ॥३५४॥**

**यदा** = જ્યારે
**अविकल्पेन समाधिना** = નિર્વિકલ્પ સમાધિથી
**अद्वैतात्मदर्शनम्** = અદ્વૈત આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર (થાય છે)
**तदा** = ત્યારે
**अज्ञानहृदयग्रन्थेः** = અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી હૃદયગ્રંથિનો

**નિઃશેષઃ** = સંપૂર્ણ
**વિલયઃ** = નાશ થાય છે.

## હૃદયગ્રંથિથી મુક્તિ

નિર્વિકલ્પ સમાધિના બળે જ્યારે અદ્વૈત આત્માનું દર્શન થાય છે અર્થાત્ નિઃસંદેહ જ્ઞાન થાય છે ત્યારે અજ્ઞાનરૂપી હૃદયગ્રંથિથી સંપૂર્ણ રીતે છૂટકારો થાય છે.

ઉપરોક્ત કથનથી સમજવાનું કે ગ્રંથિ અર્થાત્ ગાંઠ. વ્યવહારમાં પણ ગાંઠ મારવા દોરીના બે છેડાને પકડી વચ્ચે આંટી મારવાથી મધ્યમાં ગાંઠ થાય છે. તેથી બે છેડા અને ત્રીજી ગાંઠ દ્વારા દોરીમાં ગાંઠથી બંધન જેવું થઈ શકે છે. તે જ પ્રમાણે અવિદ્યા, કામ અને કર્મ ત્રણે ભેગા થઈ ગાંઠ કે ગ્રંથિનું ગઠન કરે છે. અવિદ્યા આવરણ ઊભું કરે, કામ અર્થાત્ કામના કે વાસના વિક્ષેપ ઊભો કરે અને વાસનાની પ્રેરણાથી કે કામપ્રેરિત કર્મો થાય તે કર્મ બંધન પેદા કરે છે. આમ, અવિદ્યા, કામ અને કર્મ દ્વારા હૃદયગ્રંથિનું મજબૂત ગઠન થાય છે અને તેમાંથી મુક્ત થવું અતિ મુશ્કેલ છે. પરંતુ બેશક અશક્ય નથી. તેથી પ્રસ્તુત શ્લોકમાં જણાવાયું છે કે જ્યારે મુમુક્ષુ પુરુષ નિર્વિકલ્પ સમાધિ દ્વારા બ્રહ્મભાવનાનું અવલંબન લઈને તમામ અનાત્માની કે વિજાતીય વૃત્તિ કે વિચારોનું વિસ્મરણ કરતાં કરતાં તમામ પદાર્થાકાર વૃત્તિઓને નામશેષ કરે છે અર્થાત્ તેનો નિરોધ કે નિષેધ કરવામાં સંપૂર્ણ રીતે સફળતા પ્રાપ્ત કરે છે ત્યારે, સંકલ્પ-વિકલ્પથી રહિત વિચાર કે વૃત્તિશૂન્ય અદ્વિતીય આત્મા જ અવશેષ રહે છે. તેવા આત્માને પોતાના નિજસ્વરૂપે જે કોઈ અભેદ ભાવે અનુભવે છે, તેને જ વાસ્તવમાં અદ્વૈત આત્માનું દર્શન કે સાક્ષાત્કાર થાય છે અને તેવો પોતાને **'ज्ञानं ब्रह्म'** અર્થાત્ જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ કે આત્મા તરીકે જાણે છે. તેથી અવિદ્યાની નિવૃત્તિ થાય છે ત્યારે પોતાને મન અને આકારરહિત જાણે છે. તેથી સ્પષ્ટ છે કે આત્માના શુદ્ધ સ્વરૂપમાં મન નથી તો કામના ક્યાં? અને આકાર કે શરીર નથી તો કર્મ કેવું? તેથી પોતાને આત્મસ્વરૂપે જાણનારો અવિદ્યા, કામ અને કર્મરૂપી ગ્રંથિને ખોલી નાંખે છે અર્થાત્ નિવૃત્ત કરે છે.

ત્યારે તેવો આત્મજ્ઞાની જાણે છે કે વાસ્તવમાં ત્યાં કોઈ ગ્રંથિ જ નહોતી પરંતુ ગ્રંથિની ભ્રાંતિ અવશ્ય હતી. તેવી ભ્રાંતિનો પણ જ્ઞાનમાં નિઃશેષ વિલય કે બાધ થાય છે. માટે જ શ્લોકાર્થે જણાવ્યું છે કે આત્મદર્શનમાં **"अज्ञानहृदयग्रन्थेर्–निःशेषविलयस्तदा ।"**

ઉપર જણાવ્યું તેમ જો ગ્રંથિ કે ગાંઠ હતી જ નહીં, તો ગ્રંથિ કે ગાંઠથી છૂટકારો કેવો? અરે! જ્યાં ગ્રંથિ જ નથી ત્યાં બંધન કોનું અને કેવું? ગ્રંથિ જો ભ્રાંતિ છે તો તેનું ભેદન કેવું? શ્રુતિ પણ જણાવે છે કે

**"भिद्यते हृदयग्रंथिः छिद्यन्ते सर्वसंशयाः ।**
**क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥"**

[મુંડકોપનિષદ-૨/૨/૮]

''પરાત્પર પરબ્રહ્મને તત્ત્વથી જાણી લીધા પછી આ (જીવાત્મા)ના હૃદયની (અવિદ્યારૂપી) ગાંઠ ખુલી જાય છે; એના સર્વ સંશયો કપાઈ જાય છે અને (સારાં-નરસાં) તમામકર્મો નષ્ટ થઈ જાય છે.'' આ ઉપરથી સ્પષ્ટ છે કે ઉપનિષદ પણ જ્ઞાન દ્વારા હૃદયગ્રંથિના ભેદનની વાત કરે છે. તેથી ઉપરની શંકા સહજ અને સ્વાભાવિક છે કે ગ્રંથિ જો ભ્રાંતિ છે તો ભેદન કેવું? તેવી શંકાનું સમાધાન કરવા વ્યાવહારિક જીવનનું દૃષ્ટાંત લઈ સમજીએ કે પંદરમી ઑગસ્ટ જેવા આઝાદીના દિને કે છવ્વીસ જાન્યુઆરી જેવા પ્રજાસત્તાક દિવસની ઉજવણી પ્રસંગે જ્યારે ધ્વજવંદન કરવામાં આવે છે ત્યારે ધ્વજ ફરકાવવા માટે પ્રથમ ધ્વજને ગાંઠ મારી થાંભલા ઉપર બાંધવામાં આવેલો હોય છે અને ધ્વજ વચ્ચે પુષ્પોની પાંદડીઓ મુકેલી હોય છે. આ ધ્વજને બાંધવા માટે જે ગાંઠ મારી હોય છે તેને સરકતી ગાંઠ (SLIP KNOT) કહેવામાં આવે છે, જેનાથી ધ્વજને બંધનમુક્ત કરવામાં આવે છે. તે ગાંઠ હકીકતમાં સાચી હોતી નથી. જો સાચી હોય તો ધ્વજવંદન સમયે મુખ્ય અતિથિ ગાંઠ મારેલી દોરી ખેંચે અને ધ્વજ મુક્ત થઈ ફરકવા માંડે તેવું બની શકે નહીં. પરંતુ આવી સરકતી ગાંઠ તો, ગાંઠ જેવી દેખાય ખરી; પરંતુ ધ્વજને બંધનમાં નાંખી શકે નહીં અર્થાત્ ગાંઠ અનુભવાય ખરી, પણ તે વાસ્તવિક હોઈ શકે નહીં. તેવું જ હૃદયગ્રંથિનું છે. તે દેખાય ખરી, અનુભવાય ખરી, પરંતુ ભ્રાંતિકાળે જ તેનું

અસ્તિત્વ હોય છે. જયારે જ્ઞાનરૂપી દોરી ખેંચવામાં આવે ત્યારે આ હૃદયરૂપી ગ્રંથિ પણ ખુલી જાય છે, તેનું ભેદન થાય છે અને મોક્ષ અને મુક્તિનો, સત, ચિત અને આનંદના અલૌકિક અરંગી રંગવાળો અદેશ્ય ઝંડો ફરકવા માંડે છે. તે જ વાસના, અવિદ્યા, કર્મ ઉપર મેળવેલા વિજયની નિશાની છે; કામ, ક્રોધ અને લોભના સામ્રાજયને શિકસ્ત અપાયાનો સંકેત છે.

(છંદ–માલિની)

**त्वमहमिदमितीयं कल्पना बुद्धिदोषात्**
**प्रभवति परमात्मन्यद्वये निर्विशेषे ।**
**प्रविलसति समाधावस्य सर्वो विकल्पो**
**विलयनमुपगच्छेत् वस्तुतत्त्वावधृत्या ॥३५५॥**

| | |
|---|---|
| **अद्वये निर्विशेषे परमात्मनि** | = અદ્વિતીય, નિર્વિશેષ, પરમાત્મામાં |
| **'त्वम्–अहम्–इदम्' इति** | = 'તું, હું, આ' વગેરે |
| **इयम् कल्पना** | = આવી કલ્પનાઓ |
| **बुद्धि–दोषात्** | = બુદ્ધિના દોષથી |
| **प्रभवति** | = ઉદ્દ્ભવે છે. |
| **अस्य** | = તે(પુરુષ)ને |
| **समाधौ प्रविलसति** | = સમાધિમાં સ્ફુરતા |
| **वस्तुतत्त्व–अवधृत्या** | = આત્મતત્ત્વનો નિશ્ચય થવાથી |
| **सर्वः विकल्पः** | = સર્વ વિકલ્પો |
| **विलयनम्** | = લય |
| **उपगच्छेत्** | = પામે છે. |

## સમાધિ

પૂર્વેના શ્લોકમાં સ્પષ્ટ કરેલું કે નિર્વિકલ્પ સમાધિમાં આત્મતત્ત્વના દર્શનથી હૃદયગ્રંથિ ખુલી જાય છે. તે જ વિચારનો અત્રે વિસ્તાર જણાય છે.'તું' 'હું' 'આ', વગેરે કલ્પનાઓ બુદ્ધિદોષથી જન્મે છે અને તેથી ભેદમય દ્વૈતજગતનું દર્શન થાય છે. પરંતુ સમાધિમાં સ્થિત પુરુષને અદ્વિતીય, વિશેષણ રહિત

પરમાત્માનું સ્ફૂરણ થાય છે. તેથી આત્મવસ્તુનું અવધારણ થવાથી 'તું', 'હું', 'આ', જેવા સર્વ વિકલ્પોનો વિલય થાય છે. સમાધિમાં અભેદ આત્માનું જ્ઞાન થવાથી ત્યાં નથી અહમ્ કે મમભાવ જેવા બુદ્ધિના દોષ, તો કેવી રીતે બચી શકે 'હું', 'તું', 'આ', જેવા પોતાના અને પરાયા ભેદ? તદુપરાંત આત્મવસ્તુના અવધારણ જેવી નિર્વિકલ્પ સમાધિમાં નથી કોઈ સંકલ્પ કે વિકલ્પ, તો કઈ રીતે બચી શકે **"त्वमहमिदमितीयं कल्पना"**

આમ, તત્ત્વાર્થે સ્પષ્ટ થાય છે કે અભેદાનુભૂતિ જેવી સંકલ્પવિકલ્પ રહિત સમાધિમાં દ્વૈત કે ભેદની ગંધ પણ અવશેષ રહી શકે તેમ નથી, તો હું, તું અને આ જગત જેવી કલ્પનાનો તો પ્રશ્ન જ નથી.

(છંદ–મંદાક્રાન્તા)

**शान्तो दान्तः परमुपरतः क्षान्तियुक्तः समाधिं**
**कुर्वन् नित्यं कलयति यतिः स्वस्य सर्वात्मभावम् ।**
**तेनाविद्यातिमिरजनितान् साधु दग्ध्वा विकल्पान्**
**ब्रह्माकृत्या निवसति सुखे निष्क्रियो निर्विकल्पः ॥३५६॥**

| | | |
|---|---|---|
| **शान्तः** | = | શમ |
| **दान्तः** | = | દમ |
| **परं उपरतः क्षान्तियुक्तः** | = | શ્રેષ્ઠ ઉપરામતા અને તિતિક્ષાયુક્ત થઈ |
| **नित्यं समाधिं कुर्वन्** | = | નિત્ય સમાધિ કરનારો |
| **यतिः** | = | યતિ |
| **स्वस्य सर्वात्मभावं कलयति** | = | પોતાનો આત્મભાવ જાણે છે |
| **तेन अविद्या–तिमिर–जनितान्** | = | તેનાથી અવિદ્યારૂપી અંધકારજન્ય |
| **विकल्पान्** | = | વિકલ્પોને |
| **साधु दग्ध्वा** | = | સારી રીતે બાળીને, |
| **निष्क्रियः** | = | નિષ્ક્રિય |

| | |
|---|---|
| **निर्विकल्पः** | = નિર્વિકલ્પ |
| **ब्रह्माकृत्या** | = બ્રહ્મસ્વરૂપથી |
| **सुखे निवसति** | = સુખપૂર્વક રહે છે. |

પૂર્વના બે શ્લોકમાં નિર્વિકલ્પ સમાધિ દ્વારા હૃદયગ્રંથિ તથા 'હું', 'તું', 'આ' જેવી કલ્પનાઓની નિવૃત્તિ થાય છે તેવું નિર્વિવાદ સમજાવી હવે નિર્વિકલ્પ સમાધિના ફળનું દર્શન કરાવવામાં આવ્યું છે.

નિર્વિકલ્પ સમાધિનો પ્રયત્નપૂર્વક નિત્ય અભ્યાસ કરનારો યોગી ચિત્તની વિક્ષેપરહિત સ્થિતિ અને ઇન્દ્રિયનિગ્રહ, વિષયોથી તૃપ્તિ, તિતિક્ષા આદિને લીધે આ સર્વને આત્મસ્વરૂપ જ સમજે છે. તથા અવિદ્યાને કારણે ઉત્પન્ન થયેલા વિકલ્પોને સારી રીતે ભસ્મીભૂત કરીને બ્રહ્માકારવૃત્તિ દ્વારા અક્રિય થઈને સંકલ્પવિકલ્પ જેવા સંદેહથી મુક્ત થઈ સુખપૂર્વક જીવન વિતાવે છે.

(છંદ-ઉપજાતિ)

**समाहिता ये प्रविलाप्य बाह्यम्**
**श्रोत्रादि चेतः स्वमहं चिदात्मनि ।**
**त एव मुक्ता भवपाशबन्धैर्नान्ये**
**तु पारोक्ष्यकथाभिधायिनः ॥३५७॥**

| | |
|---|---|
| **ये** | = જે |
| **बाह्यं श्रोत्रादि** | = બહારની શ્રોત્ર, ચક્ષુ વગેરે ઇન્દ્રિયોને, |
| **चेतः स्वं अहम्** | = ચિત્ત અને પોતાના અહંકારને |
| **चिदात्मनि** | = ચેતન આત્માની અંદર |
| **प्रविलाप्य** | = સમાવી દઈને |
| **समाहिताः** | = સમાધિમાં સ્થિત હોય |
| **ते एव** | = તે (અપરોક્ષજ્ઞાની) જ |
| **भवपाशबन्धैः** | = સંસારપાશરૂપી બન્ધનથી |

| | |
|---|---|
| मुक्ताः | = છૂટી ગયેલા છે. (તેથી) |
| अन्ये तु | = અન્ય તો |
| पारोक्ष्य–कथाभिधायिनः | = પરોક્ષજ્ઞાનની માત્ર વાતો જ કરનારા |
| न | = (સંસારબંધનથી મુક્ત) નથી. |

નિર્વિકલ્પ સમાધિનો અભ્યાસ કરનારાઓમાં જે કોઈ શ્રોત્ર આદિ તમામ બહારની ઇન્દ્રિયો તથા ચિત્ત અને અહંકારને પોતાના ચૈતન્ય આત્માની અંદર આરોપ જેમ સમાવિષ્ટ કરીને સમાધિમાં અવિચળ રીતે સ્થિત થયા હોય, તેવા અપરોક્ષજ્ઞાનીઓ જ સંસારપાશના બંધનથી મુક્ત થયેલા છે. તેથી અન્ય તો પરોક્ષજ્ઞાનની માત્ર વાતો જ કરનારા છે પરંતુ સંસારબંધનથી મુક્ત નથી.

જે કોઈ સમાધિમાં લાકડાં જેમ નિષ્ક્રિય કે જડવત બનવાને બદલે અગર સુષુપ્તિ જેવી અગ્રહણ સ્થિતિ પ્રાપ્ત કરવાને બદલે તથા તંદ્રા જેવી અર્ધજાગ્રત બેહોશીમાં (SEMICONSCIOUS TRANCE) ડૂબવાને બદલે સતત જાગૃતિ જેવી જ્ઞાનમય અભેદ આત્માની પ્રત્યક્ષ કે પરોક્ષ નહીં, પરંતુ અપરોક્ષ અનુભૂતિ કરે છે, તેને આત્માથી ભિન્ન કંઈ જ જણાતું નથી. એટલું જ નહીં, પરંતુ જ્ઞાનેન્દ્રિયોના તથા ચિત્ત અને અહંકારના તમામ વિકારોને આરોપ સમજી તે સૌને પોતાના અધિષ્ઠાનરૂપી આત્મામાં વિલીન કરી દે છે. માટે જ નથી તેમને ઇન્દ્રિયોની ભોગ માટેની દોડનો અનુભવ કે નથી અનુભવાતા ચિત્તના વિક્ષેપો. માટે જ તેવો અપરોક્ષજ્ઞાની પોતાના અભેદજ્ઞાનમાં સ્થિત થઈ બંધન–મુક્તિની જળોજથામાંથી છૂટી જાય છે. પરંતુ જે કોઈ પોતાના આત્માને સમાધિની અપરોક્ષ અનુભૂતિ દ્વારા નહીં, પણ માત્ર શાસ્ત્રના પરોક્ષજ્ઞાનની મદદથી જ જાણે છે, તેમનું જ્ઞાન પરોક્ષ હોય છે અર્થાત્ શાસ્ત્રજન્ય હોય છે. તેમના જ્ઞાનને સાધનરૂપી શાસ્ત્રનો સંગ હોય છે. તેથી તેવા પરોક્ષજ્ઞાનની વાતો કરનારા શાસ્ત્રરૂપી સાધનને સાધ્ય માની બેસે છે, એટલું જ નહીં, પરંતુ શાસ્ત્ર દ્વારા જન્મેલા જ્ઞાનને અપરોક્ષ આત્માનુભૂતિ સમજી બેસે છે. વાસ્તવમાં તો શાસ્ત્ર, આત્મજ્ઞાન માટેનું અમૂલ્ય સાધન છે, પરંતુ

સાધ્ય કદાપિ નહીં. તેથી શાસ્ત્રનું પરોક્ષજ્ઞાન માહિતી છે, આત્માનુભૂતિ નહીં. (SCRIPTURAL KNOWLEDGE IS MERE INFORMATION AND NOT SELF REALIZATION.) માટે જ ઉપનિષદોને ગર્જના સાથે ઘોષણા કરવી પડી કે **"नायमात्मा प्रवचनेन लभ्यः"** [મુંડકોપનિષદ–૩/૨/૩] "આ પરબ્રહ્મ પરમાત્મા પ્રવચન કરવાથી મળે તેવો નથી."

શાસ્ત્રો દ્વારા સંપન્ન પરોક્ષજ્ઞાન ઉપર વાતો કે પ્રવચન કરવા અથવા પ્રવચનનું શ્રવણ કરવું તે બેશક શ્રેષ્ઠ સાધન હોઈ શકે, પણ સાધ્ય નથી. કારણ કે પ્રવચન કરવા કે તેનું શ્રવણ કરવાથી માત્ર પરોક્ષજ્ઞાન મળે છે. એવો પરોક્ષજ્ઞાની જો નિદિધ્યાસનરૂપી સમાધિનો અભ્યાસ ન કરે, તો તેવો ભવબંધનથી મુક્ત થઈ શકે નહીં કારણ કે માત્ર મુક્તિની વાતો કંઈ વાસ્તવિક મુક્તિ અપાવી શકે નહીં. જેમ કોઈ રોગી દવા અને ઉપચાર કે ચરી પાળવાની વાતો સાંભળીને કંઈ રોગ દૂર કરી શકે નહીં. તેણે તો દવા આરોગવી પડે, નિયમિત ઉપચાર કરવો પડે અને શિસ્તબદ્ધ ચરીનું પાલન કરવું પડે, તેવી જ રીતે માત્ર પરોક્ષજ્ઞાનની કથા સાંભળવાથી કે કથા કરવાથી વ્યર્થ પરિશ્રમ કે કથાથી વિપરીત થાક જ હસ્તગત થાય છે. તે જ પ્રમાણે પરોક્ષજ્ઞાનની વાતો કરનારાને મુક્તિથી વિપરીત બંધન જ પ્રાપ્ત થાય છે. માટે જ કહ્યું છે કે **"अन्ये पारोक्ष्यकथाभिधायिनः"**

(છંદ–ઉપજાતિ)

**उपाधिभेदात् स्वयमेव भिद्यते**
**चोपाध्यपोहे स्वयमेव केवलः ।**
**तस्मादुपाधेर्विलयाय विद्वान्**
**वसेत् सदाऽकल्पसमाधिनिष्ठया ॥३५८॥**

**उपाधिभेदात्** = ઉપાધિના ભેદને કારણે જ
**स्वयं एव भिद्यते** = આત્મામાં ભેદની પ્રતીતિ થાય છે
**उपाध्यपोहे च** = અને ઉપાધિ દૂર થતાં
**स्वयं एव केवलः** = પોતે જ કેવળ (શેષ) રહે છે.

| | |
|---|---|
| **तस्मात् विद्वान्** | = માટે વિદ્વાને |
| **उपाधेः विलयाय** | = ઉપાધિનો વિલય કરવા માટે |
| **सदा** | = નિરંતર |
| **अकल्प–समाधिनिष्ठया** | = નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને |
| **वसेत्** | = રહેવું જોઈએ. |

ઉપાધિના ભેદના કારણે જ પોતાના આત્મસ્વરૂપમાં ભેદની પ્રતીતિ થાય છે અને પોતે પોતાને નિરુપાધિક આત્મા તરીકે ભૂલી જાય છે અને શરીર, અંતઃકરણ વગેરે જેવી ઉપાધિને જ આત્મા સમજી બેસે છે. આવી ઉપાધિના સ્વીકારથી જ અજ્ઞાનકાળે ઉપાધિની અનેકતાને લીધે ભેદદર્શન થાય છે. આવી તમામ ઉપાધિઓ માત્ર સમાધિમાં જ નિવૃત્ત થઈ શકે છે. કારણ કે સમાધિમાં જ આત્મજ્ઞાન દ્વારા પોતે પોતાને એકલો જ કે અદ્વિતીયરૂપે અનુભવે છે. માટે સર્વ વિચારશીલ વિદ્વાનપુરુષે ઉપાધિઓની આત્યંતિક નિવૃત્તિ માટે કે તેમનો નિઃશેષ લય કરવા માટે, સદા સર્વદા નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને અર્થાત્ આત્મનિષ્ઠ કે બ્રહ્મનિષ્ઠ થઈને રહેવું જોઈએ.

નિષ્કર્ષમાં ઉપાધિના ભેદે ભેદદર્શન છે જ્યારે ઉપાધિના નાશમાં જ અભેદ આત્મદર્શન છે. માટે સમાધિના જ્ઞાનોદયમાં આધિ, વ્યાધિ અને ઉપાધિનો અસ્ત કરવો મુમુક્ષુનું કર્તવ્ય છે.

(છંદ–અનુષ્ટુપ)

**सति सक्तो नरो याति सद्भावं ह्येकनिष्ठया ।**
**कीटको भ्रमरं ध्यायन् भ्रमरत्वाय कल्पते ॥३५६॥**

| | |
|---|---|
| **कीटकः** | = (જેમ) ઈયળ |
| **भ्रमरं ध्यायन्** | = ભમરીનું ધ્યાન કરતાં કરતાં |
| **भ्रमरत्वाय कल्पते** | = ભમરી બની જાય છે. |
| **एकनिष्ठया** | = (તેમ) એક નિષ્ઠાપૂર્વક |
| **सति हि** | = સત્સ્વરૂપબ્રહ્મમાં જ |

| | |
|---|---|
| **सक्तः नरः** | = (એકાગ્રતાથી) આસક્ત થયેલો પુરુષ |
| **सत्-भावं याति** | = સત્સ્વરૂપ બ્રહ્મભાવને પામે છે. |

(છંદ-ઉપજાતિ)

**क्रियान्तरासक्तिमपास्य कीटको**
**ध्यायन् यथाऽलिं ह्यलिभावमृच्छति ।**
**तथैव योगी परमात्मतत्त्वं**
**ध्यात्वा समायाति तदेकनिष्ठया ॥३६०॥**

| | |
|---|---|
| **यथा** | = જેવી રીતે |
| **कीटकः** | = ઈયળ |
| **क्रियान्तरासक्तिं अपास्य** | = બીજી ક્રિયાઓમાં આસક્તિ છોડીને |
| **अलिं ध्यायन्** | = ભમરીનું જ ધ્યાન કરતાં કરતાં |
| **अलिभावं हि** | = ભમરી જ |
| **ऋच्छति** | = બની જાય છે. |
| **तथैव** | = તેવી જ રીતે |
| **योगी** | = યોગી |
| **तदेकनिष्ठया** | = તે(પરમાત્મા)નું જ એકનિષ્ઠાથી |
| **ध्यात्वा** | = ધ્યાન કરતાં કરતાં |
| **परमात्मतत्त्वं समायाति** | = પરમાત્મતત્ત્વને પામે છે. |

હૃદયગ્રંથિના ભેદન માટે, ઇન્દ્રિયો અને અહંકારની નિવૃત્તિ માટે, તથા બંધનથી મુક્તિ માટે શ્રુતિએ ઉપદેશેલી સમાધિ આવશ્યક છે. તેવી વાત ચર્ચાઈ ગયા બાદ હવેના બે શ્લોકમાં સજાતીય વૃત્તિપ્રવાહ દ્વારા કે અખંડાકારવૃત્તિ દ્વારા બ્રહ્મભાવના કેવી રીતે કરવી તે સદૃષ્ટાંત સમજાવવામાં આવે છે.

ચોમાસાના પ્રારંભમાં, જીવજંતુઓમાં એક અજાયબ ઘટના જોવા મળે છે, જેનું ઋષિમુનિઓએ સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે. તે ઉપરથી તત્ત્વજ્ઞાનની

ગહન સમસ્યાનો સરળ ઉકેલ આપ્યો છે. લોકવાયકા મુજબ એવું સાંભળવામાં આવ્યું છે કે કોયલ પોતાના ઈંડા કાગડાના માળામાં મૂકી આવે છે. ત્યારબાદ કાગડી તેને સેવે છે, મોટા કરે છે, પણ જ્યારે બચ્ચાં જન્મે છે ત્યારે તો કાગડાના જેવા જ કાળા રંગના હોય છે. એક દિવસ મોટા થતાં તે કોયલનો મધુર ટહુકો કરી ઊડી જાય છે. તેવું જ જીવજંતુમાં ભમરીના દૃષ્ટાંતમાં બને છે. ચોમાસામાં મકાનના ખૂણે ખાંચરે ભમરી, માટીનું દર બનાવે છે પણ તેને બંધ કરતાં પૂર્વે, કોઈ પણ જંતુના ઈંડામાંથી જન્મેલી ઇયળને, ભમરી ઊંચકીને તેણે બાંધેલા માટીના દરમાં લઈ આવે છે. ત્યારબાદ અતિ ઝડપે દરને પૂર્ણ કરવાનું કામ આરંભે છે અને માત્ર પોતાની સૂંઢ જાય તેટલું કાણું રાખે છે. પરંતુ દરની રચના એવી હોય છે કે ઇયળ બહાર નીકળી શકે નહીં. તેને બહાર નીકળતી અટકાવવા ભમરી, દરના કાણા દ્વારા ઇયળને હલકો ડંખ મારે છે. તેથી નાજુક ઇયળ અડધી બેહોશ બનીને પડી રહે છે. ત્યારબાદ ભમરી ખોરાકની શોધમાં જાય છે અને ખોરાક લાવી ઇયળને તે જ કાણા મારફતે ખોરાક પહોંચાડે છે. આવા નિત્ય ક્રમમાં ધીરે ધીરે ઇયળની વૃદ્ધિ થાય છે, પરંતુ નિત્ય નિરંતર ઇયળ ભમરીનો જ વિચાર કરે છે કારણ કે બહુ દૂરથી ભમરીનો ગણગણાટ કે ગુંજન ઇયળને સંભળાય છે તેથી ખોરાક મળશે તેવી ઉત્સુકતા વધે છે અને ખોરાક મળતાં તૃપ્તિ પણ થાય છે. પરંતુ દર છોડીને ભમરી જ્યારે દૂર જાય છે ત્યારે ઇયળને એક ડંખ મારતી જાય છે જેથી ઇયળ દર છોડીને દૂર નાસી ન જાય. આમ, ડંખના દર્દથી અને ખોરાકની લાલચથી, હર પળે ઇયળ, ભમરીનું જ ચિંતન કર્યા કરે છે. હકીકતમાં આ ઇયળ કંઈ ભમરીના ઈંડામાંથી ઉત્પન્ન થયેલી હોતી નથી. જેમ કાગડાના માળામાં ઈંડું કાગડાનું નહીં પણ કોયલનું હોય છે, તેમ અન્ય કોઈ જંતુના ઈંડામાંથી જન્મેલી ઇયળને ભમરી પોતાના દરમાં કેદી બનાવે છે, ઉછેરે છે. કુદરતની કરામત કે સૃષ્ટિનો ચમત્કાર એવો અજબગજબનો છે કે ભમરી જે ઇયળ ઉછેરે છે, તે અંતે ભમરીનો જ વિચાર, ભમરીના ગુંજનનું જ શ્રવણ અને ભમરીનું જ ધ્યાન કરતાં કરતાં ભમરી થઈને જ બહાર નીકળે છે. આમ, ઇયળે જેનું ધ્યાન કર્યું જેનું ચિંતન કર્યું, તે ભમરી જ તે થઈ જાય છે. જો તે ઇયળ, ભમરીના

દરમાં ન હોત તો કદાચ રંગબેરંગી પતંગિયું થઈને ક્યાંક ઊડતું હોત, કે અન્ય જંતુ રૂપે વિહાર કરતું હોત. કારણ કે ભમરી અને ઇયળની જાત જુદી છે. છતાં વિચાર માત્રથી, ધ્યાન માત્રથી, ભમરીની ભાવના કરવાથી જ ઇયળની જાત બદલાય છે અને જેવો ભાવ ઇયળમાં હોય છે તેવી જ અંતે તે થાય છે. મનુષ્યજીવનમાં પણ થોડા અંશે આવી ઘટના લોકવ્યવહારમાં જોવા મળે છે. નાની છોકરીઓ ઢીંગલી લઈને રમે છે, ઢીંગલીને તેડે છે, રમાડે છે અને જાણે પોતે ઢીંગલીની સારસંભાળ રાખનારી મોટી વ્યક્તિ હોય, તેવા ભાવથી છોકરીનું મન સભર બને છે. આમ, નાનપણથી માતા બનવાના કોડ સેવવાથી, કપડાં કે પ્લાસ્ટીકની ઢીંગલી તેડતાં તેડતાં અંતે તે એક દિવસ એ બાળકી પરણીને માતા થાય છે અને ઢીંગલીના બદલે પોતાના સંતાનોને તેડીને ફરવા માંડે છે.

ઉપરોક્ત ચર્ચાથી અત્રે સમજવાનું કે જેમ ભમરીનું ધ્યાન કરતાં કરતાં ઇયળ ભમરી બની જાય છે, તેવી જ રીતે ધ્યાન કે સમાધિની ઇચ્છાવાળો યોગી, અજ્ઞાનસમયે પોતાને જીવની ઉપાધિવાળો જીવાત્મા માનતો હોય છે. પોતે જન્મ-મરણ અને વિકારને આધીન છે તેવું માનવા છતાં, જ્યારે તે એકનિષ્ઠાપૂર્વક સતસ્વરૂપ બ્રહ્મમાં અગર પરમાત્મામાં આસક્ત થાય છે ત્યારે ઇયળની જેમ બ્રહ્મનું કે પરમાત્માનું જ ધ્યાન કરતાં કરતાં સ્વયં બ્રહ્મમય કે પરમાત્મામય બની જાય છે. આમ, જીવાત્મા ઉપાધિ-વાળો કે કર્તા-ભોક્તાના ધર્મવાળો, અનેક યોનિઓમાં ભ્રમણ કરનારો, પરમાત્માથી જુદી જાતનો હોવા છતાં, જેમ ઇયળ ભમરી બને છે તેમ જ, બ્રહ્મનું ધ્યાન કરનારો જીવાત્મા કે યોગી સ્વયં બ્રહ્મ જ થઈ જાય છે. આમ, જે જેનું ધ્યાન કરે તે જ તે થઈ જાય છે. તેવા ન્યાયને શાસ્ત્રોમાં કીટ-ભ્રમરન્યાય કહેવામાં આવે છે.

કીટ-ભ્રમરન્યાયને ખૂબ સરળતાપૂર્વક સમજાવતાં પૂ. રંગઅવધૂતજી જણાવે છે કે

હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા;

નિર્ગુણ ધ્યાતાં રે, ગુણાતીત પોતે થયા.
કિશોર વયની બાળા નિશદિન માત થવા તલસાય;
ઢીંગલાઢીંગલી રમતાં કોડે, અંતે માતા થાય;
જેવી જેની બુદ્ધિ રે, તેવા નર તેહ થયા
કીટ ભમરીનું ધ્યાન ધરે છે, જાત વિજાતીય એહ;
ભયથી ધ્યાતાં ભમરી થાએ, કેમ ખાલી જશે નેહ?
ધ્યાતાં ધ્યેય નિશ્ચે રે, જીવ તે તો શિવ થયા.

(છંદ–ઉપજાતિ)

**अतीवसूक्ष्मं परमात्मतत्त्वम्**
**न स्थूलदृष्ट्या प्रतिपत्तुमर्हति ।**
**समाधिनाऽत्यन्तसुसूक्ष्मदृष्ट्या**
**ज्ञातव्यमार्यैरतिशुद्धबुद्धिभिः ॥३६१॥**

| | |
|---|---|
| **परमात्मतत्त्वम्** | = પરમાત્મારૂપ તત્ત્વ |
| **अतीव–सूक्ष्मम्** | = અતિશય સૂક્ષ્મ છે. |
| **स्थूलदृष्ट्या** | = તેથી સ્થૂળ દૃષ્ટિથી |
| **प्रतिपत्तुं न अर्हति** | = તે સમજી શકાય તેવું નથી |
| **अति–शुद्धबुद्धिभिः** | = (એને તો) અતિશય શુદ્ધ બુદ્ધિવાળા |
| **आर्यैः** | = (ઉત્તમ માણસોએ) આર્ય પુરુષોએ |
| **अत्यन्त–** | = અત્યંત |
| **सुसूक्ष्मदृष्ट्या** | = સૂક્ષ્મ દૃષ્ટિ વડે |
| **समाधिना** | = સમાધિ દ્વારા |
| **ज्ञातव्यम्** | = જાણવું જોઈએ. |

પરમાત્મારૂપી તત્ત્વ અતિશય સૂક્ષ્મ છે. તેથી જ તે પ્રત્યક્ષ કે પરોક્ષ નથી અર્થાત્ ઇન્દ્રિય અને મનબુદ્ધિનો અવિષય છે. જ્યારે ઇન્દ્રિયાદિ તથા મનબુદ્ધિ આત્મા કરતાં સ્થૂળ છે માટે જ અત્રે જણાવ્યું છે કે સ્થૂળ દૃષ્ટિથી સૂક્ષ્મ પરમાત્મતત્ત્વ જાણી શકાય તેવું નથી.

**'सूक्ष्मं परमात्मतत्त्वं न स्थूलदृष्ट्या प्रतिपत्तुमर्हति ।'**

પરમાત્મતત્ત્વને અનિર્વચનીય, અપ્રમેય અને વાચાતીત કહ્યું છે તેથી સ્પષ્ટ છે કે ચક્ષુ ઇન્દ્રિય કે જે સ્થૂળ પદાર્થ જુએ છે, તે આત્મતત્ત્વને ગ્રહણ કરી શકે નહીં. કારણ કે ચક્ષુ આદિ ઇન્દ્રિયો તો સાકારને ગ્રહણ કરી જાણી શકે છે. જ્યારે આત્મા તો નિરાકાર છે તેથી તેને જાણવા લિંગ નથી, કે જેને જોઈ, જાણી, આત્મા વિષે અનુમાન થઈ શકે. જેમ કે દૃશ્ય ધુમાડાને જોઈ અદૃશ્ય અગ્નિનું અનુમાન થાય છે. તદુપરાંત, પરમાત્મતત્ત્વ વિશેષણ રહિત, નિર્વિશેષ, અદૃશ્ય, અવ્યક્ત, અગ્રાહ્ય હોવાથી વાચાતીત છે માટે પણ સાધનની મદદથી તે સાધ્ય નથી. તેથી જ કહેવાય છે કે 'બ્રહ્મદર્શન તો સાધનનિરપેક્ષ જ શક્ય છે', તો સ્થૂળ દૃષ્ટિ પરમાત્મદર્શન માટે સાધન ન થઈ શકે તેવું અત્રે અપાયેલું વકતવ્ય અતિશયોક્તિ નથી.

આમ હોવાથી, રખે કોઈ એમ સમજે કે પરમાત્મતત્ત્વ સૂક્ષ્માતિસૂક્ષ્મ હોવાથી અજ્ઞેય અને અજ્ઞાત છે અને તેથી કોઈને પણ આત્મસાક્ષાત્કાર થઈ શકે જ નહીં. વાસ્તવિકતા તો તેથી વિરુદ્ધ છે. આત્મસાક્ષાત્કાર કે પરમાત્મતત્ત્વના દર્શન માટે એક પવિત્ર શરત છે કે કોઈ શુદ્ધ અને અતિ સૂક્ષ્મ બુદ્ધિવાળા હોય, તેઓ અવશ્ય સમાધિના સૂક્ષ્મ ચિંતન દ્વારા પરમાત્મતત્ત્વને જાણી શકે છે. માટે જ શ્રુતિએ કહ્યું છે કે **"दृश्यते तु अग्र्चया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ।"** (કઠોપનિષદ-૧/૩/૧૨) ''આ (પરમાત્મા) કેવળ સૂક્ષ્મ તત્ત્વોને જોનારા પુરુષોથી જ પોતાની તીવ્ર અને સૂક્ષ્મ બુદ્ધિથી જ જોઈ શકાય છે.'' સૂક્ષ્મ બુદ્ધિ અર્થાત્ જે નામ અને આકારને બાદ કરી અંદરના આત્મતત્ત્વને જાણી શકે તે, જે ઉપાધિને ત્યાગી નિરુપાધિક બ્રહ્મને પકડી શકે તે, જે ચિત્તની વૃત્તિઓને નિવૃત્ત કરી, મનના સંદેહોને શમાવી, વિક્ષેપોને દૂર કરવાના સામર્થ્યવાળી હોય અને અવિરત, અખંડિત રીતે બ્રહ્મભાવમાં અભેદભાવ કરી, કીટભ્રમર ન્યાયે સ્વયં બ્રહ્મ થનારી હોય તેને જ સૂક્ષ્મ બુદ્ધિ કહેવામાં આવે છે; અર્થાત્ જે બુદ્ધિ દ્વારા બ્રહ્મચિંતન થાય તેમાં સ્વયં બુદ્ધિનું પણ અંતે વિસ્મરણ થઈ જાય છે. આમ, બુદ્ધિ પોતે જ પોતાને તરી જાય અને વિચારશૂન્ય કે અમના પરિસ્થિતિ ઉત્પન્ન થાય

ત્યારે જ બુદ્ધિની સર્વવૃત્તિઓના વિસ્મરણ જેવી સમાધિમાં પરમાત્મતત્ત્વનું જ્ઞાન થાય છે. માટે જ અત્રે સ્પષ્ટતા કરી છે કે શુદ્ધ બુદ્ધિવાળા આર્યપુરુષોએ અત્યંત સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા સમાધિ વડે પરમાત્મતત્ત્વ જાણવું જોઈએ.
**"समाधिनाऽत्यन्तसुसूक्ष्मदृष्ट्या, ज्ञातव्यमार्यैरतिशुद्धबुद्धिभिः ॥"**

(છંદ-ઉપજાતિ)

**यथा सुवर्णं पुटपाकशोधितं**
**त्यक्त्वा मलं स्वात्मगुणं समृच्छति ।**
**तथा मनः सत्त्वरजस्तमोमलं**
**ध्यानेन सन्त्यज्य समेति तत्त्वम् ॥३६२॥**

| | | | |
|---|---|---|---|
| **यथा** | = જેવી રીતે | **तथा** | = તેવી રીતે |
| **पुटपाकशोधितम्** | = કોડિયામાં નાંખી અગ્નિમાં શુદ્ધ કરેલું | **मनः** | = મન |
| | | **सत्त्वरजस्तमोमलम्** | = સત્ત્વ, રજ અને તમરૂપ મેલને |
| **सुवर्णम्** | = સુવર્ણ | | |
| **मलं त्यक्त्वा** | = મેલને ત્યાગી | **ध्यानेन** | = ધ્યાન દ્વારા |
| **स्वात्मगुणम्** | = પોતાના અસલી ગુણને | **सन्त्यज्य** | = ત્યાગી દઈને |
| | | **तत्त्वम्** | = આત્મતત્ત્વને |
| **समृच्छति** | = પ્રાપ્ત થાય છે | **समेति** | = પામે છે. |

પૂર્વેના શ્લોકમાં જણાવ્યું છે કે સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા પરમાત્મદર્શન શક્ય છે. તેથી એવી શંકા ન કરવી કે શુદ્ધ મન દ્વારા પરમાત્મદર્શન શક્ય નથી. જો એવી શંકા જાગે તો તેના સમાધાન માટે અત્રે સદૃષ્ટાંત સમજણ આપવામાં આવી છે.

જેવી રીતે કોડિયામાં નાંખી, અગ્નિમાં શુદ્ધ કરેલું સુવર્ણ મેલને દૂર કરી પોતાના અસલી ગુણને પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે મન પણ સત્ત્વ, રજસ અને તમસ જેવા મળનો ધ્યાન દ્વારા ત્યાગ કરીને આત્મતત્ત્વને

પામે છે. તેથી રહસ્યોદ્‌ઘાટન થાય છે કે અશુદ્ધ મન દ્વારા આત્મતત્ત્વ જાણી શકાય નહીં. મનમાં જો માયાના સત્ત્વ, રજસ અને તમસ જેવા ગુણોનો મળ કે મેલ ભરેલો હોય, તો મન તે ગુણોમાંથી જે કંઈ જન્મેલું છે તેમાં આસક્ત થાય છે અને તેથી જ તે પરમાત્માના ચિંતનમાં એકાગ્ર થઈ શકે નહીં. મનમાં રહેલો સત્ત્વ ગુણ સાત્ત્વિક પ્રવૃત્તિમાં; રજસગુણ મનને રાજસિક પ્રવૃત્તિમાં આસક્ત કરી આત્મતત્ત્વથી દૂર લઈ જાય છે અને તેવી પ્રવૃત્તિઓમાં આસક્ત કરાવી વિક્ષેપ ઊભો કરે છે. તેનાથી અશાંતિ, દુઃખ અને બંધન થાય છે. જ્યારે તમસ ગુણ, મનને નિષ્ક્રિય બનાવે છે, આળસ અને પ્રમાદથી, ધ્યાન કે સમાધિ જેવી ક્રિયાથી મનને દૂર રાખે છે, મનની આંખો આગળ આવરણ ઊભું કરે છે અને આત્મતત્ત્વને આચ્છાદિત કરે છે. તેથી સ્પષ્ટ સમજાય છે કે જે મન સત્ત્વ, રજસ અને તમસ જેવા ગુણોથી સભર છે તે કદાપિ આત્મદર્શન કરી શકે નહીં. પરંતુ જેમ સુવર્ણ અગ્નિમાં તપ્ત થઈ શુદ્ધ બને છે, તેમ મન પણ ધ્યાનાગ્નિમાં તપ્ત થઈ સત્ત્વ, રજસ અને તમસ જેવા મળનો ત્યાગ કરી જો શુદ્ધ થઈ જાય, તો તે નિઃસંદેહ શુદ્ધ હોવાથી આત્મતત્ત્વને પામે છે. તત્ત્વાર્થે તો સત્ત્વ, રજસ અને તમસમુક્ત શુદ્ધ મન બ્રહ્મસ્વરૂપ જ છે. માટે જ શ્રુતિએ પણ ગાયું છે કે શુદ્ધ મન દ્વારા આત્મતત્ત્વ પ્રાપ્ત થઈ શકે તેમ છે. **"मनसा एव इदं आप्तव्यम् ।"** (કઠોપનિષદ–૨/૧/૧૧) ''(શુદ્ધ) મનથી જ આ તત્ત્વ પ્રાપ્ત કરવા યોગ્ય છે.''

(છંદ–ઉપજાતિ)

**निरन्तराभ्यासवशात्तदित्थम्**
**पक्वं मनो ब्रह्मणि लीयते यदा ।**
**तदा समाधिः सविकल्पवर्जितः**
**स्वतोऽद्वयानन्दरसानुभावकः ॥३६३॥**

**इत्थम्** = આ પ્રમાણે

**निरन्तराभ्यासवशात्** = (રાત-દિવસ) નિરન્તર (બ્રહ્મ ભાવનાનો) અભ્યાસ કરવાથી
**तत् पक्वं मनः** = પરિપક્વ બનેલું તે મન'
**यदा ब्रह्मणि लीयते** = જ્યારે બ્રહ્મમાં લીન થઈ જાય છે
**तदा** = ત્યારે
**स्वतः** = પોતાની મેળે જ
**अद्वयानन्दरसानुभावकः** = અદ્વિતીય બ્રહ્માનંદરસનો અનુભવ કરાવનારી
**सविकल्पवर्जितः** = નિર્વિકલ્પ
**समाधिः** = સમાધિ સિદ્ધ થાય છે.

આપણે વિચાર કર્યો કે સત્ત્વ, રજસ અને તમસ જેવા ગુણની અશુદ્ધિથી મન જ્યારે મુક્ત થાય છે, ત્યારે તે શુદ્ધ મન કહેવાય છે. પ્રસ્તુત શ્લોકમાં આવા શુદ્ધ મનને જ પરિપક્વ મન કહ્યું છે અને જણાવ્યું છે કે પરિપક્વ બનેલું મન, જ્યારે નિરંતર બ્રહ્મભાવનાનો અભ્યાસ કરે છે ત્યારે તેવું મન બ્રહ્મમાં લીન થઈ જાય છે અર્થાત્ બ્રહ્મ સાથે તદ્રૂપ બને છે. તે સમયે પોતાની મેળે જ અદ્વિતીય બ્રહ્માનંદરસનો અનુભવ કરાવનારી નિર્વિકલ્પ સમાધિ આપોઆપ સિદ્ધ થાય છે અર્થાત્ આત્માની શાશ્વત શાંતિ અનુભવાય છે.

(છંદ-ઉપજાતિ)

**समाधिनानेन समस्तवासना-**
**ग्रन्थेर्विनाशोऽखिलकर्मनाशः ।**
**अन्तर्बहिः सर्वत एव सर्वदा**
**स्वरूपविस्फूर्तिरयत्नतः स्यात् ॥३६४॥**

**अनेन समाधिना** = આ નિર્વિકલ્પ સમાધિથી
**समस्तवासनाग्रन्थेः** = સમસ્ત વાસનારૂપી ગ્રંથિનો
**विनाशः** = વિનાશ થાય છે.

| | |
|---|---|
| अखिलकर्मनाशः | = (અને) બધાં કર્મોનો નાશ પણ થાય છે. |
| अन्तः बहिः सर्वतः एव | = અંદર, બહાર (અને) સર્વત્ર |
| सर्वदा | = સદાને માટે |
| अयत्नतः | = અનાયાસે |
| स्वरूप–विस्फूर्तिः | = આત્મસ્વરૂપનું સ્ફુરણ |
| स्यात् | = થાય છે. |

સૂક્ષ્મ બુદ્ધિ કે શુદ્ધ મનની મદદથી જે નિર્વિકલ્પ સમાધિ સંભવ બને છે તેનું અત્રે ફળ જણાવાયું છે.

**"समाधिनानेन समस्तवासना ग्रन्थेर्विनाशोऽखिलकर्मनाशः ।"**

શુદ્ધ મન કે સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા થતી નિર્વિકલ્પ સમાધિથી જે અદ્વિતીય આત્માનું જ્ઞાન થાય છે, તેવા જ્ઞાનાગ્નિમાં સંપૂર્ણ વાસનાગ્રંથિ ભસ્મ થાય છે અર્થાત્ વાસનાઓ નિઃશેષ થતાં નથી રહેતું વાસનાનું બંધન કે વાસનાની તૃપ્તિ માટે પુનર્જન્મનું ચક્ર. તે જ ન્યાયે, સમજવાનું કે જ્ઞાનાગ્નિમાં તમામ કર્મો ભસ્મીભૂત થવાથી, નથી કર્તવ્યકર્મનો નશો કે નથી અધૂરાં કર્મની ચિંતા, નથી નિત્ય કર્મનું વળગણ કે નૈમિત્તિક કર્મનો અજંપો, નથી સંચિત કર્મનો ભય કે આગામી કર્મની અકળામણ. આમ, નિર્વિકલ્પ સમાધિના પરમ પાવન પરિણામમાં વાસના અને કર્મના તમામ દર્દો, વિઘ્નો કે બંધનો નષ્ટ થાય છે. એટલું જ નહીં, પરંતુ સર્વ વિઘ્નો કે વિક્ષેપોની નિવૃત્તિમાં અંદર અને બહાર સર્વત્ર સદાને માટે વિના પ્રયત્ને આત્મસ્વરૂપનો જ્ઞાનરૂપી પ્રકાશ જ અનુભવાય છે. તેથી કદાપિ અજ્ઞાનના તિમિરમાં અથડાવવાનો કે ભટકવાનો પ્રસંગ જ આવતો નથી. આમ, અજ્ઞાન, કર્મ અને વાસનાથી સદંતર મુક્તિ જ નિર્વિકલ્પ સમાધિનું અનાદિ–અનંત ફળ છે.

(છંદ–અનુષ્ટુપ)

**श्रुतेःशतगुणं विद्यान्मननं मननादपि ।**
**निदिध्यासं लक्षगुणमनन्तं निर्विकल्पकम् ॥३६५॥**

| | |
|---|---|
| **श्रुतेः मननं शतगुणम् विद्यात्** | = વેદાન્તશાસ્ત્રના શ્રવણ કરતાં એનું મનન સો ગણું ઉત્તમ જાણવું |
| **मननात् अपि निदिध्यासम् लक्षगुणम्** | = મનન કરતાં પણ નિદિધ્યાસન લાખ ગણું ઉત્તમ જાણવું |
| **अनन्तं निर्विकल्पकम्** | = (અને)નિર્વિકલ્પ સમાધિ અનંત ગણી (ઉત્તમ જાણવી.) |

સમાધિના વિવેચન દરમ્યાન તેનું શ્રેષ્ઠત્વ સમજાવવા માટે આત્મસાક્ષાત્કારના સાધનોની સરખામણીમાં અનુક્રમે અન્યોન્યથી ચઢતી કક્ષાના સાધનો દર્શાવવામાં આવ્યા છે. છતાં તત્ત્વાર્થે તો કોઈ પણ સાધનનું અવલંબન આત્મસિદ્ધિ માટે અંતે તો નિરર્થક થતું હોય છે. તેમ છતાં અમુક હદ સુધી અર્થાત્ અંતઃકરણની શુદ્ધિ સુધી તેવા સૌ સાધનો કામ આવે છે. તેમ છતાં આત્મજ્ઞાનને પંથે પ્રત્યેક મુમુક્ષુ પોતાનો અધિકાર જાણી સમજી અને યોગ્ય સાધનનો પોતાની કક્ષા મુજબ ઉપયોગ કરી શકે છે.

**"श्रुतेः शतगुणं विद्यात् मननम् ।"** "શ્રવણ કરતાં મનન સો ગણું ઉત્તમ છે." તેથી સમજવું કે આત્મસ્વરૂપનું મનન મુમુક્ષુને શ્રવણની સરખામણીમાં સો ગણું ઉત્તમ ફળ આપે છે. તેનો અર્થ એવો નથી કે શ્રવણ નકામું છે. કારણ કે જેણે શાસ્ત્રશ્રવણ જ ન કર્યું હોય તે મનનનો અધિકારી થઈ શકે નહીં. વેદાન્તશાસ્ત્રના શ્રવણ દ્વારા જ આત્માના સ્વરૂપ અને તટસ્થ લક્ષણોનો ખ્યાલ આવે છે અને આત્મજ્ઞાન સંદર્ભમાં વિચારોની શુદ્ધિ કે સ્પષ્ટતા થાય છે. આવી વિચારોની શુદ્ધિ વિના (WITHOUT CLARITY OF THOUGHT) મનન દ્વારા કરવામાં આવતું વિચારોનું સાતત્ય (CONSISTANCY OF THOUGHT) સંભવી શકે નહીં. આત્મસાક્ષાત્કાર માટે વિચારોની શુદ્ધિ અને સાતત્ય બન્ને આવશ્યક છે. તેથી શ્રવણ નિરર્થક છે એવું સમજવાની કોઈએ ભૂલ ન કરવી. આ તો એક જ સીડીના ઊંચે લઈ જતાં વિભિન્ન પગથિયાંરૂપે અત્રે શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સમાધિ જેવા સાધનોનો ક્રમ જણાવવામાં આવ્યો છે. જો સીડીનું શ્રવણરૂપી પ્રથમ

પગથિયું જ મજબૂત ન હોય તો બીજા કે ત્રીજા પગથિયે જવાનો પ્રશ્ન જ રહેતો નથી. શ્રવણમાં જ શંકાના કાણાં હોય, તો છિદ્રોવાળું પગથિયું આગળ જતાં પૂર્વે તૂટી પડે. તેથી સમજવું કે તે મુમુક્ષુના માથા ઉપર મૂકેલા ઉપરાઉપરી ચાર ઘડા છે. તેમાં સૌથી ઉપર સમાધિ, ત્યારબાદ નીચે ઉતરતાં નિદિધ્યાસન, મનન અને શ્રવણ છે. પરંતુ મુમુક્ષુના માથા પર સૌથી પ્રથમ જે ઘડો છે તે શ્રવણનો છે અને શ્રવણરૂપી ઘડા ઉપર, ઉપરાઉપરી ત્રણ અન્ય ઘડા છે. જો શ્રવણરૂપી પ્રથમ ઘડો બરોબર ગોઠવાયેલો ન હોય તો ઉપરના ત્રણેય માટલા નીચે પડે છે માટે શ્રવણનો પાયો મજબૂત હોવો જોઈએ. તો જ સમાધિની સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે. વેદાન્તશ્રવણ, આચાર્ય કે સદ્‌ગુરુની કૃપાએ તેમના સાંનિધ્યમાં થતું હોય ત્યારે, આત્માના સ્વરૂપ વિષેની અને સાધન કે સાધનાના સંદર્ભમાં ઉઠતી શંકાઓનું સમાધાન થાય છે અને શ્રદ્ધા પ્રબળ બને છે. પરંતુ ચિત્તને એક દિશામાં સ્થિર રાખી, એકતાનતા પ્રાપ્ત કરવા માટે વિચારોનું સાતત્ય આવશ્યક છે. જે મનન દ્વારા શક્ય છે. મનનમાં અન્ય કોઈની હાજરી નહીં હોવાથી અને ઓછી ઇન્દ્રિયો કાર્યશીલ હોવાથી, વધુ એકાગ્રતા જોવા મળે છે. ઉપરાંત, માત્ર ચિત્ત કે મન જ આત્માના વિચારમાં કે સ્વસ્વરૂપના સંશોધનમાં સંલગ્ન થયું હોવાથી, ત્યાં અનુભવનું ક્ષેત્ર સીમિત બને છે. માટે વિચારોનો પ્રવાહ માત્ર આત્મદિશામાં સહેલાઈથી આગળ વધી શકે છે અને વિક્ષેપો ધીરે ધીરે ઘટતા જાય છે. માટે કહ્યું છે કે શ્રવણ કરતા મનન, આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સો ગણું ઉત્તમ છે.

**"मननादपि निदिध्यासं लक्षगुणं (विद्यात्)"** આત્મસ્વરૂપનું મનન કે ચિંતન, શ્રવણની સરખામણીએ શ્રેષ્ઠ ખરું, પરંતુ મનન કરતાં નિદિધ્યાસન લાખ ગણું ઉત્તમ છે. ચિંતન કે મનન દ્વારા નિઃસંદેહ એકાગ્રતા વધે છે. આત્મસ્વરૂપ તરફની નિશ્ચિત દિશા નક્કી થાય છે, વિચારોના સાતત્યમાં વૃદ્ધિ થાય છે, છતાં વિજાતીય વૃત્તિપ્રવાહને રોકવા માટે અથવા અનાત્માના વિચારોની નિવૃત્તિ માટે નિદિધ્યાસન અનિવાર્ય સાધન છે. નિદિધ્યાસનમાં સજાતીય વૃત્તિપ્રવાહની અર્થાત્ માત્ર આત્માના જ વિચારોની અસ્ખલિત

આવૃત્તિ કરવામાં આવે છે અને તેમાં સરળતા માટે માટે વિજાતીય વૃત્તિપ્રવાહની તિરસ્કૃતિ થતી હોય છે. આમ, ચિત્ત ધીરે ધીરે તૈલધારાવત અવિરત કે અખંડ રીતે આત્મચિંતન કરે છે અને તેમાં તદાકાર થાય છે. તેથી આવા ચિંતનમાં ચિત્ત સ્વયં પોતાનું અવલંબન છોડે છે અને તેની વૃત્તિઓને ત્યાગી, પોતાને આત્મસ્વરૂપ માનવા લાગે છે. આવી રીતે નિદિધ્યાસનમાં ચિત્તના વિચારોથી જ કે આલંબનથી જ આત્મચિંતન થતું હોય છે. છતાં તેવું આલંબન જ અંતે ત્યજાય છે અને નિરાલંબ જેવી આત્મસ્થિતિ અનુભવાય છે. આમ, આત્મસાક્ષાત્કાર માટેનું અવલંબન શૂન્યવત કે સાધનનિરપેક્ષત્વ નિદિધ્યાસનમાં જણાય છે. તેથી તેને મનન કરતાં ઉત્તમ ગણાયું છે. શ્રુતિએ પણ તેનું મહત્ત્વ સમજાવતાં ઉપદેશ આપ્યો છે કે આત્મસાક્ષાત્કાર માટે નિદિધ્યાસન કરવું જોઈએ. **"आत्मा वा रे दृष्टव्यः श्रोतव्यः मंतव्यः निदिध्यासितव्यः ।"**

**"निदिध्यासं अनन्तं निर्विकल्पकम् ।"**

**(निदिध्यासनात् अपि निर्विकल्पसमाधिः अनंतगुणम् ।)**

"નિદિધ્યાસન કરતાં નિર્વિકલ્પ સમાધિ અનંત ગણી ઉત્તમ છે." સંકલ્પવિકલ્પથી નિર્મુક્ત બનેલી તથા તમામ પદાર્થાકાર વૃત્તિઓનું કે અનાત્માના વિચારોનું જે દશામાં આત્યંતિક વિસ્મરણ થયેલું હોય અર્થાત્ જે આત્મદશામાં નથી વૃત્તિઓનો વ્યવહાર, વિચારોનું આવાગમન કે શંકા-સંદેહનો ઉહાપોહ કે નથી વાસના વંટોળનો વિક્ષેપ; તેવી અખંડ આત્મસ્થિતિને નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવે છે. આવી સહજ સમાધિમાં નથી કોઈ સજાતીય વૃત્તિપ્રવાહનો પ્રયત્ન કે વિજાતીય વૃત્તિપ્રવાહના નિષેધનો પુરુષાર્થ. માટે નિર્વિકલ્પ સમાધિમાં પુરુષાર્થશૂન્યતા, પ્રયત્નરાહિત્ય જોવા મળે છે. જેને આત્મસ્વરૂપની સરળ, સહજ, સ્વાભાવિક ઉદય-અસ્ત વિનાની આત્મસ્થિતિ કે સ્વરૂપાવસ્થા કહેવામાં આવે છે, જ્યાં દ્વૈતની ગંધ કે દ્વંદ્વના કોલાહોલની કલ્પના પણ હોતી નથી. વાયુ કે તરંગ વગરના જળાશય જેવી નિરાલંબ આત્મસ્થિતિ એટલે જ નિર્વિકલ્પ સમાધિ. જેને આવી સહજ સ્થિતિ સંપન્ન છે, તે સર્વબંધનોથી છૂટેલો સર્વ સાધના, સાધન અને સિદ્ધિની ભ્રાંતિથી

મુક્ત થયેલો મહાન ભાગ્યશાળી છે. તેથી જ નિર્વિકલ્પ સમાધિને સર્વ સાધનોમાં ઉત્તમ કે શ્રેષ્ઠ જણાવવામાં આવે છે.

(છંદ–રથોદ્ધતા)

**निर्विकल्पकसमाधिना स्फुटं**
**ब्रह्मतत्त्वमवगम्यते ध्रुवम् ।**
**नान्यथा चलतया मनोगतेः**
**प्रत्ययान्तरविमिश्रितं भवेत् ॥३६६॥**

**निर्विकल्पकसमाधिना** = નિર્વિકલ્પ સમાધિ દ્વારા
**ध्रुवम्** = નિશ્ચિત રૂપે
**ब्रह्मतत्त्वम्** = બ્રહ્મતત્ત્વ
**स्फुटम्** = સ્પષ્ટ
**अवगम्यते** = જાણી શકાય છે.
**न अन्यथा** = બીજી કોઈ રીતે નહીં
**मनोगतेः चलतया** = મનની ગતિ ચંચળ હોવાથી
**प्रत्ययान्तरविमिश्रित्** = (સમાધિ સિવાય બીજી અવસ્થાઓમાં) બીજા વિચારોથી મિશ્રિત
**भवेत्** = રહે છે.

(છંદ–ઉપજાતિ)

**अतः समाधत्स्व यतेन्द्रियः सन्**
**निरन्तरं शान्तमनाः प्रतीचि ।**
**विध्वंसय ध्वान्तमनाद्यविद्यया–**
**कृतं सदेकत्वविलोकनेन ॥३६७॥**

**अतः** = માટે
**यतेन्द्रियः** = ઇન્દ્રિયોને વશ કરી
**निरन्तरम्** = નિરંતર

| | |
|---|---|
| **शान्तमनाः सन्** | = શાન્ત મનવાળો થઈ |
| **प्रतीचि** | = અંતરાત્મામાં |
| **समाधत्स्व** | = સમાધિસ્થ થઈ |
| **सदेकत्व–विलोकनेन** | = જીવ–બ્રહ્મના ઐક્ય દર્શન દ્વારા |
| **अनादि–अविद्यया–कृतम्** | = અનાદિ અવિદ્યાજન્ય |
| **ध्वान्तम्** | = અજ્ઞાનમય આવરણનો |
| **विध्वंसय** | = નાશ કર. |

સમાધિની વિચારણાનું હવે બે શ્લોક દ્વારા સમાપન કરતાં જણાવે છે કે નિર્વિકલ્પ સમાધિ દ્વારા નિશ્ચિતરૂપે બ્રહ્મતત્ત્વ સ્પષ્ટ રીતે જાણી શકાય છે. અન્ય કોઈ રીતે જાણી શકાતું નથી. મન અતિ ચંચળ હોવાથી વારંવાર બ્રહ્મતત્ત્વને છોડી, ઇતર જડ વિષયો પ્રત્યે ચાલ્યું જતું હોય છે. માત્ર નિર્વિકલ્પ સમાધિની દશામાં જ મન, આંદોલન રહિત અને વિક્ષેપથી મુક્ત થઈ, બ્રહ્મતત્ત્વમાં તદ્રૂપ થાય છે. માટે સમાધિ સિવાય બીજી કોઈ પણ રીતે બ્રહ્મતત્ત્વને જાણવાનો જો પ્રયત્ન થાય, તો તેવા પ્રયત્નમાં મન અન્ય વિચારોથી મિશ્રિત હોય છે. તેથી બ્રહ્મતત્ત્વ પણ શુદ્ધ કે સ્પષ્ટ ન જણાતાં મિશ્રિત જ્ઞાનવાળું જણાય છે.

આથી જણાવાયું છે કે ઇન્દ્રિયોને વશ કરી, નિરંતર વિક્ષેપ રહિત મનવાળા થઈ, અંતરાત્મામાં ચિત્ત કે મનને સ્થિર કરવું. ચિત્ત કે મનને સ્થિર કરી બ્રહ્મમાં આત્માના એકત્વનું દર્શન કરવું તથા અનાદિ અવિદ્યાથી ઉત્પન્ન થયેલા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવો જોઈએ.

આ પ્રમાણે અનાદિ અવિદ્યાથી ઉત્પન્ન થયેલા આવરણ કે અંધકારનો નાશ કરવો અને જીવ–બ્રહ્મનું એકત્વ પ્રતિપાદિત કરી અભેદનું દર્શન કરાવવું કે અદ્વૈતાનુભૂતિ કરાવવી, તે જ નિર્વિકલ્પ સમાધિનું અંતિમ ધ્યેય છે. તેથી મુમુક્ષુને માટે સમાધિ મહત્વનું સાધન છે.

(છંદ–અનુષ્ટુપ)

**योगस्य प्रथमं द्वारं वाङ्निरोधोऽपरिग्रहः ।**
**निराशा च निरीहा च नित्यमेकान्तशीलता ॥३६८॥**

**वाङ्निरोधः** = વાણીને નિયમમાં રાખવી,
**अपरिग्रहः** = કોઈ વસ્તુનો સંગ્રહ ન કરવો,
**निराशा च** = કોઈની આશા રાખવી નહીં,
**निरीहा च** = સર્વ ઈચ્છાઓનો પરિત્યાગ, (અને)
**नित्यम्** = નિત્ય
**एकान्तशीलता** = એકાંતવાસ
**योगस्य प्रथमं द्वारम्** = એ યોગનું પ્રથમ દ્વાર છે.

## યોગ નિરૂપણ

યોગની પ્રક્રિયામાં પ્રવેશ મેળવવા માટે કેવો અધિકાર જોઈએ અને કયા કયા લક્ષણોની આવશ્યકતા છે તેનો ક્રમવાર ચિતાર પાંચ શ્લોક દ્વારા સમજાવવામાં આવ્યો છે.

વાણીને નિયમમાં રાખવી, અપરિગ્રહી થવું, કામના કે ઈચ્છાઓનો ત્યાગ કરવો અને નિત્ય એકાન્તવાસ, એ યોગનું પ્રથમ દ્વાર છે. ક્યારે બોલવું અને ક્યારે મૌન રહેવું એ એક આગવી કળા છે કારણ કે શસ્ત્રના ઘા તો સમયમાં રુઝાય છે પરંતુ શબ્દબાણ દ્વારા પડેલા ઘા વેરની વસૂલાત ન થાય ત્યાં સુધી રુઝાતા નથી. તે માટે મહાભારતમાં દ્રૌપદીનું દૃષ્ટાંત ખૂબ પ્રખ્યાત છે. તેણે દુર્યોધનને માત્ર એટલું જ કહેલું કે ‘આંધળાના છોકરાં આંધળા જ હોય છે.’’ પણ તેવા શબ્દબાણથી ઘવાયેલા દુર્યોધને ભરસભામાં દ્રૌપદીને નિર્વસ્ત્ર ન કરી ત્યાં સુધી તેના ઘા રુઝાયા નહીં. આમ, વ્યવહારમાં પણ વાણીનું નિયંત્રણ ઈચ્છવા યોગ્ય છે, તો પરમાર્થમાં તેની આવશ્યકતા હોય તેમાં તો અતિશયોક્તિ નથી જ. માટે જ અત્રે વાણીનો નિરોધ મુમુક્ષુને ઉપદેશવામાં આવ્યો છે. આત્મજ્ઞાન કે મોક્ષ સંદર્ભે વિચારવું કે કોઈ પણ જાતનો વાર્તાલાપ, સંવાદ કે ભાષણ જો

અંતઃકરણ શુદ્ધિ માટે ઉપયોગી ન હોય તો તેને માત્ર વાણીનો વ્યર્થ શ્રમ સમજી તેનો ત્યાગ કરવો જ મુમુક્ષુનું પ્રથમ કર્તવ્ય છે. ઉપરાંત શાસ્ત્રવાસના કે પ્રવચનની વાસના પણ આત્મસાક્ષાત્કારમાં વિઘ્ન છે, તેમ સમજી અંતે તેવા સાધનરૂપી આલંબનનો પણ ત્યાગ કરવો જોઈએ કારણ કે આત્મવસ્તુ વાચાતીત હોવાથી અને અવર્ણનીય હોવાથી વાણી દ્વારા ન તો પ્રાપ્ત થાય કે ન તો વાણી દ્વારા તેની અભિવ્યક્તિ થઈ શકે. માટે વ્યર્થ સમય અને શક્તિનો ખર્ચ કરી ભાષણ આદિ કરવું તે કરતાં આત્મવિચારણા અર્થે મૌન રહેવું અને નિત્ય મનન કરી મુનિ થવું જ શ્રેષ્ઠ છે. તેમ કરતાં કરતાં વાસનાઓનો ત્યાગ કરી આત્મસ્વરૂપમાં શાંત થવા રૂપી તાત્ત્વિક મૌનને ગ્રહણ કરવું તે જ ઇચ્છનીય છે. માટે જ શ્લોકમાં ઉપદેશ્યું છે કે "**निराशा च निरीहा** " અર્થાત્ વાણી અને મનનું મૌન રાખી આશા, અપેક્ષા રહિત થવું અને સર્વ ઇચ્છાઓના ત્યાગી થવું.

જે કોઈ આશા, અપેક્ષા અને ઇચ્છાથી વિમુક્ત થાય છે તેને કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરવાની વાસના હોતી નથી. કારણ કે તેનામાં અસુરક્ષાની ભાવના નથી માટે અત્રે અપરિગ્રહી થવાનો ઉપદેશ પણ અપાયો છે. પોતાના પ્રારબ્ધ ઉપર વિશ્વાસ રાખી અચળ રહેવું કે 'જે સમયે જે પૂર્વનિશ્ચિત છે, પ્રારબ્ધગત છે તે મળશે જ. માટે વ્યર્થ સંગ્રહખોરીમાં સમય બરબાદ ન કરવો અને આવી રીતે વાણી અને મનનું મૌન રાખી ફાજલ પડતો સમય તથા વસ્તુસંગ્રહની કુટેવથી બચી, બચાવેલો સમય એકાંતમાં રહી, આત્મવિચારણા માટે વાપરવો, તેને જ યોગપ્રવેશની પૂર્વતૈયારીનું પ્રથમ પગથિયું કે દ્વાર કહેલું છે.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**एकान्तस्थितिरिन्द्रियोपरमणे हेतुर्दमश्चेतसः**
**संरोधे करणं शमेन विलयं यायादहंवासना ।**
**तेनानन्दरसानुभूतिरचला ब्राह्मी सदा योगिनः**
**तस्माच्चित्तनिरोध एव सततं कार्यः प्रयत्नान्मुनेः ॥३६६॥**

**इन्द्रिय–उपरमणे** = ઇન્દ્રિયોને વશ કરવામાં
**एकान्तस्थितिः** = એકાન્તવાસ (કારણ છે.)
**चेतसः संरोधे हेतुः** = ચિત્તના નિરોધનું કારણ
**दमः करणम्** = ઇન્દ્રિય દમન છે.
**अहं वासना विलयं शमेन यायात्** = અહંકારની વાસનાનો વિલય શમથી થાય છે.
**तेन योगिनः** = (અને) તેનાથી (અહંકારના વિલયથી) યોગીને
**सदा अचला ब्राह्मी** = અચલ બ્રાહ્મીસ્થિતિમાં
**आनन्दरसानुभूतिः** = આનંદરસનો અનુભવ થાય છે.
**तस्मात्** = માટે
**मुनेः चित्तनिरोधः एव**= મુનિએ ચિત્તનો નિરોધ જ
**सततं प्रयत्नेन कार्यः** = સતત પ્રયત્નપૂર્વક કરવો.

પૂર્વ શ્લોકના સંદર્ભમાં જણાવાયેલું છે કે એકાન્તવાસ ઇન્દ્રિયોને વશ કરવામાં મદદરૂપ થાય છે. કારણ કે ત્યાં ઇન્દ્રિયોને વિષયભ્રમણ માટે મુક્તવિહારની સગવડતા અને સંજોગ પૂરતા પ્રમાણમાં નહીં મળવાથી તેમનું બહિર્ગમન ઓછું થાય છે અને તેથી ઓછા વિક્ષેપ જોવા મળે છે. એટલું જ નહીં, પણ ઇન્દ્રિયો ઘણી વાર બળજબરીથી મનને પણ વિષયભોગમાં ખેંચી જાય છે તેથી મન પણ ચંચળ બને છે અને ચંચળ મન આત્મચિંતન કે મનન માટે કદી એકાગ્ર થઈ શકે નહીં. માટે જ એકાંતસેવનને મહત્ત્વ અપાયું છે અને ઉપદેશ આપવામાં આવ્યો છે કે મુમુક્ષુએ પ્રારંભમાં ઇન્દ્રિયો અને મનને વશ કરવા માટે એકાંતસેવન કરવું જોઈએ.

એકાંતસેવનથી શમ અને દમ પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં, પરંતુ અહંકારની વાસનાઓનો પણ નાશ થાય છે અને તેના પરિણામે યોગી કે મુનિને અચલ બ્રહ્માનંદરસનો અનુભવ થાય છે. માટે મનનશીલ સાધકે અથવા મુનિએ ચિત્તની વૃત્તિઓનો, ચિત્તના વિષયભ્રમણનો, ચિત્તના

ઇન્દ્રિયસંગનો પ્રયત્નપૂર્વક નિષેધ કે નિરોધ કરવો આવશ્યક નહીં બલકે અનિવાર્ય છે.

(છંદ-ઉપજાતિ)

**वाचं नियच्छात्मनि, तं नियच्छ**
**बुद्धौ,धियं यच्छ च बुद्धिसाक्षिणि ।**
**तं चापि पूर्णात्मनि निर्विकल्पे**
**विलाप्य शान्तिं परमां भजस्व ॥३७०॥**

| | |
|---|---|
| **वाचं आत्मनि नियच्छ** | = વાણીનો મનમાં નિરોધ કર, |
| **तं बुद्धौ नियच्छ** | = તે (મન)નો બુદ્ધિમાં નિરોધ કર, |
| **धियं च बुद्धिसाक्षिणि यच्छ** | = બુદ્ધિનો પણ બુદ્ધિના સાક્ષીમાં નિરોધ કર. |
| **च तं अपि** | = અને તે (સાક્ષી)નો પણ |
| **निर्विकल्पे** | = નિર્વિકલ્પ, |
| **पूर्णात्मनि** | = પૂર્ણાત્મામાં |
| **विलाप्य** | = વિલય કરીને |
| **परमां शान्तिम्** | = પરમ શાન્તિને |
| **भजस्व** | = પ્રાપ્ત કર. |

શાશ્વત શાંતિ પ્રાપ્ત કરવા માટે શિષ્યને સૂત્ર આપવામાં આવે છે કે વાણીનો મનમાં , મનનો બુદ્ધિમાં અને બુદ્ધિનો સાક્ષી આત્મામાં તથા તે સાક્ષીનો નિર્વિકલ્પ બ્રહ્મમાં વિલય કરીને તું શાંતિને પ્રાપ્ત થા.

આવા સૂત્રથી સ્પષ્ટ છે કે બહિર્મુખી બનાવનારી કે વ્યર્થ શ્રમ જેવી વાણીનો નિરોધ કરી, તેને મન દ્વારા પ્રગટ થતાં પૂર્વે જ થંભાવી દેવી. વાણી જ જગતના ભેદ સર્જે છે અને ભેદદર્શનમાં લઈ જાય છે. માટે તેને દૃશ્યપ્રપંચથી પાછી બોલાવવી જ ઇષ્ટ છે. તે જ પ્રમાણે મનને ઇન્દ્રિયોના સંગમાં વિષયભ્રમણ કે ભોગ માટે ભ્રમણ કરવાની સહજવૃત્તિ હોવાથી, મનને

અંતર્મુખી બનાવવા માટે તેને ઇન્દ્રિયોનો સંગ છોડાવી પાછું બોલાવવું જરૂરી છે. કારણ કે બહિર્ગમન કરનારું મન વધુ ચંચળ અને અશાંત બને છે. માટે જો તેને વિક્ષેપરહિત કરવું હોય તો તેની વિષયદોટ થંભાવી તેને બુદ્ધિમાં સ્થિત કરવું જોઈએ. આ પ્રમાણે વાણીનો મનમાં, મનનો બુદ્ધિમાં અને સારાખોટા નિર્ણય કરનારી બુદ્ધિનો સાક્ષી આત્મામાં વિલય કરવો જોઈએ. કારણ કે 'હું સાક્ષી છું' તેવું સૂક્ષ્મ અભિમાન પણ જીવાત્માને રહેવું જોઈએ નહીં. તેથી જો કોઈ મુમુક્ષુ 'હું સાક્ષી છું', 'ત્યાગી છું ', 'જ્ઞાની છું', 'નિષ્કામ કર્મયોગી છું,' 'મુનિ છું,' એવા કોઈ પણ જાતના અભિમાનથી પીડાતો હોય તો તેવા અહંકારનો પણ વિલય કરવો જોઈએ. તત્ત્વાર્થે તો નિર્વિકલ્પ બ્રહ્મ સાથે અભેદ અનુભવ થવાથી જીવ-બ્રહ્મ ઐક્યનું જ્ઞાન થતાં ત્યાં દ્વૈતપ્રપંચ બચતો જ નથી અર્થાત્ આત્મજ્ઞાનમાં નથી ઇન્દ્રિયોના વિષય કે નથી મનની કાલ્પનિક સૃષ્ટિ કે નથી ત્યાં બુદ્ધિના તર્ક-વિતર્ક જેવા વિષયો. આમ, જે જ્ઞાનમાં મન, વાણી, બુદ્ધિ કે ઇન્દ્રિયો વિહાર કરી શકે તેવું વિશ્વ જ જો અસ્તિત્વમાં નથી, તો તેનો સાક્ષી ક્યાં? જો દૃશ્ય સૃષ્ટિ જ નથી, તો દૃષ્ટા કેવો? જો કંઈ જ્ઞેય નથી, તો જ્ઞાતા ક્યાં? તે જ ન્યાયે સાક્ષ્ય જેવું દ્વૈત જગત જ નથી, તો સાક્ષી કેવો? મન, બુદ્ધિ કે ઇન્દ્રિયો જ નથી, તો સાક્ષી કેવો? આમ, અત્રે સ્પષ્ટ જ કહ્યું છે કે સાક્ષી જીવાત્માનો નિર્વિકલ્પ બ્રહ્મમાં વિલય કરીને હે મુમુક્ષુ ! તું શાંતિને પ્રાપ્ત થા.

(છંદ-અનુષ્ટુપ)

**देहप्राणेन्द्रियमनोबुद्ध्यादिभिरुपाधिभिः ।**
**यैर्यैर्वृत्तेः समायोगस्तत्तद्भावोऽस्य योगिनः ॥३७१॥**

**देह–प्राण–इन्द्रिय–मनः** = શરીર, પ્રાણ, ઇન્દ્રિય, મન,
**बुद्ध्यादिभिः उपाधिभिः** = બુદ્ધિ વગેરે ઉપાધિઓ સાથે
**यैः यैः वृत्तेः समायोगः** = જે જે વૃત્તિથી જોડાય છે.
**तत् तत् भावः** = તે તે ભાવ
**अस्य योगिनः** = આ યોગીને પ્રાપ્ત થાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**तन्निवृत्त्या मुनेः सम्यक् सर्वोपरमणं सुखम् ।**
**संदृश्यते सदानन्दरसानुभवविप्लवः ॥३७२॥**

| | |
|---|---|
| **तत् निवृत्त्या सम्यक्** | = તે (બધી ઉપાધિઓ)થી સારી રીતે નિવૃત્ત થવાથી |
| **मुनेः** | = મુનિને |
| **सर्वोपरमणं सुखम्** | = પૂર્ણ ઉપરતિનું સુખ (અને) |
| **सदानन्दरसानुभव–विप्लवः** | = સદા બ્રહ્માનંદરસના અનુભવની ભરતીનો |
| **संदृश्यते** | = (અનુભવ થતો) જણાય છે. |

શરીર, પ્રાણ, મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો આદિ ઉપાધિઓ સાથે જો ચિત્તની વૃત્તિ જોડાય, તો તેવી તેવી ઉપાધિના ભાવને યોગી પ્રાપ્ત થાય છે. અર્થાત્ હું શરીર આદિ છું, તેવું ખોટું તાદાત્મ્ય ઊભું કરી, અજ્ઞાનમાં યોગી આત્મસ્વરૂપે નિરુપાધિક હોવા છતાં પોતાને ઉપાધિવાળો માની આધિ, વ્યાધિ અને ઉપાધિના બંધનમાં પડે છે.

માટે યોગનિરુપણનો ઉપસંહાર કરતાં દર્શાવ્યું છે કે બધી જ અનાત્માની ઉપાધિઓમાંથી સંપૂર્ણ રીતે મનનશીલ સાધક કે મુનિએ નિવૃત્ત થવું જોઈએ. ઉપાધિની નિવૃત્તિ થવાથી જ અગર સર્વ ઉપાધિઓથી ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવાથી મુનિ કે યોગીને સંપૂર્ણ ઉપરતિનું સુખ અને શાશ્વત બ્રહ્માનંદરસના અનુભવની ભરતીની અનુભૂતિ થાય છે. માટે જ સર્વ ઉપાધિઓમાં સંલગ્ન થતી ચિત્તની વૃત્તિઓને રોકવારૂપી યોગ કરવો અનિવાર્ય છે. ઉપાધિથી મુક્તિ જ નિરુપાધિક બ્રહ્મની અપરોક્ષ અનુભૂતિ છે.

(છંદ-અનુષ્ટુપ)

**अन्तस्त्यागो बहिस्त्यागो विरक्तस्यैव युज्यते ।**
**त्यजत्यन्तर्बहिः संगं विरक्तस्तु मुमुक्षया ॥३७३॥**

| | |
|---|---|
| विरक्तस्य एव | = જેને વૈરાગ્ય ઉપજયો હોય તે જ |
| अन्तः त्यागः | = અંદરની વાસનાઓનો ત્યાગ |
| बहिः त्यागः | = (અને) બહારના (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ,ગંધ) વિષયોનો ત્યાગ |
| युज्यते | = કરી શકે છે. |
| विरक्तः तु | = વિરક્ત જ |
| मुमुक्षया | = મોક્ષની ઇચ્છાથી |
| अन्तः बहिः संगम् | = અંદર તથા બહારનો સંગ |
| त्यजति | = ત્યજે છે. |

(છંદ-અનુષ્ટુપ)

**बहिस्तु विषयैः संगं तथान्तरहमादिभिः ।**
**विरक्त एव शक्नोति त्यक्तुं ब्रह्मणि निष्ठितः ॥३७४॥**

| | |
|---|---|
| ब्रह्मणि | = બ્રહ્મમાં |
| निष्ठितः | = જેની નિષ્ઠા સ્થિર થઈ છે તેવો |
| विरक्तः एव | = વૈરાગ્યવાન જ |
| बहिः विषयैः | = બહારના વિષયો |
| तथा | = અને |
| अन्तः अहं आदिभिः | = અંદરના અહંકાર વગેરેના |
| संगम् | = સંગનો |
| त्यक्तुम् | = ત્યાગ કરવા |
| शक्नोति | = સમર્થ થાય છે. |

વૈરાગ્યરૂપી પરિપક્વતાથી જે પરમ પવિત્ર થઈ ચૂક્યો છે તે જ વાસના અને વિષયત્યાગનો અધિકારી થઈ શકે છે. તેવો વિરક્ત જ બ્રહ્મનિષ્ઠ થવાનું સામર્થ્ય ધરાવે છે. તેવું બે શ્લોક દ્વારા દર્શાવ્યું છે.

જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો હોય, તે જ અંદરના વિષયોની

વાસનાઓનો અર્થાત્ કામ, ક્રોધ, લોભ જેવા અંદરના આંતરિક શત્રુઓની વાસનાઓનો ત્યાગ કરી શકે છે. તદુપરાંત, વૈરાગ્યના બળથી જ બહારના ઇન્દ્રિયોના વિષય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ વગેરેનું ત્યાગ કરવાનું સામર્થ્ય પણ પ્રાપ્ત કરી શકે છે. આવો વૈરાગ્યવાન જ મોક્ષની પ્રબળ ઇચ્છાથી વાસના જેવા અંદરના અને ઇન્દ્રિયોના વિષયો જેવા બહારના પદાર્થોનો સંગ કે સમાગમ ત્યજી શકે છે.

આવી રીતે અંદર અને બહારના વિષયોની વાસનાનો ત્યાગી થયેલો નિર્વાસન અર્થાત્ નિષ્કામ, અકામ, આપ્તકામ, આત્મકામ થયેલો જ બ્રહ્મમાં નિષ્ઠાવાન થઈ બ્રહ્મનિષ્ઠ થઈ શકે છે અને તેવો બ્રહ્મનિષ્ઠ અને વૈરાગ્યવાન જ બહાર અને અંદરના વિષયોનો સંગ, સંઘાત કે સમાગમનો ત્યાગ કરવા સમર્થ થાય છે.

બ્રહ્મનિષ્ઠા દ્વારા જેને પોતાના અસંગ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, તેવો કદી બહારના ઇન્દ્રિયોના વિષય સાથે કે અંદરની વાસના તથા અહંકાર સાથે પોતાને સંગ કે સંબંધ છે, તેવું સ્વીકારી શકતો નથી. એટલું જ નહીં, પરંતુ વૈરાગ્યરૂપી અસંગશસ્ત્રના બળે જ એક ઝાટકે તમામ સંબંધ કે સંગનો ઉચ્છેદ કરી પોતાના અવિચ્છેદ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

(છંદ–ઉપજાતિ)

**वैराग्यबोधौ पुरुषस्य पक्षिवत्**
**पक्षौ विजानीहि विचक्षण त्वम् ।**
**विमुक्तिसौधाग्रतलाधिरोहणं**
**ताभ्यां विना नान्यतरेण सिद्ध्यति ॥३७५॥**

**विचक्षण त्वम्** = હે ચતુર પુરુષ ! તું
**पक्षिवत्** = પક્ષીની જેમ, (પક્ષીને જેમ બે પાંખો હોય છે તેમ)
**वैराग्य–बोधौ** = વૈરાગ્ય અને જ્ઞાન એમ

| | |
|---|---|
| **द्वौ पक्षौ** | = બે પાંખો |
| **पुरुषस्य** | = પુરુષને (હોય છે એમ) |
| **विजानीहि** | = જાણ. |
| **विमुक्ति–सौधाग्रतलाधिरोहणम्** | = વિમુક્તિરૂપી મહેલના છેક ઉપરના માળે ચઢવું |
| **ताभ्यां विना** | = તે બન્ને વિના |
| **न अन्यतरेण** | = બીજા કોઈ પણ સાધનથી |
| **सिद्ध्यति** | = શક્ય નથી. |

હે વિચારશીલ ! હે ચતુરસુજાણ ! હે વિદ્વાન ! વિચાર કર અને સમજ કે જેમ પક્ષીને બે પાંખો હોય છે અને તે બન્ને પાંખોની મદદથી જ ઊડી શકે છે. એક પાંખ કાપી નાંખવાથી તે ઊડી શકતું નથી. તે જ પ્રમાણે મનુષ્યને પણ વૈરાગ્ય અને જ્ઞાન જેવી બે પાંખો હોય તો જ તે મુક્તિરૂપી મહેલના અંતિમ શિખર પર આરોહણ કરી શકે છે. જો આ બેમાંની કોઈ પણ એક પાંખ તૂટી જાય તો પંખીની જેમ મનુષ્ય પણ મુક્તિરૂપી મહેલ ઉપર આરોહણ કરી શકે નહીં. તો પછી જે કોઈ અભાગિયો છે, ગુરુકૃપાથી વંચિત છે. જેને શાસ્ત્રનો સમાગમ નથી, પૂર્વના સંસ્કારવિહોણો છે, તેવો જ્ઞાન અને વૈરાગ્યની બન્ને પાંખોથી રહિત હોય, તેને માટે તો મુક્તિના મહેલની પાસે પહોંચવું પણ અશક્ય જ છે. મોક્ષ કે મુક્તિ માટે જ્ઞાન અને વૈરાગ્ય સિવાય અન્ય સાધનો તો નકામા અને નિરર્થક જ છે. માટે જ શ્લોકમાં ઉલ્લેખાયું છે કે "**ताभ्यां विना नान्यतरेण सिद्ध्यति** ।" "વૈરાગ્ય અને જ્ઞાન જેવા તે બે સાધન વિના અન્ય કોઈથી પણ મુક્તિરૂપી મહેલ ઉપર આરોહણ કરવું શક્ય નથી."

તાત્પર્યમાં, વૈરાગ્ય વગરનું જ્ઞાન પંગુ છે અને જ્ઞાન વિનાનો માત્ર વૈરાગ્ય અંધ છે. પરંતુ જો બન્નેનો સમ્યક્ સમન્વય થાય તો જ મુમુક્ષુની મુક્તિરૂપી મહેલના અંતિમ શિખર પર આરોહણ કરવાની તમન્ના સિદ્ધ થઈ શકે તેમ છે. માટે હે ચતુર પુરુષ ! નિત્ય નિરંતર વૈરાગ્ય અને જ્ઞાન

માટે જ પ્રયત્નશીલ થા અને બ્રહ્મવિદ્યાની દેવી ઉમાને પ્રાર્થના કર કે તને જ્ઞાન અને વૈરાગ્ય માટે સામર્થ્ય બક્ષે. તું જ્ઞાન અને વૈરાગ્યની જ ભિક્ષા પ્રાપ્ત કરવા તત્પર અને તૈયાર થા.

**"ज्ञानवैराग्य सिद्धयर्थं भिक्षां देही च पार्वति ।"**

(છંદ–ઉપજાતિ)

**अत्यन्तवैराग्यवतः समाधिः**
**समाहितस्यैव दृढप्रबोधः ।**
**प्रबुद्धतत्त्वस्य हि बन्धमुक्तिः**
**मुक्तात्मनो नित्यसुखानुभूतिः ॥३७६॥**

**अत्यन्त वैराग्यवतः** = તીવ્ર વૈરાગ્યવાનને જ
**समाधिः** = સમાધિ થાય છે.
**समाहितस्य एव** = (આવા) સમાધિસ્થને જ
**दृढप्रबोधः** = દૃઢ જ્ઞાન થાય છે.
**प्रबुद्धतत्त्वस्य हि** = જ્ઞાનથી જેણે આત્મતત્ત્વ જાણ્યું હોય તેને જ
**बन्धमुक्तिः** = સંસારના બંધનથી છૂટકારો થાય છે.
**मुक्तात्मनः** = (અને) બંધનમાંથી જે છૂટયો હોય તેને
**नित्यसुखानुभूतिः** = નિત્યાનંદનો અનુભવ થાય છે.

જે કોઈ દૃઢ વૈરાગ્યવાળો હોય અગર જેનો વૈરાગ્ય વિવેકજન્ય હોય, સ્મશાનજન્ય નહીં, તેવા વૈરાગ્યની પરિપક્વતાવાળાને જ નિર્વિકલ્પ સમાધિનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે અને તેવા સામર્થ્યથી જે કોઈ નિર્વિકલ્પ સમાધિને સંપન્ન થાય છે તેવાને સમાધિજન્ય દૃઢ, અપરોક્ષ જ્ઞાન થાય છે. તેવા નિઃસંદેહ આત્મબોધ દ્વારા જેને જીવ–બ્રહ્મ ઐક્યનું તત્ત્વ, સંસારનું મિથ્યાત્વ, પદાર્થોનું અનિત્યત્વ અને વિષયભોગનું નશ્વરત્વ કે પ્રાતિભાસિકત્વ જણાયું છે, તે જ સંસારના બંધનથી મુક્ત થાય છે અને તેવો મુક્ત આત્મા જ અતીન્દ્રિય, શાશ્વત સુખની અનુભૂતિ કરી શકે છે.

નિષ્કર્ષમાં યાદ રાખવું કે વૈરાગ્યની પ્રબળ પાંખ વિના મુક્તિની પરમ ગતિ કે તેનો ઉદય-અસ્ત રહિત આનંદ અનુભવી શકાય નહીં.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**वैराग्यान्नपरं सुखस्य जनकं पश्यामि वश्यात्मनः**
**तच्चेच्छुद्धतरात्मबोधसहितं स्वाराज्यसाम्राज्यधुक् ।**
**एतद्द्वारमजस्रमुक्तियुवतेर्यस्मात् त्वमस्मात्परम्**
**सर्वत्रास्पृहया सदात्मनि सदा प्रज्ञां कुरु श्रेयसे ॥३७७॥**

**वश्यात्मनः** = જેણે મન ઉપર વિજય મેળવ્યો હોય,
**वैराग्यात् न परं सुखस्य जनकम्** = તેને માટે વૈરાગ્યથી વધુ સુખકારક
**पश्यामि** = બીજું કાંઈ હું જોતો નથી.
**तत् चेत्** = (અને) તે પણ જો
**शुद्धतर–आत्मबोधसहितम्** = શુદ્ધતર આત્મજ્ઞાન સહિત હોય તો
**स्वाराज्यसाम्राज्यधुक्** = સ્વતંત્ર (આત્મ)સામ્રાજયનું સુખ આપે છે.
**यस्मात् एतद्** = કારણ કે આ (સુખ)
**मुक्तियुवतेः** = મુક્તિરૂપી યુવતીના
**अजस्रं द्वारम्** = વ્યયવિહીન સૌંદર્યદ્વાર સમાન છે.
**अस्मात्** = માટે
**श्रेयसे** = તારું કલ્યાણ થાય તે માટે
**सर्वत्र सदा अस्पृहया** = બધે, નિઃસ્પૃહ થઈને સદા
**सत् आत्मनि प्रज्ञां कुरु** = સત આત્મામાં બુદ્ધિ કર.

જે મનોજયને પ્રાપ્ત છે તેનું , મન ઉપર સંપૂર્ણ નિયંત્રણ છે અને તેવો મનનો ગુલામ નહીં પણ માલિક છે. મન તેનું સેવક છે અને પોતે વૈરાગ્યવાન સ્વામી છે. તેવા વૈરાગ્યસ્વામીને મનના વિજયથી અન્ય મહાન કે પરમ સુખ હોઈ શકે તેવું હું જાણતો નથી. તાત્પર્યમાં, મનોજય જેવા વૈરાગ્યથી પરમસુખ અન્ય કોઈ નથી અને તેમાં પણ જો તેવા વૈરાગ્યસુખ

સાથે આત્માનું શંકા અને સંદેહ રહિત ઉત્તમ કે શુદ્ધ જ્ઞાન અને દૃઢ વૈરાગ્ય સાથે મળીને સ્વર્ગના સામ્રાજયનું શાશ્વત સુખ પ્રદાન કરે છે. આવું સુખ મુક્તિરૂપી યુવતીના વ્યયવિહીન સૌંદર્યદ્વાર સમાન છે. માટે હે સાધક! તારા શ્રેય કે આત્મકલ્યાણ માટે સર્વમાં નિઃસ્પૃહ થઈને સદા સર્વદા સત સ્વરૂપ આત્મામાં તારી બુદ્ધિને સ્થિર કરી સ્થિતઃપ્રજ્ઞ થા અગર બ્રહ્મમાં નિષ્ઠાવાન થઈને બ્રહ્મનિષ્ઠ થા.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**आशां छिन्धि विषोपमेषु विषयेष्वेषैव मृत्योः सृतिः**
**त्यक्त्वा जातिकुलाश्रमेष्वभिमतिं मुञ्चातिदूरात् क्रियाः ।**
**देहादावसति त्यजात्मधिषणां प्रज्ञां कुरुष्वात्मनि**
**त्वं दृष्टाऽस्यमलोऽसि निर्द्वयपरं ब्रह्मासि यद् वस्तुतः ॥३७८॥**

**त्वं विषयोपमेषु विषयेषु** = તું વિષ જેવા વિષયોની
**आशां छिन्धि** = આશા છોડી દે.
**एषा एव मृत्योः सृतिः** = આ જ મૃત્યુનો માર્ગ છે.
**जातिकुलाश्रमेषु अभिमतिम्** = જાતિ, કુલ અને આશ્રમનું અભિમાન
**त्यक्त्वा** = છોડીને
**अतिदूरात् क्रियाः मुञ्च** = (સર્વ) ક્રિયાઓને દૂરથી જ ત્યાગી દે.
**असति देहादौ** = દેહ વગેરે મિથ્યા પદાર્થો ઉપરની
**आत्मधिषणां त्यज** = આત્મબુદ્ધિ ત્યજી દે (અને)
**आत्मनि प्रज्ञां कुरुष्व** = આત્મામાં જ બુદ્ધિ કર.
**यद् वस्तुतः** = કારણ કે વસ્તુતઃ
**त्वं दृष्टा असि, अमलः असि** = તું દૃષ્ટા છે, વિશુદ્ધ છે,
**निर्द्वय परं ब्रह्म असि** = અદ્વિતીય પરબ્રહ્મ તું જ છે.

આદિ શંકરાચાર્યજીએ દૃઢ વૈરાગ્યનો ઉપદેશ આપવા માટે વૈરાગ્યની જે સૂક્ષ્મ વિચારણા છ શ્લોક દ્વારા આરંભેલી હતી તેનું સમાપન

કરતાં ઉપદેશાર્થે જણાવે છે કે,

હે શિષ્ય ! ઇન્દ્રિયોના વિષયોને વિષ સમાન સમજી, તે સૌ વિનાશને માર્ગે કે અધોગતિમાં લઈ જનારાં હોઈ, તેવા વિષયોની ભોગેચ્છા કે કામનાનો ત્યાગ કર. કારણ કે તેવા વિષયભોગની આશા રાખવી એ મૃત્યુનો જ માર્ગ છે. માટે તું જાતિ, કુળ અને આશ્રમનું અભિમાન છોડીને વિષયભોગ જેવી ક્રિયાઓનો દૂરથી જ ત્યાગ કરી દે. તદુપરાંત, દેહ વગેરે મિથ્યા પદાર્થો ઉપરની આત્મબુદ્ધિ કે અહંભાવનો પણ ત્યાગ કર અને તારી બુદ્ધિને આત્મતત્ત્વમાં જ નિષ્ઠાવાન કે સ્થિર કર. વાસ્તવિકતામાં તો તું દેહાદિનો દ્રષ્ટા છે. તેથી અપવિત્ર કે અશુદ્ધ દેહ નહીં પણ તેનો સાક્ષી અને જ્ઞાતા વિશુદ્ધ આત્મા જ તું છે. નિશ્ચિત માન કે તું દ્વૈતમુક્ત અદ્વિતીય પરબ્રહ્મસ્વરૂપ જ છે.

નિષ્કર્ષમાં સમજવું કે વિષયભોગમાં, વાસનામાં દૃઢ વૈરાગ્ય વિના દેહાત્મબુદ્ધિ દૂર થતી નથી અને દેહાત્મબુદ્ધિના વૈરાગ્ય વિના આત્મજ્ઞાન સિદ્ધ થઈ શકે નહીં. તે જ ન્યાયે દૃઢ વૈરાગ્ય અને શુદ્ધ જ્ઞાનના સમન્વય વગર મુક્તિનું પરમ પદ પ્રાપ્ત થઈ શકે નહીં. માટે મુમુક્ષુએ વૈરાગ્યને અતિ પ્રિય આભૂષણ સમજી, સદાય તેનાથી અલંકૃત થઈ વિહાર કરવો. મુમુક્ષુ માટે વૈરાગ્યથી મહાન અન્ય કોઈ અલંકાર નથી. તેથી મહાન કોઈ મહિમા પણ તેનો હોઈ શકે નહીં. તે જ પ્રમાણે વૈરાગ્યથી પ્રબળ અન્ય કોઈ સામર્થ્ય પણ મુમુક્ષુને સુશોભિત કરી શકે નહીં. વૈરાગ્ય જ મુમુક્ષુનું શ્રેય, સંપત્તિ અને પરમ સમૃદ્ધિ છે.

(છંદ–શાર્દૂલવિક્રીડિત)

**लक्ष्ये ब्रह्मणि मानसं दृढतरं संस्थाप्य बाह्येन्द्रियम्**
**स्वस्थाने विनिवेश्य निश्चलतनुश्चापेक्ष्य देहस्थितिम् ।**
**ब्रह्मात्मैक्यमुपेत्य तन्मयतया चाखण्डवृत्यानिशम्**
**ब्रह्मानन्दरसं पिबात्मनि मुदा शून्यैः किमन्यैर्भ्रमैः ॥३७९॥**

| | |
|---|---|
| **मानसं लक्ष्ये ब्रह्मणि** | = મનને બ્રહ્મરૂપ લક્ષ્યમાં |
| **दृढतरं संस्थाप्य** | = અતિ દૃઢતાપૂર્વક સ્થિર કરીને |
| **बाह्येन्द्रियं स्वस्थाने विनिवेश्य** | = બહિર્મુખી ઇન્દ્રિયોને પોતપોતાના સ્થાનમાં પાછી સ્થિર કરી, |
| **निश्चलतनुः** | = શરીરને પણ સ્થિર કરી |
| **देहस्थितिं च अपेक्ष्य** | = (પછી) શરીરની સ્થિતિ પર ધ્યાન ન આપીને |
| **तन्मयतया ब्रह्मात्मैक्यम्** | = તન્મયભાવથી જીવ અને બ્રહ્મનું ઐક્ય |
| **उपेत्य** | = પ્રાપ્ત કરી |
| **च अखण्डवृत्या आत्मनि** | = અને અખંડાકારવૃત્તિ દ્વારા આત્મામાં |
| **अनिशं मुदा** | = નિરંતર આનંદથી |
| **ब्रह्मानन्दरसं पिब** | = બ્રહ્મના આનંદરસનું પાન કર. |
| **अन्यैः शून्यैः** | = બીજી શ્રેયશૂન્ય |
| **भ्रमैः किम्** | = ભ્રમણાઓનું શું પ્રયોજન છે? |

## ધ્યાનપ્રક્રિયા

આદિ શંકરાચાર્યજી વૈરાગ્ય અને જ્ઞાનની પાંખો દ્વારા મુક્તિના અંતિમ શિખર ઉપર આરોહણ કરવાની સૂચના અને સંકેત આપ્યા બાદ ધ્યાનની સૂક્ષ્મ પ્રક્રિયાને પાંચ શ્લોક દ્વારા અત્રે સમજાવે છે.

મનને બ્રહ્મરૂપી લક્ષ્યમાં અતિ દૃઢતાપૂર્વક સ્થિર કરીને બહિર્મુખી ઇન્દ્રિયોને પોતપોતાના સ્થાનમાં પાછી વાળી, તેના વિષયોથી નિવૃત્ત કરી, શરીરને સ્થિર કરવું જોઈએ, એવું દર્શાવે છે. તેનો તત્ત્વાર્થ એવો છે કે મનની ચંચળતા ઓછી કરવી , તેનું વિષયભ્રમણ અટકાવી દેવું અને તે દ્વારા વિક્ષેપ ઓછા કરવા. કારણ કે વિક્ષેપ જેટલા વધુ તેટલી મનની લક્ષ્ય ઉપર એકાગ્ર થવાની ક્ષમતા ઓછી અને વિક્ષેપો જેટલા ઓછા તેટલી મનની બ્રહ્મરૂપી લક્ષ્ય ઉપર એકાગ્ર થવાની ક્ષમતા, દક્ષતા અને સામર્થ્ય વધુ, તેવો સિદ્ધાંત છે. વિક્ષેપયુક્ત કે ચંચળ મન અશાંત હોય છે અને અશાંત મન બ્રહ્મભાવનામાં

સફળ થઈ શકે નહીં. માટે જ સૌ પ્રથમ ધ્યાનની એકાગ્રતા માટે સમજાવ્યું છે કે "**बाह्येन्द्रियं स्वस्थाने विनिवेश्य**
**मानसं लक्ष्ये ब्रह्मणि दृढतरं संस्थाप्य ।** "

"ઇન્દ્રિયોના બહિર્મુખી સ્વભાવથી જ તે વિષયભોગમાં ભ્રમણ કરવા ટેવાયેલી છે અને બધી ઇન્દ્રિયો સાથે મળીને બળાત્કારે પણ મનને વિષયોમાં ડુબાડનારી હોવાથી ઇન્દ્રિયોને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા વિષયોથી પાછી બોલાવી મનમાં જ સ્થિર કરવાનું સૂચન છે. જેથી બાહ્યભ્રમણથી વ્યય થતી શક્તિ અને એકાગ્રતાને કેન્દ્રિત કરી લક્ષ્યમાં જોડી શકાય." આમ, ઇન્દ્રિયોને અંતર્મુખી કરી, મનને શાંત કરી, શરીરને સ્થિર કરી, શરીરની સ્થિતિની ઉપેક્ષા કરી, બ્રહ્મભાવમાં તન્મય થઈ જીવ અને બ્રહ્મનું ઐક્ય અનુભવવું, એવો સંકેત છે. તાત્પર્યમાં ઇન્દ્રિયો, મન અને શરીરની આસક્તિ કે ચિંતન ત્યાગી દઈ, તેમના ઉપરનો અહંભાવ કે મમભાવ છોડી, તે સૌની ઉપેક્ષા કરીને બ્રહ્મભાવના દ્વારા તમામ દ્વૈતપ્રપંચની નિવૃત્તિ કરી, જીવ અને બ્રહ્મ અભેદ અને અદ્વિતીય છે, તેવું જ્ઞાન પ્રાપ્ત કરવું.

તન્મયભાવથી જીવબ્રહ્મના ઐક્યનું જ્ઞાન પ્રાપ્ત કરી, 'હું અભેદ આત્મા છું', તેવી અખંડાકારવૃત્તિ દ્વારા, આત્મચિંતનમાં નિરંતર નિમગ્ન રહેવું અને બ્રહ્માનંદરસનું પાન કરવું. તે સિવાયની અન્ય નિરર્થક શ્રેયશૂન્ય પ્રવૃત્તિઓ, ભ્રમણાઓ કે ભ્રમણથી પ્રયોજન શું?

(છંદ–અનુષ્ટુપ)

**अनात्मचिन्तनं त्यक्त्वा कश्मलं दुःखकारणम् ।**
**चिन्तयात्मानमानन्दरूपं यन्मुक्तिकारणम् ॥३८०॥**

**कश्मलम्** = પાપરૂપ અને
**दुःखकारणम्** = દુઃખનું કારણ (હોવાથી)
**अनात्मचिन्तनम्** = જગતના વિષયોનું ચિંતન

**त्यक्त्वा** = છોડીને

**आनन्दरूपम्** = આનંદસ્વરૂપ

**आत्मानम्** = આત્માનું

**चिन्तय** = ચિંતન કર,

**यत्** = જે

**मुक्ति-कारणम्** = મુક્તિનું કારણ છે.

અખંડાકારવૃત્તિ દ્વારા બ્રહ્મમાં તન્મય થવાનો સંકેત આપ્યા બાદ, ધ્યાનના અંતિમ લક્ષ્યની પ્રાપ્તિમાં પૂર્વ તૈયારી રૂપે અનાત્મચિંતનનો ત્યાગ સૂચવતા અત્રે જણાવાયું છે કે, '**अनात्मचिन्तनं त्यक्त्वा** ' 'અનાત્માનું ચિંતન છોડીને' અનાત્માના અર્થાત્ આત્મા સિવાયના જગતના ભૌતિક પદાર્થોનો, દૃશ્ય વિષયોનો, દેહાદિ જડ ભૂત માત્રનું ચિંતન કરવાથી તત્ તત્ વિષયોમાં જ આસક્તિ થાય છે. તેવી આસક્તિ કે રાગ, તે વિષયની પ્રાપ્તિ માટે પ્રયત્ન કે પુરુષાર્થ કરાવે છે અને જો તેવી પ્રાપ્તિમાં પુરુષાર્થની ઊણપ રહે અને તત્ તત્ પ્રાપ્તિ પૂર્વે દેહનું મૃત્યુ થાય તો પ્રાપ્તિની વાસના અધૂરી રહે છે. તેવી અતૃપ્ત વાસના પુનર્જન્મનું કારણ બને છે. આમ, અનાત્માનું ચિંતન, વર્તમાન જન્મે તો, વિષયચિંતાની ચિતા ખડકાવી સતત બાળે છે. પરંતુ અતૃપ્ત વાસનાઓ તો પુનર્જન્મે ગર્ભના કેદી બનાવી અન્ય દેહે પણ વિષયવાસનાની તૃપ્તિ માટે ઇષ્ટ-અનિષ્ટ, પુણ્ય અને પાપ જેવા અનેક કર્મો કરાવે છે. તેવાં કર્મો જ દુઃખનું કારણ બને છે. માટે જ અત્રે સ્પષ્ટ કર્યું છે કે, '**अनात्मचिन्तनं कश्मलं दुःखकारणम् ।**' અનાત્માનું ચિંતન જ પાપ અને દુઃખનું કારણ બને છે. આમ હોવાથી જ, આચાર્યશ્રીએ અનાત્મચિંતનનો ત્યાગ કરવાનું સૂચવેલું છે. આનંદસ્વરૂપ આત્માનું ચિંતન મુક્તિનું કારણ હોવાથી તેનું જ અનુસરણ કરવું ઇષ્ટ છે. આમ, ધ્યાનની પ્રક્રિયામાં પારંગત થવાની ઇચ્છાવાળાએ નિરંતર આત્મચિંતનના બળે અનાત્મચિંતનનો તિરસ્કાર કરવો જોઈએ.

(છંદ-ઉપજાતિ)

एषः स्वयंज्योतिरशेषसाक्षी
विज्ञानकोशे विलसत्यजस्रम् ।
लक्ष्यं विधायैनमसद्विलक्षण-
मखण्डवृत्त्यात्मतयाऽनुभावय ॥३८१॥

| | |
|---|---|
| **एषः** | = આ |
| **स्वयंज्योतिः** | = સ્વયં પ્રકાશ (અને) |
| **अशेषसाक्षी** | = સૌનો સાક્ષી આત્મા |
| **विज्ञानकोशे** | = વિજ્ઞાનમયકોશમાં |
| **अजस्रम्** | = નિરંતર |
| **विलसति** | = વિરાજે છે. |
| **असद् विलक्षणम्** | = અસત(મિથ્યા સંસાર)થી ભિન્ન |
| **एनम्** | = એવા એને |
| **लक्ष्यं विधाय** | = લક્ષ્ય બનાવી |
| **अखण्डवृत्त्या** | = અખંડાકારવૃત્તિથી (તેની) |
| **आत्मतया** | = આત્મભાવે |
| **अनुभावय** | = ભાવના કર. |

અનાત્મચિંતન ત્યાગી આત્મચિંતનની પ્રેરણા પ્રદાન કર્યા બાદ અત્રે સૂચવવામાં આવે છે કે, જે આત્મા, ચિંતનનો વિષય કે ધ્યેય છે, તે સ્વયં પ્રકાશ છે અર્થાત્ જ્ઞાનસ્વરૂપ છે અને સૌનો પ્રકાશક હોવા છતાં પર-પ્રકાશિત નથી. તેવો આત્મા સર્વનો સાક્ષી છે અને વિજ્ઞાનમય કોશમાં નિરંતર બિરાજે છે. અર્થાત્, તત્ત્વાર્થે બુદ્ધિરૂપી ગુહામાં સ્થિત છે. તેવા શ્રુતિસંકેતનો સાર્થક અર્થ એટલો જ છે કે તે સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા જ્ઞેય છે. તેટલું સમજાવવા માટે જ અત્રે આદિ શંકરાચાર્યજીએ ઉલ્લેખ કર્યો કે, સાક્ષી આત્મા વિજ્ઞાનમય-કોશમાં (સૂક્ષ્મ બુદ્ધિરૂપી ખજાનામાં) બિરાજે છે.

આવો સાક્ષી આત્મા જે ધ્યાતાનું ધ્યેય છે તે અસત પદાર્થોથી

કે મિથ્યા સંસારથી ભિન્ન છે. તેવા અસતવિલક્ષણ આત્માને જ ધ્યાનનું કેન્દ્ર કે લક્ષ્ય બનાવી અખંડાકારવૃત્તિ દ્વારા આત્મભાવે ચિંતન કર.

(છંદ–અનુષ્ટુપ)

**एनमच्छिन्नया वृत्त्या प्रत्ययान्तरशून्यया ।**
**उल्लेखयन् विजानीयात् स्वस्वरूपतया स्फुटम् ॥३८२॥**

**अच्छिन्नया** = (તૈલધારાવત) અખંડિત (અને)
**प्रत्ययान्तरशून्यया** = અનાત્મપ્રત્યયશૂન્ય (વિજાતીય વૃત્તિશૂન્ય)
**वृत्त्या उल्लेखयन्** = વૃત્તિથી ચિંતન કરતાં કરતાં
**एनम्** = એને (પરબ્રહ્મને)
**स्वस्वरूपतया स्फुटं विजानीयात्** = પોતાના સ્વસ્વરૂપે સ્પષ્ટ જાણવું.

પૂર્વે જણાવેલા સ્વયંજ્યોતિ સ્વરૂપ અને સૌના સાક્ષી એવા આત્માને જાણવા અત્રે ધ્યાનની સૂક્ષ્મ પ્રક્રિયાનો નિર્દેશ કરતા જણાવ્યું છે કે, અખંડાકારવૃત્તિ દ્વારા કે અચ્છિન્નવૃત્તિથી અર્થાત્ ભગવાન શંકરના અભિષેક સમયે જળાધારીમાંથી વહેતી જળની ખંડિત ધારા જેમ નહીં, પરંતુ અખંડિત તૈલધારા જેમ માત્ર સજાતીય વૃત્તિઓના પ્રવાહ જેવી અખંડાકારવૃત્તિ દ્વારા આત્મચિંતન કરવું. તેવા નિરંતર અસ્ખલિત ચિંતનપ્રવાહમાં અનાત્મવૃત્તિનું કોઈ વિઘ્ન ન આવે તે માટે તમામ વિજાતીય વૃત્તિપ્રવાહને રોકવા કે તેનો નિષેધ કરવા અનાત્મપદાર્થોમાં દોષદષ્ટિ કરી, તેવા સૌ પદાર્થો અને પદાર્થાકાર વૃત્તિઓનો તિરસ્કાર કરવો. આવા તિરસ્કાર માટે વિશેષ પ્રયત્નની આવશ્યકતા નથી બલકે તૈલધારાવત આત્મચિંતનમાં મનને નિમગ્ન કરવામાં આવે અને એવું ડુબાડી રાખવામાં આવે કે તે બહિર્મુખ થઈ પદાર્થોને જોઈ ન શકે. આમ થતાં, વિજાતીયવૃત્તિમાં મનને પ્રવાસ કરવાનો પ્રશ્ન જ રહેશે નહીં. તાત્પર્યમાં, આત્મચિંતન એવી અખંડ ભાવનાથી વિઘ્નરહિત નિરંતર કે અંતરાય વગરનું થવું જોઈએ કે જેથી અનાત્માના વિચારો કે વૃત્તિને મનમાં પ્રવેશ જ ન મળે. એવા આત્મચિંતનને જ અત્રે **अच्छिन्नया वृत्त्या प्रत्ययान्तरशून्यया** અર્થાત્ અખંડાકારવૃત્તિ દ્વારા અંતરાયશૂન્ય કે અનાત્મપ્રત્યય-રૂપી

વિઘ્નશૂન્ય તૈલધારાવત ચિંતન કહેલું છે. આવું ચિંતન કરતાં કરતાં પોતાના આત્મસ્વરૂપને સ્પષ્ટ રીતે જાણવું જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**अत्रात्मत्वं दृढीकुर्वन् अहमादिषु सन्त्यजन् ।**
**उदासीनतया तेषु तिष्ठेत् घटपटादिवत् ॥३८३॥**

| | |
|---|---|
| **अत्र** | = અહીં (પરબ્રહ્મમાં) |
| **आत्मत्वं दृढीकुर्वन्** | = આત્મપણું દૃઢ કરવું (અને) |
| **अहं आदिषु सन्त्यजन्** | = અહંકાર વગેરેમાં (અહંબુદ્ધિ) છોડવી. |
| **तेषु** | = (ત્યારબાદ) તે (અહંકાર વગેરેમાં) |
| **घटपटादिवत्** | = ઘટ, વસ્ત્ર વગેરેની જેમ |
| **उदासीनतया** | = ઉદાસીનભાવે (ઉપેક્ષાવૃત્તિથી) |
| **तिष्ठेत्** | = રહેવું. |

ધ્યાનની પ્રક્રિયાને અંતે ઉપેક્ષા દૃષ્ટિ કે ઉદાસીનભાવનો સંકેત આપતાં સમજાવવામાં આવે છે કે અહંકાર, ઈન્દ્રિયો, શરીર વગેરેમાં અહમભાવને લીધે જ કે અજ્ઞાન દ્વારા જે ખોટું તાદાત્મ્ય થયું છે અને હું અહંકારાદિ છું એવી અહંકારાદિમાં અવિવેકીની જે દેહાત્મબુદ્ધિ દૃઢ થઈ છે તેવી અહમ્ બુદ્ધિનો ત્યાગ કરી સમજવું કે જેવી રીતે ઘડો અને વસ્ત્ર તેના દૃષ્ટાથી ભિન્ન કે જુદા છે તેવી જ રીતે અહંકાર, ઈન્દ્રિયો , શરીરાદિ દૃશ્ય છે અને આત્મા તેનો સાક્ષી હોવાથી કે દૃષ્ટા હોવાથી તેથી ભિન્ન છે. એટલું જ નહીં, પરંતુ ઘટ-પટાદિ જેમ જે કંઈ દૃશ્ય છે તે સાકાર, જડ અને નાશવંત છે, જયારે તેનો દૃષ્ટા ચૈતન્યમય અને અવિનાશી છે. તેમ અહંકારાદિનો દૃષ્ટા, સાક્ષી આત્મા હોવાથી તે અવિનાશી અને સચ્ચિદાનંદ સ્વરૂપ છે. માટે તેવા સચ્ચિદાનંદ આત્મામાં જ આત્મબુદ્ધિ સ્થિર કરવી જોઈએ અને આત્મા સિવાયના અહંકારાદિ જે કોઈ દૃશ્ય પદાર્થો કે દૃશ્ય પ્રપંચ છે, તે તરફ આસક્ત ન થતાં ઉદાસીનભાવ કેળવવો અગર તે સૌની ઉપેક્ષા કરવી અને આત્મસ્વરૂપમાં

સંન્નિષ્ઠ થઈ સ્થિત રહેવું એ જ અંતિમ ઉપદેશ છે.

(છંદ–ઉપજાતિ)

**विशुद्धमन्तःकरणं स्वरूपे**
**निवेश्य साक्षिण्यवबोधमात्रे ।**
**शनैः शनैर्निश्चलतामुपानयन्**
**पूर्णं स्वमेवानुविलोकयेत् ततः ॥३८४॥**

| | |
|---|---|
| **साक्षिणि** | = સાક્ષી |
| **अवबोधमात्रे स्वरूपे** | = અને જ્ઞાનસ્વરૂપ એવા આત્મામાં |
| **विशुद्धं अन्तःकरणम्** | = વિશુદ્ધ અંતઃકરણને |
| **निवेश्य शनैः शनैः** | = સ્થિર કરી ધીરે ધીરે |
| **निश्चलतां उपानयन्** | = નિશ્ચલ બની જવું |
| **ततः** | = ત્યાર પછી |
| **स्वं पूर्णं एव** | = પોતાનું જ પૂર્ણાત્મા સ્વરૂપે |
| **अनुविलोकयेत्** | = દર્શન કરતા રહેવું. |

## આત્મદૃષ્ટિ

હવેના પંદર શ્લોકમાં સર્વમાં આત્મદૃષ્ટિ કરવાનું સૂચન આપવામાં આવે છે. પોતાના વિશુદ્ધ અંતઃકરણને સાક્ષી તથા જ્ઞાનસ્વરૂપ આત્મામાં સ્થિર કરીને ધીરે ધીરે સ્વરૂપમાં અચળ થઈ પોતાના પૂર્ણાત્માનું જ દર્શન કરતાં રહેવું જોઈએ.

ઉપરોક્ત સંકેતથી સમજવું કે અંતઃકરણને રાગદ્વેષાદિ તથા કર્તા–ભોક્તાભાવરૂપી મલીનતાઓથી શુદ્ધ કર્યા બાદ, તેને આત્મામાં સ્થિર કરવું. તેનો અર્થ, અંતઃકરણની વૃત્તિ, વિક્ષેપ અને વિચારને ધીરે ધીરે શાંત થવા દેવા. જેમ શાંત સરોવરમાં નાંખેલો એક કાંકરો નાનું વર્તુળ રચે છે. ત્યારબાદ ધીમે ધીમે વર્તુળ મોટું થતાં ધીરે ધીરે સમગ્ર સરોવરનું સ્વરૂપ ધારણ કરી, વર્તુળના આકારને સરોવરમાં સમાવી, નાનું વર્તુળ સરોવરસ્વરૂપ થઈ જાય છે. તેમ શુદ્ધ અંતઃકરણ એટલે જ શુદ્ધબ્રહ્મ. ચિત્ત કે અંતઃકરણમાં

જગતના પદાર્થોની વાસનાઓ હોય, વિષયની વૃત્તિઓનો ખળભળાટ હોય, દ્વૈતદર્શન હોય, ભેદદષ્ટિ હોય ત્યાં સુધી જ તે અશુદ્ધ કે અપવિત્ર કહેવાય. પરંતુ તે સૌની નિવૃત્તિ બાદ, શુદ્ધ થયેલું અંતઃકરણ કે ચિત્ત આત્મામાં સ્થિર થતાં ધીરે ધીરે તમામ વૃત્તિ અને વિચારોની શૂન્યતા સર્જાતાં પોતાના પૂર્ણ આત્માનું જ સર્વમાં દર્શન થાય છે. આવી સર્વાત્મદષ્ટિ જ આત્મદષ્ટિ છે.

(છંદ-ઉપજાતિ)

**देहेन्द्रियप्राणमनोऽहमादिभिः**
**स्वाज्ञानक्लृप्तैरखिलैरुपाधिभिः ।**
**विमुक्तमात्मानमखण्डरूपं**
**पूर्णं महाकाशमिवावलोकयेत् ॥३८५॥**

| | |
|---|---|
| **स्व–अज्ञानक्लृप्तैः** | = પોતાના અજ્ઞાનના લીધે કલ્પિત |
| **देहेन्द्रिय–प्राण–मनः–अहमादिभिः** | = દેહ-ઇન્દ્રિય-પ્રાણ-મન-અહંકાર વગેરે |
| **अखिलैः उपाधिभिः** | = બધી ઉપાધિઓથી |
| **विमुक्तम्** | = વિમુક્ત, |
| **अखण्डरूपम्** | = અખંડસ્વરૂપ |
| **आत्मानम्** | = આત્માને |
| **महाकाशं इव** | = મહાકાશની જેમ |
| **पूर्णम्** | = પૂર્ણરૂપે |
| **अवलोकयेत्** | = જોતાં રહેવું. |

(છંદ-પુષ્પિતાગ્રા)

**घटकलशकुशूलसूचिमुख्यैर्गगनमुपाधिशतैर्विमुक्तमेकम् ।**
**भवति न विविधं तथैव शुद्धं परमहमादिविमुक्तमेकमेव ॥३८६॥**

| | |
|---|---|
| **गगनम्** | = (જેમ) આકાશ |
| **घट–कलश–कुशूल–सूचिमुख्यैः** | = ઘડો, લોટો, કોઠી, સોય વગેરે |

| | |
|---|---|
| **उपाधिशतैः** | = સેંકડો ઉપાધિઓના (સંબંધથી) |
| **न विविधम्** | = વિવિધરૂપે થતું નથી (પરંતુ) |
| **विमुक्तम्** | = (ઉપાધિઓથી) મુક્ત (અને) |
| **एकं भवति** | = એક રૂપે જ રહે છે. |
| **तथा एव** | = તેવી જ રીતે |
| **अहमादि-विमुक्तम्** | = અહંકાર વગેરેથી મુક્ત |
| **शुद्धं परम्** | = શુદ્ધ પરમાત્મા |
| **एकं एव** | = એક માત્ર છે. |

સર્વાત્મદર્શન માટે દરેકે સમજવું કે આત્મ-અજ્ઞાનને લીધે જ દેહ, ઇન્દ્રિય, પ્રાણ, મન તથા અહંકાર વગેરે જેવી સર્વ ઉપાધિઓથી આત્મા સંયુક્ત જણાય છે. પરંતુ વાસ્તવમાં અસંગ આત્માને કોઈ પણ પ્રકારની ઉપાધિ સાથે સંગ કે સંબંધ નથી. માટે અત્રે સંદેશ છે કે, "**विमुक्तमात्मानमखण्डरूपम्** " " આત્મા સર્વ ઉપાધિઓથી વિમુક્ત છે અને દ્વૈતભેદરહિત અર્થાત્ અખંડિત છે." તેથી દેહાદિની ઉપાધિ જેવા ભેદનું દર્શન આત્મામાં ન કરતાં જેમ અનેક ઘડાઓ, લોટાઓ, કોઠી કે સોય જેવી સેંકડો ઉપાધિઓમાં દેખાતું ઘટાકાશ આદિ અનેક નથી પરંતુ ઘડા આદિની ઉપાધિથી અનેક છે તેવું ભાસે છે. પરંતુ ઉપાધિ દૂર થતાં જ એક આકાશનું દર્શન થાય છે. તેવી જ રીતે દેહાદિની અનંત અગણિત ઉપાધિઓ હોવા છતાં અજ્ઞાનને લીધે જન્મેલી તે સૌ ઉપાધિઓ આત્મજ્ઞાનમાં નષ્ટ થતાં આત્મા જ ઉપાધિથી ન્યારો, મુક્ત અને મહાકાશની જેમ એક અને અખંડ, પૂર્ણ સ્વરૂપે જણાય છે. માટે નિત્ય નિરંતર પૂર્ણાત્માનું જ અવલોકન કરવું અને પૂર્ણાત્મામાં સ્થિત રહી પોતાના ઊણપના, હીનતાના કે અપૂર્ણતાના ભાવને દૂર કરતા રહેવું.

(છંદ-અનુષ્ટુપ)

**ब्रह्मादिस्तम्बपर्यन्ता मृषामात्रा उपाधयः ।**
**ततः पूर्णं स्वमात्मानं पश्येदेकात्मना स्थितम् ॥३८७॥**

| | |
|---|---|
| **ब्रह्मादिस्तम्बपर्यन्ताः** | = બ્રહ્મમાંથી આરંભીને ઘાસના તણખલા સુધીની |
| **उपाधयः** | = ઉપાધિઓ |
| **मृषामात्रा** | = મિથ્યા જ છે |
| **ततः** | = માટે |
| **एकात्मना स्थितम्** | = એકસ્વરૂપે સ્થિત |
| **स्वमात्मानम्** | = પોતાના આત્માને |
| **पूर्णम्** | = પૂર્ણરૂપે |
| **पश्येत्** | = જોવો. |

બ્રહ્માજી કે જે જગતના સર્જનહાર કહેવાય છે, તેવા સૃષ્ટિ રચયિતા બ્રહ્માજીથી માંડી અને સર્જનમાં નાનામાં નાની કે તુચ્છમાં તુચ્છ ઘાસના તણખલા સુધીની જેટલી ઉપાધિઓ છે તે સર્વે ઉપાધિઓ મિથ્યા છે. ઉપાધિઓ અનેક હોવાથી આત્મામાં ન તો વૃદ્ધિ થાય કે દેહાદિ જેવી ઉપાધિઓ અનેક હોવાથી આત્મામાં ન તો ઘટાડો થાય. કારણ કે પૂર્ણ આત્મામાંથી મિથ્યા કે ભ્રાંતિ જેવી ઉપાધિઓ જો બાદ કરવામાં આવે તો પણ આત્મા પૂર્ણ જ રહે છે અને અનેક નવા જન્મો થવાથી આત્મસ્વરૂપમાં કે તેના વિસ્તારમાં વધારો થતો નથી. કારણ કે સર્વ ઉપાધિઓ તો આરોપરૂપી ભ્રાંતિ છે. આરોપ મૂળ વસ્તુમાં ન તો વધારો કરી શકે કે ન ઊણપ ઊભી કરી શકે. જેમ સાગરમાં નદીઓના પૂરનું પાણી ન તો વૃદ્ધિ કરે કે દુકાળમાં પાણી ઓછું થવાથી સાગરના સ્વરૂપમાં ઊણપ આણે કારણ કે સાગર પોતે, પોતાનામાં પરિપૂર્ણ છે. તે જ પ્રમાણે સર્વ ઉપાધિઓ આત્મારૂપી ચૈતન્યના મહાસાગરમાં ઉદય પામતી તરંગો જેવી છે. તેમના ઉદય–અસ્તથી ચૈતન્ય મહાસાગરની પૂર્ણતામાં કોઈ ફેર પડતો નથી. તાત્પર્યાર્થે, બ્રહ્માથી ઘાસના તણખલા સુધીની ઉપાધિઓ મિથ્યા છે, પણ તેમનું અધિષ્ઠાન આત્મા એક છે, પૂર્ણ છે માટે ઉપાધિઓને બાદ કરી, સર્વત્ર પૂર્ણાત્માનું જ દર્શન કરવું જોઈએ. એ જ સાચી આત્મદૃષ્ટિ છે.

(છંદ-ઉપજાતિ)

यत्र भ्रान्त्या कल्पितं यद्विवेके
तत्तन्मात्रं नैव तस्माद् विभिन्नम् ।
भ्रान्तेर्नाशे भ्रान्तिदृष्टाहितत्त्वं
रज्जुस्तद्वद्विश्वमात्मस्वरूपम् ॥३८८॥

| | |
|---|---|
| **यत्र भ्रान्त्या कल्पितम्** | = જ્યાં ભ્રાન્તિથી કલ્પિત વસ્તુ જણાતી હોય (ત્યાં) |
| **यद्–विवेके** | = મૂળ વસ્તુનું યથાર્થ જ્ઞાન થતાં |
| **तत् तत् मात्रम्** | = તે મૂળવસ્તુ જ રહે છે |
| **तस्मात् विभिन्नं न एव** | = તેનાથી ભિન્ન કંઈ જ હોતું નથી. |
| **भ्रान्तेः नाशे** | = ભ્રાંતિનો નાશ થયા પછી |
| **भ्रान्तिदृष्ट–अहितत्त्वम्** | = ભ્રાંતિકાળે જોયેલો સાપ |
| **रज्जुः** | = (વાસ્તવમાં) દોરી (જ) છે. |
| **तद्वत्** | = તેવી રીતે |
| **विश्वम्** | = (ભ્રાંતિકાળે જણાતું) જગત |
| **आत्मस्वरूपम्** | = (વાસ્તવમાં) આત્મસ્વરૂપ (જ) છે. |

સર્વનું અધિષ્ઠાન આત્મા એક અને પૂર્ણ છે. તેમ છતાં આત્મવસ્તુમાં ભ્રાંતિના લીધે અન્ય કલ્પિત વસ્તુ જણાય છે. તે કલ્પિત વસ્તુનું અસ્તિત્વ મૂળ આત્મવસ્તુનું અજ્ઞાન હોય ત્યાં સુધી જ ચાલુ રહે છે. પરંતુ મૂળ આત્મવસ્તુનું યથાર્થજ્ઞાન થતાં, તે કલ્પિત વસ્તુ મૂળ આત્મવસ્તુ જ છે, એમ સમજાય છે. તે કલ્પિત વસ્તુ કંઈ મૂળ આત્મવસ્તુથી ભિન્ન જણાતી નથી. જેવી રીતે ભ્રાંતિનો નાશ થયા પછી ભ્રાંતિના લીધે દોરીમાં દેખાયેલો સર્પ ત્યાં હોતો નથી પરંતુ દોરી, દોરીના મૂળ સ્વરૂપે જ જણાય છે. તેવી રીતે મૂળ આત્મવસ્તુમાં ભ્રાંતિથી કલ્પાયેલા દેહાદિ કે વિશ્વ, ભ્રાંતિનો નાશ ન થાય ત્યાં સુધી જ જણાય છે. પરંતુ ભ્રાંતિનો નાશ થયા પશ્ચાત્ ભ્રાંતિજન્ય

કલ્પિત કંઈ જ જણાતું નથી. પરંતુ મૂળ આત્મવસ્તુ આત્મસ્વરૂપે જ જણાય છે.

માટે ભ્રાંતિ દૂર કરી તમામ આરોપિત, કલ્પિત કે ભ્રાંતિજન્ય દેહાદિ કે વિશ્વનો અપવાદ કરી સર્વત્ર આત્મદર્શન કરવામાં જ સર્વાત્મદૃષ્ટિ રહેલી છે.

(છંદ–અનુષ્ટુપ)

**स्वयं ब्रह्मा स्वयं विष्णुः स्वयमिन्द्रः स्वयं शिवः ।**
**स्वयं विश्वमिदं सर्वं स्वस्मात् अन्यन्न किञ्चन ॥३८६॥**

| | | | |
|---|---|---|---|
| **स्वयं ब्रह्मा** | = પોતે બ્રહ્મા છે, | **स्वयम्** | = પોતે (જ) |
| **स्वयं विष्णुः** | = પોતે વિષ્ણુ છે, | **इदं सर्वं विश्वम्** | = આ બધું વિશ્વ છે |
| **स्वयं इन्द्रः** | = પોતે ઈન્દ્ર છે, | **स्वस्मात्** | = પોતાથી |
| **स्वयं शिवः** | = પોતે શિવ છે. | **अन्यत् किञ्चन न** | = બીજું કાંઈ નથી. |

સર્વમાં આત્મદૃષ્ટિ કરવાના સંદેશ સાથે પ્રારંભ કરવામાં આવેલી વિચારણા અત્રે તેની પરાકાષ્ઠાએ પહોંચે છે. તે મુજબ દર્શાવવામાં આવ્યું છે કે, "**स्वयं ब्रह्मा**" અર્થાત્ 'હું બ્રહ્માજી છું.' બ્રહ્મ અર્થાત્ સત–ચિત–આનંદ સ્વરૂપ સમગ્ર વિશ્વનું દેશ–કાળ અને વસ્તુથી પરિચ્છેદરહિત અધિષ્ઠાન. જ્યારે બ્રહ્માજી એટલે નિરુપાધિક બ્રહ્મ નહીં, પરંતુ સોપાધિક બ્રહ્મ કે જેમને સૃષ્ટિના સર્જન માટે જવાબદાર ગણવામાં આવે છે. સૃષ્ટિના સર્જનનું કારણ પણ સ્વયં બ્રહ્માજી જ છે. સૃષ્ટિસર્જનનું કાર્ય કરવાને લીધે તેઓ બ્રહ્માજી કહેવાય છે પરંતુ વાસ્તવમાં નિષ્ક્રિય, નિરુપાધિક બ્રહ્મ જ છે. તેમ છતાં નિરુપાધિક બ્રહ્મ જેવું જેવું કાર્ય કરે, તેવા તેવા કાર્યની ઉપાધિથી **सत्यं ज्ञानमनन्तम्** જેવા બ્રહ્મનું નામ પણ બદલાઈ જાય છે. આમ, કાર્યરૂપી ઉપાધિના પરિવર્તનમાં, 'નામ'નું પરિવર્તન પણ જોવામાં આવે છે. છતાં જેમ પરપોટા, ફીણ કે તરંગો જેવા નામ બદલાવાથી કંઈ જળતત્ત્વમાં ફેરફાર થતો નથી, તેમ સત–ચિત–આનંદ **સ્વરૂપ** બ્રહ્મમાં ઉપાધિભેદે કે કાર્યભેદે નામ બદલવાથી કોઈ

જ પરિવર્તન થતું નથી. તેથી જે કોઈએ આત્મદૃષ્ટિ દ્વારા પોતાના અંતરાત્માને બ્રહ્મ તરીકે જાણ્યો છે, તે પોતાને બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર કે શિવ ગમે તે કહે છતાં તેના બ્રહ્મસ્વરૂપમાં નથી કોઈ આપત્તિ, નથી પરિવર્તન, નથી ફેરફાર કે કોઈ વિક્ષેપ. કારણ કે સર્વાત્મદૃષ્ટિવાળો સર્વમાં, સર્વસમયે પોતાના બ્રહ્મસ્વરૂપનું જ દર્શન કરતો હોવાથી તેને આ સંપૂર્ણ વિશ્વ પણ પોતાથી લેશમાત્ર જુદું નહીં, પરંતુ બ્રહ્મમય જ જણાય છે. આમ, જે કોઈ સર્વમાં પોતાના બ્રહ્મભાવને જુએ છે તેને પોતાથી અન્ય કંઈ જણાતું નથી.

આમ હોવાથી તે લલકારે છે કે હું જ બ્રહ્માજી અર્થાત્ સર્જનહાર અને હું જ સર્જનસ્વરૂપ પણ છું. અર્થાત્ જગત પણ હું. તે જ ન્યાયે તે ઘોષણા કરે છે કે, 'હું જ જગત કે જીવનો પોષક કે પોષણ કરનારો છું. હું ભૂતમાત્રને સત્તા અને સ્ફૂર્તિ પ્રદાન કરી સૌનું પોષણ કરું છું. માટે જ "**स्वयं विष्णुः**" હું સ્વયં વિષ્ણુ પણ છું. તથા દેવોમાં સૌથી બળવાન એવા ઇન્દ્રનું બળ પણ આત્મસ્વરૂપે તો હું જ છું. માટે "**स्वयं इन्द्रः**" હું સ્વયં ઇન્દ્ર જ છું. એવા જ ક્રમમાં વિચારતાં આત્મદૃષ્ટિવાળો જરા પણ સંકોચ વગર જાહેર કરે છે કે "**स्वयं शिवः**" "હું પોતે જ શિવસ્વરૂપ છું." અર્થાત્ હું જ સૌનો કલ્યાણકારી કે મંગળદાતા હોવાથી શિવસ્વરૂપ કહેવાઉં છું. "**शं करोति इति शंकरः** " જે કોઈ અવિદ્યા કે અજ્ઞાનનું શમન કરવારૂપી કલ્યાણ કરે તે ભગવાન શિવ કે શંકર કહેવાય છે. શિવજીને સંહારક કહેવામાં આવે છે, તેથી કંઈ શિવજી સૃષ્ટિના નામ અને આકારના વિનાશક નથી, પરંતુ જગત કે પ્રપંચરૂપી કાર્ય, જે પ્રાણીમાત્રને બંધનરૂપ લાગે છે તેનું કારણ અવિદ્યા કે અજ્ઞાન છે. આથી ભગવાન શિવ, અજ્ઞાનના વિનાશ દ્વારા જ જ્ઞાનમાં સૃષ્ટિનો બાધ કરે છે. જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં સુધી ન થાય સૃષ્ટિનો બોધ કે ન થાય દૃશ્યપ્રપંચની નિવૃત્તિ તથા આત્મતત્ત્વનું અભેદદર્શન પણ શક્ય ન બને. પરંતુ ભગવાન શિવનું જ્ઞાનરૂપી ત્રીજું નેત્ર ખૂલતાંની સાથે જ અર્થાત્ તેની કૃપાદૃષ્ટિ પડતાં જ અજ્ઞાનનો નાશ થાય છે અને અજ્ઞાનરૂપી કારણના નાશમાં જ જગતરૂપી કાર્યનો નાશ સમાયેલો છે. માટે ભગવાન શિવને સંહારક કહેવામાં આવે છે. જેનું અજ્ઞાન દૂર થયું તેનો સંસાર કે જગત

નષ્ટ થાય છે. આમ, સર્વાત્મદૃષ્ટિવાળો પોતાને શિવ તરીકે જાહેર કરી દર્શાવે છે કે સૃષ્ટિનો સર્જનહાર બ્રહ્માજી પણ હું અને તેનો સંહારક શિવ પણ હું જ છું. તે જ પ્રમાણે સૃષ્ટિનો પાલક વિષ્ણુ પણ હું અને સૌથી બળવત્તર એવો ઈન્દ્રદેવ પણ હું જ છું. એટલું જ નહીં, સમગ્ર વિશ્વ મારી અંદર છે, મારાથી આચ્છાદિત છે, તેથી વિશ્વ અને આ જે કંઈ છે, તેમાનું કંઈ પણ મારાથી ભિન્ન, જુદું કે ન્યારું નથી.

(છંદ-ઉપજાતિ)

**अन्तः स्वयं चापि बहिः स्वयं च**
**स्वयं पुरस्तात् स्वयमेव पश्चात् ।**
**स्वयंह्यवाच्यां स्वयमप्युदीच्यां**
**तथोपरिष्टात् स्वयमप्यधस्तात् ॥३६०॥**

**अन्तः स्वयं च** = પોતે અંદર છે અને
**बहिः च अपि स्वयम्** = પોતે જ બહાર પણ છે.
**स्वयं पुरस्तात्** = પોતે આગળ છે.
**स्वयं एव पश्चात्** = પોતે પાછળ છે.
**स्वयं हि अवाच्याम्** = પોતે જમણી બાજુએ છે
**स्वयं अपि उदीच्याम्** = પોતે ડાબી તરફ છે
**तथा स्वयं उपरिष्ठात्** = તથા સ્વયં ઉપર છે
**अपि अधस्तात्** = (અને) નીચે પણ છે.

પૂર્વના શ્લોકમાં જણાવ્યું કે વિશ્વ અને એ સિવાય જે કંઈ અસ્તિત્વમાં છે તે સર્વ કાંઈ હું જ છું તથા મુજથી ભિન્ન કંઈ જ નથી. તે વિચારનો વિસ્તાર કરતાં અનુસંધાનમાં અત્રે જણાવ્યું છે કે બ્રહ્મ તરીકે હું સૌનું અધિષ્ઠાન છું અને સર્વ કાંઈ મારા ઉપર આરોપ હોવાથી હું સર્વની અંદર છું અને બહાર પણ છું અર્થાત્ ભૂતમાત્રમાં ઓતપ્રોત છું. એટલું જ નહીં, સ્વયં હું જ સૌની આગળ, પાછળ, જમણી બાજુએ, ડાબી બાજુએ તથા ઉપર અને નીચે પણ રહેલો છું.

તાત્પર્યમાં, હું સર્વમાં અંતરાત્મા તરીકે અંદર અને શરીરરૂપે બહાર તેમજ સામાન્ય ચૈતન્ય તરીકે પૂર્વમાં, પશ્ચિમમાં, ઉત્તર અને દક્ષિણમાં, ઉપર અને નીચે સર્વ સ્થળે, સર્વ દિશાઓમાં, સર્વ વ્યાપ્ત થઈને રહેલો છું.

(છંદ-ઉપજાતિ)

**तरंगफेनभ्रमबुद्बुदादि**
**सर्वं स्वरूपेण जलं यथा तथा ।**
**चिदेव देहाद्यहमन्तमेतत्**
**सर्वं चिदेवैकरसं विशुद्धम् ॥३६१॥**

| | |
|---|---|
| **यथा** | = જેવી રીતે |
| **तरंग–फेन–भ्रम–बुद्बुदादि** | = પાણીમાં મોજાં, ફીણ, ભમરી, પરપોટાં |
| **सर्वम्** | = વગેરે બધું |
| **स्वरूपेण** | = સ્વરૂપે તો |
| **जलम्** | = જળ જ છે, |
| **तथा** | = તેવી રીતે |
| **चित् एव** | = ચૈતન્ય જ |
| **देहादि अहं अन्तम्** | = દેહથી આરંભી અહંકાર પર્યંતનું |
| **एतत् सर्वम्** | = આ સર્વ(જગત) છે. |
| **विशुद्धम्** | = (આમ,) વિશુદ્ધ |
| **चिद् एव एकरसम्** | = એકરસ ચૈતન્ય જ છે. |

સર્વાત્મદષ્ટિવાળો નામ, આકાર અને ઉપાધિને દૂર કરી અનામી, નિરાકાર અને નિરુપાધિક આત્મતત્ત્વનું કેવી રીતે દર્શન કરે છે તેનો નિર્દેશ કરતાં શ્લોકમાં જણાવ્યું છે કે જેમ પાણીના મોજાં, ફીણ, ઘુમરી કે ભમરી તથા પરપોટા વગેરે સર્વ કાંઈ મૂળ સ્વરૂપે તો જળ જ છે. ભલે તેમનાં નામ અને આકાર જુદા હોય, છતાં તે સૌની ઉપર, નીચે કે મધ્યમાં તો જળ તત્ત્વ જ છે. તેવી જ રીતે દેહથી અહંકાર પર્યંત આ જે કંઈ છે તે ચૈતન્યરૂપ અને એકરસવાળું વિશુદ્ધ ચૈતન્ય જ છે.

આમ, જે નામ અને રૂપનાં ભેદની ઉપેક્ષા કરે છે અને અખંડ એક વિશુદ્ધ આત્માનું જ દર્શન કરે છે, તે જ સર્વાત્મદૃષ્ટિવાળો છે.

(છંદ–શિખરિણી)

**सदेवेदं सर्वं जगदवगतं वाङ्मनसयोः**
**सतोऽन्यन्नास्त्येव प्रकृतिपरसीम्नि स्थितवतः ।**
**पृथक् किं मृत्स्नायाः कलशघटकुम्भाद्यवगतम्**
**वदत्येषः भ्रान्तस्त्वमहमिति मायामदिरया ॥३६२॥**

| | |
|---|---|
| **वाङ्मनसयोः** | = વાણી અને મન વડે |
| **अवगतं इदं सर्वं जगत्** | = અનુભવાતું આ સર્વ જગત |
| **सत् एव** | = સત્સ્વરૂપ છે. |
| **प्रकृतिपरसीम्नि स्थितवतः** | = માયાની સીમાથી પર ('સ્વ'સ્વરૂપમાં) સ્થિત થયેલાની દૃષ્ટિએ |
| **सतः अन्यत् न अस्ति एव** | = સત સિવાય બીજું કંઈ છે જ નહીં |
| **कलशघटकुम्भादि** | = કલશ, ઘટ, કુમ્ભ વગેરે |
| **किं मृत्स्नायाः पृथक्** | = શું માટીથી જુદા |
| **अवगतम्** | = જણાય છે? (ના. છતાં) |
| **मायामदिरया** | = માયારૂપી મદિરાથી |
| **भ्रान्तः एषः** | = ભ્રાંત થયેલો આ જ |
| **अहं त्वं इति** | = 'હું', 'તું' જેવી (ભેદ) |
| **वदति** | = (વાણી) બોલે છે. |

વાણી અને મન દ્વારા અનુભવાતું આ સંપૂર્ણ જગત સત સ્વરૂપ જ છે. માયાથી પર રહેલાં આત્મસ્વરૂપમાં જે સ્થિત થયેલાં છે તેમની આત્મદૃષ્ટિમાં સત આત્માથી અન્ય બીજું કંઈ છે જ નહીં. કળશ(લોટો), ઘટ, કુંભ, માટીનું માટલું વગેરે આકારો શું માટીથી ભિન્ન અનુભવાય છે ખરાં? અર્થાત્ માટીના ઘડાને જોવાથી અનિચ્છાએ પણ માટીનાં દર્શન થઈ જાય છે તથા ઘડાને સ્પર્શ કરવાથી વાસ્તવમાં માટીને જ સ્પર્શ થાય છે. કોઈ અજ્ઞાની

જ એવું માને કે હું ઘડાને જોવાથી કે સ્પર્શ કરવાથી માટીને જોતો પણ નથી અને અડતો પણ નથી, પરંતુ કોઈ પણ વિવેકી, માટીથી ભિન્ન ઘડા આદિને અનુભવી શકે નહીં. તે જ પ્રમાણે જે કોઈ માયારૂપી મદિરાથી ભ્રાંત થયેલો છે અર્થાત્ અવિદ્યા દ્વારા ઉત્પન્ન થયેલી ભ્રાંતિ કે આવરણના લીધે જ પોતાના અભેદ આત્માને જાણી શકતો નથી તેવો અજ્ઞાની કે અવિવેકી જ " હું અને તું ", "**अहम् त्वम्**" જેવી ભેદરૂપી વાણી બોલે છે. પરંતુ હકીકતમાં જે એમ કહે છે કે 'હું છું' તેમાં પણ આત્મતત્ત્વ છે. અને 'તું છે' એવું જાણનારમાં પણ જ્ઞાતા તો આત્મા જ છે. તમામ નામ અને આકારોમાં સત્તા અને સ્ફૂર્તિ તો આત્મતત્ત્વની જ છે, અગર વાણી અને મન દ્વારા અનુભવાતાં સંપૂર્ણ આરોપરૂપી જગતનું અધિષ્ઠાન તો માત્ર એક આત્મા જ છે અને આરોપિત જગતની જ્ઞાનકાળે નિવૃત્તિ થતાં આત્મા જ અવશેષ રહે છે. તેથી આત્મા સિવાય અન્ય કંઈ જ અસ્તિત્વ ધરાવતું નથી. કોઈ પણ નામ અને આકારને પોતાની સ્વતંત્ર, પારમાર્થિક સત્તા હોતી નથી. તેથી સ્પષ્ટ છે કે નામ, આકારવાળું પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અનુભવાતું જગત, આત્માની જ સત્તા અને સ્ફૂર્તિથી જણાય છે. માટે સર્વ કાંઈ આત્મમય જ છે. શરીરને સ્પર્શ કરવાથી અજાણતાં ચૈતન્ય આત્માને સ્પર્શ તો થઈ જ જાય છે પરંતુ અવિવેકી કે અજ્ઞાની તે જાણતો નથી, જ્યારે જ્ઞાની જાણે છે. તેવો જ્ઞાની, સર્વમાં આત્માને જ જુએ છે, માટે તે સર્વાત્મદર્શી કહેવાય છે.

(છંદ–અનુષ્ટુપ)

**क्रियासमभिहारेण यत्र नान्यदिति श्रुतिः ।**
**ब्रवीति द्वैतराहित्यं मिथ्याध्यासनिवृत्तये ॥३६३॥**

**यत्र न अन्यत्** = " જ્યાં અન્ય કાંઈ જોતો નથી"
**इति श्रुतिः** = એમ શ્રુતિ
**क्रियासमभिहारेण** = ક્રિયારૂપ દ્વૈતનો ઉપસંહાર કરતાં
**मिथ्याध्यासनिवृत्तये** = મિથ્યા અધ્યાસ દૂર કરવા માટે
**द्वैतराहित्यम्** = "બ્રહ્મમાં દ્વૈતરહિતપણું"
**ब्रवीति** = કહે છે.

પ્રસ્તુત શ્લોકમાં ઉપનિષદના સંદેશનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે **"यत्र न अन्यत् (पश्यति) इति श्रुतिः"** "જ્યાં અન્ય કંઈ પણ (જોતો) નથી એમ શ્રુતિ કહે છે." અર્થાત્ આત્મજ્ઞાનમાં જ્યારે દ્વૈતપ્રપંચની નિવૃત્તિ થાય છે અને જીવ અને બ્રહ્મનું ઐક્ય અનુભવાય છે ત્યારે ત્યાં જ્ઞાનકાળે બ્રહ્મ સિવાય કે આત્મા સિવાય આત્મજ્ઞાની અન્ય કોઈને પણ જોતો નથી. આમ, દ્વૈતપ્રપંચરૂપી કાર્યનું કારણ જે અજ્ઞાન છે તેની જ્ઞાનકાળે નિવૃત્તિ થતાં અજ્ઞાનનું કાર્ય એવું દ્વૈત જગત છે, તેની પણ નિવૃત્તિ થઈ જાય છે. માટે જ, અત્રે જણાવ્યું છે કે જ્ઞાનકાળે કાર્યરૂપી દ્વૈતનું અસ્તિત્વ હોઈ શકે જ નહીં. કારણ કે બ્રહ્મ તો દ્વૈતરહિત છે. બ્રહ્મમાં દ્વૈતની ગંધ પણ હોઈ શકે નહીં તેવું સમજાવવા અને મિથ્યા અધ્યાસ દૂર કરવા માટે જ છાંદોગ્ય ઉપનિષદે સમજાવ્યું છે કે

**"यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा ।"**
"જ્યાં અન્ય કંઈ જોતો નથી, સાંભળતો નથી, જાણતો નથી, તે ભૂમા (પૂર્ણતા) છે." (છાંદોગ્ય ઉપનિષદ-૭/૨૪/૧)

આમ, ક્રિયારૂપી દ્વૈત કે દ્વૈતપ્રપંચનો ઉપસંહાર કરવા, અધ્યાસ કે અવિદ્યા દૂર કરવા માટે જ જ્ઞાનકાળે દ્વૈત નથી, તેવો શ્રુતિસંદેશ જોવા મળે છે.

(છંદ-ઉપજાતિ)

**आकाशवन्निर्मलनिर्विकल्प-**
**निःसीमनिष्पंदननिर्विकारम् ।**
**अन्तर्बहिःशून्यमनन्यमद्वयं**
**स्वयं परं ब्रह्म किमस्ति बोध्यम् ॥३६४॥**

| | |
|---|---|
| **आकाशवत् निर्मलम्** | = આકાશ જેવું નિર્મળ |
| **निर्विकल्प** | = કલ્પનાઓથી રહિત, |
| **निःसीम-निष्पंदन-निर्विकारम्** | = સીમા વગરનું-અચલ, નિર્વિકાર; |
| **अन्तर्बहिःशून्यम्** | = અંદર અને બહાર એવા ભાગ વગરનું |

| | |
|---|---|
| **अनन्यम्** | = જેના જેવું બીજું કોઈ નથી તેવું. |
| **अद्वयम्** | = અદ્વૈત |
| **स्वयं परं ब्रह्म** | = પરબ્રહ્મ હું પોતે જ છું (તેનાથી) |
| **किं अस्ति बोध्यम्?** | = અન્ય કે વધુ જાણવા જેવું શું છે? |

આત્મા કાનનો પણ કાન, મનનું પણ મન, પ્રાણનો પણ પ્રાણ, બુદ્ધિની પણ બુદ્ધિ છે, તેમ પ્રત્યક્ષ અને પરોક્ષજ્ઞાનનું પણ પરમ જ્ઞાન છે, તેવા આત્માને જાણ્યા પછી અવશેષ શું? તેવું ભવ્ય દર્શન કરાવતાં અત્રે સમજાવવામાં આવે છે કે, આકાશ નિર્મળ છે, અમલ છે, અસંગ છે અને નિર્લેપ છે કારણ કે આકાશને ઉષાના અજવાળા ન તો સૌંદર્ય બક્ષે છે કે ન તો અમાસના અંધારા મહાકાળી જેવા રૌદ્ર કે ભયાનક રૂપથી રંગે છે, તેમ વંટોળના ચકરાવા ન તો તેને ફેરફુંદરડી ફેરવે છે કે પોતાના કચરાથી મટમેલું કરે છે. ન તો જંગલની આગથી આકાશ ધૂમ્રવત થાય છે કે ન તો પૂર્ણિમાની ચાંદનીથી શીતળ બને છે. તે તો અસંગ છે. કેવો તેને સાથ-સંગાથનો કે ગ્રહણ-ત્યાગનો લેપ કે જેથી તે લેપાયમાન થાય? નીલગગન તો વીજળીના કડાકે એકનું બે થતું નથી કે કાચની જેમ તરડાઈ વિકૃત થતું નથી, તેમજ વાદળોની ગર્જનાથી ન ધ્રુજારી અનુભવે છે કે છિન્ન ભિન્ન થતાં વાદળોથી મોતનો સંકેત પણ પામે છે. આકાશ તો પોતાના સૌમ્ય, નિર્મળ, અમલ સ્વરૂપમાં સદા સર્વદા અચળ રહે છે. તેવું જ આત્મતત્ત્વનું નિર્મલત્વ, અમલત્વ અને અસંગત્વ સમજી લેવાનું છે. નથી આત્માને સાથ, સંગાથ, સથવારો કે સહયોગ મન કે અંતઃકરણ કે ઇન્દ્રિયસમૂહનો. તો પછી મૃત્યુ સમયે તેને કેવી વિદાય? કે પુનર્જન્મે કેવો ક્યાં નવો પ્રવેશ? આત્મા તો આવાગમનના ચક્રથી, સ્મશાનની રાખથી અને ગર્ભની ઓળથી મુક્ત હોઈ, સદા નિર્મળ છે અને તેના નિર્મલત્વને જાતિ, નીતિ, કુળ, ગોત્રના આરોપો મલિન કરી શકે તેમ નથી કે ન તો સત્ત્વ, રજસ, તમસ જેવા ગુણો તેને પ્રભાવિત કરી પોતાનો લેપ આત્મા ઉપર ચઢાવી શકે તેમ છે. માટે જ નિર્લેપ આત્મતત્ત્વ, તમસના આવરણથી કે રજસના વિક્ષેપથી લેપાયમાન ન થતાં અવિચ્છિન્ન રીતે નિર્લેપ રહે છે. માટે જ તે આકાશ જેવું નિર્મળ છે. **निर्विकल्पम्**

જેમ આત્મતત્ત્વ આકાશવત નિર્મળ છે, તેમ શુદ્ધ આત્મસ્વરૂપમાં નથી મન, તો સંકલ્પવિકલ્પ ક્યાં? નથી ચિત્ત, તો અનુસંધાનની કલ્પના ક્યાં? અરે! આત્મામાં નથી ગ્રાહ્ય કે ત્યાજય, તો કેવો પ્રાપ્તિનો સંકલ્પ કે ત્યાગનો વિકલ્પ? આમ, તમામ સંકલ્પ-વિકલ્પોથી રહિત, કલ્પનાથી અતીત, તર્કથી વેગળું, પ્રમાણોથી અગ્રાહ્ય એવું જે આત્મતત્ત્વ છે, તે સદા સર્વદા નિર્વિકલ્પ કહેવાય છે.

**निःसीमनिष्पंदनम्** – સર્વ શરીરોમાં રહેલું અંતર્યામીરૂપી આત્મતત્ત્વ દેશ, કાળ અને વસ્તુની સીમાઓથી પર છે. નથી આત્માનો અંત આકારમાં કે ભેદમાં. તેથી તે વસ્તુગત સજાતીય, વિજાતીય અને સ્વગતભેદશૂન્ય છે. તેમજ સમયમાં નથી આત્માનો પ્રારંભ, તો સમયમાં અંત કેવો? માટે જ સમયની સીમાઓ તેને બંધનમાં નાંખી શકે તેમ નથી. માટે તે અસીમ છે. તે જ ન્યાયે નિરાકાર હોવાથી તે એક જ સમયે એક જ સ્થળમાં હોય તેવું અનિવાર્ય નથી, બલકે તેથી વિપરીત, આત્મા તો એક જ સમયે, સર્વ સ્થળે, સર્વ દેશમાં હાજરાહજૂર હોવાથી આત્માને દેશની સરહદો કે સ્થળના નથી સીમાડા. માટે જ તે 'નિ:સીમ' વિશેષણથી અલંકૃત થયેલો છે. આમ, દેશ, કાળ અને વસ્તુ જેવા પરિબળોથી કદી નથી ચ્યૂત થતો, નથી પરિવર્તન પામતો, નથી તેને કાળની કરવત ધ્રુજાવી શકતી. તે કાળનો પણ કાળ છે, તો તેનામાં કેવાં કંપન? કેવો ભય? માટે જ તેવા આત્મતત્ત્વની સ્તુતિ માટે તેને નવાજવા 'નિષ્પંદનમ્' જેવા વિશેષણની ભાષાએ મહામહેનતે ખોજ કરી છે. આમ, નિ:સીમ અને 'નિષ્પંદન' જેવો આત્મા, નિર્વિકાર જ હોય તેવું ભાગ્યે જ જાહેર કરવાની જરૂરત છે.

**अन्तर्बहिःशून्यम्–अनन्यम्–अद्वयम्–निर्विकारम्**

અસીમ અને નિ:સીમ આત્મતત્ત્વ, દેશ-કાળ અને વસ્તુથી પરિચ્છેદશૂન્ય હોવાથી પૂર્ણ છે. પૂર્ણત્વ કદી બે હોઈ શકે નહીં. માટે આત્મા પૂર્ણ છે એટલું જ નહીં પરંતુ અનુપમેય છે. તેના જેવું અન્ય કોઈ તત્ત્વ નથી. માટે જ તેને ઉપમારહિત અદ્વિતીય તત્ત્વ કહ્યું છે. આમ, આત્મતત્ત્વ એક,

અભેદ, અખંડ, અદ્વિતીય, છે તેથી અભેદ કે અદ્વિતીયમાં જ્યાં દ્વૈતની કલ્પના જ નથી ત્યાં કોણ અંદર અને કોણ બહાર? અંદર-બહારના ભેદ તો દેહના દૃષ્ટિકોણથી છે, જ્યાં જીવાત્મા અંતર્યામી કે પ્રત્યગાત્મા અંદર હોય અને પંચકોશાદિ કે સ્થૂળ શરીર બહાર દૃશ્ય હોય. પરંતુ શુદ્ધ આત્મતત્ત્વમાં જ્યાં ભેદ નથી ત્યાં આંતર્બાહ્ય શૂન્યત્વ જ છે. તે જ ન્યાયે આત્મામાં કોઈ વિકારો સંભવતા નથી. જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ જેવા વિકારો તો જડ દેહમાં જ સંભવી શકે. નિર્વિકાર આત્મામાં કદાપિ નહીં. આવી વિચારણાથી નિતાંત નિષ્કર્ષના નવનીત જેવું સુબોધ તત્ત્વ હસ્તગત થતાં જ્ઞાનમાં સમજાય છે કે જે આત્મતત્ત્વ આકાશવત નિર્મળ છે, નિર્વિકલ્પ છે, નિર્વિકાર છે, નિઃસીમ છે, નિષ્પંદન છે, નિરુપમેય છે, તથા આંતર-બાહ્ય જેવી લક્ષ્મણરેખાથી મુક્ત છે, તે અદ્વય અને અનન્ય બ્રહ્મતત્ત્વ 'સ્વયં, હું પોતે જ છું', આવું મારા આત્મસ્વરૂપનું નિઃસંદેહ પરમ જ્ઞાન મને મારા દ્વારા જો થયું હોય તો મુજ સર્વોત્કૃષ્ટ આત્મતત્ત્વના અભેદજ્ઞાનથી વધુ જાણવા જેવું અન્ય છે શું? **तत् अन्यत् किं बोध्यम् ?**

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**वक्तव्यं किमु विद्यतेऽत्रबहुधा ब्रह्मैव जीवः स्वयं**
**ब्रह्मैतज्जगदाततं नु सकलं ब्रह्माद्वितीयं श्रुतेः ।**
**ब्रह्मैवाहमिति प्रबुद्धमतयः सन्त्यक्तबाह्याः स्फुटं**
**ब्रह्मीभूय वसन्ति सन्ततचिदानन्दात्मनैव ध्रुवम् ॥३६५॥**

| | |
|---|---|
| **अत्र** | = આ બાબતમાં |
| **किमु बहुधा वक्तव्यं विद्यते** | = વધારે શું કહેવા જેવું છે? |
| **जीवः स्वयं ब्रह्म एव** | = જીવ પોતે બ્રહ્મ જ છે. |
| **एतत् आततं सकलं जगत नु ब्रह्म** | = આ વિસ્તાર પામેલું બધું જગત ખરેખર બ્રહ્મ છે. |
| **ब्रह्म अद्वितीयं श्रुतेः** | = શ્રુતિ પણ કહે છે "બ્રહ્મ અદ્વિતીય છે" |

| | |
|---|---|
| **ब्रह्म एव अहं इति** | = 'બ્રહ્મ જ હું છું' એવી |
| **प्रबुद्धमतयः** | = પરિપક્વ બુદ્ધિવાળા (અને) |
| **सन्त्यक्तबाह्याः** | = બાહ્ય પદાર્થો છોડનારા |
| **ब्रह्मीभूय** | = બ્રહ્મરૂપ થઈને |
| **सन्तत-चिदानन्दात्मना एव** | = સદા ચિદાનંદસ્વરૂપે જ |
| **ध्रुवं वसन्ति** | = અવિચળ રહે છે. |
| **स्फुटम्** | = (આ વાત) સ્પષ્ટ છે. |

પારમાર્થિક સત્યના દૃષ્ટિકોણથી કે આત્મજ્ઞાનના સંદર્ભમાં તો સ્વયં બ્રહ્મ અજ્ઞાનકાળે જીવ ભાસે છે. પરંતુ જ્ઞાનકાળે તો જીવ બ્રહ્મ છે, તેટલું જ નહીં, પરંતુ જીવ, જગત અને ઈશ્વર, સર્વ કંઈ બ્રહ્મસ્વરૂપ જ છે. તેથી બ્રહ્મના ધર્મ જ જીવ-જગત કે ઈશ્વરના છે તેમ અનિવાર્ય રીતે સ્વીકારવું જ પડે. તેવા અલૌકિક સ્વીકારમાં નથી જન્મ જીવનો, જગતનો, ઈશ્વરનો કે બ્રહ્મનો. માટે જન્મેલું તો મારી આસપાસ કે ચોપાસ કંઈ જ નથી. પરંતુ જે કંઈ છે તે અનાદિ, અજન્મા, અદ્વિતીય, અપૂર્વ આત્મસ્વરૂપ જ છે. તેવી અનુભૂતિના ઉદ્‌ગારમાં અત્રે પ્રશ્ન છે કે આવા પારમાર્થિક સત્યની બાબતમાં કે અભેદજ્ઞાન સંદર્ભે વધુ કહેવા જેવું છે શું? **'वक्तव्यं किमु विद्यते अत्र बहुधा ।'** તાત્પર્યમાં, જીવ અને બ્રહ્મ, અભેદ અને એક છે. તેમ જગત પણ બ્રહ્મસ્વરૂપ છે એ બાબતમાં વધું કહેવું શું? કારણ કે બ્રહ્મવિદ્યા સંદર્ભે મહદ્‌પ્રમાણ જેવી શ્રુતિ પણ નિર્વિવાદ ઘોષણા કરે છે કે **'ब्रह्म अद्वितीयं इति श्रुतेः ।'** 'બ્રહ્મ અદ્વિતીય છે આ પ્રમાણે શ્રુતિની ઘોષણા છે' આમ હોવાથી, પરિપક્વ બુદ્ધિવાળા અને બાહ્ય વ્યવહારના ત્યાગી સત્પુરુષોએ **"ब्रह्मैवाहम्"** ''હું બ્રહ્મ છું'' તેવા જ્ઞાનોદય દ્વારા સ્વયં બ્રહ્મ થઈને જ સચ્ચિદાનંદ સ્વરૂપે સદા સર્વદા રહેવું જોઈએ.

(છંદ-માલિની)

**जहि मलमयकोशेऽहं धियोत्थापिताशां**
**प्रसभमनिलकल्पे लिंगदेहेऽपि पश्चात् ।**

निगमगदितकीर्तिं नित्यमानन्दमूर्तिं
स्वयमिति परिचीय ब्रह्मरूपेण तिष्ठ ॥३६६॥

| | |
|---|---|
| मलमयकोशे | = મળથી ભરેલા શરીરમાં |
| अहं धिया–उत्थापित–आशाम् | = અહંબુદ્ધિથી ઉત્પન્ન થયેલી આશાને |
| जहि | = છોડી દે. |
| पश्चात् अनिलकल्पे | = ત્યાર પછી, વાયુના જેવા ચંચળ, |
| लिंगदेहे अपि | = સૂક્ષ્મ શરીરમાં પણ |
| प्रसभम् | = બળપૂર્વક (આશા ત્યાગી દે.) |
| निगमगदितकीर्तिं नित्यम् | = વેદ જેની કીર્તિ ગાય છે, તેવું નિત્ય |
| आनन्दमूर्तिम् | = આનંદસ્વરૂપ (બ્રહ્મ) |
| स्वयं इति | = સ્વયં ('હું પોતે જ છું') એમ |
| परिचीय | = સમજી |
| ब्रह्मरूपेण | = બ્રહ્મરૂપે |
| तिष्ठ | = સ્થિત થા. |

આદિ શંકરાચાર્યજી મુમુક્ષુ કે શિષ્ય પર અનુગ્રહવર્ષા વરસાવતા ઉદ્‌બોધે છે કે, માતા–પિતાના મેલના મલિનકાર્યરૂપ સ્થૂળ શરીરમાં અહંબુદ્ધિથી ઉત્પન્ન થયેલી આશા કે કામનાઓનો ત્યાગ કર. તત્પશ્ચાત્ વાયુ જેવા ચંચળ સૂક્ષ્મશરીરમાં કે લિંગ દેહની આસક્તિ કે આશા પણ તું પ્રબળ પુરુષાર્થ દ્વારા છોડી દે. વેદ, વેદની ઋચાઓ કે શ્રુતિના મંત્રો જેની કીર્તિ ગાય છે તે નિત્યાનંદસ્વરૂપ બ્રહ્મ, સ્વયં 'હું પોતે જ છું', એવો બ્રહ્મસાક્ષાત્કાર કરી, સર્વદા પરબ્રહ્મમાં તદ્રૂપ થઈ બ્રહ્મરૂપે જ રહે.

તાત્પર્યમાં, પોતે જ પોતાનો આત્મપરિચય પ્રાપ્ત કરવા પરિચિત અને પરિચયનો પડદો પાડી, સ્વયં પરબ્રહ્મ છે તેવું જાણી, પોતાની પરમ બ્રાહ્મી સ્થિતિમાં પરિપૂર્ણ રહેવું જોઈએ.

'स्वयमिति परिचीय, ब्रह्मरूपेण तिष्ठ ।'

(છંદ-શિખરિણી)

श्वाकारं यावत् भजति मनुजः तावदशुचिः
परेभ्यःस्यात् क्लेशो जननमरणव्याधिनिलयः ।
यदाऽऽत्मानं शुद्धं कलयति शिवाकारमचलम्
तदा तेभ्योमुक्तो भवति हि तदाह श्रुतिरपि ॥३६७॥

| | |
|---|---|
| यावत् मनुजः | = જ્યાં સુધી મનુષ્ય |
| श्वाकारम् | = મડદા જેવા સ્થૂળ શરીરને |
| भजति | = (આત્મા સમજી) સેવે (ભજે) છે, |
| तावद् अशुचिः | = ત્યાં સુધી (તે) અપવિત્ર છે. |
| जननमरणव्याधिनिलयः | = (અને ત્યાં સુધી) જન્મ-મરણ-વ્યાધિનું ઘર બનેલા તેને |
| परेभ्यः | = બીજાઓથી |
| क्लेशः स्यात् | = દુઃખ થાય છે. |
| यदा | = (પણ) જ્યારે (તે) |
| शिवाकारं शुद्धं अचलम् | = કલ્યાણસ્વરૂપ, શુદ્ધ, અચલ |
| कलयति आत्मानम् | = આત્માને ઓળખે છે. |
| तदा तेभ्यः | = ત્યારે તે બધાથી |
| मुक्तः | = (દુઃખોથી) મુક્ત થાય છે. |
| तत् | = તેવું જ |
| श्रुतिः अपि आह | = શ્રુતિ પણ કહે છે. |

પૂર્વ શ્લોકના પાવન અનુસંધાનમાં પ્રેરણા પાથરવા માટે પુનિત શ્રુતિ સંદેશે છે કે જ્યાં સુધી મનુષ્ય મૃતદેહ કે શબ જેવા આકારના સ્થૂળ શરીરને પોતાનો આત્મા માની, જડ દેહના ચિંતનરૂપ તેની સેવા-સુશ્રુષા કરી, દેહનો જ ભક્ત બની, તેને જ ભજે છે, ત્યાં સુધી મનુષ્ય અપવિત્ર જ રહેવાનો. તેવો મનુષ્ય, જન્મ-મરણ અને વ્યાધિનો ભંડાર કે ઘર હોવાથી જ તે પરાયાં, પારકાં કે અન્યથી ક્લેશ અનુભવે છે. પરંતુ જ્યારે તેવો શોકગ્રસ્ત,

કલ્યાણસ્વરૂપ અર્થાત્ શિવાકાર, શુદ્ધ, અચલ આત્માને અભેદરૂપે જાણે છે ત્યારે જ તેવો પુરુષ, જન્મ-મરણ-વ્યાધિ કે ઉપાધિથી મુક્ત થાય છે. તે જ શ્રુતિનું અભયવચન છે.

(છંદ-અનુષ્ટુપ)

**स्वात्मन्यारोपिताशेषाभासवस्तुनिरासतः ।**
**स्वयमेव परंब्रह्म पूर्णमद्वयमक्रियम् ॥३६८॥**

| | |
|---|---|
| **स्वात्मनि** | = પોતાના આત્મામાં |
| **आरोपित** | = આરોપિત |
| **अशेष–आभास–वस्तु–** | = સર્વ કાંઈ આભાસરૂપી વસ્તુઓનો |
| **निरासतः** | = નિષેધ (ત્યાગ) કરવાથી |
| **स्वयं एव** | = (હું) પોતે જ |
| **पूर्णं अद्वयं अक्रियं परं ब्रह्म** | = અદ્વય અને અક્રિય પરમ બ્રહ્મ (રૂપે રહું છું) |

પોતાના આત્મામાં આરોપિત સર્વ કાંઈ આભાસરૂપી વસ્તુઓનો અર્થાત્ પ્રતીતિ માત્ર પદાર્થોનો નિષેધ કે ત્યાગ કરવાથી, 'હું પોતે જ અદ્વય અને અક્રિય પરં બ્રહ્મ છું', એવો અનુભવ થાય છે.

અત્રે આત્મામાં આરોપરૂપે રહેલા મિથ્યા આભાસોનો ત્યાગ કરવાનું ભલે ઉપદેશાર્થે સૂચવેલું હોય, પરંતુ જ્ઞાનનો મહિમા તો એવો છે કે તેવા ત્યાગ માટે કોઈ સઘન, સબળ પુરુષાર્થની આવશ્યકતા હોતી નથી. પરંતુ જ્યાં સુધી અજ્ઞાન દૂર થતાં કે અધિષ્ઠાનનું જ્ઞાન થતાં આરોપ, વિના પ્રયત્ને આપોઆપ ત્યજાઈ જાય છે. જેમ કે પ્રાતઃકાળે પ્રભાકરના પ્રકાશમાં છીપલીને ચાંદી તરીકે જાણી, તેનું ગ્રહણ કર્યું. તેવા ગ્રહણમાં છીપ ઉપર ચાંદીનો આરોપ છે અને તે આરોપનું કારણ છીપનું અજ્ઞાન છે. પરંતુ જે ક્ષણે હાથથી ઉપાડેલી ચાંદીને ચકાસી અને જણાયું કે જે ચાંદીમાં હું મોહિત થયો છું તે તો રત્નાકરના ભંડારથી ત્યજાયેલી ક્ષુલ્લક છીપલી માત્ર છે, ત્યારે

તેવા જ્ઞાન પશ્ચાત્ કોઈ પણ હેતુપૂર્વકના સબળ, સઘન પુરુષાર્થ કે પ્રયત્ન વિના, હાથથી છીપલી પાછી સરી પડી. તેમ આત્માના જ્ઞાનમાં કે 'હું બ્રહ્માંડનું અધિષ્ઠાન પરબ્રહ્મ છું', તેવા જ્ઞાનમાં અનાયાસે જ આરોપિત વસ્તુઓ સરિયામ સરી પડે છે. તેના ત્યાગ માટે કોઈ વિશેષ સહેતુક પુરુષાર્થની આવશ્યકતા નથી. અરે! જાગૃતિમાં આવતાં જ સ્વપ્નસૃષ્ટિ વિના પ્રયત્ને જેમ વિલય પામે છે, દોરીના જ્ઞાનમાં જેમ ત્યાગ ન કરવા છતાં સર્પ આપોઆપ ત્યજાઈ અદૃશ્ય થાય છે, તેવી જ રીતે હું અદ્વય, અક્રિય, પરબ્રહ્મ છું. **'स्वयमेव परंब्रह्म पूर्णमद्वयमक्रियम् ।'** એવા જ્ઞાનમાં મુજ બ્રહ્મમાં આરોપિત જે કંઈ વસ્તુઓ અજ્ઞાનકાળે જણાતી હતી તે સર્વનો વિશેષ પ્રયત્ન વિના આપોઆપ સહજ નિષેધ થઈ જાય છે.

(છંદ-ઉપજાતિ)

**समाहितायां सति चित्तवृत्तौ**
**परात्मनि ब्रह्मणि निर्विकल्पे ।**
**न दृश्यते कश्चिदयं विकल्पः**
**प्रजल्पमात्रः परिशिष्यते ततः ॥३६६॥**

| | |
|---|---|
| **निर्विकल्पे सति ब्रह्मणि** | = નિર્વિકલ્પ, સત, બ્રહ્મસ્વરૂપ |
| **परात्मनि** | = પરમાત્મામાં |
| **समाहितायां चित्तवृत्तौ** | = અંતઃકરણની વૃત્તિ સમાધિસ્થ થતાં |
| **अयं कश्चित् विकल्पः** | = આ (સંસારરૂપ) કોઈ વિકલ્પ |
| **न दृश्यते** | = જોવામાં આવતો નથી. |
| **ततः** | = પછી તે |
| **प्रजल्पमात्रः** | = (અજ્ઞાનજન્ય) પ્રલપન માત્ર |
| **परिशिष्यते** | = અવશેષ રહે છે. |

અંતઃકરણની અશેષ વૃત્તિઓ, નિર્વિકલ્પ સત-બ્રહ્મમાં સ્થિર થતાં સંસારરૂપી કોઈ વિકલ્પ શેષ જણાતો નથી. પરંતુ તત્પશ્ચાત્ તો માત્ર

અજ્ઞાનજન્ય પ્રલપન જ કે મિથ્યા પ્રજ્ઞાવાદ જ અવશેષ રહે છે.

સંસારના અધિષ્ઠાન જેવું બ્રહ્મતત્ત્વ હું જ છું, એવા અપરોક્ષ જ્ઞાનમાં સમજાય છે કે બ્રહ્મ તરીકે હું વાચાતીત કે અવર્ણનીય, તો મારા પરિચય માટે વકતવ્ય કેવું? પ્રવચન ક્યાં? વાણીવિસ્તાર શા માટે? મુજ નિર્વિકલ્પ સત્સ્વરૂપમાં સંસાર જેવો વિકલ્પ નથી, તો મિથ્યા સંસારની ક્યાં કથા? છતાં જો કોઈએ માંડી હોય અકથ્યની કથા, તો જાણે કોણ તેવા અજ્ઞની વ્યાકુળ વ્યથા?

(છંદ-અનુષ્ટુપ)

**असत्कल्पो विकल्पोऽयं विश्वमित्येक वस्तुनि ।**
**निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥४००॥**

| | |
|---|---|
| **एक वस्तुनि** | = એક બ્રહ્મવસ્તુમાં |
| **अयं विश्वम्** | = આ વિશ્વ |
| **असत्कल्पः विकल्पः इति** | = અસત કલ્પના જેવો વિકલ્પ માત્ર છે. |
| **निर्विकारे निराकारे** | = (તો પછી) નિર્વિકાર, નિરાકાર |
| **निर्विशेषे** | = (તથા) નિર્વિશેષ બ્રહ્મમાં |
| **कुतः भिदा?** | = ભેદ ક્યાંથી સંભવે? |

મુજ એક, નિર્વિકલ્પ બ્રહ્મવસ્તુમાં વિશ્વ એ માત્ર અસત કલ્પના કે મિથ્યાકલ્પના જેવો ફક્ત વિકલ્પ જ છે. તાત્પર્યમાં, મુજ બ્રહ્મમાં જો દ્વૈત નથી તો વિશ્વનો મિથ્યા આરોપ કેવો? છતાં જો વિશ્વ અજ્ઞાનકાળે ભાસે છે તો નિશ્ચય તે અસત કલ્પના કે મિથ્યા કલ્પના જેવો વિકલ્પ જ હોવો જોઈએ. આવો વિકલ્પ એ જ મુજ અદ્વિતીય બ્રહ્મ ઉપર થયેલો અધ્યારોપ છે. બાકી આરોપ સિવાય ન મુજમાં કંઈ છે કે હું કોઈમાં છું. જો કોઈ મુજમાં છે તો નિઃસંદેહ આરોપરૂપે છે અને જો હું કોઈમાં છું, તો નિર્વિવાદ અસંગ અંતર્યામી કે સત્તા-સ્ફૂર્તિરૂપે નિર્લેપ રહેલો છું. પરંતુ વાસ્તવિક્તામાં તો **'निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ।'** મુજ નિર્વિકાર, નિરાકાર

અને વિશેષણ વગરના નિર્વિકલ્પ અભેદ બ્રહ્મમાં ભેદ સંભવે ક્યાંથી? તે જ ન્યાયે મુજમાં ભેદ નથી, તો મારી બ્રાહ્મી સ્થિતમાં ભંગ ક્યાં? અરે! મુજ અભેદ, અભંગ, બ્રહ્માનુભૂતિમાં ભંગ કે ભેદની નિવૃત્તિ છે તો ક્યાં કેવી ભયની આવૃત્તિ કે ઉત્પત્તિ? અને જો ભય જ નથી તો કેવું સ્પંદન કે રહ્યું ક્યાં ક્રંદન? માટે જ હું તો રહ્યો અભય, અનાક્રમી અને દ્વૈતપ્રપંચનો વિજેતા પરાક્રમી.

(છંદ-અનુષ્ટુપ)

**दृष्टृदर्शनदृश्यादि भावशून्यैकवस्तुनि ।**
**निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥४०१॥**

| | | |
|---|---|---|
| **दृष्टृदर्शनदृश्यादि** | = | દ્રષ્ટા-દર્શન-દશ્ય વગેરેના |
| **भावशून्ये** | = | ભાવ (અસ્તિત્વ) રહિત |
| **एकवस्तुनि** | = | એક જ વસ્તુ (બ્રહ્મ) છે. |
| **निर्विकारे** | = | (તે) નિર્વિકાર |
| **निराकारे** | = | નિરાકાર |
| **निर्विशेषे** | = | (અને) નિર્વિશેષ બ્રહ્મમાં |
| **कुतः भिदा** | = | ભેદ ક્યાંથી સંભવે? |

પરબ્રહ્મ દ્દષ્ટા, દર્શન અને દશ્ય જેવા ભેદથી રહિત અને અખંડ એકવસ્તુ છે. તેવો ઉલ્લેખ દર્શાવે છે કે જ્યાં અવિદ્યાકાળે દ્વૈતનું અસ્તિત્વ હોય ત્યાં જ એક દશ્ય હોય અને અન્ય દ્દષ્ટા હોય, એક ભોગ્ય હોય તો અન્ય ભોક્તા હોય, કોઈ ધ્યેય વસ્તુ હોય તો કોઈ ધ્યાતા હોય અને તે જ પ્રમાણે જ્ઞેય હોય તો જ્ઞાતા હોય. પરંતુ બ્રહ્મ તો સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ છે, તેથી તેમાં અવિદ્યાના કાર્ય જેવું દ્વૈતદર્શન જ નથી. તે ન્યાયે નથી સૃષ્ટિ, તો સર્જનહાર કેવો? નથી બ્રહ્મથી ભિન્ન કંઈ જ્ઞેય, તો જ્ઞાતા કોણ અને દશ્ય જગત નથી તો કેવું દર્શન અને દ્દષ્ટા ક્યાં? આમ વિચારતાં પારમાર્થિક સત્યવસ્તુ બ્રહ્મમાં નથી જ્ઞાન, જ્ઞાતા કે જ્ઞેયની ભ્રમણા કે નથી દ્દષ્ટા, દર્શન અને દ્દષ્ટની અજ્ઞાનજન્ય ત્રિપુટી. આમ, નિર્વિકલ્પ, નિરાકાર અને નિર્વિશેષ બ્રહ્મમાં અનેકતા, ઉપાધિઓ કે દ્વૈતપ્રપંચ નથી, તો ભેદ ક્યાં?

(છંદ-અનુષ્ટુપ)

**कल्पार्णव इवात्यन्त परिपूर्णैकवस्तुनि ।**
**निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥४०२॥**

**कल्पार्णव इव** = પ્રલયકાળના સાગર જેવી
**निर्विकारे निराकारे निर्विशेषे** = નિર્વિકાર, નિરાકાર (અને) નિર્વિશેષ
**अत्यन्त परिपूर्ण–एकवस्तुनि** = અત્યંત પૂર્ણ એક જ વસ્તુમાં
**कुतः भिदा** = ભેદ ક્યાંથી સંભવે?

જેવી રીતે પ્રલયકાળનો સાગર પોતાના સ્વરૂપમાં પરિપૂર્ણ અને સંતૃપ્ત છે તેવી રીતે પરબ્રહ્મ પણ પોતાના અદ્વિતીય એકરૂપમાં સાગરની જેમ પરિપૂર્ણ હોવાથી, વિકાર વગરનો અને આકારની વિશેષતાથી રહિત છે. નથી તેમાં જીવના વિકારો કે જગતના આકારો, તો ભેદ ક્યાંથી?

જેને અજ્ઞાનકાળે ભેદ દૃશ્ય છે તે જ અન્યમાં રાગ કે દ્વેષ અનુભવે છે અને જેમાં રાગ હોય તેની પ્રાપ્તિ માટે અને દ્વેષ હોય તેના ત્યાગ માટે તે નિરંતર પ્રવૃત્તિશીલ હોય છે. તેવી પ્રવૃત્તિ કે કર્મ, સુખ-દુ:ખ અને વાસના જન્માવી બંધનમાં નાંખે છે, જ્યારે બ્રહ્મ તો બંધનમુક્ત હોઈ, નથી તેને સુખ-દુ:ખ કે રાગ-દ્વેષના દ્વંદ્વ, તો ભેદ ક્યાં? બ્રહ્મ તો નિષ્ક્રિય છે, નિરવયવી છે, અશરીરી છે, મન રહિત છે અને તે જ કારણે મન નથી તો જુદાઈ ક્યાં? પ્રવૃત્તિશૂન્ય નિષ્ક્રિય બ્રહ્મમાં રાગ-દ્વેષ કેવાં? રાગ-દ્વેષશૂન્ય એક અને અદ્વિતીય બ્રહ્મમાં ગ્રહણ કે ત્યાગનો ભેદ ક્યાં? ગ્રહણ અને ત્યાગ તો ઊણપ કે અપૂર્ણતામાં છે, બ્રહ્મ તો છલોછલ ભરેલા સાગર જેવો છે. પોતે પોતાનામાં પોતા દ્વારા સંતૃપ્ત છે, પછી ગ્રહણ અને ત્યાગ જેવું ભેદમય દર્શન સંભવે ક્યાં?

(છંદ-અનુષ્ટુપ)

**तेजसीव तमो यत्र प्रलीनं भ्रान्ति कारणम् ।**
**अद्वितीये परे तत्त्वे निर्विशेषे भिदा कुतः ॥४०३॥**

| | |
|---|---|
| **तेजसि तमः इव** | = પ્રકાશમાં અંધકાર જેમ (નાશ પામે છે તેમ) |
| **यत्र भ्रान्ति कारणं प्रलीनम्** | = જે(જ્ઞાન)માં ભ્રાંતિનું કારણ નાશ પામે છે |
| **अद्वितीये निर्विशेषे** | = તે અદ્વિતીય, નિર્વિશેષ |
| **परे तत्त्वे** | = પરમ તત્ત્વમાં |
| **कुतः भिदा** | = ભેદ ક્યાંથી સંભવે? |

(છંદ-અનુષ્ટુપ)

**एकात्मके परे तत्त्वे भेदवार्ता कथं भवेत् ।**
**सुषुप्तौ सुखमात्रायां भेदः केनावलोकितः ॥४०४॥**

| | |
|---|---|
| **एकात्मके परे तत्त्वे** | = એક માત્ર પરમતત્ત્વમાં |
| **भेदवार्ता** | = ભેદની વાર્તા જ |
| **कथं भवेत्?** | = કેવી રીતે સંભવે? |
| **सुखमात्रायाम्** | = જેમાં માત્ર સુખ જ અનુભવાય છે એવી |
| **सुषुप्तौ** | = સુષુપ્તાવસ્થામાં |
| **भेदः** | = ભેદ |
| **केन** | = કોણે |
| **अवलोकितः?** | = જોયો છે? |

પ્રકાશના ઉદયમાં અંધકારનો અસ્ત થાય છે અર્થાત્ બન્ને અન્યોન્યના પૂર્ણ વિરોધી હોવાથી જેમ એક સમયે, એક સ્થળે, એક સાથે અસ્તિત્વ ધરાવી શકે નહીં, તેવી જ રીતે ભ્રાંતિ કે ભ્રમને જન્માવનારું કારણ અજ્ઞાન અને તેથી પૂર્ણ વિરોધી આત્મજ્ઞાન, બન્ને અંધકાર અને પ્રકાશ જેમ અન્યોન્યના પૂર્ણ વિરોધી હોવાથી એક સમયે, એક સ્થળે, એક સાથે અસ્તિત્વમાં હોઈ શકે નહીં. તે ન્યાયે સ્પષ્ટ છે કે બ્રહ્મ તો અદ્વિતીય, નિર્વિશેષ અને જ્ઞાનસ્વરૂપ છે તો તેમાં અજ્ઞાન ક્યાં? જો અજ્ઞાન નથી તો તેનું કાર્ય ભેદદર્શન કેવું? બ્રહ્મજ્ઞાન અને ભ્રમ, તેજ અને તમ જેવા વિરોધી હોઈ એકની ઉપસ્થિતિમાં

અન્ય સંભવી શકે નહીં. માટે જ અત્રે સ્પષ્ટ છે કે **"अद्वितीये निर्विशेषे भिदा कुतः ।"** આમ, અભેદ એક પરમતત્ત્વ બ્રહ્મમાં ભેદની ચર્ચા, તર્ક-વિતર્ક, તે વિષેનો સંવાદ કે ભેદમય વાર્તાલાપ સંભવી શકે તેમ નથી. **"एकात्मके परे तत्त्वे भेदवार्ता कथं भवेत् ।"**

સુષુપ્તિની અવસ્થામાં અનેકતા, જુદાઈ કે ભેદ અનુભવાતા નથી. ત્યાં નથી ભેદ સજ્જન કે ચોરના, નથી પુણ્ય કે પાપના, નથી સકામ કે નિષ્કામ જેવા કર્મના, નથી ગ્રહણ કે ત્યાગના, નથી ભોગ્ય કે ભોક્તાના. અરે! ત્યાં નથી કાંઈ દૃશ્ય કે હોઈ શકે દૃષ્ટા, નથી કાંઈ જ્ઞેય કે તેનો જ્ઞાતા. આમ, દ્વૈતસૃષ્ટિનો અભાવ છે માટે નથી શંકા કે સમાધાનની ઝંઝટ, નથી પ્રશ્ન કે નથી સંભવતું ઉત્તરનું સંશોધન, નથી કોઈ સંતપ્ત કે શોકમગ્ન કે જેથી હોય આશ્વાસનની પ્રવૃત્તિ, નથી હતાશા, નિરાશા કે ભગ્નાશાના વંટોળ, તો જરૂર ક્યાં પ્રોત્સાહનના પૂરની? અરે! નથી સુષુપ્તિમાં દુઃખનો દરિયો કે સુખનો જળપ્રપાત. આમ, પ્રવૃત્તિશૂન્ય, નિષ્ક્રિય સુષુપ્તિમાં નથી સ્પર્ધા કે કોઈ મોખરે હોય અને કોઈ આખરે હોય. તેથી નથી સ્પર્ધાની તંગ અવસ્થા, નથી કંઈ લૂંટાઈ જવાની ચિંતા કે પ્રાપ્તિનો ઉમંગ. આમ, સર્વ કાંઈના અભાવમાં જ જેમ માત્ર સુખ જ અનુભવાય છે, ભેદ કે ભય નહીં, તે જ પ્રમાણે ભેદશૂન્ય અખંડ, એક પરબ્રહ્મમાં અનુભવાય છે માત્ર અતીન્દ્રિય સુખ અને અભેદ, અખંડ, અલૌકિક આનંદ.

(છંદ-ઉપજાતિ)

**न ह्यस्ति विश्वं परतत्त्वबोधात्**
**सदात्मनि ब्रह्मणि निर्विकल्पे ।**
**कालत्रये नाऽप्यहिरीक्षितो गुणे**
**न ह्यम्बुबिन्दुर्मृगतृष्णिकायाम् ॥४०५॥**

**कालत्रये अपि** = (ભૂત-ભવિષ્ય અને વર્તમાન) ત્રણે કાળમાં
**गुणे** = દોરીમાં
**अहिः** = સર્પ

| | |
|---|---|
| **न अपि ईक्षितः** | = (કોઈએ) પણ જોયો નથી. |
| **मृगतृष्णिकायाम्** | = (અને) ઝાંઝવાના જળમાં |
| **न अम्बुबिन्दुः हि** | = જળનું એક ટીપું પણ (કોઈએ જોયું નથી.) |
| **परतत्त्वबोधात्** | = (તેમ) પરતત્ત્વનું જ્ઞાન થતાં |
| **निर्विकल्पे** | = નિર્વિકલ્પ (અને) |
| **सदात्मनि** | = સત્સ્વરૂપ |
| **ब्रह्मणि** | = બ્રહ્મમાં |
| **विश्वं न हि अस्ति** | = જગત (ખરેખર) છે જ નહીં. |

અજ્ઞાનકાળે દોરીમાંથી જન્મેલો ભ્રાંતિરૂપી સર્પ, દોરી ઉપર જ દેખાય છે અને જ્ઞાન થતાં અર્થાત્ ભ્રાંતિ દૂર થતાં દોરીમાં જ લય પામે છે છતાં વાસ્તવિકતામાં ભ્રાંતિરૂપે અનુભવાયેલ સર્પ ભૂત, ભવિષ્ય કે વર્તમાન એક પણ કાળે સત્ય નહોતો, નથી અને હોઈ શકે પણ નહીં. તે જ પ્રમાણે ઝાંઝવાના જળ દેખાય ખરાં, પરંતુ તેવા મૃગજળનું એક ટીપું પાણી પણ વાસ્તવિક કે સત્યતામાં કોઈ પણ કાળે કોઈએ જાણેલું હોતું નથી. તે તો જળની ભ્રાંતિ છે, જળ નહીં. તે જ પ્રમાણે નિર્વિકલ્પ બ્રહ્મનું જ્ઞાન થતાં સમજાય છે કે સત્સ્વરૂપ બ્રહ્મમાં જગત આરોપરૂપે અનુભવાય છે ખરું, પરંતુ ભ્રાંતિકાળે દેખાયેલા સર્પ જેમ ભૂત, ભવિષ્ય કે વર્તમાન એક પણ કાળે જગતનું સાચું અસ્તિત્વ હોઈ શકે નહીં.

જો જગત સત્ય હોય તો, તેનો કદી બાધ થાય નહીં. પરંતુ સુષુપ્તિમાં જગતનો અભાવ જણાય છે, તેથી જગત સત્ય નથી, તે જ પ્રમાણે જાગ્રતમાં દેખાતું જગત, સ્વપ્નમાં નથી અને સ્વપ્નસૃષ્ટિ જાગ્રતમાં હોતી નથી. આમ, જાગ્રત અને સ્વપ્નસમયનું જગત, અસત કે ખોટું હોવા છતાં, તેવું અસત જગત ખોટે ખોટું પણ સુષુપ્તિમાં તો જણાતું નથી, તો જગતની રહી ક્યાં સત્યતા? કે કેવું જગતનું નિત્યત્વ? કે ક્યાં રહ્યું તેનું સાચું સતત્વ? માટે જ કહ્યું કે જગત કોઈ કાળે અસ્તિત્વમાં નથી. **"न ह्यस्ति विश्वं कालत्रये अपि ।"** ''કાળત્રિપુટીમાં ક્યાંય જગત અસ્તિત્વ ધરાવતું નથી.''

શ્રુતિ ઉદ્‌ઘોષણા કરે છે કે આ દ્વૈતમય જગત માયામાત્ર જ છે. પારમાર્થિક દૃષ્ટિએ વિચારતાં પણ જગતમાં ભેદ છે જ નહીં. સર્વ કંઈ અભેદ અને અદ્વૈત જ છે. જેવી રીતે સુષુપ્તિની અવસ્થામાં સર્વ કંઈ અભેદ અને અદ્વૈત જ અનુભવાય છે તેમ વાસ્તવમાં અદ્વૈત જ સત્ય છે પરંતુ દ્વૈત કે ભેદ તો માયાનું કાર્ય છે. માયા પોતે ત્રિકાલાબાધિત સત્ય નથી. તો પછી માયાનું કાર્ય જગત સત્ય ક્યાંથી હોય? જેમાં જેમાં ભેદ છે, દ્વૈત છે, જુદાઈ છે, અનેકતા છે, તે સર્વ કંઈ દેશ-કાળ અને વસ્તુ દ્વારા પરિચ્છિન્ન છે અને દ્વૈતસૃષ્ટિમાં સર્વ કાંઈ પરિચ્છિન્ન હોવાથી અલ્પ છે. જયાં જયાં અલ્પત્વ છે તે નાશવાન છે, સીમિત છે, બાધિત થવાના સ્વભાવવાળું છે. કારણ કે તમામ દ્વૈતમય કે ભેદમય સૃષ્ટિમાં જે કંઈ છે, તેનો જન્મ છે તેથી સ્વાભાવિક જન્મ પૂર્વે તે સૌનો અભાવ સિદ્ધ થાય છે અને નાશ પછી પુનઃ અભાવ થશે એ નિશ્ચિત છે માટે, દ્વૈતમય સૃષ્ટિ અભાવયુક્ત હોવાથી માયા જેવી મિથ્યા જ છે. સ્વયં માયાનો જ્ઞાનકાળે જો અભાવ થાય, તો તેના કાર્યરૂપી દ્વૈતજગતનો અભાવ થાય તેમાં કેવું આશ્ચર્ય? દ્વૈતસૃષ્ટિમાં દેખાતું સર્વ કંઈ સૃષ્ટિ પૂર્વે નહોતું કારણ કે સૃષ્ટિ પૂર્વે તો એક, અખંડ, અદ્વૈત, આત્મતત્ત્વ જ હતું. છતાં ઉપાધિભેદે જીવ અને જગત જેવા, ભોગ્ય અને ભોક્તા જેવા, કર્તા અને કર્મ જેવા તમામ ભેદ માયાકલ્પિત જ છે. તેથી રખે કોઈ એવું માને કે માયા નામની કોઈ શક્તિએ ભેદ રચ્યા હશે. વાસ્તવમાં તો જીવના સંદર્ભમાં માયા જ અવિદ્યા કહેવાય છે અને અવિદ્યાગ્રસ્ત મનુષ્ય, અવિદ્યાના આવરણને લીધે, નામ અને આકારના, કાર્ય કે ઉપાધિના ભેદને સાચા માને છે. હકીકતમાં જેમ તરંગ, પરપોટાં, ફીણ આદિના નામ અને આકારો દૂર કરવામાં આવે તો જળતત્ત્વ તો તે સૌમાં એક અને અખંડ છે. તે જ પ્રમાણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા નામ અને ઉપાધિના ભેદમાં પણ અદ્વૈત તત્ત્વ તો એકનું એક જ છે. અવિદ્યાને લીધે જ જીવાત્મા જીવ, જગત અને ઈશ્વર જેવા ભેદ, દ્વૈત અને ત્રૈત કલ્પે છે. પરંતુ જેમ સુષુપ્તિમાં ભેદની ભ્રમણા કે દ્વૈતની ગંધ નથી, તે જ પ્રમાણે આત્મજ્ઞાનકાળે નથી ભેદ કે તેનું દુઃખ કે શોક અને નથી દ્વૈત કે તેનો મોહ. આમ, એક અખંડ આત્મદૃષ્ટિમાં શોક અને મોહનું

આત્યંતિક નિવારણ થાય છે અને બચે છે દ્વૈતરહિત અદ્વૈત આત્મતત્ત્વ. તેમાં કેવો મોહ કે રહે ક્યાં શોક? તેથી શ્રુતિ જણાવે છે કે

**'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ।'**

(ઈશાવાસ્યોપનિષદ-૭)

"જ્યાં એકત્વનું દર્શન છે ત્યાં કેવો મોહ? (અને) કેવો શોક?"

પરમાર્થમાં, આત્મજ્ઞાનમાં, અભેદદૃષ્ટિમાં, અદ્વૈત અધિષ્ઠાનમાં દ્વૈત છે જ નહીં, પરંતુ અવિદ્યા અને માયાની ભ્રાંતિથી જ કલ્પાય છે તથા અધ્યાસરૂપે પ્રતીત થાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ।**
**इति ब्रूते श्रुतिः साक्षात्सुषुप्तावनुभूयते ॥४०६॥**

**इदं द्वैतम्** = આ દ્વૈત (જગત)
**मायामात्रम्** = માત્ર માયા જ છે.
**परमार्थतः** = વાસ્તવિકતામાં (પરમાર્થે)
**अद्वैतम्** = અદ્વૈત જ છે.
**इति श्रुतिः ब्रूते** = એમ શ્રુતિ કહે છે. (અને)
**सुषुप्तौ** = સુષુપ્તિની અવસ્થામાં
**साक्षात्** = સાક્ષાત્
**अनुभूयते** = અનુભવાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**अनन्यत्वमधिष्ठानादारोप्यस्य निरीक्षितम् ।**
**पण्डितैः रज्जुसर्पादौ विकल्पो भ्रान्तिजीवनः ॥४०७॥**

**रज्जुसर्पादौ** = રજ્જુ-સર્પ વગેરે દૃષ્ટાંતમાં
**निरीक्षितम्** = જાણવામાં આવે છે
**पण्डितैः** = (તેમ) બુદ્ધિમાનોએ

**आरोप्यस्य** = અધ્યસ્ત કે આરોપિત વસ્તુનો
**अधिष्ठानात्** = અધિષ્ઠાનથી
**अनन्यत्वम्** = અભેદ (કહ્યો છે) (અને)
**विकल्पः भ्रान्तिजीवनः** = (સર્પ જેવા) વિકલ્પનું જીવન ભ્રાંતિપર્યંત જ (જાણેલું છે.)

રજ્જુમાં સર્પ આરોપ કે અધ્યસ્ત છે તેથી રજ્જુરૂપી અધિષ્ઠાનથી અધ્યસ્ત કે આરોપિત સર્પ જુદો નથી કારણ કે રજ્જુ વિના સર્પને સ્વતંત્ર અસ્તિત્વ કે પ્રકાશત્વ હોતું નથી. રજ્જુમાંથી જ તે જન્મે, રજ્જુમાં જ અંતે વિલય પામે છે. તેથી રજ્જુથી ભિન્ન આરોપરૂપી સર્પ હોતો નથી. તે જ પ્રમાણે બુદ્ધિમાન પંડિતોએ આરોપરૂપે કે અધ્યસ્ત તરીકે રહેલા દ્વૈતજગતનો અધિષ્ઠાન આત્માથી અભેદ કે અનન્યત્વ અનુભવેલું છે તથા વિકલ્પ કે ભેદનું જીવન ભ્રાંતિપર્યંત જ જાણેલું છે. અર્થાત્ જ્યાં સુધી ભ્રાંતિ કે અવિદ્યા જીવતી હોય છે, તેની અસર કે આવરણ જીવને ઢાંકી રાખે છે, તેટલા સમય સુધી જ ભેદ કે સંકલ્પવિકલ્પનું જીવન ટકે છે. અધિષ્ઠાન રજ્જુનું જ્ઞાન થતાં જેમ નથી સર્પ કે તેનો ભય તેમ અધિષ્ઠાન આત્માનું જ્ઞાન થતાં નથી સંસાર કે દેહ, તેથી નથી પ્રલયનો ડર કે મૃત્યુનો ભય.

(છંદ-અનુષ્ટુપ)

**चित्तमूलो विकल्पोऽयं चित्ताभावे न कश्चन ।**
**अतश्चित्तं समाधेहि प्रत्यग्रूपे परात्मनि ॥४०८॥**

**अयं विकल्पः** = આ (દૃશ્ય જગતરૂપી) વિકલ્પ
**चित्तमूलः** = ચિત્તને કારણે છે.
**चित्ताभावे** = ચિત્ત ન હોય તો
**न कश्चन** = કોઈ ભેદ જ નથી.
**अतः** = માટે
**प्रत्यक्-रूपे** = પ્રત્યક્ ચૈતન્યસ્વરૂપ
**परात्मनि** = પરબ્રહ્મમાં

चित्तम् = ચિત્તને
समाधेहि = સમાધિસ્થ કર.

## આત્મચિંતન

આ વિકલ્પમય સંસાર અગર ભેદમય સૃષ્ટિ ચિત્તને કારણે છે. ચિત્ત ન હોય તો ભેદદર્શન અગર સંકલ્પ-વિકલ્પ જણાતા નથી. તેથી પ્રત્યક્ ચૈતન્યસ્વરૂપ પરબ્રહ્મમાં જ ચિત્તને સ્થિર કરવું જોઈએ.

સુષુપ્તિમાં ચિત્ત કે મન નથી તેથી નથી ત્યાં સંકલ્પ-વિકલ્પરૂપી જુદાઈ, અનેકતા કે ભેદસૃષ્ટિ. મન કે ચિત્ત જ ભેદનું દર્શન કરે છે અને નાનાત્વમાં આસક્ત થઈ અનર્થોની જાળ રચે છે. માટે ચિત્તનો બ્રહ્મભાવે પરબ્રહ્મમાં વિલય કરવો જ ઇષ્ટ છે. કારણ કે જો ચિત્ત નથી તો દ્વૈત કે ભેદ ન હોઈ શકે. **"चित्ताभावे न कश्चन ।"**

(છંદ-માલિની)

**किमपि सततबोधं केवलानन्दरूपं**
**निरुपममतिवेलं नित्यमुक्तं निरीहम् ।**
**निरवधि गगनाभं निष्कलं निर्विकल्पं**
**हृदि कलयति विद्वान् ब्रह्मपूर्णं समाधौ ॥४०६॥**

विद्वान् = વિદ્વાન
किमपि सततबोधम् = કાંઈક જે નિત્ય જ્ઞાનસ્વરૂપ,
केवलानन्दरूपम् = કેવળ આનંદરૂપ,
निरुपमम् = ઉપમા રહિત,
अतिवेलम् = કાળથી પર
नित्यमुक्तम् = સદા મુક્ત,
निरीहम् = ક્રિયા વગરનું
निरवधिगगनाभम् = આકાશની માફક સીમા વગરનું,
निष्कलम् = અવયવ વગરનું

| | |
|---|---|
| **निर्विकल्पम्** | = નિર્વિકલ્પ |
| **ब्रह्मपूर्णम्** | = પરિપૂર્ણ બ્રહ્મનો |
| **समाधौ** | = સમાધિ અવસ્થામાં |
| **हृदि** | = પોતાના અંતઃકરણમાં |
| **कलयति** | = અપરોક્ષ અનુભવ કરે છે. |

પ્રસ્તુત શ્લોકમાં સમજાવ્યું છે કે વિદ્વાન સમાધિ અવસ્થામાં કેવા પ્રકારનું બ્રહ્મતત્ત્વ અનુભવે છે.

જે નિત્ય જ્ઞાનસ્વરૂપ અર્થાત્ ઉદય અને અસ્તરહિત શાશ્વત ભાવસ્વરૂપ હોવાથી કેવળ આનંદરૂપ છે, ઉપમારહિત છે કારણ કે તેના જેવું અન્ય કાંઈ છે જ નહીં, તેવા કાળાતીત, સદામુક્ત, નિષ્ક્રિય, આકાશવત, અસીમ, નિરવયવી તથા નિર્વિકલ્પ પૂર્ણ બ્રહ્મનો વિદ્વાન પુરુષ સમાધિની અવસ્થામાં પોતાના હૃદયદેશમાં અપરોક્ષ અનુભવ કરે છે.

અત્રે ભલે શિષ્યને નિર્વિકલ્પ સમાધિનો કે પૂર્ણબ્રહ્મનો નિર્દેશ કરવા અનેક વિશેષણો વપરાયા હોય, છતાં સમજવું કે પરબ્રહ્મ તો વાચાતીત છે, અવર્ણનીય છે, વિશેષણમુક્ત નિર્વિશેષ છે. છતાં જ્યારે બ્રહ્મનો ઉપદેશ આપવા માટે ભાષાનો અગર વાણીનો જ ઉપયોગ કરવાના સંજોગો ઊભા થાય ત્યારે વાણી સાંત હોવા છતાં, સ્વરૂપે વામણી હોવા છતાં, ભાષાની ઊણપ અને મર્યાદાઓનો સ્વીકાર કરવા છતાં, આપણે તેનો જ પ્રયોગ બ્રહ્મતત્ત્વના ઉપદેશાર્થે કરવાનો હોય છે. છતાં વિચક્ષણ આચાર્યો કે ગુરુજનો ભાષા કે વાણીનો પ્રયોગ કરી, શબ્દોને પાછા ખેંચી લેવાની કળામાં માહેર હોય છે. તેથી શબ્દનો પ્રયોગ કરવા છતાં, ભાષાને વાપરવા છતાં, વાણી દ્વારા નિર્દેશ કરવા છતાં જાણે તેવા કોઈ સાધનનો પ્રયોગ કરતાં નથી તેવું દર્શાવવા મોટે ભાગે વિરોધાભાસી શબ્દોનો પ્રયોગ થાય છે. તદુપરાંત બ્રહ્મતત્ત્વ 'આ જ છે' તેવું ન કહેતા, કાં તો **'नेति नेति'** શબ્દોનો ઉપયોગ થાય અગર બ્રહ્મ કે આત્મા કોઈના જેવો છે, દા.ત. આકાશવત, પ્રકાશવત, જળ-કમળવત એવું કહેવામાં આવે છે. પરંતુ સીધે સીધો પ્રત્યક્ષ પરિચય કરાવવાનું

વાણીનું સામર્થ્ય હોતું નથી. તેથી ઘણી વાર બ્રહ્મના નિર્દેશ માટે અનેક વિશેષણો વાપરવા છતાં નિર્દેશક કે ઉપદેશકને અતૃપ્તિ જ જણાતી હોય છે. તેનું કારણ પોતાની અનુભૂતિની નહીં પરંતુ અભિવ્યક્તિના માધ્યમની ઊણપ જ સમજવી. માટે ઘણીવાર વિવેચકો જણાવે છે કે બ્રહ્મતત્ત્વ પાસેમાં પાસે છે તેથી દૂરમાં દૂર પણ છે; તે મહાનથી પણ મહાન છે અને અણુનો પણ અણુ છે; તે સર્વત્ર છે માટે ક્યાંય દેખાતો નથી, તે કંઈ કંઈ છે માટે કંઈ જ નથી. આમ, શબ્દોનો પ્રયોગ કરી બુધજનો શબ્દોને પાછા ખેંચી લેવાની કળામાં પારંગત હોવાથી સંકેતે છે કે ભલે બ્રહ્મસંદર્ભે અમે ઘણું કહ્યું છતાં બ્રહ્મ વાચાતીત હોવાથી અમે તો મૌન જ છીએ.

(છંદ–માલિની)

**प्रकृतिविकृतिशून्यं भावनातीतभावं**
**समरसमसमानं मानसंबंधदूरम् ।**
**निगमवचनसिद्धं नित्यमस्मत्प्रतिष्ठं**
**हृदि कलयति विद्वान् ब्रह्मपूर्णं समाधौ ॥४१०॥**

**विद्वान्** = વિદ્વાન
**हृदि** = અંતઃકરણમાં
**प्रकृतिविकृतिशून्यम्** = પ્રકૃતિના વિકારોથી રહિત
**भावनातीतभावम्** = ભાવનાથી મુક્ત ભાવસ્વરૂપ
**समरसम्** = સમાન રસસ્વરૂપ
**असमानम्** = જેની સમાન કંઈ નથી તેવું
**मानसंबंधदूरम्** = પ્રમાણાતીત,
**निगमवचनसिद्धम्** = વેદના વચનોથી સિદ્ધ,
**नित्यम्** = નિત્ય
**अस्मत् प्रतिष्ठम्** = 'હું'રૂપે સ્થિત
**ब्रह्मपूर्णम्** = એવા પૂર્ણ બ્રહ્મને
**समाधौ** = સમાધિમાં

कलयति = (અપરોક્ષ) જાણે છે.

વિદ્વાન પુરુષ પોતાના હૃદયમાં પ્રકૃતિના વિકારોથી રહિત અર્થાત્ કોઈ પણ જાતના પરિવર્તનશૂન્ય, અચળ, ભાવશૂન્ય સ્વભાવવાળા, બંધન અને મોક્ષ જેવી વિષમતાથી મુક્ત, સમરસરૂપે રહેલા અગર સમત્વ સ્વરૂપવાળા, ઉપમારહિત, પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અપ્રમેય, પરંતુ જે માત્ર વેદવાક્યો દ્વારા સિદ્ધ થઈ શકે તેવું, નિત્ય અને **"अस्मत्"** કે "હું" પ્રત્યયરૂપે પ્રતિષ્ઠિત છે, એવા પૂર્ણબ્રહ્મનો સમાધિમાં સાક્ષાત્કાર કરે છે.

(છંદ-માલિની)

**अजरममरमस्ताभासवस्तुस्वरूपं**
**स्तिमितसलिलराशिप्रख्यमाख्याविहीनम् ।**
**शमितगुणविकारं शाश्वतं शान्तमेकं**
**हृदि कलयति विद्वान् ब्रह्मपूर्णं समाधौ ॥४११॥**

| | |
|---|---|
| अजरम् | = ઘડપણ વગરનું, |
| अमरम् | = નાશ ન થાય તેવું, |
| अस्ताभासवस्तुस्वरूपम् | = આભાસશૂન્ય, વસ્તુસ્વરૂપ |
| स्तिमितसलिलराशिप्रख्यम् | = મોજાં વગરના અચળ સાગર જેવું |
| आख्याविहीनम् | = વ્યાખ્યા રહિત |
| शमितगुणविकारम् | = ત્રણેય ગુણોના વિકારો જેમાં શાન્ત થયા છે, |
| शाश्वतं शान्तम् | = શાશ્વત શાન્તસ્વરૂપ, (અને) |
| एकम् | = એક (એવા) |
| पूर्णं ब्रह्म | = પૂર્ણ બ્રહ્મને |
| विद्वान् | = જ્ઞાની (પુરુષ) |
| हृदि | = અંતઃકરણમાં |
| समाधौ | = સમાધિ સમયે |
| कलयति | = (અપરોક્ષ) જાણે છે. |

જે અજર અર્થાત્ ઘડપણ કે જરા જેવા વિકાર વગરનું છે, નાશરહિત, આભાસશૂન્ય અને સદ્‌વસ્તુસ્વરૂપ છે, તરંગ વિનાના સાગર જેવું અચળ છે, અરૂપ અને અનામી છે, સત્ત્વ, રજસ અને તમસ જેવા ગુણોના વિકારોથી જે મુક્ત કે નિવૃત્ત છે, શાશ્વત શાંતિરૂપે છે તેવા અદ્વિતીય પૂર્ણબ્રહ્મને વિદ્વાન પુરુષ પોતાના હૃદયદેશમાં સમાધિ સમયે અભેદરૂપે અનુભવે છે.

આવી જ રીતે ઉપરના ત્રણ શ્લોકમાં વિદ્વાન પુરુષ સમાધિ સમયે કેવી અનુભૂતિ કરે છે તેનો ચિતાર આપવામાં આવ્યો. કારણ કે વિદ્વાનની અનુભૂતિ જ સાધકનો આદર્શ છે, સિદ્ધ પુરુષના લક્ષણ જ સાધક માટે સાધન છે, જીવન્મુક્તપુરુષની સમ્યક્ દૃષ્ટિ જ બદ્ધ કે અજ્ઞ માટે અનુકરણીય તથા અનુસરણીય છે. માટે આદિ શંકરાચાર્યજીએ ઉપરોક્ત શ્લોકો દ્વારા વિદ્વાનની અનુભૂતિનો પરિચય કરાવ્યો છે. જેથી સાધક કે મુમુક્ષુને સંકેત કે માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે.

(છંદ-ઉપજાતિ)

**समाहितान्तःकरणः स्वरूपे**
**विलोकयात्मानमखण्डवैभवम् ।**
**विच्छिन्धि बन्धं भवगन्धगन्धितं**
**यत्नेन पुंस्त्वं सफलीकुरुष्व ॥४१२॥**

| | |
|---|---|
| **स्वरूपे समाहितान्तःकरणः** | = પોતાના અંતઃકરણને આત્મ-સ્વરૂપમાં સમાહિત કરી |
| **अखंडवैभवं आत्मानं विलोकय** | = આત્માના અખંડ વૈભવનો અનુભવ કર, (તત્પશ્ચાત્) |
| **भवगन्धगन्धितं बन्धम्** | = સંસારની ગંધથી ગંધાતા બંધનને |
| **विच्छिन्धि** | = કાપી નાંખીને, |
| **यत्नेन** | = પ્રયત્નપૂર્વક |
| **पुंस्त्वम्** | = (તારા) પૌરુષત્વને |
| **सफली-कुरुष्व** | = સફળ કર. |

જ્ઞાનીની સમાધિગત અનુભૂતિનું દર્શન કરાવ્યા બાદ હવે સાધકને આચાર્યશ્રી શિષ્યભાવે ઉપદેશે છે કે પોતાના અંતઃકરણને આત્મસ્વરૂપમાં સ્થિત કરી, આત્માના અખંડ વૈરાગ્યનો અનુભવ કર અને તત્પશ્ચાત્ સંસારની ગંધથી ગંધાઈ રહેલા બંધનને દૃઢતાપૂર્વક કાપી નાંખ. તેવા પ્રયત્નથી જ તારા પૌરુષત્વને તું સાર્થક કરી શકીશ.

અત્રે સંકેત છે કે મનુષ્યજન્મે સૌ કોઈને પૌરુષત્વ તો મળેલું જ છે. સ્ત્રી હોય કે પુરુષ, સર્વને બંધન કાપવાનું, ચૈતન્ય મહાસાગરમાં કૂદવાનું, નરથી નારાયણ થવાનું, શબવત જીવન ત્યાગી શિવમય જીવન સ્વીકારવાનું, અજ્ઞાનના ઘોર તિમિરથી છલાંગ લગાવી પ્રકાશ જેવા પરમાત્માને પકડી પ્રકાશમય બનવાના દૈવતથી કોઈ વંચિત નથી.

તાત્પર્યમાં સૌને દૈવત, સામર્થ્ય કે પૌરુષત્વ તો પરમાત્માએ પ્રદાન કરેલું જ છે પછી તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર, ભણેલો કે અભણ, સશક્ત કે અશક્ત, રાજા કે રંક ગમે તે હોય, છતાં જો કોઈ અભાગિયો દુર્ભાગ્યથી રત્ન જેવા મનુષ્ય જન્મનો અને અમોઘ શસ્ત્ર જેવા પૌરુષત્વનો ઉપયોગ બંધનના ઉચ્છેદ માટે ન કરે અને બંધનનું નિકંદન ન કાઢે તો તેનો મનુષ્યજન્મ સદંતર નિષ્ફળ જાય છે. એટલું જ નહીં, પરંતુ તેવા ભીરુ, નિર્બળ મનુષ્યને બંધનથી મુક્તિનો અને આત્મસાક્ષાત્કારનો અધિકાર જ હોતો નથી. માટે જ શ્રુતિએ ઘોષણા કરી કે **'नायं आत्मा बलहीनेन लभ्यः ।'**

(છંદ-અનુષ્ટુપ)

**सर्वोपाधिविनिर्मुक्तं सच्चिदानन्दमद्वयम् ।**
**भावयात्मानमात्मस्थं न भूयः कल्पसेऽध्वने ॥४१३॥**

**सर्वोपाधिविनिर्मुक्तम्** = સમસ્ત ઉપાધિઓથી રહિત,
**सच्चिदानन्दम्** = સત-ચિત-આનંદસ્વરૂપ
**अद्वयम्** = અદ્વિતીય
**आत्मस्थम्** = પોતાની અંદર જ રહેલા

**आत्मानम्** = આત્માની
**भावय** = ભાવના કર.
**भूयः** = (તેથી) ફરીથી
**अध्वने** = સંસારના માર્ગમાં
**न कल्पसे** = આવવાનું થાય નહીં.

વિદ્વાનની સમાધિગત અનુભૂતિનો અણસાર આપ્યા બાદ, તેવી વિચારણાના સમાપન પ્રત્યે પ્રસ્થાન કરતાં, પાવન પ્રસાદમય પ્રેરણા પ્રદાન કરવામાં આવે છે કે હે પરમાત્મમાર્ગના પથિક! જ્યારે તું સમસ્ત ઉપાધિઓથી રહિત સચ્ચિદાનંદસ્વરૂપ અદ્વિતીય આત્માની પોતાની અંદર જ અનુભૂતિ કરીશ ત્યારે તું ફરીથી કદી સંસાર માર્ગે પ્રવેશ પામીશ નહીં. અર્થાત્ તું આવાગમનવાળા સંસારચક્રથી સદાને માટે મુક્ત થઈ જઈશ.

તત્ત્વાર્થે જે કોઈ પરબ્રહ્મ સાથે અભેદાનુભૂતિ કરી સ્વયં બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે, તેનો સંસારમાર્ગ સદાને માટે બંધ થાય છે કારણ કે સંસારથી જ તેની યાત્રા અસંસારી આત્મા તરફ થયેલી. પરંતુ તે રસ્તો એક માર્ગીય હોવાથી જે કોઈ સંસારથી સંસારના કારણ પ્રતિ, પદાર્થથી પરમાત્માની દિશામાં, ભ્રાંતિથી શાશ્વત શાંતિના માર્ગે, અધ્યસ્તથી અધિષ્ઠાનની દિશામાં કે આદિમતાથી અનાદિ, અનંતનો પ્રવાસ ખેડે છે, તે કદી તે જ માર્ગે પાછો વળી શકતો નથી. માટે જ જડ કે મૃત સંસારથી ચેતન અને અમર આત્મા તરફ ગયેલો પુનઃ કદી સંસારમાર્ગે પાછો આવતો નથી.

(છંદ–ઉપજાતિ)

**छायैव पुंसः परिदृश्यमान–**
**माभासरूपेण फलानुभूत्या ।**
**शरीरमाराच्छववन्निरस्तं**
**पुनर्न सन्धत्त इदं महात्मा ॥४१४॥**

**इदं शरीरम्** = આ શરીરને

| | |
|---|---|
| **फलानुभूत्या** | = કર્મફળના અનુભવકાળે જણાનારું |
| **पुंसः छाया इव** | = પુરુષના (પોતાના) પડછાયા જેવું |
| **शववत्** | = શબ જેવું (અને) |
| **आभासरूपेण परिदृश्यमानम्** | = આભાસરૂપે ભાસતું જાણીને |
| **आरात् निरस्तम्** | = (તેને) અત્યંત દૂર કર્યા બાદ |
| **महात्मा पुनः न संधत्ते** | = મહાત્મા પુનઃ ધારણ કરતો નથી. |

## દૃશ્યવિલય

મહાત્મા પુરુષ આ શરીરને પોતાના પડછાયા જેવું, કર્મફળ ભોગવનારું, શબવત અગર આભાસરૂપે જાણીને તેને અત્યંત દૂર કરે છે. માટે તેવા શરીરને કે પંચમહાભૂતના પિંડ જેવા સમૂહને પુનઃ ધારણ કરતો નથી.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જ્ઞાનીને પુનર્જન્મ નથી. પરંતુ શા માટે પુનર્જન્મ નથી તે જાણવું મુમુક્ષુને આવશ્યક નહિ બલકે અનિવાર્ય છે. શરીરને છોડીને તો અનેક મૃત્યુ પામે છે અને મૃત્યુ પામતા જ રહે છે પરંતુ સમગ્ર વસુંધરા પર માત્ર આત્મજ્ઞાની મહાત્મા જ શરીરનો ત્યાગ કર્યા વિના શરીરને સાથે રાખીને મૃતવત થાય છે; અર્થાત્ દેહ છોડયા વિના મરે છે. આ એક મહાન આશ્ચર્ય નહિ પરંતુ અલૌકિક ચમત્કૃતિ છે; કારણ કે જ્ઞાની મહાત્માને પોતાના જ્ઞાનસ્વરૂપમાં નથી જન્મ કે મૃત્યુ; નથી આરંભ કે અંત; તથા તેની અસંગ દૃષ્ટિમાં શરીર તો આરોપ માત્ર છે અને પોતે તો અચળ, અવિચળ અધિષ્ઠાન છે. જેવી રીતે ચલચિત્રના પડદા ઉપર પાત્રો જન્મે, વૃદ્ધિ પામે, ઘાયલ થાય, હણાય અને મૃત્યુ પામે છતાં પડદાને ન તો પાત્રના જન્મથી હર્ષ છે કે ન તો તેમના ઘાયલ થવાથી પડદા ઉપર લોહીના ડાઘા પડે છે, અગર ન તેવા પાત્રોનો અગ્નિસંસ્કાર થતાં તે ભસ્મ થાય છે, પડદાને ન તો અગ્નિનો સ્પર્શ છે કે રખ્યાનો રંગ છે. તે જ પ્રમાણે જ્ઞાની મહાત્માને મન, શરીર અને તેના નામ, શરીરનો જન્મ અને તેની ક્રિયાઓ, સર્વ કાંઈ પડદા ઉપરના પાત્રો જેમ આરોપિત (PROJECTED)

છે; તેથી પોતાને આત્મારૂપી પડદો સમજનાર જ્ઞાની, શરીરની ક્રિયાઓથી કે કર્મથી ચિંતિત થતો નથી કે વ્યથામણ અનુભવતો નથી. શરીરના વિજયરૂપી કર્મમાં ન તેને હર્ષ થાય છે અગર હાર કે નિષ્ફળતામાં ન તે દુઃખી થાય છે. માટે અત્રે જણાવ્યું છે કે જ્ઞાની મહાત્મા શરીરને પોતાના પડછાયા જેમ જુએ છે અને જાણે છે; **छायैव पुंसः परिदृश्यमानम् ।**

આ પ્રમાણે જ્ઞાની, શરીરને ન તો પોતાનું માને છે કે ન 'હું શરીર છું', તેવું સમજે છે, પરંતુ તેથી વિલક્ષણ રીતે શરીરને પોતાના પડછાયા જેવું ગણે છે; આમ જો શરીર કે દેહ છાયામાત્ર છે, તો વિચારો કે ફુટપાથ ઉપર ચાલતાં તમારા લાંબા પડછાયા ઉપરથી જો કોઈ વાહન પસાર થઈ જાય તો શું તમને દુઃખ થાય છે ખરું? તમારા પડછાયા ઉપર કોઈ થૂંકે અગર એંઠવાડો ઢોળી દે તો શું તમે તેની સાથે તકરાર કરશો ખરાં? અરે! સૂર્યપ્રકાશમાં પડતા ઉષા કે સંધ્યા સમયના લાંબા પડછાયાને અગર સરોવરમાં પડતી તમારી પ્રતિબિંબ જેવી છાયાને જઈને પૂછો તો ખરા કે હે છાયા! તું મારી કોણ? આપણું સગપણ કેવું? હે પડછાયા! તું મને વ્હાલો છે કે અળખામણો? આવા પ્રશ્નોથી ઉત્તર તો નહીં મળે પણ નિશ્ચિત એક દૃઢ નિર્ણય થશે કે પડછાયો કે પ્રતિબિંબ ન શરીરનો સગો છે કે વ્હાલો છે; પરિચિત છે કે અપરિચિત છે. છાયાને શરીર સાથે વાસ્તવમાં ન કોઈ સંગ છે કે સંબંધ છે; તે જ પ્રમાણે જ્ઞાની મહાત્મા શરીરને પડછાયો સમજે છે તેથી તેને શરીર જોડે કોઈ સંબંધ કે સગપણ નથી અને તે જ ન્યાયે શરીર માટે તેને રાગ કે આસક્તિ નથી. તથા ઘૃણા કે તિરસ્કાર પણ ન હોઈ શકે. માટે ન તો જ્ઞાની શરીરની પ્રશંસામાં, સ્તુતિમાં, ખ્યાતિ માટે જીવનનો સમય બરબાદ કરે છે કે ન તો શરીરસુદૃઢતાના પ્રમાણપત્રો એકઠાં કરે છે; તદુપરાંત શરીરને મૃતદેહ કે મડદું સમજે છે. માટે શરીરસૌંદર્યની સ્પર્ધામાં જવાની તો કલ્પના જ કરતો નથી. આમ હોવાથી ન તેને શરીરસુખના સ્વપ્ના સતાવે છે કે ન દેહનાં દર્દો તેને યાતના દઈ શકે છે. જ્ઞાનીનાં જીવનનિષ્કર્ષમાં શરીર શબવત, જડ, નિષ્ક્રિય, મડદું છે, તો વળી મડદાંની આત્મકથા કેવી? જ્ઞાની મડદાંની કથા, વ્યથા અને જળોજથાને મિથ્યા માને

છે માટે જ શરીર બાબત મૌન સેવે છે. નથી તે શરીરસુખનો વિચાર કરતો, નથી શરીરના ભોગની વાસના વધારતો પરંતુ જ્ઞાનરૂપી અગ્નિમાં શરીરની તમામ વાસનાઓને ભસ્મીભૂત કરે છે. તેથી વાસનાના નાશમાં તેને પુનર્જન્મનો સંભવ જ હોતો નથી. આમ, જે પુનર્જન્મથી છૂટે છે, 'જીવતાં જ શરીર સાથે સંબંધ તોડે છે, શરીરને મૃતદેહ કે પડછાયો ગણે છે, તેને જ સંતો અને શાસ્ત્રો મહાત્માની ઉપાધિથી અલંકૃત કરે છે. અન્ય જે કોઈ "હું શરીર છું" એવો અહંકાર કે અહંભાવ તથા "શરીર મારું છે", તેવો મમભાવ અગર મમત્વ રાખે છે, તેવા સૌ પામરજીવો કહેવાય છે અને વારંવાર ગર્ભથી સ્મશાનના ચકરાવામાં આંટા માર્યા કરે છે.

હવે મુમુક્ષુએ જ વિચારવાનું રહ્યું કે પામર થઈ જન્મ-મૃત્યુના ચકરાવે ચઢવું કે મહાત્મા થઈ પુનર્જન્મનો અંત આણવો.

(છંદ-માલિની)

**सततविमलबोधानन्दरूपं समेत्य**
**त्यज जडमलरूपोपाधिमेतं सुदूरे ।**
**अथ पुनरपि नैषः स्मर्यतां वान्तवस्तु**
**स्मरणविषयभूतं कल्पते कुत्सनाय ॥४१५॥**

| | |
|---|---|
| **सततविमलबोधानन्दरूपं समेत्य** | = નિરંતર નિર્મળ જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ આત્માને સમજીને |
| **जडमलरूपोपाधिं एतम्** | = આ મળરૂપ જડ ઉપાધિનો |
| **सुदूरे त्यज** | = દૂરથી જ ત્યાગ કરી દે. |
| **अथ पुनः अपि** | = અને ફરીથી કોઈવાર પણ |
| **न एषः स्मर्यताम्** | = એને યાદ કરીશ નહીં. |
| **वान्तवस्तु** | = (કારણ કે) ઓકી કાઢેલી વસ્તુ |
| **स्मरणविषयभूतम्** | = જો ફરી યાદ આવે તો તે |
| **कुत्सनाय कल्पते** | = જુગુપ્સા પેદા કરે છે. |

મુમુક્ષુને ઉપદેશ આપવામાં આવે છે કે નિરંતર નિર્મળ

જ્ઞાનસ્વરૂપ તથા આનંદમય આત્માને જાણીને તેણે શરીર જેવી જડ, મલિન ઉપાધિનો દૂરથી જ ત્યાગ કરી દેવો જોઈએ અને પુનઃ કદાપિ તેનું સ્મરણ કરવું નહીં કારણ કે જે વસ્તુ ઊલટી દ્વારા ઓકી કાઢી હોય તે વસ્તુનું સ્મરણ માત્ર જુગુપ્સા કે ઘૃણા પેદા કરે છે.

શરીર અને તેના ભોગોનું સ્મરણ વ્યક્તિને પોતાના આનંદમય આત્મસ્વરૂપથી વિખૂટું પાડી દુઃખ અને પુનર્જન્મ દેનારું હોવાથી શરીર અને તેના સુખભોગમાં દોષદર્શન કરવાની કળાનો અત્રે નિર્દેશ કરવામાં આવ્યો છે. જેથી જેનું દોષદર્શન થાય તેમાં ચિત્ત આસક્ત ન થાય અને નિરંતર તેના વિચારોથી બચી શકે તથા અનાત્મચિંતનનો ત્યાગ થઈ શકે અને તેના ફળસ્વરૂપે પુનર્જન્મના ભવબંધનથી મુક્ત થઈ શકાય. પૂર્વે શરીરમાં દોષદૃષ્ટિ કરવા દેહને શબવત, છાયાવત તથા આભાસરૂપ છે તેવું જણાવેલું. ત્યારબાદ પ્રસ્તુત શ્લોકમાં શરીરને મળરૂપ અને ઊલટી જેવું જણાવ્યું છે. જેમ ઊલટી કે ઓકેલી વસ્તુ તરફ ન હોય વિવેકીને આકર્ષણ કે રાગ અગર ન હોય દ્વેષ કે તિરસ્કાર, પણ હોય છે માત્ર ઉપેક્ષા. જેને માટે દ્વેષ કે ઘૃણા હોય તેનો વિચાર પણ મનમાં સંગ્રહિત હોય છે. જ્યારે અત્રે આદિ શંકરાચાર્યજી મનમાં શરીરનો વિચાર પણ શેષ રહે નહીં, માટે શરીરને ઊલટી જેવું ગણાવી તેમાં જુગુપ્સાભાવ પેદા કરે છે. જેથી સ્વપ્નકાળે પણ શરીરનું સ્મરણ ન રહે અને સાધક નિરંતર પોતાના આત્મસ્વરૂપમાં રમણ કરી શકે.

શરીર અને તેના સુખભોગમાં દોષદર્શન કરવાનો ઉપદેશ અન્ય સ્થળે પણ આચાર્યશ્રી આપે છે.

**यथैव काकविष्टायां वैराग्यं तद्धि निर्मलम् ।**

(અપરોક્ષાનુભૂતિ-૪)

"**काकविष्टायाम्** " એવું જણાવી ઉપદેશ અપાયો છે કે તમામ ભોગવિષયોને કાગડાની વિષ્ટા જેમ સમજી, તેમાં વૈરાગ્ય ઉત્પન્ન કર. તે જ પ્રમાણે અન્યત્ર જણાવ્યું છે કે "**एतन्मांसवसादि विकारं मनसि विचिंतय वारंवारम्** ।" (મોહમુદ્ગર) "નારીના ઉપસેલા સ્તન તથા નાભિપ્રદેશ માંસના લોચાનો વિકાર માત્ર છે, (ઉપસેલા ગુમડા જેવી વિકૃતિમાં તું મોહ

પામીશ નહીં.) વારંવાર (મનમાં દોષદર્શનરૂપી) વિચાર કર્યા કર અને ગોવિંદનું સ્મરણ કર.'' આવી રીતે અનેક સ્થળોએ દેહચિંતનનો ત્યાગ અને આત્મચિંતનનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

(છંદ-ઉપજાતિ)

**समूलमेतत् परिदह्य वह्नौ**
**सदात्मनि ब्रह्मणि निर्विकल्पे ।**
**ततः स्वयं नित्य विशुद्धबोधा-**
**नन्दात्मना तिष्ठति विद्वरिष्ठः ॥४१६॥**

**सदात्मनि निर्विकल्पे** = સત્સ્વરૂપ અને નિર્વિકલ્પ
**ब्रह्मणि वह्नौ** = બ્રહ્મરૂપ અગ્નિમાં
**एतत् समूलं परिदह्य** = આ(જગત)ને મૂળ સહિત ભસ્મીભૂત કરીને
**ततः** = ત્યાર પછી
**स्वयं विद्वरिष्ठः** = પોતે વિદ્વાનોમાં શ્રેષ્ઠ ગણાતો પુરુષ
**नित्य** = નિત્ય (અને)
**विशुद्ध-बोधानन्दात्मना तिष्ठति** =વિશુદ્ધ જ્ઞાનાનન્દરૂપે રહે છે.

આત્મજ્ઞાનીની આંતર્સ્થિતિનું વર્ણન કરતાં, પૂર્વના અનુસંધાનમાં જણાવેલું છે કે જેણે દેહમાં દોષદર્શન દ્વારા તેનું વિસ્મરણ કરવા માટે દેહ છાયાવત, રાખવત, જડવત, મળવત અને વાન્તવસ્તુવત- વમનવત છે એવો દૃઢ નિર્ણય કર્યો છે, તેવો વિદ્વાનોમાં સર્વશ્રેષ્ઠ ગણાતો પુરુષ, અત્રે જણાવ્યું છે તેમ, નિર્વિકલ્પ, સત્સ્વરૂપ બ્રહ્માગ્નિમાં દૃશ્યપ્રપંચરૂપી સંસારને તેના માયા જેવા મૂળસહિત ભસ્મ કરે છે. અગર નામ અને આકારવાળા દેહને તેના મૂળ અવિદ્યા સહિત બાળી મૂકે છે. તત્પશ્ચાત્ પોતે નિત્ય, વિશુદ્ધ જ્ઞાનાનંદરૂપે પોતાના ચૈતન્યસ્વરૂપમાં સ્થિત રહે છે. માટે જ તેવા જ્ઞાનીની સ્તુતિ કરવા તેને '**विद्वरिष्ठः**' એવું ઉપનામ અપાયેલું છે. આમ, જે દેહ અને જગતને તેના મૂળસહિત જ્ઞાનરૂપી અગ્નિમાં ભસ્મ કરી શકે, તે જ વિદ્વાનોનો વિદ્વાન છે, સૂક્ષ્મદર્શીઓનો પણ સૂક્ષ્મદૃષ્ટા છે, તત્ત્વચિંતકોનો પણ ચિંતક છે અને

તમામ અજ્ઞાનજન્ય પદાર્થોનું જ્ઞાનરૂપી અધિષ્ઠાન છે.

(છંદ-ઉપજાતિ)

प्रारब्धसूत्रग्रथितं शरीरं
प्रयातु वा तिष्ठतु गोरिव स्रक् ।
न तत्पुनः पश्यति तत्त्ववेत्ता
आनन्दात्मनि ब्रह्मणि लीनवृत्तिः ॥४१७॥

| | |
|---|---|
| गोः स्रक् इव | = ગાય જેમ (પોતાના ગળામાં પહેરાવેલી) માળા (રહે કે ન રહે તેની દરકાર કરતી નથી) |
| आनन्दात्मनि | = (તેમ) આનન્દસ્વરૂપ |
| ब्रह्मणि | = બ્રહ્મમાં |
| लीनवृत्तिः | = જેની વૃત્તિ લીન થઈ ગઈ છે તેવો |
| तत्त्ववेत्ता | = તત્ત્વજ્ઞાની |
| प्रारब्धसूत्रग्रथितं शरीरम् | = પ્રારબ્ધ કર્મરૂપી દોરીમાં પરોવાયેલું શરીર |
| प्रयातु तिष्ठतु वा | = રહે કે જાય |
| तत् पुनः न पश्यति | = તેને ફરીથી જોતો નથી. |

આત્મજ્ઞાનીની ઉદાસીન કે ઉપેક્ષા વૃત્તિનું દર્શન કરાવતાં અત્રે જણાવાયું છે કે જેવી રીતે ગાય અહીં ત્યાં ફરતી વખતે પોતાના ગળામાં પહેરાવેલી માળા સાબૂત છે કે તૂટી ગઈ, ગળામાં ટકેલી છે કે પડી ગઈ, તેની દરકાર કરતી નથી, તેવી રીતે જેની પોતાના બ્રહ્માનંદમાં વૃત્તિઓ લીન થઈ ગઈ છે તેવો તત્ત્વજ્ઞાની, પ્રારબ્ધરૂપી દોરીમાં પરોવાયેલો દેહ ટકી રહ્યો છે કે પડી ગયો છે તેની ફિકર કરતો નથી કે વારંવાર તેનું અવલોકન પણ કરતો નથી. આવા કથનથી સ્પષ્ટ થાય છે કે જેની બાહ્યવૃત્તિઓનું વિસ્મરણ થયું છે, અનાત્મવિચારોનું શમન થયું છે તેને દેહ સાથે નથી સંબંધ કે સંગ, કે નથી તે દેહના ધર્મોમાં આસક્ત. માટે જ દેહમાં નથી તેને રાગ કે દ્વેષ, નથી દેહને આલિંગન કે તિરસ્કાર, નથી તે આતુર દેહની સુરક્ષા માટે કે નથી તેને અપેક્ષા દેહને દંડ દેવાની. આમ, જ્ઞાની પોતાને અસંગ બ્રહ્મ સમજીને

દેહ પ્રત્યે ઉદાસીન વૃત્તિ રાખે છે અગર દેહ તરફ ઉપેક્ષા સેવે છે. કારણ કે ન તો દેહ ભૂતકાળમાં તેનો હતો, ન વર્તમાનમાં છે, તો ભવિષ્યમાં કેવી રીતે તેનો થઈ શકે? તેવા જીવનનિષ્કર્ષમાં, બ્રહ્માનંદમાં રમણ કરનારો તત્ત્વવેત્તા દેહની આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત થઈ જાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**अखण्डानन्दमात्मानं विज्ञाय स्वस्वरूपतः ।**
**किमिच्छन् कस्य वा हेतोः देहं पुष्णाति तत्त्ववित् ॥४१८॥**

**अखण्डानन्दम्** = અખંડ આનન્દસ્વરૂપ
**आत्मानम्** = આત્માને
**स्वस्वरूपतः** = પોતાના સ્વસ્વરૂપે
**विज्ञाय** = જાણી લીધા પછી
**तत्त्ववित्** = તત્ત્વજ્ઞાની
**किं इच्छन्** = કઈ ઇચ્છાથી
**कस्य हेतोः वा** = અથવા કયા કારણથી
**देहं पुष्णाति** = શરીરનું પોષણ કરે?

આત્મજ્ઞાની શરીર તરફ ઉપેક્ષાવૃત્તિ કે ઉદાસીન ભાવવાળો હોય છે. તે જ વિચારને દૃઢ કરતાં પુનઃ જણાવે છે કે અખંડ આનંદસ્વરૂપ આત્માને જે તત્ત્વજ્ઞાનીએ પોતાના મૂળસ્વરૂપે જાણી લીધો હોય, તે કઈ ઇચ્છાથી કે કયા કારણથી શરીરનું પોષણ કરે?

તત્ત્વજ્ઞાની પોતાને અસંગ આત્મા તરીકે જાણતો હોવાથી તેને શરીર સાથે જો સંબંધ નથી, તો શરીરની ચિંતા કેવી? જો શરીરમાં તેને 'હું શરીર છું' , તેવો અહંભાવ નથી તથા 'શરીર મારું છે' તેવો મમભાવ પણ નથી અર્થાત્ શરીરના અહંકાર અને મમત્વથી છૂટેલાને શરીરના પોષણની જવાબદારી ક્યાં? દેહની આધિ અને વ્યાધિની ચિંતા કેવી? શરીરના અપૂર્ણ પોષણથી ભય કેવો? કારણ કે તત્ત્વજ્ઞાનીને તો દૃઢ નિશ્ચય છે કે "**प्रारब्धं**

पुष्यति वपुः ।'' ''પ્રારબ્ધકર્મ જ શરીરનું પોષણ કરે છે.'' માટે પ્રારબ્ધ, દેહના પોષણની, રક્ષણની, વ્યાધિમુક્તિની આદિ તમામ જવાબદારી વહન કરશે જ. કારણ કે દેહના જન્મનું કારણ પ્રારબ્ધ છે અને પ્રારબ્ધને આધીન જ દેહનો અંત છે. આમ, જો પ્રારબ્ધ જ દેહનો માલિક હોય તો જ્ઞાનીને દેહની કોઈ પણ પ્રકારની ચિંતા શા માટે? આવો જ ઉપદેશ શ્રુતિએ પણ આપ્યો છે.

''आत्मानं चेत् विजानीयात् अयमस्मीति पूरुषः ।
किमिच्छन् कस्य कामाय शरीरमनुसंज्वरेत् ॥''

(બૃહદારણ્યક ઉપનિષદ-૪/૪/૧૨)

(છંદ-અનુષ્ટુપ)

**संसिद्धस्य फलं त्वेतज्जीवन्मुक्तस्य योगिनः ।**
**बहिरन्तः सदानन्दरसास्वादनमात्मनि ॥४१९॥**

| | |
|---|---|
| **संसिद्धस्य** | = (આત્મજ્ઞાન રૂપી) સિદ્ધિને પ્રાપ્ત |
| **जीवन्मुक्तस्य** | = જીવન્મુક્ત |
| **योगिनः** | = યોગીને |
| **आत्मनि बहिः अन्तः** | = પોતાના આત્મામાં અંદર અને બહાર |
| **सदानन्दरसास्वादनम्** | = સદા આનન્દરસનો આસ્વાદ મળવો |
| **एतत् तु फलम्** | = એ (જ્ઞાનનું) પ્રસિદ્ધ ફળ છે. |

## આત્મજ્ઞાનનું ફળ

આત્મજ્ઞાનરૂપી સિદ્ધિને પ્રાપ્ત જીવન્મુક્ત યોગીને પોતાના આત્મામાં અંદર અને બહાર સદા આનંદરસનો આસ્વાદ મળવો તે જ્ઞાનનું પ્રસિદ્ધ ફળ છે.

આત્મજ્ઞાનથી મહાન કોઈ સિદ્ધિ નથી. આત્મજ્ઞાનથી મોટું કોઈ સુખ નથી અને તેના અભાવમાં તેથી મોટું અન્ય કોઈ દુઃખ કે નિષ્ફળતા નથી. આત્મજ્ઞાન જ સદા સર્વદા જ્ઞાનીને પોતાની અંદર અને બહાર

આત્માનંદના આસ્વાદરૂપી ફળનું દર્શન કરાવે છે અર્થાત્ જ્ઞાની પોતાની અંદર એટલે કે બહારના કોઈ પણ વિષયોના અભાવમાં પણ આનંદનો જ અનુભવ કરે છે. તેથી કોઈએ એવું ન સમજવું કે જ્ઞાની જ્યારે બહારના ભૌતિક જગતમાં વિહાર કે વિચરણ કરે છે ત્યારે તે દુઃખી થઈ જાય છે. એવી ભ્રાંતિ દૂર કરવા અત્રે જણાવ્યું છે કે જીવન્મુક્ત પોતાની બહાર પણ આનંદરસનો અનુભવ કરે છે. તેનું તાત્પર્ય એવું છે કે જ્ઞાનીને સર્વાત્મદૃષ્ટિ હોવાથી, પોતાથી અન્ય બાહ્ય ભૌતિક જગતમાં તેને જે કંઈ દૃશ્ય, જ્ઞેયરૂપે અનુભવગમ્ય છે તે સર્વમાં તે પોતાના આત્માના જ દર્શન કરે છે. તેથી જે જીવન્મુક્ત યોગીએ આનંદરસનો પોતાની અંદર અનુભવ કર્યો, તે જ આનંદરસનો અનુભવ પોતાની બહાર ભૌતિક જગતમાં પણ તે કરે છે. તે જ્યાં જ્યાં વિહાર કરે તે તે દેશ અને પદાર્થોને તે આત્મમય જુએ છે. જેના જેના સંપર્કમાં આવે તેને આત્મસમાગમ સમજે છે. જેનું જેનું શ્રવણ કરે તેને આત્મશ્રવણ માને છે. આમ, તે કદાપિ અતીન્દ્રિય સુખ કે આત્માના અસીમ આનંદથી વિખૂટો થતો નથી. માટે જ દર્શાવ્યું છે કે "**बहिरन्तः सदानन्द–रसस्वादनमात्मनि ।।**"

(છંદ–અનુષ્ટુપ)

**वैराग्यस्य फलं बोधो बोधस्योपरतिः फलम् ।**
**स्वानन्दानुभवाच्छान्तिरेषैवोपरतेः फलम् ॥४२०॥**

| | | | |
|---|---|---|---|
| **वैराग्यस्य** | =વૈરાગ્યનું | **स्वानन्दानुभवात्** | = નિજાનન્દની અનુભૂતિથી |
| **फलम्** | =ફળ | | |
| **बोधः** | =આત્મજ્ઞાન છે. | **शान्तिः** | = શાન્તિ થાય |
| **बोधस्य फलम्** | =આત્મજ્ઞાનનું ફળ | **एषा एव** | = આ જ |
| **उपरतिः** | =ઉપરતિ છે. | **उपरतेः फलम्** | = ઉપરતિનું ફળ છે. |

વૈરાગ્યનું ફળ આત્મજ્ઞાન છે, તેવું દર્શાવવા "**वैराग्यस्य फलं बोधः**" એવો ઉપદેશ આપ્યો. તેમાં સંકેત એવો છે કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે વૈરાગ્ય પ્રબળ, પ્રમુખ સાધન છે અને વૈરાગ્યના બળથી ચિત્તને બહિર્મુખી

થતું અટકાવી શકાય, તથા ચિત્તનું વિષયભ્રમણ રોકી, ચિત્તની બચેલી શક્તિનો આત્મજ્ઞાન માટે ઉપયોગ થઈ શકે. કારણ કે બહિર્મુખી ચિત્ત ચંચળ અને અશાંત હોવાથી આત્મવિચારણા માટે એકાગ્ર થઈ શકે નહીં. જ્યારે વૈરાગ્યથી વિષયોમાં અનાસક્ત અને અંતર્મુખી થયેલું ચિત્ત જ વિક્ષેપરહિત તથા શાંત હોઈ, એકાગ્ર થઈ શકે તેવું હોય છે. તેવા શાંત અને વિક્ષેપમુક્ત ચિત્ત દ્વારા જ આત્માનું અભેદજ્ઞાન પ્રાપ્ત થઈ શકે તેમ છે. પરંતુ તેવા જ્ઞાનના પ્રયત્નમાં સ્વયં ચિત્ત કે મનનો વિલય થાય છે. તેથી મન કે ચિત્તરૂપે સાધન સ્વયં સાધ્ય બને છે અને તેવું જ વૈરાગ્યનું છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં વૈરાગ્યરૂપી સાધનનો હેતુ પૂર્ણ થાય છે. આમ, અત્રે જે જણાવ્યું છે કે વૈરાગ્યનું જ ફળ આત્મજ્ઞાન છે, "**वैराग्यस्य फलं बोधः**" તેનો કોઈએ એવો અર્થ ન કરવો કે આત્મજ્ઞાન વૈરાગ્યના બળે ઉત્પન્ન થાય છે. જો તેવું માનીએ તો તો વૈરાગ્ય કારણ થાય અને આત્મજ્ઞાન કાર્ય થાય. તેવો દોષ શ્રુતિ, સ્મૃતિ કે જ્ઞાનીસંતો, શાસ્ત્રવિરુદ્ધ હોવાથી સ્વીકારી શકે તેમ નથી. તેથી ઇષ્ટ અને ઉચિત તો એ જ છે કે વૈરાગ્ય આત્મજ્ઞાન માટેનું સાધન છે, એમ સમજવું, પણ તેને કારણ માનવું નહીં. તત્ત્વાર્થે તો જ્ઞાનના સાધન જ્ઞાનથી જુદાં હોતાં નથી. આત્મા અસંગ છે માટે જ વૈરાગ્યસ્વરૂપ છે. તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, સત્યસ્વરૂપ છે તેથી ઉદય અને અસ્તરહિત છે. આમ, જ્ઞાનનો નથી ઉદય કે અસ્ત, કારણ કે તે આત્માથી ભિન્ન નથી. જ્ઞાનમાં નથી પ્રાગટ્ય કે અપ્રાગટ્ય, પરંતુ જ્ઞાન પ્રગટ થાય છે તેવું ભાસે છે, કારણ કે જ્ઞાન ઉપરનું આવરણ દૂર થાય છે. જેવી રીતે પાણી ઉપરની લીલ દૂર કરવાથી કંઈ પાણી ઉત્પન્ન થતું, જન્મતું કે પ્રગટ થતું નથી, પણ લીલનું આવરણ દૂર કરવાથી તેવો આભાસ માત્ર થાય છે. તેવી જ રીતે વૈરાગ્યના બળથી આસક્તિનું, પ્રમાદનું, અવિદ્યાનું આવરણ દૂર થવાથી આત્મજ્ઞાન પ્રગટ થયું તેવો આભાસ થાય છે. માટે જ સૂચવ્યું છે કે "**वैराग्यस्य फलं बोधः** ।"

વૈરાગ્યરૂપી સાધનના બળે આત્મજ્ઞાનરૂપી ફળ પ્રાપ્ત થાય છે અને આત્મજ્ઞાનના પ્રભાવથી ઉપરતિ જેવું ફળ જન્મે છે, તેવું સૂચવ્યું છે.

"**बोधस्योपरतिः फलम्** ।" અર્થાત્ આત્મજ્ઞાન એ એટલી મોટી, મહાન સિદ્ધિ છે કે તેની પ્રાપ્તિ પછી કંઈ પ્રાપ્ત કરવાનું મન થતું નથી. માટે જ મન કે ચિત્તમાં જગતના વિષયોની વાસના કે કામના બચતી નથી અને મન તમામ ભોગેચ્છામાંથી ઉપરામ થઈ જાય છે કે ઉપરતિને પ્રાપ્ત થાય છે. કારણ કે આત્મજ્ઞાનનું ફળ એ મોક્ષ છે અને મોક્ષ કે મુક્તિ એ માનવજીવનના સુખની પરાકાષ્ઠા છે. તે પ્રાપ્ત કર્યા પછી શા માટે મનુષ્ય, નશ્વર ફળ માટે , નિરર્થક કર્મો માટે, ક્ષણભંગુર ભોગ માટે વલખાં મારે? માટે જ કહ્યું છે કે આત્મજ્ઞાનીનું મન પરમ પુરુષાર્થ જેવા મોક્ષની પ્રાપ્તિ પછી ધર્મ, અર્થ અને કામમાંથી ઉપરામ થઈ જાય છે. આવી ઉપરતિને સંતુષ્ટિની પરાકાષ્ઠા કહી છે. જેમ સાગરમાં સ્નાન કર્યા પછી કોઈ ગંદા ખાબોચિયાની અપેક્ષા રાખતું નથી, ઉપરાંત કુંડ, તળાવ કે સરિતામાં સ્નાન કરવા માટેની તેની ઇચ્છાઓ નિવૃત્ત થઈ જાય છે, તેમ આત્મજ્ઞાન જેવા અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ પછી કોઈ ઇન્દ્રિયોના સ્પર્શથી ઉત્પન્ન થતા ક્ષણિક સુખની અપેક્ષા રાખતું નથી, પરંતુ તેવા સુખભોગની તમામ ઇચ્છાઓમાંથી તેનું મન નિવૃત્ત થઈ જાય છે. આવી જ્ઞાનજન્ય નિવૃત્તિને ઉપરતિ કહેવામાં આવે છે. આમ, આત્મજ્ઞાનરૂપી મહાન લાભ જેને થયો હોય તેને ન તો અન્ય લાભની અપેક્ષા રહે છે કે ન તો આત્મલાભની પ્રાપ્તિ બાદ તેવો જ્ઞાની મહાનમાં મહાન દુ:ખ કે ભયથી વિચલિત થાય છે. તેવું દર્શાવતા ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પણ સ્પષ્ટ કર્યું છે કે "**यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः** ।" (ભ.ગીતા અ.૬/૨૨) "જેને પામીને (જ્ઞાની) અન્ય લાભને તેનાથી અધિક માનતો નથી" કારણ કે તેને આત્મજ્ઞાનની ઉપલબ્ધિ પછી નથી અન્ય અપેક્ષા, આકાંક્ષા કે વાસના. તે પોતે પોતાનામાં સંતુષ્ટ છે અને માટે જ તેનું ચિત્ત સંસારના ભોગોથી કે અનિત્યફળથી ઉપરામ થઈ ચૂક્યું છે. આવી ઉપરામતામાં જ દ્વૈતપ્રપંચની નિવૃત્તિ છે. આમ, જ્ઞાનીને દ્વૈતપ્રપંચમાં રહેવા છતાં ઉપરતિના બળે તેનો અભાવ જણાય છે અને તે જ સ્વસ્વરૂપની સ્વાનંદાનુભૂતિથી ઉદ્ભવેલી શાશ્વત શાંતિ કહેવાય છે. તાત્પર્યમાં વૈરાગ્યરૂપી સાધનના બળે અજ્ઞાન દૂર થતાં આત્મજ્ઞાન સંપન્ન થાય છે. આત્મજ્ઞાનના પ્રકાશમાં જ ઉપરતિનો

અલૌકિક આનંદ જણાય છે તથા તેવી જ્ઞાનજન્ય ઉપરતિમાંથી જ સ્વાનંદાનુભૂતિજન્ય શાશ્વત શાંતિરૂપી પુષ્પ ખીલી ઊઠે છે.

(છંદ–અનુષ્ટુપ)

**यद्युत्तरोत्तराभावः पूर्वपूर्वं तु निष्फलम् ।**
**निवृत्तिः परमा तृप्तिरानन्दोऽनुपमः स्वतः ॥४२१॥**

| | |
|---|---|
| **यदि** | = જો |
| **उत्तरोत्तर–अभावः** | = (પૂર્વોક્તિ પ્રમાણે ) જો પછી, પછીનું ન હોય તો |
| **पूर्व–पूर्वं तु निष्फलम्** | = પૂર્વ પૂર્વનું નિષ્ફળ છે. |
| **निवृत्तिः** | = (વિષયોમાંથી) નિવૃત્તિ એ જ |
| **परमा तृप्तिः** | = પરમ તૃપ્તિ, (અને) |
| **स्वतः अनुपमः आनन्दः** | = એ જ અનાયાસે પ્રાપ્ત અનુપમ આનન્દ છે. |

પૂર્વશ્લોકમાં જણાવ્યા પ્રમાણે અર્થાત્ વૈરાગ્ય પછી જ્ઞાન, જ્ઞાન પછી ઉપરતિ અને ઉપરતિ પછી આત્માનંદની શાન્તિ, એમ એક પછી એક ફળ જો ન હોય તો, પૂર્વપૂર્વનું નિષ્ફળ થાય છે, અર્થાત્ આત્મશાંતિ વિના ઉપરતિ, ઉપરતિ વિના જ્ઞાન અને જ્ઞાન વિનાનો વૈરાગ્ય નિષ્ફળ છે. તેથી તત્ત્વાર્થે એટલું જ ગ્રહણ કરવું કે વિષયોથી નિવૃત્ત થવું કે વિષયભોગમાં ઉપરતિ રાખવી, એ જ પરમ તૃપ્તિ કે સંતુષ્ટિની પરાકાષ્ઠા છે. આવી સંતૃપ્તિની પરાકાષ્ઠા જ પોતાના સ્વરૂપનો સ્વતઃ અનુભવાયેલો અનુપમ આનંદ છે.

(છંદ–અનુષ્ટુપ)

**दृष्टदुःखेष्वनुद्वेगो विद्यायाः प्रस्तुतं फलम् ।**
**यत्कृतं भ्रान्तिवेलायां नाना कर्म जुगुप्सितम्**
**पश्चान्नरो विवेकेन तत्कथं कर्तुमर्हति ॥४२२॥**

**दृष्टदुःखेषु अनुद्वेगः** = આવી પડેલાં દુઃખોમાં ઉદ્વેગ ન થવો

**विद्यायाः प्रस्तुतं फलम्** = વિદ્યાનું સાક્ષાત્ ફળ છે.
**भ्रान्तिवेलायाम्** = ભ્રાંતિના સમયે
**यत् जुगुप्सितम्** = જે નિંદનીય
**नानाकर्मकृतम्** = અનેક પ્રકારના કર્મ કર્યાં હતાં
**तत्** = તે (કર્મ)
**विवेकेन पश्चात् नरः** = જ્ઞાન થયા પછી મનુષ્ય
**कथं कर्तुं अर्हति** = કેવી રીતે કરે?

સંસારના દૃષ્ટ દુઃખોમાં અર્થાત્ પ્રારબ્ધગત જે કંઈ દુઃખ આવી પડ્યું છે તેમાં ઉદ્વેગ ન કરવો એટલે કે અનુદ્વેગ રહેવું તે બ્રહ્મવિદ્યાનું સાક્ષાત્ અનુભવાયેલું ફળ છે. ભ્રાંતિ સમયે જે ગ્લાનિ પેદા કરનારાં અથવા નિંદનીય અનેક પ્રકારનાં કર્મ કર્યા હતા, તેવા કર્મોનું વિવેકજ્ઞાન થયા બાદ, મનુષ્ય પુનરાવર્તન કરતો નથી. કારણ કે ભ્રાંતિવેળાએ અજ્ઞાની મનુષ્ય પોતે કર્તા અને ભોક્તા ન હોવા છતાં કર્મનું ફળ ભોક્તાભાવે ભોગવે છે અને સુખી દુઃખી થાય છે. જે શરીર જડ, નિંદનીય તથા વમન કે ઊલટી જેવું છે તેને આલિંગન કરી ભ્રાંતિમય શાંતિ પ્રાપ્ત કરવા અનેક પ્રકારના પ્રયત્ન કર્યા કરે છે. જે શરીર કોઈ કાળે પોતાનું નથી તેમાં જ આસક્ત થઈ શરીરનાં સુખભોગ માટે જીવનભર કર્મ કરે છે પરંતુ પોતાના આત્મકલ્યાણનું વિસ્મરણ થવાથી અજ્ઞાનકાળે તે જુગુપ્સા ઉપજાવનારાં પ્રેયસ કર્મો છોડી, શ્રેયસ કર્મો કરતો નથી, પરંતુ જે ક્ષણે અવિદ્યા કે ભ્રાંતિ નષ્ટ થાય છે, દેહ તાદાત્મ્ય તૂટે છે, શરીરમાં રહેલો અહંભાવ કે મમભાવ લય પામે છે તત્પશ્ચાત્ જ્ઞાનકાળે મનુષ્ય કર્મમાં આસક્ત થતો નથી કે કર્મફળની કલ્પના પણ કરતો નથી, કારણ કે જ્ઞાનમાં નથી તે શરીર, તો કર્મ કરે કોણ? નથી તે ઇન્દ્રિયો, તો ભોગ ભોગવે કોણ? નથી તે મન, તો કર્મના ફળે સુખી-દુઃખી થાય કોણ? અને નથી તે જીવાત્મા, તો કર્મફળ માટે જન્મજન્માંતરનું આવાગમન કરે કોણ? આમ, સ્પષ્ટ થાય છે કે આત્મજ્ઞાન થયા પછી જ્ઞાનીને કર્મનું વળગણ કે ફળનું સગપણ હોતું નથી.

(છંદ-ઉપજાતિ)

**विद्याफलं स्यादसतो निवृत्तिः प्रवृत्तिरज्ञानफलं तदीक्षितम् ।**
**तज्ज्ञाज्ञयोर्यन्मृगतृष्णिकादौ नो चेद् विदो दृष्टफलं किमस्मात् ॥४२३॥**

**यत् मृगतृष्णिकादौ**= જેવું ઝાંઝવાના જળ વગેરેમાં (જોવામાં આવે છે.)
(મૃગજળને સાચું માનનાર પ્રવૃત્તિ કરે છે અને મિથ્યા જાણનાર કરતો નથી.)

**तत् ईक्षितं तत् ज्ञः अज्ञयोः** = તેવું જ્ઞાની અને અજ્ઞાનીના સંદર્ભે જોવામાં આવ્યું છે.

**असतः निवृत्तिः** = મિથ્યા પદાર્થોથી નિવૃત્તિ

**विद्याफलं स्यात्** = જ્ઞાનનું ફળ છે

**प्रवृत्तिः अज्ञानफलम्** = (અને તેમાં) પ્રવૃત્ત થવું એ અજ્ઞાનનું ફળ છે

**नो चेद्** = એમ જો ન હોય તો

**विदः** = જ્ઞાનીને

**अस्मात्** = આનાથી

**किं दृष्टफलम्** = બીજું શું દૃષ્ટ ફળ મળે?

બ્રહ્મવિદ્યાના દૃષ્ટફળનું દર્શન કરાવતાં જણાવાયું છે કે તમામ અસત અને મિથ્યા પદાર્થો પ્રત્યે નિષ્ક્રિય રહેવું અને તેવા પદાર્થોને ઝાંઝવાના જળ માની, તે પ્રાપ્ત કરવા માટેની ભ્રાંતિમય પ્રવૃત્તિથી નિવૃત્ત થવું એ બ્રહ્મવિદ્યા કે જ્ઞાનનું ફળ છે. "**विद्याफलं स्यादसतो निवृत्तिः** " આવી જ્ઞાનજન્ય કર્મનિવૃત્તિને જ શાસ્ત્રમાં કર્મસંન્યાસ કહેવામાં આવે છે. જ્ઞાનીઓ, વિવેકપૂર્ણ આત્મતત્ત્વના શ્રવણ બાદ કર્મસંન્યાસ લઈ , બંધનરૂપ સંસારપ્રવૃત્તિથી નિવૃત્તિ પ્રાપ્ત કરી ,પોતાના નિષ્ક્રિય આત્મસ્વરૂપમાં રમણ કર્યા કરે છે અને સાંસારિક પ્રવૃત્તિને ઝાંઝવાના જળ માની મૃગલા જેમ તેની પાછળ દોડતા નથી કે ક્ષણજીવી ઇન્દ્રિયસુખનું કર્મ કરતાં પણ નથી.

પરંતુ અજ્ઞાનીનું વર્તન તેથી વિરુદ્ધ જોવામાં આવે છે. અજ્ઞાની

તો અસત કે મિથ્યા પદાર્થોમાં જ રમણ કર્યા કરે છે અને મિથ્યા પદાર્થોની પ્રાપ્તિ માટે નિશદિન પ્રવૃત્તિ કરે છે તેવી પ્રવૃત્તિમાંથી જે સુખ મળવાનું છે તે ઝાંઝવાના જળ જેવું હોવા છતાં તેવા અલ્પ, ક્ષણિક સુખમાં જ મૃગલાની જેમ દોડતો, પ્રવૃત્તિ કરતો જોવા મળે છે, કારણ કે તેને જગત કે સંસારના પદાર્થોનું અસત્ત્વ, મિથ્યાત્વ, અનિત્યત્વ જણાતું જ નથી. આવી અજ્ઞાનીની પ્રવૃત્તિ અન્ય કંઈ નહીં પરંતુ અવિદ્યા કે અજ્ઞાનનું જ ફળ છે. માટે જણાવ્યું છે કે "**प्रवृत्तिरज्ञानफलं तदीक्षितम्**"

આમ, જ્ઞાનીની નિવૃત્તિ કે કર્મસંન્યાસ અને અજ્ઞાનીની કર્મમાં ગળાડૂબ પ્રવૃત્તિ કે કર્મનો સંગ, જે કંઈ જોવા મળે છે તે બ્રહ્મવિદ્યાના ભાવ અને અભાવનું જ ફળ છે. અવિદ્યાગ્રસ્ત અજ્ઞાનીને કર્મથી સંસારબંધન, જ્યારે જ્ઞાનીને બ્રહ્મવિદ્યાના બળે કર્મનિવૃત્તિથી સંસારની પણ નિવૃત્તિ જ પ્રાપ્ત થાય છે, તે જ જ્ઞાનીને મળેલું મહાન દૃષ્ટ ફળ છે. તેથી મહાન અન્ય કોઈ ફળ નથી.

(છંદ–અનુષ્ટુપ)

**अज्ञानहृदयग्रन्थेर्विनाशो यद्यशेषतः ।**
**अनिच्छोर्विषयः किन्नु प्रवृत्तेः कारणं स्वतः ॥४२४॥**

**यदि** = જો
**अज्ञानहृदयग्रन्थेः** = અજ્ઞાનરૂપી હૃદયગ્રંથિનો
**अशेषतः** = સંપૂર્ણપણે
**विनाशः** = વિનાશ થયો હોય (તો)
**अनिच्छोः** = વિષયોની ઇચ્છા વગરનાને
**प्रवृत्तेः कारणम्** = (તેમાં) પ્રવૃત્તિ કરાવવાનું કારણ
**किं नु** = શું ખરેખર
**स्वतः विषयः** = સ્વયં વિષયો થઈ શકે?

પૂર્વે જણાવ્યું છે કે બ્રહ્મવિદ્યાના બળે આત્મજ્ઞાની થયેલો, કર્મનિવૃત્તિ દ્વારા સંસારનિવૃત્તિને પ્રાપ્ત થાય છે. તેવા જ્ઞાની સંદર્ભે અત્રે માર્મિક પ્રશ્ન કર્યો છે કે જો તેવા બ્રહ્મવિદ્યાસંપન્ન જ્ઞાનીની અજ્ઞાનરૂપી હૃદયગ્રંથિનો સંપૂર્ણપણે વિનાશ થઈ ગયો હોય તો, પ્રવૃત્તિ કે વિષયોની ઇચ્છા વગરનાને પ્રવૃત્તિ કરાવવાનું કારણ શું ખરેખર સ્વયં વિષયો થઈ શકે ખરા?

આવા માર્મિક પ્રશ્નથી ઉપદેશ તો સ્પષ્ટ છે કે જેની હૃદયગ્રંથિ નષ્ટ થઈ છે તેને નથી વિષયવાસના, નથી અવિદ્યા કે તેને લીધે થતું વિષયદર્શન કે નથી કોઈ કર્મ. તો કયા હેતુથી જ્ઞાની વિષયપ્રાપ્તિની પ્રવૃત્તિમાં પડે? વિષયવૃત્તિને સ્વપ્નવત જાણીને જ્ઞાનમાં જાગ્યા પછી કોઈ જ્ઞાની સ્વપ્નના પદાર્થો માટે પ્રવૃત્તિ કરતો નથી અને જડ વિષયો જયાં પોતે જ નિષ્ક્રિય છે, તે અન્યને પ્રવૃત્તિ માટે શું પ્રેરણા આપી શકે ખરાં? આમ હોવાથી હૃદયગ્રંથિના નાશમાં જ અવિદ્યા, કામ અને કર્મનો નાશ સમાયેલો છે.

(છંદ–અનુષ્ટુપ)

**वासनानुदयो भोग्ये वैराग्यस्य परोऽवधिः ।**
**अहंभावोदयाभावो बोधस्य परमोऽवधिः ।**
**लीनवृत्तेरनुत्पत्तिर्मर्यादोपरतेस्तु सा ॥४२५॥**

**भोग्ये** = ભોગવવા જેવી વસ્તુઓમાં
**वासना–अनुदयः** = વાસનાનો ઉદય ન થવો
**वैराग्यस्य** = (તે) વૈરાગ્યની
**परः अवधिः** = પરાકાષ્ઠા છે.
**अहंभावोदय–अभावः** = (દેહાદિમાં) અહંભાવનો ઉદય ન થાય (તે)
**बोधस्य** = જ્ઞાનની
**परमो अवधिः** = પરાકાષ્ઠા છે. (અને)
**लीनवृत्तेः अनुत्पत्तिः** = (બ્રહ્મમાં) લીન કે નિવૃત્ત થયેલી વૃત્તિની પુનઃ ઉત્પત્તિ ન થાય

सा तु = તે જ
उपरतेः मर्यादा = ઉપરતિની મર્યાદા છે.

જ્ઞાન, વૈરાગ્ય અને ઉપરતિની સંતૃપ્તિનું દર્શન કરાવતાં જણાવાયું છે કે ભોગવવા જેવી જે કોઈ વસ્તુઓ હોય, તેમાં સ્વાભાવિક રીતે મનુષ્યની પ્રવૃત્તિ જોવામાં આવે છે. જગતની વ્યક્તિઓ, પરિસ્થિતિ કે પદાર્થો પ્રત્યે વાસના જાગે છે અને ઇન્દ્રિયો સહજ રીતે જ જાણે કે અજાણે તેમના સ્વભાવ મુજબ વિષયગમન કરે છે. આંખ ખુલ્લી હોય એટલે સહજ રીતે રૂપ કે આકારના દર્શન થાય. વિશેષ પ્રયત્નથી કાન બંધ ન કર્યા હોય કે સુષુપ્તિમાં ન હોઈએ તો અનેક પ્રકારના અવાજ સંભળાય. આમ, દરેક ઇન્દ્રિયો પોતપોતાના વિષયનો ભોગ કરતી જોવા મળે છે. આવો સહજ ભોગ સર્વસામાન્ય છે. છતાં જે ભોગમાં મનુષ્યનું ચિત્ત આસક્ત થાય છે, તેવા ભોગની વાસના તીવ્ર થાય છે અને ભોગકર્મનું વારંવાર પુનરાવર્તન કરવા મનુષ્ય પ્રેરાય છે. પરંતુ જેને દૃઢ વૈરાગ્ય પ્રાપ્ત થયો છે તેણે વૈરાગ્યના અગ્નિમાં વાસનાઓનું દહન કર્યું છે. તેથી ભૌતિક જગતની દૃશ્ય કે શ્રાવ્ય વાસનાઓ તો તેનામાં હોતી નથી પરંતુ પરલોક કે સ્વર્ગની વાસનાઓની કાલ્પનિક કામના પણ તેઓના ચિત્તમાં ઊઠતી નથી. તદુપરાંત, જીવનયાત્રા ટકાવી રાખવા માટેની સહજ અન્નપાનાદિની, નિદ્રાની કે સ્નાનાદિની વાસના પણ ઘણીવાર પરમ વૈરાગ્યને સંપન્ન થયેલામાં જોવા મળતી નથી. આમ, જેઓ જે કંઈ આવી પડે તેનો ભોગ કરી અજગરવૃત્તિથી જીવન વ્યતીત કરતા હોય છે, તેમની તમામ વાસનાઓ નિવૃત્ત અને શાંત થયેલી હોય છે. આવી વૈરાગ્યજન્ય વાસનાની નિષ્ક્રિયતાને વૈરાગ્યની પરાકાષ્ઠા કહેવામાં આવે છે. "**वैराग्यस्य परोऽवधिः ।**"

દેહાદિમાં અહંભાવનો ઉદય ન થાય તેને અત્રે જ્ઞાનની પરમ અવધિ કહેલી છે. અર્થાત્ દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, અવયવો આદિમાં 'તે હું છું' તેવું તાદાત્મ્ય ઉત્પન્ન ન થવું તથા તેવા તાદાત્મ્યને લીધે તે સૌના કાર્યોમાં તત્ તત્ કાર્યો મારાં છે તેવો ભાવ પણ જેને ઉત્પન્ન થતો નથી

તે ન તો અહંકારી થાય છે કે અહંકારના બળે પોતાને કર્તા કે ભોક્તા માને છે. આવા અહંકારથી છૂટેલા જ્ઞાનીમાં 'હું સકામ કર્મનો કર્તા નથી પરંતુ નિષ્કામ કર્મવાળો છું' તેવી ભ્રાંતિ તો નથી જ, પણ સાથે સાથે 'હું કર્મત્યાગી સંન્યાસી છું', એવી સૂક્ષ્મ ભાવનાનો પણ અભાવ છે. તાત્પર્યમાં ,'હું સંન્યાસી છું , ત્યાગી છું , ધ્યાની છું , સમાધિસંયુક્ત છું, અરે ! હું જ્ઞાની છું' તેવું જ્ઞાનનું પણ તેને અભિમાન હોતું નથી. એટલે કે જ્ઞાનમાં પણ તે અહંકાર, આત્મભાવ કે તાદાત્મ્ય કરતો નથી. આવી રીતે નથી અહંભાવ તેને જ્ઞાન, ત્યાગ, સમાધિ કે ધ્યાન જેવી ઉપાધિઓમાં કે નથી દેહસૌંદર્યમાં, અહંકારની સત્તામાં, બુદ્ધિની વિદ્વત્તામાં, મનના સુખવૈભવમાં કે બાહુબળમાં. તાત્પર્યમાં, દેહાદિ કે તેનું સૌંદર્ય, બુદ્ધિ આદિનો વૈભવ, અહંકારની સત્તા, મનની શાંત સ્થિતિ જેવી કોઈ પણ ઉપાધિમાં જેમને અહંભાવ નથી અને તેથી પોતાને જે નિરુપાધિક નિઃસંગ, નિર્લેપ પરબ્રહ્મ તરીકે જાણે છે તેઓ જ્ઞાનની પરમ અવધિને પ્રાપ્ત છે. આ જ આત્મબોધનું ઉત્કૃષ્ટ શિખર છે, મુક્તિની અસીમ સીમા છે.

ચિત્તની વૃત્તિઓની જયારે આત્યંતિક નિવૃત્તિ થાય છે ત્યારે તેવી બ્રહ્મમાં લીન થયેલી વૃત્તિઓનો કદાપિ પુનઃ ઉદય થતો નથી અર્થાત્ તેવા ચિત્તમાં કોઈ પણ કાર્ય માટે, કોઈ પણ ફળ માટે, કોઈ પણ પ્રકારના ભોગ માટે અગર કોઈ પણ પ્રકારના ગ્રહણની કે ત્યાગની અપેક્ષા, આકાંક્ષા કે સંકલ્પ ઊઠતો નથી કારણ કે વૃત્તિવિહીન કે વૃત્તિશૂન્ય થયેલું ચિત્ત વાસ્તવમાં ચિત્ત જ હોતું નથી પરંતુ ચૈતન્યમય બની જાય છે.તેથી વૃત્તિ કે વિચારશૂન્ય ચિત્તમાં ન હોય કોઈ પ્રવૃત્તિ, પ્રકૃતિ, પ્રક્રિયા કે સંકલ્પવિકલ્પ. આવી વૃત્તિશૂન્ય અવસ્થાને ઉપરતિની અનંત મર્યાદા કે પરમ અવધિ અથવા પરાકાષ્ઠા કહેવાય છે.

જેને વૈરાગ્યની, જ્ઞાનની અને ઉપરતિની પરાકાષ્ઠા પ્રાપ્ત થાય, તે ત્રણે લોકમાં પૂજનીય ગણાય છે. બાકી તો કહેવા અને લખવા માટે જ પૂજય હોય છે.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**ब्रह्माकारतया सदा स्थिततया निर्मुक्तबाह्यार्थधीः**
**अन्यावेदितभोग्यभोगकलनो निद्रालुवत्. बालवत् ।**
**स्वप्नालोकितलोकवज्जगदिदं पश्यन् क्वचित् लब्धधीः**
**आस्ते कश्चिदनन्तपुण्यफलभुग् धन्यः स मान्यो भुवि ॥४२६॥**

**सदा ब्रह्माकारतया स्थिततया** = નિરંતર બ્રહ્માકાર સ્થિતિમાં રહેવાથી
**निर्मुक्तबाह्यार्थधीः** = બહારના વિષયોથી જેની બુદ્ધિ મુક્ત થઈ છે.
**निद्रालुवत् बालवत्** = ઊંઘણશી તથા બાળકની જેમ
**अन्यावेदितभोग्यभोगकलनः** = બીજાઓએ આપેલા ભોગ્ય પદાર્થોનો ઉપભોગ કરનારો (હોવાથી)
**क्वचित्** = ક્યારેક
**लब्धधीः** = વિષયબુદ્ધિવાળો થતાં (બુદ્ધિ વિષયો તરફ વળે ત્યારે)
**स्वप्नालोकितलोकवत्** = સ્વપ્નમાં જોયેલા લોકની (જગતની) જેમ
**इदं जगत्** = આ (જાગ્રત) જગતને
**पश्यन्** = (જે) જોતો
**आस्ते** = રહે છે.
**अनन्तपुण्यफलभुक्** = અનંત પુણ્યોના ફળને ભોગવનારો
**सः कश्चित्** = તેવો કોઈક (જ્ઞાની)
**भुवि** = પૃથ્વી ઉપર
**धन्यः** = ધન્ય છે
**मान्यः** = (અને) માનનીય છે.

## જીવન્મુક્તની સ્તુતિ

પૂર્વના શ્લોકના સંદર્ભમાં અનુસંધાનાર્થે જણાવવામાં આવે છે કે જે પુરુષ વૈરાગ્ય, જ્ઞાન અને ઉપરતિની પરાકાષ્ઠાને સંપન્ન થયો

હોય, તે નિરંતર બ્રાહ્મીસ્થિતિમાં રહેવાથી બાહ્ય જગતના વિષયોની આસક્તિથી તેની બુદ્ધિ મુક્ત બની છે. તેથી તે નિદ્રાળુવત કે બાળક જેમ વર્તતો હોવાથી અન્યોએ આપેલા ફળભોગનો જ ઉપભોગ કરતો હોય છે. તથા ક્વચિત્ વિષયબુદ્ધિવાળો થઈ, વિષયોમાં પ્રવૃત્ત થાય છે, છતાં સ્વપ્નસૃષ્ટિના વિષયોની જેમ જ જાગ્રત જગતના વિષયોને જોતો રહે છે અર્થાત્ સ્વપ્નસૃષ્ટિ સાથે જેવું વર્તન હતું તેવું વર્તન જાગ્રતસૃષ્ટિ સાથે તે કરે છે. તાત્પર્યમાં, જેમ સ્વપ્નસૃષ્ટિના પદાર્થોનું મિથ્યાત્વ જાણી તે પ્રત્યે ઉપેક્ષા કે ઉદાસીનવૃત્તિ સેવે છે તેવી જ ઉદાસીનતા તેને જાગ્રતના જગત કે પદાર્થો સાથે હોય છે. માટે તે વાસ્તવમાં કંઈ પણ ભોગવતો ન હોવા છતાં સર્વ કાંઈ ભોગવે છે, કંઈ ન જોતો હોવા છતાં સર્વ કાંઈ જુએ છે. માટે જ તેવા જ્ઞાનીની સ્તુતિ અર્થે અત્રે જણાવ્યું છે કે "**अनन्तपुण्यफल भुक् धन्यः स मान्यो भुवि ।**" "અનંત પુણ્યોના ફળને ભોગવનારો તે જ્ઞાની આ પૃથ્વી ઉપર ધન્ય છે, ભાગ્યશાળી છે અને માનને પાત્ર માનનીય છે, પૂજનીય છે."

(છંદ–અનુષ્ટુપ)

**स्थितप्रज्ञो यतिरयं यः सदानन्दमश्नुते ।**
**ब्रह्मण्येव विलीनात्मा निर्विकारो विनिष्क्रियः ॥४२७॥**

| | | | |
|---|---|---|---|
| **यः यतिः** | = જે(યત્નશીલ) યોગી | **सदा** | = હંમેશા |
| **ब्रह्मणि एव** | = પરબ્રહ્મમાં જ | **आनन्दम्** | = આનંદને |
| **विलीनात्मा** | = ચિત્તનો લય કરીને | **अश्नुते** | = પ્રાપ્ત કરે છે. |
| **निर्विकारः** | = વિકારરહિત બનીને | **अयम्** | = આવો (હોય તે) |
| **विनिष्क्रियः** | = ક્રિયામુક્ત છે. (તથા) | **स्थितप्रज्ञः** | = સ્થિતપ્રજ્ઞ છે. |

(છંદ–અનુષ્ટુપ)

**ब्रह्मात्मनोः शोधितयोरेकभावावगाहिनी ।**
**निर्विकल्पा च चिन्मात्रा वृत्तिः प्रज्ञेति कथ्यते ।**
**सा सर्वदा भवेद्यस्य स्थितप्रज्ञः स उच्यते ॥४२८॥**

| | |
|---|---|
| **ब्रह्मात्मनोः** | = પરબ્રહ્મ અને જીવાત્માનું |
| **शोधितयोः** | = સંશોધન (કરી) |
| **एकभावावगाहिनी** | = ઐક્યભાવને ગ્રહણ કરવાવાળી |
| **निर्विकल्पा च** | = નિર્વિકલ્પ અને |
| **चिन्मात्रा वृत्तिः** | = માત્ર ચૈતન્યમય વૃત્તિ |
| **प्रज्ञा इति** | = 'પ્રજ્ઞા' એમ |
| **कथ्यते** | = કહેવાય છે. |
| **यस्य सा** | = જેની તેવી (પ્રજ્ઞા) |
| **सर्वदा** | = સદાકાળ (સમ્યક્ રીતે સ્થિત) |
| **भवेत्** | = થયેલી હોય |
| **सः स्थितप्रज्ञः** | = તે સ્થિતપ્રજ્ઞ |
| **उच्यते** | = કહેવાય છે. |

## સ્થિતપ્રજ્ઞ દર્શન

હવેના બે શ્લોકમાં સ્થિતપ્રજ્ઞની વ્યાખ્યા આપવામાં આવે છે. પરબ્રહ્મમાં ચિત્તનો લય કરનારો, નિર્વિકાર થઈ ક્રિયામુક્ત થનારો, સદા આનંદનો અનુભવ કરનારો યોગી જ્યારે જીવબ્રહ્મના ઐક્યભાવને પ્રાપ્ત કરનારી નિર્વિકલ્પ તથા ચૈતન્યમય બનેલી, પ્રજ્ઞા નામની વૃત્તિને પરબ્રહ્મમાં સ્થિત કરે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

આવા સ્થિતપ્રજ્ઞની પ્રજ્ઞા કે બુદ્ધિ અચળ થયેલી હોવાથી પ્રતિકૂળ કે દુઃખના સંજોગોમાં તેનું ચિત્ત ન તો પ્રતિક્રિયા કરે છે કે દુઃખ અનુભવી ઊહાપોહ કરે છે અગર અનુકૂળ સંજોગોમાં જ્યારે સુખ અનુભવાતુ હોય તેવા અનુકૂળ સંજોગોની અપેક્ષા કે આકાંક્ષા રાખતો નથી અને તેવા સુખદ પ્રસંગોનું પુનરાવર્તન ઇચ્છતો પણ નથી. તદુપરાંત, તેવા યોગીએ બ્રહ્મમાં ચિત્તનો લય કર્યો હોવાથી તેની ચિત્તમાં રહેલી તમામ કામનાઓનો ત્યાગ થઈ જાય છે અને ત્યારબાદ કામના કે વાસનારહિત થયેલો સ્થિતપ્રજ્ઞ પોતે

પોતાનામાં પોતા દ્વારા જ સંતુષ્ટ થયેલો જણાય છે અને તે જ કારણે ઈષ્ટ કે અનિષ્ટ પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં તે રાગદ્વેષ વગરનો હોય છે. સ્થિતપ્રજ્ઞ ઈન્દ્રિયોના વિષયોમાં આકર્ષાતો નથી કારણ કે પોતાની તમામ ઈન્દ્રિયોને તેણે વિષયોથી પાછી બોલાવી લીધી છે અને તે જ કારણે તેની બુદ્ધિ વિક્ષેપવગરની ચંચળતારહિત થયેલી હોવાથી સ્થિતપ્રજ્ઞા કહેવાય છે. આમ વિચારતાં સ્પષ્ટ થાય છે કે જેણે ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો નથી અને જે કોઈ જીતેન્દ્રિય થયો નથી તેવો કદાપિ સ્થિતપ્રજ્ઞ કહેવાય નહીં. માટે જ કૃષ્ણપરમાત્માને પણ જેની પ્રજ્ઞા સ્થિત હોય તેને માટે જાહેર કરવું પડ્યું કે "**वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ।** " (ભ.ગીતા અ. ૨/૬૧) "ઈન્દ્રિયો જેને વશ હોય છે તેની જ પ્રજ્ઞા કે બુદ્ધિ સ્થિર કહેવાય છે.

આમ વિચારતાં જણાય છે કે જે જીતેન્દ્રિય હોવાને લીધે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે તે કદી ઈન્દ્રિયોના વિષયનું ચિંતન કરતો નથી કારણ કે ઈન્દ્રિયો પર તેનું નિયંત્રણ છે, ઈન્દ્રિયો તેના વશમાં છે. ઈન્દ્રિયો તેની માલિક કે સ્વામી નથી પરંતુ સ્થિતપ્રજ્ઞ પોતે ઈન્દ્રિયોનો સ્વામી છે અને ઈન્દ્રિયો સેવકો છે. તેથી તેને આજ્ઞાંકિત થઈને જ તેની સેવાર્થે જ તેઓ કામ કરે છે અગર નિષ્ક્રિય થઈને પડી રહે છે. તેથી સ્થિતપ્રજ્ઞનું મન ઈન્દ્રિયો સાથે બહિર્ગમન કરતું નથી અને વિષયભોગમાં આસક્ત થતું નથી માટે વિષયોનું ચિંતન કરવાનો પ્રશ્ન જ સ્થિતપ્રજ્ઞ માટે ઉત્પન્ન થતો નથી. માટે જ જીવનની આત્મવિસ્મરણ જેવી મહાન હોનારતથી તે બચી જાય છે. કારણ કે વિષયચિંતન ન કરવાથી વિષયોમાં તેની આસક્તિ થતી નથી અને આસક્તિ કે વિષયસંગથી બચેલો સ્થિતપ્રજ્ઞ કામનામાં પડતો નથી કારણ કે વિષયસંગ કે આસક્તિ કામના અગર વાસના જન્માવે છે અને જો તેવી કામના પૂરી ન થાય તો ક્રોધ ઉત્પન્ન થાય છે પરંતુ આવો પ્રશ્ન સ્થિતપ્રજ્ઞની સામે આવતો નથી. સ્થિતપ્રજ્ઞમાં ક્રોધના લીધે ઉત્પન્ન થતો અવિવેક કે સંમોહ અને સંમોહથી સ્વસ્વરૂપની સ્મૃતિનો નાશ અને સ્મૃતિનાશમાંથી બુદ્ધિનાશ અને અંતે બુદ્ધિનાશથી થતું

પતન હોતું નથી માટે આવા અકસ્માતની પતનકારી શૃંખલાથી સ્થિતપ્રજ્ઞ બચી જાય છે અને હંમેશા અન્યને આવા અધોગતિના તથા વિનાશના માર્ગેથી બચાવવા તે પ્રયત્નશીલ હોય છે. માટે જ સ્વયં કૃષ્ણપરમાત્માએ સ્થિતપ્રજ્ઞ પુરુષ તરીકે ભગવદ્‌ગીતા દ્વારા સ્થિતપ્રજ્ઞનો ઉપદેશ આપી અનેક મુમુક્ષુઓને બુદ્ધિનાશના માર્ગેથી બચાવવાનો અને આત્મસ્વરૂપની વિસ્મૃતિથી તારવાનો અલૌકિક પ્રયત્ન કર્યો છે. તેથી જ તેવા ગીતાના મહાન સ્થિતપ્રજ્ઞ પુરુષને અખિલ વિશ્વના પૂજનીય સદ્‌ગુરુ કહ્યાં છે."**श्रीकृष्णं वन्दे जगद्गुरुम् ।** "

શ્લોકમાં જણાવ્યું છે કે સ્થિતપ્રજ્ઞ ચિત્તને બ્રહ્મમાં લીન કરી નિર્વિકાર અને નિષ્ક્રિય થાય છે. "**ब्रह्मण्येवविलीनात्मा निर्विकारो विनिष्क्रियः ।**" " જે યોગી બ્રહ્મમાં ચિત્તનો લય કરીને નિષ્ક્રિય અર્થાત્ ક્રિયામુક્ત બને છે તે સ્થિતપ્રજ્ઞ છે." નિર્વિકાર અને નિષ્ક્રિય જેવું સ્થિતપ્રજ્ઞનું લક્ષણ દર્શાવે છે કે સંસારના તમામ ભૂતમાત્ર અર્થાત્ પશુ, પંખી અને મનુષ્યો પ્રવૃત્તિમાં કાર્યરત હોય છે અને કર્મના નશામાં ચકચૂર હોય છે, પ્રવૃત્તિમાં ગળાડૂબ હોય છે, પ્રવૃત્તિ વગર તેવા સૌ બેચેન બને છે, ક્ષણમાત્ર પણ પ્રવૃત્તિથી અટકતા નથી, અર્થાત્ પ્રવૃત્તિમાં સતત જાગ્યા કરે છે ત્યારે અજ્ઞાનીઓની તેવી પ્રવૃત્તિરૂપી સઘન આંધીમાં કે કર્મના વંટોળ વચ્ચે પણ સ્થિતપ્રજ્ઞ નિરાંતે નિર્વિકાર અને નિષ્ક્રિય બની ઊંઘે છે અને જયારે તમામ અજ્ઞાનીઓ આત્મજ્ઞાનમાં અર્થાત્ મોક્ષપ્રાપ્તિ માટે નિષ્ક્રિય થઈ, પ્રમાદી થઈ ઊંઘ્યા કરે છે ત્યારે સ્થિતપ્રજ્ઞ પોતાની પ્રજ્ઞાને આત્મસ્વરૂપમાં સ્થિત કરી પોતાના સત, ચિત, આનંદસ્વરૂપમાં નિશદિન જાગ્યા કરે છે. તેથી સ્થિતપ્રજ્ઞનું આગવું અલૌકિક લક્ષણ સ્પષ્ટ કરે છે કે કર્મ કે પ્રવૃત્તિરૂપી જાગૃતિમાં જે ઊંઘે અર્થાત્ નિષ્ક્રિય રહે તે સ્થિતપ્રજ્ઞ છે. તથા અજ્ઞાનીઓના વિષયભોગમાં પણ જે નિર્વિકાર રહી મનને આત્મામાં ડુબાડી પોતે પોતા દ્વારા પોતાનામાં બાહ્યવિષયોના અભાવમાં અને ઇન્દ્રિયસુખની અનુપસ્થિતિમાં પણ સંતુષ્ટ રહે તે સ્થિતપ્રજ્ઞ છે.

(છંદ-અનુષ્ટુપ)

**यस्य स्थिता भवेत् प्रज्ञा यस्यानन्दो निरन्तरः ।**
**प्रपञ्चो विस्मृतप्रायः स जीवन्मुक्त इष्यते ॥४२९॥**

| | |
|---|---|
| **यस्य** | = જેની |
| **प्रज्ञा** | = પ્રજ્ઞા |
| **स्थिता भवेत्** | = સ્થિર હોય. |
| **यस्य आनन्दः निरन्तरः** | = જેનો આનંદ નિરંતર (હોય) |
| **प्रपञ्चः** | = (અને) પ્રપંચ |
| **विस्मृतप्रायः** | = જેને લગભગ ભૂલાઈ ગયો હોય, |
| **सः** | = તે |
| **जीवन्मुक्तः** | = જીવન્મુક્ત |
| **इष्यते** | = કહેવાય છે. |

### જીવન્મુક્તદર્શન

સ્થિતપ્રજ્ઞની વ્યાખ્યા, લક્ષણ કે સમજૂતિ અપાયા બાદ હવે પછીના સત્તર શ્લોક દ્વારા જીવન્મુક્ત પુરુષના લક્ષણોનો વિચાર આપવામાં આવે છે.

જેની બુદ્ધિ કે પ્રજ્ઞા સ્થિર હોય, તથા જેને પોતાના આત્મસ્વરૂપનો આનંદ અવિરત રીતે ઉદય અને અસ્ત વિના અનુભવાતો હોય, તેવા આત્માનંદમાં નિમગ્ન થયેલા પુરુષને દૃશ્ય જગતરૂપી પ્રપંચનું વિસ્મરણ થયેલું હોય છે. તેથી દૃશ્યપ્રપંચની જળોજથા તથા આધિ, વ્યાધિ અને ઉપાધિ જેવી પ્રપંચી માયાજાળથી જે છૂટી ગયો છે તે જીવન્મુક્ત કહેવાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**लीनधीरपि जागर्ति यो जाग्रद्धर्मवर्जितः ।**
**बोधो निर्वासनो यस्य स जीवन्मुक्त इष्यते ॥४३०॥**

**लीनधीः** = જેની બુદ્ધિ (પરબ્રહ્મમાં) લીન થઈ હોય,

**यः जागर्ति अपि** = જે જાગતો છે પણ
**जाग्रत्–धर्मवर्जितः** = જાગ્રત અવસ્થાના ધર્મોથી રહિત હોય છે,
**यस्य** = જેનું
**बोधः** = જ્ઞાન
**निर्वासनः** = વાસના વગરનું હોય છે,
**सः** = તેને
**जीवन्मुक्तः** = જીવન્મુક્ત
**इष्यते** = કહેવાય છે.

જેની બુદ્ધિ પરબ્રહ્મમાં લીન થઈ ગઈ હોય અને જે જાગતો હોવા છતાં જાગ્રત અવસ્થાના ધર્મોથી રહિત હોય છે તે જીવન્મુક્ત છે. એવા લક્ષણનો તત્ત્વાર્થ જાણવા વિચારવું કે જીવન્મુક્ત પુરુષ સદા જાગે છે છતાં જાગ્રત અવસ્થામાં સામાન્ય અજ્ઞાની વ્યક્તિને ઇન્દ્રિયોના વિષયમાં જે આસક્તિ ઉપજે છે તેવી આસક્તિ ઉત્પન્ન થવી તે જાગ્રત અવસ્થાનો ધર્મ છે. તદુપરાંત દૃશ્યપ્રપંચમાં બંધાયેલા સૌ અજ્ઞાનીઓ પોતાની દેહાદિ ઉપાધિ સાથે તાદાત્મ્ય કરીને જ કર્મો કરે છે અને કર્મના સુખ–દુઃખરૂપી ફળ ભોગવી પોતાને કર્તા કે ભોક્તા માને છે. આમ, મોટાભાગના લોકો વિષયાસક્તિમાં, દેહાદિના તાદાત્મ્યમાં, કર્તા અને ભોક્તાભાવના ધર્મોથી બંધાઈને જાગ્રત અવસ્થામાં જાગે છે. જ્યારે જીવન્મુક્ત પુરુષ જાગ્રત અવસ્થામાં જાગતો હોવા છતાં દેહાદિના તાદાત્મ્યમાં, વિષયોની આસક્તિમાં કે કર્તા–ભોક્તાભાવના ધર્મોમાં બંધાતો નથી કે ન તો તેવા બંધનથી સુખ–દુઃખનો અનુભવ કરે છે. માટે જ કહેવાયું છે કે જીવન્મુક્ત જાગે છે છતાં જાગ્રત અવસ્થાના ધર્મથી વંચિત હોય છે. "**जागर्ति यो जाग्रद्धर्मवर्जितः ।** "

જીવન્મુક્તની સ્તુતિ અર્થે તેનું અન્ય લક્ષણ દર્શાવતાં અત્રે જણાવ્યું છે કે "**बोधो निर्वासनो यस्य** " " જેનું જ્ઞાન વાસનામુક્ત હોય" તેને જીવન્મુક્ત કહેવાય છે. અર્થાત્ પોતાના હૃદયમાં જેણે જ્ઞાનાગ્નિ પ્રગટાવી હૃદયગ્રંથિને બાળી મૂકી છે તેનામાં વાસના હોવાની સંભાવના હોતી નથી.

હૃદયગ્રંથિ એટલે જ અવિદ્યા, કામ અને કર્મની ત્રિપુટી. આવી ત્રિપુટીના અભાવમાં જીવન્મુક્તને ન હોય વાસના કે વાસનાના સ્થૂળ કે ઘનસ્વરૂપ જેવું કર્મ. તે જ ન્યાયે જે વાસનાથી છૂટ્યો છે તે સંસારથી અને પુનર્જન્મથી પણ છૂટેલો હોય છે. માટે જ તેને જીવન્મુક્ત કહી અત્રે તેની સ્તુતિ કરવામાં આવી છે.

(છંદ-અનુષ્ટુપ)

**शान्तसंसारकलनः कलावानपि निष्कलः ।**
**यः सचित्तोऽपि निश्चिन्तः स जीवन्मुक्त इष्यते ॥४३१॥**

| | |
|---|---|
| **यः शान्तसंसारकलनः** | = જેની સંસારવાસના શમી ગઈ હોય, |
| **कलावान् अपि निष्कलः** | = કલાવાન હોવા છતાં નિષ્કલ છે. |
| **सचित्तः अपि निश्चिन्तः** | = ચિત્તવાળો હોવા છતાં નિશ્ચિંત છે, |
| **सः जीवन्मुक्तः इष्यते** | = એ જીવન્મુક્ત કહેવાય છે. |

જીવન્મુક્તની સ્તુતિ અને લક્ષણ સંદર્ભે શ્લોકની પ્રથમ પંક્તિમાં દર્શાવ્યું છે કે જેની સંસારવાસના શમી ગઈ હોય તથા જે "**कलावान् अपि निष्कलः ।**" "જે કળાવાળો હોવા છતાં નિષ્કલ છે." તે જીવન્મુક્ત છે. અર્થાત્ અત્રે કળાવાન અને નિષ્કલ જેવો વિરોધાભાસ વ્યક્ત કરી દર્શાવ્યું છે કે જીવન્મુક્ત સામાન્ય સંસારી જેમ જીવનવ્યવહારમાં હોવા છતાં વ્યાવહારિક સત્યમાં જીવતો નથી, વિકારી જેવો કળાવાન દેખાતો હોવા છતાં નિષ્કલ અર્થાત્ ઇન્દ્રિયોની પ્રવૃત્તિથી અસંગ એવો અર્થ લેતાં, જીવન્મુક્ત ઇન્દ્રિયોની પ્રવૃત્તિવાળો દેખાતો હોવા છતાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિથી અસંગ છે. દા.ત. તે આંખથી જોતો, કાનથી સાંભળતો, ત્વચાથી સ્પર્શ કરતો, રસનાથી સ્વાદ લેતો હોય છતાં ઇન્દ્રિયોના વિષયોમાં નથી તો આસક્ત થતો કે નથી વિષયબંધનમાં બદ્ધ થતો. માટે જ ઇન્દ્રિયોની પ્રવૃત્તિવાળો કળાવાન હોવા છતાં તેવી પ્રવૃત્તિઓથી અસંગ અને નિષ્કલ કહેવાયો છે. તદુપરાંત ' **कलावान् अपि निष्कलः** 'નો શાસ્ત્રીય અર્થ લેતાં એવું પણ વિચારવું પડે કે જે પ્રાણ, શ્રદ્ધા આદિ ષોડશકળાથી સંપન્ન છે તે કળાવાન છે અને તેથી અસંગ છે, નિષ્કલ છે.

જીવન્મુક્ત ચિત્તવાળો હોવા છતાં નિશ્ચિંત હોય છે. આવા લક્ષણથી જીવન્મુક્તના સ્તુત્યાકાશમાં જાણે અનંત તારલાઓ જેમ પ્રશંસાઓનો મેળો ભરાયો હોય અને નક્ષત્રોની ઉમટી પડેલી મેદની જાણે તેની ખ્યાતિના ગાન ગાતી હોય તેવું વાતાવરણ નજરે પડે છે. જીવન્મુક્તને ચિત્ત નથી તેવું નથી અને ચિત્ત છે તેવું કહેવાનું દુ:સાહસ પણ કરી શકાય તેમ નથી. કારણ કે જીવન્મુક્તને ચિત્ત છે તો તે ચૈતન્યથી જુદું નથી અને જો તેનું ચિત્ત ચૈતન્યમય થયું હોય તો બ્રહ્મીભૂત થયેલો જીવન્મુક્ત અભયતાને પ્રાપ્ત છે. આમ, જે અભયતાને વરેલો હોય તેને ચિંતા શેની? વિષય કે અવિષયનું ચિંતન ક્યાં? અને ચિત્ત જો ચૈતન્ય બની બ્રહ્મચૈતન્યમાં તદ્રૂપ થયેલું હોય તો બ્રહ્મથી ભિન્ન અનાત્મવસ્તુનું કે ભૌતિક પદાર્થોનું તેને દ્વૈતદર્શન કેવું? જો દ્વૈતદર્શન નથી તો તેની પ્રાપ્તિની ચિંતા ક્યાં? જો દ્વૈત વિષયસમૂહનું વળગણ નથી, તો તેના ત્યાગ માટે પણ તેને ચિંતા સંભવી શકે નહીં. આમ, જીવન્મુક્ત નચિંત છે, નિશ્ચિંત છે અને છતાં બ્રહ્મમાં તદ્રૂપ થયેલા ચિત્તવાળો છે એવું કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. માટે જ આચાર્યશ્રીએ જીવન્મુક્તની ખ્યાતિમાં વિખ્યાત વિલક્ષણ લક્ષણોની ખાણને ખુલ્લી કરી મુમુક્ષુના લાભાર્થે સ્તુતિપ્રસાદની ખુલ્લા હૃદયે લહાણી કરી હોય તેવું ભાસે છે.

(છંદ-અનુષ્ટુપ)

**वर्तमानेऽपि देहेऽस्मिन् छायावदनुवर्तिनि ।**
**अहंताममताभावो जीवन्मुक्तस्य लक्षणम् ॥४३२॥**

**छायावत् अनुवर्तिनि** = છાયાની જેમ પોતાને અનુસરતું
**अस्मिन् देहे वर्तमाने अपि** = આ શરીર હયાત હોવા છતાં
**अहंता–ममता–अभावः** = જેને એના પર 'હું અને મારું' એવી અહં તથા મમત્વભાવના ન હોવી એ
**जीवन्मुक्तस्य** = જીવન્મુક્તનું
**लक्षणम्** = લક્ષણ છે.

શરીરની હયાતિ હોવા છતાં શરીર ઉપર અહંભાવ કે મમભાવ ન હોવો અને શરીરને પોતાના પડછાયાની જેમ અનુસરતું જાણવું તે જીવન્મુક્તનું લક્ષણ છે.

જેમ દેહનો પડછાયો મૂંગે મોઢે પ્રતિક્રિયા વિના દેહને અનુસરે છે, દેહ ઊભો રહેતા છાયા સ્થગિત થાય છે અને દેહનું ચલન થવાથી તેની ક્રિયા જોવા મળે છે. દેહ કદી છાયાને અનુસરતો નથી અને છાયાથી લેશમાત્ર પ્રભાવિત થતો નથી. રસ્તે ચાલતાં એવું બની શકે કે પડછાયો ગટરમાં, કાદવમાં, કીચડમાં પડતો દેખાય છતાં શરીરને ગંદકીના કોઈ ડાઘ હોતા નથી. તે જ પ્રમાણે જીવન્મુક્ત શરીરને પોતાનો પડછાયો ગણે છે. માટે જ શરીરના કાર્યથી ન તો ક્રિયાશીલ થાય છે, શરીરના દર્દથી ન તો દુ:ખી થાય છે, દેહના અલંકારોથી ન તો અલંકૃત થાય છે કે દેહની નગ્નાવસ્થામાં ન તો જીવન્મુક્ત દિગંબર બને છે. તદુપરાંત દેહને રંગ, રાગ, ભોગ કે વિલાસના કીચડમાં પડતા જુએ છે છતાં પણ દેહની તેવી ભોગક્રિયાથી જીવન્મુક્તની આત્મદશાનો ભંગ થતો નથી કે તેની વિલાસી વર્તણૂકનો કીચડ પણ તેને ચોંટતો નથી. કારણ કે તે સ્પષ્ટ માને છે કે ન તો હું દેહ છું કે દેહ મારો છે. તેથી દેહ આજે જ પતન પામે કે વર્ષો સુધી જીવતો રહે, તેમાં મારે નિ:સંદેહ લેવા દેવા નથી. આવી શરીર સાથેની નિ:સ્પૃહ ભાવના જ જીવન્મુક્તનું અનોખું, આગવું, અપ્રતીમ લક્ષણ છે.

(છંદ–અનુષ્ટુપ)

**अतीताननुसंधानं भविष्यदविचारणम् ।**
**औदासीन्यमपि प्राप्ते जीवन्मुक्तस्य लक्षणम् ॥४३३॥**

**अतीत–अननुसंधानम्** = ભૂતકાળનું સ્મરણ ન કરવું
**भविष्यत् अविचारणम्** = ભવિષ્યનો વિચાર ન કરવો
**प्राप्ते अपि औदासीन्यम्** = વર્તમાન (પ્રાપ્તિ) પ્રત્યે ઉદાસીનતા
**जीवन्मुक्तस्य** = જીવન્મુક્તનું
**लक्षणम्** = લક્ષણ છે.

ભૂતકાળનું અનુસ્મરણ ન કરવું, ભવિષ્યનો વિચાર ન કરવો તથા વર્તમાનની પ્રાપ્તિ પ્રત્યે ઉદાસીનતા દાખવવી, એ જીવન્મુક્તનું લક્ષણ છે. ભૂતકાળના મધુર સ્વપ્નોનું સ્મરણ કરી વર્તમાનની પ્રતિકૂળતાને ભૂલવાનો પ્રયત્ન કરવો, એ મનુષ્ય માત્રની સ્વાભાવિક પ્રવૃત્તિ છે અને તે જ પ્રમાણે જીવનના શેષ સમયમાં મનુષ્ય, ભવિષ્યના વિચારો કે ચિંતામાં ડૂબેલો જોવા મળે છે. આમ, મનુષ્ય જન્મનો મોટા ભાગનો સમય ભૂતના સ્મરણમાં કે ભાવિની ચિંતામાં ચાલ્યો જાય છે. જયારે થોડો સમય, જે વર્તમાનની વાસ્તવિકતાઓ સમજવા ઉપલબ્ધ રહે છે તેમાં પ્રારબ્ધગત જે કંઈ પ્રાપ્ત થાય છે તે તરફ પ્રતિક્રિયા કરવામાં, તેના રોદણાં રોવામાં અને તેની અભિવ્યક્તિમાં મનુષ્ય વેડફી નાંખે છે. આમ, ન તો સામાન્ય મનુષ્ય ભૂતકાળનો સદુપયોગ કરી શકે છે, ન તો મોક્ષાર્થે ભાવિની યોજના ઘડવામાં વર્તમાન વિતાવી શકે છે અગર ન તો ઈશ્વરદત્ત વર્તમાનને સુખચેનથી ભોગવી પણ શકે છે. જયારે જીવન્મુક્તને નથી ભૂતકાળનું અનુસ્મરણ કે નથી ભવિષ્યની ચિંતા. તે તો શરીર પ્રારબ્ધને સોંપી, શરીરના ભાવિનો વિચાર ભૂલી ચૂક્યો છે અને શરીરના વીતેલા કાળની તો જીવન્મુક્તને પરવા જ નથી. કારણ કે પોતે તો કાળથી મુક્ત છે અને દેહ જ કાળના બંધનમાં છે, તો કયા હેતુથી જીવન્મુક્ત ભૂત કે ભાવિનો પાલવ પકડે કે છેડો ફાડે. તે જ ન્યાયે શરીરને તેના કર્મ પ્રમાણે પ્રારબ્ધગત જે કંઈ પ્રાપ્તિ કે અપ્રાપ્તિ વર્તમાનમાં થાય છે, તે તરફ જીવન્મુક્તને ઉદાસીન કે ઉપેક્ષાવૃત્તિ હોય છે. આમ, જીવન્મુક્ત પોતાને કાળનો પણ કાળ, કાળની પેલે પાર તથા કાળનો પણ કોળિયો કરનાર જાણી ભૂત, ભાવિ અને વર્તમાનની સારી-નરસી, સંજોગશૃંખલાથી મુક્ત થાય છે અને પોતાના અકાળ સ્વરૂપમાં એકાગ્ર થઈ અલૌકિક મસ્તીમાં ઉદાસીનવૃત્તિથી વિહાર કર્યા કરે છે.

(છંદ-અનુષ્ટુપ)

**गुणदोषविशिष्टेऽस्मिन् स्वभावेन विलक्षणे ।**
**सर्वत्र समदर्शित्वं जीवन्मुक्तस्य लक्षणम् ॥४३४॥**

| | |
|---|---|
| **स्वभावेन विलक्षणे** | = સ્વભાવથી વિલક્ષણ |
| **गुणदोषविशिष्टे** | = (અને) ગુણદોષ સભર (હોવા છતાં) |
| **अस्मिन्** | = આ(સંસાર)માં |
| **सर्वत्र** | = સર્વત્ર (સૌ ઉપર) |
| **समदर्शित्वम्** | = સમાન દૃષ્ટિ રાખવી |
| **जीवन्मुक्तस्य लक्षणम्** | = એ જીવન્મુક્તનું લક્ષણ છે. |

આ સંસારમાં ભૂતમાત્ર સ્વભાવથી વિલક્ષણ અને સત્ત્વ, રજસ, તમસ જેવા ગુણદોષસભર હોવાથી અન્યોન્યથી જુદાં જુદાં હોવા છતાં તે સૌ ઉપર સમત્વદૃષ્ટિ રાખવી એ જીવન્મુક્તનું અનુપમ લક્ષણ છે.

જીવન્મુક્ત પુરુષ સર્વાત્મદર્શી હોય છે, તેથી તે કોઈના દેહાદિ ધર્મો ઉપર ધ્યાન આપતો નથી અને માટે જ જાતિ, કૂળ, ગોત્ર, નામ–રૂપ આદિ વ્યક્તિગત ભિન્નતાઓ તરફ તે ઉદાસીન કે ઉપેક્ષાવૃત્તિવાળો હોય છે. તેથી સંસારના જીવોમાં તેને ન તો ઈષ્ટ–અનિષ્ટનો ભાવ હોય છે, ન તો બ્રાહ્મણ, ક્ષત્રિય, શૂદ્ર કે વૈશ્ય જેવા ઊંચ–નીચના ભેદ હોય છે અને તે જ ન્યાયે તે સ્ત્રી–પુરુષના તફાવતો તરફ પણ આંખ આડા કાન કરે છે. અર્થાત્ સંસારની વિભિન્નતાઓ કે વૈવિધ્યને જોવા છતાં તે તરફ અંધ બને છે કારણ કે અનેકતા, ભેદ, જુદાઈ અને દ્વૈત જ દુઃખનું કારણ છે તેવું સમજી દ્વૈતદૃષ્ટિનો અને દૃશ્યપ્રપંચનો તે પોતાની સમત્વદૃષ્ટિમાં લય કરે છે. આમ, વૈવિધ્યમાં એકત્વનું દર્શન કરવાની અને સંસારની વિચિત્રતાઓ અને વિષમતાઓમાં સમાનદૃષ્ટિ રાખવાની અનોખી કળા જીવન્મુક્તને હસ્તગત છે. પરંતુ તેથી કંઈ એકત્વમાં વૈવિધ્યનું દર્શન કરવાની કળા તે ખોઈ બેઠો નથી, કારણ કે સમગ્ર દૃશ્યપ્રપંચનું, અસંખ્ય વિચિત્રતાઓનું, અસીમ વિષમતાઓનું અધિષ્ઠાન તો એકમાત્ર પરબ્રહ્મ છે અને તે પરબ્રહ્મ હું પોતે જ છું એવા નિર્વિવાદ સત્ય સાથે સાક્ષાત્કાર કરનારો જીવન્મુક્ત ઐક્યમાં વૈવિધ્યનું દર્શન પણ કરી શકે છે. આવી, સર્વમાં સર્વકાળે સર્વત્ર સમત્વદૃષ્ટિ જ જીવન્મુક્તનું અલૌકિક આભૂષણ છે.

(છંદ-અનુષ્ટુપ)

**इष्टानिष्टार्थसंप्राप्तौ समदर्शितयाऽऽत्मनि ।**
**उभयत्राविकारित्वं जीवन्मुक्तस्य लक्षणम् ॥४३५॥**

| | |
|---|---|
| **इष्ट–अनिष्टार्थसंप्राप्तौ** | = ઇષ્ટ-અનિષ્ટની (પ્રારબ્ધગત) પ્રાપ્તિમાં |
| **आत्मनि** | = મનમાં (હર્ષ-શોક જેવા) |
| **अविकारित्वम्** | = વિકારો ન થાય (પરંતુ) |
| **समदर्शितया उभयत्र** | = તેવા બન્નેમાં સમત્વદૃષ્ટિ હોવી |
| **जीवन्मुक्तस्य लक्षणम्** | = તે જીવન્મુક્તનું લક્ષણ છે. |

ઇષ્ટ કે અનિષ્ટ, સારા કે નરસા ગમે તેવા પદાર્થો કે પરિસ્થિતિ પ્રારબ્ધગત પ્રાપ્ત થાય, છતાં મનમાં હર્ષ કે શોક જેવા વિકારો તો ન થાય, પરંતુ ઇષ્ટ-અનિષ્ટ જેવું જે કંઈ પ્રાપ્ત થાય તેમાં સમત્વ દૃષ્ટિ રાખવી અર્થાત્ ઇષ્ટની પ્રાપ્તિમાં ન તો હર્ષ અનુભવવો કે અનિષ્ટની પ્રાપ્તિમાં ન દુઃખી થવું તથા બંને વિપરીત પરિસ્થિતિઓમાં મનનું સમતુલન જાળવી રાખવું કે માનસિક પ્રતિક્રિયાથી અસંગ રહેવું એ જીવન્મુક્તનું લક્ષણ છે.

મનુષ્ય મોટાભાગે પ્રતિક્રિયામાં જીવન જીવતો હોય છે. માટે જ સંજોગો ઉપર વિજય મળવાથી કે લાભ થવાથી તેનું મન હર્ષોન્માદમાં નાચે છે અગર પરાજયમાં કે નુકશાન થાય ત્યારે દુઃખના દરિયામાં ડૂબી જાય છે અને તે જ મન પોતાની સ્તુતિ, વખાણ કે પ્રશંસાના સમયે સ્વયં જાતે જ વિજયમાળા પહેરી ગદ્‌ગદિત થાય છે. જ્યારે નિંદા કે અપમાનના સમયે હીનતા કે તિરસ્કારનો ભાવ અનુભવી હતાશા, નિરાશા કે ભગ્નાશામાં ડૂબે છે. જ્યારે જીવન્મુક્ત પુરુષ આવા વિપરીત પ્રસંગોમાં પણ પોતાની નિજાનંદી મસ્તીમાંથી લેશમાત્ર પણ ચલિત થતો નથી અને પોતાની સમત્વ દૃષ્ટિ અને જીવન્મુક્ત દશાને નિર્વિકાર રાખી નિર્દ્વંદ્વ થઈ ઇષ્ટ-અનિષ્ટ જેવા દ્વંદ્વને પરાજિત કરે છે. તે જ જીવન્મુક્તનું દિવ્ય લક્ષણ છે.

(છંદ-અનુષ્ટુપ)

**ब्रह्मानन्दरसास्वादासक्तचित्ततया यतेः ।**
**अन्तर्बहिरविज्ञानं जीवन्मुक्तस्य लक्षणम् ॥४३६॥**

**ब्रह्मानन्दरसास्वाद–आसक्त–चित्ततया** = બ્રહ્માનંદરસના આસ્વાદનમાં લીન થયેલા ચિત્તથી
**अन्तः–बहिः–अविज्ञानम्** = અંદર અને બહારના પદાર્થોનું જ્ઞાન ન થવું તે
**जीवन्मुक्तस्य यतेः लक्षणम्** = જીવન્મુક્ત સંન્યાસીનું લક્ષણ છે.

બ્રહ્માનંદનો આસ્વાદ લેવામાં આસક્ત થયેલા યતિના ચિત્તને અંદર કે બહારની કોઈ પણ વસ્તુનું જ્ઞાન ન થવું તે જીવન્મુક્તનું લક્ષણ છે. જીવન્મુક્ત પુરુષને અભેદદૃષ્ટિ પ્રાપ્ત હોવાથી અંદર અને બહાર જેવું અથવા સૂક્ષ્મ અને સ્થૂળ જેવું સાપેક્ષતત્વ જણાતું નથી. તે તો પોતાના અખંડ નિરપેક્ષ આત્મતત્ત્વમાં નિમગ્ન છે અને ભેદદર્શી ચિત્તનો તેણે આત્મામાં આત્યંતિક લય કર્યો છે. તેથી અંદર-બહાર, આગળ-પાછળ, ઉપર-નીચે કે આજુ-બાજુ પોતાનાથી અન્ય કંઈ છે તેવી ભ્રાંતિથી મુક્ત હોવાને કારણે જ તેને જીવન્મુક્ત કહેવાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**देहेन्द्रियादौ कर्तव्ये ममाहंकारवर्जितः ।**
**औदासीन्येन यस्तिष्ठेत् स जीवन्मुक्त इष्यते ॥४३७॥**

**देहेन्द्रियादौ** = દેહ-ઇન્દ્રિયો વગેરેમાં
**कर्तव्ये** = કર્તવ્યમાં
**ममाहंकार वर्जितः** = મમતા અને અહંકાર વિનાનો થઈને
**औदासीन्येन यः तिष्ठेत्** = ઉદાસીનભાવે જે રહે છે.
**सः जीवन्मुक्तः इष्यते** = તે જીવન્મુક્ત કહેવાય છે.

દેહ, ઇન્દ્રિયો અને કર્તવ્યકર્મમાં મમભાવ અને અહંકારથી મુક્ત થવું અને અહંકાર તથા મમત્વ પ્રત્યે ઉદાસીનભાવે રહેવું એ જીવન્મુક્તનું લક્ષણ છે. દેહ, ઇન્દ્રિય, કર્મ અને તેના ફળમાં તથા શરીર પ્રત્યેની પોતાની ફરજમાં તાદાત્મ્ય ન કરવું અને દેહાદિ દ્વારા થતાં કર્મમાં, તે દ્વારા ઉત્પન્ન થયેલાં ફળમાં પણ મમત્વનો ત્યાગ કરવો તથા અંતે 'હું મમત્વનો ત્યાગી છું', તેવા અહંકારને પણ ત્યજવો તે જ જીવન્મુક્તનું સૌ કોઈને આકર્ષે તેવું લક્ષણ છે.

(છંદ-અનુષ્ટુપ્)

**विज्ञात आत्मनो यस्य ब्रह्मभावः श्रुतेर्बलात् ।**
**भवबन्धविनिर्मुक्तः स जीवन्मुक्तलक्षणः ॥४३८॥**

| | |
|---|---|
| **यस्य** | = જેને |
| **श्रुतेः बलात्** | = શ્રુતિજન્ય જ્ઞાનના બળે |
| **आत्मनः** | = સ્વયંનો |
| **ब्रह्मभावः विज्ञातः** | = બ્રહ્મભાવ જણાયો છે |
| **भवबन्धविनिर्मुक्तः** | = (અને) જે સંસારરૂપ બંધનમાંથી છૂટી ગયો છે. |
| **सः जीवन्मुक्तलक्षणः** | = તે (વાસ્તવમાં) જીવન્મુક્તના લક્ષણવાળો છે. |

જેને શ્રુતિજન્ય જ્ઞાનના બળે સ્વયંનો બ્રહ્મભાવ જણાયો છે અને જે સંસારબંધનથી છૂટી ગયો છે, તે જ વાસ્તવમાં જીવન્મુક્તના લક્ષણવાળો છે.

પોતાને બ્રહ્મસ્વરૂપે જાણી જે સ્વયં બ્રહ્મીભૂત થઈ ચૂક્યો છે, તેને પોતાની બ્રાહ્મી દૃષ્ટિમાં કેવો સંસાર અને કેવું બંધન? જેને પોતાના બ્રહ્મભાવમાં દ્વંદ્વ દૃશ્ય નથી, તેને કોણ બદ્ધ કે કોણ મુક્ત? પોતાની બ્રાહ્મીસ્થિતિમાં દેશ-કાળ અને વસ્તુનો પરિચ્છેદ, મર્યાદા કે સીમા નથી તો કેવું બંધન દેશ, કાળ કે વસ્તુગત ભેદનું? આમ, સર્વે પ્રકારના બંધનોથી જીવતાં જ છૂટેલો હોવાને લીધે તેવો પુરુષ જીવન્મુક્ત કહેવાય છે.

(છંદ–અનુષ્ટુપ)

**देहेन्द्रियेष्वहंभाव इदंभावस्तदन्यके ।**
**यस्य नो भवतः क्वापि स जीवन्मुक्त इष्यते ॥४३६॥**

**यस्य देह–इन्द्रियेषु** = જેને દેહ તથા ઇન્દ્રિયો ઉપર
**अहंभावः** = 'હું'પણું
**तदन्यके** = (અને) તેથી અન્ય કોઈ પણ વસ્તુમાં
**क्व अपि** = ક્યારેય પણ
**इदंभावः नो भवतः** = 'આ'પણું હોતું નથી
**सः जीवन्मुक्तः इष्यते** = તે જીવન્મુક્ત કહેવાય છે.

જેને દેહ તથા ઇન્દ્રિયો ઉપર અહંભાવ હોતો નથી અને દેહાદિથી અતિરિક્ત અન્ય કોઈ પણ વસ્તુમાં ક્યારેય **'इदं'**ભાવ અર્થાત્ 'આ'પણું હોતું નથી, તે જીવન્મુક્ત કહેવાય છે.

જગતના પદાર્થોમાં **'इदं'**ભાવ ન હોવો, તેવું જીવન્મુક્તનું લક્ષણ સૂચવે છે કે જીવન્મુક્તને કંઈ પણ નાશવાન જણાતું નથી. જગતના તમામ નાશવાન, જડ, જન્મેલા, ક્ષેત્રવર્ગના, જ્ઞેયવર્ગના કે દૃશ્યવર્ગના પદાર્થો માટે સંસ્કૃતમાં **'इदं'** જેવું સર્વનામ વપરાય છે, જ્યારે ગુજરાતીમાં 'આ' હિન્દીમાં **'यह'** તથા અંગ્રેજીમાં 'THIS' એવો શબ્દ પ્રયોગ જોવા મળે છે. જ્યારે શાસ્ત્રગત શિક્ષણપ્રણાલિકામાં આત્મા માટે **'अहं'** એવું સર્વનામ વપરાય છે. અત્રે સૂચવેલું છે કે જીવન્મુક્તને **'इदं'**ભાવ હોતો નથી, તેનો તત્ત્વાર્થ એવો છે કે તેને કંઈ જ દૃશ્યસ્વરૂપે નાશવાન દેખાતું નથી. જે જે દૃશ્ય છે તે નાશ પામવાના સ્વભાવવાળું છે, **'दृष्टः नष्टः स्वभावः'** જીવન્મુક્તને તો સર્વાત્મદૃષ્ટિ પ્રાપ્ત હોવાને લીધે સર્વમાં બ્રહ્મદર્શન જ થયા કરે છે. બ્રહ્મદર્શન જ તેનું મુખ્ય લક્ષણ છે તેથી તે બ્રહ્મથી ભિન્ન કંઈ જ જોતો નથી. તેથી જીવન્મુક્તમાં **'इदं'** દૃષ્ટિનો કે 'આ, આ' એવી વૃત્તિનો સંભવ હોતો નથી. **'इदं'**વૃત્તિ કે દૃષ્ટિમાં જ અનેકતા, ભેદ, વિકારો અને નાશ જણાય છે. જ્ઞાની તો ભેદદૃષ્ટિથી કે **इदं**વૃત્તિથી અસંગ હોવાને લીધે, તેનામાં **इदं**વૃત્તિ કે 'આ'પણું હોતું નથી, તે ઈષ્ટ જ છે અને

જીવન્મુક્ત સંદર્ભે તેવું શિષ્ટ જ આલેખાવું જોઈએ. માટે જ જીવન્મુક્તની સ્તુતિ અર્થે જણાવાયું છે કે જીવન્મુક્ત પુરુષ **'इदं'** જેવી જડવૃત્તિઓનો દૃષ્ટા નથી, પરંતુ સમગ્ર જડ જગતને ચૈતન્યમય જાણી ચૈતન્યરૂપે જ તેનું દર્શન કરે છે.

**"जडं पश्यति नो यस्तु जगत्पश्यति चिन्मयम् ।"**

(છંદ–અનુષ્ટુપ)

**न प्रत्यग्ब्रह्मणोर्भेदं कदापि ब्रह्मसर्गयोः ।**
**प्रज्ञया यो विजानाति स जीवन्मुक्त इष्यते ॥४४०॥**

**यः प्रत्यक्–ब्रह्मणोः** = જે પોતાના આત્મામાં અને બ્રહ્મમાં
**ब्रह्मसर्गयोः** = (તેમજ) બ્રહ્મમાં અને સંસારમાં
**प्रज्ञया** = વિવેકી બુદ્ધિથી
**कदा अपि** = ક્યારેય પણ
**न विजानाति भेदम्** = ભેદ સમજતો નથી.
**सः जीवन्मुक्तः इष्यते** = તે જીવન્મુક્ત કહેવાય છે.

જે પોતાના જીવાત્મા અને બ્રહ્મમાં તથા બ્રહ્મ અને સંસારમાં વિવેકબુદ્ધિ દ્વારા કોઈ પણ જાતનો ભેદ જોતો કે જાણતો નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. જીવન્મુક્તિને જીવ, જગત અને બ્રહ્મ જેવા ભેદ જણાતા નથી કારણ કે તે ઉપાધિને દૂર કરી સર્વમાં નિરુપાધિક બ્રહ્મરૂપી અધિષ્ઠાનનું જ દર્શન કરે છે. માટે ઉપાધિભેદને સત્ય જાણતો નથી અને તેવા કાલ્પનિક ભેદમાં પોતે આસક્ત પણ થતો નથી. માત્ર અજ્ઞાની જ ભેદનું દર્શન કરી જાતે જ મૃત્યુના મુખમાં પ્રવેશે છે. પરંતુ જીવન્મુક્ત ઉપાધિ અને તાદાત્મ્યબંધનથી છૂટેલો હોવાને કારણે જ જીવન્મુક્ત કહેવાય છે.

(છંદ–અનુષ્ટુપ)

**साधुभिः पूज्यमानेऽस्मिन्पीड्यमानेऽपि दुर्जनैः ।**
**समभावो भवेद्यस्य स जीवन्मुक्त उच्यते ॥४४१॥**

| | |
|---|---|
| **साधुभिः पूज्यमाने** | = સજ્જનો વડે પૂજાવાથી (અને) |
| **दुर्जनैः पीड्यमाने अपि** | = દુર્જનો વડે પીડાવાથી પણ |
| **यस्य अस्मिन्** | = જેનો આમાં (આવી પરિસ્થિતિમાં) |
| **समभावः भवेत्** | = સમભાવ (ટકી) રહે |
| **सः जीवन्मुक्तः उच्यते** | = તે જીવન્મુક્ત કહેવાય છે. |

સાધુસજ્જનો વડે પૂજાવાથી કે દુર્જનો વડે પીડાવાથી પણ સ્તુતિ અને નિંદા જેવી પરિસ્થિતિમાં જેનો સમભાવ ટકી રહે છે તેવો પુરુષ જીવન્મુક્ત કહેવાય છે.

પ્રતિકૂળ સંજોગોમાં જે દુઃખી ન થાય અને અનુકૂળ સંજોગોમાં જે હર્ષ ન અનુભવે પરંતુ બન્ને વિપરીત સંજોગોમાં જેના આત્મભાવમાં કોઈ ફરક ન પડે અર્થાત્ જે પોતાની બ્રાહ્મીસ્થિતિથી ચ્યૂત ન થાય અને અવિચળરૂપે પોતાની સ્થિતિમાં ટકી રહે, તે સ્થિતપ્રજ્ઞાવાળો સર્વસ્થળે સર્વલોકમાં સન્માનને પાત્ર હોય છે. માટે જ તેવા માનનીય જીવન્મુક્તની મુક્ત કંઠે સ્તુતિ કરતા ભગવાન શ્રીકૃષ્ણને પણ કહેવું પડ્યું કે "જે અનુકૂળ, શુભ કે સન્માન જેવા પ્રસંગોની પ્રાપ્તિમાં હર્ષ અનુભવતો નથી અને તેવા સંજોગોની અપેક્ષા પણ રાખતો નથી તથા અશુભ પ્રસંગો, અનિષ્ટ, પ્રતિકૂળ સંજોગો અગર નિંદા કે પીડા જેવી પરિસ્થિતિનો દ્વેષ પણ કરતો નથી અને તેવી સૌ પરિસ્થિતિમાં શોક પણ અનુભવતો નથી, તેવો શુભ કે અશુભનો, ઈષ્ટ કે અનિષ્ટનો ત્યાગ કરનારો ભક્ત મને પ્રિય છે, મારો વહાલો છે."

**"यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।**
**शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥"** [ભ.ગીતા-૧૨/૧૭]

**"तुल्यनिंदास्तुतिर्मौनी . . . .भक्तिमान्मे प्रियो नरः॥"**

"નિંદા અને સ્તુતિને સમભાવે જોનારો મનનશીલ ભક્તપુરુષ મને પ્રિય છે." આમ, જે ભક્ત પ્રભુને પ્યારો છે, સમત્વદૃષ્ટિમાં સૌથી ન્યારો છે, તેવો જ્ઞાનીભક્ત જીવન્મુક્તોમાં સૌથી સવાયો કહેવાયો છે.

જીવન્મુક્તને દુર્જનો દંડે કે સજ્જનો પૂજે, તેને માટે પુષ્પનો

હાર કે જૂતાનો માર, સ્તુતિના સોહામણા શબ્દો કે ગાળોનો વરસાદ, અત્તરગુલાલનો અભિષેક કે કાદવ-કીચડનો લેપ, સત્કાર કે તિરસ્કાર, સર્વ કંઈ સમાન છે. તેના સંતૃપ્ત હૃદયસાગરમાં રંગ, રાગ કે ભોગની સરિતાઓ ઘોડાપૂર સાથે આવે છતાં સાગરની જેમ ન તો તેના આનંદમાં ભરતી આવે છે કે ઉમંગની છોળો ઉછાળા મારે છે કે ન તો તેના નિર્જન એકાન્તવાસમાં રંગ-રાગ, ભોગ કે સ્તુતિ-નિંદાનો અભાવ જણાતા તેની નિજાનંદી મસ્તીમાં ઓટ આવે છે. તે તો હર હાલમાં સાગરની જેમ પોતાની પરિપૂર્ણતા સમત્વરૂપે સુરક્ષિત રાખે છે અને વિપરીત સંજોગોમાં પણ પોતાના સમત્વ સ્વભાવનું ન તો ઉલ્લંઘન કરે છે કે ન તો મર્યાદા ઓળંગી પોતાના તટસ્થ સ્વભાવથી ચ્યૂત થઈ વૃદ્ધિ કે ક્ષયને પામે છે. જીવન્મુક્તના ચૈતન્યાકાશમાં નથી અમાસનું અંધારું, નથી પૂર્ણિમાનું અમરત વરસાવતું ઝળહળતું અજવાળું, નથી સુખનો શુક્લપક્ષ કે નથી દુઃખનો કૃષ્ણપક્ષ, નથી પક્ષાપક્ષોની વાડાબંધી કે મતમતાંતરોનો કોલાહલ, નથી દ્વંદ્વના યુગ્મ કે સાપેક્ષતાની સરહદો. માટે જ તેવો અનુપમેય જીવન્મુક્ત કહેવાય છે.

(છંદ-ઉપજાતિ)

**यत्र प्रविष्टा विषयाः परेरिताः**
**नदीप्रवाहा इव वारिराशौ ।**
**लिनन्ति सन्मात्रतया न विक्रिया-**
**मुत्पादयन्त्येष यतिर्विमुक्तः ॥४४२॥**

**वारिराशौ प्रविष्टाः** = સમુદ્રમાં પ્રવેશેલા
**नदीप्रवाहाः इव** = નદીના પ્રવાહોની જેમ
**यत्र** = જેમાં (જે જ્ઞાનીમાં)
**परेरिताः विषयाः** = બીજા દ્વારા પ્રેરાયેલા કે અપાયેલા વિષયો (ભોગો)
**विक्रियां न उत्पादयन्ति** = વિકારને ઉત્પન્ન કરતાં નથી. (પણ)
**सन्मात्रतया लिनन्ति** = સતરૂપે જ, (બ્રહ્મરૂપે) જ લય પામે છે.
**एषः यतिः** = આ (આવો) સંયમી પુરુષ

**विमुक्तः** = વિશેષ પ્રકારે મુક્ત છે અર્થાત્ જીવન્મુક્ત છે.

જેવી રીતે સમુદ્રમાં પ્રવેશેલા નદીના પ્રવાહો તેમાં ભળીને તદ્રૂપ જ થઈ જાય છે અને સમુદ્ર પોતાનું સમત્વ જાળવી રાખે છે, તે કંઈ મર્યાદા મૂકી ચોમાસાની નદીઓના ભારે પૂરથી નથી તો ઊભરાઈ જઈ, મર્યાદા ઓળંગી જમીન કે કિનારાને પોતામાં સમાવી લેતો કે ન તો દુષ્કાળ સમયે નદીના પ્રવાહો જયારે ન આવે ત્યારે કિનારાથી હજારો માઈલ દૂર જઈ પોતાનું સ્થાન બદલતો. તાત્પર્યમાં ચોમાસામાં કે દુકાળ સમયે નદીઓના પાણીમાં વધઘટ થવાથી સમુદ્ર નથી તો માઝા મૂકતો કે ન તો પોતાની અખંડ મર્યાદાને સુરક્ષિત સાચવી રાખતો જોવામાં આવે છે. તેવી જ રીતે જે પુરુષના ચૈતન્યરૂપી આત્મસમુંદરમાં અન્ય દ્વારા અપાયેલા ભોગવિષયોની સરિતાઓ દોડતી આવે છતાં તેવી સરિતાઓ તેના સત્સ્વરૂપમાં, સત્રૂપે જ કે બ્રહ્મરૂપે જ લય પામી બ્રહ્મરૂપ બને છે. અર્થાત્ વિષયસરિતાઓ પણ તેના સત્સ્વરૂપમાં પ્રવેશી તદ્રૂપ બને છે અને માટે જ કોઈ પણ પ્રકારના હર્ષ કે શોક જેવા વિકારો પેદા થતાં નથી. એવા સંયમી સમત્વભાવવાળા યતિને વિશેષ પ્રકારે વિમુક્ત કહેવાયો છે. આવો વિમુક્ત પુરુષ જે વિષયભોગની ધસમસતી સરિતાઓને પોતાનામાં સમાવી લેવા છતાં છલકાતો નથી અને ભોગની સરિતાના અભાવમાં સૂકાતો કે કરમાતો નથી. કામનાની ભરતીથી તેના અતીન્દ્રિય સુખસાગરમાં નથી તો વૃદ્ધિ થતી કે કામના, વાસના કે વિષયોના ઝરણાં સૂકાતાં, ન તો તેના અક્ષય સુખમાં ઓટ આવે છે. તે જ કારણે તેનું સુખ, તેનો વૈભવ, તેનો મહિમા અવિકારી છે અને તે જ કારણે તેવા સંયમી તથા સમત્વ-ભાવનાવાળા યતિને જીવન્મુક્ત કહેવામાં આવે છે.

(છંદ-અનુષ્ટુપ)

**विज्ञातब्रह्मतत्त्वस्य यथापूर्वं न संसृतिः ।**
**अस्ति चेन्न स विज्ञातब्रह्मभावो बहिर्मुखः ॥४४३॥**

**विज्ञातब्रह्मतत्त्वस्य** = જેણે બ્રહ્મતત્ત્વને યથાર્થ જાણ્યું છે, (તેને)
**यथापूर्वं न संसृतिः** = પહેલાની જેમ સંસારીપણું રહેતું નથી.

**चेत् अस्ति** = જો રહે તો
**सः बहिर्मुखः** = તે બહિર્મુખ છે
**विज्ञातब्रह्मभावः न** = (તેણે) બ્રહ્મતત્ત્વ જાણ્યું નથી.

જેણે બ્રહ્મતત્ત્વને યથાર્થ રીતે જાણ્યું છે અર્થાત્ અભેદબ્રહ્મની અપરોક્ષાનુભૂતિ કરી છે અને દ્વૈતપ્રપંચનો, અધિષ્ઠાન બ્રહ્મના જ્ઞાનમાં આરોપરૂપે બાધ કર્યો છે, તેને અજ્ઞાનીના જેવું પૂર્વવત સંસારીપણું કદી રહેતું નથી. છતાં જો તેને પૂર્વવત સંસારદર્શન થાય છે તો સ્પષ્ટ સમજવું કે તે બહિર્મુખી પૂર્વવત સંસારી જ છે અને તેવા પુરુષે યથાર્થ રીતે પરબ્રહ્મની અભેદાનુભૂતિ કે અદ્વૈતાનુભૂતિ કરી જ નથી.

જેને બ્રહ્મતત્ત્વનું યથાર્થ જ્ઞાન થયું છે, તે બ્રહ્મથી જુદો કે વિલક્ષણ રહેતો નથી, પરંતુ સ્વયં બ્રહ્મ જ થઈ જાય છે અને તેથી તેની બ્રાહ્મીદૃષ્ટિમાં બ્રહ્મથી ભિન્ન નથી તેને દૃશ્ય જીવ, જગત કે ઈશ્વર, પરંતુ સર્વ કાંઈ બ્રહ્મમય જ દેખાય છે. આમ વિચારતાં જેને જ્ઞાનમય દૃષ્ટિ ઉપલબ્ધ હોય તેને સંસાર ન દેખાય તેવું નથી પરંતુ સંસાર બ્રહ્મમય દેખાય છે. માટે જ અન્યત્ર આચાર્યશ્રીએ ઉપદેશ્યું છે કે

**"दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येत् ब्रह्ममयं जगत् ।"** [અપરોક્ષાનુભૂતિ]

"જ્ઞાનમય દૃષ્ટિ કરી જગતને બ્રહ્મસ્વરૂપે જ જોવું કે જાણવું." આમ, બ્રહ્મતત્ત્વનો જ્ઞાતા જો જ્ઞાનમય દૃષ્ટિ કરશે તો તેને સર્વ કાંઈ બ્રહ્મસ્વરૂપે જ જણાશે. કારણ કે બ્રહ્મ **'सत्यं ज्ञानमनंतम्'** કહેવાયું છે. આમ જ્ઞાનીની જ્ઞાનમય દૃષ્ટિમાં કે બ્રહ્મીભૂતની બ્રાહ્મીદૃષ્ટિમાં સર્વ કંઈ બ્રહ્મમય છે. જેણે સર્વાત્મદૃષ્ટિ કેળવી છે, તેને સર્વ કાંઈ આત્મમય દેખાય છે. જેની પાસે કારણદૃષ્ટિ કે ઈશ્વરદૃષ્ટિ છે, તેને સર્વ કાંઈ ઈશ્વરમય દેખાય છે, માયામય દૃષ્ટિવાળો સર્વ કાંઈ માયામય જુએ છે અને મિથ્યાના દૃષ્ટિકોણથી જોનારો સર્વ કાંઈ મિથ્યા જ જુએ છે. માત્ર વિષયોમાં આસક્ત ભેદદૃષ્ટિવાળો, અધ્યાસને વરેલો અજ્ઞાની જ પોતાની દ્વૈતદૃષ્ટિ દ્વારા સંસારના એક, અખંડ અધિષ્ઠાનને ન જાણતા સંસારનું જ દર્શન કર્યા કરે છે અને તેની સંસારીદૃષ્ટિ દ્વારા વારંવાર જન્મમૃત્યુના સંસારને જ

પામે છે. તેથી સ્પષ્ટ છે કે સંસારીદૃષ્ટિવાળાને સંસારથી અન્ય કાંઈ દૃશ્ય નથી અને જ્ઞાનમય બ્રાહ્મીદૃષ્ટિવાળાને સંસાર તો કોઈ પણ કાળે દૃશ્ય થતો નથી પરંતુ નિરંતર બ્રહ્મદર્શન જ થયા કરે છે.

(છંદ-અનુષ્ટુપ)

**प्राचीनवासनावेगादसौ संसरतीति चेत् ।**
**न सदेकत्वविज्ञानान्मन्दीभवति वासना ॥४४४॥**

| | |
|---|---|
| **प्राचीनवासनावेगात्** | = પૂર્વ (જન્મની) વાસનાના વેગથી |
| **असौ** | = આ (જ્ઞાની પુરુષ) |
| **संसरति** | = સંસારમાં પ્રવૃત્ત થાય છે. |
| **इति चेत् न** | = જો એમ કહેતા હો તો તે યોગ્ય નથી. (કારણ કે) |
| **सत् एकत्व विज्ञानात्** | = જીવ-બ્રહ્મનું ઐક્યજ્ઞાન જ સત્‌રૂપે જણાય છે. |
| **वासना** | = (તેની) વાસના (બાધિત થવાથી) |
| **मन्दी भवति** | = મન્દ (નિષ્ક્રિય) થઈ જાય છે. |

આત્મજ્ઞાની પુરુષ પૂર્વજન્મની વાસનાના વેગથી સંસારના કર્મોમાં પ્રવૃત્ત થાય છે, એમ જો કોઈ કહે તો તે સત્ય નથી કારણ કે જીવ અને બ્રહ્મના ઐક્યજ્ઞાનથી તેને સત્‌બ્રહ્મતત્ત્વ સિવાય અન્ય કંઈ જ જણાતું નથી અને તેવા જ્ઞાનાગ્નિમાં વાસનાનો બાધ થાય છે તેથી વાસના મંદ કે નિષ્ક્રિય થઈ જાય છે. અર્થાત્ જ્ઞાનકાળે વાસનાની સ્થિતિ શેકેલા બીજ જેવી થઈ જાય છે. કારણ કે જેમ શેકેલા બીજમાં પ્રજનનશક્તિ હોતી નથી અને તેથી તેવા બીજને અંકુર ફૂટતા નથી તેમ આત્મજ્ઞાનમાં બળેલી વાસનાને જ અત્રે મંદ વાસના કહી છે. અર્થાત્ તેવી વાસનામાં કર્મની પ્રસૂતિ કરાવવાની ન તો તાકાત હોય છે કે ન તેવા વાસનાબીજમાંથી કર્મના અંકુર ફૂટી શકે છે. તેથી જ્ઞાની પૂર્વજન્મની વાસનાથી કર્મ કરે છે, તેવું કહેવું સત્યથી વેગળું અને વાહિયાત છે. જેવી રીતે અગ્નિમાં બળેલી કાથીની દોરી રખ્યા થયેલી હોય છતાં તે વળ નથી મૂકતી અને દેખાવે તો દોરી જેવી જ હોય છે, છતાં બળેલી દોરીમાં

કોઈને બાંધવાનું કે બંધનમાં નાંખવાનું સામર્થ્ય નથી. તેવી જ રીતે જ્ઞાનીએ વાસનાને આત્મજ્ઞાનમાં બાળી મૂકેલી હોવાથી તેવી વાસનાને બાધિત વાસના કહેવાય છે, જે રૂપરંગે તો વાસના જ લાગે પરંતુ જ્ઞાનીને બંધનમાં નાંખવાનું ન તેની પાસે સામર્થ્ય છે કે ન તો જ્ઞાનીને તે કર્મના મહાસાગરમાં ડુબાડી શકે તેમ છે.

(છંદ–અનુષ્ટુપ)

**अत्यन्तकामुकस्यापि वृत्तिः कुण्ठति मातरि ।**
**तथैव ब्रह्मणि ज्ञाते पूर्णानन्दे मनीषिणः ॥४४५॥**

**अत्यन्तकामुकस्य अपि** = અત્યંત કામાસક્ત પુરુષની
**वृत्तिः मातरि** = કામવૃત્તિ (પોતાની) માતામાં
**कुण्ठति** = (વિષયભોગ માટેની ભોગેચ્છા) કુંઠિત થઈ જાય છે.
**तथा एव पूर्णानन्दे** = તેવી રીતે પૂર્ણ આનંદસ્વરૂપ
**ब्रह्मणि ज्ञाते** = બ્રહ્મનું જ્ઞાન થતાં
**मनीषिणः** = જ્ઞાનીની (વૃત્તિ સંસારથી અટકે છે.)

અત્યંત કામાસક્ત પુરુષની કામવૃત્તિ પણ પોતાની માતાના સંદર્ભમાં નિરુદ્ધ થાય છે અગર નિષ્ક્રિય કે કુંઠિત થાય છે. તેવી જ રીતે પૂર્ણ આનંદસ્વરૂપ બ્રહ્મનું જ્ઞાન થતાં બુદ્ધિમાન જ્ઞાનીની વૃત્તિ પણ સંસારભોગથી નિરુદ્ધ થઈ, નિષ્ક્રિય બની કુંઠિત થઈ જાય છે.

બ્રહ્માનંદમાં નિમગ્ન જ્ઞાનીની સંસારના ક્ષણભંગુર સુખમાં પ્રવૃત્તિ થઈ શકે નહીં કારણ કે જેણે સુખના સાગરનું પૂર્ણતઃ પાન કર્યું હોય તે મૃગજળવત મિથ્યા સુખની પ્રાપ્તિ માટે શા માટે વલખાં મારે? જે પોતે પોતા દ્વારા પોતાનામાં જ વાસના ત્યાગીને સંતુષ્ટ થયો હોય તે કયા હેતુથી સાંસારિક ભોગ માટે ભટકે કે વિષયકામ માટે વણથંભી દોટમાં પ્રવેશ કરે? જ્ઞાનીને પૂર્ણાનંદનો અનુભવ થયો હોવાથી નથી તેનામાં ઊણપ કે અપૂર્ણતાનો

ભાવ તો કઈ અને કેવી તૃપ્તિ માટે તે વિષયભોગની કામના પાછળ સંતપ્ત થાય?

(છંદ–અનુષ્ટુપ)

**निदिध्यासनशीलस्य बाह्यप्रत्यय ईक्ष्यते ।**
**ब्रवीति श्रुतिरेतस्य प्रारब्धं फलदर्शनात् ॥४४६॥**

**निदिध्यासनशीलस्य** = નિદિધ્યાસનમાં નિમગ્ન (પુરુષ)
**बाह्यप्रत्ययः** = બહારના વિષયોમાં (પ્રવૃત્ત થતો)
**ईक्ष्यते** = જોવામાં આવે છે. (તે)
**एतस्य** = તેનું (બ્રહ્મનિષ્ઠનું)
**प्रारब्धम्** = પ્રારબ્ધ છે એમ
**फलदर्शनात्** = કર્મફળને જોતાં
**श्रुतिः ब्रवीति** = શ્રુતિ કહે છે.

## પ્રારબ્ધકર્મ વિવેચન

આદિ શંકરાચાર્યજી, જીવન્મુક્તના વિશદ લક્ષણોની ચર્ચા કર્યા બાદ, હવે કર્મની ગહન ગતિનો ઉકેલ સમજાવવા માટે પ્રારબ્ધકર્મની સૂક્ષ્મ વિચારણા ઓગણીસ શ્લોક દ્વારા આરંભે છે.

શ્રીકૃષ્ણ પરમાત્માએ ભગવદ્ ગીતા દ્વારા મનુષ્ય માત્રના વણઉકલ્યા કોયડાનો ઉકેલ સમજાવવા તથા અનાદિકાળથી ચાલી આવતી માનવીની મૂંઝવણોનું કે શંકાઓનું સમાધાન આપવા અધ્યાય એક થી છ દ્વારા કર્મયોગના અનુસંધાનમાં વિચારણા કરી છે અને તેમાં કર્મસંદર્ભે ઉલ્લેખ કર્યો છે કે **"गहना कर्मणो गतिः"** [ભ.ગીતા.અ–૪/૧૭] ''કર્મની ગતિ=જ્ઞાન અતિગહન છે'' માટે પ્રત્યેક મુમુક્ષુએ **"कर्मणो ह्यपि बोद्धव्यम्"** [ભ.ગીતા.અ–૪/૧૭] ''કર્મનું તત્ત્વ પણ જાણવું જોઈએ.'' આવા કર્મના તત્ત્વને જાણવા માટે સ્વયં ભગવાને જો ઉપદેશ આપ્યો હોય તો આપણે પણ કર્મની તાત્ત્વિક વિચારણા કરવામાં શ્રદ્ધા અને નિષ્ઠાથી બળબુદ્ધિપૂર્વક પ્રયત્ન

કરવામાં પાછા નહીં પડીએ. કર્મનું તત્ત્વ યથાર્થ રીતે નિઃસંદેહ સમજવા માટે આપણે અવશ્ય પુરુષાર્થ કે કર્મ તો કરીશું જ, પછી સમજણરૂપી ફળ મળે કે ન મળે અગર સમજણ સ્પષ્ટ હોય તો ઈષ્ટ ફળ મળ્યું કહેવાય અને અસ્પષ્ટ હોય તો અનિષ્ટ ફળ મળ્યું કહેવાય. છતાં આપણે તો ઈષ્ટાનિષ્ટની અપેક્ષાનો ત્યાગ કરી, કર્મની ગહન ગતિનું રહસ્ય પામવાનો શુભારંભ કરીએ છીએ.

જગતનિયંતાની અલૌકિક સૃષ્ટિરચનામાં વિવિધ પ્રકારના નિયમોનું તેણે સર્જન કરેલું છે. તેમાંના મોટા ભાગના નિયમો દ્વારા આપણું જીવન નિયંત્રિત થયેલું છે. પછી ભલે તેવા નિયમોની આપણને સાચી સમજ હોય કે ન હોય. જેમ કે કુદરતના નિયમોમાં ગુરુત્વાકર્ષણનો નિયમ આપણા જીવનની ઘણી ક્રિયાઓને નિયંત્રિત કરે છે, પછી ભલે આપણે તે નિયમનું જ્ઞાન ધરાવતા હોઈએ કે તેથી અજ્ઞાત હોઈએ. કોઈ તેવા નિયમને જાણતો ન હોય તેથી કંઈ ગુરુત્વાકર્ષણના નિયમની અસરથી બચી શકતો નથી. તે જ પ્રમાણે શૂન્ય તાપમાને પાણી ઘનસ્વરૂપે બરફનું રૂપ ધારણ કરે છે અને સો અંશ સેન્ટિગ્રેડના તાપમાને પાણીનું ઉત્કલનબિંદુ આવી જાય અને પાણી ઉકળવા માંડે, આવા નિયમનું કોઈ અભણ વ્યક્તિને નિર્જન સ્થળે રહેવાથી જ્ઞાન હોય કે ન હોય છતાં તેવો વ્યક્તિ પાણીને અગ્નિ પર મૂકે તો નિશ્ચિત તાપમાને પાણી ન ઉકળે તેવું બને નહીં. આવા કુદરતના અનંત નિયમો, સિદ્ધાંતો કે કાયદાઓ છે અને તે સર્વ નિયમો ઈશ્વરરચિત છે માટે તેમાં કોઈ સ્થળે, કોઈ કાળે, કોઈ માનવી માટે ક્યાંય અપવાદ હોતો નથી. તે જ પ્રમાણે માનવજીવનને નિયંત્રિત કરવા માટે ઈશ્વરે કર્મના કાયદાનું નિર્માણ કર્યું છે અને તે મુજબ જે કોઈ મનુષ્ય જેવું કર્મ કરે છે તે મુજબનું ફળ તેને અવશ્ય મળે છે. આમ, કર્મ અને ફળ, કાર્ય-કારણની અનંત શૃંખલા જેવા અભેદ રીતે એક બીજા સાથે સંકળાયેલા છે. કર્મ થાય તો ફળ નિશ્ચિત ઉત્પન્ન થાય. કોઈ પણ ફળ કે પરિણામ પૂર્વક્રિયા વિના મળતું નથી. [EACH AND EVERY ACTION HAS A REACTION AND THERE CANNOT BE A REACTION WITHOUT AN ACTION.] ક્રિયામાત્ર પરિણામ કે પ્રતિક્રિયા

સાથે સંલગ્ન છે, તેથી જ્યાં જ્યાં ક્રિયા છે ત્યાં ત્યાં પરિણામ, ફળ કે પ્રતિક્રિયા છે. કોઈ પણ પ્રતિક્રિયા પૂર્વ કર્મ વિના સંભવતી નથી. આવો કર્મનો અપવાદ વિનાનો સિદ્ધાંત ઈશ્વરરચિત હોવાથી, ઈશ્વરસર્જિત સૌ કોઈને લાગુ પડે છે. [LAW OF KARMA IS CREATED BY THE CREATOR AND IS THEREFORE APPLICABLE WITHOUT EXCEPTION TO ALL CREATURES CREATED BY HIM.] પછી ભલે કર્મના સિદ્ધાંતનું કોઈને જ્ઞાન હોય કે ન હોય પરંતુ કર્મનો સિદ્ધાંત પ્રત્યેક મનુષ્યના જીવનને નિયંત્રિત કરે છે. માટે જ કાર્ય અને કારણ [CAUSE AND EFFECT] જેવા વિજ્ઞાનના સિદ્ધાંતની જેમ જ કર્મનો નિયમ અવિચળ રીતે અપવાદરહિત થઈ વર્તે છે અને તેનું ઉલ્લંઘન કરવામાં કોઈ જ સમર્થ નથી. ઝેરી સાપ કરડયો છે તો ઝેર તો ચઢશે જ, પછી ભલે સાપ જેને કરડયો છે તે સાપને કે ઝેરને ઓળખતો ન હોય અગર ઝેરી સાપથી અજ્ઞાત હોય તેથી ઝેર ન ચઢે તેવું નથી. તે જ પ્રમાણે જગતના વિવિધ દેશમાં વસતા લોકો ભિન્ન ભિન્ન ફિલસૂફી કે ધર્મવાળા, જુદા જુદા દેશના, જુદી જુદી જાતિના વિલક્ષણ પ્રકૃતિવાળા ભલે હોય તથા કર્મના સિદ્ધાંતને સ્વીકારવાની ઈચ્છાવાળા પણ ન હોય, તે વિષે અજ્ઞાત હોય, તેથી કંઈ કર્મનો નિયમ ગુરુત્વાકર્ષણના બળના નિયમની જેમ તેમને લાગુ ન પડે તેવું હોતું નથી. કર્મનો નિયમ માત્ર વૈદિક સંસ્કૃતિનો સ્વીકાર કરનારા માટે જ નથી. તે તો સૌ કોઈ મનુષ્ય માટે છે. કર્મના નિયમને દેશની, ધર્મની, જાતિની, સંપ્રદાયની કે રાજ્યની સરહદો નડતી નથી.

કર્મની ગહન ગતિનું ઘૂંટાયેલું, છુપાયેલું, આચ્છાદિત થયેલું કે તિરોહિત થયેલું રહસ્ય પામવા આપણે કર્મના મુખ્ય ત્રણ પ્રકારોની વિચારણા અત્રે કરવી આવશ્યક નહીં બલકે અનિવાર્ય છે. તેવી ચર્ચા કર્યા વિના ન તો કર્મની ગહન ગતિના રહસ્યો ખુલ્લા થઈ શકશે કે ન તો પ્રારબ્ધકર્મનો મર્મ સમજી શકાશે. સંચિત કર્મ, આગામી કર્મ અને પ્રારબ્ધ કર્મ એવી કર્મત્રિપુટીમાંથી સૌ પ્રથમ ચર્ચા આપણે સંચિત કર્મની કરીશું જે ચર્ચા અનુક્રમે આગામી અને પ્રારબ્ધ કર્મના રહસ્યોને આપોઆપ ખુલ્લા કરશે.

**સંચિત કર્મ :**

કર્મના નિયમ અનુસાર જે કોઈ કર્મ આપણે કરીએ તેનું ફળ કે પરિણામ અવશ્ય આપણને મળે છે. પરંતુ આપણે કરેલાં કર્મોનું ફળ કેવું આપવું અને ક્યારે આપવું, તેમાં મનુષ્યની સ્વતંત્રતા નથી. પરંતુ કર્મ કરવામાં નિર્વિવાદ રીતે મનુષ્ય સ્વતંત્ર છે. તાત્પર્યમાં કર્મ કરવામાં માનવી સ્વતંત્ર છે. પરંતુ તેનું પરિણામ કે ફળ પ્રાપ્ત કરવામાં તે પરતંત્ર છે. અર્થાત્ કોને, કેવું, ક્યારે, કેટલું ફળ આપવું તે સૌ સૃષ્ટિના કારણ જેવા ઈશ્વર પોતે જ નક્કી કરે છે. અર્થાત્ જગતકર્તા કહો, સૃષ્ટિનિયંતા કહો, વિશ્વનું કારણ કહો, GOD, LORD કે CREATOR, ગમે તે નામે તેને સંબોધો, પરંતુ એક વાત નિશ્ચિત છે કે દરેકના પોતાના કર્મના અનુસંધાનમાં કરેલાં કર્મના પ્રમાણ કે માપ મુજબ જ ફળ મળે છે અને તેવું ફળ આપવાની અબાધિત સત્તા માત્ર ઈશ્વર પાસે જ છે. માટે જ ઉપદેશ અપાયો છે કે

**"कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।"** [ભ.ગીતા.અ-૨/૪૭]

"કર્મ કરવામાં જ તારો સ્વતંત્ર અધિકાર છે પરંતુ કર્મફળની પ્રાપ્તિમાં કદાપિ તું સ્વતંત્ર નથી." અર્થાત્ કર્મફળ પરમાત્માને આધીન છે, તેથી ફળ બાબત તું પરતંત્ર છે. માટે સારા કે નરસા ફળની અપેક્ષા છોડી આપણે સૌએ કર્મમાં જ આપણો અધિકાર સમજી કર્મ કરવું જોઈએ. આ તો થઈ વાત આદર્શ કે સિદ્ધાંતની પરંતુ જ્યારે મનુષ્ય કર્મ કરે છે ત્યારે તે કંઈ કર્મફળની અપેક્ષાનો ત્યાગ કરીને કર્મ કરતો નથી અને કર્મના સિદ્ધાંતને મોટે ભાગે અનુસરતો પણ નથી તથા જાણતો પણ નથી અને છતાં રાત-દિવસ કર્મ તો કર્યા જ કરે છે. આમાંના કેટલાંય કર્મોનું ફળ તેને ટૂંક સમયમાં મળી જાય છે પરંતુ કેટલાક કર્મોનું ફળ લાંબા સમયે અર્થાત્ પંદર કે વીસ વર્ષે પણ મળે છે. જ્યારે કોઈ કોઈ કર્મ એવા હોય છે કે જેનું ફળ મૃત્યુને આધીન થાય છતાં મળતું નથી. તો સ્વાભાવિક શંકા જાગે કે કર્મના અપવાદરહિત નિયમનું થયું છે શું? કારણ કે કર્મનું ફળ તો લાંબે કે ટૂંકે ગાળે અવશ્ય મળવું જ જોઈએ અને કર્મ કરનારું શરીર જો નષ્ટ થાય તો તો કર્મ અને ફળની અતૂટ, અખંડ શૃંખલા તૂટી જાય અને પરિણામ અધુરું રહે તો કર્મના

નિયમમાં ભંગ થવાથી સંસારમાં અવ્યવસ્થા ઊભી થવાનો પ્રસંગ સાંપડે. પરંતુ તેવા પ્રસંગની સંભાવના નથી. કારણ કે જે કર્મોના ફળ કે પરિણામો શરીર જેવા ભાડાના ઘરમાં રહેનારા જીવાત્માને મળ્યા નથી કે તેણે ભોગવ્યા નથી તે ભોગવવા માટે જીવાત્માએ નવું શરીર, નવી યોની ધારણ કરીને કર્મના ફળ તો ભોગવવાં જ પડે છે. પણ જીવાત્માને ક્યારે પુનઃ જન્મ લેવો, કેવો દેહ ધારણ કરવો વગેરે ઈશ્વરરચિત કર્મના કાયદાને જ આધીન હોય છે.આમ વિચારતાં સ્પષ્ટ થાય છે કે જે જે કર્મોના ફળ જીવાત્માએ ભોગવ્યા નથી અર્થાત્ જે જે કર્મોના ફળ પરિપક્વ ન થયા હોવાથી આ જન્મે જો તેને ન મળ્યા હોય તો તેવા નહીં ભોગવેલા તમામ ફળ કે પરિણામ જીવાત્માને નામે જમા રહે છે. આવા જીવાત્માને નામે જે જે કર્મોના ફળ જમા છે કે સંચિત થયેલાં છે, તે કર્મોને જ સંચિત કર્મ કહેવામાં આવે છે. આવો સંચિત કર્મોનો કે જમા થયેલાં, નહીં ભોગવાયેલાં અગર બાકી રહેલાં ફળ કે પરિણામોના સમૂહ, જથ્થા કે રાશિને વાસ્તવમાં તો ભોગ કે ફળરાશિ જ કહેવાય છે. છતાં તે અનેક જન્મોના ભેગા થયેલાં, નહીં ભોગવાયેલાં પરિણામોનો સંચય હોવાથી શાસ્ત્રમાં તેને સંચિત કર્મ, એવું નામ અપાયું છે.

## આગામી કર્મ (ક્રિયમાણ કર્મ) :

જે કર્મો વર્તમાનમાં આપણે કરીએ છીએ અને જેનું ફળ આ જન્મે જ ભવિષ્યમાં આપણને મળવાનું હોય છે અર્થાત્ વર્તમાન કર્મનું ફળ ભવિષ્યમાં આવવાનું હોય તેવા કર્મને આગામી કર્મ કહે છે. કર્તાભાવે થનારાં વર્તમાનના દરેક કર્મો ફળને જન્માવનારાં હોવાથી ફળ નિશ્ચિતરૂપે કર્તાને ભોગવવું પડે છે. તાત્પર્યમાં, વર્તમાન દેહ દ્વારા મૃત્યુ પર્યંત કરવામાં આવતા કર્મોને આગામી કે ક્રિયમાણ કર્મો કહેવામાં આવે છે. આવા કર્મો અજ્ઞાની દ્વારા થતા હોય અગર આત્મસાક્ષાત્કાર થયા પછી અર્થાત્ 'હું અકર્તા, અભોક્તા, કર્મથી અસંગ અને બ્રહ્મસ્વરૂપ છું', એવા નિઃસંદેહ જ્ઞાન બાદ પણ જ્ઞાની દ્વારા શરીર શાંત થતાં સુધી જે કોઈ કર્મો થાય તેને પણ આગામી કે ક્રિયમાણ કર્મ જ કહેવામાં આવે છે. આમ જ્ઞાની કે અજ્ઞાની દ્વારા જ્ઞાન પૂર્વે કે પશ્ચાત્ થતાં કર્મ આગામી કર્મ કહેવાય છે.

**પ્રારબ્ધ કર્મ :**

કેળાંની વાડીમાંથી તોડીને રોજ રોજ એકઠાં કરેલાં કેળાંમાંથી અગર આંબા ઉપરથી વીણેલી કાચી કેરીઓના ઢગલામાંથી કોઈ તાત્કાલિક તેવા ફળનો ભોગ કરી શકતું નથી. કારણ કે એકઠાં થયેલાં કેળાં કે કેરીનો સંચય કે સંગ્રહ હજુ પરિપક્વ થયો નથી પણ કાચો છે. આ રોજબરોજ એકત્ર કરેલાં કેળાં કે કેરીના જથ્થાને સંચિત કરેલાં ફળ કહેવાય છે અને તેમાંથી જેટલાં જેટલાં ફળ પરિપક્વ થાય તેનો જ ઉપભોગ કરવા માટે સંચિત ફળમાંથી બહાર કાઢી લઈ તેમનો જ ઉપભોગ કરાય છે. ત્યારબાદ જે ફળ કાચા હતાં તેમને જ હવે પરિપક્વ કે વેચાઉ ફળ કહેવાય છે. તે જ પ્રમાણે અનેક જન્મોના સંગ્રહ કે સંચિત થયેલાં ફળને સંચિત કર્મોમાંથી જે જે કર્મો પરિપક્વ થાય તેટલા પરિપક્વ ફળ અર્થાત્ કર્મનું પરિણામ આપવા તૈયાર થયેલાં કર્મને લઈ જીવાત્મા તેનું ફળ ભોગવવા માટે નવી યોની કે શરીર ધારણ કરવા નવી માતાના ગર્ભમાં પ્રવેશ કરે છે અને નવા દેહને ધારણ કરી, પુનઃ જન્મે છે. કારણ કે સંચિત કર્મો ભલે જીવાત્માના નામે હોય, પરંતુ જીવાત્મા નિરાકાર, અશરીરી, નિરવયવી અને અદૃશ્ય હોવાથી તેના નામે જમા થયેલા સંચિતકર્મોના ફળને ભોગવી શકે નહીં. માટે જ ફળ ભોગવવા તેને શરીર ધારણ કરવું પડે છે અને શરીર દ્વારા જ જીવાત્મા પુણ્ય કે પાપ-કર્મોનું ફળ ભોગવે છે. તેથી સ્પષ્ટ થાય છે કે નવા શરીરે પુનર્જન્મે જીવાત્મા જે કંઈ સારા–નરસા પરિણામ કે ફળ ભોગવે છે, તે ફળ તેણે પોતે પૂર્વે કરેલાં કર્મનું ફળ હોવાથી તેવા તેને ભોગવવા માટે મળેલા ફળને પ્રારબ્ધ કર્મ કહેવાય છે.

આવી રીતે પૂર્વના જમા કે સંચિત થયેલાં કર્મોને નવા જન્મે નવા શરીર સાથે જયારે જીવાત્મા ભોગવે છે ત્યારે સંચિત કર્મોનું માત્ર નામ બદલાય છે અને તે પરિણામ કે ફળ આપનારાં સંચિત કર્મો જ પ્રારબ્ધ તરીકે ઓળખાય છે. સંચિત કર્મોમાંથી પરિપક્વ થયેલાં કર્મો, કર્મફળદાતા કે ઈશ્વરની ઈચ્છાથી જ ઈશ્વર ઈચ્છે તે કુટુંબમાં, તેવી યોનીમાં, તેવા દેહને ધારણ કરે છે અને નવા જન્મે દેહનો પ્રારંભ કરે છે. આમ, પુનર્જન્મે નવા દેહનો આરંભ

કરનારા કર્મને પ્રારબ્ધ કર્મ કહેવાય છે. આવા કર્મો વર્તમાન દેહમાં વ્યક્તિને સુખ અને દુ:ખ આપવામાં નિમિત્ત બને છે. આથી એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે પુનર્જન્મે નવા દેહની ઉત્પત્તિનું કારણ પ્રારબ્ધ કર્મ છે અને તે જ પ્રમાણે નવા જન્મેલા દેહના મૃત્યુનું કારણ પણ પ્રારબ્ધ કર્મ જ કહેવાય છે.

જેવી રીતે ઘરમાં સંગ્રહ કરેલા સંચિત ધનમાંથી સવારે થોડા પૈસા લઈ બજારમાં ખરીદી કરવા નીકળીએ તો ખરીદી કરતાં કરતાં અને બસ કે રિક્ષાના ભાડાના પૈસા ચૂકવતાં જ્યારે પૈસા ખલાસ થઈ જાય ત્યારે પુનઃ પાછા ઘેર જવું પડે છે કારણ કે ખરીદીના કે મોજશોખ માટેના પૈસા સમાપ્ત થઈ ગયા છે. જે પૈસા ઘરની સંચિત મૂડીમાંથી લઈને આપણે બજારમાં આવ્યા છીએ તે પૈસાને પ્રારબ્ધ કર્મ સાથે સરખાવી શકાય અને કેટલાંયે મહિનાઓ કે વર્ષોથી ઘરમાં જે ધન જમા છે તેને સંચિત કર્મ સાથે સરખાવી શકાય. તે ઉપરથી સમજાય છે કે સવારથી નીકળી સાંજ સુધીમાં જે કંઈ ખરીદી કે મોજશોખ કરી સાથે લાવેલા પૈસા આપણે વાપર્યા અને તે પ્રારબ્ધરૂપી પૈસા સમાપ્ત થતાં આપણે પાછા ઘેર જઈએ છીએ અને ધારો કે બીજા દિવસે ઘરમાં પડેલા સંચિત ધનમાંથી ફરીથી થોડા પૈસા ઉપાડી ઘરની બહાર બજારમાં મોજમજા કે ખરીદી માટે જઈએ, તો નિશ્ચિત બીજા દિવસે પણ સાથે લાવેલા પૈસા સમાપ્ત થતાં ઘેર જવું એટલે જ પ્રારબ્ધ કર્મ પૂર્ણ થતાં સ્મશાનરૂપી ઘરમાં પાછા વળવા જેવું કહેવાય અને જો પ્રાતઃકાળે ફરી પાછા નવા કપડાં પહેરી પુનઃ થોડા પૈસા લઈ બહાર નીકળીએ તો તે આપણો નવા શરીર સાથેનો પુનર્જન્મ કહેવાય અને સાથે લીધેલા પૈસા જ આપણું પ્રારબ્ધ કર્મ કહેવાય. આમ, જીવાત્મા વારંવાર સંચિતકર્મમાંથી થોડાં પરિપક્વ થયેલાં કર્મોને લીધે જ તે ભોગવવા માટે જન્મે છે અને તેવા પ્રારબ્ધ કર્મોનો ભોગ પૂરો થતાં મૃત્યુ પામી પુનઃ વધુ કર્મો લેવા પાછો સંચિત કર્મ તરફ દોડે છે. આમ, જીવાત્માના જન્મ અને મૃત્યુનું ચક્ર અવિરત રીતે સંચિત કર્મ હોય ત્યાં સુધી ચાલુ જ રહે છે.

પ્રારબ્ધ કર્મ તો જીવાત્મા જન્મ્યો ત્યારથી સાથે લઈને આવ્યો

છે, તેથી તે તો તેને ભોગવવું જ પડે. તેમાંથી તે કદી મુક્ત થઈ શકે નહીં. કારણ કે પ્રારબ્ધ કર્મ તો પોતે જ પેદા કરેલા છે, પોતાને નામે સંગ્રહિત છે તેથી તેના સિવાય ન તો અન્ય કોઈ તેના બદલે તે ભોગવી શકે કે ન તો ભોગવ્યા વિના તેનો નાશ થઈ શકે. તેથી પ્રત્યેક મનુષ્યે સમજી લેવું કે પોતાના કરેલાં કર્મો પોતાને જ અપવાદ વિના ભોગવવાના છે. આમ, જે કર્મોથી કોઈ પણ મનુષ્ય તેને ભોગવ્યા વિના બચી ન શકે તેને જ પ્રારબ્ધ કર્મ કહેવાય છે. માટે જ કહેવાયું છે કે **"प्रारब्धकर्मणां भोगादेव क्षय इति ।"** [તત્ત્વબોધ] ''પ્રારબ્ધ કર્મનો ભોગ ભોગવવાથી જ નાશ થાય છે.''

આ પ્રમાણે કર્મની ગહન ગતિના સંદર્ભમાં આપણે સંચિત, આગામી અને પ્રારબ્ધ કર્મની વિશદ વિચારણા કરી. તેથી અત્રે ઓગણીસ શ્લોક દ્વારા પ્રારબ્ધ અને જ્ઞાનીને પ્રારબ્ધ કર્મ સાથે સંબંધ ક્યાં સુધી અને કેવો છે તેવી ચર્ચામાં ઉતરતા અને તેના તત્ત્વાર્થને સમજવામાં આપણને ખૂબ ઓછી મુશ્કેલી પડશે તેવી શ્રદ્ધા છે.

પ્રસ્તુત શ્લોકમાં જ્ઞાનીના પ્રારબ્ધ વિષે એવું કથન કરવામાં આવ્યું છે કે નિદિધ્યાસનમાં નિમગ્ન અર્થાત્ આત્મચિંતનમાં ડૂબેલા પુરુષને બાહ્યજગતના વિષયોમાં પ્રવૃત્ત થતો જ્યારે જોવામાં આવે છે ત્યારે તેની તેવી પ્રવૃત્તિ, પ્રારબ્ધકર્મના લીધે છે તેવું અનુમાન શ્રુતિ દ્વારા, તે પુરુષના ફળભોગરૂપી વર્તનને જોઈ કરવામાં આવે છે.

સામાન્ય રીતે જે આત્મચિંતનમાં કે નિદિધ્યાસનમાં મગ્ન હોય તેને આત્મચિંતન સિવાયની બાહ્યપ્રવૃત્તિમાં રસ ન હોવો જોઈએ, તેવું માનવામાં આવે છે. છતાં જ્ઞાની કે મુક્તપુરુષોને પણ જ્યારે સંસારમાં સામાન્ય લોકોની જેમ હરતા-ફરતા કે દૃશ્યો જોતા, ખાતા-પીતા કે સામાન્ય વ્યક્તિ જેમ ઊંઘતા કે કાર્ય કરતા જોવામાં આવે છે ત્યારે અજ્ઞાનીને શંકા થાય છે કે જો જ્ઞાનીઓ આત્મચિંતનમાં મગ્ન હોય તો બાહ્યપ્રવૃત્તિમાં રસ કેમ દાખવે છે અને જો

તેમને બાહ્યવિષયોમાં રસ હોય અને લૌકિક પ્રવૃત્તિમાં જો તેઓ ભાગીદાર હોય તો તેઓ જ્ઞાની કેમ કહેવાય? એવી શંકાના સમાધાનાર્થે શ્રુતિ કે ઉપનિષદ જણાવે છે કે તેવા સૌ જ્ઞાનીઓ આ જન્મે જ્ઞાની છે, તેમાં કોઈ સંદેહ નથી છતાં તેમની બહારના વિષયોમાં જે પ્રવૃત્તિ જોવામાં આવે છે તે તો તેમને જ્ઞાન થતાં પૂર્વે તેમના પ્રારબ્ધ દ્વારા સુનિશ્ચિત થયેલી છે. આ જન્મે તેવા જ્ઞાનીને કયા વિષયોનો ભોગ કરવો કે કયા કયા ફળ ભોગવવા, તે તો જન્મ થતાં પૂર્વે કર્મની ગહન ગતિ પ્રમાણે અને ફળ આપવાની ઈશ્વરની સ્વતંત્ર સત્તા પ્રમાણે સુનિશ્ચિત થયેલું હોય છે. તેથી જ્ઞાની જે કંઈ જ્ઞાન થતાં પૂર્વે નિશ્ચિત થયેલું હોય તેવા વિષયભોગનો કે બાહ્યપ્રવૃત્તિનો ઈન્કાર કરી શકે નહીં. આજ શાસ્ત્રસંમત શ્રુતિવિધાન છે.

(છંદ-અનુષ્ટુપ)

**सुखाद्यनुभवोयावत् तावत् प्रारब्धमिष्यते ।**
**फलोदयः क्रियापूर्वो निष्क्रियो न हि कुत्रचित् ॥४४७॥**

**यावत् सुखाद्यनुभवः** = જ્યાં સુધી સુખાદિનો અનુભવ થાય છે,
**तावत् प्रारब्धम्** = ત્યાં સુધી પ્રારબ્ધ (છે એમ)
**इष्यते** = કહેવાય છે.
**हि** = કારણ કે
**फलोदयः** = (કોઈ પણ) ફળની પ્રાપ્તિ
**क्रियापूर्वः** = પૂર્વે કરેલાં કર્મના લીધે જ છે.
**निष्क्रियः** = કર્મ કર્યા વગર
**कुत्रचित् न** = ક્યાંય પણ (ફળ જણાતું) નથી.

જ્યાં સુધી વ્યક્તિને સુખદુઃખ જેવા અનુભવો થયા કરતા હોય ત્યાં સુધી તેવા સર્વ અનુભવો પ્રારબ્ધ કર્મના ફળરૂપે જ અનુભવાય છે, તેવું કહેવાય છે. કારણ કે જો ફળ વગર પરિણામ અનુભવાતું હોય, હાજર હોય તો કર્મના અપવાદ વગરના અચળ નિયમને આધારે કહેવું જ પડે કે પરિણામ કે ફળની પૂર્વે કોઈ કર્મ જેવું કોઈ કારણ હોવું જ જોઈએ. તેવા કર્મરૂપી કારણ

વગર કદાપિ સુખદુઃખ જેવા પરિણામ કે ફળ ઉત્પન્ન થઈ શકે નહીં. આથી સિદ્ધ થાય છે કે સુખદુઃખાદિનું જો અસ્તિત્વ છે, તો પ્રારબ્ધ કર્મ હોવું જોઈએ. તેથી પ્રારબ્ધ કર્મની અનિવાર્યતાનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. આ જ છે પ્રારબ્ધ કર્મનું મહત્ત્વ કે તેનો મહિમા.

(છંદ-અનુષ્ટુપ)

**अहं ब्रह्मेति विज्ञानात् कल्पकोटिशतार्जितम् ।**
**सञ्चितं विलयं याति प्रबोधात् स्वप्नकर्मवत् ॥४४८॥**

**प्रबोधात्** = નિદ્રામાંથી જાગ્યા પછી
**स्वप्नकर्मवत्** = સ્વપ્નના કર્મો જેમ (વિલય પામે તેમ)
**'अहं ब्रह्म' इति** = 'હું બ્રહ્મ છું' એવા
**विज्ञानात्** = જ્ઞાનથી (ઉત્પન્ન જાગૃતિમાં)
**कल्पकोटिशतार्जितम्** = કરોડો કલ્પોના ભેગાં કરેલાં
**सञ्चितम्** = સંચિત કર્મો
**विलयं याति** = વિનાશ પામે છે.

(છંદ-અનુષ્ટુપ)

**यत्कृतं स्वप्नवेलायां पुण्यं वा पापमुल्बणम् ।**
**सुप्तोत्थितस्य किं तत्स्यात् स्वर्गाय नरकाय वा ॥४४९॥**

**स्वप्नवेलायां यत्** = સ્વપ્નાવસ્થામાં જે
**उल्बणम्** = મોટામાં મોટું
**पुण्यं वा पापं कृतम्** = પુણ્ય કે પાપ કરવામાં આવ્યું હોય.
**तत् किम्** = તે શું
**सुप्तोत्थितस्य** = નિદ્રામાંથી ઊઠેલાને
**स्वर्गाय नरकाय वा स्यात्** = સ્વર્ગ કે નરક આપનારું થાય?

જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા કર્મનો નાશ કઈ રીતે થાય છે તે સૂચવતા સદૃષ્ટાંત બે શ્લોક દ્વારા જણાવાયું છે કે જેવી રીતે નિદ્રામાંથી જાગ્યા પછી

સ્વપ્નના આવાગમન, ભોગાદિ વગેરે સૂક્ષ્મ કાલ્પનિક કર્મો, પ્રયત્ન વિના જ નિવૃત્ત થાય છે અને અનાયાસે જ સ્વપ્નગત તમામ કર્મોનો વિલય જણાય છે તેવી જ રીતે અજ્ઞાનની નિદ્રામાં સૂતેલો પોતાના આત્મસ્વરૂપને જાણતો ન હોવાથી કર્તાભાવે અનેક કર્મો કરે છે અને તેથી જ તેવા કર્મોના નહીં ભોગવાયેલાં અનેક જન્મોના ફળ કે પરિણામ તેના નામે જમા થયેલા હોય છે. તેથી સ્પષ્ટ છે કે અજ્ઞાનની નિદ્રામાં અજ્ઞાનીએ પોતાના નામે કરોડો કલ્પોના ભેગા કરેલાં સંચિત કર્મો તેને વારંવાર જન્મ અપાવશે જ અને અજ્ઞાનીએ સંચિત કર્મોમાંથી પરિપક્વ થયેલાં પ્રારબ્ધકર્મને લઈને વારંવાર જન્મ લેવો જ પડશે. તેથી જો એવી શંકા જાગે કે અજ્ઞાની માટે કે અવિદ્યાની નિદ્રામાં સૂતેલા માટે તો કર્મબંધનથી છૂટવાનો કોઈ રસ્તો જ નથી અને જો તેવું હોય તો શા માટે સાધના, શ્રવણ, સત્સંગ, ચિંતન-મનન, નિષ્કામ કર્મ અગર નિદિધ્યાસન જેવા મોક્ષના સાધનોની સહાય લઈ કોઈ પણ મુક્તિ માટે પ્રયત્ન કરે?

ઉપરોક્ત શંકાના સમાધાન માટે અત્રે આદિ શંકરાચાર્યજીએ ઉત્તર તો સાદો સીધો અને સ્પષ્ટ છતાં શાસ્ત્રસંગત આપેલો છે કે જેને **"अहं ब्रह्मेति विज्ञानात्. . . .सञ्चितं विलयं याति"** ''હું બ્રહ્મ છું એવું જ્ઞાન થાય છે તેના તમામ સંચિત કર્મો વિલય કે નાશ પામે છે.'' જેવી રીતે સ્વપ્ન દરમ્યાન અનેક કર્મો સ્વપ્નાવસ્થામાં સ્વપ્નદૃષ્ટાએ કર્યા હોય છતાં જાગૃતિમાં આવતા કંઈ સ્વપ્નના કર્મોનું ફળ જાગ્રત અવસ્થામાં તેને મળતું નથી. દા.ત. સ્વપ્નમાં ચોરીનું કર્મ કોઈએ કર્યું હોય અગર સ્વપ્નમાં મોટામાં મોટું દાન કે પુણ્ય કર્મ કર્યું હોય છતાં જાગૃતિમાં આવતા તેવા કોઈ કર્મનું ફળ ચોરીની સજારૂપે કે પુણ્યકર્મના ફળરૂપે તેને મળતું નથી. તેથી સ્પષ્ટ થાય છે કે સ્વપ્નના કર્મનો જાગૃતિમાં વિલય થાય છે. તેવી જ રીતે અવિદ્યાની નિદ્રામાં અર્થાત્ અજ્ઞાન સમયે જે કોઈ કર્મો થયાં હોય તેનું ફળ, જયારે વ્યક્તિને આત્મજ્ઞાન થાય છે અને તેવા જ્ઞાનના બળથી તે નિશ્ચિત પોતાને પરબ્રહ્મ જાણે છે અને પોતે કર્તા હતો તેવી નિદ્રામાંથી તે જાગી જાય છે અને જાગતાં જ પોતાને અકર્તા અભોક્તા તથા કર્મ, ફળ, ભોગ કે ભોક્તાથી અસંગ ઓળખી જાય

છે ત્યાર પછી તેના માટે અજ્ઞાન સમયે કર્તાભાવે થયેલા કર્મોનું ફળ કઈ રીતે સંભવી શકે? તદુપરાંત અજ્ઞાનીએ એકત્રિત કરેલાં અનેક જન્મોના કરોડો સંચિત કર્મો પણ જીવાત્માના નામે જમા હોય છે પરંતુ જે ક્ષણે જ્ઞાન થાય કે 'હું જીવ નથી પરંતુ બ્રહ્મ છું', તે જ ક્ષણે તેના સર્વ સંચિત કર્મોનો નાશ થાય છે કારણ કે સંચિત કર્મો જે જીવના નામે છે, તે જીવાત્માનો બાધ થાય છે. આમ, 'હું બ્રહ્મ છું' તેવા જ્ઞાનમાં જીવભાવનો અને તેના નામે રહેલા સંચિતકર્મોનો સમૂળગો નાશ થવાથી જ્ઞાની માટે પુનર્જન્મનો પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી માટે જ કહેવાયું છે, આત્મજ્ઞાનમાં નથી પુનર્જન્મ, નથી જીવભાવ કે નથી સંચિત કર્મ.

આત્મજ્ઞાનમાં નથી બચતો ભૂતકાળ કે ભૂતકાળમાં કરેલાં કર્મોનું ફળ અને તેવી જ રીતે જેણે કર્મો કર્યા છે, તે જીવાત્મા પણ બચતો નથી. જેવી રીતે સ્વપ્નાવસ્થામાં જેણે સૂક્ષ્મ કે કાલ્પનિક કર્મો કર્યાં છે તથા સૂક્ષ્મભોગ ભોગવ્યા છે તે સ્વપ્નનો કર્તા કે ભોક્તા જાગ્રત અવસ્થામાં બચતો નથી કે હોતો નથી, તો પછી તેણે કરેલાં પુણ્ય કે પાપ જેવા મોટામાં મોટા કર્મો તેને કઈ રીતે સ્વર્ગનું સુખ કે નરકની યાતના જેવું દુઃખ અપાવી શકે? તેવો પ્રશ્ન બીજા શ્લોકમાં અભિવ્યક્ત કરી શંકરાચાર્યજીએ સ્પષ્ટ કર્યું કે જેમ સ્વપ્નના પુણ્ય કે પાપ જેવાં કર્મોનું ફળ જાગૃતિમાં સ્વર્ગ કે નરકરૂપે મળતું નથી તેવી જ રીતે અજ્ઞાન અવસ્થામાં કે અવિદ્યાની નિદ્રા સમયે અજ્ઞાની દ્વારા થયેલાં ઘોર પાપરૂપી કર્મનું ફળ કે સમગ્ર પૃથ્વીના દાન જેવા પુણ્ય કર્મનું ફળ પણ આત્મજ્ઞાન થયા પછી અજ્ઞાનીને ભોગવવું પડતું નથી કારણ કે આત્મજ્ઞાનમાં નથી બચ્યો પૂર્વનો અજ્ઞાની જીવાત્મા, અજ્ઞાનની અવસ્થા કે અજ્ઞાનના કર્મ, તો ફળ ક્યાંથી હોઈ શકે?

(છંદ–અનુષ્ટુપ)

**स्वमसङ्गं उदासीनं परिज्ञाय नभो यथा ।**
**न श्लिष्यते यतिः किञ्चित् कदाचिद्भाविकर्मभिः ॥४५०॥**

**यतिः स्वम्** = જ્ઞાની પુરુષ પોતાને

| | |
|---|---|
| **नभः यथा** | = આકાશની જેમ |
| **उदासीनं असङ्गम्** | = અસંગ (અને) ઉદાસીન |
| **परिज्ञाय कदाचित्** | = જાણી લીધાથી ક્યારેય |
| **भाविकर्मभिः** | = ભાવિ કર્મોથી |
| **किञ्चित् न श्लिष्यते** | = જરા પણ લેપાતો નથી. |

જ્ઞાની પુરુષ પોતાને આકાશની જેમ અસંગ અને ઉદાસીન જાણી લીધા પછી ક્યારેય પણ ભાવિ કર્મોથી લેશમાત્ર લેપાયમાન થતો નથી કે બંધાતો નથી.

આકાશ પ્રાતઃકાળના ગુલાબી રંગોથી કે સંધ્યાટાણે આકાશમાં પુરાતી રંગોળીથી રંગીન થતું નથી અને તે જ પ્રમાણે ઉનાળાની ભીષણ ગરમીથી ન તો આકાશ ગરમ થાય છે અગર ન તો ચોમાસાની મુશળધાર વર્ષાથી તે ભીનું થાય છે. હોળીના તહેવારમાં અગ્નિ પ્રગટાવવાથી ન તો આકાશમાં આગ લાગે છે કે વંટોળીયાના મેલથી આકાશ ગંદુ થાય છે. બંદુકની ગોળીઓ અને રોકેટના પ્રહારોથી આકાશમાં છીદ્રો પડતાં નથી કે ઉત્તરાયણની પતંગોથી આકાશને ખલેલ કે વિક્ષેપ પણ પહોંચતો નથી; કારણ કે આકાશ તો એવી તમામ પ્રવૃત્તિથી અસંગ છે, ઉદાસીન છે, નિર્લેપ છે તથા અસ્પર્શ્ય છે. તે જ પ્રમાણે જ્ઞાની પુરુષ પોતાને આકાશ જેવો સર્વવ્યાપ્ત તથા અસંગ આત્મા માને છે, તેથી આત્મસ્વરૂપે રહેનારા જ્ઞાનીને ભૂતકાળના સંચિત કર્મો કે ભવિષ્યના આગામી કર્મો સ્પર્શ કરતા નથી, તો તેવા કર્મોથી જ્ઞાનીનું જીવન પ્રભાવિત થાય તેવો પ્રશ્ન જ પેદા થતો નથી.

પોતાને આત્મા જાણનારો જ્ઞાની કર્મમાં આસક્ત થતો નથી તથા પોતાને કર્મનો કર્તા પણ માનતો નથી. આમ, જેને કર્મ કે કર્તાનો સંગ નથી, તેને કર્મના ફળનો કે કર્મના ભાવિ પરિણામનો સંગ કે સંબંધ હોય, તેવું કદાપિ માની શકાય નહીં. જે કર્તા નથી તે કર્મફળનો ભોક્તા કદાપિ હોઈ શકે નહીં. તદુપરાંત, આત્મસ્વરૂપે તો જ્ઞાની ભૂત, ભવિષ્ય અને વર્તમાન જેવા ત્રણે કાળથી આકાશ જેમ અલિપ્ત હોય, તો એવા કાળાતીત આત્મજ્ઞાનીને

વર્તમાનનાં કર્મ કે ભવિષ્યનાં કર્મફળ સાથે ભ્રાંતિમાં પણ સંબંધ હોઈ શકે નહીં. માટે જ જ્ઞાનીના સંદર્ભમાં અત્રે જણાવ્યું છે કે **"न श्लिष्यते यतिः किञ्चित् कदाचिद्भाविकर्मभिः ॥"** આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પોતાને આત્મસ્વરૂપે અસંગ સમજનારો જ્ઞાની ક્યારેય ભવિષ્યમાં પ્રાપ્ત થનારા ભાવિ કર્મોથી બંધાતો નથી, લેપાતો નથી અગર એવા કર્મોથી લેશમાત્ર પણ પ્રભાવિત થતો નથી.

(છંદ-અનુષ્ટુપ)

**न नभो घटयोगेन सुरागन्धेन लिप्यते ।**
**तथाऽऽत्मोपाधियोगेन तद्धर्मैर्नैव लिप्यते ॥४५१॥**

| | | | |
|---|---|---|---|
| **नभः** | = (જેમ) આકાશ | **आत्मा** | = આત્મા |
| **घटयोगेन** | = ઘડામાં રહેલા | **उपाधियोगेन** | = ઉપાધિનો સંબંધ હોવા છતાં |
| **सुरागन्धेन** | = દારૂની ગંધથી | | |
| **न लिप्यते** | = લેપાતું નથી, | **तद्धर्मैः** | = તેના ધર્મોથી |
| **तथा** | = તેમ | **न एव लिप्यते** | = લેપાતો જ નથી. |

જેવી રીતે આકાશ ઘડામાં રહેલા દારૂની ગંધથી ગંધાઈ જઈ દારૂના ધર્મગ્રહણ કરી દારૂથી લેપાતો નથી તેમ જે જ્ઞાની પોતાને આત્મા તરીકે જાણે છે, તે શરીરરૂપી ઘડાની ઉપાધિથી શરીર જેવા ચામડાના ઘડામાં રહેવા છતાં શરીરના ધર્મોથી ન તો પ્રભાવિત થાય છે કે ન તો શરીરના ધર્મોથી તાદાત્મ્ય કરી તેવા ધર્મોવાળો થાય છે. તાત્પર્યમાં, શરીર જન્મે છે, વિકારપામે છે, કર્મ કરે છે, કર્તા કહેવાય છે, કર્મના ફળ ભોગવે છે અને ફળ ભોગવતાં ભોગવતાં શરીરનું પ્રારબ્ધ કર્મ પૂર્ણ થતાં શરીર મૃત્યુને આધીન થાય છે છતાં શરીરના તેવા કોઈ કર્મો કે જન્મમૃત્યુ જેવા ધર્મોનો સંગ આત્માને લાગતો નથી કે શરીરના ધર્મોથી આત્મા લેપાયમાન થતો નથી. માટે શરીરરૂપી ઉપાધિ દ્વારા થતાં પુણ્ય કે પાપરૂપી કર્મોનો રંગ આત્માને લાગતો નથી, તેમ હોવાથી શરીરના કર્મોનું ફળ ભોગવવા માટે આત્માને ન તો સ્વર્ગ કે

નરકની યાત્રા કરવી પડે છે કે ઉર્ધ્વગતિ કે અધોગતિ જેવી સારી નરસી યોનીઓમાં ભટકવું પડે છે.

આમ વિચારતાં સ્પષ્ટ થાય છે કે જે કોઈ પોતાને આકાશ જેમ અસંગ આત્મા તરીકે જાણી આત્મસાક્ષાત્કાર કરી લે છે તેને કર્મનો, કર્મ-ફળનો કે કર્મફળના પ્રભાવે પ્રાપ્ત થતી ઊંચનીચ યોનીઓનો સંબંધ હોતો નથી અને માટે જ આત્મજ્ઞાની આવાગમનના ફેરાથી બચી જાય છે. તેવા જ્ઞાની માટે કહેવાયું છે કે,**"न सः पुनरावर्तते न सः पुनरावर्तते ।"** "તેનું (સંસારમાં) પુનરાવર્તન થતું નથી, તેનું પુનરાવર્તન થતું નથી" અને તે જ કારણે જ્ઞાની પરમપદને પ્રાપ્ત થઈ ચૂક્યો છે તેવું માની તેનો સર્વત્ર સત્કાર થાય છે અને મુમુક્ષુઓમાં તે પૂજાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**ज्ञानोदयात् पुराऽऽरब्धं कर्म ज्ञानान्न नश्यति ।**
**अदत्वा स्वफलं लक्ष्यमुद्दिश्योत्सृष्ट बाणवत् ॥४५२॥**

**लक्ष्यं उद्दिश्य** = લક્ષ્યને ઉદ્દેશીને
**उत्सृष्ट बाणवत्** = છોડેલા બાણની જેમ
**ज्ञानोदयात् पुरा** = જ્ઞાન થયા પહેલાનું
**आरब्धं कर्म** = પ્રારબ્ધ કર્મ
**स्वफलं अदत्वा** = પોતાનું ફળ આપ્યા વગર
**ज्ञानात् न नश्यति** = જ્ઞાનથી નાશ પામતું નથી.

(છંદ-અનુષ્ટુપ)

**व्याघ्रबुद्ध्या विनिर्मुक्तो बाणः पश्चात्तु गोमतौ ।**
**न तिष्ठति छिनत्त्येव लक्ष्यं वेगेन निर्भरम् ॥४५३॥**

**व्याघ्रबुद्ध्या** = વ્યાઘ્રબુદ્ધિથી
**विनिर्मुक्तः बाणः** = છોડેલું બાણ

**पश्चात् तु गोमतौ** = (તેને છોડયા) પછીથી 'તે ગાય છે,' તેમ જાણવાથી
**न तिष्ठति** = અટકતું નથી. (પણ)
**वेगेन लक्ष्यम्** = વેગથી લક્ષ્યને
**निर्भरम्** = સંપૂર્ણપણે
**छिनत्ति एव** = વીંધે જ છે.

લૌકિક વ્યવહારમાં પણ કરાયેલું સામાન્ય કર્મ તેના હેતુની પ્રાપ્તિ પૂર્વે કદાપિ શાંત થતું નથી અર્થાત્ કર્મનો હેતુ સભર થાય ત્યારબાદ જ કર્મની નિવૃત્તિ કે બાદબાકી થતી જોવામાં આવે છે. જેમ કે વિદ્યાભ્યાસ માટેનું વિદ્યાર્થીનું અધ્યયનરૂપી કર્મ સ્નાતક આદિની ઉપાધિ પ્રાપ્ત થતાં પૂર્ણ થઈ જાય છે અને ત્યારબાદ વિદ્યાર્થીને અભ્યાસ કર્મ માટે શાળા કે મહાશાળામાં ઉપસ્થિત રહી અધ્યયનકાર્ય કરવાનું રહેતું નથી અર્થાત્ વિદ્યાર્થીનું અધ્યયન કાર્ય સહેતુક શાંત થયું કહેવાય અને તે જ પ્રમાણે જ્યાં સુધી દર્દની નાબૂદી ન થાય ત્યાં સુધી સપ્રમાણ દવા લેવાનું તથા નિયમાનુસાર ચરી પાળવારૂપી કર્મ શાંત થઈ શકે નહીં. આવો સામાન્ય લૌકિક નિયમ, જો લોકવ્યવહારમાં પ્રમાણભૂત ગણાતો હોય તો શાસ્ત્રગત કર્મના નિયમમાં પણ તેવો કોઈ નિયમ પ્રમાણભૂત હોવો જોઈએ, તેવું કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી.

તે સંદર્ભે વિચારતાં અત્રે શાસ્ત્રીય અને શ્રુતિસંમત કર્મના સિદ્ધાંતને અનુસરીને અત્રે પ્રારબ્ધકર્મના ફળનો નિયમ વિવેચનાર્થે આપણી સમક્ષ મૂકવામાં આવ્યો છે.

જો કોઈ નિશાનબાજે પોતાના લક્ષ્યને ઉદ્દેશીને બાણ છોડયું હોય તો એક વાર લક્ષ્યની દિશામાં હાથમાંથી છૂટેલું બાણ છૂટી ગયા બાદ કોઈ પણ કાળે, કોઈ પણ પુરુષાર્થે, કોઈ પણ કારણસર વચ્ચે રોકી શકાય નહીં અગર બાણને પાછું પણ વાળી શકાય નહીં અને તેનો પુનઃ ઉપયોગ પણ કરી શકાય નહીં. શિકારીના હાથમાંથી છૂટેલું બાણ, કાં તો લક્ષ્યને છોડી પેલે પાર નીકળી જાય અગર લક્ષ્યને વીંધી તદ્રૂપ થઈ જાય અગર લક્ષ્યની દિશામાં જ લક્ષ્યને સ્પર્શ કરતા પૂર્વે ગતિનિરોધ દ્વારા અટકી જાય, પણ તે

વચ્ચે રોકવું શક્ય હોતું નથી. લક્ષ્ય તરફ બાણ છોડતા પૂર્વે લક્ષ્ય જો વાઘ જેવું વિકરાળ પ્રાણી હોય કે સંહાર કરવા ધસી આવતો શત્રુ હોય, તેવું વિચારી બાણ છોડવામાં આવે, પરંતુ છૂટી ગયા બાદ બીજી જ ક્ષણે સમજાય કે વાઘ નથી પણ મારું બાણ પળવારમાં જેને વીંધી નાંખશે તે તો ગાય અગર શત્રુના બદલે બ્રાહ્મણ છે, તો હવે બાણને વચ્ચે અટકાવવાનો કે પાછું વાળવાનો કોઈ ઈલાજ ધનુર્ધારી પાસે હોતો નથી. બાણ તો પોતાના લક્ષ્યને વીંધવા માટે નિરંતર પ્રગતિમાં પ્રવાસ કર્યા જ કરે છે. તેવી જ રીતે સંચિત કર્મરૂપી ભાથામાંથી છૂટીને પ્રારબ્ધરૂપી બાણ એક વાર પોતાના લક્ષ્ય તરફ અતિ વેગથી પ્રવાસ કરવા નીકળી પડે ત્યારે ગર્ભની પણછમાંથી બળ પ્રાપ્ત કરીને, શરીરની અવનવી ઉપાધિ કે યોની દ્વારા, કર્મના ફળને નિશાન બનાવવા તે આગળ વધે જ જાય છે અને જ્યાં સુધી પ્રારબ્ધકર્મના બધા જ લક્ષ્યરૂપી ફળ વીંધાઈ ન જાય ત્યાં સુધી શરીરરૂપી બાણ ધરાશયી થઈ શાંત થતું નથી. તાત્પર્યમાં પ્રારબ્ધ કર્મરૂપી બાણ શરીરની ઉપાધિ સાથે વેગવંતુ થઈને એક-વાર નીકળી પડે છે ત્યારબાદ તેને કોઈ પણ અટકાવી શકતું નથી. જ્ઞાની પણ જ્ઞાન દ્વારા સંચિતકર્મને 'હું બ્રહ્મ છું' તેવા જ્ઞાન દ્વારા જેના નામે સંચિત કર્મ છે તેવા જીવાત્માનો આત્યંતિક બાધ કરી, જીવાત્માનો નાશ કરી, જીવના નાશમાં સંચિત કર્મનો નાશ કરી શકે તેમ છે અને 'હું કર્મથી અસંગ, અકર્તા છું' તેવા જ્ઞાનાગ્નિમાં આગામી કર્મને પણ ભસ્મીભૂત કરી શકે તેમ છે. પરંતુ પ્રારબ્ધ કર્મનો તો તે ત્યાગ કરી શકે જ નહીં. કારણ કે પ્રારબ્ધરૂપી બાણ તો જ્ઞાનીને આત્મસાક્ષાત્કાર થયો તે પૂર્વે જ છૂટી ચુકેલું છે. માટે જ પ્રારબ્ધનું ફળ તો જ્ઞાનીએ પણ ભોગવવું જ પડશે. પછી ભલે જ્ઞાન દ્વારા તે સમજે કે ફળ તો શરીર ભોગવે છે, હું તો તેનો સાક્ષી છું પરંતુ જ્ઞાની જે શરીર લઈને આવ્યો છે, તે શરીરને તો પ્રારબ્ધના ફળ નિશ્ચિતરૂપે ભોગવવા પડે છે અને જ્યારે તે સર્વ પ્રારબ્ધકર્મો ભોગવાઈ જાય છે ત્યારે જ પ્રારબ્ધ કર્મરૂપી બાણનું લક્ષ્ય વીંધાઈ ગયું છે, તેવું સમજાતા પ્રારબ્ધ કર્મ શાંત થઈ જાય છે.

તાત્પર્યમાં, પ્રારબ્ધ કર્મરૂપી બાણ તેના કર્મફળરૂપી લક્ષ્યને વીંધ્યા વિના કદાપિ શાંત થઈ શકે નહીં.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**प्रारब्धं बलवत्तरं खलुविदां भोगेन तस्य क्षयः**
**सम्यग्ज्ञानहुताशनेन विलयः प्राक्सञ्चितागामिनाम् ।**
**ब्रह्मात्मैक्यमवेक्ष्य तन्मयतया ये सर्वदा संस्थिताः**
**तेषां तत्त्रितयं न हि क्वचिदपि ब्रह्मैव ते निर्गुणम् ॥४५४॥**

| | |
|---|---|
| **प्राक्सञ्चितागामिनाम्** | = પૂર્વના સંચિત અને ભવિષ્યમાં થનારાં કર્મોનો |
| **विलयः सम्यक्-ज्ञानहुताशनेन** | = નાશ તત્ત્વજ્ઞાનરૂપી જ્ઞાનાગ્નિથી થાય છે. |
| **खलुविदाम्** | = (પરંતુ) ખરેખર જ્ઞાનીપુરુષોનાં |
| **प्रारब्धम्** | = પ્રારબ્ધ કર્મ |
| **बलवत्तरम्** | = વધુ બળવાન (હોય છે) |
| **तस्य क्षयः भोगेन** | = તેનો ક્ષય ભોગવ્યાથી જ (થાય છે) |
| **ये ब्रह्मात्मैक्यं अवेक्ष्य** | = જેઓ જીવ-બ્રહ્મના ઐક્યને જાણીને |
| **तन्मयतया सर्वदा संस्थिताः** | = સર્વદા બ્રહ્મભાવમાં જ સ્થિત રહે છે: |
| **तेषां तत् त्रितयं** | = એમને તે ત્રણેય પ્રકારનાં (પ્રારબ્ધ, સંચિત અને આગામી કર્મ) |
| **क्वचिदपि न हि** | = કોઈ પણ કાળે છે જ નહીં |
| **ते निर्गुणं ब्रह्म एव** | = તે તો નિર્ગુણ બ્રહ્મ જ છે. |

જ્ઞાનીપુરુષોના પ્રારબ્ધ કર્મ ખરેખર ખૂબ બળવાન હોય છે. બળવાન હોવાથી જ્ઞાની પુરુષ પણ પ્રારબ્ધ કર્મથી બચી શકતો નથી અને તેને પણ પ્રારબ્ધકર્મ તો ભોગવવા જ પડે છે અર્થાત્, "ભોગવ્યા વિના તો જ્ઞાનીના પ્રારબ્ધનો પણ નાશ થતો નથી." માટે શ્લોકમાં જણાવ્યું છે કે **"प्रारब्धं बलवत्तरं खलुविदां भोगेन तस्य क्षयः"** આમ, પ્રારબ્ધકર્મથી જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ બચી શકે નહીં. ધારો કે જ્ઞાની પ્રારબ્ધ ભોગવીને તેનો નાશ કરે છે, તો બાકીના અન્ય કર્મોનું શું? તેવી શંકાના સમાધાનાર્થે અત્રે જણાવેલું છે કે જ્ઞાની, જીવ-બ્રહ્મના ઐક્યનું જ્ઞાન પ્રાપ્ત કરીને સમ્યક્ જ્ઞાનરૂપી

અગ્નિમાં પોતાના જીવભાવનો અગ્નિસંસ્કાર કરે છે. તેથી જ્ઞાનીને 'હું જીવાત્મા છું' તેનો ભાવ કે ભ્રાંતિ રહેતી નથી. તેથી સ્પષ્ટ છે કે સંચિત કર્મોનો સ્વામી કે માલિક કે જેના નામે સંચિત કર્મરૂપી સંપત્તિ છે તે પોતે જ બચતો નથી તો તેની સંચિત કર્મ જેવી જન્મોજન્મની ભેગી કરેલી દોલત ક્યાંથી બચી શકે? આમ, જીવભાવ અને સંચિત કર્મ બન્નેને ભસ્મ કરવાની તાકાત આત્મજ્ઞાનમાં છે માટે આત્મજ્ઞાનને અગ્નિની ઉપમા આપવામાં આવી છે. ઉપરોક્ત ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે પ્રારબ્ધકર્મનો નાશ તેના સારા કે નરસા ફળ ભોગવવાથી થાય છે. જ્યારે સંચિત કર્મોનો નાશ 'હું જીવ નહીં પરંતુ અજન્મા અસંગ આત્મા છું,' એવા જ્ઞાનથી થાય છે. હવે પ્રશ્ન માત્ર આગામી કર્મનો રહે છે. એવા સૌ આગામી કર્મનો નાશ, હું કર્મનો કર્તા નથી પરંતુ કર્મનો સાક્ષી કે દ્રષ્ટા છું, એવા જ્ઞાનથી થાય છે કારણ કે જે પોતાને અજ્ઞાનમાં કર્તા માને તેને જ ભવિષ્યમાં કર્મનું ફળ ભોગવવું પડે. તે ન્યાયે જે કર્મનો કર્તા નથી, તે કદાપિ કર્મફળનો ભોક્તા હોઈ શકે નહિ. જેનું દેહ સાથે તથા ઇન્દ્રિયો સાથે સઘન તાદાત્મ્ય હોય તે જ દેહ કે ઇન્દ્રિયોનાં કર્મને પોતાના માને તો નિશ્ચિત તેને કર્મનું ફળ મળે. પરંતુ જ્ઞાની તો 'હું શરીર છું,' એવું પણ માનતો નથી અને 'શરીર મારું છે,' એવી ભ્રાંતિમાં પણ જીવતો નથી તો પછી જ્ઞાનીને વર્તમાનમાં થનારા આગામી કર્મનું ફળ આ જીવનમાં પણ મૃત્યુ પૂર્વે ભોગવવાનું રહેતું નથી. પછી ભલે તેના દ્વારા ગમે તેવું પાપકર્મ વર્તમાનમાં કે ભૂતકાળમાં થયું હોય પરંતુ તેનું ફળ જ્ઞાનીને કોઈ પણ હિસાબે ભોગવવાનું રહેતું નથી. માટે જ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રને જ્ઞાનીની સ્તુતિ માટે કહેવું પડ્યું છે કે,

**"अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।**
**सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥"**

''જો તું સઘળા પાપીઓ કરતાં પણ વધારે પાપી હોય તો પણ જ્ઞાનરૂપી નૌકા દ્વારા બધાં જ પાપોને સારી રીતે તરી જઈશ.'' (ભ.ગીતા. અ-૪/૩૬)

આવી ચર્ચાનો નિષ્કર્ષ એટલો જ છે કે જે કોઈ જ્ઞાની જીવબ્રહ્મના

ઐક્યને જાણી પોતાના બ્રહ્મભાવમાં જ તન્મય રહે છે, તેને પ્રારબ્ધ સંચિત અને આગામી એમ ત્રણે પ્રકારના કોઈ પણ કર્મો, કોઈ પણ કાળે બંધનમાં નાંખી શકે નહીં, કારણ કે જ્ઞાની તો સ્વયં નિર્ગુણ બ્રહ્મ જ છે અર્થાત્ માયાના સત્ત્વ, રજસ અને તમસ જેવા ત્રણે ગુણોને તે તરી ચૂક્યો છે, તેથી તે નિર્ગુણ બ્રહ્મ કહેવાય છે. સત્ત્વગુણને તરવાથી સત્ત્વગુણમાંથી ઉત્પન્ન થયેલી ઇન્દ્રિયો સાથે જ્ઞાનીને નાતો કે રિશ્તો હોઈ શકે નહીં. રજસ ગુણને પાર કરી ચૂક્યો હોવાથી જ્ઞાનીને રજસગુણમાંથી ઉત્પન્ન થયેલી કર્મેન્દ્રિયો કે પાંચ પ્રાણ જોડે લેશમાત્ર સંબંધ હોતો નથી. તે જ પ્રમાણે તમસ ગુણને ઓળખી ચૂક્યો હોવાથી તમસ ગુણમાંથી બનેલું સ્થૂળ, જડ કે મૃત્યુ પામનારા શરીર સાથે જ્ઞાનીને નથી કોઈ સગાવહાલા જેવો સંબંધ, તો જડ શરીરના અન્ય સગાં સાથે તેનો સંબંધ કેવો? આત્મજ્ઞાનીને જો પોતાના શરીર સાથે સંબંધ નથી, તો અન્ય શરીરોનું સગપણ ક્યાં? અગર માતા-પિતા, પુત્રો કે પત્ની જેવું વળગણ કેવી રીતે હોઈ શકે? કોઈ અજ્ઞાનમાં ઊંઘતો અઘોરી, પોતાના શરીર સાથે સંબંધ રાખી શરીરની આત્મશ્લાઘામાં મૃત્યુપર્યંત જીવવા મથામણ કરતો હોય છે, એટલું જ નહીં પરંતુ અન્ય માંસપિંડો, જે મળમૂત્ર, થૂંક, લીંટ, પિયા, હાડકાં, ચરબી અને લોહીથી ભરેલા છે, તેમને પણ પોતાના માની આલિંગન કરતો હોય છે. તેની તેવી પ્રવૃત્તિ સમડી-ગીધ અને કુતરા જેવી, હાડકાં ચૂસવાની હોય છે. માટે જ અત્રે શંકરાચાર્યજીએ સ્પષ્ટ કહ્યું છે કે માત્ર જ્ઞાની, સત્ત્વ તમસ અને રજસ જેવા ગુણોથી મુક્ત થઈ પોતાના નિર્ગુણ બ્રહ્મસ્વરૂપમાં રહે છે.

(છંદ-ઉપજાતિ)

**उपाधितादात्म्यविहीनकेवल–**
**ब्रह्मात्मनैवात्मनि तिष्ठतो मुनेः ।**
**प्रारब्धसद्भावकथा न युक्ता**
**स्वप्नार्थसम्बन्धकथैव जाग्रतः ॥४५५॥**

**उपाधितादात्म्यविहीनकेवलब्रह्मात्मना एव** = ઉપાધિ સાથેના તાદાત્મ્ય સંબંધ રહિત થઈ કેવળ બ્રહ્મસ્વરૂપે જ,

**आत्मनि** = અંતઃકરણમાં

**तिष्ठतः** = સ્થિત,

**मुनेः** = (આત્મજ્ઞાની) મુનિ માટે,

**प्रारब्धसद्भावकथा** = પ્રારબ્ધના અસ્તિત્વની વાત,

**जाग्रतः** = જાગ્રત (પુરુષ)ના

**स्वप्नार्थसम्बन्धकथा** = સ્વપ્નપદાર્થોની સાથેના સંબંધની વાત

**इव** = જેમ

**न युक्ताः** = યોગ્ય નથી.

જે કોઈ ઊંઘમાંથી જાગી ચૂક્યો છે તેને હવે સ્વપ્નમાં જોએલા પ્રાણી કે પદાર્થો સાથે અગર સ્વપ્નમાં મળેલા પાત્રો સાથે સંબંધ હોતો નથી. સ્વપ્નમાં તેને લાગેલી લોટરીની રકમ જાગ્રત અવસ્થામાં દેવું ભરપાઈ કરવામાં કદાપિ કામ આવી શકે નહીં કારણ કે સ્વપ્નની સંપત્તિ-વિપત્તિ કે કાલ્પનિક ભોગોનો જાગ્રતમાં આવતાં જેમ કોઈ સંબંધ હોતો નથી, તેમ કેવળ બ્રહ્મસ્વરૂપે સ્થિત થયેલા અને પોતાની ઉપાધિઓ સાથેના સંબંધોનો ત્યાગ કરી ચૂકેલા મનનશીલ મુનિને આત્મજ્ઞાનરૂપી શાશ્વત જાગૃતિ જેવી અવસ્થા પ્રાપ્ત થયેલી હોવાથી તેને પ્રારબ્ધની કથા કે તેના અસ્તિત્વની વાત સાથે કોઈ જ સંબંધ હોઈ શકે નહીં.

અજ્ઞાનની ઊંઘમાં જ અજ્ઞાનીને શરીર અને શરીરના પ્રારબ્ધ જોડે સંબંધ હોય છે. આત્મજ્ઞાનમાં જાગ્યા પછી નથી તેવો કોઈ અજ્ઞાની બચતો કે જેના પ્રારબ્ધની વાત બચી શકે; તેથી જ્ઞાની માટે તો પ્રારબ્ધની વાત કરવી એ તદ્દન અયોગ્ય અને અયુક્ત છે. તેથી જ કહ્યું છે કે, **"प्रारब्ध सद्भावकथा न युक्ता"**

(છંદ-ઉપજાતિ)

न हि प्रबुद्धः प्रतिभासदेहे
देहोपयोगिन्यपि च प्रपञ्चे ।
करोत्यहन्तां ममतामिदन्तां
किन्तु स्वयं तिष्ठति जागरेण ॥४५६॥

| | |
|---|---|
| प्रबुद्धः | = ઊંઘમાંથી ઊઠેલો માણસ |
| प्रतिभासदेहे | = સ્વપ્નના પ્રાતિભાસિક દેહમાં, |
| देहोपयोगिनि च | = તથા દેહને ઉપયોગી |
| प्रपञ्चे अपि | = (સમગ્ર સ્વપ્ન) પ્રપંચમાં પણ |
| अहन्तां ममतां इदन्ताम् | = 'હું'પણું, 'મારા'પણું કે 'આ'પણું |
| न हि करोति | = કરતો જ નથી |
| किन्तु | = પણ |
| स्वयं जागरेण तिष्ठति | = પોતે જાગ્રતભાવથી રહે છે. (અર્થાત્ જાગ્રત અવસ્થાના પદાર્થોને જ સત્ય માને છે.) |

(છંદ-ઉપજાતિ)

न तस्य मिथ्यार्थसमर्थनेच्छा
न संग्रहस्तज्जगतोऽपि दृष्टः ।
तत्रानुवृत्तिर्यदि चेन्मृषार्थे
न निद्रया मुक्त इतीष्यते ध्रुवम् ॥४५७॥

| | |
|---|---|
| तस्य | = તે જાગેલાને |
| मिथ्यार्थ–समर्थन–इच्छा न | = સ્વપ્નાવસ્થાના પદાર્થોનું મિથ્યાત્વ સાબિત કરવાની ઈચ્છા થતી નથી. |
| तत् जगतः | = તે(સ્વપ્ન) જગતના પદાર્થોનો |

संग्रहः अपि न दृष्टः = સંગ્રહ પણ (તેના દ્વારા થયેલો) જણાતો નથી.
तत्र यदि = પણ જો
मृषार्थे अनुवृत्तिः = મિથ્યા પદાર્થોનું અનુસરણ કરવાનો મોહ
चेत् = જો હજુ હોય તો
निद्रया न मुक्तः इति = સ્વપ્નનિદ્રાથી તે બરોબર જાગ્યો નથી એમ
ध्रुवम् = ચોક્કસ
इष्यते = માનવું જોઈએ.

(છંદ–ઉપજાતિ)

तद्वत् परे ब्रह्मणि वर्तमानः
सदात्मना तिष्ठति नान्यदीक्षते ।
स्मृतिर्यथा स्वप्नविलोकितार्थे
तथा विदः प्राशनमोचनादौ ॥४५८॥

तद्वत् = એવી જ રીતે
परे ब्रह्मणि वर्तमानः = પરબ્રહ્મભાવમાં જ રહેવાવાળો (જાગવાવાળો)
सत् आत्मना तिष्ठति = સતસ્વરૂપે જ સ્થિત રહે છે.
अन्यत् न ईक्षते = (તે બ્રહ્મ સિવાય) બીજું કંઈ જોતો જ નથી.
यथा स्वप्नविलोकितार्थे स्मृतिः = જેવી રીતે સ્વપ્નમાં જોયેલા પદાર્થોની સ્મૃતિ, સ્વપ્નથી જાગેલા પુરુષને રહે છે.
तथा विदः = તેવી રીતે જ્ઞાનીને પણ
प्राशनमोचनादौ = ભોજન તથા મળત્યાગ વગેરે (ક્રિયાઓની સ્મૃતિ રહેતી હોય છે.)

જેવી રીતે સ્વપ્નથી જાગેલાને જાગ્રત અવસ્થામાં સ્વપ્નદર્શન ખોટું જણાય છે, તેમ જાગ્રતમાં જે કંઈ અનુભવો થાય છે તે સર્વ કંઈ જ્ઞાનમાં

જાગેલો છે તેને અસત્ય જણાય છે.

જાગ્રત અવસ્થામાં આવેલા પુરુષને સ્વપ્નમાં તેણે અનુભવેલો પોતાનો પ્રાતિભાસિક દેહ અને દેહને ઉપયોગી અન્ય સામગ્રી, પદાર્થો કે પાત્રો વગેરે જેવો જે કંઈ સ્વપ્નપ્રપંચ દેખાય છે, તેમાંના કોઈને પણ તે પોતાનું માની તેમાં મમત્વ રાખતો નથી. જાગૃતિમાં તેવા કોઈ પદાર્થમાં **'इदं'** પણું અર્થાત્ "આ પદાર્થો મને દૃશ્ય છે, હું તેનો દૃષ્ટા છું, તેવો ભાવ પણ રાખતો નથી." તે જ પ્રમાણે માત્ર સ્વપ્નકાળે જ અનુભવાતા અને અન્યકાળે જેનો અભાવ થતો હોય તેવી પ્રાતિભાસિક સત્તાવાળા સ્વપ્નદેહમાં પણ તે અહંભાવ રાખતો નથી. ટૂંકમાં, સમગ્ર સ્વપ્નસૃષ્ટિ કે સ્વપ્નપ્રપંચ સાથે તેને અહંભાવ, મમભાવ કે **'इदं'** ભાવ હોતો નથી, પણ તે જાગ્રત અવસ્થાના પદાર્થોને જ સાચા માની જાગ્રતભાવથી રહે છે.

તદુપરાંત જે સ્વપ્નથી જાગી ગયો છે, તેને સ્વપ્ન અવસ્થાના તમામ પદાર્થો અસત કે મિથ્યા છે, તેવું પૂરવાર કરવાની ઇચ્છા પણ થતી નથી અને સ્વપ્નસૃષ્ટિના પદાર્થોનો તે સંગ્રહ કરતો હોય તેવું જણાતું નથી. તેમ છતાં જો સ્વપ્નના પ્રતિભાસિક કે મિથ્યા પદાર્થો પાછળ દોડવાની કે તેમાં આસક્ત રહેવાની વૃત્તિ જો હજુ તેનામાં ચાલુ જ હોય અર્થાત્ સ્વપ્નના પદાર્થોનો મોહ જો નષ્ટ ન થયો હોય તો, નિશ્ચિંત માનવું કે હજુ પણ તે સ્વપ્નની નિદ્રાથી બરાબર જાગ્યો નથી કે સ્વપ્નના પ્રાતિભાસિક પદાર્થોની આસક્તિમાંથી મુક્ત થયો નથી.

એવી જ રીતે જે પરબ્રહ્મભાવમાં અર્થાત્ "હું પરબ્રહ્મ છું," તેવા જ્ઞાનમાં જાગી ચૂક્યો છે અને પોતાના સત્સ્વરૂપમાં જ સ્થિત રહે છે, તે બ્રહ્મ સિવાય અન્ય કંઈ પણ જોતો નથી અર્થાત્ તેને શરીર, શરીરના કર્મ કે કર્મફળ, પ્રારબ્ધ ઇત્યાદિ કંઈ જ જણાતું નથી. તેમ છતાં સ્વપ્નથી જાગેલા પુરુષને જેમ સ્વપ્નમાં જોયેલા પદાર્થોની સ્મૃતિ રહે છે તેવી જ રીતે અવિદ્યા કે અજ્ઞાનની નિદ્રાથી જાગી ચૂકેલા જ્ઞાનીને પણ અજ્ઞાનકાળે શરીર દ્વારા કરેલી ભોજન કે મળત્યાગ જેવી ક્રિયાઓની સ્મૃતિ રહે છે. તેથી કોઈએ

એવી ભ્રાંતિમાં રહેવાની જરૂર નથી કે જ્ઞાન થયા બાદ જ્ઞાનીને ભોજન, મળ-ત્યાગ કે સ્નાનાદિ જેવી ક્રિયાઓનું ભાન રહેતું નથી અને તે સર્વ કંઈ ભૂલી ચૂક્યો હોય છે. વાસ્તવમાં તો જ્ઞાનીની તમામ ક્રિયાઓ સામાન્ય અજ્ઞાની વ્યક્તિ જેવી જ હોય છે. માત્ર તે બન્નેની દૃષ્ટિમાં જ ફેર હોય છે. જ્ઞાનીને જ્ઞાનમયી, સૂક્ષ્મ, શુદ્ધ અર્થાત્ પ્રપંચમુક્ત, અભેદ અને ઐક્યદૃષ્ટિ હોય છે, જ્યારે અજ્ઞાનીની સ્થૂળ, ભેદમયી, દ્વૈતદર્શન કરનારી અને પ્રપંચી દૃષ્ટિ હોય છે. જ્ઞાન થવાથી કંઈ જ્ઞાનીને શિંગડા ઉગતા નથી કે તેના માથા પાછળ પ્રકાશ ચકરાવા લેતો પણ નથી અગર જમતી વખતે જ્ઞાનીનો કોળિયો મોંના બદલે કાનમાં જતો નથી. તથા સૂતી વખતે તેની આંખો ખુલ્લી જ રહે અને તે સ્નાનાદિ ક્રિયાઓ ભૂલી જાય, તે તો મૂર્ખની મહાભ્રાંતિ સિવાય અન્ય કાંઈ જ નથી.

તાત્પર્યમાં, સ્વપ્નથી જાગેલા જાગ્રત પુરુષને સ્વપ્નપ્રપંચ સાથે લેશમાત્ર લેવાદેવા હોતી નથી. તે જ પ્રમાણે અવિદ્યા કે અજ્ઞાનની નિદ્રાથી જાગી ચૂકેલા જ્ઞાનીપુરુષને જાગ્રત અવસ્થામાં અજ્ઞાનકાળે અનુભવાતા ભૌતિક જગત કે જડ શરીર સાથેના કોઈ કર્મો સાથે કોઈ પણ પ્રકારનો સંગ કે સંબંધ હોતો નથી.

(છંદ–અનુષ્ટુપ)

**कर्मणा निर्मितो देहः प्रारब्धं तस्य कल्प्यताम् ।**
**नानादेरात्मनो युक्तं नैवात्मा कर्मनिर्मितः ॥४५६॥**

| | | |
|---|---|---|
| **देहः** | = | સ્થૂળ દેહ |
| **कर्मणा** | = | પ્રારબ્ધ કર્મથી |
| **निर्मितः** | = | નિર્માણ થયો છે. |
| **तस्य** | = | તેનું કારણ |
| **प्रारब्धम्** | = | પ્રારબ્ધ છે, |
| **कल्प्यताम्** | = | એમ સમજવું. |
| **अनादेः आत्मनः** | = | અનાદિ આત્માનું (પ્રારબ્ધ કહેવું) |

न युक्तम् = યોગ્ય નથી.
आत्मा कर्म–निर्मितः न एव = (કારણ કે) આત્મા કર્મથી નિર્માણ થયો જ નથી. '

(છંદ–અનુષ્ટુપ)

**अजो नित्य इति ब्रूते श्रुतिरेषा अमोघवाक् ।**
**तदात्मना तिष्ठतोऽस्य कुतः प्रारब्धकल्पना ॥४६०॥**

एषा श्रुतिः अमोघवाक् ब्रूते = શ્રુતિની અમોઘવાણી ઘોષણા કરે છે (કે)
अजः नित्यः इति = (આત્મા) અજન્મા અને નિત્ય છે (માટે)
तदात्मना तिष्ठतः अस्य = આત્મસ્વરૂપે સ્થિત રહેનાર આવા (જ્ઞાનીના)
प्रारब्ध–कल्पना कुतः = પ્રારબ્ધની કલ્પના (જ) ક્યાંથી સંભવે?

(છંદ–અનુષ્ટુપ)

**प्रारब्धं सिध्यति तदा यदा देहात्मना स्थितिः ।**
**देहात्मभावो नैवेष्टः प्रारब्धं त्यज्यतामतः ॥४६१॥**

यदा देहात्मना स्थितिः = જ્યાં સુધી 'દેહ આત્મા છે,' એવી (ભ્રાંત) સ્થિતિ હોય
तदा प्रारब्धं सिध्यति = ત્યાં સુધી પ્રારબ્ધકર્મ સિદ્ધ થાય (છે.)
देहात्मभावः = (જ્ઞાનીને) દેહમાં આત્મભાવ (હોવો)
न एव इष्टः = યોગ્ય જ નથી.
अतः = માટે (જ્ઞાનીના સંદર્ભમાં)
प्रारब्धं त्यज्यताम् = પ્રારબ્ધની ચર્ચા ત્યાગવા જેવી છે.

હવે પછીના ત્રણ શ્લોક દ્વારા પ્રમાણિત કે સિદ્ધ કરવામાં આવે છે કે જ્ઞાનીના દેહને જ પ્રારબ્ધ છે અને પ્રારબ્ધનો સંબંધ શરીર સાથે છે. જ્ઞાનીના આત્મા સાથે કદી નહીં.

સ્થૂળ દેહ, પ્રારબ્ધ કર્મથી નિર્માણ પામે છે, તેથી પ્રારબ્ધ જ દેહનું કારણ છે અને દેહ કાર્ય છે, એમ સમજવું જોઈએ. જ્યારે અનાદિ આત્માનો તો પ્રારબ્ધ સાથે કોઈ પણ સંબંધ હોઈ શકે નહીં. કારણ કે આત્મા પ્રારબ્ધ કર્મથી નિર્માણ થયેલો કે જન્મેલો નથી, તેથી આત્માનું કોઈ કારણ હોઈ શકે નહીં. આત્મા તો કાર્ય અને કારણથી વિલક્ષણ છે. જો આત્માને કર્મથી જન્મેલો માનીએ તો આત્મા કાર્ય થઈ જાય, પરંતુ તેવી વાત શાસ્ત્ર અને શ્રુતિવિરુદ્ધ હોઈ સ્વીકાર્ય નથી. ટૂંકમાં, શરીરને પ્રારબ્ધ છે, આત્માને નહીં.

શ્રુતિની અમોઘ વાણી દર્શાવે છે કે આત્મા અજન્મા અને નિત્ય છે, માટે આત્મસ્વરૂપે સ્થિત રહેનાર જ્ઞાનીને તો પ્રારબ્ધની કલ્પના પણ હોઈ શકે નહીં.

આમ, પોતાને આત્મા માનનાર જ્ઞાનીને પ્રારબ્ધ નથી, તે તો નિર્વિવાદ છે. છતાં જે કોઈ અજ્ઞાની છે અને અજ્ઞાનમાં જ્યાં સુધી તેને શ્લોકમાં જણાવ્યું છે તેમ **"यदा देहात्मना स्थितिः"** "જ્યાં સુધી દેહ આત્મા છે એવી ભ્રાંતસ્થિતિ હોય", **"तदा प्रारब्धं सिद्ध्यति"** "ત્યાં સુધી જ પ્રારબ્ધ કર્મ સિદ્ધ કે સાબિત થઈ શકે તેમ છે." અર્થાત્ જ્યારે 'હું દેહ છું,' એવી ભ્રાંતસ્થિતિ નિવૃત્ત થઈ જાય છે, ત્યારે પ્રારબ્ધની પણ નિવૃત્તિ કે નાશ સમજવો જોઈએ. તેવો પ્રારબ્ધનાશ માત્ર જ્ઞાનીને જ સંભવે, કારણ કે જ્ઞાનીને દેહમાં આત્મભાવ હોવો એ યોગ્ય કે ઈષ્ટ નથી. માટે જ્ઞાનીના સંદર્ભમાં તો પ્રારબ્ધની ચર્ચા જ છોડી દેવી જોઈએ.

નિષ્કર્ષમાં, પ્રારબ્ધ જો દેહનું કારણ છે, તો દેહ કાર્ય કહેવાય. દેહ જો કાર્ય છે તો દેહનું પ્રારબ્ધ ન કહેવાય પરંતુ પ્રારબ્ધનો દેહ છે, તેવું કહેવું જોઈએ. કારણ કે દેહનું પ્રારબ્ધ કહેવાથી તો દેહ દ્વારા પ્રારબ્ધ જન્મે છે એવો અર્થ થાય, પરંતુ પ્રારબ્ધ કર્મના ફળ ભોગવવા માટે દેહ જન્મે છે, તેવું કથન કદાચ વધુ યોગ્ય ગણી શકાય અને તેવા ન્યાયે પ્રારબ્ધને દેહ છે તેવું સ્વીકારવું પડે. તેવા સ્વીકારમાં સ્પષ્ટ થાય છે કે પ્રારબ્ધ જો પૂર્ણ થાય

તો દેહ ટકી શકે નહીં કારણ કે પ્રારબ્ધથી જ દેહ જન્મેલો છે. પરંતુ જેનો જન્મ પ્રારબ્ધથી થયો નથી, તેની યાત્રા શરીર જેમ પ્રારબ્ધ પૂર્ણ થતાં અટકી શકે નહીં. તે ન્યાયે આત્મા પ્રારબ્ધ કર્મથી જન્મેલો નથી અને માટે જ જે કોઈ જ્ઞાની પોતાને આત્મસ્વરૂપે માને તેને ન તો પ્રારબ્ધ દ્વારા જન્મવું પડે કે પ્રારબ્ધ પૂર્ણ થતાં જીવનયાત્રા અટકાવવી પડે. આમ, પોતાને આત્મા માનનારને નથી પ્રારબ્ધ કે નથી પ્રારબ્ધની તેને કોઈ પણ પ્રકારની અસર, પરંતુ પ્રારબ્ધથી જે શરીર પેદા થાય અને તેવા શરીરને અજ્ઞાનમાં જે પોતાનું માને, તેવા અજ્ઞાનીને પ્રારબ્ધ હોય છે. જે જ્ઞાનીને દેહભાવનો અભાવ છે તેને પ્રારબ્ધનો સંગ કે સ્પર્શ નથી, પરંતુ અજ્ઞાનમાં પોતાને શરીર માનનારને પ્રારબ્ધ છે, તેથી નિ:સંદેહ પ્રારબ્ધ શરીરને જ છે.

(છંદ–અનુષ્ટુપ)

**शरीरस्यापि प्रारब्धकल्पना भ्रान्तिरेव हि ।**
**अध्यस्तस्य कुतः सत्त्वमसत्त्वस्य कुतो जनिः ।**
**अजातस्य कुतो नाशः प्रारब्धमसतः कुतः ॥४६२॥**

| | | | |
|---|---|---|---|
| **शरीरस्य अपि** | = શરીરના પણ | **असत्त्वस्य** | = જેની સત્તા નથી તેનો |
| **प्रारब्ध–कल्पना** | = પ્રારબ્ધની કલ્પના | **जनिः** | = જન્મ |
| **हि** | = પણ | **कुतः** | = ક્યાંથી સંભવે? |
| **भ्रान्तिः एव** | = ભ્રાંતિ જ (છે) | **अजातस्य** | = નહીં જન્મેલાનો |
| **अध्यस्तस्य** | = અધ્યસ્તની (શરીરની) | **नाशः कुतः** | = નાશ ક્યાંથી થાય? |
| | | **असतः** | = (અને) અસતનું |
| **सत्त्वम्** | = સત્તા | **प्रारब्धम्** | = પ્રારબ્ધ |
| **कुतः** | = ક્યાંથી હોય? | **कुतः** | = ક્યાંથી સંભવે? |

(છંદ–અનુષ્ટુપ)

**ज्ञानेनाऽज्ञानकार्यस्य समूलस्य लयो यदि ।**
**तिष्ठत्ययं कथं देह इति शंकावतो जडान् ।**
**समाधातुं बाह्यदृष्ट्या प्रारब्धं वदति श्रुतिः ॥४६३॥**

न तु देहादि सत्यत्वबोधनाय विपश्चिताम् ।
यतः श्रुतेरभिप्रायः परमार्थैकगोचरः ॥४६४॥

| | | | |
|---|---|---|---|
| **यदि** | = જો | **समाधातुम्** | = સમજાવવા માટે |
| **ज्ञानेन** | = જ્ઞાન વડે | **श्रुतिः** | = ઉપનિષદ |
| **समूलस्य** | = સંપૂર્ણ | **प्रारब्धम्** | = પ્રારબ્ધની(વાર્તા) |
| **अज्ञानकार्यस्य** | = અજ્ઞાનના કાર્યનો | **वदति** | = કહે છે. |
| **लयः** | = નાશ(થતો હોય તો) | **तु** | = પરંતુ |
| **अयम्** | = આ | **विपश्चिताम्** | = વિદ્વાનોને |
| **देहः** | = શરીર | **देहादि सत्यत्व** | = દેહાદિનું સત્યપણું |
| **कथम्** | = કેવી રીતે | **बोधनाय** | = સમજાવવા માટે |
| **तिष्ठति** | = રહે છે? | **न** | = નથી (કહ્યું) |
| **इति** | = આવી | **यतः** | = કારણ કે |
| **शंकावतः** | = શંકા કરનારા | **श्रुतेः** | = શ્રુતિનો |
| **जडान्** | = જડ બુદ્ધિવાળાને (અજ્ઞાનીઓને) | **अभिप्रायः** | = અભિપ્રાય |
| | | **परमार्थैकगोचरः** | = માત્ર પરમાર્થ |
| **बाह्यदृष्ट्या** | = બાહ્યદૃષ્ટિથી | | વસ્તુના બોધ માટે છે. |

અત્યાર સુધીની પ્રારબ્ધ સંદર્ભેની સૂક્ષ્મ વિચારણા દ્વારા એવું પ્રસ્થાપિત કરવામાં આવ્યું કે પ્રારબ્ધ અજ્ઞાનીને હોય છે અર્થાત્ જે અજ્ઞાની પોતાને શરીર સમજે છે, તેવા શરીરનું કારણ પ્રારબ્ધ હોવાથી શરીરને જ પ્રારબ્ધ પ્રભાવિત કરે, શરીરને જ પ્રારબ્ધ કર્મબંધનમાં નાંખે, શરીરને જ પ્રારબ્ધ પ્રમાણે સુખદુઃખ ભોગવવાં પડે, માટે શરીરને નિઃસંદેહ પ્રારબ્ધ છે. આવી રીતે શરીરના પ્રારબ્ધને ઠોકી બેસાડવાની શિક્ષણપદ્ધતિને શાસ્ત્રમાં અધ્યારોપ કહેવામાં આવે છે. એટલે કે પ્રારબ્ધ શરીરને છે, એવો આરોપ કે અધ્યારોપ કરી હવે પછીના ત્રણ શ્લોક દ્વારા અધ્યારોપનો અપવાદ અર્થાત્ નિવૃત્તિ કરવામાં આવે છે. વેદાન્તશિક્ષણની આવી અધ્યારોપ–અપવાદની બેજોડ શિક્ષણપ્રણાલિકાના અત્રે આપણને દર્શન થાય છે.

આદિ શંકરાચાર્યજી પ્રસ્તુત શ્લોકમાં ઘોષણા સાથે જણાવે છે કે શરીરને પ્રારબ્ધ છે તેવી વાત પણ અસત્ય કે મિથ્યા ભ્રાંતિ જ છે. **"शरीरस्यापि प्रारब्धकल्पना भ्रान्तिरेव हि"** કારણ કે શરીર તો આત્મા ઉપર અધ્યસ્ત છે અર્થાત્ આરોપ છે. જેવી રીતે માટી ઉપર ઘડો, ઈંટ, કોડિયાં કે નળિયાં જેવા નામ અને આકારો આરોપિત છે, ચલચિત્રના પડદા ઉપર અનેક પાત્રોના નામ અને આકારો આરોપિત કે અધ્યસ્ત છે, તેવી જ રીતે આત્મારૂપી અધિષ્ઠાન પર શરીરના નામ અને આકારો આરોપ, અધ્યારોપ કે અધ્યસ્ત છે, તેથી નામ અને આકારવાળા શરીરો જ જો સત્ય કે સાચુ અસ્તિત્વ ધરાવતા ન હોય તો, શરીરની પ્રારબ્ધની કલ્પના સાચી ક્યાંથી હોય? જે શરીરોને સાચી સત્તા કે અસ્તિત્ત્વ હોતું નથી તે તો માત્ર આરોપરૂપી ભ્રાંતિ જ છે તો જેનું અસ્તિત્વ જ નથી તે શરીરનો જન્મ કેવો? જો શરીર આરોપરૂપી ભ્રાંતિ છે, તો ભ્રાંતિને વળી સાચો જન્મ કયાં? આમ જો શરીર પણ સાંચેસાચું જન્મેલું જ નથી, તો તો શરીરનો નાશ પણ ક્યાંથી સંભવે? આમ વિચારતાં શરીર જો કલ્પના છે, ભ્રાંતિ છે, આરોપ છે, અધ્યસ્ત છે, તો તો તેનું અસ્તિત્વ છે જ નહીં અને માટે જ જે શરીરને પોતાનું અસ્તિત્વ છે જ નહીં, તેને વળી પ્રારબ્ધ કેવું? આ તો વંધ્યાપુત્રના લગ્નની હયાતી જેવું થયું કહેવાય. આમ વિચારતાં, નિઃસંદેહ જણાય છે કે પ્રારબ્ધ નથી શરીરને કે નથી શરીર પ્રારબ્ધનું અને અસંગ આત્માને તો પ્રારબ્ધનો સ્પર્શ પણ થઈ શકે તેમ નથી, તો પછી પ્રારબ્ધની વાતો શાસ્ત્રોએ ઊભી કરી શા માટે? સંતોએ પ્રારબ્ધની કથા સુણાવી કયા કારણે? શ્રુતિએ તેવી કથાની વ્યથાને સંગ્રહી કોના માટે? સ્મૃતિ અને પુરાણોએ તેવી જળોજથા વહેતી કરી કોના માટે? જો જ્ઞાન વડે સંપૂર્ણ અજ્ઞાનનો અને તેના કાર્યનો અર્થાત્ અજ્ઞાન દ્વારા જે કંઈ જન્મેલું છે તે સર્વનો જો નાશ થતો હોય તો તો આ શરીર પણ અજ્ઞાનથી જ જન્મેલું કહેવાય છે. તેથી શરીર અજ્ઞાનનું કાર્ય છે. એવું સમજી શકાય અને તો તો અજ્ઞાનના નાશમાં શરીર જેવા કાર્યનો નાશ જ થાય. તે ન્યાયે, જેને જેને જ્ઞાન થાય, તેનું તેનું અજ્ઞાન નષ્ટ થાય અને અજ્ઞાનના નાશ સાથે જ શરીરનો પણ નાશ જ થવો જોઈએ. છતાં એવું જોવામાં આવે છે કે આત્મજ્ઞાની પુરુષોને

જ્ઞાન થયું હોવા છતાં તેઓ શરીર સાથે જીવતા રહે છે. ખરી રીતે તો જ્ઞાન થતાંની સાથે શરીરનો નાશ થવો જોઈએ. આવી અનંત શંકાઓના ઉત્તરરૂપે અત્રે આદિ શંકરાચાર્યજી શ્રુતિસંમત વિચારો દ્વારા હવે સમાધાન આપે છે.

**"समाधातुं बाह्यदृष्ट्या प्रारब्धं वदति श्रुतिः ॥"**

''બાહ્ય કે ઉપલક દૃષ્ટિથી (અજ્ઞાનીઓને) સમજાવવા માટે જ શ્રુતિએ પ્રારબ્ધની વાત કરી છે'' જે જે લોકોને પોતાની સ્થૂળ કે જડ બુદ્ધિ હોવાને લીધે અને સૂક્ષ્મબુદ્ધિના અભાવમાં એવી શંકા જાગે કે જ્ઞાન થયા બાદ જો અજ્ઞાનનાશ થાય તો, શરીરનો પણ નાશ થવો જોઈએ. તેવી શંકાવાળાને સમાધાનાર્થે શ્રુતિ, શાસ્ત્ર કે ઉપનિષદોએ સમજાવ્યું છે કે જ્ઞાન થયા બાદ પણ જ્ઞાનીનું શરીર ટકી રહે છે કારણ કે શરીરને પ્રારબ્ધ હોય છે અને જ્યાં સુધી શરીર પ્રારબ્ધ કર્મ ભોગવીને પૂરા ન કરે ત્યાં સુધી શરીરની યાત્રાનો અંત આવી શકે નહીં. માટે જ જ્ઞાન થયા બાદ પણ શરીર, પ્રારબ્ધ ભોગવવા જીવે છે અને જ્ઞાની શરીરના કર્મો કે સુખદુઃખોને સાક્ષીભાવે જોયા કરે છે. તેથી શરીરના કર્મોનું બંધન જ્ઞાનીને બંધનકર્તા નથી, પરંતુ તેનો અર્થ એવો નથી કે જ્ઞાન થયા પછી જ્ઞાનીનું શરીર, કર્મ કરતું બંધ થઈ જાય. આ બધી વાતો શ્રુતિએ અજ્ઞાનીની શંકાના સમાધાન માટે કહેલી છે. કોઈએ એવું ન સમજવું કે શ્રુતિ કે ઉપનિષદનો હેતુ કે અભિપ્રાય પ્રારબ્ધનો ઉપદેશ આપવાનો અગર દેહ આદિને સત્યરૂપે સમજાવવાનો છે. વાસ્તવમાં તો શ્રુતિનો પરમ પાવન ઉદ્દેશ્ય અને અભિપ્રાય તો માત્ર પારમાર્થિક સત્ય વસ્તુ અર્થાત્ સચ્ચિદાનંદ આત્મા કે **'सत्यं ज्ञानं अनंतम्'** એવા બ્રહ્મનો બોધ કરાવવાનો જ છે.

પૂર્વે જણાવ્યું તેમ શ્રુતિએ અજ્ઞાનીની શંકાના સમાધાન માટે કહ્યું છે કે જ્ઞાની અથવા જીવન્મુક્ત જ્ઞાન થયા બાદ પણ જીવે છે કારણ કે શરીરને પ્રારબ્ધ ભોગવવાનું બાકી છે. તેવા સમાધાનથી એક અન્ય શંકા જો જાગે કે જીવન્મુક્તિ કે આત્મજ્ઞાન બાદ, જ્ઞાનીના શરીર દ્વારા જે કોઈ કર્મો થાય તે કર્મોનું ફળ ભલે જ્ઞાનીને ન મળે પણ કર્મનું ફળ ન મળે તેવું તો ન જ

બને. જો શ્રુતિ એવું કહે કે જ્ઞાન થયા બાદ જ્ઞાનીના શરીર દ્વારા થયેલાં કર્મોનું ફળ મળતું જ નથી, તો તો કર્મનો સિદ્ધાંત જ ખોટો થઈ જાય અને શાસ્ત્રોની વાણી અસત્ય છે, તેવી સંભાવના જન્મે. આવી શંકાના સમાધાનાર્થે કહ્યું છે કે **"सुहृदः पुण्यकृत्यां द्विषन्तः पापकृत्यां गृह्णन्ती ।"** જ્ઞાન થયા બાદ, જ્ઞાનીના શરીર દ્વારા કર્મ ન થાય તેવું નથી અને તેનું ફળ કોઈને ન મળે તેવું પણ નથી. તેથી નથી તો કર્મનો સિદ્ધાંત ખોટો પડતો કે શ્રુતિની વાત ખોટી ઠરતી. કારણ કે શ્રુતિએ ઉપર સમજાવ્યું તેમ, આત્મજ્ઞાન બાદ જ્ઞાનીના શરીર દ્વારા જે કોઈ શુભ કર્મો કે પુણ્ય કર્મો થાય છે તેનું ફળ જ્ઞાનીના સુહૃદને અર્થાત્ તેની સ્તુતિ, સેવા કે પૂજા કરનારા શિષ્ય કે ભક્તને પ્રાપ્ત થાય છે. આમ, જ્ઞાનીના શરીર દ્વારા થતાં સત્કર્મો જેવા આગામી કર્મનું ફળ આપોઆપ તેની સેવા કરનારા પાસે ચાલ્યું જાય છે અને તેના શરીર દ્વારા જે કંઈ અશુભ કર્મ કે પાપ કર્મ થાય, તેનું અશુભ ફળ જ્ઞાનીની નિંદા, દ્વેષ કે ટીકા કરનારા લોકોને પ્રાપ્ત થાય છે. આમ, જ્ઞાનીના ''પુણ્ય કર્મોનું ફળ તેના સુહૃદ અને પાપ કર્મોનું ફળ તેના નિંદકો ગ્રહણ કરે છે.'' શાસ્ત્ર પણ આવી જ વાતને સમર્થન આપે છે.

**"प्रारब्धं भोगतो नश्येत् शेषं ज्ञानेन दह्यते ।**
**शारीरं त्वितरत्कर्म तद्द्वेषिप्रियवादिनोः ॥"**

આત્મજ્ઞાન પછી શરીર પ્રારબ્ધ ભોગવવા ટકે છે અને ભોગથી જ પ્રારબ્ધ કર્મ નષ્ટ થાય છે, જ્યારે સંચિત કર્મ જ્ઞાનગ્નિમાં બળી જાય છે તથા શરીરના આગામી શુભકર્મનું ફળ જ્ઞાનીના પ્રિયવાદીઓને કે તેની સ્તુતિ કરનારાને મળે છે. જ્યારે જ્ઞાનીના શરીર દ્વારા થયેલા અશુભ આગામી કર્મનું ફળ જ્ઞાનીની નિંદા કરનાર કે તેનો દ્વેષ કરનારાને પ્રાપ્ત થાય છે. આમ, જ્ઞાનીના ત્રણે કર્મોનો નાશ થવાથી જ્ઞાની કર્મબંધનથી મુક્ત થઈ જાય છે.

શાસ્ત્રોએ, સંતોએ તથા શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોએ પ્રારબ્ધની કથા વાસ્તવમાં તો અજ્ઞાનીની વ્યથા દૂર કરવા માટે જ અને તેની સદીઓ જૂની શંકાની નિવૃત્તિ માટે જ કરેલી છે. તેમાં મુખ્યત્વે તો જીવન્મુક્ત કે જ્ઞાનીનું શરીર, જ્ઞાન થયા બાદ ટકે છે શા માટે? તેવી શંકાનું સમાધાન જો પ્રારબ્ધની

વાત કરવામાં ન આવે તો થઈ શકે નહીં. માટે જ પ્રારબ્ધની વાતો નકામી કે નિરર્થક નથી. બીજી બાબત એવી છે કે જયારે અજ્ઞાનીઓ રોતા કકળતા દુ:ખી થઈને સંતો પાસે આવે ત્યારે તેમના દુ:ખનું કારણ તેમનું પ્રારબ્ધ છે અને તેથી, પ્રારબ્ધ તો સૌ કોઈને ભોગવવું જ પડે. તેમાંથી કોઈ બચી શક્યું નથી, તેવો ઉત્તર સંતો આપે છે અને શ્રુતિસંમત દલીલો આપી આવા અનેક દુ:ખીજનોને પ્રારબ્ધ સમજાવી આશ્વાસન આપે છે. તથા દૃષ્ટાંત પણ આપે છે કે સ્વયં ભગવાન રામના પત્ની સીતાજીને રામે ગૃહત્યાગ કરાવેલો અને તેમણે રામથી જુદા રહી બે બે પુત્રોને જન્મ આપ્યો, એકાંતવાસ સહન કર્યો. અરે! સ્વયં ભગવાન રામે વનવાસ વેઠયો તો આપણે કોઈ દુ:ખથી બચી કેવી રીતે શકીએ? આમ, સંતો પ્રારબ્ધનો આશરો તો માત્ર અજ્ઞાનીને આશ્વાસન આપવા માટે લે છે અને મા શ્રુતિએ પણ લાગણીપૂર્વક મુમુક્ષુના દર્દ ઓછા કરવા માટે જ પ્રારબ્ધની અકથ્ય કથા કહી છે. તેથી કંઈ પ્રારબ્ધ સત્ય છે અને પ્રારબ્ધનો ઉપદેશ આપવાનો શ્રુતિ કે શાસ્ત્રોનો હેતુ નથી. જો પ્રારબ્ધનો સ્વીકાર ન કરીએ, તો જીવન્મુક્તના જીવનની શાસ્ત્રોએ કરેલી વાતો પણ ટકી શકે નહીં અને જયારે મોટા મોટા સંતો, જ્ઞાનીઓ કે ઋષિઓને અસાધ્ય રોગ લાગુ પડે છે, ત્યારે પણ લોકોને શંકા જાગે કે જ્ઞાનીને, જીવન્મુક્તને વળી કેવો રોગ? તો તેવી શંકાના સમાધાન માટે પણ કહેવાય છે કે એ તો જ્ઞાનીના શરીરનું પ્રારબ્ધ છે અને માટે શરીરને રોગ ભોગવવો પડે. જ્ઞાની તો શરીર, તેના રોગ, ભોગ કે યોગથી જળકમળવત છે.

નિષ્કર્ષમાં સમજવાનું કે જ્ઞાનીને નથી દેહ કે તેના સંચિત, આગામી કે પ્રારબ્ધ જેવા કર્મોનો સંગ કે તેમનું બંધન. છતાં પ્રારબ્ધ કર્મની વાત માત્ર જડ બુદ્ધિવાળા અને શંકાશીલ અજ્ઞાનીઓને આશ્વાસન આપવા માટે જ શાસ્ત્ર, શ્રુતિ અને સંતોએ પરોપકારાર્થે કહેલી છે.

(છંદ-અનુષ્ટુપ)

**परिपूर्णमनाद्यन्तमप्रमेयमविक्रियम् ।**
**एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥४६५॥**

| | | | |
|---|---|---|---|
| परिपूर्णम् | = પરિપૂર્ણ | अद्वयम् | = દ્વૈત વગરનું |
| अनाद्यन्तम् | = અનાદિ, અનન્ત | ब्रह्म | = બ્રહ્મ છે. |
| अप्रमेयम् | = અપ્રમેય | इह | = અહીં (બ્રહ્મમાં) |
| विक्रियम् | = વિકાર રહિત | किञ्चन | = કંઈ જ |
| एकं एव | = એક જ (એકમાત્ર) | नाना | = જુદું જુદું |
| | | न अस्ति | = નથી. |

(છંદ-અનુષ્ટુપ)

सद्घनं चिद्घनं नित्यमानन्दघनमक्रियम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥४६६॥

| | | | |
|---|---|---|---|
| सद्घनम् | = સદ્ઘન | अद्वयम् | = અદ્વિતીય |
| चिद्घनम् | = ચિદ્ઘન | ब्रह्म | = બ્રહ્મ (છે) |
| आनन्दघनम् | = આનંદઘન | इह | = અહીં |
| नित्यम् | = નિત્ય | किञ्चन | = કાંઈ પણ |
| अक्रियम् | = અક્રિય | नाना | = ભિન્ન ભિન્ન |
| एकं एव | = એક જ | न अस्ति | = નથી. |

(છંદ-અનુષ્ટુપ)

प्रत्यगेकरसं पूर्णमनन्तं सर्वतोमुखम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥४६७॥

| | | | |
|---|---|---|---|
| प्रत्यक् एकरसम् | = એક રસ પ્રત્યગાત્મા | अद्वयं ब्रह्म | = અદ્વૈત બ્રહ્મ (છે) |
| पूर्णं अनन्तम् | = પૂર્ણ અનંત | इह | = અહીં (બ્રહ્મમાં) |
| सर्वतोमुखम् | = સર્વ તરફ મુખવાળો | किञ्चन | = કંઈ જ |
| एकम् एव | = એક જ | नाना | = ભિન્ન ભિન્ન |
| | | न अस्ति | = નથી. |

(છંદ-અનુષ્ટુપ)

अहेयमनुपादेयमनाधेयमनाश्रयम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥४६८॥

| | | | |
|---|---|---|---|
| अहेयमनुपादेयम् | = અત્યાજ્ય અગ્રાહ્ય | अद्वयं ब्रह्म | = અદ્વૈત બ્રહ્મ (છે) |
| अनाधेयम् | = આધેય રહિત (નિષ્પ્રપંચ) | इह | = અહીં (બ્રહ્મમાં) |
| | | किञ्चन | = કંઈ જ |
| अनाश्रयम् | = આશ્રય વગરનું | नाना | = ભિન્ન ભિન્ન |
| एकं एव | = એક જ | न अस्ति | = નથી. |

(છંદ-અનુષ્ટુપ)

निर्गुणं निष्कलं सूक्ष्मं निर्विकल्पं निरञ्जनम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥४६९॥

| | | | |
|---|---|---|---|
| निर्गुणं निष्कलम् | = નિર્ગુણ-નિરવયવ | अद्वयं ब्रह्म | = અદ્વૈત બ્રહ્મ (છે) |
| सूक्ष्मम् | = સૂક્ષ્મ | इह | = અહીં (બ્રહ્મમાં) |
| निर्विकल्पम् | = નિર્વિકલ્પ | किञ्चन | = કંઈ જ |
| निरञ्जनम् | = નિર્મળ | नाना | = ભિન્ન ભિન્ન |
| एकं एव | = એક માત્ર | न अस्ति | = નથી. |

(છંદ-અનુષ્ટુપ)

अनिरूप्यस्वरूपं यन्मनोवाचामगोचरम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥४७०॥

| | |
|---|---|
| यत् | = જે |
| अनिरूप्यस्वरूपम् | = સ્વરૂપનું નિરૂપણ થઈ શકતું નથી (અને) |
| मनोवाचां-अगोचरम् | = મન અને વાણીથી અગ્રાહ્ય (છે.) |
| एकं एव | = (એવું) એક માત્ર |

| | |
|---|---|
| अद्वयं ब्रह्म | = અદ્વૈત બ્રહ્મ (છે) |
| इह | = અહીં (બ્રહ્મમાં) |
| किञ्चन | = કંઈ જ |
| नाना न अस्ति | = ભિન્ન ભિન્ન નથી. |

(છંદ-અનુષ્ટુપ)

**सत्समृद्धं स्वतः सिद्धं शुद्धं बुद्धमनीदृशम् ।**
**एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किञ्चन ॥४७१॥**

| | | | |
|---|---|---|---|
| सत् | = સત | **एकं एव** | = (એવું) એક માત્ર |
| समृद्धम् | = સમૃદ્ધિયુક્ત | **अद्वयं ब्रह्म** | = અદ્વૈત બ્રહ્મ (છે) |
| स्वतः सिद्धम् | = સ્વયંસિદ્ધ, | इह | = અહીં (બ્રહ્મમાં) |
| शुद्धम् | = શુદ્ધ, | किञ्चन | = કંઈ પણ |
| बुद्धम् | = જ્ઞાનસ્વરૂપ (અને) | नाना | = ભિન્ન ભિન્ન |
| अनीदृशम् | = જેના જેવું અન્ય કંઈ ન હોય એવું | **न अस्ति** | = નથી. |

## દ્વૈતનિષેધ

આદિ શંકરાચાર્યજીએ પ્રારબ્ધની સૂક્ષ્મ, તાત્ત્વિક અને વિલક્ષણ ચર્ચા કરી, જ્ઞાનીને પ્રારબ્ધ હોતું નથી તેમ જણાવી, જ્ઞાનીના પ્રારબ્ધનો નિષેધ દર્શાવી, જ્ઞાની આત્મજ્ઞાનની હૃદયગત્ પ્રજવલિત જ્વાળામાં, સંચિત, આગામી અને પ્રારબ્ધ, ત્રણે કર્મોને ભસ્મીભૂત કરે છે તેવું પ્રતિપાદિત કરી, જ્ઞાનીની જીવન્મુક્તિ સિદ્ધ કરી, તેની અપ્રતિમ સ્તુતિનું દર્શન કરાવ્યું. ત્યાર બાદ હવે પછીના સાત શ્લોક દ્વારા, જેમ પ્રારબ્ધનો નિષેધ કરેલો તેમ ભેદ કે દ્વૈતનો નિષેધ સમજાવે છે.

જગતના અધિષ્ઠાન જેવું જે પરિપૂર્ણ, અનાદિ, અનંત, અપ્રમેય, અવિકારી, સદ્‌ઘન, ચિદ્‌ઘન અને આનંદઘન અર્થાત્ સચ્ચિદાનંદ સ્વરૂપ, નિત્ય,

ક્રિયારહિત, અખંડ એકરસ, અંતરાત્મારૂપે કે પ્રત્યગાત્મારૂપે સ્થિત, પૂર્ણ, સર્વ દિશાઓમાં મુખવાળું અર્થાત્ સર્વ ભૂતમાત્રમાં સૂત્રાત્મા તરીકે અગર ચૈતન્ય તરીકે સ્થિત, ગ્રાહ્ય અને ત્યાજયરહિત અર્થાત્ અગ્રાહ્ય અને અત્યાજય છે, આધેયરહિત તથા અનાશ્રય છે, નિર્ગુણ, નિરવયવી, સૂક્ષ્મ, નિર્વિકલ્પ, નિર્મળ તથા નિરૂપણ ન થઈ શકે તેવું છે અને મન, વાણીથી અગ્રાહ્ય છે, સમૃદ્ધિયુક્ત છે, સ્વયંસિદ્ધ છે, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે અને જેના જેવું અન્ય કંઈ ન હોય તેવું અર્થાત્ અનુપમેય, એક, અદ્વિતીય બ્રહ્મ સિવાય કાંઈ પણ જુદું–જુદું કે બ્રહ્મથી ભિન્ન છે જ નહીં.

તાત્પર્યમાં, સૃષ્ટિની ઉત્પતિ પૂર્વે પણ બ્રહ્મ માત્ર જ અસ્તિત્વમાં હતું. સૃષ્ટિની ઉત્પત્તિ બાદ પણ ખરેખર, વાસ્તવમાં તો પારમાર્થિક સત્યના દૃષ્ટિકોણથી વિચાર કરતાં માત્ર બ્રહ્મ જ એક, અભેદ અને અદ્વિતીય સ્વરૂપે વિલસી રહ્યું છે; છતાં જે ભેદ દૃશ્ય છે તે તો માત્ર ઉપાધિના છે અને વ્યવહારિક સત્યના દૃષ્ટિકોણથી જ તેમને સ્વીકારવામાં આવેલા છે. પરંતુ તેવા કોઈ ઉપાધિભેદને અગર આરોપિત, નામરૂપના ભેદને તેમની પોતાની સ્વતંત્ર કે આગવી સત્તા કે સ્ફૂર્તિ હોતા નથી. ઉપરાંત તેવા સૌ ઉપાધિભેદો એક જ કાળે દૃશ્યમાન હોવાથી અને જ્ઞાનકાળે તેમનો બાધ થતો હોવાથી, તે સૌ ભેદોનું અનિત્યત્વ, મિથ્યાત્વ, અસત્ત્વ, પરિચ્છિન્નત્વ કે પ્રાતિભાસિકત્વ તો જગ જાહેર છે. આથી તેવા ભેદો, જુદાઈ કે દ્વૈતદર્શન તો માત્ર એક અજ્ઞાનકાળે જ અજ્ઞાનીને જ દૃશ્ય હોય છે. જ્ઞાનીની જ્ઞાનદૃષ્ટિમાં આવા સૌ ભેદ હોય છે તો ખરા, પરંતુ તેમની સત્તા પ્રાતિભાસિક હોય છે અને તે સૌ બાધિત સ્વભાવવાળા હોવાથી સત્ય જણાતા નથી. પરંતુ જ્ઞાનીને માત્ર એક, અખંડ, અભેદ, બ્રહ્મતત્ત્વ જ સર્વમાં સર્વકાળે, સર્વત્ર જણાય છે. આવું અભેદ જ્ઞાન થવું , એ જ આત્મજ્ઞાનમાં થયેલો દ્વૈતપ્રપંચનો પ્રલય કહેવાય છે. આવા જ્ઞાનોદયમાં જ ભેદસૃષ્ટિનો, અજ્ઞાનમય દૃષ્ટિનો મિથ્યા દર્શનંનો કે દ્વૈત ભૌતિકસૃષ્ટિ અને સ્વપ્નની કાલ્પનિક પ્રપંચી સૃષ્ટિનો પ્રલય થાય છે. તેથી નિર્વિવાદ નિષ્કર્ષ છે કે સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે પણ ભેદ નહોતો, ઉત્પત્તિ બાદ

પણ ભેદ તો નથી જ અને આરોપ, અધ્યારોપિત કે અધ્યસ્ત સૃષ્ટિનો બ્રહ્મરૂપી અધિષ્ઠાનમાં વિલય કે પ્રલય થવાથી પણ ભેદ અવશેષ રહેતો નથી. આવો ભેદનિષેધ સંતોની અનુભૂતિ છે, ન્યાયની યુક્તિ છે અને વેદોની શ્રુતિ છે.

(છંદ-ઉપજાતિ)

**निरस्तरागा निरपास्तभोगाः**
**शान्ताः सुदान्ताः यतयो महन्तः ।**
**विज्ञाय तत्त्वं परमेतदन्ते**
**प्राप्ताः परां निर्वृत्तिमात्मयोगात् ॥४७२॥**

| | |
|---|---|
| **निरस्तरागाः** | = (જે કોઈ પણ વસ્તુમાં) રાગરહિત છે |
| **निरपास्तभोगाः** | = (જેમણે) ભોગો છોડી દીધા છે, |
| **शान्ताः** | = (જેમના) ચિત્તના વિક્ષેપો શાંત થયા છે, |
| **सुदान्ताः** | = (જેઓ) સંયમી છે.(એવા) |
| **महन्तः यतयः** | = મહાશય યતિઓ |
| **एतत् परं तत्त्वं विज्ञाय** | = એ પરમતત્ત્વને જાણીને, |
| **अन्ते** | = છેવટે |
| **आत्मयोगात्** | = આત્મસાક્ષાત્કાર દ્વારા |
| **परां निर्वृत्तिम्** | = પરમનિવૃત્તિને (વિદેહમુક્તિને) |
| **प्राप्ताः** | = પામ્યા છે. |

## જ્ઞાનથી પરમનિવૃત્તિ

જેઓ ઈન્દ્રિયવિષયો કે ભૌતિક પદાર્થોમાંથી આસક્તિરહિત કે રાગમુક્ત થયા છે, જેમણે શારીરિક કે માનસિક તમામ ભોગોનો ત્યાગ કર્યો છે અને તેવા ત્યાગ દ્વારા જેમનાં ચિત્તગત વિક્ષેપો શાંત થયા છે, તેવા સંયમી કે જીતેન્દ્રિય યતિઓ જ પરમતત્ત્વને જાણીને છેવટે આત્મસાક્ષાત્કાર દ્વારા પરમનિવૃત્તિને પામે છે.

આવી પરમનિવૃત્તિ એટલે જ ભવસાગરતરણ કે સંસારચક્રના આવાગમનરૂપી ફેરાની સમાપ્તિ કે દૃશ્યપ્રપંચની આત્યંતિક નિવૃત્તિ. આવી નિવૃત્તિમાં જન્મ અને મૃત્યુની અગર કર્મ અને ફળની આવૃત્તિ પૂર્ણપણે નાશ પામે છે અને માટે જ આવી પરમનિવૃત્તિને જ શાશ્વત શાંતિ પણ કહેવાય છે.

(છંદ-ઉપજાતિ)

**भवानपीदं परतत्त्वमात्मनः**
**स्वरूपमानन्दघनं विचार्य ।**
**विधूय मोहं स्वमनः प्रकल्पितं**
**मुक्तः कृतार्थो भवतु प्रबुद्धः ॥४७३॥**

| | |
|---|---|
| **भवान् अपि** | = તું પણ |
| **इदं आत्मनः** | = આ પોતાના |
| **परतत्त्वम्** | = પરમતત્ત્વને (સ્વસ્વરૂપને) |
| **आनन्दघनं स्वरूपम्** | = આનંદઘનસ્વરૂપ |
| **विचार्य** | = વિચારીને (જાણીને) |
| **स्वमनः कल्पितं मोहम्** | = પોતાના મનથી કલ્પિત મોહનું |
| **विधूय** | = પ્રક્ષાલન કરી |
| **प्रबुद्धः मुक्तः कृतार्थः** | = આત્મજ્ઞાની, મુક્ત, કૃતકૃત્ય |
| **भवतु** | = થા. |

## શિષ્યને શિખામણ

કૃપાનિધિ સદ્ગુરુ શિષ્યને અનુગ્રહના અભિષેકથી પાવન કરવા માટે સાત શ્લોક દ્વારા સાંકેતિક સૂચનાઓ આપી તેનું દિવ્ય માર્ગદર્શન કરે છે.

હે શિષ્ય! પૂર્વે જણાવ્યું છે કે પરમતત્ત્વને જાણવાથી જીવભાવ, કર્મફળબંધન અને સંસારની આત્યંતિક નિવૃત્તિ થાય છે અને એવી નિવૃત્તિ

જ શાશ્વત શાંતિ કહેવાય છે, માટે તું પણ તારા પોતાના હૃદયસ્થ પરમતત્ત્વને આનંદઘનસ્વરૂપ તરીકે વિચારીને તારા મન દ્વારા કલ્પિત મોહ કે અજ્ઞાનનું પ્રક્ષાલન કરી આત્મજ્ઞાની તથા મુક્ત થઈ કૃતકૃત્ય થા.

આ પ્રમાણે શિષ્યને આત્મવિચારણા દ્વારા મનુષ્યજન્મનું અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરી જીવનની સાર્થકતા કે કૃતકૃત્યતા અનુભવવાનો સંદેશ આપવામાં આવ્યો છે.

(છંદ-ઉપજાતિ)

**समाधिना साधु विनिश्चलात्मना**
**पश्यात्मतत्त्वं स्फुटबोधचक्षुषा ।**
**निःसंशयं सम्यगवेक्षितश्चेच्छ्रुतः**
**पदार्थो न पुनर्विकल्पते ॥४७४॥**

| | |
|---|---|
| **समाधिना** | = સમાધિથી |
| **साधु** | = સારી રીતે |
| **विनिश्चलात्मना** | = ચિત્તને સ્થિર કરી |
| **स्फुटबोधचक्षुषा** | = સમ્યક્ જ્ઞાનરૂપી ચક્ષુથી |
| **आत्मतत्त्वम्** | = આત્મતત્ત્વને |
| **पश्य** | = જોઈ લે- (જાણી લે) |
| **श्रुतः पदार्थः** | = (કારણ કે) શ્રવણ કરાયેલ વસ્તુ |
| **निःसंशयम्** | = સંશયરહિત થઈ |
| **सम्यक् अवेक्षितः चेत्** | = જો સારી રીતે જાણી હોય તો |
| **पुनः न विकल्पते** | = તેમાં ફરી સંદેહ કે વિકલ્પ ઊઠતો નથી. |

હે શિષ્ય! સમાધિ દ્વારા તું સારી રીતે તારા ચિત્તને સ્થિર કરી સમ્યક્ જ્ઞાનરૂપી ચક્ષુથી આત્મતત્ત્વને જાણી લે, અર્થાત્ અપરોક્ષ રીતે આત્મા સાથે અભેદાનુભૂતિ કરી લે કારણ કે શ્રવણ કરાયેલી વસ્તુ સંશયરહિત થઈ

જો સારી રીતે જાણી હોય તો, તે જાણેલી વસ્તુમાં પુનઃ સંદેહ કે વિકલ્પ ઊઠતો નથી.

સદ્‌ગુરુ શિષ્યને માત્ર શ્રવણ દ્વારા જે પરોક્ષજ્ઞાન થયું હોય છે તેનાથી સંતુષ્ટ નહીં થવાની સૂચના આપે છે, કારણ કે શ્રવણરૂપી સાધનમાં અનેક પ્રકારના વિઘ્નો હોવાનો સંભવ હોય છે, તેથી શ્રવણજન્ય જ્ઞાનમાં સંકલ્પવિકલ્પ કે શંકાની દહેશત રહે છે. તદુપરાંત શ્રવણ દ્વારા શાસ્ત્રગત પરોક્ષજ્ઞાન જ થઈ શકે. માટે નિઃસંદેહ અપરોક્ષાનુભૂતિ માટે તો ચિત્તની એકાગ્રતા સાથે સમાધિ દ્વારા આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવો એ જ શિષ્ય, સાધક કે મુમુક્ષુ માટે ઈષ્ટ છે.

(છંદ–ઈન્દ્રવજ્રા)

**स्वस्याविद्याबन्धसम्बन्धमोक्षात्**
**सत्यज्ञानानन्दरूपात्मलब्धौ ।**
**शास्त्रं युक्तिर्देशिकोक्तिः प्रमाणं**
**चान्तः सिद्धा स्वानुभूतिः प्रमाणम् ॥४७५॥**

| | |
|---|---|
| **स्वस्य–अविद्याबन्ध–सम्बन्ध–** | = પોતાના અજ્ઞાનરૂપી બંધનનાં સંબંધથી |
| **मोक्षात्** | = મુક્તિ મળતાં |
| **सत्यज्ञानानन्दरूपात्म–लब्धौ** | = સત્ય, જ્ઞાન (ચિત) અને આનંદરૂપ આત્માની પ્રાપ્તિ થાય છે. |
| **शास्त्रं युक्तिः देशिकोक्तिः प्रमाणम्** | = તેમાં શાસ્ત્ર, યુક્તિ અને આચાર્યની ઉક્તિ પ્રમાણ (ગણાય છે.) |
| **अन्तः सिद्धा** | = તેમજ અંતઃકરણથી સિંદ્ધ થયેલો |
| **स्वानुभूतिः** | = પોતાનો અનુભવ |
| **प्रमाणम्** | = પ્રમાણ છે. |

હે શિષ્ય! તારા પોતાના અજ્ઞાનરૂપી બંધનના સંબંધથી મુક્તિ મળતાં સત, ચિત અને આનંદસ્વરૂપ આત્માની પ્રાપ્તિ થાય છે. તે બાબતમાં શાસ્ત્ર, યુક્તિ અને આચાર્યની ઉક્તિ કે ઉપદેશ પ્રમાણ ગણવામાં આવે છે. તે જ પ્રમાણે અંતઃકરણસિદ્ધ પોતાનો સ્વાનુભવ પણ આ વિષયમાં પ્રમાણ ગણાય છે.

સચ્ચિદાનંદ આત્માના સાક્ષાત્કાર વિષે જો શંકા જાગે તો શાસ્ત્ર કે શ્રુતિના વિધાનો કે મહાવાક્યો સાથે પોતાના અનુભવની ચકાસણી કરી જોવી. છતાં સમાધાન ન થાય તો ન્યાય કે તર્કની યુક્તિ સાથે પોતાના અનુભવનો સમન્વય છે કે નહીં તે તપાસી જોવું. તેમ છતાં સંદેહ કે શંકા અવશેષ રહે તો આચાર્ય કે સદ્ગુરુના ઉપદેશવાક્યોની અગર આચાર્યશ્રીની મદદ લઈ શંકાનું સમાધાન શોધવું. કારણ કે શાસ્ત્રયુક્તિ અને આચાર્યની ઉક્તિ અર્થાત્ સદ્ગુરુના ઉપદેશવાક્યોને આત્મસાક્ષાત્કારમાં પ્રમાણ માનવામાં આવ્યા છે અને સાથે પ્રત્યેક મુમુક્ષુનો આંતર સ્વાનુભવ તો પ્રમાણ હોય જ તેવું કહેવાની આવશ્યકતા રહેતી નથી.

(છંદ-અનુષ્ટુપ)

**बन्धो मोक्षश्च तृप्तिश्च चिन्ताऽऽरोग्यक्षुधादयः ।**
**स्वेनैव वेद्या यज्ज्ञानं परेषामानुमानिकम् ॥४७६॥**

**बन्धः मोक्षः च तृप्तिः–** = બંધન, મોક્ષ, અને સંતોષ
**चिन्ता–आरोग्य–क्षुधादयः च** = ચિંતા, આરોગ્ય અને ભૂખ-તરસ વગેરેને
**स्वेन एव वेद्याः** = પોતે જ જાણી શકે છે.
**यत् ज्ञानं परेषाम्** = જે (બંધન, મોક્ષાદિનું) જ્ઞાન છે તે અન્યને
**आनुमानिकम्** = (તો માત્ર) અનુમાન દ્વારા જ જણાય છે.

હે શિષ્ય! બંધન, મોક્ષ, સંતોષ, ચિંતા, આરોગ્ય તથા ભૂખ, તરસ વગેરેનું જ્ઞાન તો પોતાને જ થઈ શકે છે. પોતાને લાગેલી ભૂખ કે તરસ આદિનું જ્ઞાન, અન્યને કઈ રીતે થઈ શકે? છતાં ભૂખ્યા માણસનું મોં

જોઈ કે તરસે વલખાં મારતા અગર પાણી માટે આકુળ વ્યાકુળ થનારાની દશા જોઈ, અન્ય કોઈ તો ભૂખ કે તરસ બાબતનું અનુમાન જ કરી શકે. તેને કંઈ અન્યની ભૂખ-તરસનો સાક્ષાત્ અનુભવ કે પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકે નહીં. તેવી જ રીતે મોક્ષ કે મુક્તિનો અલૌકિક આનંદ, મુક્ત થયેલો જ જાણી શકે છે. માટે પ્રત્યેક મુમુક્ષુએ શાસ્ત્રાદિના પરોક્ષજ્ઞાન ઉપર મદાર રાખ્યા વિના અગર પોતાના સદ્દગુરુ મહાન જ્ઞાની છે તેથી પોતે પણ જ્ઞાની થઈ શકે તેવી ભ્રાંતિમાં રહ્યા વિના, પોતે જાતે જ મુક્તિની, મોક્ષની કે આત્મસાક્ષાત્કારની અવર્ણનીય ઉન્મત્ત દશાનો અપરોક્ષ રીતે અનુભવ કરવો જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**तटस्थिता बोधयन्ति गुरवः श्रुतयो यथा ।**
**प्रज्ञयैव तरेद्विद्वानीश्वरानुगृहीतया ॥४७७॥**

| | |
|---|---|
| **यथा श्रुतयः** | = શ્રુતિઓની જેમ |
| **गुरवः तटस्थिताः** | = ગુરુઓ તટસ્થ રહીને |
| **बोधयन्ति** | = બોધ આપે છે. (માટે) |
| **विद्वान्** | = વિદ્વાન (વિચારકે) |
| **ईश्वरानुगृहीतया** | = ઈશ્વરની કૃપાથી પ્રાપ્ત થયેલી |
| **प्रज्ञया तरेत्** | = બુદ્ધિથી સંસારસાગરને તરી જવો. |

હે શિષ્ય! નિઃસંદેહ એક વસ્તુ શ્રદ્ધાયુક્ત અને સંશયમુક્ત થઈ સદાને માટે સ્વીકારી લે અને તેનું વિસ્મરણ ન થાય માટે તારા અંતઃકરણની અદૃશ્ય શિલાઓ ઉપર શિલાલેખની જેમ કોતરી રાખ કે **"तटस्थिता बोधयन्ति गुरवः श्रुतयो यथा ।"** જેવી રીતે વેદો, વેદની શ્રુતિઓ કે ઉપનિષદો નિષ્પક્ષ થઈ તટસ્થ રીતે બંધનથી મુક્તિનો બોધ આપે છે તે જ રીતે સદ્દગુરુઓ પણ નિત્ય નિરંતર નિષ્પક્ષભાવમાં તટસ્થ રહીને જ બોધામૃતનું પાન કરાવે છે. માટે વિદ્વાન વિચારકે ઈશ્વરની કૃપાથી પ્રાપ્ત થયેલી સત્બુદ્ધિ દ્વારા

સંસારસાગરને તરી જવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

માતાના વાત્સલ્ય અને કરુણાને વર્ષાવતી તથા અજ્ઞાનના અંધારા દૂર કરી જ્ઞાનચક્ષુ પ્રદાન કરતી જનેતા જેવી શ્રુતિ અને અનંત જન્મોના પાપ કર્મોથી છોડાવી અધઃપતનનું દ્વાર બંધ કરી, આત્મોન્નતિનો પરમ માર્ગ દર્શાવનાર ગુરુજનોની અત્રે સ્તુતિ કરતા તેમની તટસ્થ જ્ઞાનદષ્ટિને આદિ શંકરાચાર્યજીએ જાણે પ્રણામ કર્યા હોય, તેવું અલૌકિક દર્શન થયા વિના રહેતું નથી.

તાત્પર્યમાં, દેવી શ્રુતિ, સદ્‌ગુરુ અને ઈશ્વરકૃપા દ્વારા જે શિષ્ય કે સાધક અલંકૃત થયેલો હોય, તેણે વિના વિલંબે પ્રમાદ ત્યાગી ભવસાગરના બંધનને તરી જવા તત્પરતાથી તૈયાર થવું જોઈએ.

(છંદ-અનુષ્ટુપ)

**स्वानुभूत्या स्वयं ज्ञात्वा स्वमात्मानमखण्डितम् ।**
**संसिद्धः सुसुखं तिष्ठेन्निर्विकल्पात्मनात्मनि ॥४७८॥**

| | |
|---|---|
| **स्वानुभूत्या** | = પોતાના અનુભવથી |
| **स्वयं स्वम्** | = પોતે જ પોતાને |
| **अखण्डितं आत्मानम्** | = અખંડ આત્મસ્વરૂપ |
| **ज्ञात्वा** | = જાણી કે અનુભવીને |
| **संसिद्धः** | = સિદ્ધિને વરેલો |
| **निर्विकल्पात्मना** | = કોઈ પણ વિકલ્પ-સંશયવગરનો થઈને |
| **आत्मनि** | = આત્મામાં |
| **सुसुखं तिष्ठेत्** | = સુખપૂર્વક સ્થિતિ કરે. |

હે શિષ્ય! પોતાના અનુભવ દ્વારા પોતે જ પોતાને અખંડ આત્મસ્વરૂપ સમજીને કે અનુભવીને સિદ્ધિને વરેલો, કોઈ પણ વિકલ્પ કે સંશય વગરનો થઈને આત્મામાં સુખપૂર્વક સ્થિતિ કરે, તે જ મુમુક્ષુનું અંતિમ

કર્તવ્ય છે.

પોતે પોતાના સ્વાનુભવ બળે જ પોતાનો સાક્ષાત્કાર કરીને નિઃસંદેહ સુખમય જીવન વ્યતીત કરી શકે છે. તેવો જ શાસ્ત્રનો, સંતોનો, શ્રુતિઓનો કે આપણી અમર પરંપરાનો અલૌકિક ઉપદેશ છે.

(છંદ–ઉપજાતિ)

**वेदान्तसिद्धान्तनिरुक्तिरेषा**
**ब्रह्मैव जीवः सकलं जगच्च ।**
**अखंडरूपस्थितिरेव मोक्षः**
**ब्रह्माद्वितीये श्रुतयः प्रमाणम् ॥४७६॥**

| | |
|---|---|
| **एषा वेदान्तसिद्धान्त निरुक्तिः** | = આ વેદાન્ત સિદ્ધાંતની ઘોષણા છે કે |
| **जीवः सकलं जगत् च** | = જીવ અને આખું જગત |
| **ब्रह्म एव** | = બ્રહ્મ જ છે. |
| **अखण्डरूपस्थितिः एव** | = અખંડ બ્રહ્માકાર સ્થિતિ જ |
| **मोक्षः** | = મોક્ષ છે. |
| **ब्रह्माद्वितीये** | = બ્રહ્મના અદ્વિતીયપણામાં |
| **श्रुतयः प्रमाणम्** | = શ્રુતિઓ પ્રમાણ છે. |

હે શિષ્ય! તું નિર્વિવાદ, અપવાદરહિત જાણી લે કે વેદાન્તના સિદ્ધાંતનો ઉપદેશ તો એટલો જ છે કે જીવ અને સમગ્ર જગત બ્રહ્મસ્વરૂપ જ છે. તથા અખંડ બ્રાહ્મીસ્થિતિમાં નિમગ્ન રહેવું, એ જ વાસ્તવમાં મોક્ષ કહેવાય છે. બ્રહ્મના અદ્વિતીયસ્વરૂપમાં કે અભેદ બ્રહ્મતત્ત્વના ઉપદેશમાં શ્રુતિના વાક્યો જ અંતિમ પ્રમાણ છે. છાંદોગ્ય ઉપનિષદ ઉપદેશ આપે છે કે

**" सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शांत उपासीत ।"**

જ્યારે મુંડકોપનિષદ સંકેત આપે છે કે **"ब्रह्मैवेदं विश्वम्"** ''બ્રહ્મ જ આ વિશ્વ છે.''અને મહોપનિષદ ઐક્યદર્શન કરાવતાં સૂચવે છે કે

**"जीवः शिवः शिवो जीवः स जीवः केवलः शिवः ।**
**तुषेण बद्धो व्रीहिः स्यात्तुषाभावेन तण्डुलः ॥**
**एवं बद्धस्तथा जीवः कर्मनाशे सदाशिवः ।**
**पाशबद्धस्तथा जीवः पाशमुक्तः सदाशिवः ॥"**

"જીવ શિવ છે, શિવ જીવ છે અને તે જીવ શિવ જ છે. જેવી રીતે ફોતરાંથી યુક્ત હોય ત્યારે ડાંગર કહેવાય છે અને ફોતરાંથી મુક્ત થતાં ચોખા કહેવાય છે તેવી રીતે કર્મથી બદ્ધ હોય ત્યારે જીવ અને કર્મનો નાશ થતાં સદાશિવ કહેવાય છે. આમ, બંધનયુક્ત જીવ છે અને બંધનમુક્ત સદાશિવ છે." સદ્‌ગુરુ શિષ્યને શિખામણ આપતા નિષ્કર્ષમાં જણાવે છે કે વેદાંતના સિદ્ધાંતો જ શાસ્ત્રોનો સાર છે, ગ્રંથોનું રહસ્ય છે, ઉપદેશનું તારતમ્ય છે, સદ્‌ગુરુની જીવનપદ્ધતિનો નિચોડ છે, શિક્ષાનું સામર્થ્ય છે, બ્રહ્મવિદ્યાનું દિવ્ય દાન છે, માટે વેદાન્તના સિદ્ધાંતોને શ્રુતિસંમત જાણી તેની કદી ઉપેક્ષા ન કરવી. વેદાન્તસિદ્ધાંતને અનુસરી જીવ, જગત અને ઈશ્વર જેવા સઘળા ઉપાધિભેદથી મુક્ત થઈ અખંડ, આત્મસ્થિતિમાં તન્મય રહેવાથી જ શરીરત્યાગ પૂર્વે જીવન્મુક્તિની અનુપમ દશા પ્રાપ્ત થાય છે.

(છંદ–પુષ્પિતાગ્રા)

**इति गुरुवचनात् श्रुतिप्रमाणात्**
**परमवगम्य सतत्त्वमात्मयुक्त्या ।**
**प्रशमितकरणः समाहितात्मा**
**क्वचिदचलाकृतिरात्मनिष्ठितोऽभूत् ॥४८०॥**

| | |
|---|---|
| **इति** | = એ પ્રમાણે |
| **श्रुतिप्रमाणात्** | = શ્રુતિ પ્રમાણિત |
| **गुरुवचनात्** | = સદ્‌ગુરુ વચનથી તથા |
| **आत्मयुक्त्या** | = સ્વાનુભવથી (પોતાની યુક્તિથી) |
| **सतत्त्वं परं अवगम्य** | = પરમાત્મતત્ત્વને બરાબર સમજીને |

| | |
|---|---|
| प्रशमितकरणः | = શાન્ત ઈન્દ્રિયોવાળો |
| समाहितात्मा | = સમાહિત ચિત્તવાળો, |
| अचलाकृति | = (અને) અવિચળસ્વરૂપ |
| क्वचित् | = (થયેલો) કોઈક (શિષ્ય) |
| आत्मनिष्ठितः अभूत् | = આત્મસ્વરૂપમાં નિષ્ઠાયુક્ત થયો. |

(છંદ-અનુષ્ટુપ)

**कञ्चित् कालं समाधाय परे ब्रह्मणि मानसम् ।**
**व्युत्थाय परमानन्दादिदं वचनमब्रवीत् ॥४८१॥**

| | |
|---|---|
| कञ्चित् कालम् | = કેટલોક વખત સુધી |
| परे ब्रह्मणि | = પરબ્રહ્મમાં |
| मानसं समाधाय | = ચિત્તને સમાધિસ્થ (કર્યા બાદ) |
| परमानन्दात् | = (તેવી) પરમાનન્દ સ્થિતિમાંથી |
| व्युत्थाय | = ઉત્થાન પામીને |
| इदं वचनं अब्रवीत् | = આવું સંભાષણ કરવા લાગ્યો કે |

## આત્મજ્ઞાનનું આશ્ચર્ય

ગ્રંથના પ્રારંભમાં પોતાની જિજ્ઞાસા સંતોષવા શિષ્યે નમન કરી આદરપૂર્વક શરણાગત થઈને પ્રશ્ન પૂછેલો કે **"को नाम बंधः कथमेष आगतः। कथं प्रतिष्ठास्य कथं विमोक्षः ।** [વિવેકચૂડામણી- ૫૧] ''બંધન એટલે શું? એ ક્યાંથી આવ્યું છે? તેની સ્થિતિ કેવી છે તથા કઈ રીતે બંધનથી મુક્તિ મળે?'' આવા પ્રશ્નોની શૃંખલાને સદ્‌ગુરુ સમક્ષ મૂકી એકાગ્રતાથી શ્રવણ કરવા તત્પર થાય છે, ત્યાંથી પ્રારંભી અત્યાર સુધી આપણે ગ્રંથના ઉપદેશપ્રવાસમાં જે કંઈ જોયું તેથી દિવા જેવું સ્પષ્ટ સમજાય છે કે સદ્‌ગુરુએ શિષ્યની શંકાના સમાધાનાર્થે ખૂબ જ વિસ્તારપૂર્વક સમગ્ર ગ્રંથ દ્વારા સદૃષ્ટાંત ઉત્તરો આપી શંકાને નિર્મૂળ કરી, ભવસાગરમાં ડૂબકાં ખાતા શિષ્યને

સંસારબંધનથી તારી તેના આત્મસ્વરૂપમાં નિમગ્ન કર્યો. ત્યારબાદ શિષ્ય પોતાની આત્મદશામાં સન્નિષ્ઠ થઈ એકાંતવાસનું સેવન કરી રહેવા લાગ્યો અને થોડા સમય બાદ પોતાની બ્રાહ્મી સ્થિતિથી ઉત્થાન પામી પોતાની અલૌકિક ચમત્કૃતિ અને આશ્ચર્યનું વર્ણન કરવા જાણે અધીરો થયો હોય તેમ અલૌકિક અનુભૂતિની અભિવ્યક્તિ કરવા તૈયાર થાય છે. તેનું બે શ્લોકમાં વર્ણન કરી ત્યારબાદ લગભગ ચાલીસ શ્લોક દ્વારા શિષ્યની આશ્ચર્યમય દશાનું વર્ણન કરવામાં આવે છે તથા તેની આત્મજ્ઞાનરૂપી અખૂટ સંપત્તિનો ખજાનો જાહેરમાં મુમુક્ષુઓના હિતાર્થે ખુલ્લો મૂકવામાં આવે છે.

એ પ્રમાણે શ્રુતિ પ્રમાણિત સદ્‌ગુરુના વચનોથી તથા સ્વાનુભવથી પરમાત્મતત્ત્વને બરાબર સમજીને ઇન્દ્રિયોને શાંત કરી, શાંત ચિત્તવાળો શિષ્ય સ્થિર અખંડાકારવૃત્તિવાળો થઈ, આત્મસ્વરૂપમાં સ્થિત થઈ ગયો અર્થાત્ એકાંતસેવન કરવા લાગ્યો.

થોડા વખત સુધી એકાંતસ્થળે રહેતાં રહેતાં પરબ્રહ્મમાં ચિત્તને સમાહિત કરીને સમાધિની અલૌકિક, અવસ્થાને પ્રાપ્ત કરી, પરમાનંદમાં સ્થિત થઈ ગયો. ત્યારબાદ પોતાની અવર્ણનીય આત્મસ્થિતિથી વ્યુત્થાન પામીને પોતાની આત્મસ્થ દશાનું વર્ણન કરવા તથા આશ્ચર્યજનક અનુભૂતિને વાચા આપવા તત્પર થઈ સંભાષણ કરવા લાગ્યો કે .......

(છંદ-ઉપજાતિ)

**बुद्धिर्विनष्टा गलिता प्रवृत्तिः**
**ब्रह्मात्मनोरेकतयाऽधिगत्या ।**
**इदं न जानेऽप्यनिदं न जाने**
**किं वा कियद्वा सुखमस्त्यपारम् ॥४८२॥**

**ब्रह्मात्मनाः एकतया** = જીવ અને બ્રહ્મનું એકત્વ
**अधिगत्या** = જાણ્યા પછી

**बुद्धिः विनष्टा** = (મારી) બુદ્ધિવૃત્તિ નષ્ટ થઈ ગઈ છે.
**प्रवृत्तिः गलिता** = (અને) પ્રવૃત્તિ અટકી ગઈ છે
**इदं न जाने** = હું પ્રત્યક્ષને પણ જાણતો નથી (અને)
**अनिदं अपि न जाने** = 'અનિદમ્' અર્થાત્ પરોક્ષને પણ જાણતો નથી.
**अपारं सुखम्** = અપારસુખ, (અતિન્દ્રિય સુખ)
**किं वा कियद्** = કેટલું (અગાધ તથા) કેવું છે?
(તે પણ જાણતો નથી)

અહો! આશ્ચર્ય છે કે, હે ગુરુદેવ, બ્રહ્મ અને જીવાત્મા એક જ છે એવું જાણ્યા પછી મારી બુદ્ધિની વૃત્તિઓ નષ્ટ થઈ ગઈ છે અને તેથી પ્રવૃત્તિ અટકી ગઈ છે, શૂન્ય થઈ છે. હવે તો હું ''આ છે શું?'' તેવું જાણતો નથી અર્થાત્ જેને ''આ'', **"यह"**, "THIS", તથા **"इदम्"** થી જાણી શકાય તેવા સમગ્ર પ્રત્યક્ષ જગતને હું જોતો કે જાણતો નથી. અરે! જે કાંઈ અપ્રત્યક્ષ છે અર્થાત્ **"अनिदम्"**–''આ નથી'', તેવું પણ ખરેખર જાણતો નથી. આમ, પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષથી અજાણ હું અપાર, અતીંદ્રિય સુખ કેટલું અગાધ? તથા કેવું છે? તે પણ જાણતો નથી.

અહો! આજે મારા અસીમ આનંદની સીમા ક્યાં? મારા એકત્વદર્શનમાં અન્ય નથી તો પ્રવૃત્તિ ક્યાં? સર્વ દિશાઓમાં હું, હું અને હું જ છું તો વિષયભોગની દોડ ક્યા? અરે! મને કંઈ અપ્રાપ્ત જ નથી તો પ્રવૃત્તિથી મળે શું? મારી બુદ્ધિ અને ચિત્તની વૃત્તિશૂન્યતામાં નથી વિક્ષેપ કે અજંપો તો પ્રવૃત્તિનું કારણ ક્યાં? આશ્ચર્ય છે, નથી મારે કંઈ પ્રત્યક્ષ કે પરોક્ષ, તો જાણવાનું હવે જીવન પર્યંત બાકી શું?

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

**वाचा वक्तुमशक्यमेव मनसा मन्तुं न वा शक्यते**
**स्वानन्दामृतपूरपूरितपरब्रह्माम्बुधेर्वैभवम् ।**

अम्भोराशिविशीर्णवार्षिकशिलाभावं भजन्मे मनः
यस्यांशांशलवे विलिनमधुनाऽऽनन्दात्मना निर्वृतम् ॥४८३॥

| | |
|---|---|
| **स्वानन्दामृतपूर–पूरित–** | = પોતાના જ આનંદરૂપી અમૃતના પૂરથી પૂરિત |
| **ब्रह्माम्बुधेः वैभवम्** | = પરબ્રહ્મરૂપી સાગરના વૈભવને |
| **वाचा वक्तुं अशक्यं एव** | = વાણીથી ઉચ્ચારવો અશક્ય જ છે. |
| **मनसा मन्तुं न वा शक्यते** | = અને મનથી વિચાર કરવો પણ અશક્ય છે. |
| **अम्भोराशि–विशीर्ण–वार्षिकशिला** | =(જેમ) ચોમાસામાં પડતા કરા ગળી જઈ સાગરમાં તદ્રૂપ થઈ, |
| **यस्यांशांशलवे विलिनम्** | = તેના અંશના પણ અલ્પઅંશમાં ભળી જઈ તેમાં લય થઈ જાય છે. તેવા |
| **भावं भजन् अधुना मे मनः** | = ભાવને ભજી મારું મન હવે |
| **आनन्दात्मना निर्वृतम्** | = આનંદસ્વરૂપ થઈ શાન્તિને પ્રાપ્ત થયું છે. |

અહો! આશ્ચર્ય છે કે જેમ ચોમાસાની વર્ષામાં વરસતા બરફના કરા સાગરમાં પડી તદ્રૂપ થઈ અંશના પણ અલ્પ અંશમાં ભળી જઈ સાગરમાં લય પામે છે તેમ હવે તો મારું મન તેવા ભાવને ભજી, આનંદરૂપી સાગરમાં પડી, આનંદસ્વરૂપ થઈ ગયું છે. તથા પરમ નિવૃત્તિ પ્રાપ્ત કરી ચૂક્યું છે. હે ગુરુદેવ! હવે તો મારે માટે સ્વાત્માનંદરૂપી અમૃતના પૂરથી પરિપૂર્ણ પરબ્રહ્મરૂપી સાગરના વૈભવને વાણીથી વર્ણવવો શક્ય જ નથી. અરે! મનથી તો હવે તેનો વિચાર પણ અશક્ય છે.

અહો! અદ્‌ભુત આશ્ચર્ય! હું મને જ ન વર્ણવી શકું કે ન જણાવી શકું! હવે મારી અપરોક્ષ, અલૌકિક અદ્વૈતાનુભૂતિની અભિવ્યક્તિ ક્યાં? અરે! હવે તો મારી પરમ નિવૃત્તિરૂપી શાંતિમાં સમાધિ જેવી પ્રવૃત્તિ પણ ક્યાં અને કેવી? હું આત્મસ્વરૂપે અધિષ્ઠાન છું અને અધિષ્ઠાનરૂપે સ્વયં સમાધિસ્થ છું, પછી મારે લગાડવાવાળી અને છૂટવાવાળી કે સંસ્થાન કે વ્યુત્થાન

સમાધિ કેવી અને ક્યાં? મનરહિત મારે કેવો સમાધિનો સંકલ્પ અગર કેવો સમાધિથી ઉત્થાનનો વિકલ્પ? બ્રહ્માનંદરૂપી અમૃતના કે ચૈતન્યસાગરના એક અંશના પણ અલ્પ અંશમાં તદ્રૂપ થઈ લવલીન બનેલું મારું મન, એવું તો હવે શાંત થયું છે કે નથી તેને કંઈ વર્ણવવું, નથી કંઈ આલેખવું, અરે! નથી કંઈ કહેવું કે નથી મૌન રહેવું.

(છંદ-અનુષ્ટુપ)

**क्व गतं केन वा नीतं कुत्र लीनमिदं जगत् ।**
**अधुनैव मया दृष्टं नास्ति किं महदद्भुतम् ॥४८४॥**

| | |
|---|---|
| **अधुना एव** | = હમણાં જ |
| **मया दृष्टम्** | = મેં જોયેલું |
| **इदं जगत्** | = આ જગત |
| **क्व गतम्** | = ક્યાં જતું રહ્યું |
| **केन वा नीतम्** | = એને કોણ લઈ ગયું |
| **कुत्र लीनम्** | = એ ક્યાં ડૂબી ગયું |
| **किं महत् अद्भुतं न अस्ति** | = શું આ મહાન આશ્ચર્ય નથી! |

હે કૃપાનિધે! હમણાં જ મેં જોયેલું આ જગત ગયું ક્યાં? એ જગતને લઈ ગયું કોણ? અરે! ડૂબ્યું ક્યાં? શું આ મોટામાં મોટું અને મહાન, અદ્ભુત આશ્ચર્ય નથી?

આમ, શિષ્ય જાણે સદ્‌ગુરુનો મહિમા ગાતો હોય, એની ગરીમાને ગદ્‌ ગદ્‌ થઈ વંદના કરતો હોય તેમ, તેનો અગમ-નિગમ જેવો વિસ્મય પ્રગટ કરે છે અને પોતાની અદૃશ્ય અનુભૂતિની અકથ્ય કથાનું કથન કરે છે કે હું જ્યારે મારા મનને ડૂબાડી મારા આત્મસ્વરૂપમાં સમાધિસ્થ હતો ત્યારે મેં પૂર્વે જોયેલા જગતનું અપહરણ કર્યું કોણે? અરે! સમાધિમાં સંસ્થિત થયો તે પૂર્વે મેં જે જાણેલું તે કઈ રીતે અજ્ઞેય અને અજ્ઞાત બન્યું?

જે ભવસાગરમાં અજ્ઞાનકાળે હું ડૂબકાં ખાતો હતો એ જ ભવસાગર અનાયાસે, અકસ્માતે, અચાનક જ શું ડૂબી ગયો? અને છતાં માત્ર હું એક જ અધિષ્ઠાનરૂપે તરતો રહ્યો? શું એ આશ્ચર્યનું અનંત આશ્ચર્ય નથી?

(છંદ-અનુષ્ટુપ)

**किं हेयं किमुपादेयं किमन्यत् किं विलक्षणम् ।**
**अखण्डानन्द पीयूष पूर्णे ब्रह्ममहार्णवे ॥४८५॥**

| | |
|---|---|
| **अखण्डानन्द पीयूष पूर्णे** | = અખંડ આનંદરૂપ અમૃતથી ભરેલા |
| **ब्रह्ममहार्णवे** | = બ્રહ્મસમુદ્રમાં |
| **किं हेयम्** | = શું ત્યાજય? |
| **किं उपादेयम्** | = કઈ વસ્તુ લેવા જેવી છે? |
| **किं अन्यत्** | = શું (બ્રહ્મથી) અન્ય છે (અને) |
| **किं विलक्षणम्** | = શું (બ્રહ્મથી) વિલક્ષણ છે? |

હે દયાસિન્ધો! મુજ અખંડાનંદસ્વરૂપ અમૃતથી ભરેલા બ્રહ્મસમુદ્રમાં ગ્રાહ્ય શું? અને ત્યાજય શું? મુજ બ્રહ્મથી અન્ય શું? કે વિલક્ષણ શું?

મને તો સર્વમાં હવે 'હું' જ દેખાય છે. માટે મારા દ્વારા મારું ગ્રહણ કેવું? કેવો મુજથી મારો ત્યાગ? મુજ અભેદ અખંડમાં કોણ મારાથી જુદું કે દૂર અને કોણ પાસે કે સમીપ? મુજ નિર્વિશેષમાં ક્યાં લક્ષણ કે કોણ વિલક્ષણ? મારી નિર્વિવાદ, નિરપેક્ષ દશામાં પોતીકાં કે પારકાં, સ્નેહી કે શત્રુઓ, અન્ય કે અનન્ય, ઇદમ્ કે અનિદમ્, ગ્રાહ્ય કે ત્યાજય, સ્થૂળ કે સૂક્ષ્મ, વ્યાપ્ત કે અવ્યાપ્ત, અણુ કે મહાન સદ્‌ગતિ કે અવગતિ, પાપ કે પુણ્ય જેવી સાપેક્ષતા નામશેષ થયેલી છે. તેથી, નથી હું સ્નેહી માટે પાસે કે શત્રુ માટે દૂર, ન જાણો તો હું દૂરથી પણ સુદૂર અને જાણો તો હું આપ સૌની ભીતરમાં પાસેમાં પાસે.

(છંદ-અનુષ્ટુપ)

**न किञ्चिदत्र पश्यामि न शृणोमि न वेद्‌म्यहम् ।**
**स्वात्मनैव सदानन्दरूपेणास्मि विलक्षणः ॥४८६॥**

| | |
|---|---|
| **अहम्** | = હું |
| **अत्र** | = અહીં (જ્ઞાનનિષ્ઠામાં) |
| **किञ्चित्** | = બ્રહ્મ સિવાય કાંઈ પણ |
| **न पश्यामि** | = જોતો નથી, |
| **न शृणोमि, न वेद्मि** | = સાંભળતો નથી કે જાણતો નથી. |
| **सदानन्दरूपेण स्वात्मना एव** | = સર્વદા પોતાના જ આત્માનંદરૂપે |
| **विलक्षणः अस्मि** | = હું (સૌથી) વિલક્ષણ છું. |

હે કરુણાવતાર! હું મારી સમાધિસ્થ દશામાં બ્રહ્મ સિવાય કંઈ પણ જોતો, શ્રવણ કરતો કે જાણતો નથી. પરંતુ સર્વદા પોતાના આત્માનંદરૂપે જ હું સૌથી વિલક્ષણ કે ન્યારો થઈ ગયો છું.

હવે નથી હું શ્રોતા કે બચે મારે કંઈ શ્રોતવ્ય. નથી હું વક્તા કે શેષ રહે મારે વક્તવ્ય, નથી હું દ્રષ્ટા કે હોય મારે કંઈ દૃષ્ટવ્ય, નથી હું જ્ઞાતા કે અવશેષ રહે કંઈ જ્ઞાતવ્ય. હું તો તે સૌથી ન્યારો છું, વિલક્ષણ છું, છતાં શ્રોતવ્યમાં સૂર હું, દ્રષ્ટવ્યમાં અદૃશ્ય હું, જ્ઞાતવ્યમાં અજ્ઞેય હું અને વક્તવ્યમાં વાચાતીત હું. સર્વ ભ્રમણા અને ભ્રાંતિઓનું અધિષ્ઠાન બ્રહ્મ હું.

(છંદ-રથોદ્ધતા)

**यत् कटाक्षशशिसान्द्रचन्द्रिकापातधूतभवतापजश्रमः ।**
**प्राप्तवानहमखण्डवैभवानन्दमात्मपदमक्षयं क्षणात् ॥४८७॥**

(છંદ-ઉપજાતિ)

**नमो नमस्ते गुरवे महात्मने विमुक्तसङ्गाय सदुत्तमाय ।**
**नित्याद्वयानन्दरसस्वरूपिणे भूम्ने सदापारदयाम्बुधाम्ने ॥४८८॥**

| | |
|---|---|
| **यत् कटाक्षशशिसान्द्र–चन्द्रिकापात–** | = જેમનો કૃપાકટાક્ષ ચંદ્રની ચાંદની જેવો શીતળ છે, તે પડતાં |
| **धूतंभवतापजश्रमः** | = સંસારજન્ય સંતાપરૂપી શ્રમ નિવૃત્ત થતાં જ |
| **अहं क्षणात् अखण्ड–वैभवानन्दम्** | = હું ક્ષણવારમાં અખંડ વૈભવરૂપી આનંદ તથા |
| **अक्षयं आत्मपदं प्राप्तवान्** | = અવિનાશી આત્મપદને પ્રાપ્ત થયો છું. |
| **विमुक्त–सङ्गाय सत्–उत्तमाय** | = (એવા) સંગ રહિત, સંત શિરોમણિ, |
| **नित्य–अद्वयानन्द–रसस्वरूपिणे** | = નિત્ય, અદ્વિતીય– આનંદરસસ્વરૂપ |
| **सदा भूम्ने अपार–दयाम्बुधाम्ने** | = નિત્ય, પૂર્ણ અને અપાર દયાસાગર |
| **महात्मने गुरवे ते नमः नमः** | = મહાત્મા ગુરુદેવ આપને વારંવાર નમસ્કાર હજો. |

જેમનો કૃપાકટાક્ષ ચંદ્રની ચાંદની જેવો શીતળ છે તેમનો સ્પર્શ થતાં જ સંસારજન્ય સંતાપરૂપી શ્રમ નિવૃત્ત થવાથી મને ક્ષણવારમાં અખંડ વૈભવરૂપી આનંદ તથા અવિનાશી આત્મપદની પ્રાપ્તિ થઈ છે. આવું આત્મપદ પ્રદાન કરનારા અનાસક્ત સંતશિરોમણિ, નિત્ય, અદ્વિતીય, આનંદસ્વરૂપ, અતિ મહાન, નિત્ય અને અપાર દયાસિન્ધુ મહાત્મા ગુરુદેવને મારા વારંવાર નમન હજો.

પરમાત્મા જ્યારે કોઈ પણ સાધક, મુમુક્ષુ કે શિષ્ય પર કૃપા કરવા ધારે છે ત્યારે સ્વયં તો શિષ્ય કે મુમુક્ષુ પ્રત્યે અનામી અને નિરાકાર હોવાને કારણે પ્રત્યક્ષ થઈ શકતા નથી. તેથી જ નામ અને આકારવાળો દેહ ધારણ કરી, સાકાર બને છે અને સદ્‌ગુરુની ઉપાધિ ગ્રહણ કરી શિષ્યના

દોષ દૂર કરવા, અંતઃકરણ શુદ્ધ કરવા, ચિંતન-મનનરૂપી તપશ્ચર્યાનો આકરો ગહન માર્ગ દર્શાવવા મ્હેણા, ટોણાં કે કટાક્ષના શબ્દબાણથી શિષ્યને વીંધે છે અને તેના અહંકારનું, મમત્વનું, ખોટા તાદાત્મ્યનું ભેદન કરી તેની અનાત્મ-તાદાત્મ્યરૂપી આસક્તિને દૂર કરી, તેને પાવન કરે છે. જે કોઈ સદ્‌ગુરુના કૃપાકટાક્ષને અપરિપક્વતામાં, અણસમજમાં કે દુર્ભાગ્યને વશ થવાથી શ્રાપ સમજે તે પોતાની ભીતર રહેલા આનંદસાગરથી જ સુદૂર જઈ કિનારે ખડો થઈ જાય છે પરંતુ અમૃતાનંદના એક બિંદુનું પણ આચમન તરીકે પાન કરી શકતો નથી. કેવી દુર્દશા અભાગિયાની ? કે પોતાની ભીતર ભર્યો આનંદનો દરિયો અને પોતે જ કિનારે ઊભો તરસે મરે આનંદથી અને ભડકે બળે દુઃખની જવાળાથી પરંતુ સદ્‌ભાગ્યે જે કોઈ સદ્‌ગુરુના કૃપાકટાક્ષરૂપી ઉપદેશને આશીર્વાદ સમજે તેને તો ચંદ્રની શીતળ ચાંદની જાણે પોતા પર મબલખ મટુકીઓ દ્વારા ગુરુપૂર્ણિમાની રાતે પોતાના પર અમૃતનો અભિષેક કરતી હોય તેવું અનુભવાય છે. કારણ કે સદ્‌ગુરુના કટાક્ષને સત્‌શિષ્ય કરુણા સમજે છે અને માટે જ તેવો કરુણાપાત્ર જાણે છે કે જેવી રીતે રાતના અંધારામાં પણ ભગવાન સૂર્યને પૃથ્વીના લોકો પ્રત્યે પ્રગટ થવું હોય તો શીતળ શશીનો જ સહારો લેવો પડે છે. શશી દ્વારા જ ધગધગતા વૈશ્વાનર અગ્નિ જેવો સૂર્ય શીતળ થઈ રાતે વસુંધરાને ઠારે છે. તથા દિવસે સૌને બાળતો, અકળાવતો, ત્રાહિ મામ્ કરાવતો સૂર્ય જ નિશાના અંધારાને પોતાનામાં લપેટી ચંદ્રરૂપે પ્રગટ થાય છે. તેવી જં રીતે ઈશ્વરને પણ સંસારના સંતાપથી તપ્ત થયેલાં મુમુક્ષુને જ્ઞાનરૂપી ચાંદનીનો પારસ સ્પર્શ કરાવવા સદ્‌ગુરુરૂપે જ પ્રગટ થવું પડે છે અગર અવતરવું પડે છે. આમ સત્‌શિષ્ય તો શ્રદ્ધાપૂર્વક સમજી ચૂક્યો હોય છે કે પરમાત્મા પ્રખર સૂર્ય જેવા છે. તેથી અર્જુને જે ભૂલ કરી, સીધેસીધું વિરાટ દર્શન માગ્યું અને પાછળથી પસ્તાયો તેવું આપણે ન કરીએ અને સીધેસીધા સૂર્ય સમીપ જવાને બદલે સાક્ષાત્ સૂર્યને જ શશી દ્વારા સંપન્ન થઈએ અને સૂર્યના જ દઝાડતાં પ્રકાશને શીતળ બનાવી ઝીલીએ, તેમ પરમાત્માના વિરાટ અને સમષ્ટિસ્વરૂપને, વ્યષ્ટિ અને વ્યક્તિ જેવા સદ્‌ગુરુ દ્વારા સંપન્ન થઈએ, તેમાં જ આત્મલાભ જેવો મહાન લાભ સમાયેલો

છે અને અતીંદ્રિય સુખ જેવું અનુપમેય સુખ પ્રાપ્ત થઈ શકે તેમ છે. જો સદ્‌ગુરુ દ્વારા પરમતત્ત્વને પામવામાં ભૂલ કરીશું તો પરમતત્ત્વ તો ચૂકી જ જવાશે અને પરમાત્માના વિરાટ સ્વરૂપનું અર્જુનની જેમ ગ્રહણ તો થઈ શકશે જ નહીં. જેમ ચંદ્રની ચાંદની છોડી સૂર્ય તરફ પ્રયાણ કરીશું તો ચાંદનીની શીતળતા અને સ્નેહ તો ચૂકી જ જઈશું અને સૂર્ય તરફ પહોંચતા પહેલાં તેનું ઝળહળતું આલિંગન મેળવતાં પૂર્વે જ ભસ્મ થઈ જઈશું. તેવી જ રીતે સીધેસીધા પરમાત્માની અજાણી દિશામાં ગુરુની ઉપેક્ષા કરી જો પ્રયાણ કરીશું તો સદ્‌ગુરુનું વાત્સલ્ય, સ્નેહ, સહાનુભૂતિ અને શીતલ શરણથી તો વંચિત થઈશું જ પરંતુ પરમાત્માને પામવાની દૃષ્ટિ પણ ખોઈ બેસીશું અને 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' જેવી ત્રિશંકુ દશામાં જ જીવનપર્યંત રખડવું પડશે. સંસાર હાથથી સરી જશે, સદ્‌ગુરુ દૃષ્ટિથી દૂર થશે અને સચ્ચિદાનંદ છતી આંખે ગુમનામ થશે. આવી સૌમ્ય, નિઃસંદેહ સમજ કે વિવેક જ શિષ્ય પર થયેલો સદ્‌ગુરુનો શીતળ ચાંદની જેવો અમૃતનો અભંગ અભિષેક છે.

(છંદ–અનુષ્ટુપ)

**धन्योऽहं कृतकृत्योऽहं विमुक्तोऽहं भवग्रहात् ।**
**नित्यानंदस्वरूपोऽहं पूर्णोऽहं त्वदनुग्रहात् ॥४८६॥**

**त्वत् अनुग्रहात्** = આપ ગુરુદેવની કૃપાથી
**अहं धन्यः** = હું ધન્ય બન્યો છું
**अहं कृतकृत्यः** = હું કૃતકૃત્ય થયો છું
**अहं भवग्रहात् विमुक्तः** = હું સંસારના બંધનથી વિમુક્ત થયો છું
**अहं नित्यानंदस्वरूपः** = હું નિત્ય આનન્દસ્વરૂપ છું
**अहं पूर्णः** = હું પૂર્ણ છું.

હે ગુરુદેવ! આપની કૃપાથી હું સંસારરૂપી કારાવાસથી કે મગરથી મુક્ત થયો છું. મને ધન્ય છે, હું કૃતકૃત્ય થયો છું. હું નિત્ય આનંદસ્વરૂપ થઈ પરિપૂર્ણ થયો છું.

હે ગુરુદેવ! અંતઃકરણથી શુદ્ધ થવાનું કે બુદ્ધિથી બુદ્ધ થવાનું મુજ પામરનું સામર્થ્ય ક્યાં? આપે તો આપના અનુગ્રહ પ્રસાદથી મને ધન્ય કર્યો, કૃતકૃત્ય કર્યો. હવે મારું કોઈ કર્તવ્યકર્મ શેષ રહેતું નથી તથા મેં નહીં કરેલાં અનેક કર્મોનું પુણ્ય પવિત્ર ફળ પણ મને પ્રાપ્ત થઈ ગયું છે. તેથી આરંભેલા અધૂરાં છે, તેવો ન તો અફસોસ છે અને ન કોઈ કર્તવ્યકર્મની વાંચ્છા છે. મારા હૃદયમાં આપે પ્રગટાવેલી જ્ઞાનજ્યોતિ દ્વારા હવે તો મારો અવિરત ચાલતો કર્મયજ્ઞ પરિપૂર્ણ થયો છે. આપે જે ઉપદેશ્યું છે કે "**सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते** " (ભ.ગીતા અ. ૪/૩૩) " હે પાર્થ, સર્વ કર્મ જ્ઞાનમાં સંપૂર્ણપણે સમાપ્ત થાય છે." તથા જે બહુશ્રુત છે, શ્રોત્રિય છે તેને તો કામના ન કરવા છતાંય તમામ કામનાઓ પરિપૂર્ણ થયેલી જણાય છે, તથા ઉદય ન પામેલી કામનાઓનું ફળ પણ મળી જાય છે. "**श्रोत्रिय च अकामहतस्य ।** " તદુપરાંત આપે જ રહસ્યનો પડદો ઊંચો કર્યો અને મેં ક્ષર શબ્દોમાં અક્ષર સંદેશ વાંચ્યો કે "**यत् ज्ञात्वा न पुनर्मोहम्** " (ભ.ગીતા અ. ૪/૩૫) " જે (આત્માને) જાણીને તું ફરી મોહરૂપી અજ્ઞાનને પામીશ નહીં." આમ, મારા મોહને દાહ દેનારા મારાં અનંતકોટિ કર્મોનો અગ્નિસંસ્કાર કરનારા આપને મારા અનંતકોટિ વંદન હો. આપની કૃપાથી વંચિત રહેનારો હે ગુરુદેવ ! કોઈ પણ જીવ કૃતકૃત્ય થઈ શકતો નથી, જ્યારે હું તો આપની કૃપાનો પ્રિયપાત્ર થયો છું માટે મને ધન્ય છે. મારા કર્મોએ મને ચર્મના વસ્ત્રો સાથે મનુષ્યનો આકાર આપ્યો, સંસારે મને આભૂષણો અને લાજ રાખવા વસ્ત્રોથી અલંકૃત કર્યો. પણ હે ગુરુદેવ ! આપે તો મને જ્ઞાન જેવા દિવ્યાંબરથી સુશોભિત કરી, સૌથી પવિત્રતમ બનાવ્યો. કારણ કે "અખિલ વિશ્વમાં જ્ઞાન જેવું પવિત્ર કરનારું અન્ય કંઈ જ નથી." "**न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।**" (ભ.ગીતા-૪/૩૮ ) અને માટે જ હું નિત્ય આનંદસ્વરૂપ અને પરિપૂર્ણ થયો છું. હે ગુરુદેવ! હું સમજતો નથી કે કઈ રીતે હું આપના ઋણથી મુક્ત થાઉં! કેવી રીતે આપની મહાનતાને નમન કરું! આપની કરુણાની પૂજા કરું કે આપની જ્ઞાનગરિમાની સ્તુતિ કરું ! મને તો એટલું જ સમજાય છે કે મારી પરિપૂર્ણતા જ આપનો મહિમા

છે, મારી મુક્તિ જ આપની ગરિમા છે. મારી કૃતકૃત્યતા જ આપનું અસંગત્વ છે અને મારી ધન્યતા આપની મહાનતા છે.

(છંદ-અનુષ્ટુપ)

असङ्गोऽहमनङ्गोऽहमलिङ्गोऽहमभङ्गुरः ।
प्रशान्तोऽहमनन्तोऽहमतान्तोऽहं चिरंतनः ॥४६०॥

अहं असङ्गः = હું સંગરહિત છું,
अहं अनङ्गः = હું સ્થૂળ શરીર વગરનો છું,
अहं अलिङ्गः = હું સૂક્ષ્મ દેહ રહિત છું.
अभङ्गुरः = (હું) નાશરહિત છું.
अहं प्रशान्तः = હું અત્યન્ત શાન્ત છું.
अहं अनन्तः = હું અનંત છું.
अहं अतान्तः = હું નિરીહ છું, ક્રિયાવિનાનો છું.
चिरंतनः = (અને હું ) પુરાતન છું.

(છંદ-અનુષ્ટુપ)

अकर्ताऽहमभोक्ताऽहमविकारोऽहमक्रियः ।
शुद्धबोधस्वरूपोऽहं केवलोऽहं सदाशिवः ॥४६१॥

अहं अकर्ता = હું અકર્તા છું,
अहं अभोक्ता = હું અભોક્તા છું,
अहं अविकारः = હું વિકારરહિત છું,
अक्रियः = (હું) અક્રિય છું
अहं शुद्धबोधस्वरूपः = હું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું.
अहं केवलः सदाशिवः = હું એક માત્ર સદાશિવ છું.

(છંદ-ઉદ્‌ગીતિ)

**दृष्टुः श्रोतुर्वक्तुः कर्तुर्भोक्तुर्विभिन्न एवाहम् ।**
**नित्यनिरंतरनिष्क्रियनिःसीमासङ्गपूर्णबोधात्मा ॥४६२॥**

**दृष्टुः** = જોનાર,
**श्रोतुः** = સાંભળનાર,
**वक्तुः** = બોલનાર,
**कर्तुः** = ક્રિયા કરનાર,
**भोक्तुः** = ભોગવનાર,
**अहं विभिन्नः एव** = (એ બધાથી) હું જુદો જ છું.
**नित्य–निरंतर–निष्क्रिय–** = (હું તો) નિત્ય, નિરંતર, ક્રિયારહિત,
**निःसीम–असङ्ग–** = હદ વગરનો, સંગરહિત અને
**पूर्णबोधात्मा** = પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છું.

હે સદ્‌ગુરુ ! આપની કરુણાદૃષ્ટિના પ્રતાપે જ હું અસંગ, અનંગ-સ્થૂળ શરીર વગરનો, અલિંગ- સૂક્ષ્મ શરીર વગરનો, અભંગુર-અવિનાશી, પ્રશાંત, અનંત, અતાંત- નિષ્ક્રિય, ચિરંતન-પુરાતન, અકર્તા, અભોક્તા, અવિકારી, અક્રિય, શુદ્ધ બોધસ્વરૂપ, અદ્વિતીય, સદાશિવ, સર્વદા કલ્યાણકારી, દૃષ્ટા, શ્રોતા, કર્તા, ભોક્તાદિથી ભિન્ન અને ન્યારો, નિત્ય, નિરંતર, નિષ્ક્રિય, અસીમ, અસંગ અને પૂર્ણજ્ઞાનસ્વરૂપ થયો છું. મારી જીવથી બ્રહ્મની યાત્રા, અસીમ ઉત્ક્રાન્તિ, ઉન્નત આરોહણ તથા અજ્ઞાન-અનાવરણસામર્થ્ય તે આપનું જ અમૃતમય વાત્સલ્ય છે.

(છંદ-ગીતિ)

**नाहमिदं नाहमदोऽप्युभयोरवभासकं परं शुद्धम् ।**
**बाह्याभ्यन्तरशून्यं पूर्णं ब्रह्माद्वितीयमेवाहम् ॥४६३॥**

**न अहं इदम्** = હું 'આ' નથી,

न अहं अदः अपि = હું 'તે(પેલું)' પણ નથી.
अहं उभयोः अवभासकम् = હું બન્નેનો પ્રકાશક
बाह्याभ्यन्तरशून्यम् = બહાર અને અંદર એવા ભેદ વગરનો,
पूर्णं अद्वितीयम् = પૂર્ણ, અદ્વિતીય
शुद्धं परं ब्रह्म एव = શુદ્ધ પરબ્રહ્મ જ છું.

(છંદ-ગીતિ)

निरुपममनादितत्त्वं त्वमहमिदमद इति कल्पनादूरम् ।
नित्यानंदकैरसं सत्यं ब्रह्माद्वितीयमेवाहम् ॥४६४॥

निरुपमं अनादितत्त्वम् = ઉપમારહિત, અનાદિતત્ત્વ
'त्वं–अहं–इदं–अदः इति = 'તું , હું' , આ, તે, એવી
कल्पनादूरम् = કલ્પનાથી દૂર,
नित्य–आनंदकैरसम् = નિત્ય આનંદ માત્ર એકરસસ્વરૂપ
सत्यम् = સત્ય (અને)
अद्वितीयम् = અદ્વિતીય
ब्रह्म एव अहम् = બ્રહ્મ હું જ છું.

(છંદ-ઉપજાતિ)

नारायणोऽहं नरकान्तकोऽहं
पुरान्तकोऽहं पुरुषोऽहमीशः ।
अखण्डबोधोऽहमशेषसाक्षी
निरीश्वरोऽहं निरहं च निर्ममः ॥४६५॥

अहं नारायणः = નારાયણ હું છું,
अहं नरकान्तकः = નરકાસુરને હણી નાંખનાર હું છું,
अहं पुरान्तकः = ત્રિપુરાસુરને મારનાર હું છું,

**अहं पुरुषः ईशः** = (પરમ) પુરુષ અને ઈશ્વર હું છું,
**अहं अखण्डबोधः** = અખંડ જ્ઞાનસ્વરૂપ હું છું,
**अशेषसाक्षी** = સર્વનો સાક્ષી (હું છું,)
**अहं निरीश्वरः** = મારા ઉપર કોઈની સત્તા નથી એટલે હું સ્વતંત્ર છું,
**निरहम्** = (હું) અહંતા વગરનો
**च निर्ममः** = અને મમતા વગરનો છું.

હું 'આ' નથી, 'તે' નથી છતાં પણ 'આ' અને 'તે' એવા બન્નેનો પ્રકાશક છું તથા અંદર અને બહાર જેવા ભેદથી શૂન્ય છું, પૂર્ણ અને એક જ શુદ્ધ પરબ્રહ્મ છું.

હું અનુપમેય, અનાદિતત્ત્વ, હું, 'હું' અને 'તું' જેવી કલ્પનાથી અતીત છું, નિત્ય આનંદરસસ્વરૂપ અને જે અદ્વિતીય તત્ત્વ છે તે જ બ્રહ્મ સ્વયં હું છું.

હે મુક્તિપ્રદાતા! હવે મારી નરથી નારાયણની કે જીવથી શિવની યાત્રા આપની કૃપાથી થંભી ગઈ છે, કારણ કે હું જ નરકાસુરને મારનાર નારાયણ છું, ત્રિપુરાસુરનો વધ કરનારો સ્વયં શંકર છું, હું જ ક્ષર અને અક્ષરથી પર એવો પરમ પુરુષ છું, કર્મફળદાતા ઈશ્વર છું. અરે! હું જ અખંડ જ્ઞાનસ્વરૂપ સર્વનો સાક્ષી, સર્વભાવે સ્વતંત્ર, અહંકાર અને મમત્વથી મુક્ત છું.

(છંદ–ઉપજાતિ)

**सर्वेषु भूतेष्वहमेव संस्थितो**
**ज्ञानात्मनाऽन्तर्बहिराश्रयः सन् ।**
**भोक्ता च भोग्यं स्वयमेव सर्वं**
**यद्यत्पृथग्दृष्टमिदन्तया पुरा ॥४६६॥**

| | |
|---|---|
| **ज्ञानात्मना** | = જ્ઞાનસ્વરૂપે |
| **आश्रयः सन् अहं एव** | = હું જ આશ્રયરૂપે હોવાથી |
| **अन्तः बहिः सर्वेषु भूतेषु** | = બધા પ્રાણીઓમાં અંદર-બહાર, |
| **संस्थितः** | = રહેલો છું |
| **पुरा यत् यत्** | = પૂર્વે જે જે |
| **पृथक् दृष्टं इदन्तया** | = 'આ' રૂપે જુદા જુદા જણાતા હતા, |
| **सर्वं भोग्यम्** | = (તે) સર્વ ભોગ્ય (પદાર્થો) |
| **भोक्ता च** | = અને ભોક્તા (પણ) |
| **स्वयं एव** | = હું જ છું. |

(છંદ-અનુષ્ટુપ)

**मय्यखण्डसुखाम्भोधौ बहुधा विश्ववीचयः ।**
**उत्पद्यन्ते विलीयन्ते मायामारुतविभ्रमात् ॥४६७॥**

| | |
|---|---|
| **अखण्डसुखाम्भोधौ मयि** | = અખંડ સુખના સાગર મારામાં |
| **बहुधा विश्ववीचयः** | = અનેક પ્રકારના જગતરૂપી તરંગો |
| **माया-मारुत-विभ्रमात्** | = માયારૂપી વાયુના ભ્રમણથી |
| **उत्पद्यन्ते विलीयन्ते** | = ઉત્પન્ન થાય છે, (અને) વિલીન થઈ જાય છે. |

હે દયાનિધે! હું જ આશ્ચર્યરૂપ હોવાથી સર્વ પ્રાણીઓમાં સર્વત્ર અંદર અને બહાર જ્ઞાનરૂપે રહેલો છું. ભોક્તા અને ભોગ્યની જેમ પૂર્વે જે જે પદાર્થો 'આ' અને 'તે' રૂપે કે 'આ' અને 'હું' રૂપે (**अहं** અને **इदं**રૂપે) જુદા જુદા જણાતા હતાં તે સર્વ, હવે તો હું પોતે જ છું તેવું જણાવાથી આશ્ચર્યોનું પણ આશ્ચર્ય અનુભવાય છે.

હવે તો અખંડ સુખના સાગર જેવા મુજમાં અનેક પ્રકારના જગતરૂપી તરંગો, માયારૂપી વાયુના ભ્રમણથી ઉત્પન્ન થાય છે, ઉછળે છે અને વિલીન પણ થઈ જાય છે. અર્થાત્ મુજ ચૈતન્યસાગરમાં જગતરૂપી

મોજાંઓ, ઉત્પત્તિ, સ્થિતિ અને લયની રમત રમ્યા કરે છે.

(છંદ-ઉપજાતિ)

**स्थूलादिभावाः मयि कल्पिता भ्रमा-**
**दारोपिता नु स्फुरणेन लोकैः ।**
**काले यथा कल्पकवत्सरायनर्त्वा-**
**दयो निष्कल निर्विकल्पे ॥ ४६८॥**

| | |
|---|---|
| **यथा** | = જેવી રીતે |
| **काले** | = કાળમાં |
| **कल्पक-वत्सर-अयन-ऋत्वादयः** | = કલ્પ, વર્ષ, અયન, ઋતુ વગેરે |
| **आरोपिताः** | = આરોપિત થાય છે (તેવી રીતે) |
| **निष्कल-निर्विकल्पे मयि** | = અવયવરહિત અને નિર્વિકલ્પ મારામાં |
| **लोकैः भ्रमात्** | = લોકો ભ્રમને કારણે |
| **स्फुरणेन** | = થતી સ્ફુરણાને લીધે (જ) |
| **नु** | = ખરેખર |
| **स्थूलादि भावाः** | = સ્થૂળ, (સૂક્ષ્મ) વગેરે ભાવોની |
| **कल्पिताः** | = કલ્પના કરે છે. |

જેવી રીતે અકળ, નિષ્કળ કે નિર્વિકલ્પ કાળમાં વાસ્તવમાં કોઈ વિભાગો છે જ નહીં છતાં કલ્પ, વર્ષ, અયન, ઋતુ, માસ, દિવસ, કલાક, મિનિટ, ક્ષણ જેવા વિભાગો કાળ ઉપર આરોપ માત્ર છે. તેવી જ રીતે નિર્વિકલ્પ, નિરવયવી મુજ અખંડ આત્મામાં કોઈ ખંડ કે ભેદ છે જ નહીં. છતાં અધ્યાસ, અજ્ઞાન કે ભ્રમને કારણે સ્ફુરેલી ભ્રમણાઓ દ્વારા જ લોકો મુજમાં સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ આદિની કલ્પના કરે છે.

નિષ્કર્ષમાં મુજ બ્રહ્મરૂપી અધિષ્ઠાનમાં સમગ્ર વિશ્વની કલ્પના આરોપિત છે અને હું તેવી કલ્પનાથી નિર્લેપ અને નિઃસંગ છું. તો મારામાં

સ્થૂળ અને સૂક્ષ્મ જેવી કલ્પના ક્યાં?

(છંદ-ઉપજાતિ)

**आरोपितं नाश्रयदूषकं भवेत्**
**कदापि मूढैर्मतिदोषदूषितैः ।**
**नार्द्रीकरात्यूषरभूमिभागं**
**मरीचिकावारिमहाप्रवाहः ॥४६६॥**

**मरीचिका–वारि–महाप्रवाहः** = જેમ ઝાંઝવાના જળનો મોટો પ્રવાહ
**ऊषरभूमिभागम्** = ત્યાંની ખારી જમીનને
**न आर्द्री करोति** = ભીની કરતો નથી
**मतिदोषदूषितैः मूढैः** = (તેમ) બુદ્ધિદોષને લીધે દૂષિત (ભ્રમિત) થયેલા મૂઢજનોએ
**आरोपितं कदा अपि** = આરોપિત કરેલી વસ્તુ ક્યારેય
**आश्रयदूषकं न भवेत्** = આશ્રયને (અધિષ્ઠાનને) દૂષિત કરનારી થતી નથી.

બુદ્ધિના દોષને લીધે, જેઓની બુદ્ધિ દૂષિત થઈ ગઈ છે તેવા મૂઢજનોએ, જેમાં કોઈ વસ્તુનો આરોપ કર્યો હોય તે આરોપિત વસ્તુ કોઈ પણ કાળે પોતાના આશ્રય કે અધિષ્ઠાનને દૂષિત કરી શકે નહીં. જેવી રીતે ઝાંઝવાના જળનો મોટો પ્રવાહ ત્યાંની ખારી જમીનને ભીની કરી શકે નહીં.

જેવી રીતે દોરીના બદલે દેખાયેલા સર્પનું ઝેર કંઈ દોરીને ચઢતું નથી. દોરી પોતે જ સર્પરૂપે દેખાતી હતી, તેવું જ્ઞાન થયા બાદ, દોરીને સ્પર્શ કરવાથી કોઈને કદીએ ઝેર ચઢ્યું હોય તેવું સાંભળ્યું છે ખરું? અગર ભ્રાંત-સર્પથી કોઈ મર્યો હોય તેવું જાણ્યું છે ખરું? જેમ ઝાંઝવાના જળમાં કોઈ ડૂબે નહીં તેમ પરબ્રહ્મ કે આત્મા ઉપર જે જગત આરોપિત છે તેમાં ડૂબે કોણ? કઈ રીતે? માત્ર કોઈ અતિ મૂઢ જ આરોપિત ભવસાગરમાં ડૂબી શકે, વિવેકીને તો ભવસાગર દૃશ્ય જ નથી, તો ડૂબવાનો પ્રશ્ન કેવો? જેમ

સુજ્ઞને સ્પષ્ટ છે કે નથી હું શરીર, તો મારે જન્મમૃત્યુનું કે દેશકાળનું બંધન ક્યાં? અને જો હું આત્મા છું તો તો નિત્યમુક્ત છું. મારે વળી મુક્તિનો પ્રશ્ન ક્યાં? પરંતુ કોઈ અજ્ઞ જ આત્મા ઉપર આરોપિત શરીરના બંધનને પોતાનું માની તેમાંથી મુક્ત થવા જીવનભર પ્રયત્ન કર્યા કરે છે અને જેમ આંધળો આંધળાને દોરે, તેમ અન્યને પણ મુક્તિના માર્ગે દોરે છે. વાસ્તવમાં શરીર તો આત્મા ઉપર આરોપિત છે અર્થાત્ ભ્રાંતિ છે. તેવી ભ્રાંતિ શું તેના અધિષ્ઠાન આત્માને બાંધી શકે ખરી? ચલચિત્રમાં કોઈ મુખ્ય નાયક કે અભિનેતા ખલનાયકના વસ્ત્રો ફાડી નાંખે, ચીરેચીરા કરી નાંખે તેથી કંઈ પડદો ફાટે ખરો? અરે ! ચલચિત્રમાં દેખાતા ધરતીકંપથી પડદામાં લેશમાત્ર હલનચલન જોવામાં આવતું નથી. તે જ પ્રમાણે આરોપિત શરીર ઇન્દ્રિયાદિની ક્રિયાઓથી નિષ્ક્રિય આત્મા કંઈ દૂષિત થઈને સક્રિય થતો નથી કે આંખના રોવાથી રોતો પણ નથી અને દેહના બળવાથી બળતો પણ નથી તથા આરોપના આવાગમનથી નથી થાકતો, વૃદ્ધિ પામતો કે નષ્ટ થતો. તાત્પર્યમાં નશ્વર આરોપ શાશ્વત અધિષ્ઠાન આત્માને લેશમાત્ર હાનિ પહોંચાડી શકે તેમ નથી.

(છંદ–ઇન્દ્રવજ્રા)

**आकाशवल्लेपविदूरगोऽह–**
**मादित्यवद्भास्यविलक्षणोऽहम् ।**
**अहार्यवन्नित्यविनिश्चलोऽह–**
**मम्भोधिवत्पारविवर्जितोऽहम् ॥५००॥**

**अहं आकाशवत्** = હું આકાશની જેમ
**लेपविदूरगः** = નિર્લેપ છું.
**अहं आदित्यवत्** = હું સૂર્યની જેમ (સ્વયંપ્રકાશ હોવાથી)
**भास्य विलक्षणः** = પ્રકાશિત વસ્તુથી જુદો છું.
**अहं अहार्यवत् नित्य विनिश्चलः** = હું પર્વતની જેમ નિત્ય અચલ છું;
**अहं अम्भोधिवत् पारवर्जितः** = હું સાગરની જેમ પાર વગરનો–અપાર છું.

(છંદ-અનુષ્ટુપ)

**न मे देहेन सम्बन्धो मेघेनेव विहायसः ।**
**अतः कुतो मे तद्धर्माः जाग्रत्स्वप्नसुषुप्तयः ॥५०१॥**

**मेघेन विहायसः इव** =જેમ આકાશને વાદળાંની સાથે સંબંધ નથી તેમ
**देहेन मे सम्बन्धः न** =દેહની સાથે મારે સંબંધ નથી.
**अतः** = આથી
**तत् धर्माः** = તે (શરીરના) ધર્મો
**जाग्रत्–स्वप्न–सुषुप्तयः** = જાગ્રત - સ્વપ્ન- અને સુષુપ્તિ વગેરે
**मे कुतः** = મારા ક્યાંથી હોઈ શકે?

હે મોહહર ગુરુદેવ! આપે આંજેલા જ્ઞાનાંજન દ્વારા હવે તો હું આકાશની જેમ નિર્લેપ, સૂર્યવત્ પ્રકાશ્ય વસ્તુઓથી વિલક્ષણ તેમનો પ્રકાશક, પર્વત જેવો અચળ અને નિત્ય, સાગરવત અસીમ થયો છું.

આકાશને વાદળાં સાથે નથી નાતો, રિશ્તો કે સંબંધ, તેમ મારે નથી દેહ સાથે શત્રુ કે મિત્ર જેવો સંબંધ, નથી હું દેહનો સગો કે વ્હાલો કે નથી દેહ મારો સંબંધી, તેથી નથી શરીરના ધર્મોથી થતો હું ધર્મી કે મનના પૂજાપાઠથી થતો ધાર્મિક. નથી અવયવોના કર્મોથી થતો હું કર્મઠ કે નથી શરીરના જાગવાથી હું જાગતો કે શરીરના ઊંઘવાથી હું ઊંઘતો. અરે! મનના સ્વપ્નસામ્રાજયમાં નથી હું સૂક્ષ્મ થઈ મ્હાલતો કે નથી સોહામણા, સુંવાળાં સ્વપ્નો તોડી વિક્ષિપ્ત થતો. તથા સ્વપ્ન અને જાગ્રતને જાકારો દઈ નથી હું સુષુપ્તિના દ્વાર ખોલતો અને તેવી સુપ્ત અવસ્થામાં સર્વના અભાવને જાણી, નથી હું સુખી થતો કારણ કે તે સૌ તો શરીરના ધર્મો છે. હું તો અસંગી આત્મા છું, મારે વળી શરીરના ધર્મોનો સંગ કેવો કે સ્વપ્નની રંગીન સૃષ્ટિનો રંગ ક્યાં? હું તો શરીરના ધર્મોનો જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવી ત્રણે અવસ્થાઓનો જોનારો, જાણનારો અવસ્થાત્રય સાક્ષી છું અને અનાત્માના ધર્મોથી રહિત છું. તેથી જ મુજ સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે સૌ મુમુક્ષુઓને ભગવાન શ્રીકૃષ્ણે પણ અનાત્માના, શરીરના,મનબુદ્ધિના સર્વધર્મો

ત્યાગવાનો તથા અધર્મી થવાનો જ સંદેશ આપ્યો છે.

"**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।**" (ભ.ગીતા અ.૧૮/૬૬)

"સર્વ ધર્મોને છોડી મુજ એક(પરમાત્મા)ને શરણે જા."

(છંદ–ઉપજાતિ)

**उपाधिरायाति स एव गच्छति**
**स एव कर्माणि करोति भुङ्क्ते ।**
**स एव जीवन् म्रियते सदाहं**
**कुलाद्रिवन्निश्चल एव संस्थितः ॥५०२॥**

| | |
|---|---|
| **उपाधिः आयाति** | = (શરીર વગેરે) ઉપાધિ આવે છે |
| **सः एव गच्छति** | = અને તે જ ચાલી જાય છે. |
| **सः एव कर्माणि करोति** | = તે જ કર્મો પણ કરે છે |
| **भुङ्क्ते** | = (અને તેના ફળ પણ તે જ) ભોગવે છે. |
| **सः एव जीवन्** | = તે જ જીવે છે |
| **म्रियते** | = (અને) મરી જાય છે. |
| **अहम्** | = (પણ) હું (તો) |
| **कुलाद्रिवत्** | = મોટા પર્વતની જેમ |
| **सदा** | = સર્વદા |
| **निश्चलः एव** | = અવિચળ જ |
| **संस्थितः** | = રહું છું. |

(છંદ–ઉપજાતિ)

**न मे प्रवृत्तिः न च मे निवृत्तिः**
**सदेकरूपस्य निरंशकस्य ।**
**एकात्मको यो निबिडो निरन्तरो**
**व्योमेव पूर्णः स कथं नु चेष्टते ॥५०३॥**

| | |
|---|---|
| **यः** | = જે |
| **एकात्मकः** | = એક માત્ર છે (એકરૂપ છે.) |
| **निबिडः** | = ઘનીભૂત છે. |
| **निरन्तरः** | = નિરન્તર છે, |
| **व्योम इव पूर्णः** | = આકાશની જેમ પૂર્ણ છે |
| **सः** | = તે |
| **कथं नु चेष्टते** | = ક્રિયા કરે કેવી રીતે? (તેથી) |
| **सत् एकरूपस्य** | = સન્માત્રસ્વરૂપ, (અને) |
| **निरंशकस्य** | = નિરવયવ |
| **मे प्रवृत्तिः न** | = મારી ન તો પ્રવૃત્તિ છે |
| **न मे निवृत्तिः च** | = કે ન તો મારી નિવૃત્તિ છે. |

શરીરાદિ ઉપાધિ જ જન્મીને સંસારમાં આવે છે અને સંસારથી વિદાય લે છે. તે જ પ્રમાણે કર્મો કરે છે અને ફળ ભોગવે છે. ઉપાધિ વિકારી હોઈ વૃદ્ધિ, વિકાસ અને ક્ષયને પ્રાપ્ત થઈ અંતે મૃત્યુ પામે છે. પરંતુ હું તો આત્મસ્વરૂપે નથી સંસારમાં આવતો કે જતો. શરીરના આવાગમનનો તથા સંસારના પરિવર્તનોનો હું તો અવિકારી અને પર્વત જેમ અચળ હોઈ સદા સાક્ષી તરીકે રહું છું.

હું તો સદા સર્વદા એકરસ અને અવયવરહિત છું. તેથી મારામાં ન તો અવયવો દ્વારા થતી પ્રવૃત્તિ સંભવી શકે કે ન તો મારે માટે નિવૃત્તિનો પ્રશ્ન રહે. આમ, હું પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેથી મુક્ત છું કારણ કે બેમાંથી એકનો પણ ન તો મને સ્પર્શ છે કે ન તો કોઈમાં મને અહંભાવ છે. તેથી મારે ન તો મમત્વ નિવૃત્તિમાં છે કે ન તો પ્રવૃત્તિમાં છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેમાં મારું કર્તૃત્વ નહીં હોવાથી પ્રવૃત્તિ કે નિવૃત્તિ મારી હોઈ શકે નહીં. જે નિત્ય નિરંતર એક અને અદ્વિતીય છે, આકાશ જેમ સર્વવ્યાપ્ત છે તથા તે આત્મસ્વરૂપે તો નિબિડ અર્થાત્ ઘનીભૂત છે તે પરમતત્ત્વ ક્યાંય નથી તેવું નથી અર્થાત્ સર્વત્ર ખીચોખીચ ભરેલું છે, તેથી કોઈ પણ જાતની ક્રિયા

કરે કઈ રીતે? આમ જે નિષ્ક્રિય, અક્રિય અને અકર્મસ્વરૂપે રહેલું છે, તે જ બ્રહ્મતત્ત્વ હું પોતે છું.

(છંદ–ઉપજાતિ)

**पुण्यानि पापानि निरिन्द्रियस्य**
**निश्चेतसो निर्विकृतेर्निराकृतेः ।**
**कुतो ममाखण्डसुखानुभूतेः**
**ब्रूते ह्यनन्वागतमित्यपि श्रुतिः ॥५०४॥**

**निरिन्द्रियस्य** = ઇન્દ્રિયરહિત
**निश्चेतसः निर्विकृतेः** = ચિત્તરહિત, નિર્વિકાર,
**निराकृतेः** = આકારરહિત (અને)
**अखण्डसुखानुभूतेः** = અખંડસુખની અનુભૂતિસ્વરૂપ
**मम पुण्यानि पापानि** = મને પુણ્ય અને પાપ
**कुतः** = ક્યાંથી હોઈ શકે?
**'अनन्वागतं' इति हि** = "આત્માને પુણ્ય કે પાપ સાથે સંબંધ નથી." એમ જ
**श्रुतिः अपि ब्रूते** = (બૃહદારણ્યક) ઉપનિષદ પણ કહે છે.

પૂર્વે સમજાવ્યું તેમ હું પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં કર્તૃત્વરહિત છું. તેથી હું સુસ્પષ્ટ છું કે મારે ન હોઈ શકે પુણ્ય કર્મ કે ન થઈ શકે મારાથી પાપ કર્મ. પુણ્ય અને પાપ જેવા કર્મો તો ચિત્ત અને અહંકાર દ્વારા થતા હોય છે. મુજ આત્મસ્વરૂપમાં તો નથી ચિત્ત કે નથી ઇન્દ્રિયો, તો કોઈ પણ પ્રકારના કર્મોનો સંભવ જ હોઈ શકે નહીં. તદુપરાંત, હું વિકાર અને આકારરહિત છું. તેથી પણ પ્રવૃત્તિ કે નિવૃત્તિનો મને સ્પર્શ જ હોઈ શકે નહીં. જેવી રીતે સુષુપ્તિ સમયે પુણ્ય અને પાપ જેવી કોઈ પ્રવૃત્તિ બચતી નથી, તે જ પ્રમાણે મુજ આત્મતત્ત્વની અખંડ સુખાનુભૂતિ કરનારા મારે નથી કર્મફળની અપેક્ષા, નથી કંઈ અપ્રાપ્ત. તદુપરાંત, અખંડ સુખની પ્રાપ્તિમાં સર્વ લૌકિક અને પારલૌકિક સુખ સમાયેલા જ છે તો કઈ ઇચ્છાથી, કયા હેતુ માટે મારે પુણ્ય

કર્મ કરવું પડે? તદુપરાંત, જો મારામાં કર્તાભાવ નથી તો પાપ કર્મનો પણ મને સ્પર્શ કેવો? પુણ્ય અને પાપ બન્ને પ્રવૃત્તિમાં જેને અહંકાર છે તેવો જ પુણ્ય કે પાપનો ભાગીદાર બને છે. મુજ આત્મતત્ત્વમાં તો પ્રવૃત્તિનું નામોનિશાન નથી કારણ કે પ્રવૃત્તિ કરનારા ઉપાધિના અભિમાની જીવાત્માનો જ મેં જ્ઞાનમાં બાધ કર્યો છે. તેથી ભૂત, ભવિષ્ય કે વર્તમાનમાં કોઈ પણ કાળે મારે કોઈ પણ પ્રકારના કર્મો સાથે સંબંધ છે નહીં, હતો પણ નહીં અને થઈ શકે પણ નહીં. હું તો નૈષ્કર્મ્યસિદ્ધિને વરેલો છું. માટે જ મારી સ્તુતિ અર્થે શ્રુતિ પણ જણાવે છે કે "આત્માને પુણ્ય કે પાપ સાથે લેશમાત્ર સંબંધ નથી." "**अनन्वागतं पुण्येनान्वागतं पापेन ।** " (બૃહદારણ્યકોપનિષદ- ૪/૩/૨૨)

(છંદ-અનુષ્ટુપ)

**छायया स्पृष्टमुष्णं वा शीतं वा सुष्टु दुष्टु वा ।**
**न स्पृशत्येव यत्किञ्चित् पुरुषं तद् विलक्षणम् ॥५०५॥**
**न साक्षिणं साक्ष्यधर्माः संस्पृशन्ति विलक्षणम् ।**
**अविकारमुदासीनं गृहधर्माः प्रदीपवत् ।**
**देहेन्द्रियमनोधर्माः नैवात्मानं स्पृशन्त्यहो ॥५०६॥**

**उष्णं वा शीतं वा सुष्टु वा दुष्टु** = ગરમ કે શીતલ , સારી કે નરસી કોઈ પણ વસ્તુનો

**छायया स्पृष्टम्** = મનુષ્યની છાયાને સ્પર્શ થતાં

**तत् विलक्षणं पुरुषं यत् किञ्चित्** = તે(છાયા)થી વિલક્ષણ એવા પુરુષને જરાપણ

**न स्पृशति एव** = સ્પર્શ થતો જ નથી.

**साक्ष्यधर्माः विलक्षणं साक्षिणम्** = (તેમ) સાક્ષ્યના ધર્મો વિલક્ષણ એવા સાક્ષીને

**न स्पृशन्ति** = સ્પર્શ કરતા નથી.

**गृहधर्माः प्रदीपवत्** = (જેમ) ઘરના ધર્મો (સુંદરતા- મલિનતા વગેરે) દીવાને (સ્પર્શ કરતા નથી.)

| | |
|---|---|
| **अहो** | = (તેમ) આશ્ચર્ય છે કે |
| **देहेन्द्रियमनोधर्माः** | = શરીર, ઈન્દ્રિયો અને મનના ધર્મો |
| **अविकारं उदासीनम्** | = અવિકારી અને ઉદાસીનવત |
| **आत्मानं न एव स्पृशन्ति** | = આત્માને સ્પર્શ કરતા જ નથી. |

જેવી રીતે મનુષ્યનો પડછાયો ઠંડા પાણીમાં પડવાથી મનુષ્ય સંકોચાતો નથી કે ઠંડક અનુભવતો નથી તથા પડછાયો જો ગરમીના દિવસોમાં તપેલી સડક ઉપર પડે તો મનુષ્ય દાઝતો નથી તેવી રીતે ગંદી ગટરમાં પડછાયો પડવાથી ન તો મનુષ્ય ગંદો થાય છે કે ચંદનના લાકડાં ઉપર પડવાથી મનુષ્ય ન તો સુગંધિત બને છે કારણ કે મનુષ્ય પડછાયાથી વિલક્ષણ તથા તેનો સાક્ષી છે. તેથી મનુષ્યને તો પડછાયાનો સ્પર્શ પણ નથી. જો પડછાયામાં થતા ફેરફાર મનુષ્યને લાગુ પડતા હોય તો તો પ્રાતઃકાળે અને સંધ્યા ટાણે સૂર્યના કિરણો ત્રાંસા પડવાથી પડછાયો ખૂબ લાંબો થાય છે અને તે જ પડછાયો ભર બપોરે સૂર્ય માથે હોય ત્યારે ટૂંકો થઈ જાય છે, છતાં મનુષ્યના શરીરમાં તેવા કોઈ ફેરફાર થતાં નથી. તે જ પ્રમાણે ઘરમાં રહેલો દીપક ઘરની દીવાલો, બારણાં, તથા દીવાલોમાં પડેલી તિરાડો અને સરસામાનનો સાક્ષી છે, છતાં ન તો ઘરમાં પડેલા એંઠવાડ કે ગંદકીથી દીપકને સૂગ આવે છે કે ન તો તે ઘરથી નાસવાનો પ્રયત્ન કરે છે. તે જ પ્રમાણે ઘરમાં નવા રંગરોગાન કરવાથી ન તો દીપક ખુશી અનુભવે છે કે ન તો તેને પોતાના ઉત્સવ જેવું કંઈ જણાય છે. કારણ કે દીપક તો ઘરમાં થતી તમામ પ્રવૃત્તિનો સાક્ષી છે અને તેથી સાક્ષ્યના કે ઘરના ધર્મોનો દીપક ઉપર ન તો કોઈ પ્રભાવ પડે છે કે ન તેની અસર થાય છે. કારણ કે સાક્ષી હંમેશા સાક્ષ્યથી જુદો, ન્યારો અને અસંગી હોય છે.

આ પ્રમાણે જેમ પડછાયાથી મનુષ્ય જુદો છે અને ઘરથી ઘરનો સાક્ષી દીપક ન્યારો છે તે જ પ્રમાણે શરીર, ઈન્દ્રિયો અને મનના ધર્મો તથા કર્મો આત્માને પણ સ્પર્શ કરી શકતા નથી કારણ કે શરીર હૃદયસ્થ આત્મા

માટે ઘર સમાન છે અને ઇન્દ્રિયો તથા મન આદિ બારીબારણાં જેવાં છે. આત્મચૈતન્ય તો દેહરૂપી ઘરમાં રહેલો તટસ્થ, નિષ્પક્ષ, અસંગી સાક્ષી માત્ર છે. તેથી શરીરાદિના કોઈ પણ પ્રકારના પરિવર્તન કે વિકારોથી આત્મામાં ન તો કોઈ ફેરફાર થાય છે કે વિકારરૂપી પરિવર્તન જણાય છે.

(છંદ-ઉપજાતિ)

रवेर्यथा कर्मणि साक्षीभावो
वह्नेर्यथा वाऽयसि दाहकत्वम् ।
रज्जोर्यथाऽऽरोपितवस्तुसङ्ग-
स्तथैव कूटस्थ चिदात्मनो मे ॥५०७॥

| | |
|---|---|
| यथा रवेः | = જેમ સૂર્યનો |
| कर्मणि साक्षीभावः | = કર્મમાં સાક્ષીભાવ છે, |
| यथा वा वह्नेः | = જેમ અગ્નિનું |
| अयसि दाहकत्वम् | = લોઢામાં દાહકત્વ છે, |
| रज्जोः यथा | = દોરીને જેમ |
| आरोपित-वस्तुसङ्गः | = કલ્પિત વસ્તુ (સાપ)નો જેવો સંગ છે, |
| तथा एव | = તેમ જ |
| मे कूटस्थ चिदात्मनः | = મારો કૂટસ્થ (અને) ચૈતન્યરૂપ આત્માનો (વિષયો સાથેનો સંબંધ છે.) |

(છંદ-ઇન્દ્રવજ્રા)

कर्ताऽपि कारयिताऽपि नाहं
भोक्ताऽपि वा भोजयिताऽपि नाहम् ।
दृष्टाऽपि वा दर्शयिताऽपि नाहं
सोऽहं स्वयंज्योतिरनीदृगात्मा ॥५०८॥

| | |
|---|---|
| अहं कर्ता अपि कारयिता | =હું કર્તા કે કામ કરાવનાર |

**अपि न** =પણ નથી
**अहं भोक्ता अपि वा भोजयिता** = હું ભોગવનાર તેમજ ભોગવાવનાર
**अपि न** =પણ નથી.
**अहं दृष्टा अपि वा दर्शयिता** = હું જોનાર તેમજ બતાવનાર
**अपि न** =પણ નથી.
**अहम्** =(પણ) હું તો
**सः अनीदृक् स्वयं ज्योतिः** =તે સૌથી વિલક્ષણ સ્વયં પ્રકાશ
**आत्मा** =આત્મા (છું.)

સૂર્ય કર્મથી, અગ્નિ લોઢાથી અને દોરી સર્પથી અસંગ છે તથા તેમના સાક્ષીરૂપે રહેલા છે. સંસારના લોકોના કોઈ પણ કર્મ સાથે સૂર્યને સંબંધ હોતો નથી. આકાશમાં વાદળાંની દોડવાની ક્રિયાનો સંબંધ પણ સૂર્યમાં જોવા મળતો નથીં કારણ કે સૂર્યને વાદળ સાથે કે તેની ક્રિયા સાથે કોઈ નાતો-રિશ્તો નથી છતાં આકાશના વાદળાંની અને ધરતીના ભૂતમાત્રની ક્રિયાઓમાં સૂર્ય સાક્ષી અવશ્ય છે, પણ સંબંધી બેશક નથી. તેવી જ રીતે અગ્નિને કોઈ સંબંધ હોતો નથી. પરંતુ માત્ર સંસર્ગદોષના કારણે જ અગ્નિ જેવા ધર્મો લોખંડમાં દેખાય છે અને તેવો જ મિથ્યા સંબંધ દોરી અને સર્પ વચ્ચે છે. ભ્રાંતિરૂપી સર્પમાં જન્મ, જીવન અને નાશ જેવું જે કંઈ જણાય છે તેવી ઉત્પત્તિ, સ્થિતિ અને લયને દોરી સાથે કોઈ નિસ્બત કે સંબંધ નથી. છતાં જો દોરી અને સર્પ વચ્ચે કોઈ સંબંધ છે તેવું કહેવું જ હોય તો તેવા સંબંધને આધ્યાસિક સંબંધ કહેવામાં આવે છે. તે જ પ્રમાણે હે ગુરુદેવ! મારા અસંગ, અવિકારી, કૂટસ્થ સાક્ષી આત્માને ઇન્દ્રિયોના કર્મો સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ હોઈ શકે નહીં.

વાસ્તવમાં હું ન તો કર્મ કરનાર કર્તા છું કે ન તો કર્મનો નિયંતા, કર્મ કરાવનાર છું. તે જ ન્યાયે હું ન તો કર્મનું ફળ ભોગવનાર ભોક્તા છું કે ન તો કર્મના ફળને ભોગવાવનાર કર્મફળદાતા છું. આમ, ન તો કર્મનું નિયંત્રણ કરનારો કે ન તો ઇન્દ્રિયભોગનું નિયંત્રણ કરનારો છું. નથી હું

કોઈનો દ્રષ્ટા, દૃષ્ટિ પ્રદાન કરનારો કે દૃષ્ટિનો પ્રેરક. વાસ્તવમાં હું તો કર્તા, કારયિતા; ભોક્તા અને ભોગ્યપ્રેરક; દ્રષ્ટા અને દૃષ્ટિનો પ્રેરક; એ સૌથી વિલક્ષણ અને સ્વયંપ્રકાશ ચૈતન્યરૂપે રહેલો છું.

(છંદ-ઉપજાતિ)

**चलत्युपाधौ प्रतिबिम्बलौल्य-**
**मौपाधिकं मूढधियो नयन्ति ।**
**स्वबिम्बभूतं रविवद्विनिष्क्रियम्**
**कर्ताऽस्मि भोक्ताऽस्मि हतोऽस्मि हेति ॥५०९॥**

| | |
|---|---|
| **चलति उपाधौ** | = (જળરૂપી) ઉપાધિનું હલનચલન થતાં |
| **मूढधियः** | = મંદ બુદ્ધિવાળાઓ |
| **औपाधिकम्** | = ઉપાધિમાં પડેલાં |
| **प्रतिबिम्बलौल्यम्** | = પ્રતિબિમ્બની ચંચળતાને |
| **नयन्ति** | = (બિમ્બરૂપ સૂર્યમાં) કલ્પે છે. |
| **कर्ता अस्मि भोक्ता अस्मि** | = (તેવી રીતે) 'હું કરનાર છું', 'હું ભોગવનાર છું', |
| **हा हतः अस्मि इति** | = અરે!'હું મરી ગયો',એમ (ઉપાધિના ધર્મોને) |
| **रविवत् विनिष्क्रियम्** | = સૂર્યની જેમ નિષ્ક્રિય |
| **स्वबिम्बभूतम्** | = બિમ્બસ્વરૂપ આત્મામાં (કલ્પે છે.) |

(છંદ-અનુષ્ટુપ)

**जले वाऽपि स्थले वाऽपि लुठत्वेष जडात्मकः ।**
**नाहं विलिप्ये तद्धर्मैः घटधर्मैः नभो यथा ॥५१०॥**

| | |
|---|---|
| **यथा घटधर्मैः** | = જેમ ઘટના ધર્મોથી |
| **नभः** | = આકાશ (લેપાતું નથી તેમ) |

| | |
|---|---|
| **एषः जडात्मकः** | = આ જડસ્વરૂપ દેહ |
| **जले वा अपि, स्थले वा अपि** | = જળમાં અગર જમીન ઉપર ગમે ત્યાં |
| **लुठतु** | = આળોટે (તો પણ) |
| **अहं तत्–धर्मैः** | = હું તેના ધર્મોથી |
| **न विलिप्ये** | = લેપાતો નથી. |

જેવી રીતે મંદ બુદ્ધિવાળા અજ્ઞાનીઓ જળરૂપી ઉપાધિમાં પડેલા સૂર્યના પ્રતિબિંબને જળના હલનચલનથી પ્રતિબિંબમાં જે હલનચલન દેખાય છે તે હલનચલન કે ક્રિયાઓને સૂર્ય જેવા બિંબનું હલનચલન કે ક્રિયા માની લે છે પરંતુ વાસ્તવમાં સૂર્યમાં તો કોઈ ક્રિયાઓ હોતી નથી તેવી રીતે આત્મસ્વરૂપે હું રવિવત કે સૂર્યવત નિષ્ક્રિય છું, બિંબસ્વરૂપે રહેલો છું, તેથી અંતઃકરણરૂપી જળમાં હું કર્તા, હું ભોક્તા કે હું હણાયો તેવી જે છાપ ઉપસી આવે છે તે મારા પ્રતિબિંબ જેવા શરીર કે અહંકારની હોઈ શકે, મારી કદાપિ નહીં. છતાં મંદ બુદ્ધિવાળા મૂઢ લોકો આત્મા જ કર્તા, ભોક્તા અને હણાય તેવો છે, તેવું માની લે છે. આમ, મંદ બુદ્ધિવાળા અજ્ઞાનીઓ જ અહંકાર કે શરીરાદિ અનાત્માના ધર્મોનો આરોપ આત્મા ઉપર કરે છે. છતાં જેમ ઘડાના ધર્મોથી ઘટાકાશ લેપાતું નથી અર્થાત્ ઘડો ફૂટવાથી ઘટાકાશ નષ્ટ થતું નથી. તેમ આ જડસ્વરૂપ દેહ જળ અગર જમીન પર ગમે ત્યાં આળોટે તો પણ મુજ અસંગ આત્માને શરીરના ધર્મોનો કોઈ લેપ લાગતો નથી. હું તો ધર્મ, ક્રિયા કે જન્મ અને મૃત્યુ જેવા વિકારોથી વિલક્ષણ છું.

(છંદ-ઉપજાતિ)

**कर्तृत्वभोक्तृत्वखलत्वमत्तता–**
**जडत्वबद्धत्वविमुक्ततादयः ।**
**बुद्धेर्विकल्पा न तु सन्ति वस्तुतः**
**स्वस्मिन् परे ब्रह्मणि केवलेऽद्वये ॥५११॥**

| | |
|---|---|
| **कर्तृत्व–भोक्तृत्व–खलत्व–** | = કર્તાપણું, ભોક્તાપણું, શાઠ્ય(શઠપણું) |
| **मत्तता–जडत्व–बद्धत्व–** | = ઉન્મત્તપણું, જડતા, બંધન,(અને) |
| **विमुक्ततादयः** | = મોક્ષપ્રાપ્તિ વગેરે |
| **बुद्धेः विकल्पाः** | = બુદ્ધિની કલ્પનાઓ |
| **वस्तुतः** | = વાસ્તવિક રીતે (પરમાર્થતઃ) |
| **केवले अद्वये परे ब्रह्मणि** | = એક જ, અદ્વિતીય પરબ્રહ્મ સ્વરૂપ |
| **स्वस्मिन्** | = મારામાં (આત્મામાં) |
| **न तु सन्ति** | = છે જ નહીં. |

(છંદ–આર્યા)

**सन्तु विकाराः प्रकृतेर्दशधा शतधा सहस्रधा चाऽपि ।**
**किं मेऽसङ्गचितेस्तैर्न घनः क्वचिदम्बरं स्पृशति ॥५१२॥**

| | |
|---|---|
| **घनः क्वचित्** | = (જેમ) વાદળું કોઈ વખતે પણ |
| **अम्बरम् न स्पृशति** | = આકાશને સ્પર્શ કરતું નથી. (તેવી રીતે) |
| **प्रकृतेः** | = માયાના |
| **दशधा शतधा सहस्रधा वा** | = દસ પ્રકારના, સો પ્રકારના અગર હજાર પ્રકારના |
| **अपि विकाराः सन्तु** | = પણ વિકારો ભલે થાય(પણ) |
| **मे असङ्गचितेः** | = મને અસંગ ચૈતન્યસ્વરૂપને |
| **तैः किम्** | = તેનાથી શું? |

મુજ એક, અદ્વિતીય પરબ્રહ્મમાં કર્તૃત્વ, ભોક્તૃત્વ, ખલત્વ, ઉન્મત્તત્વ, જડત્વ, બદ્ધત્વ કે મુક્તિ આદિ જે કંઈ જણાય છે તે સર્વ બુદ્ધિની કલ્પના માત્ર જ છે, કલ્પનાથી અતિરિક્ત કંઈ જ નથી. ઉપરોક્ત સર્વ પ્રકારના દ્વંદ્વ કે ભેદ, મુજ અસંગ આત્મામાં કદાપિ હોઈ શકે નહીં.

જેવી રીતે વાદળાંને ક્યારેય આકાશનો સ્પર્શ નહોતો તેમ શરીર

ઇન્દ્રિયાદિ કે તેમના કર્મોનો કોઈ પણ સંજોગોમાં મુજ અસંગ ચૈતન્યરૂપી આત્માને સ્પર્શ હોઈ શકે નહીં. પછી ભલેને માયાના દસ પ્રકારના, સો પ્રકારના અગર હજાર પ્રકારના વિકારો થાય, છતાં મારે તેવા વિકારો કે ઇન્દ્રિયાદિના સંબંધો સાથે કોઈ પ્રકારની લેવડ-દેવડનો સંબંધ હોઈ શકે નહીં.

(છંદ-શાલિની)

**अव्यक्तादिस्थूलपर्यन्तमेतद्**
**विश्वं यत्राभासमात्रं प्रतीतम् ।**
**व्योमप्रख्यं सूक्ष्ममाद्यन्तहीनम्**
**ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥५१३॥**

| | |
|---|---|
| **यत्र** | = જેમાં |
| **अव्यक्तादि स्थूलपर्यन्तम्** | = અવ્યક્તથી આરંભી સ્થૂળ દેહ સુધીનું |
| **एतद् विश्वम्** | = આ આખું વિશ્વ |
| **आभास मात्रं प्रतीतम्** | = આભાસરૂપે જ પ્રતીત થાય છે. |
| **व्योमप्रख्यं सूक्ष्मम्** | = (તે) આકાશ જેવું સૂક્ષ્મ (તથા) |
| **आद्यन्तहीनम्** | = આદિ અને અન્ત વગરનું |
| **यत्** | = જે |
| **अद्वैतं ब्रह्म** | = અદ્વિતીય બ્રહ્મ છે |
| **तत् एव अहं अस्मि** | = તે જ હું છું. |

(છંદ-શાલિની)

**सर्वाधारं सर्ववस्तुप्रकाशं**
**सर्वाकारं सर्वगं सर्वशून्यम् ।**
**नित्यं शुद्धं निश्चलं निर्विकल्पम्**
**ब्रह्माद्वैतं यत्तदेवाहमस्मि ॥५१४॥**

| | |
|---|---|
| **यत् सर्वाधारम्** | = જે સૌનો આધાર |

| | |
|---|---|
| सर्ववस्तुप्रकाशम् | = દરેક વસ્તુને પ્રકાશનાર |
| सर्वाकारम् | = સર્વરૂપ |
| सर्वगम् | = સર્વવ્યાપી |
| सर्वशून्यम् | = સર્વથી રહિત, |
| नित्यं शुद्धं निश्चलम् | = નિત્ય, શુદ્ધ, નિશ્ચલ |
| निर्विकल्पम् | = નિર્વિકલ્પ (અને) |
| अद्वैतं ब्रह्म | = અદ્વિતીય બ્રહ્મ છે |
| तत् एव अहं अस्मि | = તે જ હું છું. |

અવ્યક્ત માયાથી શરૂ કરી સ્થૂળદેહ સુધીનું આખું જગત આભાસરૂપે જેમાં પ્રતીત થાય છે તે આકાશ જેવું વ્યાપક અને સૂક્ષ્મ, અનાદિ અને અનંત, સૌનો આધાર તથા પ્રકાશક, નિત્ય, શુદ્ધ અને નિશ્ચલ, વિકલ્પ તથા ભેદરહિત સર્વવ્યાપી છતાં સર્વથી રહિત એવું જે અદ્વિતીય બ્રહ્મ છે તે હું જ છું.

બ્રહ્મ તરીકે હું સર્વવ્યાપી અવશ્ય છું છતાં કોઈનો મને સ્પર્શ કે સંગ નથી. કારણ કે મુજથી સર્વ કાંઈ જડ અને અસત છે જ્યારે હું સૌનું ચૈતન્ય અને સતરૂપી અધિષ્ઠાન છું. ભ્રાંત સર્પમાં જ્યાં જ્યાં સર્પ છે ત્યાં ત્યાં દોરી અવશ્ય સર્વવ્યાપક છે, છતાં ભ્રાંતિજન્ય હોવાથી હું જગતમાં વ્યાપ્ત ખરો પરંતુ જગતના કોઈ પણ નામ અને આકાર સાથે મારે સંગ કે સંબંધ નથી. તેથી સર્વવ્યાપી હોવા છતાં હું સર્વથી શૂન્ય છું. "**सर्वाकारं सर्वगं सर्वशून्यं अहं अस्मि ।**"

(છંદ-શાલિની)

**यत् प्रत्यस्ताशेषमायाविशेषं**
**प्रत्येक्रूपं प्रत्ययागम्यमानम् ।**
**सत्यज्ञानानन्तमानन्दरूपं**
**ब्रह्माद्वैतं यत् तदेवाहमस्मि ॥५१५॥**

| | | |
|---|---|---|
| यत् | = | જે |
| प्रत्यस्ताशेषमायाविशेषम् | = | માયાના સમસ્ત ભેદ વગરનું |
| प्रत्यक्–रूपम् | = | પ્રત્યગાત્મારૂપ |
| प्रत्ययागम्यमानम् | = | બુદ્ધિથી ન સમજી શકાય એવું |
| सत्य | = | સત્ય, |
| ज्ञानानन्तम् | = | જ્ઞાન અને અનંતસ્વરૂપ, |
| आनन्दरूपम् | = | આનંદરૂપ |
| यत् | = | જે |
| अद्वैतं ब्रह्म | = | અદ્વિતીય બ્રહ્મ છે. |
| तत् एव अहं अस्मि | = | તે જ 'હું' છું. |

(છંદ–અનુષ્ટુપ)

निष्क्रियोऽस्म्यविकारोऽस्मि निष्कलोऽस्मि निराकृतिः ।
निर्विकल्पोऽस्मि नित्योऽस्मि निरालम्बोऽस्मि निर्द्वयः ॥५१६॥

| | | |
|---|---|---|
| निष्क्रियः अस्मि | = | હું ક્રિયા વગરનો છું, |
| अविकारः अस्मि | = | વિકાર વગરનો છું, |
| निष्कलः अस्मि | = | હું અવયવ વગરનો છું, |
| निराकृतिः | = | મને કોઈ આકાર નથી, |
| निर्विकल्पः अस्मि | = | હું નિર્વિકલ્પ છું, |
| नित्यः अस्मि | = | હું નિત્ય છું |
| निरालम्बः | = | આશ્રય વગરનો (અને) |
| निर्द्वयः अस्मि | = | અદ્વિતીય છું. |

(છંદ–અનુષ્ટુપ)

सर्वात्मकोऽहं सर्वोऽहं सर्वाऽतीतोऽहमद्वयः ।
केवलाऽखण्डबोधोऽहमानन्दोऽहं निरन्तरः ॥५१७॥

| | |
|---|---|
| **अहं सर्वात्मकः** | = હું બધાનો આત્મા, |
| **अहं सर्वः** | = હું સર્વરૂપ |
| **अहं सर्व–अतीतः** | = સર્વથી પર |
| **अहं अद्वयः** | = હું અદ્વિતીય, |
| **केवल अखण्डबोधः** | = કેવલ અખંડ જ્ઞાનસ્વરૂપ |
| **निरन्तरः आनन्दः अहम्** | = (અને) નિરંતર આનંદરૂપ હું (છું.) |

માયાના સર્વભેદથી રહિત, અંતરાત્મા કે સૂત્રાત્મા તરીકે સૌમાં રહેલો, બુદ્ધિથી અગમ્ય, સત્ય, જ્ઞાન, અનંત અને આનંદસ્વરૂપ, નિષ્ક્રિય, અવિકારી, નિરવયવી, નિરાકાર, અભેદ, નિત્ય, આલંબન રહિત એવો હું, ભૂતમાત્રનો આત્મા હોઈ, સર્વમાં રહેલો હોવાથી સર્વરૂપ પણ છું અને સર્વથી નિર્લેપ હોવાથી સર્વથી પર પણ છું.

આવી રીતે સર્વમાં હોવા છતાં કોઈમાં પણ નથી અર્થાત્ સર્વ કાંઈ આરોપરૂપે મુજમાં અગર હું સર્વને સત્તા અને સ્ફૂર્તિ પ્રદાન કરનાર અધિષ્ઠાન હોવાથી અવશ્ય સર્વ રૂપ હોઈ શકું. પરંતુ, ભૂતમાત્ર વાસ્તવિક રીતે મુજમાં નથી, છતાં આરોપરૂપે રહેલાં હોઈ, હું આરોપથી પર, સૂક્ષ્મ અને મુક્ત હોઈ, સર્વથી પર પણ છું. આમ, હું કેવળ અખંડ બોધસ્વરૂપ તથા કોઈ પણ પ્રકારના દેશ, કાળના અંતરહિત નિરંતર આનંદસ્વરૂપ, અદ્વિતીય આત્મતત્ત્વ છું.

(છંદ-ઉપજાતિ)

**स्वाराज्यसाम्राज्यविभूतिरेषा**
**भवत्कृपाश्रीमहिमप्रसादात् ।**
**प्राप्ता मया श्रीगुरवे महात्मने**
**नमो नमस्तेऽस्तु पुनर्नमोऽस्तु ॥५१८॥**

| | |
|---|---|
| **भवत् कृपाश्री–** | =આપની કૃપારૂપી સંપત્તિ અને |

| | |
|---|---|
| महिमप्रसादात् | =મહિમાના પ્રસાદથી |
| मया एषा | =મારા દ્વારા આ |
| स्वाराज्य–साम्राज्य–विभूतिः | =સ્વારાજ્ય-સામ્રાજ્યની વિભૂતિ (સમૃદ્ધિ) |
| प्राप्ता | =પ્રાપ્ત કરાઈ છે. |
| ते महात्मने श्रीगुरवे | =આપશ્રી મહાત્મા શ્રીગુરુદેવને |
| नमः नमः अस्तु | =નમસ્કાર, નમસ્કાર હો, |
| पुनः नमः अस्तु | =પુનઃ પુનઃ નમસ્કાર હો. |

(છંદ-શિખરિણી)

महास्वप्ने मायाकृतजनिजरामृत्युगहने
भ्रमन्तं क्लिश्यन्तं बहुलतरतापैरनुदिनम् ।
अहङ्कारव्याघ्रव्यथितमिममत्यन्तकृपया
प्रबोध्य प्रस्वापात् परमवितवान् मामसि गुरो ॥५१६॥

| | |
|---|---|
| गुरो | = હે ગુરુદેવ, |
| मायाकृतजनिजरामृत्यु–गहने | = માયા રચિત જન્મ, જરા, મૃત્યુરૂપી અતિ ભયંકર |
| महास्वप्ने | = મોટા સ્વપ્નમાં |
| भ्रमन्तम् | = ભ્રમણ કરતો, |
| बहुलतरतापैः अनुदिनं क्लिश्यन्तम् | = અનેક પ્રકારનાં દુઃખોથી રોજ ક્લેશ પામતો, |
| अहङ्कारव्याघ्रव्यथितं इमम् | = (તથા) અહંકારરૂપી વાઘથી ત્રાસ પામતો, |
| मां अत्यन्तकृपया | = મને અત્યંત કૃપા કરીને |
| प्रस्वापात् प्रबोध्य | = અજ્ઞાનરૂપી મહાનિદ્રામાંથી જગાડી |
| परं अवितवान् असि | = આપે મારું સારી રીતે રક્ષણ કર્યું છે. |

(છંદ-અનુષ્ટુપ)

**नमस्तस्मै सदेकस्मै कस्मैचिन्महसे नमः ।**
**यदेतद्विश्वरूपेण राजते गुरुराज ते ॥५२०॥**

| | |
|---|---|
| **गुरुराज** | = હે ગુરુરાજ! |
| **सदेकस्मै तस्मै नमः** | = કેવલ સત્યસ્વરૂપ આપને નમસ્કાર હો. |
| **यत् एतद् विश्वरूपेण राजते** | = જે આ વિશ્વરૂપે વિરાજમાન છે(તે) |
| **कस्मैचित् महसे ते** | = અવર્ણ્ય તેજ સ્વરૂપ આપને |
| **नमः** | = નમસ્કાર હો. |

હે ગુરુદેવ! આપની કૃપારૂપી સંપત્તિ અને મહિમારૂપી પ્રસાદ દ્વારા મેં આ સ્વારાજ્ય તથા સામ્રાજ્યની વિભૂતિ અર્થાત્ અલૌકિક વૈભવરૂપી સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે. તથા માયાએ ઉત્પન્ન કરેલા જન્મ, જરા, મૃત્યુ જેવા અતિ ભયંકર મહાન સ્વપ્નમાં ભ્રમણ કરતો મને આપે અટકાવ્યો છે. હું તો અનેક પ્રકારનાં દુઃખોથી તપ્ત થઈ દુઃખી થતો હતો અને અહંકારરૂપી વાઘથી જીવનભર અત્યંત ત્રાસ પામ્યો હતો. આપના અનુગ્રહે જ મને અહંકારરૂપી વાઘના પંજામાંથી મુક્ત કર્યો છે અને મારા ત્રિવિધ તાપનું શમન કર્યું છે આપની કૃપાદૃષ્ટિએ જ મને અજ્ઞાનરૂપી મહાનિદ્રામાંથી જગાડી મારું રક્ષણ કર્યું છે, મને વિનાશથી બચાવ્યો છે.

હે દુઃખભંજક! મોહવિનાશક! જીવનરક્ષક! ગુરુરાજ આપ તો કેવળ સત્સ્વરૂપ છો. આપનું જ તેજ આ સમગ્ર વિશ્વરૂપે વિલસી રહ્યું છે એવા આપના અવર્ણનીય, અપ્રમેય તેજને નમસ્કાર હો. હે મહાન સદ્ગુરુ! આપને મારા પુનઃ પુનઃ નમસ્કાર હો, વંદન હો, પ્રણિપાત હો.

પ્રણામ અને પ્રણિપાતની દિવ્ય પરંપરાથી અલંકૃત થયેલા શિષ્યે, પોતાનું સર્વ કાંઈ સમર્પણ કરવાની ઇચ્છાથી સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને સંકેત કર્યો કે જે આઠે આઠ અંગો આપના ચરણોમાં નમી પડયાં છે તે સર્વ અંગો સહિત આપને આ ક્ષણથી સમર્પિત છું. હવેથી મારા હાથ આપની

સેવા માટે તત્પર રહેશે, મારા પગ આપ ચૈતન્યમૂર્તિની જ પરિક્રમા કરશે. મારી વાણી આપની જ સ્તુતિ અર્થે સક્રિય રહેશે, મારી બુદ્ધિ હવે સ્વતંત્ર રીતે કોઈ પણ નિર્ણય કદાપિ લેશે નહીં. માટે જ આપના નિમ્નતર અંગ જેવા ચરણમાં મારા ઉત્કૃષ્ટ અંગ જેવું શિર હું ઝુકાવું છું, તેને શ્રીફળ સમજી સ્વીકારજો. હવે હું ઉપાધિરૂપે મારો રહ્યો નથી અને છતાં આપની સેવાસુશ્રુષા માટે નિત્ય તત્પર છું. આપની જ્ઞાનાગ્નિ જેવી પરમ પવિત્ર દૃષ્ટિમાં મેં મારા અહંકારની આહુતિ આપી છે તેથી હવે તો આપ જ મારા જીવનરથના સારથિ છો. જ્યાં ઈશારો કરશો ત્યાં આ ઉપાધિ પ્રતિક્રિયા વિના ચાલી જશે યા તો ઉપાધિના શેષ સમય સુધી આપ કહેશો તેમ સ્થગિત થશે. પરંતુ તેને પોતાને નથી હવે કોઈ દિશા કે રસ્તાઓ, નથી કોઈ ગંતવ્ય સ્થાન કે ધારેલું કોઈ લક્ષ્ય. છતાં જે કોઈ લક્ષ્ય હોય, પ્રયત્ન હોય, દિશા હોય તે સર્વ કાંઈ આપના દિવ્ય ચરણકમળ પ્રત્યેની જ અવશેષ છે.

(છંદ–પુષ્પિતાગ્રા)

**इति नतमवलोक्य शिष्यवर्यं**
**समधिगतात्मसुखं प्रबुद्धतत्त्वम् ।**
**प्रमुदितहृदयः स देशिकेन्द्रः**
**पुनरिदमाह वचः परं महात्मा ॥५२१॥**

**इति** = આ પ્રમાણે
**समधिगतात्मसुखम्** = આત્મારૂપી સુખ પ્રાપ્ત કરેલા,
**प्रबुद्धतत्त्वम्** = તથા તત્ત્વબોધ સંપાદન કરેલા
**शिष्यवर्यम्** = ઉત્તમ શિષ્યને
**नतं अवलोक्य** = પ્રણામ કરતો જોઈને
**प्रमुदितहृदयः** = આનંદથી ઊભરાતા હૃદયથી
**परं महात्मा सः** = શ્રેષ્ઠ મહાત્મા એવા તે
**देशिकेन्द्रः** = ગુરુદેવ

पुनः = ફરીથી
इदं वचः आह = આ વચન બોલ્યા.

## અંતિમ ઉપદેશ

શિષ્યની શ્રદ્ધાયુક્ત સત્યાનુભૂતિ દ્વારા સંતૃપ્ત થયેલા સદ્‌ગુરુ, પોતાના ચરણમાં ઝુકેલા, નમ્રતાની મૂર્તિ જેવા, સમર્પિત શિષ્યને નિહાળતા રહ્યા અને હર્ષોન્માદ દ્વારા મનોમન ગર્વ અનુભવવા લાગ્યા કે સંદેહમુક્ત અને શ્રદ્ધાયુક્ત થયેલો કોઈ પણ સતશિષ્ય થાય, શરણાગતિ સ્વીકારે, તો અવશ્ય આત્માનંદરૂપી સુખ મુજ સમક્ષ ઊભેલા શિષ્યની જેમ પ્રાપ્ત કરી શકે. મુજ શિષ્યને તત્ત્વબોધના ઉત્તમ શિખર ઉપર ઊભેલો જોઉં છું છતાં, તેની પ્રણામ કરતી મુખમુદ્રા આનંદથી મારા હૃદયને છલકાવી દે છે. તે શિષ્ય મારી અંતિમ વિદાય લે તે પૂર્વે મારે તેને જીવનના અમૂલ્ય સંકેતસૂત્રો પ્રદાન કરવા જ જોઈએ. એવું વિચારી સદ્‌ગુરુએ સંકેતસૂત્રોની વર્ષાનો પ્રારંભ કર્યો. આવી અંતિમ ઉપદેશવર્ષા જ ગ્રંથોનો ઉપસંહાર જણાય છે. પરંપરાગત શિક્ષણપ્રણાલિકાના અલિખિત આલેખ મુજબ, જેનો ઉપક્રમ કરવામાં આવ્યો હોય તેનો ઉપસંહાર થવો આવશ્યક છે અને તેમાં જ શાસ્ત્રની સૂત્રબદ્ધતાના દર્શન થાય છે. આમ, હવે પછીના પંચાવન શ્લોક દ્વારા શિષ્યને સદ્‌ગુરુ અંતિમ ઉપદેશની અમીવર્ષાથી તરબતર કરતા હોય અને પોતે જીવનસાર્થક્યની સંતૃપ્તિનો સાક્ષીભાવે આસ્વાદ લેતા હોય તેવું જણાય છે.

(છંદ–શાર્દૂલવિક્રીડિત)

**ब्रह्मप्रत्ययसन्ततिर्जगदतो ब्रह्मैव सत् सर्वतः**
**पश्याध्यात्मदृशा प्रशान्तमनसा सर्वास्ववस्थास्वपि ।**
**रूपादन्यदवेक्षितुं किमभितश्चक्षुष्मतां विद्यते**
**तद्वद् ब्रह्मविदः सतः किमपरं बुद्धेर्विहारास्पदम् ॥५२२॥**

सर्वासु अवस्थासु अपि = (હે શિષ્ય) તું બધી જ અવસ્થાઓમાં
प्रशान्तमनसा = અતિ શાંત મનથી (અને)

अध्यात्म–दृशा–पश्य = અધ્યાત્મદષ્ટિથી જો.
ब्रह्म एव सत् = "બ્રહ્મ જ સત્ય છે. (સત્ય સ્વરૂપ છે)
अतः जगत् सर्वतः = તેથી આ જગત દરેક બાજુથી
ब्रह्मप्रत्ययसन्ततिः = બ્રહ્મની પ્રતીતિનો જ પ્રવાહ છે.
चक्षुष्मताम् = આંખવાળાઓને
अभितः रूपात् अन्यत् = સર્વત્ર રૂપ સિવાય અન્ય કઈ વસ્તુ
अवेक्षितुं किं विद्यते = જોવા યોગ્ય હોઈ શકે?
(તેમને રૂપ માત્ર દેખાય છે.)
तद्वत् ब्रह्मविदः = તેવી રીતે બ્રહ્મજ્ઞાનીની
बुद्धेः सतः अपरम् = બુદ્ધિને બ્રહ્મ સિવાય
विहारास्पदं किम् = બીજી કઈ વસ્તુ વિહારનું સ્થાન હોઈ શકે?
(કંઈ જ નહીં)

(છંદ–ઇન્દ્રવજ્રા)

कस्तां परानन्दरसानुभूति–
मृत्सृज्य शून्येषु रमेत विद्वान् ।
चन्द्रे महाह्लादिनि दीप्यमाने
चित्रेन्दुमालोकयितुं क इच्छेत् ॥५२३॥

महाह्लादिनि चन्द्रे दीप्यमाने = અત્યંત આનંદ આપનાર ચંદ્ર
પ્રકાશતો હોય ત્યારે
चित्रेन्दुं आलोकयितुम् = ચિત્રમાં ચિતરેલા ચંદ્રને જોવા
कः इच्छेत् = કોણ ઇચ્છે? (કોઈ નહીં. તેવી રીતે)
कः विद्वान् = કયો વિદ્વાન
तां परानन्दरसानुभूतिम् = પરમ આનંદરસના અનુભવને
उत्सृज्य = ત્યજી દઈને
शून्येषु ,रमेत = બીજી અર્થહીન વસ્તુઓમાં રમણ કરે?

હે શિષ્ય! જેવી રીતે આંખવાળા મનુષ્યોને રૂપ કે આકાર સિવાય અન્ય કઈ વસ્તુ દૃશ્ય થાય છે? આંખ, રૂપ અને આકાર જોવા માટે જ પ્રમાણ મનાય છે તેથી રૂપ સિવાય આંખને કંઈ જ જણાય નહીં. શબ્દ, સ્પર્શ, સ્વાદ કે ગંધનું જ્ઞાન આંખને થઈ શકે નહીં અને રૂપ સિવાય આંખ કંઈ જોઈ શકે નહીં. તેવી જ રીતે બ્રહ્મજ્ઞાનીની સૂક્ષ્મબુદ્ધિ બ્રહ્મતત્ત્વને જાણવા માટે પ્રમાણ હોઈ, સ્થૂળબુદ્ધિવાળાને બ્રહ્મદર્શન થતું નથી પરંતુ સૂક્ષ્મબુદ્ધિવાળો બ્રહ્મ સિવાય અન્ય કઈ વસ્તુ જોઈ કે જાણી શકે? જ્ઞાનીની સૂક્ષ્મબુદ્ધિને તો બ્રહ્મ જ વિહાર અને વિલાસનું સ્થાન છે. તેથી હે શિષ્ય! બધી જ અવસ્થાઓમાં અતિશાંત મન દ્વારા આત્મા ઉપર દૃષ્ટિ રાખીને બ્રહ્મ જ સત્ય છે એમ જાણી, દરેક અવસ્થામાં આ જગત સર્વ દિશાઓમાંથી વહેતા બ્રહ્મપ્રતીતિના પ્રવાહ જેવું જ છે, એમ જાણ.

હે શિષ્ય! યાદ રાખ કે એવો કયો વિદ્વાન હશે કે જે પરમ આનંદરસના અનુભવનો ત્યાગ કરીને અન્ય અર્થહીન વસ્તુઓમાં પણ રમણ કરે? જો અત્યંત આનંદ પ્રદાન કરનાર શીતળ શશી આકાશમાં પ્રકાશતો હોય ત્યારે તેને ભૂલીને ચિત્રમાં ચિતરેલા ચંદ્રને જોવાની ઈચ્છા કોણ કરે?

અતીન્દ્રિય સુખના સાગર જેવા આત્માની પ્રાપ્તિ પછી આદિ અને અંતવાળા ક્ષણભંગુર વિષયસુખમાં જ્ઞાનીઓ કદાપિ રમણ કરતાં નથી.

(છંદ-ઉપજાતિ)

**असत्पदार्थानुभवे न किञ्चिन्**
**न ह्यस्ति तृप्तिर्न च दुःखहानिः ।**
**तदद्वयानन्दरसानुभूत्या**
**तृप्तः सुखं तिष्ठ सदात्मनिष्ठया ॥५२४॥**

**असत् पदार्थानुभवे** = મિથ્યા પદાર્થોનો અનુભવ કરવાથી
**किञ्चित्** = જરા પણ

| | |
|---|---|
| **तृप्तिः न हि अस्ति** | = તૃપ્તિ થતી જ નથી. |
| **न च दुःखहानिः** | = (તેમજ) દુ:ખનો નાશ પણ થતો નથી. |
| **तत्** | = તેથી |
| **अद्वयानन्दरसानुभूत्या** | = અદ્વય બ્રહ્મના આનંદરસની અનુભૂતિથી |
| **सदात्मनिष्ठया** | = સદા આત્મામાં જ એકનિષ્ઠા કરી |
| **तृप्तः सुखं तिष्ठ** | = તૃપ્ત થઈને સુખથી રહે. |

(છંદ–અનુષ્ટુપ)

**स्वयमेव सर्वथा पश्यन् मन्यमानः स्वमद्वयम् ।**
**स्वानन्दमनुभुञ्जानः कालं नय महामते ॥५२५॥**

| | |
|---|---|
| **महामते** | = હે બુદ્ધિમાન! |
| **सर्वथा** | = સર્વ પ્રકારે (સર્વ સમયમાં અને સર્વ વસ્તુઓમાં) |
| **स्वयं एव पश्यन्** | = પોતાના આત્માને જ જોતો, |
| **स्वं अद्वयं मन्यमानः** | = પોતાને અદ્વિતીય માનતો અને |
| **स्वानन्दं अनुभुञ्जानः** | = આત્માનંદને વારંવાર ભોગવતો |
| **कालं नय** | = સમય વ્યતીત કર. |

હે શિષ્ય! અસત્ પદાર્થોનો અનુભવ કરવાથી લેશમાત્ર પણ તૃપ્તિ થતી નથી અને દુ:ખનો નાશ પણ થઈ શકે તેમ નથી. તેથી અદ્વય બ્રહ્મના આનંદરસની અનુભૂતિ દ્વારા જ સદા સર્વદા આત્મામાં જ નિષ્ઠાવાન થઈને તૃપ્ત થા અને સુખનો અનુભવ કર. અર્થાત્ આનંદસ્વરૂપ આત્મામાં નિષ્ઠાવાન થયા વગર સુખ કે સંતૃપ્તિનો અનુભવ થઈ શકે તેમ નથી.

હે બુદ્ધિમાન શિષ્ય! સર્વ સમયમાં, સર્વ વસ્તુઓમાં, સર્વત્ર પોતાના આત્માના જ દર્શન કરતો રહે, પોતાને જ અદ્વિતીય, અભેદ માનતો રહે અને પોતાના નિજાનંદ આત્મસ્વરૂપમાં નિમગ્ન રહી, શેષ જે કંઈ સમય બચ્યો છે તે આત્મરમણ દ્વારા વીતાવતો રહે.

(છંદ-ઉપજાતિ)

अखंडबोधात्मनि निर्विकल्पे
विकल्पनं व्योम्नि पुरः प्रकल्पनम् ।
तदद्वयानन्दमयात्मना सदा
शान्तिं परामेत्य भजस्व मौनम् ॥५२६॥

| | |
|---|---|
| अखण्डबोधात्मनि | = અખંડ જ્ઞાનસ્વરૂપ અને |
| निर्विकल्पे | = નિર્વિકલ્પમાં |
| विकल्पनम् | = કોઈ પણ જાતની ભેદની કલ્પના કરવી તે |
| व्योम्नि | = આકાશમાં |
| पुरः प्रकल्पनम् | = નગરની કલ્પના કરવા જેવું છે. |
| तत् सदा | = માટે નિરંતર |
| अद्वयानन्दमयात्मना | = અદ્વિતીય આનંદ સ્વરૂપ |
| परां शान्तिं एत्य | = પરમ શાન્તિ પ્રાપ્ત કરીને |
| मौनं भजस्व | = મૌનને પ્રાપ્ત થા. |

(છંદ-ઉપજાતિ)

तूष्णिमवस्था परमोपशान्ति-
र्बुद्धेरसत्कल्पविकल्पहेतोः ।
ब्रह्मात्मना ब्रह्मविदो महात्मनो
यत्राऽद्वयाऽऽनन्दसुखं निरंतरम् ॥५२७॥

| | |
|---|---|
| असत् कल्पविकल्पहेतोः | = અસત સંકલ્પ-વિકલ્પ કરાવનારી |
| बुद्धेः | = બુદ્ધિની |
| ब्रह्मात्मना | = બ્રહ્મભાવમાં સ્થિતિ (જ) |
| ब्रह्मविदः महात्मनः | = બ્રહ્મજ્ઞાની મહાત્માની |
| तूष्णिं अवस्था | = મૌન અવસ્થા છે (તે જ) |

| | |
|---|---|
| **परमा उपशान्तिः** | = પરમ શાન્તિ છે. |
| **यत्र निरंतरम्** | = જેમાં નિરંતર |
| **अद्वयानन्दसुखम्** | = અદ્વિતીય આનંદસુખ છે. |

(છંદ-અનુષ્ટુપ)

**नास्ति निर्वासनान् मौनात् परं सुखकृदुत्तमम् ।**
**विज्ञातात्मस्वरूपस्य स्वानन्दरसपायिनः ॥५२८॥**

| | |
|---|---|
| **विज्ञातात्मस्वरूपस्य** | = આત્માનું સ્વરૂપ જાણનાર |
| **स्वानन्दरसपायिनः** | = (અને) આત્માનંદનો રસ પીનારને |
| **निर्वासनात्** | = વાસના રહિત |
| **मौनात् परम्** | = મૌનથી વધારે |
| **उत्तमं सुखकृत् न अस्ति** | = સુખ આપનારું (બીજું કાંઈ) નથી. |

હે શિષ્ય! અખંડ જ્ઞાનસ્વરૂપ અને સંકલ્પ-વિકલ્પ વિમુક્ત આત્મામાં કોઈ પણ જાતની ભેદયુક્ત કલ્પના કે વિકલ્પ જાણવો તે આકાશમાં નગરની કલ્પના કરવા જેવું છે. માટે અદ્વિતીય આત્મસ્વરૂપમાં સ્થિતિ કરી પરમ શાંતિને પ્રાપ્ત કર અને તે સિવાય અન્ય વિષયો પ્રત્યે મૌન ધારણ કર.

અસત સંકલ્પ-વિકલ્પ કરાવનારી બુદ્ધિની બ્રાહ્મી સ્થિતિ જ બ્રહ્મજ્ઞાની મહાત્માની મૌન અવસ્થા છે. તે જ પરમ શાંતિ કહેવાય છે. આવી નિરંતર શાશ્વત શાંતિમાં જ અદ્વિતીય આનંદસુખનો અનુભવ થાય છે.

તે માટે તું માત્ર કાષ્ઠમૌનની વાસના ત્યાગી દે. વાણીનું મૌન તો અપરિપક્વ બાળકો માટે છે. બુદ્ધિનું બ્રહ્મભાવમાં સ્થિત થઈ બ્રહ્મરૂપ થવું જ તાત્ત્વિક મૌન કહેવાય છે. આત્મજ્ઞાન સિવાયની સર્વ ઇચ્છાઓનું ઉપશમન થવું તથા ધર્મ, અર્થ અને કામની ઉપરામ થયેલી અવસ્થા જ તત્ત્વાર્થે મૌન અવસ્થા ગણાય છે, જેમાં વાસનાવંટોળ શમી જાય છે તથા ગ્રહણ-ત્યાગ,

સકામ કે નિષ્કામ જેવી સાપેક્ષતા કે દ્વંદ્વ પણ રહેતાં નથી. તેવી નિર્દ્વંદ્વ અને વિક્ષેપરહિત, કામનાશૂન્ય સ્થિતિ જ સાચું મૌન છે. તેવા તાત્ત્વિક મૌનમાં સ્થિતિ થવી એ જ શાશ્વત શાંતિનું અલૌકિક સુખ' છે.

નિષ્કર્ષમાં, જેણે આત્માનું સ્વરૂપ અભેદભાવે જાણ્યું છે, આત્માનંદનો આસ્વાદ ચાખ્યો છે, એવા બ્રહ્મજ્ઞાની માટે વાસનારહિત સ્થિતિ જ તત્ત્વાર્થે મૌન અવસ્થા છે. તેવી મૌન સ્થિતિ સિવાય અન્ય કાંઈ પણ ઉત્કૃષ્ટ સુખનું સાધન નથી. માટે તું વાસનાશૂન્ય મૌનને ધારણ કરવાવાળો થા.

(છંદ-અનુષ્ટુપ)

**गच्छंस्तिष्ठन्नुपविशञ्छयानो वाऽन्यथाऽपि वा ।**
**यथेच्छया वसेद् विद्वानात्मारामः सदा मुनिः ॥५२६॥**

**विद्वान् मुनिः** = વિદ્વાન મુનિએ
**गच्छन् तिष्ठन् उपविशन्** = ચાલતાં, બેસતાં, ઊઠતાં,
**शयानः वा अन्यथा अपि वा** = સૂતા કે જાગતાં અથવા બીજી કોઈ પણ અવસ્થામાં
**सदा यथेच्छया** = સર્વદા ઇચ્છાપૂર્વક
**आत्मारामः वसेत्** = આત્મામાં રમણ કરતાં રહેવું

(છંદ-ઉપજાતિ)

**न देशकालाऽऽसनदिग्यमादि-**
**लक्ष्याद्यपेक्षा प्रतिबद्धवृत्तेः ।**
**संसिद्धतत्त्वस्य महात्मनोऽस्ति**
**स्ववेदने का नियमाद्यपेक्षा ॥५३०॥**

**प्रतिबद्धवृत्तेः** = જેની ચિત્તવૃત્તિ નિરંતર આત્મસ્વરૂપમાં લાગી રહેલી હોય તેવાને (અને)

| | |
|---|---|
| **संसिद्धतत्त्वस्य** | = જેને આત્મતત્ત્વની સિદ્ધિ થઈ ગઈ હોય તેવા |
| **महात्मनः** | = મહાત્માને |
| **देश–काल–आसन–दिक् यमादि** | = દેશ, કાળ, આસન, દિશા, યમાદિ |
| **लक्ष्यादि** | = અથવા કોઈ લક્ષ્ય વગેરેની |
| **अपेक्षा न** | = આવશ્યકતા હોતી નથી. (કારણ કે) |
| **स्ववेदने** | = પોતાને જાણવામાં |
| **का नियमादि अपेक्षा अस्ति** | = કયા નિયમ વગેરેની અપેક્ષા છે? (કોઈ નિયમની જરૂર નથી.) |

(છંદ–અનુષ્ટુપ)

**घटोऽयमिति विज्ञातुं नियमः कोन्वपेक्ष्यते ।**
**विना प्रमाणसुष्ठुत्वं यस्मिन् सति पदार्थधीः ॥५३१॥**

| | |
|---|---|
| **अयं घटः इति** | = "આ ઘડો છે" એવું |
| **विज्ञातुम्** | = જાણવા માટે |
| **यस्मिन् सति** | = જેના હોવાથી |
| **पदार्थधीः** | = પદાર્થબુદ્ધિ થાય તેવા (ઘટાકાર બુદ્ધિવૃત્તિ થતાં ઘડાનું જ્ઞાન થાય છે.) |
| **प्रमाणसुष्ठुत्वं विना** | = શ્રેષ્ઠ પ્રકારના પ્રમાણ વગર (ઘડો જાણવા–અન્ય) |
| **कः नु नियमः अपेक्ष्यते** | = કયા નિયમની જરૂર પડે? |

સદ્ગુરુ અંતિમ સંકેતરૂપી ઉપદેશ આપતાં ત્રણ શ્લોક દ્વારા સ્પષ્ટ કરે છે કે જીવન્મુક્ત પુરુષને વિધિ કે નિષેધ જેવા કોઈ પણ સંસાર કે સમાજના નિયમ નડતા નથી તથા આશ્રમ, વર્ણાદિની કોઈ પણ પ્રકારની લક્ષ્મણરેખા તેને બંધનમાં નાંખી શકે તેમ નથી.

હે શિષ્ય! સદા યાદ રાખ, કે વિદ્વાન, વિચારશીલ મુનિએ હંમેશા ચાલતાં, બેસતાં, ઊઠતાં, સૂતાં, જાગતાં અથવા અન્ય કોઈ પણ અવસ્થામાં પોતાની ઇચ્છા પ્રમાણે આત્મામાં જ રમણ કરતાં રહેવું જોઈએ. કારણ કે જેની ચિત્તવૃત્તિ નિરંતર આત્મસ્વરૂપમાં લીન થયેલી હોય તથા જેને આત્મતત્ત્વની સિદ્ધિ પ્રાપ્ત હોય, એવા મહાત્માને દેશ, કાળ, આસન, દિશા, યમ આદિ અગર કોઈ વિશિષ્ટ લક્ષ્ય વગેરેની અપેક્ષા હોતી નથી. તો પછી આત્મજ્ઞાન બાદ કોઈ નિયમ વગેરેની અપેક્ષા શા માટે હોય?

વાસ્તવમાં તો, 'આ ઘડો છે', એવું જાણવા માટે તેમાં પદાર્થબુદ્ધિ અથવા ઘટાકાર બુદ્ધિવૃત્તિ થતાં જ્ઞાન થાય છે કે 'આ ઘડો છે.' આમ, પદાર્થબુદ્ધિરૂપી શ્રેષ્ઠ પ્રકારના પ્રમાણ સિવાય ઘડાના જ્ઞાન માટે શું કોઈ અન્ય નિયમની જરૂર પડે ખરી? તે જ પ્રમાણે જેને, 'હું બ્રહ્મ કે આત્મતત્ત્વ છું', એવા જ્ઞાનની સિદ્ધિ થઈ ચૂકી હોય તો હવે પોતાને જાણવા શું કોઈ અન્ય નિયમની આવશ્યકતા હોઈ શકે ખરી?

જેને આત્મતત્ત્વનું અપરોક્ષજ્ઞાન થયું હોય અને તેવા જ્ઞાન દ્વારા તે આત્મસાક્ષાત્કારરૂપી પરમસિદ્ધિને પ્રાપ્ત કરી જીવન્મુક્ત થયો હોય તેવા મહાત્માપુરુષને શેષ જીવન વીતાવવા કોઈ પવિત્ર સ્થળ કે દેશ જેવા કે નદીનો કિનારો, પર્વતની ગુંફાઓ કે નિર્જન પ્રદેશમાં રહેવું જોઈએ તેવો નિયમ લાગુ પડતો નથી. તેણે બ્રહ્મમુહુર્તમાં ઊઠવું, અગર સંધિકાળે પૂજા-વંદના કે સંધ્યા કરવી, તેવા કાળના નિયમો પણ તેને બાંધતા નથી. બેસવા માટે અમુક પ્રકારના સિદ્ધાસન, પદ્માસન વગેરેમાં જ બેસવું એવા શાસ્ત્રના નિયમોથી બંધાયેલો, જીવન્મુક્ત હોઈ શકે નહીં. જો તેવા નિયમો જીવન્મુક્તને બંધનમાં રાખે, તો તો તેના જીવનની પવિત્રતા કે સ્વતંત્રતા તો નષ્ટ થશે જ, ઉપરાંત તેનું જીવન તળાવના બંધિયાર પાણી જેવું થઈ જશે અને લીલ અને કચરાથી ગંધાવા લાગશે. તેથી જીવન્મુક્તને ન હોઈ શકે અહિંસા, સત્ય, અસ્તેય આદિ યમોની લક્ષ્મણરેખા અગર ન હોઈ શકે ધારણા, ધ્યાન અને સમાધિ જેવા કોઈ લક્ષ્ય, કે જે લક્ષ્યની પ્રાપ્તિ માટે અમુક નિયમોની અપેક્ષા હોય. જેમ

'આ ઘડો છે' એવું જાણવા માટે માત્ર બુદ્ધિની વૃત્તિ ઘટાકાર થવી જોઈએ એટલું જ પર્યાપ્ત છે. જો બુદ્ધિની વૃત્તિ ઘટાકાર થઈ ઘડાને ઓળખી જાય અને ઘડાનું જ્ઞાન થાય, તો પછી ઘડાના સાક્ષાત્કાર માટે અન્ય કઈ વસ્તુની અપેક્ષા રહે? તે જ પ્રમાણે આત્મલાભરૂપી મહાન લાભની પ્રાપ્તિ બાદ જીવન્મુક્તને રહેતી નથી કોઈ નિયમની અપેક્ષા કે ન હોઈ શકે તેને વિધિનિષેધની લક્ષ્મણરેખા.

જીવન્મુક્તિના સંચિત અને આગામી કર્મ તો જ્ઞાનમાં ભસ્મીભૂત થયેલા છે અને પ્રારબ્ધને તો, જીવન્મુક્ત શરીરના તાદાત્મ્યને તોડીને કે શરીરમાં અજ્ઞાનકાળે રહેલી અહમ્ અને મમભાવની વૃત્તિને બાળી ઓળંગી ચૂક્યો છે તેથી જો જીવન્મુક્તને શરીર જેવું કંઈ નથી, તો પ્રારબ્ધ તો ક્યાંથી હોય? આમ, શરીર અને પ્રારબ્ધ વિનાના અસંગ નિર્લેપ આત્માને જગતનો કયો નિયમ અડી શકે કે બાંધી શકે? છતાં જો એવું માનીએ કે જીવન્મુક્તના શરીરને પ્રારબ્ધ હોય છે અને માટે જીવન્મુક્તનું શરીર પ્રારબ્ધપર્યંત જીવતું રહે છે, તો તેવું માનવામાં પણ જ્ઞાની કે જીવન્મુક્તને કોઈ પણ કર્મ કરવામાં કોઈ નિયમ્ આડે આવતો નથી. માટે જ આદિ શંકરાચાર્યજીએ પોતે સંન્યાસી હોવા છતાં પોતાની માતાના મૃતદેહનો અગ્નિસંસ્કાર કર્યો હતો. તેમને શરીરના કે આશ્રમના કોઈ પણ નિયમો બાંધી શકે તેમ નહોતા. કારણ કે શંકરાચાર્યજીની જ્ઞાનદૃષ્ટિમાં વર્ણ અને આશ્રમના નિયમો શરીરને લાગુ પડે, આત્માને કદાપિ નહીં. છતાં શંકરાચાર્યજી જેવા જીવન્મુક્તના શરીર દ્વારા જો અગ્નિ સંસ્કાર થયો હોય, તો પણ તેવા કર્મનું ફળ શાસ્ત્ર મુજબ તેમની નિંદા કરનારને મળે અગર જો તેમના શરીર દ્વારા પુણ્યકર્મ થયું હોય તો તેનું ફળ તેમના ભક્તો, શિષ્યો કે સેવા કરનારને મળે. પરંતુ સાક્ષાત્ બ્રહ્મ તરીકે જીવનારા શંકરાચાર્યજીને ન તો કર્મફળનો નિયમ નડે કે વર્ણાશ્રમના નિયમો અડી શકે. માટે જ મુનિઓએ 'હંમેશા સાક્ષીભાવે નિઃસંકોચ થઈ કર્મો કર્યાં છે અને કોઈ પણ કર્મ કરતા તેઓ ન તો વિધિ-નિષેધના નિયમોથી પાછા વળ્યા છે, અટક્યા છે કે ડર્યા છે. પરંતુ તેવા સૌ નિયમોને નેવે મૂકીને

જીવન્મુક્તોએ કર્તવ્ય કર્મ કર્યું છે. માટે જ ભક્ત પ્રહ્‌લાદે પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું અને ધર્મવિરોધી નિયમોની પરવા કર્યા વિના પરમાત્માના અમર સામ્રાજ્યમાં પોતાની ભક્તિ અભયતાથી ચાલુ રાખી. રામભક્ત વિભીષણે પાપી ભાઈનો અનાદર કર્યો અને ભગવાન રામના લઘુ બંધુ ભરતે માતાનો ત્યાગ કરવામાં કોઈ પણ નિયમની પરવા ન કરી. તે જ પ્રમાણે જ્ઞાની ભક્ત મીરાંએ પતિનો ત્યાગ કર્યો. આવા કોઈ પણ જ્ઞાની ભક્તોને આશ્રમ અને વર્ણના નિયમોનો અવરોધ જણાયો નથી. તો પછી આત્મસાક્ષાત્કાર કરેલા જીવન્મુક્તને તો આત્માની અપરોક્ષાનુભૂતિ પછી કયો નિયમ શા માટે કોઈ પણ કર્મ કરતાં રોકે, ટોકે કે અટકાવે અને જેને પ્રાપ્ત કરવાનું સર્વ કાંઈ આત્મપ્રાપ્તિમાં પ્રાપ્ત થઈ ચૂક્યું હોય, તો પછી તેવા કૃતકૃત્યને હવે શું પ્રાપ્ત કરવા કેવા નિયમની અપેક્ષા બચે?

(છંદ-અનુષ્ટુપ)

**अयमात्मा नित्यसिद्धः प्रमाणे सति भासते ।**
**न देशं नाऽपि वा कालं न शुद्धिं वाऽप्यपेक्षते ॥५३२॥**

**प्रमाणे सति** = (સૂક્ષ્મ બુદ્ધિ) પ્રમાણના હોવાથી
**नित्यसिद्धः अयं आत्मा** = નિત્ય સિદ્ધ આ આત્મા
**भासते** = જણાય છે
**न देशं न अपि कालम्** = (તે માટે) દેશની, કાળની
**शुद्धिं वा अपि अपेक्षते न** = કે શુદ્ધિની પણ અપેક્ષા રહેતી નથી.

(છંદ-અનુષ્ટુપ)

**देवदत्तोऽहमित्येतद् विज्ञानं निरपेक्षकम् ।**
**तद्वद्ब्रह्मविदोऽप्यस्य ब्रह्माहमिति वेदनम् ॥५३३॥**

**अहं देवदत्तः इति** = (જેમ) હું દેવદત્ત છું એવું
**एतत् विज्ञानम्** = આ જ્ઞાન

| | |
|---|---|
| **निरपेक्षकम्** | = કોઈ અપેક્ષા વગરનું છે. |
| **तद्वत्** | = તેવી રીતે |
| **अस्य ब्रह्मविदः अपि** | = આ બ્રહ્મજ્ઞાનીને પણ |
| **अहं ब्रह्म इति** | = 'હું બ્રહ્મ છું' એવું |
| **वेदनम्** | = જ્ઞાન (નિરપેક્ષ છે.) |

જેવી રીતે ઘડાને જાણવા બુદ્ધિની ઘટકાર વૃત્તિ પ્રમાણ મનાય છે તે જ પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા આત્મતત્ત્વ જાણી શકાય છે માટે સૂક્ષ્મ બુદ્ધિ આત્મજ્ઞાન માટે શ્રુતિજન્ય પ્રમાણ છે.

**"दृश्यते त्वग्र्चया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शीभिः ।"**

(કઠોપનિષદ-૧/૩/૧૨)

"સૂક્ષ્મ તત્ત્વને જોનારા પુરુષોથી જ સ્વયંની તીવ્ર અને સૂક્ષ્મ બુદ્ધિથી જ (આ આત્મા) જોઈ શકાય છે." તેમ છતાં જ્યારે આત્મતત્ત્વનું અભેદજ્ઞાન થાય છે ત્યારે ત્યાં ન તો સૂક્ષ્મ બુદ્ધિ હોય છે કે ન તો શુદ્ધ મન હોય છે. જ્ઞાનકાળે તો જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયની ત્રિપુટીનો બાધ થાય છે. આમ મન, બુદ્ધિ અને ઉપરોક્ત જ્ઞાનાદિ ત્રિપુટીના અભાવમાં પણ આત્મા પોતે જ પોતા દ્વારા પ્રકાશે છે કારણ કે આત્મા નિત્ય સિદ્ધ અને સ્વયંપ્રકાશિત હોવાથી તેને બુદ્ધિ આદિ પ્રમાણોની અપેક્ષા પોતાને સિદ્ધ કરવા માટે હોતી નથી. તેથી જ અત્રે સ્પષ્ટ કર્યું છે કે આત્માની સિદ્ધિ માટે કે આત્માને પ્રગટ થવા માટે દેશ-કાળના કોઈ નિયમોની, શરીરશુદ્ધિની અપેક્ષા રહેતી નથી. કારણ કે આત્મા તો સાધનનિરપેક્ષ જ જાણી શકાય છે.

જે કંઈ સાધન દ્વારા સાધ્ય થાય તે કદાપિ નિત્ય હોઈ શકે નહીં, કારણ કે "જે કંઈ સાધ્ય છે તે સર્વ અનિત્ય હોય છે." **"यत् साध्यं तत् अनित्यं इति ।"** વાસ્તવમાં તો આત્મા દેશ-કાળમાં થતાં પ્રયત્નથી કે સાધનની મદદથી ઉત્પન્ન થતો નથી કે પ્રાપ્ત કરી શકાતો નથી. આત્મા તો પ્રાપ્ત જ છે, સ્વયંસિદ્ધ જ છે. પ્રયત્ન કે સાધન તો માત્ર અજ્ઞાનનું આવરણ નિવૃત્ત કરવા માટે જ વપરાય છે. આત્માની સાબિતી માટે કે

સિદ્ધિ માટે નહીં. આત્માને પ્રકાશિત કરવા માટે પણ સાધન, નિયમ કે દેશ-કાળની અગર શરીરશુદ્ધિ જેવા પવિત્ર કાર્યોની અપેક્ષા રહેતી નથી.

જેમ 'હું દેવદત્ત છું', એવું સમજવા માટે કોઈ વિશેષ પ્રમાણની આવશ્યકતા નથી તેમ બ્રહ્મજ્ઞાનીને 'હું બ્રહ્મ છું', એવા જ્ઞાન માટે કોઈ વિશેષ પ્રમાણની અપેક્ષા હોતી નથી.

(છંદ-અનુષ્ટુપ)

**भानुनेव जगत् सर्वं भासते यस्य तेजसा ।**
**अनात्मकमसत्तुच्छं किं नु तस्यावभासकम् ॥५३४॥**

| | |
|---|---|
| **भानुना इव** | = સૂર્યની જેમ |
| **यस्य तेजसा** | = જેના તેજથી (જ્ઞાનરૂપ પ્રકાશથી) |
| **सर्वम्** | = સર્વ |
| **अनात्मकं-असत्-तुच्छम्** | = અનાત્મા, મિથ્યા અને તુચ્છ |
| **जगत्** | = જગત |
| **भासते** | = ભાસે છે |
| **तस्य** | = તેને (આત્માને) |
| **अवभासकम्** | = પ્રકાશનારું |
| **किं नु** | = શું હોઈ શકે? (કંઈ નહીં.) |

(છંદ-અનુષ્ટુપ)

**वेदशास्त्रपुराणानि भूतानि सकलान्यपि ।**
**येनार्थवन्ति तं किं नु विज्ञातारं प्रकाशयेत् ॥५३५॥**

| | |
|---|---|
| **वेद-शास्त्र-पुराणानि** | = ચાર વેદો, ન્યાય વગેરે છ શાસ્ત્રો અને અઢાર પુરાણો (તેમજ) |
| **सकलानि अपि भूतानि** | = આકાશ, વાયુ, તેજ, જલ, પૃથ્વી બધાં ભૂતમાત્ર પણ |

**येन अर्थवन्ति** = જેને લીધે સાર્થક થાય છે,
**तं विज्ञातारम्** = એ વિજ્ઞાતાને
**किं नु प्रकाशयेत्** = બીજું શું પ્રકાશિત કરી શકે? (કંઈ નહીં)

જેમ સૂર્યથી સઘળું જગત પ્રકાશે છે, તેમ આત્માથી જ આ જડ, અસત, તુચ્છ, જગત પ્રકાશિત થાય છે. તદુપરાંત, ચાર વેદ, ન્યાયાદિ છ શાસ્ત્રો, અઢાર પુરાણો, આકાશાદિ પંચમહાભૂત તથા તેથી ઉત્પન્ન થયેલાં ભૂતમાત્ર, જેના લીધે સાર્થક થાય છે, અર્થાત્ સત્તા અને સ્ફૂર્તિ પ્રાપ્ત કરી ચેતનવંતા બને છે, તેવા સૌ પરપ્રકાશિત કે આત્માથી જ સાર્થક થનારાં, શું આત્માને પ્રકાશિત કરી શકે ખરાં? અરે! આશ્ચર્ય છે કે સૌના પ્રકાશક અર્થાત્ સૌના વિજ્ઞાતાને-જાણનારને, તેનાથી અન્ય પ્રકાશનાર કે જાણવાવાળો હોઈ શકે ખરો? જે સૌનો જ્ઞાતા છે, તેનો જ્ઞાતા તેનાથી અન્ય ન હોઈ શકે. જેમ સૂર્યને જાણવા અન્ય પ્રકાશ કે દીપકની જરૂર નથી, તેમ આત્મા સ્વયં સૌને જાણે છે, જણાવે છે અને સ્વયંજ્યોતિ હોવાથી અન્યથી પ્રકાશિત નથી.

(છંદ-ઉપજાતિ)

**एषः स्वयंज्योतिरनन्तशक्तिः**
**आत्माऽप्रमेयः सकलाऽनुभूतिः ।**
**यमेव विज्ञाय विमुक्तबन्धो**
**जयत्ययं ब्रह्मविदुत्तमोत्तमः ॥५३६॥**

**एषः आत्मा** = આ આત્મા
**स्वयं ज्योतिः** = સ્વયં પ્રકાશ
**अनन्तशक्तिः** = અનંત શક્તિ-સામર્થ્યવાળો;
**अप्रमेयः** = અપ્રમેય
**सकलानुभूतिः** = સર્વ અનુભવસ્વરૂપ
**यं एव विज्ञाय** = જેને જ પૂર્ણ રીતે જાણીને (જાણવાથી)

विमुक्तबन्धः अयम् = સંસારના બંધનમાંથી છૂટી ગયેલો આ
ब्रह्मविदुत्तमोत्तमः = બ્રહ્મજ્ઞાનીઓમાં સર્વોત્કૃષ્ટ બ્રહ્મજ્ઞાનીનો
जयति = જયજયકાર થાય છે.

(છંદ-ઉપજાતિ)

न खिद्यते नो विषयैः प्रमोदते
न सज्जते नापि विरज्यते च ।
स्वस्मिन् सदा क्रीडति नन्दति स्वयम्
निरन्तरानन्दरसेन तृप्तः ॥५३७॥

निरन्तरानन्दरसेन तृप्तः = નિરંતર આનંદરસથી તૃપ્ત
न खिद्यते = તે (બ્રહ્મજ્ઞાની) ખેદ પામતો નથી
विषयैः न प्रमोदते = (કે) (સાનુકૂળ) વિષયો પ્રાપ્ત થતાં હરખાઈ જતો નથી,
न सज्जते च = નથી આસક્ત થતો કે
विरज्यते अपि न = વિરાગ પામતો પણ નથી.
स्वयं स्वस्मिन् सदा क्रीडति = (તે તો) પોતે પોતાનામાંજ રમતો રહે છે. (અને)
नन्दति = આનંદ માણતો રહે છે.

(છંદ-અનુષ્ટુપ)

क्षुधां देहव्यथां त्यक्त्वा बालः क्रीडति वस्तुनि ।
तथैव विद्वान् रमते निर्ममो निरहं सुखी ॥५३८॥

बालः = (જેવી રીતે) બાળક
क्षुधां देहव्यथाम् = ભૂખ અને શરીરમાં થતી પીડા
त्यक्त्वा = વિસરી જઈને

**वस्तुनि क्रीडति** = (રમવાની) વસ્તુમાં રમ્યા કરે છે.
**तथा एव** = તેવી જ રીતે
**विद्वान्** = બ્રહ્મજ્ઞાની
**निर्ममः** = મમત્વબુદ્ધિ વગરનો (અને)
**निरहम्** = અહંકાર વગરનો (થઈને)
**सुखी** = સુખપૂર્વક
**रमते** = (આત્મામાં જ) રમણ કરે છે.

સંસાર,બંધનથી મુક્ત થયેલો જીવન્મુક્ત જ બ્રહ્મજ્ઞાનીઓમાં અર્થાત્ પરોક્ષજ્ઞાનવાળા પંડિતોમાં કે શાસ્ત્રવેત્તા જેવા શ્રોત્રિય વિદ્વાનોમાં સર્વોત્કૃષ્ટ છે તે તો આત્મરમણમાં જ તૃપ્ત છે, તેથી તેને દેહના દુઃખનું કે શરીરની ભૂખનું સ્મરણ સતાવતું નથી. જેમ રમતમાં મગ્ન બાળક પડે છતાં દુઃખનું સ્મરણ ન રહેતાં ઊભો થઈ પુનઃ રમત શરૂ કરે છે, તથા રમતની મસ્તીમાં તેને ભૂખ, તરસ કે સ્નેહીની યાદ સતાવતી નથી, તેવું જીવન્મુક્તનું સમજવું. નિજાનંદી મસ્તી જેવી કશ્તિના સાથમાં તેને સર્વસ્વનું વિસ્મરણ છે. અર્થાત્ પોતાના 'સ્વ'સ્વરૂપનું તે વિશેષરૂપે થયેલું સ્મરણ છે. તત્ત્વાર્થે તો નિષ્ઠાપૂર્વકના આત્મરમણમાં જ અનાત્માનું વિસ્મરણ અનુસ્યૂત છે.

(છંદ–શાર્દૂલવિક્રીડિત)

**चिन्ताशून्यमदैन्यभैक्षमशनं पानं सरिद्वारिषु**
**स्वातंत्र्येण निरंकुशा स्थितिरभीर्निद्रा स्मशाने वने ।**
**वस्त्रं क्षालनशोषणादिरहितं दिग्वास्तु शय्यामही**
**सञ्चारो निगमान्तवीथिषु विदां क्रीडा परे ब्रह्मणि ॥५३६॥**

**विदां अशनम्** = બ્રહ્મજ્ઞાનીઓનું ભોજન
**चिन्ताशून्यं अदैन्यम्** = ચિંતા અને દીનતા વગરનું
**भैक्षम्** = ભિક્ષામાં મળેલું હોય છે.

सरित् वारिषुपानम् = નદીઓના જળથી જળપાન કરે છે.

स्वातंत्र्येण निरंकुशा स्थितिः = સ્વતંત્રપણે અને નિરંકુશપણે તેઓ રહે છે.

अभीः = ભય રહિત થઈ

स्मशाने वने निद्रा = સ્મશાનમાં કે જંગલમાં ઊંઘે છે.

क्षालनशोषणादि रहितं वस्त्रम् = ધોયા-સૂકવ્યા વગરનાં તેઓના વસ્ત્રો હોય છે.

दिक् वा अस्तु = અગર દિશાઓમાં તેમના વસ્ત્ર હોય છે.

मही शय्या = જમીન એમની શય્યા છે.

निगमान्तवीथिषु सञ्चारः = વેદાંતરૂપી ગલીઓમાં તેઓનું હરવું-ફરવું હોય છે.

परे ब्रह्मणि क्रीडा = તેમની ક્રીડા પરબ્રહ્મમાં હોય છે.

જીવન્મુક્ત જ્ઞાની આત્મવિસ્મરણમાં સંતાય છે અને આત્મસ્મરણમાં ક્રીડા કરવા જાગે છે. તેમનું ક્રીડાસ્થાન ક્ષણભંગુર, અલ્પજીવી વિષયો નહીં પરંતુ પરબ્રહ્મ જ હોય છે માટે નિત્ય નિરંતર ક્રીડા કરતા વેદાંતરૂપી ગલીઓમાં તેઓનું આવાગમન રહે છે અને વેદાંતવાક્યો તેમનું આશ્રયસ્થાન બને છે. અનંત રત્નોથી પરિપૂર્ણ વસુન્ધરા જ તેઓની સુંવાળી શૈય્યા છે અને દિશાઓજ તેમના વસ્ત્ર છે, છતાં જેને ધોવા ન પડે કે સૂકવવાં ન પડે તેવા વલ્કલાદિ જેવાં વસ્ત્રો ધારણ કરવામાં તેમને કોઈ સંકોચ હોતો નથી. કારણ કે તત્ત્વાર્થે તો તેવા બ્રહ્મજ્ઞાનીઓ નથી પીતામ્બર કે શ્વેતાંબરધારી, નથી તેઓ દિગમ્બર કે પંચમહાભૂતોના દેહરૂપી વસ્ત્રો ધારણ કરનાર, પરંતુ નિત્ય નિરંતર ચૈતન્યરૂપી વસ્ત્રોથી લપેટાયેલા રહી, ચિદંબર થઈ, સર્વત્ર વિહાર કરતાં હોય છે. ભૌતિક વસ્ત્રો ન તેમને ઢાંકી શકે કે ન તો નગ્ન રાખી શકે. વસ્ત્રો તો ઉપાધિના અલંકારો છે અને બ્રહ્મજ્ઞાની તો નિરુપાધિક અને નિરલંકૃત છે. આમ, જેને દેહરૂપી વસ્ત્ર નથી કે ભૌતિક વસ્ત્રોનો જેને સ્પર્શ નથી તેને શું લૂંટાઈ જવાનો ભય હોય? માટે તેવા સૌ

અભય થઈ સ્મશાન કે અરણ્યમાં નિદ્રાધીન થાય છે અને નિરંકુશપણે સ્વતંત્રતાપૂર્વક ધારે તે સ્થળે નિવાસ કરે છે અને ઇચ્છે ત્યાં વિહાર કરે છે, સરિતાના નિર્મળ જળનું પાન કરે છે, અન્નની ચિંતાથી નિશ્ચિંત થઈ બ્રહ્માનંદમાં રમણ કરે છે. તથા દયા કે ઉપકાર વગર ભિક્ષામાં જે કંઈ અન્ન મળે તેનું ભોજન કરે છે. આમ, સમગ્ર સૃષ્ટિના સંગમાં રહી જીવનવ્યવહાર ચલાવે છે છતાં વ્યષ્ટિ કે સૃષ્ટિ સાથે ના તેમને સંબંધ છે, સ્નેહ છે કે ના કોઈમાં અનુરાગ છે. તેથી સમૂહમાં હોવા છતાં એકાંતમાં છે અને એકલા એકાંતમાં, ઐક્યદૃષ્ટિમાં રહેવા છતાં, સમગ્ર બ્રહ્માંડરૂપી વસ્ત્રને બાથમાં લઈ વૈરાગ્યસુંદરીના સાથમાં નિરંતર આત્મસ્મરણરૂપી ક્રીડામાં નિમગ્ન રહે છે.

(છંદ-ઉપજાતિ)

विमानमालम्ब्य शरीरमेतद्
भुनक्त्यशेषान् विषयानुपस्थितान् ।
परेच्छया बालवदात्मवेत्ता
योऽव्यक्तलिङ्गोऽननुषक्तबाह्यः ॥५४०॥

अव्यक्तलिङ्गः = અજ્ઞાત ચિહ્નવાળો
यः आत्मवेत्ता = તે આત્મજ્ઞાની
एतत् शरीरं विमानं आलम्ब्य = આ શરીરને અભિમાન રહિત થઈ ધારણ કરે છે તથા
परेच्छया = બીજાઓની ઇચ્છાથી
उपस्थितान् अशेषान् विषयान् = મળેલા સમસ્ત વિષયોને
बालवत् भुनक्ति = બાળકની જેમ ભોગવે છે. (છતાં)
अननुषक्त बाह्यः = બહારની વસ્તુઓમાં આસક્ત થતો નથી.

(एतद् शरीरं विमानं आलम्ब्यः विगतः मानः यस्मिन् कर्मणि यथा स्यात् तथा तत् विमानम्)

"શરીરમાં 'અહં'ભાવ કે 'મમ'ભાવ રહિત થઈ, શરીરને અભિમાન વગર ધારણ કરવું, તે શરીરને વિમાન સાથે ધારણ કરવા બરાબર છે."

(છંદ–ઉપજાતિ)

**दिगम्बरो वापि च साम्बरो वा**
**त्वगम्बरो वापि चिदम्बरस्थः ।**
**उन्मत्तवद्वापि च बालवद् वा**
**पिशाचवद् वापि चरत्यवन्याम् ॥५४१॥**

**चिदम्बरस्थः** = ચૈતન્યરૂપ વસ્ત્ર ધારણ કરતો (આ મહાપુરુષ)
**दिगम्बरः वा अपि च** = કોઈક વાર વસ્ત્રહીન દશામાં હોય છે,
**साम्बरः वा** = તો કોઈક વાર વસ્ત્રયુક્ત હોય છે,
**त्वगम्बरः वा अपि** = કોઈક વાર મૃગચર્માદિ ધારણ કરતો હોય છે,
**उन्मत्तः वा अपि च** = તો કોઈક વાર ગાંડા માણસની જેમ
**बालवत् वा** = અગર તો બાળકની જેમ રહે છે.
**पिशाचवत् अपि वा** = વળી ક્યારેક ભૂતની જેમ પણ
**अवन्यां चरति** = ભૂમિ પર વિચરે છે.

સહજ અને સ્વાભાવિક આત્મક્રીડા કરનારો જ્ઞાની મહાપુરુષ આ શરીરને અભિમાન રહિત થઈ ધારણ કરે છે અર્થાત્ શરીરમાં અહંભાવ કે મમભાવ ત્યાગી દઈ, શરીરનું અવલંબન સ્વીકારે છે અને તે જ કારણે અન્યની ઈચ્છાથી મળેલા સમસ્ત વિષયોને બાળકની જેમ પ્રતિક્રિયા વિના સહજ રીતે ભોગવે છે. એમ, જ્ઞાનીના ભોગમાં પણ બાળકની નિઃસ્પૃહા અગર જ્ઞાનીનો સાક્ષીભાવ જણાય છે. આમ છતાં જ્ઞાનીના અવ્યક્ત લિંગ, લક્ષણો કે ચિહ્નો કંઈ બહારથી સ્પષ્ટ રીતે જણાતા નથી. કોઈ પણ બાહ્ય પદાર્થોમાં તેની આસક્તિ પણ વ્યક્ત થયેલી જણાતી નથી. માટે જ જ્ઞાનીની

પરખ મેળવવી મુશ્કેલ છે અને તેનું જ્ઞાન જાણવું તે તો અતિવિકટ અને દુષ્કર કાર્ય છે. માટે મુમુક્ષુએ તેવા આત્મઘાતી પ્રયાસથી સદાય દૂર રહેવું જોઈએ તથા ભ્રમર જેમ ગુણગ્રાહી થવામાં જ જીવનની સાર્થકતા સમજવી જોઈએ. કારણ કે બાહ્ય આચાર, વર્તન કે વાણીના માપદંડ દ્વારા જો જ્ઞાનીને ખોળવા નીકળીશું તો જાતે જ ગુમનામ થવાશે અને ભ્રાંતિના વમળમાં ડૂબકાં ખાતાં રહીશું છતાં પણ ન તો જ્ઞાનીનો પરિચય થશે કે ન તેની જ્ઞાનદૃષ્ટિના કૃપાપાત્ર થઈ શકાશે. કોઈ વાર જ્ઞાની દિગંબરરૂપે દેખા દેશે, તો કોઈ વાર વસ્ત્રો પરિધાન કરેલો જોવા મળશે. કોઈ વાર મૃગચર્મ આદિથી અલંકૃત જણાતો, વાચાળ જણાશે તો કોઈ વાર ઉન્મત્ત અવસ્થામાં મૂઢ જેમ મૂંગો દેખાશે. પોતાની સ્વતંત્રતામાં ઇચ્છે તેમ વિહાર કરતો, પિશાચવત કે ભૂત, પ્રેત જેવો દેખાશે, તો કોઈ વાર બાળક જેમ નિખાલસ વર્તતો જણાશે. આમ, જ્ઞાનીના વ્યક્ત થયેલા કોઈ વિશેષ લક્ષણો કે ચિહ્નો હોતાં નથી. તેથી જ્ઞાનીને વિશેષણો, લક્ષણો કે વ્યાખ્યામાં બાંધી શકાય નહિ.

(છંદ–અનુષ્ટુપ)

**कामान्नी कामरूपी सञ्चरत्येकचरो मुनिः ।**
**स्वात्मनैव सदा तुष्टः स्वयं सर्वात्मना स्थितः ॥५४२॥**

| | |
|---|---|
| **स्वयं स्वात्मना एव सदा तुष्टः** | = પોતે પોતાના આત્મામાં જ સદા સંતુષ્ટ (અને) |
| **सर्वात्मना स्थितः** | = સર્વરૂપ સ્થિત |
| **मुनिः** | = મુનિ |
| **कामान्नी** | = ઇચ્છાનુસાર ભોજન કરતો |
| **कामरूपी** | = મનમાન્યું રૂપ ધારણ કરતો |
| **एकचरः** | = એકલો |
| **संचरति** | = વિહાર કરે છે. |

(છંદ-શિખરિણી)

क्वचिन्मूढो विद्वान् क्वचिदपि महाराजविभवः
क्वचिद् भ्रान्तः सौम्यः क्वचिदजगराचारकलितः ।
क्वचित् पात्रीभूतः क्वचिदवमतः क्वाप्यविदितः
चरत्येवं प्राज्ञः सततपरमानन्दसुखितः ॥५४३॥

सतत–परमानन्दसुखितः = (આવો) નિત્ય પરમાનન્દથી સુખી
प्राज्ञः = બ્રહ્મવેત્તા
क्वचित् मूढः क्वचित् विद्वान् = ક્યારેક મૂર્ખ અને ક્યારેક વિદ્વાન,
अपि महाराजविभवः = વળી, ક્યારેક મહારાજાના જેવો વૈભવી.
क्वचित् भ्रान्तः क्वचित् सौम्यः = કોઈ વાર ભ્રાન્ત, કોઈ વાર શાન્તચિત્ત,
अजगराचारकलितः = કોઈ વાર અજગરના જેવો આચારવાળો,
क्वचित् पात्रीभूतः = કોઈ વાર સન્માનિત તો
क्वचित् अवमतः = કોઈ વાર અપમાનિત થયેલો,
क्व अपि अविदितः = ક્યારેક અજાણ્યો રહીને
चरति एव = ફર્યા કરે છે.

(છંદ-અનુષ્ટુપ)

निर्धनोऽपि सदा तुष्टोऽप्यसहायो महाबलः ।
नित्यतृप्तोऽप्यभुज्जानोऽप्यसमः समदर्शनः ॥५४४॥

निर्धनः अपि सदा तुष्टः = બ્રહ્મજ્ઞાની નિર્ધન હોય છતાં સદા સંતોષી
असहायः अपि महाबलः = કોઈની સહાય વગરનો છતાં મહાબળવાન,
अपि नित्यतृप्तः अभुज्जानः = જમે નહીં છતાં નિત્યતૃપ્ત,

**असमः अपि समदर्शनः** = સર્વત્ર (જેના સમાન કોઈ નથી તેવો) અસમાન છે. છતાં સમાનદષ્ટિવાળો (થઈને વિચરતો હોય છે.)

આત્મજ્ઞાની પૂર્વે જણાવ્યું છે તેમ કોઈ બંધની નહેર જેમ નિયંત્રિત થઈને વિહાર કે વર્તન કરતો નથી. પરંતુ સ્વચ્છંદી, સ્વતંત્ર સરિતાની જેમ ફાવે ત્યાં કૂદતો, દોડતો થોભ્યા વગર ચાલ્યો જાય છે પછી તેને પોતાના પંથમાં સરિતા જેમ નથી કોઈ વિઘ્નોની ચિંતા કે નથી કોઈ નિયંત્રણની પરવા. ઇચ્છે તો સરિતા જેમ જળપ્રપાત થઈ પડે છે અને ધારે તો કોઈ એકાંત સ્થળમાં સરોવર જેમ સ્થિર થાય છે અને પુનઃ એકાંતથી ઉત્થાન પામી ચાલવા લાગે છે. આમ, સર્વત્ર વિહાર કરતો, સ્વતંત્રતાપૂર્વક આહાર, વિહાર અને વિચાર કરતો વિચરણ કર્યા કરે છે છતાં પોતાના આત્મસ્વરૂપમાં સંતુષ્ટ અને સ્થિત હોવાથી પોતાની ઉપાધિની પ્રતિષ્ઠા, માનહાનિ વગેરેની લેશમાત્ર સરિતા જેમ પરવા કરતો નથી. માટે જ ફાવે તેવું વર્તન કરે, ફાવે તેવાં વસ્ત્રો ધારણ કરે કે ન કરે, ચીથરેહાલ પણ દેખાય અને મહારાજાધિરાજ જેવો વૈભવી પણ જણાય. પોતાની સહજ પ્રગટેલી જ્ઞાનજ્યોતિ દ્વારા પ્રતિષ્ઠા અને આદરને પાત્ર પણ બને છે. નિત્ય પ્રવૃત્તિશીલ પણ જણાય અગર અજગર જેમ નિષ્ક્રિય થઈ શરીરને પ્રારબ્ધને હવાલે કરી, શરીરની ભૂખ–તરસની ચિંતા છોડી, પ્રમાદીઓના સરદાર જેવો મહામૂઢ પણ જણાય. તે સરિતાની જેમ પોતાના સ્વભાવમાં અચળ રહી નામ–રૂપની ચિંતાથી વિમુક્ત થાય છે અને અભયતાથી સ્વચ્છંદતાપૂર્વક વર્તે છે. સરિતાને સાગરમાં ભળી જવાથી નામરૂપની ચિંતા હોતી નથી તેમ જ્ઞાની તો જીવતા જ ચૈતન્યસાગરમાં કૂદી ઉપાધિના સર્વ ધર્મો ત્યાગી ચૂક્યો છે તેથી તે તો નામ–રૂપ, પ્રતિષ્ઠા કે નિંદા જેવા ધર્મોથી નિશ્ચિંત બન્યો હોય, તેમાં તો લેશમાત્ર આશ્ચર્ય નથી.

જીવન્મુક્ત બ્રહ્મવેત્તા નિર્ધન હોવા છતાં પોતે પોતાનામાં સંતુષ્ટ હોય છે અને તે જ તેની સાચી સમૃદ્ધિ છે. મોટા ભાગે લોકો ધનવાન હોવા

છતાં અસંતુષ્ટ અને પાર વગરની વાસનાના બોજથી લદાયેલા હોવાથી જીવનભર ધનવાન રહીને પણ સમૃદ્ધિને સ્પર્શ કરી શકતા નથી. જ્યારે ધનવાન થવાની ઇચ્છામાત્રના ત્યાગથી જ જ્ઞાની નિર્ધન છતાં સમૃદ્ધ બને છે. આવી સમૃદ્ધિને વરેલો જ્ઞાની સૈન્યબળ, સત્તાબળ, વિત્તબળથી વંચિત હોવા છતાં મૃત્યુ જેવા ભયને મહાત કરવાથી મહાબળવાન બને છે અને કોઈની સહાય કે આશ્રય ન હોવા છતાં અભયતાને પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં, પરંતુ ભૂતમાત્રને અભય, અભેદ તત્ત્વવાળા માની સૌમાં સમાનદષ્ટિવાળો થઈ વિહાર કર્યા કરે છે.

(છંદ–અનુષ્ટુપ)

**अपि कुर्वन्नकुर्वाणश्चाभोक्ता फलभोग्यपि ।**
**शरीर्यप्यशरीर्येषः परिच्छिन्नोऽपि सर्वगः ॥५४५॥**

**एषः** = આ (જ્ઞાની)
**कुर्वन् अपि अकुर्वाणः च** = સર્વે કાર્યો કરતો છતાં કાંઈ નહીં કરનારો અને
**फलभोगी अपि अभोक्ता** = ફળ ભોગવતો હોવા છતાં ફળનો ભોક્તા નહીં (એવો)
**शरीरी अपि अशरीरी** = દેહધારી હોવા છતાં વિદેહી-દેહ વગરનો
**परिच्छिन्नः अपि सर्वगः** = એક દેશમાં રહેતો હોવા છતાં સર્વગામી છે.

(છંદ–અનુષ્ટુપ)

**अशरीरं सदा सन्तमिमं ब्रह्मविदं क्वचित् ।**
**प्रियाप्रिये न स्पृशतस्तथैव च शुभाशुभम् ॥५४६॥**

**सदा अशरीरम्** = સદા શરીરના અભિમાન વગરના
**इमं सन्तं ब्रह्मविदम्** = આ સન્તકોટીના બ્રહ્મજ્ઞાનીને
**क्वचित्** = કોઈ પણ વખતે

प्रिय–अप्रिये तथैव च = પ્રિય કે અપ્રિયનો, તેમજ
शुभ–अशुभम् = શુભ કે અશુભનો
न स्पृशतः = સ્પર્શ થતો નથી.

(છંદ–ઉપજાતિ)

स्थूलादिसम्बन्धवतोऽभिमानिनः
सुखं च दुःखं च शुभाशुभे च ।
विध्वस्तबन्धस्य सदात्मनो मुनेः
कुतः शुभं वाऽप्यशुभं फलं वा ॥५४७॥

स्थूलादिसम्बन्धवतः = સ્થૂળ આદિ શરીરોમાં સંબંધવાળા (અભિમાનવાળા)
अभिमानिनः = દેહાભિમાનીને
सुखं च दुःखं च = સુખ અને દુઃખ,
शुभाशुभे च = અને શુભ અશુભ પણ જણાય છે (પરંતુ)
विध्वस्तबन्धस्य = જેનું બંધંન નષ્ટ થયું છે
सदात्मनः = એવા સત્‌સ્વરૂપ
मुनेः = મુનિને
शुभं वा अशुभं कुतः = શુભ કે અશુભ કર્મ ક્યાં?
फलं अपि वा = કે (કર્મનું) ફળ કેવું?

(છંદ–અનુષ્ટુપ)

तमसा ग्रस्तवद्भानादग्रस्तोऽपि रविर्जनैः ।
ग्रस्त इत्युच्यते भ्रान्त्या ह्यज्ञात्वा वस्तुलक्षणम् ॥५४८॥
तद्वद्देहादिबन्धेभ्यो विमुक्तं ब्रह्मवित्तमम् ।
पश्यन्ति देहिवन्मूढाः शरीराभासदर्शनात् ॥५४९॥

वस्तुलक्षणं हि अज्ञात्वा = વાસ્તવિક હકીકત સમજમાં ન આવવાથી જ

| | |
|---|---|
| **रविः अग्रस्तः अपि** | = સૂર્ય (રાહુથી) ગળાયેલ ન હોવા છતાં |
| **तमसा ग्रस्तवत् भानात्** | = અંધારાને લીધે ગળાયેલા જેવો જણાયાથી |
| **जनैः भ्रान्त्या ग्रस्त इति उच्यते** | = લોકો ભ્રાંતિથી કહે છે કે "(સૂર્ય રાહુથી) ગ્રસ્ત થયો છે." |
| **तद्वत्** | = તેવી રીતે |
| **मूढाः** | = (અજ્ઞાની) મૂઢ લોકો |
| **शरीराभासदर्शनात्** | = (બ્રહ્મજ્ઞાનીના) આભાસમાત્ર શરીરને જોઈને |
| **देहादि–बन्धेभ्यः विमुक्तम्** | = દેહાદિ બંધનોથી છૂટી ગયેલા |
| **ब्रह्मवित्तमम्** | = ઉત્તમ બ્રહ્મજ્ઞાનીને |
| **देहिवत् पश्यन्ति** | = દેહધારી જેવો સમજે છે. |

બ્રહ્મજ્ઞાની કાર્ય કરે છે છતાં કર્મ, ફળ કે કર્તા–ભોક્તાને સ્પર્શ કરતો નથી. એક સ્થળે રહેતો હોય તેવું લાગે છે છતાં આત્મભાવે સર્વદેશીય હોઈ, સર્વ સમયે સર્વ દેશમાં હાજરાહજૂર હોય છે. શુભ–અશુભ આદિ કોઈ પણ દ્વંદ્વનો તેને સંગ નથી અને તે જ ન્યાયે સ્થૂળ–સૂક્ષ્મ જેવા શરીરો સાથે પણ તેને લેશમાત્ર સંબંધ નથી, તો દેહના બંધનથી સગપણ ક્યાં અને ભ્રાંતિરૂપી દેહના બંધનથી છૂટવા પ્રયત્ન કેવો? આમ, વાસ્તવિકતામાં તો જ્ઞાની નિત્યમુક્ત જ છે. છતાં જ્ઞાનીની નિત્યમુક્તિથી અજ્ઞેય અને અજ્ઞાત મૂઢજનો જેમ સૂર્યને રાહુથી ગળાયેલો કે ગ્રસિત માને છે તેમ જ્ઞાનીના શરીરને અને તેના બાહ્ય વર્તનનું અવલોકન કરીને તેને સંસારબંધનથી બંધાયેલો કે દેહાદિની આસક્તિથી જકડાયેલો સામાન્ય દેહધારી મનુષ્ય જ માને છે. કારણ કે તેવા અલ્પમતિવાળા અવિવેકી પોતાનું નિરીક્ષણ કરી, પોતાના જેવા જ અન્યને માને છે. જે મૂઢમતિવાળા પોતાને શરીરધારી નહીં, પરંતુ સાક્ષાત્ શરીર સમજે તેમજ પોતાને સંસારબંધનથી બદ્ધ માને અને દેહના આકારમાં કેદ

જાણી કાળની કારાવાસમાં વિનાશી સમજે તે અન્યને કાળાતીત કે નિત્યમુક્ત સમજે કઈ રીતે? છતાં જેમ સૂર્યને રાહુથી ગ્રસિત માનવાથી સૂર્યમાં કોઈ ફરક પડતો નથી તેમ જ્ઞાનીને અજ્ઞાની ધારે તેવો ગણે, ઇચ્છે તેવો કલ્પે અને પોતાની અલ્પમતિથી મનઘડંત પ્રમાણપત્રોથી કે નિંદાથી નવાજે, છતાં જ્ઞાનીને ન તો અજ્ઞાનીના પ્રમાણપત્રોની અપેક્ષા છે કે ન તો તેવા અજ્ઞાનીની નિંદાથી વિક્ષેપ હોય છે. તે તો ગગનના સૂર્ય જેમ અવિરત પ્રકાશમાન થઈ સૌને પ્રકાશે છે, ભયભીતને અભય પ્રદાન કરે છે, નિર્ધનને આત્મધનનો ખજાનો દર્શાવે છે. પરોપકારની અપેક્ષા ન હોવા છતાં તેના સંપર્કમાં આવનાર સૌ કોઈ પુણ્યશાળી બને છે અને પરમ પવિત્ર જ્ઞાનના પંથે પ્રયાણ કરી એવી રીતે આગળ વધે છે કે પછી કદી અજ્ઞાનના અંધારા જેવા જગતમાં તેઓ પાછા ફરતા નથી અને પરમપદને પામી સંસાર તરી જાય છે.

(છંદ-અનુષ્ટુપ)

**अहिनिर्ल्वयनीवायं मुक्तदेहस्तु तिष्ठति ।**
**इतस्ततश्चाल्यमानो यत्किञ्चित् प्राणवायुना ॥५५०॥**

**प्राणवायुना इतः ततः–** = પ્રાણવાયુના લીધે તેનું શરીર આમતેમ
**यत्किञ्चित् चाल्यमानः** = લગાર હરતું ફરતું દેખાય છે.
**तु अयं मुक्तदेहः** = છતાં આ દેહમુક્ત (દેહાધ્યાસથી મુક્ત જ્ઞાની)
**अहिः निर्ल्वयनी इव तिष्ठति** = જેમ સાપ કાંચળી ઉતારીને તેનાથી અલગ રહે છે તેમ રહે છે.

(છંદ-અનુષ્ટુપ)

**स्रोतसा नीयते दारु यथा निम्नोन्नतस्थलम् ।**
**दैवेन नीयते देहो यथाकालोपभुक्तिषु ॥५५१॥**

**यथा** = જેવી રીતે

स्रोतसा = જળ પ્રવાહથી
दारु = લાકડું
निम्नोन्नतस्थलम् = ઊંચા-નીચા સ્થાનોમાં
नीयते = લઈ જવાય છે (તેવી રીતે)
देहः = (તે બ્રહ્મજ્ઞાનીનું) શરીર
दैवेन = પ્રારબ્ધથી
यथाकालोपभुक्तिषु = વખતસર (ભોજન વગેરે) ઉપભોગોમાં
नीयते = લઈ જવાય છે.

(છંદ-વસંતતિલકા)

प्रारब्धकर्मपरिकल्पितवासनाभिः
संसारिवच्चरति भुक्तिषु मुक्तदेहः ।
सिद्धः स्वयं वसति साक्षिवदत्र तूष्णीं
चक्रस्य मूलमिव कल्पविकल्पशून्यः ॥५५२॥

मुक्तदेहः = દેહમુક્ત (દેહાભિમાનથી મુક્ત થયેલો તે બ્રહ્મજ્ઞાની)
प्रारब्धकर्म–परिकल्पितवासनाभिः = પ્રારબ્ધકર્મના યોગે કલ્પાયેલી વાસનાઓથી
भुक्तिषु संसारिवत् चरति = ભોગોમાં સંસારીની જેમ વિચરે છે.
चक्रस्य मूलं इव = (પરંતુ) ચક્રના મૂળની (કેન્દ્રની) જેમ
सिद्धः स्वयम् = સિદ્ધ પુરુષ પોતે તો
अत्र कल्प–विकल्प–शून्यः = અહીં (ભોગોમાં) સંકલ્પ-વિકલ્પ રહિત
साक्षिवत् = સાક્ષીભાવથી
तूष्णीं वसति = મૌન રહે છે.

જીવન્મુક્ત જ્ઞાની દ્વારા દેહની અહંતા અને મમતા અનાયાસે જ છૂટી ગઈ છે. દેહનો અહંકાર કે મમત્વ ત્યાગવા તેણે કોઈ વિશેષ પ્રયત્ન કર્યો નથી જેમ સમય જતાં શરીર છોડવા તૈયાર થયેલી સાપની કાંચળી જયારે સાપ ઝાડઝાંખર કે વાડમાંથી પસાર થતો હોય છે ત્યારે નીકળી જાય છે અને તે આગળ ચાલ્યો જાય છે. ત્યજાયેલી કાંચળી તરફ ન તો સર્પ કદી જુએ છે, ધ્યાન દે છે કે તેનું સ્મરણ કરે છે. પછી પોતાથી ત્યજાયેલી કાંચળી કાંટાની વાડ ઉપર તડકે તપે કે વરસાદમાં ભીની થાય છતાં સર્પને ન તેની ચિંતા છે કે ન સ્મરણ છે. કાંટાની વાડ ઉપર કે નિર્જન રસ્તે રહેલી કાંચળી પવનથી ઊડી સ્થાન બદલે કે હાલ્યા કરે તેમાં સર્પને શું? તે જ રીતે આત્મજ્ઞાન થતાં જ જ્ઞાનીએ, શરીર ઉપરની અહંતા અને મમતા સાથે કાંચળીની જેમ શરીરનો પ્રયત્ન વિના સહજ ત્યાગ કર્યો છે તેથી શરીરના દુ:ખથી તે દુ:ખી નથી કે તેને પ્રાપ્ત થતાં સુખથી તે સુખી નથી. શરીરના આભૂષણોથી તે શોભતો નથી કે શરીરની ગંદકીથી તે કદરૂપો થતો નથી. તેને સર્પની કાંચળી જેમ શરીરનું વિસ્મરણ થયેલું જણાય છે છતાં શરીર પ્રાણવાયુ દ્વારા ક્રિયાશીલ જણાય છે અને પ્રારબ્ધરૂપી પવનથી આવાગમન કર્યા કરે છે. પ્રારબ્ધ શરીરને યથાકાળ ભોજનાદિ અપાવે તો શરીર ગ્રહણ કરે છે અને પ્રારબ્ધ ભોગોથી શરીરને વંચિત રાખે તો શરીર સ્થગિત થઈ પડ્યું રહે છે, છતાં જ્ઞાની તેનાથી ઉન્માદ કે ચિંતા અનુભવતો નથી. તે જાણે છે કે જળપ્રવાહમાં વહેતું લાકડું જાતે ઊંચુ–નીચું થતું નથી પણ પાણીના મોજાં જ તેને ઊંચાનીચા સ્થાનોમાં લઈ જાય છે. તેવી જ રીતે પ્રારબ્ધરૂપી જળ, શરીરરૂપી લાકડાને, સુખ અને વૈભવના ઊંચા સ્થાનોમાં લઈ જાય અગર નિર્જન રણ જેવા ભોગ્યપદાર્થોના અભાવવાળા સ્થાનોમાં નીચે પણ ખેંચી જાય છતાં જ્ઞાનીને સુખના ઉન્નત શિખરોનું ન આરોહણ છે કે દુ:ખના દરિયામાં ન તેને કોઈ પતન જેવું છે. પદાર્થોના અભાવમાં ન તેને પાનખર છે કે સુખભોગ જેવા સાધનોના સહવાસમાં તેને નવપલ્લવિત વસંત જેવું છે. તે શરીરને સર્પની કાંચળી જેમ ત્યાગી ચૂક્યો છે પછી શરીરના

સુખદુઃખનો તેને સાથ કે સંગાથ નથી. તે શરીરના અભિમાનથી મુક્ત થયેલો હોઈ, શરીરને તેના પ્રારબ્ધયોગે જે કંઈ ભોગો મળે છે તેનો તિરસ્કાર પણ કરતો નથી અને જે કંઈ ભોગોનો કે પદાર્થોનો અભાવ સર્જાય છે તેની અપેક્ષા પણ રાખતો નથી અને સાક્ષીભાવે તર્કવિતર્કશૂન્ય થઈ પોતાના આત્મસ્વરૂપમાં સંતુષ્ટ રહી પ્રતિક્રિયા રહિત બનીને, ચક્રના ખીલા જેમ અચળ રહી શરીરની ગતિને જોયા કરે છે. શરીરને ફાવે ત્યાં ફરવા દે છે પણ પોતે અફર રહે છે. શરીરના આવાગમનમાં વિઘ્ન ઊભા કરતો નથી પરંતુ પોતે આવજા કર્યા વિના શરીરનું અધિષ્ઠાન કે આધાર થઈ અવિચળ રીતે પોતાના સ્વરૂપમાં અપરિવર્તનશીલ રહે છે.

(છંદ–વસંતતિલકા)

**नैवेन्द्रियाणि विषयेषु नियुङ्क्त एष**
**नैवोपयुङ्क्त उपदर्शनलक्षणस्थः ।**
**नैव क्रियाफलमपीषदपेक्षते सः**
**स्वानन्दसान्द्ररसपानसुमत्तचित्तः ॥५५३॥**

**एषः स्वानन्द–सान्द्ररसपानसुमत्त–चित्तः** = આ (બ્રહ્મવેત્તા) સ્વાત્માનંદરૂપી અમૃતના રસપાન દ્વારા આનંદમાં ઘનીભૂત થઈ, ઉન્મત્ત ચિત્તવાળો થયેલો, આ

**उपदर्शनलक्षणस्थः** = ઉપદ્રષ્ટા (સાક્ષી) જેવા લક્ષણોવાળો

**इन्द्रियाणि विषयेषु न एव नियुङ्क्ते** = ઇન્દ્રિયોને વિષયોમાં જોડતો નથી (તેમજ)

**न एव उपयुङ्क्ते** = તેમને (ઇન્દ્રિયોને) વિષયોથી રોકતો પણ નથી.

**ईषत् अपि** = વળી તે જરા પણ

क्रियाफलं न एव अपेक्षते = (પોતાના) કર્મના ફળની અપેક્ષા રાખતો નથી.

(છંદ-અનુષ્ટુપ)

लक्ष्यालक्ष्यगतिं त्यक्तवा यस्तिष्ठेत्केवलात्मना ।
शिव एव स्वयं साक्षादयं ब्रह्मविदुत्तमः ॥५५४॥

यः = જે
लक्ष्यालक्ष्यगतिं = લક્ષ્ય (સગુણ,સાકારરૂપી લક્ષ્ય) અને અલક્ષ્ય (નિર્ગુણ, નિરાકારરૂપી અલક્ષ્ય) દૃષ્ટિનો
त्यक्तवा = ત્યાગ કરીને
केवल आत्मना तिष्ठेत् = માત્ર આત્મારૂપે જ રહે છે.
अयं ब्रह्मविदुत्तमः = (તે) આ બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ
स्वयं साक्षात् शिवः एव = પોતે સાક્ષાત્ શિવ જ છે.

(છંદ-અનુષ્ટુપ)

जीवन्नेव सदा मुक्तः कृतार्थो ब्रह्मवित्तमः ।
उपाधिनाशाद्ब्रह्मैव सन् ब्रह्माप्येति निर्द्वयम् ॥५५५॥

ब्रह्मवित्तमः = (આવો) સર્વોત્કૃષ્ટ બ્રહ્મજ્ઞાની
जीवत् एव = જીવનકાળમાં જ
सदा मुक्तः = સદા મુક્ત છે. (અને)
कृतार्थः = કૃતકૃત્ય છે.
उपाधिनाशात् = શરીરરૂપી તેની ઉપાધિ નષ્ટ થતાં
ब्रह्म एव सन् = બ્રહ્મભાવમાં સ્થિત થયેલો તે
निर्द्वयम् = અદ્વિતીય
ब्रह्म अप्येति = બ્રહ્મને જ પામે છે.

(છંદ-અનુષ્ટુપ)

**शैलूषो वेषसद्भावाभावयोश्च यथा पुमान् ।**
**तथैव ब्रह्मविच्छ्रेष्ठः सदा ब्रह्मैव नापरः ॥५५६॥**

| | |
|---|---|
| **यथा शैलूषः** | = જેમ નટ |
| **वेषसद्भाव–अभावयोः च** | = વેષ પહેર્યો હોય કે પહેર્યો ન હોય તો પણ |
| **पुमान्** | = તે માણસ જ છે. |
| **तथैव** | = તેવી જ રીતે |
| **श्रेष्ठः ब्रह्मवित्** | = શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની (ઉપાધિયુક્ત હોય કે ઉપાધિ વગર હોય) |
| **न अपरः** | = અન્ય કંઈ નહીં (પણ) |
| **सदा ब्रह्म एव** | = સદા બ્રહ્મ જ છે |

બ્રહ્મવેત્તા સ્વાત્માનંદરૂપી અમૃતના પાન દ્વારા આનંદમાં ઘનીભૂત થઈ ઉન્મત્ત ચિત્તવાળો બને છે અર્થાત્ આનંદઘન થઈ સાક્ષીભાવે જીવનવ્યવહાર ચલાવે છે અને માટે જ ઇન્દ્રિયોને પ્રયત્નપૂર્વક તેમના વિષયોમાં જવા તે પ્રેરણા આપતો નથી. તે જ પ્રમાણે ઇન્દ્રિયો પોતાના સ્વભાવ દ્વારા વિષયો તરફ ગમન કરતી હોય તો પ્રયત્ન કરી ઇન્દ્રિયોને રોકતો પણ નથી. કારણ કે ઇન્દ્રિયભોગમાં ન તો તેને દ્વેષ છે કે ઇન્દ્રિયભોગ માટે ન તો તેને રાગ છે તેથી જ ઇન્દ્રિયોને વિષયભોગ માટે તે જોડતો પણ નથી. બ્રહ્મવિતનું કર્મ પ્રત્યે પણ નિષ્પક્ષ વલણ છે, ન તો તેને નિષ્કામ કર્મમાં રાગ છે કે ન તો સકામ માટે દ્વેષ છે કારણ કે જ્ઞાની તો કર્મ, કર્મફળ અને કર્તાનો સાક્ષી છે. તેથી તેનો સમગ્ર જીવનવ્યવહાર સાક્ષીભાવે ચાલ્યા કરે છે. પરંતુ તે વ્યવહારનો નિષ્પક્ષ મૂક સાક્ષી બનવામાં તેને વાંધો પણ હોતો નથી તેથી ઇન્દ્રિયોને જેમ કરવું હોય તેમ કરવા દે છે પણ પોતે ઇન્દ્રિયોના ભોગમાં કે અવયવના કર્મમાં લેપાતો નથી.

હે શિષ્ય! સદા સ્મરણ રાખજે કે જે કોઈ સગુણ અને સાકારને લક્ષ્ય બનાવે છે અને નિર્ગુણ નિરાકારને અલક્ષ્ય તરીકે જાણે છે અને અંતે લક્ષ્ય અને અલક્ષ્ય જેવી દૃષ્ટિનો ત્યાગ કરીને અર્થાત્ લક્ષ્ય કે અલક્ષ્ય, સાકાર કે નિરાકાર, સગુણ કે નિર્ગુણ, જ્ઞેય કે અજ્ઞેય જેવી સાપેક્ષ દૃષ્ટિનો ત્યાગ કરીને માત્ર નિરપેક્ષ આત્મારૂપે જ પોતાને જાણે છે અને એવા નિરપેક્ષ સત્યમાં સ્થિત થઈ જીવન જીવે છે તે જ બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ હોવાથી સાક્ષાત્ શિવ કહેવાય છે.

આવો સર્વોત્કૃષ્ટ બ્રહ્મજ્ઞાની, તેના જીવનકાળમાં શરીરના નાશ પૂર્વે જ નિત્ય મુક્તિ પ્રાપ્ત કરી જીવન્મુક્ત કહેવાય છે અને તે જ કૃતકૃત્ય છે. પૂર્વે કહેવાઈ ગયું તેમ તેવો જીવન્મુક્ત તો સાપની કાંચળી જેમ શરીરરૂપી ઉપાધિને ત્યાગી બ્રહ્મીભૂત થયેલો હોય છે. માટે જ તેવા અસંગ, નિર્લેપ, નિરપેક્ષ બ્રહ્મે પંચમહાભૂતના વસ્ત્રો પહેર્યાં હોય કે તે દિગંબર હોય, અગર તે પીતાંબરધારી હોય કે શ્વેતાંબર હોય, તેના બ્રહ્મભાવમાં લેશમાત્ર ફરક પડતો નથી. જેવી રીતે કોઈ અભિનેતાએ નાટકમાં સંન્યાસીની વેશભૂષા ધારણ કરી હોય કે ભયાનક લૂંટારાના વેશમાં જણાતો હોય છતાં વાસ્તવમાં તો તે અભિનેતા જ છે. તેને વેશભૂષા સાથે કે સંન્યાસી અગર લૂંટારાના પાત્ર સાથે નિસ્બત હોતી નથી. તે જ પ્રમાણે બ્રહ્મીભૂત થયેલો જીવન્મુક્ત ઉપાધિરૂપી વેશભૂષા ધારણ કરે કે ત્યાગે તેથી કંઈ તેના નિર્વિશેષ બ્રહ્મસ્વરૂપમાં ફેર પડતો નથી. ઉપાધિને ધારણ કરતાં પૂર્વે પણ તે બ્રહ્મ છે, ઉપાધિ સાથે પણ બ્રહ્મ છે અને ઉપાધિનો નાશ થતાં પણ બ્રહ્મ જ છે.

(છંદ–ઉદ્ગીતિ)

**यत्र क्वापि विशीर्णं पर्णमिव तरोर्वपुः पतनात् ।**
**ब्रह्मीभूतस्य यतेः प्रागेव हि तच्चिदाग्निना दग्धम् ॥५५७॥**

**यत्र क्वापि पतनात्** = ગમે ત્યાં ખરી પડેલાં
**तरोः विशीर्णं पर्णं इव** = ઝાડના પાંદડાંની જેમ

| | |
|---|---|
| **ब्रह्मीभूतस्य यतेः वपुः** | = બ્રહ્મીભૂત થયેલા યોગીનું શરીર (ગમે ત્યાં પડે તેની પરવા નથી) |
| **हि प्राक् एव** | = કારણ કે અગાઉથી જ |
| **तत्–चित्–अग्निना दग्धम्** | = (તે શરીર) ચૈતન્યરૂપ અગ્નિથી બળેલું હોય છે. |

(છંદ-ઉપજાતિ)

**सदात्मनि ब्रह्मणि तिष्ठतो मुनेः**
**पूर्णाद्वयानन्दमयात्मना सदा ।**
**न देशकालाद्युचितप्रतिक्षा**
**त्वङ्मांसविट्पिण्डविसर्जनाय ॥५५८॥**

| | |
|---|---|
| **सदा पूर्ण–अद्वयानन्दमय–आत्मना** | = સદૈવ પરિપૂર્ણ અદ્વિતીય આનંદસ્વરૂપે |
| **सदात्मनि ब्रह्मणि** | = સતરૂપ બ્રહ્મમાં |
| **तिष्ठतः मुनेः** | = રહેતા મહાત્માને |
| **त्वक्–मांस–विट्पिण्ड–** | = ચામડી-માંસ-મળમૂત્રના પિંડ જેવું (શરીર) |
| **विसर्जनाय** | = ત્યાગ કરવા માટે |
| **देशकालादि–उचित–प्रतीक्षा** | = યોગ્ય દેશ-કાલની પ્રતીક્ષા |
| **न** | = (કરવાની જરૂર હોતી) નથી. |

(છંદ-અનુષ્ટુપ)

**देहस्य मोक्षो नो मोक्षो न दण्डस्य कमण्डलोः ।**
**अविद्याहृदयग्रन्थिमोक्षो मोक्षो यतस्ततः ॥५५९॥**

| | |
|---|---|
| **देहस्य** | = શરીરનો કે |
| **दण्डस्य कमण्डलोः** | = દંડ-કમંડલુનો મોક્ષ (ત્યાગ) એ |

मोक्षः न = મોક્ષ નથી.
यतः ततः = ગમે તે રીતે
अविद्या–हृदयग्रन्थि–मोक्षः = હૃદયની અજ્ઞાનરૂપી ગાંઠનું છૂટી જવું
मोक्षः = (તે જ) મોક્ષ છે.

(છંદ–અનુષ્ટુપ)

कुल्यायामथ नद्यां वा शिवक्षेत्रेऽपि चत्वरे ।
पर्णं पतितं चेत्तेन तरोः किं नु शुभाशुभम् ॥५६०॥

पर्णम् = ઝાડનું પાંદડું
कुल्यायां अथ नद्याम् = નાળામાં કે નદીમાં
शिवक्षेत्रे चत्वरे अपि वा = શિવાલયમાં કે ચૌટામાં
पतितं चेत् = પડે તેથી
तरोः = ઝાડને
किं नु शुभ–अशुभम् = ખરેખર શુભ કે અશુભ શું?

(છંદ–ઉપજાતિ)

पत्रस्य पुष्पस्य फलस्य नाशवद्–
देहेन्द्रियप्राणधियां विनाशः ।
नैवात्मनः स्वस्य सदात्मकस्या–
नन्दाकृतेर्वृक्षवदस्ति चैषः ॥५६१॥

पत्रस्य = (ઝાડનાં) પાંદડાં,
पुष्पस्य फलस्य नाशवत् = પુષ્પ અને ફળનો (ખરી પડવાથી) નાશ થાય છે.
देहेन्द्रियप्राणधियां = તેમ દેહ–ઇન્દ્રિય–પ્રાણ–બુદ્ધિ વગેરેનો
विनाशः = વિનાશ થાય છે. (તો પણ)
सदात्मकस्य = સત્સ્વરૂપ

| | |
|---|---|
| **आनन्दाकृतेः** | = આનંદરૂપ |
| **स्वस्य आत्मनः** | = પોતાના આત્માનો |
| **न एव** | = (નાશ) થતો નથી. |
| **च एषः वृक्षवत् अस्ति** | = પરંતુ આ (આત્મા) વૃક્ષની જેમ (નિત્ય અડગ) રહે છે. |

જીવન્મુક્ત જ્ઞાનીએ જીવતાં જ ચૈતન્યરૂપી અગ્નિ દ્વારા શરીરનો અગ્નિસંસ્કાર કરી નાંખ્યો છે. તેથી શરીરનું તેને માટે ચપટી ભસ્મથી વધુ કંઈ મહત્ત્વ નથી. તેથી જ ઝાડના પરિપક્વ થઈ સૂકાઈ ગયેલાં પાંદડાને વૃક્ષથી ખરી પડયાં બાદ તે ઊડીને કયા દેશમાં કે સ્થળમાં પડે છે અગર કયા સમયે ખરે છે, તેનું મહત્ત્વ હોતું નથી. તેમ જ્ઞાનીને પણ શરીર ખરી પડેલાં પાંદડાં જેવું જણાય છે. તેથી જેમ ઝાડનું પાંદડું ગંદી ગટર કે નાળામાં પડે, અગર ગંગા કે નર્મદા જેવી પવિત્ર નદીમાં પડે, અગર ઊડતું ઊડતું કોઈ શિવાલય ઉપર જઈ ચઢે કે યજ્ઞની વેદીમાં પડે, તેથી પડેલાં પાંદડાંને કે વૃક્ષને નથી કોઈ લાભ કે નથી કોઈ હાનિ, નથી કંઈ પવિત્ર કે અપવિત્ર, અગર શુભ અને અશુભ જેવું કંઈ જ હોતું નથી. તેવી જ રીતે, બ્રહ્મીભૂત થયેલા જ્ઞાનીનું શરીર પણ અમાવસ્યાને દિવસે શાંત થાય કે છૂટી જાય અગર પૂર્ણિમાને દિવસે બ્રહ્મમુહૂર્તમાં છૂટે તેથી બ્રહ્મીભૂતને કોઈ લેવા દેવા નથી કે શુભ-અશુભ કાળની ગણત્રી તેને માટે લેશ માત્ર મહત્ત્વની નથી. તે જ પ્રમાણે પૂર્વે જે શરીરને તે જ્ઞાનમાં બાળી ચૂક્યો છે તે કાશી જેવા પવિત્ર ધામમાં કે ગંગા તટે હરદ્વારમાં ખરી પડે, અગર વેરાન જંગલમાં વિહાર કરતાં નિર્જન સ્થળે શાંત થાય, છતાં તેવા કોઈ દેશ-કાળની અસર જ્ઞાનીને થતી નથી. કારણ કે જેનું પૂર્વે પતન થયેલું જ છે તે પુનઃ જ્યારે પડવું હોય અને જ્યાં પડવું હોય ત્યાં ભલે પાંદડા જેમ ખરી પડે, તેથી ચૈતન્યના વટવૃક્ષ જેવાં જ્ઞાનીને કોઈ રાગ-દ્વેષ કે લાભ-હાનિ હોઈ શકે નહીં.

જ્ઞાનીને નિર્વિવાદ સ્પષ્ટ છે કે જેવી રીતે વૃક્ષના પાંદડા, પુષ્પ તથા ફળ ખરી પડયા બાદ નષ્ટ થાય છે, તે જ પ્રમાણે દેહ, ઈન્દ્રિય, પ્રાણ

તથા બુદ્ધિ આદિનો પણ અંતે તો દેશ અને કાળમાં વિનાશ જ થાય છે. પરંતુ, તે સૌના અધિષ્ઠાન સત અને આનંદસ્વરૂપ એવા પોતાના આત્માનો વૃક્ષની જેમ કદી નાશ થતો નથી. અને લેશમાત્ર વિક્ષેપ કે શોક વિના પાંદડા ખરી પડવાં છતાં વૃક્ષ જેમ અચળ કે નિશ્ચળ રહે છે તેમ આત્મસ્વરૂપે હું, દેહ અને ઇન્દ્રિય આદિના ખરી પડવાથી લેશમાત્ર ક્ષુબ્ધ કે વિક્ષિપ્ત તો થતો જ નથી પરંતુ નિત્ય, અડગ અને અવિચળ રહું છું.

આ પ્રમાણે હંમેશા સતસ્વરૂપ બ્રહ્મમાં સદૈવ પરિપૂર્ણ તથા અદ્વિતીય આનંદસ્વરૂપમાં રહેતા મહાત્માને ચામડી, માંસ અને મળમૂત્રના પિંડ જેવાં શરીરનો ત્યાગ કરવા માટે કોઈ પણ યોગ્ય દેશ કે કાળ વગેરેની પ્રતીક્ષા કરવાની આવશ્યકતા હોતી નથી. કારણ કે હૃદયની અજ્ઞાનરૂપી ગ્રંથિ છૂટી જવાથી જ અગર અવિદ્યારૂપી હૃદયગ્રંથિનું ભેદન થવાથી જ મુક્તિ કે મોક્ષ સંભવે છે. એવી મુક્તિ કે મોક્ષ તો બ્રહ્મીભૂત થયેલા જ્ઞાનીને નિત્ય પ્રાપ્ત જ છે. મુક્તિ કે મોક્ષ કંઈ શરીરના ત્યાગમાં સમાયેલો નથી કે શરીરને શુભમુહૂર્તમાં કે પવિત્ર સ્થળમાં શાંત થવું પડે. તે જ પ્રમાણે દંડ અને કમંડળના ત્યાગમાં પણ મોક્ષ નથી. વાસ્તવમાં તો તમામ ભૌતિક વસ્તુ પદાર્થો કે વિષયોનો ત્યાગ તો સ્વપ્નના ત્યજાયેલા પદાર્થો અને પાત્રો જેવો જ ભ્રામક છે. માટે મેં ત્યાગ કર્યો છે એવા અભિમાનનો ત્યાગ જ વાસ્તવિક ત્યાગ છે. અભિમાન ત્યાગીને તેવા ત્યાગનું વિસ્મરણ થવું એ જ સાચી આત્મસ્મરણરૂપી નિત્યમુક્તિ છે.

(છંદ–અનુષ્ટુપ)

**प्रज्ञानघन इत्यात्मलक्षणं सत्यसूचकम् ।**
**अनूद्यौपाधिकस्यैव कथयन्ति विनाशनम् ॥५६२॥**

| | |
|---|---|
| **प्रज्ञानघनः** | = 'પ્રજ્ઞાનઘન' (આત્મા જ્ઞાનસ્વરૂપ છે) |
| **इति** | = એવું |
| **आत्मलक्षणम्** | = આત્માનું લક્ષણ |

सत्यसूचकम् = એની સત્યતાનું સૂચક છે. (અને)
अनूद्य औपाधिकस्य एव = મિથ્યા ઉપાધિનો જ
विनाशनम् = વિનાશ
कथयन्ति = કહે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अविनाशी वा अरेऽयमात्मेति श्रुतिरात्मनः ।**
**प्रब्रवीत्यविनाशित्वं विनश्यत्सु विकारिषु ॥५६३॥**

"अविनाशी वा अरे अयं आत्मा" = 'અરે! આ આત્મા અવિનાશી છે."
इति श्रुतिः = એમ શ્રુતિ
विकारिषु विनश्यत्सु = વિકાર અને વિનાશવાળા પદાર્થોમાં
आत्मनः = આત્માનું
अविनाशित्वम् = અવિનાશીપણું
प्रब्रवीति = સ્પષ્ટ કહે છે.

(છંદ-વસંતતિલકા)

**पाषाणवृक्षतृणधान्यकटाऽम्बराद्या**
**दग्धा भवन्ति हि मृदेव यथा तथैव ।**
**देहेन्द्रियासुमन आदि समस्त दृश्यं**
**ज्ञानाग्निदग्धमुपयाति परात्मभावम् ॥५६४॥**

यथा = જેવી રીતે
पाषाण-वृक्ष-तृण-धान्य- = પથ્થર, ઝાડ, ઘાસ, અનાજ
कटा-अम्बराद्याः = ભૂસું, વસ્ત્ર વગેરે
दग्धा हि मृत् एव भवन्ति = બળી જઈને ખરેખર માટી જ (રાખ) થઈ જાય છે.

तथा एव = તેવી જ રીતે
देह–इन्द्रिय–असु–मनः आदि= દેહ–ઇન્દ્રિયો–પ્રાણ–મન વગેરે
समस्त दृश्यम् = બધાં જ દૃશ્ય પદાર્થો
ज्ञानाग्नि दग्धम् = જ્ઞાનરૂપી અગ્નિથી બળીને
परात्मभावम् उपयाति = પરમાત્મભાવને પામે છે.

(છંદ–અનુષ્ટુપ)

विलक्षणं यथा ध्वान्तं लीयते भानुतेजसि ।
तथैव सकलं दृश्यं ब्रह्मणि प्रविलीयते ॥५६५॥

यथा भानुतेजसि = જેવી રીતે સૂર્યના પ્રકાશમાં
विलक्षणम् = (પ્રકાશથી) વિલક્ષણ સ્વભાવવાળું
ध्वान्तं लीयते = અંધારું લીન થઈ જાય છે,
तथा एव = તેવી જ રીતે
सकलं दृश्यम् = આ સંપૂર્ણ દૃશ્ય
प्रविलीयते ब्रह्मणि = બ્રહ્મમાં જ અત્યંત લીન થઈ જાય છે.

(છંદ–અનુષ્ટુપ)

घटे नष्टे यथा व्योम व्योमैव भवति स्फुटम् ।
तथैवोपाधिविलये ब्रह्मैव ब्रह्मवित् स्वयम् ॥५६६॥

यथा घटे नष्टे = જેવી રીતે ઘડો ફૂટી જતાં
व्योम = (એમાં રહેલું) આકાશ (ઘટાકાશ)
व्योम एव स्फुटं भवति = 'આકાશ જ છે' એવું સ્પષ્ટ થાય છે
तथा एव = તેવી જ રીતે
उपाधिविलये = શરીરરૂપી ઉપાધિનો નાશ થતાં
ब्रह्मवित् = બ્રહ્મજ્ઞાની
स्वयं ब्रह्म एव = પોતે બ્રહ્મ જ છે.

**'प्रज्ञानघन'** જેવા લક્ષણ દ્વારા આત્માની સત્યતાનું સૂચન કરવામાં આવે છે, જ્યારે ઉપાધિ દ્વારા કલ્પિત સમગ્ર અસત પદાર્થો વિનાશી છે એવું પણ કહેવામાં આવે છે. આમ, આત્મા લક્ષણ, વ્યાખ્યા, લિંગ, ચિહ્ન આદિથી વિલક્ષણ તથા વાચાતીત હોવા છતાં જો શબ્દ કે ભાષાના માધ્યમથી જ તેનું સૂચન કરવું હોય તો માત્ર એક જ શબ્દ પર્યાપ્ત છે અને તે **'प्रज्ञानघन'**. આ શબ્દ જ આત્માનું વિલક્ષણ લક્ષણ સૂચવી આત્માનું જ્ઞાનસ્વરૂપ પ્રગટ કરે છે. **'अविनाशी वा अरे अयं आत्मा इति श्रुतिः ।'** "અરે ! આ આત્મા અવિનાશી છે." એવો શ્રુતિસંદેશ વાસ્તવમાં તો એવું સૂચવે છે કે આત્માથી અન્ય જે કંઈ વિકારવાળું અર્થાત્ પરિવર્તનશીલ છે તેનો નિશ્ચિત નાશ છે અને આત્મા તો અવિકારી હોવાથી નિર્વિવાદ અવિનાશી છે.

જેવી રીતે પથ્થર, ઝાડ, ઘાસ, અનાજ, ભૂસું, વસ્ત્ર આદિ બળીને રાખ થઈ જાય છે, તેવી જ રીતે દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, મન વગેરે જે જે દૃશ્ય છે તે સર્વ જ્ઞાનરૂપી અગ્નિમાં બળીને પરમાત્મારૂપ બની જાય છે. તેવા કથનથી તત્ત્વાર્થ તો એવો જ લેવાનો કે જ્ઞાનમાં દૃશ્ય પદાર્થો મિથ્યા હોવાથી તેમનો બાધ થાય છે અને માત્ર પરમાત્મા જ અવશેષ રહે છે. અગર જ્ઞાનરૂપી અગ્નિમાં ભેદ અને દ્વૈત નિવૃત્ત થવાથી સર્વ કાંઈ અભેદ પરમાત્મભાવે જણાય છે.

તાત્પર્યમાં, જેવી રીતે સૂર્યનો ઉદય થતાં તેના પ્રકાશમાં પ્રકાશથી વિરુદ્ધ ધર્મવાળું અંધારું પ્રકાશમાં લીન થઈ જાય છે, તેવી જ રીતે સકળ દૃશ્ય જગત તેનાથી વિરુદ્ધધર્મી અદૃશ્ય અને અવ્યક્ત બ્રહ્મમાં આત્યંતિક રીતે વિલીન થઈ જાય છે. તે જ પ્રમાણે જેમ ઘડો નષ્ટ થતાં ઘટસ્થ ઘટાકાશ મહાકાશમાં વિલીન થઈ, મહાકાશ જ બની જાય છે તેમ શરીરસ્થ જીવાત્મા આત્મજ્ઞાન પ્રાપ્ત કરી જ્ઞાનરૂપી અગ્નિથી શરીરરૂપી ઘડાનો બાધરૂપી નાશ કરે છે ત્યારે ઘટાકાશવત જીવ પોતે જ પોતાની મેળે બ્રહ્મસ્વરૂપ થઈ જાય છે.

(છંદ-અનુષ્ટુપ)

क्षीरं क्षीरे यथाक्षिप्तं तैलं तैले जलं जले ।
संयुक्तमेकतां याति तथात्मन्यात्मविन्मुनिः ॥५६७॥

| | |
|---|---|
| यथा | = જેવી રીતે |
| क्षीरे क्षिप्तं क्षीरम् | = દૂધમાં નાંખેલું દૂધ |
| तैले तैलम् | = તેલમાં (નાંખેલું) તેલ (અને) |
| जले जलम् | = પાણીમાં (ઉમેરેલું) પાણી |
| संयुक्तम् | = ભળી જઈને |
| एकतां याति | = એક થઈ જાય છે. |
| तथा | = તેવી જ રીતે |
| आत्मवित् मुनिः | = આત્મજ્ઞાની મહાત્મા |
| आत्मनि | = આત્મામાં (ભળી જઈને એકરૂપ જ થઈ જાય છે.) |

(છંદ-અનુષ્ટુપ)

एवं विदेहकैवल्यं सन्मात्रत्वमखण्डितम् ।
ब्रह्मभावं प्रपद्यैष यतिर्नावर्तते पुनः ॥५६८॥

| | |
|---|---|
| एवम् | = આ પ્રમાણે |
| अखण्डितं सन्मात्रत्वम् | = અખંડ સત્તામાત્ર |
| ब्रह्मभावम् | = બ્રહ્મભાવમાં સ્થિતિ, એ જ |
| विदेहकैवल्यम् | = વિદેહ કૈવલ્ય કહેવાય છે. |
| एषः यतिः प्रपद्य | = આ યતિ (તેને) પામીને |
| न पुनः आवर्तते | = ફરી સંસારમાં પાછો આવતો નથી. |

(છંદ-અનુષ્ટુપ)

सदात्मैकत्वविज्ञानदग्धाविद्यादिवर्ष्मणः ।
अमुष्य ब्रह्मभूतत्वाद् ब्रह्मणः कुत उद्भवः ॥५६९॥

| | |
|---|---|
| **सत्–आत्मा–एकत्व–विज्ञान–** | = જીવબ્રહ્મના ઐક્યજ્ઞાન દ્વારા |
| **दग्ध–अविद्या–आदि–वर्ष्मणः** | = જેની અવિદ્યા વગેરે (અવિદ્યાજન્ય દેહ વગેરે) ઉપાધિ બળી ગઈ છે. |
| **अमुष्य** | = આનો |
| **ब्रह्मभूतत्वात्** | = બ્રહ્મભાવ થઈ ગયો હોવાથી |
| **ब्रह्मणः** | = બ્રહ્મનો |
| **उद्भवः** | = જન્મ |
| **कुतः** | = ક્યાંથી સંભવે? |

જેવી રીતે દૂધમાં નાંખેલું દૂધ, તેલમાં નાંખેલું તેલ અને પાણીમાં નાંખેલું પાણી એક બીજામાં મળીને એકરૂપ થઈ જાય છે, તે જ પ્રમાણે આત્મજ્ઞાન દ્વારા આત્મવિત બનેલો મુનિ, આત્મામાં ઓતપ્રોત થઈને એકરૂપ જ બની જાય છે. અર્થાત્ આત્મજ્ઞાન દ્વારા ઉપાધિનું મિથ્યાત્વ જાણી, ઉપાધિભેદનો નાશ કરી, અનેક ઉપાધિઓમાં રહેલા અભેદ, અખંડ આત્મા સાથે સાક્ષાત્કાર કરીને અખંડ આત્મસ્વરૂપ જ થઈ જાય છે.

આવી રીતે અખંડ અસ્તિત્વરૂપે સ્થિત રહેવું, તે જ વિદેહ કૈવલ્યરૂપી મુક્તિ કહેવાય છે. કારણ કે જે પોતાને આત્મા તરીકે અપરોક્ષ રીતે જાણી અખંડ, અભેદ અસ્તિત્વ કે સત્સ્વરૂપે જ જાણે છે તેનું દેહતાદાત્મ્ય જીવતાં જ છૂટી જાય છે અને તેથી, તેવો જ્ઞાની વિદેહકૈવલ્યને જીવતાં જ પ્રાપ્ત થયો છે તેવું કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. આમ, જીવતાં જ બ્રહ્મભાવને પામીને તેવો યતિ કે સંન્યાસી સંસારમાં પુનર્જન્મ લઈ મનુષ્યદેહે કે ઇતરયોનિ દ્વારા અવતરતો નથી માટે જ તે ભવસાગર તરી ચૂક્યો છે અને જે પરમપદમાંથી પાછા ફરવાનો રસ્તો નથી તેવા પરમપદને પામી ચૂક્યો છે. આમ હોવાથી જીવન્મુક્તને પણ પુનર્જન્મ નથી અને ન જ હોઈ શકે. કારણ કે એકવાર જે પોતાને બ્રહ્મરૂપે જાણે તે અજન્મા થયેલો પુનઃ અવતરે કે જન્મે કઈ રીતે? અર્થાત્ જે કોઈ જીવન્મુક્ત છે તેણે તો જીવતાં જ જ્ઞાનરૂપી અગ્નિમાં, શરીરને સ્પર્શ કર્યા વિના બાળી નાંખ્યું છે, અર્થાત્

તેનો બાધ કર્યો છે. તેનો અર્થ એવો નથી કે તેણે જીવાત્માને જીવતો રહેવા દીધો છે. જીવાત્માનો પણ **'अहं ब्रह्मास्मि'** એવા જ્ઞાનમાં બાધ થયેલો છે. આમ વિચારતાં સ્પષ્ટ થાય છે કે જેને જીવભાવ જેવું કંઈ નથી, તો નવા નવા શરીર ધારણ કરી જન્મ લેશે કોણ? માટે સર્વદૃષ્ટિએ જીવન્મુક્તને તો પુનર્જન્મ નથી જ. તેમ છતાં જો એવું માનીએ કે આત્મજ્ઞાન પછી પણ દેહ તો દેહનું પ્રારબ્ધ ભોગવવા ટકે છે અને પ્રારબ્ધ ભોગવાઈ જતાં જ્યારે સમાપ્ત થઈ જાય છે ત્યારે દેહ, પ્રારબ્ધ કર્મના બંધનથી મુક્ત થઈ જાય છે તો તેવી મુક્તિ દેહત્યાગ પછીની વિદેહમુક્તિ તરીકે ઓળખાય છે. આમ, તેણે સંચિત અને આગામી કર્મોનો જ્ઞાનમાં નાશ કર્યો હોય અને પ્રારબ્ધ કર્મથી મુક્ત થવા સાક્ષીભાવે જીવતો હોય તેવો પણ, પ્રારબ્ધ અને તેનું કાર્ય એવો દેહ સમાપ્ત થતાં,

દેહ અને પ્રારબ્ધથી મુક્ત થઈ વિદેહકૈવલ્યને પ્રાપ્ત થયો છે તેવું કહેવાય છે. આવો વિદેહકૈવલ્યને પ્રાપ્ત થઈ ચૂકેલો બ્રહ્મરૂપે જ રહેતો હોવાથી પુનઃ જન્મમૃત્યુના સંસારમાં પાછો આવતો નથી. તે જ શ્લોકનું તાત્પર્ય છે.

આમ હોવાથી જ અત્રે સ્પષ્ટ નિર્દેશ છે કે જીવ અને બ્રહ્મના ઐક્યજ્ઞાન દ્વારા અવિદ્યાજન્ય દેહરૂપી ઉપાધિ જેની બળી ગઈ છે તેવા બ્રહ્મીભૂત થયેલા બ્રહ્મજ્ઞાનીનો પુનર્જન્મ ક્યાંથી? **'ब्रह्मभूतत्वाद् ब्रह्मणः उद्भवः कुतः।'**

(છંદ–અનુષ્ટુપ)

**मायाक्लृप्तौ बन्धमोक्षौ न स्तः स्वात्मनि वस्तुतः ।**
**यथा रज्जौ निष्क्रियायां सर्पाभासविनिर्गमौ ॥५७०॥**

**यथा** = જેવી રીતે
**निष्क्रियायां रज्जौ** = ક્રિયા વગરની દોરીમાં
**सर्पाभासविनिर्गमौ** = સાપના આભાસનું આવવું અને જવું

| | |
|---|---|
| न स्तः | = હોતું નથી |
| स्वात्मनि | = (તેવી રીતે) આત્મામાં |
| वस्तुतः | = વાસ્તવિક રીતે |
| मायाक्लृप्तौ | = માયાએ કલ્પેલા |
| बन्धमोक्षौ | = બન્ધ અને મોક્ષ હોતા નથી. |

(છંદ-અનુષ્ટુપ)

आवृतेः सदसत्त्वाभ्यां वक्तव्ये बन्धमोक्षणे ।
नावृतिर्ब्रह्मणः काचिदन्याभावादनावृतम् ।
यद्यस्त्यद्वैतहानिः स्याद् द्वैतं नो सहते श्रुतिः ॥५७१॥

| | |
|---|---|
| आवृतेः सत्–असत्त्वाभ्याम् | = આવરણના હોવા કે ન હોવાથી |
| बन्धमोक्षणे | = બંધ અને મોક્ષ |
| वक्तव्ये | = કહેવાય છે. |
| ब्रह्मणः काचित् | = બ્રહ્મમાં કોઈ પ્રકારનું |
| आवृतिः न | = આવરણ નથી. |
| अन्या अभावात् | = (કારણ કે) બ્રહ્મથી અતિરિક્ત કશું નથી |
| अनावृतम् | = (તેથી) બ્રહ્મ આવરણ રહિત છે. |
| यदि अस्ति | = (બ્રહ્મનું આવરણ) છે એમ જો (કદી માનવામાં આવે તો) |
| अद्वैतहानिः स्यात् | = અદ્વૈતસિદ્ધાંત રહેશે નહીં (અને) |
| श्रुतिः | = શ્રુતિ (તો) |
| द्वैतं न सहते | = દ્વૈત જરા પણ સહન કરતી નથી. |

(છંદ-ઉપજાતિ)

बन्धं च मोक्षं च मृषैव मूढाः
बुद्धेर्गुणं वस्तुनि कल्पयन्ति ।

**दृगावृतिं मेघकृतां यथा रवौ**
**यतोऽद्वयासङ्गचिदेकमक्षरम् ॥५७२॥**

| | |
|---|---|
| **यथा** | = જેવી રીતે |
| **मेघकृतां दृगावृतिम्** | = વાદળાંથી દૃષ્ટિ ઢંકાઈ જતાં |
| **रवौ** | = સૂર્ય (ઢંકાઈ ગયો એમ મનાય છે.) |
| **बन्धं च मोक्षं च** | = (તેમ) બંધન અને મોક્ષ (બન્ને) |
| **बुद्धेः गुणम्** | = બુદ્ધિના ગુણોને |
| **मूढाः** | = અજ્ઞાનીઓ |
| **वस्तुनि** | = આત્મરૂપવસ્તુમાં |
| **मृषा एव** | = વ્યર્થ જ |
| **कल्पयन्ति** | = કલ્પી લે છે. |
| **यतः** | = કારણ કે |
| **अद्वय–असंग–चित्–एकम्** | = (આત્મા તો) અદ્વિતીય–અસંગ ચૈતન્યરૂપ, એક |
| **अक्षरम्** | = (અને) અવિનાશી છે. |

અધિષ્ઠાન જેવી નિષ્ક્રિય દોરીમાં જેવી રીતે ભ્રાંતિથી જન્મેલા સર્પનું આવાગમન હોતું નથી તેવી જ રીતે વાસ્તવમાં આત્મામાં માયારૂપી ભ્રાંતિએ કલ્પેલા બંધન કે મોક્ષનું આવાગમન હોઈ શકે નહીં.

બંધન અને મોક્ષ તો અવિદ્યાજન્ય આવરણના આવાગમનથી જ અનુભવાય છે. જયાં સુધી અજ્ઞાનનું આવરણ હોય ત્યાં સુધી ભ્રાંતિકલ્પિત બંધન અનુભવાય છે અને આવરણ દૂર થતાં બંધન દૂર થયું અને બંધનથી મુક્તિ મળી, તેવો ભાસ થાય છે, જેને મોક્ષ કહેવાય છે. પરંતુ વાસ્તવમાં તો બ્રહ્મને કોઈ પણ પ્રકારે કોઈ પણ જાતનું આવરણ હોઈ શકે નહીં. કારણ કે બ્રહ્મથી ભિન્ન કોઈ વસ્તુનું જો અસ્તિત્વ જ ન હોય તો બ્રહ્મને ઢાંકવાવાળું કે આચ્છાદિત કરનારું આવરણ આવે ક્યાંથી? છતાં જો આવરણનું અસ્તિત્વ સાચું માનીએ તો દ્વૈતની જ સિદ્ધિ થઈ કહેવાય અને તેવી સિદ્ધિમાં

તો આત્માની અદ્વિતીયતાનો ભંગ થાય અને આત્મા અભેદ છે, અદ્વૈત છે તેવું કદાપિ સિદ્ધ કે સાબિત થઈ શકે નહીં. તદુપરાંત, શ્રુતિ કે વેદને પણ દ્વૈતનું અસ્તિત્વ સ્વીકાર્ય નથી. કારણ કે શ્રુતિસંમત સિદ્ધાંત છે કે બ્રહ્મથી અતિરિક્ત, અન્ય, જુદું, દ્વૈતરૂપે કંઈ જ અસ્તિત્વમાં નથી.

**"न त्वं नाहं न चान्यद्वा सर्वं ब्रह्मैव केवलम्"**

(મહોપનિષદ-૫/૪૬)

"તું નથી, હું નથી કે બીજું કંઈ નથી, બધું કેવળ બ્રહ્મ જ છે."

બંધન અને મોક્ષ બન્ને બુદ્ધિના ગુણ છે છતાં અજ્ઞાનીઓ આત્મારૂપી વસ્તુમાં વ્યર્થ જ બંધન અને મોક્ષની કલ્પના કરે છે. જેવી રીતે વાદળાંથી અનેકગણો, મોટો, મહાન સૂર્ય ન તો ઢંકાઈ જાય કે ન તો નાના વાદળાં સૂર્યને આવરણ પૂરું પાડી શકે. તેમ છતાં અજ્ઞાનીઓ માની લે છે કે વાદળાંથી સૂર્ય ઢંકાઈ ગયો છે કે આચ્છાદિત થઈ ગયો છે. પરંતુ વાસ્તવમાં તો વાદળાં આપણી નાની આંખ આગળ જ અવરોધરૂપે ખડા થઈને આંખનું આવરણ બને છે, આંખને જ ઢાંકે છે. તેવી રીતે અજ્ઞાનરૂપી આવરણ બુદ્ધિને ઢાંકી શકે કે આચ્છાદિત કરી શકે; નિરાકાર, સર્વવ્યાપ્ત આત્માને કદાપિ આચ્છાદિત કરી શકે નહીં. તેથી સ્પષ્ટ થાય છે કે આત્માને આવરણ નથી માટે આત્મા બંધનમાં પડી શકે નહીં. આત્મા કદાપિ બંધનમાં નહોતો તેથી મુક્તિ કે મોક્ષની ભ્રાંતિ પણ આત્માને હોઈ શકે નહીં. માટે જ આત્માને નિત્ય મુક્ત કહ્યો છે અને બંધન કે મોક્ષ જેવી ભ્રાંતિને મન કે બુદ્ધિની કલ્પના જ ગણવામાં આવે છે. તે જ કારણે બુદ્ધિને સૂક્ષ્મદર્શી, અભેદદર્શી બનાવવાનો તથા મનને શુદ્ધ કરવાનો ઉપદેશ, આદેશ કે સંકેત આપવામાં આવે છે.

(છંદ-અનુષ્ટુપ)

**अस्तीति प्रत्ययोयश्च यश्च नास्तीति वस्तुनि ।**
**बुद्धेरेव गुणावेतौ न तु नित्यस्य वस्तुनः ॥५७३॥**

**वस्तुनि** = કોઈ પદાર્થમાં
**यः अस्ति इति च** = 'તે છે' એવી

**यः न अस्ति इति च प्रत्ययः** = અને 'તે નથી' એવી પ્રતીતિ
**एतौ** = આ બન્ને
**बुद्धेः एव गुणौ** = બુદ્ધિના જ ગુણ છે.
**न तु नित्यस्य वस्तुनः** = (પણ) નિત્યવસ્તુ આત્માના નથી જ.

(છંદ–અનુષ્ટુપ)

**अतस्तौ मायया क्लृप्तौ बन्धमोक्षौ न चात्मनि ।**
**निष्कले निष्क्रिये शान्ते निरवद्ये निरञ्जने ।**
**अद्वितीये परे तत्त्वे व्योमवत् कल्पना कुतः ॥५७४॥**

**अतः तौ बन्धमोक्षौ** = માટે બંધન અને મોક્ષ; બન્ને
**मायया क्लृप्तौ** = માયાથી કલ્પિત છે.
**न च आत्मनि** = પણ આત્મામાં છે જ નહીં
**व्योमवत्** = કારણ કે આકાશની જેમ
**निष्कले निष्क्रिये** = અવયવ વગરના, ક્રિયા વગરના,
**शान्ते निरवद्ये अद्वितीये** = શાંત, નિર્દોષ, અદ્વિતીય
**निरञ्जने परे तत्त्वे** = નિર્લેપ પરમ તત્ત્વમાં (આત્મામાં)
**कुतः कल्पना** = (આવી) કલ્પના ક્યાંથી સંભવે?

કોઈ પણ વસ્તુમાં **"अस्ति इति"** "તે છે" અને **"यः च न अस्ति इति"** "તે નથી" અર્થાત્ જીવવસ્તુમાં બંધન છે અને આત્મવસ્તુમાં તે બંધન નથી, એવું અજ્ઞાનકાળે જણાયેલું. આ બન્ને પ્રકારની, બંધનના ભાવ અને અભાવની સમજણ કે જ્ઞાન, બુદ્ધિના ગુણ છે. તે કંઈ નિત્યવસ્તુ જેવા આત્માના ગુણ નથી. આત્મામાં તો બંધનના ભાવ કે અભાવ જેવું કે પછી આવાગમન જેવી કોઈ ક્રિયા હોઈ શકે નહીં. તેથી બંધન અને મોક્ષ માયાકલ્પિત છે, આત્મામાં તેની લેશ માત્ર કલ્પના સંભવી શકે નહીં. આત્મા આકાશવત અસંગી, નિર્લેપ, નિષ્ક્રિય, નિરવયવી, શાંત, નિર્દોષ, અદ્વિતીય પરમતત્ત્વ છે. તેથી તેવા પરમતત્ત્વમાં બંધન કે મોક્ષની કોઈ કલ્પના સંભવી શકે નહીં.

(છંદ-અનુષ્ટુપ)

**न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः ।**
**न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥५७५॥**

**न निरोधः न च उत्पत्तिः** = કોઈ વસ્તુનો નથી નાશ કે નથી ઉત્પત્તિ,
**न बद्धः न च साधकः** = નથી કોઈ બંધાયેલો કે નથી કોઈ સાધક,
**न मुमुक्षुः न वै मुक्तः** = નથી કોઈ મોક્ષની ઇચ્છાવાળો કે નથી કોઈ મુક્ત
**इत्येषा परमार्थता** = આ વાસ્તવિક વાત છે. (પારમાર્થિક સત્ય છે.)

સદ્‌ગુરુએ શિષ્યના કલ્યાણાર્થે અંતિમ સૂત્રસંકેત જેવી લાંબી મજલ કાપ્યા બાદ, રહસ્યોના નિષ્કર્ષ જેવું, સાધનોની સિદ્ધિ જેવું, તમામ ક્રિયા કર્મના મર્મ સમાન, ઉપદેશસાગરના આચમન જેવા અમૃતબિંદુનું શિષ્યને પાન કરાવતાં સમાસશૈલીમાં પ્રસ્તુત શ્લોકમાં જે કંઈ કહ્યું તે ઉપસંહારના પણ ઉપસંહાર જેવું ગણાય છે.

હે શિષ્ય! પારમાર્થિક સત્યમાં, નિરપેક્ષ આત્મામાં કે અખંડ, અભેદ, અદ્વિતીય બ્રહ્મમાં, નથી નિરોધરૂપી વિનાશ, પ્રલય કે ઉત્પત્તિ કે નથી ત્યાં કોઈ બંધાયેલો બંધનયુક્ત કે નથી સાધનાને વરેલો કોઈ સાધક. નથી તે પરમતત્ત્વમાં મોક્ષની ઇચ્છાવાળો કોઈ મુમુક્ષુ કે તમામ બંધનોથી છૂટેલો કોઈ મુક્ત. આમ, દ્વૈતપ્રપંચ કે સાપેક્ષ જેવી સર્વ સ્થિતિનો જ્યાં અભાવ છે, એ જ પારમાર્થિક સ્થિતિ છે તથા અગમ-નિગમનો અલૌકિક માર્ગ છે.

**"न निरोधो न चोत्पत्तिः ।"** "આત્મતત્ત્વ કે બ્રહ્મ, જે પારમાર્થિક સત્ય કહેવાય છે, તેમાં ઉત્પત્તિ અને નાશનો અભાવ કહેવાયો છે કારણ કે સર્વને સુવિદિત છે કે આત્મા તો અજન્મા છે. જેનો જન્મ જ નથી, તેનો પ્રલય કેવો? કોઈ પણ કાળે જેની ઉત્પત્તિનો સંભવ નથી તે પારમાર્થિક તત્ત્વનો નાશ ક્યાં? અને કઈ રીતે? જેને નથી વિષયોમાં ઉન્મત્ત થઈ વિહાર કરનારી ઇન્દ્રિયો કે બહિર્મુખી બનાવનારું મન, તેમાં વળી નિરોધ

ક્યાં? કે તેના અવરોધની વાત કેવી? ઇન્દ્રિયો અને મન તો જગતના પ્રવાસમાં છે માટે તેમનો માર્ગ રૂંધી શકાય, તેમને થોભાવી શકાય, આગળ વધતાં અટકાવી શકાય, તેમના પ્રવાસમાં નિયંત્રિત કરવા નિરોધી શકાય, પરંતુ આત્મા કે બ્રહ્મમાં નથી ઇન્દ્રિયો કે મન, તો તેમની અટકાયત ક્યાં? કેવી રીતે? જે આત્મતત્ત્વ નિષ્ક્રિય છે, તેમાં નિરોધ શેનો? અને વિરોધ ક્યાં? આમ, કોઈ પણ દૃષ્ટિએ પારમાર્થિક સત્યમાં નિરોધ, અવરોધ, વિરોધ, પ્રલય કે નાશ સંભવી શકે તેમ નથી, કારણ કે આત્મતત્ત્વ તો એક અને અદ્વિતીય છે. **'एकमेवाद्वितीयम्'** (છાંદોગ્ય ઉપ.– ૬–૨–૧) ઉપરાંત **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।'** (તૈત્તિરીય શ્રુતિ–બ્રહ્માનંદવલ્લી–૧) ઉપરાંત બ્રહ્મ તો **'सत्'** સ્વભાવવાળું અર્થાત્ શાશ્વત અસ્તિત્વવાળું છે. તેથી **'सत्'** અસ્તિત્વવાળા બ્રહ્મ કે આત્માનો કદી અભાવ સંભવી શકે નહીં. તેથી જો તેમાં પ્રલય, નાશ કે ઉત્પત્તિ સ્વીકારવામાં આવે, તો તો આત્મા કે બ્રહ્મનો અભાવ સ્વીકારવો પડે. કારણ કે નિરોધ, નાશ કે પ્રલય જેવી સ્થિતિ અભાવ સૂચવે છે અને તે જ પ્રમાણે ઉત્પત્તિ માનવામાં આવે તો પણ ઉત્પત્તિ પૂર્વે બ્રહ્મ કે આત્માનો અભાવ જ સ્વીકારવો પડે. પણ તત્ત્વાર્થે, પારમાર્થિક સત્ય જેવા આત્મા કે બ્રહ્મમાં નથી પ્રાગભાવ કે પ્રધ્વંસભાવ. તેથી ન હોઈ શકે તેમાં નિરોધ કે ઉત્પત્તિ, જન્મ કે મૃત્યુ, પ્રાગટ્ય કે પ્રલય કારણ કે જેમ **'सत्'** સ્વરૂપવાળા આત્મામાં અભાવ શક્ય નથી તેમ અદ્વિતીય અને એક એવા પારમાર્થિક સત્યમાં કોનો ઉદય? અને કોનો અસ્ત? આમ વિચારતાં, જન્મ અને મૃત્યુ જેવા વિકારો પરમાર્થમાં હોઈ શકે નહીં. કારણ કે ઉત્પત્તિ અને નાશ જેવું દ્વૈત તો વ્યવહારમાં છે, સ્વપ્નમાં છે, અજ્ઞાનમાં છે. પરમાર્થમાં નથી દ્વૈત, નથી જાગ્રતનો વ્યવહાર કે સ્વપ્નની કલ્પનાઓ. તેથી ઉત્પત્તિ અને નાશ જેવું દ્વૈત તો અદ્વિતીય બ્રહ્મમાં હોવાની કલ્પના પણ થઈ શકે તેમ નથી. જેવી રીતે દોરીમાં ભ્રાંતિકાળે દેખાતા સર્પને વાસ્તવમાં નથી હોતો નિરોધ કે નાશ, ઉત્પત્તિ કે જન્મ. તો સર્પના અધિષ્ઠાન જેવી દોરીમાં તો તેવી સ્થિતિ સંભવે જ કઈ રીતે? તે જ પ્રમાણે આત્મા કે બ્રહ્મ ઉપર આરોપિત શરીર કે સંસારમાં જ જો વાસ્તવિક વિનાશ કે ઉત્પત્તિ નથી તો પારમાર્થિક

સત્યમાં તો તેની સંભાવના હોય જ ક્યાંથી? છતાં જો કોઈ અજન્મા, અનાદિ, અનંત અને અદ્વિતીય આત્મામાં ઉત્પત્તિ અને નાશની કલ્પના કરે તો તે અગ્નિમાં શીતળતાની કલ્પના જેવી મૂર્ખામીની પરાકાષ્ઠા સિવાય અન્ય કંઈ જ ન કહેવાય. નિરોધ અને ઉત્પત્તિ, બદ્ધ તથા સાધક, મુમુક્ષુ કે મુક્ત જેવો દ્વૈતભાવ તો માત્ર અજ્ઞાનકાળે જ ભાસે છે. જ્યાં સુધી દૃશ્યપ્રપંચનું ભેદમય જગત જણાતું હોય કે જ્યાં સુધી દ્વૈતના મિથ્યાત્વ, અસત્ત્વ, અનિત્યત્વમાંથી અજ્ઞાની બહાર ન નીકળ્યો હોય ત્યાં સુધી જ તેને ઉપરોક્ત ભેદનું દર્શન થયા કરે છે. કારણ કે દ્વૈતભાવ કે અજ્ઞાનકાળમાં જ અન્ય અન્યને જુએ છે, અન્ય અન્યને સાંભળે છે, તેવા દ્વૈતભાવનો અનુભવ થાય છે, તેવું શ્રુતિ જણાવે છે. **"यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति, तदितर इतरं श्रुणोति ।"** પરંતુ આત્મજ્ઞાન કે જ્ઞાનસ્વરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર થતાં જે પારમાર્થિક સત્ય સમજાય છે, તેમાં સમગ્ર દ્વૈતનો જ અને તેના કારણ અજ્ઞાનનો પણ નાશ થાય છે. તેથી ત્યાં ઉત્પત્તિ કે નિરોધ, બદ્ધ કે સાધક, મુમુક્ષુ કે મુક્ત જેવા દ્વંદ્વ કે દ્વૈત જેવું કંઈ જ જણાતું નથી.

હકીકતમાં તો પારમાર્થિક સત્ય જેવા પરબ્રહ્મમાં તો કોઈની પણ ઉત્પત્તિનો સંભવ જ નથી. બ્રહ્મ તો અનાદિ અને અજન્મા છે જ. પરંતુ કોઈ પણ જીવાત્માનો જન્મ થતો નથી,તેથી તેમની ઉત્પત્તિનું કોઈ પણ કારણ નથી. આમ, બ્રહ્મમાંથી પણ ઉત્પત્તિ થતી નથી અને બ્રહ્મ પોતે પણ જન્મ અને નિરોધથી મુક્ત છે. માટે તે જ ઉત્તમ પારમાર્થિક સત્ય છે અને તે જ સાક્ષાત્કાર કરવા યોગ્ય છે. માટે જ શ્રુતિ જણાવે છે કે,

**'न कश्चिज्जायते जीवः संभवोऽस्य न विद्यते ।**
**एतत्तदुत्तमं सत्यं यत्र किंचन् न जायते ।'**

(માંડુક્યકારિકા–અદ્વૈત પ્ર.-૪૮)

''કોઈ પણ જીવનો ક્યારેય જન્મ થતો નથી કારણ કે તેમની ઉત્પત્તિનું કોઈ કારણ જણાતું નથી. જેમાં કોઈની પણ ઉત્પત્તિ થતી નથી તે બ્રહ્મ જ ઉત્તમોત્તમ સત્ય છે. આવા પારમાર્થિક સત્યમાં નથી જન્મ જીવનો, નથી ઉત્પત્તિ સંસાર કે જગતની, નથી જન્મ ઉપાધિકલ્પિત ઈશ્વરનો અને

બ્રહ્મ કે આત્મતત્ત્વ તો નિર્વિવાદ અજન્મા અને અનાદિ છે જ. આમ, જે પારમાર્થિક સત્યમાં કોઈ કાળે ઉત્પત્તિ જ નથી, ત્યાં કેવી કથા નિરોધની? બચે ક્યાં વ્યથા વિરોધની?

આમ છતાં, સૃષ્ટિની કે જગતની ઉત્પત્તિની જે કંઈ વાતો શાસ્ત્રમાં આવે છે, તે સર્વ વ્યાવહારિક સત્યના દૃષ્ટિકોણથી છે, પારમાર્થિક સત્યની દૃષ્ટિએ નહીં. વ્યાવહારિક સત્યમાં, આચાર અને સંસારવ્યવહાર ચલાવવા માટે જ અને અજ્ઞાનીની મિથ્યા શ્રદ્ધાને ટેકો આપવા માટે જ સૃષ્ટિની ઉત્પતિનો બોધ અપાયેલો છે. શાસ્ત્રનો હેતુ કંઈ ઉત્પત્તિ સમજાવવાનો કે દ્વૈત સિદ્ધ કરવાનો નથી. પરંતુ મંદબુદ્ધિવાળા અજ્ઞાનીજનોને જગતની ઉત્પત્તિનો ઉપદેશ આપીને ત્યારબાદ જીવ-બ્રહ્મ ઐક્યરૂપી પરમતત્ત્વમાં તેમનો પ્રવેશ કરાવવા માટે જ એક યુક્તિ સમાન છે. તેથી વધુ અન્ય કંઈ જ નહીં.

જે કોઈ અવિવેકી, અજ્ઞાની અને મંદબુદ્ધિવાળા લોકો છે, જેમને ભૌતિક પદાર્થો સત્ય છે તેવું જણાય છે અને જેમની બુદ્ધિ સ્થૂળ ભૌતિક અને ઇન્દ્રિયગમ્ય પ્રત્યક્ષ પદાર્થોને સાચા માનવા ટેવાયેલી છે, તથા વર્ણાશ્રમાદિ વ્યવહારમાં પણ જેમની શ્રદ્ધા અતૂટ છે, તેવા સૌનો વ્યવહાર નિર્વિઘ્ને ચલાવવા માટે જ શાસ્ત્રો અને શ્રુતિઓએ સૃષ્ટિની ઉત્પત્તિનો બોધ આપ્યો છે. જેથી ભૌતિક પદાર્થોને સત્ય માનનારા લોકોને સંતોષ થાય કે જેને પોતે સત્ય માને છે તેની પણ આપણા શરીર જેમ ઉત્પત્તિ છે અને નાશ છે. તદુપરાંત સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ માટે કોઈ કારણ છે અને તે જ સૃષ્ટિનો નિયંતા કે સર્જક છે, આવું માનવાથી તેમની મંદ બુદ્ધિ વડે થતો વ્યવહાર ટકી શકે છે. જો તેમને સમજાવવામાં આવે કે આત્મા જેમ જીવ અને શરીર પણ અજન્મા છે અને સૃષ્ટિનો પણ જન્મ નથી, તો પોતાના અસ્તિત્વનો અભાવ જાણી તેઓ ભયભીત થાય અને તેમના ભોગ, વૈભવ વગેરે નષ્ટ થવાની ચિંતામાં મૃત્યુ પૂર્વે જ, ચિતા ઉપર સૂતા પૂર્વે જ, બળવા માંડે અને તેમના જીવનવ્યવહારનો જાણે અંત આવ્યો હોય તેમ સતત આતંકયુક્ત થયેલાં જણાય. માટે જ તેવા સૌનો ભય દૂર કરવા, તેમના ભોગ અને વૈભવની

સુરક્ષા માટે અને તેમના નાશવાન વ્યવહારનો તાત્કાલિક ભંગ ન થાય તે માટે તેમને સૃષ્ટિની ઉત્પત્તિનો, શરીરના જન્મનો તથા જીવની ગતિનો બોધ, વ્યાવહારિક સત્યના દષ્ટિકોણથી આપવામાં આવે છે.

સંસારનો વ્યવહાર અને જીવનનો આચાર ટકાવી રાખવા માટે જ જન્મેલાં દેહાદિને ખોટેખોટાં નામ કે સંજ્ઞાઓ આપી ભેદ ઊભો કરવામાં આવે છે. વાસ્તવમાં અનેક શરીરો કે તેમના આકારો કંઈ સત્ય હોતાં નથી છતાં વ્યવહાર ચલાવવા માટે અને એકબીજાને અન્યોન્યથી જુદાં ઓળખવા માટે રમણ, મગન, છગન જેવા જે નામ અપાય છે, તે નામો વ્યાવહારિક સત્યના દષ્ટિકોણથી ભલે સત્ય હોય છતાં પારમાર્થિક સત્યમાં તો આત્માને નથી નામ કે સંજ્ઞા. નથી કોઈ આકાર કે ઊંચ-નીચ યોનિ. છતાં વ્યવહાર સાચવવા અને ચલાવવા માટે આવા નામ અને ઉપાધિ સત્ય માનવામાં આવે છે. તેથી તેવા સત્યને વ્યાવહારિક સત્ય કહે છે. જો જુદાં શરીર ઉપરના આરોપિત નામને વ્યવહારમાં પણ સત્ય ન માનીએ, તો રમણના ખાતામાંથી મગન પૈસા લઈ જાય અને છગનની કંકોત્રીમાં જે તારીખે લગ્ન થવાનું હોય તે માંડવામાં 'ડાહ્યો' પરણવા બેસી જાય, તેવો વ્યાવહારિક દોષ ઊભો ન થાય તે માટે , જે આત્મા અનામી અને નિરાકાર છે તેનો પણ મનુષ્યાકાર અને નામ કલ્પેલાં છે. એટલું જ નહીં, પરંતુ વ્યવહારની આચારશુદ્ધિ માટે તેને સાચાં માની વ્યવહાર કરવો પડે છે. માટે જ શરીરાદિના જન્મ-નાશ, નામ અને આકાર, વર્ણ અને આશ્રમ અને તેના ધર્મો વ્યાવહારિક સત્યના દષ્ટિકોણથી સ્વીકારવામાં આવે છે. છતાં, પારમાર્થિક સત્યમાં તો તેમનું નામોનિશાન હોતું નથી.

શાસ્ત્રોના પોથાં અને થોથાંના બળે વિદ્વાન બનેલા પંડિતો, કર્મઠો કે વેદિયાઓ, જેઓ સૂક્ષ્મ બુદ્ધિથી વંચિત છે તેઓ, કોઈ પણ પદાર્થની ઉત્પત્તિ થઈ નથી, તેવું સ્વીકારવામાં ભય પામે છે. એટલું જ નહીં પણ તેના સ્વીકારવામાં તેમને પોતાનો નાશ દેખાય છે. તેવા મંદાધિકારીઓને પોતાની ભ્રમણા કે અજ્ઞાનમાં સુખેથી થોડો સમય પસાર કરવા માટે શાસ્ત્રોએ

ઉત્પત્તિનો બોધ આપ્યો છે. જેથી પ્રથમ વ્યાવહારિક સત્યમાં બુદ્ધિ સ્થિર કર્યા બાદ, ધીરે-ધીરે તેઓ પારમાર્થિક સત્યને પ્રાપ્ત કરનારા અધિકારી થઈ શકે. એવા જ સાત્ત્વિક હેતુથી ઉપાધિભેદનો, જગત ઇત્યાદિ પદાર્થોની ઉત્પત્તિનો, તથા આરોપિત અનેક નામ કે સંજ્ઞાઓનો, શ્રુતિ અને વેદોએ સ્વીકાર કરેલો છે. પરંતુ, જેઓ સૂક્ષ્મ બુદ્ધિવાળા તથા વિવેક-વૈરાગ્યાદિ સાધનસંપન્ન અધિકારીઓ છે, તેમને તો આપમેળે જ અનાદિ અને અજન્મા તથા અવિનાશી આત્માનો વિવેક સમજાઈ જ જવાનો છે. તેથી તેવા સૂક્ષ્મ બુદ્ધિવાળા અને સાધનસંપન્ન વેદાંતના અધિકારીઓ માટે સૃષ્ટિની ઉત્પત્તિ કે નાશનો ઉપદેશ આપવામાં આવ્યો નથી. તાત્પર્યમાં અનાધિકારી, અવિવેકીને ક્રમશઃ દ્વૈત ઉપરથી અદ્વૈત તરફ અને ઉત્પત્તિ અને નાશથી, અનાદિ અને અનંત બ્રહ્મ તરફ લઈ જવાના હેતુથી જ શ્રુતિઓમાં ઉત્પત્તિ આદિના વર્ણનો કે ઉપદેશ આપવામાં આવ્યાં છે.

**'न बद्धो न च साधकः ।'** પારમાર્થિક સત્યમાં, આત્મામાં કે અભેદ બ્રહ્મમાં નથી કોઈ સંસારી જીવ કે જેને કર્મફળનું બંધન હોય કે અવનવી યોનિઓમાં આંટાફેરા કરવાનું અખંડ ચક્ર હોય અગર નથી કોઈ જન્મી ને મૃત્યુ પામનારું, પારણે કે સ્મશાનમાં સૂનારું શરીર કે જેને દેશ અને કાળનું બંધન હોય. આમ, જેને જેને કોઈ પણ પ્રકારનું જીવભાવે કે દેહભાવે બંધન હોય, તે બદ્ધ કહેવાય. તેવું કોઈ બંધન કે બંધનવાળો બદ્ધ પારમાર્થિક સત્યમાં હોઈ શકે નહીં. આમ, જો સ્પષ્ટ થાય કે આત્મામાં બંધન નથી, તો તો નિઃસંદેહ સત્ય તો એ જ છે કે આત્મવિત થયેલાને, બ્રહ્મીભૂત થયેલી વિભૂતિને ન હોય દેશ-કાળરૂપી શરીરનું બંધન કે ન હોય કર્તાભાવરૂપી જીવનું બંધન. તેથી તેવી જીવન્મુક્ત વિભૂતિ, બદ્ધ તો ન જ હોઈ શકે અને જો તે બદ્ધ નથી તો તેને મુક્તિની અપેક્ષા કેવી? કે મોક્ષની આકાંક્ષા ક્યાં? તે જ ન્યાયે તે મુમુક્ષુ કે મુક્ત પણ થઈ શકે નહીં. કારણ કે આત્મા કે બ્રહ્મસ્વરૂપે તેવો જ્ઞાની નિત્યમુક્ત છે, તો સાધક બની સાધના કરે શેના માટે? કે મુમુક્ષુ થઈ મેળવે શું? નિત્યમુક્ત આત્મસ્વરૂપે રહેનારને બંધન

કે મોક્ષની ભ્રાંતિ જ નથી, તો ક્યાં રહી સાધના અને કોણ બને સાધક? ક્યાં મોક્ષની ઇચ્છા? અને બને કોણ મુક્ત? માટે જ અત્રે સ્પષ્ટ કર્યું છે કે પારમાર્થિક સત્યમાં નિમગ્ન થયેલાં જ્ઞાનીની અભેદબુદ્ધિમાં નથી નિરોધ કે ઉત્પત્તિ, નથી કોઈ બદ્ધ કે નથી કોઈ સાધક, છતાં જ્યાં સુધી પારમાર્થિક સત્યનું અભેદજ્ઞાન થતું નથી અને સૂક્ષ્મ બુદ્ધિએ આત્મસાક્ષાત્કાર થતો નથી, ત્યાં સુધી બંધનનો ભાવ છે અને તેવા બદ્ધને જ સાધનચતુષ્ટયની પ્રાપ્તિ અર્થે સાધક ગણી સાધનાનો ઉપદેશ વ્યાવહારિક સત્યના દષ્ટિકોણથી અપાય છે.

આમ, અજ્ઞાનકાળે જ વ્યવહાર છે, વ્યાવહારિક સત્ય છે અને તેવા દષ્ટિકોણથી જ કોઈ બદ્ધ કે સાધક છે, કોઈ મુમુક્ષુ કે મુક્ત છે. પરંતુ અજ્ઞાનનો જ્ઞાનકાળે બાધ થતાં, વ્યવહારનું કારણ અવિદ્યા કે અજ્ઞાન જ રહેતું નથી, ત્યાં કોણ બદ્ધ કે સાધક? કેવી મોક્ષની ઇચ્છા અને કેવો મુક્તિનો વૈભવ? છતાં તે બધું માત્ર એક કાળે અર્થાત્ અજ્ઞાનકાળે અસ્તિત્વમાં હોય છે અને જ્ઞાનકાળે તેમાંનું કંઈ જ રહેતું નથી. તેનો જ્ઞાનકાળે અભાવ સર્જાય છે. તેથી જે કંઈ વ્યવહાર છે, વ્યવહારગમ્ય છે તે સર્વ કાંઈ અભાવયુક્ત હોઈ અસત્ય છે, મિથ્યા છે, અનિત્ય છે તથા સ્વપ્નવત કાલ્પનિક છે. માટે વ્યવહાર માત્રની પ્રારમાર્થિક સત્યતા સંભવી શકે નહીં.

વ્યવહારમાં જે કંઈ જણાય છે તેની સત્તા પ્રાતિભાસિક છે. જેમ સ્વપ્નના પદાર્થો અને સ્વપ્નસૃષ્ટિ માત્ર સ્વપ્નકાળે જ સાચા જેવી અનુભવાય છે અને જાગૃતિમાં આવતાં જ જે કંઈ સત્ય અનુભવાયું હતું તે અસત્ય, અનિત્ય અને મિથ્યા ઠરે છે. સ્વપ્નના અનુભવો અને સ્વપ્નની સૃષ્ટિમાં જે કંઈ જોયું, સાંભળ્યું કે અનુભવ્યું તે સર્વ કાંઈનો અભાવ થતો હોવાથી અગર બાધ થતો હોવાથી મિથ્યા છે તે પ્રમાણે જાગ્રત અવસ્થામાં જે કંઈ ભેદમય કે દ્વૈતરૂપી વ્યવહાર થાય છે અને તેવો વ્યવહાર અજ્ઞાનકાળે સાચાં જેવો લાગતો હોવા છતાં જ્ઞાનકાળે તે સર્વ વ્યવહારનો અભાવ અને બાધ થતો હોવાથી જાગ્રતનો વ્યવહાર પણ અનિત્ય, અસત, મિથ્યા અને

પ્રાતિભાસિક સત્ય જેવો છે. તેથી વ્યવહાર અને વ્યવહારમાં જણાયેલું વ્યાવહારિક સત્ય જેવું જે કંઈ છે, તેમાનું ઉત્પત્તિ અને વિનાશ જેવું, બદ્ધ અને સાધક જેવું, અગર મુમુક્ષુ અને મુક્ત જેવું કંઈ પણ પારમાર્થિક સત્ય હોઈ શકે નહીં. પારમાર્થિક સત્ય તો અનાદિ અને અનંત છે, અવિકારી અને નિરાકાર છે, અસંગ અને અનામી છે, બંધન અને મોક્ષની ભ્રાંતિથી ન્યારું, નિર્ભ્રાંત તત્ત્વ છે, જન્મ અને મૃત્યુ જેવી સાપેક્ષતાથી નિર્લેપ, નિરપેક્ષ સત્ય છે, તમામ પરિવર્તનોનું અપરિવર્તનશીલ અધિષ્ઠાન છે. આ જ શાસ્ત્રોનો અમર ઉપદેશ છે. શ્રુતિની અભેદ ઘોષણા છે. સંતોનો નિર્વિવાદ સંદેશ છે અને સ્મૃતિનો રહસ્યમય પવિત્રતમ સંકેત છે.

(છંદ–માલિની)

**सकलनिगमचूडास्वान्तसिद्धान्तरूपं**
**परमिदमतिगुह्यं दर्शितं ते मयाऽद्य ।**
**अपगतकलिदोषं कामनिर्मुक्तबुद्धिं**
**स्वसुतवदसकृत्त्वां भावयित्वा मुमुक्षुम् ॥५७६॥**

**अपगतकलिदोषम्** = કળિયુગના દોષોથી રહિત
**कामनिर्मुक्तबुद्धिम्** = કામરહિત બુદ્ધિવાળા
**त्वां मुमुक्षुं अद्य** = તને મુમુક્ષુને આજે
**स्वसुतवत् भावयित्वा** = મારા પોતાના પુત્ર સમાન માની
**परं अति गुह्यम्** = શ્રેષ્ઠ અને અતિગુહ્ય
**इदं सकलनिगमचूडास्वान्त– सिद्धान्तरूपम्** = એવો બધા ઉપનિષદોના સિદ્ધાંતનો સાર
**असकृत् ते मया दर्शितम्** = વારંવાર તારી સમક્ષ મારા વડે દર્શાવાયો છે.

સદ્‌ગુરુ પોતાના હૃદયસ્થ ખજાનામાં જે જે રહસ્યોનો ભંડાર ભરેલો છે, તે સમસ્ત પોતાના કૃપાપાત્ર શિષ્ય સમક્ષ ખુલ્લો કરી, તેને બ્રહ્મવિદ્યાનું મહાન દાન પ્રદાન કરે છે અને અંતે આપણે ગ્રંથના ઉપસંહારમાં

જોયું કે પારમાર્થિક સત્યનું અંતિમ શિખર માત્ર દર્શાવ્યું નથી પરંતુ શિષ્યને સમર્થ બનાવી જ્ઞાનના ઉત્કૃષ્ટ શિખર ઉપર ઊભો પણ કરી દે છે. ત્યારબાદ અંતે ગુરુ-શિષ્યનું વ્યાવહારિક નાટક ઉપાધિભેદે પૂર્ણ થયું છે તેમ સમજી, બન્ને અન્યોન્યથી વિદાય લે તે પૂર્વે એક નિખાલસ રજુઆત ગુરુદેવના અંતઃકરણથી પ્રગટ થાય છે કે 'હે વત્સ! ભલે આપણી વચ્ચે લોહીનો સંબંધ નથી, છતાં મેં તને પુત્રસમાન માન્યો છે અને તેથી જ મારો આધ્યાત્મિક વારસો અને બ્રહ્મવિદ્યાનો ખજાનો તને વારસદાર સમજીને તારી સમક્ષ કંઈ પણ છુપાવ્યા વિના મેં ખુલ્લો મૂક્યો છે. ઉપનિષદોના સિદ્ધાંતોનો ગુહ્યમાં ગુહ્ય સાર પણ તને અત્યાર સુધી અનેકવાર બતાવ્યો છે. આ બ્રહ્મવિદ્યાનું પવિત્ર જ્ઞાન નિમિત્તભાવે મેં તને આપ્યું છે. તું કળીયુગના દોષોથી મુક્ત છે એટલું જ નહીં પરંતુ તારામાં કામનાવાળી બુદ્ધિનો લેશમાત્ર સ્પર્શ નથી. તેથી આ ઉપનિષદોના સારરૂપી આ સર્વશ્રેષ્ઠ અને અતિગુહ્ય જ્ઞાન તને આપ્યું છે. સદા યાદ રાખજે, તું સાચો મુમુક્ષુ છે, પુત્ર સમાન છે, શિષ્યત્વને સંપન્ન થયો છે, શરણાગતિવાળો છે અને અહંકારને જીવનમાંથી દેશવટો દઈ નમ્રતાપૂર્વક તેં મને પ્રશ્ન કરેલો કે,

**"को नाम बन्धः कथमेष आगतः कथं प्रतिष्ठास्य कथं विमोक्षः ।"**

(વિ.ચૂ.૫૧)

માટે જ તેવા સત્પ્રશ્નના ઉત્તરરૂપે કે શંકાના સમાધાનસ્વરૂપે મેં તને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપી, મારી સમકક્ષ જીવન્મુક્ત બનાવ્યો છે. હવે આજથી નથી હું તારો ગુરુ કે તું મારો શિષ્ય. હવે તો અવિદ્યાનો અંતિમ પડદો સરી જતાં 'હું, તું' અને પ્રત્યેક ભૂતમાત્ર તથા દૃશ્ય-અદૃશ્ય, વ્યક્ત અને અવ્યક્ત, જડ અને ચેતન જેવું જે કંઈ જ્ઞેય છે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અનુભવગમ્ય છે, તે સર્વ કાંઈ બ્રહ્મરૂપ જ છે. માટે જ્ઞાનમય સર્વાત્મદૃષ્ટિ રાખી ખુશીથી ઈચ્છે ત્યાં તું જઈ શકે છે અને ફાવે તેમ વર્તી શકે છે.તારી બ્રહ્મદૃષ્ટિ દ્વારા હવે તું જીવન્મુક્ત છે.આવું મનોમન ગુરુદેવ બોલતા હોય તેવું, તેમની આંખોમાંથી વહેતી અમીદૃષ્ટિ જાણે શિષ્ય ઉપર આશીર્વાદનો અભિષેક કરતી હોય તેવું, જણાય છે.

(છંદ-અનુષ્ટુપ)

इति श्रुत्वा गुरोर्वाक्यं प्रश्रयेण कृतानतिः ।
स तेन समनुज्ञातो ययौ निर्मुक्तबन्धनः ॥५७७॥

इति = આ પ્રમાણે
गुरोर्वाक्यं श्रुत्वा = ગુરુદેવનાં વચનો સાંભળી
प्रश्रयेण कृतानतिः = અતિ વિનમ્રભાવે નમસ્કાર કરીને
स निर्मुक्तबन्धनः = તે સંસારના બન્ધનોમાંથી છૂટેલો (શિષ્ય)
तेन समनुज्ञातः = ગુરુજીની આજ્ઞા લઈને
ययौ = ચાલી ગયો (વિદાય થયો.)

(છંદ-અનુષ્ટુપ)

गुरुदेवं सदानन्दसिन्धौ निर्मग्नमानसः ।
पावयन् वसुधां सर्वां विचचार निरन्तरम् ॥५७८॥

गुरु एवम् = ગુરુદેવ પણ
सदा आनन्द सिन्धौ = સદા (સત ચિત) આનંદના મહાસાગરમાં
निर्मग्नमानसः = મગ્ન મનવાળા થઈને
वसुधां पावयन् = વસુન્ધરાને પાવન કરતા કરતા
निरन्तरम् = નિરંતર
विचचार = વિચરણ કરવા લાગ્યા.

(છંદ-અનુષ્ટુપ)

इत्याचार्यस्य शिष्यस्य संवादेनात्मलक्षणम् ।
निरूपितं मुमुक्षूणां सुखबोधोपपत्तये ॥५७९॥

इति = આ પ્રમાણે
आचार्यस्य शिष्यस्य = આચાર્યશ્રી તથા શિષ્યના

**संवादेन** = સંવાદરૂપે
**मुमुक्षूणाम्** = મોક્ષની ઇચ્છાવાળાઓને
**सुखबोधोपपत्तये** = સરળતાથી જ્ઞાન થાય માટે
**आत्मलक्षणम्** = આત્માનું લક્ષણ(આત્મજ્ઞાન)
**निरूपितम्** = નિરૂપણ કરાયું.

## શિષ્યની વિદાય

સદ્‌ગુરુના અંતિમ સંકેતસૂત્રોનું શ્રવણ કરી, ઉપદેશનો સ્વીકાર કરી ગદ્‌ગદ થયેલા શિષ્યે, કૃતકૃત્યતાની ભાવના સાથે મુક્તિરૂપી અલંકારથી સુશોભિત થઈ, ગુરુની આજ્ઞાને શિરમોર માની, સદ્‌ગુરુના ચરણકમળથી વિદાય લીધી. ત્યારબાદ, સદ્‌ગુરુ પણ સદા સર્વદા આત્માનંદમાં રહેવા ટેવાયેલા પૂર્વવત્ નિજાનંદના મહાસાગરમાં મગ્ન થઈ વિહાર કરવા લાગ્યા અને જે જે સ્થળે, જે કોઈ તેમના સમાગમમાં આવતા, તે સૌ વસુંધરાવાસીઓને પોતાની જ્ઞાનજ્યોત દ્વારા પાવન કરતા રહ્યા.

આ પ્રમાણે ભારતવર્ષની, શંકા અને સમાધાનરૂપી કે પ્રશ્નોત્તર જેવી અલૌકિક સંવાદ પરંપરા દ્વારા, મુમુક્ષુઓને વિઘ્ન વિના સરળતાથી આત્મજ્ઞાન થઈ શકે તે માટે આત્મજ્ઞાનનો અમૃતરૂપી ઉપદેશ અત્રે "વિવેકચૂડામણિ" જેવા ગ્રંથને નિમિત્ત બનાવી, આપવામાં આવ્યો છે. ગુરુ અને શિષ્ય જેવા કાલ્પનિક પાત્રોની રચના કરી શિષ્યના તમામ સંદેહોની નિવૃત્તિ કરવી તથા શિષ્યના આવરણનું હરણ કરવું, તેવા પરમ કર્તવ્ય માટે સદ્‌ગુરુના મુખમાં વેદ, શ્રુતિ અને સ્મૃતિના અમર વાક્યો ઉપદેશરૂપે મૂકવામાં આવ્યા તેથી શિષ્યની હૃદયગ્રંથિ ભેદાઈ ગઈ, કર્મો નષ્ટ થયા અને સંદેહો છેદાઈ ગયા. આમ, ગુરુ-શિષ્યના સંવાદ દ્વારા મુમુક્ષુને જ્ઞાનના સાધનોનો નિર્દેશ કરી, ભવતરણનો ઉપાય તથા અજ્ઞાનના આવરણનું અનાવરણ કરવાની અલૌકિક કળા સમજાવવામાં આવે છે. તેથી ગ્રંથનો હેતુ સાર્થક થાય છે અને ગુરુ-શિષ્યરૂપી પરંપરાની પ્રત્યેક કડી પાવન, પવિત્ર થઈ કૃતકૃત્ય થાય છે.

(છંદ-પુષ્પિતાગ્રા)

हितमिममुपदेशमाद्रियन्तां
विहितनिरस्तसमस्तचित्तदोषाः ।
भवसुखविरताः प्रशान्तचित्ताः
श्रुतिरसिका यतयो मुमुक्षवो ये ॥५८०॥

ये = જે
विहित–निरस्त–समस्त–चित्तदोषाः = વિહિત કર્માનુષ્ઠાનથી ચિત્તના સમસ્ત દોષો રહિત થયા છે તેમણે
भवसुखविरताः = સંસારના સુખોથી વિરક્ત થયેલાઓએ
प्रशान्तचित्ताः = પ્રશાન્ત ચિત્તવાળાએ
श्रुतिरसिकाः = શ્રુતિના રસિકોએ
यतयः मुमुक्षवः = (અને) યત્નશીલ મુમુક્ષુઓએ
इमं हितम् = આ હિતકારક
उपदेशं आद्रियन्ताम् = ઉપદેશને આદરપૂર્વક સ્વીકારવો.

(છંદ-શાર્દૂલવિક્રીડિત)

संसाराध्वनि तापभानुकिरणप्रोद्भूतदाहव्यथा–
खिन्नानां जलकाङ्क्षया मरुभुवि भ्रान्त्या परिभ्राम्यताम् ।
अत्यासन्नसुधाम्बुधिं सुखकरं ब्रह्माद्वयं दर्शय–
न्त्येषा शङ्करभारती विजयते निर्वाणसन्दायिनी ॥५८१॥

संसाराध्वनि = સંસારરૂપી માર્ગમાં
तापभानुकिरणप्रोद्भूतदाहव्यथा = ઉષ્ણ સૂર્યકિરણોથી ઉત્પન્ન થતી દાહની
खिन्नानाम् પીડાથી ત્રાસી ગયેલા
भ्रान्त्या = (જળ મળશે એવી) ભ્રાંતિથી
मरुभुवि जलकांक्षया = મરુભૂમિમાં જળની આકાંક્ષાથી

| | |
|---|---|
| **परिभ्राम्यताम्** | = ભટકતાં (મુમુક્ષુ સાધકો) માટે |
| **अति–आसन्न** | = અત્યંત નજીક |
| **सुखकरं सुधाम्बुधिम्** | =સુખદાયી, સુખસાગરરૂપી. |
| **ब्रह्माद्वयं दर्शयन्ती** | = અદ્વિતીય બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવતી |
| **एषा** | = આ |
| **निर्वाणसन्दायिनी** | = મોક્ષ અપાવનારી |
| **शंकरभारती** | = શ્રી શંકરાચાર્યજીની વાણીનો |
| **विजयते** | = નિરંતર જયજયકાર હો.... |

## ગ્રંથ અને ગ્રંથકારની સ્તુતિ

જેઓ ચિત્તના દોષોથી મુક્ત થઈ પ્રશાંત ચિત્તવાળા થયા હોય, સંસારના સુખથી વિરક્ત થયેલા હોય અને શ્રુતિના વાક્યોમાં રસપૂર્વક રમણ કરનારા મુમુક્ષુ હોય, તેવા સૌ યત્નશીલ સાધકો માટે આ હિતોપદેશ આદરપૂર્વક સ્વીકાર કરવા જેવો છે.

જેમ સૂર્યના તાપથી પીડાયેલા, ગભરાયેલા અને થાકેલા લોકો મરુભૂમિમાં ઝાંઝવાના જળથી તૃપ્તિ કે શાંતિ મળશે એવી અપેક્ષાથી ત્યાં જાય છે અને ભટકે છે, છતાં તેમની પીડા ન તો શાંત થાય છે કે ન તૃષા તૃપ્ત થાય છે. તેમ, મોક્ષમાર્ગના પથિકો આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક તાપ કે દુ:ખથી ત્રાસી ગયેલા હોવાથી દુ:ખમુક્તિ માટે અનેક સ્થળોએ, અનેક ગ્રંથોના ઘાટ ઉપર, આશ્રમોના દ્વારે, તીર્થસ્થળોને આંગણે, સરિતાના તીરે ભટકે છે. છતાં મોક્ષનું લક્ષ્ય તો દૂર ને દૂર જતું જણાય છે અને તેવા સૌને ન તો અમરતારૂપી મુક્તિ મળે છે કે ન સંસારના ત્રિવિધ તાપથી છૂટકારો. આમ હોવાથી, આદિ શંકરાચાર્યજીએ તેવા સૌ મુમુક્ષુ સાધકો માટે અત્યંત નજીક, સુખદાયી, સુખના સમુદ્ર જેવી, અદ્વિતીય બ્રહ્મનું દર્શન કરાવતી, મુક્તિ અપાવનારી આ ''વિવેકચૂડામણિ''રૂપી અમૃતમય વાણીનો સૌ મુમુક્ષુઓ ઉપર પવિત્ર અભિષેક કર્યો છે. આવી આચાર્ય શ્રીશંકરભારતીની દિવ્ય વાણીનો નિરંતર જયજયકાર હો, જયજયકાર હો!

॥ इति श्रीमत् परमहंसपरिव्राजकाचार्यस्य
योगीश्वरश्रीगोविन्दभगवतः शिष्यपादस्य
श्रीमच्छंकरभगवतः विरचित
विवेकचूडामणिग्रन्थः
समाप्तः ॥

શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય યોગીશ્વર
શ્રીગોવિન્દભગવાનના શિષ્યસમ્રાટ
ભગવાન શ્રીશંકરાચાર્યે રચેલો
''વિવેકચૂડામણિ'' ગ્રંથ
સમાપ્ત.

ॐ

